22 MAY 1969

[illegible]

૧૧

ગાંધીજીનો અક્ષરદેહ

[illegible]

સત્ય, બ્રહ્મચર્ય, અહિંસા, અસ્તેય
અને અપરિગ્રહ એ પાંચ મહા
વ્રતોનું જીવન મુક્તિની સાધનામાં
મુક્તિ જીવમાં રહેવું જોઈએ. એમાં
મનુષ્યના સાદિનનો માર્ગ ઉપરના
ધર્મ વ્રતો ઉપર રહ્યો છે એમ
સંસારી જીવો બ્રહ્મચર્ય અને
અપરિગ્રહ શક્ય નથી. બીમારી હોય છતાં
મૃત્યુ ન જાણે આવે, ધરણીકંપ
છતાં બ્રહ્મચર્ય પાળે, ખવાતાં છતાં મનુષ્ય
અહિંસા પાળી શકે છે. આરોગ્યકરી
(રસ રસોઈ પાકનું) ને ધનકુબેર
બારે અને સંસારમાં રહી ન કરવો અને
મુક્તિ છતાં તે આદર્શ ધ્યાન માં
રાખી રહે તો બાંધછોડ કરીને
બારે વૈરાગ્યોત્પન્ન આત્મારે
મહાત્યાગ પણ કરી શકાય.

ઉપરના વ્રત જોડાયે માર્ગે તેમ બધા
અધિકારોમાંથી નીકળવાના રસ્તા
મળી આવે છે.

આ ગ્રંથ એપ્રિલ ૧૯૧૧થી માર્ચ ૧૯૧૩ સુધીનાં બે વર્ષના ગાળાને આવરી લે છે. ગ્રંથની શરૂઆત માર્ચ માસથી ચાલતી સમાધાન માટેની વાટાઘાટોથી થાય છે. ૧૯૧૧થી ચાલતી આ વાટાઘાટોને પરિણામે લાંબા સમયથી ચાલતી સત્યાગ્રહની લડતનો સફળતાપૂર્વક અંત આવશે એવી આશા બંધાતી હતી. પરંતુ ૧૯૧૩ના ફેબ્રુઆરી-માર્ચ દરમિયાન ત્યાંની અદાલતોએ આપેલા ચુકાદાઓએ હિંદી સ્ત્રીઓનાં લગ્નની કાયદેસરતા વિષે શંકા ઊભી કરી. પરિણામે વળી કંઈક તોફાનો થવાના ભણકારા આવવા લાગ્યા. અહીં આ ગ્રંથ પૂરો થાય છે. આ દરમિયાન ૧૯૧૨ની શરદઋતુમાં ગોખલે દક્ષિણ આફ્રિકાની મુલાકાતે આવી ગયા. આને પરિણામે જે શુભેચ્છા જન્મી એથી થોડા જ વખતમાં સહુ સારાં વાનાં થશે અને ગાંધીજી "છ મહિનામાં" જ હિંદ પાછા ફરવાનું વિચારી શકશે એવી આશા બંધાઈ.

પરંતુ હિંદી કોમ અને જનરલ સ્મટ્સ વચ્ચે મે ૧૯૧૧માં જે કામચલાઉ સમાધાન પૂર્ણતાએ પહોંચ્યું હતું તથા ૧૯૧૨માં જેને ફરી વાર તાજું કરવામાં આવ્યું હતું તેનો સરકારે સિદ્ધાંતમાં ભંગ કર્યો. અને ૧૯૧૩ના જાન્યુઆરી-માં કેપની સુપ્રિમ કોર્ટે ઇમિગ્રેશનના એક કેસમાં એવો ચુકાદો આપ્યો કે મુસ્લિમ ધર્મવિધિ અનુસાર થયેલાં લગ્નો ઇમિગ્રેશનના કાનૂન પ્રમાણે કાયદેસર નહીં ગણાય. સરકારના આ બદલાયેલા વલણ પ્રત્યે ગાંધીજીને ફરજિયાત ધ્યાન આપવું પડ્યું. એ પછી તરત જ તેમણે પહેલાંના કરતાં પણ ઘણા મોટા પાયા પર લડત આપવા સારુ કોમને તૈયાર કરવા માંડી.

[–પાછલા ફ્લૅપ પર ચાલુ

Gandhi Heritage Portal

તિથિ

REFERENCE BOOK

22 MAY 1969

REFERENCE BOOK
NOT TO BE ISSUED

ગાંધી સ્મારક સંગ્રહાલય
નં. -x-156
સં. 6940 વાંચવા માટે મુક્ત કર્યા તારીખ 22 MAY 1969
આ પુસ્તક છેલ્લે દર્શાવેલી તારીખ પહેલાં અથવા તે જ દિવસે પાછું આપી દેવું જોઈએ. તે તારીખ પછી જો પુસ્તક પાછું આપવામાં આવશે તો દરરોજના ૬ ન. પૈ. લેખે અતિદેય આપવું પડશે.

Gandhi Heritage Portal

Gandhi Heritage Portal

ગાંધીજીનો અક્ષરદેહ

૧૧

[એપ્રિલ ૧૯૧૧ – માર્ચ ૧૯૧૩]

૬૧૪

ગ્રંથાલય.

Gandhi Heritage Portal

Gandhi Heritage Portal

REFERENCE BOOK
NOT TO BE ISSUED

1458

Gandhi Heritage Portal



એપ્રિલ ૧૯, ૧૯૧૧ની સ્મટ્સ સાથેની મુલાકાતનો ગાંધીજીના હસ્તાક્ષરમાં સારાંશ

Gandhi Heritage Portal

ગાંધીજીનો અક્ષરદેહ

[મહાત્મા ગાંધીનાં લખાણો, ભાષણો, પત્રો વગેરેનો સંગ્રહ]

૧૧

[એપ્રિલ ૧૯૧૧ – માર્ચ ૧૯૧૩]

REFERENCE COPY

પ્રકાશક તરફથી બેટ

નવજીવન પ્રકાશન મંદિર
અમદાવાદ–૧૪

Gandhi Heritage Portal

-x·186
6980

© નવજીવન ટ્રસ્ટ, ૧૯૬૯

પહેલી આવૃત્તિ, જાન્યુઆરી ૧૯૬૯ : પ્રત ૩,૦૦૦

૩. ૧૬.૫૦

મુદ્રક અને પ્રકાશક : શાંતિલાલ હરજીવન શાહ, નવજીવન મુદ્રણાલય, અમદાવાદ–૧૪

Gandhi Heritage Portal

22 MAY 1969

પ્રસ્તાવના

આ ગ્રંથ એપ્રિલ ૧૯૧૧થી માર્ચ ૧૯૧૩ સુધીનાં બે વરસના ગાળાને આવરી લે છે. એની શરૂઆત સમાધાન માટેની માર્ચ માસથી ચાલતી વાટાઘાટોથી થાય છે, જેને લઈને સત્યાગ્રહની લાંબી લડતનો સફળ અંત આવશે એવી આશા બંધાતી હતી. ગ્રંથનો અંત, ૧૯૧૩ના ફેબ્રુઆરી અને માર્ચમાં અદાલતોએ હિંદી સ્ત્રીઓના દરજ્જા વિષે આપેલા ચુકાદાઓને કારણે નજીક આવતા તોફાનનાં ચિહ્નોથી આવે છે. એ ચુકાદાઓએ હિંદી સ્ત્રીઓનાં લગ્નોની કાયદેસરતાને પડકારી હતી. એ દરમ્યાન ૧૯૧૨ની શરદઋતુમાં ગોખલે દક્ષિણ આફ્રિકાની ઐતિહાસિક મુલાકાતે આવી ગયા. તેને પરિણામે પરસ્પર એવી શુભેચ્છા પેદા થઈ કે, થોડા જ વખતમાં સૌ સારાં વાનાં થશે એવી આશા બંધાવા લાગી, જેથી ગાંધીજી "છ માસમાં" હિંદ પાછા જવાનું વિચારી શકે (પા. ૪૫૪).

૧૯૧૧ના એપ્રિલની ૧લી તારીખે હિંદ સરકારે સત્તાવાર રીતે એવી જાહેરાત કરી કે, ગિરમીટિયા મજૂરોને દક્ષિણ આફ્રિકા મોકલવાનું ૧લી જુલાઈથી બંધ કરવામાં આવશે. આ માત્ર દક્ષિણ આફ્રિકામાં ગાંધીજીનો જ વિજય નહોતો પણ હિંદમાંના તેમના સહાયકોનો પણ વિજય હતો, જેમાં મદ્રાસની સાઉથ આફ્રિકન લીગ સૌથી મોખરે હતી. એ વસ્તુ દર્શાવતી હતી કે પરદેશમાં વસતા હિંદીઓ પ્રત્યેની જવાબદારીઓ અંગે હિંદ સરકારમાં નવી જાગૃતિ આવી હતી.

લગભગ આખા એપ્રિલ માસ દરમ્યાન ગાંધીજી કેપટાઉનમાં રહ્યા. એ દરમ્યાન, તેઓ યુનિયન ઇમિગ્રેશન રિસ્ટ્રિક્શન બિલમાં જે સુધારા કરાવવા માગતા હતા, તેમાં મદદ મેળવવા પાર્લમેન્ટના સભ્યોને મળતા રહ્યા. અને આ ભરચક કાર્યક્રમમાં પણ તેઓ ટ્રાન્સવાલ, નાતાલ અને કેપટાઉનમાં બનતા બનાવોના સંપર્કમાં રહેતા હતા. રિચ જોહાનિસબર્ગમાં બ્રિટિશ હિંદી સંઘની ઑફિસ સંભાળતા હતા, જ્યારે પોલાક ડરબનમાં કામ કરતા હતા. કેપટાઉનમાં ચાલતી નાજુક વાટાઘાટોમાં દક્ષિણ આફ્રિકાના આખા હિંદી સમાજનો જે સહકાર મળતો રહ્યો, તે ગાંધીજી અને આ બે મિત્રો વચ્ચેના સંપૂર્ણ વિચારઐક્યને આભારી છે.

હિંદીઓની મૂળ માગણી એ હતી કે સંઘના પ્રવાસી કાયદામાંથી રંગભેદ દૂર થવો જોઈએ. બિલમાં એ પાયાની માગણી મંજૂર થતી હોય એવું લાગતું હતું. પણ ઑરેન્જ ફ્રી સ્ટેટના કાયદામાં રહેલો રંગભેદ એમાં કાયમ રહેતો હતો. હિંદીઓના ચાલુ અધિકારોને લગતા બીજા કેટલાક પ્રશ્નો અંગે એવી કોઈ મુશ્કેલી નહોતી જે દૂર ન થઈ શકે, પરંતુ જનરલ સ્મટ્સ, ફ્રી સ્ટેટના સભ્યોને સંઘના બાકીના ભાગનું વલણ અપનાવી તેમના રાજ્યમાંની ભેદભાવસૂચક માંગોને સિદ્ધાંતમાં દૂર કરવા સમજાવી શકતા નહોતા, અથવા સમજાવવા માગતા નહોતા. તેઓ પાર્લમેન્ટનું સત્ર પૂરું થાય તે પહેલાં પોતાનું બિલ પસાર કરાવી લેવા ઉત્સુક હતા. કારણ કે, રાજ્યાભિષેકના દિવસો નજીક આવતા હોઈ, તેની ઉજવણી માટે તેઓ શાંતિ ચાહતા હતા. ગાંધીજીએ તેમને વિકલ્પે એક એવો ઉકેલ કાઢવા આગ્રહ કર્યો, જેથી તેમને ફ્રી સ્ટેટવાળાઓને બાજુ પર રાખવામાં મદદ મળે અને નાતાલ અને કેપમાં પણ તે વખતની સ્થિતિ સંબંધી બહુ ઓછા સવાલો ઊભા થાય. આ ઉકેલ એવો હતો કે, યુનિયન ઇમિગ્રન્ટ્સ રિસ્ટ્રિક્શન બિલ પડતું મૂકવું અને ટ્રાન્સવાલ ઇમિગ્રન્ટ્સ રિસ્ટ્રિક્શન ઍક્ટ સુધારવો; કારણ કે સત્યાગ્રહની લડત માત્ર ટ્રાન્સવાલના આ

Gandhi Heritage Portal

કાયદા સામે હતી. પરંતુ સ્મટ્સ એ વાત માનવા તૈયાર નહોતા. તેમને ભય એવો હતો કે એમાંથી જે સ્થિતિ ઊભી થશે તે ગોરાઓને મંજૂર નહીં હોય. શું કરવું તે નહીં સૂઝતાં જનરલ સ્મટ્સે પોતાની મુશ્કેલીઓ ગાંધીજી સમક્ષ રજૂ કરી (પા. ૪૫–૭). બિલને મુલતવી રાખવું પડે એ તો બની શકે પણ સ્મટ્સની ઇચ્છા સત્યાગ્રહ બંધ કરાવવાની હતી. બીજાની મુશ્કેલીઓનો હંમેશાં વિચાર કરનારા અને ઉદાર દિલના ગાંધીજી સ્મટ્સની મુશ્કેલી સમજ્યા અને સત્યાગ્રહ મુલતવી રાખવા સંમત થયા; પણ તેના બદલામાં તેમણે સ્મટ્સ પાસે એવી ખાતરી માગી કે, પાર્લમેન્ટના બીજા સત્રમાં ટ્રાન્સવાલ એશિયાટિક રજિસ્ટ્રેશન ઍક્ટને રદ કરતો કાયદો પસાર કરવામાં આવે અને તેમાં સગીરોના અધિકારો કાયમ રાખવામાં આવે, ચાલુ અધિકારો જાળવવામાં આવે, જે સત્યાગ્રહીઓ રજિસ્ટર થવા માટે અધિકારી હોય તેમને રજિસ્ટર થવાની પરવાનગી આપવામાં આવે અને તે વખતે ટ્રાન્સવાલમાં હોય પરંતુ એશિયાટિક ઍક્ટ મુજબ રજિસ્ટર થઈ શકતા ન હોય તેવા ભાગેલા સત્યાગ્રહીઓને નવો કાયદો પસાર થતાં સુધી ત્યાં રહેવાનો ખાસ અધિકાર આપવામાં આવે. આ વાત એપ્રિલની ૨૧મીએ બની, બીજે દિવસે સ્મટ્સે જરૂરી બાંયધરીઓ આપી અને વધારામાં જણાવ્યું કે, આવતા સત્રમાં જે કાયદો પસાર કરવામાં આવશે તેમાં બધા પ્રવાસીઓને સમાનતા બક્ષતી જોગવાઈઓ રખાશે. ૨૭મી તારીખે બ્રિટિશ ઇંડી સંઘની સભાએ, "જનરલ સ્મટ્સ પોતાનું વચન પાળે એ શરતે" સત્યાગ્રહ મોકૂફ રાખવાનો ઠરાવ કર્યો (પા. ૭૪). એપ્રિલ ૨૯, અને મેની ૨૦મી તારીખ વચ્ચે પત્રો અને તારોની આપલે થઈ અને તેને પરિણામે કામચલાઉ સમાધાન થયું.

આમ છતાં ટૉલ્સ્ટૉય ફાર્મ એટલે કે સત્યાગ્રહ છાવણી, ઉઠાવી લઈને ચાલુ રાખવામાં આવી. કારણ કે બીજા અન્યાયો દૂર કરાવવાના હતા અને ઇંડીઓએ તેને માટે ચળવળ કરવાનો પોતાનો હક અનામત રાખ્યો હતો. પરંતુ તે દરમ્યાન શાંતિ સ્થપાઈ અને ગાંધીજીએ રાજકીય જીવનને લગતી બાબતોની ચિંતા કોરે મૂકીને પોતાને માટે વધુ મહત્ત્વ ધરાવતી બાબતો એટલે કે આત્મસંયમ, ચિંતનમનન અને કેળવણીના પ્રયોગોમાં ધ્યાન પરોવ્યું.

૮મી મેને રોજ ડૉ. પ્રાણજીવન મહેતાને લખતાં તેઓ કહે છે : "જો હાલના છ કે આઠ માસ મને ફુરસદ રહેશે તો મારો વિચાર ખેતી અથવા સાળ ઉપર ધ્યાન દેવાનો છે. . . . હું જોઉં છું કે જો હું નિરાંત વાળીને વકીલાત કરું તો દર માસે ઓછામાં ઓછા પા. ૨૦૦ પડે. પણ તેમાં ન પડવાનો નિશ્ચય જ છે. આમાંનું ઘણું કામ રિચને જશે. રિચને મારી ઑફિસમાં જ બેસાર્યા છે. અને તે કામ કરતા થઈ ગયા છે." (પા. ૮૩–૪).

એ જ પત્રમાં તેઓ ફિનિક્સમાં શાળા માટે મકાન ઊભું કરવાની પોતાની ઇચ્છા વ્યક્ત કરે છે. ૪થી મેને રોજ એ. ઈ. છોટાભાઈને લખેલા પત્રમાં તેમણે ફિનિક્સને એક ટ્રસ્ટને સોંપી દેવાનો પોતાનો ઇરાદો જાહેર કર્યો હતો. આમ જ્યારે તેઓ પોતાની સાધનામાં હવે પછીનું નિર્ણયાત્મક પગલું ભરવાની તૈયારી કરી રહ્યા હતા ત્યારે તેમને પોતાના કૌટુંબિક જીવનમાં એક દુઃખદ ઘટનાનો સામનો કરવો પડ્યો. એ ઘટના તેમને વરસો સુધી દારુણ વેદનાનું કારણ બનવાની હતી; અને જેમાંથી મુક્ત થવાનું બધી માનવ આસક્તિઓનો ઉત્તરોત્તર ત્યાગ કરીને જ બની શકે તેમ હતું. તેમનો જ્યેષ્ઠ પુત્ર હરિલાલ, થોડા વખત માટે સત્યાગ્રહમાં જોડાયો હતો અને જેલ જઈ આવ્યો હતો. તેને લાગતું હતું કે ગાંધીજીને પોતાનાં સૌથી નિકટનાં સ્વજનોના દુન્યવી હિતની ચિંતા નથી. આ વાતના વિરોધમાં તેણે પિતાનું ઘર છોડી જવાનો નિશ્ચય કર્યો. પોતાનાં સ્વજનોની આધ્યાત્મિક પ્રગતિ માટેની ગાંધીજીની ઉત્કટ ઇચ્છા યુવાન હરિલાલ સમજી

Gandhi Heritage Portal

શકયો નહોતો. ગાંધીજી સાથે પૂરા વિનયથી દલીલ કર્યા પછી હરિલાલ "શાંત મને" (પા. ૯૪) હિંદુસ્તાન રવાના થયો. ગાંધીજીની ઇચ્છા હતી કે, "તમે સ્વતંત્ર રીતે વૃદ્ધિ પામો" (પા. ૧૧૨) અને તને અનુકૂળ હોય તેવી રીતે "સુતર આવે તેમ તું રહે, જેમ તેમ કરીને હરિને લહે." (પા. ૪૮૪). પણ પિતાપુત્ર વચ્ચે ફરીથી કદી પહેલાં જેવો સંબંધ બંધાયો નહીં.

ટૉલ્સ્ટૉય ફાર્મમાં રહ્યા રહ્યા ગાંધીજીએ ડૉ. પ્રાણજીવન મહેતા, જી. કે. ગોખલે, મગનલાલ, છગનલાલ, હરિલાલ, મણિલાલ અને પાછળથી જમનાદાસ ગાંધી સાથે નિયમિત રીતે પત્રવ્યવહાર ચાલુ રાખ્યો હતો. ફાર્મની શાળામાં બાળકોને ભણાવતાં તેઓ તેમને એક સંશોધનકારના ઉત્સાહથી મહાભારતની વાર્તાઓ વાંચી સંભળાવતા. વળી તેઓ સમાધાનના પાલન વિષે અથવા ઇમિગ્રેશન અને ડોમિસાઈલ જેવી બીજી બાબતો વિષે ગૃહખાતા જોડે પત્રવ્યવહાર કરતા. તે ઉપરાંત, ત્રણ પાઉંડના કર વિષે, હિંદીઓને લોકેશનોમાંથી બીજી જગ્યાએ ખસેડવાના મ્યુનિસિપાલિટીઓના પ્રયાસો વિષે તથા ગોરાઓની હિંદી વિરોધી ચળવળ જેવા હિંદીઓને સ્પર્શતા સવાલો વિષે તેઓ ઇન્ડિયન ઓપીનિયનમાં લખતા ખરા. જોકે પહેલા કરતાં એ ઓછું હતું.

૧૯૧૧ના છેવટના દિવસો નજીક આવતાં કામચલાઉ સમાધાનની મુદત પૂરી થઈ. નવું ઇમિગ્રેશન રિસ્ટ્રિક્શન બિલ ઘડાયું અને તે ગાંધીજીને બતાવવામાં આવ્યું. પરંતુ જ્યારે તેને ગૅઝેટમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યું ત્યારે ગાંધીજીએ તેમાં કેટલાક ફેરફારો થયેલા જોયા. તેમણે જોયું કે, ઑરેન્જ ફ્રી સ્ટેટમાં દાખલ થતા ભણેલા હિંદીઓ તે રાજ્યમાં ખેતી કે વેપાર નહીં કરશે, એવી સોગન પર જાહેરાત કરે એવી કલમ કાયમ રાખવામાં આવી છે. પત્રોની આપલે પછી જનરલ સ્મટ્સે હંમેશની માફક કેટલીક મુશ્કેલીઓ દૂર કરી અને કેટલીક દૂર કરવાની બાંયધરી આપી. ૨૪મી જૂને બિલ ફક્ત બીજા વાચનમાંથી પસાર થયું ત્યાં તો પાર્લમેન્ટની બેઠક મુલતવી રહી. અને ૧૯મી જુલાઈને રોજ જણાવવામાં આવ્યું કે કાયદો પસાર થતાં સુધી કામચલાઉ સમાધાન જારી રહેશે તથા ગાંધીજી જેમનાં નામ આપે તે છ ભણેલા હિંદીઓને ૧૯૧૨ દરમ્યાન પણ દાખલ કરવામાં આવશે.

૨૨મી ઑક્ટોબરે, ગાંધીજીના આગ્રહભર્યા આમંત્રણને માન આપીને ગોખલે કેપટાઉનમાં ઊતર્યા. એમની "મુલાકાતથી હિંદી સરકાર વાકેફગાર છે, છતાં પોતાની આપમુખત્યારીથી તેઓ અત્રે આવેલ છે. એનો ઉદ્દેશ . . . દક્ષિણ આફ્રિકાના આખા હિંદી સવાલની જાતે તપાસ કરવાનો છે" (પા. ૩૫૦). દક્ષિણ આફ્રિકાના કાળાગોરા સૌ લોકોએ, તેઓ રસ્તે જતાં જ્યાં જ્યાં રોકાય ત્યાં તથા શહેરોના ટાઉનહૉલમાં ગોઠવેલા સમારંભોમાં, તેમનું લગભગ બાદશાહી સ્વાગત કર્યું. તેઓ પ્રજાના દરેક વિભાગના આગેવાનોને અને વ્યક્તિઓને મળ્યા, તેમણે સંઘરાજ્યના પ્રધાનો, બોથા, સ્મટ્સ અને ફિશર સાથે ચર્ચા કરી અને ગવર્નર જનરલ સાથે ખાણું લીધું.

દક્ષિણ આફ્રિકાના પ્રશ્ન તરફ હિંદના લોકોનું ધ્યાન ખેંચવામાં ગોખલેની મુલાકાતે ઘણો મોટો ભાગ ભજવ્યો અને દક્ષિણ આફ્રિકાના હિંદીઓના ઉત્સાહનો પારો ઊંચો ચઢાવ્યો; તેમ જ લૉર્ડ ઍમ્પ્ટહીલના શબ્દોમાં "સમજદારી, સમાધાન અને શુભેચ્છાની ભાવના પેદા કરી" (પા. ૪૯૩). ગોખલેને મળ્યા પછી લૉર્ડ ગ્લૅડસ્ટને પોતાની મુલાકાત વિષે શાહી સરકારને મોકલેલી નોંધમાં મુલાકાતનાં પરિણામોનો સાર આપવામાં આવ્યો છે (પરિશિષ્ટ ૨૨).

જોકે ઇમિગ્રેશન અને ડોમિસાઈલ સંબંધી ત્રાસજનક સવાલો હવે પતી ગયા હોય અમ લાગતું હતું, છતાં બીજી દિશાઓમાં હિંદીઓની રંજાડ અને કનડગત ચાલુ જ હતી. અત્યાર સુધી એવો રિવાજ હતો કે પોતાના ગોરા મિત્રોને નામે ચાલતી જમીનની માલકી હિંદીઓ

Gandhi Heritage Portal

ધરાવી શકતા અને તેના ઉપયોગ કરી શકતા. હવે એ રિવાજ બંધ કરવા માટે સુવર્ણ કાનૂન અને કસબા (ટાઉનશિપ) કાનૂનનો ઉપયોગ થવા લાગ્યો. ક્લાર્કર્સડૉર્પ, ક્રૂગર્સડૉર્પ, ફ્રીપૂર્ટ અને વ્રીડીડૉર્પમાં એક પછી એક દુકાનોના ગોરા માલિકોને, પોતાના બિનગોરા ભાડૂતોને દુકાનો ખાલી કરાવવા સુવર્ણ કાનૂન મુજબ નોટિસો આપવામાં આવી. વેપારી પરવાના બીજાને નામે કરી આપવાની વેપારીઓને ના પાડવામાં આવી. ટ્રાન્સવાલ ડ્રાફ્ટ મ્યુનિસિપલ કાઉન્સિલ્સ ઑર્ડિનન્સમાં મ્યુનિસિપાલિટીઓને ફેરિયાઓના પરવાનાનું નિયંત્રણ કરવાની અને એશિયાઈ લોકેશનો બાબત મન ફાવે તેમ રમત રમવાની સંપૂર્ણ સત્તા આપવામાં આવી. આમ વેપારીઓ મૃત્યુ પામે કે નિવૃત્ત થાય ત્યારે તેમના પરવાના રદ કરીને, અથવા લોકેશનોમાં તેમનો જામેલો વેપાર લોકેશનોમાંથી બીજી ઊતરતી જગ્યાએ ખસેડીને, હિંદીઓનો બધો વેપાર ખતમ કરવાનો સંગઠિત પ્રયત્ન કરવામાં આવ્યો. તે ઉપરાંત ભૂતપૂર્વ ગિરમીટિયાઓ પર ૩ પાઉંડનો કર એક જુલમી લૂંટરૂપે ચાલુ રહ્યો.

ખુદ કામચલાઉ સમાધાનના વાસ્તવિક અમલમાં તેની ભાવનાનો ભંગ થવા લાગ્યો છે એવું સ્પષ્ટ જોવા મળ્યું. બંદરો પર, ખાસ કરીને નાતાલમાં, ઇમિગ્રેશન કાનૂનના અમલ અંગે વધુ ને વધુ સખતાઈ થવા લાગી. ડોમિસાઈલ હિંદીઓની સ્ત્રીઓ તથા સગીર બાળકોને બંદર પર ઊતરવાની પરવાનગી આપવાની ના પાડવામાં આવી; તેમની પાસેથી સગપણ બાબતની તથા પ્રવેશના અધિકાર બાબતની અશક્ય સાબિતીઓ માંગવામાં આવી. આ બધાનો માત્ર એક જ ઉપાય બાકી રહ્યો અને તે સુપ્રિમ કોર્ટનો મનાઈહુકમ મેળવવાનો. સુપ્રિમ કોર્ટમાં બાઈ રસૂલના કેસમાં જસ્ટિસ વેસલ્સે જે એવો ચુકાદો આપ્યો કે, કોઈ પણ હિંદી પોતાની સાથે "એક જ પત્નીને લાવી શકે અને તે સ્ત્રી ખરેખર તેની પત્ની જ હોવી જોઈએ", તેનાથી આખો હિંદી સમાજ હાલી ઊઠ્યો. થોડા વખત પછી બીજી એક મુસ્લિમ પત્ની ફાતિમા જસાતને પ્રવેશની પરવાનગી આપવામાં ન આવી અને સ્મટ્સે એ બાબતમાં વચ્ચે પડવાની ના પાડી દીધી.

આ બધાને ટપી જાય એવું તો એ થયું કે, એશિયાઈ રજિસ્ટ્રારે ૧૯૧૨ના વરસ દરમિયાન પ્રવેશ માટે ગાંધીજીએ સૂચવેલાં છ ભણેલા હિંદીઓનાં નામોમાંથી બે રદ કર્યાં. સમાધાનનો આવો હડહડતો ભંગ થતાં ગાંધીજીએ ગોખલેને લખ્યું : "મંત્રીઓ ખરેખર તેમનાં વચન પાળતા નથી" (પા. ૪૬૪), અને તેમણે સત્યાગ્રહ ફરી ચાલુ કરવો પડે એવી સ્થિતિ ઊભી નહીં કરવા સરકારને ચેતવણી આપી.

છેવટે ૧૯૧૩ની શરૂઆતમાં સૌથી મોટો આઘાતજનક બનાવ બન્યો; કેપની સુપ્રિમ કોર્ટે બાઈ મરિયમના કેસમાં ચુકાદો આપ્યો કે ઇમિગ્રેશન કાનૂન પ્રમાણે મુસ્લિમ રિવાજ મુજબ થયેલાં લગ્નો માન્ય નહીં ગણાય. નાતાલની સુપ્રિમ કોર્ટે પણ બીજા એક મુસ્લિમ લગ્નની કાયદેસરતા વિષે શંકા ઉઠાવી. દેખીતી રીતે જ, ૧૯૧૧ના એપ્રિલમાં ગાંધીજી સાથેની સ્મટ્સની મુલાકાતમાં (પા. ૪૫–૭) જે સમાધાનની ભાવના જણાતી હતી તે અદૃશ્ય થઈ ગઈ હતી. સરકારના વલણમાં જે ફરક પડ્યો હતો તે તરફ ગાંધીજીને ધ્યાન આપવું પડ્યું. પછી તરત તેઓ પહેલાંના કરતાં ઘણા મોટા પાયા પર લડત આપવા માટે સમાજને તૈયાર કરવા લાગ્યા.

ઊભી થયેલી આશામાંથી આ અણધારી નિરાશા અને હતાશા આવી પડી. પણ એથી ગાંધીજી ગભરાયા નહીં. ટૉલ્સ્ટૉય ફાર્મના વસવાટ દરમ્યાન તેમણે જે આંતરિક બળનો સંચય કર્યો હતો તે બળ તેમને રાજકીય જીવનના આ બધા તોફાની ઝંઝાવાતોમાં ઘણું ઉપયોગી નીવડ્યું. આ 'એકાંતવાસ'માં તેમના રસના ઉપલક વિષયો તેમની ૧૯૧૨ની ડાયરીમાંથી જોવા મળે છે. પણ

Gandhi Heritage Portal

તેમનામાં ઉત્સાહ પ્રેરનારા ખરા વિષયો તો જુદા જ હતા. હાલમાં તેઓ શારીરિક શ્રમનો સિદ્ધાંત, જેનાથી સ્વભાવમાં સાચી નીતિની ભાવનાને ઉત્તેજન મળે એવો સ્વાસ્થ્યપ્રદ આહાર અને સ્વભાષા મારફત શિક્ષણ એ વિષયોમાં પરોવાયેલા રહેતા. આ બધાં વડે આંતરિક પુનરુદ્ધારના સાધનરૂપ સંગીન તત્ત્વનો એટલે સત્યનો સંપર્ક સધાય છે. તેઓ અત્યારે એક શાળાના 'આચાર્ય' છે, જ્યાં લડત આપવાની નથી, પણ કિશોર વયનાં છોકરા-છોકરીઓના વિકાસમાં મદદરૂપ થવાનું છે. ડાયરીમાં ચોકસાઈપૂર્વક રાખેલા હિસાબોમાં કરકસર જોવા મળે છે, જે થોરોના શબ્દોમાં કહીએ તો આ નવા જીવનનું ઇંદ્રિયોના સંયમનું વાતાવરણ પ્રગટ કરે છે. ડાયરીમાં રોજેરોજ લખેલા હિસાબોમાં નીચેની વસ્તુઓ પણ જોવા મળે છે: કૅલનબૅકના વર્ગો માટે ખરીદવામાં આવતું ચામડું, જે વડે કૅલનબૅક પોતાના વર્ગમાં વિદ્યાર્થીઓને ચંપલ બનાવતાં શીખવતા હતા, જે તેઓ ટ્રેપિસ્ટ મઠમાં જઈને શીખી આવ્યા હતા; મીઠાની અવેજીમાં વપરાતી ખાંડ; અસંખ્ય અંગત પત્રો માટેની પોસ્ટની ટિકિટો — જેમાંના બહુ થોડા પત્રો આપણી પાસે છે; લૉલી સ્ટેશનેથી દરરોજ લાવવામાં આવતા દૂધના પૈસા; પોતાના પ્રશ્નો લઈને આશ્રમમાં આવતા લોકો માટે ચૂકવેલાં ગાડીભાડાં.

ડિસેમ્બરની ડાયરીમાં એક ટૂંકી પણ દુ:ખદાયક નોંધ આ પ્રમાણે છે — "આવતે વરસે પ્રેસમાં ખોટ આવશે." ટૉલ્સ્ટૉય ફાર્મ માટે, ફિનિક્સ માટે, નવી કેળવણી માટે પૈસા જોઈએ એ એક મોટો પ્રશ્ન થઈ પડ્યો હતો, જેનો ઉકેલ તાતાના દાનથી અને ડૉ. મહેતાની એકધારી ઉદારતાથી આવતો હતો; પણ તે થોડે જ અંશે, કારણ કે આ સત્યના ઉપાસક હવે પછી પોતાની આજીવિકા માટે વકીલાત કરી શકે એવું રહ્યું નહોતું.

૧૯૧૧માં ડૉ. પ્રાણજીવન મહેતાને લખેલા પત્રમાં ગાંધીજી એકથી વધુ વાર પોતાના હિંદ પાછા ફરવાના વિચારનો ઉલ્લેખ કરે છે. ગોખલેની મુલાકાત પછી આ વિચારોનું ભૂત તેમને વખતોવખત પજવતું હતું. ૧૯૧૨ના નવેમ્બરની ૨૬મીની ડાયરીમાં તેઓ લખે છે કે, મેં ગોખલેને વચન આપ્યું છે કે, જ્યાં સુધી દક્ષિણ આફ્રિકામાં મારી જગા લેનાર કોઈ નહીં મળે ત્યાં સુધી હું હિંદ આવીશ નહીં અને એ કામ કદાચ પોલાકને સોંપી શકાશે. ડિસેમ્બરની ૧લી તારીખની ડાયરીમાં પોતે હિંદી પોશાક પહેર્યો તેની નોંધ કરી છે. તેઓ માતૃભૂમિના સાદની અવગણના કરી શકતા નથી. હવે તેમના મનમાં અહીંથી જલદી ઊપડી જવાની વાત જ રમ્યા કરે છે.

Gandhi Heritage Portal

Gandhi Heritage Portal

વાચકોને સૂચના

જુદા જુદા અધિકારીઓને ઉદ્દેશીને લખાયેલા પત્રો અને નિવેદનપત્રો, અખબારોમાં મોકલેલા લેખો અને સભાઓમાં પસાર કરેલા ઠરાવો, જે આ પુસ્તકમાં સામેલ કરવામાં આવ્યા છે તે, ગાંધીજીના લખેલા માનવાનાં કારણો, જે પુસ્તક ૧ની પ્રસ્તાવનામાં સમજાવવામાં આવ્યાં છે તે જ છે. જ્યાં કોઈ લેખ સામેલ કરવા માટે વિશિષ્ટ કારણો છે ત્યાં તે કારણો પાદટીપમાં બતાવવામાં આવ્યાં છે. ગાંધીજીના જે લેખો લેખકના નામ સિવાય ઇન્ડિયન ઓપીનિયનમાં પ્રસિદ્ધ થયેલા છે તે ઓળખવા માટે ગાંધીજીનાં આત્મકથાત્મક લખાણો, એમના સહયોગી શ્રી છગનલાલ ગાંધી અને એચ. એસ. એલ. પોલાકનો અભિપ્રાય, તથા બીજા મળી આવતા પુરાવાનો આધાર લેવામાં આવ્યો છે.

ગુજરાતી લખાણ ફરીથી પ્રગટ કરતી વખતે, મૂળને વધુમાં વધુ વફાદાર રહેવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે. મુદ્રણના દેખીતા દોષોને દૂર કરવામાં આવ્યા છે અને મૂળ લખાણમાં સંક્ષિપ્ત હોય તેવા શબ્દો આખા લખવામાં આવ્યા છે. નામો કે શબ્દોની જુદી જુદી જોડણી સુધારવામાં આવી છે.

મોટા કૌંસમાં આપેલી પ્રાસ્તાવિક નોંધો તથા લેખોની અંદર આપેલી તેવા જ કૌંસમાં મૂકેલી સામગ્રી સંપાદકોએ લખેલી છે. મૂળમાં આવતા ગોળ કૌંસો કાયમ રાખવામાં આવ્યા છે. ગાંધીજીએ અંગ્રેજીમાંથી ટાંકેલાં ભાષણો, અવતરણો વગેરેનાં મૂળ લખાણો હાંસિયો છોડી ચાલુ ટાઇપમાં જ છાપવામાં આવ્યા છે. પરંતુ ગાંધીજીએ ગુજરાતીમાં અનુવાદરૂપે આપેલાં એવાં લખાણો એથીય વધારે હાંસિયો છોડીને ચાલુ ટાઇપમાં, પાતળા લેડમાં, એટલે કે લીટીઓ વચ્ચે ચાલુ અંતર કરતાં ઓછું અંતર રાખીને છાપ્યાં છે. ગાંધીજીના શબ્દોમાં ન હોય તેવાં લખાણો, ભાષણો તથા અદાલતના કામકાજ વગેરેના પરોક્ષ હેવાલો ચાલુ ટાઇપ અને ચાલુ માપમાં પણ પાતળા લેડમાં છાપ્યાં છે.

અંગ્રેજી લખાણનો તરજુમો, અસલ લખાણને વફાદાર રહીને, તે સરળ રીતે સમજી શકાય તે રીતે કરવામાં આવ્યો છે.

લખાણની તારીખ, ઉપલબ્ધ હોય ત્યાં પાનાના જમણા હાથ પરના ખૂણામાં દર્શાવવામાં આવી છે. જો મૂળ લખાણ તારીખ વિનાનું મળ્યું હોય તો અનુમાનથી નક્કી કરેલી તારીખ, જરૂર મુજબ કારણો સાથે, કાટખૂણિયા કૌંસમાં આપવામાં આવી છે. કેટલાક અંગત પત્રોમાં, વિક્રમ પંચાંગ અનુસાર તિથિઓ લખેલી છે. એ જ દિવસની અંગ્રેજી પંચાંગ મુજબની તારીખ શોધી કાઢીને એની સાથે જ મોટા કૌંસમાં આપી છે અને જરૂર પડતાં આંતરિક અને બાહ્ય પુરાવાને આધારે વર્ષ નિશ્ચિત કરવામાં આવ્યું છે. લખાણને અંતે લખાણનાં મૂળ તથા તારીખ આપવામાં આવ્યાં છે. એ તારીખ, લખાણની પ્રસિદ્ધિની તારીખ છે.

સત્યના પ્રયોગો અથવા આત્મકથા અને દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહનો ઇતિહાસ આ ગ્રંથોનો જે ઉલ્લેખ કરવામાં આવ્યો છે તે આ ગ્રંથોની જુદી જુદી આવૃત્તિનાં જુદાં જુદાં પાનાંને લક્ષમાં લેતાં, તે ગ્રંથોના ભાગ અને પ્રકરણ પૂરતો મર્યાદિત છે.

Gandhi Heritage Portal

મૂળ લખાણના જે ટૂંકાક્ષરી ઉલ્લેખો છે તેમાં એસ. એન. એટલે સાબરમતી સંગ્રહાલય, અમદાવાદના ઉપલબ્ધ દસ્તાવેજો; જી. એન. એટલે ગાંધી સ્મારક નિધિ અને સંગ્રહાલય, નવી દિલ્હીના દસ્તાવેજો; સી. ડબ્લ્યુ. એટલે કલેકટેડ વર્કસ ઑફ મહાત્મા ગાંધીએ છૂટક વ્યક્તિઓ પાસેથી મેળવેલા પત્રો, એમ થાય છે. અસલના ઉલ્લેખમાં જે સંક્ષિપ્ત શબ્દો જણાવવામાં આવ્યા છે તેમાં "સી. ઓ." એટલે કૉલોનિયલ ઑફિસ, અને "જે. ઍન્ડ પી." એટલે જ્યુડિશિયલ અને પબ્લિક રેકર્ડ્ઝ થાય છે.

આ ગ્રંથને પ્રસ્તુત હોય તેવી સામગ્રી પરિશિષ્ટોમાં આપવામાં આવી છે. લખાણોના આધાર-રૂપ સાહિત્યની યાદી તથા આ ગ્રંથ જે સમયને આવરે છે તેની તારીખવાર નોંધ ગ્રંથના અંત ભાગમાં આપવામાં આવી છે.

* * *

અક્ષરદેહ પુસ્તક ૧૦ની માફક આ પુસ્તકમાં પણ મૂળ અંગ્રેજી લખાણની જગ્યાએ ઇન્ડિયન ઓપીનિયનમાંથી, ગાંધીજીએ જાતે લખ્યા હોય અથવા ભાષાંતર કર્યું હોય, એવા લેખો મૂળ ગુજરાતી તરીકે સામેલ કર્યા છે. એ લેખોની ક્રમસંખ્યા નીચે આપી છે. કેટલાક આવા લેખો સાથે મૂળ અંગ્રેજીનો અનુવાદ પણ સામેલ કર્યો છે.

૧૨, ૧૬, ૪૧, ૪૩, ૪૪, ૪૯, ૫૦, ૫૧, ૫૨, ૫૩, ૫૪, ૫૯, ૬૦, ૬૨, ૬૫, ૭૦, ૭૬, ૮૫, ૧૦૮, ૧૧૦, ૧૧૧, ૧૧૨, ૧૧૫, ૧૧૮, ૧૨૧, ૧૨૯, ૧૩૦, ૧૩૩, ૧૩૫, ૧૩૯, ૧૪૩, ૧૪૪, ૧૫૦, ૧૫૯, ૧૬૨, ૧૬૮, ૧૭૪, ૧૭૫, ૧૮૨, ૧૮૩, ૧૮૭, ૨૦૧, ૨૦૫, ૨૦૬, ૨૦૯, ૨૧૭, ૨૧૮, ૨૧૯, ૨૨૧, ૨૨૩, ૨૨૫, ૨૩૧, ૨૩૨, ૨૩૩, ૨૩૪, ૨૩૬, ૨૩૭, ૨૪૦, ૨૪૧, ૨૪૩, ૨૪૪, ૨૪૫, ૨૪૮, ૨૪૯, ૨૫૦, ૨૫૪, ૨૫૫, ૨૬૪, ૨૬૫, ૨૭૧, ૨૭૨, ૨૭૩, ૨૭૪, ૨૭૬, ૨૮૧, ૨૮૩, ૨૮૪, ૨૮૫, ૨૮૭, ૨૮૮, ૨૮૯, ૨૯૦, ૨૯૫, ૨૯૬, ૩૦૩, ૩૦૭, ૩૨૨, ૩૨૯, ૩૩૫, ૩૫૨.

એ ઉપરાંત કેટલાક વધારાના મૂળ ગુજરાતી લેખો, જે ગાંધીજીના હોવાની અનેક કારણોસર ખાતરી થઈ હોય તે, લેખની ક્રમસંખ્યા સાથે (૧), (૨), ઉમેરી કાળાનુક્રમે આપ્યા છે. આવા વધારાના લેખો ઉમેરવાનું કાર્ય લેખ નં. ૭૮થી એટલે તા. ૨૭–૫–'૧૧થી બંધ કર્યું છે. આ પુસ્તકમાં ઉમેરવાનું વિચારી શકાય એવા ઇન્ડિયન ઓપીનિયનમાંના બાકીના લેખોની યાદી એના જે તે અંકોની તારીખ સાથે નીચે આપી છે.

આવા ફેરફારો કે ઉમેરા અંગે ગાંધીજીના ભત્રીજા અને તે વખતના તેમના ઇન્ડિયન ઓપી-નિયનના સાથી, શ્રી છગનલાલ ગાંધીની પ્રત્યક્ષ સલાહ તથા મદદ મળતાં રહ્યાં છે.

યાદી

૧. જોહાનિસબર્ગનો પત્ર (૩–૬–'૧૧)
૨. ટ્રાન્સવાલના ડ્રાફ્ટ મ્યુનિસિપલ ઑર્ડિનન્સ અંગે ઍસોસિયેશનની અરજી (૧૦–૬–'૧૧)
૩. જોહાનિસબર્ગનો પત્ર (૧૦–૬–'૧૧)
૪. ઘેરો (૧૦–૬–'૧૧)
૫. સોનેરી કાયદાના સવાલ અંગે મુલકી પ્રધાનને પત્ર (૧૦–૬–'૧૧)
૬. જોહાનિસબર્ગનો પત્ર (૧૭–૬–'૧૧)
૭. મિ. સોરાબજી અડાજણિયા (૧૭–૬–'૧૧)

Gandhi Heritage Portal

૮. જોહાનિસબર્ગનો પત્ર (૨૪–૬–'૧૧)
૯. ડરબનનું હિંદુ સ્મશાન (૨૪–૬–'૧૧)
૧૦. રાજ્યાભિષેકની ઉજવણી (૧–૭–'૧૧)
૧૧. નાતાલ ઇમિગ્રેશનની અડચણો (૧–૭–'૧૧)
૧૨. કેપના કાયદા (૧–૭–'૧૧)
૧૩. નાતાલની હાર (૮–૭–'૧૧)
૧૪. જનાબ સૂફી સાહેબનું મરણ (૮–૭–'૧૧)
૧૫. ઝૂલુનો દાખલો (૧૫–૭–'૧૧)
૧૬. જોહાનિસબર્ગનો પત્ર (૨૨–૭–'૧૧)
૧૭. ઇમિગ્રેશન ખાતાનું લૂંટારુપણું (૨૨–૭–'૧૧)
૧૮. દેશથી આવેલા મજૂરોની દશા (૨૨–૭–'૧૧)
૧૯. જોહાનિસબર્ગનો પત્ર (૨૯–૭–'૧૧)
૨૦. 'ચેતતો નર સદા સુખી' (૫–૮–'૧૧)
૨૧. ઇમિગ્રેશન ઑફિસ (૫–૮–'૧૧)
૨૨. આપણું કર્તવ્ય (૧૨–૮–'૧૧)
૨૩. શું ફરી જંગ મચશે? (૧૯–૮–'૧૧)
૨૪. પૂર્વ વિ. પશ્ચિમ (૨૬–૮–'૧૧)
૨૫. મરહૂમ મિ. રૉબર્ટ સધરલંડ (૨૬–૮–'૧૧)
૨૬. હિંદના દાદાની જયંતી (૨–૯–'૧૧)
૨૭. મહાન દાદાભાઈનું ટૂંક જીવનચરિત્ર (૨–૯–'૧૧)
૨૮. સોનેરી કાયદો (૯–૯–'૧૧)
૨૯. આપણાં બાળકોની કેળવણી (૧૬–૯–'૧૧)
૩૦. ઈદ મુબારક (૨૩–૯–'૧૧)
૩૧. પોર્ટ ઇલિઝાબેથની મ્યુનિસિપાલિટી (૩૦–૯–'૧૧)
૩૨. જોહાનિસબર્ગનો પત્ર (૧૪–૧૦–'૧૧)
૩૩. તુર્કી અને ઇટાલી (૧૪–૧૦–'૧૧)
૩૪. દિવાળી (૨૧–૧૦–'૧૧)
૩૫. ગોરા શું વિચારે છે? (૨૧–૧૦–'૧૧)
૩૬. કેવું ઘાતકીપણું (૨૮–૧૦–'૧૧)
૩૭. ઇટાલીની હેવાનિયત (૪–૧૧–'૧૧)
૩૮. રેલવે પર કોમી અદાવત (૪–૧૧–'૧૧)
૩૯. મિ. ભાયાતનું સાહસ (૧૧–૧૧–'૧૧)
૪૦. દારૂ પીનારા હિંદીને બે બોલ (૧૧–૧૧–'૧૧)
૪૧. બેની લડાઈમાં ત્રીજો ખાઈ ગયો (૧૮–૧૧–'૧૧)
૪૨. પા. ઉનો કર (૨૫–૧૧–'૧૧)
૪૩. ડેલાગોઆ બેમાં હિંદી (૯–૧૨–'૧૧)
૪૪. મિ. ભાયાતની જીત (૧૬–૧૨–'૧૧)

Gandhi Heritage Portal

૪૫. દુનિયાની શી ગતિ છે! (૧૬–૧૨–'૧૧)
૪૬. મિ. જસાવાલાની અરજી (૨૩–૧૨–'૧૧)
૪૭. નાતાલમાં ઇમિગ્રેશનની હાડમારી (૨૩–૧૨–'૧૧)
૪૮. ડેલાગોઆ બેમાં છોકરાઓની તકલીફ (૩૦–૧૨–'૧૧)
૪૯. કેપના હિંદી (૩૦–૧૨–'૧૧)
૫૦. તુર્કી લડાઈ સંબંધી હિંદી સરકારનો ઢંઢેરો (૩૦–૧૨–'૧૧)
૫૧. દિલ્હી દરબાર (૧૩–૧–'૧૨)
૫૨. રેલવેની મુસાફરી (૨૦–૧–'૧૨)
૫૩. ડરબનમાં મરકી (૨૦–૧–'૧૨)
૫૪. કિમ્બર્લીના હિંદી ફેરિયા (૨૦–૧–'૧૨)
૫૫. ડેલાગોઆ બેના સત્તાવાળાઓનો જુલમ (૨૭–૧–'૧૨)
૫૬. જોહાનિસબર્ગનો પત્ર (૧૭–૨–'૧૨)
૫૭. મરહૂમ મિ. વી. કૃષ્ણસામી આયર (૧૭–૨–'૧૨)
૫૮. મિ. નાથલિયાનો કેસ (૨૪–૨–'૧૨)
૫૯. જુલમગાર ન્યાય (૨૪–૨–'૧૨)
૬૦. જોહાનિસબર્ગનો પત્ર (૨–૩–'૧૨)
૬૧. ગિરમીટિયા હિંદીઓની દશા (૨–૩–'૧૨)
૬૨. જોહાનિસબર્ગનો પત્ર (૯–૩–'૧૨)
૬૩. જોહાનિસબર્ગનો પત્ર (૧૬–૩–'૧૨)
૬૪. જોહાનિસબર્ગનો પત્ર (૨૩–૩–'૧૨)
૬૫. સત્યાગ્રહી મિ. મેઢ તથા મિ. પ્રાગજી (૨૩–૩–'૧૨)
૬૬. જર્મિસ્ટનના હિંદી (૩૦–૩–'૧૨)
૬૭. જોહાનિસબર્ગનો પત્ર (૬–૪–'૧૨)
૬૮. યુરોપી રાજ્યોનો ઢોંગ (૬–૪–'૧૨)
૬૯. જોહાનિસબર્ગનો પત્ર (૧૩–૪–'૧૨)
૭૦. મિ. ભાયાતનો કેસ (૧૩–૪–'૧૨)
૭૧. સત્યાગ્રહી ફાળો (૧૩–૪–'૧૨)
૭૨. કેળવણી સંબંધી વિચારો (૨૦–૪–'૧૨)
૭૩. મરહૂમ મિ. રેમઝી કૉલિન્સ (૨૦–૪–'૧૨)
૭૪. જર્મિસ્ટન લોકેશન (૨૦–૪–'૧૨)
૭૫. જોહાનિસબર્ગનો પત્ર (૨૦–૪–'૧૨)
૭૬. સર્વશક્તિમાન કિરતારની રચના (૨૭–૪–'૧૨)
૭૭. મિ. મણિલાલ ડૉક્ટર (૨૭–૪–'૧૨)
૭૮. જર્મિસ્ટન લોકેશન સંબંધી (૪–૫–'૧૨)
૭૯. ઑનરેબલ મિ. ગોખલેના ઠરાવ પર ચર્ચા (૪–૫–'૧૨)
૮૦. જોહાનિસબર્ગનો પત્ર (૧૧–૫–'૧૨)
૮૧. ટ્રાન્સવાલમાં ઓરતોની અટકાયત (૧૧–૫–'૧૨)

Gandhi Heritage Portal

૮૨. અમારું આ વખતનું ચિત્ર (૧૧–૫–'૧૨)
૮૩. હિંદમાં પોલીસની રીતો (૨૫–૫–'૧૨)
૮૪. પૂર્વ આફ્રિકાના હિંદીઓ (૨૫–૫–'૧૨)
૮૫. જોહાનિસબર્ગનો પત્ર (૧–૬–'૧૨)
૮૬. શેતાનનું રાજ્ય (૮–૬–'૧૨)
૮૭. ગિરમીટિયાના દુ:ખની કહાણી (૧૫–૬–'૧૨)
૮૮. "પાછા જમીન પર જાઓ" (૧૫–૬–'૧૨)
૮૯. આપલસામીનો કિસ્સો (૨૯–૬–'૧૨)
૯૦. મિ. ભાયાત અને મિ. રિચ સામેનો કેસ (૬–૭–'૧૨)
૯૧. મિ. ભાયાતનો કેસ (૬–૭–'૧૨)
૯૨. જોહાનિસબર્ગનો પત્ર (૨૦–૭–'૧૨)
૯૩. દેશભક્તિનો કર (૨૦–૭–'૧૨)
૯૪. જોહાનિસબર્ગનો પત્ર (૨૭–૭–'૧૨)
૯૫. મિ. નાથલિયાનો કેસ (૨૭–૭–'૧૨)
૯૬. જોહાનિસબર્ગનો પત્ર (૩–૮–'૧૨)
૯૭. કાર્યસિદ્ધિ અને સાધનનો સંબંધ (૩–૮–'૧૨)
૯૮. હમદર્દ ઈસ્લામ યાને શિલિંગ ફંડ (૧૦–૮–'૧૨)
૯૯. મોતનો સપાટો? (૧૭–૮–'૧૨)
૧૦૦. તુર્કીની આફત (૧૭–૮–'૧૨)
૧૦૧. જોહાનિસબર્ગનો પત્ર (૨૪–૮–'૧૨)
૧૦૨. ૨૦ વરસ સુધીની એક ભૂલ (૨૪–૮–'૧૨)
૧૦૩. દાદાભાઈ જયંતી (૩૧–૮–'૧૨)
૧૦૪. ઈદ મુબારક (૭–૯–'૧૨)
૧૦૫. મરહૂમ મિ. જ્યૉર્જ વી. ગૉડફ્રે (૨૧–૯–'૧૨)
૧૦૬. અમારે વિષે વધારે (૨૧–૯–'૧૨)
૧૦૭. માદરી ભાષા (૨૮–૯–'૧૨)
૧૦૮. ખેતીના ધંધાની ઉત્તમતા (૨૮–૯–'૧૨)
૧૦૯. રેલવેના જનરલ મૅનેજર સાથેનો અગત્યનો પત્રવ્યવહાર (૫–૧૦–'૧૨)
૧૧૦. નાતાલમાં ઈમિગ્રેશનની હાડમારી (૫–૧૦–'૧૨)
૧૧૧. જોહાનિસબર્ગનો પત્ર (૧૨–૧૦–'૧૨)
૧૧૨. જર્મિસ્ટન લોકેશન (૧૨–૧૦–'૧૨)
૧૧૩. મિ. કઝિન્સની આપખુદી (૧૨–૧૦–'૧૨)
૧૧૪. જોહાનિસબર્ગ જેલના ગવર્નર સાથે ઑસોસિયેશનનો પત્રવહેવાર (૧૯–૧૦–'૧૨)
૧૧૫. બૉક્સબર્ગ લોકેશન (૧૯–૧૦–'૧૨)
૧૧૬. ભલે પધાર્યા (૧૯–૧૦–'૧૨)
૧૧૭. જોહાનિસબર્ગનો પત્ર (૨૬–૧૦–'૧૨)
૧૧૮. પા. ૩નો કર નાબૂદ કરવાનો અવસર (૨૬–૧૦–'૧૨)

Gandhi Heritage Portal

૧૧૯. જોહાનિસબર્ગ મ્યુનિસિપાલિટી (૨–૧૧–'૧૨)
૧૨૦. દુકાળ ફંડ (૨–૧૧–'૧૨)
૧૨૧. બેસતા વર્ષની મુબારકબાદી (૯–૧૧–'૧૨)
૧૨૨. નાતાલની મુલાકાતનો કાર્યક્રમ (૯–૧૧–'૧૨)
૧૨૩. નાતાલમાં લાઇસન્સનો જુલમ (૧૬–૧૧–'૧૨)
૧૨૪. વિદાયગીરી (૨૩–૧૧–'૧૨)
૧૨૫. ભાયાત કેસમાં જીત (૩૦–૧૧–'૧૨)
૧૨૬. સુકીના અપીલ (૩૦–૧૧–'૧૨)
૧૨૭. મૅરિત્સબર્ગના મેળાવડામાં ભાષણ (૩૦–૧૧–'૧૨)
૧૨૮. ખેદકારક સમાચાર (૧૪–૧૨–'૧૨)
૧૨૯. જર્મિસ્ટન લોકેશન (૧૪–૧૨–'૧૨)
૧૩૦. ટ્રાન્સવાલમાં રેલવેની તકલીફ (૨૧–૧૨–'૧૨)
૧૩૧. જનરલ બોથાનું રાજીનામું (૨૧–૧૨–'૧૨)
૧૩૨. ઇમિગ્રેશન કાયદો (૨૮–૧૨–'૧૨)
૧૩૩. દરજીઓનું દરદ (૨૮–૧૨–'૧૨)
૧૩૪. ગુજરાતીના અધિપતિ (૪–૧–'૧૩)
૧૩૫. વાંચનારની ફરજ (૪–૧–'૧૩)
૧૩૬. "સરકારની મહેરબાનીથી" (૪–૧–'૧૩)
૧૩૭. નવા વર્ષની ભેટ (૪–૧–'૧૩)
૧૩૮. ઓરતો પર હુમલો (૧૧–૧–'૧૩)
૧૩૯. સત્યાગ્રહીને ચેતવણી (૧૧–૧–'૧૩)
૧૪૦. મોટર વિ. ફેરીવાળા (૧૧–૧–'૧૩)
૧૪૧. બાલ્કનનો હુમલો (૧૧–૧–'૧૩)
૧૪૨. સુધારાની જાળ (૧૧–૧–'૧૩)
૧૪૩. માણસ કેટલી જમીનનો માલિક હોઈ શકે? (૧૧–૧–'૧૩), (૧૮–૧–'૧૩), (૨૫–૧–'૧૩), (૮–૨–'૧૩), (૧૫–૨–'૧૩), (૨૨–૨–'૧૩), (૧–૩–'૧૩)
૧૪૪. ઇમિગ્રેશનના જુલમનો ચેપ (૧૮–૧–'૧૩)
૧૪૫. મિસિસ આગજીનો કેસ (૧૮–૧–'૧૩)
૧૪૬. દ્વંદ્વયુદ્ધ (૧૮–૧–'૧૩)
૧૪૭. બાલ્કનનો હુમલા (૧૮–૧–'૧૩)
૧૪૮. મિ. ગોખલે શું કરશે? (૧૮–૧–'૧૩)
૧૪૯. ત્રણ પાઉંડનો કર (૨૫–૧–'૧૩)
૧૫૦. જનરલ હરઝોગ અને હિંદી (૨૫–૧–'૧૩)
૧૫૧. રંગદ્વેષથી મરણ (૨૫–૧–'૧૩)
૧૫૨. મિ. ભવાની દયાળનો કેસ (૧–૨–'૧૩)
૧૫૩. હિંદીને હથિયાર ન ઘટે (૮–૨–'૧૩)
૧૫૪. શું આપણે ડુક્કર છીએ? (૧૫–૨–'૧૩)

Gandhi Heritage Portal

G 9 8 0

૧૫૫. ઈમિગ્રેશનની રંજાડ (૧૫–૨–'૧૩)
૧૫૬. સત્યાગ્રહનાં ઊંડાં મૂળ (૧૫–૨–'૧૩)
૧૫૭. કાળની ગતિ (૨૨–૨–'૧૩)
૧૫૮. મોતનો અભય (૨૨–૨–'૧૩)
૧૫૯. અફીમની લડાઈ (૨૨–૨–'૧૩)
૧૬૦. રંગભેદ સામે યુનિયન પાર્લમેન્ટ (૧–૩–'૧૩,
૧૬૧. દેશ કેમ નિચોવાય છે (૧–૩–'૧૩)
૧૬૨. લૂંટ કોને કહીએ? (૮–૩–'૧૩)
૧૬૩. ગિરમીટ કરતાં જેલ ભલી (૮–૩–'૧૩)
૧૬૪. મિ. ગોખલેનો આપભોગ (૮–૩–'૧૩)
૧૬૫. વાચકવર્ગને (૧૫–૩–'૧૩)
૧૬૬. આપણી એબ (૧૫–૩–'૧૩)
૧૬૭. કથરોટ કૂંડાને શું હસે? (૧૫–૩–'૧૩)
૧૬૮. "અમર આશા" (૨૨–૩–'૧૩)
૧૬૯. આરોગ્યવર્ધક સભા (૨૨–૩–'૧૩)
૧૭૦. યુનિયન શાનું? (૨૨–૩–'૧૩)
૧૭૧. લૉર્ડ ઍમ્પટહીલની લડત (૨૨–૩–'૧૩)
૧૭૨. કતલ (૨૯–૩–'૧૩)
૧૭૩. હિંદમાં દુન્યવી શાસ્ત્રોનું જ્ઞાન (૨૯–૩–'૧૩)

REFERENCE BOOK

૨૮ JAN 19

Gandhi Heritage Portal

Gandhi Heritage Portal

ઋણસ્વીકાર

આ પુસ્તકની સામગ્રી માટે અમે સાબરમતી આશ્રમ સંરક્ષક તથા સ્મારક ટ્રસ્ટ અને સંગ્રહાલય, નવજીવન ટ્રસ્ટ, અમદાવાદ; ગાંધી સ્મારક નિધિ તથા સંગ્રહાલય, નવી દિલ્હી; ભારત સેવક સમાજ, પૂના; કૉલોનિયલ ઑફિસ પુસ્તકાલય તથા ઇન્ડિયા ઑફિસ પુસ્તકાલય, લંડન; શ્રી છગનલાલ ગાંધી, શ્રીમતી રાધાબહેન ચૌધરી, શ્રીમતી સુશીલાબહેન ગાંધી, શ્રી સી. કે. ભટ્ટ, શ્રી રેવાશંકર સોઢા, શ્રી નારણદાસ ગાંધી, મિ. યુજિન જોસફ પૉલ, મિ. એ. એચ. વેસ્ટ, ડૉ. કૂપન; તથા નીચેનાં પુસ્તકોના પ્રકાશકોના આભારી છીએ :

ગાંધીજીની સાધના અને શ્રીનિવાસ શાસ્ત્રીના પત્રો.

નીચેનાં વર્તમાનપત્રો તથા સામયિકોના પણ અમે આભારી છીએ :

કેપ ટાઇમ્સ, ધિ ડાયમન્ડ ફિલ્ડ્ઝ એડવર્ટાઇઝર, ગુજરાતી, ઇન્ડિયન ઓપીનિયન, રૅન્ડ ડેલી મેલ, ધિ સ્ટાર, ધિ ટાઇમ્સ ઑફ ઇન્ડિયા, ધિ ટ્રાન્સવાલ લીડર અને ઑન. મિ. જી. કે. ગોખલેઝ વિઝિટ ટુ સાઉથ આફ્રિકા, ૧૯૧૨.

સંશોધન અને સંદર્ભગ્રંથોની સગવડો માટે ઑલ ઇન્ડિયા કૉંગ્રેસ કમિટી પુસ્તકાલય, માહિતી અને પ્રસારણ મંત્રાલયના સંશોધન અને સંદર્ભ વિભાગ, નવી દિલ્હી; સાબરમતી સંગ્રહાલય અને ગૂજરાત વિદ્યાપીઠ ગ્રંથાલય, અમદાવાદ; અને ખ્વારેલાલ નય્યર, નવી દિલ્હી; અને દસ્તાવેજો તૈયાર કરવામાં સહાય કરવા માટે માહિતી અને પ્રસારણ મંત્રાલયનો ફોટોવિભાગ અમારા ધન્યવાદને પાત્ર છે.

Gandhi Heritage Portal

Gandhi Heritage Portal

અનુક્રમણિકા

	પ્રસ્તાવના	૫
	વાચકોને સૂચના	૧૧
	ઋણસ્વીકાર	૧૯
૧.	જોહાનિસબર્ગની ઑફિસને તાર (૧–૪–'૧૧)	૧
૧(૧).	નવા બિલના સુધારા અને તેનું પોકળ (૧–૪–'૧૧)	૧
૨.	મગનલાલ ગાંધીને લખેલા પત્રનો અંશ (૨–૪–'૧૧)	૨
૩.	જોહાનિસબર્ગની ઑફિસને તાર (૩–૪–'૧૧)	૩
૪.	જોહાનિસબર્ગની ઑફિસને તાર (૪–૪–'૧૧)	૪
૫.	એલ. ડબ્લ્યુ. રિચને પત્ર (૪–૪–'૧૧)	૪
૬.	જોહાનિસબર્ગની ઑફિસને તાર (૫–૪–'૧૧)	૫
૭.	મૉડ પોલાકને લખેલા પત્રનો અંશ (૫–૪–'૧૧)	૫
૮.	એલ. ડબ્લ્યુ. રિચને પત્ર (૫–૪–'૧૧)	૬
૯.	એલ. ડબ્લ્યુ. રિચને પત્ર (૫–૪–'૧૧)	૮
૧૦.	જોહાનિસબર્ગની ઑફિસને તાર (૬–૪–'૧૧)	૯
૧૧.	એલ. ડબ્લ્યુ. રિચને પત્ર (૬–૪–'૧૧)	૯
૧૨.	ઈ. એફ. સી. લેનને પત્ર (૭–૪–'૧૧)	૧૦
૧૩.	એલ. ડબલ્યુ. રિચને પત્ર (૭–૪–'૧૧)	૧૨
૧૪.	જોહાનિસબર્ગની ઑફિસને તાર (૭–૪–'૧૧)	૧૪
૧૫.	જોહાનિસબર્ગની ઑફિસને તાર (૭–૪–'૧૧)	૧૪
૧૬.	ઈ. એફ. સી. લેનને પત્ર (૮–૪–'૧૧)	૧૫
૧૬(૧).	સત્યાગ્રહનું બળ (૮–૪–'૧૧)	૧૬
૧૭.	એલ. ડબ્લ્યુ. રિચને પત્ર (૮–૪–'૧૧)	૧૭
૧૭(૧).	જોહાનિસબર્ગનો પત્ર (૮–૪–'૧૧)	૧૮
૧૭(૨).	વેપારીને નાબૂદ કરશે (૮–૪–'૧૧)	૧૯
૧૮.	જોહાનિસબર્ગની ઑફિસને તાર (૮–૪–'૧૧)	૧૯
૧૮(૧).	સ્વરાજ્યની ધૂન (૮–૪–'૧૧)	૨૦
૧૮(૨).	સત્યાગ્રહનું એક દૃષ્ટાંત (૮–૪–'૧૧)	૨૨
૧૯.	એલ. ડબ્લ્યુ. રિચને પત્ર (૯–૪–'૧૧)	૨૩
૨૦.	એલ. ડબ્લ્યુ. રિચને પત્ર (૧૦–૪–'૧૧)	૨૪
૨૧.	જોહાનિસબર્ગની ઑફિસને તાર (૧૦–૪–'૧૧)	૨૫
૨૨.	મગનલાલ ગાંધીને પત્ર (૧૦–૪–'૧૧)	૨૫
૨૩.	એલ. ડબ્લ્યુ. રિચને પત્ર (૧૧–૪–'૧૧)	૨૬
૨૪.	જોહાનિસબર્ગની ઑફિસને તાર (૧૧–૪–'૧૧)	૨૬

Gandhi Heritage Portal

૨૫. એલ. ડબ્લ્યુ. રિચને પત્ર (૧૨–૪–'૧૧) ૨૭
૨૬. જોહાનિસબર્ગની ઑફિસને તાર (૧૨–૪–'૧૧) ૨૮
૨૭. એલ. ડબ્લ્યુ. રિચને પત્ર (૧૩–૪–'૧૧) ૨૮
૨૮. એલ. ડબ્લ્યુ. રિચને પત્ર (૧૩–૪–'૧૧) ૨૯
૨૯. મિ. રિચ જોહાનિસબર્ગમાં (૧૫–૪–'૧૧) ૩૦
૩૦. જોહાનિસબર્ગની ઑફિસને તાર (૧૫–૪–'૧૧) ૩૦
૩૦(૧). જોહાનિસબર્ગનો પત્ર (૧૫–૪–'૧૧) ૩૧
૩૦(૨). હિંદી હાથી (૧૫–૪–'૧૧) ૩૪
૩૧. એચ. એસ. એલ. પોલાકને તાર (૧૫–૪–'૧૧) ૩૫
૩૧(૧). ડરબન મ્યુનિસિપાલિટીનું બિલ (૧૫–૪–'૧૧) ૩૫
૩૨. એલ. ડબ્લ્યુ. રિચને પત્ર (૧૫–૪–'૧૧) ૩૫
૩૨(૧). પૂર્વ આફ્રિકાના હિંદી (૧૫–૪–'૧૧) ૩૭
૩૨(૨). યુનિયન પાર્લમેન્ટમાં ઇમિગ્રેશનના કારોબાર પર ચર્ચા (૧૫–૪–'૧૧) ૩૯
૩૩. એલ. ડબ્લ્યુ. રિચને પત્ર (૧૭–૪–'૧૧) ૪૧
૩૪. એલ. ડબ્લ્યુ. રિચને પત્ર (૧૮–૪–'૧૧) ૪૨
૩૫. જોહાનિસબર્ગની ઑફિસને તાર (૧૯–૪–'૧૧) ૪૩
૩૬. જનરલ સ્મટ્સને પત્ર (૧૯–૪–'૧૧) ૪૩
૩૭. જનરલ સ્મટ્સની મુલાકાતનો સાર (૧૯–૪–'૧૧) ૪૫
૩૮. એલ. ડબ્લ્યુ. રિચને પત્ર (૨૦–૪–'૧૧) ૪૮
૩૯. બ્રિટિશ ઇન્ડિયન ઑસોસિયેશનને તાર (૨૦–૪–'૧૧) ૪૮
૪૦. એલ. ડબ્લ્યુ. રિચને પત્ર (૨૦–૪–'૧૧) ૪૯
૪૧. ઈ. એફ. સી. લેનને પત્ર (૨૦–૪–'૧૧) ૪૯
૪૨. એલ. ડબ્લ્યુ. રિચને પત્ર (૨૧–૪–'૧૧) ૫૦
૪૨(૧). જોહાનિસબર્ગનો પત્ર (૨૨–૪–'૧૧) ૫૧
૪૨(૨). હિંદીઓ અને ડરબનની કૉર્પોરેશન (૨૨–૪–'૧૧) ૫૨
૪૨(૩). પ્રોટેક્ટરની વર્તણૂક (૨૨–૪–'૧૧) ૫૩
૪૩. ઈ. એફ. સી. લેનને પત્ર (૨૨–૪–'૧૧) ૫૩
૪૩(૧). વેરુલમમાં વધુ પજવણી (૨૨–૪–'૧૧) ૫૫
૪૩(૨). 'સ્પૉટેડ ફીવર'નો ફરી દેખાવ (૨૨–૪–'૧૧) ૫૫
૪૪. કિમ્બર્લીમાં ભાષણ (૨૪–૪–'૧૧) ૫૭
૪૫. એચ. કેલનબૅકને તાર (૨૬–૪–'૧૧) ૫૯
૪૬. એચ. એસ. એલ. પોલાકને તાર (૨૬–૪–'૧૧) ૬૦
૪૭. અપ્પાસામી નાયકરને પત્ર (૨૮–૪–'૧૧) ૬૦
૪૮. સ્ટારને મુલાકાત (૨૮–૪–'૧૧) ૬૧
૪૮(૧). સમાધાની (૨૯–૪–'૧૧) ૬૩
૪૮(૨). જોહાનિસબર્ગનો પત્ર (૨૯–૪–'૧૧) ૬૩
૪૯. ઈ. એફ. સી. લેનને પત્ર (૨૯–૪–'૧૧) ૬૪

Gandhi Heritage Portal

૪૯(૧). 'સ્પૉટેડ ફીવર' સંબંધી (૨૯–૪–'૧૧) ૬૭
૪૯(૨). એક ગિરમીટિયાને પીડનારો માલિક (૨૯–૪–'૧૧) ૬૮
૫૦. સંસ્થાન મંત્રીને અરજી (૧–૫–'૧૧) ૬૮
૫૧. જોહાનિસબર્ગના મેળાવડામાં ભાષણ (૧–૫–'૧૧) ૭૩
૫૨. જોહાનિસબર્ગનો પત્ર (૨–૫–'૧૧) ૭૪
૫૩. ઈ. એફ. સી. લેનને પત્ર (૪–૫–'૧૧) ૭૬
૫૪. છોટાભાઈને પત્ર (૪–૫–'૧૧) ૭૭
૫૪(૧). ડરબનમાં એક લાઇસન્સ કેસ (૬–૫–'૧૧) ૭૮
૫૫. એચ. એસ. એલ. પોલાકને પત્ર (૮–૫–'૧૧) ૭૯
૫૬. ડૉ. પ્રાણજીવન મહેતાને પત્ર (૮–૫–'૧૧) ૮૧
૫૭. મગનલાલ ગાંધીને લખેલ પત્રનો અંશ (આશરે ૮–૫–'૧૧) ૮૪
૫૮. પ્રાંતિક પરિષદને તાર (૯–૫–'૧૧) ૮૫
૫૮(૧). જોહાનિસબર્ગનો પત્ર (૧૩–૫–'૧૧) ૮૫
૫૮(૨). ટ્રાન્સવાલની અરજી (૧૩–૫–'૧૧) ૮૬
૫૮(૩). મિ. પોલાકની વિદાયગીરી (૧૩–૫–'૧૧) ૮૬
૫૯. મિ. છોટાભાઈની ઉદારતા (૧૩–૫–'૧૧) ૮૭
૫૯(૧). લૉર્ડ ઍમ્પ્ટહીલની છબી (૧૩–૫–'૧૧) ૮૮
૬૦. નાતાલના હિંદીઓની વડી સરકારને અરજી (૧૫–૫–'૧૧) ૮૮
૬૧. મગનલાલ ગાંધીને પત્ર (૧૫–૫–'૧૧) ૯૨
૬૨. જનરલ સ્મટ્સના હંગામી ખાનગી મંત્રીને પત્ર (૧૮–૫–'૧૧) ૯૩
૬૩. મગનલાલ ગાંધીને પત્ર (૧૮–૫–'૧૧) ૯૪
૬૪. મગનલાલ ગાંધીને પત્ર (૧૮–૫–'૧૧ પછી) ૯૫
૬૫. ગૃહમંત્રીને પત્ર (૧૯–૫–'૧૧) ૯૬
૬૬. ગોપાળ કૃષ્ણ ગોખલેને પત્ર (૧૯–૫–'૧૧) ૯૭
૬૭. નૉક્સને પત્ર (૧૯–૫–'૧૧) ૯૯
૬૮. એક સારી વસ્તુ (૨૦–૫–'૧૧) ૯૯
૬૯. પરવાનાનું એક કલંક (૨૦–૫–'૧૧) ૧૦૦
૭૦. ગૃહમંત્રીને પત્ર (૨૦–૫–'૧૧) ૧૦૧
૭૦(૧). નાતાલનો લાઇસન્સનો કાયદો (૨૦–૫–'૧૧) ૧૦૨
૭૧. સૂચવાયેલા પ્રતિનિધિમંડળ માટેનું નિવેદન (૨૦–૫–'૧૧ પછી) ૧૦૩
૭૧(૧). ધર્મ અને કેળવણી (૨૦–૫–'૧૧) ૧૦૪
૭૨. સત્યાગ્રહીઓને સૂચના (૨૨–૫–'૧૧) ૧૦૪
૭૩. રૂટરને મુલાકાત (૨૩–૫–'૧૧) ૧૦૫
૭૪. એશિયાઈ રજિસ્ટ્રારને પત્ર (૨૬–૫–'૧૧) ૧૦૬
૭૫. સત્યાગ્રહીઓને (૨૭–૫–'૧૧) ૧૦૭
૭૬. સમાધાની (૨૭–૫–'૧૧) ૧૦૭
૭૭. સત્યાગ્રહીઓને (૨૭–૫–'૧૧) ૧૧૦

Gandhi Heritage Portal

૭૭(૧). જોહાનિસબર્ગનો પત્ર (૨૭–૫–'૧૧) ૧૧૦
૭૮. હરિલાલ ગાંધીને પત્ર (૨૭–૫–'૧૧) ૧૧૨
૭૯. જી. એ. નટેસનને પત્ર (૩૧–૫–'૧૧) ૧૧૩
૮૦. જી. એ. નટેસનને પત્ર (૨–૬–'૧૧) ૧૧૫
૮૧. ક્રૂગર્સડૉર્પના ચળવળિયા (૩–૬–'૧૧) ૧૧૫
૮૨. સત્યાગ્રહે શું કર્યું? (૩–૬–'૧૧) ૧૧૬
૮૩. સંક્ષિપ્ત રૂપો (૫–૬–'૧૧ પછી) ૧૨૧
૮૪. મગનલાલ ગાંધીને પત્ર (૯–૬–'૧૧ પહેલાં) ૧૨૨
૮૫. વિલિયમ હૉસ્કેનને માનપત્ર (૯–૬–'૧૧) ૧૨૨
૮૬. ઘેરાઈ ગયા (૧૦–૬–'૧૧) ૧૨૩
૮૭. શ્રી સોરાબજીનું સન્માન (૧૬–૬–'૧૧) ૧૨૪
૮૮. રાજ્યાભિષેક (૧૭–૬–'૧૧) ૧૨૫
૮૯. પ્રીતિભોજન (૧૭–૬–'૧૧) ૧૨૬
૯૦. મિ. હૉસ્કેનની છબી (૧૭–૬–'૧૧) ૧૨૭
૯૧. ગોપાળ કૃષ્ણ ગોખલેને પત્ર (૧૭–૬–'૧૧) ૧૨૮
૯૨. રાજ્યાભિષેક (૨૪–૬–'૧૧) ૧૨૮
૯૩. રાજ્યાભિષેક (૨૪–૬–'૧૧) ૧૨૯
૯૪. સત્યાગ્રહીને માન (૨૪–૬–'૧૧) ૧૩૧
૯૫. મિ. પોલાકનું કામ (૧–૭–'૧૧) ૧૩૧
૯૬. જોહાનિસબર્ગનો પત્ર (૧–૭–'૧૧) ૧૩૨
૯૭. ડૉ. પ્રાણજીવન મહેતાને લખેલા પત્રનો અંશ (૧–૭–'૧૧ પછી) ૧૩૨
૯૮. હરિલાલ ગાંધીને પત્ર (૩–૭–'૧૧) ૧૩૩
૯૯. ક્રૂગર્સડૉર્પનું બજાર (૮–૭–'૧૧) ૧૩૫
૧૦૦. હિંદી પત્નીઓ (૮–૭–'૧૧) ૧૩૬
૧૦૧. જોહાનિસબર્ગનો પત્ર (૮–૭–'૧૧) ૧૩૭
૧૦૨. મગનલાલ ગાંધીને પત્ર (૧૨–૭–'૧૧) ૧૩૯
૧૦૩. સંસ્થાનમાં જન્મેલા હિંદીઓને (૧૫–૭–'૧૧) ૧૩૯
૧૦૪. હિંદની દુર્દશા (૧૫–૭–'૧૧) ૧૪૦
૧૦૫. મગનલાલ ગાંધીને પત્ર (૧૭–૭–'૧૧) ૧૪૨
૧૦૬. હરિલાલ ગાંધીને પત્ર (૨૫–૭–'૧૧) ૧૪૪
૧૦૭. મગનલાલ ગાંધીને લખેલ પત્રનો અંશ (આશરે ૨૫–૭–'૧૧) ૧૪૫
૧૦૮. કૅલનબૅકને માનપત્ર (૩૧–૭–'૧૧) ૧૪૬
૧૦૯. છગનલાલ ગાંધીને પત્ર (૧–૮–'૧૧) ૧૪૭
૧૧૦. મિ. કૅલનબૅકને માનપત્ર (૫–૮–'૧૧) ૧૪૮
૧૧૧. મિ. કૅલનબૅક (૨૯–૭–'૧૧) ૧૫૦
૧૧૨. ઘાસણીનો રોગ અને ડરબન મ્યુનિસિપાલિટી (૨૯–૭–'૧૧) ૧૫૦
૧૧૩. એચ. એલ. પૉલને પત્ર (૭–૮–'૧૧) ૧૫૧
૧૧૪. ડૉ. પ્રાણજીવન મહેતાને પત્ર (૭–૮–'૧૧) ૧૫૨

Gandhi Heritage Portal

૧૧૫. ઘેરાતું વાદળ (૧૨–૮–'૧૧) ૧૫૩
૧૧૬. ગૃહમંત્રીને પત્ર (૧૨–૮–'૧૧) ૧૫૪
૧૧૭. છગનલાલ ગાંધીને પત્ર (૧૩–૮–'૧૧) ૧૫૫
૧૧૮. મિ. રિચને હિંદીઓનો ટેકો (૧૯–૮–'૧૧) ૧૫૫
૧૧૯. એક મહત્ત્વનો નિર્ણય (૧૯–૮–'૧૧) ૧૫૭
૧૨૦. શિક્ષણની બદનામી (૧૯–૮–'૧૧) ૧૫૮
૧૨૧. હિંદી જુવાનોની કેળવણી (૧૯–૮–'૧૧) ૧૫૯
૧૨૨. ડૉ. પ્રાણજીવન મહેતાને પત્ર (૨૦–૮–'૧૧) ૧૬૦
૧૨૩. એશિયાઈઓના રજિસ્ટ્રારને પત્ર (૨૧–૮–'૧૧) ૧૬૧
૧૨૪. છગનલાલ અને મગનલાલ ગાંધીને પત્ર (૨૩–૮–'૧૧) ૧૬૨
૧૨૫. ડૉ. પ્રાણજીવન મહેતાને પત્ર (૨૫–૮–'૧૧) ૧૬૩
૧૨૬. જમનાદાસ ગાંધીને પત્ર (૨૮–૮–'૧૧) ૧૬૫
૧૨૭. છગનલાલ ગાંધીને પત્ર (૨૯–૮–'૧૧) ૧૬૭
૧૨૮. મગનલાલ ગાંધીને પત્ર (૯–૯–'૧૧) ૧૬૮
૧૨૯. જર્મિસ્ટનના હિંદીને નોટિસો (૨૩–૯–'૧૧) ૧૭૦
૧૩૦. નાતાલમાં ઇમિગ્રેશનનો જુલમ (૨૩–૯–'૧૧) ૧૭૧
૧૩૧. ડૉ. પ્રાણજીવન મહેતાને પત્ર (૨૪–૯–'૧૧) ૧૭૨
૧૩૨. છગનલાલ ગાંધીને લખેલા પત્રનો એક અંશ (૨૮–૯–'૧૧ પહેલાં) ૧૭૩
૧૩૩. મિ. ગાંધીને નેશનલ કૉંગ્રેસના પ્રમુખ થવાનું આમંત્રણ (૩૦–૯–'૧૧) ૧૭૪
૧૩૪. પત્રનો એક અંશ (લગભગ ૨–૧૦–'૧૧) ૧૭૫
૧૩૫. સત્યાગ્રહની બલિહારી (૭–૧૦–'૧૧) ૧૭૫
૧૩૬. મૂરખરાજ અને તેના બે ભાઈઓ (૭–૧૦–'૧૧), (૧૪–૧૦–'૧૧), (૨૧–૧૦–'૧૧), (૨૮–૧૦–'૧૧), (૪–૧૧–'૧૧), (૧૧–૧૧–'૧૧) (૨૫–૧૧–'૧૧), (૨–૧૨–'૧૧), (૯–૧૨–'૧૧), (૧૬–૧૨–'૧૧) (૨૩–૧૨–'૧૧), (૩૦–૧૨–'૧૧) ૧૭૬
૧૩૭. હરિલાલ ગાંધીને લખેલા પત્રનો અંશ (૭–૧૦–'૧૧ની આસપાસ) ૧૯૬
૧૩૮. ડૉ. પ્રાણજીવન મહેતાને પત્ર (૧૦–૧૦–'૧૧) ૧૯૬
૧૩૯. એક અગત્યનો ઇમિગ્રેશન કેસ (૧૪–૧૦–'૧૧) ૧૯૮
૧૪૦. ડૉ. પ્રાણજીવન મહેતાને પત્ર (૨૨–૧૦–'૧૧) ૨૦૦
૧૪૧. જોહાનિસબર્ગમાં દિવાળી મહોત્સવ (૨૩–૧૦–'૧૧) ૨૦૨
૧૪૨. ગોપાળ કૃષ્ણ ગોખલેને પત્ર (૨૪–૧૦–'૧૧) ૨૦૩
૧૪૩. મિ. અને મિસિસ પોલાક (૨૮–૧૦–'૧૧) ૨૦૪
૧૪૪. હિંદની બાઈઓની મદદ (૨૮–૧૦–'૧૧) ૨૦૪
૧૪૫. સત્યાગ્રહનો જય (૨૮–૧૦–'૧૧) ૨૦૫
૧૪૬. ગોપાળ કૃષ્ણ ગોખલેને પત્ર (૩૦–૧૦–'૧૧) ૨૦૬
૧૪૭. ત્રણ પાઉન્ડનો કર (૧૧–૧૧–'૧૧) ૨૦૯
૧૪૮. દેશમાં દુકાળ (૧૧–૧૧–'૧૧) ૨૧૨

Gandhi Heritage Portal

૧૪૯. ડૉ. પ્રાણજીવન મહેતાને પત્ર (૧૧–૧૧–'૧૧) ૨૧૩
૧૫૦. જોહાનિસબર્ગમાં ઓરતોના કામનું બજાર (૧૫–૧૧–'૧૧) ૨૧૪
૧૫૧. ડૉ. પ્રાણજીવન મહેતાને પત્ર (૧૭–૧૧–'૧૧) ૨૧૫
૧૫૨. વિશ્વાસઘાત (૧૮–૧૧–'૧૧) ૨૧૬
૧૫૩. એ. એચ. વેસ્ટને પત્ર (૨૪–૧૧–'૧૧) ૨૧૭
૧૫૪. કમનસીબ જવાબ (૨૫–૧૧–'૧૧) ૨૧૭
૧૫૫. મણિલાલ ગાંધીને પત્ર (૨૭–૧૧–'૧૧) ૨૧૮
૧૫૬. પત્રનો અંશ (૨૭–૧૧–'૧૧ પછી) ૨૧૯
૧૫૭. એ. એચ. વેસ્ટને પત્ર (૨૮–૧૧–'૧૧) ૨૨૦
૧૫૮. રાવજીભાઈ પટેલને પત્ર (૨૯–૧૧–'૧૧) ૨૨૧
૧૫૯. પૂર્વના સુધારા પર હલ્લો (૨–૧૨–'૧૧) ૨૨૨
૧૬૦. ઈ. એફ. સી. લેનને પત્ર (૭–૧૨–'૧૧) ૨૨૩
૧૬૧. ગોપાળ કૃષ્ણ ગોખલેને પત્ર (૮–૧૨–'૧૧) ૨૨૪
૧૬૨. મિશ્ર શાળાઓ અને નૈતિકતા (૯–૧૨–'૧૧) ૨૨૫
૧૬૩. દેશમાં દુકાળ (૯–૧૨–'૧૧) ૨૨૬
૧૬૪. છગનલાલ ગાંધીને પત્ર (૯–૧૨–'૧૧) ૨૨૭
૧૬૫. અન્યાયી કર (૧૨–૧૨–'૧૧) ૨૨૮
૧૬૬. ગૃહમંત્રીના ખાનગી મંત્રીને તાર (૨૧–૧૨–'૧૧) ૨૨૯
૧૬૭. સામ્રાજ્ય સરકાર પાસે શી આશા રાખવી? (૨૩–૧૨–'૧૧) ૨૩૦
૧૬૮. નાથલિયાનો કેસ (૩૦–૧૨–'૧૧) ૨૩૧
૧૬૯. નવું વરસ (૩૦–૧૨–'૧૧) ૨૩૩
૧૭૦. દુકાળ (૬–૧–'૧૨) ૨૩૫
૧૭૧. મિ. પોલાક રાષ્ટ્રીય મહાસભામાં (૬–૧–'૧૨) ૨૩૫
૧૭૨. ખુશખબર (૬–૧–'૧૨) ૨૩૬
૧૭૩. ગોપાળ કૃષ્ણ ગોખલેને પત્ર (૧૨–૧–'૧૨) ૨૩૬
૧૭૪. જોહાનિસબર્ગમાં શીતળા (૧૩–૧–'૧૨) ૨૩૭
૧૭૫. ઇવનિંગ ક્રૉનિકલને ઇન્ટરવ્યૂ (૧૫–૧–'૧૨) ૨૩૮
૧૭૬. પ્લેગ (૨૦–૧–'૧૨) ૨૪૦
૧૭૭. જોહાનિસબર્ગમાં શીતળા (૨૦–૧–'૧૨) ૨૪૦
૧૭૮. ઈ. એફ. સી. લેનને પત્ર (૨૯–૧–'૧૨) ૨૪૧
૧૭૯. ગૃહમંત્રીના ખાનગી મંત્રીને તાર (૩૦–૧–'૧૨) ૨૪૩
૧૮૦. ગૃહમંત્રીના ખાનગી મંત્રીને તાર (૧–૨–'૧૨) ૨૪૪
૧૮૧. એક નોંધ (૨–૨–૧૨ કે તે પછી) ૨૪૫
૧૮૨. નવું ઇમિગ્રેશન બિલ (૩–૨–'૧૨) ૨૪૫
૧૮૩. મરહૂમ મિ. અબદુલ્લા હાજી આદમ ઝવેરી (૩–૨–'૧૨) ૨૪૬
૧૮૪. નવું ઇમિગ્રેશન બિલ (૩–૨–'૧૨) ૨૪૭
૧૮૫. બ્રિટિશ ઇન્ડિયન યુનિયનને તાર (૩–૨–'૧૨) ૨૫૦

Gandhi Heritage Portal

૧૮૬. રાવજીભાઈ પટેલને પત્ર (૪–૨–'૧૨) ૨૫૧
૧૮૭. કેપ બ્રિટિશ ઇન્ડિયન યુનિયનની મીટિંગના ઠરાવો (૪–૨–'૧૨) ૨૫૨
૧૮૮. ગૃહમંત્રીને તાર (૬–૨–'૧૨) ૨૫૩
૧૮૯. ગૃહમંત્રીના ખાનગી મંત્રીને તાર (૭–૨–'૧૨) ૨૫૩
૧૯૦. ગૃહમંત્રીને તાર (૮–૨–'૧૨) ૨૫૪
૧૯૧. ઇમિગ્રેશન બિલ (૧૦–૨–'૧૨) ૨૫૪
૧૯૨. દુકાળ ફંડનો પહેલો હપતો (૯–૨–'૧૨) ૨૫૫
૧૯૩. ઈ. એફ. સી. લેનને પત્ર (૧૫–૨–'૧૨) ૨૫૬
૧૯૪. આર. ગ્રેગોરોસ્કીને પત્ર (૧૫–૨–'૧૨) ૨૫૭
૧૯૫. ત્રણ પાઉન્ડનો કર (૧૭–૨–'૧૨) ૨૫૯
૧૯૬. ચંચળબહેન ગાંધીને પત્ર (૧૮–૨–'૧૨) ૨૬૧
૧૯૭. હરિલાલ ગાંધીને લખેલા પત્રનો અંશ (૧૮–૨–'૧૨) ૨૬૨
૧૯૮. આર. ગ્રેગોરોસ્કીને પત્ર (૨૦–૨–'૧૨) ૨૬૩
૧૯૯. એશિયાઈ રજિસ્ટ્રારને તાર (૨૧–૨–'૧૨ પહેલાં) ૨૬૪
૨૦૦. ઈ. એફ. સી. લેનને પત્ર (૨૪–૨–'૧૨) ૨૬૪
૨૦૧. મિ. નાથલિયાનો કેસ (૧૦–૩–'૧૨) ૨૬૫
૨૦૨. મિસિસ જસાતનો કેસ (૯–૩–'૧૨) ૨૬૬
૨૦૩. વિદાયસભામાં ભાષણ (૯–૩–'૧૨) ૨૬૮
૨૦૪. ડૉ. પ્રાણજીવન મહેતાને પત્ર (૧૧–૩–'૧૨) ૨૬૮
૨૦૫. ગિરમીટની બંધી અંગે ઠરાવ (૧૬–૩–'૧૨) ૨૬૯
૨૦૬. મિ. રત્નમ્ પત્તર (૧૬–૩–'૧૨) ૨૭૦
૨૦૭. ગૃહમંત્રીને તાર (૨૦–૩–'૧૨) ૨૭૧
૨૦૮. છગનલાલ ગાંધીને પત્ર (૨૪–૩–'૧૨) ૨૭૧
૨૦૯. મિ. રતન તાતાને જાહેર પત્ર (૧–૪–'૧૨) ૨૭૨
૨૧૦. ઈ. એફ. સી. લેનને પત્ર (૪–૪–'૧૨) ૨૭૭
૨૧૧. લોકેશનો અને રોગ (૬–૪–'૧૨) ૨૭૭
૨૧૨. મણિલાલ ગાંધીને પત્ર (૬–૪–'૧૨) ૨૭૯
૨૧૩. ઈ. એફ. સી. લેનને પત્ર (૧૧–૪–'૧૨) ૨૮૦
૨૧૪. મણિલાલ ગાંધીને પત્ર (૧૩–૪–'૧૨) ૨૮૧
૨૧૫. છગનલાલ ગાંધીને પત્ર (૨૪–૪–૧૨) ૨૮૨
૨૧૬. મગનલાલ ગાંધીને પત્ર (૨૪–૪–'૧૨) ૨૮૨
૨૧૭. સ્પૉર્ટિંગ સ્ટારને પત્ર (૪–૫–'૧૨) ૨૮૩
૨૧૮. ટ્રાન્સવાલમાં ઓરતોની અટકાયત (૧૧–૫–'૧૨) ૨૮૪
૨૧૯. જોહાનિસબર્ગની નિશાળ (૧૮–૫–'૧૨) ૨૮૫
૨૨૦. ઈ. એફ. સી. લેનને પત્ર (૨૧–૫–'૧૨) ૨૮૬
૨૨૧. નાતાલમાં કેળવણી (૨૫–૫–'૧૨) ૨૮૬
૨૨૨. ઈ. એફ. સી. લેનને પત્ર (૩૧–૫–'૧૨) ૨૮૭

Gandhi Heritage Portal

૨૨૩. એક ગિરમીટિયા ઓરતની કહાણી (૧–૬–'૧૨) ૨૮૮
૨૨૪. ગિરમીટિયા હિંદીઓનું આરોગ્ય (૨૨–૬–'૧૨) ૨૮૯
૨૨૫. મિસિસ વોગલની બીજી બજાર (૨૨–૬–'૧૨) ૨૯૦
૨૨૬. ગૃહમંત્રીને તાર (૨૫–૬–'૧૨) ૨૯૧
૨૨૭. સાઉથ આફ્રિકા બ્રિટિશ હિંદી કમિટીને તાર (૨૬–૬–'૧૨) ૨૯૨
૨૨૮. લૉર્ડ ઍમ્પ્ટહીલની કમિટી (૨૯–૬–'૧૨) ૨૯૨
૨૨૯. હાજીઓના માનમાં થયેલા મેળાવડાઓ (૨૯–૬–'૧૨) ૨૯૩
૨૩૦. મિ. દાઉદ મહમદ (૬–૭–'૧૨) ૨૯૫
૨૩૧. મિ. ઈ. એફ. સી. લેનને પત્ર (૬–૭–'૧૨) ૨૯૫
૨૩૨. હિંદી કોમ પર આરોપ (૧૩–૭–'૧૨) ૨૯૬
૨૩૩. ઓરતોનું અપમાન (૧૩–૭–'૧૨) ૨૯૮
૨૩૪. ન્યાય સંબંધી એક જરૂરિયાત (૨૦–૭–'૧૨) ૩૦૦
૨૩૫. નાતાલનાં ડોમિસાઈલ સર્ટિફિકેટ (૧૩–૭–'૧૨) ૩૦૧
૨૩૬. ગૃહમંત્રીને પત્ર (૧૭–૭–'૧૨) ૩૦૧
૨૩૭. નાતાલમાં ઇમિગ્રેશનની હાડમારી (૨૦–૭–'૧૨) ૩૦૨
૨૩૮. ડૉ. મ્યુરિસનનો પત્ર (૨૦–૭–'૧૨) ૩૦૩
૨૩૯. દાક્તર મ્યુરિસનનું તહોમત (૨૦–૭–'૧૨) ૩૦૪
૨૪૦. એશિયાટિક રજિસ્ટ્રારને પત્ર (૨૨–૭–'૧૨) ૩૦૫
૨૪૧. ગૃહમંત્રીને પત્ર (૨૨–૭–'૧૨) ૩૦૬
૨૪૨. ગૃહમંત્રીને પત્ર (૨૨–૭–'૧૨) ૩૦૬
૨૪૩. સમાધાની લંબાઈ (૨૭–૭–'૧૨) ૩૦૭
૨૪૪. જર્મિસ્ટનના હિંદી (૨૭–૭–'૧૨) ૩૦૮
૨૪૫. મિ. ભાયાતનો કેસ (૨૭–૭–'૧૨) ૩૦૯
૨૪૬. મનસુખને પત્ર (૨૭–૭–'૧૨) ૩૧૧
૨૪૭. ગોપાળ કૃષ્ણ ગોખલેને પત્ર (૨૮–૭–'૧૨) ૩૧૨
૨૪૮. એશિયાટિકોના રજિસ્ટ્રારને પત્ર (૨૯–૭–'૧૨) ૩૧૨
૨૪૯. ચેટિયારને માન આપવાના મેળાવડામાં ભાષણ (૧–૮–'૧૨) ૩૧૩
૨૫૦. જર્મિસ્ટનના લોકેશનની ચર્ચા (૩–૮–'૧૨) ૩૧૩
૨૫૧. ગૃહમંત્રીના સેક્રેટરીને પત્ર (૩–૮–'૧૨) ૩૧૪
૨૫૨. બલીબહેન વોરા અને ચંચળબહેન ગાંધીને લખેલા પત્રનો અંશ (૩–૮–'૧૨ પછી) ૩૧૫
૨૫૩. ગોપાળ કૃષ્ણ ગોખલેને પત્ર (૪–૮–'૧૨) ૩૧૬
૨૫૪. મિ. તાતાની સખાવત (૧૦–૮–'૧૨) ૩૧૮
૨૫૫. શેરિફની મીટિંગ (૧૦–૮–'૧૨) ૩૧૮
૨૫૬. રદ થયેલાં નિયમનો (૧૦–૮–'૧૨) ૩૧૯
૨૫૭. ઑન. મિ. ગોખલે (૧૦–૮–'૧૨) ૩૧૯
૨૫૮. છગનલાલ ગાંધીને પત્ર (૧૬–૮–'૧૨) ૩૨૦

Gandhi Heritage Portal

૨૫૯. જોહાનિસબર્ગમાં શીતળાનો ઉપદ્રવ (૧૭–૮–'૧૨) ૩૨૨
૨૬૦. જોહાનિસબર્ગમાં શીતળા (૧૭–૮–'૧૨) ૩૨૨
૨૬૧. એશિયાઈ રજિસ્ટ્રારને પત્ર (૧૯–૮–'૧૨) ૩૨૩
૨૬૨. ટ્રાન્સવાલ લીડરને મુલાકાત (૨૨–૮–'૧૨) ૩૨૪
૨૬૩. એક ઉજ્જ્વળ કારકિર્દી (૨૪–૮–'૧૨) ૩૨૫
૨૬૪. ઑન. મિ. ગોખલેને માન આપવા અંગેની મીટિંગમાં ભાષણ (૨૫–૮–'૧૨) ૩૨૮
૨૬૫. ફેડરેશન હૉલ સંબંધે ભાષણ (૨૫–૮–'૧૨) ૩૨૯
૨૬૬. હરિલાલ ગાંધીને પત્ર (૨૯–૮–'૧૨) ૩૩૦
૨૬૭. મિ. હુમનું અવસાન (૩૧–૮–'૧૨) ૩૩૦
૨૬૮. ટ્રાન્સવાલમાં રેલવેની મુસાફરી (૩૧–૮–'૧૨) ૩૩૧
૨૬૯. એક "ચોખ્ખી હાડમારી" (૩૧–૮–'૧૨) ૩૩૨
૨૭૦. હરિલાલ ગાંધીને પત્ર (૫–૯–'૧૨) ૩૩૩
૨૭૧. મિ. અને મિસિસ પોલાક (૭–૯–'૧૨) ૩૩૪
૨૭૨. નામદાર આગાખાન (૭–૯–'૧૨) ૩૩૫
૨૭૩. અંધ હુમલો! (૭–૯–'૧૨) ૩૩૬
૨૭૪. ફિનિક્સનું ટ્રસ્ટ ડીડ (૧૪–૯–'૧૨) ૩૩૭
૨૭૫. અમે પોતે (૧૪–૯–'૧૨) ૩૪૧
૨૭૬. જોહાનિસબર્ગમાં નિશાળની હિલચાલ (૧૪–૯–'૧૨) ૩૪૨
૨૭૭. સરકારી અમલદારોનું વધુ ગેરકાયદે વર્તન (૧૪–૯–'૧૨) ૩૪૩
૨૭૮. અમારે વિષે (૧૪–૯–'૧૨) ૩૪૪
૨૭૯. મુસલમાન પત્નીઓ (૨૧–૯–'૧૨) ૩૪૫
૨૮૦. ઇમિગ્રેશન અધિકારીઓને ફરીથી ઠપકો મળ્યો (૫–૧૦–'૧૨) ૩૪૬
૨૮૧. માનનીય મિ. ગોખલેની મુલાકાત (૫–૧૦–'૧૨) ૩૪૭
૨૮૨. હરિલાલ ગાંધીને પત્ર (૧૬–૧૦–'૧૨) ૩૪૮
૨૮૩. મિ. ગોખલેની મુલાકાત (૧૯–૧૦–'૧૨) ૩૪૯
૨૮૪. કેપ આર્ગસને મુલાકાત (૨૨–૧૦–'૧૨) ૩૫૦
૨૮૫. કેપટાઉનના સ્વાગત વખતે ભાષણ (૨૨–૧૦–'૧૨) ૩૫૧
૨૮૬. કિમ્બર્લીની સભામાં ભાષણ (૨૫–૧૦–'૧૨) ૩૫૨
૨૮૭. કિમ્બર્લી બૅંકવેટમાં ભાષણ (૨૬–૧૦–'૧૨) ૩૫૩
૨૮૮. બ્રિ. ઇ. ઑસોસિયેશનનું માનપત્ર (૨૮–૧૦–'૧૨) ૩૫૫
૨૮૯. હિંદુ કોમ તરફનું માનપત્ર (૨૮–૧૦–'૧૨) ૩૫૬
૨૯૦. ટ્રાન્સવાલ લીડરને મુલાકાત (૩૦–૧૦–'૧૨) ૩૫૭
૨૯૧. જોહાનિસબર્ગમાં ગોખલેના માનમાં યોજાયેલા
ભોજન-સમારંભમાં ભાષણ (૩૧–૧૦–'૧૨) ૩૫૮
૨૯૨. વી. એસ. શ્રીનિવાસ શાસ્ત્રીને પત્ર (૩–૧૧–'૧૨) ૩૫૯
૨૯૩. મૉરિત્સબર્ગમાં ગોખલેના માનમાં યોજાયેલા
સત્કાર-સમારંભમાં ભાષણ (૭–૧૧–'૧૨) ૩૬૦

Gandhi Heritage Portal

૨૯૪. મૉરિત્સબર્ગમાં ગોખલેના માનમાં યોજાયેલા
ભોજન-સમારંભમાં ભાષણ (૮–૧૧–'૧૨) ૩૬૧
૨૯૫. ડરબનના સ્વાગત-પ્રસંગે ભાષણ (૮–૧૧–'૧૨) ૩૬૧
૨૯૬. ગોખલેના માનમાં અપાયેલા ડરબનના ખાણામાં ભાષણ (૧૧–૧૧–'૧૨) ૩૬૨
૨૯૭. પ્રિટોરિયામાં ગોખલેના સત્કાર-સમારંભમાં ભાષણ (૧૪–૧૧–'૧૨) ૩૬૨
૨૯૮. મગનલાલ ગાંધીને પત્ર (૧૭–૧૧–'૧૨ની આસપાસ) ૩૬૩
૨૯૯. જમનાદાસ ગાંધીને પત્ર (૧૭–૧૧–'૧૨) ૩૬૪
૩૦૦. લૉરેન્સો માર્કમાં ગોખલેના માનમાં યોજાયેલા
ભોજન-સમારંભમાં ભાષણ (૧૮–૧૧–'૧૨) ૩૬૪
૩૦૧. એક તાર (૧૯–૧૧–'૧૨ અથવા તે પછી) ૩૬૫
૩૦૨. ગોપાળ કૃષ્ણ ગોખલેને પત્ર (૪–૧૨–'૧૨) ૩૬૫
૩૦૩. જોહાનિસબર્ગમાં હિંદી કેળવણી (૭–૧૨–'૧૨) ૩૬૬
૩૦૪. જમનાદાસ ગાંધીને પત્ર (૧૮–૧૨–'૧૨) ૩૬૮
૩૦૫. મિ. ગોખલેનું દેશ પહોંચવું (૨૧–૧૨–'૧૨) ૩૭૦
૩૦૬. મિ. ગાંધીની "નજરકેદ" (૨૩–૧૨–'૧૨) ૩૭૧
૩૦૭. લૉર્ડ હાર્ડિંગ ઉપર ઘાત (૨૮–૧૨–'૧૨) ૩૭૪
૩૦૮. ગોપાળ કૃષ્ણ ગોખલેને પત્ર (૨૮–૧૨–'૧૨) ૩૭૬
૩૦૯. ડાયરી, ૧૯૧૨ ૩૭૭
૩૧૦. શ્રી ગોખલે રાષ્ટ્રીય મહાસભામાં (૪–૧–'૧૩) ૪૩૦
૩૧૧. ઇન્ડિયન ઓપીનિયનના વાચકવર્ગને (૪–૧–'૧૩) ૪૩૨
૩૧૨. હિંદુસ્તાની બાદશાહી કાફલો (૪–૧–'૧૩) ૪૩૨
૩૧૩. મિ. ગોખલેનું હિંદમાં ભાષણ (૪–૧–'૧૩) ૪૩૩
૩૧૪. ડેકના ઉતારુઓ (૪–૧–'૧૩) ૪૩૪
૩૧૫. આરોગ્ય વિષે સામાન્ય જ્ઞાન [–૧] (૪–૧–'૧૩) ૪૩૬
૩૧૬. મણિલાલ ઈચ્છારામ દેસાઈને પત્ર (૯–૧–'૧૩ કે તેના પછી) ૪૩૮
૩૧૭. "મહેરબાની" (૧૧–૧–'૧૩) ૪૩૯
૩૧૮. આરોગ્ય વિષે સામાન્ય જ્ઞાન [–૨] (૧૧–૧–'૧૩) ૪૪૧
૩૧૯. મણિલાલ ગાંધીને પત્ર (૧૮–૧–'૧૩ પહેલાં) ૪૪૩
૩૨૦. શું સત્યાગ્રહ કરવો પડશે? (૧૮–૧–'૧૩) ૪૪૪
૩૨૧. ગિરમીટ પ્રથા (૧૮–૧–'૧૩) ૪૪૪
૩૨૨. રંગદ્વેષ (૧૮–૧–'૧૩) ૪૪૫
૩૨૩. ઇંગ્લંડનો સૌથી મોટો ગ્રાહક (૧૮–૧–'૧૩) ૪૪૫
૩૨૪. લૉર્ડ ઑમ્પ્ટહીલની કમિટી (૧૮–૧–'૧૩) ૪૪૬
૩૨૫. માબાપોની ફરજ (૧૮–૧–'૧૩) ૪૪૭
૩૨૬. આરોગ્ય વિષે સામાન્ય જ્ઞાન [–૩] (૧૮–૧–'૧૩) ૪૪૭
૩૨૭. મોડે મોડે (૨૫–૧–'૧૩) ૪૪૯
૩૨૮. પરવાના આપવાનો સવાલ (૨૫–૧–'૧૩) ૪૪૯

Gandhi Heritage Portal

૩૨૯. મિસિસ વોગલની બજાર (૨૫–૧–'૧૩) ૪૫૦
૩૩૦. આપણી બેદરકારી (૨૫–૧–'૧૩) ૪૫૧
૩૩૧. "શું દેશનો ઉદય એમ કરી શકાશે?" (૨૫–૧–'૧૩) ૪૫૧
૩૩૨. આરોગ્ય વિષે સામાન્ય જ્ઞાન [–૪] (૨૫–૧–'૧૩) ૪૫૨
૩૩૩. હરિલાલ ગાંધીને પત્ર (૨૬–૧–'૧૩) ૪૫૪
૩૩૪. એક સુધારો (૧–૨–'૧૩) ૪૫૫
૩૩૫. જનરલ હરઝોગની પદ્ધતિ (૧–૨–'૧૩) ૪૫૬
૩૩૬. જર્મિસ્ટનના હિંદી (૧–૨–'૧૩) ૪૫૭
૩૩૭. આરોગ્ય વિષે સામાન્ય જ્ઞાન [–૫] (૧–૨–'૧૩) ૪૫૭
૩૩૮. બે ઇમિગ્રેશન કેસ (૮–૨–'૧૩) ૪૫૯
૩૩૯. કૉંગ્રેસમાં આપણો સવાલ (૮–૨–'૧૩) ૪૬૦
૩૪૦. મિ. ગોખલેની મહેનતનું ફળ (૮–૨–'૧૩) ૪૬૧
૩૪૧. આરોગ્ય વિષે સામાન્ય જ્ઞાન [–૬] (૮–૨–'૧૩) ૪૬૨
૩૪૨. ગોપાળ કૃષ્ણ ગોખલેને પત્ર (૧૪–૨–'૧૩) ૪૬૩
૩૪૩. શ્રી ગોખલેનાં હિંદમાંનાં ભાષણો (૧૫–૨–'૧૩) ૪૬૫
૩૪૪. કેવી સરસ સૂચના! (૧૫–૨–'૧૩) ૪૬૬
૩૪૫. આરોગ્ય વિષે સામાન્ય જ્ઞાન [–૭] (૧૫–૨–'૧૩) ૪૬૬
૩૪૬. મિ. ગોખલે દેશમાં (૨૨–૨–'૧૩) ૪૬૯
૩૪૭. આરોગ્ય વિષે સામાન્ય જ્ઞાન [–૮] (૨૨–૨–'૧૩) ૪૭૦
૩૪૮. એચ. એલ. પૉલને પત્ર (૨૫–૨–'૧૩) ૪૭૩
૩૪૯. જોહાનિસબર્ગની નિશાળ (૧–૩–'૧૩) ૪૭૩
૩૫૦. આરોગ્ય વિષે સામાન્ય જ્ઞાન [–૯] (૧–૩–'૧૩) ૪૭૪
૩૫૧. ગૃહમંત્રીને પત્ર (૪–૩–'૧૩) ૪૭૭
૩૫૨. હાજી દાઉદ મહમદ ભલે પધાર્યા (૮–૩–'૧૩) ૪૭૮
૩૫૩. મિ. ગોગાનો કેસ (૮–૩–'૧૩) ૪૭૯
૩૫૪. મિ. ભવાનીદયાલનો કેસ (૮–૩–'૧૩) ૪૭૯
૩૫૫. આરોગ્ય વિષે સામાન્ય જ્ઞાન [–૧૦] (૮–૩–'૧૩) ૪૮૦
૩૫૬. હરિલાલ ગાંધીને પત્ર (૧૪–૩–'૧૩) ૪૮૩
૩૫૭. જમનાદાસ ગાંધીને પત્ર (૧૪–૩–'૧૩) ૪૮૫
૩૫૮. એક જાહેર દાખલો (૧૫–૩–'૧૩) ૪૮૭
૩૫૯. ઇંગ્રેજી નૌકાસેના (૧૫–૩–'૧૩) ૪૮૭
૩૬૦. જનરલ બોથાની સૂચના (૧૫–૩–'૧૩) ૪૮૮
૩૬૧. ટ્રાન્સવાલ જવાનો હક કોને છે? (૧૫–૩–'૧૩) ૪૮૯
૩૬૨. આરોગ્ય વિષે સામાન્ય જ્ઞાન [–૧૧] (૧૫–૩–'૧૩) ૪૯૦
૩૬૩. લૉર્ડ ઍમ્પ્ટહીલે કરેલી આપણા પક્ષની હિમાયત (૨૨–૩–'૧૩) ૪૯૩
૩૬૪. હિંદુઓ અને મુસલમાનો સાવધાન! (૨૨–૩–'૧૩) ૪૯૪
૩૬૫. હિંદી ધર્મો પર હુમલો (૨૨–૩–'૧૩) ૪૯૫

Gandhi Heritage Portal

૩૬૬. સરકારનું વલણ (૨૨–૩–'૧૩) ૪૯૬
૩૬૭. ઉમરાવની સભામાં આપણા સવાલ (૨૨–૩–'૧૩) ૪૯૬
૩૬૮. મલે લોકેશનનો ઝઘડો (૨૨–૩–'૧૩) ૪૯૭
૩૬૯. ગ્રીડીઑર્ધનો કેસ (૨૨–૩–'૧૩) ૪૯૭
૩૭૦. આરોગ્ય વિષે સામાન્ય જ્ઞાન [–૧૨] (૨૨–૩–'૧૩) ૪૯૮
૩૭૧. ગૃહમંત્રીના ખાનગી મંત્રીને પત્ર (૨૪–૩–'૧૩) ૫૦૦
૩૭૨. લગ્નનો સવાલ (૨૯–૩–'૧૩) ૫૦૧
૩૭૩. હિંદી શાદી (૨૯–૩–'૧૩) ૫૦૨
૩૭૪. એસ્ટકોર્ટમાં લાઇસન્સનો કેસ (૨૯–૩–'૧૩) ૫૦૨
૩૭૫. સીરિયન એશિયાટિક ગણાય? (૨૯–૩–'૧૩) ૫૦૩
૩૭૬. આરોગ્ય વિષે સામાન્ય જ્ઞાન [–૧૩] (૨૯–૩–'૧૩) ૫૦૩
૩૭૭. જમનાદાસ ગાંધીને પત્ર (૨૯–૩–'૧૩) ૫૦૭

પરિશિષ્ટો

૧. ગાંધીજી ઉપરનો લેનનો પત્ર ૫૧૦
૨. મિ. લેનનો ગાંધીજીને પત્ર ૫૧૦
૩. સંઘ સરકારે પ્રવાસી પ્રતિબંધક બિલ (૧૯૧૧) પડતું મૂકયું તેનાં કારણો ૫૧૧
૪. મિ. લેનનો ગાંધીજીને પત્ર ૫૧૪
૫. સ્મટ્સના કામચલાઉ સેક્રેટરી મિ. ગૉજિસનો પત્ર ૫૧૫
૬. સ્મટ્સનો ગાંધીજી ઉપરનો તાર ૫૧૬
૭. ક. ટ્રાન્સવાલની સ્થાનિક સરકારના ઑર્ડિનન્સનો ખરડો, ૧૯૧૧ ૫૧૭
ખ. ટ્રાન્સવાલ પ્રોવિન્શિયલ કાઉન્સિલને બ્રિ. ઈ. એ.ની અરજી ૫૨૦
૮. દક્ષિણ આફ્રિકા બ્રિટિશ હિંદી સમિતિનો કૉલોનિયલ ઑફિસ ઉપર પત્ર ૫૨૨
૯. પ્રોટેક્ટરનો વાર્ષિક રિપોર્ટ ૫૨૬
૧૦. કૉર્ડિસનો ગાંધીજી ઉપર પત્ર ૫૩૨
૧૧. ક. સંસ્થાનોમાં વસતા હિંદીઓ વિષે સામ્રાજ્ય પરિષદમાં લૉર્ડ ક્રૂએ આપેલું ભાષણ ૫૩૩
ખ. હિંદી વજીરનું ઈમ્પીરિયલ કૉન્ફરન્સને મેમોરેન્ડમ ૫૩૬
૧૨. પ્રવાસી પ્રતિબંધક બિલ (૧૯૧૨) વિષે સંઘના પ્રધાનોની મિનિટ્સ ૫૪૨
૧૩. પ્રવાસી પ્રતિબંધક બિલ (૧૯૧૨) અને ઑરેન્જ ફ્રી સ્ટેટના બંધારણમાંથી ઉતારા ૫૪૭
૧૪. ગાંધીજી ઉપર ગૃહખાતાના સેક્રેટરીનો તાર ૫૫૧
૧૫. ગાંધીજી ઉપર ગૃહખાતાના મંત્રીનો તાર ૫૫૧
૧૬. ગાંધીજી ઉપર લેનનો પત્ર ૫૫૨
૧૭. યુનિયન પાર્લમેન્ટમાં ઇમિગ્રેશન બિલ પર સ્મટ્સનું ભાષણ ૫૫૩
૧૮. કામચલાઉ સમાધાન વિષે ઉમરાવસભામાં લૉર્ડ ઑમ્પ્ટહીલનું ભાષણ ૫૫૬

Gandhi Heritage Portal

૧૯. કસબા કાનૂન સુધારા ધારા (૧૯૦૮)ના સંબંધમાં સામ્રાજ્યની સરકાર માટે સંઘના પ્રધાનોએ તૈયાર કરેલી કાર્યનોંધો ૫૫૯
૨૦. ગાંધીજી ઉપર ગોખલેનો પત્ર ૫૬૧
૨૧. સુવર્ણ કાનૂન અને કસબા કાનૂન (૧૯૦૮) વિષે હિંદ સરકાર ઉપર પોલાકનો પત્ર ૫૬૨
૨૨. ગોખલે સાથે થયેલી મુલાકાત વિષે ગ્લૅડસ્ટનની મિનિટ ૫૬૬
૨૩. દેશભક્ત ગોખલેનું મુંબઈનું ભાષણ ૫૬૭
૨૪. સિલબર્ન અને એફ. સી. હૉલેન્ડરને ગોખલેનો જવાબ ૫૭૬
૨૫. ગાંધીજી ઉપર ગૃહખાતાના સેક્રેટરીનો પત્ર ૫૭૭

આધારરૂપ સાહિત્ય ૫૭૯
તારીખવાર વૃત્તાંત ૫૮૦
સૂચિ ૬૦૭

Gandhi Heritage Portal

ચિત્રસૂચિ

એપ્રિલ ૧૯, ૧૯૧૧ની સ્મટ્સ સાથેની મુલાકાતનો ગાંધીજીના હસ્તાક્ષરમાં સારાંશ	મુખપૃષ્ઠ
"કેળું ખાધું હોય ત્યારે તો તેને પૂરો શયતાન જ જોઈ લો!": એક હાસ્યચિત્ર	પૃ. ૧૨૮ સામે
બિલજી ઓસ્કેંધી : એક સમકાલીન હાસ્યચિત્ર	,, ૧૨૮ ,,
"ફાચર મરાઈ રહી છે": એક હાસ્યચિત્ર	,, ૧૨૯ ,,
"૧૯૧૨ની ડાયરી"માંથી બે પાનાં	,, ૪૨૪ ,,
કેપટાઉનની સ્વાગત સમિતિ સાથે શ્રી ગોખલે	,, ૪૨૫ ,,

Gandhi Heritage Portal

ગાંધીજીનો અક્ષરદેહ

Gandhi Heritage Portal

અભ્યાસી પ્રત્યે

મારાં લખાણોના ઉદ્યમી અભ્યાસીને તેમ જ એમાં રસ લેનાર બીજાઓને કહેવા ઇચ્છું છું કે મને સર્વકાળે એકરૂપ જ દેખાવાની કશી પરવા નથી. સત્યની મારી શોધમાં મેં ઘણા વિચારોનો ત્યાગ કર્યો છે ને ઘણી નવી વસ્તુઓ શીખ્યો છું. ઉંમરમાં હું ભલે વૃદ્ધ થયો હોઉં, પણ મારો આંતરિક વિકાસ થતો અટક્યો છે અથવા દેહ પડ્યા પછી મારો વિકાસ અટકી જશે એવું મને લાગતું નથી. મને એક જ વસ્તુની પડી છે, ને તે પ્રતિક્ષણ સત્યનારાયણની વાણીને અનુસરવાની મારી તત્પરતા છે. અને તેથી કોઈને મારાં બે લખાણોમાં વિરોધ જેવું જણાય ત્યારે, જો તેને મારા ડહાપણ વિષે શ્રદ્ધા હોય તો એક જ વિષયનાં બે લખાણોમાંથી પાછલાને તે પ્રમાણભૂત માને.

હરિજનબંધુ, ૩૦–૪–'૩૩ — ગાંધીજી

Gandhi Heritage Portal

૧. જોહાનિસબર્ગની ઑફિસને તાર

કેપટાઉન,
એપ્રિલ ૧, ૧૯૧૧

ગાંધી
જોહાનિસબર્ગ

ફ્રી સ્ટેટવાળાઓ[૧] હવે વિચાર કરી રહ્યા છે. છેવટનો નિર્ણય ઘણુંખરું મંગળવારે.

ગાંધી

[મૂળ અંગ્રેજી]
મૂળ તારની છબી પરથી: એસ. એન. ૫૩૯૭

૧(૧). નવા બિલના સુધારા અને તેનું પોકળ

ગયા શનિવારે જોહાનિસબર્ગથી કેપટાઉન જવા ઊપડતાં પહેલાં મિ. ગાંધી અને જનરલ સ્મટ્સ વચ્ચે ચાલેલો નવા સુધારા સંબંધી અગત્યનો પત્રવહેવાર છેલ્લી ઘડીએ જગા પર થયેલા ભારે દબાણને લીધે લાચારીએ અમે પ્રસિદ્ધ કરી શકયા નથી. છતાં આવતે અઠવાડિયે અમે તે પૂરેપૂરો આપવા ધારીએ છીએ. દરમ્યાન જનરલ સ્મટ્સે રજૂ કરવા ધારેલા સુધારા અમારા હાથમાં આવ્યા છે. તે સુધારા મુજબ દક્ષિણ આફ્રિકાના યુનિયનમાં જન્મેલાંને, યુનિયનમાં ડોમિસાઈલ થયેલા અથવા કાયદેસર રહીશ જો તેઓ પ્રોહિબિટેડ ઇમિગ્રન્ટની (સી), (ડી), (ઈ), (એફ) અથવા (જી) કલમની રૂએ પ્રોહિબિટેડ ન ઠરતા હોય તેમને; અને કોઈ ડોમિસાઈલ થયેલ અથવા કાયદેસર રહીશ અથવા ભવિષ્યના નવા ઇમિગ્રન્ટની સ્ત્રી તથા ૧૬ વર્ષથી ઓછી ઉમરનાં છોકરાં છે એમ ઇમિગ્રેશન અમલદારને સંતોષકારક રીતે પુરવાર કરી દે તેમને, ૭મી કલમ સિવાયના કાયદાના અમલમાંથી મુક્ત કરવાનો જનરલ સ્મટ્સનો ઇરાદો છે. બીજા એકાદ બે નાના સુધારા છે, ને તે ઉપરાંત ૨૮મી નવી કલમ ઉમેરવા ધારી છે. તેની મતલબ એવી છે કે 'ટ્રાન્સવાલના ૧૯૦૮ના ૩૬મા કાયદામાં ગમે તે વિરુદ્ધતા છતાં આ કાયદાની ૪થી કલમની રૂએ યુનિયનમાં આવી શકે તેને તે કાયદા તળે રજિસ્ટર થવું ન પડે.'

આ સુધારા સામેના વાંધાઓ ટૂંકમાં નીચે મુજબ છે:

(૧) અમુક બાઈ કે છોકરાં ડોમિસાઈલ થયેલાનાં, અથવા કાયદેસર રહીશનાં, અથવા નવા ઇમિગ્રન્ટનાં, સ્ત્રીછોકરાં છે, એની ઇમિગ્રેશન અમલદારને સંતોષ થાય એવી ખાતરી કરી

૧. યુનિયન પાર્લમેન્ટના ઑરેંજ ફ્રી સ્ટેટના સભ્યો; તેઓ આફ્રિકાવાસી હિંદીઓની એવી માગણીનો વિચાર કરતા હતા કે ગાંધી સ્મટ્સ સમજૂતી મુજબ જે ૬ શિક્ષિત એશિયાઈઓને ફ્રી સ્ટેટમાં દાખલ થવા દેવામાં આવે તેમને ડોમિસાઈલનો હક પણ આપવો જોઈએ કે નહીં. જે યુનિયન ઇમિગ્રન્ટ્સ રિસ્ટ્રિક્શન બિલ આવવાનું હતું તેમાં તેમને આ હક આપવામાં આવ્યો નહોતો. જુઓ પુસ્તક ૧૦, પા. ૫૯૬, ૬૦૯–૧૦ અને ૬૨૯–૩૧.

Gandhi Heritage Portal

આપવા માટે પુરાવો કેવો જોઈએ તેની વ્યાખ્યા આપી નથી; તેમ જ લગ્ન અને જન્મનાં સર્ટિફિકેટો પણ સાધારણ રીતે હિંદીને હોતાં નથી.

(૨) ડોમિસાઈલ થયેલ કોને કહેવા, અને કાયદેસર રહીશ કોને કહેવા તેની વ્યાખ્યા નથી.

(૩) જેઓ યુનિયનમાંથી થોડા વખત માટે ગેરહાજર રહેવા માગતા હોય, અથવા યુનિયનની અંદર મુસાફરી કરવા માગતા હોય એવા હકદારને ડોમિસાઈલનાં અથવા કાયદેસર વસવાટનાં સર્ટિફિકેટો કાઢી આપવાં જ જોઈએ એવીગોઠવણ રાખી નથી.

(૪) નવી દાખલ કરવા ધારેલી કલમથી ટ્રાન્સવાલમાં નવા આવનાર કેળવાયેલ હિંદીને, હાલના કાયદેસર રહીશ હિંદીઓ કરતાં હલકી સ્થિતિમાં રહેવું પડે તેમ છે.

(૫) નવી કલમથી યુનિયનના કાયદામાં કોમી તફાવત દાખલ થાય છે, કેમ કે તે કલમના સૂચક અર્થને લીધે (યુનિયનના એક પ્રાંતમાં — ઑરેંજ ફ્રી સ્ટેટમાં) દાખલ થાય તે હિંદીઓ ત્યાંના એશિયાટિક કાયદા તળે આવતા હોવાથી ત્યાં વસી શકે નહીં.

તેથી જનરલ સ્મટ્સના સુધારા સત્યાગ્રહની લડત માટે તેમ જ દક્ષિણ આફ્રિકાના હિંદીઓના સાધારણ હક માટે સાવ અસંતોષકારક છે. તેવી પોકળતાથી કોઈ પણ હિંદી છેતરાશે નહીં. દરમ્યાન મિ. ગાંધીને જનરલ સ્મટ્સ સાથે સોમવારે એક ઇન્ટરવ્યૂ થયો હતો, અને બીજો ઇન્ટરવ્યૂ શુક્રવારે થવાની વકી હતી.

[મૂળ ગુજરાતી]

ઇન્ડિયન ઓપીનિયન, ૧–૪–૧૯૧૧

૨. મગનલાલ ગાંધીને લખેલા પત્રનો અંશ

૧૨-૪-૧૯૧૦

ચૈત્ર સુદ ૩ [એપ્રિલ ૨, ૧૯૧૧][1]

ચિ. મગનલાલ,

મેં માત્ર ડાક્ટર મહેતાનો[2] વિચાર માગ્યો હતો. તેના જવાબમાં તેણે તમને તથા બીજાને વિલાયત તુરત મોકલવાની પરવાનગી મને મોકલી છે. તેનો ઉપયોગ હાલતુરત તો આપણે નથી કરી શકતા, પણ આ વિચાર તમારા મનમાં રહેવા ખાતર લખ્યું છું. છગનલાલ દેશ જશે તો ઢીલ થશે એવો પણ મારો . . .

છગનલાલ હિંદ૨ ૨૪
કરાચી, ૨૪ ૧-૫-૧૯૧૦

[મૂળ ગુજરાતી]

ગાંધીજીના હસ્તાક્ષરમાં લખાયેલા મૂળ પત્ર પરથી: સી. ડબ્લ્યુ. ૫૬૨૬
શ્રી છગનલાલ ગાંધીના સૌજન્યથી

૧. વર્ષનો ઉલ્લેખ કર્યા વગર કેવળ માસ અને તિથિ જણાવતા આ પુસ્તકમાં આવતા કાગળોમાંનો આ પહેલો કાગળ છે: ૧૯૧૧માં મગનલાલ ગાંધીના ઇંગ્લંડ જવા બાબત ગંભીર ચર્ચા કરવામાં આવી હતી. જુઓ "મગનલાલ ગાંધીને પત્ર", પા. ૯૫, તે વર્ષે ચૈત્ર સુદ ૩, એપ્રિલની બીજીએ હતી.

૨. ડૉ. પ્રાણજીવન જગજીવન મહેતા, બૅરિસ્ટર. તેઓએ ૧૮૮૮માં ગાંધીજી ઇંગ્લંડ ગયા ત્યારે તેમની સંભાળનું કામ ઉપાડી લીધું. ગાંધીજીને અંગ્રેજી રીતભાત સમજાવી. ડૉ. મહેતા ૧૯૩૩માં મૃત્યુ પામ્યા ત્યાં સુધી ગાંધીજીના પરમ મિત્ર બની રહ્યા. ટૉલ્સ્ટૉય ફાર્મથી ચંપારણ સત્યાગ્રહ સુધીની ગાંધીજીની બધી પ્રવૃત્તિઓમાં ઊંડો રસ લીધો. તેમની મારફત ગાંધીજી કવિ રાજચંદ્રના પરિચયમાં આવ્યા. જુઓ પુસ્તક ૯ તેમ જ આત્મકથા (૧૯૫૨) ભાગ ૧, પ્ર. ૧૩, ૧૪ તથા ભાગ ૨, પ્ર. ૧ અને ભાગ ૫, પ્ર. ૧૬.

Gandhi Heritage Portal

૩. જોહાનિસબર્ગની ઑફિસને તાર

કેપટાઉન,
એપ્રિલ ૩, ૧૯૧૧

ગાંધી
જોહાનિસબર્ગ

ગઈ કાલે સારી સભા[૧] થઈ. જાતિગત પ્રતિબંધો દૂર કરવામાં ન આવે તો સત્યાગ્રહનો પૂર્વસંકેત આપતા સાત ઠરાવો[૨] કરવામાં આવ્યા. તેમાં ટ્રાન્સવાલને ટેકો આપતો ઠરાવ અને રિચ પ્રત્યે સન્માન વ્યક્ત કરતો ઠરાવ પણ થયો. રિચ[૩] આજે પુત્ર સાથે નીકળ્યા છે. તેમના નાસ્તા માટે બંદોબસ્ત કરશો.

ગાંધી

[મૂળ અંગ્રેજી]
મૂળ તારની છબી પરથી: એસ. એન. ૫૪૦૬

૧ અને ૨. કેપટાઉનમાં ભરાયેલી આ સભાએ યુનિયન ઇમિગ્રન્ટ્સ રિસ્ટ્રિક્શન બિલમાં, બીજી કેટલીક બાબતો ઉપરાંત, નીચેના સુધારા કરવાની માગણી કરી હતી:

(૧) ઘર કરીને હકથી રહેલા એશિયાઈઓની સ્ત્રીઓ ને બાળકોનો વસવાટ (ડોમિસાઈલ) હક સાબિત કરવાનું કાયદાની અદાલત પર છોડવામાં આવે. (૨) ઇમિગ્રેશન અધિકારીના નિર્ણયો અદાલતોના અધિકાર-ક્ષેત્રમાં રહે. (૩) તેમની હાલની કેળવણીવિષયક પરીક્ષા, જે પ્રમાણમાં સહેલી છે, તે નવા કાયદામાં કાયમ રહે; અને (૪) કેળવાયેલા એશિયાઈ ઇમિગ્રન્ટોને યુનિયનના કોઈ પણ પ્રાંતમાં દાખલ થવા દેવામાં અને રહેવા દેવામાં આવે. આ ન થઈ શકે તો કેપ અને નાતાલના કાયદા તેમના હાલના સ્વરૂપમાં કાયમ રાખવામાં આવે અને ટ્રાન્સવાલ ઇમિગ્રેશન કાનૂનમાં યોગ્ય સુધારા કરવામાં આવે.

૩. એલ. ડબ્લ્યુ. રિચ; આર્ટિકલ્ડ ક્લાર્ક તરીકે ગાંધીજી સાથે જોડાતાં પહેલાં થિયૉસૉફિસ્ટ અને જોહાનિસબર્ગની એક વ્યાપારી પેઢીના મૅનેજર. લંડનમાં બૅરિસ્ટરની પરીક્ષા પાસ કરી. જુઓ પુસ્તક ૬, પા. ૭૮, અને ૯૮–૯૯; સાઉથ આફ્રિકા બ્રિટિશ ઇન્ડિયન કમિટીના મંત્રી (પુસ્તક ૬, પા. ૨૫૪) જેના છેવટે તેઓ કર્તાહર્તા બની ગયા હતા. ઇમિગ્રન્ટ્સ રિસ્ટ્રિક્શન બિલમાં એશિયાઈઓના હકોમાં મુકાતા કાપ સામે ૧૯૧૧ના માર્ચમાં કેપના હિંદીઓને સંગઠિત થવામાં મદદ કરી. જુઓ પુસ્તક ૧૦, પા. ૫૪૬–૭, ૫૬૭ અને ૫૭૩–૪. એ જ મહિનામાં બ્રિટિશ ઇન્ડિયન ઍસોસિયેશને તેમને કેપટાઉનમાં પોતાના વતી કામ કરવા કહ્યું. જુઓ પુસ્તક ૧૦, પા. ૫૬૬, પણ સ્મટ્સે તેમને 'તદ્દન અનઓ્યા' માણસ ગણી કાઢયા અને ઍસોસિયેશનના પ્રતિનિધિ તરીકે સ્વીકારવાની ના પાડી તેમ જ મળ્યા પણ નહીં, જુઓ પુસ્તક ૧૦, પા. ૫૭૨, ૫૮૧–૨, ૫૮૩–૪. એપ્રિલ ૧૯૧૧માં ગાંધીજીની ઑફિસમાં સૉલિસિટર તરીકે કામ કરવા માંડયું ત્યાર પછી બ્રિટિશ ઇન્ડિયા ઍસોસિયેશનનું કાનૂની કામ વાસ્તવમાં તેમને હસ્તક હતું (પા. ૩૦).

Gandhi Heritage Portal

૪. જોહાનિસબર્ગની ઑફિસને તાર[૧]

કેપટાઉન,
એપ્રિલ ૪, ૧૯૧૧

પ્રધાન માને છે કે સૌ સારાં વાનાં થશે, પરંતુ સૂચવે છે કે મારે રોકાવું જરૂરી નથી. મને લાગે છે કે મારે આ અઠવાડિયે અહીંથી રવાના થવું જોઈએ. બિલને હજી ઘણો સમય બાકી છે.

ગાંધી

[મૂળ અંગ્રેજી]
મૂળ તારની છબી પરથી: એસ. એન. ૫૪૦૭

૫. એલ. ડબ્લ્યુ. રિચને પત્ર

[કેપટાઉન]
મંગળવાર [એપ્રિલ ૪, ૧૯૧૧]

પ્રિય રિચ,

મને હવે એવિરનું પ્રમાણપત્ર મળી ગયું છે.[૨] લેનને[૩] મળ્યો. તે માને છે કે સૌ સારાં વાનાં થશે, પણ બિલ બે અઠવાડિયાં સુધી આવી શકશે નહીં. તે સૂચવે છે કે મારે રોકાવું નહીં. હવે હું જે જે સભ્યોને[૪] મળી શકું તે બધાને મળવાનો પ્રયત્ન કરું છું. આજે તાર[૫] કર્યો છે, અને કંઈક સૂચનાની રાહ જોઉં છું.

તમારો સહૃદયી
મો. ક. ગાંધી

[મૂળ અંગ્રેજી]
ગાંધીજીના હસ્તાક્ષરમાં લખાયેલા મૂળ પત્રની છબી પરથી: એસ. એન. ૫૪૦૮

૧. બ્રિટિશ ઇન્ડિયન ઍસોસિયેશનના એપ્રિલ ૧, ૧૯૧૧ના તારનો જવાબ. તાર આ પ્રમાણે હતો: "સવાલ પતે નહીં ત્યાં સુધી તમે કેપટાઉનમાં જ રહો એવી આગ્રહપૂર્વક સલાહ છે". એસ. એન. ૫૩૯૯.

૨. જન્મતિથિનું પ્રમાણપત્ર. રિચે મંગાવેલું.

૩. સ્મટ્સના ખાનગી મંત્રી, ઈ. એફ. સી. લેન.

૪. યુનિયન પાર્લમેન્ટના સભ્યો.

૫. જુઓ આ પહેલાંનો તાર.

Gandhi Heritage Portal

૬. જોહાનિસબર્ગની ઑફિસને તાર

કેપટાઉન,
એપ્રિલ ૫, ૧૯૧૧

ગાંધી
જોહાનિસબર્ગ

સેક્રેટરીએ વિકલ્પે દરખાસ્તો માગી છે. તે લખી રહ્યો છું. એ આવતી કાલે આપી દઈશ. વિકલ્પ ટ્રાન્સવાલ કાયદામાં સુધારો કરવાનો છે.

ગાંધી

[મૂળ અંગ્રેજી]
મૂળ તારની છબી પરથી: એસ. એન. ૫૪૧૧

૭. મૌડ પોલાકને લખેલા પત્રનો અંશ[૧]

[કેપટાઉન,]
એપ્રિલ ૫, ૧૯૧૧

એક બીજી એવી બાબત છે, જે ટ્રાન્સવાલના સેંકડો હિંદીઓને પાયમાલ નહીં કરે તો તેમને ભારે મુસીબતમાં તો મૂકશે જ. (ટ્રાન્સવાલના) ૧૯૦૮ના સુવર્ણ કાનૂનની[૨] કલમ ૧૩૦માં એવું વિધાન કરવામાં આવ્યું છે કે કોઈ પણ એશિયાઈ અથવા બિનગોરો માણસ એની નીચે કોઈ અધિકાર પોતે ધારણ કરી શકે નહીં, અથવા બીજા કોઈ મારફતે રાખી શકે નહીં. એવું જાણવામાં આવ્યું છે કે ઘણાં નાનાં શહેરોને આ કાયદાની અસર થાય છે. ક્લાર્ક્સડૉર્પના હિંદીઓ જ્યાં રહે છે તે જગ્યા ખાલી કરવાની તેમને નોટિસ મળી છે.[૩] આ નોટિસો માલિકો તરફથી આપવામાં આવી છે, કારણ કે તેમને સરકારે જણાવ્યું છે કે તેમને નામે રજિસ્ટર

૧. એચ. એસ. એલ. પોલાકનાં બહેન અને હિંદી સમિતિનાં માનદ મંત્રી. મૌડ પોલાકે આ પત્ર પમી મે, ૧૯૧૧ને રોજ સંસ્થાન ઑફિસને મોકલ્યો હતો.

૨. ૧૯૦૮નો ટ્રાન્સવાલ પ્રેશ્યસ ઍન્ડ બેઝ મેટલ ઍક્ટ ૩૫.

૩. ક્લાર્ક્સડૉર્પમાં સરકારી વકીલે ૧૯૦૮ના સુવર્ણ કાનૂનની ૧૩૦મી કલમ મુજબ વાડાઓના યુરોપિયન માલિકોને નોટિસ આપી હતી કે તેમણે બિનગોરા લોકોને વાડા પેટાભાડે આપવા નહીં. આથી યુરોપિયન માલિકોએ તેમના હિંદી ભાડૂતોને વાડા ખાલી કરવા જણાવ્યું હતું. ૧૯૧૧ના મે મહિનામાં ક્લાર્ક્સડૉર્પના હિંદીઓએ આ કાયદો રદ કરવા અને સરકારી વકીલની નોટિસો પાછી ખેંચાવવા ગૃહમંત્રીને અરજી કરી હતી. પણ ગૃહખાતાના કામચલાઉ મંત્રીએ જૂન મહિનામાં જવાબ આપ્યો કે આ સવાલ 'પૂરેપૂરો કાનૂની સ્વરૂપનો' છે, એટલે ગૃહમંત્રી પાર્લમેન્ટ પાસે કાયદો બદલાવી શકે નહીં. પછી આ સવાલ બ્રિટિશ ઇન્ડિયન ઍસોસિયેશને ઉપાડી લીધો હતો. ઇન્ડિયન ઓપીનિયન, ૨૦-૫-૧૯૧૧ તથા ૧૦-૬-૧૯૧૧.

Gandhi Heritage Portal

થયેલા વાડાઓમાં એશિયાઈઓને રહેવા દઈને તેઓ કાયદાનો ભંગ કરી રહ્યા છે. સુપ્રિમ કોર્ટના એક ચુકાદામાં કહેવામાં આવ્યું છે કે જે એશિયાઈઓ પાસે પટા છે તેમને, જો તેમના પટા આ કાયદો થયો તે પહેલાંના હોય તો, પટાની મુદત દરમ્યાન એ જગ્યાએથી ખસેડી શકાય નહીં. પરંતુ એ ચુકાદાથી હાલના અધિકારોની રક્ષા થઈ શકે તેમ નથી, કારણ કે લાંબી મુદતના પટા ઘણા ઓછા લોકો પાસે છે. એટલે માસિક ભાડું આપીને રહેનારાઓ ખુવાર થશે. કાયદાની સલાહ તમને મોકલવામાં આવી છે. એ સલાહ પરથી જણાય છે કે જો કાયદાનો અમલ કરવામાં આવશે તો ટ્રાન્સવાલના ખાણોવાળા ભાગમાંથી બધી એશિયાઈ વસ્તીને ખસેડવામાં આવશે. આ યોજનામાં જોહાનિસબર્ગને પણ સામેલ કરવામાં આવ્યું છે અને સૌથી વધારે હિંદી વસ્તી જોહાનિસબર્ગમાં જ છે. મને ખાતરી છે કે વડી સરકારે જ્યારે આ કાયદાને મંજૂરી આપી હશે ત્યારે તેને એ ખ્યાલ નહીં આવ્યો હોય કે તેનું આવું અનિષ્ટ અને વિનાશક પરિણામ આવશે.

[મૂળ અંગ્રેજી]

કોડ ૬૦૮૭, તથા ઇન્ડિયન ઓપીનિયન, ૨૭-૪-૧૯૧૧

૮. એલ. ડબ્લ્યુ. રિચને પત્ર

[કેપટાઉન]

બુધવાર [એપ્રિલ ૫, ૧૯૧૧]

પ્રિય રિચ,

ગઈ કાલે વિરોધપક્ષના દંડક ડૉ. ફ્રૂઅર્ટને તથા સર બિસેટ બેરીને મળ્યો. જે. ડબ્લ્યુ. જેગરને[૧] આજે સાંજના હું મળું છું. અને જેમને જેમને હું મળવા માગું છું અને જેઓ મને મળવા ઇચ્છે તે સૌને મળવાનું ચાલુ રાખીશ. ગઈ કાલે જે સભ્યોને મળ્યો તેમની સાથે ઍલેકઝાંડરે[૨] મારું ઓળખાણ કરાવ્યું હતું. તેમણે ઍલેકઝાંડરને ટેકો આપવાનું વચન આપ્યું છે. તેમની પાસે બહુ સમય નહોતો પણ તેમણે એટલું સ્વીકાર્યું કે મુદ્દો બહુ સાદોસીધો છે. જનરલ બોથાએ[૩]

૧. સંઘ વિધાનસભાના સભ્ય.

૨. મૉરિસ ઍલેકઝાંડર, સંસદના (કેપટાઉન વિભાગના) યહૂદી સભ્ય. તેઓ આફ્રિકાવાસી હિંદીઓની લડત પ્રત્યે સહાનુભૂતિ ધરાવતા હતા અને તેમણે યુનિયન ઇમિગ્રન્ટ્સ રિસ્ટ્રિક્શન બિલની હિંદીઓને અસર કરતી ઘણી કલમોનો વિરોધ કર્યો હતો.

૩. લુઈ બોથા (૧૮૬૨-૧૯૧૯); "નાતાલમાં જન્મેલા અને ટ્રાન્સવાલમાં કેળવણી પામેલા આફ્રિકાવાસી . . . જૂના રિપબ્લિકન જમાનાના એક ઉદારમતવાદી, દ્વિભાષી, માયાળુ, બેહદ ફુનેહુબાજ" (એરિક વૉકરના ધ હિસ્ટરી ઑફ સાઉથ આફ્રિકા, પા. ૫૩૫) અને મવાલ પક્ષના બોઅરોમાંના એક. "ખેતીની બધી આંટીઘૂંટીઓ એ જાણતો, ઘેટાંની પરીક્ષામાં યુરોપમાં પણ એના જેવો કુશળ કોઈ ભાગ્યે જ હશે" (દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહનો ઇતિહાસ, પ્રથમ ખંડ, પ્ર. ૨જું) બોઅર યુદ્ધ દરમિયાન આગળ પડતા ડચ સેનાપતિ; ૧૯૦૪-૫માં સમાધાનની નીતિ અને સ્વશાસનને વરેલી હેટ વૉક પાર્ટી સ્થાપી (વૉકર, ઉપર મુજબ પા. ૫૧૫-૬); જોકે ઉદ્દામવાદી બોઅરો શંકાશીલ હતા તોપણ તેમણે બ્રિટિશરો નીચેના સ્વશાસન માટેની દરખાસ્ત મંજૂર રાખી અને એશિયાઈ વિરોધી સખત કાનૂનો યુક્તિથી પસાર કરાવી લીધા. સ્વશાસિત ટ્રાન્સવાલમાં ૧૯૦૭માં ૧લા વડા પ્રધાન, ૧૯૦૮ના જાન્યુઆરીમાં થયેલા સમાધાન પછી ગાંધી-સ્મટ્સ કૉન્ફરન્સમાં કેળવાયેલા એશિયાઈઓના પ્રવેશ સામે વાંધો ઉઠાવ્યો. જુઓ પુસ્તક ૯, પા. ૩૯૧.

Gandhi Heritage Portal

લૉર્ડ ક્રૂને[૧] મોકલેલા ખરીતાની[૨] આ કરામત છે. મને ખાતરી છે કે જો બિલ આવશે જ તો આપણે જે સુધારા[૩] કરાવવા માગીએ છીએ તે કર્યા વગર જનરલ સ્મટ્સ[૪] તે રજુ કરવાની હિમત નહીં કરે. મને લાગે છે કે નવા મુદ્દા[૫] ઊભા કરવાનો આક્ષેપ તો તેમણે પડતો મૂકયો છે.

૧. રૉબર્ટ ઑફલે આશબર્ટન ક્રૂ મિલનીઝ, ક્રૂના ૧લા માર્કિવસ, ઉદારમતવાદી રાજપુરુષ અને લેખક; ૧૮૯૨–૯૫ના પ્રધાનમંડળમાં આયર્લેન્ડ માટેના લૉર્ડ લેફ્ટનન્ટ, સંસ્થાનોના ખાતાના પ્રધાન ૧૯૦૮; નવેમ્બર ૧૯૧૦માં ઇન્ડિયા ઑફિસમાં લૉર્ડ મૉર્લીની જગ્યાએ આવ્યા. ૧૯૨૨માં પક્ષીય રાજકારણ છોડયું, છતાં ૧૯૩૧માં યુદ્ધખાતાના પ્રધાન થયા; સ્ટ્રે વર્સિસ અને બીજાં સાહિત્યવિષયક પુસ્તકોના લેખક.

૨. ડિસેમ્બર ૨૦, ૧૯૧૦નો ખરીતો, જુઓ પુસ્તક ૧૦, પા. ૬૧૬.

૩. ૧૯૧૧ના માર્ચની ૧૦મી તારીખે હિંદીઓએ નવા આવનાર પર અંકુશ મૂકતા સંઘના બિલમાં એવો સુધારો કરવાની વિનંતી કરી હતી કે ભણેલા એશિયાઈઓને પ્રાંતના રજિસ્ટ્રેશન કાયદામાંથી મુક્તિ આપવામાં આવે અને નોંધાયેલા એશિયાઈઓનાં સ્ત્રીઓ અને બાળકોના અધિકારો બળવવામાં આવે. જુઓ પુસ્તક ૧૦, પા. ૫૮૦–૧.

૪. જૅન ક્રિશ્ચિયન સ્મટ્સ (૧૮૭૦–૧૯૫૦); ગાંધીજી કહે છે: "તે જેવો કુશળ વકીલ તેવો જ કુશળ સેનાપતિ છે, અને તેવો જ કુશળ રાજવહીવટ ચલાવનાર માણસ છે. મને ઘણા અંગ્રેજ મિત્રોએ ચેતવણી આપેલી કે સ્લિમ (પાતળા) જૅનીને નામે ઓળખાતા જનરલ સ્મટ્સથી તું સાવધાન રહેજે. એ બહુ પહોંચેલ માણસ છે, એને ફરી જતાં વાર લાગે એમ નથી." જુઓ દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહનો ઇતિહાસ, દ્વિતીય ખંડ, પ્ર. ૧. કેમ્બ્રિજમાં કેળવણીની જ્વલંત કારકિર્દી બાદ, ૧૮૯૫માં સ્મટ્સને કેપટાઉનના બારમાં વકીલાતની સનદ મળી; બોઅર યુદ્ધ દરમિયાન કેપ કૉલોનીમાં બળવો કરનારા લશ્કરના સર-સેનાપતિ; વીરીનિગિંગની શાંતિ અંગેની વાટાઘાટોમાં ૧૯૦૨માં બ્રિટિશો જોડે સમાધાન કરવા આગ્રહ કર્યો; મિલ્નરની ખાસ કરીને સોનાની ખાણો માટે ચીની મજૂરો લાવવાની નીતિનો મજબૂતપણે વિરોધ કર્યો; બોથા સાથે ૧૯૦૪માં હેટ વૉક પક્ષની સ્થાપના કરી; જવાબદાર રાજ્યની સ્થાપના બાદ ટ્રાન્સવાલના સંસ્થાન મંત્રી બન્યા, લાયનલ કર્ટિસ સાથે સંઘરાજ્યના પુરસ્કર્તા (પુસ્તક ૮, પા. ૨૧૬–૭) અને ૧૯૧૧નો સાઉથ આફ્રિકા કાનૂન ઘડનાર; ૧૯૧૦માં સંઘરાજ્યના ગૃહ, ખાણો અને સંરક્ષણ ખાતાના મંત્રી બન્યા; ૧૯૧૨માં સંરક્ષણખાતા ઉપરાંત નાણાખાતું હાથમાં લીધું; ૧૯૧૬માં પહેલા મહાન યુદ્ધ દરમિયાન પૂર્વ આફ્રિકાના શાહી લશ્કરનું સેનાપતિપદ સ્વીકાર્યું. યુદ્ધ મંત્રીમંડળમાં જોડાયા અને હવાઈ સેવાઓના એકીકરણનો પ્રારંભ કર્યો. સુલેહ બાદ રાષ્ટ્રસંઘ એક વ્યવહારુ સૂચન (ધિ લીગ ઑફ નેશન્સ : એ પ્રૅક્ટિકલ સજેશન) નામનું પોતાનું મેમોરેન્ડમ લખી કાઢયું. જે પાછળથી લીગનો કાનૂની ખરડો બન્યો. ૧૯૦૮ની સમાધાની વિષે થયેલી તકરારની વાત કરતાં ગાંધીજી આગળ ચાલતાં કહે છે, "આજ પણ . . . એને હું વિશ્વાસઘાત ગણું છું; . . . કદાચ એ ઇરાદાપૂર્વકનો વિશ્વાસઘાત ન હોય". દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહનો ઇતિહાસ, દ્વિતીય ખંડ, પ્ર. ૧.

૫. નવા આવનારા ભણેલા એશિયાઈઓને ઑરેંજ ફ્રી સ્ટેટના રજિસ્ટ્રેશન કાયદામાંથી મુક્ત રાખવા જોઈએ એવી મતલબની ગાંધીજીની વિનંતી (જુઓ પુસ્તક ૧૦, પા. ૫૯૯ અને ૬૦૮–૧૦)ના જવાબમાં સ્મટ્સે માર્ચ ૨૧, ૧૯૧૧ના તારમાં (પુસ્તક ૧૦, પા. ૬૧૩–૪) આ આરોપ મૂકયો હતો. ટ્રાન્સવાલ લીડરના નવા તંત્રીએ પણ એ બાબત સહમત થતાં લખ્યું હતું કે એ માગણી નવી છે. પોલાકે તંત્રીને લખ્યું કે "નવા આવનાર ભણેલા હિંદીઓની છની સંખ્યા" ગાંધીજીએ ફક્ત ટ્રાન્સવાલ માટે સ્વીકારી હતી, અને "નાતાલના હિંદીઓ પાસે એવી અપેક્ષા ન રાખી શકાય કે આજે તેઓ જે અધિકારો ધરાવે છે તે તેઓ છોડી દે." રિચે પણ લખ્યું કે "એ વાત સાચી છે કે" ઇમિગ્રેશન બિલ "નવા આવનાર પર અંકુશ મૂકતા ટ્રાન્સવાલના ૧૯૦૭ના ઇમિગ્રેશન અને રજિસ્ટ્રેશન કાનૂનો રદ કરે છે, પણ તે ફ્રી સ્ટેટના કાયદાને ફરીથી લગભગ ચાલુ કરે છે જે . . . હિંદીઓ માટે સ્પષ્ટ રીતે અપમાન-જનક છે". તેમણે એવી ખાતરી આપી કે "જે વાંધાઓ ઉઠાવવામાં આવ્યા છે તેમનો . . . બિલમાં સુધારો કરીને નિકાલ કરવામાં આવશે તો જે ચળવળની સામે તમારો વિરોધ છે તે આપોઆપ બંધ થશે. . . . સંઘના કોઈ પણ ભાગમાં જાતિગત પ્રતિબંધ લાગુ પાડવો નહીં જોઈએ". ઇન્ડિયન ઓપોનિયન, ૧૫–૪–૧૯૧૧.

Gandhi Heritage Portal

સોરાબજી[૧] મને લખ્યા કરે છે કે મારે ઇમ્પીરિયલ કૉન્ફરન્સ[૨] માટે લંડન જવું જોઈએ. હું કંઈ નિશ્ચય કરી શકતો નથી. જો લડત બંધ થાય તો જવાનો કંઈ અર્થ છે. સુવર્ણ કાનૂન મને ચિંતા કરાવે છે. એ એક નકામી બલા છે. એ બાબત કંઈક કરી શકાય તો સારું. લડત બંધ ન થાય તો મને લાગે છે કે હું બિલકુલ જઈ નહીં શકું. એ વિષે સોરાબજીને તમારી સાથે ચર્ચા કરી લેવા દો. સુવર્ણ કાનૂન સંબંધી મેં મૉડને એવી સૂચના આપી છે કે મારી નોંધની નકલ કરીને તે કૉલોનિયલ ઑફિસ તથા ઇન્ડિયા ઑફિસને[૩] મોકલે.

તમારો સહૃદયી
મો. ક. ગાંધી

[મૂળ અંગ્રેજી]
ગાંધીજીના હસ્તાક્ષરમાં લખાયેલ મૂળ પત્રની છબી પરથી: એસ. એન. ૫૪૧૯

૯. એલ. ડબ્લ્યુ. રિચને પત્ર

[કેપટાઉન]
બુધવાર [એપ્રિલ ૫, ૧૯૧૧]

પ્રિય રિચ,

તમારો તાર[૪] મળ્યો. હું અહીંથી નીકળવાની ઉતાવળ નહીં કરું. મેં લેનને નાની ચિઠ્ઠી[૫] લખીને જણાવ્યું છે કે હું બીજા સભ્યોને મળવા થોડો વખત રોકાવાનો છું. તેના જવાબમાં તેમણે મને ચિઠ્ઠી મોકલી કે, મને તરત મળો. હું તેમને મળ્યો ત્યારે તેમણે જે. સી. એસ.નો સંદેશો આપ્યો કે મારે મારી બે દરખાસ્તો લખી કાઢવી. તેમણે ઉમેર્યું કે સ્મટ્સ મને ખાલી હાથે જવા દેવા ઇચ્છતા નથી અને કહે છે કે આ સવાલનો આ બેઠકમાં નિકાલ આવવો જ જોઈએ. આપણા મિત્રો આમાંથી જે આશા બાંધી શકે તે બાંધે.

૧. સોરાબજી શાપુરજી અડાજણિયા; "જેટલે દરજ્જે તેમનામાં પારસીપણું હતું — અને તે ખૂબ હતું — તેટલે જ દરજ્જે હિંદીપણું હતું." દક્ષિણ આફ્રિકામાં લડતના બીજા તબક્કાની શરૂઆત તેમણે કરી હતી. ભણેલા હિંદીઓના અધિકારની કસોટી કરવા તેમણે વારંવાર ટ્રાન્સવાલમાં દાખલ થઈને ૧૯૦૮માં લાંબામાં લાંબી જેલ ભોગવી હતી અને ૧૯૦૯માં હદપાર થયા હતા. ૧૯૧૨માં ગાંધીજીએ તેમને બૅરિસ્ટર થવા ઇંગ્લંડ મોકલ્યા હતા. તેમનું ખર્ચ ડૉ. મહેતાએ આપ્યું હતું. તેઓ ઇંગ્લંડમાં હતા ત્યારે ગોખલેજીએ તેમને સર્વન્ટ્સ ઑફ ઇન્ડિયા સોસાયટીમાં જોડાવા આમંત્રણ આપ્યું હતું. પણ તેઓ ટ્રાન્સવાલ પાછા ફર્યા, હિંદીઓમાં જાહેર કાર્ય કર્યું અને જોહાનિસબર્ગમાં નાની ઉંમરે મરણ પામ્યા. જુઓ દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહનો ઇતિહાસ, દ્વિતીય ખંડ, પ્રકરણ ૫.

૨. આ કૉન્ફરન્સ મેની ૨૨મીએ ભરાવાની હતી (જુઓ "એલ. ડબ્લ્યુ. રિચને પત્ર", પા. ૬૫–૭) પણ તે જૂનની ૧૯મીએ ભરાઈ.

૩. મૉડે આ નોંધ મોકલી આપી હતી. જુઓ આ પહેલાંનો લેખ.

૪. એપ્રિલ ૫નો તાર, જેમાં કહ્યું છે: "અહીં લોકોની તીવ્ર ઇચ્છા છે કે તમારે ત્યાં રહેવું જ જોઈએ, સિવાય કે આ બેઠકમાં બિલ આવવાનો સંભવ નહીં હોય". એસ. એન. ૫૪૧૨.

૫. મળતી નથી.

Gandhi Heritage Portal

બપોર પછી બધો સમય સભ્યોને મળવા કરવામાં ગાળ્યો. વધુ આવતી કાલે. મારે મારી દરખાસ્ત આવતી કાલે સવારે ૧૦–૩૦ પછી રજૂ કરવાની છે.

તમારો સહૃદયી
મો. ક. ગાંધી

[મૂળ અંગ્રેજી]
ગાંધીજીના હસ્તાક્ષરમાં લખાયેલ મૂળ પત્રની છબી પરથી: એસ. એન. ૫૪૧૭

૧૦. જોહાનિસબર્ગની ઑફિસને તાર

કેપટાઉન,
એપ્રિલ ૬, ૧૯૧૧

ગાંધી
જોહાનિસબર્ગ

દરખાસ્તનો[૧] ખરડો બનાવવાનું નક્કી થયું. કશું નિશ્ચિત હોવાનું માની લેવું નહીં જોઈએ.

ગાંધી

[મૂળ અંગ્રેજી]
પહોંચેલા મૂળ તારની છબી પરથી: એસ. એન. ૫૪૨૧

૧૧. એલ. ડબ્લ્યુ. રિચને પત્ર

[કેપટાઉન,]
ગુરુવાર [એપ્રિલ ૬, ૧૯૧૧]

પ્રિય રિચ,

ફેરર,[૨] ચૅપલિન,[૩] જૅગર, સી. પી. રૉબિન્સન[૪] વગેરેને મળ્યો. ફેરરે સૌથી વધારે સહાનુભૂતિ બતાવી. ફ્રી સ્ટેટનો મુદ્દો મંજૂર કરવો જ જોઈએ એ બાબતમાં એ બધા સંમત છે.

૧. લેને લેખિત માગેલી તે. જુઓ આ પહેલાંનો લેખ.

૨. સર જ્યૉર્જ ફેરર (૧૮૫૯–૧૯૧૫) ઈસ્ટ રેન્ડ પ્રોપ્રાઇટરી માઇન્સના અધ્યક્ષ; પ્રગતિવાદી પક્ષના નેતા; પરદેશથી મજૂરો લાવનારામાંના એક, જેમણે બોઅરોનાં અને બીજાં હિતોના 'સંગઠિત વિરોધ'ની સામે થઈને ૧૯૦૭ના લેબર કમિશનના બહુમતી રિપોર્ટનો અમલ કરાવવા ચળવળ કરી અને તેમાં સફળ થયા. આ રિપોર્ટમાં રેન્ડ માઇન્સ (ખાણો) માટે નેટિવ મજૂરો મળતા નહીં હોવાથી એશિયાઈ મજૂરો દાખલ કરવાની ભલામણ થઈ હતી. જવાબદાર સરકાર મળ્યા પહેલાં અને તે પછી ટ્રાન્સવાલ વિધાન પરિષદના સભ્ય; સંઘ સંસદના સભ્ય.

૩. ડ્રમન્ડ ચૅપલિન: વિધાનસભાના અને પ્રગતિવાદી પક્ષના સભ્ય; ટ્રાન્સવાલ ઇમિગ્રેશન કાયદા સામેની હિંદીઓની કેટલીક ફરિયાદો વિષે સહાનુભૂતિ ધરાવતા હતા; વિધાનસભામાં ઇન્ડિયન્સ રિલીફ બિલની તરફેણમાં વિરોધપક્ષ તરફથી બોલનારાઓમાં મુખ્ય.

૪. સંઘ સંસદના સભ્યપદ માટે ઉમેદવાર.

Gandhi Heritage Portal

લેન સાથે લગભગ અડધો કલાક ગાળ્યો. તેમણે મારા ખરડા પર નજર ફેરવીને કેટલાક ફેરફાર[૧] સૂચવ્યા. હું આશા રાખું છું કે આજે રાત્રે એ ટાઇપ કરીને તેમને ટપાલમાં રવાના કરી શકીશ અને તમને નકલ મોકલી શકીશ.

સંઘની[૨] કમિટીની સભામાં જાઉં છું.

તમારો સહૃદયી
મો. ક. ગાંધી

[મૂળ અંગ્રેજી]

ગાંધીજીના હસ્તાક્ષરમાં લખાયેલી મૂળ પ્રતની છબી પરથી: એસ. એન. ૧૪૨૩

૧૨. ઈ. એફ્. સી. લેનને પત્ર

મિ. ગાંધીની રજૂઆતો
બિલ સુધારવા સંબંધમાં છેલ્લી નકલ[૩]

૭, બ્યુટનસિંગલ [સ્ટ્રીટ,]
કેપટાઉન,
એપ્રિલ ૭, ૧૯૧૧

પ્રિય મિ. લેન,

આપણી વચ્ચે થયેલ વાતચીત[૪] મુજબ ટ્રાન્સવાલની લડતનું સમાધાન કરવા માટેની મારી સૂચનાઓ હું લેખિતવાર કરું છું.

(૧)

નવા બિલમાં ૨૭મી કલમ પછી જે કલમ ઉમેરવા જનરલ સ્મટ્સે ઘડી છે તેને સુધારી નીચે મુજબ કરવી:

ટ્રાન્સવાલના ૩૬મા કાયદામાં અને **ઑરેન્જ ફ્રી સ્ટેટ કૉન્સ્ટિટ્યૂશનના ૩૩મા પ્રકરણમાં** ગમે તે વિરુદ્ધતા છતાં, જે માણસ નવા કાયદાની ૪થી કલમ, પેટાકલમ(એ)ની વર્ણવેલ શરતો પાળવાથી યુનિયનમાં દાખલ થઈ શકે તે માણસને ટ્રાન્સવાલના મજકૂર કાયદા તળે **અને મજકૂર પ્રકરણની ૧લીથી ૬ઠ્ઠી કલમ તળે** રજિસ્ટર થવું ન પડે.

મોટા [કાળા] અક્ષરે લખેલા શબ્દો જનરલ સ્મટ્સની કલમમાં મારા તરફના સૂચવાયેલા ઉમેરા તરીકે છે.

જો આમ સુધારો કરવામાં આવે, ને જો હાલના હકોનું, ખાસ કરીને કાયદેસર રહીશ અને ઇમિગ્રન્ટોનાં બાઈડી છોકરાંનું, ચોખ્ખી રીતે રક્ષણ કરવામાં આવે, તો એ બિલ સત્યાગ્રહીઓ માટે સ્વીકારવા લાયક થાય. કેપ અને નાતાલના હિંદીઓએ જે ખાસ વાંધાઓ ઉઠાવ્યા છે તે

૧. આ પછીના લેખમાંના વિભાગ (૧) અને (૨)માં જણાવેલા ફેરફાર.
૨. કેપ બ્રિટિશ ઇન્ડિયન યુનિયન; જુઓ પુસ્તક ૧૦, પા. ૫૬૧-૨.
૩. અંગ્રેજીમાં 'છેલ્લી નકલ' શબ્દો ગાંધીજીના હસ્તાક્ષરમાં છે.
૪. જુઓ "એલ. ડબ્લ્યુ. રિચને પત્ર", પા. ૮-૯.

Gandhi Heritage Portal

ઉપર હું કાંઈ ટીકા કરતો નથી, પણ મને લાગે છે કે તે ઉપર સંભાળપૂર્વક અને ઉદાર રીતે વિચાર કરવો જ પડશે.

(૨)

સમાધાની કરવાના બીજા રસ્તા તરીકે હું નીચેનું સૂચવું છું:

(૧) આ બિલને પડતું મૂકવું.

(૨) ટ્રાન્સવાલનો ૧૯૦૭નો[૧] ૧૫મો કાયદો સુધારવા એક બિલ દાખલ કરવું; તેમાં

(એ) ટ્રાન્સવાલનો ૧૯૦૭નો[૨] ૨જો કાયદો રદ કરવો. ટ્રાન્સવાલના કાયદેસર રહીશ સગીરોના રજિસ્ટ્રેશનને લાગુ પડે છે તેટલે દરજ્જે અપવાદ રાખવો. (આ શબ્દો નવા બિલની પુરવણી ઉપરથી હું ટાંકું છું. આ બારીનો હું એવો અર્થ કરું છું કે રજિસ્ટર થયેલ એશિયાટિકોના સગીર છોકરાઓ, તેઓ ગમે ત્યાં હોય છતાં, ટ્રાન્સવાલમાં દાખલ થવા શક્તિમાન થાય, અને ૧૬ વરસની ઉંમરે પહોંચતાં રજિસ્ટ્રેશન માટે લાયક, અને હકદાર ગણાય.)

(બી) જો પરીક્ષા આકરી કરવા જરૂર જણાય તો તેમ કરવા માટે ૧૯૦૭ના ૧૫મા કાયદાની કેળવણીની કલમને બદલે નવા બિલની ૪થી કલમની પેટા કલમ (એ) મૂકવી.

(સી) ૧૯૦૭ના ૧૫મા કાયદાની ૨જી કલમની ૪થી પેટાકલમ રદ કરવી.

(ડી) નવા બિલમાં ઉમેરવા જનરલ સ્મટ્સે જે ૨૮મી કલમ ઘડી છે તેને ઉમેરવી. અલબત્ત આ રસ્તો લેવા માટે તે કલમમાં મેં સુધારો સૂચવ્યો છે તે નહીં આવે, પણ તે તો નવા બિલ વડે રસ્તો લેવો હોય તો જ જોઈએ.

મારા મત પ્રમાણે આ બીજો રસ્તો લેવાનું સરલમાં સરલ છે. તેમાં ફ્રી સ્ટેટ સંબંધી કાંઈ સવાલ ઊભો થતો નથી; અને જો આ રસ્તો જનરલ સ્મટ્સ કબૂલ કરે તો સત્યાગ્રહની લડત બંધ થાય એટલું જ નહીં, પણ હિંદી કોમનો સંપૂર્ણ ટેકો મળે.

છતાં આનો અર્થ એવો નથી થતો કે બીજી ઘણી બાબતોમાં પોતાની સ્થિતિ સુધારવાનાં પગલાં લેવાનો પોતાનો હક હિંદી કોમ જતો કરે છે.

તમારો સહૃદયી
મો. ક. ગાંધી

[મૂળ ગુજરાતી]
ઇન્ડિયન ઓપીનિયન, ૧૫–૪–૧૯૧૧

૧. ટ્રાન્સવાલ ઇમિગ્રન્ટ્સ રિસ્ટ્રિક્શન ઍક્ટ; ૧૯૦૭ના એશિયાટિક રજિસ્ટ્રેશન ઍક્ટને દૂર કર્યા વગર આ કાયદો ૧૯૦૮ના જાન્યુઆરીથી અમલમાં મૂકવામાં આવ્યો હતો, અને એની સામે ૧૯૦૮નું સત્યાગ્રહ આંદોલન ઉપાડવામાં આવ્યું હતું. બિલના પાઠ માટે જુઓ પુસ્તક ૭, પા. ૪૫૬–૬૦ અને ઍક્ટના પાઠ માટે જુઓ પુસ્તક ૮, પા. ૪૬૧–૫.

૨. ધિ ટ્રાન્સવાલ એશિયાટિક રજિસ્ટ્રેશન ઍક્ટ; આ ઍક્ટ ટ્રાન્સવાલના સ્વશાસિત કૉલોનીએ ૧૯૦૭ના માર્ચની ૨૨મીએ પસાર કર્યો અને ૧૯૦૭ના મેની ૭મીએ તેની શાહી મંજૂરી મળી. ૧૯૦૬ના ગાંધી–અલી ડેપ્યુટેશનના વિરોધને કારણે શાહી સરકારે નામંજૂર કરેલા અગાઉના એશિયાટિક લૉ એમેન્ડમેન્ટ ઑર્ડિનન્સનું લગભગ પુનર્નિર્માણ કરતો આ ઍક્ટ હતો. એ બંનેમાં બીજી બાબતો ઉપરાંત એશિયાટિકોની ફરજિયાત નોંધણી કરવાની અને તેમનાં પ્રમાણપત્રો ઉપર આંગળાની છાપ આપવાની શરત હતી.

Gandhi Heritage Portal

૧૩. એલ. ડબ્લ્યુ. રિચને પત્ર

૭, બ્યુટનસિંગલ [સ્ટ્રીટ,]
કેપટાઉન,
એપ્રિલ ૭, ૧૯૧૧

પ્રિય રિચ,

મિસ શ્લેશિનને[૧] કહેજો કે છેલ્લા બે દિવસથી ત્યાંથી મને કોઈ પત્રો મળ્યા નથી. હું માની લઉં છું કે તેણે સોમવારે ને મંગળવારે પત્રો લખ્યા નથી. પણ મને શક જાય છે કે પત્રો કદાચ ગેરવલ્લે ગયા હોય.

આની સાથે લેન પરનો મારો પત્ર[૨] મોકલું છું. ગઈ કાલે લેન સાથે લાંબા સમય સુધી વાતો થઈ. હું જે ખરડો લઈ ગયો હતો તેમાં તેણે ફેરફારો સૂચવ્યા. એ સુધારા સાથેની નકલ તમને મોકલું છું. તમને જાણીને આનંદ થશે કે આ નકલ મેં ટાઈપ કરી છે. હીરાનંદનું ટાઈપ-રાઇટર માગી લાવ્યો છું. આ પત્ર હું લેનની ઑફિસમાં પૂરો કરી રહ્યો છું. છેલ્લું વાકય[૩] કાઢી નાખવાનું તેમણે સૂચવ્યું, કારણ કે તેમના ખ્યાલ મુજબ એનો અર્થ ધમકી કહેવાય. મેં કહ્યું કે એ વાકય છોડી શકાય એમ નથી. મેં એ પણ સ્પષ્ટ કહ્યું કે જ્યાં સુધી સ્ત્રીઓ પર કર નાખવામાં આવે અને ટ્રાન્સવાલમાં હિંદીઓ જમીન વગેરે મિલકત રાખી ન શકે ત્યાં સુધી હું જંપીને બેસી શકું તેમ નથી. મેં એ પણ ચોખ્ખેચોખ્ખું કહી દીધું કે જો કલાર્કસ-ડૉર્પમાં સુવર્ણ કાનૂન હેઠળ મુકદ્દમા[૪] ચલાવવામાં આવશે તો હું સત્યાગ્રહ કરવાની સલાહ આપતાં અચકાઈશ નહીં. અમે એકબીજા સાથે ખૂબ છૂટથી વાત કરતા હતા. મારી સહીવાળો સુધારેલો પત્ર જોશો. તેમાં કોઈ મહત્ત્વનો ફેરફાર નથી. તેની બીજી નકલ લેનની ઑફિસમાં ટાઈપ કરી. તેમણે મને તદ્દન ખાનગીમાં એક વાત કહી કે આ બીજા નંબરનું સમાધાન સ્વીકારી લેવામાં આવશે; જોકે તેઓ કહે છે કે જે. સી. એસ. હજી ફ્રી સ્ટેટવાળાઓ સાથે મસલત કરી રહ્યા છે. તેઓ મારા પત્રની ખૂબ આતુરતાથી રાહ જોતા હતા. એ પત્ર લઈને જવામાં મને

૧. સોંન્જ શ્લેશિન : "સ્ફટિકમણિ જેટલી પવિત્રતાવાળી અને ક્ષત્રીને અંન્તવે એવી વીરતાવાળી" એક યહૂદી બાળા. ૧૬ વર્ષની ઉંમરે તેણે સ્ટેનોટાઇપિસ્ટ તરીકે ગાંધીજી સાથે કામ કરવાનું શરૂ કર્યું, અને ઘણાં વરસ સુધી તેમના અંગત મંત્રી તરીકે રહી. "જ્યારે અમે બધા જેલમાં હતા, જવાબદાર પુરુષ ભાગ્યે કોઈ બહાર હતો, ત્યારે તે એકલી આખી લડતને સંભાળી રહી હતી. લાખોના હિસાબ તેના હાથમાં, બધો પત્રવ્યવહાર તેના હાથમાં, ને ઇન્ડિયન ઓપીનિયન પણ તેના હાથમાં, એવી સ્થિતિ હતી. પણ તેને થાક નહોતો લાગ્યો. તે સ્ત્રી-મતાધિકારની પ્રબળ હિમાયતી અને ટ્રાન્સવાલ હિંદી મહિલા મંડળનો પ્રાણ હતી. જુઓ : દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહનો ઇતિહાસ, પ્રથમ ખંડ, પ્રકરણ ૨૩, તથા આત્મકથા, ભાગ ૪, પ્રકરણ ૧૨.

૨. ૭-૪-૧૯૧૧નો પત્ર, જેની નકલ રિચને મોકલવાનું ગાંધીજીએ પોતાના છઠ્ઠી એપ્રિલના પત્રમાં વચન આપ્યું હતું. પા. ૯-૧૦.

૩. જુઓ આ પહેલાંનો લેખ.

૪. જુઓ "મૉડ પોલાકને લખેલા પત્રનો અંશ", પા. ૫-૬.

Gandhi Heritage Portal

જરા મોડું થયું, કારણ કે ગઈ રાત્રે હું સ્માર્ટ[૧] સાથે વાતચીતમાં રોકાયેલો હતો, જેમણે મારી વાત બહુ ધીરજપૂર્વક સાંભળી. સવારમાં કેમ્પબેલ ઍન્ડર્સન આવ્યા એટલે કામ અટકયું. આ લખું છું ત્યાં સુધી તો મને વિશ્વાસ છે કે બીજી દરખાસ્ત[૨] થોડા દિવસમાં કાયદો બની જશે.

મેં સમસ્ત કોમની મંજૂરીની વાત કરી એટલે મંજૂરી[૩] માટે તમને તાર કર્યો. જોકે આ વસ્તુને ત્યાં, અહીં અને નાતાલમાં કયારનીયે મંજૂરી મળી ગઈ છે. નાતાલે તો વળી મર્યાદા વટાવીને કેપના ઠરાવોની મંજૂરીનો તાર પણ કરી દીધો છે.

આ સંજોગોમાં હું હમણાં અહીંથી બિલકુલ નીકળવાનો નથી. ખરું જોતાં મને તમારી પરવાનગી મળી હોત તોપણ, સભ્યોને મળી લેતાં સુધી હું અહીંથી નીકળી શકયો ન હોત.

ટાઇમ્સમાંથી કાપલી[૪] મોકલું છું એમાં તમે જોશો કે સ્મટ્સે એક નવા ઉકેલનો ઇશારો પહેલેથી જ કરી રાખ્યો છે.

લંડનની ટપાલ[૫] કાલે બપોરે મળશે એવી આશા છે.

અબદુલ રહેમાને[૬] સ્માર્ટ સાથે મારી ઓળખાણ કરાવી હતી. બંને મિત્રો હોય એવું દેખાય છે. હું કર્નલ ક્રૂને પણ મળ્યો, જોકે અબદુલ રહેમાન એ મુલાકાત સુધી રોકાયા નહીં.

આ પત્ર તમે ત્યાં નેતાઓને તો સમજાવશો જ એવું હું માની લઉં છું.

તમારો. સહૃદયી
મો. ક. ગાંધી

[મૂળ અંગ્રેજી]

ગાંધીજીના હસ્તાક્ષરમાં લખાયેલ મૂળ પત્રની છબી પરથી: એસ. એન. ૫૪૨૮

૧. સર ટૉમસ સ્માર્ટ; ૧૯૨૦ના પ્રધાનમંડળમાં કૃષિ ખાતાના પ્રધાન; યુનિયનિસ્ટ પાર્ટી જે પાછળથી સાઉથ આફ્રિકા પાર્ટીમાં વિલીન થઈ તેના સભ્ય.

૨. જુઓ "ઈ. એફ. સી. લેનને પત્ર", પા. ૧૦–૧.

૩. જુઓ "જોહાનિસબર્ગની ઑફિસને તાર", પા. ૧૪.

૪. મળી નથી.

૫. ઇંગ્લંડથી ટૉલ્સ્ટૉય ફાર્મમાં આવેલી અને ત્યાંથી ગાંધીજીને કેપટાઉન મોકલેલી ટપાલ.

૬. ડૉ. અબદુલ રહેમાન, જન્મે મલાયી, કેપટાઉનના એક જાણીતા ડૉકટર; આફ્રિકન પૉલિટિકલ ઑર્ગેનાઈઝેશનના પ્રમુખ; કેપટાઉન મ્યુનિસિપાલિટી તથા યુનિયન પહેલાંની કેપ વિધાનસભાના સભ્ય; ૧૯૦૯માં "બિનગોરા લોકોના પ્રતિનિધિમંડળ" સાથે ઇંગ્લંડ ગયા, જુઓ પુસ્તક ૯, પા. ૩૨૭–૮; ૧૯૧૦ના ફેબ્રુઆરીમાં કેપટાઉનની મ્યુનિસિપલ કાઉન્સિલમાં ઇંગ્લંડના યુવરાજનું સ્વાગત કરવાની દરખાસ્તનો વિરોધ કર્યો અને કહ્યું: હું તેને શોકનો દિવસ માનીશ. જુઓ પુસ્તક ૧૦, પા. ૧૯૧ અને ૧૯૭ તથા દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહનો ઇતિહાસ, પ્રથમ ખંડ, પ્રકરણ ૨.

Gandhi Heritage Portal

૧૪. જોહાનિસબર્ગની ઑફિસને તાર

કેપટાઉન,
એપ્રિલ ૭, ૧૯૧૧

ગાંધી
જોહાનિસબર્ગ

મારો પત્ર[૧] જોશો. મંત્રીએ ટ્રાન્સવાલ કાયદામાં, ૧૯૦૭નો એશિયાટિક ઍક્ટ રદ કરવાના, સગીર બાળકોને રક્ષણ આપવાના અને શિક્ષિત ઇમિગ્રન્ટોને ૧૯૦૮ના ઉદ્દમા કાનૂનના[૨] અમલમાંથી મુક્ત કરવાના સુધારાને સંતોષકારક માન્યો છે. કાછલિયા[૩] અને બીજાઓને મળ્યો. મંજૂરીનો તાર મોકલો. આવતા અઠવાડિયા પહેલાં અહીંથી નીકળવાનો નથી.

[મૂળ અંગ્રેજી]

મૂળ તારની છબી પરથી: એસ. એન. ૫૪૩૧

૧૫. જોહાનિસબર્ગની ઑફિસને તાર

કેપટાઉન,
એપ્રિલ ૭, ૧૯૧૧

ગાંધી
જોહાનિસબર્ગ

ક્રિશ્ચિયન બોથાએ એવો સુધારો મૂક્યો છે કે બિલની કોઈ કલમથી ઑરેન્જ્યા કાનૂનની ૩૩મી કલમનો કોઈ પણ ભાગ રદ થશે નહીં. આથી બીજું સમાધાન[૪] સ્વીકારાય એવો સંભવ છે.

[મૂળ અંગ્રેજી]

મૂળ તારની છબી પરથી: એસ. એન. ૫૪૩૧

૧. જુઓ "ઈ. એફ. સી. લેનને પત્ર", પા. ૧૦–૧.

૨. ટ્રાન્સવાલ એશિયાટિક રજિસ્ટ્રેશન કાનૂન, જે ૧૯૦૮ના ગાંધી–સ્મટ્સ સમાધાનને પરિણામે અસ્તિત્વમાં આવ્યો હતો, પરંતુ હિંદીઓએ તેનો વિરોધ કરવાનું ચાલુ રાખ્યું હતું. કારણ કે સમાધાનમાં નક્કી થયેલી બાબતો તેઓ જે રૂપમાં સમજ્યા હતા તે રૂપમાં તેમાં દાખલ કરવામાં આવી નહોતી.

૩. અહમદ મહમદ કાછલિયા; "ખપ પૂરતું અંગ્રેજી જ્ઞાન" સાથે શરૂઆતમાં દુભાષિયાનું કામ કરતા હતા. ફેરી અને વેપાર પણ કરતા હતા. ૧૯૦૭ના જૂનની ૩૦મી તારીખે એશિયાઈ લૉ ઍમેન્ડમેન્ટ કાનૂનનો વિરોધ કરવા ભરાયેલી હિંદીઓની જાહેર સભામાં તેમણે પ્રથમ વાર ભાષણ આપ્યું; ૧૯૦૮ના સપ્ટેમ્બરમાં, ઈસપ મિયાં પછી બ્રિટિશ હિંદી સંઘના અધ્યક્ષ થયા; "કોમને અર્થે તેમણે સર્વસ્વ હોમ્યું હતું," અને ગોરા વેપારીઓ, જેઓ સત્યાગ્રહી વેપારી સાથે વહેવાર રાખવા ઇચ્છતા ન હોઈ પોતાની લેણી રકમ માટે તગાદો કરતા હતા તેમનું લેણું ચૂકવી દેવા માટે પોતાના ધીકતા ધંધાનું લિલામ થવા દીધું. "છેવટ સુધી કોમની સેવા કરતાં કરતાં જ" સન ૧૯૧૮માં તેમનું અવસાન થયું. જુઓ પુસ્તક ૯, પા. ૧૪, ૩૬–૭ અને ૧૭૯–૮૦ તથા દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહનો ઇતિહાસ, પ્રથમ ખંડ, પ્રકરણ ૧૬.

૪. જુઓ "ઈ. એફ. સી. લેનને પત્ર", પા. ૧૦–૧.

Gandhi Heritage Portal

૧૬. ઈ. એફ. સી. લેનને પત્ર

[૭, બ્યુટનસિંગલ [સ્ટ્રીટ,]
કેપટાઉન,
એપ્રિલ ૮, ૧૯૧૧

ડરબન[૧] અને જોહાનિસબર્ગ[૨] કરેલા મારા તારોના જવાબો હવે મને મળ્યા છે.

ડરબનથી કૉંગ્રેસનો તાર નીચે મુજબ છે:

આભાર માનીએ છીએ. જો નવું બિલ પાછું ખેંચાય અને સમાધાની કરવા માટે ટ્રાન્સવાલના કાયદામાં ફેરફાર કરવામાં આવે તો નાતાલના હિંદીને સંપૂર્ણ સંતોષ થાય.
કેપના હિંદીઓ અત્યાર પહેલાં જ નિવેડાના આ માર્ગ સૂચવી ચૂકયા છે.

જોહાનિસબર્ગથી બ્રિટિશ ઇન્ડિયન ઍસોસિયેશન જણાવે છે કે
તમારા તાર મળ્યા છે અને તે ઉપર ચર્ચા કરી છે. થોડાક કેળવાયેલા એશિયાટિકોને દાખલ થવાના હકનો બંદોબસ્ત કરવામાં આવશે એવું અમે માનીએ છીએ. જો એમ હોય તો, સમાધાનીને અમારી પૂરેપૂરી અનુમતિ છે. નિવેડો થઈ જાય ત્યાં સુધી કેપટાઉન છોડશો નહીં.

મોકલનાર
ચૅરમૅન
કાછલિયા

બધો વખત કુદરતી રીતે હું માનતો આવ્યો છું કે બેમાંથી ગમે તે રસ્તો કબૂલ થાય તેમાં ટ્રાન્સવાલ માટે દર સાલ અમુક સંખ્યામાં જે કથી વધુ ન થઈ શકે—એશિયાટિકોને કેળવણીની પરીક્ષા પાસ કરવા દેવામાં આવશે, અને યુનિયનની વાત હોય તો તે યુનિયનમાં ને ટ્રાન્સવાલની વાત હોય તો ટ્રાન્સવાલમાં દાખલ થવા દેવામાં આવશે.

હું જોઉં છું કે મિ. ક્રિશ્ચિયન બોથાએ બિલમાં દાખલ કરવા એક સખત સુધારો[૩] રજૂ કર્યો છે, જે સુધારો હિંદીની દૃષ્ટિથી અસંભવિત છે.

[મૂળ ગુજરાતી]
ઇન્ડિયન ઓપીનિયન, ૧૫–૪–૧૯૧૧

૧. આ મળતો નથી.
૨. જુઓ "જોહાનિસબર્ગની ઑફિસને તાર", પા. ૧૪.
૩. જુઓ આ પહેલાંનો લેખ.

Gandhi Heritage Portal

૧૬(૧). સત્યાગ્રહનું બળ

આવતી સાલ ગોરાઓને નાતાલના પોલટૅક્સમાંથી મુક્ત કરવા તિજોરી ખાતાના પ્રધાન યુનિયન પાર્લમેન્ટમાં બિલ રજૂ કરવાના છે, એવા ખબર પર ગયા અંકમાં અમે ટીકા કરી ગયા છીએ. ત્યાર પછી જે બન્યું છે, તે હિંદીઓએ ખાસ ધડો લેવા લાયક છે. એ બિલની સામે નાતાલ ઇન્ડિયન કૉંગ્રેસે તાર કર્યો કે જો એ કોમી ભેદવાળું પગલું લેવામાં આવશે, તો હિંદી કોમ સત્યાગ્રહ ધારણ કરશે. આની અસર તાત્કાલિક થઈ. બીજે જ દિવસે યુનિયન સરકારને પોતાની દરખાસ્ત પાછી ખેંચી લેવાનો નિશ્ચય પાર્લમેન્ટમાં જાહેર કરવો પડ્યો છે. આ કરતાં સત્યાગ્રહના બળનો વધારે મજબૂત પુરાવો બીજો હોઈ શકે? આવું બળવાન હથિયાર કોમને બતાવવા માટે ટ્રાન્સવાલના બહાદુર હિંદીઓને શાબાશી ઘટે છે. આ હથિયારની કસોટીમાં તેમણે જે અડગપણું બતાવ્યું છે તેથી — તેમની લડતનો અંત નથી આવ્યો છતાં — હિંદી કોમનો મોભો બહુ વધી ગયો છે, તે આ પોલટૅક્સનું બિલ પાછું ખેંચવાનું દૃષ્ટાંત સચોટ રીતે બતાવે છે. હિંદીનો બોલ તે ન ફેરવી શકાય એવું વાકય ગણાવા લાગ્યું છે. હિંદીઓ માગશે તે લીધા વગર રહે તેમ નથી, એમ રાજકર્તાઓને જણાવા માંડ્યું છે. આશા છે કે હિંદી કોમ આ શાખ બરાબર જાળવશે અને પોતાના હક પર જ્યારે જ્યારે તરાપ પડે ત્યારે આમ જ પગલાં લેશે, અને તે દૂર ન થાય તો તેની સામે મરણપર્યંત લડવા સદા તૈયાર રહેશે. રાજ્યકારોબારીઓનું એક સૂત્ર છે કે "લડાઈ માટે સદા તત્પર રહેવું, એ સુલેહશાંતિ ભોગવવાનો પ્રથમ માર્ગ છે." દક્ષિણ આફ્રિકાના હિંદીઓએ પણ આ જ સૂત્ર હૈડે ધરવાનું છે કે જો તેમણે આ મુલકમાં સુખે રહેવું હોય તો સત્યાગ્રહથી લડવા માટે સદા તત્પર રહેવું જોઈએ. તેમ લડવાના સાચા નિશ્ચય વગર અરજીઓ પર દાદ મળવાની નથી. આ ટ્રાન્સવાલની લડતને લીધે સંપૂર્ણ રીતે શિખાયું છે. હવે છેલ્લી ઘડીએ આ અનુપમ લડતમાં ફતેહ મેળવવામાં બિલની અંદર જે વાંધો પડ્યો છે, તે પર મજબૂત રહેવાની જરૂર સહુ હિંદીને સમજાશે.

[મૂળ ગુજરાતી]

ઇન્ડિયન ઓપીનિયન, ૮–૪–૧૯૧૧

Gandhi Heritage Portal

6480 22 MAY 1909

૧૭. એલ. ડબ્લ્યુ. રિચને પત્ર

૭, બ્યુટનસિંગલ [સ્ટ્રીટ,]
કેપટાઉન,
એપ્રિલ ૮, ૧૯૧૧

પ્રિય રિચ,

તમારો પત્ર મળ્યો. માઉન્ટિન વ્યૂમાં[૧] તમે બરાબર ગોઠવાઈ ગયા હશો. હું આશા રાખું છું કે તમે અને હેરલ્ડ[૨] બંને થોડું બગીચાનું કામ કરતા હશો. ખાસ કરીને હેરલ્ડ તો કરતો જ હશે.

પાછા આવતાં એક દિવસ કિમ્બર્લીમાં રોકાવાનો પ્રયત્ન કરીશ, કોંકણીઓ[૩] વિષે નુરુદ્દીનને વાત કરીશ.

બોથાનો સુધારો[૪] આ પ્રમાણે છે :

આ કાયદાની ૨૮મી કલમ અથવા બીજી કોઈ કલમથી ઑરેન્જ ફ્રી સ્ટેટ પ્રાંતની કાયદા-પોથીના ૩૩મા પ્રકરણની કોઈ પણ જોગવાઈઓ રદ થશે નહીં.

આનો ખ્યાલ કરો! અને તે પણ મને બધી જાતની ખાતરી આપ્યા પછી! છતાં હું તો રાજી થયો છું. આ સુધારો બિલને ખતમ કરે છે અને જનરલ સ્મટ્સ આ પ્રશ્નનો ઉકેલ લાવવા માગતા હોય તો ટ્રાન્સવાલ કાનૂનમાં સુધારો કર્યા વગર તેમનો છૂટકો નહીં થાય.

આજે હું કોઈ સભ્યોને મળી શક્યો નથી. લાહોરવાળા રેવરંડ ઑલમેટે સવારનો બધો સમય લીધો. તે બિશપ લેફ્રૉયના માણસ છે અને પોલાક હિંદુસ્તાનમાં હતા ત્યારે તેમણે કંઈક કામ કર્યું હતું.

સાથેના પત્ર[૫] પરથી તમે જોશો કે મેં બ્રિ. હિં. સંઘના તથા નાતાલ કૉંગ્રેસના તારનો ઉપયોગ કર્યો છે.

સોરાબજીએ પાછી લંડન જવાની વાત ઉપાડી છે. જો હું જાઉં જ, તોપણ, મને ચોક્કસ લાગે છે કે, મારી સાથે એક મુસલમાન હોવો જોઈએ. આમાં ત્રણ હેતુ રહેલા છે. એથી અહીં કોમને સંતોષ થશે, લંડનમાં પ્રતિનિધિઓનું વધુ વજન પડશે અને હિંદમાં તેની ઘણી સારી અસર થશે અને ચોથું મિ. કાછલિયા, જેમના જેવા માણસો મુસલમાનોમાં ગણ્યાગાંઠ્યા છે, તેમને સારી તાલીમ મળશે. પણ આવતે અઠવાડિયે જો બિલ ધારાસભામાં લાવવામાં નહીં આવે તો હું જઈ જ કેવી રીતે શકું તે મને સમજાતું નથી. કૉન્ફરન્સની[૬] તારીખથી મારે એક

૧. જોહાનિસબર્ગમાં કૅલનબૅકનું મકાન.
૨. રિચનો પુત્ર.
૩. હિંદના પશ્ચિમ કિનારેથી આવેલી કોંકણી નામની એક મુસ્લિમ કોમ; કિમ્બર્લીમાં ઇન્ડિયન પૉલિટિકલ ઍસોસિયેશન સાથે એ સહકાર કરતી નહોતી. ગાંધીજીએ કેપટાઉનના આ કોંકણી નેતા નુરુદ્દીનને વચ્ચે પડવા કહ્યું.
૪. જુઓ "જોહાનિસબર્ગની ઑફિસને તાર", પા. ૧૪ તથા આ પહેલાંનો લેખ.
૫. જુઓ "ઈ. એફ. સી. લેનને પત્ર", પા. ૧૫.
૬. શાહી કૉન્ફરન્સ; જુઓ "એલ. ડબ્લ્યુ. રિચને પત્ર", પા. ૬-૮.

Gandhi Heritage Portal

અઠવાડિયું પહેલાં લંડન પહોંચી જવું જોઈએ. હું ફિનિક્સ જાઉં જ નહીં, જોહાનિસબર્ગ પણ ન આવું અને દોડાદોડ કરું તો જવાનું બને. આ બધી વહેવારુ મુશ્કેલીઓનો વિચાર કરજો. તમને અત્યાર સુધીમાં વકીલાતનું કાંઈ કામ મળ્યું ખરું? સૉલિસિટર તરીકે તમે શપથ લઈ લીધા? લૉ સોસાયટીને ખબર આપી?

તમારો સહૃદયી
મો. ક. ગાંધી

[મૂળ અંગ્રેજી]
ગાંધીજીના હસ્તાક્ષરમાં લખાયેલા મૂળ પત્રની છબી પરથી : એસ. એન. ૫૪૩૭

૧૭(૧). જોહાનિસબર્ગનો પત્ર

મિ. સુંદરજી રણછોડ

ને છૂટતાંવત જ પકડેલ છે. તેમનો કેસ તા. ૧૩મીએ છે.

ચીનાનો જુસ્સો

ક્રૂગર્સડૉર્પ ખાતે આહકુન નામના ચીના વેપારીને રજિસ્ટ્રેશન સર્ટિફિકેટ ન હોવા માટે પકડેલ. તેણે કોર્ટમાં જઈને ગુનો કબૂલ કર્યો, અને બેધડક રીતે કહ્યું કે મેં તે બાળી નાંખ્યું છે. આઠ દિવસમાં રજિસ્ટર થવાની નોટિસ આપીને તેને છોડી મૂકયો.

બૉકસબર્ગ

ના એશિયાટિક બજાર અને નેટિવ લોકેશનના કેટલાક ભાગમાં બત્તી પૂરી પાડવા માટે પા. ૬૦૦ સુધીનું ખર્ચ કરવામાં આવશે એવું ઈસ્ટ રેન્ડ એક્સપ્રેસ જણાવે છે.

ફાર્મ પર ભેટો

મિ. અલીભાઈ આકુજી તરફથી બે ઈજારો મળી છે. મિ. એ. ઈ. છોટાભાઈએ એક સૂટ ભેટ મોકલેલ છે. વીરીનિગિંગવાળા મિ ઈ. એમ. પટેલ તરફથી એક પારસલ મળ્યું છે. તેમાં ઓઢવાની રગો તથા બ્લૅન્કેટો છે. હાલમાં ઠંડી શરૂ થઈ ગઈ છે, અને ફાર્મમાં ઓઢવાની ચીજોની ઘણી જ તંગી છે, અને તેથી આ પારસલ બહુ જ આવકારદાયક છે. મિ. પટેલે મહેનત લઈને ઉઘરાવી છે. બ્લૅન્કેટ્સોની ઘણી જ જરૂર હોવાથી મિ. પટેલની માફક બીજાં ગામોમાંથી પણ બીજા સાહેબો કોશિશ કરીને મોકલશે તો ફાર્મમાં બહુ જ ઉપયોગી થઈ પડશે.

ઉપરના પારસલમાં મોકલનાર સાહેબનાં નામ અને ચીજોની તપસીલ નીચે મુજબ છે : મેસર્સ મહમદ ઈસપ ગઠુ આર્મી બ્લૅન્કેટ નં. ૨, ઈ. એમ. પટેલ આર્મી બ્લૅન્કેટ નં. ૨, ઈ. એમ. અસ્વાત આર્મી બ્લૅન્કેટ નં. ૨, આમદ ઈબ્રાહીમ આર્મી બ્લૅન્કેટ નં. ૨, સુલેમાન ઈબ્રાહીમ સુજ આર્મી બ્લૅન્કેટ નં. ૨, આમદ ઈસપ કાનમવાલા બનૂસો નં. ૨, ઈબ્રાહીમ ઈસ્માઈલ ટ્રાવેલિંગ રગ નં. ૨, કાસમ મહમદ ચુનારા કામળ નં. ૨, આમદ ઈસપ મુલ્લાં કામળ નં. ૨, સુલેમાન ઈસ્માઈલ પટેલ કામળ નં. ૨.

[મૂળ ગુજરાતી]
ઇન્ડિયન ઓપીનિયન, ૮–૪–૧૯૧૧

Gandhi Heritage Portal

૧૭(૨). વેપારીને નાબૂદ કરશે?

નાતાલ પ્રોવિન્શિયલ કાઉન્સિલમાં મિ. હ્યુલેટની દરખાસ્તથી જે ઠરાવ પસાર થયો છે તે ઉપર અમે વાંચનારનું ધ્યાન ખેંચીએ છીએ. નાતાલના ઘણા ગોરાઓને હિંદી વેપારી આંખમાં ખૂંચે છે. આગળના અનુભવથી તેઓ અટકે તેમ નથી. સત્યાગ્રહની લડતે પણ મિ. હ્યુલેટ જેવાની શુદ્ધ ઠેકાણે આણી નથી. તેમના જેવા બીજા ઘણા છે. કદાચ તેઓ એમ ધારતા હોય કે વેપારી હિંદી સત્યાગ્રહથી લડી શકે તેવા નથી. કૉંગ્રેસે પોલટૅક્સ બાબતમાં જે જુસ્સો બતાવ્યો તે વિષે તેમને શંકા હશે. મિ. હ્યુલેટના ઠરાવને હજુ બીજે ઠેકાણે પાસ થવાનું છે, ને ત્યાર બાદ જ તે વેપારીને વેપાર વિનાના કરી શકે. દરમ્યાન હિંદી વેપારીઓએ ચેતવણી લેવાની છે. સત્યાગ્રહ એ જ હિંદી કોમનો આશરો છે. સત્યાગ્રહને હિંદી કોમે પોતાનું માનીતું સાધન કરેલ છે એ ગોરાઓને સજ્જડ રીતે ઠસાવવું જોઈએ.

[મૂળ ગુજરાતી]

ઇન્ડિયન ઓપીનિયન, ૮–૪–૧૯૧૧

૧૮. જોહાનિસબર્ગની ઑફિસને તાર

કેપટાઉન,
એપ્રિલ ૮, ૧૯૧૧

ગાંધી
જોહાનિસબર્ગ

આવતે અઠવાડિયે બાબત[1] રજૂ થવાની બહુ ઓછી શકયતા.

ગાંધી

[મૂળ અંગ્રેજી]

મૂળ તારની છબી પરથી: એસ. એન. ૫૪૩૯

૧. ઇમિગ્રન્ટ્સ રિસ્ટ્રિક્શન બિલ.

Gandhi Heritage Portal

૧૮(૧). સ્વરાજ્યની ધૂન

સ્વરાજ્યની ધૂન કોને નથી લાગી! હિંદીને પણ સ્વરાજ્ય જોઈએ છે. પોતાના ઉત્તેજનને સારુ તે જાપાનનો દાખલો કુદરતી રીતે નજર આગળ રાખે છે. પણ એમ કરવામાં ખરી વસ્તુ ભૂલી જઈને છાયાને વળગાઈ જવાય છે એ ધ્યાનમાં રહેતું નથી. દરેક જણને પોતાની મમત હોય છે. એ મમત બહુ કરીને સ્વાર્થને લઈને બંધાયેલ હોય છે. તે મમત આખી કોમના – સમગ્ર દેશના – ભલાને ખાતર છોડી દેવામાં જાપાનીસ લોકોએ બહુ જબરી લાયકાત બતાવી છે. આ ખરી વસ્તુ હિંદીએ જાપાન પાસેથી શીખવાની છે. એ સિવાય બીજું બધું પડછાયારૂપ છે. જો ત્યાં સ્વતંત્ર પ્રજાકીય જીવનનું તત્ત્વ શોધવા જશો તો તેનો અંશ પણ નથી. સ્વરાજ્યની મૂળ ભાવના તો એ છે કે પોતે જ પોતાનો રાજા; આ ઉત્તમ ભાવના તો હિંદ સિવાય બીજા દેશમાં ભાગ્યે જ જોવામાં આવે છે. નવા જાપાનમાં "પોતે જ પોતાનો રાજા" એ સ્થિતિ મુદ્દલ જોવામાં નથી આવતી. ભૂતકાળે ત્યાં માણસોની સ્વતંત્રતા હશે કે નહીં એ જણાતું નથી. જાપાનમાં યોરોડઝું કોહો નામનું છાપું નીકળે છે તેમાંથી કેટલોક ઉતારો મદ્રાસ સ્ટૅન્ડર્ડમાં છપાયો છે. તેમાં કહે છે કે

> રૂસો-જાપાનીસ કરાર થયા અને કોરિયાને જાપાને પોતાની સાથે જોડી નાખ્યું ત્યારથી હિંદી વિદ્યાર્થીને જાપાન ઉપરથી ભાવ ઊઠી ગયો છે. તેમને વહેમ ગયો છે કે જાપાન પણ યુરોપના રાજ્યની જેમ પરરાજ્યોને ઓહિયાં કરી જવાની રાજનીતિને વળગે છે. તેથી તેઓ જાપાન વિરુદ્ધ વિચાર ધરાવતા થયા છે.

જો આ વાત ખરી તો તો તેમણે સત્યતા જોઈ છે તેથી તેઓને મુબારકબાદી ઘટે છે.

મદ્રાસ સ્ટૅન્ડર્ડનો ખબરપત્રી વધુ લખે છે કે

> જાપાનીસને હમણાં કંઈ ધર્મ હોય તો તે પ્રજા તરીકેની મગરૂરી છે. તેને સ્વદેશાભિમાન કહો કે રાજ્યદ્વારી ઝનૂન કહો. આ ધર્મની પૂર્ણતા થવા સારુ બીજી બધી પ્રજાઓ વિષે જાણીજોઈને અજ્ઞાનપણાથી ભરેલા એટલે ઊતરતા વિચારો બાંધવા જોઈએ. આ સ્થિતિ કાયમ રાખવા સારુ જાપાની સરકારે કેટલાક જુલમી કાયદાઓ ઘડ્યા છે. પરદેશી માલ ઉપર સખત જકાત; ખુશ્કી અને દરિયાઈ લશ્કર ઉપર હદ બહાર ખર્ચ; લોકોમાં સ્વતંત્રતાના વિચાર સહેજ પણ ઊભા થાય તેને દાબી દેવાની સરકારની ભય-ભરેલી ચિંતા; આ બધું રાજખટપટને સારુ જરૂરી થઈ પડ્યું છે. સ્વદેશાભિમાનથી માણસમાં ઉત્સાહ વધે છે તેટલે અંશે એ જરૂરી છે. પણ દિવસે દિવસે જ્ઞાન વધતું જાય છે અને 'સબી ભૂમિ ગોપાલકી' એવા વિચારો વધતા જાય છે તેવામાં આવું ટૂંક બુદ્ધિનું સ્વદેશાભિમાન ટકી શકવાનું નથી. પણ જાપાનમાં એના સિવાય બીજો કોઈ ધર્મ જોવામાં આવતો નથી. જે છે તે વહેમો અને ભવિષ્ય જોનારનું નજૂમીપાણું. ત્યાં બુદ્ધ ધર્મ દાખલ થયો તે પણ અપૂર્ણ રૂપમાં; અને રોજ રોજ તે બગડતો ચાલ્યો છે.
>
> 'ઉપરકી અચ્છી બની પણ ભીતરકી રામ જાણે' એવો આ જાપાનનો સુધારો છે! તેને આથી વધુ શું વખોડવો? પણ એથી પણ વધુ જુલમ ત્યાં પ્રવર્તાવવામાં આવ્યો છે. સ્પેનમાં ફેરર નામના સોશિયેલિસ્ટને ફાંસી દીધી તેને સુધરેલી દુનિયાએ પસંદ નથી કર્યું; પણ ડૉકટર કોટોકુ, તેની ઓરત અને બીજા કેટલાકો જાપાનમાં સોશિયેલિસ્ટ હિલચાલ કરતા જણાયા તેટલા વાસ્તે એ બધાંને ફાંસીને લાકડે! એકસામટાં! એથી તો હદ વળી. સાધુ-ફકીરો કોઈ રાજાને તાબે નથી; એઓ કાયદાની સત્તાથી દૂર છે.

Gandhi Heritage Portal

એમની શિખામણ પણ રાજાની સત્તા કરતાં ઈશ્વરી સત્તાને કબૂલ કરાવવાવાળી હોય છે. છતાં તેઓ કંઈ રાજાની સામે હોતા નથી, પણ તોફાની, ઝનૂની અને ટૂંકબુદ્ધિના માણસોનાં કામ રાક્ષસી હોય છે. તેઓ રાજ્ય વિરુદ્ધ છે એ વાત ખરી છે. પણ આ બે વર્ગ વચ્ચે જાપાનીસો તફાવત ન જોઈ શકે એ તેમની કેવી કમઅક્કલ! ડૉ. કોટોકુ નીતિમાન, બુદ્ધિમાન અને ધાર્મિક હતો. યુરોપમાં જેમ ટૉલ્સ્ટૉયનું માન છે તેવું તેનું જાપાનમાં છે એમ કહેવાય છે. પોતાના વિચારો જણાવવામાં તેણે પ્રાણની દરકાર કરી નહોતી. આવા માણસોને પ્રજામાં ઉત્પન્ન થવા દેવા એ રસાયણ વગેરે વિદ્યાઓના જ્ઞાન કરતાં બધા દેશોમાં વધારે માનવાળું છે એ તો હજી જાપાનીઓએ શીખવાનું છે. સ્વતંત્રતા કેળવવા જતાં રાજકારભારીઓને ઘણી અડચણો વેઠવી પડે. પણ જાપાને શીખવું જોઈએ કે સ્વતંત્રતાથી જ એક પ્રજામાં બુદ્ધિમાં અને વ્યવહારમાં સાહસ કરવાની શક્તિ વધે છે. સંચાકામની શોધ પણ સ્વતંત્રતાને આભારી છે. જો જાપાને પશ્ચિમની નકલો કરી તેના ગુલામની સ્થિતિથી ઊંચે ચઢવું હશે તો પોતાના લોકોના સ્વતંત્ર વિચારો સહન કરવા પડશે.

કોઈ દેશ પોતાના જ લોકોના સ્વતંત્ર વિચાર સહન ન કરી શકે એવું કહેવું તેનાથી વધુ નિંદા તે શી હશે! એનો અર્થ એ થયો કે જાપાન સ્વરાજ્ય ભોગવતી સ્વતંત્ર પ્રજા નથી. જાપાનને પશ્ચિમના જડવાદે જીતી લીધેલ છે. જાપાનની હાર આ બાબતમાં કેવી સખત થઈ છે તેનું પ્રમાણ આ રહ્યું. બધા સુધરેલા દેશો કરતાં ત્યાં ગાંડપણનું — મગજના દર્દનું — પ્રમાણ બહુ વધારે છે. ૧૮૬૮ની સાલથી ત્યાંના લોકોની રાજદ્વારી તેમ જ સંસારી રહેણીમાં બહુ સખત ફેરફારો થઈ ગયા એ તેનું કારણ છે. બસો વર્ષ સુધી તેઓ એકાંતવાસમાં હતા; વળી ગાંડપણ, દોલતમંદ માણસોમાં વધારે છે. દારૂડિયાપણાને લીધે ત્યાં ગાંડપણ છે એવું નથી.

બ્રિટિશ શહેનશાહતનું પાયતખ્ત લંડન શહેર એકલું ૩૦ હજાર વેશ્યાઓને આશરો આપે છે; ઈંગ્લંડમાં ગાંડપણનું પ્રમાણ કૂદકે ને ભૂસકે વધતું જાય છે; ફ્રાન્સમાં જન્મપ્રમાણ ઘટતું જાય છે, તે નહીં કે માણસો ત્યાગી થતા જાય છે તે સારુ, પણ માત્ર વિષયલાલસાને ખાતર; અમેરિકા જેવા સ્વતંત્ર મનાતા દેશમાં સીદીઓને જીવતા મારી નાખવા જેવું કામ કરવાને લોકો ઝનૂની બની જાય છે; દક્ષિણ આફ્રિકામાં અમટાલીમાં કાફરનો જીવ લેવા ગોરાઓ ધસી જતા જોવામાં આવેલ છે, પશ્ચિમની દરેક પ્રજા લડાયક તૈયારીઓના અસહ્ય બોજા તળે કચરાય છે; આની — આ બધાની જડ લોભ, મોહ અને વિકારને વશ રાખવાની અશક્તિને લીધે છે, તેમ જ સ્વરાજ્ય ભોગવવાની લાયકાત કમતી થઈ જવાને લીધે છે; આવું આપણે જોઈએ છીએ, સાંભળીએ છીએ ત્યારે સ્વરાજ્ય તે શું છે એનો વિચાર કરવાની જરૂર છે. જે જે પુરાવાઓ આપણી પાસે છે તે ઉપરથી ખાતરીબંધ જણાય છે કે આપણી રાજ્યવ્યવસ્થા, આપણી વિદ્યાઓ, આપણી નીતિ અને ધર્મ એ બધાં વિકારને વશ થઈ ગયાં છે.

આપણે હિંદમાં પણ ખરું સ્વદેશી સમજ્યા નથી. ખરાં હિંદી સ્ત્રીપુરુષો પેદા થાય — હિંદી ભાવના, પ્રાચીન વિચારોથી ઓતપ્રોત, નીતિની પૂરણતાએ પહોંચવાનો પ્રયત્ન કરનારાં, આ જન્મે જ રૂહ — આત્માને ઓળખનારાં, સ્ત્રીપુરુષો પેદા થાય, એમાં જ ખરું સ્વદેશી સમાયેલું છે. એથી બીજું તે પડછાયો છે. જાપાને વૈરાગ-ફકીરીની ભાવના પેદા ન કરી પણ હિંદે તો કરી છે. એ દિવ્ય ભાવનાની ઉમદા શિખામણો બરોબર જીરવી શકાય એ બતાવી આપવું એ પણ આપણું કામ છે. બીજી બધી વસ્તુઓ ત્યારે હિંદને આપોઆપ મળી રહેશે.

[મૂળ ગુજરાતી]

ઇન્ડિયન ઓપીનિયન, ૮–૪–૧૯૧૧

Gandhi Heritage Portal

૧૮(૨). સત્યાગ્રહનું એક દૃષ્ટાંત

વિલાયતમાં નવી પાર્લમેન્ટ ચૂંટાય કે તે ખોલતાં પહેલાં દરેક મેમ્બરોને રાજ્ય તરફ વફાદારીના તખ્તની સમીપ જઈ બાઈબલ ઉપર સોગંદ ખાવાનો ધારો હતો. એક મેમ્બરે એકલા હાથે તેની સામે થવાથી તે ધારો કેવી રીતે નીકળી ગયો તે સંબંધી નીચેની હકીકત ખાસ જાણવા લાયક છે:

વિલાયતની પાર્લમેન્ટના લૉર્ડ ગ્લૅડસ્ટન જે વખતે પ્રધાન હતા, તે જ સમયમાં ચાર્લ્સ બ્રૅડલો કરીને એક મોટા પ્રજાપ્રિય સભાસદ હતા. ચૂંટણી બાદ સોગંદ લેવાનો વખત આવ્યો ત્યારે મિ. બ્રૅડલોએ પોતે નાસ્તિક મતના હોવાથી બાઈબલના કસમ ખાવાની ના પાડી. આથી તેમની જગ્યા ખાલી જાહેર કરવામાં આવી. પણ તેના પક્ષકારોએ તેને ફરી ચૂંટ્યા, અને ફરી તેને જગ્યા ન આપવામાં આવી. ત્રીજી વખત પાછી તેની ને તેની જ ચૂંટણી થઈ. આ વેળા મિ. બ્રૅડલોએ પોતાના ચૂંટનારાઓના બળ ઉપર વિશ્વાસ રાખી જબરદસ્તીથી પાર્લમેન્ટમાં પોતાની જગ્યા લીધી, અને ત્યાંથી ખસવાની ધરાર ના પાડી. તેથી હથિયારબંધ પોલીસ અમલદારની મદદ વડે તેમને જોરાવરીએ ત્યાંથી કાઢવામાં આવ્યા. પોલીસ અમલદાર પર ફરિયાદ કરવામાં આવી પણ તે કામ ન લાગી. પાર્લમેન્ટના હુકમને અન્યથા કરવાની કોઈ અદાલતની મગદૂર નહીં હતી. આથી મિ. બ્રૅડલોની જગ્યા પાછી ખાલી પડી. ચોથી વખત પણ તે વિભાગના વોટરોએ પોતાના પ્રતિનિધિ તરીકે તેમને જ ચૂંટી કાઢ્યા. પણ આ વખતે મિ. ગ્લૅડસ્ટને (જેઓ તે વખતે મુખ્ય પ્રધાન હતા) સોગંદ લેવાની રીત વિષે એક બિલ રજૂ કર્યું, અને તેથી બાઈબલના જ સોગંદ ખાવાની રીત રદ કરી તેને બદલે પોતાની ટેક ઉપર પણ લેવા વિષેની રીત દાખલ કરી. મિ. બ્રૅડલોની લોકપ્રિયતા અત્યંત વધી ગઈ, અને તેઓ મિ. ગ્લૅડસ્ટનથી બીજે નંબરે ગણાવા લાગ્યા. આ વખતે તેમણે પોતાની જગ્યા લીધી ત્યારે કાંઈ પણ અટકાયત તેમને થઈ શકી નહીં.

આ ફેરફારને લીધે જ પાર્લમેન્ટમાં દાખલ થતી વખતે મિ. દાદાભાઈ નવરોજી પારસી હોઈ અગ્નિના સોગંદ લઈ શક્યા હતા. મિ. બ્રૅડલોની બેટી, મિસિસ એચ. બી. બૉનર લખે છે કે તેના પિતાને ત્રીજી વખતે પાર્લમેન્ટમાંથી કાઢી મૂકવાને જે જબરદસ્તી વાપરવામાં આવી હતી, તેના સખત આંચકાને લીધે તેમના શરીરના બાંધા ઉપર અસર થઈ હતી, અને તેની જ અસરથી તેનું મૃત્યુ નીવડ્યું હતું.

માત્ર એક વીરલાની એકલહથ્થી લડતથી જૂજ વખતમાં કાયદો ફેરવવો પડ્યો તેના એક અનુપમ દૃષ્ટાંત તરીકે આ દાખલો તવારીખમાં સદા યાદગાર રહેશે.

[મૂળ ગુજરાતી]

ઇન્ડિયન ઓપીનિયન, ૮–૪–૧૯૧૧

Gandhi Heritage Portal

૧૯. એલ. ડબ્લ્યુ. રિચને પત્ર

[કેપટાઉન,]
રવિવાર, એપ્રિલ ૯, ૧૯૧૧

પ્રિય રિચ,

તમને અને પોલાકને[૧] લખેલા પત્રો[૨] ટપાલમાં નાખ્યા પછી મને એક મજાનો અનુભવ થયો. મને વિચાર આવ્યો કે જરા સંસદગૃહ સુધી લટાર મારું અને જોઉં કે ત્યાં શું ચાલે છે. ઑર્ડર પેપર[૩] વાંચ્યા પછી મને થયું કે હવે પાછો ચાલ્યો જાઉં. પણ થોડો વિચાર કર્યા પછી મેં ડંકનને[૪] મારું કાર્ડ મોકલવાનો નિર્ણય કર્યો. તે આવ્યા અને કહે: આપણે વાત ન કરીએ એ જ કદાચ ઠીક થઈ પડશે કારણ કે એથી લોકો માનશે કે તમે લાગવગ ચલાવી રહ્યા છો. મેં કહ્યું, "બિલકુલ નહીં. હું કયાં કયાં જાઉં છું તેની ખબર લેનને આપતો રહ્યો છું. હું કોને મળું છું ને કોની સાથે વાતો કરું છું તે તેઓ જાણે છે." તેમણે કહ્યું, "પણ તમારે ચિંતા કરવાની જરૂર નથી. મને લાગે છે કે તમારે જે જોઈએ છે તે મળી રહેવાનું છે. હવે આ સવાલનો નિકાલ આવી જવો જોઈએ." મેં કહ્યું, "પણ છેવટની પરિસ્થિતિ વિષે તમે કંઈ જાણો છો?" તેમણે કહ્યું, "હા, જનરલ સ્મટ્સે તેમના પરનો તમારો પત્ર[૫] મને બતાવ્યો હતો. મને લાગે છે કે અમે હાલનું બિલ પડતું મૂકશું અને તમે સૂચવેલો બીજા નંબરનો ઉકેલ સ્વીકારી લઈશું. પણ હવે તમે વધારે મુદ્દા ઊભા નહીં કરશો." મેં કહ્યું, "મિ. ડંકન, આમ કેમ કહો છો? તમે પોતે જ અમારી વાત બહુ યોગ્ય રીતે રજૂ કરી છે." તેમણે કહ્યું, "હા, હું જોઉં છું કે તમે મેં કહેલ વાતનો નિર્દેશ કરી રહ્યા છો પણ એ મુદ્દો તમે હમેશાં આગળ લાવ્યા નથી. મને ઘણી વાર લાગ્યું છે કે તમે તેને ગૌણ સ્થાન આપ્યું છે." મેં કહ્યું, "કોઈ કોઈ વાર એવું કરવું પડે છે. પ્રસંગ પ્રમાણે એક કે બીજા મુદ્દાને પ્રાધાન્ય આપવું પડે. સિવાય કે અમે

૧. હેનરી સૉલોમન લિયૉન પોલાક : ટ્રાન્સવાલ ક્રિટિકના મદદનીશ તંત્રી; નેહાનિસબર્ગમાં શાકાહારી ભોજનગૃહમાં ગાંધીજી સાથેની 'આકસ્મિક' મુલાકાત પછી ઇન્ડિયન ઓપીનિયનમાં જોડાયા, (પુસ્તક ૪, પા. ૩૭૦–૧) પોતાની બુદ્ધિમાં ઊતરે તે વસ્તુનો અમલ કરવાની તેમનામાં અદ્‌ભુત શક્તિ હતી; ગાંધીજી કહે છે: "તેમને ફિનિક્સનું જીવન જરાયે નવાઈ જેવું કે કઠિન ન લાગતાં સ્વાભાવિક ને રુચિકર લાગ્યું," ને "અમે સગા ભાઈની જેમ રહેવા લાગ્યા." તેમના લગ્નમાં ગાંધીજી અણવર પણ થયેલા; ૧૯૦૬માં ગાંધીજી ઇંગ્લંડ ગયેલા ત્યારે ઇન્ડિયન ઓપીનિયનનું તંત્રીપદ સંભાળ્યું, અને ગાંધીજીની ઑફિસમાં કેટલોક વખત ઉમેદવાર તરીકે કામ કર્યા પછી ૧૯૦૮માં પૂરા વકીલ બન્યા. સન ૧૯૧૩ની ટ્રાન્સવાલ પ્રવેશની 'મહાન કૂચ' વખતે પકડાયા. આફ્રિકાવાસી હિંદીઓની લડતને મદદ કરવા હિંદ અને ઇંગ્લંડ ગયા. જુઓ આત્મકથા, ભાગ ૪, પ્ર. ૧૮, ૨૧ અને ૨૨ તથા દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહનો ઇતિહાસ, પ્રથમ ખંડ, પ્ર. ૨૩ અને દ્વિતીય ખંડ પ્ર. ૨૧.

૨. જુઓ "એલ. ડબ્લ્યુ. રિચને પત્ર", પા. ૧૭–૮; પોલાકને લખેલો પત્ર મળતો નથી.

૩. તેમાં ક્રિશ્ચિયન બોથાની દરખાસ્ત નીચેના ઇમિગ્રેશન કાનૂનમાં ઑરેંજ ફ્રી સ્ટેટના બંધારણનું ૩૩મું પ્રકરણ રાખી મૂકવા માટેના સુધારાની નોટિસ હતી.

૪. પૅટ્રિક ડંકન: ટ્રાન્સવાલ ધારાસભાના સભ્ય; ટ્રાન્સવાલના સંસ્થાન મંત્રી ૧૯૦૩–૬; ૧૯૦૬માં ટ્રાન્સવાલ હજી સ્વશાસિત સંસ્થાન હતું ત્યારે હિંદીઓના વિરોધ છતાં, ટ્રાન્સવાલ એશિયાટિક કાનૂન સુધારણા ઑર્ડિનન્સ દાખલ કર્યો. છતાં ઇન્ડિયન ઓપીનિયનના સુવર્ણ જયંતી અંકમાં (૧૯૧૪) તેમની પ્રશંસા કરતાં લખવામાં આવ્યું છે કે, હવે હિંદના સવાલ સાથે "સામ્રાજ્યના સવાલો કેવા સંકળાયેલા છે" એ તેઓ વધુ સમજવા લાગ્યા છે અને તેથી તેમણે હિંદીઓને "રાહત આપવા પગલાં લેવાની હિમાયત કરી છે."

૫. જુઓ "ઈ. એફ. સી. લેનને પત્ર", પા. ૧૦–૧.

Gandhi Heritage Portal

દરેક ભાષણ કે પત્રને વિગતોથી ભરી મૂકીએ. નવા મુદ્દા તો હંમેશાં જનરલ સ્મટ્સે ઉઠાવ્યા છે, અને દરેક વખતે અમારી માગણી કરતાં ઓછું આપ્યું છે, વગેરે." પછી તેમણે પૂછયું કે બાળકો વિષે તમારી શી માગણી છે? શું તેમને કોઈ પુરાવા વગર દાખલ થવા દેવામાં આવે? એ મુદ્દા વિષે મેં તેમને ચિંતામુક્ત કર્યા. પરંતુ મને એટલું તો થયું જ કે જનરલ સ્મટ્સ મારા પહેલાં તેમને મળ્યા એ કેવી કમનસીબી! વળી એ પણ કેવું સદ્‌ભાગ્ય કે હું તેમને ગઈકાલે મળ્યો ત્યારે સ્મટ્સ સાથે થયેલી વાતચીત તેમના મનમાં તાજી જ હતી. આ અનુભવ પછી મેં નિર્ણય કર્યો છે કે બિલ પસાર થઈ જાય ત્યાં સુધી અથવા કશું થવાનું નથી એવી મને ખાતરી થાય ત્યાં સુધી અહીંથી ખસવું નહીં. લગભગ એટલું ચોક્કસ માની શકાય કે સામાન્ય બિલ ખતમ થયું છે અને બીજા નંબરની દરખાસ્ત મંજૂર થવાની મને હમેશ કરતાં વધુ આશા છે.

તમારો સહૃદયી
મો. ક. ગાંધી

[મૂળ અંગ્રેજી]

ગાંધીજીના હસ્તાક્ષરમાં લખાયેલા મૂળ પત્રની છબી પરથી: એસ. એન. ૫૪૪૧

૨૦. એલ. ડબ્લ્યુ. રિચને પત્ર

[કેપટાઉન,]
સોમવાર [એપ્રિલ ૧૦, ૧૯૧૧]

પ્રિય રિચ,

આજે હું હજી (બપોરના બે વાગ્યે) બહાર નીકળ્યો નથી. પત્રો જ લખ્યા કર્યા.[૧]

તમારા ત્રણ પત્રો મળ્યા.

એટલી ખાતરી રાખજો કે આ ભલો જનરલ જે કંઈ આપશે તે બનાવટી છૂટછાટ જ હશે. તેને અર્થપૂર્ણ બનાવવાનું કામ આપણે કરવાનું રહેશે. તેનું ચાલે ત્યાં સુધી તે મારા હાથમાં કશું મૂકશે નહીં.

આશા રાખું છું કે તમે ફી વિષે ટાઇટસ જોડે ગોઠવણ કરી લીધી હશે.

ક્લાર્કર્સડૉર્પના મિત્રો તમારી પાસે ન આવ્યા હોય તો તેમને લખજો કે આવીને મળી જાય.

મિ. ફિલિપ્સ[૨] ચાલ્યા જાય અને તેઓ જાય તે પહેલાં હું તેમને મળી ન શકું તો મને ભારે ખેદ થશે. આશા રાખું છું કે મિ. કાછલિયા અને બીજા તેમને વિદાય આપવા જશે.

તમારો સહૃદયી
મો. ક. ગાંધી

[મૂળ અંગ્રેજી]

ગાંધીજીના હસ્તાક્ષરવાળી મૂળ પત્રની છબી પરથી: એસ. એન. ૫૪૪૨

૧. એ દિવસે લખેલાં લખાણોમાંથી માત્ર આ પત્ર અને એના પછીનાં બે લખાણો, એટલું જ મળ્યું છે.

૨. રૉબર્ટ ચાર્લ્સ ફિલિપ્સ ટ્રાન્સવાલના ઉપદેશક પાદરી "હિંદીઓના પક્ષ માટે તેમને ઘણી સહાનુભૂતિ હતી." હિંદીઓ પ્રત્યે સહાનુભૂતિ રાખનાર યુરોપિયન કમિટીના એક વખતના કામચલાઉ અધ્યક્ષ. તે વખતે તેઓ "તબિયત સુધારવા ઇંગ્લંડ જઈ રહ્યા હતા."

Gandhi Heritage Portal

૨૧. જોહાનિસબર્ગની ઑફિસને તાર

કેપટાઉન,
એપ્રિલ ૧૦, ૧૯૧૧

ગાંધી
જોહાનિસબર્ગ

હાલનું બિલ મરી ગયું છે એમ સમજો. ટ્રાન્સવાલ બિલ કયારે આવશે તે અનિશ્ચિત.

ગાંધી

[મૂળ અંગ્રેજી]
મૂળ તારની છબી પરથી: એસ. એન. ૫૪૪૩

૨૨. મગનલાલ ગાંધીને પત્ર

[કેપટાઉન,]
ચૈત્ર સુદ ૧૨ [એપ્રિલ ૧૦, ૧૯૧૧][1]

ચિ. મગનલાલ,

આજે ઘણા કાગળો જમણે હાથે લખ્યા છે તેથી સહજ થાકયો છું. એટલે ડાબો હાથ વાપરું છું.

મારો ખોરાક બાબતનો કાગળ[2] કેમ એટલો મોડો મળ્યો?

તમે જે ચિતાર ડરબનનો આપો છો તેથી હું ગભરાતો નથી. હિંદુ શું કે બીજા શું, પણ તેમાં પણ હિંદુ ઘણે ભાગે ભ્રષ્ટ ન હોય ત્યાં સુધી પરદેશ ન જાય. પરોપકારને અર્થે પરદેશ જનાર થોડા જ મળી આવશે. આપણે પણ નીકળ્યા ત્યારે કંઈ ઊંચા વિચારો ન હતા. આપણાં કર્મ ભૂતકાળે કંઈક ઠીક હશે કે જેથી આપણી દૃષ્ટિ કંઈક નિર્મળ છે. હિંદના આચારવિચાર બધું અહીં વીખરાઈ જાય તેથી હિંદુ વધારે અધમ દશામાં માલૂમ પડે છે. હિંદુ-મુસલમાનનો ભેદ બંને પક્ષ રાખે છે તેથી આંગલિયા શેઠ[3] જેવા માણસ તમે લખો છો તેવો

૧. કાગળના બીજા પૅરામાં ખોરાક બાબત જે ઉલ્લેખ આવે છે તે ઉપરથી આ કાગળ ૧૯૧૧માં લખાયો હોય એમ લાગે છે. તે વર્ષે ચૈત્ર સુદ ૧૨ એપ્રિલની ૧૦મીએ હતી. આ ધારણાને "મગનલાલ ગાંધીને પત્ર", પા. ૯૫માં ફરી આવતા ગુલિવર્સ ટ્રાવેલ્સના ઉલ્લેખથી ટેકો મળે છે.

૨. જુઓ પુસ્તક ૧૦, પા. ૫૭૪-૫.

૩. એમ. સી. આંગલિયા; ડરબનના આગળ પડતા મુસ્લિમ તથા નાતાલ ઇન્ડિયન કૉંગ્રેસના સહ-મંત્રી; ટ્રાન્સવાલ એશિયાટિક રજિસ્ટ્રેશન ઍક્ટની સામે સત્યાગ્રહ આંદોલનમાં ભાગ લીધો અને દેશનિકાલની તેમ જ જેલની સજા ભોગવી; નાતાલ ડેપ્યુટેશનના સભ્ય તરીકે ૧૯૦૯માં ઇંગ્લંડ ગયા; જુઓ પુસ્તક ૮, પા. ૪૫૬ અને પુસ્તક ૯, પા. ૩૯૭ અને ૪૦૩-૪.

Gandhi Heritage Portal

સવાલ ઉઠાવે છે. પણ તમે જોઈ શકયા હશો કે બે ત્રણ માણસ જો કામ કરનારા હોય તો કારભાર ચાલી શકે છે.

ગુલિવર્સ ટ્રાવેલ્સ ન વાંચી હોય તો કોઈ વેળા તમારે વાંચી જવી. તામિલનું કેમ છે?

મોહનદાસના આશીર્વાદ

[મૂળ ગુજરાતી]

ગાંધીજીએ સ્વહસ્તે ડાબે હાથે લખેલા મૂળ પત્ર પરથી: સી. ડબ્લ્યુ. ૫૬૨૭

શ્રીમતી રાધાબહેન ચોધરીના સૌજન્યથી

૨૩. એલ. ડબ્લ્યુ. રિચને પત્ર

૭, બ્યુટનસિંગલ [સ્ટ્રીટ,
કેપટાઉન,]
એપ્રિલ ૧૧, ૧૯૧૧

પ્રિય રિચ,

આજે કંઈ ખબર આપવાના નથી. મદ્રાસ સંબંધી તમારો તાર મળ્યો. હું હમણાં લેન પાસે જઉં છું. પછી શો જવાબ આપવો તે નક્કી કરીશ.

તમારો સહૃદયી
મો. ક. ગાંધી

[તા. ક.]

સ્મટ્સનો આ જવાબ[1] છે: આવતા અઠવાડિયા પહેલાં કશી ખબર નહીં પડે. વધુ આવતી કાલે.

[મૂળ અંગ્રેજી]

ગાંધીજીના હસ્તાક્ષરમાં લખાયેલ મૂળ પત્રની છબી પરથી: એસ. એન. ૫૪૫૦

૨૪. જોહાનિસબર્ગની ઑફિસને તાર

કેપટાઉન,
એપ્રિલ ૧૧, ૧૯૧૧

ગાંધી,
જોહાનિસબર્ગ

સેક્રેટરી લખે છે કે આ અઠવાડિયાના અંત પહેલાં કશી ખબર નહીં પડે. મદ્રાસ તાર કરો. વસ્તુ સરકારની વિચારણા હેઠળ. પછી તાર કરીશ. કામ પૂરું થતાં સુધી રોકાઈશ.

ગાંધી

[મૂળ અંગ્રેજી]

મૂળ તારની છબી પરથી: એસ. એન. ૫૪૫૩

૧. જુઓ પરિશિષ્ટ ૧.

Gandhi Heritage Portal

૨૫. એલ. ડબ્લ્યુ. રિચને પત્ર

[કેપટાઉન,]
એપ્રિલ ૧૨, ૧૯૧૧

પ્રિય રિચ,

મને થયું કે જઈને લેનને પૂછું કે મદ્રાસ મોકલવા માટે તે મને ચોક્કસ માહિતી આપી શકે એમ છે કે નહીં. તે વખતે સ્મટ્સ ત્યાં નહોતા. એટલે લેન ગૃહમાં ગયા અને મને પત્ર[૧] મોકલ્યો, જેની નકલ આ સાથે છે. આશા રાખું છું કે ત્યાર પછી તમને કરેલા તારનો[૨] આશય તમે સમજ્યા હશો. એટલે હવે આપણે આ આખું અઠવાડિયું રાહ જોવી પડશે. શુક્રવારથી સોમવાર સુધી કાંઈ કામ નહીં હોય. ગૃહની બેઠક ફરીથી મંગળવારે મળશે. મને લાગે છે કે આવતે અઠવાડિયે આપણને જરૂર ચોકસ માહિતી મળી જશે. સ્મટ્સને કશી ઉતાવળ નથી. તેનું ચાલે તો તે આ વેદના લંબાવવાનું પસંદ કરે. આપણે રાહ જોવી રહી. હવે હું કોઈ સભ્યને મળતો નથી. મને લાગે છે કે મુખ્ય મુખ્ય સભ્યોને મેં મળી લીધું છે અને હવે મળવાનું બંધ કરવું સારું.

ત્યાં તમારું કેમ ચાલે છે તે જાણવા ઇંતેજાર છું. તમને હજી કંઈ કામ મળતું હોય એમ જણાતું નથી.

મિસ શ્લેશિનને કહેજો કે ડૉ. મહેતાનું મેન્યુસ્ક્રિપ્ટ મને મોકલે. તેઓ કહે છે કે તેમણે અમુક ભાષણ વગેરે મોકલ્યું છે. મને એ અહીં મળી જાય તો સારું. મારે ફિનોટનું રેસ પ્રેજ્યુડિસ (વર્ણદ્વેષ) પણ જોઈએ છે. મને ખ્યાલ છે કે એ પુસ્તક પોલાકનાં પુસ્તકોમાં છે. એ પુસ્તક મારે કેનન ઑલમેટ માટે તરત જોઈએ છે. તેઓ અહીં છે, પણ થોડા જ વખતમાં ઇંગ્લંડ ઊપડી જવાના છે.

હેરલ્ડની તબિયત કેવી રહે છે?

અહીંનું હવામાન બહુ કષ્ટદાયક છે. રસોઈ વગેરેનું કેમ કરો છો?

તમારો સહૃદયી
મો. ક. ગાંધી

[તા. ક.]

મિસ શ્લેશિનને કહેશો કે સાથેનો પત્ર મિ. બૉરટને પ્રિટોરિયા મોકલે, તેમનું સરનામું તે જાણે છે અથવા તેણે જાણવું જોઈએ અને તેમને જણાવે કે પત્ર કમનસીબે ભૂલથી ઇંગ્લંડ જતો રહ્યો હતો અને હમણાં ત્યાંથી પાછો મોકલવામાં આવ્યો છે. વધારામાં એ પણ લખે કે મને નવરાશ મળશે કે તરત હું તેમને કંઈક મોકલવાનો બનતો બધો પ્રયત્ન કરીશ.

મો. ક. ગાંધી

૧. જુઓ પરિશિષ્ટ ૧.
૨. જુઓ આ પહેલાંનો લેખ.

Gandhi Heritage Portal

[તા. ક.]

શુક્ર અને શનિવારે તાર નહીં કરું, કારણ કે બંને દિવસ છુટ્ટી હશે.

[મૂળ અંગ્રેજી]

ગાંધીજીના હસ્તાક્ષરમાં લખાયેલા મૂળ પત્રની છબી પરથી: એસ. એન. ૫૪૫૮

૨૬. જોહાનિસબર્ગની ઑફિસને તાર

કેપટાઉન,
એપ્રિલ ૧૨, ૧૯૧૧

ગાંધી
જોહાનિસબર્ગ

આગળ કશી પ્રગતિ નથી થઈ. ખાસ જરૂર નહીં પડે તો, મંગળવાર સુધી તાર નહીં કરું. ફિલિપ્સ[૧] કયારે ઊપડે છે?

ગાંધી

[મૂળ અંગ્રેજી]

મૂળ તારની છબી પરથી: એસ. એન. ૫૪૫૯

૨૭. એલ. ડબ્લ્યુ. રિચને પત્ર

[કેપટાઉન,]
ગુરુવાર [એપ્રિલ ૧૩, ૧૯૧૧][૨]

પ્રિય રિચ,

કંઈ નવા ખબર નથી. વધુ લખતો નથી, કારણ હું હમણાં જ ડૉ. ગુલને[૩] દવાખાને જાઉં છું. ત્યાંની ફરસબંધીનું રંગરોગાન કરાવવાનું મેં માથે લીધું છે. સભા બોલાવવા બાબત મેં તારથી[૪] જવાબ આપ્યો છે. કોઈ નિશ્ચિત ઠરાવ કરવાનો હોય અને પ્રતિનિધિમંડળના

૧. ફિલિપ્સ અને કાર્ટરાઈટ જોહાનિસબર્ગથી એપ્રિલની ૧૦મીએ નીકળ્યા અને ડેલાગોઆ બેથી ૧૨મીએ કેરિસબ્રુક જહાજમાં બેઠા. જુઓ "એલ. ડબ્લ્યુ. રિચને પત્ર", પા. ૨૪.

૨. આ પત્ર પર કોઈ તારીખ નથી. પણ રિચે ગાંધીજી પરના ૧૭મીના પત્ર (એસ. એન. ૫૪૬૯)માં ગાંધીજીના બે પત્રોની પહોંચ સ્વીકારી છે. બંને પત્રો ગુરુવારે લખેલા છે. એકમાં ડૉ. ગુલના દવાખાનાની ફરસબંધીના રંગરોગાનની વાત છે અને બીજામાં આ પછીના પત્રમાં આવતા વિષયની ચર્ચા છે. આ પરથી જણાય છે કે બંને પત્રો ગુરુવાર, એપ્રિલ ૧૩, ૧૯૧૧ને રોજ લખ્યા હતા.

૩. અબ્દુલ હમીદ ગુલ: કેપટાઉનના ડૉક્ટર; ૧૯૧૦માં ઇંગ્લંડમાં ડૉક્ટરની ઉપાધિ મેળવી; ત્યાંથી આવ્યા પછી કેપટાઉન ઇન્ડિયન યુનિયન, જે તે પ્રાંતના બે હરીફ હિંદી મંડળોના વિલીનીકરણથી સ્થપાયું હતું, તેના માનદ સહમંત્રી થયા અને ૧૯૧૧માં તેના પ્રમુખ થયા; પાછળથી એ વરસમાં જ પ્રમુખપદેથી રાજીનામું આપ્યું. ગાંધીજી તેમને જાહેર કામમાં પડવા સમજાવ્યા કરતા હતા અને તેમણે રિચને સૂચના આપી હતી કે આ યુવાન ડૉક્ટર કેપના હિંદીઓના કામકાજના નિકટના સંસર્ગમાં આવવા જોઈએ. જુઓ પુસ્તક ૧૦, પા. ૪૬૩.

૪. મળતો નથી.

Gandhi Heritage Portal

સભ્યો ચૂંટવાના હોય તો જ જાહેરસભા બોલાવવી જોઈએ; માત્ર ચર્ચા માટે કોઈ જાહેરસભા નહીં બોલાવવી જોઈએ.

તમારો સહૃદયી
મો. ક. ગાંધી

[મૂળ અંગ્રેજી]
ગાંધીજીના હસ્તાક્ષરમાં લખાયેલ મૂળ પત્રની છબી પરથી: એસ. એન. ૫૪૨૬

૨૮. એલ. ડબ્લ્યુ. રિચને પત્ર

[કેપટાઉન,]
ગુરુવાર રાત્રે [એપ્રિલ ૧૩, ૧૯૧૧][૧]

પ્રિય રિચ,

આશા રાખું છું કે તમે મારા તારનો[૨] અર્થ સમજ્યા હશો.

મને લાગે છે કે વસ્તુ ભલે અવિધિસર છતાં પૂરેપૂરી નક્કી ન થઈ હોય ત્યાં સુધી આપણે જાહેરસભા ન ભરવી જોઈએ. પ્રતિનિધિમંડળ મોકલવાનો વિચાર કરવા સભા બોલાવવામાં આવે અને પછી પ્રતિનિધિમંડળ મોકલવાની વિરુદ્ધ નિર્ણય કરવામાં આવે તો તેથી ગેરસમજ થવા સંભવ છે.[૩]

મારો એવો નિશ્ચિત મત છે કે આવા કોઈ પ્રતિનિધિમંડળ સાથે એક મુસલમાન હોવો જ જોઈએ. યાદ રાખો કે આ વખતે પ્રતિનિધિમંડળ કોઈ સ્પષ્ટ પ્રશ્ન લઈને નહીં જાય. વેપારીઓનાં ખાસ હિતોનો વિચાર કરવામાં આવશે. અને જો પ્રતિનિધિમંડળને અસરકારક બનાવવું હોય તો તેમાં એક વેપારી અને તે પણ મુસલમાન હોવો જોઈએ. એ વેપારી શ્રી કાછલિયા હોવા જોઈએ, એ વિષે મને જરાયે શંકા નથી. કોમ પોતાની નબળાઈને કારણે કોઈ ઝઘડાખોર માણસને પસંદ કરશે તો છેવટે તેને જ નુકસાન થશે. હવે તો કોમની એટલી તૈયારી હોવી જોઈએ કે તે કમજોર માણસોને કહે કે 'તમે નબળા છો, એટલે કોમનું પ્રતિનિધિત્વ નહીં કરી શકો.' મારી પાકી ખાતરી છે કે લડત લાંબી ચાલવાનું કારણ એ છે કે કોમે નબળાઈ બતાવી છે અને તે ઝઘડાખોર માણસોથી ડરતી રહી છે. ખર્ચની બાબતમાં પણ કંઈ ખેંચતાણ ન હોવી જોઈએ. પ્રતિનિધિમંડળ જવાનું જ હોય તો કોમે ઉદારતાપૂર્વક ફાળો આપવો પડશે, અને તે પણ તરત જ. ત્યાં આવ્યા પછી મારી પાસે બહુ ઓછો સમય રહેશે. દરેક વખતે પૈસા છેવટની ઘડીએ આવ્યા છે. મારી સૂચના છે કે પૂરી રકમ અત્યારે જ એકઠી કરી લેવી જોઈએ. તમારે કે બીજાએ પાછળથી પૈસા ઉઘરાવવાની ચિંતા કરવી પડે એ હું નથી ઇચ્છતો.

૧. જુઓ આ જ પાન પરની પાદટીપ નં. ૩.
૨. મળતો નથી.
૩. રિચે આનો ૧૭-૪-૧૯૧૧ના પત્રથી જવાબ આપ્યો કે, "સભા બાબત તમારા કહેવાનો અર્થ બરાબર સમજ્યો હતો; યોજના પડતી મૂકી છે. તમે જે કારણો આપો છો તે પૂરતી ખાતરી થાય તેવાં છે." એસ. એન. ૫૪૬૯.

Gandhi Heritage Portal

આ પત્ર તમે હેનરીને[૧] મોકલજો, કારણ કે તેમના પરના પત્રમાં[૨] હું આ વિચાર ફરીથી નથી લખતો. ધારાસભાની બેઠક શનિવારે અને સોમવારે પણ મળશે.

તમારો સહૃદયી
મો. ક. ગાંધી

[મૂળ અંગ્રેજી]

ગાંધીજીના હસ્તાક્ષરમાં લખાયેલ મૂળ પત્રની છબી પરથી: એસ. એન. ૫૪૨૭

૨૯. મિ. રિચ જોહાનિસબર્ગમાં

મિ. રિચે જોહાનિસબર્ગમાં[૩] પોતાનું વકીલાતનું કામ શરૂ કર્યું છે. એવો એક પણ હિંદી અમે નથી જોયો કે જેણે મિ. રિચની કીમતી સેવા કબૂલ નહીં કરી હોય. તે સેવાનો બદલો માન આપવું તે તો છે જ. તેમની સલાહ પ્રમાણે કરવું તે પણ છે. હવે મિ. રિચ જ્યારે ધંધો આદરે છે ત્યારે તેના ધંધામાં ઉત્તેજન આપવું તે પણ કોમની ફરજ છે. અમે આશા રાખીએ છીએ કે જેને વકીલાતનું કામ હશે તે મિ. રિચને પોતાનું કામ સોંપીને બતાવી આપશે કે મિ. રિચને મદદ કરવા પોતે તૈયાર છે.

[મૂળ ગુજરાતી]

ઇન્ડિયન ઓપીનિયન, ૧૫–૪–૧૯૧૧

૩૦. જોહાનિસબર્ગની ઑફિસને તાર

કેપટાઉન,
એપ્રિલ ૧૫, ૧૯૧૧
સવારના ૧૧–૦૦ વાગ્યે

ગાંધી
જોહાનિસબર્ગ

સામાન્ય બિલ પસાર કરવાની વાત ફરી શરૂ થઈ છે. ફ્રી સ્ટેટવાળા કદાચ સંમત થાય. બુધવાર પહેલાં કશી ખબર નહીં પડે.

ગાંધી

[મૂળ અંગ્રેજી]

મૂળ તારની છબી પરથી : એસ. એન. ૫૪૬૫

૧. એચ. એસ. એલ. પોલાક.

૨. મળ્યો નથી.

૩. રિચ એપ્રિલ ૫, ૧૯૧૧માં જોહાનિસબર્ગ આવ્યા અને ત્યાં તેમણે ૨૧–૨૪, કોર્ટ ચેમ્બર્સ, રિસિક સ્ટ્રીટમાં ગાંધીજીના કાર્યાલયમાં વકીલાત શરૂ કરી.

Gandhi Heritage Portal

૩૦(૧). જોહાનિસબર્ગનો પત્ર

કેટલાક સવાલો

સમાધાની થઈ જશે તેમ માની કેટલાક સવાલો પૂછવામાં આવ્યા છે તેનો જવાબ આપવાની જરૂર જોઉં છું.

(૧) જેની પાસે ડચનાં સર્ટિફિકેટો છે અથવા જેઓ લડાઈ પહેલાં ટ્રાન્સવાલમાં રહેતા હતા, પણ જેણે મુદતસર અરજી ન કરી તેનું શું થશે?

(૨) ભણેલા સાધારણ રીતે છે તેઓ દાખલ થઈ શકશે કે નહીં?

(૩) જે ભણેલા ટ્રાન્સવાલમાં છે તેઓને સર્ટિફિકેટની જરૂર પડશે કે નહીં?

(૪) ભણેલા માત્ર બારિસ્ટરો, દાક્તરો, વગેરે આવી શકશે કે ગમે તે?

(૫) ટ્રાન્સવાલમાં હાલ છે, પણ જેને પરમિટ વગેરે નથી મળી તેનું શું?

(૬) લડતાં લડતાં પોતાના છોકરા ૧૬ વર્ષની ઉંમરથી મોટા થઈ ગયા છે તેનું શું?

(૭) હવે રજિસ્ટરની જરૂર પડશે તો શા સારુ?

આ બધા સવાલો થયા કરે છે. આમ સવાલ કરનારને પ્રથમ તો એ જ સમજાવવું ઘટે છે કે તેણે લડતનું રહસ્ય નથી જાણ્યું. લડત માત્ર નાક અને નામ જાળવવાની છે. અંગત સ્વાર્થ સાધવાની નથી. છતાં સવાલો ઠીક જ થયા છે. થાય છે એ નવાઈ નથી. તેના જવાબ નીચે પ્રમાણે છે :

(૧) ડચનાં સર્ટિફિકેટવાળા અને વિનાના જૂના રહેવાસીનો બચાવ સમાધાનીમાં નહીં થાય કેમ કે સમાધાનીની તે શરત નથી. સર્ટિફિકેટવાળા તો ઘણા પડી ગયા છે. કેટલાક લડતને લીધે જ બેસી રહ્યા એ બરોબર છે. પણ તેઓએ બેઠા એટલી કોમની સેવા કરી માની લેવાય. પણ તેઓને ખાતર સત્યાગ્રહીઓ જે રહ્યા છે તે લડયા કરે એ બનવા જેવું નથી. એવા સર્ટિફિકેટવાળા કેટલાક લડતમાં દાખલ છે, તેનો બચાવ કરવો એ પણ મુશ્કેલી જણાય છે. તેઓને તેમ જ બધાને ચેતવણી આપવામાં આવેલી છે કે તેવાઓનો બચાવ નહીં થઈ શકે. તોપણ જો બે માગણી સરકાર કબૂલ રાખશે તો લડત બંધ થશે. તે બે માગણી ખૂની કાયદો બંધ થવાની ને ઇમિગ્રેશનના કાયદેસર સરખા હકની.

(૨) સાધારણ ભણેલા દાખલ થઈ શકે એવો સંભવ નથી. કેમ કે આપણે તેવી માગણી કરી નથી અને તેવી માગણી કરત તો મળવાનો સંભવ ન હતો. આ સંબંધમાં એટલું સમજાવવાની જરૂર છે કે ભણેલાને સારુ લડત ચાલે છે એમ કહેવાય છે તે ખરું જોતાં ભૂલ છે. લડત તો કાળો ડાઘ કાઢવાની છે. ઇમિગ્રેશનના સરખા હક માગ્યા છે. જો એવો કાયદો પસાર કરે કે અમુક મિલકત હોય તે જ માણસ દાખલ થાય તો આપણે તે કબૂલ કરીએ. એમ કાયદો ઘડે કે જેને રોહિણીનો રાગ ગાતાં આવડે તે જ દાખલ થાય તો તે પણ કબૂલ કરીએ. મુદ્દો એ છે કે જે શરત નાખે તે ગોરા-કાળા બધાને કાયદામાં સરખી લાગુ પડે. પછી ભલે ગોરાને તે રાગ અમલદાર ન ગવરાવે, ને હિંદીને જ ગવરાવે. વિચાર કરતાં માલૂમ પડશે કે કાયદામાં સરખા હક હશે તો કોઈક દહાડો પણ ઉદ્ધાર થશે. જો તેમાં ડાઘ આવ્યો તો ભાત પડી ગઈ સમજવી. ભણેલાની લડત એમ કહેવાયું છે, તેનું કારણ તો એ છે કે કાયદામાં ગોરાને સારુ

Gandhi Heritage Portal

ભણેલા અને અભણનો ભેદ રાખ્યો છે, ત્યારે આપણે કહીએ છીએ કે અમારા ભણેલાને આવવા દો.

(૩) જે ભણેલા ટ્રાન્સવાલમાં છે તેને સર્ટિફિકેટની જરૂર એટલા સારુ પડશે કે જો તે સર્ટિફિકેટ ન બતાવે તો તેની પરીક્ષા થાય તેમાં તેને કાઢી નાંખે એટલે તેને ટ્રાન્સવાલ છોડવાનો વખત આવે.

(૪) ભણેલામાં કોણ દાખલ થઈ શકશે, તેનો આપણી તાકાદ, આપણી સારમાણસાઈ અને આપણા સંપ ઉપર આધાર રાખશે. જો બધા પોતાનો સ્વાર્થ શોધતા થઈ જશે, તો મુશ્કેલી પડશે અને કોમની કિંમત અંકાશે.

(૫) જેઓ હાલ ટ્રાન્સવાલમાં છે ને જેને પરમિટ વગેરે નથી મળી તેને ટ્રાન્સવાલ છોડવું પડશે. છોડતાં પહેલાં સહુ પોતપોતાની તજવીજ જે કાયદામાં થઈ શકે તેવી હશે તે કરશે. મારો અનુભવ તો એવો છે કે ઘણેખરે ભાગે જેને જરા પણ હક હતો તેવા રજિસ્ટર થઈ ચૂકયા છે. જેઓ બાકી છે તેમાંનો ઘણોખરો ભાગ લડનારા નથી ને હકદાર પણ નથી. તેઓ ગળે પડે તો ભલે. વાસ્તવિક જોતાં તો તેઓએ કયારનો દેશ છોડવો જોઈતો હતો.

(૬) લડતાં લડતાં જેના છોકરા મોટા થયા છે ને તેથી જેના હક રદ થઈ ગયા છે તેને સારુ ઍસોસિયેશને મહેનત કરવી લાજમ છે, પણ તેને સારુ લડત લંબાવી શકાય નહીં. લડનારા તો સમજે છે કે તેઓના સ્વાર્થને સારુ તેઓ નથી લડયા. તેઓએ પોતાનાં છોકરાંનો ભોગ આપવો પડે તો શું થયું? કંઈ ટ્રાન્સવાલ તે જ કમાઈ કરવાનો મુલક ઈશ્વરે નિર્માણ કરેલો નથી.

(૭) આ સવાલનો જવાબ ઉપરના જવાબોમાં ગર્ભિત રીતે આવી જાય છે. નં. ૩નો કાયદો ઊભો છે ને ન ઊભો હોય તોપણ રજિસ્ટર અથવા બીજા ઓળખના પુરાવા આપ્યા વિના કોમ ટ્રાન્સવાલમાં રહી શકે એવું કાંઈ ધારવામાં આવ્યું જ નથી. જ્યાં નવા માણસને આવવાની બંધી રહેલી છે, ત્યાં જૂના કોણ છે એ જાણવાનાં કંઈક સાધન તો જરૂર જોઈએ. એટલે તેની સામે આપણે કદી થયા નથી ને હવે થઈ શકતા નથી.

પણ સમાધાની કયાં છે? થઈ જશે એમ હું માનું છું. મેં તો બીજું કોઈ દહાડો માન્યું જ નથી છતાં તે તુરત જ થશે કે કેમ એ તો થાય ત્યારે જાણશું. કામ સહેલું નથી. તેમાં દોઢ દોઢ વર્ષ સુધી જેલમાં પુરાઈ રહેલા હિંદીઓ પડયા છે ત્યારે જ સમાધાનીની આશા બાંધી શકાય એમ છે. લડતનો અમૂલ્ય લાભ કોમને થયો છે, એ બહુ વિચારવાનું છે. પણ તે વળી પાછળથી જોઈશું.

જનરલ સ્મટ્સથી ચેતવું

કલાર્કસ્ડૉર્પના હિંદીની ઉપર જે નોટિસ છે, તે જનરલ સ્મટ્સનું કામ છે. તેનો જે નિશ્ચય છે, તે વિષે હું લખી ચૂકયો છું. સોનેરી કાયદાનો અર્થ બહુ ગંભીર થયો છે. તે પ્રમાણે હિંદી કોમ ટ્રાન્સવાલમાંથી નાબૂદ થઈ જાય તેમ છે, અને એ વિષે બહુ ભારી લડત ઉઠાવવાની જરૂર પડશે એમ જોઉં છું, અને તે લડતનો પાયો કલાર્કસ્ડૉર્પવાળાએ બરોબર ઊંડો નાંખવો જોઈશે. મારી ઉમેદ છે કે તેઓ બિલકુલ ઊંઘશે નહીં.

વળી આ ચેતવણી માત્ર ટ્રાન્સવાલને જ નથી, આખા દક્ષિણ આફ્રિકાને છે. જે હિંદી સમજુ છે, જેને દેશદાઝ છે, જે પોતાના સ્વાર્થમાં જ ડૂબેલા નથી તેને લાજમ છે કે તે પોતાના પાડોશીને જાગ્રત કરે. સુખે રહેવાની એક મોટી ચાવી તો એ છે કે કોઈએ ખોટું ન કરવું ને

Gandhi Heritage Portal

ખોટું ન કહેવું. આ માત્ર લખવાના શબ્દો નથી, પણ તે પ્રમાણે હિંદી ચાલે એવી મતલબથી લખાયેલું છે. વાત અનુભવની છે. 'પોથી માંહેલાં રીંગણાં' નથી.

મિ. સ્મટ્સ ઉપર કાગળ

મિ. ગાંધીએ કાગળ જનરલ સ્મટ્સ ઉપર તા. ૭મીએ લખ્યો છે. [આ કાગળ તેમ જ તેની પછી લખાયેલ કાગળ "મિ. ગાંધીની રજૂઆતો" એવા મથાળા તળે આજના અંકમાં બીજી જગ્યાએ પ્રગટ થયેલો જોવામાં આવશે. — અ. ઇ. ઓ.] તેમાં કાયદાઓ ટાંકયા છે એટલે તે સહેજે સમજી શકાય તેવો નથી.

તેમાં પહેલી સૂચના તો એ છે કે નવા બિલમાં કેપ, નાતાલ તથા ટ્રાન્સવાલે માગેલા સુધારા કરવા ને ફ્રી સ્ટેટનો હક જાળવવો. જો આમ થાય તો સત્યાગ્રહ બંધ થાય.

પણ જો બિલમાં એ પ્રમાણે સુધારો ન થાય તો બીજી સૂચના એ છે કે નવું બિલ પડતું મેલવું. ટ્રાન્સવાલનો નં. ૧૫નો કાયદો — ઇમિગ્રેશન કાયદો — સુધારવો. તે આમ. તે વડે ખૂની કાયદાને રદ કરવો પણ છોકરાઓના હક સાબિત રાખવા. તેમાંની એક કલમ કાઢવી કે જે કલમની રૂએ નવા હિંદીને અટકાયત થાય છે, તેમાં એક કલમ ઉમેરવી કે જેની રૂએ નવા હિંદી દાખલ થાય તેને નં. ૩૬ના કાયદા પ્રમાણે રજિસ્ટર થવાની જરૂર ન પડે. અને તે જ બિલમાં જો કેળવણીની કસોટી સખત કરવાની જરૂર જણાય તો તેમ કરે.

આટલું થાય તો સત્યાગ્રહની માગણી મળી રહે છે. મને એમ જણાય છે કે નવું બિલ તો પડતું જ મેલાશે, જે પ્રતાપ ફ્રી સ્ટેટના મેમ્બરોના છે. મિ. ક્રિશ્ચિયન બોથાએ તો એવો સુધારો દાખલ કર્યો છે કે ફ્રી સ્ટેટના એશિયાટિક કાયદાની એક પણ કલમને બાધ ન આવવો જોઈએ. આ સુધારો સત્યાગ્રહને કબૂલ હોય જ નહીં. સત્યાગ્રહ બંધ ન થાય ત્યાં લગી એકે બિલ પસાર કરવું નકામું છે, એટલે નવું બિલ તો ગયું જ જણાય છે. તે બિલ કોઈને પસંદ નથી. અને જાય તે જ ઠીક છે. પાર્લમેન્ટ આ મહિનાની આખરીએ બંધ થશે એટલે તે પહેલાં આપણને બિલની હાલતની ખબર પડી રહેશે.

મિસિસ સોઢા

નો કેસ તા. ૨૪મીને બદલે તા. ૨૨મીએ ચાલશે.

[મૂળ ગુજરાતી]

ઇન્ડિયન ઓપીનિયન, ૧૫–૪–૧૯૧૧

Gandhi Heritage Portal

૩૦(૨). હિંદી હાથી

કેપ ટાઇમ્સમાં એક હાસ્યચિત્ર (કાર્ટૂન) છપાયું છે, તે જાણવા જેવું છે. તેમાં હિંદીને હાથીનું રૂપ આપ્યું છે, ને માથાવેરાને ઈંડાનું રૂપ આપ્યું છે. હાથી તે માથાવેરારૂપી ઈંડાને ચગદી નાંખે છે. તેની નીચે લખ્યું છે કે 'નાતાલના હિંદી માથાવેરાની સામે સત્યાગ્રહ ઉઠાવશે.'

અમને મળેલ વધુ વિગતો પરથી જણાય છે કે જે દિવસે નાતાલથી માથાવેરાની સામે સત્યાગ્રહ ઊઠવાના તાર ફરી વળ્યા તે દિવસે પાર્લમેન્ટમાં હાહાકાર થઈ રહ્યો હતો. પણ નાતાલના તારની કાંઈ એટલી જ અસર ન થઈ; તેથી આખું બિલ બદલાયું. પ્રથમ બિલ તો એ હતું કે માત્ર ગોરાઓની ઉપરથી માથાવેરો કાઢવો. આ વિષે મિ. રિચ તથા મિ. ગાંધી પાર્લમેન્ટમાં ફરી વળ્યા. મિ. ક્રાઈનર તથા મિ. ઍલેકઝાંડરને વાકેફ કર્યા, ને પાર્લમેન્ટમાં તેવા બિલની સામે થવાની તૈયારી થઈ. પણ મિ. હલે જાતિભેદવાળું બિલ ખેંચી લીધું, ને બીજું દાખલ કર્યું.

આવો મહિમા સત્યાગ્રહનો છે. કર ન આપે ને ઘર ઝાલી હિંદી બેસી રહે, તો સરકાર શું કરે? શું કરી શકે? તેનો કાયદો તેના ઘરમાં જ રહી જાય. આ ઉપરથી હિંદીને ફુલાઈ જવાનું નથી; સત્યાગ્રહી તલવાર કેવી કીમતી છે એ જાણી એનું જતન કરવાનું છે.

નવું માથાવેરાનું બિલ દેખીતું નિર્દોષ છે; પણ તેના બે અર્થ થઈ શકે છે. એક તો એ કે બધાને એ કર કયારે ભરવો એવી નોટિસ ગવર્નર બહાર પાડે ત્યારે તે વેરો ભરવાનો છે. બીજો અર્થ એવો પણ હોઈ શકે કે જેને વેરો આપવો પડશે એવી નોટિસ કાઢે તેણે જ આપવો પડે. જો આવો અર્થ હોય તો ગોરાને વિષે નોટિસ ન કાઢે એટલે ગોરા મુક્ત થાય ને હિંદી વગેરેને આપવો પડે. આવો અર્થ થતો હોય ને એ પ્રમાણે જાતિભેદવાળી નોટિસ સરકાર કાઢે તો હિંદીએ એ વેરાની સામે જરૂર થવું પડશે. ત્યારે નાતાલના હિંદીની કસોટી થશે. તેઓએ સમજવું ઘટે છે કે જ્યારે વેરો નહીં આપવાનો ઇરાદો જાહેર પડતાં સરસ અસર થઈ, તો જ્યારે ખરેખર નહીં આપવાનો વખત આવતાં તે વેરો નહીં અપાય ત્યારે કેટલી મોટી અસર થશે?

[મૂળ ગુજરાતી]

ઇન્ડિયન ઓપીનિયન, ૧૫–૪–૧૯૧૧

Gandhi Heritage Portal

૩૧. એચ. એસ. એલ. પોલાકને તાર

[કેપટાઉન,
એપ્રિલ ૧૫, ૧૯૧૧][૧]

સામાન્ય બિલ કદાચ પસાર થશે. ઘણું કરીને બુધવારે ચોક્કસ ખબર પડશે.

[મૂળ અંગ્રેજી]

રિચ પરના પોલાકના પત્રની છબી પરથી : એસ. એન. ૫૪૬૪

૩૧(૧). ડરબન મ્યુનિસિપાલિટીનું બિલ

આ બિલ બહુ ભયાનક છે. તેથી નાનામોટા બધા ધંધાદારીઓ ટાઉન કાઉન્સિલોના પંજામાં જશે. "જશે" એટલે કે એકસંપ થઈ સામે થવાની તાકાત નહીં બતાવે તો. તેમાં માગેલી સત્તાઓ સર્વ કોમને લાગુ પડશે, છતાં જે કેટલાક ધંધાઓ માટે હલકાં કે ભારે લાઇસન્સ રાખવામાં આવનાર છે તેમાંના ઘણાખરામાં હિંદી જ છે. હિંદીને બને તેમ આડે આવતા અટકાવવા, અને તેમની રોજીમાંથી બને તેટલા પૈસા લાઇસન્સ રૂપે પડાવવા કાઉન્સિલ માગે છે. આવી સત્તા ગરીબ લોકને ભૂખ ભેગા કરી મૂકે એ દેખીતું છે. કૉંગ્રેસે તુરત પ્રોટેસ્ટ કરવાનો છે. પણ તે ઉપરાંત બીજાં પગલાંઓ લેવા વિચારવાની જરૂર થોડી નથી.

[મૂળ ગુજરાતી]

ઇન્ડિયન ઓપીનિયન, ૧૫–૪–૧૯૧૧

૩૨. એલ. ડબ્લ્યુ. રિચને પત્ર

[કેપટાઉન,]
એપ્રિલ ૧૫, ૧૯૧૧

લખ્યા પછી જોઈ ગયો નથી

પ્રિય રિચ,

તમારા પત્રો મળ્યા. બદનક્ષી અને નાલેશી વિષેના દ. આ.ના કેટલાક મુકદ્દમા તમે વાંચી જાઓ એવું ઇચ્છું છું, અને કોર્ટમાં હાજર થવાના સમન્સ માટે વૉન ઝીલનું પુસ્તક જોઈ જાઓ.

આપણો સવાલ અનેક ચડતીપડતીમાંથી પસાર થઈ રહ્યો છે. આજે લેને મને કહ્યું કે આ બેઠક પૂરી થાય તે પહેલાં તેમણે બે વસ્તુ નક્કી કરવી પડશે. સગીરોની . . .[૨] અને ઇમિગ્રેશનની.

૧. ડરબનથી ૧૫મી એપ્રિલને રોજ રિચને લખેલા પત્રમાં પોલાકે આ તાર ઉતાર્યો છે અને જણાવ્યું છે કે એ મને હમણાં જ મળ્યો છે. એસ. એન. ૫૪૬૪.

૨. અહીં કેટલાક શબ્દો વંચાતા નથી.

Gandhi Heritage Portal

વધુમાં તેણે કહ્યું કે જે. સી. એસ. લૉર્ડ ગ્લૅડ્સ્ટન[૧] અને ફ્રી સ્ટેટના સભ્યો સાથે સલાહ-મસલત કરી રહ્યા છે. તેઓ સ્વાભાવિક રીતે પોતાનું બિલ પસાર કરાવવા માગે છે. ફ્રી સ્ટેટ-વાળાઓ કરતાં તેઓ દીર્ઘદૃષ્ટિવાળા છે. એટલે હજી સામાન્ય બિલ આવે એવો સંભવ છે. મને જે છેલ્લી ખબર મળી છે તે એ છે કે બંને દરખાસ્તો હરીફાઈની દોડમાં સાથોસાથ છે. સામાન્ય બિલ પાસ થશે તો ફ્રી સ્ટેટ સંબંધી પ્રતિબંધ દૂર થશે. લેને કહ્યું કે તે મને કદાચ બુધવારે ચોક્કસ માહિતી આપી શકશે.

લંડન જવા બાબત[૨] મને આજે સવારે નીચેના વિચાર આવ્યા. પ્રતિનિધિમંડળ લંડનમાં શું કરશે? ઇમ્પિરિયલ કૉન્ફરન્સ સામાન્ય સિદ્ધાંતોની ચર્ચા કરશે, વિગતોમાં નહીં ઊતરે, અને સત્યાગ્રહ બંધ થાય તો આપણા સવાલમાં મોટેભાગે વિગતો જ હશે. સંસ્થાન મંત્રીને મળીને કંઈક થઈ શકે. પણ એ સમય હજી આવ્યો છે ખરો? અહીં શું થાય છે તેની રાહ જોવાનું ઠીક નહીં થાય? બીજી બાજુથી, પ્રતિનિધિમંડળ મોકલવાથી સુવર્ણ કાનૂન વગેરેની જે ધમકી છે તે અટકે એવું નહીં બને?

આમ પ્રતિનિધિમંડળ મોકલવાના પક્ષમાં અને વિરોધમાં, બંને બાજુ દલીલો છે. મને લાગે છે કે પ્રતિનિધિમંડળ મોકલવું જ હોય તો આપણે નીચે મુજબ તાર[૩] કરવો જોઈએ :

> ઇમ્પીરિયલ કૉન્ફરન્સ વખતે એક નાનું પ્રતિનિધિમંડળ મોકલવા બાબત લૉર્ડ ઍમ્પ્ટહિલનો અભિપ્રાય તારથી જણાવો. સત્યાગ્રહ બંધ થાય તોપણ બીજી ગંભીર સ્થાનિક ફરિયાદો રહે છે, ખાસ કરીને સુવર્ણ કાનૂન મુજબ કારવાઈ કરવાની ધમકી.

મારો મત એવો છે કે આનો હકારાત્મક ઉત્તર આવતાં કોમ જો પ્રતિનિધિમંડળ મોકલવા તૈયાર હોય તો જ આવો તાર કરવો જોઈએ.

હવે તારીખો વિષે. કૉન્ફરન્સ ૨૨મી ને સોમવારે મળે છે. હું આવતા બુધવારે એટલે ૧૯મીએ નીકળી શકું તેમ નથી, ૨૬મીએ પણ ભાગ્યે જ નીકળી શકું. પછીનો છેલ્લો અને એક માત્ર દિવસ ૩જી મેનો રહે છે. તે દિવસે નીકળીએ તો પ્રતિનિધિમંડળ ૨૦મીએ લંડન પહોંચે. કૉન્ફરન્સ પર ભાગ્યે જ તે કશો પ્રભાવ પાડી શકશે. ૨૨મીએ તો કેવળ ઔપચારિક કામ થશે.

કેપટાઉન પાસે એક પાઈની પણ આશા ન રાખવી જોઈએ. તેઓ ટેકો આપશે. તેમની પાસે નથી માણસો કે નથી પૈસા. ડરબન વિષે હું કાંઈ જાણતો નથી. તેઓ પૈસા એકઠા કરી શકશે તો તેઓ પોતાનો પ્રતિનિધિ મોકલવા માગશે. એટલે પૈસા એકલા ટ્રાન્સવાલે મેળવવાના રહેશે, પણ કામ સૌને માટે કરવું પડશે.

મારી સ્વાભાવિક ઇચ્છા આવું કોઈ પ્રતિનિધિમંડળ મોકલવાની વિરુદ્ધ છે.

મિસિસ અર્નેસ્ટ મિસ નુડસન[૪] વિષે જાણવાને ઇંતેજાર છે.

૧. હર્બર્ટ જૉન ગ્લૅડ્સ્ટન (૧૮૫૪–૧૯૩૦); ૧લા વાઈકાઉન્ટ ગ્લૅડ્સ્ટન; અંગ્રેજ રાજપુરુષ, પાર્લમેન્ટના સભ્ય ૧૮૮૦–૧૯૧૦; ક્રમશઃ યુદ્ધ ઑફિસમાં નાણામંત્રી, ગૃહખાતાના ઉપમંત્રી અને ગૃહમંત્રી; ૧૯૧૦માં દક્ષિણ આફ્રિકાના ગવર્નર જનરલ અને હાઈ કમિશનર, આ હોદ્દા પર તેઓ ૧૯૧૪ સુધી રહ્યા.

૨. જુઓ "એલ. ડબ્લ્યુ. રિચને પત્ર," પા. ૬–૮.

૩. દેખીતી રીતે જ લંડનમાંની સા. આ. ખ્રિ. હિંદી કમિટીને.

૪. જોહાનિસબર્ગમાં મસાજ કરનાર બાઈ. તેમણે કેટલીક હિંદી સ્ત્રીઓને મસાજની તાલીમ આપવા કહ્યું હતું.

Gandhi Heritage Portal

હું મૅકિન્ટાયરને[૧] લખીશ.
જૉસફ[૨] અને કિવનને[૩] લખું છું.[૪] તેમને ૧૮મીએ છોડવાના છે.

તમારો સહૃદયી
મો. ક. ગાંધી

[મૂળ અંગ્રેજી]
ગાંધીજીના હસ્તાક્ષરમાં લખાયેલ મૂળ પત્રની છબી પરથી : એસ. એન. ૫૪૬૬

૩૨(૧). પૂર્વ આફ્રિકાના હિંદી

પૂર્વ આફ્રિકામાં વસતા હિંદીઓની સ્થિતિ દિવસે દિવસે બગડતી જોવામાં આવે છે. નૈરોબી ખાતે પ્રસિદ્ધ થતા હિંદીના વાર્જિત્ર ઇન્ડિયન વૉઈસ પરથી તેમની દશાનો ખ્યાલ આવી શકે છે. જેવું દક્ષિણ આફ્રિકામાં છે તેવું ત્યાં પણ કરવા ત્યાંના ગોરાઓ પ્રયાસ કરવા લાગ્યા છે. યુગાન્ડા રેલવે પર મુસાફરી કરતાં હિંદીને અનેક અગવડ, અપમાન અને આપદા વેઠવી પડે છે. વેપારમાં પણ તેમની સામે બંધ બાંધવાની શરૂઆત થઈ છે. ત્યાંના ઑસ્ટરિચ કાયદાની રૂએ હિંદીઓને એ ધંધો કરવાની મનાઈ છે. ડૉકટરી ધંધામાં હિંદી બિલકુલ ન દાખલ થઈ શકે, એવો કાયદો ઈસ્ટ આફ્રિકાની પ્રોટેકટરેટ સરકારે ઘડયો છે. આ કાયદાને લીધે દેશી વૈદો અને હકીમોથી તો પોતાનો ધંધો નહીં કરાય, પણ જેઓએ હિંદી યુનિવર્સિટીઓની કેળવણી લીધી છે, અને એલ. એમ. એસ. જેવી ઊંચી પદવી મેળવી છે, તેવા ડૉકટરો પણ પોતાનો ધંધો કરી શકશે નહીં. હિંદીએ ખીલવેલા, અને હિંદીથી વસાયેલા મુલકમાં હિંદીવાનોને પોતાની શારીરિક સારવાર માટે પોતાના જ માણસોને બદલે અજાણ્યા અને આણઘડ ગોરાઓને શરણે જવું પડે એ જેવી તેવી વાત નથી.

ત્યાંના ગોરાઓ એટલેથી જ અટકવા માગતા નથી. નૈરોબીના ગોરાઓના મંડળે વધુ હિંદીઓને આવવા ન દેવા ઠરાવ કર્યો છે. તેમના ઠરાવમાં નીચેના શબ્દો છે : "ગિરમીટિયા સિવાય વધુ એશિયાટિકોને બિલકુલ આવવા દેવા નહીં, અને ગિરમીટિયાઓને મુદત — ત્રણ

૧. ડબ્લ્યુ. જે. મૅકિન્ટાયર; સ્કૉટિશ થિયૉસૉફિસ્ટ અને ગાંધીજીને ત્યાં વકીલાત શીખતા સૉલિસિટરના કલાર્ક.

૨. જૉસફ રૉયપેન: નાતાલમાં હિંદી ગિરમીટિયા માબાપને ત્યાં જન્મ; કેમ્બ્રિજ યુનિવર્સિટીના ગ્રેજ્યુએટ અને બૅરિસ્ટર; એશિયાટિક લૉ એમેન્ડમેન્ટ ઑર્ડિનન્સની વિરુદ્ધ લૉર્ડ એલ્ગિનને આપેલા વિનંતીપત્રમાં સહી કરનાર પાંચ વિદ્યાર્થીઓમાંના એક, (પુસ્તક ૬, પા. ૯૦–૨ અને ૧૨૩–૪); ૧૯૦૬માં ટ્રાન્સવાલ ઇન્ડિયન ડેપ્યુટેશન ઇંગ્લંડમાં હતું ત્યારે તેને મદદ કરી; પાછળથી ૧૯૧૦માં દક્ષિણ આફ્રિકા આવ્યા પછી તેમણે ઘણી વાર જેલ અને હદપારી ભોગવી; જુઓ પુસ્તક ૧૦, પા. ૧૬૭, ૩૦૬, ૩૦૮, ૩૦૯ અને ૩૪૯ તથા દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહનો ઇતિહાસ, દ્વિતીય ખંડ, પ્ર. ૭.

૩. લ્યુઅંગ કિવન: "જેહાનિસબર્ગના ચીનાઓના નેતા", અને ચાઈનિઝ ઍસોસિયેશન તથા કેન્ટનિઝ ક્લબના અધ્યક્ષ; ૧૯૦૮માં સ્મટ્સને જે "સમાધાન પત્ર" લખવામાં આવ્યો હતો તેમાં સહી કરનારાઓમાં તેઓ પણ હતા; જુઓ પુસ્તક ૮, પા. ૩૭–૯; એશિયાટિક રજિસ્ટ્રેશન ઍકટના વિરોધમાં પોતાનો પરવાનો બાળ્યો (પુસ્તક ૮, પા. ૪૩૦–૧) અને ૧૯૦૯માં જેલ ભોગવી; જુઓ પુસ્તક ૯, પા. ૨૮૪–૫.

૪. ગાંધીજીએ આ પત્રો લખ્યા જ હોય તો પણ તે મળતા નથી.

Gandhi Heritage Portal

વર્ષની—પૂરી થયે પાછા મોકલવા અને કેળવાયેલા એશિયાટિકો હિંદી સરકારનો પાસપોર્ટ લાવે તો જ તેમને આવવા દેવા, અને તે પણ મુદતી રીતે." અલબત્ત આવા અજબ ઠરાવનો અમલ થાય એવો હાલ સંભવ નથી, છતાં પૂર્વ આફ્રિકામાં શું નહીં થાય તેની કલ્પના આવાં પગલાંથી કરી શકાય છે.

વળી માત્ર નવા આવનારને અટકાવવાથી જ ગોરાઓને સંતોષ થાય તેમ નથી. રહીશ હિંદીઓને પણ હલકી પાયરી ઉપર રાખવાનાં પગરણ આજથી વર્તાય છે. તેનો જાણવાલાયક દાખલો તાજો જ બન્યો છે. પૂર્વ આફ્રિકાના ગવર્નર વિલાયતથી પાછા ફરતાં નૈરોબીના સ્ટેશને આવકાર આપવાનો મેળાવડો થવાનો હતો. તે વખતે વફાદારીની ખાતર હિંદીઓએ પણ હાજર રહેવા, અને ગોરાઓની પેઠે એક માનપત્ર આપવા ઇચ્છા કરી. પણ જ્યારે તેમણે કમિશનરની રજા માગી ત્યારે તેમને પાછા પાડવામાં આવ્યા, અને સેક્રેટરીની રજા માગવા ફરમાવ્યું. ત્યાંથી રજા આપવાની મોટી મહેરબાની થઈ, પણ તે એવી શરતે કે માત્ર ૫૦ હિંદીઓ જ સ્ટેશનમાં જઈ શકે, અને તેટલાએ પણ ખભા પર પટા પહેરવા કે જેથી રજા ન મળી હોય એવા બીજા હિંદીઓથી તેઓ જુદા પડે. આવી કોઈ શરત ગોરાઓ પર નહોતી નખાઈ. તે જોતાં હિંદીઓએ તે રજા તરછોડી કાઢી, અને મેળાવડામાં જવાનું મોકૂફ રાખ્યું. આ ખરેખર તેમને શોભા આપનારું હતું. વળી પાછળથી એવું જણાય છે કે સ્ટેશન પર તેમને માટે જગા રાખવામાં આવી હતી તે જાજરૂની નજદીકમાં અને ગવર્નરના ઊતરવાના પ્લૅટફૉર્મથી એટલે દૂર કે ન કાંઈ સાંભળી શકાય, કે ન કાંઈ દેખી શકાય. આવી હડહડતી અપમાનભરેલી સ્થિતિમાં મુકાવાથી હિંદીઓ પોતાની મેળે જ બચેલા તેથી ખરેખર તેમને સંતોષ થયો હોવો જોઈએ.

પૂર્વ આફ્રિકાના હિંદીની બાબતોનો એક વધુ બનાવ અત્રે નોંધ લેવા લાયક છે. લૉર્ડ કિચનરે હાલમાં પોતાની સફર દરમ્યાન મોમ્બાસાની મુલાકાત લીધેલી ત્યારે તેમને માનપત્ર આપનારાઓમાં હિંદી અને આરબ જ હતા. હિંદી માનપત્ર ઑન. મિ. એમ. જીવણજીના મકાન પર આપવામાં આવ્યું હતું. તે વખતે આ નામવર સાહેબને માન આપવા ૫૦૦ જેટલા હિંદીઓ જમા થયા હતા. માનપત્રમાં જણાવવામાં આવ્યું હતું કે, ૧૫મા સૈકાની આખરના વખતથી હિંદીવાનોએ પૂર્વ આફ્રિકામાં આવવાનું શરૂ કર્યું છે. લૉર્ડ કિચનરે પોતાના જવાબમાં હિંદી કોમને અને ખાસ કરીને મિ. અલાદીના વિકાસ જેવા અગ્રેસરને મુબારકબાદી આપી, અને બંદરની ખિલવણી અને આબાદીમાં તેમણે બજાવેલા ભાગ માટે તેમની તારીફ કરી.

આમ જે મુલકના બંધારણમાં હિંદીઓનો આવડો જબરો હિસ્સો છે, અને જે મુલક ખરું કહીએ તો હિંદીઓનો જ કહેવાય, તેમાં જ શું હિંદીને હવે સતાવવામાં, ઊતરતા ગણવામાં, અને હલકી દશાએ પહોંચાડવામાં આવશે? જવાબનો આધાર હિંદીઓની પોતાની જ ઉપર છે.

[મૂળ ગુજરાતી]

ઇન્ડિયન ઓપીનિયન, ૧૫-૪-૧૯૧૧

Gandhi Heritage Portal

૩૨(૨). યુનિયન પાર્લમેન્ટમાં ઇમિગ્રેશનના કારોબાર પર ચર્ચા[૧]

નવા બિલ વિષે ઇશારો

યુનિયન પાર્લમેન્ટમાં બજેટમાં ઇમિગ્રેશન અને એશિયાટિક કારોબાર માટે મુલકી ખાતા તરફથી પા. ૧૮,૫૭૯ની રકમ મૂકવામાં આવી હતી તે પાસ કરવાની દરખાસ્ત આવી ત્યારે

મિ. ક્રાઇનરે

ગિરમીટિયા પરના પા. ૩ના કરથી ભોગવાતી હાડમારીઓ પર ધ્યાન ખેંચ્યું, અને એ કર કાઢી નાખવા માગણી કરી. તેમણે કહ્યું કે મને જણાવવામાં આવે છે કે એ કર ઓરતને અને છોકરાંઓને લાગુ પડતો નથી, છતાં તેમની પાસેથી એ વસૂલ કરવામાં આવે છે. એક માણસે પોતા વાસ્તે પા. ૩ ભરવા ઉપરાંત, પોતાની ઓરત, અને ૧૩ વર્ષની દીકરીઓ, અને ૧૭ વર્ષના દીકરાઓ, એ દરેક માટે પણ પાઉંડ ત્રણ ત્રણ વર્ષ દહાડે ભરવા પડે. આ દેખીતો અન્યાય છે. કેમ કે આ લોકોને આ મુલકના ભલાને વાસ્તે અહીં લાવવામાં આવ્યા છે.

વળી ૧૯૧૦માં એવો કાયદો પસાર કરવામાં આવ્યો છે કે ઓરતોને તે કરમાંથી મુક્ત કરી શકાય. છતાં તે માજિસ્ટ્રેટની મરજી પર મૂકી દેવામાં આવ્યું છે, અને તેઓ તે સત્તાનો યોગ્ય રીતે ઉપયોગ કરતા નથી એવી ફરિયાદ થઈ છે. અશક્ત ગરીબ ઓરતોને એ કર ન ભરવા માટે કોર્ટમાં ખડી કરી જેલમાં નાંખવાના દાખલા બન્યા છે. હું કહું છું કે આ કાયદાનો વાજબી રીતે અમલ થવો જોઈએ, અને હવે ગિરમીટ બંધ થઈ છે તેથી તે કર બંધ કરવાનું પણ જરૂરી છે.

મિ. ક્લેટને જણાવ્યું કે ૧૯૦૦ની સાલ પહેલાં આવેલા ગિરમીટિયાઓને એ કર ભરવો પડતો નથી. જે લોકો ગિરમીટની મુદત પછી વસી રહેવાનું પસંદ કરે છે તેમની સંખ્યા ઘટતી જાય છે. ગિરમીટમાં જોડાય છે તેઓને તેની શરતો સમજાવવામાં આવેલી હોય છે. તેથી પા. ૩નો કર વસૂલ કરવામાં કાંઈ અન્યાય થતો હોય એવું દક્ષિણ આફ્રિકાને લાગી શકે નહીં.

મિ. ક્રાઇનરે ભાર દઈને કહ્યું કે પા. ૩નો કર ગરીબ માણસો પાસેથી વસૂલ ન કરવા માજિસ્ટ્રેટોને સત્તા આપવામાં આવી છે, પણ માજિસ્ટ્રેટો તે કાયદાનો વિચાર રાખ્યા વગર કર સંબંધમાં સજાઓ કરે છે.

આના જવાબમાં ફરીથી મિ. ક્લેટને વિવેચન કર્યું.

મિ. ઍલેક્ઝાંડરે

કહ્યું કે—મુદ્દો એ છે કે ગિરમીટ બંધ થાય છે, છતાં ગિરમીટને લીધે જે કાયદો થયો છે તે રદ નથી થતો! ઇમિગ્રેશનના સામાન્ય સવાલ પર લંબાણથી હું બોલવા નથી માગતો. કમિટીમાં જ્યારે તે બિલ જશે ત્યારે પૂરી ચર્ચા કરી શકાશે. પણ મુખ્ય પ્રધાને પાર્લમેન્ટના કામ કરવાના કલાકો વધારવાની નોટિસ આપી છે, અને તે ચાલુ બેઠકોનો અંત વહેલો આવવાનાં ચિહ્ન મને લાગે છે.

૧. નવા બિલ વિષે યુનિયન પાર્લમેન્ટમાં થયેલી ચર્ચાનો આ હેવાલ ગાંધીજીએ ગુજરાતી વાચકો માટે ખાસ તૈયાર કર્યો છે એટલે નમૂના તરીકે એ લીધો છે.

Gandhi Heritage Portal

જનરલ સ્મટ્સ : નહીં, નહીં.

મિ. ઍલેકઝાંડર : ગમે તેમ હોય, પણ તે બિલ સંબંધમાં સરકારનો શું ઇરાદો છે તે જાણવા પાર્લમેન્ટ હકદાર છે. જો એ હાથ ધરવાનું સાવ માંડી વાળવામાં આવે તો હું તો દિલગીર નહીં થાઉં. ખરું કહીએ તો કોઈ પણ, ખુદ મુલકી પ્રધાન પણ, દિલગીર નહીં થાય. એ બિલ સંબંધમાં આખા યુનિયનમાં અસંતોષનો પડઘો એકે અવાજે પડયો છે. (નહીં નહીં એવી બૂમો)

મિ. ઍલેકઝાંડર : ઇમિગ્રેશનના સામાન્ય સવાલ પર બોલવા હું હકદાર છું, અને હું આશા રાખું છું કે તે બિલ સંબંધમાં સરકારનો શું ઇરાદો છે તેનો પ્રધાન પાર્લમેન્ટને કાંઈક ચોક્કસ ખ્યાલ આપશે. (પછી તેમણે ઇમિગ્રેશનના કારોબારની વાત પર આવતાં કહ્યું કે) બંદર પર રોકાણના ઠેકાણાની (ડિટેનશન ડેપો) વ્યવસ્થા બરોબર થવી જોઈએ. એક પ્રસંગે એક માણસને એક દિવસ રોકવામાં આવેલ તે માટે તેની પાસેથી પા. ૧–૧૭–૦ની ફી લેવાયેલી! પ્રધાનને આ ખાતાના કારોબારમાં મદદ માટે એક સલાહકારી બોર્ડ નીમવું જોઈએ.

મિ. વોસલુએ

કહ્યું કે હું ચાઈનિઝ ઇમિગ્રેશનની વિરુદ્ધ મજબૂત રીતે છું, પણ એક વખત એક માણસને આપણે દાખલ થવા દઈએ, અને જો તે સારો માણસ માલૂમ પડે તો પછી આપણે તેના તરફ વાજબી રીતે વર્તવું જોઈએ, અને તેનું રક્ષણ કરવું જોઈએ. પણ તેમ થતું નથી. એક પંદર વરસનો રહીશ ચીનો અહીંથી પોતાને દેશ ગયો હતો. તે અહીં મિલકત ધરાવે છે. છતાં તેને પાછો આવતાં અટકાવવામાં આવ્યો. તેને વિષે રજૂઆત કરવામાં આવી છે, પણ ઘણો વખત થયા છતાં દાદ મળી નથી.

જનરલ સ્મટ્સે

જવાબ આપતાં કહ્યું કે ચીના વિષે જે વાત કરવામાં આવી તે કેપના કાયદાની રૂએ છે. તે કાયદા તળે ધારા ઘડવાની સરકારને સત્તા હતી. તે ધારામાં ચીનાઓ માટે પરમિટો રાખવામાં આવેલી. તેની રૂએ તેમણે એક વરસમાં પાછા ફરવાની શરત હતી. છતાં જે ચીના વિષે કહેવામાં આવ્યું તેણે બેક વરસ વીત્યા બાદ દાખલ થવા દેવા અરજ કરી, સુપ્રિમ કોર્ટે વરસ એકની મુદત વાજબી ઠરાવી તેનો કેસ કાઢી નાંખ્યો છે. એ બાબત મારી પાસે લાવવામાં આવી છે, પણ હું તે ફરીથી ખોલવા માગતો નથી. (આગળ ચાલતાં તેમણે કહ્યું કે) પા. ૩નો કર હિંદીઓને નાતાલમાં આવતા અટકાવવા સારુ છે, અને હું તેને ફાયદાકારક ગણું છું. એ કર ભરવાની હાડમારીના દાખલાઓમાં મેં તપાસ કરી તો તે ફરિયાદ પાયા વગરની જણાઈ છે. આ મુલકના કિનારા ઉપરથી ન ઇચ્છવા જોગ ઇમિગ્રન્ટોને દૂર રાખવા ખર્ચ કરવું પડે તેની કમિટી દરકાર કરશે નહીં એવી મને આશા છે. કેસલ ડિવિઝનના મેમ્બર (મિ. ઍલેકઝાંડર)ના જવાબમાં હું કહી શકું તે એટલું જ છે કે આ બિલ, અથવા બને તેટલું આ બિલ, પાસ કરવા મારો ઇરાદો છે. કેટલીક પેટા બાબતો સંબંધમાં બિલ પર આપણે આવીએ ત્યારે વિચાર કરી શકીશું. હું ધારું છું કે કેળવણીની પરીક્ષાને ભૂતકાળમાં વધુ પડતી ઉપયોગિતા અપાઈ છે. બ્રિટિશ કે કોઈ અજાણી ભાષામાં વિદ્વત્તાની જરૂર નથી. સરસ તંદુરસ્તી, સારી ચાલચલગત, અને શારીરિક અને માનસિક ઉમદા ગુણો એ વધારે અગત્યતાની બાબતો છે.

મિ. મેરીમૅને સવાલ પૂછ્યો કે જુલાઈ પહેલાં જે ગિરમીટિયાઓને લાવવામાં આવનાર છે તે સંબંધમાં શું સ્થિતિ છે?

Gandhi Heritage Portal

જનરલ સ્મટ્સ : નાતાલ ઇમિગ્રેશન ટ્રસ્ટ બોર્ડ પાસે ૧૫થી ૧૬ હજાર માણસો માટે અરજીઓ આવી હતી, અને તેથી સાધારણ રીતે તેટલા માણસોને દાખલ કરવામાં આવે. છતાં મજૂરો મેળવવાનું કામ કરનાર એજન્ટોને હિંદમાં પાછા પાડવામાં આવે છે. ત્યાં પાકની અને બીજી આબાદી છે તે જોતાં ઉપલી સંખ્યાનો બહુ જૂજ ભાગ અત્રે આવી શકશે એમ જણાય છે.

ત્યાર બાદ ઉપરની રકમ પાસ કરવામાં આવી હતી.

[મૂળ ગુજરાતી]

ઇન્ડિયન ઓપીનિયન, ૧૫-૪-૧૯૧૧

૩૩. એલ. ડબ્લ્યુ. રિચને પત્ર

[કેપટાઉન,]
એપ્રિલ ૧૭, ૧૯૧૧

પ્રિય રિચ,

તમારો પત્ર મળ્યો. ગઈ કાલે મેં તમને પત્ર લખ્યો નથી. કંઈ લખવાનું હતું જ નહીં. ઇન્ડિયન ઓપીનિયનના ગુજરાતી કૉલમમાં મેં એક ટૂંકો અગ્રલેખ[1] લખ્યો છે અને તેમાં, લોકો તમારા કામની કદર કરવા માગતા હોય તો કઈ રીતે કરી શકે તે બતાવ્યું છે. એ ગયા શનિવારે છપાવો જોઈતો હતો.

લેનની વાત સાચી હોય તો આ અઠવાડિયે આપણને ચોક્કસ પરિણામ જાણવા મળશે. સ્મટ્સને આ વસ્તુ રાજ્યારોહણના સમય સુધી ખેંચવાનું ગમે, પણ એવું બને એ હું કલ્પી શકતો નથી. પણ આવું અનુમાન કરવાનો કંઈ અર્થ નથી. બુધવારે પણ ફરીથી નિરાશ જ થવાનું હોય તો હજી થોડા જ દિવસોમાં આપણે ખરાબમાં ખરાબ સમાચાર જાણવા પડશે.

મને આશા છે કે ગ્રેગોરોસ્કી[2] બ્લૂમફૉન્ટીન જઈ શકશે.[3] નહીં જઈ શકે તો બહુ ખોટું થશે એ સ્થિતિમાં લેપિનને પોતાને ગમતો માણસ મોકલવા કહેવું સારું. બુધવારે કંઈક નિશ્ચિત

૧. જુઓ "મિ. રિચ જોહાનિસબર્ગમાં", પા. ૩૦.

૨. આર. ગ્રેગોરોસ્કી; જોહાનિસબર્ગના વકીલ જેમની કાનૂની અને બંધારણીય બાબતોમાં ગાંધીજી ઘણી વાર સલાહ લેતા; પાછળથી તેઓ સત્યાગ્રહીઓના મુકદ્દમામાં વકીલ તરીકે ઊભા રહેતા; જુઓ પુસ્તક ૧૦, પા. ૫૪૨-૩ અને ૫૫૪-૫.

૩. રંભાબાઈ સોઢાના મુકદ્દમામાં અપીલ માટે ગ્રેગોરોસ્કી જરૂર ગયા હતા, પણ ૨૨મીએ અપીલની સુનાવણી થઈ અને તે ખર્ચ સાથે કાઢી નાંખવામાં આવી.

Gandhi Heritage Portal

થયું તો હું શ્રીમતી સોઢા[૧] માટે રાહતની માગણી કરવાનો વિચાર કરું છું. આ પત્ર તમને ગુરુવારે મળશે. એટલે હું આ બાબત વિષે કાલે કદાચ તાર[૨] કરીશ.

તમારો સહૃદયી
મો. ક. ગાંધી

[મૂળ અંગ્રેજી]

ગાંધીજીના હસ્તાક્ષરમાં લખાયેલા મૂળ પત્રની છબી પરથી : એસ. એન. ૫૪૬૮

૩૪. એલ. ડબ્લ્યુ. રિચને પત્ર

[કેપટાઉન,]
એપ્રિલ ૧૮, ૧૯૧૧

પ્રિય રિચ,

દિલગીર છું કે હજી સુધી મને તમને જણાવવા જેવી કશી ખબર મળી નથી, હું કંઈક અધીરાઈથી આવતી કાલના ૧૦–૩૦ વાગવાની એની રાહ જોઉં છું. મને લાગે છે મને ફરીથી નિરાશા સાંપડવાની છે. લેન મને કહેશે કે તેની પાસે મને કહેવા જેવું નિશ્ચિત કશું નથી. એવું બનવાનો સંભવ છે કે સ્મટ્સ પોતાનું બિલ જેવું હોય તેવું છેલ્લી ઘડીએ પાસ કરાવી દે. એનો અર્થ એ થાય કે તે આપણને એક ખાલી ખોખું આપે અને એમાં પ્રાણ પૂરવા માટે આપણે તેના ઉપર દબાણ કરવું પડે.

સોઢાની અપીલ વિષે મેં માહિતી માગી છે. ગેંગોરોસ્કી ન જઈ શકે તો તમે કોઈ સારો વકીલ કરી લેજો.

તમારો સહૃદયી
મો. ક. ગાંધી

[તા. ક.]

કુમારી શ્લેશિનને કહેજો કે ફિનોટનું પુસ્તક અને ડૉ. મહેતાનું ભાષણ[૩] મને વેળાસર મળી ગયું છે.

[મૂળ અંગ્રેજી]

ગાંધીજીના હસ્તાક્ષરમાં લખાયેલા મૂળ પત્રની છબી પરથી : એસ. એન. ૫૪૭૧

૧. રંભાબાઈ રતનશી સોઢા : સત્યાગ્રહી આર. એમ. સોઢાનાં પત્ની. ગાંધીજીએ તેમને તેમના પતિના કારાવાસ દરમ્યાન તેમનાં ત્રણ બાળકો સાથે ટૉલ્સ્ટૉય ફાર્મમાં રાખવાનું નક્કી કર્યું. પણ ૧૯૧૦ના નવેમ્બરમાં તે ટ્રાન્સવાલની હદમાં પ્રવેશ કરતાં હતાં ત્યારે તેમને ગિરફતાર કરવામાં આવ્યાં. જુઓ પુસ્તક ૧૦, પા. ૪૪૦ અને ૪૪૨–૪. જોહાનિસબર્ગના મૅજિસ્ટ્રેટે ૧૦ પાઉન્ડ દંડ અને એક માસની જેલની સજા કરી. અપીલમાં હાઈકોર્ટે સજા ઘટાડીને માત્ર દંડની સજા કાયમ રાખી. જુઓ પુસ્તક ૧૦, પા. ૪૯૧–૨ અને ૫૫૨. ત્યાર પછી બ્લૂમફૉન્ટીનની કોર્ટમાં અપીલ કરવામાં આવી હતી.

૨. આ તાર કર્યો હોય તો તે મળતો નથી.

૩. જુઓ, "એલ. ડબ્લ્યુ. રિચને પત્ર", પા. ૨૭–૮.

Gandhi Heritage Portal

૩૫. જોહાનિસબર્ગની ઑફિસને તાર

કેપટાઉન,
એપ્રિલ ૧૯, ૧૯૧૧

ગાંધી
જોહાનિસબર્ગ
[સ્મટ્સ] ફ્રી સ્ટેટનો પ્રતિબંધ દૂર કરીને સામાન્ય બિલ પસાર કરાવવા માગે છે. પણ શક્ય હોય તો આ બેઠકમાં નહીં લાવવા વિચારે છે. એ દરમ્યાન લડત ન ચાલે એવું ઇચ્છે છે. સોઢાની[૧] અપીલ નિષ્ફળ જાય તોપણ તેને જેલમાં પૂરવા ઇચ્છતા નથી. બિલ પસાર ન થાય તો હું અહીં રોકાઈ જાઉં છું. ઇંગ્લંડની મુલાકત[૨] આવશ્યક લાગે છે. પરિસ્થિતિનો કાળજીપૂર્વક વિચાર કરવાની જરૂર છે.

ગાંધી

[મૂળ અંગ્રેજી]
મૂળ તારની છબી પરથી : એસ. એન. ૫૪૭૫

૩૬. જનરલ સ્મટ્સને પત્ર

[કેપટાઉન,]
એપ્રિલ ૧૯, ૧૯૧૧

પ્રિય જનરલ સ્મટ્સ,

આજે સવારે આપણી વચ્ચે થયેલી વાતચીત[૩] વિષે વિચાર કર્યા પછી મને લાગે છે કે મારે તમારી સમક્ષ પરિસ્થિતિ સ્પષ્ટ રૂપમાં મૂકવી જોઈએ.

હાલની બેઠક દરમ્યાન પ્રશ્નનો નિવેડો નહીં આવે તો સત્યાગ્રહીઓ બિલકુલ નિષ્ક્રિય રહેશે એવી કલ્પના કરતાં પણ ખૂબ જ ધ્રૂજી જવાય છે. ટૉલ્સ્ટૉય ફાર્મમાં કુટુંબ સાથે એવા માણસો રહે છે જેઓ આર્થિક રીતે પાયમાલ થઈ ગયા છે. બહાર પણ ઘણાની એ જ સ્થિતિ છે. તેઓ જેલમાં જાય કે જવાનું ટાળે તોપણ તેમના હરવાફરવામાં તો મુશ્કેલી આવવાની જ. દાખલા તરીકે નાતાલ જતાં કે ત્યાંથી પાછા આવતાં સરહદ પર તેમને પડકારવામાં આવશે. વેપારીઓ વેપાર નહીં કરી શકે કારણ કે લડત ચાલે છે ત્યાં સુધી તેઓ રજિસ્ટ્રેશન સર્ટિફિકેટો રજૂ નહીં કરે. આપણે જો સક્રિય લડત ચલાવી રહ્યા હોત તો આ બધી યાતનાઓ વિષે મારે કશું કહેવાનું ન હોત. પણ લશ્કરી ભાષા વાપરું તો એક અથવા એથી વધારે વરસ સુધી, એટલે કે પાર્લમેન્ટ ફરીથી મળે ત્યાં સુધી, આપણી વાતચીતનો અર્થ, 'યુદ્ધ-વિરામ' જ થાય.

૧. જુઓ આ પછીનો લેખ અને "જનરલ સ્મટ્સની મુલાકાતનો સાર", પા. ૪૫–૭.
૨. જુઓ "એલ. ડબ્લ્યુ. રિચને પત્ર", પા. ૩૫–૭.
૩. જુઓ આ પછીનો લેખ.

Gandhi Heritage Portal

આ કેવી રીતે કરવું તે મને સમજાતું નથી. આપને ખબર છે કે લડતમાં અમને ઘણું ખર્ચ થયું છે. અને સત્યાગ્રહીઓનાં કુટુંબોને પોષવા માટેનું અમારું માસિક ખર્ચ પણ સ્વાભાવિક રીતે જ બહુ ભારે છે. જો અમારે ફરીથી ફાળો માગવાનું શરૂ કરવાનું હોય તો અમારે અહીં, હિંદુસ્તાનમાં અને ઇંગ્લંડમાં આંદોલન કરવું પડે. નાતાલના માણસો જેમણે સર્વસ્વ ગુમાવ્યું છે તેમને શું મહિનાઓ સુધી દુવિધામાં રાખવા?

હું તમને ખરા દિલથી મદદ કરવા આતુર છું, પણ મને સમજાતું નથી કે સત્યાગ્રહીઓ શાંત રહે એવું વચન હું કેવી રીતે આપી શકું? આપ, સામ્રાજ્ય સરકાર અને હું, આંદોલન ટાળવા માગીએ છીએ. પણ મને બીક છે કે, સંજોગો જોતાં જો ચાલુ બેઠકમાં પ્રશ્નનો નિકાલ નહીં આવે તો એ ટાળવાનું લગભગ અશક્ય છે.

બીજી બાજુ, ખાસ કરીને આટલી ધમાલવાળી બેઠકના છેક અંતમાં હું તમારી મુશ્કેલી ન સમજું, તો એ મારે માટે અસભ્યતા જ ગણાય. તમારે ઘણા મુશ્કેલ સવાલો હલ કરવાના છે. હિંદીઓને તો અત્યારે માત્ર એક જ સવાલ છે. તેમ છતાં મેં સૂચવેલા બેમાંના એક સમાધાન વિષે તમારા સલાહકારોને જે મુશ્કેલી લાગે છે તે મને લાગતી નથી. આ બધે લાગુ પડતું બિલ તમે કયારેક તો પસાર કરાવવાના જ છો, એ જોતાં, ટ્રાન્સવાલ પ્રાંતમાં એ બિલમાંની કેળવણી-વિષયક પરીક્ષાનો અમલ અત્યારથી જ ન કરવા માટે કશું કારણ નથી. એથી તમારે ટ્રાન્સવાલમાં જોઈતા એક પણ ગોરાને બહાર નહીં રહેવું પડે, અને દર વર્ષે ઉચ્ચ કેળવણી પામેલા છ હિંદીઓ સિવાયના બધા જ હિંદીઓ આવતા અટકશે. વિરોધ પક્ષના નેતાઓની લાગણીનો મને જે અંદાજ છે તેટલા પરથી હું કહી શકું છું કે તેઓ કશો વિરોધ કરવાના નથી. સૌ સમજી જશે કે આ સમાધાન કામચલાઉ છે અને ટ્રાન્સવાલમાંનો ઝઘડો પતાવવાના ઇરાદાથી કરવામાં આવ્યું છે. ફ્રી સ્ટેટવાળાઓને તમારા સામાન્ય બિલ વિષે વિચાર કરવા લાંબો સમય મળશે અને બીજી બેઠક વખતે સૌ કોઈ નવેસરથી કામ શરૂ કરશે. આપ જો કે બીજી ઘણી મુશ્કેલીઓથી ત્રાસેલા છો, તેમ છતાં, મારા દેશબંધુઓ નજીક આવતા રાજ્યારોહણના ઉત્સવમાં ભાગ લઈ શકે તેટલા માટે, તેમના માર્ગમાંથી ગંભીર અંતરાય દૂર કરવાની વિનંતી કરવાનું શું આપને વધારે પડતું લાગે છે?

આ પત્ર ઘણો અંગત છે અને આપણી એવી વાતચીતમાંથી ઉદ્‌ભવેલો છે, જેનો અમુક ભાગ ગુપ્ત રહે એવી આપની ઇચ્છા છે, એટલે આપની સંમતિ સિવાય હું એ પ્રગટ નહીં કરું.

આપનો વિશ્વાસુ

[તા. ક.]

શ્રીમતી સોઢાની અપીલ બ્લૂમફૉન્ટીનમાં શનિવારે નીકળશે. એટલે ઍટર્ની જનરલને અત્યારથી જ સૂચના આપશો કે શ્રીમતી સોઢા અપીલમાં હારી જતાં તેમને પકડવામાં ન આવે.

[મૂળ અંગ્રેજી]

ગાંધીજીના હસ્તાક્ષરમાં લખાયેલા મૂળ મુસદ્દાની છબી પરથી: એસ. એન. ૧૪૭૭

Gandhi Heritage Portal

૩૭. જનરલ સ્મટ્સની મુલાકાતનો સાર

[કેપટાઉન,]
એપ્રિલ ૧૯, ૧૯૧૧

સુધાર્યો નથી
આમાંથી કશું પ્રસિદ્ધ કરવાનું નથી.
જોઈ ગયા બાદ તિજોરીમાં રાખવાનું.

જે. સી. એસ. અને ગાંધીજી વચ્ચે ૧૯-૪-૧૯૧૧ને રોજ દિવસે ૧૧-૩૦[1] વાગ્યે થયેલી મુલાકાતનો સાર

જનરલે અત્યંત સજ્જનતા બતાવી. સ્મટ્સ અને ગાંધી એવા તો મિત્રો છે કે તેમણે હાથ મિલાવવાનું પણ છોડી દીધું છે, પરંતુ આ મુલાકાત વખતે તેમણે ઊલટભેર હાથ મિલાવ્યા.

"વારુ, ગાંધી, હું દિલગીર છું. તમને ઘણા ખોટી કર્યા છે. પણ હું શું કરું? તમે પોતે તો કેપટાઉનમાં મજા માણવાનો આગ્રહ રાખશો," આમ કહીને જનરલ સ્મટ્સે પોતાની ખુરશી પાસે બીજી એક ખુરશી ખેંચીને ગાંધીને બેસવા કહ્યું.

"તમારી વૈકલ્પિક સૂચના[2] અમલમાં મૂકવાનું મુશ્કેલ છે, એમ કહું તો તમે એક વકીલ તરીકે એ વાત સમજી શકશો." જ. સ્મ. બીજી બાજુ ફરે છે અને પોતાની કાગળોની બાસ્કેટમાં કંઈક જોતા જણાય છે, અને વાત ચાલુ રાખે છે, "ગાંધી, ભલા આદમી, તમારે માટે હું દિલગીર છું. તમે જાણો છો કે હું શાંતિ ઇચ્છું છું." (હું માનું છું કે આ બધું કહેતી વખતે તેઓ મનમાં હસતા હતા.) હવે ગાંધી તરફ જોઈને કહે છે, "પણ મારા સલાહકારો માને છે કે તમારી સૂચનાનો અમલ થઈ શકે તેમ નથી. ગોરાઓને બીજા પ્રાંતોમાં આવતા અમે કેવી રીતે અટકાવી શકીએ? પાર્લમેન્ટ એવું બિલ પસાર નહીં કરે. તેથી હું મારું બિલ પસાર કરાવવા ઇચ્છું છું, જે મને ગમે છે અને જેને હું યોગ્ય પણ માનું છું. આ બેઠકમાં તે હું પસાર કરાવવાનો પ્રયત્ન કરીશ, પણ તેમાં કદાચ હું નિષ્ફળ પણ જાઉં. બધા સભ્યો જલદી જતા રહેવા માગે છે. અને ફ્રી સ્ટેટના સભ્યો હજી કોઈ પણ એશિયાટિકોને દાખલ કરવાની વિરુદ્ધ છે. મને લાગે છે કે એસેમ્બલીમાં હું તેમને હરાવી શકું. પણ સેનેટ એ બિલને ફેંકી દેશે. એટલે આ બિલને જો હું આ બેઠકમાં પસાર ન કરાવી શકું તો આવતી બેઠકમાં પસાર કરાવવા માગું છું. પણ એ અરસામાં શાંતિ રહે એવું ઇચ્છું છું. હું તમારા લોકોને હેરાન કરવા માગતો નથી. એ વાત તમે જાણો છો. અને તમે હિંદુસ્તાનથી અને બીજેથી લોકોને લડવા માટે લઈ આવો એ પણ હું નથી ઇચ્છતો. હું સામ્રાજ્ય સરકારને મદદ કરવા ઇચ્છું છું અને એ સરકાર મને મદદ કરવા ઇચ્છે છે. હું તમને મદદ કરવા ઇચ્છું છું અને તમે મને મદદ કરવા ઇચ્છો છો. તમે અમારું દૃષ્ટિબિંદુ નહીં સમજો?"

ગાંધીએ વચ્ચે કહ્યું: "હું જરૂર સમજું છું." સ્મટ્સે આગળ ચલાવ્યું, "હું જાણું છું કે તમારી પાસે ઘણા આગેવાનો છે. હું જાણું છું કે તમે ઉદાર અને પ્રામાણિક છો. સામ્રાજ્ય

૧. અહીં દિવસને બદલે રાતના ૧૧-૩૦ લખ્યા છે, એ ભૂલ છે. જુઓ "જનરલ સ્મટ્સને પત્ર", પા. ૪૩-૪.
૨. જુઓ, "ઈ. એફ. સી. લેનને પત્ર" પા. ૧૦-૧.

Gandhi Heritage Portal

સરકારને મેં એવું કહ્યું પણ છે. તમને તમારી રીતે લડવાનો અધિકાર છે. પણ આ તો હબસીઓનો દેશ છે. અમે ગોરાઓ તો મુઠ્ઠીભર છીએ. અહીં એશિયા દાખલ થાય એવું અમે ઇચ્છતા નથી. હવે નાતાલમાં ઇમિગ્રંટો નહીં આવે, એટલે હું આ પ્રશ્ન હલ કરી શકીશ એવી આશા છે. પણ તમારી સામે અમે કેવી રીતે ટકી શકીએ? હું તમારી પુસ્તિકા[૧] વાંચી ગયો છું. તમારી રહેણીકરણી સીધીસાદી છે અને તમે લોકો કરકસર કરી જાણો છો. તમે ઘણી બાબતોમાં અમારા કરતાં વધારે હોશિયાર છો. તમારી સંસ્કૃતિ હજારો વર્ષ પુરાણી છે. અમારી સંસ્કૃતિ તો તમે કહો છો તેમ, એક અખતરો છે. કોને ખબર છે કે આ આખી ભૂંડી વસ્તુ કદાચ બહુ જલદીથી નાશ પામી જશે. એશિયાઈઓને અમે અહીં કેમ આવવા દેવા માગતા નથી એ વાત પણ તમે જાણો છો. પણ નાતાલની મુશ્કેલી દૂર થઈ છે એટલે અહીંના સવાલને હું પહોંચી વળીશ. પણ મારે સમય જોઈએ. હું હજી ફ્રી સ્ટેટવાળાઓને હરાવીશ. પણ તમારે આક્રમણ નહીં કરવું જોઈએ. તમે જાણો છો કે આખોએ પ્રશ્ન ઇમ્પીરિયલ કૉન્ફરન્સમાં ચર્ચાવાનો છે. એટલે તમારે રાહ જોવી જોઈએ. હવે એ વાત વિષે ફરીથી વિચાર કરો, અને શું લાગે છે તે મને જણાવો." તેઓ જરા અટકયા અને પછી બોલ્યા, "તમારા લોકો કેવી રીતે બધે ફરી વળે છે, એ મને સમજાતું નથી. તેઓ બધી જગ્યાએ પહોંચે છે. હમણાં મારી પાસે વેપારીઓ સામે ઘણી ફરિયાદો આવી છે. ભવિષ્યની મારી મુશ્કેલી એમને વિષેની હશે. મારે તેમને ખલેલ પહોંચાડવી નથી. હું પરિસ્થિતિ જેમની તેમ રહેવા દેવા માગું છું, પણ શું થઈને ઊભું રહેશે તેની મને ખબર નથી. તમે તો ખૂબ જ સખત છો." પછી વિષય બદલતાં સ્મટ્સે કહ્યું, "ગાંધી, તમે નિર્વાહ માટે શું કામ કરો છો?"

ગાં.: હું હમણાં વકીલાત કરતો નથી.

સ્મ.: પણ તો પછી ગુજરાન કેવી રીતે ચલાવો છો? તમારી પાસે ખૂબ પૈસા છે?

ગાં.: ના. ટૉલ્સ્ટૉય ફાર્મમાં બીજા સત્યાગ્રહીઓ રહે છે તેમ ગરીબ માણસની માફક હું રહું છું.

સ્મ.: એ ફાર્મ કોનું છે?

ગાં.: મિ. કૅલનબૅકનું.[૨] એ જર્મન છે.

સ્મ.: (હસીને) હા, હા. કૅલનબૅક, એ તમારા પ્રશંસક છે. હું જાણું છું.

ગાં.: એ મારા પ્રશંસક છે કે નહીં એ તો હું નથી જાણતો, પણ અમે ગાઢ મિત્રો જરૂર છીએ.

સ્મ.: મારે તમારું ફાર્મ જોવું છે. એ કયાં આવ્યું?

ગાં.: લૉલી પાસે.

સ્મ.: હા, વીરીનિગિંગ લાઈન પર. સ્ટેશનથી કેટલું દૂર છે?

૧. હિંદ સ્વરાજ: જુઓ પુસ્તક ૧૦, પા. ૧૪–૬૬.

૨. હર્મન કૅલનબૅક: જોહાનિસબર્ગના એક સમૃદ્ધ જર્મન સ્થપતિ; અધ્યાત્મ તરફ ઢળેલા. વૉકસરસ્ટના એક યુરોપિયને તેમની હિંદીઓ પ્રત્યેની સહાનુભૂતિને કારણે તેમને દ્વંદ્વ યુદ્ધનું આહ્વાન કર્યું ત્યારે 'મેં શાંતિધર્મનો સ્વીકાર કર્યો છે,' એમ કહીને તેની ના પાડી; તેઓ પોતે સત્યાગ્રહી હતા અને તેમણે જોહાનિસબર્ગ પાસેનું પોતાનું ૧૧૦૦ એકરનું ટૉલ્સ્ટૉય ફાર્મ સત્યાગ્રહી કુટુંબોના નિભાવ માટે આપ્યું હતું; ફાર્મમાં તેઓ સુથારી, બાગકામ અને ચંપલ સીવવાનું શીખવતા હતા. ચંપલ બનાવવાનું તેઓ ટ્રેપિસ્ટ મઠમાં શીખ્યા હતા. ગાંધીજી અને પોલાકની ગેરહાજરીમાં, કેટલોક વખત બ્રિટિશ ઇન્ડિયન ઍસોસિયેશનના માનદ મંત્રી; ગાંધીજીના ખોરાકના પ્રયોગમાં જોડાયા; જુઓ દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહનો ઇતિહાસ અને આત્મકથા, તથા "એચ. કૅલનબૅકને માનપત્ર", પા. ૧૪૬ તથા "મિ. કૅલનબૅકનું સ્વાગત", પા. ૧૪૮–૫૦ પણ.

Gandhi Heritage Portal

ગાં.: લગભગ ૨૦ મિનિટનો રસ્તો છે. આપ આવશો તો અમને બહુ આનંદ થશે.

સ્મ.: જરૂર એક દિવસ આવવું છે.

એમ કહીને તેઓ વિદાય આપવા ઊભા થયા. ગાંધી પણ ઊઠયા અને કહ્યું:

"આપ કહો છો કે, ટ્રાન્સવાલ ઇમિગ્રેશન ઍક્ટમાં સુધારો નહીં કરી શકો. પણ મને એમાં કશી મુશ્કેલી જણાતી નથી.

સ્મ.: મુશ્કેલી છે. તમે મારી સૂચના નહીં માનો તો ગોરાઓ એ નહીં સુધારવા દે.

ગાં.: કઈ સૂચના?

સ્મ.: જુદા જુદા લોકો માટે જુદી જુદી પરીક્ષા રાખવાના નિયમો બનાવવાની ગવર્નરોને સત્તા આપવાની. નિયમોમાં ઉલ્લેખ માત્ર હિંદીઓનો જ હોય. હું જાણું છું કે એ તમને ગમશે નહીં. પણ તમે આખી વસ્તુનો ફરી વિચાર કરો અને શું લાગે છે તે મને જણાવો. તમે જાણો છો કે હું તમને મદદ કરવા ઇચ્છું છું. કોઈ વ્યક્તિગત હેરાનગતિના દાખલા હોય તો તમે ગમે ત્યારે મારી પાસે આવી શકો છો.

ગાં.: હું આખી વસ્તુનો વિચાર કરીશ, પણ આપ શાંતિ ઇચ્છતા હો તો શ્રીમતી સોઢાને હેરાન કરવા માગો છો[૧] [?]

સ્મ.: હું ખરેખર હેરાન કરવા નથી માગતો.

ગાં.: આપ તેને જેલમાં પૂરવા માગો છો?

સ્મ.: નહીં. તમે જાણો છો કે હું આ કેસ બાબતમાં કશું જાણતો નથી.

ગાં.: શનિવારે અપીલ છે. એમાં અમે કદાચ હારી જઈશું. પછી તેણે જેલમાં જવું પડશે અથવા દસ પાઉન્ડ દંડ ભરવો પડશે. દંડ એ નહીં ભરે એટલે એને જેલમાં જ જવું પડશે.

સ્મ.: નહીં, એ જેલમાં જાય એવું હું ઇચ્છતો નથી. પણ તમે ઘણા લોકોને ગેરકાયદેસર ટ્રાન્સવાલમાં લાવ્યા છો. હવે એવું ન કરશો.

ગાં.: કોઈને ગેરકાયદેસર લાવ્યાની વાત હું સ્વીકારતો નથી. શ્રીમતી સોઢાને ગેરકાયદેસર નથી જ લાવ્યો. મેં રજિસ્ટ્રારને ખબર આપી હતી. અને તેમને હું એટલા ખાતર લાવ્યો છું કે તેમના ધણીને બીજા ઘણા સત્યાગ્રહીઓની માફક પોતાનું ઘર બંધ કરવું પડયું છે.

સ્મ.: બહુ સારું. મને અપીલનું પરિણામ જણાવજો અને તેમને પકડવામાં ન આવે, એ હું જોઈશ. મને તરત જણાવજો, જણાવશો ને?

ગાં.: જરૂર જણાવીશ. તમારો આભાર.

વાતચીત દરમ્યાન તેમણે કહ્યું કે ફ્રી સ્ટેટની વાત ગુપ્ત રાખવાની છે. મુલાકાત લગભગ ૪૦ મિનિટ ચાલી.

[મૂળ અંગ્રેજી]

ગાંધીજીના હસ્તાક્ષરમાં લખાયેલ મૂળ પ્રતની છબી પરથી: એસ. એન. ૧૪૭૬૬

૧. જુઓ "એલ. ડબ્લ્યુ. રિચને પત્ર", પા. ૪૧-૨ તથા "જોહાનિસબર્ગની ઑફિસને તાર", પા. ૪૩.

Gandhi Heritage Portal

૩૮. એલ. ડબ્લ્યુ. રિચને પત્ર

[કેપટાઉન,]
એપ્રિલ ૨૦, ૧૯૧૧

પ્રિય રિચ,

સાથેનું લખાણ છગનલાલે તમને આપવા માટે મને મોકલ્યું છે. સાર ઇન્ડિયન ઓપીનિયનમાં લેવા માટે સારો છે, પણ આપણે તે લઈ શકીએ ખરા?

આશા છે કે તમે કેસ જીત્યા હશો. પૈસાની જરૂર પડે ત્યારે, હું માનું છું કે તમે કુ. શ્લેશિન પાસેથી લેતા રહો છો. કોઈ પણ સંજોગોમાં આ સાર વાંચવા માટે હેનરીને પહોંચવો જોઈએ.

તમારો સહૃદયી
મો. ક. ગાંધી

[મૂળ અંગ્રેજી]
ગાંધીજીના હસ્તાક્ષરમાં લખાયેલા મૂળ પત્રની છબી પરથી: એસ. એન ૫૪૮૭

૩૯. બ્રિટિશ ઇન્ડિયન એસોસિયેશનને તાર

કેપટાઉન,
એપ્રિલ ૨૦, ૧૯૧૧

બ્રિ. ઇ. ઑ.
જોહાનિસબર્ગ

ચોક્કસ પરિણામ જાણ્યા પછી આવવાનો ઇરાદો છે. હું હજુ નિરાશ નથી થયો. સભા કરવાને બદલે કાછલિયા, સોરાબજી અને બીજાઓને બહારનાં સ્થળોએ જવાની સૂચના આપો. તેઓ પરિસ્થિતિ સમજાવે તથા ફાળો એકઠો કરે. સમય ન ગુમાવવો જોઈએ. બે દિવસ સુધી હિંદુસ્તાન કે ઇંગ્લંડ તાર ન કરશો.

ગાંધી

[મૂળ અંગ્રેજી]
મૂળ તારની છબી પરથી: એસ. એન. ૫૪૮૨

Gandhi Heritage Portal

૪૦. એલ. ડબ્લ્યુ. રિચને પત્ર

ગુરુવાર, એપ્રિલ ૨૦, ૧૯૧૧

પ્રિય રિચ,

તમારા બે તાર મળ્યા. જેનો મેં ગઈ કાલે જ આગળથી સમજીને જવાબ આપ્યો છે.[૧] વળી આજે પણ મેં તારથી[૨] જવાબ આપ્યો છે. હું જરીક નિરાશ નથી થયો અને જો તે નિર્ણયાત્મક જવાબ આપવાનું યોગ્ય માને તો તે માટે હું અહીં રોકાવા માગું છું.

સ્મટ્સ પરના મારા અંગત પત્રની[૩] નકલ મૉડને આપવી જોઈએ એમ તમને લાગતું હોય, અને મને લાગે છે કે તે આપવી જોઈએ, તો ત્યાં તેની નકલ કરીને તેને મોકલશો. આજે હું કોઈને મળ્યો નથી. ગઈ રાતે ઍન્ડર્સનને ઘરે હું સર ડેવિડને[૪] મળ્યો હતો અને તેની સાથે લંબાણથી વાતચીત કરી હતી. હું નથી ધારતો કે તે આ બાબતમાં સહેજ પણ લાગવગ વાપરી શકે. ધારાસભામાં કોઈ પ્રશ્ન પુછાવી શકાય એમ છે કે નહીં તે જોવા માટે હું કાલે ઍલેકઝાંડરને મળવા માગું છું. પણ સખત પગલાં લેતાં પહેલાં હું સ્મટ્સના જવાબની રાહ જોવા માગું છું.

તમારો સહૃદયી
મો. ક. ગાંધી

[મૂળ અંગ્રેજી]
ગાંધીજીના હસ્તાક્ષરમાં લખાયેલા મૂળ પત્રની છબી પરથી: એસ. એન. ૫૪૮૮

૪૧. ઈ. એફ. સી. લેનને પત્ર

[કેપટાઉન,
એપ્રિલ ૨૦, ૧૯૧૧][૫]

જનરલ સ્મટ્સની સાથે મારે થયેલી વાતચીતનો સાર મેં કાલે ડરબન ખાતે કૉંગ્રેસને, અને જોહાનિસબર્ગ[૬] ખાતે ઍસોસિયેશનને તારથી મોકલ્યો હતો.

કૉંગ્રેસ તરફથી તે સંબંધમાં નીચે મુજબ તાર મળ્યો છે:

ટ્રાન્સવાલની લડતમાં ઍગ્જિટેશન બંધ કરવાનું કૉંગ્રેસ નાપસંદ કરે છે. નિવેડો આ વખતની બેઠકોમાં થવો જોઈએ. પાર્લમેન્ટની બેઠકો લંબાવવાની જરૂર પડે તોપણ, રાજ્યાભિષેક પહેલાં, સરકારના વચનની રૂએ, આ બાબતનો નિકાલ થવો જોઈએ.

૧. જુઓ "જોહાનિસબર્ગની ઑફિસને તાર", પા. ૪૩.
૨. જુઓ આ પહેલાંનો લેખ: "બ્રિટિશ ઇન્ડિયન ઍસોસિયેશનને તાર", પા. ૪૮.
૩. જુઓ "જનરલ સ્મટ્સને પત્ર", પા. ૪૩-૪.
૪. સર ડેવિડ હંટર, સંઘની ધારાસભામાં ડરબનના સભ્ય અને હિંદી કોમના મિત્ર; કેટલાક વખત સુધી નાતાલ ગવર્નમેન્ટ રેલવેના જનરલ મૅનેજર હતા. જુઓ પુસ્તક ૫, પા. ૨૦૦.
૫. ૨૯-૪-૧૯૧૧ના અંગ્રેજી ઇન્ડિયન ઓપીનિયન પ્રમાણે જનરલ સ્મટ્સના ખાનગી મંત્રી ઈ. એફ. સી. લેનને આ કાગળ ગાંધીજીએ ૨૦મી એપ્રિલે લખ્યો હતો.
૬. ડરબન કૉંગ્રેસને મોકલવામાં આવેલો તાર મળતો નથી; બીજા તાર માટે જુઓ "જોહાનિસબર્ગની ઑફિસને તાર", પા. ૪૩.

Gandhi Heritage Portal

ઍસોસિયેશન તરફથી નીચે મુજબ તાર મળ્યો છે:

તમારો ૧૯મીનો તાર મળ્યો. જો આ બેઠકોમાં કાયદામાં ફેરફાર ન કરવામાં આવે તો ઍજિટેશન ચાલુ રાખવાનો, અને તુરત વિલાયત અને હિંદુસ્તાન કેબલો મોકલવાનો કમિટીએ ઠરાવ કર્યો છે.

હું આ બાબતમાં કેપના હિંદી આગેવાનો સાથે પણ મસલત ચલાવી રહ્યો છું. તેઓ અચકાયા વગર કહે છે કે જનરલ સ્મટ્સ સૂચવે છે એ પ્રમાણે ઍજિટેશન બંધ કરવાનું અશકય છે.

નવું બિલ હાલની બેઠકોમાં પડતું મૂકવાનું જનરલ સ્મટ્સે ચોક્કસ ઠરાવ્યાનું મારા જાણવામાં આવ્યું નથી, તેમ જ મેં સૂચવેલ[૧] બીજો રસ્તો નહીં લેવામાં આવે એ પણ જણાયું નથી; એટલે કાંઈ વાત જાહેરમાં મૂકવાનું કે હિંદ ને ઇંગ્લંડ તારો મોકલવાનું મેં મોકૂફ રખાવ્યું છે.

હું હજુ આશા રાખું છું કે જો ફ્રી સ્ટેટવાળાનું સમાધાન ન થતું હોય તો આ બેઠકોમાં બીજા રસ્તા પ્રમાણે નિકાલ કરવો, કે જેમ કરતાં મારા મત પ્રમાણે કોઈ મુસીબત પડે તેમ નથી. ગમે તેમ પણ જનરલ સ્મટ્સનો ચોક્કસ નિર્ણય શું છે તે બનતી ઉતાવળે મને જણાવશો?

[મૂળ ગુજરાતી]

ઇન્ડિયન ઓપીનિયન, ૨૯-૪-૧૯૧૧

૪૨. એલ. ડબ્લ્યુ. રિચને પત્ર

[કેપટાઉન,]

શુક્રવાર [એપ્રિલ ૨૧, ૧૯૧૧]

પ્રિય રિચ,

સ્મટ્સે સરકારી રાહે લખેલો જવાબ[૨] બપોરના ૨-૩૦ વાગ્યે મળ્યો. ૩-૦૦ વાગ્યે લેન પાસે ગયો. ત્યાંથી ૪-૪૫ વાગ્યે નીકળ્યો અને ઍલેકઝાંડરને મળ્યો. પછી ટેલિગ્રાફ ઑફિસે ગયો. અત્યારે સાંજના ૫-૪૫ વાગ્યા છે. તમને વિસ્તારપૂર્વક લખવાનો બહુ સમય નથી. લેને મને ગવર્નર જનરલ સાથે થયેલો છૂપો પત્રવહેવાર બતાવ્યો. તે પરથી જણાય છે કે આપણે સત્યાગ્રહ બંધ કરીએ કે ન કરીએ, બિલ, ધાર્યું કરીને આ બેઠકમાં લાવી શકાશે નહીં.[૩] તેથી મેં વિચાર કર્યો કે અમુક ખાતરી આપવામાં આવે તો આપણે સત્યાગ્રહ બંધ કરી શકીએ. મારે શું જોઈએ છે તે મેં જણાવી દીધું છે. આવતી કાલે સવારે ૯-૩૦ વાગ્યે લિમિટેડ એકસપ્રેસથી નીકળવાનો મારો વિચાર હતો. એટલે લેને ટેલિફોન કરીને સ્મટ્સને પૂછયું કે હું ખાતરી આપી શકું? સ્મટ્સે છેલ્લી બે બાબતોની ખાતરી આપવા હા પાડી પણ પહેલીની ખાતરી આપવા ના પાડી. હું રોકાઉં છું. આમ છતાં સવારમાં લેનને મોકલવા માટે હું એક પત્ર[૪] લખી રહ્યો છું. સત્યાગ્રહીઓને પોતાની મનમાની ચીજ મળી જાય એવી સંભાવના છે. હું પ્રયત્ન કરી

૧. જુઓ "ઈ. એફ. સી. લેનને પત્ર", પા. ૧૦-૧.
૨. લેને ગાંધીજીને લખેલો પત્ર, જુઓ પરિશિષ્ટ ૨.
૩. બિલ પડતું મૂકવાનાં સંધ સરકારનાં કારણો માટે જુઓ પરિશિષ્ટ ૩.
૪. જુઓ આ પછીનો પત્ર.

Gandhi Heritage Portal

રહ્યો છું. જો લેખિત ખાતરી આપવામાં આવે તો નક્કી મને લાગે છે કે, ઉત્તમ વાત થયેલી કહી શકાય. આવતી બેઠકમાં આપણે માટે એક સામાન્ય બિલ જરૂર લાવવામાં આવશે.

જનરલ સ્મટ્સના પત્રની[1] નકલ તમને મોકલવાનો મને સમય નથી. આજે સાંજને માટે મારી પાસે ઘણું કામ પડયું છે. એક દિવસ કિમ્બર્લીમાં ગાળીશ, એટલે બુધવારે સવારે ત્યાં પહોંચી જવાશે.

તમારો સહૃદયી
મો. ક. ગાંધી

[મૂળ અંગ્રેજી]
ગાંધીજીના હસ્તાક્ષરમાં લખાયેલા મૂળ પત્રની છબી પરથી: એસ. એન. ૫૪૯૨

૪૨(૧). જોહાનિસબર્ગનો પત્ર

મિ. કાર્ટરાઈટની વિદાયગીરી

હિંદીઓના પુરાણા અને માનીતા ગોરા મિત્રો રેવ. મિ. ફિલિપ્સ અને મિ. આલ્બર્ટ કાર્ટરાઈટ વિલાયત માટે વિદાય થતા હોવાથી સોમવાર, તા. ૧૦મીની રાત્રે પાર્ક સ્ટેશન ઉપર સંખ્યાબંધ માણસો તેમને વળાવવાને એકઠા થયા હતા. રેવ. ફિલિપ્સ તબિયત સુધારવા અર્થે વિલાયત જવા ઊપડવાના હતા; અને ટ્રાન્સવાલ લીડરના નામાંકિત અધિપતિ મિ. કાર્ટરાઈટ હિંદીઓને કમનસીબે, હમેશને માટે આ દેશ છોડી વિલાયત જતા હતા. સ્ટેશન પર મેસર્સ કાછલિયા, ઈમામ સાહેબ, અસ્વાત, સોરાબજી, ભીખજી, મેમી, અહમદ મિયાં, સુલેમાન મિયાં, ઈ. એસ. કુવાડિયા, દિલદારખાન, મહમદખાન, મોરારજી, ભીખાજી, જી. કે. પટેલ, ઝીણાભાઈ, શરફુદીન, દોરાબજી, હરિલાલ ગાંધી વગેરે હતા. મિ. અને મિસિસ ડોક, મિ. રિચ અને મિ. હેરલ્ડ રિચ પણ સામેલ હતાં. મિ. કાછલિયાએ યુરોપિયન કમિટીમાં અમૂલ્ય ભાગ લેવા માટે રેવ. ફિલિપ્સનો આભાર માન્યો, અને કોમ વતી ફૂલના એક ગજરાની ભેટ કરી. મિસિસ ફિલિપ્સને પણ ફૂલથી વધાવવામાં આવ્યાં હતાં. મિ. સોરાબજીએ મિ. કાર્ટરાઈટને પણ એવી રીતે વધાવ્યા હતા. બંને ગૃહસ્થોએ સામો આભાર માન્યો, ને બધા સાથે હાથ મિલાવી ખુશીના પોકારો વચ્ચે વિદાય થયા હતા.

મિ. એસ્ટન

જેમનો કેસ તા. ૨૧મી પર મુલતવી રહ્યો હતો, તેમણે તા. ૧૧મીએ એશિયાટિક રજિસ્ટ્રારને તાર કરેલો કે મારો કેસ તા. ૨૧મી પહેલાં જેમ બને તેમ વહેલો ચલાવવો. જવાબમાં તા. ૧૩મીએ નીચે મુજબ કાગળ તેમને મળ્યો છે:

> તમારા તા. ૧૧મીના જવાબમાં જણાવવાનું કે તમારા પર વૉક્સરસ્ટમાં જે આરોપ મૂકવામાં અવ્યો હતો, તે મારી સૂચનાઓથી પાછો ખેંચી લેવાયો છે. કેમ કે પાછળથી મને માલૂમ પડયું છે કે જોકે તમને પકડયા તે વખતે તમારી પાસે રજિસ્ટ્રેશન સર્ટિફિકેટ નહોતું, છતાં તમે રજિસ્ટર થયેલ છો એવી મને ખાતરી થઈ છે.

૧. જુઓ પરિશિષ્ટ ૨.

Gandhi Heritage Portal

મિ. એસ્ટન એક બહાદુર ચીના છે, અને તેથી મિ. ચમનીએ આ પ્રમાણે તેમના પરનો આરોપ પાછો ખેંચી લીધો તેથી તેના પર તેને ગુસ્સો થાય છે. તે કહે છે કે જો આજે આમ સૂઝયું તો પછી મિ. કિવનને સિલોન હદપાર કરેલા તે વખતે તે કેમ ન સૂઝયું?

છૂટયા

મેસર્સ જૉસફ રૉયપૅન, બેન્જામિન અને લ્યુઅંગ કવિન તા. ૧૭મીએ ડીપકલુફમાંથી છૂટયા છે. તેમને લેવા ૩૦–૪૦ જેટલા ભાઈઓ ગયા હતા. તેમાં મેસર્સ કાછલિયા, થંબી નાયડુ, હરિલાલ ગાંધી, એમ. એસ્ટન, સેમ્યુઅલ જૉસફ વગેરે વગેરે હતા.

ફાર્મ પર ભેટ

ટૉલ્સ્ટૉય ફાર્મને મિ. એ. એફ. કામા ઍન્ડ કં.એ એક કોથળો મગફળીનો ભેટ આપ્યો છે. મિ. મહમદ વલીએ એક ઈજાર ભેટ આપી છે.

[મૂળ ગુજરાતી]

ઇન્ડિયન ઓપીનિયન, ૨૨–૪–૧૯૧૧

૪૨(૨). હિંદીઓ અને ડરબનની કૉર્પોરેશન

ડરબનની કૉર્પોરેશન પર રાજ્યાભિષેકની ઉજવણી સંબંધમાં મિ. દાઉદ મહમદ વગેરે આગેવાનોએ જે કાગળ લખ્યો છે તે સઘળા હિંદીઓએ ધ્યાનમાં લેવા જેવો છે. જો સત્યાગ્રહની લડતનું સમાધાન થાય નહીં તો રાજ્યાભિષેકના ઉત્સવમાં હિંદી કોમ બિલકુલ ભાગ લઈ શકે નહીં. અત્રે હિંદી કોમ ઉપર જે હાડમારીઓ નાખવામાં આવે છે, અને તેના હક ઉપર જે હુમલા કરવામાં આવે છે તે જોતાં તે દિવસે હિંદી કોમે આનંદ કરવાને બદલે શોક પાળવાનો હોય. આ બાબત પર, યુનિયન પાર્લમેન્ટની ચાલુ બેઠકોમાં સત્યાગ્રહની લડતનું સમાધાન ન કરવામાં આવે તો વધુ વિચાર કરવો પડશે. હાલ ઉપર કહેલ કાગળ લખાયો છે તેથી ડહાપણભરેલું પગલું લેવાયું છે. વળી લડતનું સમાધાન થઈ જાય તો હિંદી કોમ જાહેર ઉત્સવમાં ભાગ લઈ શકે તે પણ સરખાપણા ઉપર જ. ડરબનમાં ડ્યૂકની મુલાકાત વખતે કેટલાક હિંદીને મારફોડ અને અપમાનો થયાં હતાં તેવું કોમ કદી ચલાવી લઈ શકે નહીં. તેવા હુમલા કે તોછડાઈ સહન કરવા કરતાં ઘેર બેસી રહેવું વધારે શોભા ભરેલું ગણાય.

[મૂળ ગુજરાતી]

ઇન્ડિયન ઓપીનિયન, ૨૨–૪–૧૯૧૧

Gandhi Heritage Portal

૪૨(૩). પ્રોટેક્ટરની વર્તણૂક

ગિરમીટિયા સંબંધી કૉંગ્રેસના કાગળના જવાબમાં પ્રોટેક્ટરે જે કાગળ લખ્યો છે તે, પોતે કેવી તરેહનો માણસ છે એ બતાવે છે. જાહેરો કામ માટે જે ખબરો જોઈએ તે પૂરા પાડવાની તેની ફરજ છે. છતાં તે તેણે નથી પૂરા પાડેલ તેનો અર્થ એ છે કે હિંદી કોમની ગિરમીટિયા સંબંધી ચળવળથી (ઍજિટેશનથી) તે પોતે ત્રાસે છે; અને વધુ ખબરો પૂરા પાડવાથી પોતાને વધુ નુકસાન થાય તેમ સમજે છે. એક અમલદાર, અને તે પણ હિંદીનો 'પ્રોટેક્ટર' કહેવડાવનાર, આવું વર્તન બતાવે તે તેની કેટલી લાયકી છે તેનો ખ્યાલ કરાવે છે. તે ભૂલી જાય છે કે તેની વર્તણૂકથી હિંદી કોમ ગિરમીટિયા મજૂરો માટે ચળવળ કરવામાં પછાત પડશે નહીં, પણ ઊલટાની વધારે ઉત્તેજિત થશે.

[મૂળ ગુજરાતી]

ઇન્ડિયન ઓપીનિયન, ૨૨–૪–૧૯૧૧

૪૩. ઈ. એફ. સી. લેનને પત્ર

૭, બ્યુટનસિંગલ [સ્ટ્રીટ]
કેપટાઉન,
એપ્રિલ ૨૨, ૧૯૧૧

તમારા તા. ૨૧મીના કાગળની[1] પહોંચ સ્વીકારું છું.

હું દિલગીર છું કે આ બેઠકોમાં ટ્રાન્સવાલની એશિયાટિક લડતનો નિવેડો કરવાનું જનરલ સ્મટ્સને અશકય માલૂમ પડયું છે. છતાં, આવતી બેઠકોમાં નિવેડો કરવાના હેતુથી રજાની મુદત દરમ્યાન એ બાબત પર જનરલ સ્મટ્સ વિચાર ચલાવશે એવી તમારા કાગળમાંની હકીકતથી હું આભારી થયો છું.

સત્યાગ્રહની લડતનો હવે અંત આવવો જોઈએ એવી જનરલ સ્મટ્સની ચિંતામાં હું ભાગ લઉં છું.

એટલે નિવેડો મુલતવી રહેવાથી મારા દેશી ભાઈઓમાં જે સંદેહ ઊભો થાય તે દૂર કરવા માટે નીચેનું હું સૂચવું છું, જે ઉપર જનરલ સ્મટ્સ ધ્યાન આપશે?

એવી ખાતરી આપવી કે

(એ) છોટાભાઈ[2] કેસના ચુકાદા મુજબ સગીર છોકરાઓના હક કાયમ રહે એવી બારી રાખીને ૧૯૦૭નો રજો કાયદો રદ કરવાનો અને ટ્રાન્સવાલમાં એશિયાટિક ઇમિગ્રેશન સંબંધમાં

૧. જુઓ ગાંધીજીને લેને લખેલો પત્ર, પરિશિષ્ટ ૨.

૨. એ. ઈ. છોટાભાઈ, ૧૮૮૯થી ટ્રાન્સવાલના કાયદેસરના વતની. ૧૯૦૮ના ઍક્ટ ૩૬ પ્રમાણે કાયદેસર રજિસ્ટર્ડ. પોતાના ૧૫ વર્ષના સગીર પુત્રને ટ્રાન્સવાલ લાવ્યા. એ પુત્રનું નામ તેના પિતાના જાન્યુઆરી ૧૯૧૦ના રજિસ્ટ્રેશન સર્ટિફિકેટમાં દાખલ કરેલું હતું. બાળક ઉંમરલાયક થતાં ૧૯૦૮ના ઍક્ટ ૩૬ પ્રમાણે રજિસ્ટ્રેશનની જુદી અરજી એશિયાટિકો માટેના રજિસ્ટ્રારે નામંજૂર કરી. છોટાભાઈએ

Gandhi Heritage Portal

સરખાપણું સ્થાપનાર તથા હાલના હકો જાળવનાર કાયદો આવતી બેઠકોમાં પાસ કરવામાં આવશે. ટ્રાન્સવાલના હાલના ઇમિગ્રેશન કાયદામાંથી સામાન્ય બિલ વડે કોમી ભેદ દૂર કરવાનો હોય તો તેવું બિલ આખા યુનિયન માટે કોમી ભેદ વગરનું હોવું જોઈએ.

(બી) જેઓ સત્યાગ્રહમાં ન જોડાયા હોત તો રજિસ્ટર થવા હકદાર હતા તેઓ હાલ તેવા હકદાર ગણાવા જોઈએ, અને તેમ થવામાં ૧૯૦૮ના ઉદ્દમા કાયદામાં કાંઈ વિરુદ્ધ હોય તે આડે ન આવવું જોઈએ.

(સી) કેળવાયેલ સત્યાગ્રહીઓ જેઓ હાલ ટ્રાન્સવાલમાં છે, પણ જેઓ એશિયાટિક કાયદાની રૂએ રજિસ્ટ્રેશનના હક વિનાના છે તેમને આવનારા કાયદાની રાહમાં કેળવાયેલા ઇમિગ્રંટો તરીકે ટ્રાન્સવાલમાં રહેવા દેવા. તેમની સંખ્યા દસ્તી વધારે ન હોઈ શકે. વગર હરકતે તેઓ અહીંતહીં ફરવા શક્તિમાન થઈ શકે એટલા માટે તેમને ખાસ સર્ટિફિકેટો આપી શકાય.

જો ઉપરની ખાતરી આપવામાં આવે[1] તો સત્યાગ્રહની લડત લટકાવી મૂકવાને મારા દેશી ભાઈઓને સમજાવવા હું કાંઈ મુસીબત જોતો નથી.

હું ભરોસો રાખું છું કે જનરલ સ્મટ્સ સ્વીકારશે કે જે તેણે એટલી બધી વાર ખુલ્લી રીતે જણાવ્યું છે તેને સિક્કો મારી આપવાની જ ફક્ત હું માગણી કરું છું.

મને ખાતરી છે કે મિસિસ સોઢાને જો અપીલમાં હાર મળી તો કેદ ન કરવાનું કબૂલ કરવા માટે હિંદી કોમ જનરલ સ્મટ્સની ભારે આભારી થશે.

ખાસ દયામણા દાખલામાં જનરલ સ્મટ્સ ખુશી સાથે રાહત આપશે એવા મોઢેથી આપેલા વચન[2] માટે પણ હું આભારી છું.

મારે ભાગ્યે જ કહેવાની જરૂર હોય કે હાલની સત્યાગ્રહની લડતનું ભવિષ્ય ગમે તે નીવડે, છતાં જુદા જુદા પ્રાંતોમાંની જે ઘણી બાબતો વિષે વખતોવખત અરજીઓ કરવી પડેલ છે તે બાબતો સંબંધમાં પ્રધાનને કનડવાનું હિંદી કોમ ચાલુ રાખશે જ.

છેવટે, જે મેં એટલી બધી વાર કહ્યું છે તે ફરીથી કહેવાને હામ ભીડું છું કે દક્ષિણ આફ્રિકામાં હિંદી કોમને દોરવાનો અધિકાર જેમણે ભોગવ્યો છે તેઓ, સત્તાવાળાઓને મદદગાર

મૅજિસ્ટ્રેટ ન્યૂડૅનને અપીલ કરી. ન્યૂડૅને અપીલ કાઢી નાખી અને દેશનિકાલનો હુકમ કર્યો. ન્યાય મેળવવા છોટાભાઈ પ્રોવિન્શિયલ કોર્ટ પાસે ગયા ત્યાં જસ્ટિસ વેસલ્સે અપીલ રદ કરી પણ ઉપલી કોર્ટનો ચુકાદો ન આવે ત્યાં સુધી દેશનિકાલનો હુકમ સ્થગિત કર્યો. સુપ્રિમ કોર્ટના ટ્રાન્સવાલ વિભાગના ન્યાયાધીશોના મંડળે, જસ્ટિસ મેસનની વિરોધની નોંધ સાથે, અપીલ રદ કરવાની તરફેણમાં મત આપ્યો. આખરે દક્ષિણ આફ્રિકાના સુપ્રિમ કોર્ટના અપીલ વિભાગે જાન્યુઆરીની ૨૫મીએ ચુકાદો આપ્યો કે, ૧૯૦૮ના ૩૬મા ઍક્ટમાં, એ ઍક્ટના અમલની ટ્રાન્સવાલમાં શરૂઆતમાં જન્મેલાં કે વસતાં સગીરોના જ રજિસ્ટ્રેશનની જોગવાઈ છે. છતાં એનો અર્થ એવો નથી કે તે તારીખ પછી કાયદેસર દાખલ થતા સગીરોને અગાઉના ૧૯૦૭ના ઍક્ટ ૨ પ્રમાણે આપવામાં આવેલી રજિસ્ટ્રેશનની જોગવાઈમાંથી બાકાત રાખવા. વળી એ પણ અસંભવિત છે કે ધારાસભા એશિયાટિકોના સગીરોને ટ્રાન્સવાલમાં પ્રવેશની પૂરી છૂટ આપે. પરંતુ રજિસ્ટ્રારને એવો અધિકાર ન આપે કે સગીરોને ઉંમરલાયક થતાં એ દેશમાં રહેવા દે. અપીલ આમ મંજૂર થઈ. આ કેસનો તબક્કાવાર હેવાલ ઑગસ્ટ ૧૯૧૦થી એપ્રિલ ૧૯૧૧ના ગાળાના ઇન્ડિયન ઓપીનિયનના કેટલાક અંકોમાં છાપવામાં આવ્યો હતો. પુસ્તક ૧૦, પા. ૩૭૫, ૩૯૯, ૪૪૯–૫૦ અને ૫૧૮ પણ જુઓ.

૧. આપવામાં આવી; જુઓ પરિશિષ્ટ ૪.

૨. જુઓ "એલ. ડબ્લ્યુ. રિચને પત્ર", પા. ૪૧–૨ અને "જનરલ સ્મટ્સની મુલાકાતનો સાર", પા. ૪૫–૭.

Gandhi Heritage Portal

થવા, અને પોતીકી કોમની ઇજ્જત અને લાભોને માફક આવે એવી રીતે ગોરાના દૃષ્ટિબિંદુનો અભ્યાસ કરવા, હમેશાં આરજૂમંદ રહેલ છે, અને સદાય રહેશે.

[મૂળ ગુજરાતી]

ઇન્ડિયન ઓપીનિયન, ૨૯–૪–૧૯૧૧

૪૩(૧). વેરૂલમમાં વધુ પજવણી

અમને ખબર મળ્યા છે કે વેરૂલમમાં ભીખા મંગા નામના એક ૮૦ વરસના બુઢ્ઢા હિંદીને તેની પાસે ફ્રી પાસ નહીં હોવાના વાંકસર ત્યાંના માજિસ્ટ્રેટ પાસે ખડો કરવામાં આવ્યો હતો, અને તેને ૫ શિલિંગના દંડની સજા થઈ હતી. અમે માનીએ છીએ કે આ પાસ ગિરમીટમાંથી છૂટા થનારને આપવામાં આવે છે તે જ હશે. તેની પાસે તે કેમ નહીં હતો તે જણાતું નથી, પણ જે હકીકત અમારી જાણમાં આવી છે, તે ઉપરથી અમને લાગે છે કે આવા નજીવા વાંકસર એક બુઢ્ઢા માણસને સતાવવામાં આવે તે બહુ ઘાતકીપણું કહેવાય. ખરી રીતે જોઈએ તો તેની પાસે એવો પાસ હોય કે ન હોય તેથી કંઈ અડચણ જેવું નહીં હતું. તેનો દંડ કોઈ દયા ખાનારે ભર્યો હતો, નહીં તો તે બિચારાને જેલ જવું પડત. અમને લાગે છે કે આનો ઇલાજ બીજી રીતે લઈ શકાયો હોત. પણ વેરૂલમની અદાલતમાં દયાનો છાંટો તો રહ્યો, પણ જરા સરખી સારમાણસાઈની પણ ખામી છે. હિંદીઓમાં જાહેર જુસ્સાનું પૂરેપૂરું જોર જ્યારે જોવામાં આવશે ત્યારે આવા કિસ્સાઓ તેની મેળે અટકશે.

[મૂળ ગુજરાતી]

ઇન્ડિયન ઓપીનિયન, ૨૨–૪–૧૯૧૧

૪૩(૨). 'સ્પૉટેડ ફીવર'નો ફરી દેખાવ

નવા આવેલા ગિરમીટિયાઓમાં

હિંદુસ્તાનથી હમણાં જ આવેલા ગિરમીટિયાઓની ટુકડીમાં 'સ્પૉટેડ ફીવર'નું દર્દ ફેલાયું જોવામાં આવ્યું છે. ગયા સપ્ટેમ્બર માસમાં આવો બનાવ બનેલો ત્યારે તે વિષેની હકીકત કેવી રીતે છુપાવવામાં આવી હતી, અને તે સંબંધમાં અમારા તરફથી તથા નાતાલ ઇન્ડિયન કૉંગ્રેસ તરફથી પ્રોટેક્ટર સાથે જે પત્રવહેવાર ચાલ્યો હતો, તેથી વાંચનાર વાકેફ હશે. હવે ફરીથી એ મરજના કેસ થવાની જાણ થતાં નાતાલ ઇન્ડિયન કૉંગ્રેસ તરફથી પ્રોટેક્ટરને નીચેનો કાગળ તા. ૧૫મીએ લખવામાં આવ્યો છે:

સાહેબ,—અમને હમણાં જ ખબર થયા છે કે તા. ૨જીએ આવેલી સ્ટીમર, જેનું નામ ઘણું કરીને અમકુઝો છે, તેમાં આવેલા ગિરમીટિયાઓમાં 'સ્પૉટેડ ફીવર' ફાટી નીકળેલો છે, અને બધાને બલ્ફ ડેપો ઉપર ક્વૉરેન્ટીનમાં રાખવામાં આવ્યા છે.

આ બાબત બહુ ગંભીર હોવાથી તે વિષે નીચેના ખબર મહેરબાની કરીને આપશો એવી વિનંતી છે:

Gandhi Heritage Portal

(૧) આ સ્ટીમરમાં સ્ત્રી, પુરુષ અને બાળકો મળી કેટલા ગિરમીટિયા આવેલા?
(૨) આ દર્દ કેટલી સ્ત્રી, કેટલા પુરુષ ને કેટલાં બાળકોને લાગુ પડેલ છે?
(૩) તેથી કોઈ મરણ નીપજ્યું છે? જો નીપજ્યું હોય તો કેટલાં?
(૪) હાલ કેટલા માણસો બીમાર છે?
(૫) મદ્રાસ છોડ્યા પછી કયારે તે દર્દ ઊપડ્યું?
(૬) હિંદુસ્તાનથી આ લોકોને સ્ટીમર પર ચડાવતી વખતે ખૂબ તપાસવામાં આવે છે, અને તેઓ નીરોગી હોવાનું સર્ટિફિકેટ મેળવ્યા પછી સ્ટીમર પર ચડવા પામે છે. છતાં ૮ માસમાં આ ભયંકર રોગ બીજી વાર ફાટી નીકળ્યો તે કેમ, તે વિષે કાંઈ ખબર આપી શકો તેમ છો? વગેરે."

પ્રોટેક્ટરનો જવાબ

જવાબમાં પ્રોટેક્ટરે તા. ૧૮મીએ નીચે મુજબ લખ્યું છે:

> તમારો તા. ૧૫મીનો કાગળ મને મળ્યો છે. જવાબમાં મુલકી પ્રધાન પાસેથી એ ખબર માગવા હું વીનવું છું.

છાપામાં હકીકત

ગિરમીટિયામાં મરજના બનાવ સંબંધમાં સ્થાનિક છાપામાં પ્રગટ થયેલી હકીકત ઉપરથી માલૂમ પડે છે કે જ્યારે સ્ટીમર કોલંબોમાં હતી ત્યારે એક માણસને 'સ્પોટેડ ફીવર'નું દરદ લાગુ પડ્યું હતું, અને થોડા વખતમાં તે મરણ પામ્યો હતો. સ્ટીમરની ત્યાર પછીની મુસાફરી દરમ્યાન બીજો એક કેસ થયો હતો, અને તે માણસ બીજા માણસોથી દૂર રાખવામાં આવ્યા બાદ સાજો થઈ ગયો હતો. આમ કેસ થવાને લીધે ઉતારુઓને ડરબનમાં ૧૦ દિવસ સુધી ક્વૉરેન્ટીનમાં રાખવામાં આવ્યા હતા. . . .[૧] વધુ કેસો ન થવાથી મજૂરોને હવે જુદા જુદા ધમોલાવાળાઓને સોંપવામાં આવ્યા છે.

ઉપરની હકીકત સ્થાનિક છાપાંવાળાએ તેના વાંચનારાઓ આગળ ભુલાવો ખવડાવે એવા રૂપમાં મૂકી છે. પહેલાં તો ગિરમીટિયા માટે હિંદી એવો સામાન્ય શબ્દ વાપર્યો છે જેથી સાધારણ વર્ગના હિંદીએ મરજ દાખલ કર્યો છે એવો ખ્યાલ અધૂરું વાંચનારને ઘડીભર થઈ આવે. બીજી તરફથી મરજ ફાટી નીકળવાની બિના બને તેમ છુપાવવા કોશિશ કરવામાં આવી છે; અને ગોરા જેમ બને તેમ એ મરજના સંબંધમાં, કે એ મરજ દાખલ કરાવનાર ગિરમીટિયા માલેકો સંબંધમાં કાંઈ ગુસ્સે થવા ન પામે એવી રીતે બિનાનું રૂપ ફેરવીને આપી છે, ને એટલો જ ભાવ આપ્યો છે કે મરજની વાતમાં કાંઈ નથી, અને જે હતું તે મટી ગયું છે.

[મૂળ ગુજરાતી]
ઇન્ડિયન ઓપીનિયન, ૨૨-૪-૧૯૧૧

૧. મૂળમાં અહીં ટાઇપ નીકળી ગયા છે.

Gandhi Heritage Portal

૪૪. કિમ્બર્લીમાં ભાષણ

[એપ્રિલ ૨૪, ૧૯૧૧]

મિ. ગાંધી અત્રે આવવાના હોવાથી કેટલાક દિવસ અગાઉથી અત્રેના હિંદીમાં આનંદ અને ઊલટ ફેલાઈ રહ્યાં હતાં. ઉતારાની અને માનની બધી ગોઠવણો અગાઉથી સંપૂર્ણ રીતે કરી રાખવામાં આવી હતી. તા. ૨૪મીએ સાંજરે મિ. ગાંધી આવવાના હતા તેથી બેકન્સફીલ્ડ સામે લેવા જવા ડેપ્યુટેશન ગયું હતું. બેકન્સફીલ્ડનું આખું સ્ટેશન હિંદીઓથી ચિકાર ભરાઈ ગયું હતું. કિંબર્લી સ્ટેશને ગાડી આવતાં પ્લૅટફૉર્મ પર હિંદીને લીધે ઊભા રહેવા જેટલી જગા ખાલી નહોતી. ટ્રેન આવતાં મિ. ગાંધીને હારતોરાથી તથા હર્ષની ગર્જનાથી વધાવી લીધા પછી મિ. કેશા વલ્લભની ખાસ શણગારેલી ચાર ઘોડાની ગાડીમાં બેસાડીને ઉતારા પર લઈ જવામાં આવ્યા હતા. સરઘસમાં સો સવાસો બીજી ગાડીઓ પણ સામેલ થઈ હતી. મિ. એસ. આર. નાયડુના ઘર પર, જ્યાં ઉતારો રાખવામાં આવ્યો હતો, ત્યાં આવ્યા બાદ આવકારનાં ભાષણો અને માનની નવાજેશ થઈ હતી. મિ. વેદીઅમ પિલ્લેએ ખાસ બનાવેલી કવિતા ગાઈ બતાવી હતી, જેથી શ્રોતાજનોમાં સ્વદેશપ્રેમની જ્યોતિ પ્રગટી નીકળેલી દેખાતી હતી. મિ. ગાંધીએ જૂજ શબ્દોમાં કોમની સેવાની અગત્ય વિષે ઇશારો કર્યો હતો. ત્યાર બાદ હાજરીન સહુ વીખરાયા હતા.

માનપત્ર આપવાને મીટિંગનો વખત રાતના રાખવામાં આવ્યો હતો. તે માટે અગાઉથી નીમેલે સ્થળે માણસો ચિકાર ભરાઈ ગયા હતા. મેયર (મિ. ડબ્લ્યુ. ગૅસન જે. પી.) તથા મિ. ગાંધી વખતસર જઈ પહોંચતાં સર્વેએ ઊભા થઈ હુરરેના પોકારોથી હૉલ ગજવી મૂક્યો હતો. ગોઠવણ મુજબ મેયરે[૧] પ્રમુખપદ લીધા પછી મિ. ગાંધીને તથા મેયરને ફૂલહાર પહેરાવવામાં આવ્યા, અને ત્યાર બાદ મિ. ગાંધીને આપવાનું માનપત્ર[૨] મિ. ડોસને વાંચી સંભળાવ્યું. માનપત્રના શબ્દો અત્યંત માન અને પ્રેમની લાગણી સૂચવનારા હતા.

મિ. ગાંધી જવાબ આપવા ઊભા થયા ત્યારે કેટલીક મિનિટ સુધી સભા ગાજી રહી હતી. તેમણે પોતાને મળેલા ભારે આવકાર માટે તથા સુંદર માનપત્ર માટે આભાર માનીને કહ્યું કે

> હું નથી હીરાઓ (ડાયમંડ્સ)ને ચાહવાવાળો કે નથી ખાણોને ચાહનારો, પણ આજે તો એવા જ સ્થળમાં આવી પડેલો મને જોઉં છું. મેયરે પ્રમુખપદ લીધું છે તે મોટા હર્ષની વાત છે, કેમ કે ખાસ કરીને હાલના જેવા વખતમાં તે માટે ઘણી હિંમત અને બહાદુરીની જરૂર છે. હું માનવંતા મેયરનો આભાર માનું છું. તેમનું પગલું બતાવે છે કે કિમ્બર્લીની વસ્તીમાં જાતિભિન્નતા નથી. આ માન મને પોતાને હોય એમ હું ગણી શકતો નથી, પણ હું આ માનને ટ્રાન્સવાલના સત્યાગ્રહીઓએ જે મહાન કામ કરી દેખાડયું છે તેની કદરની નિશાની તરીકે લેખું છું. હું તમોને કહેવાને શક્તિમાન થવાને ખુશી થાઉં છું કે આપણે લડતના પ્રકરણના અંત પર લગભગ પહોંચ્યા છીએ. પાર્લમેન્ટની આવતી બેઠકોમાં સત્યાગ્રહની વાજબી માગણીઓ આપવામાં આવશે એવું લખાણ[૩] જનરલ સ્મટ્સ કરી ચૂકેલ છે. લંડનની મીટિંગોમાં ભાષણ કરતાં મેં વગર અચકાયે કહ્યું છે તેમ ટ્રાન્સવાલની સત્યાગ્રહની લડત તે આધુનિક જમાનાની

૧. કાઉન્સિલર ડબ્લ્યુ. ગૅસન, પ્રમુખ હતા.
૨. અહીં આપવામાં આવ્યું નથી.
૩. જુઓ પરિશિષ્ટ ૪.

Gandhi Heritage Portal

એક મહાન હિલચાલ છે.[૧] લોકોના અમુક વિભાગે દાદ મેળવવા માટે દુ:ખો ભોગવવાનો ઇલાજ લીધો હોય એવો દાખલો હાલની તવારીખમાં મેં કયાંય જોયો નથી. ટ્રાન્સવાલની સત્યાગ્રહની લડતે તે બતાવ્યો છે.

તેમણે પ્રાચીન પુસ્તકોમાંથી સત્યાગ્રહ શું છે તે વિષે કેટલાક દાખલાઓ આપી સમજ પાડી. ને કહ્યું કે

જો જનસમાજ આ સવાલનો ઉપયોગ કરે તો તે સહેજે પોતાનાં દુ:ખોમાંથી છુટકારો મેળવી શકે. હાલમાં મેં જોયું છે કે બ્રિટિશ છાપાંઓ પણ તેમની કેટલીક રાજકીય હાડમારીઓ દૂર કરવા સંબંધમાં આ સત્યાગ્રહના સાધનની ભલામણ કરવા લાગ્યાં છે.

આ પ્રસંગને જીત ન ગણવા સૂચવતાં તેમણે કહ્યું કે, આ ફળ તે સત્યાગ્રહીઓએ ભોગવેલાં દુ:ખોનું કુદરતી પરિણામ છે. દુ:ખો ઉઠાવનાર સંબંધમાં તેમણે મિ. થંબી નાયડુનું[૨] નામ એક મોટા સત્યાગ્રહી તરીકે આપ્યું ત્યારે તાળીઓની ગર્જના થઈ રહી હતી. પછી તેમણે હિંદી-ભાઈઓને બોધરૂપે જજ શબ્દો કહી, તથા હાજર થયેલા કલર્ડ લોકોને સત્યાગ્રહ સમજવા સૂચવી તાળીઓની મોટી ગર્જના વચ્ચે પોતાની બેઠક લીધી હતી.

ચેરમેનની સૂચનાથી મિ. ડોસને મિ. ગાંધીનો આભાર માનવાની દરખાસ્ત ચુનંદા શબ્દોમાં કરી. મિ. આઈઝક જોસુઆએ તેને તેવા જ શબ્દોમાં ટેકો દીધા બાદ તે પાસ થઈ.

મિ. ગાંધીનો વળતો આભાર માન્યો, અને મેયરના આભારની દરખાસ્ત કરી, જે સભાએ માન સાથે પાસ કરી.

મેયરે કહ્યું કે આ પ્રસંગે પ્રમુખપદ લેવા માટે હું ખુશી થયો છું. કિમ્બર્લીમાં વસ્તીના બધા વરણમાં સુલેહ અને સંપ છે, અને મને આશા છે કે તે સદાય કાયમ રહેશે.

બાદ ખુશાલીના પોકાર વચ્ચે મીટિંગ બરખાસ્ત થઈ હતી.

ત્યાર પછી ગુજરાતી મિત્રમંડળ તરફના ખાણા પર મિ. ગાંધીને ગાડીમાં બેસાડીને લઈ જવામાં આવ્યા હતા. બધી કોમના આગેવાન અને જાણીતા ગૃહસ્થો મળી સોએક માણસોને નોતરવામાં આવ્યા હતા. ઘણા માણસોએ જુદાં ખાણાં કરવા આગ્રહ કરવાથી આખરે બધાને સંતોષવા એક દિવસ માટે આ મંડળ ખાસ બનાવવામાં આવ્યું હતું. ખાણા પર સહુને હળવા-મળવાનો પ્રસંગ મળ્યો હતો.

બીજે દિવસે કલર્ડ લોકોની નિશાળના વડાના આમંત્રણથી નિશાળની મુલાકાત લેવામાં આવી હતી. ત્યાર પછી તામિલ મિત્રમંડળનો ખાણાનો જલસો થયો હતો. ત્યાંથી બેકન્સફીલ્ડના હિંદીઓના આગ્રહથી મિ. ગાંધીને ત્યાં લઈ જવામાં આવ્યા હતા. સમયાનુસાર પ્રેમ અને માન સૂચવનારાં ભાષણો થયા પછી મિ. ગાંધીએ હિંદીઓના કર્તવ્ય અને ઐકયના ફાયદા સમજાવનારું ભાષણ કર્યું હતું. પછી સરઘસના આકારમાં કેટલીક ગાડીઓ સાથે કિમ્બર્લીમાં ઉતારા પર આવ્યા હતા, અને ત્યાંથી આગ્રહ અનુસાર જુદા જુદા ભાઈઓની મુલાકાત લીધી હતી. છેવટે મિ. ડોસનને ત્યાં હૃદયભેદક દેખાવ વચ્ચે વિદાયગીરીનાં ભાષણો વગેરે થયા પછી મિ. કાનજી છીબાની ચાર ઘોડાની શણગારેલી ગાડીમાં બેસી, ૬૦થી ૭૦ જેટલી ગાડીના સરઘસ સાથે સ્ટેશને આવી પહોંચ્યા હતા. સ્ટેશન વંદે માતરમ્‌ના પોકારોથી ગાજી રહ્યું હતું, અને ખુશાલીના પોકારો વચ્ચે ગાડી ઊપડી ગઈ હતી.

૧. જુઓ દાખલા તરીકે, પુસ્તક ૯, પા. ૬૦૧–૨.

૨. મોરિશિયસમાં જન્મેલા દક્ષિણ આફ્રિકાના એક સામાન્ય તામિલ વેપારી. વિવિધ ભાષાઓનું સારું જ્ઞાન ધરાવતા હતા. તેમનામાં ક્રોધ ન હોત તો દક્ષિણ આફ્રિકામાં કોમની આગેવાની સહેજે લઈ શકયા હોત. ૧૯૧૨માં તામિલ બેનીફિટ સોસાયટીના ચેરમેન. જુઓ દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહનો ઇતિહાસ, પ્રથમ ખંડ, પ્ર. ૨૦.

Gandhi Heritage Portal

બાદ લોકો પાછા ફર્યા હતા. એટલું કહેવું બસ થશે કે મિ. ગાંધીની મુલાકાતે અહીંના હિંદીમાં એક ઓર પ્રકારનું દેશાત્મક જીવન રેલાવી મૂકયું હતું. તેની અસર સદાય કાયમ રહો.

વિન્ડસર્ટનના ભાઈઓ પણ આ પ્રસંગ પર આવી પહોંચ્યા હતા, પણ વખત ન હોવાથી પોતાને ત્યાં મિ. ગાંધીને લઈ જવા આતુર છતાં તેમ બની શકયું નહોતું.

[મૂળ ગુજરાતી]

ઇન્ડિયન ઓપીનિયન, ૬–૫–૧૯૧૧

૪૫. એચ. કૅલનબૅકને તાર

[જોહાનિસબર્ગ,
એપ્રિલ ૨૬, ૧૯૧૧][૧]

કૅલનબૅક
લૉલી

આવતી કાલે બે વાગ્યે હમીદિયા હૉલમાં પ્રતિનિધિમંડળ બાબત સભા. નાયડુ, સોઢા,[૨] મેઢ,[૩] દેસાઈની[૪] હાજરી ખાસ જરૂરી.

ગાંધી

[મૂળ અંગ્રેજી]

'મો. ક. ગાંધી' વતી સોન્જા શ્લેશિનની સહીવાળી હસ્તલિખિત ઑફિસ નકલની છબી પરથી: એસ. એન. ૫૫૦૯

૧. તારમાં જણાવેલી સભા ૨૭મી તારીખે ભરવામાં આવી હતી. તેથી જણાય છે કે આ તાર ૨૬મીએ ગાંધીજીની સૂચનાથી કરવામાં આવ્યો હતો. ગાંધી કેપટાઉનમાં એક મહિનો રહીને તે જ દિવસે જોહાનિસબર્ગ આવ્યા હતા.

૨. રતનશી મૂળજી સોઢા: શિક્ષિત સત્યાગ્રહી. તેમણે ૧૯૦૮, ૧૯૦૯ અને ૧૯૧૦માં એશિયાટિક રજિસ્ટ્રેશન ઍક્ટનો ભંગ કરવા બદલ જેલ ભોગવી હતી. જુઓ પુસ્તક ૯, પા. ૯૬ અને ૧૦૪ અને પુસ્તક ૧૦, પા. ૨૯૬, ૨૯૮, ૪૪૦ તથા ૪૯૧–૨.

૩. સુરેન્દ્રરાય બાપુભાઈ મેઢ: ૧૯૦૬ના ઝૂલુ "બંડ"માં ગાંધીજીની ડોળીવાહક ટુકડીમાં સારજન્ટ; "બહાદુર સત્યાગ્રહી", જેમણે "સર્વસ્વનો ભોગ આપ્યો". અને "કોમને ગૌરવ આપ્યું". શિક્ષિત હિંદીઓના સંસ્થાનમાં પ્રવેશ કરવાના અધિકારની કસોટી કરવા સોરાબજીની પાછળ ટ્રાન્સવાલમાં દાખલ થનાર પહેલી હિંદી ટુકડીમાં સામેલ, લાંબામાં લાંબો કારાવાસ વેઠ્યો — "અગિયાર વાર જેલ ગયા". કેદીઓ પ્રત્યેના ગેરવર્તન સામે બે વાર અડવાડિયાના ઉપવાસ કર્યા. જુઓ પુસ્તક ૧૦, પા. ૨૮૧, ૪૩૫ અને ૪૫૯–૬૦ તથા દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહનો ઇતિહાસ, પ્રથમ ખંડ, પ્ર. ૧૧.

૪. પ્રાગજી ખંડુભાઈ દેસાઈ: "કસાયેલા સત્યાગ્રહી", કેદીઓ પ્રત્યેના વૉર્ડરોના ગેરવર્તાવ સામે જેલમાં ઉપવાસ કર્યા, ટૉલ્સ્ટૉય ફાર્મમાં સૌથી પહેલા આવનારાઓમાંના એક; પતરાં અને લાકડાંનાં મકાનો ઊભાં કરવા માટે "જેલ કરતાં પણ વધારે સખત" મહેનત કરતા; "ચોપડી સાથે કુસ્તી કરનારા" ફાર્મના યુવાનોને શિક્ષણ આપવા ગાંધીજીએ તેમની "સેવાની માગણી કરી"; ઇન્ડિયન ઓપીનિયનના ગુજરાતી વિભાગમાં હમેશાં લખતા. જુઓ પુસ્તક ૧૦, પા. ૪૩૬ તથા દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહનો ઇતિહાસ, પ્ર. ૩૪.

Gandhi Heritage Portal

૪૬. એચ. એસ. એલ. પોલાકને તાર

જોહાનિસબર્ગ,
એપ્રિલ ૨૬, ૧૯૧૧

પોલાક
રુસ્તમજીને ત્યાં
ડરબન

ટેલિફોન અધવચ કપાઈ ગયો. આજે કે કાલે પાછા આવો.[૧] જવાબ આપશો. સ્મટ્સને લખેલા ૨૦મીના અંગત પત્ર[૨] સિવાયનો સંપૂર્ણ પત્રવ્યવહાર[૩] પ્રગટ કરો.

ગાંધી

[મૂળ અંગ્રેજી]
ગાંધીજીએ સુધારેલા હસ્તલિખિત મુસદ્દાની છબી પરથી: એસ. એન. ૪૫૧૩

૪૭. અપ્પાસામી નાયકરને પત્ર[૪]

[જોહાનિસબર્ગ,
એપ્રિલ ૨૮, ૧૯૧૧][૫]

પ્રિય શ્રી અપ્પાસામી નાયકર,

હું સમજું છું કે ગઈ કાલે સંયુક્ત સભામાં મિ. સૉલોમને જે કેટલીક વાત કરી તેથી તમને તથા બીજા કેટલાક મિત્રોને બહુ ખોટું લાગ્યું છે. શ્રી નાયડુ અને હું ખરેખર ઘણા દિલગીર છીએ. અમે કબૂલ કરીએ છીએ કે મિ. સૉલોમને એવી ટીકા નહોતી કરવી જોઈતી. પણ અમને વિશ્વાસ છે કે આ પત્ર, તમારી અને જે લોકોને ખોટું લાગ્યું છે તેમની લાગણીને શાંત કરવા પૂરતો થશે. દરેક હિંદીની ઇચ્છા ભૂતકાળમાં જે કાંઈ બન્યું હોય, તેને ભૂલી જવાની અને આપણી સ્થિતિ સુધારવા માટે સાથે મળીને કામ કરવાની હોવી જોઈએ.

આપનો વિશ્વાસુ

[મૂળ અંગ્રેજી]
ટાઇપ કરેલી ઑફિસ નકલની છબી પરથી: એસ. એન. ૪૫૧૭

૧. પોલાક ૨૭મી એપ્રિલે જોહાનિસબર્ગ જવા નીકળ્યા.

૨. જુઓ "જનરલ સ્મટ્સને પત્ર", પા. ૪૩–૪. એ પત્ર પર ૧૯મી તારીખ છે. અહીં ૨૦મી છે, તે ભૂલ લાગે છે.

૩. આ પત્રવ્યવહાર ૨૯–૪–૧૯૧૧ના ઇન્ડિયન ઓપીનિયનમાં પ્રગટ કરવામાં આવ્યો હતો.

૪. આ પત્ર પછી એક નોંધ છે જે મિ. સૉલોમને લખેલી લાગે છે: "મેં ઉપરનો પત્ર વાંચ્યો છે અને તેમાં દર્શાવેલી લાગણી સાથે હું પૂરેપૂરો સંમત થાઉં છું. મારી વાતથી કોઈ હિંદીને જરાયે ખોટું લાગ્યું હોય તે બદલ હું ખરેખર ઘણો દિલગીર છું."

૫. આની મૂળ નકલ પર ૧૯૧૧ના એપ્રિલની ૨૭મી તારીખ છે તે ભૂલ લાગે છે, કારણ કે પત્રમાં જે સભાનો ઉલ્લેખ છે તે ૨૭મીએ થઈ હતી, એટલે ખુદ પત્ર ૨૮મીએ લખાયો હતો.

Gandhi Heritage Portal

૪૮. સ્ટારને મુલાકાત[1]

[જોહાનિસબર્ગ,
એપ્રિલ ૨૮, ૧૯૧૧]

ગઈ કાલના સ્ટારમાં જે પત્રવ્યવહાર પ્રગટ થયો છે તે પરથી આશા બંધાય છે કે સમાધાન થઈ જશે, પણ તેનું ચોક્કસ સ્વરૂપ કેવું હશે તે સમજાતું નથી. ગઈ કાલે સાંજે એક સભા થઈ હતી જે ચાર કલાક ચાલી હતી. તેમાં શ્રી ગાંધીને તેમના દેશબંધુઓએ કામચલાઉ સમાધાન કરવાની સત્તા આપી છે. એ સમાધાનથી જનરલ સ્મટ્સ ગવર્નર જનરલને અત્યારે જેલ ભોગવતા 'સત્યાગ્રહીઓને માફી' આપવાની સલાહ આપી શકશે. જે વેપારીઓએ પોતાનો વેપાર હોમી દીધો હતો તેઓ તેને ફરી શરૂ કરવાનો પ્રયત્ન કરી શકશે, અને જે સ્ત્રીઓ અને બાળકો ટૉલ્સ્ટૉય ફાર્મ પર રહે છે અને જેમનો ખર્ચ હિંદી કોમને માથે છે તેમને ધીમે ધીમે પોતપોતાને ઘરે પાછાં મોકલી શકાશે. વસ્તુ છેવટના તબક્કામાં પહોંચી છે ત્યારે શ્રી ગાંધી જાહેર જીવનમાંથી નિવૃત્ત થવાની તૈયારી કરી રહ્યા છે. તેમણે પોતાનું વકીલાતનું કામ મિ. રિચ, જેમણે આજ સુધી લંડનમાં હિંદીઓના પક્ષનું પ્રતિનિધિત્વ કર્યું છે, તેમને સોંપી દેવાનીગોઠવણ કરી લીધી છે. શ્રી ગાંધીનો ઇરાદો હમણાં ગરીબ માબાપોનાં બાળકોની દેખરેખની અને કેળવણીની વ્યવસ્થા કરવાનો છે. પછી તેઓ ટૉલ્સ્ટૉય ફાર્મમાં રહેવા ઇચ્છે છે, અને ત્યાં રહી ફુરસદના સમયમાં તેઓ ટૉલ્સ્ટૉયના તત્ત્વજ્ઞાન પર ઊંડો વિચાર કરવા અને પોતાના પ્યારા દેશ હિંદુસ્તાનના વિદ્વાનો પાસેથી પ્રેરણા મેળવવા માગે છે.

એશિયાઈ સવાલ કેટલો આગળ વધ્યો છે તે જાણવા માટે સ્ટારનો એક પ્રતિનિધિ આજે શ્રી ગાંધીને મળ્યો હતો. ઇમિગ્રેશન બિલ તો પતી ગયેલું દેખાય છે. સરકાર સમક્ષ હવે બે વિકલ્પો[2] રહ્યા છે. પ્રથમ એ કે નવું ઇમિગ્રેશન બિલ રજૂ કરવું, જેમાંથી રંગભેદ તદ્દન દૂર કરવામાં આવ્યો હોય. એ બિલ પસાર કરાવવા જનરલ સ્મટ્સે ફ્રી સ્ટેટ સાથેનો ઝઘડો પતાવવો પડશે. બીજો વિકલ્પ એ છે કે આજે જે સ્થિતિ છે તે જેમની તેમ જાળવી રાખવી અને ટ્રાન્સવાલના ઇમિગ્રેશન કાયદામાં સુધારો કરવો. પહેલા વિકલ્પમાં હિંદીઓએ ઉઠાવેલા વાંધાઓનું નિરાકરણ થાય છે, પણ તેની સાથે શિક્ષિત ઇમિગ્રન્ટો આખા સંઘમાં હરીફરી શકે કે કેમ એ સવાલ ઊભો થાય છે. અને હિંદીઓ બીજા પ્રાંતોમાં જે અધિકારો ભોગવે છે તે મર્યાદિત બની જાય છે. આવો કાયદો કરવાથી સવાલનો છેવટનો નિકાલ થવો જોઈએ તે નહીં થાય. આ બાબતમાં શ્રી ગાંધી કહે છે કે દેશ હજી સામાન્ય ઇમિગ્રેશન બિલ માટે તૈયાર નથી, કારણ કે જુદા જુદા પ્રાંતોમાં ઇમિગ્રેશન સંબંધી નીતિ જુદી જુદી છે, અને જુદા જુદા પ્રાંતોના કાયદાઓમાં આવા ઉપરથી લાદેલા ભેદો હોવા છતાં નામમાત્રનો સામાન્ય કાયદો કરવાથી કેવળ કામચલાઉ વ્યવસ્થા જ થશે. કારણ કે પ્રાંતિક એશિયાઈ કાનૂનમાં ફેરફાર ન થવા દેવા બાબતમાં અને એશિયાઈઓની અવરજવરને તે તે પ્રાંતો પૂરતી મર્યાદિત રાખવા બાબતમાં સૌ એકમત છે.

[ગાંધીજી :] આમ હોવાથી મારે કહેવું પડે છે કે આજે જે પરિસ્થિતિ છે તે સ્વીકારી લેવી એમાં હાલ પૂરતી ડહાપણભરી રાજદ્વારી કુનેહ રહેલી છે, અને આમ છતાં તે પછી પણ કેન્દ્રીય સરકાર માટે પ્રાંતીય કાનૂનો લાગુ પાડવાનું શક્ય બનશે. એકંદર રીતે જોઈએ તો યુરોપિયન ઇમિગ્રેશન પર એની કંઈ અસર નહીં થાય. એનું સીધુંસાદું કારણ એ છે કે કાયદા એવી રીતે

૧. આ મુલાકાત ૬-૫-૧૯૧૧ના ઇન્ડિયન ઓપીનિયનમાં "ધિ ક્લોઝ ઑફ એ બિટર સ્ટ્રગલ" (એક કટુ ઝઘડાનો અંત) એ શીર્ષક હેઠળ પ્રગટ કરવામાં આવી હતી.

૨. ગાંધીજીએ ૭મી એપ્રિલના રોજ લેનને લખેલા પત્રમાં જે વિકલ્પ સૂચવ્યા છે તેનો ઉલ્લેખ છે.

Gandhi Heritage Portal

ઘડવામાં આવ્યા છે કે યુરોપિયનોના પ્રવેશ અંગેના વહીવટમાં વ્યવહારુ સમાનતાની ખાતરી અપાયેલી છે.

કંઈ વિઘ્ન આવે એવું લાગતું નથી

[મુલાકાતી :] સમાધાન થવા સંબંધી હવે તમને કંઈ શંકા છે?

હું સમજું છું ત્યાં સુધી કશી મુશ્કેલી આવવી નહીં જોઈએ, કારણ કે ગેરસમજૂતી કે અસ્પષ્ટતા ટાળવા માટે દરેક પક્ષે પૂરતી સાવચેતી રાખી છે. અલબત્ત, જનરલ સ્મટ્સ પોતે કરેલી જાહેરાતનો કેવો અમલ કરે છે તેના પર ઘણો આધાર રહેશે. સામાન્ય લોકોના મનમાં સરકારના ઇરાદા વિષે લગભગ ન ભૂંસી શકાય એવો વહેમ છે અને ગઈ રાતની સભામાં હિંદી નેતાઓને એ મોટામાં મોટી મુશ્કેલીનો સામનો કરવો પડયો હતો. સંઘ સરકાર તરફથી જે કંઈ કહેવામાં કે લખવામાં આવે છે તેમાં પોતાની વિરુદ્ધનું જે કાંઈ હોય તે બધું લોકો સમજી જાય છે. સભામાં એક વાર તો વાતાવરણ બહુ તંગ થઈ ગયું હતું અને ગરમાગરમ ચર્ચાઓ ચાલી હતી, પણ છેવટે શાંતિ થઈ અને સભાએ થોડાક વિરુદ્ધ મતથી, કામચલાઉ સમાધાન સ્વીકારી લેવાનો નિર્ણય કર્યો.[૧]

[મુલાકાતી :] કેપટાઉનમાં તમને કેવો અનુભવ થયો?

મારે કબૂલ કરવું જોઈએ કે જનરલ સ્મટ્સનું વલણ ઘણું જ વિવેકભર્યું અને સમાધાનકારક હતું. અને વાટાઘાટ દરમ્યાન સમાધાન કરવાની તેમની હાર્દિક ઇચ્છા જણાઈ આવતી હતી. તેમણે ઘણી વાર કહ્યું કે, સત્યાગ્રહીઓ યાતનાઓ ભોગવી રહ્યા છે તે હું જાણું છું અને તે લંબાય એ હું ઇચ્છતો નથી.

એક વધુ પ્રશ્નનો ઉત્તર આપતાં શ્રી ગાંધીએ કહ્યું કે, ટ્રાન્સવાલમાં હિંદીઓની વસ્તી હાલ ૮,૦૦૦થી વધારે છે. આ સંખ્યા લડાઈ પહેલાંના હિંદી રહેવાસીઓની સંખ્યાથી ૭,૦૦૦ જેટલી ઓછી છે. છેવટે તેમણે જોહાનિસબર્ગ અને લંડનની યુરોપિયન કમિટીના સભ્યોનો, લૉર્ડ ઍમ્પ્ટહીલનો[૨] તથા પ્રો. ગોખલેનો,[૩] જે બધાની મદદ વિના "જે મંજલે અમે પહોંચ્યા છીએ ત્યાં પહોંચી નહીં શકાત," તેમનો પોતા તરફથી અને પોતાના દેશબંધુઓ તરફથી સ્ટારની કૉલમો મારફતે આભાર માનવાની વિનંતી કરી.

[મૂળ અંગ્રેજી]

સ્ટાર, ૨૮-૪-૧૯૧૧

૧. આ સભાના ગાંધીજીએ આપેલા હેવાલ માટે જુઓ "જોહાનિસબર્ગનો પત્ર", પા. ૭૪-૫.

૨. આર્થર ઑલિવર વિલિયર્સ રસેલ, ઍમ્પ્ટહીલના બીજા બૅરન (૧૮૬૯-૧૯૩૬); મદ્રાસના ગવર્નર ૧૮૯૯-૧૯૦૬; ૧૯૦૪માં હિંદના વાઇસરૉય અને ગવર્નર જનરલ તરીકે કામ કર્યું; દક્ષિણ આફ્રિકાના હિંદીઓની લડતમાં સક્રિય રસ લીધો; સાઉથ આફ્રિકા બ્રિટિશ ઇન્ડિયન કમિટી, લંડનના પ્રમુખ; ડોકે લખેલી ગાંધીજીની જીવનકથાની પ્રસ્તાવના તેમણે લખી હતી.

૩. ગોપાલ કૃષ્ણ ગોખલે (૧૮૬૬-૧૯૧૫); હિંદી રાજનીતિજ્ઞ; હિંદી રાષ્ટ્રીય મહાસભાના પ્રમુખ, ૧૯૦૫; સર્વન્ટ્સ ઑફ ઇન્ડિયા સોસાયટીની સ્થાપના કરી, ૧૯૦૫; મુંબઈની લેજિસ્લેટિવ કાઉન્સિલ અને વાઇસરૉયની કાઉન્સિલના સભ્ય, ૧૯૦૨-૧૫; ઇન્ડિયન પબ્લિક સર્વિસીસ કમિશનના સભ્ય, ૧૯૧૨-૧૫.

Gandhi Heritage Portal

૪૮(૧). સમાધાની

સમાધાની કરી આપવાનો મિ. ગાંધી સાથે જનરલ સ્મટ્સને જે પત્રવ્યવહાર થયો છે તે અમે આજના અંકમાં પ્રસિદ્ધ કરવા શક્તિમાન થયા છીએ. આ શરતોથી લડતની સંપૂર્ણ જીત સિદ્ધ થાય છે. તે આપવા જનરલ સ્મટ્સ તૈયાર થયા છે તેથી આખરે સત્યાગ્રહ સો ટચનું [સોનું] અંકાયો છે. તે માટે મહાન જગતકર્તાનો આભાર માનવાનો છે, અને તેના ગુણ ગાવાના છે. જાત પર દુઃખો ઉઠાવીને મુઠ્ઠીભર માણસોએ બળવાન રાજકર્તાઓ પર જીત મેળવવાનો આ બનાવ દુનિયાના ઇતિહાસમાં અવનવો છે. આ સમાધાની સ્વીકારવા જોહાનિસબર્ગમાં માસ મીટિંગ મળવાની હતી. આ છપાય ત્યાં સુધીમાં તેમણે તે સ્વીકારી હશે, અને લડતનો અંત જાહેર કરવાનાં છેવટનાં વહેવારુ પગલાં લેવાઈ ગયાં હશે. આ મહાન જીતથી ફુલાવા કરતાં કોમના વધેલા મોભાનો અને તેની સાથે માથે આવેલી ફરજોનો સૌ સ્વીકાર કરશે. સાચી જીત, જીતમાં નથી, પણ લડત માટે સદાય તૈયાર રહેવામાં છે. અત્યારે આથી વિશેષ લખવા અવકાશ નથી.

[મૂળ ગુજરાતી]

ઇન્ડિયન ઓપીનિયન, ૨૯–૪–૧૯૧૧

૪૮(૨). જોહાનિસબર્ગનો પત્ર

રંગૂનથી હૂંડી

ડૉકટર મહેતા તરફથી રંગૂનમાં ઉઘરાવેલા પા. ૩૬૬ની હૂંડી સત્યાગ્રહી ફંડને સારુ મળી છે.

મિસિસ સોઢાનો કેસ

મિસિસ સોઢાનો કેસ શનિવારે બ્લૂમફૉન્ટીન ખાતે સાંભળાયો હતો, જે વખતે અપીલ ખર્ચ સાથે કાઢી નાખવામાં આવી હતી.

મિ. ગાંધી

મિ. ગાંધી બુધવારે સવારે જોહાનિસબર્ગ આવી પહોંચ્યા છે.

પત્રવ્યવહાર પર વિચાર કરવા હિંદી અને ચીના આગેવાનોની કૉન્ફરન્સ ભરવા ગોઠવણ થાય છે.

[મૂળ ગુજરાતી]

ઇન્ડિયન ઓપીનિયન, ૨૯–૪–૧૯૧૧

Gandhi Heritage Portal

૪૯. ઈ. એફ. સી. લેનને પત્ર

[જોહાનિસબર્ગ,]
એપ્રિલ ૨૯, ૧૯૧૧

આજ સવારે આપણી વચ્ચે જે વાતચીત થઈ તે સંબંધમાં જણાવવાનું કે ગયા ગુરુવારે હમીદિયા હૉલમાં અમારી એક જંગી મીટિંગ મળી હતી. મિ. કાછલિયા પ્રમુખ હતા, અને મીટિંગનું કામ ચાર કલાક સુધી ચાલ્યું હતું. કેટલીક ગરમ ચર્ચા ચાલ્યા પછી એક ઠરાવ પસાર થયો હતો. તેમાં આપણી વચ્ચે થયેલી તા. ૨૨મીના કાગળોમાં[1] દર્શાવ્યા મુજબની સમાધાની નીચે સમજાવ્યા પ્રમાણે કબૂલ રાખવામાં આવી હતી.

એ મીટિંગમાં કેટલાક સવાલો પુછાયા હતા, અને બીજા હજુ પુછાયા કરે છે. મને લાગે છે કે તેમાંના અત્યંત અગત્યના સવાલો પર જનરલ સ્મટ્સનું મારે ધ્યાન ખેંચવું એ બરોબર કહેવાશે. મીટિંગે પૂછેલા નીચેના સવાલોથી સમજાતા અર્થના આધારે મીટિંગે સમાધાની કબૂલ કરી છે.

(૧) સત્યાગ્રહના વાંધાનો નિકાલ કરવા માટે દાખલ કરવા ધારેલ કાયદો ટ્રાન્સવાલના અથવા દક્ષિણ આફ્રિકાના બીજા ભાગના ચાલુ હકો લઈ લેશે?

જવાબ : નહીં લઈ લે, પછી ધારેલ કાયદો માત્ર ટ્રાન્સવાલને લાગુ પડતો હોય કે યુનિયનને લાગુ પડતો હોય.

(૨) જે સત્યાગ્રહીઓ લડાઈ પહેલાંના રહીશ છે, પણ જેઓ, મિ. દાઉદ મહમદ[2] અથવા મિ. રુસ્તમજીની[3] પેઠે હાલ ટ્રાન્સવાલની બહાર છે તેઓને, તેમણે કાયદામાં અપાયેલી મુદત દરમ્યાન રજિસ્ટ્રેશન માટે અરજી ન કરી હોય છતાં, રજિસ્ટર થવા દેવામાં આવશે?

જવાબ : હા.

(૩) જે સત્યાગ્રહીઓ રજિસ્ટર થયેલ છે, પણ જેમને દેશપાર કરવામાં આવેલ છે તેમને ટ્રાન્સવાલમાં દાખલ થતા અટકાવવામાં આવશે?

જવાબ : ના.

૧. જુઓ "ઈ. એફ. સી. લેનને પત્ર", પા. ૫૩–૫. પરિશિષ્ટ ૪ પણ.

૨. દક્ષિણ આફ્રિકામાં સૌથી શરૂઆતના વેપારીઓમાંના એક. શાળાનું શિક્ષણ નહીં છતાં અંગ્રેજી અને ડચ સારું બોલતા. ચતુર, બુદ્ધિશાળી અને ઉદ્યમી; હિંદીઓ માટે દક્ષિણ આફ્રિકામાં કરવામાં આવતાં કૂંડોમાં મુખ્ય ફાળો આપનાર; નાતાલ ઇન્ડિયન કૉંગ્રેસના પ્રમુખ. તે પહેલાં ટ્રાન્સવાલના વતની. ઑગસ્ટ ૧૯૦૮માં ટ્રાન્સવાલમાંથી સરહદ ઓળંગીને નાતાલ આવ્યા. સરહદ ઉપર ૧૯૦૭ના ઍક્ટ ૨ મુજબ અંગૂઠો આપવાની ના પાડી. આમ ટ્રાન્સવાલના જૂના હિંદી રહેવાસીઓનો નાતાલમાં દાખલ થવાનો હક સ્થાપિત કરવા જેલ વહોરી. છ માસની સજા થઈ પરંતુ તબિયતને કારણે પાંચ માસ પછી છોડી મૂકવામાં આવેલા. જુઓ પુસ્તક ૮, પા. ૪૨૬–૭, ૪૫૬ અને ૪૫૮ અને પુસ્તક ૯, પા. ૨૩૩, ૩૫૭ અને ૩૫૮ અને દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહનો ઇતિહાસ, દ્વિતીય ખંડ, પ્ર. ૬.

૩. પારસી રુસ્તમજી; પરગજુ અને જાહેર કામોમાં ઉત્સાહ ધરાવનાર, નાતાલના હિંદી વેપારી, અને "ગ્રાન્ડ ઑલ્ડ પૅસિવ રિઝિસ્ટર", "કાકાજી"ના હુલામણા નામે ઓળખાતા. શરૂઆતમાં ગાંધીજીના સાથી અને ખાસ મિત્ર, આગળ જતાં ગાંધીજીના અસીલ; નાતાલ ઇન્ડિયન કૉંગ્રેસના દૃઢ ટેકેદાર.

Gandhi Heritage Portal

(૪) જે સત્યાગ્રહીઓ પાસે પીસ પ્રિઝર્વેશન સર્ટિફિકેટો છે, પણ જેમને હદપાર કરવામાં આવેલ છે તેમનું આવી જ રીતે રક્ષણ થશે?

જવાબ : હા.

(૫) જે કેળવાયેલ સત્યાગ્રહીઓને મુદતી સર્ટિફિકેટ તળે ટ્રાન્સવાલમાં રહેવા દેવામાં આવનાર છે, તેમને આ વરસ માટેના ઇમિગ્રન્ટો તરીકે ગણવામાં આવશે? અને તેઓ ૧૯૦૮ના ઉદ્દમા કાયદા તળે રજિસ્ટર થવામાંથી મુક્ત રહેશે?

જવાબ : હા.

(૬) ઉપર કહેલાને જેટલી કેળવણી છે તેટલી કેળવણીને ભવિષ્યની એશિયાટિક ઇમિગ્રન્ટોની પરીક્ષાના ધોરણ તરીકે સ્વીકારવામાં આવશે?

જવાબ : નહીં. એ બતાવવામાં આવ્યું હતું કે જેઓ ઊંચી કેળવણી પામેલા છે, તેમને જ કેળવણીની પરીક્ષા પાસ કરવા દેવામાં આવશે, અને આ છ કેળવાયેલ હિંદીઓ જો પોતાની માત્ર કેળવણીની જ લાયકાતના આધારે દાખલ થવા માગતા હોય તો કદાચ મિ. જોસફ રોયપેન સિવાયના બધા બાતલ રહે.

(૭) કેળવાયેલા એશિયાટિકો જેઓ રજિસ્ટર થયેલ રહીશો હોય તેમને આંગળાં કે અંગૂઠા દેવાની ફરજ પાડવામાં આવશે?[૧]

જવાબ : નહીં.

(૮) પોતાના અંતરથી જેને એ નિશાન આપવા સામે વાંધો હોય, તેમને અથવા તો જાણીતા એશિયાટિકોને એવી જ રીતે મુક્ત કરવામાં આવશે?

જવાબ : હા. જો તેઓ ઘડાયેલ અક્ષરમાં સહી કરી શકતા હશે તો આંગળાંમાંથી, તેમ જ અંગૂઠામાંથી મુક્ત થશે.

છેલ્લા બે જવાબો ૧૯૦૮[૨]ના પત્રવ્યવહારના આધારે અને હાલમાં પ્રસિદ્ધ થયેલ તુમારોના આધારે આપવામાં આવ્યા છે. આપણી વચ્ચે થયેલી ચર્ચા દરમ્યાન આ વાત મેં રજૂ કરી નહોતી, કેમ કે મને તે તદ્દન સ્પષ્ટ લાગતી હતી.

મને ખાતરી છે કે ઉપરની ઉપાધિ હું નાખું છું તે માટે જનરલ સ્મટ્સ કંટાળો નહીં પામે, કેમ કે હું જાણું છું કે કાંઈ પણ ગેરસમજૂતી ન થાય તે માટે તેઓ મારા જેટલા જ ચિંતાતુર છે.

મને માલૂમ પડ્યું છે કે મિ. સોઢા લડાઈ પહેલાંના ત્રણ વરસના રહીશ નથી. લડાઈ પહેલાં અખંડ બે વરસ સુધી તેઓ ટ્રાન્સવાલમાં વસ્યા હતા, અને રેફ્યુજી તરીકે જ ટ્રાન્સવાલ તેમણે

૧. આ પ્રશ્નમાં "રજિસ્ટર્ડ થયેલ રહીશો"નો ઉલ્લેખ તો આવે જ છે, એટલે ગાંધીજીના મનમાં રજિસ્ટ્રેશનને બદલે લાઇસન્સ લેવાનો વિધિ હોવાનો સંભવ છે. સ્મટ્સના ૨૦ મે, ૧૯૧૧ના તારથી (પરિશિષ્ટ ૬) આ વાત સ્પષ્ટ થાય છે. પછીથી આવતો પ્રશ્ન ૮ સ્પષ્ટપણે રજિસ્ટ્રેશન માટેના વિધિનો જ ઉલ્લેખ કરે છે, જ્યારે સ્મટ્સનો જવાબ લાઇસન્સના વિધિ પૂરતી જ છૂટછાટો મર્યાદિત કરે છે. આ ઉપરથી લાગે છે કે સ્મટ્સના તારનો હેતુ લાઇસન્સ માગતા અભણ એશિયાટિક રહીશો, તેમ જ અંતરથી અંગૂઠો આપવાના વિરોધીઓ પાસેથી પણ અંગૂઠો લેવાનો ટ્રાન્સવાલ સરકારનો હક અબાધિત રાખવાનો હોવો જોઈએ. અભણ એશિયાટિકોના રજિસ્ટ્રેશનનો સવાલ ઊઠવાનું કંઈ કારણ નહોતું કારણ કે, ગાંધીજીના મે ૪, ૧૯૧૧ (પા. ૭૬–૭)ના કાગળમાં જણાવેલા ૩૦ જણ સિવાયના મોટા ભાગના લોકો મરજિયાત રીતે રજિસ્ટર થયા હતા તેમ જ સરકાર અને સત્યાગ્રહીઓ વચ્ચે એવી સમજૂતી થઈ હતી કે અભણ હિંદીઓનો પ્રવેશ બંધ થવો જોઈએ.

૨. જુઓ પુસ્તક ૮, પા. ૩૮, ૬૫ અને ૬૬–૬૭.

Gandhi Heritage Portal

છોડયું હતું. અલબત્ત એ બે વાતમાં કાંઈ જ શંકા નથી. પણ ૧૯૦૮નો ઉદ્દમો કાયદો બરોબર રીતે જોતાં લડાઈ પહેલાં ત્રણ વરસનો વસવાટ થયેલ હોવાની જરૂર પડે છે. કાયદાના બરોબર શબ્દોને આ દાખલામાં પડતા મૂકી મિ. સોઢાને રજિસ્ટર થવા દેવામાં નહીં આવે? જો તેને તેમ રજિસ્ટર થવા દેવામાં ન આવે તો તે કેળવાયેલ ઇમિગ્રન્ટના વર્ગમાં જાય છે, કેમ કે કેળવણીની લાયકાત તે ધરાવે છે. તેવી સ્થિતિમાં તે, મેસર્સ રૉયપેન, સોરાબજી, મેઢ, દેસાઈ અને શેલતની[૧] સાથે છઠ્ઠા કેળવાયેલ માણસ થશે. આમ થવાથી મિ. સેમ્યુઅલ જૉસફ જે મિ. રૉયપેનના ભત્રીજા થાય છે, અને એક સ્કૂલ માસ્તર છે તેઓ બહુ ઇચ્છવાજોગ અને ઊંચી કેળવણી પામેલ માણસ રહી જાય છે. તે દક્ષિણ આફ્રિકામાં જન્મેલ છે અને હાલ જ એક નેટિવ પ્રૉટેસ્ટન્ટ ક્રિશ્ચિયન ચર્ચમાં ઑર્ગનિસ્ટ છે, અને અમુક ઠેકાણે ખાનગી શિક્ષકનું કામ કરે છે. મિ. સોઢાની બાબતમાં કાયદાનો આકરો અર્થ કરવાનું પડતું મૂકીને આ માણસનું રક્ષણ કરો એવી માગણી કરું? મિ. સેમ્યુઅલ જૉસફની ખાતર ઉપરના છમાંથી એકાદને અમે કાઢી નાંખી શકયા હોત. પણ બીજાઓએ દુઃખો સહન કરવાની બાબતમાં મિ. સેમ્યુઅલ જૉસફ કરતાં વધારે લાયકાત મેળવી છે.

એક ભારે હાડમારીનો બીજો દાખલો જણાવવાને મને કહેવામાં આવ્યું છે. આ દાખલો મિ. કામાનો છે. તે જોહાનિસબર્ગમાં હિંદી પોસ્ટ માસ્તર હતા. તે સારી કેળવણી પામેલ છે. હું માનું છું કે એ હોદ્દા પર તેમણે લગભગ ૧૦ વરસ સુધી નોકરી બજાવી છે, અને રજિસ્ટર[૨] થવાની ના પાડવાથી તેમને તે છોડવી પડી છે. મિ. કામા પારસી છે. તેનું કુટુંબ જોહાનિસબર્ગમાં છે. લડત દરમ્યાન તેમણે બહુ સહન કર્યું છે. હું માનું છું કે તે પોસ્ટ માસ્તર તરીકે બહુ લોકપ્રિય હતા, અને તેમના ઉપરીઓનો તેના પર સંપૂર્ણ ભરોસો હતો. મારા મત પ્રમાણે તેને તેની નોકરી પર દાખલ કરવા જોઈએ.

જે સત્યાગ્રહીઓ લડાઈ પહેલાંના રહીશો હોવાના કારણસર રજિસ્ટર થવા હકદાર છે તેમની તપસીલ હજુ મારી પાસે આવી નથી, પણ હું તે નામો એકઠાં કરી રહ્યો છું. હું માનું છું કે અત્રે કહેલી બાબતોના સંબંધમાં આપણે સમજી શકીએ એટલે તુરત આ લોકોને રજિસ્ટર કરવાનું શરૂ કરવામાં આવશે.

જ્યારે મેં ચીના સત્યાગ્રહીઓની વાત કરી હતી, ત્યારે તમને કાંઈક નવાઈ લાગી હતી. પણ તેમણે અંત સુધી દુઃખો ભોગવવાનું ચાલુ રાખ્યું છે, અને તેમના પ્રમુખ મિ. લ્યુઅંગ કિવન હજુ હમણાં જ જેલમાંથી છૂટયા છે. હું માનું છું કે હાલ જેલમાં સત્યાગ્રહી હિંદી કરતાં ચીના વધારે સંખ્યામાં છે. મને તદ્દન ખાતરી છે કે હિંદી સત્યાગ્રહીઓ પોતાના ચીના સત્યાગ્રહી ભાઈઓને હાલ પડતા મૂકે એવું જનરલ સ્મટ્સ નહીં જ ધારતા હોય. તેઓ કુદરતી રીતે જ પોતાના જેવું જ રક્ષણ ચીના સત્યાગ્રહીઓ માટે માગે છે. મને સમજાય છે કે ૧૯૦૮માં લડત ફરીથી શરૂ થઈ ત્યારે રજિસ્ટર નહોતા થયા એવા આશરે ૩૦ લડાઈ પહેલાંના રહીશ ચીના

૧. ઉમિયાશંકર મંછારામ શેલત; ૧૯૦૬ના ઝૂલુ બળવા વખતે ગાંધીજીએ ઊભી કરેલી ઘવાયેલાની સારવાર કરનારી ટુકડીના સારજન્ટ; ૧૯૦૮ અને ૧૯૦૯માં એક સત્યાગ્રહી તરીકે જેલ અને દેશનિકાલની સજા ભોગવી. ઑગસ્ટ ૧૯૦૮માં મરજિયાત પરવાનાની હોળી વખતે આગ મૂકનારાઓમાંના એક. જુઓ પુસ્તક ૮, પા. ૪૪૫–૬ અને પુસ્તક ૯, પા. ૨૯૯ અને ૩૧૫ તથા દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહનો ઇતિહાસ, પ્રથમ ખંડ, પ્ર. ૧૧.

૨. જુઓ પુસ્તક ૮, પા. ૪૫૪ અને પુસ્તક ૯, પા. ૪.

Gandhi Heritage Portal

સત્યાગ્રહીઓ છે. પણ ચીનાઓનો સવાલ અત્રે જણાવવાનું કારણ એ છે કે ચીનાઓમાં માંહો-માંહે મારામારી કરવાના સામાન્ય ગુનાસર જેલ ભોગવતા ચાર ચીનાઓના કેસની નાજુક બાબત વિષે હું કહેવા માગું છું. એ મારામારીના પરિણામે કેટલાકને સજા થઈ છે. હવે એ બંને પક્ષ જોડાઈ ગયા છે. તેઓ હવે ગુનેગારો પર શહેનશાહની દયા થવા માટે ગવર્નર જનરલને મોકલવા અરજી પણ તૈયાર કરી રહ્યા છે. તેમના પર દયાળુ દૃષ્ટિથી વિચાર કરવા જનરલ સ્મટ્સ ભલામણ નહીં કરે?

મેં બહુ લંબાણથી લખ્યું છે, પણ મને લાગ્યું છે કે આ બાબતમાં જેટલું ચોક્કસ રીતે અને જેટલું ખુલાસાથી લખાય તેટલું થોડું છે.

જો તમે આ કાગળ જનરલ સ્મટ્સ આગળ રજૂ કરવાની મહેરબાની કરશો, અને જો તેને જરૂર જણાય તો ઈન્ટરવ્યૂ માટે એક દિવસ નીમવામાં આવશે તો હું આવીશ, અને આ બાબતને છેવટને માટે બંધ[1] કરવામાં આવશે.

[મૂળ ગુજરાતી]

ઇન્ડિયન ઓપીનિયન, ૨૭–૫–૧૯૧૧

૪૯(૧). 'સ્પૉટેડ ફીવર' સંબંધી

સ્ટીમર અમકુઝીમાં 'સ્પૉટેડ ફીવર' નામના મરજનો કેસ થયાની વાત બહાર આવી હતી, છતાં તપાસ કરતાં પ્રોટેક્ટરે માહિતી પૂરી પાડી નહોતી. તે સંબંધી ખાનગી તપાસ ઉપરથી માલૂમ પડયું છે કે મજકૂર સ્ટીમરમાં મરદ ઓરત મળીને કુલ ૫૮૦ મજૂરોને લાવવામાં આવ્યા હતા. તેમનામાં 'સ્પૉટેડ ફીવર'ના બધા મળીને ત્રણ કેસ થયા હતા, જેમાંના એક કેસમાં દર્દીનું મોત નીપજ્યું હતું. અમને ખબર મળી તે વખતે ત્રીજો દર્દી હજ ડેપોમાં હતો. ત્યાં તે સાજો થવા પર હતો.

[મૂળ ગુજરાતી]

ઇન્ડિયન ઓપીનિયન, ૨૯–૪–૧૯૧૧

૧. હકીકતમાં સ્મટ્સે આ કાગળમાં જણાવેલી બાબતોની તેના ૧૯મી મે, ૧૯૧૧ના કાગળમાં અને ૨૦મી મે, ૧૯૧૧ના તારમાં આગળ ચર્ચા કરી હતી. જુઓ પરિશિષ્ટ ૫, ૬.

Gandhi Heritage Portal

૪૯(૨). એક ગિરમીટિયાને પીડનારો માલિક

ટી. બી. રૉબિન્સન નામનો એક ગોરો માલિક પોતાના તાબામાં સોંપાયેલા ગિરમીટિયાઓને કેમ જાણે તેઓ લેવાન હોય તેમ વારંવાર સતાવે છે, અને અવારનવાર હુમલા કરવા ચૂકતો નથી. એક કરતાં વધારે વાર તેને અથવા તેના કુટુંબીને હુમલા માટે સજા થઈ છે. હાલમાં ફરીથી આ માણસને એક ગિરમીટિયા ઓરત પર હુમલો કરવા માટે તા. ૩જી એપ્રિલે અમલાઝી કોર્ટમાં ખડો કરવાના ખબર મળ્યા છે. તેને પા. પના દંડની સજા થઈ હતી. સાધારણ રીતે આવા કેસોમાં હુમલો કરનાર માત્ર જૂજ દંડમાં છૂટી જાય છે તે જોતાં આ કાંઈક વધારે દંડ તેના ગુનાની ગંભીરતા બતાવનાર ગણવો જોઈએ. જ્યારે આમ પોતાને આબાદ કરાવનાર માનવીઓ તરફ ગુલામ કરતાં પણ ખરાબ રીતે વર્તવામાં આવે ત્યારે તેવાની પાસેથી મજૂરો છીનવી લેવાની સત્તાનો સત્તાવાળાઓએ ઉપયોગ કરવાનો હોય. કમનસીબે આ સત્તા રંક મજૂરોનું રક્ષણ કરવાને બદલે જાલિમ જુલમગારના પાપીપણાને પોષવા અર્થે જ કામ લાગે છે. નધણિયાતા મજૂરોની કોને પરવા હોય? નહીં તો ઉપર કહ્યા એવા દાખલા કદી બનવા ન પામવા જોઈએ.

[મૂળ ગુજરાતી]
ઇન્ડિયન ઓપીનિયન, ૨૯-૪-૧૯૧૧

૫૦. સંસ્થાન મંત્રીને અરજી[1]

જોહાનિસબર્ગ,
મે ૧, ૧૯૧૧

નેક નામદાર સંસ્થાન મંત્રી
લંડન

બ્રિટિશ ઈન્ડિયન ઍસોસિયેશનના પ્રમુખ
એ. એમ. કાછલિયાની અરજી

ટ્રાન્સવાલની બ્રિટિશ ઈન્ડિયન ઍસોસિયેશન તરફથી સંસ્થાન ખાતાના પ્રધાનને લંડન ખાતે જે અરજી મોકલ્યાના ખબર અમારા ગયા અંકના જોહાનિસબર્ગના ખબરપત્રમાં આપવામાં આવેલા હતા, તે અરજીનો તરજુમો અમે નીચે આપીએ છીએ :

એશિયાટિકના કાયદેસર સરખાપણા વિષે ટ્રાન્સવાલમાં છેલ્લાં ૪ વરસ થયાં દુઃખદાયક લડાઈ ચાલી રહી હતી, તેનો સુખે અંત આવે એવું દેખાય છે. છતાં ઈમ્પીરિયલ કૉન્ફરન્સ ભરાવાની તકે બ્રિટિશ ઈન્ડિયન ઍસોસિયેશન ટ્રાન્સવાલના હિંદીઓની હાલ ખરી સ્થિતિ શું છે, તે ઉપર વડી સરકારનું ધ્યાન ખેંચવા માગે છે.

૧. આ અરજી ૧૩-૫-૧૯૧૧ના ઇન્ડિયન ઓપીનિયનમાં "ટ્રાન્સવાલના હિંદીઓની પુરાણી હાડમારીઓ" શીર્ષકથી છાપવામાં આવી હતી.

Gandhi Heritage Portal

એશિયાટિક રજિસ્ટ્રેશન ઍક્ટ (નં. ૨ ૧૯૦૭)ને લીધે ઊભી થયેલી તે લડતથી ટ્રાન્સવાલની એશિયાટિક કોમોને અમાપ દુઃખ ભોગવવું પડે છે, અને તેમાં એશિયાટિક તથા ગોરી પ્રજાઓનું ધ્યાન એટલું બધું રોકાઈ ગયું હતું કે લડતની અગાઉની પુરાણી તથા તે બાદ ઊભી થયેલી અને સત્યાગ્રહની લડતમાં નથી સમાયેલી એવી નવી હાડમારીઓ દૂર કરાવવામાં ઍસોસિયેશન ધ્યાન આપી શકયું નથી.

રજિસ્ટ્રેશન અને ઇમિગ્રેશન કાયદાની હાલ શું સ્થિતિ છે?

એપ્રિલની તા. ૨૨મીએ જનરલ સ્મટ્સના ખાનગી સેક્રેટરીએ મિ. ગાંધી ઉપર લખેલા કાગળમાં[૧] જણાવેલી બાબતો હિંદીઓની મીટિંગ[૨] સમક્ષ તા. ૨૭મી એપ્રિલે રજૂ કરવામાં આવી હતી; અને તે માત્ર ૬૩ વિરુદ્ધ મતે સ્વીકારવામાં આવી હતી. તે એ છે કે :

૧. છોટાભાઈ કેસના ચુકાદા[૪] મુજબ સગીર છોકરાઓના હક કાયમ રહે એવી બારી રાખીને દક્ષિણ આફ્રિકાની પાર્લમેન્ટની હવે પછીની બેઠકોમાં ૧૯૦૭નો ૨જો કાયદો રદ કરવામાં આવશે.

૨. ઇમિગ્રેશનની બાબતમાં એશિયાટિક અને ગોરા ઇમિગ્રન્ટનું કાયદેસર સરખાપણું મોજૂદ રાખવામાં આવશે, અને કાયદામાં ભેદભાવ નહીં રાખતાં અમલમાં ભેદભાવ રખાશે.

૩. નવો કાયદો થાય તેમાં હિંદીઓના હાલના હકો જાળવવામાં આવશે, એટલે કે જો તે પ્રોવિન્શિયલ કાયદો હશે તો ટ્રાન્સવાલના એશિયાટિકોના હકમાં હાથ નાંખવામાં નહીં આવે. અને જો તે બધા પ્રોવિન્સને લાગુ પડે તેવો કાયદો હશે, તો પ્રોવિન્સોના તેમ જ ટ્રાન્સવાલના હાલના હકો જાળવવામાં આવશે.

૪. નવો કાયદો થાય તે પ્રોવિન્શિયલ કાયદો હશે તો કોઈ પણ વરસમાં ઊંચી કેળવણી પામેલા એશિયાટિકોને, છથી વધારે નહીં એવી સંખ્યામાં કેળવણીની પરીક્ષા આપીને ટ્રાન્સવાલમાં દાખલ થવા દેવામાં આવશે.

૫. જે સત્યાગ્રહીઓ, સત્યાગ્રહની લડત નહીં હોત તો, યોગ્ય વખતે અરજી કરવાથી રજિસ્ટર થવાને હકદાર હતા, તેઓને હવે રજિસ્ટર થવા દેવામાં આવશે.

૬. જે સત્યાગ્રહીઓ રજિસ્ટ્રેશન કાયદા મુજબ રજિસ્ટર થવાને હકદાર નથી, તેઓને નવા થનાર કાયદાની રાહમાં ટ્રાન્સવાલમાં રહેવા દેવામાં આવશે, અને તેઓને ચાલુ વરસના એશિયાટિક ઇમિગ્રન્ટ ગણવામાં આવશે.

૭. દરમિયાન કોમ સત્યાગ્રહ મોકૂફ રાખશે એવી ખાતરી દેવાથી જે સત્યાગ્રહીઓ સત્યાગ્રહને ખાતર જેલમાં છે, તેઓને છોડી મૂકવાની ના. ગવર્નર જનરલને ભલામણ કરવામાં આવશે.

મારું ઍસોસિયેશન આ પ્રસંગે તેના તરફ યુનિયન સરકારે જે દેખીતું સુલેહભરેલું અને ઉદાર વલણ બતાવ્યું છે, તે માટે તેનો આભાર માને છે; તેમ જ આ દુર્ભાગી મામલાનો સુખરૂપ અંત આણવા વડી સરકાર મિત્રભાવે અસરકારક રીતે વચમાં પડેલ છે તે માટે તેનો પણ આભાર માને છે.

૧. જુઓ પરિશિષ્ટ ૪.
૨. સભાના ગાંધીજીના હેવાલ માટે જુઓ "જોહાનિસબર્ગનો પત્ર", પા. ૭૪–૫.
૩. "જોહાનિસબર્ગનો પત્ર", પા. ૭૪–૫ મુજબ પાંચ.
૪. જુઓ પાદટીપ ૨, પા. ૫૩–૪.

Gandhi Heritage Portal

પણ સત્યાગ્રહ મોકૂફ રાખવાની કબૂલાત હાલ આપવામાં આવી છે, તેનો અર્થ એવો નથી કે ટ્રાન્સવાલના હિંદીઓને તેની બધી ગંભીર હાડમારીઓમાં દાદ મળી છે. એથી મોટામાં મોટી હાડમારીઓ કોમ હજુ ભોગવી રહી છે, તે રજૂ કરવા ઍસોસિયેશન રજા માગે છે.

૧૮૮૫નો ત્રીજો કાયદો

ના. શહેનશાહ અને માજી રિપબ્લિક સરકાર વચ્ચે લડાઈ જાગી, ત્યાં સુધી જે ૧૮૮૫ના ઉજા કાયદા વિષે પત્રવ્યવહાર ચાલ્યા કરતો હતો, તે હજી યુનિયન સરકારના દફતરે મોજૂદ છે. તેમાં ફેરફાર એટલો જ થયેલો છે કે વેપાર અર્થે ટ્રાન્સવાલમાં રહેનાર એશિયાટિકોને પા. ૩ની રજિસ્ટ્રેશન ફીમાંથી મુક્ત કર્યા. તે કાયદો હિંદીઓ અને બીજા એશિયાટિકોને નીચેના હકોથી બાતલ કરે છે :

૧. શહેરી તરીકેના હકો,
૨. બજાર અથવા લોકેશન સિવાય બીજી જગ્યાએ સ્થાવર મિલકત ધરાવવાના હકો,
૩. તેઓને માટે ખાસ ઠેરવેલાં લોકેશન કે બજાર સિવાય શહેરમાં બીજે રહેવાના હકો.

દક્ષિણ આફ્રિકાના એશિયાટિકોની સામે કમનસીબ અદાવતને લીધે હાલને માટે બરગરના હકો, એટલે કે પોલિટિકલ ફ્રેંચાઈઝના[૧] હકોની માગણી કરવી તે ઍસોસિયેશનને વહેવારોપયોગી નથી લાગતું.

પણ બજાર અથવા લોકેશનની બહાર સ્થાવર મિલકત ન ધરાવી શકાય તે એક ગંભીર હાડમારી છે, અને તે હિંદીઓની આબાદીમાં કુદરતી રીતે આડી આવે છે. અજાયબીની વાત એ છે કે આથી મકાનો બાંધવાના સાહસની કોમમાં જે ખામી દેખાય છે, તે માટે તેની નિંદા કરવામાં આવે છે, અને એવી રીતે અદાવત વધે છે. આ કાયદાથી એશિયાટિકોને લોકેશન અથવા બજારમાં રહેવાની ફરજ પડે છે, છતાં ત્યાં ન રહેવા માટે કાંઈ સજા ફરમાવેલ નહીં હોવાથી, કોર્ટે એવો ચુકાદો આપ્યો છે કે એશિયાટિકોને અલગ રહેવાની ફરજ પાડી શકાય નહીં. તોપણ ગોરા વેપારીઓની સીધી કે આડકતરી હરીફાઈને લઈને એવું બન્યું છે કે સંખ્યાબંધ ગરીબ એશિયાટિકોને કાયદેસર બંધાઈ ગયેલા લોકેશનમાં ભાગવું પડ્યું છે. હાલ ઘડીએ પ્રોવિન્શિયલ સરકાર જે દુશ્મની ભાવે વર્તી રહી છે, તેના દાખલા તરીકે એક વાત નોંધ લેવા જેવી છે કે આ લોકેશનો એટલાં બધાં દૂર રાખવામાં આવ્યાં છે કે ત્યાં સામાન્ય રીતે વેપાર કરવો ખરું કહીએ તો અસંભવિત થઈ પડેલ છે; અને તેથી એશિયાટિક ફેરિયાઓ, જેઓને દર સવારે માલ ખરીદવા જાહેર માર્કેટમાં જવું પડે છે, તેઓને ભારે અગવડ પડે છે. વળી આ કાયદાની રૂએ એશિયાટિકોને લોકેશનમાં સ્થાવર મિલકત લેવાની છૂટ છે, છતાં આ લોકેશનના લત્તાઓ પાડીને મુકરર કરેલાં સ્ટાંડ સરકાર તેઓને બહુમાં બહુ ૨૧ વરસના પટા ઉપર જ આપવાની છૂટ રાખે છે. ખરેખર, જોહાનિસબર્ગમાં તો તેઓને માસિક પટે જ ઘરો આપવામાં આવે છે. અહીં વિશેષ કહેવું જોઈએ કે લડાઈ જાગી ત્યાં સુધીમાં જોહાનિસબર્ગમાં એક લોકેશન એવું હતું કે જેમાં ૯૦ સ્ટેન્ડો ૯૯ વરસના પટા ઉપર આપવામાં આવેલાં હતાં. એક ખાસ કાયદો કરીને બીજી કેટલીક જમીન સાથે આ લોકેશન પણ સરકારે ખાલસા કરાવી લીધું, અને ત્યારથી ઉપર

૧. ટ્રાન્સવાલના હિંદીઓ એકધારી રીતે આ નીતિને વળગી રહ્યા હતા; જુઓ પુસ્તક ૬, પા. ૨૩૬ અને પુસ્તક ૮, પા. ૫૦–૨ અને ૪૩૯–૪૦.

Gandhi Heritage Portal

જણાવેલી રીત સિવાય બીજી કોઈ રીતે એશિયાટિકો પોતાના નામ ઉપર સ્થાવર મિલકત ધરાવી શકતા નથી.

આમ છતાં હિંદીઓને જમીનની માલેકી ધરાવવા દેવાને કાયદાની રૂએ એક જાતનાં એવાં ટ્રસ્ટની છૂટ આપવામાં આવી છે, કે જેથી એશિયાટિકો હાલ સુધી જથૂકના સ્થાવર મિલકતના હકો ધરાવી શકયા છે. તેઓના ગોરા દોસ્તદારો તેઓને બદલે પોતાનાં નામ પર ટ્રાન્સફર કરીને પછી તે ખરા ધણીના નામ પર બૉન્ડ કરી આપે છે. આવાં ટ્રસ્ટ કોર્ટોએ મંજૂર રાખેલાં છે, અને આ રીત લગભગ તે કાયદો[૧] શરૂ થયો ત્યારથી ચાલતી આવે છે.

ગોલ્ડ લૉ અને ટાઉનશિપ ઍક્ટ (૧૯૦૮)

પણ ઉપલાં ટ્રસ્ટો નકામાં કરવાને, તથા બધાને લોકેશનમાં જવાની ખાસ ફરજ પડે એવું કરવાને ૧૯૦૮ના ગોલ્ડ લૉ અને ટાઉનશિપ ઍક્ટમાં એવા પ્રપંચી કાનૂન[૨] દાખલ કરવામાં આવેલ છે કે જે દેખીતી રીતે સરખામણીમાં નજીવા લાગે છે (જોકે બહુ અપમાનકારક તો ખરા જ) છતાં તે ખુલ્લેખુલ્લી રીતે ઉપર જણાવેલ હેતુ સાધવાને રચવામાં આવેલ છે. ઍસોસિયેશનને આ ખબર હાલમાં અચાનક પડયા છે. ક્લાર્કર્સડૉર્પ શહેરમાં હિંદીઓને રહેવા આપેલા સ્ટેન્ડના ગોરા માલિકોને — કેટલાક કિસ્સામાં સ્ટેન્ડની ખરી માલેકી ખુદ હિંદીઓ ધરાવે છે — એવી નોટિસ મળી છે કે તેઓ ગોલ્ડ લૉની ૧૩૦મી[૩] કલમનો ભંગ કરે છે અને જો તેમાં રહેનાર હિંદીઓને તા. ૩૦મી એપ્રિલ સુધીમાં (જે વીતી ગઈ છે) નહીં કાઢવામાં આવે, તો તેઓની (ગોરા માલેકોની) ઉપર કામ ચલાવવામાં આવશે.[૪] આનો ભંગ કરવા માટે પા. ૫૦ના દંડની અને તે ઉપરાંત જ્યાં સુધી ભંગ થતો ચાલુ રહે, ત્યાં સુધી રોજના પા. ૫ના દંડની સજાનો કાયદો છે. આ નોટિસોએ હિંદીઓમાં ગભરાટ ઉત્પન્ન કર્યો છે. કોમને વકીલોની એવી સલાહ મળી છે કે ઉપર જણાવેલા બે કાયદાઓના સાથે સાથે અમલથી ખાણોની હદમાં રહેતા દરેક હિંદીને ત્યાંથી ખસેડી શકાય, અને ખરી માલેકી રદ કરી શકાય. બીજો હેતુ એટલે કે માલેકી રદ કરવાનો હેતુ ઉપર જણાવેલા ટાઉનશિપ ઍક્ટની કલમથી પાર પાડવામાં આવ્યો છે. તે વડે હિંદી અથવા

૧. અણુબકર આમદની પ્રિટોરિયામાં આવેલી ચર્ચ સ્ટ્રીટની મિલકતની બાબતમાંથી ભારે વિવાદ ઊભો થયો હતો. ૧૮૮૫ના બોઅર કાયદા પ્રમાણે હિંદીઓને લોકેશનની બહાર ધાર્મિક હેતુઓ સિવાય જમીન ધરાવવાનો હક નહોતો. પણ એ કાયદો અણુબકર આમદના કિસ્સામાં અપવાદ કરવા માટે ૧૮૮૬માં સુધારવામાં આવ્યો હતો; જુઓ પુસ્તક ૮, પા. ૯૮. ૧૯૦૬માં સુપ્રિમ કોર્ટે આમદનો જમીન પરનો હક તો સ્વીકાર્યો પણ સાથે એવો ચુકાદો આપ્યો કે જમીન કોઈને વારસામાં આપી શકાશે નહીં; જુઓ પુસ્તક ૬, પા. ૧૩૩. ૧૯૦૬ના એશિયાટિક લૉ એમેન્ડમેન્ટ ઑર્ડિનન્સમાં વારસાગત અધિકારની છૂટ માટે ખાસ નેગવાઈ કરવામાં આવી; જુઓ પુસ્તક ૬, પા. ૧૧૨. ગાંધીજીના સૂચન પ્રમાણે ૧૮૮૫ના કાનૂન ૩નો અમુક ભાગ પાછો લઈને જે મુસદ્દો તૈયાર કરવામાં આવ્યો તેમાં પણ એ હકનો સ્વીકાર થયો. જુઓ પુસ્તક ૮, પા. ૯૮. વિવાદના ગાળા દરમ્યાન પોલાકે આ મિલકત ટ્રસ્ટ રૂપે સાચવી હતી. જુઓ પુસ્તક ૫, પા. ૨૫૮–૯ અને ૨૯૫–૬. ટ્રાન્સવાલમાં હિંદી વ્યક્તિનો જમીન મેળવવાનો આ એકમાત્ર કિસ્સો છે; જુઓ પુસ્તક ૫, પા. ૪૨૦–૧.

૨. અહીં ગાંધીજીના મનમાં આ ઍક્ટની કલમ ૧૦૪, ૧૧૩, ૧૧૪, ૧૨૨, ૧૨૭ અને ૧૨૮ રહી હશે; જુઓ પુસ્તક ૮, પા. ૧૯૨–૩, ૨૭૭–૯ અને ૪૬૫–૭ અને પરિશિષ્ટ ૨.

૩. ૧૩૦મી કલમમાં (સુવર્ણ કાનૂનના મુસદ્દાની કલમ ૧૨૭, જુઓ પુસ્તક ૮, પા. ૪૬૫–૭) એવી નેગવાઈ હતી કે સ્ટેન્ડનો ગોરો માલિક "ઘોષિત ક્ષેત્રમાં" આવેલા સ્ટેન્ડને કોઈ બિનગોરાને પેટા-ભાડે આપી શકે નહીં, તેમ જ કોઈ બિનગોરી વ્યક્તિ એવી રીતે તે જગ્યા પેટા-ભાડે રાખી શકે નહીં.

૪. જુઓ પાદટીપ ૩, પા. ૫.

Gandhi Heritage Portal

તો બીજા એશિયાટિક રહેતા હોય એવી જગ્યા બદલો આપ્યા વિના સરકાર જપ્ત કરી શકે, પછી ભલે તે ઉપર જણાવ્યા મુજબ ખરી માલેકીની જગ્યા હોય. માત્ર જે એશિયાટિકો આ ગોલ્ડ લૉના અમલ પહેલાં પોતાના નામ પર પટા ધરાવતા હોય, તેને જ તે કાયદો બાધકર્તા નથી. ઘણાં મુખ્ય શહેરો, જોહાનિસબર્ગ સુધ્ધાં (જ્યાં ટ્રાન્સવાલના હિંદીઓની વસ્તીનો લગભગ અરધો ભાગ વસે છે) તે કાયદાની હકૂમત તળે આવી જાય છે. ઉપલા કાયદાઓનો સખત અમલ થાય તો ટ્રાન્સવાલની હિંદી કોમની પાયમાલી થયા વિના રહે જ નહીં, અને યુનિયનના પ્રધાનમંડળના મુખ્ય મેમ્બરોએ ઘણી વખત એવી રાજનીતિ જાહેર કરી છે કે આ પ્રોવિન્સના હિંદીઓને હેરાન કરી નાબૂદ કરવા, તેનો અમલ કલમના એક ગોદા વડે થઈ જાય છે.

જો આવું પગલું આડકતરી રીતે સેંકડો કલમો દ્વારા લેવાને બદલે સીધી રીતે ૧૮૮૫ના ઉજા કાયદામાં સુધારો કરીને લેવાયું હોત તો ઍસોસિયેશનને ખાતરી છે કે તેવો સુધારો નામદાર વડી સરકાર કદી કબૂલ કરત નહીં. ઍસોસિયેશન અરજીના ખાસ આ ભાગ ઉપર ભાર મૂકે છે, અને આશા રાખે છે કે નામદાર વડી સરકાર રાહત આપ્યા વિના રહેશે નહીં.

ફૂટપાથ સંબંધી બાય-લૉ વગેરે

ઉપર જણાવ્યા મુજબ કોમના વજૂદદાર હકોને જ્યાં ધ્યાન આપવામાં આવતું નથી, ત્યાં કેટલાક નાહક કનડગત કરનારા બાય-લૉ તથા ધારાઓ વિષે ના. વડી સરકારને ફરિયાદ કરતાં મારી કોમ અચકાય છે. પણ જ્યાં સુધી આ પ્રોવિન્સનાં દફ્તર ફૂટપાથ તથા ટ્રામની અટકાયત કરનારા ધારાઓ વડે ખરડાયેલ પડેલ છે, ત્યાં સુધી ટ્રાન્સવાલના હિંદીઓને નિરાંત વળવાની નથી.[૧] જ્યાં સુધી હિંદીઓને સાધારણ રીતે દક્ષિણ આફ્રિકાના નેટિવોની પંક્તિમાં ગણવામાં આવે છે, ત્યાં સુધી આ ખાંખત અટકવાની નથી.

નવા કાયદાની દહેશત

વળી હિંદીઓ જે લાઇસન્સ ધરાવે છે, તે સંબંધમાં પગલાં લેવાનું યુનિયન સરકાર જણાવી ચૂકી છે, તે બાબતમાં ઍસોસિયેશન ના. વડી સરકારનું ધ્યાન ખેંચવા માગે છે. ઍસોસિયેશન જાણે છે કે ઘણે ભાગે ગોરા વેપારી હરીફોની બનેલી આ વેપારી ચેમ્બરોએ હિંદીઓના હકોને નુકસાન પહોંચે, એવી વંધુ પડતી તથા ઉશ્કેરણી કરનારી દલીલોવાળી પિટિશનો વડી સરકારને મોકલી છે, અને તે સાથે હિંદી વેપારી લાઇસન્સો[૨] ઉપર જાપતો મૂકવા, અથવા તેને તદ્દન નાબૂદ કરવા સુધીની વિનંતી કરેલી છે. ઍસોસિયેશન આતુર આશા ધરાવે છે કે ટ્રાન્સવાલમાં હિંદી વસ્તી સરખામણીમાં થોડી હોવાથી, તથા તેમાં ભવિષ્યમાં વજૂદદાર ઉમેરો થાય તેમ નહીં હોવાથી, હિંદી વેપારી ઉપર કોઈ જાતનો જાપતો નાંખવાનું વડી સરકાર સ્વીકારશે નહીં. ઍસોસિયેશન નમ્રતાપૂર્વક સૂચવે છે કે ઉપર જણાવેલી પિટિશનોમાં હિંદી કોમની ગંદકી વગેરે કેટલીક અદાવતોના સંબંધમાં અતિશયોક્તિ ભરેલા જે વાંધાઓ દર્શાવેલા છે, તે સાચા હોય તોપણ તેનો ઉપાય તંદુરસ્તી સંબંધી મ્યુનિસિપાલિટીના સામાન્ય ધારાઓ વડે સહેલાઈથી થઈ શકે તેમ છે, અને હાલ પણ થાય છે.

૧. બ્રિટિશ ઇન્ડિયન ઍસોસિયેશને વારંવાર આ અડચણો માટે સ્થાનિક અધિકારીઓ તેમ જ કૉલોનિયલ અને શાહી સરકારનું ધ્યાન ખેંચ્યું હતું; જુઓ પુસ્તક ૪, પા. ૧૬૭–૮. પુસ્તક ૫, પા. ૩૬૫–૭૧.

૨. દાખલા તરીકે જુઓ પુસ્તક ૮, પા. ૨૦૦–૧.

Gandhi Heritage Portal

છેવટ

ઍસોસિયેશન ભરૂંસો રાખે છે કે ટ્રાન્સવાલમાં વસ્તી શહેનશાહની હિંદી પ્રજાના જૂના હકોને રક્ષણ આપવા તથા ઉપર જણાવેલી બાબતોમાં તેઓની સ્થિતિ સુધારવા ના. વડી સરકાર જરૂર પડતાં તથા ડહાપણભરેલાં પગલાં લેશે, અને આ ન્યાયના અને દયાના કામ માટે અરજદારો સદા દુવા માંગશે, વગેરે.

[મૂળ ગુજરાતી]

ઇન્ડિયન ઓપીનિયન, ૧૩–૫–૧૯૧૧

૫૧. જોહાનિસબર્ગના મેળાવડામાં ભાષણ

[મે ૧, ૧૯૧૧][1]

મેળાવડાનો હેતુ સત્યાગ્રહની લડત પૂરી થતી હોવાથી મિ. જોસફ રોયપેનને તેમની ડરબન માટે વિદાયગીરી થાય તે પહેલાં માન આપવાનો હતો. લીગની મિજલસ હમીદિયા ઇસ્લામિક સોસાયટીના હૉલમાં થઈ હતી. મિ. ગાંધીને પ્રમુખપદ આપવામાં આવ્યું હતું.

ચેરમેને મિજલસનું કામ શરૂ કરતાં કુદરતી રીતે જ પોતાની માનીતી સત્યાગ્રહની રમત પર વિવેચન કર્યું. તેમણે કહ્યું કે રમતગમત ઘણી જાતની થાય છે. કેટલીકમાં આપણે હારીએ છીએ અને કેટલીકમાં આપણે જીતીએ છીએ. પણ એક રમત એવી છે કે જેમાં આપણે કદી હારતા નથી, અને તે રમત સત્યાગ્રહની રમત છે. પછી તેમણે છેલ્લાં સાડા ચાર વરસની સત્યાગ્રહની લડતના બનાવો પર ઇશારો કરી કહ્યું કે મને ભરોસો છે કે જીતનો ફટકો હવે આપણે લગાવી ચૂકયા છીએ. આપણી પેઠે જ કોમ સત્યાગ્રહની લડત આવી સારી રીતે લડી શકે તે બીજી કોઈ પણ રમત એટલી જ સારી રીતે રમી શકે.

[મૂળ ગુજરાતી]

ઇન્ડિયન ઓપીનિયન, ૧૩–૫–૧૯૧૧

૧. ૧૩–૫–૧૯૧૧ના ગુજરાતી ઇન્ડિયન ઓપીનિયનના હેવાલ પ્રમાણે આ મેળાવડો વંદે માતરમ્ લીગ તરફથી મે ૧, ૧૯૧૧ને રોજ યોજવામાં આવ્યો હતો. આ પછીનો લેખ પણ જુઓ.

Gandhi Heritage Portal

૫૨. જોહાનિસબર્ગનો પત્ર

મંગળવાર [મે ૨, ૧૯૧૧]

સમાધાની?

ગયે ગુરુવારે (તા. ૨૭મીએ) હમીદિયા હૉલમાં બહુ મોટી સભા હિંદીની ભરાઈ હતી. હૉલ તદ્‌ન ચિકાર ભરાયો હતો અને બહાર પણ ઘણા માણસો હતા. તેમાં મિ. કાછલિયા પ્રમુખસ્થાને હતા. મિ. કૅલનબૅક તથા મિ. રિચ પણ હાજર હતા. મિ. ગાંધીએ જનરલ સ્મટ્સ અને પોતાની વચ્ચે થયેલો પત્રવ્યવહાર સમજાવ્યો. ત્યાર પછી મિ. કુવાડિયા, મિ. રૉયપેન, મિ. સૉલોમન અર્નેસ્ટ, મિ. થંબી નાયડુ, ઈમામસાહેબ અબદુલ કાદર બાવાઝીર, મિ. સોરાબજી, મિ. સોઢા વગેરે કાગળોમાંની સમાધાની કબૂલ રાખવા બોલ્યા. સર્વેએ બતાવ્યું કે પુરાણા અનુભવ ઉપરથી બહુ ચેતીને ચાલવાનું છે. ઘણાક સવાલો થયા તેના જવાબ અપાયા. તેમાં એક સવાલ એવો હતો કે જનરલ સ્મટ્સે લખ્યું છે છતાં જો તે પ્રમાણે નહીં કરે તો કેમ થશે? આના જવાબમાં મિ. ગાંધીએ કહ્યું કે, જનરલ સ્મટ્સ જો લખેલ પ્રમાણે નહીં કરે તો ફરી લડત લેવી પડશે. તેવું તો જો કાયદો દાખલ કરી પાછો ફેરવે તોપણ કરવું પડે. છેવટે પૉચેફસ્ટ્રૂમના મિ. અબદુલ રહેમાને ઠરાવ રજૂ કર્યો કે કાગળોમાં બતાવ્યા પ્રમાણે શરતી સમાધાની જનરલ સ્મટ્સ પોતાનું વચન પાળે એ શરતે કબૂલ રાખવી. આને મિ. શેલતે ટેકો આપ્યો. તેની સાથે બીજી દરખાસ્ત એ હતી કે જ્યાં સુધી લખ્યા પ્રમાણે અમલ નથી કર્યો ત્યાં સુધી હિંદી કોમે સત્યાગ્રહ બંધ રાખવા કોઈ પણ રીતે બંધાવું નહીં. સમાધાની કબૂલ રાખવાની દરખાસ્ત વધુ મતે પસાર થઈ. પાંચ જણ તેની વિરુદ્ધ મતના હતા.

પછી મિ. કાછલિયા તથા મિ. ગાંધીને જાહેર ડેપ્યુટેશન તરીકે મોકલવાનો જે વિચાર હતો તે મુલતવી રાખવાનો ઠરાવ થયો, અને મિ. પોલાકને તુરત જે કંઈ થાય તેની સંભાળ રાખવા મોકલવાનો ઠરાવ થયો. મિ. પોલાક ઑક્ટોબર માસ સુધી વિલાયતમાં રહી મિસિસ પોલાકને લઈ હિંદુસ્તાન જશે અને ત્યાં કૉંગ્રેસમાં જશે. ત્યાર બાદ આવતે વરસે નવો કાયદો પસાર થઈ જવાથી હિંદુસ્તાનથી દક્ષિણ આફ્રિકા આવશે. વિલાયતમાં મિ. પોલાક જે જૂની ઈજાઓ છે તે બાબત કામ કરશે.

સભાનો હેવાલ તથા કાગળો અહીંના છાપામાં બહાર પડ્યા છે. લીડરે ટીકા કરતાં જણાવ્યું છે કે આવી સમાધાની ચાર વર્ષ પહેલાં સરકારે કરવી જોઈતી હતી.

સભામાં હેડલબર્ગ, બૉક્સબર્ગ, જર્મિસ્ટન વગેરે ઠેકાણેથી હિંદી હાજર હતા. ક્લાર્કર્સડૉર્પ અને પિટર્સબર્ગથી સભાના મતને મળનારા તાર હતા. નાતાલ ઈન્ડિયન કૉંગ્રેસનો તાર સમાધાનીની પસંદગી બતાવનારો આવ્યો છે.

સભા થયા પછી કંઈ પણ શક ન રહે તેવી ચોખવટ કરવા મિ. ગાંધીએ પાછો જનરલ સ્મટ્સ ઉપર કાગળ લખ્યો છે. તેના જવાબની રાહ જોવાય છે.

ચીનાઓએ પણ સભાઓ ભરેલી. તેઓએ સમાધાની સ્વીકારવાનો ઠરાવ કર્યો છે. તેઓમાં બહુ મોટાં તડ પડ્યાં હતાં. તેઓ હવે એકઠા થઈ ગયા છે.

Gandhi Heritage Portal

મિ. રૉયપૅનને માન

વંદે માતરમ્ નામનું લીગ અહીં સ્થપાયું છે. તેની મિ. જૉસફ રૉયપૅનને માન આપવા સભા ગયે સોમવારે ભરાઈ હતી. મિ. કાછલિયા, ઈમામ સાહેબ, મિ. ફ્રેન્સી, મિ. સોરાબજી, મિ. થંબી નાયડુ, મિ. કિવન, મિ. પ્રાગજી દેસાઈ, મિ. મેઢ, મિ. સોઢા, મિ. હરિલાલ ગાંધી, મિ. કૅલનબૅક, મિ. આઈઝેક વગેરે હાજર હતા. સિવાય બધા તામિલ ભાઈઓ હતા. લગભગ ૫૦ માણસોને હમીદિયા હૉલમાં નાસ્તો આપવામાં આવ્યો હતો. તેમાં જુદાં જુદાં ભાષણો થયાં[૧] પછી દસ વાગ્યે સભા બરખાસ્ત થઈ હતી.

મિ. પોલાકની વિદાયગીરી

મિ. પોલાક ગયે સોમવારે વિલાયત જવા ઊપડી ગયા છે. તેઓ સાહેબ શનિવારે રાતે જોહાનિસબર્ગ પહોંચેલા. તેમને વળાવવા લગભગ ૫૦ હિંદી ચીનાઓ મળીને હશે. મિ. રિચ, મિ. કૅલનબૅક વગેરે પણ હતા. મિ. પોલાકને મિ. કાછલિયાએ ફૂલનો હાર પહેરાવેલો તથા તોરો આપ્યો ને ઘણા હિંદીઓએ ફૂલનો વરસાદ વરસાવ્યો હતો. મિ. કામાએ થોડા શબ્દોમાં મિ. પોલાકનો ઉપકાર માન્યો ને તેઓ જેમ હિંદમાં ફતેહમંદ નીવડ્યા તેમ જ વિલાયતમાં નીવડે એમ ઇચ્છયું હતું.

ઍસોસિયેશનની અરજી

ઍસોસિયેશને વડી સરકારને[૨] અરજી મોકલી છે તેમાં અગત્યના કાયદાની, ગોલ્ડ લૉની, ફૂટપાથ બાય-લૉની ટ્રામની અને વેપારના પરવાનાની હકીકત જણાવી દાદ માગી છે.

મિ. રિચનું કામ

મિ. રિચે કાયદાનું કામ શરૂ કરી દીધું છે. કેટલીક વખત કોર્ટમાં ગયેલાને હજુ સુધી પોતાના કેસોમાં જીત મળેલી છે.

ભેટ

મિ. સી. રામસામી તરફથી ફાર્મ માટે તરકારીની એક પેટી મળી છે.

[મૂળ ગુજરાતી]

ઇન્ડિયન ઓપીનિયન, ૬–૫–૧૯૧૧

૧. અહીં ગાંધીજીના ભાષણના હેવાલ માટે જુઓ આ પહેલાંનો લેખ.

૨. જુઓ "સંસ્થાન મંત્રીને અરજી", પા. ૬૮–૭૩.

Gandhi Heritage Portal

૫૩. ઈ. એફ. સી. લેનને પત્ર[1]

મે ૪, ૧૯૧૧

વહાલા મિ. લેન,

જનરલ સ્મટ્સ સાથે થયેલા ઇન્ટરવ્યૂના[2] સંબંધમાં મિ. કાછલિયા તથા બીજા આગેવાનોની મેં મુલાકાત લીધી છે. સત્યાગ્રહી તરીકે જેઓ અરજી કરવા હકદાર છે તેમની પૂરી તપસીલ આપને આપવી એ કાંઈ સહેલી વાત લાગતી નથી. તે માટે, બીજું કાંઈ નહીં તો કેટલોક વખત તો જોઈએ જ. પણ મને લાગે છે કે રજા આપી શકાય એવા વર્ગને હું સહેલાઈથી વર્ણવી શકીશ. જેઓ દક્ષિણ આફ્રિકામાં છે તેમને વિષે હું નથી કહેતો. કારણ કે તેમના સંબંધમાં કાંઈ મુસીબત ઊભી થવાનો સંભવ જનરલ સ્મટ્સને નથી જણાતો એમ હું સમજું છું.

દક્ષિણ આફ્રિકાની બહાર કોઈ ચીના સત્યાગ્રહી નથી.

જે સત્યાગ્રહીઓ હિંદમાં હોય તેમનો નીચેના બે વર્ગમાં સમાવેશ થઈ જવો જોઈએ:

(અ) જેમને ૧૯૦૮ની ૧લી જાન્યુઆરી પછી ૧૯૦૭ના રજા રજિસ્ટ્રેશન કાયદા તળે, અને ૧૯૦૮ના ૩૬મા કાયદા તળે દેશપાર કરવામાં આવ્યા છે, અને જેમણે આજ સુધી બેમાંના એકે કાયદા તળે અરજી નથી કરી.[3]

(બ) દેશપાર કરવામાં ન આવ્યા છતાં જેઓ ૧૯૦૭ના માર્ચની ૧લી તારીખ પછી થોડા વખતે, લડતને લીધે દક્ષિણ આફ્રિકા છોડી ગયા છે.[4]

(અ)વર્ગવાળાઓના દેશપારના, અને (બ)વર્ગવાળાઓના દક્ષિણ આફ્રિકા છોડવાના સંબંધી પુરાવાઓ અરજદારોએ પૂરા પાડવા પડે.

ઉપરની રીત અખત્યાર કરવાથી જનરલ સ્મટ્સને જે બીક લાગતી હતી કે જેઓ વરસો થયાં દક્ષિણ આફ્રિકા છોડી ગયા હોય, તેઓ હવે ખોટો દાવો ઊભો કરે તે બીક મટી જશે. હું સમજું છું કે (અ) અને (બ) વર્ગ તળે આવનારાની સંખ્યા ૩૦થી વધારે થવા સંભવ નથી. તથા દક્ષિણ આફ્રિકાની અંદરથી અરજ કરનારાની સંખ્યા ૧૫૦ કરતાં વધવા સંભવ નથી.

૧. મે ૫, ૧૯૧૧ને રોજ આ પત્રનો સ્વીકાર કરતાં જણાવેલું કે વિચારણા માટે તે પ્રધાનને મોકલી આપવામાં આવ્યો છે. મે ૧૯મીએ ગૃહખાતાના કામચલાઉ સેક્રેટરીએ ગાંધીજીને લખ્યું કે સત્યાગ્રહીઓની માગણી સ્વીકારી છે. પ્રધાને એવો વિશ્વાસ પ્રગટ કર્યો કે આ સ્વીકારને એશિયાટિક કોમ પ્રસ્તુત પ્રશ્નોના આખરી નિકાલ તરીકે ગણશે.

૨. આ ૧૯મી એપ્રિલ ૧૯૧૧ (પા. ૪૫-૭)નો ઇન્ટરવ્યૂ જણાતો નથી. કારણ કે આ કાગળમાં જણાવેલા મુદ્દાઓ ઇન્ટરવ્યૂમાં ચર્ચાયા નથી છતાં ગાંધીજી તેમના મે ૮, ૧૯૧૧ના પોલાક પરના પત્ર (પા. ૭૯-૮૦)માં જણાવે છે કે એ સ્મટ્સને મળવા ગુરુવારે અને શુક્રવારે ગયા હતા. સ્વાભાવિક રીતે આ મુલાકાત ચોથી કે પાંચમી મેના રોજ થઈ હોવી જોઈએ. પોલાક ઉપરનો પત્ર આ મુલાકાત થયાનું ચોક્કસપણે જણાવે છે પણ તેની કોઈ નોંધ મળતી નથી.

૩. એપ્રિલ ૧૪, ૧૯૦૯ને રોજ પહેલી વાર ૧૬ ભારતીઓની એક ટુકડીને અને જૂન ૫, ૧૯૦૯ સુધીમાં લગભગ ૨૯ ભારતીઓને દેશનિકાલ કરવામાં આવ્યા હતા.

૪. ઑગસ્ટ ૧૯૦૭માં એચ. ઓ. અલી ટ્રાન્સવાલ છોડી ગયા કેમ કે તેઓની સત્યાગ્રહમાં જોડાવાની કે ૧૯૦૭ના ઍક્ટ ૨ મુજબ રજિસ્ટર થવાની ઇચ્છા નહોતી. બીજા કેટલાક પણ એ અરસામાં એ જ કારણસર ત્યાંથી જતા રહ્યા.

Gandhi Heritage Portal

આપણી વચ્ચે ચાલેલા પત્રવહેવારથી એમ ઠરે છે કે જેમણે ૧૯૦૭ના કે ૧૯૦૮ના કાયદા તળે રજિસ્ટ્રારને અરજી કરેલ પણ જે નીકળી ગયેલ તેઓ ફરીથી અરજી નહીં કરી શકે. પણ દક્ષિણ આફ્રિકમાં કેટલાક એવા છે કે જેમણે ૧૯૦૮નો કાયદો પાસ થયા પહેલાં મરજિયાત રજિસ્ટ્રેશન માટે અરજી કરી હતી, પણ રજિસ્ટ્રારે તેમની અરજી કાઢી નાંખવાથી ૧૯૦૮ના કાયદા પછી તેમણે અરજી કરી નથી.[૧] આ લોકો હવે એ કાયદા તળે અરજી કરશે, અને જરૂર જણાશે તો અપીલના હકનો ઉપયોગ કરી શકશે.

દક્ષિણ આફ્રિકાના ચીનાઓમાં ૩૦ કરતાં વધારે નથી, જે બધા બે સિવાય ટ્રાન્સવાલમાં છે, ત્યારે એ બે ડેલાગોઆ બેમાં છે.

હું માનું છું કે રજિસ્ટ્રેશનનું કામ તુરત ચાલતું થશે. હું સૂચવવા માટે હામ ભીડું છું કે ડિસેમ્બરની તા. ૩૧મી સુધી અરજીઓ સ્વીકારવી જોઈએ, ત્યાર પછી નહીં.

કેટલાક સત્યાગ્રહીઓ હજુ જેલમાં છે કે જેમને છોડી મૂકવાની ભલામણ કરવાની છે, તે જોતાં તથા છેવટની સમાધાની નથી થઈ ત્યાં સુધી અત્યંત [અનંત] સવાલો ઊઠ્યા કરે છે, તે જોતાં તેમ થતું બંધ પડે એટલા માટે હું આતુર હોવાથી, આ બાબત છેવટ માટે બંધ કરવાની જરૂર છે એ હું જણાવું?

[મૂળ ગુજરાતી]

ઇન્ડિયન ઓપીનિયન, ૨૭–૫–૧૯૧૧

૫૪. છોટાભાઈને પત્ર

મે ૪, ૧૯૧૧

ભાઈશ્રી છોટાભાઈ,

તમારા દીકરાના કેસ[૨] બાબત તમે પા. ૩૦૦ના ચેકની સાથે જે કાગળ તા. ૩જીનો મોકલ્યો છે તેને સારુ તમારો હું આભારી થયો છું. તમને મેં ખબર આપી છે તે પ્રમાણે તમારી ઉદાર ભેટનો ઉપયોગ મારા ખાનગી કામ સારુ હું કરવા માગતો નથી. ફિનિક્સનું ખેતર અને તે ઉપરનું પ્રેસનું મકાન અને સંચો જેની કિંમત પા. ૫૦૦૦ થયેલી છે, તે જાહેર કામને સારુ ટ્રસ્ટીઓને થોડી મુદતમાં સોંપી દેવાનો મારો વિચાર છે, અને જો આપણા તવંગર હિંદીઓને તમારી ભેટની નકલ કરવાનું હું સમજાવી શકીશ, તો તે પૈસાનો ઉપયોગ ફિનિક્સમાં નિશાળ બાંધવાનો છે. પણ જો તેવી મદદ નહીં મળે તો અને આવતે વરસે પાછો સત્યાગ્રહ ચાલુ થશે તો તેના હેતુને મદદ કરવા સારુ જરૂર જણાયે તે પૈસા રાખી મૂકવાનો મારો ઇરાદો છે.

જાહેર કામમાં મદદ કરવાનું તમે વચન આપો છો તેને સારુ તમારો આભાર માનું છું.

તમારો સહૃદયી
મો. ક. ગાંધી

[મૂળ ગુજરાતી]

ઇન્ડિયન ઓપીનિયન, ૧૩–૫–૧૯૧૧

૧. મે ૧૯, ૧૯૧૧ના પોતાના જવાબમાં ગૃહમંત્રીના કામચલાઉ સેક્રેટરી (પરિશિષ્ટ ૫) આ સંખ્યા ૧૮૦ માને છે-આમાં ભારતીય અને ચીની બંને આવી જાય છે.

૨. છોટાભાઈના કેસની વિગતો માટે જુઓ "ઈ. એફ. સી. લેનને પત્ર", પાદટીપ ૨, પા. ૫૩–૪.

Gandhi Heritage Portal

૫૪(૧). ડરબનમાં એક લાઇસન્સ કેસ

આ કેસ જાણવાલાયક છે. લાઇસન્સ અમલદારે પોતાના ટેકામાં જે ભાષણ કર્યું છે તેથી તેને ખાસ અગત્ય મળે છે. જૂના લાઇસન્સના સંબંધમાં સુપ્રિમ કોર્ટને અપીલ કરવાનો હક કાયદામાં મળેલ છે; પણ તે માત્ર વરસની આખરે લાઇસન્સ નવાં કરાવવા માટે જ કામ લાગે, અને જૂનાં લાઇસન્સ બીજાના નામ પર ટ્રાન્સફર કરવાની બાબતમાં કામ ન લાગે, તો તે એક મોટી હાડમારી ગણાય. અમલદારના ભાષણથી જણાઈ આવે છે કે આ ટ્રાન્સફરની બંધી વડે હિંદીની જડ કાઢવાનો ઇરાદો છે. આનો આંકડાવાર પુરાવો પોતે જ આપ્યો છે. તે કહે છે કે આ યુક્તિથી ડરબનમાં એશિયાટિક લાઇસન્સની સંખ્યા ૭૦૦ની હતી, તે છેલ્લાં આઠ વરસમાં ૩૦૦ પર તેણે લાવી મૂકેલ છે. થોડાં વધુ વરસમાં આથી શું નહીં થઈ શકે? ઉપરના કેસમાં લાઇસન્સ બદલાવી ન આપવા જે કારણ આપેલ છે તે વિશેષ ચોંકાવનાર છે. "જાતરક્ષણના સિદ્ધાંત પ્રમાણે વર્તવાનો ગોરાઓને હક છે કે નહીં?" આવો સવાલ લાઇસન્સ અમલદારે બચાવમાં પૂછ્યો છે. આપણે સામે પૂછી શકીએ છીએ કે 'જાતરક્ષણનો અર્થ શું બીજાને વગર અપરાધે મારી નાંખવા એવો થાય છે?' માણસોનાં ગુજરાનનાં સાધન ખૂંચવી લેવાં તે તેને મારી નાંખવા નહીં તો બીજું શું? આ કેસમાં વધારે ઓછા પ્રમાણમાં આ મુલકમાં જન્મેલાના લાઇસન્સના કે બીજા હકની વાત છે. તેમ હોય ત્યારે ઉપરની ટીકા વધારે બંધબેસતી થાય છે. છતાં અમલદાર, હિંદીના, વેપારી કે બીજા હરીફોની બનેલી "કોર્ટ"ને સમજાવે છે કે "તેનો સિદ્ધાંત અનીતિમાન નથી!" હા, ચામડીના રંગના હિસાબે નીતિ અનીતિનો તોલ થતો હોય ત્યાં અધમમાં અધમ કામ પણ સ્વાર્થીને મન નીતિમાન છે. સારા ભાગ્યે ગોરાઓનો આ હિસાબ હિંદીઓ હવે બહુ વખત કબૂલ કરે તેમ નથી. માત્ર તેમણે પોતાનું ખરું હિત શેમાં સમાયેલું છે, એ લાંબી નજરથી સમજવાનું છે.

અમે ધારીએ છીએ કે આ કેસને આટલેથી જ પડતો નહીં મૂકવામાં આવે.

[મૂળ ગુજરાતી]

ઇન્ડિયન ઓપીનિયન, ૬–૧–૧૯૧૧

Gandhi Heritage Portal

૫૫. એચ. એસ. એલ. પોલાકને પત્ર

મે ૮, ૧૯૧૧

પ્રિય પોલાક,

આની સાથે તમારી પ્લેટ, કાછલિયાની ઑથોરિટી[૧], ૧૧૬ પાઉન્ડ ૯ શિલિંગનો ડ્રાફ્ટ તથા હરિલાલના પત્રના અનુવાદની નકલ મોકલું છું. હું માની લઉં છું કે પિતાશ્રીના પત્રની નકલ વેસ્ટ[૨] તમને મોકલશે. તમારા ધ્યાનમાં આવ્યું હશે કે તે તમારા તારની મતલબ સમજ્યા નહોતા. કૉડિસનું[૩] સરનામું નીચે પ્રમાણે: જૉન. એચ. કૉડિસ જુનિયર, ૬૮ જી. આર. બ્લીચન, હેમ્બર્ગ. હું માનું છું કે તમારી લંડનની ટિકિટ વગેરેનું ખર્ચ ૪૫ પાઉન્ડથી વધુ આવશે. આમાં પાર્ક સ્ટેશન પર આપેલું સામાનનું ભાડું આવી જાય છે; સફર દરમ્યાન થયેલું ખર્ચ તથા બક્ષિસ વગેરે એમાં આવતું નથી. આથી વૉટરલૂ સુધીની સફરનું ખર્ચ હું ૫૫ પાઉન્ડ ગણું છું. ખર્ચનો મારો અંદાજ નીચે મુજબ છે:

લંડન જવાનું ભાડું	૫૫	પાઉન્ડ
મે ૨૦–ઑક્ટો. ૧૫ મહિનાના ૫૦ પાઉન્ડ લેખે	૨૫૦	,,
મુંબઈની ટિકિટ: તમારી, મિલી, સિલી અને છોકરાંઓની	૧૦૦	,,
નવેમ્બરથી માર્ચ સુધી હિંદુસ્તાનમાં રહેવાનું ખર્ચ; માસિક ૨૫ પાઉન્ડ લેખે	૧૨૫	,,
તાર વગેરેનો ખર્ચ	૧૦૦	,,
હિંદુસ્તાનથી દક્ષિણ આફ્રિકા જવાનું ભાડું	૬૦	,,
	૬૯૦	પાઉન્ડ

તેથી મારા અંદાજ મુજબ ૭૦૦ પાઉન્ડ ખર્ચ થશે. તમે જલદી પાછા આવો તો એમાંથી કંઈક બચશે. ઉપરની રકમમાંથી તમારી ટિકિટ વગેરે માટે અહીં ૪૪ પાઉન્ડ ખર્ચ્યા છે અને

૧. ઇંગ્લંડમાં આફ્રિકાના હિંદીઓનું પ્રતિનિધિત્વ કરવા પોલાકને અધિકાર આપતો કાછલિયાનો પત્ર. ૨૭–૪–૧૯૧૧ની બ્રિ. ઇ. ઍસોસિયેશનની સભાએ ગાંધીજી અને કાછલિયાને બદલે પોલાકને મોકલવા નક્કી કર્યું હતું.

૨. આલ્બર્ટ એચ. વેસ્ટ. જોહાનિસબર્ગમાં ઈસાકના શાકાહારી ભોજનગૃહમાં ગાંધીજીને ઘણા યુરોપિયન સાથીઓ મળ્યા હતા. વેસ્ટ પણ તેમને ત્યાં જ મળેલા. વેસ્ટે ગાંધીજી પાસે પ્લેગના દરદીઓની સારવાર કરવા માગણી કરી હતી. પણ ગાંધીજીએ તેમને ફિનિક્સમાં છાપખાનાનું કામ સંભાળી લેવા કહ્યું અને માસિક ૧૦ પાઉન્ડ આપવાના ઠરાવ્યા. ત્યારથી માંડીને ૧૯૧૪માં ગાંધીજી દક્ષિણ આફ્રિકાથી સ્વદેશ આવવા નીકળ્યા ત્યાં સુધી "આ ધર્મિષ્ઠ અને દયાળુ અંગ્રેજ મારા સુખદુઃખનો ભાગીદાર રહ્યો." તે ફિનિક્સમાં છાપખાનાના સહ-વ્યવસ્થાપક થયા અને તેમણે તેને સક્ષમ પાયા પર મૂક્યું. તેમને સત્યાગ્રહમાં ભાગ લેવાનો નહોતો; છતાં ૧૯૧૩માં ગિરમીટિયા હડતાળિયાઓને ફિનિક્સમાં રક્ષણ આપવાને કારણે તેમને પકડવામાં આવ્યા હતા.

૩. જર્મન થિયોસૉફિસ્ટ. ફિનિક્સ આશ્રમના સભ્ય થવા સારી નોકરી છોડી. ફિનિક્સમાં શાળાનો વહીવટ તેમને હસ્તક હતો અને તેઓ માંદાઓની સારવાર પર દેખરેખ રાખતા હતા. તેઓ શ્રીમતી બેસન્ટના ભારે પ્રશંસક હતા અને આ અરસામાં તેઓ તેમની દેખરેખ નીચે અધારમાં આવેલી થિયોસૉફિકલ સોસાયટીમાં એક વરસનો કોર્સ કરી રહ્યા હતા. પાછળથી તેઓ ગાંધીજી પાસે સેવાગ્રામ આવીને રહ્યા. ત્યાં ૧૯૬૦માં તેમનું અવસાન થયું.

Gandhi Heritage Portal

૨૦૦ પાઉન્ડ તમને હમણાં ડેપ્યુટેશન નિમિત્તે મોકલ્યા છે. ત્યાં રહેવાના ખર્ચના મેં જાણી-જોઈને ૫૦ પાઉન્ડ ગણ્યા છે, કારણ કે તમે ત્યાં હશો તે દરમ્યાન કમિટીનું કામકાજ વધી જશે, એટલે મેં માસિક ૧૮ને બદલે ૨૫ પાઉન્ડ મૂક્યા છે, અને આથી મોડ નિશ્ચિત થઈ શકશે; અને ત્યાં તમારા અંગત ખર્ચ માટે પણ થોડા વધારે એટલે ૨૫ પાઉન્ડ મૂક્યા છે. મને લાગે છે કે આટલાથી બિનજરૂરી તંગી વેઠ્યા વગર તમે ચલાવી શકશો. તેમ છતાં આ રકમ પૂરતી ન થાય તો તાર વગેરે માટે ગણેલા ૧૦૦ પાઉન્ડમાંથી તમે ખર્ચ કરી શકશો; કારણ આ મારો માત્ર કાચો અંદાજ છે, અને તમે એનાથી બંધાયેલા નથી. હજી તમારો હિસાબ તૈયાર થયો નથી. તે આવતે અઠવાડિયે મોકલવામાં આવશે. ડ્રાફ્ટમાંના જે ૧૬ પાઉન્ડ ૯ શિલિંગ છે તે થેલીની રકમમાંથી મિલીને મોકલેલા ૨૦ પાઉન્ડ, થિયોસૉફિકલ સોસાયટી તથા લૉ સોસાયટીને આપેલા ફાળાના ૫ પાઉન્ડ ૧ શિલિંગ તથા ડરબનમાં લીધેલા ૨ પાઉન્ડ બાદ કરતાં, વધેલી રકમ છે. પણ હું તમારી સૂચનાઓ બરાબર ન સમજ્યો હોઉં તો મને જણાવશો. મને લાગે છે કે તમે મને થેલીની રકમમાંથી મિલીને મોકલેલા ડ્રાફ્ટની રકમ અને ત્યાર પછી કરેલા ખર્ચની રકમ કાપી લેવા કહ્યું હતું.

સુવર્ણ કાનૂન બાબતમાં તમારે તમારી સઘળી શક્તિ અને આવડત વાપરવી પડશે. જુદા કવરમાં ૧૯૦૮નો કાનૂન અને ૧૯૦૯ના ટાઉનશિપ કાનૂનનો સુધારો મોકલું છું. ક્લાર્કર્સડૉર્પના ફક્ત ત્રણ જ જણે મળીને તમારા ખર્ચ માટે ૧૫૦ પાઉન્ડ આપવા કહ્યું છે. એ ઉપરથી તેમની ચિંતા અને તરત કામ શરૂ કરવાની આવશ્યકતા તમે સમજી શકશો. સુવર્ણ કાનૂન વિષે તમે જે કંઈ કરો તેની વિગત મને પ્રસિદ્ધ કરવા મોકલી આપશો. નાતાલની અરજી[૧] મેં હજી તૈયાર કરી નથી, તેથી તમે મારા પર કાંઈક અંશે ગુસ્સે થશો. હું હજીયે એ ગોઠવી શક્યો નથી. મારે જનરલ સ્મટ્સને મળવા ઓચિંતા પ્રિટોરિયા જવું પડ્યું અને ગુરુવાર અને શુક્રવાર અહીં લોકોને મળવામાં ગયા એટલે આમ થયું એ તમે સમજી શકશો. સ્મટ્સે મને કહ્યું કે પ્રશ્ન નં. ૨માં આવતા સત્યાગ્રહીઓ એટલે કે યુદ્ધ પહેલાંના રહેવાસીઓની સંખ્યા બાબતમાં તેમને સંતોષ થાય એટલે પછી બધા મુદ્દાઓ વિષે તેઓ અનુકૂળ ઉત્તર આપશે. તેમને લાગ્યું કે મારો જવાબ હિંદના ત્રીસ કરોડ લોકોને અરજી કરવાની છૂટ આપે છે, અને તેમનો ડર ખોટો નહોતો. એટલા ખાતર હું જેમને દક્ષિણ આફ્રિકા બહારના સત્યાગ્રહીઓ ગણું છું તેમની મેં વધારે ચોક્કસ વ્યાખ્યા આપી છે. આ સાથેની નકલમાં તમે એ વ્યાખ્યા જોશો.[૨] મુલાકાત લાંબી અને દેખીતી રીતે તો મૈત્રીભરી હતી. તેઓ દરેક મુદ્દા બાબતમાં આપણી સાથે સમાધાન કરવા આતુર છે. તેમણે એટલું તો જરૂર કહ્યું કે કેપ જે અધિકારો ભોગવતું આવ્યું છે તેમાં વરતાય નહીં એ રીતનો ઘટાડો થશે અને કેપ તથા નાતાલ માટે પણ સખત કેળવણીવિષયક પરીક્ષા રાખવામાં આવશે. તેઓ એક સર્વસામાન્ય બિલ પસાર કરવા ઘણા ઉત્સુક છે અને તેમણે મને ફ્રી સ્ટેટની મુશ્કેલીનો ઉકેલ લાવવામાં મદદ કરવા વિનંતી કરી. પહેલાં પ્રાંતીય કાનૂન પસાર કર્યા સિવાય એમાંથી નીકળવાનો કોઈ માર્ગ હું જોઈ શકતો નથી. આજે નાતાલની અરજીનું કામ હાથ પર લઈ શકીશ એવી આશા રાખું છું. હું માનું છું કે, સુવર્ણ કાનૂન બાબત તમે ગ્રેગોરોસ્કીનો અભિપ્રાય મેળવી લીધો હશે. ખોટાના કેસનો હેવાલ તમને ૧૯૦૯ના

૧. જુઓ "સંસ્થાન મંત્રીને અરજી", પા. ૮૮–૯૧.
૨. જુઓ "ઈ. એફ. સી. લેનને પત્ર", પા. ૭૬–૭.

Gandhi Heritage Portal

ઇન્ડિયન ઓપીનિયનના ૧૪૮મે પાને મળશે. આપણે જે ઇચ્છીએ છીએ તે એ છે કે સુવર્ણ કાનૂનમાં સુધારો[૧] કરવામાં આવે અને તે દરમ્યાન તેની ૧૩૦મી કલમનો અમલ કરવાનું મુલતવી રાખવામાં આવે.

તમારો સહૃદયી
મો. ક. ગાંધી

[મૂળ અંગ્રેજી]
ટાઇપ કરેલી ઑફિસ નકલની છબી પરથી: એસ. એન. ૧૫૫૩૧

૫૬. ડૉ. પ્રાણજીવન મહેતાને પત્ર

ટૉલ્સ્ટૉય ફાર્મ
વૈશાખ સુદ ૧૦ [મે ૮, ૧૯૧૧][૨]

ભાઈશ્રી પ્રાણજીવન,

તમારા બે કાગળ આ અઠવાડિયે મળ્યા છે.

થિયૉસૉફી વિષે જે મત તમે ધરાવો છો તે મેં ૧૮૯૯ની સાલથી ધારેલા છે. તે સાલમાં સોસાયટીમાં દાખલ થવાની મને બહુ ખેંચ કરવામાં આવી પણ મેં ચોખ્ખી ના પાડી અને કહ્યું કે તે સોસાયટીના ભાઈચારા વિષેના કાયદા મને પસંદ છે પણ સૂક્ષ્મ શક્તિઓની શોધ કરવા તથા તે મેળવવાના તેના પ્રયત્નથી હું વિરુદ્ધ છું. મિસિસ બેસંટ[૩] ઢોંગી છે એમ મને નથી લાગતું. તે ભોળી છે ને લેડબીટરથી છેતરાયેલી છે. લેડબીટરનું એક પુસ્તક મરણ અને પછીની અવસ્થા કરીને છે તે મને વાંચવાની સૂચના એક અંગ્રેજે કરેલ ત્યારે તે મેં વાંચવાની ચોખ્ખી ના પાડેલી કેમ કે તેનાં બીજાં લખાણો વાંચી મને તેની તરફ વહેમ હતો. તેના ભોપાળાની તો મને પાછળથી જ ખબર પડી. આટલું છતાં થિયૉસૉફીમાંથી સાર કાઢવા જેવું લાગ્યું તે

૧. મેસર્સ ખોટા ઍન્ડ કંપની ખાણવિસ્તારમાં આવેલા નાઈજલમાં એક યુરોપિયને પેટા-ભાડે આપેલા પ્લૉટમાં ૧૮૯૮થી વેપાર કરતી હતી. ૧૯૦૯માં મહેસૂલ અધિકારીએ સુવર્ણ કાનૂનની ૯૨ તથા ૧૩૦મી કલમો અનુસાર તેમનો વેપારી પરવાનો તાજો કરી આપવાની ના પાડી. આ કલમો એશિયાઈઓને જાહેર કરેલા વિસ્તારમાં રહેવાની કે વેપાર કરવાની મના કરે છે. કંપનીએ સુપ્રિમ કોર્ટમાં અપીલ કરી. સુપ્રિમ કોર્ટે સરકારની કાયદાની વ્યાખ્યા ન માની અને મહેસૂલી અધિકારીને પરવાનો આપવા હુકમ કર્યો.

૨. આ કાગળના પાછળના ભાગમાં જણાવેલ ૩૦૦ પાઉંડની ભેટ ગાંધીજીને ૧૯૧૧ની ૪થી મેએ મળી હતી. (પા. ૭૭) એ વર્ષે વૈશાખ સુદ ૧૦ ૮મી મેએ હતી.

૩. એની બેસંટ (૧૮૪૭–૧૯૩૩); ચાર્લ્સ બ્રેડલૉનાં સાથી; સ્વતંત્ર વિચારક; ઉદ્દામ સમાજવાદી. ૧૯૦૭માં થિયૉસૉફિકલ સોસાયટીના પ્રમુખ થયાં. ઇન્ડિયન હોમરૂલ લીગની સ્થાપના કરી અને ૧૯૧૬માં તેના પ્રમુખ બન્યાં. ૧૯૧૭માં ઇન્ડિયન નેશનલ કૉંગ્રેસના પ્રમુખ. લૉર્ડ પેન્ટલૅન્ડે થોડો વખત નજરકેદ રાખ્યાં. મૉન્ટેગ્યુ સુધારા પછી ભારતમાં ઉદ્દામ રાષ્ટ્રવાદીઓનો સવાલ ઉપાડી લીધો. ઑટોબાયોગ્રાફી (આત્મકથા), રિલિજિયસ પ્રૉબ્લેમ ઇન ઇન્ડિયા (હિંદમાં ધાર્મિક સવાલ) તથા ગીતાનું ભાષાંતર વગેરે પુસ્તકો તેમણે લખ્યાં છે. લૉર્ડ ચેમ્સફર્ડ ઉપરના એક પત્રમાં ગાંધીજીએ એમને ભારતના લોકમતના એક સૌથી શક્તિશાળી નેતા તરીકે ગણાવ્યાં હતાં.

Gandhi Heritage Portal

સાર મેં કાઢ્યો છે. બ્લૅવેટ્સ્કીની[૧] કીએ મારી ઉપર સરસ અસર કરેલી. થિયૉસૉફીને લીધે ઘણા હિંદુ પોતાનો ધર્મ શોધતા થયા. જે ગરજ ખ્રિસ્તી ધર્મે સારી છે તેવી થિયૉસૉફીએ સારી છે. વળી આપણે જે મૂળ તત્ત્વોને માનીએ છીએ તેને થિયૉસૉફી માને છે એટલે તેમાંથી સારા માણસો સહેલાઈથી મળી આવે છે. વૈષ્ણવાદિ શાખાઓમાં ઊંચેથી નીચે લગી ધુતારાની ખોટ નથી છતાં તેમાં નરસિંહ મહેતો, ભોજો ભગત વ. હીરાઓ મળી આવે છે. રિચ થિયૉસૉફિસ્ટ હતા. તેણે મને મેમ્બર થવાનો આગ્રહ કર્યો. હું તો ન થયો પણ રિચને ધર્તિગમાંથી મુક્ત કરવા મેં સહાય કરેલી. પોલાક થિયૉસૉફિસ્ટ છે પણ થિયૉસૉફિસ્ટનાં આચરણો તથા લખાણોથી બાર ગાઉ વેગળા રહે છે. તેમ જ કૅલનબૅક વિષે જાણવું. હું જ્યારે હિંદુસ્તાનમાં હતો ત્યારે મેં ગોકળદાસને બનારસની કૉલેજમાં[૨] મોકલેલ. તે વેળા પણ હું નિરાશ થયેલો. ત્યાર બાદ પણ જ્યાં સુધી મને જે શુદ્ધિ હાલ છે એટલે આધુનિક કેળવણીને વિષે વીતરાગતા છે તે ન હતી ત્યાં સુધી નહીં મામા કરતાં કે'ણો મામો ઠીક તેમ ધારી બનારસ કૉલેજ વ. શાળાઓ વિષે શોધ કરતો ને છોકરાઓને એવી જગ્યાએ મોકલવા પણ ઇચ્છતો. હવે તેવું કંઈ નથી. ફિનિક્સમાં કૉડિસ છે તે પાકો થિયૉસૉફિસ્ટ છે, તેને હજુ થિયૉસૉફીના વ્યસનમાંથી છોડવી નથી શક્યો. પોતે તો નિર્મળ માણસ જણાયો છે. હાલ તે આગ્રહપૂર્વક અઘાર ગયેલ છે. પોતે પ્રમાણિક છે એટલે જો ભોળવાશે નહીં તો ત્યાંનું ધર્તિગ સમજી તે છોડી દેશે. અઘારમાં ધર્તિગ કેટલે દરજ્જે છે અથવા મિસિસ બેસન્ટની ભલાઈથી તે કેટલે દરજ્જે ઢંકાઈ રહે છે તે જાણવા જેવું છે. મિસિસ બેસન્ટ માસ્ટરમાં ખપવા માગે તે સમજાય. જે જાણ શક્તિ-ઓની શોધમાં ભમે તેને એવો નશો ચડ્યા વિના રહેતો નથી. તેવાં જ કારણોથી આપણાં બધાં શાસ્ત્રોમાં શક્તિઓ [અને] સિદ્ધિઓને વર્જ્ય ગણી છે. અને તેથી જ હઠયોગ કરતાં ભક્તિયોગ ચડિયાતો મનાયો છે તેમ મને લાગ્યું છે.

હરિલાલનો[૩] સાથેનો કાગળ[૪] વાંચશો. તેણે જૉસફ રૉયપેનને બધી ખબર કરેલી અને જરૂર જણાયે મને કહેવા પણ કહેલું. તે ઉપરથી તેની હિલચાલ હું વિશેષ જાણી શક્યો. તે હાલ ડેલગોઆ બેમાં છે ને ત્યાંથી મારા તારનો તેણે જવાબ આપ્યો છે. તમારા પૈસાથી અને બંધાઈ-ને વિલાયત જવાનું તેને પસંદ ન પડ્યું. જૉસફ તો કહે છે કે તેનો વિચાર પંજાબમાં જઈ એકાંતે ભણવાનો છે. તેનો કાગળ અજ્ઞાનથી ભરેલો છે. પંજાબનો વિચાર પણ વધારે જાણ્યા વિના એવો જ લાગે છે. પણ બેચાર રોજમાં વધારે માલૂમ પડશે. તેણે જેલમાં બહુ વિચારો કર્યા. વળી મારી જિંદગીમાં મહાન ફેરફારો જોયા, મારું વીલ પણ જોયું. આ બધાની અદૃશ્ય અસર તેના મન ઉપર થયેલી જણાય છે. તેની નીતિ દૃઢ છે એમ મારું માનવું છે. એટલે

૧. હેલિના પેટ્રોવ્ના બ્લૅવેટ્સ્કી (૧૮૩૧–૯૧); રશિયાના ઉમરાવ કુટુંબમાં જન્મ. ૧૮૭૫માં થિયૉસૉફિકલ સોસાયટીની સ્થાપના કરી. ૧૮૭૯માં અઘારમાં એ સોસાયટીનું મુખ્ય મથક સ્થાપ્યું. ત્યાં વિશ્વબંધુત્વની ભાવનાને આગળ વધારવાનું અને બધા ધર્મોના તુલનાત્મક અભ્યાસનું કામ શરૂ કરવામાં આવ્યું. તેઓ બહુ ચર્ચાસ્પદ વ્યક્તિ હતાં અને અનેક જણે તેમના આધ્યાત્મિક ચમત્કાર બાબત શંકા દર્શાવી. છતાં ૮મી મેએ તેમની મૃત્યુતિથિ દુનિયાભરના તેમના અનુયાયીઓ "શ્વેત કમળ દિન" તરીકે પાળે છે.

૨. એની બેસંટ દ્વારા સ્થાપવામાં આવેલી સેન્ટ્રલ હિંદુ કૉલેજ, બનારસ.

૩. ગાંધીજીના સૌથી મોટા પુત્ર; ૧૯૦૮ની ટ્રાન્સવાલની લડત વખતે ગાંધીજીના કહેવાથી ૨૦ વર્ષની નાની ઉંમરે સત્યાગ્રહી તરીકે જેલમાં ગયા; જુઓ પુસ્તક ૮, પા. ૩૮૪–૫, ૩૮૭ અને ૪૧૦–૧. ગાંધીજી એ બાબતને તેની કેળવણીનો ભાગ ગણતા હતા; જુઓ એજન, પા. ૪૦૭–૮.

૪. અહીં આપવામાં આવ્યો નથી.

Gandhi Heritage Portal

હું તેને વિષે નિર્ભય છું. તેને મેં જણાવ્યું છે કે મારાથી છાનું પગલું તેણે નહોતું ભરવું જોઈતું.[૧] આવતે અઠવાડિયે વિશેષ ખબર આપીશ.

નાતાલથી છ ભણેલા સત્યાગ્રહીઓને અહીં રહેવાની છૂટ મળી છે. તેઓ જો જિંદગીનો બાકીનો ભાગ અથવા ઓછામાં ઓછાં દસ વર્ષ આપણે બતાવીએ તેવા જાહેર કામમાં ગાળે તો તેઓને તમારે ખર્ચે વિલાયત એક વર્ષને સારુ મોકલવા એમ મને લાગે છે. એવા જણ બે કે ત્રણ છે. વધારે પણ નીકળે. તેઓને મોકલવાની તમારી સંમતિ માગું છું. ઠીક જણાય તો "ગાંધી જોહાનિસબર્ગ યસ" એટલો તાર કરજો એટલે સમજીશ. તેઓને તુરત જ જવાનું થશે તેમ ચોક્કસ નથી. તેઓની સાથે હું વાતચીત કરું છું. તેઓ જો હા પાડે ને મને સંતોષ મળે તો મોકલવાનો વિચાર થાય છે. મારા વિચારમાં તો એમ છે કે હાલ તુરત ફિનિક્સમાં તેવા માણસોને ખેતી તથા સાળનું કામ શીખવવું સાથે પ્રેસનું પણ શીખે. આમ કરી દૃઢ થાય તો પછી હિંદુસ્તાન મોકલી શકાય. તેવું જ કામ હિંદુસ્તાનમાં પણ શરૂ કરવું એમ મનમાં રહે છે. પૈસાનું ખર્ચ વધારે જરા જણાય પણ સહેલ અહીં વધારે છે એમ માનું છું.

હિંદી જવાનો અહીં વધારે નીતિબળ વાપરી શકે છે. પુરુષોત્તમદાસ[૨] જે અંકુશ પોતાની ઇંદ્રિયો ઉપર અહીં રાખે છે ને તે રાખી શકે છે તે ત્યાં ન જ રાખે. તેની વહુ પણ એ છૂટ અહીં ભોગવે છે ને સરળતાથી રહે છે તેવું આપણા વર્ગમાં હાલ હિંદુસ્તાનમાં ન થાય એમ જોઉં છું. અહીં કેટલાક બહુ ચુસ્ત રીતે તૈયાર થઈ જાય તો ઠીક એમ મનમાં રહ્યા કરે છે. જે માણસો દસ વર્ષ સુધી કામ કરવા બંધાય તેઓનું ભરણપોષણ આપણે કરવું પડશે. પુરુષોત્તમદાસનો કાગળ[૩] આ સાથે છે તે જોઈ જજો. તેમાં બતાવેલા વિચારો અમલમાં મુકાય છે તે મારાથી તદ્દન વિરોધી છે. વેસ્ટ વ.એ પોતાની જાણથી જ એવા વિચારોનો અમલ કર્યો છે. છોટાભાઈના કેસમાં મેં ખૂબ મહેનત કરેલી. તે સારુ છોટાભાઈએ મને કંઈક આપવાનો ઇરાદો રાખેલો. મેં તે મારી જાત સારુ લેવાની ના પાડેલી. હવે તેણે મારી મરજીમાં[૪] આવે તેમ પા. ૩૦૦ વાપરવા આપ્યા છે. આ પૈસા ઉપરથી બીજા પૈસાની ભીખ હું અહીં માગવા ધારું છું ને મળે તો ફિનિક્સમાં[૫] નિશાળનું મકાન બાંધવાનો ઇરાદો છે. જો તેમ નહીં તો કંઈ સત્યાગ્રહને ઉત્તેજન આપવામાં વાપરીશ એમ થાય છે.

પોલાક વિલાયત આવ્યા છે. તેને સારુ સ્થાનિક ઉઘરાણું કર્યું છે. પા. ૭૦૦ સુધી કરવા ધાર્યું છે. તેમાં તે વિલાયતમાં ઑક્ટોબર માસ સુધી રહે. તેની અધવચમાં મિસિસ પોલાક વ.ને લઈને હિંદુસ્તાન જાય. કૉંગ્રેસમાં જાય ને આવતે વર્ષે અહીં થવાનું બિલ પસાર થઈ જાય ત્યાં લગી હિંદુસ્તાનમાં રહે ને પછી તુરત અહીં આવે. આમ આવતા વર્ષનો માર્ચ માસ આવી પહોંચશે. આટલાનું ભાડા વ.નું મળીને ખર્ચ પા. ૭૨૫ સુધી ગયું છે. જો હિંદુસ્તાનમાં આપણા માણસોની સાથે રહેવાનું થશે તો કંઈક બચી જશે. થોડો વખત તમે રંગૂન બોલાવશો એમ ધારું છું. મિસિસ પોલાકમાં તેના ધણીની જેટલી સાદાઈ નથી તે તમે જોયું હશે.

જો હાલના આઠ કે છ માસ મને ફુરસદ રહેશે તો મારો વિચાર ખેતી અથવા સાળ ઉપર ધ્યાન દેવાનો છે. પુરુષોત્તમદાસ હૅન્ડલૂમ એક કારખાનામાં જોઈ આવ્યા છે. તેવી લેવાની મેં

૧. અહીં ગાંધીજીને કહ્યા વગર ઘેરેથી ચાલ્યા જવાની બાબતનો ઉલ્લેખ છે.
૨. પુરુષોત્તમદાસ દેસાઈ; કેટલાક દિવસો લગી ફિનિક્સની પાઠશાળા એમની દેખરેખમાં હતી.
૩. અહીં આપવામાં આવ્યો નથી.
૪. અને ૫. જુઓ "છોટાભાઈને પત્ર", પા. ૭૭ અને "મિ. છોટાભાઈની ઉદારતા", પા. ૮૭.

Gandhi Heritage Portal

તેને પરવાનગી આપી છે. લેશે તો ખર્ચ તમારી પાસેથી લઈશ. આ કયાં સાહસોમાં પૈસા ખર્ચવાની હાલ તો જરૂર પડશે [તેની] તમારી તરફથી છૂટ માગું છું.

હું જોઉં છું કે જો હું નિરાંત વાળીને વકીલાત કરું તો દર માસે ઓછામાં ઓછા પા. ૨૦૦ પડે. પણ તેમાં ન પડવાનો નિશ્ચય જ છે. આમાંનું ઘણું કામ રિચને જશે. રિચને મારી ઑફિસમાં જ બેસાર્યા છે. અને તે કામ કરતા થઈ ગયા છે. તેને પૈસા કમાવાનો લોભ તેના કુટુંબને સારુ છે. આ લોભ ઉપર પ્રમાણે પૂરો પડી શકશે તો તેના કુટુંબને સારુ કોમ તરફથી જે પા. ૨૫ દર માસે અપાય છે તે બચશે.

સ્મટ્સ તરફથી છેલ્લો કાગળ હજુ નથી આવ્યો. પણ તે આવી જશે તેમ ધારું છું.

મોહનદાસના વંદે માતરમ્

[મૂળ ગુજરાતી]

ગાંધીજીના હસ્તાક્ષરમાં લખાયેલા મૂળ પત્ર પરથી: સી. ડબ્લ્યુ. ૫૦૮૪
શ્રી સી. કે. ભટ્ટના સૌજન્યથી

૫૭. મગનલાલ ગાંધીને લખેલ પત્રનો અંશ[૧]

[આશરે મે ૮, ૧૯૧૧][૨]

. . . . પણ જોઉં છું કે . . . . હતી. તેથી હું ઘણા . . . . થોડો જ વચ્ચે આવું છું. હું ફિનિક્સ આવતે મહિને આવવા ધારું છું. ત્યારે વધારે વાતચીત કરશું. ગાયનું હમણાં મુલતવી રાખજો. સેમે[૩] માગણી કરી છે. પ્રેસમાંથી એક કલાક બચાવવાનો વિચાર ઉત્તમ છે. થવું આમ જોઈશે. પ્રેસમાં કામ કરવાના કલાક બધાના ઓછા કરવા. ને બાકીના કલાક બધા ખેતીને જ આપે. એટલે કે સાર્વજનિક કામમાં બધાએ દરરોજના ૯ કલાક આપવાના હોય તો તેમાંના આપણે આઠ કલાક કે ઓછામાં . . . બાકીના . . . તેવા . . . બીજામાં . . . વસાવ્યું છે તો . . . મોચી, લુહાર વ. થઈશું. ને ગામડાની ઢબથી જ તે ચલાવશું.

પુરુષોત્તમદાસને કહેજો કે રંગના જે પૈસા હોય તે લઈ લે ને મકાન ખાતામાં તે પૈસા નાખવા. બીજું હવે પછી લખીશ.

હરિલાલે ગજબ કર્યો છે. દોષ મારો છે. કદાચ સ્થિતિનો ગણીએ. તેનો તો નથી જ.

મોહનદાસના આશીર્વાદ

[મૂળ ગુજરાતી]

ગાંધીજીના હસ્તાક્ષરમાં લખાયેલા મૂળ પત્ર પરથી: સી. ડબ્લ્યુ. ૫૦૮૬
શ્રીમતી રાધાબહેન ચોધરીના સૌજન્યથી

૧. પત્રના આગળનાં પાન મળતાં નથી અને આ પાન પણ જેમતેમ ફાટેલું છે. પરંતુ પત્રના વિષયવસ્તુથી માલૂમ પડે છે કે આ પત્ર મગનલાલ ગાંધીના નામે લખ્યો હતો.

૨. આગલા લેખમાં એટલે મે ૮, ૧૯૧૧ના પ્રાણજીવન મહેતાને લખેલા પોતાના પત્રમાં ગાંધીજીએ પહેલી જ વાર આ બાબતની ચર્ચા કરી છે કે હરિલાલ તેમને કહ્યા વગર ઘર છોડી જતો રહ્યો છે. તેથી લાગે છે કે આ પત્ર તે દિવસની આસપાસ લખવામાં આવ્યો હશે.

૩. સેમ ઉર્ફે ગોવિંદસામી: ફિનિક્સના ઇન્ટરનેશનલ પ્રિન્ટિંગ પ્રેસમાં મશીન ખાતાના ફોરમેન અને એક શિકારી.

Gandhi Heritage Portal

૫૮. પ્રાંતિક પરિષદને તાર[૧]

મે ૯, ૧૯૧૧

આભાર. આપ જોશો કે માતૃભૂમિની મદદ ચાલુ રહેતાં કોઈ પણ ભોગે લડત ચાલુ રાખીશું.[૨]

[મો. ક. ગાંધી]

[મૂળ હિંદી]

(૫૮)૧. જોહાનિસબર્ગનો પત્ર

ચીનાઓની મિ. પોલાકને ભેટ

મિ. પોલાક વિદાય થયા ત્યારે તેમના કામની બૂજ જાણવા દાખલ ચીનાઓએ મિ. ક્વિનના પ્રમુખપણા હેઠળ એક સાદું ખાણું મિ. પોલાકને આપેલું અને તે વેળા તેમને પા. ૩૦ની ખાનગી ભેટ આપેલી. તેઓનું ખાસ કામ તપાસવા તથા ચિનાઈ એલચીને વિલાયતમાં મળવા એક સત્તાપત્ર પણ આપેલ છે.

મિ. છોટાભાઈની ભેટ

પોતાના દીકરાના કેસમાં મિ. ગાંધીએ કરેલી મહેનતને સારુ મિ. છોટાભાઈએ તેમને પા. ૩૦૦ ની ભેટ કરી છે. તેના કાગળનો તરજુમો નીચે પ્રમાણે છે:

> મારા દીકરા મહમદના કેસ બાબત મારો વિચાર તમને ચેક મોકલવાનો હતો. હું હવે તમને પા. ૩૦૦નો ચેક મોકલું છું તે તમારી મરજીમાં આવે તે પ્રમાણે વાપરશો. મને દિલગીરી થાય છે કે હું તેનાથી મોટો ચેક તમને મોકલી શકતો નથી. પણ બધા જાહેર કામમાં તમને હમેશાં મદદ કરવાની હું ખાતરી આપવા ઇચ્છું છું.

સમાધાની ?

હજુ આ બાબત છેવટ આવ્યું ન ગણાય. જનરલ સ્મટ્સનો છેલ્લો કાગળ નથી આવ્યો. એટલે જે માણસોના હક જળવાયા છે, તેઓએ રાહ જોવાની છે.

[મૂળ ગુજરાતી]

ઇન્ડિયન ઓપીનિયન, ૧૩–૫–૧૯૧૧

૧. મદ્રાસ પ્રાંતિક પરિષદે (મદ્રાસ મહાજન સભા પણ હોય) સત્યાગ્રહની લડતની જીત બદલ ગાંધીજીને મોકલેલાં અભિનંદનના જવાબમાં આ તાર મોકલ્યો હતો.

૨. આ તારનું ગુજરાતી ભાષાંતર તા. ૧૪–૫–૧૯૧૧ના ગુજરાતીમાં છપાયું હતું. તે નહીં મળી શકતાં તારનો અનુવાદ હિંદી અનુવાદ ઉપરથી કર્યો છે.

Gandhi Heritage Portal

૫૮(૨). ટ્રાન્સવાલની અરજી

ઍસોસિયેશને જે અરજી વિલાયત મોકલી છે તે ધ્યાનમાં લેવા જેવી છે. અરજીમાં ૧૮૮૫ના કાયદાની વાત રજૂ કરી છે અને તે કાયદાથી જે નથી થઈ શકયું તે બની શકે તેવા હેતુથી ગોલ્ડ લૉમાં આડકતરી રીતે ફેરફાર કરવામાં આવ્યો છે એમ જણાવવામાં આવ્યું છે. ગોલ્ડ લૉ અને ટાઉનશિપનો કાયદો એ હાલ તો ટ્રાન્સવાલના હિંદીને મુખ્ય જરૂરની વાત થઈ પડી છે. ગોલ્ડ લૉથી ટ્રાન્સવાલના અરધા હિંદીની સ્થિતિ ભયંકર થઈ પડી છે. એ કાયદાનો અમલ ક્લાર્કર્સડૉર્પથી સરકાર શરૂ કરવા માગે છે. હજુ સુધી કંઈ પગલાં નથી ભરાયાં, પણ નોટિસો નીકળી ચૂકી છે એટલે ગમે તે વેળા પગલાં ભરાય. એ તો જેમ લેડીસ્મિથ, કિંબર્લી અને મૅફિકિંગનો ઘેરો ઘલાયો હતો એમ થયું છે. જો ત્રણે ગામ પડયાં હત તો આખું દક્ષિણ આફ્રિકા એ વેળા પડત. તે જ પ્રમાણે જો ક્લાર્કર્સડૉર્પ પડે તો આખી હિંદી કોમને ટ્રાન્સવાલમાં ધક્કો પહોંચે, આંથી ક્લાર્કર્સડૉર્પના હિંદીની ઉપર મહાન બોજો છે. તે બોજો બધી કોમને લાગુ પડે છે એમ સમજી ઍસોસિયેશને અરજી મોકલી છે એ ઠીક કામ થયું છે. પણ ઘણો આધાર ક્લાર્કર્સડૉર્પના હિંદીની હિંમત, તેઓના સ્વદેશાભિમાન અને તેઓની હોશિયારી ઉપર છે. અમને ખાતરી છે કે ક્લાર્કર્સડૉર્પના હિંદી પોતાની ફરજ બજાવશે.

મિ. પોલાકને વિલાયત બરોબર વખતસર મોકલવામાં આવ્યા છે. મિ. રિચ જોહાનિસબર્ગમાં હોવાથી વિલાયતમાં આવો ગૂંચવાડાભરેલો સવાલ સમજાવી શકે એવું કોઈ હતું નહીં. મિ. પોલાકના જવાથી હવે તે ભય રહ્યો નથી.

અરજીમાં આવેલા બીજા વિષયો જે ઊભા થયા છે તે જૂની તકરાર છે. તેમાં દાદ મળતાં વખત જશે. પણ જો આપણે મહેનત કરશું તો દાદ જરૂર મેળવી શકશું.

[મૂળ ગુજરાતી]

ઇન્ડિયન ઓપીનિયન, ૧૩–૫–૧૯૧૧

૫૮(૩). મિ. પોલાકની વિદાયગીરી

ગયે અઠવાડિયે મિ. પોલાક વિલાયતના મેલમાં ઊપડી ચૂકયા છે. તેમના નામ અને કામથી દક્ષિણ આફ્રિકામાં કોઈ હિંદી હવે અજાણ રહેલ નથી. તેઓ ઘડીએક નવરા બેસે તેમ નથી. નાતાલમાં છેલ્લા કેટલાક મહિના સુધી તેઓ રહ્યા તે દરમ્યાન તેમણે સ્થાનિક હિંદીઓમાં અને કૉંગ્રેસમાં પુષ્કળ જાગૃતિ પેદા કરી મૂકી છે. સમાધાની સંબંધમાં રોજ રોજ સરકાર સાથે સંદેશ ચાલી રહ્યા હતા તેવા વખતમાં તેમના જેવા કાબેલ સલાહકારની હાજરીની ડરબનમાં ખાસ અગત્ય હતી; અને તે અનાયાસે, પણ ઘણી સરસ રીતે, પૂરી પડી છે. આ વાતનો કૉંગ્રેસના કાર્યવાહીઓ ખામુખા પુરાવો આપે છે. ગિરમીટિયાના કેસો સંબંધમાં તેઓ રાતદિવસ અહીંતહીં ફરતા રહ્યા હતા. આવા કોમના સેવકને જેટલું માન અપાય તે ઓછું કહેવાય. તેવી સેવાની કિંમત કે બદલાનો તો વિચાર જ કરી શકાય નહીં. હવે મિ. પોલાક હાલ આપણાથી છૂટા પડયા છે. છૂટા પડયા છતાં તે આપણા કામથી — આપણી સેવાથી — પળવાર છૂટા પડે તેમ

Gandhi Heritage Portal

નથી. નાતાલ ટ્રાન્સવાલમાં હિંદીની ઘણી હાડમારીઓ સંબંધમાં દાદ મેળવવાની છે. તેથી વિલાયતમાં કરવાનું કામ થોડું નથી. કોમે ડેપ્યુટેશન મોકલવાનો વિચાર માંડી વાળ્યો છે. છતાં તેથી જે કામ કરવા જેવું છે તે કાંઈ કર્યા વગર રહેવાશે નહીં. મિ. પોલાકની વિલાયતમાં હાજરી આ સંબંધમાં કોમને ઉપયોગી થશે. વળી કૉન્ફરન્સ વખતે તેઓ ત્યાં હોય એ પણ લાભદાયક વાત છે. તેમને ફતેહ અને સુખાકારી ઇચ્છવામાં સૌ હિંદી અમારી સાથે સામેલ થશે. લડતને લીધે મિસિસ પોલાક અને પોતાનાં બાળકોથી જુદા પડી તેમણે એક મોટો ભોગ આપવાનું માથે લીધું હતું. હવે તેઓ પોતાનાં વહાલાંઓને મળવા ભેટવા શક્તિમાન થશે, અને એક મહેનતુ દિવસનું અથાગ કામ આટોપ્યા પછી આરામની બે ઘડી ગુજારી શકશે તે પણ કોમને માટે હર્ષની વાત છે.

[મૂળ ગુજરાતી]

ઇન્ડિયન ઓપીનિયન, ૧૩–૫–૧૯૧૧

૫૯. મિ. છોટાભાઈની ઉદારતા

મિ. છોટાભાઈએ પોતાની દીકરાની બાબત મિ. ગાંધીએ જે મહેનત કરી તે બાબત પા. ૩૦૦ની ભેટ આપી છે, તે હિંદીની ઉદારતાનો સરસ દાખલો છે.[૧] જો તે પૈસા મિ. ગાંધીએ પોતાના ખાનગી કામને સારુ વાપરવા ઇચ્છ્યું હત તો આપણને કંઈ બોલવાપણું નહીં રહેત. પણ મિ. ગાંધીએ પોતાને સારુ વાપરવાની ના પાડી છે, અને તેનો જાહેર ઉપયોગ કરવાનું જણાવ્યું છે. ફિનિક્સની જમીન વગેરેનું ટ્રસ્ટ કરવા વિષે જે મિ. ગાંધીએ લખ્યું છે તે વિષે બીજી વેળા ચર્ચા કરીશું. હાલ તો આપણે તેમની નિશાળ વિષેની સૂચનાનો વિચાર કરવાનો છે. એટલું તો સર્વમાન્ય છે કે દક્ષિણ આફ્રિકામાં સારા પાયા ઉપર ચાલતી એક પણ નિશાળ હિંદીને સારુ જોવામાં નથી આવતી. મિ. ગાંધીનો ઇરાદો તે પૈસા નિશાળને સારુ વાપરવાનો છે. પા. ૩૦૦માં નિશાળનું મકાન ન જ બની શકે. તેથી તેમણે બીજા ઉદાર હિંદીઓની પાસે માગણી કરી છે. અમને ઉમેદ છે કે જ્યારે મિ. છોટાભાઈની ભેટનું આ પરિણામ આવ્યું છે, ત્યારે કોમના સુખી ગૃહસ્થો પૈસા ભરતાં આંચકો નહીં ખાય. તે બાબતનું ટ્રસ્ટ કરવાનો મિ. ગાંધીનો ઇરાદો છે એટલે નિશાળ મોટા પાયા ઉપર થવી જોઈએ એમ અર્થ ખુલ્લો છે.

[મૂળ ગુજરાતી]

ઇન્ડિયન ઓપીનિયન, ૧૩–૫–૧૯૧૧

૧. જુઓ "છોટાભાઈનો પત્ર", પા. ૭૭ તથા "ડૉ. પ્રાણજીવન મહેતાને પત્ર", પા. ૮૧–૪.

Gandhi Heritage Portal

૫૯(૧). લૉર્ડ ઍમ્પ્ટહીલની છબી

લૉર્ડ ઍમ્પ્ટહીલની છબી અમે આજના અંક સાથે આપીએ છીએ. આ અમીર દિલના અંગ્રેજે દક્ષિણ આફ્રિકાના હિંદી માટે અને ખાસ કરીને ટ્રાન્સવાલની સત્યાગ્રહની લડત માટે વિલાયતમાં છેલ્લાં પાંચ વર્ષ થયાં ભારે લડત ચલાવી છે. ઉમરાવની સભામાં તેમણે ઉઠાવેલી ચર્ચા, અને તેમનાં જુસ્સાદાર ભાષણો પ્રસિદ્ધ છે. છાપામાં લડત લેવાની તકો પણ તેમણે કદી જવા દીધી નથી. સાઉથ આફ્રિકા બ્રિટિશ ઇન્ડિયન કમિટીના પ્રમુખનો હોદ્દો તેમણે ઘણી લાયક રીતે ભોગવ્યો છે. લડતનાં જે સારાં ફળ આજે દેખાય છે તે આ મહાન નરની હિમાયતને થોડું આભારી નથી. તેમનું નામ લડતના ઇતિહાસમાં સત્યાગ્રહીઓ સાથે સદાય જોડાયેલું રહેશે.

[મૂળ ગુજરાતી]

ઇન્ડિયન ઓપીનિયન, ૧૩–૫–૧૯૧૧

૬૦. નાતાલના હિંદીઓની વડી સરકારને અરજી[1]

[ડરબન,]
મે ૧૫, ૧૯૧૧

નવા થનાર કાયદા સામે સાવચેતી

નાતાલ ઇન્ડિયન કૉંગ્રેસ તરફથી નીચેની અરજી વડી સરકાર ઉપર મોકલવામાં આવી છે:

નામદાર કૉલોનિયલ સ્ટેટ સેક્રેટરી જોગ,—અમો અરજદાર દાઉદ મહમદ, નાતાલ ઇન્ડિયન કૉંગ્રેસના પ્રમુખ તરીકે તથા દાદા ઓસમાન[2] અને મહમદ કાસમ આંગલિયા જૉઇન્ટ સેક્રેટરીઓ તરીકે અરજ કરીએ છીએ કે:

૧. સાઉથ આફ્રિકા યુનિયનના નાતાલ પ્રાંતમાં વસતા હિંદી કૉલોનિસ્ટોની નીચે જણાવેલી હાડમારીઓ આપ આગળ રજૂ કરવાને, હિંદીઓનાં પ્રતિનિધિમંડળ, નાતાલ ઇન્ડિયન કૉંગ્રેસની તા. ૨૮મી એપ્રિલે મળેલી કમિટી મીટિંગે અરજદારોને સત્તા આપી છે.

ઇમિગ્રેશનની અટકાયત

૨. ટ્રાન્સવાલના હિંદી રહીશો અને યુનિયન સરકારની વચ્ચે હાલને માટે થયેલી ગોઠવણની જાહેરાત આપનાર જે પત્રવ્યવહાર[3] ટ્રાન્સવાલમાં હમણાં પ્રગટ થયેલો તે વાંચી અરજદારોને સંતોષ થયો છે. અરજદારો માનપૂર્વક આપને યાદી આપે છે કે ટ્રાન્સવાલના હિંદીઓ છેલ્લાં ચાર વરસ થયાં જે દુઃખદાયક લડત ચલાવી રહ્યા છે, તેને તન, મન અને ધનથી ટેકો આપનાર

૧. પોલાકને લખેલો ગાંધીજીનો મે ૮નો પત્ર, પા. ૭૯–૮૧ જોવાથી દેખાય છે કે તેનો મુસદ્દો તેમણે તૈયાર કર્યો હતો.

૨. વ્રાઈહેડના એક હિંદી દુકાનદાર અને નાતાલ ઇન્ડિયન કૉંગ્રેસના મંત્રી.

૩. જુઓ "ઈ. એફ. સી. લેનને પત્ર", પા. ૧૦–૧, ૧૫, ૪૯–૫૦, ૫૩–૫ અને ૬૪–૭ તથા પરિશિષ્ટ ૧, ૨ અને ૪.

Gandhi Heritage Portal

આ પ્રાંતના હિંદીઓ બહુ કાળજીથી અને દિલસોજી સાથે તપાસી રહ્યા છે.[૧] હિંદીઓ તરફ કોમી ભેદ બતાવનારા કાયદાની સામે અંત સુધી થવાના ટ્રાન્સવાલના હિંદીઓના ઠરાવમાં નાતાલના હિંદીઓએ અંતઃકરણપૂર્વક હિસ્સો ધરાવેલો છે; અને હવે હાલનો ટ્રાન્સવાલનો કોમી ભેદવાળો કાયદો રદ કરી તેને બદલે બધી કોમોને લાગુ પડે એવો કાયદો હવે પછીની પાર્લમેન્ટની સભામાં દાખલ કરવાની, તથા સગીરોના હકને લાગુ પડે તે સિવાયનો ૧૯૦૭નો ૨જો કાયદો રદ કરવાની જે સત્તાવાર સમજૂતી યુનિયન સરકારે કરી છે, તેનો અમલ થવાની રાહ અરજદારો જોઈ રહેશે.

૩. છતાં અરજદારો માનપૂર્વક બતાવવા માગે છે કે હવે પછીની યુનિયન પાર્લમેન્ટની સભામાં જે જનરલ ઇમિગ્રેશન બિલ દાખલ થવાનું છે તે વિષે તેઓને ગંભીર દહેશત રહે છે, કેમ કે તે વડે નાતાલના હિંદી કોમના હાલના હકો ઓછા કરવાનો પ્રયત્ન કરવામાં આવશે એવું માનવાને તેને કારણ છે.[૨] દક્ષિણ આફ્રિકાનો ઇમિગ્રેશન કાયદો ઘડાય, ત્યારે તેમાં હિંદીઓના હાલના હક, અને તેમાંયે ખાસ કરીને હકદાર રહીશોનાં બાળબચ્ચાંઓને પ્રાંતમાં દાખલ થવાના હકની વાત, તથા જે રહીશ માજિસ્ટ્રેટ પાસે પોતાનો રહીશ હોવાનો હક સાબિત કરી શકે તેને હકની[૩] રૂએ ડોમિસાઈલ સર્ટિફિકેટ મળી શકે તેની વાત જળવાઈ રહે, એ બાબતમાં વડી સરકાર કાળજીપૂર્વક ધ્યાન આપશે એવો અરજદાર માનસહિત આગ્રહ કરે છે. અરજદારો યાદી આપે છે કે આ પ્રાંતમાં કેટલી મુદત રહેવાથી હકદાર રહીશ ગણાઈ શકાય એવી શરત હાલના નાતાલ ઇમિગ્રેશન કાયદામાં રાખેલી છે, પણ જે યુનિયન ઇમિગ્રેશન બિલ હમણાં પાછું ખેંચી લેવાયું, તેમાં એવી શરત બિલકુલ છે નહીં. એટલે સત્તાવાળાઓ અને હિંદી કોમ વચ્ચે નાહક કડવાશ ઉત્પન્ન થાય એવા આપખુદ અમલને અટકાવવા ખાતર નવા યુનિયન ઇમિગ્રેશન બિલમાં ડોમિસાઈલની વ્યાખ્યા આપવામાં આવે, એટલે કે નાતાલ અને કેપમાં અમુક વખત રહેવાથી, કહો કે હાલમાં નાતાલમાં છે તેમ ત્રણ વરસ રહેવાથી, હકદાર રહીશ ગણાય એવી કલમ દાખલ કરવામાં આવે, એમ અરજદારો અરજ કરે છે.

૪. અરજદારોની વધુ અરજ એ છે કે કેળવણીની નવી જાતની પરીક્ષા વિષે કહેવામાં આવ્યું છે, તે આપખુદી હોવાથી પરિણામ એ આવશે કે ખરી રીતે આ પ્રાંતમાં નવા હિંદીઓ આવતા બંધ થઈ જશે. અરજદારોના નમ્ર મત પ્રમાણે આથી અહીં રહેતી હિંદી કોમને એક મોટી હાડમારી ઊભી થશે; કેમ કે તેમાંના ઘણા હિંદુસ્તાનની વેપારી પેઢીઓ સાથે વજૂદદાર વેપાર ચલાવે છે, અને તેમાં તેઓને ઘણી વખત ખાસ માણસોની જરૂર પડે છે. પણ થોડા ઊંચી કેળવણી પામેલા હિંદી સિવાયના બધાને બાતલ રાખનારી પરીક્ષાની નવી રીતથી અહીંની હિંદી કોમ આજ સુધી જે સગવડ ભોગવતી આવી છે, તે હવે નહીં ભોગવી શકે; અને તેથી અરજદારો વિનંતી કરે છે કે નવું ઇમિગ્રેશન બિલ યુનિયન પાર્લમેન્ટમાં દાખલ થાય તે પહેલાં વડી સરકાર ખાતરી મેળવશે કે વખતોવખત મુદત લંબાવી શકાય એવી મુદતી પરમિટો વિશ્વાસુ કારકુનો તથા મુનીમોને કાઢી આપવામાં આવે. આમ થવાથી હિંદી વેપારને મોટું નુકસાન થતું

૧. ૧૯૦૮માં નાતાલના આગેવાન હિંદીઓ સત્યાગ્રહમાં જોડાયા અને કેટલાકે ટ્રાન્સવાલની લડતને મદદ કરવા ફાળો આપ્યો. જુઓ પુસ્તક ૮, પા. ૨૦૬, ૨૦૭, ૪૨૬, ૪૫૩-૪ અને ૪૫૮.

૨. જુઓ પુસ્તક ૧૦, પા. ૫૭૦-૧.

૩. છેવટે આ હક ૧૯૧૪ના ઇન્ડિયન્સ રિલીફ ઍક્ટથી આપવામાં આવ્યો હતો.

Gandhi Heritage Portal

અટકશે.[૧] આવી મુદતી પરમિટોની સંખ્યા નાતાલના હાલના કાયદા મુજબ ગયા વરસમાં જેઓ પરીક્ષા પાસ કરી દાખલ થઈ શકયા હતા, તેઓની સંખ્યાથી વધુ ભલે ન રાખવામાં આવે. અરજદારો આપને માનપૂર્વક જણાવે છે કે આવી રાહત આપવાથી નાતાલની હિંદી કોમ તેની બહુ કદર કરશે, અને તેથી અહીંની હાલની હિંદી વસ્તીમાં જથૂકનો વધારો નહીં થવા પામે. અરજદારો બીજી વાત એ જુએ છે કે યુનિયન પાર્લમેન્ટની છેલ્લી સભામાં જે પાર્લમેન્ટરી તુમારો બહાર પડયા હતા, તે મુજબ પાછા ખેંચી લેવાયલા બિલમાં નવી પરીક્ષાની રીતથી આશરે ૧૨[૨] નવા હિંદીઓને પાસ થવા દેવા વિષે કહેવામાં આવ્યું હતું. ટ્રાન્સવાલ કે જ્યાં ૧૫,૦૦૦ હિંદીઓની વસ્તી ધારવામાં આવી છે, પણ જ્યાં હાલ માત્ર ૮,૦૦૦ની જ વસ્તી જોવામાં આવે છે, ત્યાં જો ૬ હિંદીઓને આવવા દેવાની છૂટ રાખવામાં આવી છે, તો આખા યુનિયનમાં ૧૨ જ હિંદીઓને આવવા દેવામાં આવે તે અત્યંત નાની સંખ્યા કહેવાય; કેમ કે એ વાતનો ખ્યાલ રાખવાનો છે કે કેપમાં હિંદીઓની વસ્તી ૧૫,૦૦૦થી ઓછી નથી અને નાતાલમાં ગિરમીટિયાઓ સહિત ૧,૫૦,૦૦૦થી ઓછી નથી. આ સંખ્યાના પ્રમાણમાં આખા યુનિયનને માટે ૭૨ નવા કેળવાયેલા હિંદીઓને આવવા દેવા જોઈએ; પણ જે નવી પરીક્ષાની રીત દાખલ કરવામાં આવનાર છે, તેની રૂએ દર વરસમાં ૫૦ નવા કેળવાયેલા હિંદીઓને આવવા દે એવી સમજૂતી થશે તોપણ અરજદારો સંતોષ પામશે.

વેપારી લાઈસન્સનો કાયદો

૫. આ કાયદાનો અમલ નાતાલના[૩] હિંદી વેપારીઓને બહુ હાનિકારક નીવડયો છે. હાલના કાયદામાં થોડો ફેરફાર કરીને લાઈસન્સ અમલદારના અથવા તો બોર્ડના ચુકાદા સામે સુપ્રિમ કોર્ટમાં[૪] અરજ કરવાનો સ્વાભાવિક હક થોડોઘણો આપવામાં આવ્યો છે. છતાં અમોને સલામતીનો ખ્યાલ આપવા માટે તો મૂળ કાયદામાં ફેરફાર કરવો પડે તેમ છે. એક જગ્યાએથી બીજી જગ્યાએ લાઈસન્સ ફેરવવું હોય છે તો હમેશાં મુસીબત આવ્યા જ કરે છે. લાઈસન્સ અમલદાર કેટલીક વાર અક્કડ બની જાય છે; અને વળી હમણાં જ નાતાલ પ્રોવિન્શિયલ કાઉન્સિલમાં એક મેમ્બરે એવો ઠરાવ રજૂ કર્યો હતો, કે જેમાં હિંદી વેપારીઓના હાલનાં લાઈસન્સો[૫] પણ લઈ લેવાનો હેતુ રાખવામાં આવ્યો છે.

૧. હિંદીઓની લાંબા વખતથી આ ફરિયાદ હતી; જુઓ પુસ્તક ૫, પા. ૧૦૬–૭, ૧૧૯–૨૦ અને ૧૫૦–૮ અને પુસ્તક ૬, પા. ૧૨૨–૩ તથા ૨૭૯–૮૦.

૨. જુઓ પુસ્તક ૧૦, પા. ૬૦૨.

૩. વેપારી કાયદા વિરુદ્ધની હિંદીઓની ફરિયાદો માટે જુઓ પુસ્તક ૩, પા. ૧૩૮–૪૩; પુસ્તક ૪, પા. ૧૧૧–૨ અને ૧૭૮; પુસ્તક ૫, પા. ૩૦૦–૩ અને પુસ્તક ૬, પા. ૧૧૭–૮, ૨૭૯–૮૧ તથા ૪૧૭.

૪. જુઓ પુસ્તક ૧૦, પા. ૧૦૦.

૫. ૪થી એપ્રિલે જુલેટે નાતાલની પ્રોવિન્શિયલ કાઉન્સિલમાં એક ઠરાવ રજૂ કર્યો. તેમાં યુનિયન પાર્લમેન્ટને "એ પ્રાંતમાં વેપારી પરવાના આપવાનો કે પાછા ખેંચવાનો અધિકાર" નાતાલ પ્રોવિન્શિયલ કાઉન્સિલને આપવાની વિનંતી કરવામાં આવી હતી. તેના જ શબ્દોમાં કહીએ તો નાતાલને "કોણે વેપાર કરવો જોઈએ અને કોણે નહીં, એ કહેવાનો હક" હોવો જોઈએ. એનો હેતુ શાહી સરકારે નામંજૂર કરેલા નવાં નાતાલ લાઇસન્સિંગ બિલમાં (પુસ્તક ૮, પા. ૨૧૧–૨ અને ૨૨૫–૭) જે અધિકારો નાતાલને આપવામાં આવનાર હતા તે નાતાલને ફરીથી આપવાનો હતો. જુઓ પુસ્તક ૯, પા. ૪૭૮–૯.

Gandhi Heritage Portal

નાતાલ ટાઉનશિપ

૬. આ બાબતમાં ના. ગવર્નર અને તેની કાઉન્સિલ ઉપર જે પિટિશન મોકલવામાં આવી છે, તે ઉપર અરજદારો આપનું ધ્યાન ખેંચે છે. ના. ગવર્નરના ઠરાવની હજી ખબર પડી નથી, પણ અરજદારો ભરોસો રાખે છે કે આજ સુધી હિંદીઓએ ભોગવેલા હકો હવે નહીં લઈ લેવામાં આવે.

ગિરમીટિયા મજૂર

૭. હિંદુસ્તાનથી[૧] નાતાલમાં ગિરમીટિયા મોકલવાનું બંધ કરવા વિષેના ઠરાવ માટે નાતાલની હિંદી કોમનો આભાર દર્શાવવાની અરજદારો તક લે છે. દક્ષિણ આફ્રિકાના ગોરાઓ હિંદીઓના વાજબી હકો તરફ દુશ્મનાવટથી જુએ છે તેટલા જ કારણસર આ ઠરાવને અરજદારો આવકાર આપે છે એમ નથી, પણ અરજદારોના નમ્ર મત પ્રમાણે ગિરમીટની રીત સ્વાભાવિક રીતે જ ખરાબ છે, અને ગુલામીની સ્થિતિનો તે ભાસ આપે છે તે પણ કારણ છે. અરજદારો ખાતરીથી માને છે કે દક્ષિણ આફ્રિકામાં હિંદીઓને જે ઘણીખરી મુસીબત ભોગવવી પડે છે, તે આવા મજૂરોને લાવીને હિંદી વસ્તીનો આડકતરી રીતે વધારો કરવાને લીધે ઘણે ભાગે છે. અરજદારો માનપૂર્વક નિવેદન કરે છે કે ગિરમીટ પૂરી કરનાર પુરુષ કે સ્ત્રી ઉપર તથા તેઓનાં છોકરાં ઉપર પા. ૩નો કર નાંખવામાં આવે છે તે બહુ ઘાતકી અને જુલમગાર અમલ છે. હવે હિંદુસ્તાનથી વધુ ગિરમીટિયાઓ આવવાનું બંધ થવાથી આ કર ચાલુ રાખવાનું વાજબીપણું બિલકુલ દેખાતું નથી. તે કરને લીધે મર્દો પર જુલમ થયો છે. સ્ત્રીઓની પવિત્રતા જોખમમાં આવેલી છે, અને હિંદી જવાનોની જિંદગી ધૂળધાણી થઈ ગઈ છે. અરજદારોના માનવા પ્રમાણે આ એવી જાતનો કર છે કે જે ઇન્સાનિયતને ખાતર તો ઠીક પણ બ્રિટિશ રાજ્યને ખાતર પણ નાબૂદ કરવો જોઈએ. અરજદારો અહીં કહી દેવા માગે છે કે સ્ત્રીઓના સંબંધમાં મજકૂર કાયદામાં થોડો ફેરફાર કરીને જે રાહત આપવાનો હેતુ રાખવામાં આવ્યો હતો, તે તદ્દન નિષ્ફળ થયેલ છે.

છેવટ

૮. છેવટમાં અરજદારો માનપૂર્વક વિનંતી કરે છે કે ઉપર જણાવેલી બાબતો પર વડી સરકાર યોગ્ય ધ્યાન આપશે, અને રંગ, નાત કે જાતનો ભેદ રાખ્યા વિના બધી પ્રજાને સરખી રીતે રાખવા વિષે સરકારના કારભારીઓએ વારંવાર જે વચનો આપેલાં છે, તે મુજબ યુનિયનની હિંદી પ્રજાને ન્યાયસર અને સંતોષકારક સ્થિતિમાં રાખવામાં આવશે, વગેરે.

[મૂળ ગુજરાતી]

ઇન્ડિયન ઓપીનિયન, ૨૦-૫-૧૯૧૧

૧. જુઓ પુસ્તક ૧૦, પા. ૧૯૬-૭ અને ૫૦૬-૭.

Gandhi Heritage Portal

૬૧. મગનલાલ ગાંધીને પત્ર

વૈશાખ વદ ૨ [મે ૧૫, ૧૯૧૧][૧]

ચિ. મગનલાલ,

આ સાથે છગનલાલના કાગળો છે. હરિલાલના કિસ્સાથી[૨] ઘણાં મન ગભરાયેલાં છે. તમારી લાગણીઓ તરેહવારની ઊછળતી હશે એ સમજી શકાય છે. આટલો વિચાર કરજો. હરિલાલ અથવા મણિલાલ અથવા બાના તમારી પ્રત્યેના અસંતોષ કે કટાક્ષથી જો તમે ખસવા ઇચ્છો તો તમે ભેદ રાખ્યો ગણાય અને તેઓની પ્રત્યે ને તમારી પ્રત્યે મારી જે ફરજ હોય તેમાં મને હરકત આવી પડે. ખુશાલભાઈ[૩] જો તમારા માનવા પ્રમાણે અથવા તો ખરેખર હકીકતમાં છગનલાલ પ્રત્યે વધારે લાગણી ધરાવે તો તમારે ખસી નીકળવું? અથવા તમારી તરફ વધારે લાગણી બતાવે એવો આભાસ આવે તોપણ તમારે ખસી નીકળવું અને છગનલાલનો અનુપકાર કરવો?

તમે ખસવાનો માર્ગ લો તેમાં હરિલાલ અને મણિલાલનું અકલ્યાણ જ થાય. આપણે મહાપ્રયાસમાં પડયા છીએ. તત્ત્વજ્ઞાનની શોધ કરીએ છીએ. કંઈ નવું શોધીએ છીએ એમ નથી કહેતો. પણ તે જ્ઞાન જે માણસ પોતાનું કરવા માગે તેનાં રહેણીકરણી કેવાં હોવાં જોઈએ એ આપણે અજમાવીએ છીએ. ઘણાં વર્ષથી ચઢેલી ઊધઈ દૂર કરવા ઇચ્છીએ છીએ. તેમાં વિઘ્નો આવશે જ. તે બધાં આપણી સદ્‌વૃત્તિ છે તેથી ઈશ્વર દૂર કરશે જ. તમારી ફરજ અત્યારે મનમાં વિકારો પેદા કર્યા સિવાય જે થાય તે જોયા કરવાની છે. જવાબદારી માત્ર મારી છે. મારા ખોટા પગલાથી હું જ દોષિત થવાનો. તેથી તમે બધા થોડી મુદતને સારુ જોખમમાં આવો એ સંભવે. પણ દોષના ફળનો ભોક્તા તો હું જ થઈશ. તમે મારી ઉપર વિશ્વાસ રાખી કામ કર્યા કરશો તેમાં તમારું અકલ્યાણ ન જ થાય.

હરિલાલ સવારે પાછો પહોંચ્યો છે. તે જાણીજોઈને ઊલટું પગલું નહીં જ ભરે એમ હું માનતો આવ્યો છું. હવે વધારે માનું છું. હવે શું કરશે એ જોઉં છું.

મોહનદાસના આશીર્વાદ

[મૂળ ગુજરાતી]
ગાંધીજીના હસ્તાક્ષરમાં લખાયેલા મૂળ પત્ર પરથી : સી. ડબ્લ્યુ. ૫૦૮૫
શ્રીમતી રાધાબહેન ચોધરીના સૌજન્યથી

૧. હરિલાલ ગાંધીનો ઘેરથી જતા રહેવાનો, પાછા ફરવાનો અને ગાંધીજી સાથે ચર્ચા કરીને ભારત જવાનો પ્રસંગ; એ બધું ૧૯૧૧માં બન્યું હતું. એ વર્ષે વૈશાખ વદ ૨, મેની ૧૫મી તારીખે હતી.

૨. જુઓ "ડૉ. પ્રાણજીવન મહેતાને પત્ર", પા. ૮૧–૪ અને "મગનલાલ ગાંધીને પત્ર", પા. ૯૪–૫.

૩. ગાંધીજીના પિતરાઈ; છગનલાલ અને મગનલાલ ગાંધીના પિતાશ્રી. ગાંધીજી તેમને અવારનવાર લખતા. દા. ત. જુઓ પુસ્તક ૮, પા. ૨૨૩–૪.

Gandhi Heritage Portal

૬૨. જનરલ સ્મટ્સના હંગામી ખાનગી મંત્રીને પત્ર

[જોહાનિસબર્ગ][1]
મે ૧૮, ૧૯૧૧

ગૃહમંત્રીના હંગામી ખાનગી મંત્રી,
વહાલા સાહેબ,

એશિયાટિક સવાલના મુદતી નિવેડા સંબંધમાં નીચેનું લખાણ જનરલ સ્મટ્સ આગળ મોકલવાની મહેરબાની કરશો.

મારા ગઈ તા. ૨૯મીના કાગળનો[2] જવાબ જનરલ સ્મટ્સ તરફથી મળ્યો નથી ત્યાં સુધી સત્યાગ્રહીઓનાં મન ઊંચાં રહ્યા કરે છે. તેમણે પોતાનો સામાન્ય ધંધો હાથમાં લીધો નથી. જનરલ સ્મટ્સના જવાબની વાટ જોતાં મિ. જોસફ રૉયપેન હજુ ટ્રાન્સવાલમાં[3] છે, અને બીજા સત્યાગ્રહીઓ પણ એવી રીતે નવરા બેસી રહ્યા છે, તેઓ પણ તેમ જ પડ્યા છે. જનરલ સ્મટ્સને ખબર છે તેમ સત્યાગ્રહી કેદીઓ હજુ જેલમાં છે, જોકે હકીકતમાં સમાધાની થઈ ચૂકી છે.

વળી લંડનના અને હિંદના મિત્રોને સમાધાની પૂરેપૂરી થયાના ખબર આપવામાં આવ્યા નથી. અને ઇમ્પિરિયલ કૉન્ફરન્સની બેઠકો નજીકમાં આવી પહોંચી છે તે જોતાં વિલાયતના મિત્રોને ચોક્કસ ખબર આપવાને અમે અહીંવાળા આતુર છીએ, માટે મારા કાગળનો ઉતાવળે જવાબ મળવા હું માગણી કરું? કાંઈ ચોક્કસ ખબર કાલે ટેલિફોનથી મોકલવાની મહેરબાની તમે કરી શકશો?

હું છું,
તમારો વિશ્વાસુ
મો. ક. ગાંધી

[મૂળ ગુજરાતી]
ઇન્ડિયન ઓપીનિયન, ૨૭-૫-૧૯૧૧

૧. પત્રના છેલ્લા વાક્ય પરથી લાગે છે કે ગાંધીજી આ સમયે જોહાનિસબર્ગમાં હોવા જોઈએ.

૨. જુઓ "ઈ. એફ. સી. લેનને પત્ર", પા. ૬૪-૭ ગૃહખાતાના હંગામી સેક્રેટરીએ ગાંધીજીના આ પત્રનો અને પછીના મે ૪ના એક પત્ર (પા. ૭૬-૭)નો એમ બે જવાબ મોકલ્યા હતા; પહેલો મે ૧૯નો એક લાંબો પત્ર (પરિશિષ્ટ ૫) મોકલ્યો અને તેના પછી મે ૨૦નો એક તાર (પરિશિષ્ટ ૬) મોકલ્યો.

૩. પત્રના અંગ્રેજી લખાણમાં અહીં જોહાનિસબર્ગ છે એટલે અહીં જોહાનિસબર્ગ જોઈએ.

Gandhi Heritage Portal

૬૩. મગનલાલ ગાંધીને પત્ર

વૈશાખ વદ ૫ [મે ૧૮, ૧૯૧૧][1]

ચિ. મગનલાલ,

તમારો ઠક્કર[2] વિષેનો કાગળ તેને મેં મોકલ્યો છે. તમારાં મન વિખૂટાં છે તેથી આમ થયા જ કરે છે. ઠક્કરની વહેમી પ્રકૃતિ છે તે આપણે જાણીએ છીએ.

ગલિવર્સ ટ્રાવેલ્સમાં આધુનિક સુધારાનું વ્યંગમાં એવું સરસ ખંડન કર્યું છે કે તે પુસ્તક ફરી ફરીને વાંચવા લાયક છે. એ પુસ્તક અંગ્રેજી ભાષામાં ઘણું જ પંકાયેલું છે. એવું સરળ છે કે બાળકો આનંદથી વાંચી શકે છે અને જ્ઞાની તેનો ગૂઢાર્થ સમજતાં ગોથાં ખાય છે. લિલિપટમાં ગલિવર જેટલો ચડ્યો તેટલો જ બ્રૉબડિંગનૅગમાં પછડાયો. અને લિલિપટમાં પણ બટુકડા માણસોની કેટલીક શક્તિઓ તેણે પોતાના એટલે સાધારણ માણસો કરતાં સરસ બતાવી આપી.

હવે તમે કાર્પેન્ટરનું સિવિલાઇઝેશન : તેનું કારણ ને તેનો ઉપાય એ પુસ્તક વાંચજો. આવતી કાલે મોકલવાનો છું. અધૂરા અંગ્રેજી જ્ઞાનને લીધે છગનલાલને મુશ્કેલી આવી એ ખરું છે. છતાં જે વિષય ઉપર આપણે બોલવા કે લખવા માગતા હોઈએ તેનું જ્ઞાન હોય તો ભાષા મળી રહે છે. તમારી ઇંગ્રેજી વિષેની ખામી તમે ઇંગ્લંડ ગયા વિના પૂરી પડવાની જ નથી. છગનલાલને થોડી મુદત રહેવાનો પણ મોટો ફાયદો થયેલો જોઉં છું. તેને તો વળી દરદે હેરાન કર્યા એટલે વધારે હરકત આવી. છગનલાલે લીધેલો અનુભવ ઘણા કામમાં આવી શકશે. હું હવે તો થોડા રોજમાં જ ત્યાં આવવાની ઉમેદ રાખું છું. જૂનની શરૂઆતમાં આવવું છે. સ્મટ્સનો જવાબ આવી જાય તો વધારે ચોક્સાઈથી લખી શકું. આજકાલ જવાબ આવવાની વકી છે.

હરિલાલ ગયો છે તે ઠીક જ થયું છે. તેનું મન બહુ અવ્યવસ્થિત હતું. તેણે મને ખાતરી આપી છે કે તેને ફિનિક્સને વિષે જે મેં કર્યું છે તે તરફ જરાયે ટ્રેપ નથી થયો.[3] તમારી બધાની તરફ જરાયે અણગમો નથી. તેને રીસ મૂળ મારી ઉપર હતી. તે બધો ઊભરો તેણે સોમવારે સાંજે કાઢ્યો. તેની માન્યતા છે કે મેં છોકરાઓ ચારેને બહુ પછાડ્યા છે. તેઓની મરજી કોઈ દહાડો રાખી જ નથી. તેઓની ગણતરી કરી નથી. અને ઘણી વેળા મારું દિલ કઠોર કર્યું છે. આ તહોમત તેણે મારી ઉપર બહુ જ વિનયપૂર્વક મૂક્યું ને મૂકતાં ઘણું અચકાયેલો. આમાં તેના મનમાં પૈસા વિષે કંઈ જ વાત ન હતી. મારી સાધારણ વર્તણૂક વિષે જ હતી. બીજા બાપોની જેમ તેઓનાં વખાણ નથી કર્યાં ને તેઓને સારુ કંઈ ખાસ નથી કર્યું. પણ હંમેશાં તેઓને અને બાને છેલ્લે મૂકેલ છે એ તહોમત હતું. એ ગુબાર કાઢ્યા પછી તેનું મન બહુ શાંત થયું એમ મને લાગ્યું. આવા વિચાર કરવામાં તેની ભૂલ હતી તે મેં તેને બતાવી. કેટલીક તેણે જોઈ. બાકી તો વધારે વિચારથી જ તે દૂર કરશે. હવે તે શાંત મને ગયો છે. ને જે બાબતમાં મને અસંતોષ થયો છે તે બાબતમાં જ્ઞાન મેળવવું એ તેની નેમ છે. સંસ્કૃત અભ્યાસ કરવા તરફ તેનું બહુ વલણ છે. આપણી ભાષા ગુજરાતી તેથી મુખ્ય અભ્યાસ ગુજરાતીમાં થવો જોઈએ એમ લાગવાથી મેં હરિલાલને અમદાવાદમાં રહેવાની ભલામણ કરી છે.

૧. પત્રમાં મિ. હરિલાલ ગાંધીના ઘર છોડીને જવાનો ને પછીથી ભારત જવાનો ઉલ્લેખ છે. આ ઘટના ૧૯૧૧ની છે. તે વર્ષે વૈશાખ સુદ ૫, મે મહિનાની ૧૮મી તારીખે હતી.

૨. ફિનિક્સના પ્રેસના એક કામદાર.

૩. જુઓ "છોટાભાઈને પત્ર", પા. ૭૭.

Gandhi Heritage Portal

મને લાગે છે કે તેમ જ કરશે. છતાં મેં તેને સ્વતંત્રતા આપી છે. પરિણામ ઠીક જ આવશે એવું મને સૂઝે છે.

મોહનદાસના આશીર્વાદ

[મૂળ ગુજરાતી]

ગાંધીજીના હસ્તાક્ષરમાં લખાયેલા મૂળ પત્ર પરથી : સી. ડબ્લ્યુ. ૫૦૮૭
શ્રીમતી રાધાબહેન ચોધરીના સૌજન્યથી

૬૪. મગનલાલ ગાંધીને પત્ર

સોમવાર [મે ૧૮, ૧૯૧૧ પછી][1]

ચિ. મગનલાલ,

છગનલાલનો કાગળ વ. મોકલું છું. મને તેના લખાણની નકલ દાક્તર મહેતાએ પણ મોકલી હતી. તમે ઇંગ્રેજી ભાષાના જ્ઞાનની ખામી વિષે ઉદાસ રહો છો તે નકામું છે. તે ભાષા કંઈ આપણી નથી. તેમાં બને તેટલી સારી રીતે આપણે વિચાર દર્શાવીએ. આ દિલાસાને ખાતર છે. તેમાં નિપુણતા બને તેટલી ન મેળવવાને ખાતર નથી. તે નિપુણતા મેળવવાને ખાતર ને વિલાયતના વાતાવરણનો અનુભવ લેવાને ખાતર ત્યાં જવાનું છે. બાકી કંઈ નથી. હવે તમે જ્યારે તૈયાર થાઓ ત્યારે જવાનું રાખશું.

મણિલાલ ઉપરનો મારો કાગળ[2] વાંચશો એટલે હરિલાલ વિષે વધારે નથી લખતો.

હરિલાલ ઠક્કર સાથેના કાગળમાં શું જણાવે છે?

મોહનદાસના આશીર્વાદ

[તા. ક.]

સંતોકે[3] તથા અનીએ[4] મિસિસ વોગલની[5] બજર[6] સારુ કંઈક પણ શીખીને મોકલવાનું છે તે યાદ રાખજો.

મોહનદાસ

[મૂળ ગુજરાતી]

ગાંધીજીના હસ્તાક્ષરમાં લખાયેલા મૂળ પત્ર પરથી : સી. ડબ્લ્યુ. ૫૦૯૦
શ્રીમતી રાધાબહેન ચોધરીના સૌજન્યથી

૧. [તા. ક.]માં જણાવેલી મિસિસ વોગલની બન્નર એક વખત ૧૯૧૦માં અને ફરી ૧૯૧૧માં ભરવામાં આવી હતી. પણ હરિલાલ ગાંધીના ઉલ્લેખ પરથી એ સ્પષ્ટ થાય છે કે આ કાગળ ૧૯૧૧માં લખાયો હોવો જોઈએ. કારણ કે હરિલાલ ગાંધી ૧૯૧૧ના મેની ૧૫ અને ૧૮ની વચમાં આફ્રિકા છોડીને હિંદ આવવા નીકળેલા (મગનલાલ ગાંધી પરના પત્રો, પા. ૯૨ અને પા. ૯૪) વળી આ કાગળની માફક આની આગળના કાગળમાં પણ ઠક્કર બાબત તેમ જ મગનલાલ ગાંધીની ઇંગ્લંડની મુલાકાત બાબત ઉલ્લેખ છે. આમ બનાવોનો ક્રમ જોતાં પણ આ કાગળ તેના પછી, એટલે કે, ૧૮મી મે પછી લખાયો હોવો જોઈએ.

૨. કાગળ મળતો નથી.

૩. મગનલાલ ગાંધીનાં પત્ની.

૪. પુરુષોત્તમદાસ દેસાઈનાં પત્ની.

૫. કાપડના વેપારી વોગલનાં પત્ની. વોગલ પતિપત્ની હિંદીઓના ધ્યેય પ્રત્યે સહાનુભૂતિ ધરાવતાં અને મિસિસ વોગલ હિંદી સ્ત્રીઓમાં ઊંડો રસ લેતાં. તેમને માટે વર્ગો પણ ચલાવતાં. જુઓ પુસ્તક ૮, પા. ૪૯.

૬. આ બન્નરને નવેમ્બર ૧૫, ૧૯૧૧માં વિલિયમ હૉરકેને ખુલ્લું મૂકયું હતું.

Gandhi Heritage Portal

૬૫. ગૃહમંત્રીને પત્ર[૧]

જોહાનિસબર્ગ,
મે ૧૯, ૧૯૧૧

તમારા ૧૯મી તારીખના કાગળની[૨] પહોંચ માનપૂર્વક સ્વીકારું છું.

તેના "ક" ફકરાના સંબંધમાં જો તમે મારો તા. ૪થી મેનો કાગળ[૩] ફરી વાંચશો તો તમે જોશો કે તેમાં કહેલા ૧૮૦ એશિયાટિક સત્યાગ્રહીઓની લાયકાતને જેવી રીતે તમે તમારા કાગળના (ક) ફકરામાં સંકોચી લો છો, તેમ સંકોચવાની નથી. એ સંખ્યા (૧૮૦)માં તમે કહો છો એ વર્ગ ઉપરાંત જેઓ[૪] મરજિયાત ગોઠવણ અથવા કોઈ પણ એશિયાટિક કાયદા તળે કદી અરજી કરવા શક્તિમાન ન થયા હોય તેવાનો સમાવેશ કરવામાં આવ્યો છે. ત્રણ કેળવાયેલા મુસલમાનો સંબંધીની છૂટી માટે કોમ આભારી થશે.

મારા તા. ૨૯મીના કાગળમાં[૫] બતાવ્યા પ્રમાણેના સમાધાનીના અર્થ વિષે તમારા કાગળમાં કાંઈ વાંધો નથી દર્શાવવામાં આવ્યો તેનો અર્થ હું એવો કરું છું કે માનવંતા પ્રધાન તેને બહાલ રાખે છે.

બનાવટી પરમિટ રાખવા માટે અથવા વાપરવા માટે જેઓ સજા પામેલા હોય તેમના છુટકારા માટે કદી કાંઈ અરજ કરવામાં આવી નથી. એવા લોકોને કદી સત્યાગ્રહી ગણવાનો દાવો કરવામાં આવ્યો નથી.

સ્થિતિના સંબંધમાં વિલાયત અને હિંદના મિત્રોને ઍસોસિયેશને તારથી જણાવવું પડશે માટે કાગળ પહોંચતાં તારથી જવાબ મોકલવાને હું વીનવું?

[મૂળ ગુજરાતી]
ઇન્ડિયન ઓપીનિયન, ૨૭–૫–૧૯૧૧

૧. પત્રનો જવાબ તારથી મળ્યો હતો. જુઓ પરિશિષ્ટ ૬.
૨. જુઓ પરિશિષ્ટ ૫.
૩. જુઓ "ઈ. એફ. સી. લેનને પત્ર", પા. ૭૬–૭.
૪. આ કાગળના જવાબ (પરિશિષ્ટ ૬) ઉપરથી એ સ્પષ્ટ થાય છે કે અહીં જે લોકોએ બોઅર યુદ્ધ પહેલાં ત્રણ વર્ષના વસવાટને કારણે ટ્રાન્સવાલના કાયદેસરના રહેવાસી તરીકેના હક મેળવ્યા હતા તેમની વાત છે. ૧૯૦૮ની લડત વખતે આ હકને એક અગત્યનો મુદ્દો બનાવવામાં આવ્યો હતો. હિંદીઓએ તેનો ભારપૂર્વક આગ્રહ કર્યો અને છેવટે સ્મટ્સે તેનો સ્વીકાર કર્યો. જુઓ પુસ્તક ૮, પા. ૨૭૫–૬, ૨૮૯–૯૧, ૩૨૪–૬, ૩૪૧–૪ અને ૩૮૦–૧.
૫. આ પત્રનો બીજો આધાર ગાંધીજીની ફાઈલમાં મળેલો મુસદ્દો (એસ. એન. ૫૫૩૪) છે તેમાં ચાલુ માસની '૪ તારીખ'નો ઉલ્લેખ છે. આ તારીખ પાછળથી ફોન પર ગયા માસની ૨૯મી કરી દેવાઈ હતી. જુઓ પરિશિષ્ટ ૬.

Gandhi Heritage Portal

૬૬. ગોપાળ કૃષ્ણ ગોખલેને પત્ર

જોહાનિસબર્ગ,
મે ૧૯, ૧૯૧૧

પ્રિય પ્રો. ગોખલે,

ઇમિગ્રેશન બિલ, જે હવે મૃતપ્રાય થયું છે, તેને વિષે આપે તારથી પૂછપરછ કરી હતી. ત્યાર પછી હું આપને નિયમિત લખતો રહું એવી અપેક્ષા આપે રાખી હતી કે કેમ તેનો ખરેખર મને ખ્યાલ નથી. હું પોતે જાણું છું કે બીજાં ઘણાં કામ આપનો સમય લઈ લે છે તેથી આપના પર પત્રનો બોજો નાંખવાનું મેં હંમેશાં ટાળ્યું છે. શ્રી પોલાકે મને તાજા ખબર આપ્યા કે, તે છેલ્લા આપને મળ્યા ત્યારે આપ ખૂબ જ કામમાં હતા. આપ એટલા બધા કામમાં હતા કે કલકત્તામાં મને આપની સાથે રહેવાનો લહાવો મળેલો[૧] ત્યારે આપ જેટલા કામમાં ગૂંથાયેલા રહેતા તેના કરતાં પણ એ કદાચ વધારે હોય. પરંતુ મને એવું લાગે છે કે અહીંની પરિસ્થિતિ વિષે આપને થોડે થોડે વખતે માહિતી આપવાનું જરૂરી છે. સ્વાભાવિક રીતે જ જોકે હું માનું છું કે છેલ્લાં ચાર વરસ દરમિયાન સત્યાગ્રહ વિના બીજું કશું જ થઈ શકયું ન હોત, છતાં મારો દૃઢ અભિપ્રાય છે કે, આપની દોરવણી નીચે હિંદુસ્તાનમાં આમજનતાએ કરેલા પ્રયાસોથી તથા પોલાકે ત્યાં અને રિચે ઇંગ્લંડમાં કરેલા અદ્‌ભુત કાર્યથી અમારાં દુ:ખોનો અંત હકીકતમાં નજીક આવ્યો છે. પણ અમારે એક એવા હઠીલા શત્રુ સાથે લડવાનું છે કે નિરંતર જાગ્રત રહેવાનું તદ્‌ન જરૂરી છે. ઇમિગ્રેશન કાનૂનમાં સૈદ્ધાંતિક સમાનતા મળવાથી અમારી અહીંની આર્થિક સ્થિતિમાં કશો દેખીતો ફરક પડી ગયો નથી, એ હકીકતથી હું અજાણ નથી. પરંતુ આ લડતે અમને અદ્‌ભુત રીતે એકતાને તાંતણે બાંધ્યા છે, અને બેશક તેથી જ અમારો અવાજ આદરપૂર્વક સાંભળવામાં આવે છે. કોમે પોતાની જાતમાં આત્મવિશ્વાસ મેળવ્યો છે. તેથી હવે અમે, એક પ્રજા તરીકે અમારા સ્વમાનને જ નહીં, પણ વસાહતીઓની ભૌતિક સ્થિતિને પણ અસર કરનારી સ્થાનિક કાનૂની હરકતો પર અમારું ધ્યાન કેન્દ્રિત કરવા માટે મુક્ત છીએ. દાખલા તરીકે ટ્રાન્સવાલમાં જમીનની માલિકી ધરાવવાની મનાઈ છે તે દૂર થવી જોઈએ; ટ્રામકારનો ઉપયોગ કરવા અંગેની હરકત એવી ચીડ ચઢાવનારી છે કે તે એક ઘડી માટે પણ સહન થઈ શકે તેમ નથી; જો હિંદી વેપારીઓની દુકાનો અને તેમનો ધંધો તેમના હાથમાં સહીસલામત રાખવાં હોય તો હમણાં પસાર કરવામાં આવેલા સુવર્ણ કાનૂનની એક અસ્પષ્ટ કલમના[૨] અમલ દ્વારા જે દુષ્ટતાપૂર્ણ પ્રયાસો કરવામાં આવે છે તેને કોઈ પણ ભોગે તોડી પાડવા જોઈએ. આટલું ટ્રાન્સવાલ વિષે. નાતાલમાં ગિરમીટ મુક્ત હિંદીઓ, તેમની પત્નીઓ અને તેમનાં નાનાં બાળકો, છોકરા

૧. ગાંધીજી ૧૯૦૧માં ગોખલે સાથે કલકત્તામાં રહ્યા હતા.

૨. કલમ ૧૩૦. આ કલમ નીચે જાહેર કરેલા વિસ્તારમાં બિનગોરા લોકોને પેટાભાડે વાડાઓ આપવાની યુરોપિયનોને મનાઈ કરવામાં આવી હતી. ૧૯૦૮માં ગાંધીજીએ આ બિલ સામે ટ્રાન્સવાલ સરકારને વિનંતીપત્ર (પુસ્તક ૮, પા. ૧૯૨–૩ અને ૨૭૯–૮૧) મોકલ્યો હતો ત્યારે તેમને આ કલમ નીચે આવતી કોઈ મુશ્કેલીઓનો ખ્યાલ નહોતો આવ્યો. તેમને એશિયાઈઓ પર વધુ સીધી અસર કરનારી કલમો સાથે જ લેવાદેવા હતી.

Gandhi Heritage Portal

કે છોકરી પાસેથી વાર્ષિક ત્રણ પાઉન્ડનો જે અમાનુષી કર વસૂલ કરવામાં આવે છે તે એક એવો બોજો છે જે ઉક્ત કર વિષે થોડી પણ માહિતી ધરાવનારના દિલને ડંખ્યા વગર ન રહે. નાતાલનો વિક્રેતા પરવાના કાયદો, તેમાં હમણાં થોડો સુધારો કરવામાં આવ્યો છે તેમ છતાં, એક એવું વાદળ છે જે કોમને માથે ગમે ત્યારે તૂટી પડવાનો ભય રહેલો છે. અને કેપમાં એવો જ એક કાયદો છે જે હિંદી વેપારીઓના અસ્તિત્વને ધમકીરૂપ છે; તેના ઇમિગ્રેશન કાનૂનમાંની એક કલમ અનુસાર ત્યાં વસતા હિંદીઓએ તેઓ કેપમાંથી ગેરહાજર હોય ત્યારે એક પરમિટ પોતાની સાથે રાખવી પડે છે. એ કલમનો ભંગ કરવાથી ડોમિસાઈલ રદ થાય છે. આ પરમિટ વાસ્તવમાં ગેરહાજર રહેવાની છૂટ આપતો એક ખતપત્ર જ છે. છતાં હકીકતમાં આ કલમને કારણે ડોમિસાઈલનો અધિકાર મજાકરૂપ બની જાય છે. આ બધા સવાલો વિષે સંસ્થાન મંત્રીને આપેલા અથવા આપવાના વિનંતીપત્રો[૧] આપ વાંચો એવી અપેક્ષા રાખવી વધારે પડતી ગણાય. પરંતુ આપ આપના કોઈ કાર્યકર્તાને તે વાંચવા કહેશો અને પછી આપને જરૂરી લાગે તે પગલાં લેશો. આ વિનંતીપત્રો ઇન્ડિયન ઓપીનિયનમાંથી મળી આવશે.

લગભગ નવેમ્બરની શરૂઆતમાં મિ. પોલાક તથા મિસિસ પોલાક હિંદ આવશે ત્યારે અલબત્ત મિ. પોલાક આપને જોઈતી બધી મદદ કરી શકશે. કામચલાઉ સમાધાન થઈ જશે એ વિષે કશી શંકા નથી, છતાં અમે જનરલ સ્મટ્સના છેવટના જવાબની રાહ જોઈએ છીએ. જનરલ સ્મટ્સનું વચન આવતે વરસે પાળવામાં ન પણ આવે એ સંજોગો ખ્યાલમાં રાખીને તૈયાર રહેવા બધા સત્યાગ્રહીઓને ચેતવણી આપવામાં આવી છે. આથી ટૉલ્સ્ટૉય ફાર્મ હજી ચાલુ રાખવામાં આવ્યું છે, પણ સત્યાગ્રહ ફંડનો ઉપયોગ ઘણી જ કરકસરથી કરવાનો પ્રયત્ન કરવામાં આવે છે. હું એપ્રિલના અંત સુધીનો હિસાબ તૈયાર કરી રહ્યો છું. તે હું રતન તાતાને નામે પરિસ્થિતિનું અવલોકન કરતા મારા જાહેર પત્ર સાથે આપીશ.[૨] મિ. પોલાકના મુસાફરી ખર્ચ માટે સ્થાનિક ફાળો કરીએ છીએ.

આશા છે કે આપની તબિયત સારી હશે.

આપનો સહૃદયી
મો. ક. ગાંધી

[મૂળ અંગ્રેજી]
ટાઇપ કરેલી મૂળ નકલની છબી પરથી : એસ. એન. ૩૮૦૨

૧. જુઓ "સંસ્થાન મંત્રીને અરજી", પા. ૬૮–૭૩ તથા "નાતાલના હિંદીઓની વડી સરકારને અરજી", પા. ૮૮–૯૧.

૨. આ જાહેર પત્ર તેમણે તા. ૧–૪–૧૯૧૨ને રોજ લખ્યો હતો.

Gandhi Heritage Portal

૬૭. નૉકસને પત્ર

[જોહાનિસબર્ગ,]
મે ૧૯, ૧૯૧૧

પ્રિય મિ. નૉકસ,[૧]

ઇન્ડિયન ઓપીનિયનમાં આવેલો જે લેખ તમારે જોઈતો હતો તે ન મોકલવા બદલ દિલગીર છું. તમે ટેલિફોન કર્યો તે જ અઠવાડિયે મેં ઇન્ડિયન ઓપીનિયનની ફાઈલ જોવડાવી હતી. પણ એ લેખ શોધી શકાયો નહોતો. મારી પાસે છેલ્લે સુધીની સૂચિ નથી એટલે એ લેખ શોધી કાઢવાનું જરા મુશ્કેલ છે. મેં તમને ફોન કરવાનો પ્રયત્ન કર્યો, પણ તમે મળ્યા નહીં. પછી એ વાત મારા ધ્યાન બહાર રહી જવા પામી. હવે તમારો તાકીદપત્ર આવ્યો છે. મિ. પોલાક લંડન જતાં બે દિવસ અહીં રોકાયા હતા ત્યારે મેં તેમને પૂછ્યું હતું કે પ્રશંસા કરતો લેખ પ્રગટ થયાની તારીખ તેમને યાદ છે કે કેમ. તેમણે મને અંદાજે તારીખ આપી પણ તે ખરી ન નીકળી. તેમણે મને એમ પણ કહ્યું હતું કે, કદાચ સાથે મોકલેલા લખાણ વડે તમારું કામ ચાલશે. એ મિ. કેલનબેકની માલકીનું છે. તમારું કામ પત્યા પછી મને પાછું મોકલી આપશો.

તમારો સહૃદયી
[મો. ક. ગાંધી]

[મૂળ અંગ્રેજી]
ટાઈપ કરેલી ઑફિસ નકલની છબી પરથી : એસ. એન. ૧૫૫૩૫

૬૮. એક સારી વસ્તુ

ટ્રાન્સવાલ નોંધમાં આવેલા હમીદિયા ઇસ્લામિક સોસાયટીની સભાના[૨] સંક્ષિપ્ત હેવાલ તરફ અમે વાચકોનું ધ્યાન ખેંચીએ છીએ. એ સભા લંડનમાં એક મસીદ બનાવવા અને અલીગઢમાં મુસ્લિમ યુનિવર્સિટી કાઢવા માટે ફાળો એકઠો કરવા માટે બોલાવવામાં આવી હતી. બંને યોજનાઓ વખાણવાલાયક છે, એ કહેવાની ભાગ્યે જ જરૂર હોય. લંડનમાં મસીદ બાંધવાનું કામ એ એક પવિત્ર ફરજ છે જે મોડી મોડી પણ બજાવવામાં આવશે અને અલીગઢમાં મુસ્લિમ યુનિવર્સિટીની સ્થાપના, જો એનું સંચાલન યોગ્ય રીતે કરવામાં આવે તો તે હિંદુસ્તાનની વસ્તીના બે મોટા વિભાગો વચ્ચે એકતા સ્થાપવાના કાર્યને જરૂર આગળ ધપાવી શકે.

[મૂળ અંગ્રેજી]
ઇન્ડિયન ઓપીનિયન, ૨૦–૫–૧૯૧૧

૧. દક્ષિણ આફ્રિકામાંના હિંદીઓના પ્રશ્ન પ્રત્યે સહાનુભૂતિ ધરાવનાર એક યુરોપિયન.
૨. આ સભા તા. ૧૪–૫–૧૯૧૧ને રોજ મળી હતી.

Gandhi Heritage Portal

૬૯. પરવાનાનું એક કલંક

ગઈ છઠ્ઠી તારીખના અમારા અંકમાં અમે નાતાલ ઇન્ડિયન ટ્રેડર્સ લિ.[૧] નામની કંપનીએ વેપારી પરવાના બાબત ડરબન ટાઉન કાઉન્સિલ સમક્ષ કરેલી અપીલનો હેવાલ આપ્યો છે. વાચકોને યાદ હશે કે આ કંપની એક જૉઇન્ટ સ્ટૉક કંપની છે અને તેના સભ્યો મોટે ભાગે નાતાલમાં જન્મેલા હિંદીઓ છે. આ કામ ખાસ લાયકાત ધરાવતા જૂથનો પહેલો પ્રયાસ છે. નાતાલ તેમની જન્મભૂમિ છે અને તેમનાં માબાપ જ્યાંથી આવ્યાં હતાં તે હિંદુસ્તાન તો માત્ર તેમની કલ્પનામાં જ રહેલું છે. કંપની પાસે ૬,૦૦૦ પાઉન્ડની નામની મૂડી છે અને તેના ૪૮૦ રજિસ્ટર્ડ શૅરહોલ્ડરો છે. આ નવી કંપનીનું ભવિષ્ય કેવું હશે તે તો અમે જાણતા નથી, પણ એટલું કહી શકાય કે તેનું ભવિષ્ય, મોટે ભાગે સભ્યોની સંગઠનશક્તિ તથા ઉદ્યમ પર અને સૌથી વધારે તો સભ્યો તેમાં કેટલો રસ લે છે તેના પર આધાર રાખશે. ગમે તેમ પણ, કંપનીના સફળતા મેળવવાના પ્રયાસોને ડરબન મ્યુનિસિપાલિટીના પરવાના અધિકારીએ શક્ય તે રીતે અટકાવ્યા છે. એક ચાલુ પરવાનો કંપનીને નામે કરી આપવાનો તેણે ઇન્કાર કર્યો છે. આમાં બ્રિટિશ હિંદીઓને નામે હાલ જે પરવાના છે તેમાં ઉમેરો કરવાનો તો કોઈ સવાલ જ નથી. પરવાનો બદલી આપવાની ના પાડવાના આ અધિકારીએ આપેલાં કારણો એટલાં મૂર્ખાઈભરેલાં, મનસ્વી, અન્યાયી અને નિર્દય છે કે ઉપરોક્ત હેવાલમાં તે છપાયાં છે છતાં તે અહીં ફરીથી આપવાં ઠીક થશે. પરવાના અધિકારી જણાવે છે કે :

> મારા અભિપ્રાય પ્રમાણે કોઈ ચાલુ પરવાનો ઘણા ભાગીદારોવાળી પેઢીને નામે બદલી આપવો એ મૂર્ખાઈ છે. કારણ કે વ્યક્તિગત માલિકીની પેઢી માલિક મૃત્યુ પામે કે નિવૃત્ત થાય એટલે બંધ થાય છે; પણ આ વેપારીઓની કંપનીના વારસ તો હંમેશાં ચાલુ રહેશે, કારણ સભ્યો જઈ શકે છે તેમ આવી પણ શકે છે. અને તેઓમાંના ઘણાખરા સભ્યો કંપનીમાં બહુ નાનો હિસ્સો ધરાવતા દેખાય છે.

કોઈ પેઢીના વારસ ચાલુ રહે તેની વિરુદ્ધ કોઈ પરવાના અધિકારીએ શું કહેવાનું હોય એ અમે સમજી શકતા નથી. અલબત્ત અહીં પ્રસ્તુત અધિકારી મિ. મૉલિન્યૂક્સ ફક્ત હિંદી વેપાર-ધંધાનો ઉલ્લેખ કરી રહ્યા છે જેમાં પોતાનાથી જ્યારે પણ શક્ય હોય અને જેટલી શક્ય હોય તેટલી કાપકૂપ કરવાની તેમણે પોતાની ફરજ માની છે. તેમણે એક એવો સિદ્ધાંત પણ ભારપૂર્વક સમજાવ્યો છે કે બધો હિંદી વેપાર હાલના તેના માલિક મૃત્યુ પામે કે નિવૃત્ત થાય એટલે બંધ થવો જોઈએ. આમ તેમનો ઇરાદો આ પેઢીઓને એવી ફરજ પાડવાનો છે કે તે પોતાનો વેપાર વેચી

૧. મેસર્સ નાતાલ ઇન્ડિયન ટ્રેડર્સ લિ. કંપનીએ, ડી. કે. પટેલનો વેપારી પરવાનો પોતાને નામે કરી આપવાનો પરવાના અધિકારીએ ઇન્કાર કર્યો તેની સામે, ડરબન ટાઉન કાઉન્સિલ સમક્ષ અપીલ કરી હતી. પરવાના અધિકારીએ પોતાના નિર્ણયને એશિયાઈ વેપારીઓની વેપારની હરીફાઈ વિરુદ્ધ ગોરાઓના આત્મરક્ષણના અધિકારની દલીલ કરીને વાજબી ઠરાવ્યો હતો. તેણે એવી દલીલ કરી હતી કે વ્યક્તિને આપેલો પરવાનો વ્યક્તિ મૃત્યુ પામે કે નિવૃત્ત થાય તેની સાથે બંધ થાય છે, જ્યારે ભાગીદારોવાળી પેઢીને વારસાનો કાયમનો અધિકાર રહે છે. કાઉન્સિલે પરવાના અધિકારીનો નિર્ણય મંજૂર રાખ્યો હતો. ઇન્ડિયન ઓપીનિયન, ૬-૫-૧૯૧૧.

Gandhi Heritage Portal

દે અને એ રીતે ભારે ખોટ ભોગવે. આ અધિકારીએ કાઉન્સિલમાં ભાષણ કર્યું. પરવાના અધિકારીઓને આ રીતે કાઉન્સિલમાં એકપક્ષી વલણ લઈને બોલવા દેવામાં આવે અને તેઓ તે પક્ષનો બચાવ કરે એ એક અજબ કાર્યપ્રણાલી છે એટલું કહેવાવું જોઈએ. ઉપરોક્ત અધિકારી શ્રી મૉલિન્યૂક્સે ભાષણમાં આત્મરક્ષા એટલે કે ડરબનના યુરોપિયનોની આત્મરક્ષાની દલીલ કરીને પોતાના આપખુદ કાર્યને વાજબી ઠરાવવાનો પ્રયત્ન કર્યો. આટલી હદે ખોટી રીતે રજૂ કરાતા સિદ્ધાંતનો ગમે તે અર્થ થતો હોય, પરંતુ આ કંપનીની મોટા ભાગની ઘરાકી આખરે હિંદીઓની જ છે, એ હકીકતની આ અધિકારીએ આ દાખલામાં પૂરી ઉપેક્ષા કરી છે. હું તો એટલી જ આશા રાખી શકું કે આ કંપનીના ૪૮૦ સભ્યો કંપનીની શરૂઆતમાં જ તેને ગૂંગળાવીને મારી નાંખવાના પ્રયત્નને ચૂપચાપ સહન નહીં કરે અને દરેક સભ્ય તેવા પ્રયત્નને પોતાના વ્યક્તિગત અધિકાર પરના માત્ર કાયર હુમલા તરીકે જ નહીં પણ સંઘરાજ્યમાં સ્થિર થઈને રહેતા બ્રિટિશ હિંદી તરીકેના પોતાના સ્વમાન પરના હુમલા તરીકે ગણીને તેનો વિરોધ કરશે.

[મૂળ અંગ્રેજી]

ઇન્ડિયન ઓપીનિયન, ૨૦–૫–૧૯૧૧

૭૦. ગૃહમંત્રીને પત્ર[1]

મે ૨૦, ૧૯૧૧

સાહેબ,

મારા તા. ૧૯મીના કાગળના[2] જવાબમાં ઉપરની તારીખનો તમારો જવાબ મળ્યો તેની પહોંચ માનપૂર્વક સ્વીકારું છું. તારથી જવાબ આપવાની માગણીને ઝપાટાબંધ આદર કરવા માટે અને દેખીતા નિખાલસપણા માટે હું મારો આભાર જાહેર કરવા રજા લઉં છું.

મુદતી નિવેડો સ્વીકારવાને ઍસોસિયેશન તરફથી મને સત્તા આપવામાં આવી છે; અને તે સ્વીકારતાં એટલું કહેવાનું છે કે તા. ૨૦મી એપ્રિલ સુધી મારી અને જનરલ સ્મટ્સના સેક્રેટરીની વચ્ચે ચાલેલા કાગળો પછી જે પત્રવ્યવહાર થયો છે, તે ઉપર કહેલા મારા કાગળમાંની[3] માગણીઓનો કાંઈ અંશે અનાદર કરતો નથી, એવો તેનો અર્થ કરવાનો છે.

સમાધાનીની રૂએ જેઓ રાહત માટે હકદાર થશે, તેમની તપસીલ હાલ તૈયાર કરવામાં આવે છે, અને તે વહેલી મોકલવામાં આવશે.

હજુ જેલ ભોગવતા સત્યાગ્રહીઓનાં નામ નીચે મુજબ છે :

સી. એફ. જે. ફ્રેંક, લી કૉંગ, લુક નાન ડિક્સન, હો લાઉ, સામ યેાં, ચેાંગઆહ કી, વો કીમ, આહ વાઈ, ઈસ્માઈલ ઈસાક, અને લુઈ બેન્જામિન. તેઓ ફૉર્ટમાં અથવા ડીપક્લુફમાં છે.

૧. ગૃહખાતાના કામચલાઉ સેક્રેટરીએ તેના ૨૨ મે, ૧૯૧૧ના જવાબમાં (ઍસ. ઍન. ૫૫૩૯) જણાવ્યું કે ગૃહમંત્રી, "આપના પત્રમાં આપેલી ચાદી, જે વો કીમ અને આહ વાઈ બાબતમાં આપના ટેલિફોન પરના સંદેશા પ્રમાણે સુધારવામાં આવી છે, તેમાં જણાવેલા એશિયાઈઓને તરત છોડી દેવાના હેતુથી ન્યાયમંત્રી સાથે પત્રવહેવાર ચલાવી રહ્યા છે" તેમણે આગળ જણાવ્યું, "અલબત્ત એવું સમજવામાં આવ્યું છે કે પોતાના રજિસ્ટ્રેશન સર્ટિફિકેટનો નાશ કરનારા એશિયાટિકો તેની જરૂરી બીજી નકલ માટે અરજી નહીં કરે".

૨. અને ૩. જુઓ "ગૃહમંત્રીને પત્ર", પા. ૯૬.

Gandhi Heritage Portal

તેમને છૂટા કરવાનો દિવસ મને જણાવશો તો આભારી થઈશ, કે જેથી તેમને ત્યાંથી લાવવા વાહનના સંબંધમાં ગોઠવણ કરી શકાય.

કેળવાયેલ સત્યાગ્રહીઓને કેવું પ્રમાણ[૧] આપવું તેનો નમૂનો આ સાથે મોકલવા હું હામ ભીડું છું. તમને માલૂમ પડશે કે દરેક અરજદારે જાતે પોતાની અરજી લખી છે. તેની નીચે તે કબૂલ રાખવામાં આવેલ છે, એવી નોંધ કરવાથી તે ધરાવનાર માટે પૂરતું રક્ષણ મળ્યું ગણાશે. જો જરૂર જણાય તો અરજદારના અક્ષરમાં અરજીની બીજી નકલ લઈ મુલ્કીખાતાની ફાઈલમાં રાખી શકાશે.

છેવટમાં આ બાબતમાં માનવંતા પ્રધાને જે સુલેહકારી વલણ બતાવ્યું છે તે માટે મારે ઍસોસિયેશનનો આભાર જાહેર કરવાનો છે, અને એવી આશા બતાવવાની છે કે એશિયાટિકોને આવડો ભોગ આપવો પડ્યો છે તે લડત ફરીથી જગાડવાને હવે કોઈ કારણ આપવામાં આવશે નહીં.

[મૂળ ગુજરાતી]

ઇન્ડિયન ઓપીનિયન, ૨૭–૫–૧૯૧૧

૭૦(૧). નાતાલનો લાઇસન્સનો કાયદો

આ કાયદો આપણને હંમેશાં હેરાનગતિ પહોંચાડનારો છે. તેનો અમલ ઘણી વેળા દુઃખદાયક નીવડે છે. તાજો દાખલો કૉલોનિયલ બૉર્ન ઈન્ડિયનોએ કાઢેલી કંપનીનો છે. તે કંપનીને નામે પુરાણું લાઇસન્સ ફેરવી આપવાની લાઇસન્સ અમલદારે ના પાડી છે. આ જુલમની સીમા છે. કંપનીને ના પાડવાનું કારણ બતાવ્યું છે તે બેહૂદું, જુલમી અને ઉદ્ધત છે. અમલદાર બતાવે છે કે જો કોઈ માણસના નામનું લાઇસન્સ હોય તો તે માણસના મરણ પછી તેનું કામ બંધ થાય પણ કંપનીના નામનું લાઇસન્સ તો હંમેશાં ચાલે તેથી તેણે ના પાડી છે. આવી દલીલ માત્ર હિંદીના કામને વિષે જ આપવાની હિંમત અમલદારની ચાલી શકે. જો લાઇસન્સ ગોરાના નામનું હોય તો એવો સવાલ ન જ ઊઠી શકે. વળી ઉપર મુજબ કારણ બતાવી અમલદારે એમ જણાવ્યું છે કે હિંદી મરણ પામે પછી તેની દુકાનનાં લાઇસન્સ તે બીજા કોઈને નહીં આપે. એટલે કે છેવટે હિંદી બિઝનેસ માત્ર જો તેનાથી બને તો તે બંધ કરે. આવો જુલમ આ કંપની સહન નહીં કરે એવી અમને ઉમેદ છે અને એવો જુલમ કોમથી પણ ન દેખી શકાય એમ અમે ધારી લઈએ છીએ.

અમલદારે પોતાના ભાષણમાં જે ટીકા કરેલી તે પણ તેનાં કારણોના જેવી બેહૂદી હતી અને તેની ઉપરથી ઘડો લેવા જેવું છે.

[મૂળ ગુજરાતી]

ઇન્ડિયન ઓપીનિયન, ૨૦–૫–૧૯૧૧

૧. પ્રમાણપત્ર; એ મળતું નથી.

Gandhi Heritage Portal

૭૧. સૂચવાયેલા પ્રતિનિધિમંડળ માટેનું નિવેદન

[મે ૨૦, ૧૯૧૧ પછી][1]

બ્રિટિશ હિંદી પ્રતિનિધિમંડળનું જનરલ સ્મટ્સને નિવેદન

કંટાળાજનક હિંદી સવાલ બાબત જનરલ સ્મટ્સ અને શ્રી ગાંધી વચ્ચે થયેલા પત્ર-વ્યવહારમાં[2] દર્શાવેલા કામચલાઉ સમાધાનને પ્રતિનિધિમંડળ આવકારે છે અને જનરલ સ્મટ્સને તેમના ઉદાર અને સમાધાનકારક વલણ બદલ ધન્યવાદ આપે છે.

પરંતુ પ્રતિનિધિમંડળ નીચેની બાબતો તરફ જનરલ સ્મટ્સનું ધ્યાન સાદર દોરે છે:

(૧) કેળવાયેલા છ કે સાત સત્યાગ્રહીઓ, જેઓ હાલ ટ્રાન્સવાલમાં છે, પણ કાયદા મુજબ રજિસ્ટર થઈ શકતા નથી, તેમને કાયમના રહેવાસી[3] તરીકે આ પ્રાંતમાં રહેવા દેવામાં આવશે. આ વાતથી જોકે પ્રતિનિધિમંડળ ખુશ થયું છે, છતાં તેમને લાગે છે કે અમુક કેળવાયેલા હિંદીઓ જેમની વિશ્વાસુ કારકુન અને મદદનીશો તરીકે જરૂર હોય તેમને પણ એવી જ સગવડ આપવામાં આવશે. પ્રતિનિધિમંડળના અભિપ્રાય મુજબ આની ખૂબ જરૂર છે. હમણાં થોડા જ દિવસ ઉપર, એક પ્રતિષ્ઠિત વેપારી, શ્રી અમીર સાહેબને, બીમારીને કારણે પોતાની ગેરહાજરી દરમ્યાન, પોતાના ધંધા માટે જરૂરી મદદનીશ લાવવાની ના પાડવામાં આવી.

(૨) સન ૧૯૦૮ના એશિયાઈ કાનૂન અનુસાર જેઓ યુદ્ધ પહેલાં ત્રણ વરસ સુધી ટ્રાન્સવાલમાં રહ્યાનું પુરવાર કરે તેઓ જ ટ્રાન્સવાલમાં ફરીથી દાખલ થઈ શકે છે. હવે જ્યારે યુદ્ધ પહેલાંનો પોતાનો ત્રણ વરસનો વસવાટ સાબિત કરનારા સત્યાગ્રહીઓને કાયદામાં ઠરાવેલી મુદત દરમ્યાન અરજી નહીં કરી હોય તોપણ, ઉદાર કાયદા મુજબ પોતાના અધિકારોનો ઉપયોગ કરવા દેવાની મહેરબાની બતાવાઈ છે[4] ત્યારે પ્રતિનિધિમંડળ વિનંતી કરે છે કે જેઓ યુદ્ધ પહેલાં ટ્રાન્સવાલમાં ત્રણ વરસ કરતાં ઓછો સમય રહ્યા હોય, પણ યુદ્ધ ફાટી નીકળવાને કારણે

૧. આ નિવેદનમાં ટ્રાન્સવાલમાં જે હિંદીઓનો વસવાટ ત્રણ વરસથી ઓછો હતો તેમનો સવાલ ઉઠાવવામાં આવ્યો છે. એપ્રિલ ૧૯૧૧ની વાટાઘાટમાં એ પ્રશ્ન ઉઠાવવામાં નહોતો આવ્યો અને ગૃહમંત્રીએ ગાંધીજીને લખેલા ૧૯મી અને ૨૦મી મે ૧૯૧૧ના પત્રોમાં જે માગણીઓ સ્વીકારી છે તેમાં પણ તેનો ઉલ્લેખ નથી; જુઓ પરિશિષ્ટ ૫ અને ૬. ખ્યાલ એવો છે કે તેમની બાબતમાં ખાસ વકીલાત કરવાની જરૂર હતી અને એ હેતુ માટે કોઈ પ્રતિનિધિમંડળ મોકલવાની દરખાસ્ત ૨૦મી મે પછી મુકાઈ હોવી જોઈએ. ગમે તેમ હોય, ગાંધીજી અથવા બ્રિટિશ હિંદી સંઘના કોઈ અધિકારીએ સ્મટ્સની મુલાકાત માગી હોય અથવા હિંદી પ્રતિનિધિમંડળ તેમને મળ્યું હોય, એવો કોઈ પુરાવો અમારી પાસે નથી. પણ ગાંધીજીના કાગળોમાંથી આ મુસદ્દો મળ્યો છે અને હિંદીઓ તરફથી તેમણે જાતે વાટાઘાટ કરી હતી તે ઉપરથી આ મુસદ્દો તેમનો હશે એવું માનવાનું વાજબી લાગે છે.

૨. ગૃહમંત્રીને ગાંધીજીએ લખેલા પત્રો માટે જુઓ પા. ૧૦–૧, ૧૫, ૪૩–૪, ૪૯–૫૦, ૫૩–૫, ૬૪–૭, ૭૬–૭, ૯૩, ૯૬ તથા આ પહેલાંનો પત્ર; અને ગૃહમંત્રીના પત્રો માટે જુઓ પરિશિષ્ટ ૧, ૨, ૩, ૪, ૫, ૬.

૩. "જુઓ ગાંધીજીના લેનને પત્રો", પા. ૫૩–૫ અને ૬૪–૭. "ગૃહમંત્રીને પત્ર", પા. ૯૬ તથા પરિશિષ્ટ ૪ અને ૫.

૪. જુઓ "ઈ. એફ. સી. લેનને પત્ર", પા. ૬૪–૭, "ગૃહમંત્રીને પત્ર", પા. ૯૬ તથા પરિશિષ્ટ ૬.

Gandhi Heritage Portal

ટ્રાન્સવાલ છોડી ગયા હોય તેમનો દાવો પણ સ્વીકારવામાં આવે. આ એક ન્યાયી પગલું હશે જેની ખૂબ જ કદર કરવામાં આવશે.

[મૂળ અંગ્રેજી]

ટાઇપ કરેલા મુસદ્દાની છબી પરથી : એસ. એન. ૧૧૧૭

૭૧(૧). ધર્મ અને કેળવણી

આમ બે શબ્દ જ્યાં સાથે મૂકી શકાય ત્યાં જય જ હોય. ધર્મ વિનાની કેળવણી તે રસ વિનાની કેરીના જેમ સમજાય. અને જ્યાં ખરી કેળવણી ન હોય ત્યાં ધર્મની પરીક્ષા ન હોય. અમારા વાંચનાર બીજી જગ્યાએ જોશે કે હમીદિયા ઇસ્લામિક સોસાયટીએ વિલાયતમાં મસ્જિદને સારુ અને અલીગઢમાં ઇસ્લામિક યુનિવર્સિટીને સારુ ફાળો એકઠો કરવાનો ઠરાવ કર્યો છે. આ બંને કામ વખાણવાલાયક છે એમ કહેવાની જરૂર હોય નહીં. વિલાયતમાં હાલ ઘણા મુસલમાનોની વસ્તી છે. ત્યાં એકે મસ્જિદ નથી એ કંઈ થોડી દિલગીરી ન ગણાય. એટલે હવે મસ્જિદ બાંધવાની તૈયારી થાય છે એ તો એક મોડી ફરજ બજાવ્યા જેવું છે. તેમ જ અલીગઢની યુનિવર્સિટી જો ખરા ધોરણ પ્રમાણે ચાલે તો ઉપયોગી થઈ પડે. સમજપૂર્વક કેળવણી અપાય તેનું પરિણામ હિંદુ મુસલમાનમાં એકત્રતા વધવાનું જ આવે. અમે ઉમેદ રાખીએ છીએ કે દરેક મુસલમાન ભાઈ હમીદિયા ઇસ્લામિક સોસાયટીના સાહસને ટેકો આપશે.

[મૂળ ગુજરાતી]

ઇન્ડિયન ઓપીનિયન, ૨૦–૫–૧૯૧૧

૭૨. સત્યાગ્રહીઓને સૂચના[૧]

જોહાનિસબર્ગ,
મે ૨૨, ૧૯૧૧

નીચેના વર્ગના સત્યાગ્રહીઓએ પોતાનાં નામ માનદ મંત્રી, બૉક્સ નં. ૬૫૨૨, જોહાનિસબર્ગ, ને તરત મોકલી આપવા વિનંતી છે.

(ક) જેઓ યુદ્ધ પહેલાં ટ્રાન્સવાલમાં ત્રણ વરસ રહ્યા હોય પણ જેમણે સત્યાગ્રહને કારણે પરવાનો ન કઢાવ્યો હોય.

(ખ) જેઓ બીજી રીતે રજિસ્ટ્રેશનના અધિકારી છે પણ જેમને સત્યાગ્રહને કારણે રજિસ્ટર કરવામાં આવ્યા નથી.

સરકાર સાથે થયેલા કામચલાઉ સમાધાન અનુસાર સરકાર આ લોકોને, તેમની હદપારીની કાયદામાં ઠરાવેલી મુદત વીતી ગઈ હોવા છતાં, રજિસ્ટ્રેશન માટે એશિયાઈ રજિસ્ટ્રારને અરજી કરવાની રજા આપશે, પણ એવી અરજી આવતી ૩૧મી ડિસેમ્બર પહેલાં કરવી જોઈશે.[૨]

૧. આનો મુસદ્દો ગાંધીજીએ તૈયાર કર્યો હોય એવું લાગે છે.

૨. સરકારે સ્વીકાર્યા મુજબનું સમાધાન પરિશિષ્ટ ૫ અને ૬માં આપવામાં આવ્યું છે. હિંદીઓ તરફની ગાંધીજીની માગણીઓ લેન પરના પત્રો પા. ૫૩–૫, ૬૪–૭ અને ૭૬–૭માં છે.

Gandhi Heritage Portal

જેમણે ૧૯૦૮ના ઉદ્દમા કાયદા હેઠળ અથવા ૧૯૦૭ના ૨જા કાયદા હેઠળ રજિસ્ટ્રેશન માટે અરજી કરી હોય અને તે નામંજૂર થઈ હોય, તેમને વિનંતી છે કે તેમણે પોતાનાં નામ મોકલવાં નહીં.

ઉપર જણાવેલા વર્ગના, હાલ હિંદુસ્તાનમાં હોય તેવા સત્યાગ્રહીઓને જેઓ ઓળખતા હોય તેમણે તેમના મિત્રોને તરત પત્ર લખીને આવતી ૩૧મી ડિસેમ્બર પહેલાં રજિસ્ટ્રેશન માટે તજવીજ કરવાની સલાહ આપવી જોઈએ.

પોતાનાં નામ મોકલનારાઓએ (ક) પોતાનાં પૂરાં નામ; (ખ) યુદ્ધ પહેલાંના વસવાટની મુદત અને એવો બીજો હક હોય તો તે; (ગ) સત્યાગ્રહ કર્યાની સાબિતી, જેમ કે જેલમાંથી છૂટ્યાનું પ્રમાણપત્ર અથવા સત્યાગ્રહી હોવાના બીજા પુરાવા; તથા (ઘ) પોતાના દાવાના સમર્થનમાં દસ્તાવેજી અથવા બીજા પુરાવા મોકલવા જોઈએ; (ઙ) જેમણે ૧૯૦૮માં સ્વેચ્છાપૂર્વક અરજી કરી હોય તેમણે વિગતો મોકલવી જોઈશે.

આ અરજીઓ સંઘ તરફથી શકય હોય ત્યારે તૈયાર કરાશે અને ફી લીધા વિના રજિસ્ટ્રારને મોકલાશે. ત્યાર પછી જરૂર પડે તો દરેક અરજદારે અરજીનો નિકાલ થતાં સુધીની કાર્યવાહી પોતાને ખર્ચે અને પોતે કરવી જોઈશે. અરજદારને રજિસ્ટ્રારના ચુકાદા સામે અપીલ કરવાનો સામાન્ય અધિકાર રહેશે.

એ. એમ. કાછલિયા
અધ્યક્ષ
બ્રિટિશ ઈન્ડિયન ઍસોસિયેશન

[મૂળ અંગ્રેજી]
ઇન્ડિયન ઓપીનિયન, ૨૭–૫–૧૯૧૧

૭૩. રૂટરને મુલાકાત

જોહાનિસબર્ગ,
મે ૨૩, ૧૯૧૧

રૂટરના પ્રતિનિધિની મુલાકાતમાં શ્રી ગાંધીએ કહ્યું કે, સમાધાન[૧] અનુસાર આવતી બેઠકમાં ૧૯૦૭નો એશિયાઈ કાનૂન રદ કરવામાં આવશે તેમ જ ઇમિગ્રેશન બાબતમાં કાનૂની સમાનતા પાછી સ્થાપવામાં આવશે. લડત બંધ કરવાના બદલામાં સરકાર દસ સત્યાગ્રહીઓનો, તેમના શિક્ષણને આધારે ટ્રાન્સવાલમાં દાખલ થવાનો અધિકાર સ્વીકારે છે,[૨] અને જે સત્યાગ્રહીઓને[૩] પહેલાં વસવાટનો હક હતો તેમને તે પાછો આપે છે. તે જે સત્યાગ્રહીઓ જેલમાં છે તેમને તરત છોડશે અને શ્રીમતી સોઢાને માફી આપશે.

[મૂળ અંગ્રેજી]
ટાઇમ્સ ઑફ ઇન્ડિયા, ૨૫–૫–૧૯૧૧

૧. "ગૃહમંત્રીને પત્ર", પા. ૯૬; "સમાધાની", પા. ૧૦૭–૯; તથા પરિશિષ્ટ ૫માં વર્ણવેલું કામચલાઉ સમાધાન.

૨. જુઓ પરિશિષ્ટ ૪, ૫, તથા ૬.

૩. સન ૧૯૦૮ની સત્યાગ્રહની લડત દરમ્યાન હદપાર કરવામાં આવેલા અથવા પોતે હિંદુસ્તાન ચાલ્યા ગયેલા ૩૦ હિંદીઓ, તેમ જ જેમણે રજિસ્ટ્રેશન માટે સ્વેચ્છાએ અરજી કરી હતી અને જેમની

Gandhi Heritage Portal

૭૪. એશિયાઈ રજિસ્ટ્રારને પત્ર[1]

મે ૨૬, ૧૯૧૧

એશિયાઈ રજિસ્ટ્રાર
પ્રિટોરિયા

સાહેબ,

આ સાથે ૩૮ ચીનાઓનાં નામની યાદી[2] સામેલ કરું છું. એમને સમાધાનની શરતો મુજબ, અથવા તો કાયદા મુજબ રજિસ્ટ્રેશન માટે અરજી કરવાનો અધિકાર છે. આપ જોશો કે તેમાં કેવળ ૨૬ નામ એવાં છે જે ગૃહખાતાના આ માસની તા. ૧૯મીના પત્રના[3] 'ગ' વર્ગમાં આવે છે.

૧૧ જણ શાંતિ-રક્ષા પરમિટ ધરાવે છે, અને ૧ છોકરો છે જે હજી હમણાં ૧૬ વરસ પૂરાં કરે છે અને અહીં પોતાના પિતા સાથે રહે છે.

યાદીમાં જણાવેલા ૨૬ પૈકી ૨ ડેલાગોઆ બેમાં છે.

ત્રણ મુસલમાનોને[4] પ્રમાણપત્રો આપવાનાં છે તેને માટે નીચેનાં નામો આપવાની મને સત્તા આપવામાં આવી છે: શ્રી કાજી કાલુમિયાં દાદામિયાં, શ્રી ઈસ્માઈલ ઈસપ અને શ્રી રસૂલ સરફુદ્દીન. આમાંના પહેલા બે જણ અંગ્રેજી ભણેલા નથી. પહેલા ભાઈ ઉર્દૂના વિદ્વાન છે અને પહેલા તથા બીજા સત્યાગ્રહીઓ છે. બંને યુદ્ધ પહેલાંના ટ્રાન્સવાલના રહેવાસી છે, પણ ચોકસાઈથી જોતાં કદાચ યુદ્ધ પહેલાંના પૂરા ત્રણ વરસના રહેવાસી નહીં હોય. શ્રી સરફુદ્દીન પાસે શ્રી રૉયપેન અને બીજાઓ જેવું પ્રમાણપત્ર હશે.

અહીં જણાવેલી વ્યક્તિઓ ક્યારે અરજી કરી શકશે તે જણાવવા આપ મહેરબાની કરશો. હું માની લઉં છું કે તેમને જોહાનિસબર્ગમાં અરજી કરવાની સગવડ આપવા આપ મહેરબાની કરશો. મને બે દિવસ પહેલાં ખબર આપશો જેથી આ લોકો પાસે વખતસર તૈયારી કરાવી શકાય.

અરજી નામંજૂર કરવામાં આવી હતી તેઓ (પા. ૭૬–૭). આ બીજા વર્ગના લોકોને અદાલતમાં અપીલ કરવાનો અધિકાર આપવામાં આવ્યો હતો.

૧. લગભગ ચોક્કસ કહી શકાય કે આ પત્રનો મુસદ્દો ગાંધીજીએ તૈયાર કર્યો હતો. આ પત્ર ૨૧મી ઑગસ્ટ ૧૯૧૧ના એક બીજા મુસદ્દા (પા. ૧૬૧–૨) સાથે ગાંધીજીના કાગળોમાંથી મળ્યો છે. આ મુસદ્દાનો વિષય પણ આ જ છે અને તે રજિસ્ટ્રાર પર લખેલો છે. વધારામાં તે ગાંધીજીના હસ્તાક્ષરમાં છે. પરંતુ આ બંને મોકલાયા હતા એ વિષે આપણી પાસે પુરાવો નથી. ઇન્ડિયન ઓપીનિયનમાં પણ એ પ્રસિદ્ધ કરવામાં આવ્યા નથી, જ્યારે આવા પત્રો સામાન્ય રીતે તેમાં પ્રસિદ્ધ કરવામાં આવતા હતા. ગૃહમંત્રીએ પોતાના ૧૯મી મેના પત્રમાં (પરિશિષ્ટ ૫) અહીં જેનો ઉલ્લેખ થયો છે તે યાદી જલદી મોકલવા લખ્યું હતું. ખરું જોતાં એવું અનુમાન કરવાનું વાજબી લાગે છે કે કામચલાઉ સમાધાન વિષેના અને ૧૯૦૭ના ૨ જા કાનૂન કે ૧૯૦૮ના ૩૬મા કાનૂન વિષેના વિશાળ પ્રશ્નો બાબતના પત્રોના મુસદ્દા ગાંધીજીએ તૈયાર કર્યા હતા.

૨. મળતી નથી.

૩. ૪. જુઓ પરિશિષ્ટ ૫.

Gandhi Heritage Portal

સત્યાગ્રહી કેદીઓની જેલમુક્તિ સરળતાથી થાય એ જોવા વિનંતી છે. તેમનામાંના બે જણ આજે મુદત પૂરી થતાં છૂટયા છે. આપને એવી ખાતરી આપવાની ભાગ્યે જ જરૂર હોય કે તેમની જેલમુક્તિ પ્રસંગે અમે કોઈ જાતના દેખાવો કરવા માગતા નથી.

આપનો

[મૂળ અંગ્રેજી]

ટાઈપ કરેલા મુસદ્દાની છબી પરથી : એસ. એન. ૧૫૫૪૧

૭૫. સત્યાગ્રહીઓને

જે સત્યાગ્રહીઓનો ટ્રાન્સવાલમાં વસવાનો અધિકાર માત્ર તેમના સત્યગ્રહને કારણે રદ કરવામાં આવ્યો હોય તેમના સંબંધમાં શ્રી કાછલિયાની સૂચના[૧] તરફ અમે અમારા વાચકોનું ધ્યાન ખેંચીએ છીએ. આ બાબતમાં સમય અગત્યની વસ્તુ છે. આ સૂચના સાથે જેમને સંબંધ છે તેઓ શ્રી કાછલિયાની વિનંતીનો જવાબ આપવામાં ઢીલ નહીં કરે એવો અમે ભરોસો રાખીએ છીએ. વળી અમે એવી આશા પણ રાખીએ છીએ કે જેમણે એશિયાઈ કાનૂનો મુજબ અરજી કરી હોય અને તે નામંજૂર થઈ હોય તેઓ પોતાનાં નામ નહીં મોકલશે.

[મૂળ અંગ્રેજી]

ઇન્ડિયન ઓપીનિયન, ૨૭–૫–૧૯૧૧

૭૬. સમાધાની

જનરલ સ્મટ્સનો છેલ્લો કાગળ સંતોષકારક આવી ગયો છે. હવે ઓછામાં ઓછા આઠ માસ લગી સત્યાગ્રહી નિરાંતે બેસી શકે છે.

સમાધાની શું છે તે જરા જાણીએ. જે કાગળોનો[૨] તરજુમો અમે આપીએ છીએ, તે કાગળોમાં એવું ઘણું છે કે જેથી સાધારણ રીતે વાંચનાર ગૂંચવાડામાં પડે. તે કાગળો પૂરા સમજવાને સારુ ઘણા કાયદાઓ જાણવાની જરૂર છે. પણ હિંદીની મૂળ માગણી શી હતી એ યાદ કરવાથી સમાધાની તુરત સમજી શકાય તેવી છે.

આપણી માગણી પ્રથમ એક જ હતી. તે એ કે ખૂની કાયદો રદ થાય. એ કાયદો રદ ન કરતાં તેના આધારથી ઇમિગ્રેશન કાયદો થયો. એટલે આપણી માગણી થઈ કે ઇમિગ્રેશન કાયદામાં ગોરાના અને હિંદીના એકસરખા હક હોવા જોઈએ. આમ અસલથી આપણી બે માગણી છે. બીજી માગણી વિષે આપણે એમ કબૂલ કર્યું છે કે જોકે કાયદો એકસરખો હોય છતાં અમલ ભેદવાળો કરી શકે છે. આમ અમલ કરતાં ઓછામાં ઓછા છ હિંદી દાખલ થવા જોઈએ, કે જે પરીક્ષા આપીને જ આવી શકે.[૩] આ બંને માગણી સ્મટ્સ સાહેબે ખુલ્લા અને સ્પષ્ટ શબ્દોમાં કબૂલ કરી છે. આટલું મળે તો સત્યાગ્રહીઓ લડત બંધ કરવા બંધાયેલ છે.

૧. જુઓ "સત્યાગ્રહીઓને સૂચના", પા. ૧૦૪–૫.
૨. જુઓ પા. ૫૩–૫, ૬૪–૭, ૭૬–૭ અને ૧૦૧–૨ તથા પરિશિષ્ટ ૧, ૨, ૪, ૫, અને ૬.
૩. જુઓ પુસ્તક ૯, પા. ૩૫૪–૫.

Gandhi Heritage Portal

બીજી જે ચીજો મળી છે તે લડાઈનું અંગ નથી. ઘણી વેળા કહેવાઈ ગયું છે કે જો ઉપલી ચીજો મળે તો જેઓ મિ. સોરાબજી વગેરેની[૧] જેમ નાતાલથી આવ્યા તેઓ પાછા જાય, અને જે સત્યાગ્રહી લડતને લીધે પોતાના હક ખોઈ બેઠા છે તેઓ બેસી રહે.[૨] આમ કરીને આપણે દુનિયાને બતાવી દીધું કે આપણી લડત તદ્દન સ્વાર્થ વિનાની હતી અને માત્ર હિંદના નામને સારુ અને ખરા ધર્મને સારુ હતી. એવો સંભવ હતો કે કોમની સાથે મસલત કર્યા વિના સરકાર આપણું માગેલું આપણી તરફ ફેંકત. જો આમ થાત તો આપણે ઉપલા અંગત હકો જતા કરવા પડત. પણ કહેવત છે કે 'જેને ખુદા રાખે તેને કોઈ ન ચાખે.' આપણી લડત ખુદાને નામે શરૂ થયેલી તેમાં તે સદાય મદદે રહેલો છે. તેણે અંગત હકોનું પણ જતન કર્યું અને જનરલ સ્મટ્સને એવી સ્થિતિમાં મૂકી દીધા કે તેને સત્યાગ્રહીની મદદ વિના ન ચાલ્યું. તેનાથી સત્યાગ્રહીને સંતોષ થાય એવું બિલ ગઈ પાર્લમેન્ટમાં પસાર ન થઈ શકયું. ઈમ્પિરિયલ કૉન્ફરન્સ, કૉરોનેશન વગેરેને લીધે સત્યાગ્રહની લડત મોકૂફ રહે એવું તેણે ઈચ્છયું.[૩] આવી ઈચ્છા પાર પાડવામાં તેને સત્યાગ્રહીની મદદની જરૂર જણાઈ. આવો અવસર આવે એમ કોઈએ નહોતું ધાર્યું. આમ મદદ માગતાં તેઓ સાહેબને સાટું કરવાની ફરજ પડી, અને તેમ કરતાં નાતાલથી આવેલા સાત કેળવાયેલા છેવટ સુધી ટકેલા સત્યાગ્રહીના હક સચવાયા અને હકદાર સત્યાગ્રહી જેઓના હક ડૂબી જતા હતા તે બચ્યા, રંભાબાઈ સોઢાને જેલ જવાનું ટળ્યું, અને જેઓ જેલમાં છે તેઓ છૂટશે.[૪] સમાધાનીનો બીજો ભાગ જે ગૂંચવાડાભરેલો લાગે છે તે આ છે. તેમાં પણ મુખ્યત્વે કરીને સત્યાગ્રહી કોને ગણવા, કોના હક ડૂબતા હતા અને તે કઈ રીતે બચાવવા તે બાબતનો પત્રવ્યવહાર[૫] કાયદાની બારીકીઓથી ભરેલો છે. તે બધાની મતલબ તો એ જ છે કે એક પણ સત્યાગ્રહીનો ટ્રાન્સવાલમાં રહેવાનો હક જો અગાઉ હશે તો હવે ડૂબશે નહીં.

આવી આ જીત છે. કોમની સમતાનું, કોમની બહાદુરીનું, આણ્યું ફળ ઈશ્વરે આપ્યું છે. આ ફળને જોઈ હિંદી કોમ હંમેશાં સત્યાગ્રહ ઉપર, એટલે ઈશ્વરના બળ ઉપર વિશ્વાસ રાખતાં શીખે એવું અમે માગીએ છીએ. કેટલાક હિંદીએ કહ્યું છે અને લખ્યું છે કે સરકારની સામે

૧. સોરાબજી કેળવાયેલા હિંદીઓના ટ્રાન્સવાલમાં પ્રવેશવાના અધિકારની વકાલાણી કરવા ટ્રાન્સવાલમાં દાખલ થયા હતા અને તેમના પર ત્રણ વાર કેસ ચાલ્યો હતો. જુઓ પુસ્તક ૮, પા. ૩૨૭–૮, ૩૩૫–૮, અને ૩૫૫–૬.

૨. સ્મટ્સ અને હિંદીઓ વચ્ચે સમાધાન થયા પછી ૧૦ ફેબ્રુઆરી ૧૯૦૮ને રોજ હિંદીઓએ સ્વેચ્છાએ પરવાના કઢાવવા શરૂ કર્યા હતા. જુઓ પુસ્તક ૮, પા. ૩૭–૯ અને ૪૦–૧. પાછળથી હિંદીઓએ એવો દાવો કર્યો કે સ્મટ્સ સમાધાનનો અમલ કરવામાં નિષ્ફળ ગયા છે અને તેમણે ૩૦મી મેને રોજ સત્યાગ્રહ ફરી શરૂ કરવાનો નિર્ણય કર્યો. જુઓ પુસ્તક ૮, પા. ૨૫૮–૯. ટ્રાન્સવાલની કુલ હિંદી વસ્તી જે આપેલી પરમિટોની સંખ્યા પરથી ૧૩૦૦૦ (પુસ્તક ૬, પા. ૧–૨ તથા પુસ્તક ૮ પા. ૩૨૧–૨.), વસ્તી-ગણતરી પરથી ૧૦૦૦૦ (પુસ્તક ૬, પા. ૧–૨), અને ગાંધીજીના અંદાજ મુજબ ૯૦૦૦ની હતી તેમાંથી (જુઓ પુસ્તક ૮, પા. ૩૨૧–૨), ૮૭૦૦ જણે ૬મી મે સુધીમાં રાજીખુશીથી નોંધણી માટે અરજી કરી હતી. અહીં જે લોકો સ્વેચ્છાએ નોંધાવા માટે નક્કી થયેલી છેલ્લી તારીખ, ૬મી મે સુધીમાં એક કે બીજે કારણે નોંધણી કરાવી શકયા નહોતા તેમનો ઉલ્લેખ છે.

૩. જુઓ "એલ. ડબ્લ્યુ. રિચને પત્ર", પા. ૫૦–૧ તથા પરિશિષ્ટ ૨.

૪. જુઓ ગાંધીજીના "ઈ. એફ. સી. લેનને પત્રો", પા. ૫૩–૪ અને ૬૪–૭ અને પરિશિષ્ટ ૪.

૫. આ પત્રવ્યવહાર ૨૭–૫–૧૯૧૧ના ઇન્ડિયન ઓપીનિયનમાં "સમાધાન થઈ ગયું : મંત્રી અને શ્રી ગાંધી વચ્ચે પત્રવ્યવહાર" એ શીર્ષક હેઠળ પ્રસિદ્ધ થયો હતો.

Gandhi Heritage Portal

થવું એ ભીંતને પાટુ મારવા બરોબર છે. અથવા તો સૂરજ ઉપર ધૂળ ફેંકવા બરોબર છે. આ બંને કહેવતો આપણી ભાષામાં વપરાય છે. તેમાં સમજવાનું બેશક રહેલું છે. તે બંને કહેવતો વધારે સારી રીતે "બળિયા સાથે બાથ ન ભીડીએ" એમાં સમાયેલી છે, અને આપણે આપણું શરીરબળ અજમાવવા ચાહીએ તો એ કહેવત લાગુ પડે છે. પણ જે માણસ અથવા કોમ મરણિયા બને છે અને ઈશ્વરની સહાય ખરેખરી માગી સત્યને વળગી રહે છે તેને એ કહેવત લાગુ પડતી નથી. તે તો સામા પક્ષને લાગુ પડે છે. જેના પક્ષમાં ઈશ્વર હતો એવા હિંદીની સામે થઈ જનરલ સ્મટ્સે બળિયા સાથે બાથ ભીડી હતી. મોઝિઝની સામે મહાન ફેરોન થયા તેમાં તેણે સૂરજ ઉપર ધૂળ ઉડાડી, કેમ કે મોઝિઝે ફેરોનની સામે ઈશ્વરી બળ વાપર્યું હતું. ડેનિયલ એકલો મીડના રાજાની સામે ઈશ્વરી બળ વડે થયો હતો. બાળવયના પ્રહ્લાદે મહાન હિરણ્યકશિપુની સામે હામ ભીડી હતી. આવા સેંકડો ઐતિહાસિક દાખલા નીકળી આવે છે. તેવો જ દાખલો સત્યાગ્રહીનો છે. શરત એક જ છે. સત્યની લડત હોવી જોઈએ. અસત્યનો બેલી ઈશ્વર નથી. સત્ય ત્યાં શૌર્ય છે, સમતા છે, દુઃખની સહનશીલતા છે, અને અટ્રેપતા છે. સત્ય ત્યાં સદાય જીત છે.

"એ તો બધું ઠીક છે પણ આપણને માગ્યું મળ્યું એમ કેમ કહેવાય? એ તો સ્મટ્સ સાહેબ પોતાનું વચન પાળે ત્યારે ગણાય." આમ સવાલ થવાનો સંભવ છે. સહેજ વિચારતાં માલૂમ પડશે કે આ શંકા બરોબર નથી. ખરું જોતાં આપણી લડત જનરલ સ્મટ્સની સાથે આજ લગી હતી. આપણી ધરણાની આડે તે એક મોટા પહાડની માફક હતા. તે પહાડ આપણે ઓળંગી ગયા છીએ. તેણે તો ચોખ્ખું વચન આપ્યું છે કે તેઓ સાહેબ આવતે વરસે આપણું માગેલું આપવાનો કાયદો દાખલ કરશે.[૧] આમ જ્યારે કહે ત્યારે આપણે લડત મોકૂફ રાખવા બંધાયેલા જ હતા.[૨] સત્યાગ્રહની લડત એ ઢાલ છે. જ્યારે ઘાવ પડે ત્યારે જ આપણે ઢાલ ધરીએ છીએ. જ્યારે ઘાવ બંધ થાય ત્યારે આપણે ઢાલ કોરે મૂકીએ છીએ. આવતે વરસે જો કાયદો પાસ ન થાય તો આપણે ઘણે ભાગે લડવું પાર્લમેન્ટની સામે રહેશે. પણ પાર્લમેન્ટ અથવા તો જનરલ સ્મટ્સ જેની સામે લડવું પડે તેની સાથે આપણે તે જ હથિયાર વડે લડી શકીએ છીએ. જનરલ સ્મટ્સની "ના" હતી તે તો હવે દેખીતી "હા" થઈ છે. આ વેળા જનરલ સ્મટ્સથી એમ કહેવાય તેમ નથી કે તેણે અમુક વચન નહોતું આપ્યું. ગઈ વેળા લેખિતવાર વાત હતી, તે ગર્ભિત હતી. તેમાંથી તે બેવડા અર્થ કાઢવા મથતા હતા. તેવું મથન પણ આ વેળા થાય તેવું રહેલું નથી. જેઓ એમ માને છે કે કૉન્ફરન્સ વગેરેને અવસરે સમાધાની નહોતી કરવી જોઈતી, તેઓ કાં તો સત્યાગ્રહ શું છે તે સમજતા નથી અથવા તો ટ્રાન્સવાલના સત્યાગ્રહીઓનો ને તેઓની હિંમતનો ભરોસો કરતા નથી. સત્યાગ્રહીની કસોટી કાઢવી હજુ બાકી હશે, તો તેઓ આવતે વરસે કસોટીએ ચઢશે અને તેઓનો કસ જગત જોશે. અત્યારે તો તેઓ મુકામસર પહોંચી આરામ લેવાને લાયક નીવડ્યા છે.

[મૂળ ગુજરાતી]

ઇન્ડિયન ઓપીનિયન, ૨૭–૧–૧૯૧૧

૧. જુઓ પરિશિષ્ટ ૪.

૨. તા. ૨૭–૪–૧૯૧૧ની બ્રિટિશ હિંદી ઍસોસિયેશનની સભામાં, જુઓ "ઈ. એફ. સી. લેનને પત્ર", પા. ૬૪–૭, અને "જોહાનિસબર્ગનો પત્ર", પા. ૭૪–૫.

Gandhi Heritage Portal

૭૭. સત્યાગ્રહીઓને

મિ. કાછલિયાની સહીવાળી જાહેરખબર[૧] તરફ અમે દરેક સત્યાગ્રહીનું ધ્યાન ખેંચીએ છીએ. જે સત્યાગ્રહીઓના ડૂબી જતા હક સમાધાનીથી સચવાયા છે તેઓએ તુરત ઍસોસિયેશનને માગેલી હકીકત મોકલી દેવાની જરૂર છે. તેવા કોઈ હિંદુસ્તાનમાં રહેલા હોય તેને પણ ખબર આપી દેવાની જરૂર છે. જેઓ અરજી કરીને લડત દરમિયાન ખૂની કાયદાને[૨] અથવા તો નં. ૩૬ના[૩] કાયદાને શરણ થયા છે તેઓએ પોતાનાં નામ ન મોકલવાની અમે ભલામણ કરીએ છીએ. તેવી અરજી કરેલી છે એ વાત ઢાંકીને જો કોઈ હિંદી પોતાનું નામ મોકલશે તો તેથી કોમની તેમ જ તેની પોતાની હાંસી થશે. તેવા માણસની અરજી રજિસ્ટ્રાર પાસે અગાઉ ગઈ હશે તો તે તુરત જણાઈ આવશે ને નામ મોકલનાર રજિસ્ટર નહીં થઈ શકે.

[મૂળ ગુજરાતી]

ઇન્ડિયન ઓપીનિયન, ૨૭–૫–૧૯૧૧

૭૭(૧). જોહાનિસબર્ગનો પત્ર

સમાધાની

સમાધાની થઈ તેનો ટૂંકામાં ટૂંકો સાર નીચે પ્રમાણે ગણી શકાય:

૧. ખૂની કાયદો રદ થશે.

૨. ઇમિગ્રેશનના કાયદેસર એકસરખા હક મળશે.

૩. છતાં અમલ એવો થશે કે ટ્રાન્સવાલમાં દર વરસે ૬ કરતાં વધારે ભણેલા નહીં આવી શકે. કેળવણીની કસોટીની હદ નથી બાંધી.

૪. હાલ સત્યાગ્રહ મોકૂફ રાખવાના અવેજમાં મિ. સોરાબજી વ. સાત સત્યાગ્રહીને આ વરસને સારુ ઇમિગ્રન્ટ ગણવામાં આવશે. તેવા જ હક બીજા ત્રણ ભણેલા મુસલમાનને મળશે.

૫. જેઓ લડતને લીધે પોતાના હક મુદત જવાથી ગુમાવી બેઠા છે તેને રહેણાકના હક પાછા મળશે.

૬. જૂજ રહેલા સત્યાગ્રહી કેદીઓ છૂટશે.

૭. રંભાબાઈને તેના કેસમાં કોર્ટમાં આપણી હાર થયા છતાં જેલ જવું ન પડ્યું.

શું થશે

કાયદો નવો આવતા વરસની શરૂઆતમાં થવાનો સંભવ છે. તે કાયદો કેવો થશે તેનો આધાર આ આઠ માસમાં હિંદી જેવી વર્તણૂક ચલાવશે તેની ઉપર આધાર રાખશે. જો હિંદી

૧. જુઓ "સત્યાગ્રહીઓને સૂચના", પા. ૧૦૪–૫.
૨. સન ૧૯૦૭નો કાનૂન ૨, એશિયાટિક રજિસ્ટ્રેશન કાનૂન.
૩. સન ૧૯૦૮નો, એશિયાટિક રજિસ્ટ્રેશન સુધાર કાનૂન.

Gandhi Heritage Portal

એકત્ર રહેશે, મજબૂત રહેશે, અને કંઈ પણ દગો થાય તો સત્યાગ્રહ ધારણ કરવા તૈયાર થશે એવું સરકારને જણાશે તો દગો નહીં થાય, એટલું જ નહીં પણ જે કાયદો ઘડાશે તે ઠીક જ ઘડાવાનો.

નાતાલ અને કેપ

નાતાલ અને કેપને હવે શાંતિ મળી છે. કેવો કાયદો આવત એ તેઓ જાણી શકયા છે. તેઓના હક ઉપર હાથ ન પડે તેવું હવે કરવું એ તેઓનું કામ છે. સત્યાગ્રહીની વતી તો સરકારને ખબર મળી છે કે જે કાયદો તેઓની માગણી કબૂલ રાખવાને સારુ પસાર કરવામાં આવે તે કાયદે બિલકુલ ચાલુ હક ખેંચાવા ન જોઈએ. આવી માગણી છતાં જો નાતાલ અને કેપ ગફલતમાં રહે તો બેશક થપ્પડ ખાઈ બેસે. તેઓને સત્યાગ્રહી મદદ કરી શકે. પણ તેઓએ સત્યાગ્રહીની ઉપર આધાર રાખી બેસી રહેવાનું નથી.

કેળવાયેલાનું શું?

જે છૂટથી કેળવાયેલા આવી શકતા હતા તેટલી જ છૂટથી કેળવાયેલા હવે નાતાલ અથવા કેપમાં આવે એ બનવાજોગ નથી. આ બાબત આપણે મહેનતથી એટલું કરી શકીએ છીએ કે ખપ આવતા હિંદીને હિંદથી બોલાવી શકાય. બીજા બધા હકો બરોબર જાળવી શકાશે અને તેમ થશે તેનો જશ સત્યાગ્રહીને મળવો જોઈએ એમ હરકોઈ જોઈ શકે એવી આ સમાધાની છે.

ઉઘરાણું

મિ. કાછલિયા તથા મિ. સોરાબજી કલાકર્સડૉર્પ તરફ મિ. પોલાકના ખર્ચ બાબત ઉઘરાણું નીકળ્યા છે. મિ. થંબી નાયડુ, મિ. સોરાબજી તથા મિ. મેઢ પ્રિટોરિયે ગયા છે.

કંઈક શરમ

મારા સાંભળવામાં આવ્યું છે કે ઉઘરાણું કરનારને કોઈ એવો જવાબ આપે છે કે મિ. પોલાક પોતાની સ્ત્રીને મળવા ગયા છે તેમાં અમે શાને પૈસા આપીએ? આ કંઈ આપણને થોડી શરમની વાત ન ગણાય. મિ. પોલાક પોતાની ધણિયાણીને મળવા અને તેડવાને જ ગયા હોય તોપણ આપણે પૈસા આપવા બંધાયેલા હતા. તેમને એકબીજાનો વિયોગ કોમને ખાતર થયેલો. તે વિયોગ દૂર કરાવવો એ કોમનું કામ છે. એટલે માત્ર તે જ કામને સારુ કદાચ પૈસા અપાયા હોત તોપણ ખોટું નહીં ગણાત. હકીકત તો એવી છે કે મિ. પોલાકને આખા દક્ષિણ આફ્રિકાના કામનો બોજો વિલાયતમાં ને હિંદમાં ઉપાડવાનો છે. મિ. પોલાક ત્યાં જઈ નવરા નથી બેસવાના પણ ગોલ્ડ લૉ (સોનેરી કાયદા) બાબત ચર્ચા કરશે. ૧૮૮૫ના કાયદાની વાત ઉપાડશે અને બીજી પણ ટ્રાન્સવાલની વાત ચલાવશે. તે જ પ્રમાણે નાતાલ અને કેપનું કામ કરશે. ઑકટોબર માસમાં હિંદુસ્તાન જશે ત્યાં પણ તેવું જ કામ કરશે. મિ. પોલાકને પોતાની ઓરતને મળવાનું તેમ જ તેમને અહીં લાવવાનું જ કામ હોત તો તે તો બસેં પાઉન્ડમાં ને ત્રણ માસમાં ઊકલી શકત. પણ આપણે પા. ૩૦૦ જેટલા એકઠા કરીએ છીએ તે તો તેમને એક વરસ વિલાયત તથા હિંદુસ્તાનમાં ગાળવાનું મળે ને આપણી હિમાયત થાય તેથી. વળી મિ. પોલાક જેણે કોમની અમૂલ્ય સેવા કરી છે તેને વિષે આપણે ઉપર પ્રમાણે ન છાજતાં વેણ બોલી જ કેમ શકીએ?

બીજી વાત મારે કાને એ આવી છે કે કેટલાક એમ કહે છે કે હિંદુસ્તાનથી આવેલા પૈસા આ કામમાં વાપરો. આ પણ ભૂલભરેલી વાત છે. હિંદુસ્તાનથી આવેલા પૈસા સત્યાગ્રહી લડતને

Gandhi Heritage Portal

સારુ જ વાપરવા આવેલા છે. તે પૈસાને બીજા કામમાં વાપરવાનું ન જ બની શકે. મિ. પોલાક કંઈ સત્યાગ્રહની લડતને સારુ હવે નથી ગયા. તેને તો બીજી ઈજાઓ છે તે રજૂ કરાવવા મોકલવામાં આવ્યા છે.

આ બધા ઉપર વિચાર કરી સમજુ હિંદી આ કામમાં પોતાના ગજા મુજબ પૈસા ભરી ભાગ લેશે એવી આશા હું રાખું છું.

મિ. રૉયપૅન

મિ. જૉસફ રૉયપૅન સમાધાનીના ખબર મળવાથી ગયે શનિવારે ડરબન ઊપડી ગયા. મિ. રાજકુમાર તેમ જ મિ. રામચરન પણ ડરબન ઊપડી ગયા છે. મિ. હરિલાલ ગાંધી હિંદુસ્તાન ગયા છે. આ બધા સત્યાગ્રહી લડત પાછી શરૂ થાય તો તુરત પાછા આવવાના હેતુથી ગયા છે.

મિ. રતનશી સોઢા તેમના ભાઈના અકાળ મૃત્યુના ખબર મળવાથી હવે તુરત દેશ જશે. તેમના કુટુંબમાં બીજાં મરણ થવાના પણ માઠા સમાચાર આવ્યા છે; પણ લડત મોકૂફ ન રહે તો ન જઈ શકાય એમ પોતાની ધારણા હોવાથી જવાનો વિચાર નહોતા કરતા.

મિ. સોરાબજી તેમનાં બહેનને તથા બીજા તેમના કુટુંબીઓને મળવા દેશ જવાના છે. તેમણે આજ ચાર વરસથી લડતને લીધે જ દેશ જવું મુલતવી રાખેલું.

[મૂળ ગુજરાતી]

ઇન્ડિયન ઓપીનિયન, ૨૭–૧–૧૯૧૧

૭૮. હરિલાલ ગાંધીને પત્ર

ટૉલ્સ્ટૉય ફાર્મ,

વૈશાખ વદ ૧૪ [મે ૨૭, ૧૯૧૧][૧]

ચિ. હરિલાલ,

તમારો ડેલાગોઆ બેથી જતાં પહેલાંનો કાગળ મળ્યો. રામીને[૨] આપણે તદ્દન સ્વદેશી સંસ્કાર પાડીએ એ ઇચ્છવા જેવું છે. એટલે તમે ચૉકલેટ ન મોકલવાનો ઠરાવ કર્યો તે ઠીક કર્યું ગણું છું. છતાં એટલી સાવચેતી આપું છું કે આવી બાબતમાં 'બાપુ આમ ધારે છે વાસ્તે તેમ કરવું' એવું ન કરજો. હું વિચારો બતાવું તેમાં તમને જે પસંદ પડે તે જ અમલમાં મૂકજો. તમે સ્વતંત્ર રીતે વૃદ્ધિ પામો એવું જ હું ઇચ્છું છું. તમારા હેતુ સરસ છે એમ હું જાણું છું. એટલે તમારા વિચારો જ્યાં ભૂલભરેલા હશે ત્યાં તેની મેળે સુધરી જશે.

હજુ સુધી કેદીઓ છૂટયા નથી. પણ છૂટી જશે.[૩]

તમારે રજિસ્ટરની અરજી કરવા વિષેનો મેં તમને તાર[૪] કરેલો. તે પહોંચ્યો જણાતો નથી. તે મેં નાનજી દુલભદાસને ઠેકાણે કરેલો.

૧. આ પત્ર ૧૯૧૧ના મેની અધવચ હરિલાલ આફ્રિકા છોડી ગયા પછી લખાયો હોય એમ લાગે છે. તે વર્ષે વૈશાખ સુદ ૧૪, મેની ૨૭મીએ હતી.

૨. હરિલાલની છોકરી.

૩. જુઓ "એશિયાઈ રજિસ્ટ્રારને પત્ર", પા. ૧૦૬–૭.

૪. મળતો નથી.

Gandhi Heritage Portal

ઇ. ઓ. ત્યાં ધ્યાનપૂર્વક વાંચ્યા કરજો.

નીચેનાં ગુજરાતી પુસ્તકો ખૂબ વાંચવા જેવાં છે : કાવ્ય દોહન, પંચીકરણ, મણિરત્નમાળા, દાસબોધ, શ્રીયોગવાસિષ્ઠ છઠું પ્રકરણ હિંદીમાં તરજુમો છે. કવિ નર્મદાશંકરના ધર્મ વિષે વિચાર,[1] રાયચંદભાઈના લેખોના બે વિભાગ છે તે.

કરણઘેલો વ. પુસ્તકો તો છે જ. તે ગુજરાતી ભાષાની પ્રૌઢતા બતાવનારું પુસ્તક છે. ટેલરનું વ્યાકરણ અને તેણે તેમાં લખેલી પ્રસ્તાવના બહુ જ સરસ છે. પ્રસ્તાવના છે કે તેમાં જ નોખો ગુજરાતી ભાષા ઉપર નિબંધ છે તે હું ભૂલી ગયો છું.

તુલસીદાસજીના રામાયણનો મહાવરો ખૂબ રાખવા મારી ભલામણ છે. ઇન્ડિયન હોમરૂલને છેડે[2] જે ઇંગ્રેજી પુસ્તકોની નોંધ મેં ટાંકી છે તે પુસ્તકોમાંનાં ઘણાંખરાં જોવાલાયક છે. સંસ્કૃત સરસ શીખવાને સારુ મારી એ ભલામણ છે કે તે હંમેશાં પહેલું વાંચજો. ત્યારે જ બધું યાદ રહેશે, ને ગડ બેસશે. પહેલી ચોપડી બરોબર થઈ રહ્યા પછી અધરું નહીં લાગે. પહેલી ચોપડી ખૂબ પાકી કર્યા વિના બીજી હાથ ન લેશો. જે કંઈ સંસ્કૃત શ્લોક હાથમાં આવે તેનો ગુજરાતી અર્થ સમજવા તુરત કોશિશ કરવી.

મને કાગળ વિગતવાર અને નિયમસર લખજો.

બાપુના આશીર્વાદ

[મૂળ ગુજરાતી]

ગાંધીજીના હસ્તાક્ષરમાં લખાયેલા મૂળ પત્રની છબી પરથી : એસ. એન. ૯૫૩૨

૭૯. જી. એ. નટેસનને પત્ર

ટૉલ્સ્ટૉય ફાર્મ,
લૉલી સ્ટેશન, ટ્રાન્સવાલ
મે ૩૧, ૧૯૧૧

પ્રિય શ્રી નટેસન,[3]

કામચલાઉ સમાધાનની ખબર આપવા મેં પ્રો. ગોખલેને જે તાર[4] કર્યો હતો તેમાં તારની હકીકત તમને જણાવવા વિનંતી કરી હતી. આશા છે કે તેમણે તમને એવો જ તાર કરી દીધો હશે. સમાધાન અમારી અપેક્ષા કરતાં આગળ ગયું છે. અમને આશા નહોતી કે અમે વ્યક્તિગત હકો બચાવી શકીશું. એ હકોને હવે પૂરેપૂરું રક્ષણ આપવામાં આવ્યું છે. પણ હજી અમારી મુશ્કેલીઓ પૂરી થઈ નથી. જનરલ સ્મટ્સે આપેલાં વચનો મુજબ કાયદો કરવાનો છે. એ કાયદો કરવામાં આવશે એ વિષે શંકા નથી, સિવાય કે જનરલ સ્મટ્સને પોતાની આબરૂની જરાયે પરવા ન હોય. ભય તે વચનભંગ કરે તેનો નથી, પણ ડોમિસાઈલ હિંદીઓને હાનિ પહોંચાડે એવો

૧. પુસ્તકનું નામ ધર્મવિચાર.
૨. જુઓ પુસ્તક ૧૦, પા. ૬૬.
૩. જી. એ. નટેસન; જી. એ. નટેસન ઍન્ડ કં. મદ્રાસવાળા. તેમણે હિંદી નેતાઓનાં જીવનચરિત્રો પ્રગટ કરેલાં તેમ જ ઇન્ડિયન રિવ્યૂનું સંપાદન કરેલું. ગાંધીજી એમની સાથે નિયમિત પત્રવહેવાર કરતા જુઓ પુસ્તક ૧૦, પા. ૧૦૬, ૧૧૮ અને ૪૭૧ તથા દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહનો ઇતિહાસ, દ્વિતીય ખંડ, પ્રકરણ ૭.
૪. આ તાર ઉપલબ્ધ નથી.

Gandhi Heritage Portal

બીજો કાયદો કરે તેનો છે. એટલે તેમની હિલચાલ પર બારીક નજર રાખવી પડશે. તમે ત્યાં જે અદ્‌ભુત કાર્ય કર્યું છે તે બદલ અમે તમારા કેટલા ઋણી છીએ એ કહેવાની ભાગ્યે જ જરૂર હોય. હું આશા રાખું છું કે જેઓ દક્ષિણ આફ્રિકામાં રહે છે તેમની સ્થિતિ સુધારવા માટેનું આંદોલન તમે ચાલુ રાખશો. તમે ઇન્ડિયન ઓપીનિયન જેતા રહેતા હશો એ વિષે મને શંકા નથી. સામ્રાજ્ય સરકારને તાજેતરમાં કરેલી બધી અરજીઓ[૧] તેમાં પ્રસિદ્ધ કરવામાં આવી છે.

ગિરમીટના સવાલ વિષે પણ તમે જે કામ કર્યું છે તેથી દક્ષિણ આફ્રિકામાં વસતો દરેક હિંદી તમારો આભારી છે.[૨] આ પ્રથાનું ૧૮ વરસ સુધી નિરીક્ષણ કર્યા પછી હું હિંદમાંથી મોકલવામાં આવતા ગિરમીટિયાઓના પ્રશ્ન વિષે બહુ સખત વિચારો ધરાવું છું. એમના માલિકો એમની સાથે સારી રીતે વર્તે એવું કરાવી શકીએ (જોકે એ શક્ય નથી) તોપણ આ પ્રથા મૂળમાં જ ખરાબ છે. ગિરમીટિયાઓની નૈતિક બાબતમાં ભયંકર દુર્દશા થાય છે. ઘણા દાખલામાં પ્રાણીઓ તરીકે તેમની સ્થિતિ સુધરે છે, પણ એકેએક દાખલામાં મનુષ્ય તરીકે તેમની અધોગતિ થાય છે. ગરીબીના ઉપાય તરીકે આ પ્રથા કોઈ રીતે ઉપયોગી નીવડી નથી. આપણા સૌથી ગરીબ ભાઈઓને લગભગ ગુલામ તરીકે મોકલીને આપણે એક રાષ્ટ્ર તરીકે આપણી પ્રતિષ્ઠા ગુમાવીએ છીએ. સ્વતંત્ર મનુષ્યોનું કોઈ રાષ્ટ્ર એક ક્ષણ માટે પણ આવી પ્રથા સહન નહીં કરે. તેથી હું આશા રાખું છું કે તમે પહેલાં હિંદ બહાર અને પછી દેશમાં આ પ્રથાનો અંત લાવવા માટે તમારી સર્વ શક્તિથી આંદોલન ચલાવશો. મારું ચાલે તો હું એક પણ હિંદીને ગિરમીટ હેઠળ આસામમાં પણ નહીં મોકલું.

લડત ફક્ત મોકૂફ રાખવામાં આવી છે, એટલે ટૉલ્સ્ટૉય ફાર્મ, તેમાં ઠીક ઠીક ફેરફાર કરીને, ચાલુ રાખવામાં આવશે.

નવેમ્બરની આસપાસ શ્રી પોલાક અને શ્રીમતી પોલાક હિંદ આવશે અને આવતે વરસે જનરલ સ્મટ્સ બિલ રજૂ કરે ત્યાં સુધી ત્યાં જ રહેશે.

અમારા તરફથી તમે જે આટલું બધું કર્યું છે તે બદલ ફરી ફરીને આભાર સાથે.

તમારો સહૃદયી
મો. ક. ગાંધી

[મૂળ અંગ્રેજી]

ગાંધીજીના હસ્તાક્ષરમાં લખાયેલી મૂળ નકલની છબી પરથી : જી. એન. ૨૨૨૪

૧. જુઓ "સંસ્થાન મંત્રીને અરજી", પા. ૬૮–૭૩ તથા "નાતાલના હિંદીઓની વડી સરકારને અરજી", પા. ૮૮–૯૧.

૨. સન ૧૯૧૧ના માર્ચની ૧લી તારીખે મદ્રાસની ઇન્ડિયન સાઉથ આફ્રિકન લીગના આશ્રયે મળેલી જાહેરસભામાં દક્ષિણ આફ્રિકાથી બગીચામાલિકો માટે ગિરમીટિયાઓની ભરતી કરવા આવતા સરદારોને ભરતી કરતા અટકાવવા હિંદી સરકારને વિનંતી કરતો ઠરાવ સર્વાનુમતે પસાર કરવામાં આવ્યો હતો. એ સરદારો ૧૯૧૧ના જુલાઈની ૧લી તારીખે હિંદ સરકારનો એવી ભરતી પર પ્રતિબંધ મૂકતો કાયદો અમલમાં આવે તે પહેલાં દક્ષિણ આફ્રિકાથી આ કામને માટે નીકળ્યા હતા. આ ઠરાવને ટેકો આપતાં જી. એ. નટેસને ગિરમીટના "નૈતિક દૂષણ" વિષે ભાષણ કર્યું અને "આ સરદારો ખોટી માહિતી આપીને મજૂરોની ભરતી કરવા જ્યાં જ્યાં જાય ત્યાં તેમને તેમ કરતા અટકાવવા તેમની પાછળ પડવાની જરૂર પર ભાર મૂક્યો". સરદારો અભણ ગામડિયાઓને પૈસાથી અને નાતાલનું સુવર્ણ દેશ તરીકે કલ્પિત વર્ણન કરીને લોભાવતા હતા અને મદ્રાસમાં ભરતી કાર્યાલયમાં તેમની પાસે કરાર પર સહીઓ કરાવતા હતા. નટેસને આ સરદારો સામે ગામડાંને સાવધ કરતો પરિપત્ર મદ્રાસની આજુબાજુનાં ગામડાંમાં મોકલ્યો હતો. આ પરિપત્ર ઇન્ડિયન ઓપીનિયનમાં ૫–૮–૧૯૧૧ને રોજ પ્રગટ થયો હતો.

Gandhi Heritage Portal

૮૦. જી. એ. નટેસનને પત્ર

૨૧–૨૪ કોર્ટ ચેમ્બર્સ
રિસિક ઍન્ડ એન્ડર્સન સ્ટ્રીટ્સ, કૉર્નર
જોહાનિસબર્ગ,
જન ૨, ૧૯૧૧[૧]

પ્રિય શ્રી નટેસન,

આ પત્ર તમને શ્રી આર. એમ. સોઢાનો પરિચય કરાવવા લખ્યું છું. તમે જાણો છો કે તેઓ એક પક્કામાં પક્કા સત્યાગ્રહી છે. જો તેઓ મુસાફરી દરમિયાન તમારા તરફ આવે તો આપણા નેતાઓ સાથે તેમની ઓળખાણ કરાવશો. જેમના પર ટ્રાન્સવાલ સરકારે જુલમ કર્યો હતો તે પ્રસિદ્ધિ પામેલાં શ્રીમતી સોઢાના એ પતિ છે.

તમારો સહૃદયી
મો. ક. ગાંધી

[મૂળ અંગ્રેજી]
ગાંધીજીના હસ્તાક્ષરમાં લખાયેલા મૂળ પત્ર પરથી : સી. ડબ્લ્યુ. ૩૪૨૨
શ્રી રેવાશંકર સોઢાના સૌજન્યથી

૮૧. ક્રૂગર્સડૉર્પના ચળવળિયા

ક્રૂગર્સડૉર્પમાં હમણાં એક સભા થઈ હતી, તેનો ક્રૂગર્સડૉર્પના એક છાપામાં આવેલો હેવાલ[૨] અમે આ અંકમાં બીજી જગ્યાએ આપ્યો છે. એ સભામાં પ્રાંતીય કાઉન્સિલના સભ્ય મિ. વેન વેયરને ભાષણ આપ્યું હતું. સભામાં બીજા સવાલો સાથે 'કુલીઓ'નો સવાલ પણ ચર્ચાયો હતો. અને 'કુલી' વેપારીઓને મદદ નહીં કરવા જેઓ બંધાય તેઓ જ જેના સભ્ય થઈ શકે એવું એક મંડળ ઊભું કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. અમારા જાણવામાં આવ્યું છે કે, આ મંડળની કમિટીએ એક એવી અરજી તૈયાર કરી છે જેમાં ફેરિયાઓ કે લારીવાળાઓને ગ્રામ-વિસ્તારમાં ન જવા દેવા સરકારને વિનંતી કરવામાં આવી છે. "તેનું કારણ એ કે આ ફરતા વેપારીઓ દેશનું કલ્યાણ કરવાને બદલે વિશેષે કરીને તેને હાનિ જ પહોંચાડે છે."

ક્રૂગર્સડૉર્પ આ રીતે પહેલી જ વાર બહાર પડ્યું છે એવું નથી. પ્રખ્યાત છતાં હવે દેખીતી રીતે બંધ પડેલું ગોરાઓનું મંડળ ('વ્હાઈટ લીગ')[૩] આ નગરમાં જ જન્મ્યું હતું. પણ તેને પોતાના પ્રયાસોમાં જરાયે સફળતા મળી જણાતી નથી. આ એશિયાઈ વિરોધી મંડળો શા માટે

૧. રતનશી એમ. સોઢા ૧૯૧૧ના એપ્રિલની ૨૦મીના કામચલાઉ સમાધાન પછી જૂનની ૨જી તારીખે હિંદ આવવા નીકળ્યા હતા. ઇન્ડિયન ઓપીનિયન, ૧૦–૬–૧૯૧૧.
૨. અહીં આપ્યો નથી.
૩. જુઓ પુસ્તક ૮, પા. ૧૫૫–૬.

Gandhi Heritage Portal

સફળ થતાં નથી? કારણ કે તેમનો પાયો જ સડેલો છે. તેમનો ઉદ્દેશ સ્વાર્થ સાધવાનો છે. અને તેના બધા સભ્યો પોતાનો અંગત સ્વાર્થ શોધી રહ્યા છે. તેમનામાં એક પણ એવો માણસ નથી જે બીજા સભ્યને ભોગે પોતાનો સ્વાર્થ સાધવાની ઇચ્છા નહીં રાખતો હોય. પણ જ્યારે હરીફાઈમાં એશિયાટિક હોય ત્યારે તેને ખુવાર કરવા બધા એક થઈ જાય છે. ફેરીવાળા અને લારીવાળાને પણ ગ્રામવિસ્તારમાં જવા દેવા નહીં જોઈએ એમ કહેતાં આ હરીફ વેપારીઓ શરમાતા નથી. પણ એટલું તો ખાતરીપૂર્વક કહી શકાય કે દૂર દૂરનાં સ્થળોએ રહેનારા જે લોકો પોતાની ઘણી જરૂરિયાતો માટે આ ઉપયોગી ફેરિયાઓ પર આધાર રાખે છે તેઓ તો કહેતા નથી કે તેઓ લાભ કરતાં વિશેષે કરીને હાનિ પહોંચાડનારા છે. ખરું પૂછો તો એટલું સ્પષ્ટ છે કે આ લીગો અને મંડળોની બધી કોશિશ પોતાનો સ્વાર્થ સાધવાની છે. તેઓ પોતાની જાત સિવાય બીજા કોઈના પ્રતિનિધિ નથી. તેમને ચિંતા એટલી જ છે કે હરીફાઈના ક્ષેત્રમાં બીજું કોઈ ન હોવું જોઈએ, જેથી તેઓ વધારે મોટા નફા કરી શકે.

આમ જોઈએ તો આ ચળવળિયાઓથી બહુ ડરવાનું નથી, છતાં બ્રિટિશ ઇન્ડિયન ઍસોસિયેશન બેશક તેમની પ્રવૃત્તિઓ પર સાવધાનીપૂર્વક નજર રાખશે, જેથી નાના નાના પ્રતિષ્ઠિત વેપારીઓના અધિકારો અને તેમનાં ગુજરાનનાં સાધનો છીનવાઈ નહીં જાય.

[મૂળ અંગ્રેજી]

ઇન્ડિયન ઓપીનિયન, ૩–૬–૧૯૧૧

૮૨. સત્યાગ્રહે શું કર્યું?

ઘણાક હિંદીએ કેટલીક વેળા સવાલ કર્યા છે કે સત્યાગ્રહથી શું થયું છે? તેઓની નજરે તો લોકો જેલમાં પિલાયા, દુ:ખ વેઠયું અને અંતે બહુમાં બહુ થયું તો કોઈ ન સમજી શકે તેવા, અને કોઈને ન ઉપયોગમાં આવે તેવા, કાયદામાં એકસરખા હક નવા આવનારાઓને વિષે મળ્યા. તેનું ભારીમાં ભારી પરિણામ એ જ કે દર વરસે આપણને જરૂર ન મળે એવા ભારે ભણેલા ટ્રાન્સવાલમાં[૧] આવશે. આવું સમજનારના ખ્યાલમાં આવે તે સારુ અમે લડતનું ફળ કલમવાર ટાંકી જઈએ છીએ:

૧. હિંદી કોમનું પણ[૨] રહ્યું. "જેનું નાક રહ્યું તેનું બધું રહ્યું," એવી આપણામાં કહેવત છે.

૨. ખૂની કાયદો[૩] તૂટશે.[૪]

૩. આખા હિંદુસ્તાનમાં આપણા દુ:ખને વિષે જાગૃતિ થઈ.[૫]

૧. જુઓ પરિશિષ્ટ ૪ અને ૫.

૨. ૧૯૦૬ના સપ્ટેમ્બરની ૧૧મી તારીખે જોહાનિસબર્ગના એમ્પાયર થિયેટરમાં ભરાયેલી હિંદીઓની જંગી સભામાં આ પણ લેવામાં આવ્યું હતું. તેની મતલબ એ હતી કે હિંદીઓ એશિયાટિક લૉ ઍમેન્ડમેન્ટ ઑર્ડિનન્સને તાબે નહીં થાય. જુઓ પુસ્તક ૫, પા. ૪૫૦–૫.

૩. એશિયાટિક રજિસ્ટ્રેશન કાયદો (૧૯૦૭નો કાયદો–૨).

૪. જુઓ પરિશિષ્ટ ૪ અને ૫.

૫. ટ્રાન્સવાલની લડતના હિંદમાં ઘેરા પ્રત્યાઘાતો પડયા હતા. ૧૯૦૮–૧૯૦૯માં ત્યાં ભરવામાં આવેલી વિરોધ-સભાઓ માટે જુઓ પુસ્તક ૮, પા. ૪૯૩ અને પુસ્તક ૯, પા. ૭૮, ૪૯૭, ૫૧૪ અને ૫૫૯.

Gandhi Heritage Portal

૪. આખી દુનિયાએ આપણી લડાઈને વિષે જાણ્યું અને હિંદીની બહાદુરીની તારીફ કરી.

૫. નાતાલમાં[૧] ગિરમીટિયાને આવતા અટકાવવાનો કાયદો થયો.

૬. નાતાલના લાઇસન્સિંગ કાયદામાં કંઈક પણ ફેરફાર સારો થયો તેમાં સત્યાગ્રહની લડત સહાયભૂત હતી.[૨]

૭. રોડેશિયામાં ટ્રાન્સવાલના જેવો જ કાયદો થયેલો તે નામંજૂર[૩] થયો.

૮. નાતાલમાં ઘણો ખરાબ લાઇસન્સિંગ કાયદો થયેલો તે નામંજૂર[૪] રહ્યો. આમ થવાનું કારણ લડત હતી એ વિષે જેને શંકા હોય તેણે નામંજૂરીનાં કારણ જે વડી સરકારે બતાવેલાં તે જોઈ લેવાં.

૯. આખા દક્ષિણ આફ્રિકામાં ટ્રાન્સવાલના જેવો કાયદો થતો અટક્યો.[૫]

૧. હિંદી રાષ્ટ્રીય મહાસભાએ ડિસેમ્બર ૨૯, ૧૯૦૯ને રોજ ગિરમીટિયા મજૂરોની ભરતી અટકાવવાની માગણી કરતો એક ઠરાવ પસાર કર્યો. ૧૯૧૦ના ફેબ્રુઆરીની ૨૫મીએ ગોખલેએ એ મતલબનો ઠરાવ હિંદી વિધાનસભામાં રજૂ કર્યો અને તે સર્વાનુમતે પસાર થયો. ગોખલેનો ઠરાવ દાખલ કરી શકાય તે માટે ૧૯૦૮ના ઇન્ડિયન ઇમિગ્રેશન ઍક્ટમાં સુધારો કરવામાં આવ્યો અને ૧૯૧૧ની ૧લી એપ્રિલે, ૧લી જુલાઈથી નાતાલમાં ભારતમાંથી મજૂરો મોકલવાની મનાઈ કરતી જાહેરાત કરવામાં આવી. પુસ્તક ૧૦, પા. ૧૯૬–૭, ૧૯૮–૯, ૨૩૬, ૨૬૬ અને ૫૦૬–૭ પણ જુઓ. ગાંધીજીએ ભારતમાંથી ગિરમીટિયા મજૂરો મોકલવાનું બંધ કરવાની માગણી છેક ૧૮૯૫માં કરી હતી. જુઓ પુસ્તક ૧, પા. ૧૭૪–૫.

૨. નાતાલના વેપારી પરવાના કાયદા (બોઅર સરકારે ઘડેલા ૧૮૯૭ના ઍક્ટ ૧૮) પ્રમાણે નૂતન વેપારી પરવાના તાજા કરાવવાની બાબતમાં પરવાના અધિકારીના નિર્ણયની સામે કોર્ટમાં અપીલ કરવાની છૂટ નહોતી. એ ધારાઓનો તેમની વિરુદ્ધ ઉપયોગ થઈ રહ્યો છે એવી બોઅર યુદ્ધ પછી શાહી સરકારના અધિકારીઓને નાતાલના હિંદીઓએ અરજીઓ કર્યા પછી (પુસ્તક ૩, પા. ૨૯૮–૩૦૨, વાસ્તવમાં ગાંધીજી, ૧૯૦૨ના ડિસેમ્બરની શરૂઆતમાં ખાસ કરીને સંસ્થાન મંત્રી ચેમ્બરલેન સાથે, પરવાનાના સવાલ અંગે ચર્ચા કરવા આફ્રિકા પાછા ફર્યા હતા.) નાતાલની કૉલોનિયલ ગવર્નમેન્ટે ત્યાંની ટાઉન કાઉન્સિલને એક પરિપત્ર મોકલ્યો તેમાં સ્થાપિત હિતોનો ખ્યાલ રાખીને એ કાયદાનો અમલ કરવાની અને એમ નહીં થાય તો કાયદાનો ફરી વિચાર કરવો પડશે એવી ચેતવણી આપવામાં આવી. જુઓ પુસ્તક ૩, પા. ૪૯૮. નાતાલ કૉંગ્રેસની સતત હિલચાલને કારણે ૧૯૦૯ના નવેમ્બરની ૨૪મીએ અપીલ કરવાની છૂટ કાયદામાં આવરી લઈ સરકારે ૧૮૯૭ના પરવાના કાયદામાં સુધારો કરતો કાયદો (૧૯૦૯નો ઍક્ટ ૨૨) ઘડ્યો. તેમાં પરવાના બાબતમાં ટાઉન કાઉન્સિલના નિર્ણય સામે સુપ્રિમ કોર્ટમાં અપીલ કરવાની છૂટ આપવામાં આવી; જુઓ પુસ્તક ૧૦, પા. ૧૦૦.

૩. જુઓ પુસ્તક ૮, પા. ૨૫૨–૩, ૩૦૬–૭ તથા ૩૧૮ અને પુસ્તક ૯, પા. ૨૯૦.

૪. એશિયાટિક વેપારીઓને નવા પરવાના આપવાનું બંધ કરવાની અને નૂતન પરવાના ધરાવનારાઓના પરવાના ૧૦ વર્ષમાં પાછા લઈ લેવાની જોગવાઈ કરતાં બે બિલો ૧૯૦૮માં જાહેર કરવામાં આવ્યાં હતાં; જુઓ પુસ્તક ૮, પા. ૨૧૧–૨, ૨૨૫–૬ અને ૨૨૬–૭. પણ આ બિલોને શાહી સરકારની મંજૂરી મળી નહોતી; જુઓ પુસ્તક ૯, પા. ૪૭૮–૯.

૫. ૧૯૧૧ના માર્ચની શરૂઆતમાં તૈયાર થઈ ગયેલા યુનિયન સરકારના પ્રવાસી પ્રતિબંધક બિલનો (પુસ્તક ૧૦, પા. ૬૫૭–૬૫), હેતુ એશિયાટિકોના પ્રવેશનો અંત લાવવાનો હતો જેને ટ્રાન્સવાલની લડતને પરિણામે દર વર્ષે કબૂલ રાખવામાં આવેલી મર્યાદિત સંખ્યામાં કેળવાયેલા એશિયાટિકોને પ્રવેશની છૂટ આપતો અપવાદ તેમાં રાખવામાં આવ્યો હતો. એ બિલથી કેપ અને નાતાલના વધુ ઉદાર પ્રવાસી કાનૂનો, જેમાં ટ્રાન્સવાલના કાયદાના પ્રમાણમાં કેળવણીને લગતી કસોટી ઓછી કડક હતી, પાછા ખેંચવામાં આવ્યા; જુઓ પુસ્તક ૮, પા. ૩૨૪ અને પુસ્તક ૧૦, પા. ૫૩૮–૯, ૫૪૪–૫, ૫૫૯–૬૦, ૫૭૦–૧ અને ૬૬૬. ટ્રાન્સવાલ બાબતમાં એ બિલથી ૧૯૦૮ના ઍક્ટ ૩૬ સિવાય અગાઉના બધા વાંધાજનક ઇમિગ્રેશનના અને રજિસ્ટ્રેશનના કાયદાઓ પાછા ખેંચવામાં આવ્યા હતા (પુસ્તક ૧૦, પા. ૬૬૪); જ્યારે ઑરેંજ ફ્રી સ્ટેટની બાબતમાં બંધારણનું ૩૩મું પ્રકરણ જે ગાંધીજીના મતે વિવિધ પ્રજાઓ વચ્ચે ભેદભાવ દર્શાવતું હોવાથી પ્રવાસી પ્રતિબંધક બિલની ભાવનાની વિરુદ્ધ હતું (એજન, પા. ૬૦૯–૧૦ અને ૬૧૮–૧૯) છતાં

Gandhi Heritage Portal

૧૦. ટ્રાન્સવાલમાં બીજા બેહૂદા કાયદાઓ થતા અટકયા.

૧૧. ટ્રાન્સવાલમાં રેલવેના ધારા ખાસ ગોરાકાળા વચ્ચે ભેદ રાખનારા ઘડાયેલ તે રદ થયા અને સહુને લાગુ થાય એવા ધારા ઘડાયા.[૧]

રાખવામાં આવ્યું હતું. વળી તે બિલમાં નાતાલ અને ટ્રાન્સવાલના કાયદેસરના રહેવાસી એશિયાટિકોની પત્નીઓ અને સગીર બાળકોનાં તેમ જ બીજા, થોડા વખત માટે નાતાલની બહાર ગયેલા પણ કાયદેસરના રહેવાસીઓના પ્રવેશ હકોને અરક્ષિત છોડવામાં આવ્યા હતા, જુઓ પુસ્તક ૧૦, પા. ૫૭૦–૧. હાલની સરખામણીમાં અગાઉના કાયદા નીચે એશિયાટિકો પ્રવેશના અમર્યાદિત હકો ભોગવતા હતા તેને આમ નાબૂદ થતાં અટકાવવા માટે સંગઠિત થવામાં નાતાલના હિંદીઓને મદદ કરવા પોલાકને ડરબન મોકલવામાં આવ્યા હતા (એજન, પા. ૫૪૭ અને ૫૪૮). એ જ પ્રમાણે કેપની વિભાજિત હિંદી કોમને મદદ કરવા રિચને એ પ્રાંતમાં મોકલવામાં આવ્યા હતા (એજન, પા. ૫૪૬–૭), જે એમના ખ્યાલ પ્રમાણે પોતાના હકો પર મુકાનારા કાપ સામે પોતાનો બચાવ કરવા જેટલું સંકલ્પબળ ધરાવતી નહોતી. આ જ તબક્કે ગાંધીજીએ એવી દલીલ કરેલી કે સત્યાગ્રહની લડત કેવળ ટ્રાન્સવાલ ખાતર અને ટ્રાન્સવાલ વતી ઉપાડવામાં આવી હતી અને પોતે મદદ અને સલાહ આપવા તૈયાર હોવા છતાં પોતાના હકો જોખમમાં હોય ત્યારે નાતાલ અને કેપે પોતે ફાળો કરવો જોઈએ અને પોતાની લડત પોતે ચલાવવી જોઈએ; જુઓ પુસ્તક ૧૦, પા. ૫૬૭, ૫૮૮–૯ અને ૬૦૦–૧. આથી જોહાનિસબર્ગમાં રહ્યા રહ્યા ટ્રાન્સવાલનો સવાલ હાથ ધરવામાં અને ૧૯૦૮ના ઍક્ટ ૩૬ના અમલમાંથી કેળવાયેલા એશિયાટિકો માટે છૂટ મેળવવાનો પ્રયત્ન કરવામાં અને તે મેળવવામાં ગાંધીજીને સંતોષ હતો. જ્યારે સ્મટ્સે રિચને હિંદીઓના પ્રતિનિધિ તરીકે સ્વીકારવાની ના પાડી ત્યારે જ ગાંધીજી જાતે વાટાઘાટો કરવા કેપ ગયા; જુઓ પુસ્તક ૧૦, પા. ૫૭૨. અને ૧૯૧૧ના માર્ચની ૪થીએ સ્મટ્સે ગાંધીજીને જણાવ્યું કે કેળવાયેલા પ્રવાસીઓ યુનિયનમાં દાખલ થવા અને કોઈ પણ પ્રાંતમાં વસવા સ્વતંત્ર હતા તેમ જ રજિસ્ટ્રેશન કાનૂનમાંથી બાકાત હતા; જુઓ પુસ્તક ૧૦, પા. ૫૫૪–૫. ગાંધીજીએ જ્યારે જવાબ આપ્યો કે તેમને આપવામાં આવેલા કાનૂની અભિપ્રાય પ્રમાણે (સ્મટ્સની) આ અંગત બાંયધરીઓને યુનિયન બિલમાં સમાવવામાં આવી નહોતી, (એજન, પા. ૫૫૪–૫) ત્યારે સ્મટ્સે પોતાની ચાલ બદલી અને એશિયાટિકોને, કાયદાની દૃષ્ટિએ બીજી જાતિઓ જેટલા જ, ટ્રાન્સવાલમાં દાખલ થવાના હક આપતો પણ કેવળ ૧૯૦૮ના ઍક્ટ ૩૬ પ્રમાણેના રજિસ્ટ્રેશનમાંથી મુક્તિ આપતો સુધારો રજૂ કર્યો; એજન, પા. ૫૬૮ અને ૬૬૭. ગાંધીજી સ્મટ્સની આ ચાલબાજી પામી ગયા હતા (પુસ્તક ૧૦, પા. ૫૯૫–૬). તેમણે હવે એવી માગણી કરી કે ૧૯૦૯ના લંડન કૉન્ફ્યુટેશનને, (પુસ્તક ૯, પા. ૬૪૬–૭) અને ૨૦ ડિસેમ્બર ૧૯૧૦ના શાહી સરકારને મોકલેલા બોથાના ખરીતામાં બીજી જાતિઓની માફક એશિયાટિકો બાબતમાં પણ જે કાયદાની સમાનતાનો સિદ્ધાંત કબૂલ કરવામાં આવ્યો હતો (પુસ્તક ૧૦, પા. ૬૧૬) તે ઑરેંજ ફ્રી સ્ટેટને પણ લાગુ પાડવો જોઈએ (એજન, પા. ૫૯૯); મતલબ કે આ હેતુને સિદ્ધ કરવા માટે જરૂરી જણાય તેટલે અંશે પ્રવાસી પ્રતિબંધક બિલથી ફ્રી સ્ટેટના પ્રાંતીય ધારાના પ્રસ્તુત ભાગને બિનઅસરકારક બનાવવો જોઈએ; એજન, પા. ૬૦૮. હિંદીઓની આ માગણી નવી હોવાનો સ્મટ્સનો આક્ષેપ હૉસ્કેન કમિટીએ હિંદી પ્રશ્નના ટેકામાં બહાર પડીને નકારી કાઢ્યો અને તેણે એ માગણીને ટેકો આપ્યો; એજન, પા. ૬૧૪ અને ૬૧૫. પછીથી ગાંધીજીએ જણાવ્યું કે યુનિયન ઇમિગ્રેશન બિલ પડતું મૂકવામાં આવે અને ટ્રાન્સવાલના ધારામાં જરૂરી સુધારો કરવામાં આવે તેટલાથી તેમને સંતોષ થશે; એજન, પા. ૬૩૦. એટલે સ્મટ્સે વ્યક્તિગત કારણોસર નક્કી કર્યું કે યુનિયન પાર્લમેન્ટની ચાલુ બેઠક દરમ્યાન એમ કરી શકાય તેમ નથી. સત્યાગ્રહને કારણે અણગમતા ટ્રાન્સવાલ ઇમિગ્રેશન કાનૂનો યુનિયનના બાકીના પ્રાંતોમાં ફેલાતા અટકી ગયા હતા એવો ગાંધીજીનો દાવો હકીકતોની આ પશ્ચાદ્‌ભૂમિકામાં તપાસવો જોઈએ. હકીકતમાં, ખુદ હિંદી વજીરે કબૂલ કર્યું હતું કે યુનિયનનો ઇમિગ્રેશન ધારો એશિયાટિકોને "વાસ્તવમાં બાકાત રાખવાની ટ્રાન્સવાલની નીતિને" આખા યુનિયનમાં ફેલાવતો હતો; જુઓ ઇન્ડિયા, ૩૧–૩–૧૯૧૧.

૧. ૧૯૦૮ના રેલવે રેગ્યુલેશન્સ ઍક્ટ (પુસ્તક ૧૦, પા. ૧૦૫ અને ૧૩૧) નીચે વટહુકમથી પસાર કરવામાં આવેલાં અને ડિસેમ્બર ૧૭, ૧૯૦૯ના ગૅઝેટમાં પ્રસિદ્ધ કરવામાં આવેલાં રેલવે નિયમનો એશિયાટિકોને એક્સપ્રેસ ટ્રેનમાં મુસાફરી કરવાના અને એવા બીજા હકો ભોગવવા નહીં દઈને ગોરા અને એશિયાટિકો વચ્ચે ભેદભાવ કરતાં હતાં; જુઓ પુસ્તક ૧૦, પા. ૧૧૯ ગાંધીજી અને કાછલિયાની રેલવે

Gandhi Heritage Portal

१२. सहुनी जाणनी वात छे के १९०७मां जे खूनी कायदो घडायो ते हिंदीनी सामेना कायदानुं पहेलुं पगथियुं हतुं. तेमां ज हिंदीओ सज्जड भेठ बांधी, अने स्थानिक सरकारना[1] मनना विचार मनमां ज रही गया.

१३. मि. लॉस्केनना प्रमुखपणा नीचे जे युरोपियन कमिटी[2] थई ते आपणने बीजा काममां पण मददकर्ता थई पडवानो संभव छे.

१४. आ उपरांत घणा गोराओनी लागणी अने प्रीति आपणी तरफ थई छे.

१५. हिंदी कोमनी प्रतिष्ठा वधी छे अने जेओ आपणने तुच्छकारता ते हवे मान आपता थया छे

१६. सरकार समजे छे के आपणने अजित बळ प्राप्त थयुं छे.

१७. हिंदी कोम पोते बीकण हती तेमांथी बहादुर थई छे अने जेओ "भे" कहेतां डरता ते रणकारा करता थई गया छे.

१८. जोहानिसबर्गमां हिंदी स्त्रीओनी कशी हिलचाल नहीं हती तेने बदले तेओनो वर्ग मिसिस वोगले काढ्यो छे, अने ते वगर पैसे काम करी रहेल छे.

१९. हिंदी कोम जेलथी बहु ज डरती ते भय हवे घणे भागे गयो छे.

२०. जोके मि. काछलिया वगेरे पुरुषोओ पोतानो पैसो[3] गुमाव्यो छे छतां तेओ जाणे छे के तेओनामां एक प्रकारनो जुस्सो अने बळ आव्यां छे, ते लडतना अनुभव विना लाखो रुपिया आपतां पण न मळी शकत.

अधिकारीओ साथेनी मुलाकात पछी ब्रिटिश इन्डियन ॲसोसियेशने १९१०नी ओप्रिलनी ११मीओ २न्दू करेलो नियमनोनो मुसद्दो रेलवेना जनरल मॅनेजरे स्वीकार्यो (ओजन, पा. ६४६-७), पण सेन्ट्रल साउथ आफ्रिकन रेलवेनी १९११मां प्रसिद्ध थयेली टॅरिफ बुक नं. १मां अगाउना करारनी संपूर्ण अवगणना करीने नूतां नियमनो चालु राखवामां आव्यां. केवळ केपने आ नतनी भेदभावभरी नेगवाईओथी मुक्त राखवामां आव्युं. ब्रिटिश इन्डियन ॲसोसियेशन अने नाताल इन्डियन कॉंग्रेसना वधु विरोधने कारणे १९११ना नूनमां जनरल मॅनेजरे काछलियाने खातरी आपी के नून १९११मां अमलमां आवनार रेलवे नियमनोमां हिंदीओना वांधाओने संतोषवामां आवशे.

१. ट्रान्सवालने जवाबदार सरकार आपवामां आवी ते पहेलां ऑगस्ट २२, १९०६ना गॅझेटमां प्रसिद्ध थयेलो १९०६नो ऐशियाटिक लॉ ॲमेन्डमेन्ट ऑर्डिनन्स, रजिस्ट्रेशनने लगतो पहेलो धारो हतो, जेनो हिंदीओओ सामूहिक अने ऐकमते विरोध करेलो (पुस्तक ५, ४३१-३ अने ४५०-५). गांधीजीओ पोते १९०६ना गांधी-अली डेप्युटेशनना ब्रिटिश राजकारणना अखाडामां ओलायेला सत्याग्रहनी "पहेली लडाई" तरीके उल्लेख करेलो; जुओ पुस्तक ८, पा. ३०६-७.

२. ट्रान्सवाल लीडरना ते समयना संपादक आल्फ्रेड कार्टराईट १९०८मां हिंदीओना सवालोमां सहानुभूति धरावनारा युरोपियनोनी कमिटी स्थापी. सक्रिय रीते हिंदीओनो सवाल उपाडी लेनार, प्रोग्रेसिव पार्टीना, तेओ पहेला सभ्य हता. जन्युआरी १९०८नुं प्रख्यात समाधान करावववामां तेमणे महत्त्वनो भाग भजव्यो; जुओ पुस्तक ८, पा. ६३-४. ओ कमिटीना चेरमॅन विलियम हॉस्केन युनियन पहेलांनी ट्रान्सवालनी धारासभाना श्रीमंत अने आगळपडता सभ्य हता. तेओ ओक समये प्रोग्रेसिव पार्टीना आगेवान सभ्य हता. १९०८नी लडतना पाछळना तबक्के तेमना मध्यस्थी तरीकेना प्रयत्नो नज्जवा नहोता. १९१० सुधीमां तेमनी सहानुभूति सक्रिय बनी अने तेमणे स्मट्सने गांधीजी अने हिंदीओनी मागणीने टेको आपतो कागळ लख्यो. जुओ पुस्तक १०, पा. ६१६. ओम लागे छे के, ओ कागळथी गुस्से भराईने स्मट्से जवाबमां "भयंकर तार" मोकल्यो; ओजन, पा. ६२०.

३. ट्रान्सवालना युरोपियन जथाबंध वेपारीओओ काछलियाने कह्युं के जो तेओ सत्याग्रहमां जोडाशे तो तेमणे पोतानुं बधुं देवुं चूकते करवुं पडशे. आ रीते तेमणे काछलियाने धंधो समेटी लेवानी फरज पाडी; जुओ पुस्तक ९, पा. १७७-८०.

Gandhi Heritage Portal

૨૧. તામિલ કોમમાં મહા ભડ પુરુષો અને સ્ત્રીઓ[૧] પડ્યાં છે, તે શોધ હિંદી કોમે લડતની મારફતે જ કરી.

૨૨. લડાઈની પહેલાં ટ્રાન્સવાલમાં રહેલ સેંકડો હિંદીના હક, લડતથી નં. ૩૬નો કાયદો[૨] થયો તેથી જ સચવાયા.

૨૩. હિંદી કોમની ઉપર દગાનું તહોમત હતું તે ઊતર્યું.[૩]

૨૪. તાજામાં તાજો દાખલો વિચારતાં જોવામાં આવે છે કે નાતાલના પોલટૅક્સ વિષે જે ભેદ રાખનારું બિલ[૪] થવાનું હતું તે સત્યાગ્રહની ધાકથી પાછું ખેંચાયું.

૨૫. જનરલ સ્મટ્સને ત્રણ વખત ને વડી સરકારને બે[૫] વખત પોતાના ઠરાવ પાછા ખેંચવા પડ્યા.

૧. ગાંધીજીના મનમાં નીચેની વ્યક્તિઓ હોવી જોઈએ: શ્રી અને શ્રીમતી થંબી નાયડુ; પુસ્તક ૮, પા. ૩૯૯ અને ૪૧૨; નાગપ્પન, પુસ્તક ૯, પા. ૩૪૧, ૩૫૮, ૫૪૩, ૫૮૨ અને ૫૯૪; નારાયણસામી, પુસ્તક ૧૦, પા. ૪૧૬–૭ અને ૪૧૯–૨૦ અને જૅસફ રૉયપૅન; જુઓ પાદટીપ ૨, પા. ૩૭.

૨. ટ્રાન્સવાલ એશિયાટિક્સ રજિસ્ટ્રેશન અૅમેન્ડમેન્ટ અૅક્ટ. જાન્યુઆરી ૧૯૦૮ના ગાંધી-સ્મટ્સ સમાધાન પછી એશિયાટિકોના નીચે જણાવેલા વર્ગને કાયદેસરના રહેવાસી તરીકેના હક આપનારો એ પહેલો અૅક્ટ હતો: (૧) ૧૮૯૯ના ઑક્ટોબર ૧૧ અગાઉનાં ત્રણ વર્ષથી ટ્રાન્સવાલમાં રહેતા હોય, અર્થાત્ કહેવાતા યુદ્ધ પહેલાંના નિર્વાસિતો; (૨) પીસ પ્રિઝર્વેશન ઑર્ડિનન્સ પરમિટ ધરાવનારાઓ; (૩) ૧૯૦૨ના મેની ૩૧મીએ જેઓ હકીકતમાં ટ્રાન્સવાલના રહેવાસી હોય; (૪) રજિસ્ટર્ડ થયેલા રહેવાસીઓનાં સગીર બાળકો. એ અૅક્ટમાં એશિયાટિકોના રજિસ્ટ્રારના નિર્ણયો સામે કોર્ટમાં જવાની છૂટની જોગવાઈ હતી. સમાધાન પછી સ્મટ્સે પસાર કરેલા બધા કાયદાઓ કરતાં આ કાયદો સત્યાગ્રહીઓની માગણી વધુ પ્રમાણમાં સંતોષતો હતો. જુઓ પુસ્તક ૯, પા. ૬૦૪–૮.

૩. ટ્રાન્સવાલના હિંદીઓ અને ખુદ ગાંધીજી પર તેમના સાથી હિંદીઓને ગેરકાયદેસર રીતે મોટા પાયા પર ટ્રાન્સવાલમાં દાખલ કરવાનો આરોપ હતો; જુઓ પુસ્તક ૫, પા. ૨૪૭, પુસ્તક ૬, પા. ૩૦૭, ૪૪૧, ૪૪૬–૭, અને ૪૪૯–૫૦ અને પુસ્તક ૮, પા. ૧૧૬–૭, ૧૭૧–૨, ૨૮૯–૯૧ અને ૩૨૧; જુદે જુદે પ્રસંગે ગાંધીજીએ એ આરોપોનો લંબાણથી રદિયો આપ્યો; જુઓ પુસ્તક ૫, પા. ૨૭૫–૬, ૪૫૩, ૪૫૪ અને ૪૬૫, પુસ્તક ૬, પા. ૩, ૫, ૬૦–૧, ૧૩૫, ૨૩૩–૪, ૪૧૬ અને ૪૪૨–૩, પુસ્તક ૭, પા. ૬૮, ૨૫૦–૧ અને ૨૬૦–૧ અને પુસ્તક ૮, પા. ૯, ૧૧, ૧૪, ૫૫, ૨૮૯–૯૧ અને ૩૨૧–૨.

૪. કેવળ યુરોપિયનોને ટૅક્સમાંથી બાકાત રાખતું આ પોલટૅક્સ બિલ, નાણાપ્રધાને યુનિયન અૅસેમ્બ્લીમાં ૨૭મી માર્ચે રજૂ કર્યું, પરંતુ નાતાલ ઇન્ડિયન કૉંગ્રેસે સત્યાગ્રહની ધમકી આપતી અરજી કરવાથી ત્રણ જ દિવસમાં તેને પડતું મૂકવામાં આવ્યું. અંગ્રેજી **ઇન્ડિયન ઓપીનિયન**, ૧–૪–૧૯૧૧ અને ૮–૪–૧૯૧૧.

૫. જ્યારે સ્મટ્સને પોતાના નિર્ણયો ફેરવવાની ફરજ પડેલી એવા નીચેના પ્રસંગો ગાંધીજીના મનમાં હોવાનો સંભવ છે: (૧) ૧૯૦૬ના ગાંધી–અલી ડેપ્યુટેશનના આગ્રહથી શાહી સરકારે એશિયાટિક લૉ અૅમેન્ડમેન્ટ ઑર્ડિનન્સને મંજૂરી આપવાની ના પાડી; જુઓ પુસ્તક ૬, પા. ૨૮૮; (૨) આલ્બર્ટ કાર્ટરાઈટે ગાંધીજીને જેલમાં મોકલેલી ૧૯૦૮ની સુલેહની દરખાસ્તોમાં સ્મટ્સે ૧૯૦૭નો અૅક્ટ ૨, પાછો ખેંચવાનું માથે લીધું; જુઓ પુસ્તક ૮, પા. ૩૭ અને ૬૩ અને પુસ્તક ૧૦, પા. ૪૦૭. અને (૩) દર વર્ષે મર્યાદિત સંખ્યામાં કેળવાયેલા એશિયાટિક ઇમિગ્રન્ટોને આવવા દેવાના સવાલ પર સ્મટ્સે નમતું મૂકયું. શરૂઆતમાં સ્મટ્સનું કહેવું એવું હતું કે ઇમિગ્રન્ટ્સ રિસ્ટ્રિક્શન અૅક્ટ પ્રમાણે એવા એશિયાટિકોને ટ્રાન્સવાલમાં દાખલ થવાની છૂટ નહોતી; જુઓ પુસ્તક ૯, પા. ૩૫૨–૫૩. શાહી સરકારે નીચેની બાબતમાં પીછેહઠ કરી (અ) ૧૯૦૬નો એશિયાટિક લૉ અૅમેન્ડમેન્ટ ઑર્ડિનન્સ અને (બ) કેળવાયેલા એશિયાટિકોના પ્રવેશનો સવાલ, જેની બાબતમાં, સ્વાયત્ત સંસ્થાનોની સ્વતંત્રતામાં બિનજરૂરી દખલ કરવી નહીં જોઈએ એવી પોતાની અગાઉની માન્યતા પ્રમાણે લૉર્ડ ક્રૂ ૧૯૦૯ના ડેપ્યુટેશનને મળતાં અચકાતા હતા. પછીથી એમણે સ્મટ્સને ગાંધીજીની ઓછામાં ઓછી બે માગણીઓને અનુમોદન આપતો તાર કર્યો. જુઓ પુસ્તક ૯, પા. ૪૭૪–૫ અને ૬૪૬–૭.

Gandhi Heritage Portal

૨૬. આપણી સામે કાયદા ઘડતાં સરકાર વિચાર નહીં કરતી, તે હવે વિચારથી ઘડે છે એટલું જ નહીં, પણ આપણે તેને વિષે શું ધારશું તેનો વિચાર પણ તેને કરવો પડે છે.

૨૭. હિંદીની શાખ વધી છે. "લાખ જજો પણ શાખ ન જજો."

૨૮. કોમે સત્યનું બળ સાબિત કરી આપ્યું છે.

૨૯. કોમે ઈશ્વરની ઉપર વિશ્વાસ રાખી ધર્મનો મહિમા દુનિયામાં પ્રગટ કર્યો છે.

જ્યાં સત્ય, જ્યાં ધર્મ, ત્યાં જ જય છે. બહુ વિચારતાં બીજાં ઘણાં ફળ આપણી નજરે આવવાનો સંભવ છે; પણ અમે જે છેલ્લું ફળ બતાવ્યું તે સર્વોપરી છે. આવી મહાન લડત ખુદાની ઉપર આસ્થા રાખ્યા વિના કદી ન લડી શકાત. આપણો ખરો આધાર માત્ર તે જ હતો. તેની જ ઉપર આધાર રાખતાં જો આ લડતમાં વધારે શીખ્યા હોઈએ તો તેટલું પરિણામ જ બસ છે, કેમ કે તેની પાછળ બધું મળે છે.

[મૂળ ગુજરાતી]

ઇન્ડિયન ઓપીનિયન, ૩–૬–૧૯૧૧

૮૩. સંક્ષિપ્ત રૂપો[1]

[જૂન ૫, ૧૯૧૧ પછી[2]]

એન. એન.	નૉટ નોટેડ	નોંધ નથી કરી
એન.	નોટેડ	નોંધ કરી
આર.	રિજેક્ટેડ	નામંજૂર
પી.	પેન્ડિંગ	મુલતવી

[મૂળ અંગ્રેજી]

ગાંધીજીના હસ્તાક્ષરમાં લખાયેલી મૂળ નકલ પરથી: એસ. એન. ૫૫૨૬ 'ક'

૧. સરકાર સાથે સમાધાન થયા પછી ટ્રાન્સવાલ તથા સંઘના અન્ય પ્રાંતોમાં દાખલ થવા ઇચ્છતા લોકોની અરજીઓ આવવી શરૂ થઈ હતી. ગાંધીજીએ એ અરજીઓના વર્ગીકરણ માટે ઉપરનાં સંક્ષિપ્ત રૂપો તૈયાર કર્યાં હતાં.

૨. પહેલી અરજી ડરબનના ભગુ ભીખાની આવી તેના પર તારીખ ૫–૬–૧૯૧૧ છે.

Gandhi Heritage Portal

૮૪. મગનલાલ ગાંધીને પત્ર

[જૂન ૯, ૧૯૧૧ પહેલાં[1]]

ચિ. મગનલાલ,

આ સાથે આણંદલાલનો[2] કાગળ છે તે જોજો. પુરુષોત્તમદાસને પણ વંચાવજો. આણંદલાલને ભાડાના પૈસા આપવા બાબત મેં રેવાશંકરભાઈને[3] લખ્યું છે.

મારાથી તા. ૯મી જૂન સુધી તો નહીં આવી શકાય. ૯મીએ મિ. હૉસ્કેનની કમિટીને મિજબાની આપવાની છે. વખતે તા. ૧૦મીએ ચાલુ તો ચાલું. સાથેનો કાગળ નાયકને મોકલજો. તેના ઠેકાણાની ખબર નથી.

મોહનદાસના આશીર્વાદ

[મૂળ ગુજરાતી]

ગાંધીજીના હસ્તાક્ષરમાં લખાયેલા મૂળ પત્ર પરથી: સી. ડબ્લ્યુ. ૫૦૮૯

શ્રીમતી રાધાબહેન ચૌધરીના સૌજન્યથી

૮૫. વિલિયમ હૉસ્કેનને માનપત્ર[4]

જોહાનિસબર્ગ,

જૂન ૯, ૧૯૧૧

ખાણું લેવાયા બાદ તથા મિ. કાછલિયાએ બાદશાહની તંદુરસ્તી ચાહ્યા બાદ મિ. હૉસ્કેન અને તેની કમિટીને આપવાનું માનપત્ર મિ. સોરાબજીએ વાંચી સંભળાવ્યું તેની મતલબ નીચે પ્રમાણે છે:

માનવંતા મિ. વિલિયમ હૉસ્કેન જોગ,

વહાલા સાહેબ, — બ્રિટિશ ઇન્ડિયન રિસેપ્શન કમિટી વતી અમે નીચે સહી કરનારાઓ આપના આભારની અને છેલ્લાં ત્રણ વરસ થયાં હયાતી ભોગવતી જે કમિટીના આપ પ્રમુખ છો તેના સભાસદોના આભારની નોંધ લેવા અત્રે ઇચ્છીએ છીએ.

અમે જાણીએ છીએ કે છેલ્લાં ચાર વરસ થયાં આ દેશને ખળભળાવી રહેલા એશિયાટિક સવાલનો જે શરતી નિવેડો આવ્યો છે, તે નિવેડો આપની કમિટીની મહેનતને લીધે પ્રમાણમાં

૧. આ કાગળમાં હૉસ્કેન કમિટીને મિજબાની આપવાની વાત આવે છે તે પરથી સ્પષ્ટ થાય છે કે આ કાગળ જૂન ૯, ૧૯૧૧ પહેલાં લખાયેલો હોવો જોઈએ કેમ કે એ મિજબાની જૂનની ૯મીએ આપવામાં આવી હતી. "મારાથી ૯મી જૂન સુધી તો નહીં આવી શકાય" એ વાક્ય પણ ઉપલા અનુમાનને સમર્થન આપે છે.

૨. અમૃતલાલ ગાંધીનો છોકરો, ગાંધીજીના કાકાનો છોકરો.

૩. રેવાશંકર જગજીવન ઝવેરી; ડૉ. પ્રાણજીવન મહેતાના ભાઈ.

૪. બ્રિટિશ ઇન્ડિયન ઍસોસિયેશન તરફથી સહાનુભૂતિ ધરાવનાર યુરોપિયનોની કમિટીને આપવામાં આવેલ મિજબાની પ્રસંગે આ માનપત્ર હૉસ્કેનને આપવામાં આવ્યું હતું; "પ્રીતિભોજન" પા. ૧૨૬–૭. પણ જુઓ.

Gandhi Heritage Portal

વહેલો આવ્યો છે. જે સવાલે સત્યાગ્રહની લડતને જન્મ આપ્યો છે તેનો છેવટનો નિકાલ હજી ન થયો કહેવાય, છતાં એશિયાટિક કોમના મુખ્ય સામેવાળા (મિ. સ્મટ્સ) તરફથી તેને સંતોષવામાં આવશે એવું જાહેર કબૂલવામાં આવ્યું છે તે સંતોષની વાત છે. ગોરાઓને આણગમતી એવી અમારી હિલચાલની હિમાયત કરવાનું આપનું અને આપની કમિટીનું કામ કાંઈ જેવું તેવું નહીં હતું.

આપની મહેનત એટલી છે કે તેનો બદલો આપવાની અમારામાં તાકાત નથી, જે કામ આપને વાજબી લાગ્યું તેની હિમાયત કરવાને માટે આપને અને કમિટીના બીજા સભાસદોને સર્વશક્તિમાન ઈશ્વર બદલો આપે એવી પ્રાર્થના જ અમે કરી શકીએ છીએ. અમે બંદગી કરશું કે આપ તંદુરસ્ત રહો, અને લાંબી જિંદગી ભોગવો કે જેથી તમારા ઉમદા હેતુ પાર પાડી શકો.

અમે છીએ, આપના વિશ્વાસુ
એ. એમ. કાછલિયા,
વી. ચેટિયાર,
અબદુલ કાદર બાવાઝીર,
સોરાબજી શાપુરજી અડાજણિયા,
મો. ક. ગાંધી

[મૂળ ગુજરાતી]
ઇન્ડિયન ઓપીનિયન, ૧૭–૬–૧૯૧૧

૮૬. ઘેરાઈ ગયા

મ્યુનિસિપલ કાઉન્સિલ ઑર્ડિનન્સનો જે ખરડો પ્રાંતીય કાઉન્સિલમાં આવવાનો છે તે ઘણું સખત પગલું છે, તેનો જે ભાગ હિંદીઓને લાગુ પડે છે તેની સામે ટ્રાન્સવાલના બ્રિટિશ હિંદી ઍસોસિયેશને વખતસર વિરોધ નોંધાવ્યો છે.[૧] તેની એક કલમમાં ફેરિયાઓના અને બીજા વેપારીઓના પરવાના બાબત મ્યુનિસિપલ કાઉન્સિલોને સંપૂર્ણ સત્તા આપવામાં આવી છે. આ કલમ સૌથી વધુ હાનિકારક છે એ વિષે શંકા નથી.

સુવર્ણ કાનૂનને કસબા કાનૂન સાથે વાંચવામાં આવે તો જણાય છે કે એથી એશિયાઈ દુકાનદારો પાયમાલ થશે. આ ઑર્ડિનન્સનો ખરડો તેના વર્તમાન સ્વરૂપમાં પસાર થવા દેવામાં આવશે તો

૧. પરિણામે આ ઑર્ડિનન્સ વડે મ્યુનિસિપલ નિયમનો અને હુકમોનું એકીકરણ થતું હતું, જેમાંનાં ઘણાંખરાંનો ટ્રાન્સવાલના હિંદીઓએ એક કે બીજે વખતે વિરોધ કર્યો હતો. આ ઑર્ડિનન્સથી ટાઉન કાઉન્સિલોને પ્રાંતીય કાયદાને આધારે આ નિયમનો અને હુકમોનો અમલ કરવાની સત્તા મળતી હતી. દાખલા તરીકે એથી સરકારને મુખ્યત્વે (ક) એશિયાઈ વાડાઓને એક જગ્યાએથી ખસેડી બીજી જગ્યાએ વસાવવાની, (ખ) જુદી જુદી જાતના પરવાના અપાતા અટકાવવાની જેના નિર્ણય પર અદાલતને કશી સત્તા નહોતી; (ગ) મ્યુનિસિપાલિટીના મતદારોની યાદીમાંથી એશિયાઈઓનાં નામ કાઢી નાખવાની સત્તા મળતી હતી. પહેલાં આ બધાંનો હેતુ જુદા જુદા કાયદા અને હુકમોથી પાર પડતો હતો. એશિયાઈઓ અને હિંદીઓને લાગુ પડતા ઑર્ડિનન્સના ભાગો તથા તેની સામે બ્રિટિશ ઇન્ડિયન ઍસોસિયેશને કરેલી અરજી માટે જુઓ પરિશિષ્ટ ૭ ક તથા ખ.

Gandhi Heritage Portal

એશિયાઈ ફેરીવાળાઓ ખુવાર થઈ જશે. એ તો જાણીતી વાત છે કે, ટ્રાન્સવાલના મોટા ભાગના હિંદીઓ ફેરી કરીને પોતાનું ગુજરાન ચલાવે છે; અને ઑર્ડિનન્સ ઘડનારાઓએ એ એમને જ નજરમાં રાખીને ઘડ્યો છે એ દેખીતું છે. આમ એક બાજુ જનરલ સ્મટ્સ સત્યાગ્રહીઓને આપેલા વચનનો અમલ કરવા આવતે વરસે એક કાયદો લાવવા ઇચ્છે છે, અને તેમણે સ્થાયી હિંદીઓ સાથે ન્યાય અને સમાનતાનો વહેવાર રાખવાનો પોતાનો ઇરાદો જાહેર કર્યો છે, ત્યારે બીજી બાજુ ટ્રાન્સવાલના એશિયાઈઓની આસપાસ ઘેરો નંખાઈ રહ્યો છે. આ જનરલ સ્મટ્સની જાણમાં થઈ રહ્યું છે કે અજાણમાં એ વાત બહુ મહત્ત્વની નથી. આ ઑર્ડિનન્સ જ જો જનરલ સ્મટ્સના ન્યાય અને સમાનતાનો નમૂનો હોય તો, અમારે કહેવું જોઈએ કે, એ શબ્દોનો હિંદીઓ જે અર્થ કરે છે તે એનાથી તદ્દન ભિન્ન છે. છતાં અમે આશા રાખીએ છીએ કે પ્રાંતીય કાઉન્સિલના સભ્યોમાં સાચી સમજ આવશે અને ક્રી કાછલિયાના બતાવ્યા મુજબ ઑર્ડિનન્સ સુધારવામાં આવશે.[૧]

[મૂળ અંગ્રેજી]

ઇન્ડિયન ઓપીનિયન, ૧૦–૬–૧૯૧૧

૮૭. શ્રી સોરાબજીનું સન્માન[૨]

[જૂન ૧૬, ૧૯૧૧]

મિ. સોરાબજીએ સત્યાગ્રહી તરીકે ઘણા ગુણો દાખવ્યા છે. મિ. સોરાબજીને સહુથી મોટા સત્યાગ્રહી કહેવામાં આવ્યા તે બરાબર જ છે. એક રીતે હું થંબી નાયડુને (તાળીઓ) તેમની હારમાં મૂકું છું. ખરું કહીએ તો મિ. થંબી નાયડુ જેવા આપભોગ આપનાર હિંદમાં પણ નહીં હોય પણ બધા સત્યાગ્રહીઓમાંથી મિ. સોરાબજીને તારવી ઉપર લાવી શકાશે. કેમ કે તેણે હાથે કરી દુઃખ વહોર્યું હતું. તેઓ નાતાલના હતા, અને લડતમાં નાતાલ તરફથી પહેલા જેડાયા.[૩] જેલમાં સત્યાગ્રહીઓ વિષે કંઈ કંઈ રાવ આવતી પણ મિ. સોરાબજીની કદી રાવ સાંભળી નથી. તેમનો સ્વભાવ અત્યંત શાંત અને મિલનસાર હતો. આટલું તો મિ. થંબી નાયડુ વિષે પણ નથી કહી શકાતું. તેમના મુખમાંથી કદી એક શબ્દ નથી નીકળ્યો. પારસીના તેમનામાં એક પણ દુર્ગુણ નથી, ત્યારે પારસીના બધા ઊંચા ગુણો મેં તેમનામાં જોયા છે. આટલા ગુણવાન છતાં તેમનામાં કદી અભિમાન દેખાયું નથી, વળી તે પારસી છતાં પ્રથમ એક હિંદી છે. હિંદુ, મુસલમાન અને ખ્રિસ્તી બધા તેનાં વખાણ કરે છે. તેનો ચોથો ગુણ એ છે કે લીધેલ વલણને વળગી રહેવામાં તેઓ અડગ છે, ને બધું સમજવા કોશિશ કરે છે. મિ. સોરાબજીને

૧. જુઓ પરિશિષ્ટ ૭ ખ.

૨. નાતાલમાંથી ટ્રાન્સવાલની સત્યાગ્રહની લડતમાં ભાગ લઈને ૭–૮ વખત જેલમાં જઈ આવેલા શ્રી સોરાબજી શાપુરજી અડાજણિયા સ્વદેશ પાછા ફરતા હોવાથી એમને વિદાયમાન આપવાનો એક સમારંભ નાતાલ હિંદી કોંગ્રેસ તરફથી ડરબન ખાતે જૂન ૧૬, ૧૯૧૧ને દિવસે યોજ્યો હતો. આ પ્રસંગે શ્રી સોરાબજીની સેવાઓને અંજલિ આપતાં શરૂઆતમાં કોરોનેશન ઉત્સવ વગેરે બાબતો પર બોલ્યા પછી મીટિંગના વિષય પર આવતાં ગાંધીજીએ આ ભાષણ કર્યું હતું.

૩. સોરાબજીએ કેળવાયેલા હિંદીઓના અધિકારોની પરીક્ષા કરવાના વિચારથી સર્વ પ્રથમ જૂન ૨૪, ૧૯૦૮માં ટ્રાન્સવાલમાં પ્રવેશ કર્યો હતો; જુઓ પુસ્તક ૮, પા. ૨૯૯–૩૦૧.

Gandhi Heritage Portal

ટોડે કોઈ આવી શકે તેમ નથી. આવા માણસને ખરું માન આપવું તે તેમના જેવા થવું એ છે. વધારે સોરાબજીઓ ઉત્પન્ન થશે ત્યારે જ હિંદની ઉન્નતિ થશે.

[મૂળ ગુજરાતી]

ઇન્ડિયન ઓપીનિયન, ૨૪–૬–૧૯૧૧

૮૮. રાજ્યાભિષેક

આ માસની ૨૨મી તારીખે દક્ષિણ આફ્રિકા, રાજા પંચમ જ્યૉર્જનો રાજ્યાભિષેક ઊજવશે. આ ઉત્સવમાં આપણે કેવા પ્રકારનો ભાગ ભજવવાના છીએ? કામચલાઉ સમાધાન શોકનું કારણ દૂર કરે છે. પરંતુ અમને ખબર પડી છે કે શ્રી દાઉદ મહંમદ અને બીજા નેતાઓએ ટાઉન કલાર્કને લખેલા પત્રનો[1] હજી જવાબ મળ્યો નથી. આપણા સમ્રાટના રાજ્યાભિષેક જેવા અસાધારણ પ્રસંગે જો ટાઉન કાઉન્સિલ તાજના સઘળા પ્રજાજનો સાથે સમાન વર્તાવ નહીં રાખી શકતી હોય, જો યુરોપિયનો આવે પ્રસંગે પોતાના પૂર્વગ્રહો ન ભૂલી શકતા હોય, તો અમે માનીએ છીએ કે, સ્થાનિક ઉત્સવોથી દૂર રહેવાની અને તેમને અલગ ઉત્સવ કરવા ગ્રાન્ટ આપવામાં આવે તો તે લેવાનો ઇન્કાર કરવાની હિંદી કોમની ફરજ થઈ પડે છે. કોમ એક ઉચિત સંદેશો મોકલીને સમ્રાટ પ્રત્યે પોતાની વફાદારી પ્રગટ કરશે.

અમને ખબર મળી છે કે, કાઉન્સિલના અમલદારો શ્રી દાઉદ મહંમદને નિશ્ચિત ઉત્તર આપવાને બદલે, ભોળા અને અજ્ઞાન અથવા ગરીબ હિંદીઓને છેતરીને, તેઓ જે થોડી ગ્રાન્ટ મળે તે સ્વીકારીને, કયાંક ખૂણેખાંચરે અલગ ઉત્સવ કરે અને એ રીતે અપમાન સહન કરી લે, એવા પ્રયત્નો કરી રહ્યા છે. અમને કહેવામાં આવ્યું છે કે, માર્કેટ માસ્તર નાના દુકાનદારોને મળીને પૂછે છે કે, તેમને માટે કોઈ તમાસો યોજવામાં આવે તો તેઓ તેમાં ભાગ લેશે કે કેમ. અમે આશા રાખીએ છીએ કે, આ યુક્તિઓને નિષ્ફળ બનાવવામાં આવશે, અને ડરબન નગરનો એકે હિંદી સરકાર તરફથી ઊજવાતા ઉત્સવો સાથે જરાયે સંબંધ નહીં રાખે એ વિષે નેતાઓ ધ્યાન રાખશે.

આ પ્રસંગને અનુરૂપ વર્તન રાખવા અમે ટાઉન કાઉન્સિલને અપીલ કરીએ છીએ. જો તે હિંમતપૂર્વક અત્યાર પૂરતો કોમી ભેદભાવ છોડી દેવાનો નિશ્ચય કરે તો તે આ આદર્શ નગરની, દક્ષિણ આફ્રિકાની અને સામ્રાજ્યની સેવા કરશે. એવો એક દિવસનો ટૂંકો છતાં સુખદ ગાળો, આ પ્રસંગ પત્યા પછી બીજે દિવસે, આપણને આપણા પૂર્વગ્રહોને તાજા કરતાં અને ઝઘડા ચાલુ કરતાં રોકશે નહીં. કંઈ નહીં તો જૂનની ૨૨મીને એવા પવિત્ર દિવસ તરીકે પાળો કે તે દિવસે આપણે સામ્રાજ્યના આદર્શોનો અમલ કરી શકીએ. અમને ખાતરી છે કે, ટાઉન

૧. એપ્રિલ ૧૮, ૧૯૧૧ના આ પત્રમાં દાઉદ મહંમદ અને નાતાલના બીજા નેતાઓએ લખ્યું હતું કે સત્યાગ્રહ બંધ ન થાય ત્યાં સુધી નાતાલના હિંદીઓ ડરબન કૉર્પોરેશન તરફથી થનારી રાજ્યાભિષેકની ઉજવણીમાં ભાગ નહીં લઈ શકે. પરંતુ સમાધાન થઈ જાય અને હિંદી કોમ ઉત્સવમાં ભાગ લેવાનો નિર્ણય કરે તો તેઓ "સૌ કોઈ માટેના આનંદોત્સવમાં ભાગ લેશે, પરંતુ એમાં શરત એટલી કે તેઓ વસ્તીના કોઈ પણ વર્ગ સાથે સમાનતાને ધોરણે જ ભાગ લઈ શકે એવી વ્યવસ્થા થવી જોઈએ. પણ જો કૉર્પોરેશન કોમ કે જાતિને કારણે ભેદભાવ કરશે તો આ પ્રસંગની ઉજવણી તેઓ એમનાથી સ્વતંત્ર રહીને કરશે." ઇન્ડિયન ઓપીનિયન, ૨૪–૪–૧૯૧૧.

Gandhi Heritage Portal

કાઉન્સિલનો આવો વર્તાવ એની વફાદારીનું સંગીન પ્રમાણ ગણાશે, અને તે કોઈ પણ ખાલી મોઢાની વફાદારી કરતાં રાજા જ્યૉર્જને વધુ આનંદ આપશે.

ગયા યુદ્ધ વખતે રણક્ષેત્રમાં, જાણે કોઈએ જાદુ કર્યો હોય તેમ, બધા ભેદભાવ અદૃશ્ય થઈ ગયા હતા. ડોળીવાહક[૧] હિંદીઓ પાણી પીતા તે જ પ્યાલા કે ડબ્બા વડે અંગ્રેજ સિપાઈઓ પણ પીતા હતા. તેઓ હિંદીઓ સાથે એક જ તંબૂમાં રહેતા અને ઘણી વાર જે ખોરાક હિંદીઓ ખાતા તે જ ખોરાક પણ આનંદથી ખાતા. તેમની વચ્ચે પૂરેપૂરી દોસ્તી હતી. અમે જાણીએ છીએ કે ઉપર કહ્યા તેવા બનાવોથી જે હજારો હિંદીઓ લડાઈના મેદાન પર હતા તેમનાં દિલ ખુશ થઈ ગયાં હતાં. પંચના સંપાદક આ બનાવથી એટલા ખુશ થઈ ગયા હતા કે તેમણે પોતાના પત્રમાં એ વિષે ગાયું, "આખરે સૌ આપણે સંતાન સામ્રાજ્યનાં રહ્યાં".[૨] લડાઈ બંધ થયા પછી મૈત્રીની ભાવનાને બદલે ઈર્ષા આવી અને તેને પરિણામે ઝઘડા થયા. પણ લડાઈ દરમ્યાન શીખેલો પાઠ સાવ ભુલાઈ ગયો નહોતો. ઝૂલુ બંડ વખતે તે તાજો થયો. ઘવાયેલાઓની સારવાર કરનાર હિંદી ટુકડીના સૈનિકો[૩] સંસ્થાનના નાગરિક સિપાઈઓને 'સરખેસરખા' તરીકે મળતા હતા. કૅપ્ટન સ્પાર્ક્સ અને બીજા અધિકારીઓએ ટુકડીની સેવાઓની પ્રશંસા કરી અને હિંદીઓને ફરીથી એક વાર અનુભવ થયો કે આપણે સૌ "આખરે સામ્રાજ્યનાં સંતાનો" છીએ. રાજ્યાભિષેકને દિવસે આ બે અનુભવોનું પુનરાવર્તન કરવાનું અશક્ય છે ખરું? દક્ષિણ આફ્રિકાને આનો જવાબ આપવા અમે અપીલ કરીએ છીએ.

[મૂળ અંગ્રેજી]

ઇન્ડિયન ઓપીનિયન, ૧૭–૬–૧૯૧૧

૮૯. પ્રીતિભોજન

હૉસ્કેન કમિટીને પ્રીતિભોજન આપવાનો સમારંભ યોજનારાઓને મળેલી ભવ્ય સફળતા માટે અમે તેમને અભિનંદન આપીએ છીએ. અમને મળેલા બધા સમાચારો પરથી જણાય છે કે, આ સમારંભ પણ પહેલાંના સમારંભોને બિલકુલ શોભાવે એવો ગોઠવાયો હતો. સ્વાગત સમિતિએ નિમંત્રેલા યુરોપિયન મિત્રો પણ સારી સંખ્યામાં હાજર રહ્યા હતા. યુરોપિયન મિત્રો અને સમર્થકોના માનમાં સમાજ તરફથી પ્રીતિભોજન રાખવામાં આવે એ તો બહુ નાની વસ્તુ ગણાય. લડતની શરૂઆતમાં જ્યારે દરેક જણ સત્યાગ્રહીઓની મજાક ઉડાવતું હતું તે વખતે આપણને ટેકો આપવાનું કાર્ય, સહાનુભૂતિ દર્શાવનાર યુરોપિયન મિત્રો માટે હિંમત, સાહસ અને ત્યાગનું કાર્ય હતું. વ્યંગ-ચિત્રકારોએ મિ. હૉસ્કેનને પોતાના વ્યંગના નિશાન બનાવ્યા હતા, એ આપણે જાણીએ છીએ.[૪] આપણા પ્રશ્નના આ મિત્રોને તેમની ક્લબો અને દેવળોમાં શું શું વીત્યું હશે તેની તો આપણે કલ્પના પણ નથી કરી શકતા. ખરેખર કેટલીક વાર તો, તેમની દશા

૧. બોઅર લડાઈ દરમ્યાન ઊભી કરવામાં આવેલી ઍમ્બ્યુલન્સ કોર અને તેના કાર્ય વિષે જુઓ પુસ્તક ૩, પા. ૧૪૬–૭ અને ૧૫૫–૬૧ અને પુસ્તક ૪, પા. ૨૩૬.

૨. જુઓ દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહનો ઇતિહાસ પ્રથમ ખંડ, પ્રકરણ ૯.

૩. ઝૂલુ બંડ દરમ્યાન ડોળીવાહકોની ટુકડી અને તેના કાર્ય માટે જુઓ પુસ્તક ૫, પા. ૩૧૯–૨૦, ૩૯૦–૧ અને ૩૯૬–૪૦૧.

૪. જુઓ પા. ૧૨૮ સામેનું વ્યંગચિત્ર.

Gandhi Heritage Portal

જેલમાંના આપણા દેશબાંધવો કરતાં ખરાબ નહીં તો, તેમના જેવી જ થઈ હશે. તેમ છતાં છેલ્લાં ચાર વરસમાં લડત દરમ્યાન તેમણે કદી પાછી પાની કરી નથી. મિ. ડોકે એક વાર કહ્યું હતું કે સાચા સામ્રાજ્યવાદીઓ તો યુરોપિયન કમિટીના સભ્યો અને સત્યાગ્રહીઓ છે, જેઓ સામ્રાજ્યના આદર્શો ટકાવી રાખવા માટે જબરજસ્ત વિરોધ સામે લડી રહ્યા છે. અમે મિ. ડોકના એ કથન સાથે સંમત છીએ. આપણે આશા રાખીએ કે, દક્ષિણ આફ્રિકામાં યુરોપિયનો અને હિંદીઓ વચ્ચે જે સુખદ સંબંધ બંધાયો છે તે ચાલુ રહેશે અને તેને પરિણામે પરસ્પરના આદર અને સહિષ્ણુતામાં વધારો થશે. એમ થશે તો સામ્રાજ્યના બીજા ભાગો માટે દક્ષિણ આફ્રિકા એક અનુકરણીય ઉદાહરણ બની જશે.

[મૂળ અંગ્રેજી]

ઇન્ડિયન ઓપીનિયન, ૧૭–૬–૧૯૧૧

૯૦. મિ. હૉસ્કેનની છબી

આ અંકની સાથે અમે મિ. હૉસ્કેનની છબી આપીએ છીએ. તે અમને ખાતરી છે કે અમારા વાંચનાર પસંદ કરશે. તે છબી પ્રથમ સ્ટારમાં બહાર પડી હતી. તે પત્રના માલિકોના વિનયથી અમે તે મેળવી શકયા છીએ. તે છબીને મઢાવી અમારા વાચકો પોતાની કોટડીમાં રાખશે એવું અમે ઇચ્છીએ છીએ. ઘણી વેળા અમે જોઈએ છીએ કે હિંદીની કોટડીઓમાં દારૂવાળા ને તંબાકુવાળાનાં ચિત્રરૂપી જાહેરખબરના તખતા હોય છે. કોઈ વેળા જેનો કશો અર્થ ન હોય તેવાં ચિત્રો માત્ર ખોટા શણગારને સારુ ચોડેલાં કે ટાંગેલાં હોય છે. આપણી આસ-પાસની વસ્તુઓથી આપણી પરીક્ષા ઘણી વેળા થાય છે. અમે તો ઉમેદ રાખીશું કે દરેક હિંદી પોતાની રહેવાની જગામાં જેઓએ આપણી ઉપર ઉપકાર કર્યો છે અથવા તો જેઓનાં નામ આપણે સ્મરણમાં રાખવા માગીએ છીએ તેવાની છબીઓ જ રાખશે અને બીજી રીતે પણ વિચારપૂર્વક જે કંઈ પોતાની આસપાસ રાખવું હોય તે રાખશે.

[મૂળ ગુજરાતી]

ઇન્ડિયન ઓપીનિયન, ૧૭–૬–૧૯૧૧

Gandhi Heritage Portal

૯૧. ગોપાળ કૃષ્ણ ગોખલેને પત્ર

જૂન ૧૭, ૧૯૧૧

પ્રિય પ્રો. ગોખલે,

આ પત્ર આપને શ્રી સોરાબજી શાપુરજી અડાજણિયા આપશે. તેઓ મહાન સત્યાગ્રહીઓમાંના એક છે. આ સ્મરણીય લડતમાં મને જે કીમતી અનુભવો થયા તેમાં સોરાબજી જેવા માણસોની શોધ એ સૌથી મોટો અનુભવ છે. મને ખાતરી છે કે શ્રી સોરાબજીને મળીને આપને આનંદ થશે. તેમની ઇચ્છા, જનરલ સ્મટ્સે આવતે વરસે જે કાયદો રજૂ કરવા વચન આપ્યું છે, તે રજૂ થાય તે પહેલાં અહીં વેળાસર પહોંચી જવાની છે.

આપનો સહૃદયી
મો. ક. ગાંધી

[મૂળ અંગ્રેજી]
ગાંધીજીના હસ્તાક્ષરમાં લખાયેલા મૂળ પત્રની છબી પરથી: જી. એન. ૨૨૪૭

૯૨. રાજ્યાભિષેક

રાજ્યાભિષેકને દિવસે આખાયે દક્ષિણ આફ્રિકામાંથી આપણા દેશબંધુઓએ સમ્રાટ-સમ્રાજ્ઞીને વફાદારીની ભાવના સાથેનાં અભિનંદન પાઠવ્યાં છે. કોઈ અજાણ્યા માણસને એ વાત કદાચ અસ્વાભાવિક લાગે કે, જેમના રાજ્યમાં બ્રિટિશ હિંદીઓને આજ્ઞાપાલક પ્રજાને મળતા સામાન્ય નાગરિક અધિકાર પણ નથી, તેમની ગાદી પ્રત્યે બ્રિટિશ હિંદીઓ શા માટે અને શી રીતે વફાદારી પ્રગટ કરી શકે? અથવા સમ્રાટ-સમ્રાજ્ઞીના રાજ્યાભિષેકનો તેમને હરખ શા માટે હોવો જોઈએ? પણ એ અજાણ્યો માણસ જો બ્રિટિશ બંધારણને સમજવાનો પ્રયત્ન કરે તો તેને કશું વિચિત્ર નહીં લાગશે. સિદ્ધાંતની દૃષ્ટિએ બ્રિટિશ સમ્રાટો, એકસરખો ન્યાય અને પવિત્રતાના પ્રતીક મનાય છે. રાજા જ્યૉર્જનો આદર્શ પોતાની પ્રજા પ્રત્યે સમાન વર્તાવ રાખવાનો છે. તેમનું સુખ પ્રજાના સુખ પર આધાર રાખે છે. બ્રિટિશ રાજદ્વારી પુરુષો ઉક્ત આદર્શોનો અમલ કરવાનો પ્રામાણિક પ્રયત્ન કરે છે. એમ કરવામાં ઘણી વાર તેઓ તદ્દન નિષ્ફળ જાય છે એ વાત ખૂબ જ સાચી છે, પરંતુ આપણી સામે જે પ્રશ્ન છે તેની સાથે એને નિસ્બત નથી. બ્રિટિશ રાજ્યમાં રાજાની સત્તા મર્યાદિત છે, અને વર્તમાન સંજોગોમાં એ યોગ્ય જ છે. એટલે જેઓ બ્રિટિશ ધ્વજ હેઠળ રહેવા ખુશી છે તેઓ પોતાના અંતરાત્માને દૂભવ્યા વિના આ શક્તિશાળી સંસ્થાનોના સમ્રાટ પ્રત્યે પોતાની વફાદારી બતાવી શકે, બલકે તેમણે બતાવવી જોઈએ. પછી ભલે આપણી પેઠે તેઓ પણ કપરી હરકતો હેઠળ પિસાતા હોય. આપણી વફાદારી આપીને આપણે માત્ર હમણાં કહ્યા તે આદર્શો પ્રત્યે ભક્તિ પ્રગટ કરીએ છીએ. આપણી વફાદારી એ આદર્શો જીવનમાં ઉતારવાની આપણી ઇચ્છાનું પારખું છે.

બ્રિટિશ બંધારણનું એક વિશિષ્ટ લક્ષણ એ છે કે, એ બંધારણ મુજબ રાજ્યનો દરેક પ્રજાજન કોઈ પણ બીજા પ્રજાજન જેટલો જ સ્વતંત્ર હોવો જોઈએ; અને ન હોય તો પોતાની સ્વતંત્રતાની

Gandhi Heritage Portal

"કેળું ખાધું હોય ત્યારે તો તેને પૂરો શયતાન જ જોઈ લો!"

(હિંદી સત્યાગ્રહીઓના માનમાં ગોઠવાયેલા શાકાહારી ભોજન સમારંભ પ્રસંગે મિ. વિલિયમ હૉસ્કેન એમ. એલ. એ.એ કાનૂન તોડનારાઓના બચાવમાં ખૂબ જુસ્સાદાર ભાષણ કર્યું.)

બિલજી ઓસ્કેંધી : એક સમકાલીન હાસ્યચિત્ર

(વિલિયમ હૉસ્કેનના નામમાં 'જી' અને 'ધી' જોડીને તેમની મજાક ઉડાડવામાં આવી છે.)

Gandhi Heritage Portal

CARTOON FROM "SUNDAY TIMES," JOHANNESBURG.—"DRIVING IN THE WEDGE."
The persons represented are Hon. Mr. Gokhale, the Editor of the *Transvaal Leader*, Mr. Gandhi, Mr. Wm. Hosken, and Rev. J. J. Doke.

જોહાનિસબર્ગના સન્ડે ટાઇમ્સનું "ફાચર મરાઈ રહી છે" હાસ્યચિત્ર. એમાં રજૂ થયેલી વ્યક્તિઓ છે: માન. શ્રી ગોખલે, ટ્રાન્સવાલ લીડરના તંત્રી, શ્રી ગાંધી, મિ. વિલિયમ હૉસ્કેન, અને રેવ. જે. જે. ડોક.

Gandhi Heritage Portal

માગણી કરવાની, અને તે મેળવવા માટે, બીજા કોઈને નુકસાન પહોંચાડયા સિવાય, લડવાની તેની ફરજ છે. આ બંધારણમાં હાળી પ્રથા કે ગુલામીને સ્થાન નથી; જોકે તેમ છતાં આ બંને ઘણા મોટા પ્રમાણમાં મોજૂદ છે. પણ તેમાં વધુ દોષ તો હાળી કે ગુલામોનો પોતાનો જ છે. બ્રિટિશ બંધારણમાં સ્વતંત્રતા માટેના સરળ સાધનની જોગવાઈ કરવામાં આવેલી છે, પણ એટલું કબૂલ કરવું જોઈએ કે એ ઉપાય લેવાનું સહેલું નથી. સ્વતંત્રતા મેળવવાનો કોઈ સરળ રસ્તો જાણવામાં નથી. ખુદ બ્રિટિશ લોકો પણ, જેને તેઓ ભૂલથી આઝાદી કહે છે, ત્યાં સુધી, ઘણાં કષ્ટો અને મુસીબતો વેઠયા પછી જ પહોંચ્યા છે. તેમ છતાં તેઓ સાચી સ્વતંત્રતાથી, કહેતાં આત્માની સ્વતંત્રતાથી તો અજાણ જ છે. પણ એ ઊણપ માટે તેઓ કાંઈ બંધારણને દોષ દેતા નથી, દઈ શકે પણ નહીં. એ જ રીતે આપણી જે હરકતો છે તેને માટે આપણે બંધારણને દોષ નહીં દઈ શકીએ. અને આપણે તો સાચી કે ખોટી સ્વતંત્રતા માટે આપણું લોહી પણ વહેવડાવ્યું નથી. અહીં આ ઉપખંડમાં આપણે અનેક હરકતો વેઠતા હોવા છતાં અને આપણી જન્મભૂમિમાં પણ આપણે સુખી નથી છતાં જો આપણે બ્રિટિશ બંધારણની ભાવના સમજીએ તો આપણે હૃદયપૂર્વક ઘોષણા કરવી જોઈએ કે

સમ્રાટ ઘણું જીવો!

[મૂળ અંગ્રેજી]

ઇન્ડિયન ઓપીનિયન, ૨૪–૬–૧૯૧૧

૯૩. રાજ્યાભિષેક

બાદશાહ જ્યૉર્જ પાંચમાનો રાજ્યાભિષેક તેના આખા રાજ્યમાં ઊજવવામાં આવ્યો. તે વેળાએ આ દેશમાં વસતા હિંદીએ મુબારકબાદીના તાર મોકલી પોતાની વફાદારી જણાવી. છતાં અમે જોઈએ છીએ કે કેટલાક હિંદી સવાલ કરી રહ્યા છે કે આપણે વફાદારી કોને અને શા સારુ બતાવીએ? આપણે શું મોઢે ઉજવણીઓમાં ભાગ લઈએ? આપણી ઉપર આ મુલકમાં તો દુઃખનો દરિયો ફરી વળ્યો છે. આપણા વહાલા દેશમાં કંઈ આપણી દશા હર્ષ પામવા જેવી નથી. બાદશાહ રાજ્યાભિષેક ઊજવવા હિંદ સિધાવશે તેથી પણ રાજી થવાનું કારણ નથી. તેમાં માત્ર પૈસાની નદી વહેવાની છે. હિંદ તો વધારે પાયમાલ થશે! આવા વિચારો આવે એ કુદરતી છે. તેને છુપાવી રાખવા એ નુકસાનકારક છે. એટલે તે વિચારોને આપણે ન્યાયની કસોટીએ ચઢાવવાની જરૂર છે.

અમારી માન્યતા એવી છે કે ઉપર પ્રમાણે વિચાર બતાવનાર જો વફાદાર ન રહી શકે તો તેણે બેવફાદારી જાહેર કરવી ઘટે અને બહારવટે નીકળવું પડે. એમ ન કરે તો તેનામાં ખોટા-પણાનો અને નામર્દાઈનો દોષ આવશે.

પણ અમે એમ ધારીએ છીએ કે આપણી ઉપર અનહદ દુઃખો પડે છે છતાં આપણે બાદશાહની તરફ વફાદાર રહી શકીએ છીએ. અહીં જે દુઃખો આપણી ઉપર પડે છે તેના જવાબદાર સ્થાનિક સત્તાધીશો છે અને વિશેષ કરીને આપણે પોતે છીએ. જો આપણે સાચા થઈ, સાચા રહી આપણી જ તરફ (આપણા શેતાની વિભાગ તરફ) બેવફાઈ બતાવી આપણામાં રહેલા શેતાની ભાગને હાંકી કાઢી આપણે આપણો પોતાનો કારભાર ચલાવીએ તો આપણી ઉપર આપણને એક પણ ઈજા નહીં માલૂમ પડે અને આપણે બોલી શકશું કે "વાહ બાદશાહ

Gandhi Heritage Portal

જ્યૉર્જની નીચે શું સુખચેન છે!" આપણામાં રહેલ શેતાનને આપણે તદ્દન હાંકી કાઢવા અશક્ત હોઈએ તેટલે દરજ્જે આપણે સ્થાનિક સત્તાધીશોને વીનવવા પડશે ને દુઃખનો કંઈક દેવતા તેથી વખતે ઓલવી શકીએ. આ બેમાંનું કંઈ ન કરીએ તો પછી બાદશાહ જ્યૉર્જનો શો દોષ? કોઈ જવાબ આપશે કે બાદશાહ જ્યૉર્જના નામે બધું ચાલે છે એટલે સારાંનઠારાંનો જશ અપજશ તેને જ મળે. ઉપર અમે લખી ગયા તેને આધારે આ દલીલ પણ રદ થાય છે. બ્રિટિશ બાદશાહત સ્વતંત્ર નથી. તેને વિષે હદ બંધાયેલી છે. અને જે ધોરણ બ્રિટિશ બાદશાહનું ચાલે છે તે ધોરણ પ્રમાણે હદ હોવાની જરૂર છે. જો બાદશાહ તે હદ છોડે તો તે પદભ્રષ્ટ થાય.

વળી બ્રિટિશ બંધારણનો હેતુ એ છે કે તેની નીચે દરેક માણસને સરખા હક અને સરખો ન્યાય મળવાં જોઈએ. જેને તે પ્રમાણે ન મળે તેને તેવો ન્યાય મેળવવા ખાતર લડવાની છૂટ છે; બંધી માત્ર એટલી જ કે લડતમાં તેણે બીજાને હાનિ નહીં કરવી. આમ લડવાની છૂટ છે એટલું જ નહીં પણ આમ લડવાની દરેક બ્રિટિશ રૈયતની ફરજ છે. આવા બંધારણને અને તેના અધિકારી બાદશાહને વફાદારી બતાવવી એ ફરજ થઈ પડે, કેમ કે તે વફાદારી આપણે આપણી મરદાઈને બતાવીએ છીએ. ગુલામની વફાદારી તે વફાદારી ન કહેવાય. ગુલામ તો નોકરી કરે. ગુલામની વફાદારી હોઈ શકે તો તે ફરજિયાત થઈ. સ્વતંત્ર માણસની વફાદારી મરજિયાત છે.

આ વિચાર પ્રમાણે તો દુષ્ટ બાદશાહ અથવા દુષ્ટ બંધારણને પણ વફાદાર રહી શકાય એમ કોઈ શંકા ઉઠાવે તો તે બરોબર નહીં ગણાય. દાખલા તરીકે લડાઈ પહેલાંના બોઅર બંધારણને કે તેના અધિકારી ક્રૂગરને આપણે સ્વતંત્ર માણસ તરીકે વફાદાર ન હોઈ શકત. કેમ કે તેના બંધારણમાં જ એમ હતું કે "યુરોપિયન તથા ગોરા વચ્ચે રાજ્યવહીવટમાં અથવા ધર્મવહીવટમાં એકસરખાપણું ન જ હોઈ શકે." આવા બંધારણની સામે આપણે વફાદાર રહીને ન થઈ શકીએ. તેવી સ્થિતિમાં તો આપણે અધિકારી તથા તેના ધોરણ બંનેની સામે લડત લેવી ઘટે. જો ન લડીએ તો આપણે માનવી મટી પશુમાં ખપીએ. કદાચ બ્રિટિશ બંધારણ ફરે અને તેમાં એવું દાખલ કરવામાં આવે કે ગોરા અને કાળા વચ્ચે કાયદેસર પણ એકસરખાપણું ન હોઈ શકે તો આપણે તેવા બંધારણને વફાદાર ન રહી શકીએ એટલે તેની સામે થવું જોઈએ. તેવે વખતે પણ અમુક હદ સુધી આપણે બાશાહને વફાદાર રહી શકીએ છીએ એવી સરસ બ્રિટિશ પદ્ધતિ છે. એ કેવી હદ એ તપાસવાની હાલ જરૂર નથી. કેમ કે એ સવાલ હાલ ઊભો થતો નથી.

એટલું યાદ રાખવાનું જરૂરનું છે કે બ્રિટિશ પ્રજા પોતે લોહીની નદીઓ વહેતી કર્યા પછી જેને તેઓ સ્વતંત્રતા માને છે, તે મેળવી શકી છે. ખરી સ્વતંત્રતા મેળવવી તેને પણ બાકી છે. આપણે તો ખરી કે ખોટી એકે સ્વતંત્રતાને સારુ આપણું લોહી રેડ્યું નથી, આપણે દુઃખ ઉઠાવ્યાં નથી, દુઃખ ઉઠાવ્યાં છે એવા કંઈક આભાસ માત્ર ટ્રાન્સવાલના સત્યાગ્રહીઓએ તેઓની મહાન લડતમાં આપેલા. પણ તે માત્ર મહાસાગરમાં બિંદુ સમાન હતું. તેવું ને તેથી કોટાનકોટી વધારે દુઃખ આપણે સહન કરવા તૈયાર થઈશું, ત્યારે જ ખરી સ્વતંત્રતા મેળવી શકાય તેવું છે. તે મેળવવાની ઇંગ્રેજી બંધારણમાં છૂટ છે. તેવું બધાને મળે એમ બ્રિટિશ બાદશાહે ઇચ્છવું જોઈએ એવું ઇંગ્રેજી ધોરણ છે, અને એ પ્રમાણે વર્તન કરવાનું ખરુંખોટું પણ શુદ્ધ દિલથી પ્રયત્ન કરનારા ઇંગ્રેજો પડ્યા છે. તેથી આપણે દુઃખો છતાં બ્રિટિશ બાદશાહને વફાદાર રહી શકીએ છીએ, ને આપણે વફાદાર રહેવું ઘટે છે.

[મૂળ ગુજરાતી]

ઇન્ડિયન ઓપીનિયન, ૨૪–૬–૧૯૧૧

Gandhi Heritage Portal

૯૪. સત્યાગ્રહીને માન[1]

મિ. હરિલાલ ગાંધી હિંદ જતાં રસ્તામાં ઝાંઝીબારના બંદરે પહોંચતાં ઓળખાયા અને તેને ઝાંઝીબારના હિંદીએ વધાવી લીધા હતા. તેણે આનાકાની કરી તે ચાલી નહીં. મિ. વલી મહમદ નજરઅલીને બંગલે તેને લઈ ગયેલ ને ત્યાં તેની સારી બરદાસ કરી હતી. માનના જવાબમાં મિ. હરિલાલ ગાંધીએ કહ્યું કે, ટ્રાન્સવાલની લડતે સત્યાગ્રહ એ કેવો અકસીર ઈલાજ છે તે બતાવી આપ્યું છે. કદાચ હજુ પણ દગો થશે તો દુનિયાના જે ભાગમાં સત્યાગ્રહીઓ હશે ત્યાંથી પાછા આવી લડતમાં જોડાશે વગેરે.

[મૂળ ગુજરાતી]

ઇન્ડિયન ઓપીનિયન, ૨૪–૬–૧૯૧૧

૯૫. મિ. પોલાકનું કામ

મિ. પોલાકને વિલાયત પહોંચ્યાને હજુ વખત કંઈ જ નથી થયો,[2] તે દરમિયાન તેણે સજ્જડ કામ ઉપાડી લીધું છે. જુદા જુદા ગૃહસ્થોને મળ્યા છે. "લીગ ઑફ ઑનર"ની મીટિંગમાં ભાષણો કર્યાં છે.[3] ઑલ ઇન્ડિયા મુસ્લિમ લીગના મેળાવડામાં પણ ભાષણો કર્યાં છે. વિલાયત કમિટીએ જે લખાણ[4] કૉલોનિયલ સેક્રેટરીને મોકલ્યું છે, તે મિ. પોલાકનો મુસદ્દો છે. તેમાં તેમણે બધી વાતો ઉઠાવી છે. વ્રીડીઑર્પની સ્ટેન્ડ બાબત પણ યોગ્ય લખાણ કર્યું છે અને સોનેરી કાયદાની અસર તરફ ખૂબ ધ્યાન ખેંચ્યું છે. આમ મિ. પોલાક ગમે ત્યાં બેઠા હોય છતાં એક જ કામમાં લીન થઈ જાય છે. તેને દક્ષિણ આફ્રિકાના હિંદીના સવાલ સિવાય બીજું કામ સૂઝતું જ નથી. આ કંઈ જેવી તેવી વાત નથી. માણસ જ્યારે પોતાના કર્તવ્યમાં લીન થઈ જાય ત્યારે જ તેની સાધના કરી શકે છે. આ નિયમને મિ. પોલાકે ખૂબ જાણ્યો છે ને તેમાં ચકચૂર રહે છે. એવા હિંદી ઘણા કોમમાં જાગે તો હિંદનો છુટકારો તુરત આવે. મિ. પોલાક પોતાનું કર્તવ્ય કરી આપણને બધાને જણાવે છે કે આપણી શી ફરજ છે.

[મૂળ ગુજરાતી]

ઇન્ડિયન ઓપીનિયન, ૧–૭–૧૯૧૧

૧. આ લેખ ચોક્કસ જ હરિલાલ ગાંધીએ ગાંધીજીને લખેલા પત્રમાં વર્ણવેલા બનાવના હેવાલ પરથી લખાયો છે. જુઓ "હરિલાલ ગાંધીને પત્ર", પા. ૧૫૦–૧.

૨. મિ. પોલાક મે ૯, ૧૯૧૧ને રોજ જોહાનિસબર્ગથી રવાના થયા હતા અને એ જ મહિનાના ત્રીજા અઠવાડિયામાં લંડન પહોંચ્યા હતા.

૩. દક્ષિણ આફ્રિકાવાસી ભારતીઓની સ્થિતિ સંબંધમાં.

૪. જુઓ પરિશિષ્ટ ૮.

Gandhi Heritage Portal

૯૬. જોહાનિસબર્ગનો પત્ર[1]

મિ. પોલાકનો કાગળ

મિ. પોલાકના તેના વિલાયત પહોંચ્યા પછી બે કાગળો મળ્યા છે. તે જણાવે છે કે તેણે જસ્ટિસ અમીરઅલીની[2] મુલાકાત લીધી છે. ઇન્ડિયા ઑફિસવાળા મિ. ગુપ્તને મળ્યા છે. લૉર્ડ લેમિંગ્ટન[3] સાથે વાતચીત થઈ. બીજા ગૃહસ્થો અને બાઈઓને મળ્યા છે. લીગ ઑફ ઑનરની મીટિંગમાં જે ભાષણો થયાં હતાં તેમાં મિ. પોલાકનું ભાષણ બધાના કરતાં સરસ ગણવામાં આવ્યું હતું. ઑલ ઇન્ડિયા મુસ્લિમ લીગની બે મીટિંગો થઈ તેમાં તે ગયેલા ને ભાષણો કરેલાં.

[મૂળ ગુજરાતી]

ઇન્ડિયન ઓપીનિયન, ૧–૭–૧૯૧૧

૯૭. ડૉ. પ્રાણજીવન મહેતાને લખેલા પત્રનો અંશ[4]

[જુલાઈ ૧, ૧૯૧૧ પછી][5]

. . .જો તમે માનો કે હું દેશમાં આવું એટલે આપણે ધારીએ તેવા જવાનો તુરત મળી રહેશે તો તે મારા વિચારમાં ભૂલભરેલું જણાય છે. અહીં જેમ મુશ્કેલીઓ પડી છે તેમ જ ત્યાં સમજું છું. અહીંના આરંભને સરખો મૂક્યા પછી દેશમાં જવું એ શોભીતું લાગે છે. ફિનિક્સમાં મને નિરાંતે રહેવાનું હજુ મળ્યું નથી. હું એકાદ વર્ષ વકીલાતની જંજાળમાંથી મુક્ત રહી કેળવણીમાં પરોવી શકું તો કંઈક ઠીક એમ લાગે છે. નવી ઉપાધિ અહીં નથી લેતો. છે તેને ઠામ મૂકવા પ્રયત્ન કરું છું.

૧. "જોહાનિસબર્ગનો પત્ર" માર્ચ ૪, ૧૯૦૬થી દર અઠવાડિયે નિયમિત ઇન્ડિયન ઓપીનિયનમાં આવતો હતો (પુસ્તક ૫, પા. ૨૨૦ અને ૨૩૧–૨). ઑક્ટોબર ૧૬, ૧૯૦૯થી એમાંથી "પત્ર" શબ્દ છોડી દેવામાં આવ્યો હતો. અને એમાં અવારનવાર અમુક પૅરાઓ ગાંધીજી લખતા એવું લાગે છે.

૨. જસ્ટિસ સૈયદ અમીરઅલી (૧૮૪૯–૧૯૨૮); સી. આઈ. ઈ., બાર ઍટ લૉ; કલકત્તા હાઈકોર્ટના જજ, ૧૮૯૦–૧૯૦૪; ૧૯૦૯ના નવેમ્બરમાં પ્રિવી કાઉન્સિલની ન્યાય સમિતિના પહેલા હિંદી સભ્ય બન્યા. દક્ષિણ આફ્રિકા બ્રિટિશ હિંદી સમિતિના પણ સભ્ય થયા અને ઑલ ઇન્ડિયા મુસ્લિમ લીગની લંડન શાખાના પ્રમુખ બન્યા. ઇસ્લામના અને મુસ્લિમ કાનૂન પરનાં કેટલાંક પુસ્તકોના લેખક.

૩. એક સમયે મુંબઈના ગવર્નર અને ભારતના સવાલ પ્રત્યે સહાનુભૂતિ ધરાવનાર; ૧૯૦૯ના જાન્યુઆરીમાં દક્ષિણ આફ્રિકા બ્રિટિશ હિંદી સમિતિના સભ્ય થયા. ટ્રાન્સવાલની જેલમાં મુસ્લિમ સત્યાગ્રહીઓને રમ્મનના રોજ દરમ્યાન વેઠવી પડેલી હાડમારીઓ બાબત તે જ વર્ષના નવેમ્બરમાં ઉમરાવ સભામાં સવાલ પૂછ્યો. ઇન્ડિયન ઓપીનિયન, ૨૭–૨–૧૯૦૯ અને ઇન્ડિયા, ૧૯–૧૧–૧૯૦૯.

૪. આ કાગળની શરૂઆતનાં પાનાં મળતાં નથી. પરંતુ કાગળના વિષય પરથી લાગે છે કે તે ડૉ. પ્રાણજીવન મહેતાને સંબોધીને લખાયો હોવો જોઈએ. ખાસ કરીને પહેલું વાકય સત્યાગ્રહીઓને કેળવણી આપવાની ગાંધીજીની યોજના સંબંધી હોય એમ લાગે છે. આ યોજના માટે નાણાં ડૉ. પ્રાણજીવન મહેતા પૂરાં પાડનાર હતા; જુઓ "ડૉ. પ્રાણજીવન મહેતાને પત્ર", પા. ૮૧–૪.

૫. આ પત્રમાં છગનલાલ ગાંધીનો ભારતથી રવાના થવાનો ઉલ્લેખ છે. તે ૧૯૧૧ના જુલાઈ મહિનાના પહેલા અઠવાડિયામાં ભારતથી રવાના થયા હતા અને ૨૦ જુલાઈએ દક્ષિણ આફ્રિકા પહોંચ્યા હતા.

Gandhi Heritage Portal

માણસોને અરધો દહાડો પ્રેસનું કામ ને અરધો દહાડો ખેતી વ.ના કામમાં પરોવવાની હાલ ગોઠવણી ચાલે છે. તેમાં વધારે યોગ્ય માણસોને રોકવાનો ઇરાદો છે. તો જ પ્રેસમાંથી માણસો છૂટા થઈ શકે. ખેતીનાં કામો રોકતાં જમીન સુધરશે પણ તુરત આવક થવાની નથી. આમ કરતાં દર માસનું ખર્ચ મારે કાઢવું મુશ્કેલ જોઉં છું. વિશેષ માણસો રોકતાં ખર્ચ થાય તે તમારી પાસેથી માગવાનું મન થાય છે. કામ વધારતાં બધું મળી પા. ૧,૦૦૦નું ખર્ચ થાય એવો સંભવ રહ્યો છે. તેટલા ખર્ચ સુધીની પરવાનગી આપી શકો તો આપજો. જે ખર્ચ થશે તેથી જમીન વ.ની કિંમત વધે તેવો સંભવ છે.

જે બીજી મદદ મેં માગી છે તે ઉપરાંતની આ મદદ માગું છું. ફિનિક્સમાં મોટા (પાયા) પર નિશાળ તો કાઢવે જ છૂટકો છે. તેને સારુ ઉધરાણું કરવા અહીંથી નીકળવા ધારું છું.

મને ઘણી વેળા રહ્યા કરે છે કે તમે હિંદુસ્તાન પાછા ફરતાં એક વેળા અહીં આવી ફિનિક્સ જોઈ જાઓ તો વધારે સારું. છગનલાલ આ અઠવાડિયે દેશથી નીકળેલા હોવા જોઈએ.

મોહનદાસના
વંદે માતરમ્

[મૂળ ગુજરાતી]
ગાંધીજીના હસ્તાક્ષરમાં લખાયેલા મૂળ પરથી : સી. ડબ્લ્યુ. ૫૦૮૮
શ્રી સી. કે. ભટ્ટના સૌજન્યથી

૯૮. હરિલાલ ગાંધીને પત્ર

જુલાઈ ૩, ૧૯૧૧

ચિ. હરિલાલ,

તમારો ઝાંઝીબારનો કાગળ મને ફિનિક્સમાં મળેલો. ત્યાર બાદ ન હોઈ શકે. હવે થોડા દિવસમાં આવવાની વકી રાખું છું. તમને ઝાંઝીબારમાં માન મળ્યું. તેમાં મને એટલો સંતોષ થયો છે કે તેમાં ઘણા ભાગ લેનારા ખોજા[1] હતા અને બીજો એ કે તેઓ સત્યાગ્રહના નામથી ડર્યા નહીં. તમે જવાબ ઠીક વાળ્યો. તેનો એક ટૂંકો ફકરો[2] ઇ. ઓ.માં નાંખવો એ મને ઠીક લાગ્યું તેથી નાંખ્યો તે તમે જોયો હશે. સ્ટારમાં દર અઠવાડિયે જુદા જુદા જાણીતા માણસોના વૃત્તાંત આવે છે તેમ મારું પણ આવેલું તે તમને મોકલું છું. જોઈ વાંચીને ભાઈ સોરાબજીને મોકલજો. તે ત્યાં હવે પહોંચી ગયા હશે.

ડરબનમાં આપણા લોકોએ અવધિ કરેલી.[3] કૉરોનેશનને દહાડે હું તો ફિનિક્સ ગયેલો. એટલે તે દહાડાની ધામધૂમને સારુ બધી શાબાશી સ્થાનિક યોદ્ધાઓને જ ઘટે છે.

૧. મુસલમાનોનો એક સંપ્રદાય.
૨. જુઓ "સત્યાગ્રહીને માન", પા. ૧૪૨.
૩. ડરબનમાં હિંદીઓએ રાજ્યાભિષેકના સમારંભનો બહિષ્કાર કર્યો હતો. જુઓ "રાજ્યાભિષેક", પા. ૧૩૪–૬.

Gandhi Heritage Portal

રજિસ્ટરનું કામ હજુ અહીં શરૂ નથી થયું. મિ. ચમનીને[૧] પહેલું લિસ્ટ કાલે મોકલવાની ઉમેદ છે.

મણિલાલ સાથે ઠીક વાતો કરી. તેનો વિચાર લડાઈ ન ઊઠે તો આવતે વર્ષે વિલાયત જવાનો થયો છે. પ્રેસમાં કામ સારું કરે છે.

ભાઈ મેઢે જે પણ લીધું છે[૨] તેનું તો ઘણું કરી હું લખી ચૂકયો છું.

મેં હવે ફાર્મ ઉપર નિશાળનું કામ લીધું છે. કયાં સુધી નભી શકશે એ જોવાનું છે. પિલ્લેના બધા છોકરા નીકળી ગયા છે. પિલ્લે પણ નથી.

થંબી નાયડુ હવે જે. બી. [જોહાનિસબર્ગ]માં જ રહે છે. પી. કે. નાયડુ[૩] અહીં છે.

બા મારી સાથે ફિનિક્સ આવેલી. લઈ જવાની જરૂર પડી હતી.

ચંચીનો[૪] કાગળ મને ઘણા વખત થયાં નથી.

ભાઈઓ બધા મજામાં છે. આ લખું છું ત્યાં મારી પાસે બેઠા વાંચે છે. રાતના ૩॥ વાગ્યા છે. મિ. રિચ તથા ભાઈ પ્રાગજી આજે (રવિવારે)[૫] ફાર્મ પર આવ્યા છે. મારો વિચાર પાંચ દહાડા ફાર્મ પર ને બાકીના બે જે. બી.માં ગાળવા એવો છે.

બાપુના આશીર્વાદ

[મૂળ ગુજરાતી]

ગાંધીજીના હસ્તાક્ષરમાં લખાયેલા મૂળ પત્રની છબી પરથી : એસ. એન. ૯૫૩૧

૧. મૉન્ટફર્ડ ચમની; ગાંધીજીએ તેમને વ્યંગમાં "ખુદાવંદ" કહ્યા છે. (જુઓ પુસ્તક ૮, પા. ૨૫). સત્યાગ્રહની ચળવળ દરમિયાન ટ્રાન્સવાલમાં અનુક્રમે પ્રોટેક્ટર ઑફ ઇમિગ્રન્ટ્સ, રજિસ્ટ્રાર ઑફ એશિયાટિક્સ અને પ્રિન્સિપલ ઇમિગ્રેશન ઑફિસરની ઉચ્ચ વહીવટી પદવીઓ ધરાવતા હતા. ૧૯૦૮ની લડત દરમ્યાન તેમણે એવી ઍફિડેવિટ કરી હતી કે સ્મટ્સે એશિયાટિક રજિસ્ટ્રેશન ઍક્ટ પાછો ખેંચવાનું વચન આપ્યું નહોતું. આગળ જતાં ગાંધીજીએ એમના પર "અસાધ્ય અણઘડતા"નો આરોપ મૂકી એમને દૂર કરવાની માગણી કરી હતી. જુઓ પુસ્તક ૮, પા. ૪૩૦–૩ અને ૪૭૫–૬. અને પુસ્તક ૯, પા. ૮૭–૮.

૨. મેઢે દસ વર્ષ સુધી બ્રહ્મચર્યનું પાલન કરવાનું વ્રત લીધું હતું.

૩. પી. કે. નાયડુ; દક્ષિણ આફ્રિકામાં જન્મેલા, દક્ષિણ આફ્રિકાના સારાયે સત્યાગ્રહ આંદોલન દરમ્યાન વારંવાર જેલ ભોગવી. ૧૯૧૩ની "મહાન કૂચ" દરમ્યાન વિશેષ સેવા કરી. તામિલ બેનિફિટ સોસાયટીમાં હોદ્દો ધરાવતા હતા. જુઓ પુસ્તક ૮, પા. ૧૩૩, તથા દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહનો ઇતિહાસ દ્વિતીય ખંડ, પ્ર. ૭, ૨૦.

૪. ચંચળબહેન ગાંધી, હરિલાલ ગાંધીનાં પત્ની.

૫. રવિવારે ૨જી જુલાઈ હતી જ્યારે કાગળ ૩જી જુલાઈનો છે.

Gandhi Heritage Portal

૯૯. ક્રૂગર્સડૉર્પનું બજાર

ક્રૂગર્સડૉર્પની મ્યુનિસિપાલિટી ત્યાંના એશિયાઈ બજાર અથવા વાડાઓને કાઢી નાંખવાનો જે સતત પ્રયાસ કરી રહી છે એ પગલું એ નગરના યુરોપિયન રહેવાસીઓએ એશિયાઈ વિરોધી જેહાદમાં[૧] એકંદરે જે ઉત્સાહ બતાવ્યો છે તેની સાથે બિલકુલ બંધબેસતું થાય એવું જ છે. ત્યાંની સ્કૂલ કમિટી આ હિતસંબંધ ધરાવતા ચળવળિયાઓના હાથનું સ્વેચ્છાપૂર્વકનું હથિયાર બની છે. પરંતુ અમે આશા રાખીએ છીએ કે ક્રૂગર્સડૉર્પના હિંદીઓ આ સવાલની બીજી બાજુ સત્તાવાળાઓ સમક્ષ રજૂ કર્યા વિના રહેશે નહીં. નુકસાની આપવા વિષે અમારે કશું પણ કહેવાનું નથી. કારણ કે જે વાડાઓનો કબજો હિંદીઓ ધરાવે છે તેમને ખાલી કરવા પોતે સંમત થાય નહીં અથવા તેમને ખાલી કરવાની કાયદાથી ફરજ પાડવામાં નહીં આવે ત્યાં સુધી નુકસાનીનો સવાલ ઊભો થતો નથી. અમે એટલું જ બતાવી દેવા માગીએ છીએ કે જે પરિસ્થિતિ વિષે સ્કૂલ કમિટી ફરિયાદ કરે છે તે તો જેમના હાથમાં આ લોકેશનનો અંકુશ છે તેમણે જાણીજોઈને ઊભી કરી છે.[૨] વાડા ખસેડવાની ધમકીની તલવાર ત્યાંના રહેવાસીઓના માથા ઉપર કેટલાંય વરસથી લટકી રહી છે. જો સ્કૂલનાં બાળકોને લોકેશનનાં જાજરૂ દેખાતાં હોય તો તે માટે અમે દિલગીર છીએ. લોકેશનના રહેવાસીઓને ભોગવટાનો કાયમી હક આપો તો અમે વચન આપીએ છીએ કે તેઓ એક મહિનાની અંદર જરૂરી બધા ફેરફારો કરી દેશે. અમે જાણીએ છીએ કે અમારા બેજાર દેશબંધુઓ અનેક વાર એવી વિનંતી કરી ચૂકયા છે કે અમને એવી સ્થિતિ કરી આપો જેથી અમે અમારા વાડા પર પાકાં અદ્યતન મકાનો બાંધી શકીએ. પણ એ બાબતમાં એમને કશું પ્રોત્સાહન આપવામાં નથી આવ્યું એટલું જ નહીં, પણ જ્યારે તેમણે એવો કોઈ પ્રયત્ન કર્યો છે ત્યારે તેમાં બાધા નાંખવામાં આવી છે. જે પરિસ્થિતિ માટે વાંક કાઢનારા પોતે જ સંપૂર્ણ રીતે નહીં તો મોટે ભાગે જવાબદાર છે, તેને માટે હિંદીઓનો દોષ કાઢવો તેમાં કંઈ નહીં તો બેઈમાની તો રહેલી છે જ.

[મૂળ અંગ્રેજી]

ઇન્ડિયન ઓપીનિયન, ૮–૭–૧૯૧૧

૧. જુઓ "ક્રૂગર્સડૉર્પના ચળવળિયા", પા. ૧૧૫–૬.

૨. જુઓ "જોહાનિસબર્ગનો પત્ર", પા. ૧૫૬–૭.

Gandhi Heritage Portal

૧૦૦. હિંદી પત્નીઓ

ટ્રાન્સવાલના એક રજિસ્ટર થયેલા હિંદીની પત્ની તરીકે એક હિંદી સ્ત્રીએ ટ્રાન્સવાલમાં દાખલ થવા અરજી કરી હતી.[૧] એ બાબતમાં ન્યાયાધીશ વેસલ્સે જે ચુકાદો આપ્યો છે તેને લઈને સારાયે દક્ષિણ આફ્રિકાના હિંદીઓ માટે અત્યંત મહત્ત્વના સવાલો ઊભા થયા છે. આ તે જ બાઈ છે જેને થોડા વખત પહેલાં ડરબનના ઇમિગ્રેશન અધિકારીએ પાછી કાઢી હતી, અને જેના કેસની ચર્ચા અમે પહેલાં કરી ચૂકયા છીએ. ન્યાયાધીશની ટીકા પરથી જણાય છે કે, પોતાનો દાવો પુરવાર કરવાના બાઈ રસૂલ (એ અરજદારનું નામ છે)ના માર્ગમાં અનુચિત અંતરાયો ઊભા કરવામાં આવ્યા છે. ન્યાયાધીશે કહ્યું કે જો અદાલતને સત્તા હોત તો તેઓ અરજદાર પોતાના લગ્ન બાબત જરૂરી પુરાવો રજૂ કરી શકે તે માટે તેને કામચલાઉ પરમિટ આપત. ઇમિગ્રેશન અધિકારીએ આવી પરમિટ આપી હોત તો આ કેસ અદાલતમાં આવ્યો જ ન હોત. અમે હજી આશા રાખીએ છીએ કે બાઈ રસૂલને પોતાનો દાવો સાબિત કરવા માટે દરેક સગવડ આપવામાં આવશે. કારણ એ વિષે કોઈ શંકા નથી કે આમાં હિંદીઓની વેપારની હરીફાઈનો કોઈ પ્રશ્ન જ નથી.

પરંતુ ન્યાયાધીશે જે પ્રાસંગિક ટીકા કરી છે તે વધુ મહત્ત્વની છે. તેમણે કહ્યું છે કે કોઈ હિંદીએ એકથી વધુ પત્ની અહીં ન લાવવી જોઈએ. જેમને એકથી વધુ પત્નીઓ હોય તેઓ તેમને હજી સુધી તો કશી રોકટોક સિવાય લાવે છે. ન્યાયાધીશની ટીકા મુજબનો જ કાયદો હોય તો અમે એટલું જ કહી શકીએ કે એ કાયદો બદલવો જોઈશે. બ્રિટિશ સંસ્થાનોમાં બધા ધર્મોનો આદર કરવામાં આવે છે. ત્યાં કોઈ ધર્મનું અપમાન થાય એવો કોઈ કાયદો ન હોઈ શકે. આ દેશમાં આથી જુદો વિચાર ધરાવવાની વાત દક્ષિણ આફ્રિકામાં વસતાં ઘણાં હિંદી કુટુંબોને દુઃખી કરશે. આથી બ્રિટિશ ઈન્ડિયન ઍસોસિયેશન અને હમીદિયા ઇસ્લામિક સોસાયટીએ આ બાબતમાં પગલાં લીધાં છે એ જાણીને અમને આનંદ થયો. આ પ્રશ્નનું નિરાકરણ કોઈ પણ આંદોલન સિવાય કરી શકાવું જોઈએ.

[મૂળ અંગ્રેજી]

ઇન્ડિયન ઓપીનિયન, ૮–૭–૧૯૧૧

૧. ટ્રાન્સવાલના એક જૂના રજિસ્ટર થયેલા રહેવાસી આદમજી હિંદુસ્તાનથી પોતાની પત્ની બાઈ રસૂલને બોલાવી લાવ્યા હતા. ડરબનમાં ઇમિગ્રેશન અધિકારીએ બાઈ રસૂલને સ્ટીમરમાંથી ઊતરવા ન દીધાં. જેકે સામાન્ય રીતે આવાં ઇમિગ્રન્ટોને ૧૦ પાઉંડની જમીનગીરી લઈને ઊતરવા દેવામાં આવતાં હતાં. બાઈ રસૂલે પછી ડેલાગોઆ બેને રસ્તે ટ્રાન્સવાલમાં દાખલ થવાનો પ્રયત્ન કર્યો. આ કેસ છેવટે ટ્રાન્સવાલની સુપ્રિમ કોર્ટમાં આવ્યો. સુપ્રિમ કોર્ટના ચુકાદાના હેવાલ માટે જુઓ આ પછીનો લેખ.

Gandhi Heritage Portal

૧૦૧. જોહાનિસબર્ગનો પત્ર

ક્રૂગર્સડૉર્પની[1] કહાણી

ક્રૂગર્સડૉર્પના લોકેશનમાં રહેતા હિંદીએ નર્ચિત થઈ બેસવાનું નથી. ક્રૂગર્સડૉર્પના છાપામાંથી જોવામાં આવે છે કે લોકેશન બાબત હજુ મ્યુનિસિપાલિટી અને સરકાર વચ્ચે તકરાર ચાલ્યા કરે છે. એ તકરારની જાણ થવાનું કારણ ત્યાંની સ્કૂલ કમિટી છે. સ્કૂલ કમિટીએ એવી ફરિયાદ કરી છે કે લોકેશન સામેની નિશાળના છોકાઓને લોકેશનમાં વસતાં હિંદીનાં જાજરૂઓનો દેખાવ સહન કરવો પડે છે. નિશાળની કમિટીને મ્યુનિસિપાલિટીએ જવાબ આપ્યો છે કે લોકેશન ફેરવવામાં હિંદીને પા. ૧૧૦૦ની નુકસાની ભરવી પડે તેમ છે. આ પૈસા મ્યુનિસિપાલિટીએ આપવા જોઈએ એવું સરકાર કહે છે. મ્યુનિસિપાલિટી કહે છે કે તે પૈસા તેણે ન આપવા જોઈએ કેમ કે તેમાંની ઊપજ સરકારે ખાધેલી છે. લોકેશનની સ્થાપના સરકારે કરી તેથી તે પૈસા સરકાર જ ભરે. મજકૂર છાપાનો અધિપતિ એવી સૂચના કરે છે કે ગોરાઓએ ભારે સભા ભરી તેમાં ઠરાવો પસાર કરી તે પૈસા ભરવાની ફરજ સરકારને પાડી લોકેશન ખસેડવું જોઈએ. પા. ૧,૧૦૦ નુકસાનીના આપવા પડશે એવું અગાઉ ભરાયેલ કમિટીએ ઠરાવ્યું હોય તેમ જણાય છે.

લોકેશનમાં વસતા હિંદીઓને મારી તો સલાહ છે કે તેઓએ તુરત સરકારને તેમ જ મ્યુનિસિપાલિટીને કાગળ લખવો જોઈએ કે જો તેઓને પરવાનગી મળે તો તેઓ જેટલો ઘરબાંધકામમાં સુધારો કરવો ઘટે તેટલો કરવા તૈયાર છે. તેઓએ એટલું પણ જણાવવું જોઈએ કે લોકેશનમાંથી ખસવાની તેઓએ કબૂલત આપી નથી અને લોકેશનમાં મસ્જિદ હોવાથી ત્યાંથી ખસવાનું બને તેમ પણ નથી. આ બાબત ઉપાય લેવામાં લોકેશનના હિંદી પછાત નહીં રહે એવી મારી ઉમેદ છે.

હદપારનો હુકમ રદ થયો

એન. દલા કરીને એક હિંદી જવાન છે. તેને બાર્બરટનમાં પકડવામાં આવ્યો હતો ત્યાં તેની ઉપર હદપાર થવાનો હુકમ થયો. તેને હુકમ કરવાનું મુખ્ય કારણ એ હતું કે તેની ઉંમર ૧૮ વરસની કબૂલ થયેલી. તેના ભાઈબંધોએ મિ. રિચની સલાહ લીધી ને જણાવ્યું કે હકીકતમાં દલાની ઉંમર ૧૬ વરસથી વધારે ન હતી. આ ઉપરથી કેસ સુપ્રિમ કોર્ટમાં હદપારનો હુકમ રદ કરાવવા સારુ ગયો. તેમાં એક દાક્તરે એવી જુબાની આપી કે દલાની ઉંમર આશરે વરસ સોળની હોવી જોઈએ. આ જુબાનીને માન આપી કોર્ટે હદપારનો હુકમ રદ કર્યો છે. આમાં દલીલ એ જ હતી કે ૧૬ વરસની અંદરના હિંદી જવાનોને હદપાર કરવાની સત્તા કાયદામાં નથી. આ કેસથી દલાને ટ્રાન્સવાલમાં રહેવાનો હક નથી મળ્યો. તેને સારુ તો તેણે અરજી કરવી પડશે અને કાયદેસર હક હશે તો જ રજિસ્ટર મળશે. દલાને પોતાને ફાયદો થયો એ સિવાય બીજી રીતે આ કેસનું પરિણામ જાણવાલાયક નથી.

૧. જુઓ "ક્રૂગર્સડૉર્પનું બનવ", પા. ૧૫૩.

Gandhi Heritage Portal

બાઈ રસૂલનો કેસ[૧]

પણ બાઈ રસૂલના કેસમાં સુપ્રિમ કોર્ટે ગયે અઠવાડિયે ચુકાદો આપ્યો તે અગત્યનો છે. આ બાઈ રસૂલ તે મિ. આદમજીની ઓરત છે. તેની કેટલીક હકીકત અગાઉ ઇ. ઓ.માં આવી ગઈ છે. બાઈ રસૂલને નાતાલમાં ઊતરવાનું ન બન્યું ત્યારે તે બાઈ તેના ધણીની સાથે ડેલાગોઆ બે ગઈ. ત્યાંથી તેણે ટ્રાન્સવાલમાં દાખલ થવા પ્રયત્ન કર્યો. કેસ સુપ્રિમ કોર્ટમાં ગયો. તેમાં માગણી એવી હતી કે તે બાઈને ઇમિગ્રેશન અમલદાર મિ. ચમની અટકાયત ન કરે. કેસ અટપટો હતો. મિ. આદમજીએ જ્યારે રજિસ્ટર લીધું ત્યારે બાઈ રસૂલની સાથે નિકા કરેલી, છતાં તલાક દીધેલી બાઈનું પોતાની ધણિયાણી તરીકે નામ આપેલું. તેથી બાઈ રસૂલ તે પોતાની ધણિયાણી છે એમ સાબિત કરવું મુશ્કેલ પડયું. કોર્ટે ચુકાદો આપતાં જણાવ્યું કે રાખેલી ઓરતને કોઈ ટ્રાન્સવાલમાં દાખલ નથી કરી શકતું. આગલી ઓરતને તલાક દીધેલ એ વાત કોર્ટને સંતોષ થાય એમ સાબિત થયેલી ન ગણાય, અને બાઈ રસૂલની સાથે નિકા થયા છે એ વાત પણ સાબિત થયેલી ન મનાય. આવા કારણથી કોર્ટે માગેલો હુકમ ન આપતાં ખર્ચા સહિત કાઢી નાખ્યો. તેમાં કોર્ટે જણાવ્યું કે જો તેને સત્તા હત તો તે બાઈને પોતાનો હક સાબિત કરવાને સારુ મુદતની પરમિટ આપત. પણ કોર્ટે જણાવ્યું કે તેવી સત્તા તેને ન હતી.

આટલે સુધી જ જો ઠરાવ રહ્યો હત તો બહુ અડચણ જેવું ન થાત. પણ કોર્ટે પોતાના ઠરાવમાં એમ પણ જણાવ્યું કે કદી કોઈને એક કરતાં વધારે ઓરત હોય તોપણ કોર્ટ તો એક જ ઓરતને એટલે પહેલી ઓરતને જ આવવાનો હક આપે. બાકીની ઓરતો કાયદેસર ઓરત છે એમ ન ગણાય. જો જજનો આ વિચાર બહાલ રહે ને અમલદાર તેને અમલમાં મૂકે તો મુસલમાન ભાઈઓને બહુ અડચણ આવવાનો સંભવ છે. આજ લગી જેટલી ઓરત હોય તેટલીને આવવામાં હરકત નથી આવી પણ હવે હરકત લાવે એવો સંભવ છે.

આ બાબત ઉપર હમીદિયા ઇસ્લામિક સોસાયટી તથા ઍસોસિયેશન તુરતમાં હિલચાલ કરનાર છે.

મારી ઉમેદ છે કે મિ. આદમજીના સલાહકારો હવે બાઈ રસૂલને ડરબન લાવી બરોબર સાવચેતીથી કામ લેશે. નિકાહ તથા તલાક બાબત સારા મોલવી વગેરેનાં સોગંદનામાં આપવાની જરૂર છે. તેની સાથે બાઈ રસૂલનું સોગંદનામું રજૂ કરવું પડશે. આમ થવાથી કોર્ટને હુકમ આપ્યા વિના ન ચાલે એમ માનું છું. અને જો ડરબનમાં હુકમ મળે તો પછી ટ્રાન્સવાલમાં આવતાં અડચણ ન જ આવે એ દેખીતું છે.

[મૂળ ગુજરાતી]

ઇન્ડિયન ઓપીનિયન, ૮–૭–૧૯૧૧

૧. જુઓ આ પછીનો લેખ.

Gandhi Heritage Portal

૧૦૨. મગનલાલ ગાંધીને પત્ર

અષાડ વદ ૧ [જુલાઈ ૧૨, ૧૯૧૧][૧]

ચિ. મગનલાલ,

સાથે ચિ. છગનલાલનો કાગળ છે. તેને પશ્ચાત્તાપ સારો થયો જણાય છે. થૉરોનું વાકય ફ્રે. ઓ.માં કોઈ વેળા લેવા મિ. વેસ્ટને ઉતારી દેજો. હવે તો છગનલાલના તારની મારે રાહ જોવી રહી. હજુ સુધી તાર નથી તે જણાવે છે કે પાછું કંઈક વિઘ્ન આવવામાં નડયું છે. તમને ફિનિક્સમાં ટૉલ્સ્ટૉય બાબત સ્વપ્નું આવેલ તે વિષયનો કાગળ મારા હાથમાં આજે આવ્યો, કંઈક જવાબ લખવાના ઈરાદાથી મેં તે સાચવ્યો લાગે છે. સ્વપ્ના ઉપર ભાર દેવાની જરૂર નથી. મનના તરંગોની છાપ પણ હોય. આપણે તો સાધુતાનું ધ્યાન નિરંતર ધરીએ એટલે બસ છે.

મોહનદાસના આશીર્વાદ

[મૂળ ગુજરાતી]
ગાંધીજીના હસ્તાક્ષરમાં લખાયેલા મૂળ પત્ર પરથી: સી. ડબ્લ્યુ. ૫૬૩૬
શ્રીમતી રાધાબહેન ચોધરીના સૌજન્યથી

૧૦૩. સંસ્થાનમાં જન્મેલા હિંદીઓને

આ પત્રના ગયા અંકમાં અમે ડરબનના દેશી ઉદ્યોગોના પ્રદર્શન વિષે એક ખાસ લેખ છાપ્યો હતો.[૨] આ સંસ્થાનમાં જન્મેલા જે મિત્રોએ એ લેખ ન વાંચ્યો હોય તેઓ તે જરૂર વાંચશે અને તે વિષે વિચાર કરશે એવી અમે આશા રાખીએ છીએ. આ લેખના લેખક એક આદર્શવાદી વ્યક્તિ છે અને પોતે જે બાબત વિષે લખે છે તેનું પૂરું જ્ઞાન ધરાવે છે. તે ઉપરાંત તેઓ હિંદી પ્રશ્નના સમર્થક છે અને તેમાં અમારા સહકાર્યકર્તા છે. એટલે જે હિંદીઓના જીવનનું સ્વરૂપ હજી નિશ્ચિત થયું નથી અને નિશ્ચિત થયું હોય તો જેમને એથી પૂરો સંતોષ નથી તેમણે આ લેખકના વિચારોનું કાળજીપૂર્વક મનન કરવું જોઈએ. દક્ષિણ આફ્રિકામાં આપણા ભાવિનો આધાર, મોટે ભાગે જેઓ આ દેશમાં જન્મેલા છે અને જેમને માટે હિંદુસ્તાન તો માત્ર ભૂગોળનાં પુસ્તકમાંનું નામ જ છે, તેમના આચરણ ઉપર રહેલો છે.

૧. પત્રમાં છગનલાલ ગાંધીના દક્ષિણ આફ્રિકા આવવા બાબત ઉલ્લેખ છે. આ કાગળ તે પહેલાં લખાયો હોવો જોઈએ. છગનલાલ ગાંધી ત્યાં ૧૯૧૧ની ૨૦મી જુલાઈએ પહોંચેલા. એ વર્ષે અષાડ વદ ૧, જુલાઈની ૧૨મી તારીખે હતી. ગાંધીજી ૩જી જુલાઈએ સ્થાનફેર કરીને ટૉલ્સ્ટૉય ફાર્મમાં ગયા હતા એ હકીકતથી પણ ઉપરની તારીખને સમર્થન મળે છે. જુઓ "હરિલાલ ગાંધીને પત્ર", પા. ૧૫૦-૧.

૨. લેખકે, પ્રદર્શનમાં મૂકેલી વસ્તુઓ પરથી જણાઈ આવતી દેશી લોકોની ઉદ્યોગપરાયણતા, હસ્તકળા અને બુદ્ધિની પ્રશંસા કરી હતી. તેમને લાગતું હતું કે સંસ્થાનમાં જન્મેલા હિંદીઓ ઉપયોગી થવા ઇચ્છતા નથી, તેમને કેળવણી આપવાથી માત્ર કારકુનો તૈયાર થશે, અને સમાજનેપયોગી બનવા માટે તથા જીવનમાં સફળ થવા માટે તો સારામાં સારો રસ્તો ખેતી અને બીજા ઉપયોગી ધંધાઓની વ્યવહારુ તાલીમ લેવાનો છે.

Gandhi Heritage Portal

અમે અમારા લેખક સાથે સંમત છીએ કે "વકીલોની ઑફિસોમાં ટેબલ પર બેઠાં બેઠાં ઝોકાં ખાવાં" એ કોઈ "ઉપયોગી મહત્ત્વાકાંક્ષા" નથી. અમારા મિત્રો જરાક વિચાર કરશે તો સમજી જશે કે કારકુનોથી કે વેપારીઓથી પણ, કોઈ રાષ્ટ્રનું નિર્માણ થતું નથી. યુરોપિયનો જેઓ ઘણા ઉપયોગી ધંધા કરે છે તેમને પણ જનરલ બોથા "ખેતીવાડી તરફ વળવાની" સલાહ આપે છે. જગત ખેડૂતોના અને ખેડૂતો માટે અનિવાર્ય એવા સુથાર, લુહાર, મોચી, કડિયા, ઈંટો પાડનારા, દરજી, વાળંદ વગેરેના પરિશ્રમ પર જીવે છે. પણ દુ:ખની વાત છે કે, સંસ્થાનમાં જન્મેલા ઘણા ઓછા હિંદીઓ આ ખરેખર ઉમદા (કારણ કે તે ઉપયોગી છે) ધંધા શીખવા કે અપનાવવા રાજી છે. આ દેશમાં આપણે બધા, અહીંના ઉપયોગી ધંધાઓમાં પડેલા વતનીઓ અને હિંદીઓના ભારે ઉદ્યમ પર જીવીએ છીએ. આ અર્થમાં તેઓ આ ખંડમાં વસતા આપણા સૌ કરતાં, જેઓ કોઈ ઉત્પાદક ધંધામાં પડેલા નથી તે યુરોપિયનો કરતાં પણ, વધારે સુધરેલા છે. ભલે એકેએક સટોડિયો આ દેશમાંથી ચાલ્યો જાય, દરેક વકીલ પોતાની ઑફિસને તાળું મારે, દરેક વેપારી પોતાના વેપાર બંધ કરી દે તેમ છતાં આપણે આ દેશમાં, જ્યાં કુદરતે સુંદર આબોહવા આપી છે ત્યાં આરામથી રહી શકીએ. પણ જો અહીંની મહાન દેશી જાતિઓ એક અઠવાડિયું કામધંધો બંધ કરે તો આપણે ઘાણું કરીને ભૂખે મરીએ. એટલે એમના ઉત્પાદક ઉદ્યોગો શીખી લેવા અને ઉપયોગી હસ્તકળાઓમાં તેમના જેવી પ્રવીણતા મેળવવી એ આપણે માટે એક ખાસ અધિકાર ગણાવો જોઈએ. અમે અમારા મિત્રોને ખાતરી આપીએ છીએ કે આપણે દક્ષિણ આફ્રિકામાં જે દુ:ખદ હરકતો નીચે પિસાઈ રહ્યા છીએ તે સઘળી કલમના એક લસરકાથી દૂર કરવામાં આવે તોપણ જ્યાં સુધી સંસ્થાનમાં જન્મેલા આપણા મિત્રો પોતાની બુદ્ધિ અને શક્તિ, અમે જે લેખ પ્રત્યે ધ્યાન દોર્યું છે તેમાં બતાવેલા માર્ગે નહીં વાળે ત્યાં સુધી આપણી સ્થિતિ કોઈ પણ રીતે સંતોષકારક થવાની નથી.

[મૂળ અંગ્રેજી]

ઇન્ડિયન ઓપીનિયન, ૧૫–૭–૧૯૧૧

૧૦૪. હિંદની દુર્દશા

સંપૂર્ણ સમાધાનીના ખબર આવ્યા તે સંતોષકારક છે. જે લડતમાં આટલો ભોગ આપી શકાય તેનું પરિણામ એક જ હોઈ શકે. જે પરિણામ આવ્યું તે ઉપર વિચાર કરતાં અહીંની દુર્દશાભરેલી સ્થિતિને માટે બહુ જ ખેદ કરવા જેવું છે. દુર્દશા તો એટલી બધી છે કે આખું મકાન સડી જાજવલ્યમાન થઈ ગયું છે. જે કંઈ આકાર રૂપે દેખો છો તે માતબર પાયાનાં પરિણામ છે. લોકો તન, મન અને ધને અતિ દુર્બળ થઈ ગયા છે. ચારે તરફ અતિ કંગાળ અવસ્થા છે. જેમ "નવરો હજામ પાટલા મૂંડે" તે કહેવત છે તેમ "દૂબળો ધણી રાંડ પર શૂરો" એ કહેવત પણ સાંભળી હશે. અને દરિદ્રતા રૂપી ઝાડનાં ફળ તે પાપ જ છે. આર્થિક સ્થિતિ તો પારાવાર બગડી ગઈ છે. લોકો શું ધંધો કરવો તે બૂમો પાડી રહ્યા છે. અહીં તમે સૂચવશો કે ખેતી તે ઉત્તમ છે. તે વાત અત્યંત ધીરજવાન, ખંતીલા અને શીલ પુરુષોને માટે છે. આજકાલ નાતોમાં ખાસાપીસી, નાતવરા અને વ્યવહાર આહારમાં એકબીજાની સરસાઈ; ચાર, છ, આઠ કે દશ કલાક નોકરી કરીને જે રોટલો

Gandhi Heritage Portal

મળ તેમાં આનંદ માની આળસમાં વખત ગાળનારી સ્થિતિ, અને આવો ખોટી જાતનો સંતોષ, મરકીનો ત્રાસ વગેરે વગેરેથી લોકો અત્યંત દુર્દશામાં છે. કેળવણી જે લોકોને સુખરૂપ સ્થિતિમાં મૂકવાનું સાધન મનાય છે, તે જ સહુથી ખરાબ દશા આણવાનું હથિયાર થઈ પડયું છે. ભણતાંભણતાં શરીરનો તો દાટ ઊઠી જાય છે. ભણવાનાં ધોરણો એવી જાતનાં છે કે તન, મન અને ધનથી માણસ સંપૂર્ણ ખવાઈ જાય છે. તેમાં વળી આપણી સામાજિક સ્થિતિના બોજા. માણસ કંઈક સમજણો થઈ માથું ઊંચું કરવા નીકળે તેવો થાય ત્યાં કુટુંબના બોજામાં દબાઈ જાય.

ઉપર પ્રમાણે વિચારો દક્ષિણ આફ્રિકાના અનુભવી કેળવણી પામેલ હિંદીના બીજા હિંદી ઉપરના લખેલા કાગળમાં અમે જોયા. લખનારે દેશનો ચિતાર આબેહૂબ ચીતર્યો છે, તેથી તેના વિચારો ટાંકી તે વિષે કંઈ ટીકા કરવી અને તે વિચારો અને અમારી ટીકા વાંચનાર પાસે રજૂ કરવી તે અમે દુરસ્ત ધાર્યું છે. દેશની દાઝ રાખનારે દેશની સ્થિતિ જાણવી એ તેની પ્રથમ ફરજ છે. જાણ્યા પછી ઉપાય શોધવો કે જાણવો તે બીજી ફરજ છે. તે જાણ્યા પછી ઉપાય લેવો તે ત્રીજી ફરજ છે. દેશની સ્થિતિ તો ઉપર પ્રમાણે છે. તે વિષે કોઈને શંકા કરાય તેવું નથી. જાણ્યા પછી ઉપાય લેવો તે તો વાંચનારને હાથ છે. પણ ઉપાય શોધવા જાણવામાં મદદ કરવી એ અમારું કામ છે.

દેશની સ્થિતિ ખરાબ કેમ છે, તે બતાવતા ઉપરના કાગળ લખનારે તેનાં કેટલાંક કારણ સહેજે બતાવી આપ્યાં છે. તે જરા વિશેષ વિચારીએ. ભૂખમરો એ દુર્દશાનું કારણ નથી. એ જ દુર્દશા છે. નાતજાતનાં તોફાન, દંભ, ખોટી હરીફાઈ, મરકીનો ભય આ બધું દુર્દશાનું કારણ નથી. તે જ દુર્દશા છે. તે બધાનું કારણ એક જ છે. આપણે આપણી ફરજ ચૂકી ગયા છીએ. આપણે ભગવાનને ભૂલીને લેવાનને પૂજીએ છીએ. દરેક માણસની ફરજ તો એ છે કે તેણે ઈશ્વરને ભજવો. તે ભજવાની નિશાની માળા ફેરવવી તે નથી, મસ્જિદે કે દેરે જવું તે નથી. નમાજ પઢવી કે ગાયત્રી ભણવી તે નથી. માળા ફેરવવી, મસ્જિદે કે મંદિરે જવું, નમાજ કે ગાયત્રી પઢવાં એ ઠીક છે. સહુના ધર્મ પ્રમાણે એક કે બીજું જરૂરનાં છે. પણ તેમાં ઈશ્વર ભજવાની નિશાનીનો સમાવેશ નથી થઈ જતો. ઈશ્વરને તો તે ભજે છે કે જે પારકાનું સુખ તે પોતાનું સુખ સમજે છે, જે કોઈની નિંદા કરતો નથી, જે પૈસો મેળવવામાં પોતાનો કાળ ગાળતો નથી અથવા અનીતિ પકડતો નથી, જે બધાને મિત્ર ગણી પોતાનું વર્તન ચલાવે છે, જે ખુદાથી જ ડરે છે એટલે મરકીથી કે માણસથી ડરતો નથી. આવો માણસ નાતથી ડરી નાતવરા નહીં કરે, જવાન હશે તો નાતને ડરે વગર ઉંમરે કે વગર જરૂરે પરણશે નહીં, બાપ હશે તો નાતના ડરથી પોતાનાં છોકરાછોકરીને કૂવામાં નહીં ઉતારે. એ માણસ દરેક કાર્ય કરતી વેળા એમ પોતાના મનમાં નહીં વિચારે કે "અમુક માણસ અથવા અમુક નાત આ કામનું શું ધારશે." એ તો એમ વિચારશે કે "આ મારા કામને વિષે મારો પરમેશ્વર શું કહેશે." આ બધાનું તાત્પર્ય એ આવ્યું કે આપણે હિંદુ હોઈએ કે મુસલમાન, પારસી કે ખ્રિસ્તી, આપણે આપણો ખરો ધર્મ ચૂકયા છીએ. જો આ વિચાર બરોબર હોય તો આપણને નથી જરૂરના મરકીના ઉપાયો, નથી જરૂરના અંગ્રેજી રાજ્યની સામેના બળવા, નથી જરૂરનાં મોટાં મંડળો ને આડંબરી કારભારો, નથી જરૂરની સમાજો કે સભા, નથી જરૂરનું એકબીજાની સામે જોવું ને વિચારવું કે બધા કરશે આપણે પણ અમુક કરશું. એક જ વસ્તુ જરૂરની છે. આપણે બધાએ આપણી ફરજ સમજવા

Gandhi Heritage Portal

પછી તે મરતાં સુધી પણ બજાવવી. આ વિચાર ખરો હોય તો આપણને ઈશ્વર સિવાય બીજાની મદદ નથી જોઈતી. આપણે દાવાનળ સળગતો હોય તેમાં ફરજ બજાવી શકીએ છીએ, તલવારની ધાર ઉપર કોઈ મૂકે તો ત્યાં પણ બજાવી શકીએ છીએ. ભૂંડામાં ભૂંડું પરિણામ તો એ જ આવે કે આપણો દેહ જાય. તેમાં ડરવું શું? ડર્યે દેહ રહેવાનો નથી. જવાની ઘડી આવશે ત્યારે જશે જ.

આવી, વિચાર કરતાં સહેલી, ફરજ બજાવતાં આપણને બીજું બધું તેની મેળે સૂઝી રહેશે. અઘોર જંગલમાં રાત્રે ભટકતા માણસને પ્રથમ જરૂર દીવાની છે. તે માણસ નિર્ભય થઈ રસ્તો ન મળે ત્યાં લગી રાહ જોઈ શકે છે, ને રસ્તો મળે કે તુરત તે રસ્તે ચાલશે. ત્યાં પછી કંઈ સમાજે રૂપી પુલ હશે તે વાટે નદીનાળાં ઓળંગી જશે. તે પુલ ખળભળી ગયા હશે તો પોતે દીવા વતી તપાસી તડ વગેરે બતાવશે. આવો ફરજરૂપી દીવો દરેક માણસ તુરત મેળવી શકે છે, ને તે મળ્યા પછી રસ્તો મળે જ એવું તો બાળક પણ કબૂલ કરશે.

[મૂળ ગુજરાતી]

ઇન્ડિયન ઓપીનિયન, ૧૫–૭–૧૯૧૧

૧૦૫. મગનલાલ ગાંધીને પત્ર

સોમવારની રાત [જુલાઈ ૧૭, ૧૯૧૧][૧]

ચિ. મગનલલ,

તમારો ટ્રસ્ટ વ.ની બાબતનો કાગળ આજે જ મારા હાથમાં આવ્યો છે. હવે પછી ફાર્મ પર કાગળ લખશો તો ઠીક છે. હું જોહાનિસબર્ગ માત્ર એક દહાડો એટલે સોમવારે જ જવા ધારું છું.

લાઇબ્રેરીની ગોઠવણી ઠીક છે. ચોપડી હાલ નહીં મગાવતા. પૈસા જ એકઠા કરવા એ ઠીક છે.

સ્ટોરના નફાને હવે નોખો ગણવાની જરૂર નથી એમ મને પણ લાગે છે. તેનો ફડચો હમણાં ન જ થાય તો હું આવું ત્યારે કરી નાખશું. નોંધ રાખજો.

હવે તમારા કાગળના મુખ્ય ભાગ ઉપર તમે સહજ વિચાર કરશો તો જોઈ શકશો કે કોણ કોને કાઢે એ સવાલ ઊભો થતો જ નથી. જ્યારે ફિનિક્સની હાલત પૂરી નબળી થશે ત્યારે

૧. ૧૫–૭–૧૯૧૧ના ઇન્ડિયન ઓપીનિયનમાં જર્મન ઈસ્ટ આફ્રિકન લાઇનની જાહેરાત મુજબ સ્ટીમર સોમાલી, જેમાં છગનલાલ ગાંધી હિંદથી આવનાર હતા, જુલાઈની ૧૫મીએ ડરબન પહોંચવા વકી હતી પણ તે જ અઠવાડિયાના ગુજરાતી ઇન્ડિયન ઓપીનિયનમાં જણાવ્યા પ્રમાણે તે સ્ટીમર ૧૫મીને બદલે ૧૮મી જુલાઈએ આવનાર હતી. હકીકતમાં એ ૨૦મી જુલાઈએ આવી હતી (ઇન્ડિયન ઓપીનિયન, ૨૨–૭–૧૯૧૧) ગાંધીજીના ૧૨મી જુલાઈના મગનલાલ ગાંધી પરના પત્રમાંથી (પા.) એ સ્પષ્ટ થાય છે કે છગનલાલના આવવાની તેમને ખબર હતી અને જે તારની તે રાહ જોતા હતા તે તેમના આગમન બાબતનો હોવાનું માની શકાય એટલે આ કાગળ જુલાઈ ૧૨મી પછીના સોમવારે, એટલે કે ૧૭મી જુલાઈએ લખાયો હોવો જોઈએ. એ સોમવાર સુધી એમ મનાતું હતું કે સોમાલી જુલાઈની ૧૮મીએ આવી પહોંચશે. એટલે જ પત્રના છેવટના ભાગમાં ગાંધીજીએ લખ્યું છે કે મગનલાલને આ કાગળ પહોંચતાં પહેલાં છગનલાલ વગેરે કદાચ આવી પણ ગયા હોય.

Gandhi Heritage Portal

કાઢવા રાખવાપણું નહીં રહે. પણ જેને ખરો રંગ હશે તે જ રહેશે. તે વેળા તો કોણ રહેશે એ સવાલ ઊઠવાનો છે. આજે પગાર નથી અપાતા પણ ખાયકી અપાય છે. તેમાં પણ ઓછું કરી, કષ્ટ વેઠી, સૂકી રોટી ખાઈ કોણ રહેશે એ જ સવાલ છે, એટલે કે એ સવાલ ઊઠતો નથી. ખોટી મા કોણ, ખરી કોણ તેનું પારખું તે વેળા થઈ રહેશે. એટલે તમને જે શંકા ઊઠી છે તે નિરર્થક છે.

તેવી જ શંકા તમારી પ્રજા વિષેની છે. હિંદુસ્તાન ધર્મક્ષેત્ર છે છતાં તેમાં પાપીક્ષેત્ર છે. તેમ જ બીજાં સ્થળો પાપીક્ષેત્ર હોવા છતાં તેમાં ધર્મક્ષેત્ર રૂપી લીલવણ કોઈ કોઈ સ્થળે જોવામાં આવે છે. પણ આપણે તો આપણું મુખ હિંદ ભણી જ રાખીને કામ કરીએ છીએ. એટલે પ્રજા વિષેનો સવાલ ક્યાં રહ્યો છે? ફિનિક્સનું બંધારણ એવું થશે ને છે કે બધાં છોકરાં જે ઇચ્છશે તે હિંદ તો જઈ આવશે જ. ફિનિક્સ પણ માત્ર ફિનિક્સમાં જ રહેશે એવું ક્યાં છે? જ્યાં ફિનિક્સના હેતુ હશે ત્યાં ફિનિક્સ છે. આપણે તૈયારી બધી હિંદને સારુ કરીએ છીએ. એ તમે ભૂલી જશો? પણ હિંદને ખાતર કદાચ તમારી ને તમારી પ્રજાની દેહ ફિનિક્સમાં જ પડી તો તેમાં શો અનર્થ છે?

હિંદનું વર્તન જો ફિનિક્સમાં હોય તો પછી હિંદ વચ્ચે ને ફિનિક્સ વચ્ચે તફાવત તો એ જ રહ્યો કે હિંદમાં અત્યારે જે અનાચાર છે તે બાદ કરીને માત્ર સદાચાર જ આપણે ફિનિક્સમાં ગ્રહ્યો. આને વિષે શોચ શો? વિશેષ તમે લખશો ત્યારે લખીશ.

મારો આત્મા તમે સમર્થ માનતા હો તો તેવો જ તમારો છે. આપણા આત્મા વિષે કશો ભેદ નથી. પણ તમારામાં જેટલું અનાત્મપણું, — ભીરુતા — સંશય — અનિશ્ચય વ. હોય તે કાઢી નાખો, એટલે આપણે બંને સરખા જ છીએ. તફાવત એ જ રહ્યો છે કે મહા પ્રયાસે મેં ઘણા મળ કાઢ્યા છે. તેટલા ને તેથી વધારે તમે દૃઢતાપૂર્વક સાહસ કરશો એટલે કાઢી શકશો.

છગનલાલ, આણંદલાલ, જમનાદાસ[1] વ. ઓ કાગળ પહોંચતાં આવી પણ ગયા હોય. બધા આવે છે તેથી હું તો બહુ ખુશી થાઉં છું.

તમે કસોટી માગો છો તે મારી આપી તમને નહીં મળે. યોગ આવશે ત્યારે તેની મેળે આવી રહેશે. આપણે તત્પર રહીએ એટલે બસ છે.

કોઈને ઊભવાની અડચણ આવે એવું જણાતું નથી. છતાં મેં ઑફિસે બધી ભલામણ[2] કરી છે.

મોહનદાસના આશીર્વાદ

તા. ક.

આવતે અઠવાડિયે તમારા હાથમાં ટ્રસ્ટની નકલ આવશે એવી ઉમેદ છે. તે માત્ર મુસદ્દો છે.

[મૂળ ગુજરાતી]

ગાંધીજીના હસ્તાક્ષરમાં લખાયેલા મૂળ પત્ર પરથી: સી. ડબ્લ્યુ. ૧૦૯૧

શ્રીમતી રાધાબહેન ચૌધરીના સૌજન્યથી

૧. છગનલાલના ભાઈ.

૨. આ ભલામણનો કાગળ મળ્યો નથી.

Gandhi Heritage Portal

૧૦૬. હરિલાલ ગાંધીને પત્ર

[લૉલી]
અષાડ વદ ૦ [જુલાઈ ૨૫, ૧૯૧૧][1]

ચિ. હરિલાલ,

તમારો દેશથી કાગળ આવવો જોઈતો હતો. તમે ચિ. છગનલાલને તો મળેલા ને તે આવી ગયા. હવે પછીની મેલમાં તો આવશે એમ ધારી લઉં છું.

છગનલાલ ખબર લાવ્યા છે કે મુ. રેવાશંકરભાઈએ મુંબઈમાં કૉમર્શિયલ કલાસમાં જવાની ભલામણ આપી, તેમણે અમદાવાદ વખોડી કાઢયું. તેણે એમ પણ જણાવ્યું છે કે તમે તો અમદાવાદ જ તે ચાલ્યા ત્યાં સુધી પસંદ કરેલું. મારા મનમાં હજુ અમદાવાદ જ સરસ છે. આપણો હેતુ ત્યાં વિશેષ પાર પડે છે. ઇંગ્રેજી ભલે કંઈક ઓછી સહેલથી અ.માં શિખાય. પણ ગુજરાતી, સંસ્કૃત વ. તો અમદાવાદમાં બરોબર થાય જ. મને તો મુંબઈ બિલકુલ પસંદ નથી. છતાં તમને જેમ યોગ્ય જણાય તેમ કરજો.

ચંચીના કાગળ ઉપરથી જોઉં છું કે મણિલાલ[2] સખત બીમારી ભોગવે છે. જો તેનો વિચાર અહીં આવવાનો થાય તો કરાવજો. ભલે બલી અને તે બંને આવે. ક્ષયના રોગને સારુ ખુલ્લી હવા ને સારો પણ સાદો ખોરાક એ જ [માત્ર ઈલાજ] છે. ચંચીને લખજો કે મારા કાગળની નિયમસર રાહ ન જુએ. હમણાં મારી ઉપર વિશેષ બોજો છે. હું જે. બી. [જોહાનિસબર્ગ] માત્ર સોમવારે જાઉં છું. સવારના દશ વાગ્યા સુધી ફાર્મમાં મજૂરી, અને એકથી ૪॥ સુધી નિશાળ. ૫–૩૦ વાગ્યે ખાવાનું ને રાતના ઑફિસના કાગળો તથા બીજા કાગળો લખવાનું એમ થાય છે. બધું એકલે હાથે કરું છું. તેથી વખત જરાયે નથી રહેતો ને રાતના મોડે સુધી લખું છું. આ કાગળ લખતી વેળા રાતના ૯–૪૫ થયા છે. ને હજુ બીજા કાગળો લખવાના છે.

ફાર્મ પર મિ. ને મિસિસ જૉન, રંભાબાઈ,[3] મિસિસ ફિલિપ, મિ. કે. નાયડુ ને તેની ઓરત એટલાં છે. મારી નિશાળમાં પાંચ છોકરા ને બે છોકરી છે. પણ બધાંનાં ધોરણ નોખાં એટલે એટલાં છોકરાંયે વધારે પડતાં છે.

મારો અલૂણો (Saltless) ખોરાક હજુ ચાલ્યા કરે છે. તેથી મને તો ઠીક છે ને બાની તો જિંદગી જ બચી[4] એમ જોવામાં આવે છે. મારા જોવા પ્રમાણે તો બાનો રંગ જ ફરી ગયો છે. છોકરાંઓ પણ એક અઠવાડિયું અલૂણું ને એક અઠવાડિયું નહીં એમ ચલાવે છે. આમ કરતાં કરતાં વખતે તદ્દન અલૂણા ખોરાક ઉપર આવી જાય એવો સંભવ છે. મિ. કૅલનબૅકે પણ અલૂણાનો અખતરો શરૂ કર્યો છે. તેથી લોહીશુદ્ધિ ઘણી સરસ થાય છે, એમ લાગ્યા કરે છે.

મણિલાલ ફિનિક્સમાં જ છે. ત્યાં તે સ્વસ્થ ચિત્ત હોય એવું જણાય છે.

૧. પત્રના પહેલા પૅરામાં છગનલાલ ગાંધીના આફ્રિકા આવી ગયાનો ઉલ્લેખ છે. તેઓ દક્ષિણ આફ્રિકા ૧૯૧૧માં પહોંચ્યા હતા. તે વર્ષે અષાડ વદિ ૦), એટલે અમાસ, જુલાઈની ૨૫મી તારીખે હતી.
૨. મણિલાલ લક્ષ્મીચંદ અડાલજ; હરિલાલના સાઢુ; બલીબહેનના પતિ.
૩. મિસિસ રંભાબાઈ સોઢા.
૪. જુઓ આત્મકથા ભાગ ૪, પ્ર. ૨૯.

Gandhi Heritage Portal

હું મિ. સ્મટ્સને પાછો મળ્યો હતો.[૧] મિ. કિનનના માણસ છૂટયા નથી, તેથી. હજુ તેઓના છૂટવાની ઉમેદ રાખું છું. હવે માત્ર બે જણ છે. સ્મટ્સે નવા બિલ વિષે પણ વાતચીત કરી હતી. વાતમાં તો ઠીક જોવામાં આવ્યો. વખતે નાતાલમાં ઓરતો પરથી કર પણ કાઢે. પ્રસંગ આવતાં મેં તે પણ વાત કરેલી.

ચંચી અને રામીની તબિયત કેમ રહે છે તે જણાવજો. તે બંનેને જ્યારે અહીં મોકલવા તમારો ઈરાદો થાય ત્યારે મોકલી દેજો. પૈસા રેવાશંકરભાઈ પાસેથી લેવા. બા તો તે જ ઝંખના કરી રહી છે. મેં તેને કહ્યું કે તમે હિંદુસ્તાનમાં છો એટલે તેઓને આવવાની બાબત તમારી ઉપર રાખવી એ જ ઠીક છે.

તમે સ્ટીમરમાં કંઈ વાંચી શકયા હતા? મુંબઈમાં ઊતરતાં તમારો સામાન કોઈએ તપાસ્યો કે નહીં વ. ખબર આપજો.

બાપુના આશીર્વાદ

[મૂળ ગુજરાતી]

ગાંધીજીના હસ્તાક્ષરમાં લખાયેલા મૂળ પત્રની છબી પરથી: એસ. એન. ૯૫૩૫

૧૦૭. મગનલાલ ગાંધીને લખેલ પત્રનો અંશ

[આશરે જુલાઈ ૨૫, ૧૯૧૧][૨]

. . .[૩] હાલ હું નિશાળમાં ગિરફતાર છું. એકથી ૪–૩૦ સુધી નિશાળ બરોબર ચાલે છે. માત્ર સોમવારે જોહાનિસબર્ગ જાઉં છું એટલે તે દહાડે રજા પળાવું છું. રવિવારે પણ નિશાળ ચાલે છે. સવારના ત્રણ કલાક પણ નિશાળ જેવું. પણ તે માત્ર મજૂરીનું ઘરકામ ખેતરકામ હોય છે. આ બધાથી છોકરાઓનાં શરીર ને મન દિવસે દિવસે સુધરતાં જોઉં છું.

તમે સંપૂર્ણ ઉત્સાહી નહીં થાઓ ત્યાં લગી અભ્યાસ નહીં કરી શકો. અહીં નહીં થાય તો વિલાયતમાં થાય એમ ન સમજજો. જમનાદાસ તો તમારા નિશાળભાઈ પણ છે. એમ મને ખ્યાલ છે. જો તેમ હોય તો તમે ને તે ખૂબ મળી શકશો એમ માનું છું. તેની સંભાળ લેજો ને તેને ત્યાં ન ગમે તેમ ન થવા દેજો.

મોહનદાસના આશીર્વાદ

[મૂળ ગુજરાતી]

ગાંધીજીના હસ્તાક્ષરમાં લખાયેલા મૂળ પત્ર પરથી: સી. ડબ્લ્યુ. ૧૦૨
શ્રીમતી સુશીલાબહેન ગાંધીના સૌજન્યથી

૧. આ મુલાકાતની નોંધ મળતી નથી. પણ તે ૨૦મી મે પછી થઈ હોવી જોઈએ; જુઓ "ગૃહમંત્રીને પત્ર", પા. ૧૦૧–૨.

૨. આ કાગળના પ્રથમ પૅરામાં તથા આ પહેલાંના પત્રના પૅરા ચોથામાં નિશાળ, મજૂરી વગેરેના કામનો જે એકસરખો ઉલ્લેખ આવે છે તે પરથી આ કાગળ તે જ ગાળામાં લખાયો હોવો જોઈએ. કોઈ પણ સંજોગોમાં તે જમનાદાસ ગાંધી અને છગનલાલ ગાંધી નાતાલ આવ્યા પછી, એટલે કે ૨૦મી જુલાઈ પછી, તરત જ લખાયો હોવો જોઈએ.

૩. પત્રના આગળનાં થોડાં પાન મળતાં નથી.

Gandhi Heritage Portal

૧૦૮. કૅલનબૅકને માનપત્ર[1]

જોહાનિસબર્ગ,
જુલાઈ ૩૧, ૧૯૧૧

તમારી અંતઃકરણની અને મિત્રતાભરેલી સહાયતાથી ટ્રાન્સવાલની હિંદી કોમનો પ્રેમ અને માન તમે જીતી લીધાં છે. તે પ્રેમ અને માનની અદના નિશાની તરીકે બ્રિટિશ ઇન્ડિયન ઍસોસિયેશન તરફનું માનપત્ર સ્વીકારવા અમે વીનવીએ છીએ.

ઇમિગ્રેશન અને રજિસ્ટ્રેશન કાયદાથી ઊભી થયેલી લાંબી લડત દરમિયાન તમે ઊલટભેર મદદ કરી છે જે બહુ કીમતી નીવડી છે.

સત્યાગ્રહીઓના ઉપયોગ માટે રહેઠાણની જરૂર પડતાં ટૉલ્સ્ટૉય ફાર્મ તેમને વાપરવા સોંપી અમૂલ્ય સહાયતા આપી છે. આફતના સમયમાં અમારા લોકની જે ખાનગી સેવા બજાવી છે, તેનો બદલો કદી વળી શકે તેમ નથી.

ટ્રાન્સવાલની યુરોપિયન કમિટીના ઑન. સેક્રેટરી તરીકે તમે જે કામ બજાવ્યું છે તેને માટે પણ અમે તમારો આભાર માનીએ છીએ.

આ બધી અને બીજી ઘણી બાબતો વડે તમે હિંદી કોમને તમારી જિંદગી પર્યંતની કરજદાર બનાવી છે. તે બદલા માટે ખુદા પાસે તમારા હકમાં અમે દુવા માગીએ છીએ.

એ. એમ. કાછલિયા
ચૅરમૅન
મો. ક. ગાંધી
માનદ મંત્રી
બ્રિટિશ ઇન્ડિયન ઍસોસિયેશન

[મૂળ ગુજરાતી]
ઇન્ડિયન ઓપીનિયન, ૫–૮–૧૯૧૧

૧. આ માનપત્ર કૅલનબૅકને ૩૧ જુલાઈ, ૧૯૧૧માં યુરોપ જતી વખતે આપવામાં આવ્યું હતું. જુઓ "મિ. કૅલનબૅકને માનનત્ર", પા. ૧૪૮–૫૦.

Gandhi Heritage Portal

૧૦૯. છગનલાલ ગાંધીને પત્ર

જોહાનિસબર્ગ,
શ્રાવણ સુદ ૭ [ઑગસ્ટ ૧, ૧૯૧૧][૧]

ચિ. છગનલાલ,

તમારા કાગળ ઉપરથી લાગે છે કે વળી તમે ગભરાયા જણાઓ છો. તેમ થવાનું કારણ હું જોતો નથી.

ચિ. જમનાદાસને કેપની મૅટ્રિકની અથવા તો લંડનની મૅટ્રિકની પરીક્ષા આપવી હોય તો તે આપી શકશે. આપીને શું કરશે તે તો હું નથી સમજી શકતો. તેમ કરવામાં પરીક્ષાને ખાતર જે વાંચવું પડશે ને જે પાછળથી ભૂલવાનું જ છે તે વાંચવામાં જે વખત ગુમાવવો પડશે તે ફોકટ ખોયા બરોબર છે. જમનાદાસને અંતે શું કરવું છે તે વિચારવાનું છે. તેને ફિનિક્સમાં ગોઠવવા ઇચ્છો છો કે માત્ર તેની તબિયતને સારુ જ લાવ્યા છો? ગમે તે આશયથી લાવ્યા હોય તે છતાં તેને લાવવામાં ડહાપણ જ[૨]. . . શિખ્યની સાધારણ શક્તિ ખીલવતા ને જાણી લેતા. આજનું શિક્ષણ તે મને તો તદ્દન પાખંડ લાગે છે.

દાવરની નિશાળનું[૩] ચોપાનિયું વાંચી નિસાસો નાંખ્યો. આવી અત્યારે તો મારા મનની દશા છે.

રેવાશંકરભાઈનું કરજ વધે છે તે મારા ખ્યાલમાં છે. તેની તજવીજ મારા મનમાં રમી રહેલી છે.

તમે કરજ કર્યું છે તેનો વિચાર મારે જ કરવાનો છે. તમે નકામો બોજો નહીં ઉપાડો તો તમારું ને મારું બંનેનું શ્રેય થશે. હવે પછી કરજ નથી કરવું એવો નિશ્ચય કરજો. તમારે ખુશાલભાઈને કેટલું મોકલવું ઘટશે એ વિચારી કરજનો હિસાબ કર્યા વિના તમારે દર માસે કેટલા ઉપાડવા જોઈશે તે જણાવજો. [ફિ]નિક્સમાં બંધારણમાં [ફે]રફાર જેવું લાગે છે તે ઉપર [વિ]ચાર કરી તે વિષે ખુલ્લે મને [લખ્યા] કરજો. હું મારા વિચારો [સંખ]ત શબ્દોમાં જણાવું [તેની] દરકાર ન કરજો. મારા મનની અત્યારે દશા એવી છે કે હું મારા વિચારો કોમળ કે ગર્ભિત શબ્દોમાં નથી મૂકી શકતો. પામર માણસના હાથમાં પારસમણિ આવે તે કેવો નાચે તે વિચારજો. તેવી . . .[૪] તુરતમાં તો ન બને તેવું છે.

છોકરાઓની પાસે હું Indian Idylls [ભારતીય આખ્યાનો] (Edwin Arnold)નું વાંચી ગયો. તેમાં મહાભારતનાં આખ્યાનોનો જ સરસ તરજુમો છે. તેમાં "The Enchanted Lake [માયા સરોવર] વાંચ્યું. તે અદ્‌ભુત લાગ્યું. તેનું સંસ્કૃત શું છે તે જો તમને કોઈને ખબર હોય તો જણાવજો. તેનો ભાવાર્થ કાવ્ય રૂપે અંબારામ[૫] પ્રાસે અપાવવો ને આપણે છાપવો એવું

૧. છગનલાલ ગાંધી જમનાદાસ ગાંધીને ૧૯૧૧ના જુલાઈમાં પોતાની સાથે, આફ્રિકા લાવ્યા હતા. જુઓ "મગનલાલ ગાંધીને પત્ર", પા. ૧૪૪–૫. એ વર્ષે શ્રાવણ સુદ ૭, ઑગસ્ટની પહેલી તારીખે હતી. શ્રી છગનલાલ ગાંધી, જેમના સૌજન્યથી આ કાગળ મળ્યો છે, તેઓ પણ આ તારીખને ટેકો આપે છે.

૨. અહીં બે પાન મળતાં નથી.

૩. મુંબઈની દાવર કૉલેજ ઑફ કૉમર્સ.

૪. અહીં ચાર પાન મળતાં નથી.

૫. અંબારામ ભટ્ટ: આ વખતે સત્યાગ્રહ વગેરે વિષયો પર કવિતાઓ લખતા હતા.

Gandhi Heritage Portal

મનમાં રહ્યા કરે છે. એક સરોવરમાં પાણીની આશાએ બધા પાંડવો જાય છે. પણ ઉતાવળે તેના અધિપતિ યક્ષને જવાબ નથી દેતા તેથી તમ્મર ખાઈ પડે છે. યુધિષ્ઠિર છેલ્લા જાય છે. તે જવાબ દીધા બાદ પાણી પીએ છે. જવાબો બધા કર્તવ્યને લગતા છે. પણ બહુ ખૂબીદાર છે. તમને વખતે આ સંવાદની ખબર હશે.

તમે ધીમે ધીમે ઇંગ્રેજીમાં લખાણ કરતા થાઓ તો ઠીક. જો Letters of John chinaman[૧] બરોબર સમજી શકતા હો તો તેનો તરજુમો તમે કરો. મને તે કરવાનો વખત નહીં મળે. એ હું હમણાં ફરી વાંચી ગયો. તે પુસ્તક અમૂલ્ય છે.

મોહનદાસના આશીર્વાદ

[મૂળ ગુજરાતી]
ગાંધીજીના હસ્તાક્ષરમાં લખાયેલા મૂળ પત્ર પરથી : સી. ડબ્લ્યુ. ૫૦૯૨
શ્રી છગનલાલ ગાંધીના સૌજન્યથી

૧૧૦. મિ. કૅલનબૅકને માનપત્ર

મિ. કૅલનબૅક ગયે સોમવારે કુટુંબયાત્રા કરવા યુરોપ જવા .. ા થયા. તેમને ટૉલ્સ્ટૉય ફાર્મના માલેક તરીકે દરેક હિંદી પિછાને છે. તેમના જવાની વાત તેમણે છાની રાખી હતી અને તેમનો વિચાર ચૂપકીથી ચાલ્યા જવાનો હતો. પણ તેમ તે કરી ન શકયા. તેમના જવાની તારીખ જણાઈ કે તુરત હિંદી કોમમાં ચર્ચા ચાલી રહી કે કંઈક કરવું જોઈએ. છેવટે માનપત્ર દેવાનો ઠરાવ થયો. ઉઘરાણું શરૂ થયું. માનપત્ર ઘડાયું, તથા શણગારાયું. તેને ચાંદીની વેલણ ડબીમાં નાંખવાનો ઠરાવ થયો. મિ. કૅલનબૅકને જાણ કરી. પણ મિ. કૅલનબૅકે હસીને ના પાડી. તે બોલ્યા "મને માનપત્ર કેવું? મેં કર્યું છે શું? તમે મારા કરજદાર નથી. હું તમારો કરજદાર છું. અગર તમે કરજદાર હો તો મારે તે કરજ હાલ નથી અદા કરવું. મને છોડો." પણ સત્યાગ્રહી એમ ગાંજ્યા જાય નહીં. તેઓની હઠ આગળ મિ. કૅલનબૅક શું કે બીજા તે શું કરી શકે? આ બનાવ શનિવારે બન્યો. મિ. કૅલનબૅક ફાર્મ ઉપર છેલ્લી વખતને સારુ જતા હતા. હિંદી બોલ્યા તમારે માનપત્ર લીધે છૂટકો છે. મિ. કૅલનબૅક બોલ્યા, "હું નહીં લઉં." સોમવાર[૨] આવ્યો. હિંદીએ તૈયારી જારી રાખી. મિ. થંબી નાયડુ બીજા ત્રણને લઈ પિકેટ કરવા નીકળ્યા. મલાયી લોકેશનથી કૅનેડાના સ્ટેશન સુધી (પાંચ માઈલ) વહેલી સવારમાં દોડીને મિ. કૅલનબૅકની ટ્રેનને મળ્યા ને તેના ડબાનો કબજો લીધો. બીજા ફૉર્સબર્ગ મળવા તૈયાર થયા હતા. આવો પ્રેમ જ્યાં હોય ત્યાં મિ. કૅલનબૅક શું કરે? આખરે પ્રેમ રૂપી સત્યાગ્રહની અને પિકેટની જીત થઈ. વખત તો થોડો જ હતો. મિ. ફિલિપ્સના હૉલમાં સભા મળી. ઈમામસાહેબ અબદુલ કાદર બાવાઝીર ખુરશીએ બિરાજ્યા. વૉર્મબાથ્સમાં મિ. નગદીની ઓરત બીમાર હોવાથી મિ. કાછલિયાને અંતરિયાળ વૉર્મબાથ્સ જવું પડયું. મિ. ઈમામસાહેબે મિ. કૅલનબૅકની ટૂંકામાં તારીફ કરી. મિ. નાયડુએ માનપત્ર વાંચ્યું. માનપત્રનો તરજુમો નીચે મુજબ છે :[૩]

૧. લેખક લૉર્ડ ડિકિન્સન.
૨. જુલાઈ ૩૧, ૧૯૧૧.
૩. એ અહીં આપ્યો નથી. તે માટે જુઓ "કૅલનબૅકને માનપત્ર", પા. ૧૪૬.

Gandhi Heritage Portal

ચીનાઓ વતી મિ. ઈસ્ટને[1] કાર્લાઈલનાં પુસ્તકોને એક ચાંદીની નકશીવાળી રૂપાળી કેસમાં મૂકી તેની ભેટ આપી. હિંદુ ઍસોસિયેશન તરફથી મિ. મોરારજીએ તેવી જ પેટીમાં મૂકેલાં રસ્કિનનાં પુસ્તકોની ભેટ આપી ને મિ. કૅલનબૅક તાળીઓ વચ્ચે જવાબ દેવા ઊઠયા.

મિ. કૅલનબૅકનું ભાષણ

મારે માટે આ બધું કર્યું છે તેને સારુ હું તમારો આભાર માનું છું. પણ તમારો હું કરજદાર છું એમ હું ખાતરીપૂર્વક માનું છું. જ્યારે હું તમારા પ્રસંગમાં પાંચ વર્ષ પહેલાં આવ્યો ને મને સત્યાગ્રહની લડતમાં ભાગ લેવાનો પ્રસંગ મળ્યો ત્યારે મારામાં ઘણી એબો, છીટો, ને નબળાઈઓ હતી. તેમાંની ઘણીને દૂર કરી હું માણસની પંક્તિમાં આવી શકયો છું તેનું કારણ મારું લડતમાં ભાગ લેવું એ જ છે એમ ખચીત માનજો. મેં લડતમાં ભાગ લીધો તે તમારે ખાતર નહીં પણ મારા સ્વાર્થને ખાતર એમ હું માનું છું. મારામાં જે જ્ઞાન અને જે જોર આજે છે તે પાંચ વર્ષ પહેલાં ન હતાં. હું ઉમેદ રાખું છું કે ફરી તમારે નહીં લડવું પડે. પણ કદાચ લડવું પડશે તો મારાથી બનતો ભાગ વળી પણ લઈશ અને હું જાણું છું કે વળી હું તો તેથી ફાયદો જ ઉઠાવીશ. છતાં તમે આપેલી ભેટો સારુ તમારો હું આભાર માનું છું.

આવા શબ્દો સંભળાવી તાળીઓના અવાજ વચ્ચે મિ. કૅલનબૅક બેઠા.

સ્ટેશન ઉપર મળવા ઘણા હિંદી આવ્યા હતા. મિ. કૅલનબૅકને ફૂલનો હાર ને તોરો આપવામાં આવ્યા હતા. મીટિંગમાં તેમ જ સ્ટેશન પર મિ. રિચ, મિસિસ વોગલ, મિસ શ્લેશિન, મિ. આઈઝક[2] વગેરે પણ હાજર હતાં.

મિ. કૅલનબૅકનો વિચાર

માનપત્રનો ઉપયોગ કરવાનો નથી પણ પોતાની બહેન જે જર્મનીમાં રહે છે તેને તે સોંપી દેવાનો છે. મિ. કૅલનબૅક ચાંદીનો સામાન કયાં રાખે તે સવાલ થઈ પડે એવું છે. જે મિ. કૅલનબૅક પાંચ વર્ષ પહેલાં કીમતી છપરપલંગમાં ને ભારે શણગારેલી કોટડીમાં સૂતા તે હવે ખુલ્લી હવામાં ભોંય પર સૂએ છે. પોતાની ઝૂંપડીમાં કીમતી સામાન રાખવાને બદલે માત્ર અગત્યનો જ સામાન રાખે છે. તેમાં ચાંદીની શણગારેલી વસ્તુઓ રાખવાની જગ્યા નથી. એક સમય એવો હતો કે જ્યારે મિ. કૅલનબૅક પોતાના ખાવાના ખર્ચમાં જ હોટેલમાં દર માસે લગભગ પા. ૨૫ ખર્ચતા તે હવે ટૉલ્સ્ટૉય ફાર્મમાં પોતાના ખોળામાં ટિનનું કટોરું મૂકી તેમાંથી દૂધરોટલી અથવા ફળફળાદિ ગરીબ સત્યાગ્રહીઓની સાથે બેસી જમે છે, ને તેમાં તે ખરું સુખ માને છે;

૧. માર્ટિન ઈસ્ટન : ચાઈનીઝ ઍસોસિયેશનના કાર્યપાલક અધ્યક્ષ, ક્વિન પછી તેના અધ્યક્ષ થયા. યુનિયન ઇમિગ્રેશન રિસ્ટ્રિકશન બિલમાં રહેલા જાતિભેદ સામે ગાંધીજીએ જે વિરોધ ઉઠાવેલો તેમાં તેઓ સામેલ થયા હતા. જુઓ પુસ્તક ૧૦, પા. ૬૦૫-૬.

૨. ઇંગ્લંડના યહૂદી. ઝવેરીનો ધંધો કરતા હતા. જોહાનિસબર્ગના શાકાહારી ઉપાહારગૃહ સાથે સંબંધ ધરાવતા હતા અને પોતે શાકાહારનો પ્રયોગ પણ કરતા હતા. કેટલાક વખત સુધી ફિનિક્સ આશ્રમમાં આશ્રમવાસી તરીકે રહ્યા હતા. ઇન્ડિયન ઓપીનિયનના ગ્રાહક બનાવવા અને તેને માટે જાહેર ખબરો મેળવવા માટે પ્રવાસ કરતા રહેતા. તેઓ ગાંધીજીના અને આ પત્રના કામ માટે હમેશાં તૈયાર રહેતા. સન ૧૯૦૮માં સરકારે સત્યાગ્રહીઓના માલની હરાજી કરવાની નીતિ શરૂ કરી ત્યારે સત્યાગ્રહીઓની દુકાનોના નામના માલિક થવા તૈયાર થયા. સન ૧૯૦૯ના જૂનમાં ગાંધીજીએ તેમને ડેલાગોઆ બેના સત્યાગ્રહીઓને હિંદ હદપાર કરવામાં આવતા હતા ત્યારે તેમને મદદ કરવા મોકલ્યા હતા. જુઓ પુસ્તક ૯, પા. ૨ અને ૨૯૬. સન ૧૯૧૩ની 'મહાન કૂચ'માં તેઓ જેલમાં પણ ગયા હતા.

Gandhi Heritage Portal

ને તેવું કરવાની તેને ઇચ્છા થઈ ને કરી શકયા એ હિંદીના પ્રસંગમાં આવી તેણે લાભ મેળવ્યો એમ માને છે.

અનુભવ મેળવવા, વિશેષ સાદાઈ પકડવા અને પોતાના શરીરની ઉપર વિશેષ દાબ મૂકવા મિ. કૅલનબૅક ટ્રેનમાં તેમ જ સ્ટીમરમાં ત્રીજા વર્ગની મુસાફરી કરતા ગયા છે.

મિ. કૅલનબૅકને મૂકવા લૉલી સ્ટેશન ઉપર ફાર્મના બધા રહેવાસી સોમવારે ગયા હતા.

[મૂળ ગુજરાતી]

ઇન્ડિયન ઓપીનિયન, ૧૫–૮–૧૯૧૧

૧૧૧. મિ. કૅલનબૅક

અમારા વાંચનાર મિ. કૅલનબૅકના નામ અને કામથી સારી પેઠે જાણીતા છે. હિંદી કોમ મિ. કૅલનબૅકને ટૉલ્સ્ટૉય ફાર્મના ધણી તરીકે વિશેષ ઓળખે છે. મિ. કૅલનબૅકે તે ફાર્મ સત્યાગ્રહી કુટુંબોના વસવાટ માટે જ્યાં સુધી લડત ચાલે ત્યાં સુધી આપ્યું તેથી લડતને કેટલો બધો ટેકો મળ્યો ને કેટલો પૈસો બચ્યો તેનું માપ આપણે કરી શકતા નથી. મિ. કૅલનબૅકે ફાર્મ આ પ્રમાણે આપ્યું એટલું જ નહીં પણ પોતે તદ્દન આપણા જેવા થઈ રહ્યા એ તેમની વધારે સારમાણસાઈ બતાવે છે. જ્યારે મિ. પોલાક તથા મિ. ગાંધી ગેરહાજર હતા ને જે વખત સત્યાગ્રહની લડતમાં ઘણો જ બારીકનો હતો તે વેળા મિ. કૅલનબૅકે ઑસોસિયેશનના સેક્રેટરીનું કામ કર્યું હતું. આ બધી સેવાનો બદલો આપવા કોમ અશક્ત છે. મિ. કૅલનબૅક કુટુંબયાત્રા કરવા થોડી મુદતને સારુ યુરોપ જવા આવતા સોમવારે જોહાનિસબર્ગ છોડશે. તે અવસરને લઈને અમે અમારા આવતા અંકમાં વાંચનારને તેમની છબી ભેટ કરવા ધારીએ છીએ.

[મૂળ ગુજરાતી]

ઇન્ડિયન ઓપીનિયન, ૨૯–૭–૧૯૧૧

૧૧૨. ધાસણીનો રોગ અને ડરબન મ્યુનિસિપાલિટી

આ રોગ બાબત દાક્તર મ્યુરિસને[1] મિ. ગાંધી ઉપર [કાગળ] લખ્યો છે. તે કાગળમાં દાક્તર મ્યુરિસન હિંદી કોમની મદદ માગે છે. ધાસણીનો રોગ નાબૂદ કરવાને સારુ ઇલાજો લેવા ખાસ દાક્તરને બોલાવવામાં આવેલ છે. તેનું નામ દાક્તર ઍડમ્સ છે. તે દાક્તર બહુ મહેનત કરી રહ્યા છે. આ રોગ ગોરા કાળા બધામાં છે. તેના ઉપચાર દાક્તર ઍડમ્સ મફત કરે છે. પણ મોટી અડચણ એ આવી છે કે હિંદીઓમાં તે રોગ હોય તેની દાક્તરને તુરત ખબર પડતી નથી. અને જો ખબર પડે છે તો વહેમ અથવા બીકને લીધે હિંદી પૂરતી મદદ દાક્તર મ્યુરિસનની

૧. ડૉ. મ્યુરિસન : ડરબનના આરોગ્ય અધિકારી. ૧૯૦૪ના પ્લેગ દરમ્યાન ગાંધીજીએ જોયું કે તેઓ "સહાનુભૂતિપૂર્ણ અને મદદ કરવા તત્પર" છે. જુઓ પુસ્તક ૪, પા. ૨૫૯ અને ૩૭૬. ગાંધીજીના ૪થી જુલાઈ ૧૯૧૧ના પત્ર (અપ્રાપ્ય)ના જવાબમાં ૧૦મી જુલાઈને રોજ તેમણે લખ્યું કે એક કમિટી અને વીસ સ્વયંસેવકોએ ડરબનની આરોગ્ય કમિટીને મદદ કરવી જોઈએ, જેથી સ્પર્શજન્ય રોગો અટકાવવા માટેના નગર ઉપનિયમો લાગુ કરવા ન પડે. ઇન્ડિયન ઓપીનિયન, ૫–૮–૧૯૧૧.

Gandhi Heritage Portal

લેતા નથી. વળી જે ઇલાજો બતાવવામાં આવે છે તે ઇલાજો લેવાની ખંત પણ હિંદી કોમમાં નથી રહેતી એવી રાવ દાક્તર મ્યુરિસન કરે છે.

મિ. જેમિસનની સલાહથી હિંદી કમિટી નિમાઈ છે તેટલું બસ નથી એમ દાક્તર મ્યુરિસન માને છે. તેને મદદ કરવાને સારુ વૉલંટિયરો નીકળી પડવા જોઈએ એમ દાક્તર મ્યુરિસનની માગણી છે. અમને ઉમેદ છે કે તે માગણીનો જવાબ હિંદી આગેવાનો સંતોષકારક રીતે આપશે. કામ ઘણું જ સહેલું છે. અમુક વખતે દાક્તરને મદદ કરવા ધાસણીવાળા દર્દીઓને તપાસવા નીકળી પડવું એ જ કામ છે. પછી દર્દીઓની માવજત બાબત તેઓને સમજાવવા એ બીજું છે. આમાં ઘણા મદદગાર હોય તો વધારે વખત જાય તેમ નથી. એટલે કામના બહાનાથી કે બીજા કારણથી કોઈ પણ હિંદીએ નીકળી જવાનું નથી. જો તુરતમાં વૉલંટિયરો નહીં નિમાય ને યોગ્ય મદદ નહીં કરવામાં આવે તો દુઃખ તો આપણે જ ભોગવવું પડશે.

ઉપરના લેખમાં સૂચવેલ મિ. ગાંધી પરનો ડૉ. મ્યુરિસનનો કાગળ ટપાલખાતાની ગફલતને લીધે અમને ઠેઠ છેલ્લી ઘડીએ મળવાથી તે છાપવાનું અમારે આવતા અંક પર મુલતવી રાખવાની જરૂર પડી છે.

[મૂળ ગુજરાતી]

ઇન્ડિયન ઓપીનિયન, ૨૯–૭–૧૯૧૧

૧૧૩. એચ. એલ. પૉલને પત્ર

ઑગસ્ટ ૭, ૧૯૧૧

પ્રિય મિ. પૉલ,[૧]

આપની સંસ્થાની[૨] પ્રગતિ હું રસપૂર્વક નિહાળતો રહીશ. મારા વતી એંગીને[૩] અભિનંદન આપશો.

આશા છે આપ સૌ મજામાં હશો.

આપનો સહૃદયી
મો. ક. ગાંધી

[મૂળ અંગ્રેજી]

ગાંધીજીના હસ્તાક્ષરમાં લખાયેલ મૂળ નકલની છબી પરથી: સી. ડબ્લ્યુ. ૪૯૦૩

ડૉ. કુપ્પનના સૌજન્યથી

૧. ડરબનની મૅજિસ્ટ્રેટ કોર્ટમાં હિંદી દુભાષિયા અને કારકુન.

૨. હિંદી શિક્ષણસંસ્થા, ડરબન.

૩. એચ. એલ. પૉલની પુત્રી. ગાંધીજી તેના ધર્મપિતા બન્યા હતા. તેણે ક્લિનિકસમાં તાલીમ લેવાનો અને પોતાનો અભ્યાસ પૂરો કર્યા પછી હિંદી કોમની સેવા કરવાનો નિશ્ચય કર્યો હતો. જુઓ પુસ્તક ૮, પા. ૨૭૧ તથા ૩૧૧.

Gandhi Heritage Portal

૧૧૪. ડૉ. પ્રાણજીવન મહેતાને પત્ર

શ્રાવણ સુદ ૧૩ [ઑગસ્ટ ૭, ૧૯૧૧][૧]

ભાઈશ્રી પ્રાણજીવન,

તમારો કાગળ મળ્યો છે. તમે સોરાબજીને વિષે લખ્યું તે ઉપરથી મેં માનેલું જ નથી કે તમારો અભિપ્રાય તેને વિલાયત મોકલવાની વિરુદ્ધ છે.

હરિલાલને રંગૂન રહેવાની ખેંચ ન કરશો. તેને સ્વતંત્ર રીતે રહેવા દેવામાં તેનું શ્રેય છે. તે થાકીને રંગૂન અથવા અહીં આવે તો ભલે. વળી રંગૂનમાં તેનું ગુજરાતી સુધરવાનો સંભવ હું થોડો માનું છું. તે જો અમદાવાદમાં એકાંત ભોગવી શકે ને અભ્યાસી થઈ શકે તો કંઈક તેની શીખવાની હોંશ પૂરી પડશે. છતાં તમારા વિચારો હું તેને જણાવીશ. રેવાશંકરભાઈનો વિચાર તેને શૉર્ટહૅન્ડ વ. શીખવવાનો છે તે તો મેં જરાયે પસંદ નથી કર્યો. મારા બધા વિચારોથી તે વિરુદ્ધ વાત થઈ પડે છે.

ઍમ્સ્ટરડૅમ વિષે તમારા વિચારોથી મને નવાઈ લાગતી નથી. સુધારાની જાળમાં ફસાયેલા બધા મને તો અપંગ જેવા લાગે છે.

હાલ મારી નિશાળમાં છોકરાઓની પાસે રાતના એક કલાક હું મહાભારતમાંથી આખ્યાનો વાંચી સંભળાવું છું. સર્વ છોકરા તામિલ હોવાથી મારે ઇંગ્રેજી પુસ્તકમાંથી વાંચવું પડે તો છે. તેમાંય આર્નોલ્ડનું ઇન્ડિયન આઇડિલ્સ હાલ તો છે. તેમાં ઇન્ચાન્ટેડ લેક ગઈ રાતે વાંચ્યું. તેનું રહસ્ય એટલું સરસ લાગ્યું કે ફરી ફરી વાંચવાનું મન થાય છે. તે પુસ્તક ન જોયું હોય તો લઈ ઉપરનું વાંચી જશો. જે પ્રજામાં એટલા ભારે વિચારો બતાવનાર થઈ ગયા છે તે પ્રજા હાલના સુધારામાંથી શું શીખશે?

મોરિશિયસના રિપોર્ટને હું હાથ નથી લગાડી શકયો.

નટેસને કાઢી નાખ્યું છે છતાં હવે જે લેખ અપાયો છે તેનો જ તરજુમો ઇ. ઓ.માં શરૂ કરવાનો વિચાર રાખ્યું છું.[૨]

મારી ઉપર બોજો બેસુમાર રાખ્યું છું એવું તો ખાસ નથી. છતાં તમારી ચેતવણી બરોબર છે. બહુ કરવાની ઇચ્છા રાખવી એ મોહ છે ને મોહ એ મોટી ખામી છે એમ સમજું છું. છતાં લીધેલું મુકાતું નથી ને ન મૂકવું જોઈએ એમ આપણો ધર્મ શીખવે છે. લીધેલું અયોગ્ય નથી એટલું આપણે જાણવું જોઈએ. બોજાથી તબિયત બગાડું છું એમ તો ન જ સમજશો.

૧. પત્રમાં કેવળ તિથિ આપવામાં આવી છે. પણ પત્રના છઠ્ઠા પૅરામાં જે તરજુમાનો ઉલ્લેખ આવે છે તે નેશન-બિલ્ડર્સ (ભારતીય રાષ્ટ્ર-ઘડવૈયા)ના તરજુમા બાબત છે. એ ૧૯૧૧માં ગુજરાતી ઇન્ડિયન ઓપીનિયનના અંકોમાં ક્રમશઃ પ્રસિદ્ધ થયો હતો. આ જ ગાળામાં ગાંધીજી મહાભારતમાં આવતા માયા સાગર (ઇન્ચાન્ટેન્ડ લેક)ના વર્ણનથી બહુ મુગ્ધ બન્યા હતા. જુઓ "છગનલાલ ગાંધીને પત્ર", પા. ૧૪૭-૮. આ ઉપરથી જણાય છે કે આ પત્ર ૧૯૧૧માં લખાયો હતો. તે વર્ષે શ્રાવણ સુદ ૧૩, ઑગસ્ટની ૭મી તારીખે હતી.

૨. ગણેશ ઍન્ડ કું. મદ્રાસ તરફથી પ્રકાશિત અંગ્રેજી પુસ્તક ઉપરથી ગુજરાતી ઇન્ડિયન ઓપીનિયનના ઑગસ્ટ ૧૯૧૧થી નવેમ્બર ૪, ૧૯૧૧ના ગાળાના અંકોમાં આવેલી અનુવાદિત લેખમાળાનો અહીં ઉલ્લેખ છે. બીજાઓ ઉપરાંત તેમાં સુરેન્દ્રનાથ બૅનરજી અને ગોપાળ કૃષ્ણ ગોખલેનાં જીવનચરિત્રો પણ આપવામાં આવ્યાં હતાં.

Gandhi Heritage Portal

બળદિયા જેટલું ખાઉં છું. ખાતાં બે વખતમાં બરોબર દોઢ કલાક જાય છે. જ્યારે હું મારી આસપાસના કેટલાક ત્રણ વખતમાં તેટલો વખત નથી લેતા એ જોઉં છું. મારી તબિયત ખરાબ રહે છે એવું કશુંયે નથી. તોપણ મોહને લીધે કંઈ પણ ન થાય તેમ કરવા સદાય પ્રયત્ન રાખું છું. લાલચો તો કશીયે નથી. ઉદ્યમ તો કરવો જ જોઈએ. શો કરવો એ વિચાર કરતાં ઉત્તમ લાગે છે તે કર્યે જાઉં છું.

મોહનદાસના વંદે માતરમ્

[મૂળ ગુજરાતી]
ગાંધીજીના હસ્તાક્ષરમાં લખાયેલા મૂળ પત્ર પરથી: સી. ડબ્લ્યુ. ૫૦૯૩
શ્રી સી. કે. ભટ્ટના સૌજન્યથી

૧૧૫. ઘેરાતું વાદળ

મિ. રિચની ઉપર ક્રૂગર્સડૉર્પના સરકારી વકીલે જે નોટિસ[૧] મોકલી છે તેનો તરજુમો અમે બીજી જગ્યાએ આપીએ છીએ. આજ લગી હિંદી જ જેલમાં ગયા. હવે આપણે ખાતર ગોરાને પણ જેલ જવાનો વખત આવે એવો સંભવ આવતો જાય છે. મિ. રિચ કંઈ નોટિસથી ડરી હિંદી મિલકતોમાંથી પોતાનું નામ કાઢી લે તેવું નથી. જો આપણે મજબૂત હોઈશું તો મિ. રિચ જેલમાં જશે. આપણે ઢીલા હોઈશું તો મિ. રિચને જેલમાં નહીં જવું પડે અને આપણી મિલકત આપણે હારી બેસવાના.

કલાકર્સડૉર્પમાં નોટિસ નીકળી.[૨] પછી શાંત દેખાયું. રૂડીપોર્ટમાં કામ પણ ચાલ્યું. અપીલ નોંધાઈ છે.[૩] હવે ક્રૂગર્સડૉર્પની વારી આવી છે. મિ. નેસરે કહ્યું છે તે મુજબ આ કૉરોનેશન વર્ષમાં નોટિસથી આગળ સરકાર ન વધે એવું સંભવે છે. પણ તેથી શું? મિ. નેસરે[૪] જ કહ્યું છે કે આવતે વર્ષે તો હિંદીને પાછા સરાણે ચઢાવવાના જ છે.

૧. મિ. રિચ ક્રૂગર્સડૉર્પના ખાણ વિસ્તારમાં આવેલા કેટલાક વાડાઓ જે હિંદીઓના કબજામાં હતા, તેમના માલિક હતા. આ વિસ્તારને ૧૯૦૮ના સુવર્ણ કાનૂનની ૩૫મી કલમ મુજબ 'પ્રતિબંધિત વિસ્તાર' જાહેર કરવામાં આવ્યો હતો. સન ૧૯૧૧ના ઑગસ્ટની ૩જી તારીખે ક્રૂગર્સડૉર્પના સરકારી વકીલે મિ. રિચને નોટિસ આપી કે, તમે ૧૯૦૮ના ૩૫મા કાનૂનની ૧૩૦મી કલમનો ભંગ કરો છો અને તેથી ફોજદારી ગુનાને પાત્ર થયા છો. પછી તેમને પોતાના હિંદી ભાડૂતો પાસે વાડા ખાલી કરાવવાનો હુકમ કરવામાં આવ્યો હતો. ઇન્ડિયન ઓપીનિયન, ૧૨-૮-૧૯૧૧.

૨. જુઓ "મૉર્ડ પોલાકને લખેલા પત્રનો અંશ", ૫-૬.

૩. રૂડીપોર્ટમાં આલ્ફ્રેડ તામ્બલીને બે એશિયાઈઓ—એહમદખાન અને અબદુલ્લાખાનને વાડા પેટાભાડે આપ્યા હતા, તે માટે તેના પર ૧૯૦૮ના સુવર્ણ કાનૂનની ૩૦મી કલમ મુજબ આરોપ મૂકવામાં આવ્યો હતો. તેના વકીલે દલીલ કરી કે જૂના સુવર્ણ કાનૂન મુજબ માલિકને પોતાના વાડા બિનગોરા લોકોને પેટાભાડે આપવાનો અધિકાર છે. અને હાલના સુવર્ણ કાનૂનની ૭૭મી કલમ મુજબ બિનગોરા લોકોને વાડાઓ રાખવાનો અધિકાર મળે છે. પણ કેસ ફરી ચલાવવામાં આવ્યો. છેવટે ક્રૂગર્સડૉર્પના મૅજિસ્ટ્રેટે તામ્બલીનને ગુનેગાર ઠરાવીને સજા કરી. તામ્બલીને અપીલ કરી. તેમાં દક્ષિણ આફ્રિકાની સુપ્રિમ કોર્ટના ટ્રાન્સવાલ વિભાગે તામ્બલીનને છોડી મૂક્યો અને નિર્ણય આપ્યો કે નવા સુવર્ણ કાનૂનની ૭૭મી કલમથી એશિયાઈઓને રક્ષણ મળે છે. ઇન્ડિયન ઓપીનિયન, ૨૪-૬-૧૯૧૧ તથા ૨-૯-૧૯૧૧.

૪. યુનિયન પાર્લમેન્ટના સભ્ય.

Gandhi Heritage Portal

આ તક અમૂલ્ય છે. સંપૂર્ણ જોર જો આપણામાં હશે તો એવું બનવાજોગ છે કે ન મિ. રિચ જેલ જાય, ન કોઈ હિંદી જાય ને સોનેરી કાયદો ફરે અથવા તો તે કાયદો મરેલા જેવો રહે. કાયદો ન ફરે ત્યાં લગી આપણે શાંતિથી બેસી શકીએ એવું અમે જોતા નથી. સોનેરી કાયદો અને સ્ટેન્ડોનો કાયદો એ બે કાયદા ટ્રાન્સવાલના હિંદીને સારુ સોમલ અને અફીણ રૂપ છે.

આમ જે વાદળ ઘેરાવા લાગ્યું છે તેને વિખેરી નાખવાનો ઉપાય બહારથી નથી મળવાનો પણ આપણી જાતના જોર ઉપર આધાર રાખશે. આ હવે કોમને સમજાવવું પડે તેમ નથી એ અમે જાણીએ છીએ. તેવી સમજ મુજબ વર્તવાની કોમમાં તાકાત છે કે નહીં એ વિષે શક ભરેલું છે. અમારો શક પાયા વિનાનો છે એવું ટ્રાન્સવાલના હિંદી બતાવી આપશે એવું અમે ઇચ્છીએ છીએ.

[મૂળ ગુજરાતી]

ઇન્ડિયન ઓપીનિયન, ૧૨–૮–૧૯૧૧

૧૧૬. ગૃહમંત્રીને પત્ર[1]

ઑગસ્ટ ૧૨, ૧૯૧૧

શ્રી ગૃહમંત્રી,
પ્રિટોરિયા
સાહેબ,

આપનો તારીખનો પત્ર મળ્યો. સમાધાનમાં આવી જતા લોકોની યાદી હું આ માસની ૨૧મી તારીખ પહેલાં પૂરી કરવાનો પ્રયત્ન કરીશ. પણ મને ડર છે કે જે લોકો હાલ હિંદુસ્તાનમાં છે તેમની યાદી પૂરી કરવાનું નહીં બની શકશે. મેં આશા રાખી હતી કે આ યાદી હું ઘણી વહેલી તૈયાર કરી શકીશ. પણ એશિયાઈ રજિસ્ટ્રારને મેં જે પત્ર[2] લખ્યો છે તેમાં આપેલાં કારણોને લઈને હું તેમ કરી શકયો નથી.

આપનો, વગેરે

[મૂળ અંગ્રેજી]

ટાઈપ કરેલી ઑફિસ નકલ પરથી: એસ. એન. ૧૫૮૬

૧. આ પત્ર ગાંધીજીના કાગળોમાંથી મળ્યો છે અને તેનો મુસદ્દો તેમણે ઘડ્યો હોય એવું અનુમાન છે. જો આ પત્ર મોકલવામાં આવ્યો હોય તો તેમાં ગૃહમંત્રીના પત્રની જે તારીખનો ઉલ્લેખ છે તે પાછળથી લખવામાં આવી હશે.

૨. મળ્યો નથી.

Gandhi Heritage Portal

૧૧૭. છગનલાલ ગાંધીને પત્ર

શ્રાવણ વદ ૩ [ઑગસ્ટ ૧૩, ૧૯૧૧][1]

ચિ. છગનલાલ,

ચોપડીઓ તમે સારી લાવ્યા છો.[2] ભર્તૃહરિ શતક જો સંસ્કૃત, ગુજરાતી અથવા ઇંગ્રેજી અર્થ સુધ્ધાં હોય તો મને વાંચવા મોકલી આપજો.

તમે જમીનમાં નાખેલા પૈસા પાછા આપવાનો વિચાર મને થતો નથી. તેમ કરતાં વિઘ્નો નડે છે. જમીનના પૈસા તમે આપ્યા હોય તો તે પાછા આપવા એ ઠીક લાગે છે. જમીન વિષે મેં માત્ર સૂચના જ કરી છે કે જો બધાને માત્ર ભરણપોષણ જોગું જ મળે તો પછી જમીનના કે મકાનના પૈસા ક્યાંથી ભરે? તેમ વિચારી મેં સૂચના કરી છે કે જમીન વિષેનું કરજ માંડી વાળવું. પણ જો કોઈને જમીન રાખી લેવાનો વિચાર થાય તો તેમાં વચ્ચે આવવાનો નથી. તમે ઉઠાવો છો તે જ સવાલ તમારી ને આણંદલાલની જમીન બાબત ઊઠેલો. જમીન ઉપર તમે વાપરેલા પૈસા પાછા હું આપવા બેસું તેના કરતાં તમારું કરજ હું ભરું તે મને વધારે સંતોષકારક છે. જમીન ઉપર વાપરેલા પૈસા પાછા આપવામાં ઘણાં ધર્મસંકટો છે. તે તમે સમજી શકશો. તમને બંને ભાઈ વચ્ચે શું આપવું તે વિષે તમારા બીજા જવાબની રાહ જોઉં છું.

મોહનદાસના આશીર્વાદ

[મૂળ ગુજરાતી]

ગાંધીજીના હસ્તાક્ષરમાં લખાયેલા મૂળ પત્રની છબી પરથી: એસ. એન. ૪૭૮૨

૧૧૮. મિ. રિચને હિંદીઓનો ટેકો

સોનેરી અને ટાઉનશિપ કાયદાના સંબંધમાં અગત્યની મીટિંગ અને ઠરાવો

મિ. રિચની બહાદુરી

ગયે રવિવારે સાંજના સાત વાગ્યે હમીદિયા ઇસ્લામિક સોસાયટીના હૉલમાં ઍસોસિયેશનની સભા[3] ભરાઈ હતી. મિ. કાછલિયા પ્રમુખ હતા. બધી જગ્યાએ આમંત્રણ મોકલવામાં આવ્યાં હતાં. ક્લાર્ક્સડૉર્પથી ગેરહાજરીની દિલગીરીનો તાર હતો. તેમાં સભાના ઠરાવને વિષે પસંદગી બતાવી હતી. મિ. એ. એમ. ભાયાતે લેડલબર્ગથી લખેલ કે સરકારના પગલાથી આપણે દબાઈ

૧. આ પત્ર ૧૯૧૧માં છગનલાલ ગાંધી દક્ષિણ આફ્રિકા પાછા ફર્યા ત્યાર પછી લખાયો હોય એમ લાગે છે. આ કાગળમાં (ફિનિક્સની) જમીનના પૈસા પાછા આપવાની ચર્ચા ઑગસ્ટ ૧, ૧૯૧૧ના કાગળના અનુસંધાનમાં છે; જુઓ "છગનલાલ ગાંધીને પત્ર", પા. ૧૪૭–૮, એ ઉપરથી પણ કહી શકાય કે આ કાગળ ૧૯૧૧માં લખાયો છે. તે વર્ષે શ્રાવણ વદ ૩, ઑગસ્ટની ૧૩મીએ હતી.

૨. ઇંગ્લંડ અને ભારતની યાત્રા કરીને પાછા આવતા મિ. છગનલાલ આ પુસ્તક લાવ્યા હતા.

૩. આ સભા ક્રૂગર્સડૉર્પના સરકારી વકીલ મારફત મિ. રિચને આપવામાં આવેલી નોટિસ પર વિચાર કરવા માટે બોલાવવામાં આવી હતી; જુઓ "ઘેરાતું વાદળ", પા. ૧૫૩–૪.

Gandhi Heritage Portal

જવાનું નથી. ક્રૂગર્સડૉર્પ, રૂડીપોર્ટ વગેરે જગ્યાએથી હિંદી આવ્યા હતા. મિ. રિચ, મિ. કિવન, મિ. આઈઝક વગેરે પણ સભામાં હાજર હતા.

મિ. કાછલિયાએ પોતાના ભાષણ દરમિયાન સમજાવ્યું કે મામલો કઠણ છે અને પાછું હિંદીએ જોર બતાવવાનું છે.

પછી મિ. ગાંધીએ કાયદાની અસર વિષે સમજ પાડીને જણાવ્યું કે મિ. રિચ જેલમાં જવાને રાજી છે. મિ. રિચના નામ પર કેટલાક હિંદીની જમીનો છે. તેથી મિ. રિચને હિંદીને હાંકી કાઢવાની નોટિસ મળી છે. આ બાબત મિ. રિચની ઉપર કામ ચાલે તો હિંદીના બચાવને ખાતર મિ. રિચ જેલ જશે પણ જમીન નહીં છોડે.

બધી રીતે ખુલાસા થયા પછી સભામાં નીચે પ્રમાણે ઠરાવો રજૂ થયા ને સર્વાનુમતે પસાર થયા.

૧લો ઠરાવ

આ સભા મિ. રિચ હાજર થયા છે, ને તેમણે સોનેરી કાયદાની રૂએ નીકળેલી નોટિસના સંબંધમાં જેલ જતાં લગી પણ હિંદીને મદદ કરવાની સંમતિ આપી છે તેને સારુ તેમનો ઉપકાર માને છે.

આ ઠરાવની દરખાસ્ત ક્રૂગર્સડૉર્પના મિ. દાદુએ કરી. રૂડીપોર્ટના મિ. અહમદખાને તેને ટેકો આપ્યો, બાદ સર્વાનુમતે પસાર થઈ.

૨જો ઠરાવ

આ સભા ઠરાવ કરે છે કે હિંદી વેપારીની મિલકત ઉપર હાથ નાખવાની જે હિલચાલ ચાલી રહી છે તેની સામે કોમ પોતાના સંપૂર્ણ બળથી લડશે, અને સોનેરી કાયદાની રૂએ જે કામ તેઓની ઉપર ચાલે તેમાં જેલ જવાનું અને બીજું જે કંઈ દુઃખ આવી પડે તે કોમ ઉઠાવશે.

આ દરખાસ્ત મિ. ઈસ્માઈલ આમદ મુલાંએ કરી, તેને ટેકો આપનાર મિ. આમદ મૂસાજી ખોલવડિયા તથા મિ. ઈબ્રાહીમ સાલેજી કુવાડિયા[૧] હતા. સર્વાનુમતે તે પસાર થઈ.

૩જો ઠરાવ

આ સભા પ્રમુખને સત્તા આપે છે કે તેમણે ઉપલા ઠરાવ સરકારને મોકલવા તથા નમ્ર વિનંતી કરવી કે સરકારે કાયદામાં ફેરફાર કરવો ને હિંદી કોમને શાંતિ આપવી, તથા તેના વાજબી ધંધાઓનું રક્ષણ કરવું.

૧. ઇબ્રાહીમ સાલેજી કુવાડિયા; જોહાનિસબર્ગના જાણીતા વેપારી અને હમીદિયા ઇસ્લામિક સોસાયટીના એક વખતના કોષાધ્યક્ષ; બ્રિટિશ ઇન્ડિયન ઍસોસિયેશનના કાર્યપાલક અધ્યક્ષ, ૧૯૦૯ અને ૧૯૧૦ (પુસ્તક ૯ પા. ૩૦૦ની પાદટીપ, તથા પુસ્તક ૧૦, પા. ૩૧૬ની પાદટીપ); ૧૯૦૮ અને ૧૯૦૯માં સત્યાગ્રહી તરીકે વારંવાર જેલ ભોગવી; જૂન ૧૯૦૯માં ટ્રાન્સવાલનું પ્રતિનિધિમંડળ જે હિંદુસ્તાન આવવાનું હતું તેના સભ્ય ચૂંટાયા હતા, પણ પછી તેમને તરત પકડી લેવામાં આવ્યા હતા. જુઓ પુસ્તક ૯, પા. ૩૦૧ અને ૩૪૭; તથા પુસ્તક ૬ ને ૮ પણ.

Gandhi Heritage Portal

દરખાસ્ત મિ. વાજાએ રજૂ કરી મિ. એચ. માલ, મિ. એ. એ. કરોદિયા ને મિ. એમ. એસ. નાનાએ તેને ટેકો આપ્યો, ને ત્યાર બાદ તે સર્વાનુમતે પસાર થઈ.

સભામાં લડતને સારુ ઉઘરાણું કરવાની પણ ચર્ચા ચાલી હતી, તે ઉઘરાણું તુરત શરૂ થશે.

[મૂળ ગુજરાતી]

ઇન્ડિયન ઓપીનિયન, ૧૯–૮–૧૯૧૧

૧૧૯. એક મહત્ત્વનો નિર્ણય

બ્રિટિશ ઈન્ડિયન ઍસોસિયેશનની સભામાં[1] મિ. રિચે તેમ જ ઍસોસિયેશને લીધેલા નિર્ણય બદલ એ બંને ધન્યવાદને પાત્ર છે. એ સભાનો હેવાલ અમે આ જ અંકમાં બીજા કૉલમમાં આપ્યો છે. પોતાના આ ઉદાર કાર્યથી મિ. રિચે આજ સુધી કરેલી કોમની નિઃસ્વાર્થ સેવાઓ પર કળશ ચઢાવ્યો છે. તેમના આ કાર્યથી ટ્રાન્સવાલના બ્રિટિશ હિંદીઓની જવાબદારી દસ ગણી વધી જાય છે. મિ. રિચને જેલ જવા દીધા પછી જો કેવળ કાયરતાને કારણે આપણે જેલ જવાનું ટાળીએ તો કોઈ પણ ન્યાયી માણસના ધિક્કારને પાત્ર થઈએ. તેથી, ઍસોસિયેશને એવો જ બીજો ઠરાવ કર્યો છે કે જેલ અથવા બીજું જે કંઈ સહન કરવાનું આવે તે સહન કરીને પણ કોમે જોખમમાં આવી પડેલાં પોતાનાં હિતોનું રક્ષણ કરવું જોઈએ, તે યોગ્ય જ કર્યું છે. ત્રીજો ઠરાવ શ્રી કાછલિયાને ઉપરોક્ત અતિ મહત્ત્વના બંને ઠરાવો તરફ સરકારનું ધ્યાન ખેંચવાની સત્તા આપે છે. શ્રી કાછલિયાએ તેમ કરવામાં જરાયે વિલંબ કર્યો નથી. હવે આપણે સરકારના નિર્ણયની રાહ જોઈશું. આપણે આશા રાખીએ કે સંઘરાજ્યના મંત્રીમંડળને સદ્‌બુદ્ધિ સૂઝશે અને જે વસ્તુ રાષ્ટ્રીય સંકટ થઈ પડે એવી છે તેને તે ટાળશે. હિંદીઓ પોતાનાં હિતો સાથે રમત રમવામાં આવે તે બેસીને જોયા કરે, એવી અપેક્ષા તેમની પાસે ન રાખી શકાય. કોમ પર કોઈ વસ્તુ જોરજુલમથી લાદવાનો જો સરકાર પ્રયત્ન કરશે તો, એવો દેખાવ થશે કે, પોતાની વાતને વળગી રહેવાનો પ્રયત્ન કરનારી પરંતુ કાયદા પ્રમાણે ચાલનારી, એક નાની કોમને કચરી નાખવા માટે શક્તિશાળી સરકારે પોતાનું બધું બળ કામે લગાડ્યું છે.

[મૂળ અંગ્રેજી]

ઇન્ડિયન ઓપીનિયન, ૧૯–૮–૧૯૧૧

૧. જુઓ આ પહેલાંનો લેખ.

Gandhi Heritage Portal

૧૨૦. શિક્ષણની બદનામી

પહેલાં, ડરબનમાં હિંદી છોકરીઓ સામાન્ય સરકારી કન્યાશાળાઓમાં ભણતી હતી. થોડાં વરસ પહેલાં, તેમને એ શાળામાં જતી અટકાવવામાં આવી, અને તેમના શિક્ષણની વ્યવસ્થા ઉચ્ચ કક્ષાની હિંદી શાળાઓમાં કરવામાં આવી. છોકરીઓના શિક્ષણની વ્યવસ્થા છોકરાઓથી અલગ કરવામાં આવશે એવું વચન આપવામાં આવ્યું હતું. તેમ છતાં સરકારે છોકરા-છોકરીઓને સાથે ભણાવવાનો પ્રયોગ કર્યો, અને તેમાં તે નિષ્ફળ ગઈ. સિદ્ધાંત તરીકે અમે સહશિક્ષણના પક્ષમાં છીએ, પણ વ્યવહારમાં, જે આદતો અને પૂર્વગ્રહોનાં મૂળ ઊંડાં ગયાં છે તેમની અવગણના કરવાનું અશક્ય છે. અનુભવ ઉપરથી દેખાઈ આવ્યું છે કે હિંદી માબાપો પોતાની છોકરીઓને શાળાઓમાં કે બીજે કયાંય છોકરાઓ સાથે હળવામળવા દેતાં નથી. અને જ્યારે તેમને જબરજસ્તીથી સાથે રાખવાનો પ્રયત્ન થાય છે ત્યારે ખૂબ જ હાસ્યાસ્પદ પરિણામો આવે છે. છોકરાઓ અને છોકરીઓ બંનેને અડવું અડવું લાગે છે. અવિચારી સુધારક કહે છે: "લાગવા દો. એમને જો એકલાં મૂકી દઈશું તો થોડા જ વખતમાં તેઓ એકમેક સાથે હળતાંમળતાં થઈ જશે". પણ માબાપો આ બધું થઈ રહે ત્યાં સુધી થોભશે નહીં. તેઓ સુધારક નથી, અને પોતાનાં બાળકોને ભોગે તેઓ પ્રયોગો થવા દેશે નહીં. અને આટલો જલદી સુધારો કરવાની આવી કોઈ ત્રાસજનક ઉતાવળ પણ શી છે? પ્રગતિ તો અટકી જ છે. પહેલાં ત્રીસ છોકરીઓની હાજરી રહેતી તે, શિક્ષણખાતાના એક સુધારકના મૂર્ખાઈભર્યા ઉત્સાહને કારણે દસથી પણ ઓછી થઈ ગઈ છે. અમને જાણવા મળ્યું છે કે, જે થોડાંક માબાપો, અલગ વ્યવસ્થા થશે એવી આશાએ પોતાની છોકરીઓને મોકલતાં હતાં, તેમણે પણ તેમને ઉઠાડી લીધી છે. હિંદી છોકરીઓ માટે અલગ શિક્ષણની સગવડ કરવાની કૉંગ્રેસ અને હિંદી માબાપોની વિનંતીને સરકાર મંજૂર નહીં રાખે એને પરિણામે તેમને એવી શંકા જાય કે સરકારના મનમાં પૂર્વગ્રહ છે, તો એ વાતનું તેને આશ્ચર્ય નહીં થવું જોઈએ.

[મૂળ અંગ્રેજી] .

ઇન્ડિયન ઓપીનિયન, ૧૯–૮–૧૯૧૧

Gandhi Heritage Portal

૧૨૧. હિંદી જુવાનોની કેળવણી

'કેળવણી આપવી જોઈએ' એમ બોલી ઘેટાંની માફક ઘણાં હિંદી માબાપો પોતાનાં છોકરાંનો સ્વાર્થ બગાડે છે. તેવી જ ધૂનમાં માબાપની સંમતિ હોય યા ન હોય પણ કેટલાક જુવાનો હાથે કરીને પોતાનો સ્વાર્થ બગાડે છે. 'કેળવણી' શું એ સમજ્યા વિના કંઈક જાતનું જ્ઞાન મેળવવું તેમાં કશો લાભ હોય એમ જોવામાં આવતું નથી. તેથી ઘણું નુકસાન થાય છે એમ અમે અનુભવ્યું છે. આવે અવસરે જનરલ હરઝોગે કેળવણી ઉપર હાલમાં જ જોહાનિસબર્ગના એક પરામાં ભાષણ કર્યું છે તેનો ભાવાર્થ[1] અમે આપીએ છીએ તે વાંચવા ને ધ્યાન દેવા લાયક છે. જનરલ હરઝોગે ચોખ્ખી રીતે બતાવી આપ્યું છે કે કેળવણીનો અર્થ અને હેતુ સારા થવું એ છે. પરીક્ષાની પદ્ધતિ છોકરાંઓને તદ્દન બગાડી પાયમાલ કરે છે એમ પણ તેણે બતાવ્યું છે. આ વિચારો વજનદાર છે; છતાં અમે જનરલ હરઝોગના ભાષણના બીજા ભાગ ઉપર જ ભાર દેવા માગીએ છીએ. તેણે ચોકસ રીતે બતાવ્યું છે કે ઉચ્ચ છોકરાંને કેળવણી ઉચ્ચ ભાષા મારફતે જ મળવી જોઈએ. જો તેમ ન થાય તો ઉચ્ચ છોકરાં પોતાનાં માબાપ પ્રત્યેનું માન ભૂલી જાય. વળી તે છોકરાંઓ પોતાની પ્રજા પણ ભૂલે અને માત્ર જે પરભાષા શીખે તે ભાષાના માણસોની નકલ કરે. આ વિચાર જેટલે દરજ્જે ઉચ્ચને લાગુ પડે છે તેના કરતાં આપણને વધારે દરજ્જે લાગુ પડે છે. આપણી ભાષા – પછી હિંદીની ગમે તે ભાષા હોય તેને ઇંગ્રેજી ભાષાની સાથે ઉચ્ચ કરતાં ઘણો ઓછો સંબંધ છે. વળી ઇંગ્રેજી અથવા યુરોપી સુધારો અને આપણો સુધારો એ તદ્દન જુદા ને વિરોધી છે. પશ્ચિમના સુધારામાં ખીલેલી ભાષાના વિચારો આપણાં બાળકોમાં ઠસી જાય એ આપણી પ્રજા, આપણી જાત ને આપણા ધર્મ ભૂલવા જેવું બને છે. તેથી જ આપણે જોઈ શકીએ છીએ કે આ દેશમાં જન્મેલા અને માત્ર ઇંગ્રેજી કેળવણી પામેલા હિંદી અમુક હદથી આગળ હિંદી તરીકે ઉપયોગી નથી થઈ શકતા. તેવું જોઈએ છીએ ત્યારે આપણે તેઓનો દોષ કાઢીએ છીએ. પણ દોષ કાઢવો તે ખોટું છે. તેઓને તેઓની સ્થિતિએ જેવા છે તેવા બનાવ્યા છે. પણ તેઓના દાખલા ઉપરથી શીખવું ઘટે છે કે એવી ભૂલ કરતાં આપણે અટકીએ. અમે તો ખસૂસ જોયું છે કે જેટલે દરજ્જે આપણે આપણી ભાષા ભૂલી જઈએ છીએ તેટલે દરજ્જે આપણે ખરી સેવા કરતાં ભૂલીએ છીએ. આપણી રૂઢિઓ, આપણી કહેવતો, આપણાં કાવ્યો તે બધાંની આપણને ખબર ન હોય, ને આપણે આપણા માણસો ઉપર શી છાપ બેસાડીએ? અને ઘરનું ન કરી શકે તે બહારનું શું કરવાનો હોય? આપણું તો આપણે ભૂલી જઈએ ને બીજાનું સંભાળતાં શાનું આવડે? એટલે પરિણામે આપણે ધોબીના કૂતરાની સ્થિતિમાં આવી પડીએ – 'ન રહીએ ઘાટના કે ન રહીએ વાટના.'

ઉપરના લખાણનો એવો હેતુ નથી કે ઇંગ્રેજી ભાષા ન જ શીખવી. પણ જે ધોરણે અંગ્રેજે ફારસી, સંસ્કૃત વગેરે શીખે છે તે ધોરણે આપણે ઇંગ્રેજી શીખીએ. એટલે કે આપણે

૧. ઑગસ્ટની ૧૨મી તારીખે ન્યૂલૅન્ડ્ઝ ગવર્નમેન્ટ સ્કૂલમાં બોલતાં હરઝોગે વર્તમાન શિક્ષણ-પદ્ધતિની ટીકા કરી હતી. તેમણે કહ્યું હતું કે એ પદ્ધતિ ગોખણપટ્ટી અને પરીક્ષાઓ પર આધાર રાખે છે અને એનાથી ફક્ત વકીલ અને દાક્તર થવા ઇચ્છતા લોકોને જ લાભ થાય છે, બાકીના ૯૭ ટકા લોકોને સહન કરવું પડે છે. તેમણે ચારિત્ર્યઘડતર, અને માતૃભાષા પર ભાર મૂક્યો હતો. ઇન્ડિયન ઓપીનિયન, ૧૯-૮-૧૯૧૧.

Gandhi Heritage Portal

આપણી માદરી જબાન પાકી કરી તેમાં ઘડાઈએ, ને પછી ઇંગ્રેજી રાજ્યકર્તાની ભાષા છે તથા તે બીજી રીતે પણ ઉપયોગી છે તેથી ભલે શીખીએ. એટલે કે ઇંગ્રેજી આપણે વેપારને અર્થે, બીજી પણ સીધી રીતે પૈસો કમાવાને અર્થે, બેશક શીખીએ. પણ આપણી રહેણીને સારુ, નીતિને સારુ, આપણા ધર્મને સારુ, આપણે બીજાં જ્ઞાન મેળવવાં હોય તેને સારુ તો આપણે આપણી જ ભાષા શીખીએ ને ઉપલું બધું તે ભાષા વાટે જાણીએ. આ વિચાર પ્રમાણે જ્યાં પ્રથમ અભ્યાસ ઇંગ્રેજી જ હોય ત્યાં આપણે આપણા છોકરાંને હરગિજ ન મોકલીએ. અમારા આ વિચાર બરોબર હોય તો હાલ નાતાલમાં ચાલતી નિશાળોમાં માબાપ પોતાનાં છોકરાંને મોકલવાને બદલે ઘેર બેસાડે એ પસંદ કરવા જેવું છે. આપણા ઉચ્ચ સાથીઓની હિલચાલ ઉપર આ વિષયમાં બહુ ખ્યાલ આપવા જેવું છે. આપણી નીતિ જાળવવાની અમે આ બાબતને એક ચાવી માનીએ છીએ.

[મૂળ ગુજરાતી]

ઇન્ડિયન ઓપીનિયન, ૧૯–૮–૧૯૧૧

૧૨૨. ડૉ. પ્રાણજીવન મહેતાને પત્ર[૧]

શ્રાવણ વદ ૧૧ [ઑગસ્ટ ૨૦, ૧૯૧૧][૨]

ભાઈશ્રી પ્રાણજીવન,

તમારો કાગળ આ અઠવાડિયે નથી. આ કાગળ હજુ યુરોપ રસ્તે જ મોકલું છું. જો ત્યાં હશો તો અઠવાડિયું ખાલી નહીં જાય. ને જો યુરોપ છોડયું હશે તો ત્યાંથી કાગળ તમને લગભગ હિંદુસ્તાન પરબારો મોકલું ને પહોંચે તેટલી મુદતમાં મળશે.

હરિલાલનો કાગળ મને હજુ નથી મળ્યો. અમદાવાદથી ખબર આવ્યા છે કે [ચિ.] હરિલાલ ત્યાં પહોંચ્યો [છે અને] નિશાળમાં દાખલ (પણ) થયો છે. તેણે મને [લખ્યું છે] કે તેનો વિચાર (મૅટ્રિકની પરીક્ષા) પાર પાડવાનો જ [છે અને] જ્યાં સુધી તે[ણે મૅટ્રિક] પસાર નથી કરી ત્યાં લગી તેનો મોહ ઊતરવાનો નથી ને તેની પોતાની શક્તિ વિષે ભરૂંસો પણ નહીં બેસે. આવા વિચારથી ગયેલાને અટકાવવા નથી ઇચ્છતો. જો તેનું ચારિત્ર દૃઢ રહેશે તો અમદાવાદમાં તે ઘણો અનુભવ લેશે. કેવો ને કેમ અનુભવ લેવાય તે બાબત અમે બહુ વાતો કરી છે. હવે આપણે તેની સ્થિતિ છેટે રહી જોવાની છે. તમે તેની સાથે પત્રવ્યવહાર રાખ્યા કરશો એવી ઉમેદ છે.

મોહનદાસના વંદે માતરમ્

[મૂળ ગુજરાતી]

ગાંધીજીના હસ્તાક્ષરમાં લખાયેલા મૂળ પત્ર પરથી: સી. ડબ્લ્યુ. ૫૫૬૭

શ્રી સી. કે. ભટ્ટના સૌજન્યથી

૧. આ પત્ર અનેક જગ્યાએથી ફાટેલો છે. ફાટી ગયેલા શબ્દોને સંદર્ભને આધારે ચોરસ કૌંસમાં આપ્યા છે.

૨. પત્રમાં હરિલાલ ગાંધીના ઉલ્લેખથી સ્પષ્ટ માલૂમ પડે છે કે આ તેમના (મે ૧૯૧૧માં) દક્ષિણ આફ્રિકાથી ભારત પાછા આવવા નીકળ્યા પછી લખવામાં આવ્યો હતો.

Gandhi Heritage Portal

૧૨૩. એશિયાઈ ઓના રજિસ્ટ્રારને પત્ર[૧]

ઑગસ્ટ ૨૧, ૧૯૧૧

એશિયાઈઓના રજિસ્ટ્રાર
પ્રિટોરિયા
સાહેબ,

સમાધાનની શરતો નીચે આવી જતા હિંદીઓની સુધારેલી યાદી[૨] આ સાથે મોકલું છું. જેઓ હિંદુસ્તાનમાં છે, તેમનાં બધાં નામ હજી મંડળને મળી શકયાં નથી એટલે તેમની પૂરી યાદી[૩] મોકલી શકતો નથી.

જે યાદી આપને મોકલું છું તેમાં આવવા જેવાં બધાં નામ આવી જતાં નથી. સમાધાન નીચે પોતે આવી જાય છે એવો દાવો કરનાર કેટલાક લોકો સાથે હું પત્રવ્યવહાર કરી રહ્યો છું. એટલે મને વિશ્વાસ છે કે થોડાં વધુ નામો પાછળથી મોકલું તો તમે વાંધો નહીં લેશો.

તમે જોશો કે કેટલાક લોકો એવા છે જેઓ પીસ પ્રિઝર્વેશન ઑર્ડિનન્સ (શાંતિ-રક્ષા વટહુકમ) મુજબ આપેલા પરવાના ધરાવે છે.[૪] આ લોકો હાલ ટ્રાન્સવાલમાં છે તેથી તેમનાં નામ યાદીમાં દાખલ કરવામાં આવ્યાં છે, પરંતુ જે નામો ૧૮૦ માણસોની યાદીમાં સમાવવાનું વિચાર્યું હતું તેની શ્રેણીમાં આ નામો આવતાં નથી.

યુદ્ધ પહેલાંના નિવાસીઓની યાદી તૈયાર કરવામાં, જેઓ યુદ્ધ પહેલાં ત્રણ વરસ ટ્રાન્સવાલમાં રહેલા હોવાનો પ્રત્યક્ષ પુરાવો આપી શકે એમ હોય, તેમનાં જ નામ સ્વીકારવાની કાળજી રાખવામાં આવી છે. પણ તેમનો દાવો સાચો હોવા બાબતની બાંયધરી ન તો ઍસોસિયેશન આપી શકે કે, ન તો હું આપી શકું. વળી જેમણે કાયદા મુજબ પહેલાં અરજી કરી હોય તેવા કોઈને પણ યાદીમાં નહીં દાખલ કરવાની સાવધાની રાખવામાં આવી છે, પરંતુ આ યાદી સંપૂર્ણપણે વિશ્વાસપાત્ર છે એવો દાવો અમે કરતા નથી. સંભવ છે કે આમાંના કેટલાકે પહેલાં અરજી કરી પણ હોય અને તેઓ જાણીજોઈને કે અજાણતાં ઍસોસિયેશનને છેતરતા પણ હોય.

આ યાદીમાં, સમાધાનમાં વિચારવામાં આવેલાં ૧૫૦માંથી . . . અને સમાધાન નીચે આવી જતા, હાલમાં હિંદુસ્તાનમાં છે તે ૩૦માંથી . . . અને જેમની પાસે શાંતિ-રક્ષા વટહુકમ મુજબના પરવાના છે તે, એટલા હિંદીઓનો સમાવેશ થાય છે.

૧. આ પત્ર ગાંધીજીના કાગળોમાંથી મળ્યો છે અને તેનો ખરડો તેમણે જ ઘડ્યો હતો એવું અનુમાન છે. છેલ્લા પૅરામાં કરેલી માગણી સ્વીકારવામાં આવી હતી એટલે અનુમાન કરી શકાય કે આ પત્ર છેલ્લાની પહેલાંના પૅરાની ખાલી જગ્યામાં સંખ્યા પૂરી મોકલી દેવામાં આવ્યો હશે. જોકે આવા પત્ર સામાન્ય રીતે ઇન્ડિયન ઓપીનિયનમાં પ્રસિદ્ધ કરવામાં આવતા તેમ આ પત્ર પ્રસિદ્ધ કરવામાં આવ્યો નથી. જુઓ "એશિયાઈ રજિસ્ટ્રારને પત્ર", પા. ૧૦૬–૭.

૨. મળી શકી નથી.

૩. "ઈ. એફ. સી. લેનને પત્ર", પા. ૭૬–૭માં શ્રેણી ક અને ખ.

૪. આ લોકોએ ૧૮૮૫ના ૩જા ડચ કાનૂન મુજબ આપવામાં આવેલાં રજિસ્ટ્રેશન પ્રમાણપત્રોના બદલામાં શાંતિ-રક્ષા વટહુકમ મુજબના પરવાના લીધા હતા. જુઓ પુસ્તક–૮, પા. ૨૭૫–૬. તેઓ "એશિયાઈ કાનૂનોમાંના કોઈ પણ એક મુજબ" ફરીથી રજિસ્ટર થવા માટે અરજી કરી શકતા નહોતા, જુઓ "ગૃહમંત્રીને પત્ર", પા. ૯૬.

Gandhi Heritage Portal

હવે જોહાનિસબર્ગમાં ઑફિસ ક્યારે ખોલવામાં આવશે તે આપ મને જણાવશો તો હું આપનો આભારી થઈશ.[૧]

આપનો, વગેરે

[મૂળ અંગ્રેજી]

ટાઇપ કરેલા મુસદ્દા પરથી: એસ. એન. ૪૫૮૭

તથા ગાંધીજીના હાથે લખેલા મુસદ્દાની છબી પરથી: એસ. એન. ૪૫૪૮

૧૨૪. છગનલાલ અને મગનલાલ ગાંધીને પત્ર

શ્રાવણ વદ ૧૪ [ઑગસ્ટ ૨૩, ૧૯૧૧][૨]
રાતના ૧૧ વાગ્યે

ચિ. છગનલાલ તથા ચિ. મગનલાલ,

તમારા બંનેના કાગળ મળ્યા છે. તમે દર માસે નવ પાઉંડ લેજો.

તમને જે લખવું જોઈએ તે લખતાં આંચકો નહીં ખાઉં. જમીન ઉપર ખર્ચાયેલા પૈસા પછી મકાનના હોય કે બીજા પણ તે પાછા વાળવાનો ઇરાદો નથી થતો.[૩] જમીનની કિંમત આપાઈ હોય તે પાછી આપવી જોઈએ એમ લાગે છે. એટલે જો આપણે નવી રસમ દાખલ કરીએ તો.

મારે જો ફરી કાયદાની કૂટ કરવી પડશે તો માત્ર તમારે જ ખાતર એવું નહીં બને. એવાં કારણો બીજાં પણ વખતે નડે. તે તો છેલ્લું ઓસડ છે ને તે મારે કહેવું પડે છે તેટલી મારી અશ્રદ્ધા, મોહ અને કચાશ સૂચવે છે. ખોટા સત્યાગ્રહી જેમ છેલ્લો વિશ્વાસ શરીરબળ ઉપર રાખે એવો કંઈક આભાસ મારા ઉપલા વિચારોમાં આવે છે. છતાં બે વસ્તુ વચ્ચે ભેદ છે એમ હું તો જાણું છું. તોપણ વકીલાત ફરી મારે ન કરવી પડે તેમાં જ ઠીક છે એમ બહુ ઇચ્છયા કરું છું. મારી હયાતીમાં જ આપણે ફિનિક્સમાં સંપૂર્ણ ગરીબાઈ ભોગવીએ એમ હું પણ ઇચ્છું છું. તેવો વખત ઈશ્વર પાસે માગું છું. પણ ચિહ્નો બધાં વિપરીત જોઉં છું. ખરી ગરીબાઈ આપણે ભોગવીએ એવો વખત કેવળ આવવો મુશ્કેલ છે. દાક્તર મહેતાની મદદ એ વિઘ્નકર્તા છે. જ્યાં સુધી એ સર ચાલે છે ત્યાં સુધી આવતી કાલે પાઈ નથી ને કેમ થશે એવો અલભ્ય લાભ આપણને નથી મળવાનો એમ થયા કરે છે. એ લાભ હું અલભ્ય ગણું છું કેમ કે તે સ્થિતિ દુનિયાના મુખ્ય ભાગની છે. ને તે સ્થિતિ બુદ્ધાદિની હતી ને હવે પછી હશે. તે વિના આત્મારામ ન જાણી શકાય એમ ચોકસ થયા કરે છે.

૧. સપ્ટેમ્બરની ૯મીએ ઑફિસ ખોલવામાં આવી હતી.

૨. ઑગસ્ટ ૧૩, ૧૯૧૧ના છગનલાલ ગાંધી પરના પત્રમાં (પા. ૧૫૫) ગાંધીજી તેમની ફિનિક્સની જમીનના હિસ્સા પર તેમણે કરેલા સુધારા બદલ તેમને વળતરના પૈસા નહીં આપવાનું વલણ બતાવે છે. આ કાગળમાં એ બાબતના ગાંધીજીના દૃઢ નિર્ણયની વાત છે. એટલે તે ૧૩મી ઑગસ્ટ પછી જ લખાયો હોવો જોઈએ. ૧૯૧૧માં શ્રાવણ વદ ૧૪, ઑગસ્ટની ૨૩મીએ હતી.

૩. જુઓ "છગનલાલ ગાંધીને પત્ર", પા. ૧૪૮–૯ અને ૧૫૫.

Gandhi Heritage Portal

જયકૃષ્ણ વ્યાસાદિએ[૧] આપણને જ્ઞાન શીખવ્યું પણ તે શુષ્ક જ્ઞાન એમ લાગે છે. ખરું તો નરસિંહ મહેતે, સુદામાજીએ શીખવ્યું એમ દૃઢ રીતે લાગે છે. ઇંદ્રિયોના ભોગ ભોગવી કહેવું કે હું નથી કરતો પણ ઇંદ્રિયો પોતાનું કાર્ય કરે છે, હું તો દ્રષ્ટા છું વ. વાક્યો તદ્દન મિથ્યાવાદ જેવાં છે. જેણે તદ્દન ઇંદ્રિયદમન કર્યું છે ને શરીરયાત્રાને સારુ જ જેની ઇંદ્રિયો વ્યાપાર કરે છે તેનાથી જ તે વાક્ય બોલી શકાય. આ હિસાબે આપણામાંથી એક પણ માણસ તે વાક્ય બોલવાને લાયક નથી ને જ્યાં લગી ખરી ગરીબાઈ નહીં આવે ત્યાં લગી તેવું આપણને મળવાનું નથી. રાજા વ. પુણ્યના પ્રતાપે રાજા થાય છે એવું માનવાનું કારણ નથી. કર્મના પ્રતાપે જ થાય છે એટલું જ કહેવાય. પણ તે પુણ્યકર્મ જ એમ કહેવું એ આત્માના ગુણ તપાસતાં તદ્દન ખોટું લાગે છે.

આ વિચારો તમને બધાને ખરા લાગે ને તમે જે પ્રૌઢ પદવીનો હું ચિતાર આપું છું આપણે બધા જ ભોગવીએ એવું ઇચ્છશો તો એવો વખત ઈશ્વર વખતે આપે પણ ખરો.

નારણદાસે[૨] મારા કાગળનો જવાબ પણ નથી લખ્યો.

હાલ તો ફાર્મ ઉપર અલૂણા ખોરાકનો વા ચાલી રહ્યો છે.[૩] ક્યાં લગી વાશે તે જોવાનું છે. પારસી જીવણજીના બે દીકરા આજે અહીંની નિશાળમાં દાખલ થવા આવ્યા છે. તેઓ પણ અલૂણાં રહે તે શરતે મેં લીધા છે. વિશેષ પાછળથી.

મોહનદાસના આશીર્વાદ

[મૂળ ગુજરાતી]
ગાંધીજીના હસ્તાક્ષરમાં લખાયેલા મૂળ પત્ર પરથી: સી. ડબ્લ્યુ. ૪૫૬૮
શ્રીમતી રાધાબહેન ચૌધરીના સૌજન્યથી.

૧૨૫. ડૉ. પ્રાણજીવન મહેતાને પત્ર

ભાદરવા સુદ ૧ [ઑગસ્ટ ૨૫, ૧૯૧૧][૪]

ભાઈશ્રી પ્રાણજીવન,

તમારો કાગળ પોલાક વિષેનો મળ્યો.

તમને ફિનિક્સથી લખેલો કાગળ ભૂલથી મેં પૂરું સરનામું નહીં લખેલું તેથી પાછો આવ્યો છે. તે વાંચવા જેવો છે ને તેમાં માગણી કરી છે તે હજુ કરું છું. તેથી તેમનો તેમ મોકલું છું.

પોલાક એક ઍંગ્લો-ઇન્ડિયન થઈ જાય એવું મને લાગતું નથી. તેની પ્રકૃતિ વિષે તમે લખો છો તેમ જ છે. તેનો સ્વભાવ તેજ છે. પણ તે દૂઝણી ગાય છે. તેનું દિલ તદ્દન

૧. જયકૃષ્ણ વ્યાસને બદલે ભૂલથી શ્રી કૃષ્ણ વ્યાસ વંચાયું હતું. પાછળથી ગાંધીજીએ તેનું સ્પષ્ટીકરણ કર્યું છે. જુઓ "મગનલાલ ગાંધીને પત્ર", પા. ૧૬૮.

૨. છગનલાલના નાના ભાઈ.

૩. જુઓ "હરિલાલ ગાંધીને પત્ર", પા. ૧૪૪.

૪. આ કાગળ પરથી લાગે છે કે ડૉ. મહેતા પોલાકને ઇંગ્લંડમાં મળ્યા હશે. મિ. પોલાક મે, ૧૯૧૧માં ઇંગ્લંડ જવા રવાના થયા હતા. તે વર્ષે ભાદરવા સુદ ૧ ઑગસ્ટની ૨૫મી તારીખે હતી.

Gandhi Heritage Portal

નિખાલસ છે અને ફરજમાં ચુસ્ત છે. વખાણ તો સહુને વેરી છે તો પછી તેને કાં ન હોય? પણ વખાણથી તે ભ્રષ્ટ થાય એવો મને શક પણ નથી જતો. તે નિખાલસ છે તેટલે જ દરજજે પ્રમાણિક છે. પ્રમાણિક ને નિખાલસ એક જ અર્થના શબ્દો પણ હોય. એવા માણસ વંઠી જાય એવું કેમ માનીએ? છતાં ધારો કે તેવું પણ થાય છતાં હું તો નિર્ભય છું. તેણે તો ચાકરી કરી પછી તે છટકે તો તે ગાંઠ ખુએ. આપણને તો ખોવાપણું કંઈ જ રહે નહીં. કેમ કે આપણું ધોરણ એકદેશી રહ્યું. જ્યાં સુધી માણસ સત્યવાદી, સત્યાચારી જણાય ત્યાં સુધી તેનો પ્રસંગ રાખીએ ને તે આપણને સુખકર જ રહે. તે આગળ ઉપર તેવો ન રહે તો તેને હાનિ; આપણને કશી નહીં. આવો અનુભવ આખી લડતમાં થયો. જુઓ અલી વ.ના દાખલા. કદાચ એમ કહો કે તેની ઉપર પૈસા પ્રીતિ વ. રેડયાં તે વૃથા ગયાં તો તે બરોબર નથી. તે પૈસા એ જ નિમિત્તે ભેળા થાત. ને તે ગયા તેનું તો તેણે સદ્‌વર્તનથી કામ કર્યું. અલીના[૧] આવવાથી તે વેળાએ તો લાભ જ થયો.

તમે પાછળથી તમારા કાગળમાં ઉમેર્યું છે કે પોલાકની સાથે સુલેહ થઈ ગઈ છતાં ઉપરની ટીકા તો બરોબર જ છે ને તમારા વિચાર જે તમે જણાવ્યા તે જાણવા જેવા જ હતા.

રેસીજ[૨] કૉંગ્રેસમાંથી હિંદુસ્તાનને સીધો લાભ તો ન જ થાય એમ હું પણ માનું છું. આડો લાભ એ જ થવાનો હોય તો...[૩]
નજર રાખીને કરે છે ત્યાં સુધી તેની સાથે ભાઈચારો થાય જ નહીં. સ્વાર્થને અને ભાઈચારાને સદાય દ્વેષભાવ રહ્યો છે. ઇંગ્રેજોમાં પણ ભાઈચારો છે તેમ મને લાગતું નથી. તેઓ પણ સ્વાર્થનીતિ શીખ્યા છે. ઑનેસ્ટી ઇઝ ધિ બેસ્ટ પૉલિસી એ વાકય મને તો દુષ્ટ વાકય લાગે છે. તેઓના નીતિના વિચારની છબી તે વાકયમાં આવી રહે છે. આ ટીકા લોકાચારને લગતી છે. તેઓમાં (મારા વિચાર પ્રમાણે) પોલાકના જેવા નિ:સ્વાર્થ માણસો પડયા છે. તેનું વર્તન સ્વાર્થને અંગે નથી રહેતું.

તમે જેમ પોલાક વિષે લખ્યું છે તેમ પોલાકે પણ તે કિસ્સાનું લખ્યું છે. તે કાગળ ઉપરથી પણ હું જોઉ છું કે પોલાકે તમારી પાસે નિખાલસભાવે જ વાસ કરેલો.

૧. હાજી વજીરઅલી; હિંદી અને મલય માબાપને ત્યાં ૧૮૫૩માં મોરિશિયસમાં જન્મ. ડચ, ઇંગ્લિશ અને હિંદુસ્તાની છૂટથી બોલી શકતા (દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહનો ઇતિહાસ પ્રથમ ખંડ, પ્ર. ૧૪) ૧૮૯૪માં દક્ષિણ આફ્રિકા આવ્યા અને પૂરા દિલથી હિંદીઓની લડતમાં જોડાયા. કેપ ફ્રેંચાઈઝ લૉ એમેન્ડમેન્ટ ઍક્ટ સામેના આંદોલનમાં નોંધપાત્ર ભાગ લીધો. ૧૮૯૨માં કેપના બિનગોરા લોકોના મંડળના ચેરમેન ચૂંટાયા. હમીદિયા ઇસ્લામિક સોસાયટીના સ્થાપક-પ્રમુખ. ૧૯૦૬માં ઇંગ્લંડ ગયેલા ટ્રાન્સવાલ ઇન્ડિયન ડેપ્યુટેશનના ગાંધીજીની સાથે સભ્ય; જુઓ પુસ્તક ૫, પા. ૪૮૧. સત્યાગ્રહની લડતમાં જોડાઈ શકે તેમ નહોતા. બીજી બાજુ એશિયાટિક રજિસ્ટ્રેશન ઍક્ટને નમતું આપવા પણ તૈયાર નહોતા. એટલે ૧૯૦૭માં બધું જતું કરીને ટ્રાન્સવાલ છોડયું; જુઓ પુસ્તક ૭, પા. ૧૯૮. અહીં ઉલ્લેખેલા પ્રસંગ માટે જુઓ પુસ્તક ૭, પા. ૧૨૫-૬ અને પુસ્તક ૮, પા. ૯૩-૫.

૨. યુનિવર્સલ રેસીસ કૉંગ્રેસ (વિશ્વ જાતિ સંમેલન); અંગ્રેજી ઇન્ડિયન ઓપીનિયનમાં તેને "પાર્લમેન્ટ ઑફ મૅન" તરીકે વર્ણવવામાં આવી હતી. જુદી જુદી જાતિઓને લગતા સવાલોનાં વિવિધ પાસાંઓની ચર્ચા કરવા આ કૉંગ્રેસ જુલાઈ ૧૯૧૧માં લંડનમાં મળી હતી. વિશ્વના વિવિધ ધર્મો અને દર્શનશાસ્ત્રોના પ્રતિનિધિઓ તેમાં હાજર હતા. ત્યાં નિબંધો વાંચવામાં આવ્યા હતા. શ્રીમતી બેસંટ અને ગોખલેએ પણ તેમાં હાજરી આપી હતી. ઇન્ડિયન ઓપીનિયન ૨૬-૮-૧૯૧૧.

૩. અહીં એક પાનું મળતું નથી.

Gandhi Heritage Portal

તમારું ભાષણ મેં ફાડી નાખેલું એવો મને ખ્યાલ છે કેમ કે નટેસન પાસેથી પૂરું આવશે એમ ધારીને, હવે તો તમારી પાસે નકલ હોય ને તે મોકલો તો બને. હાલ નટેસનનામાંથી તરજુમો કરવાનું બંધ રાખવાનું લખી વાળું છું.

તમારા કાગળો તો હું બધા વાંચીને ફાડી નાખું છું. પોલાકને તેમ જ કૅલનબૅકને તમારા સાધારણ રીતે વિચારનો ખ્યાલ મેં આપેલો ખરો. તે અયોગ્ય નહીં થયું તેમ માનું છું.

હું રાતદિવસ કામમાં હોઉં તેથી લખતાં આંચકો ન ખાશો.

મિસિસ બેસંટનાં ભાષણો મેં વાંચ્યાં નથી.

તમારા લખાણ ઉપરની ગુજરાતીની ટીકા મેં નહીં જોયેલી. બીજી મારી પાસે થઈ હોય તોપણ આવી નથી. હવે થશે તો આવશે ને ગુજરાતીની પણ આવી જશે. તેનો હજુ વખત હવે આવે છે.

છોકરાઓને રાતના હું કાવ્યદોહનમાં[થી] કંઈક વાંચી સંભળાવું છું. પ્રહ્લાદ આખ્યાન ગઈ કાલે પૂરું કર્યું.[૧] તેમાં જે જે વિચારો આપણામાં સાધારણ રીતે હોય એવો ચિતાર આવે છે તે ઇંગ્રેજી મોટાં કહેવાતાં પુસ્તકોમાં જવલ્લે જ જોવામાં આવે છે.

ભાઈ છગનની[૨] પાસે એવાં પુસ્તકો વંચાવશો એમ ધારી લઉં છું.

મોહનદાસના આશીર્વાદ

[મૂળ ગુજરાતી]

ગાંધીજીના હસ્તાક્ષરમાં લખાયેલા મૂળ પત્ર પરથી: સી. ડબ્લ્યુ. ૫૬૪૦

શ્રી નારણદાસ ગાંધીના સૌજન્યથી

૧૨૬. જમનાદાસ ગાંધીને પત્ર

ભાદરવા સુદ ૫ [ઑગસ્ટ ૨૮, ૧૯૧૧][૩]

ચિ. જમનાદાસ,

તમારો કાગળ આજે જ મળ્યો છે. તમારી તબિયત ધીરજથી ત્યાં સારી થઈ જશે. જો તમે મારી પાસે થોડો વખત તબિયતને ખાતર રહેવા માગો તો તમારી પરમિટ લઈ શકીશ. મને લાગે છે કે અહીં તમને ઠીક પડશે. પણ તમારી મુનસફી ઉપર રાખું છું.

તમે મને સવાલ ઠીક પૂછ્યો છે. તમે તમારા અર્થમાં તદ્દન ખરા છો. જો "is" શબ્દ વપરાય તો અર્થ જતો રહે છે.[૪] "equivalent"માં "is" આવી ગયો છે. પુરુષોત્તમદાસ નથી સમજી શકયા એ આશ્ચર્યકારક છે. તેની બુદ્ધિ આવી બાબતમાં બહુ તીવ્ર માનું છું. "civilization"ને

૧. ભાગવતમાંથી એક અધ્યાય; ભક્ત પ્રહ્લાદને ગાંધીજી એક આદર્શ સત્યાગ્રહી તરીકે ગણાવતા; જુઓ દા. ત. પુસ્તક ૧૦, પા. ૨૩૪ અને ૬૩૫.

૨. ડૉ. મહેતાનો પુત્ર.

૩. જુલાઈ ૧૯૧૧માં દક્ષિણ આફ્રિકા આવ્યા પછી જમનાદાસ ગાંધી ટૉલ્સ્ટૉય ફાર્મ જતાં પહેલાં કેટલોક વખત ફિનિક્સમાં રહ્યા હતા. તેથી આ પત્ર સન ૧૯૧૧માં જ લખવામાં આવ્યો હશે. તે વર્ષે ભાદરવા સુદ ૫, ઑગસ્ટની ૨૮મીએ હતી.

૪. અહીં હિંદ સ્વરાજના એક અંશનો ઉલ્લેખ છે; જુઓ પુસ્તક ૧૦, પા. ૪૧.

Gandhi Heritage Portal

સારુ જે ગુજરાતી શબ્દ વાપરવામાં આવે છે તેનો અર્થ સારી રહેણી એમ છે આવું કહેવાનો મારો ભાવાર્થ છે. "Gujarati equivalent for civilization is sudhar" આ વાક્ય ખરું કહેવાય. પણ તેમ મેં કહેવા માગ્યું નથી. "Gujarati equivalent for civilization is good conduct" એમ કહીએ તો વ્યાકરણના નિયમ પ્રમાણે "good conduct" કેમ જાણે ગુજરાતી શબ્દ હોય નહીં એમ અર્થ નીકળે. આ તમે પુરુષોત્તમદાસને બતાવશો તો મને લાગે છે કે તે સમજી જશે. તમે ઉપલી જ દલીલ વાપરી કે કંઈ બીજા કારણસર "means" બરોબર માન્યું એ જણાવજો.

અયોધ્યાને virgin city કેમ કહ્યું એ તમને તુરત નથી જણાવી શકતો. મારે દત્ત[૧] વાંચી જવો પડે. બીજી કોઈ વેળા પૂછજો. તમે અર્થ કાઢો છો એ મને ઠીક નથી જણાતો. પણ મારી ભૂલ થતી હોય. યુજ્ ઉપરથી યોદ્ધા થયું હોય એમ જણાતું નથી. સાધારણ રીતે "virgin"નો અર્થ પવિત્ર એમ આ ઠેકાણે કરવો ઘટે છે.

મગનલાલે સવાલ પૂછ્યો છે તેની સમજ આ છે. "community of interest" એટલે સરખો સ્વાર્થ. આપણે બધા એક દિશાએ જતા હોઈએ તો કહેવાય કે આપણને "community of interest" છે. જો ગોરા માત્ર શરીરનો સ્વાર્થ શોધે ને આપણે આત્મિક સ્વાર્થ શોધીએ તો આપણી વચ્ચે "communtiy of interest" નથી.

મુસલમાની ચોપડીઓ ગુજરાતીમાં કઈ છે એની મને સાધ નથી. મહમદ પેગંબરનું જીવન-ચરિત્ર નારાયણ હેમચંદ્રે[૨] લખ્યું છે ને તે ગુજરાતીવાળા પહેલાં વેચતા એ જાણું છું. હાલ તુરત આપણે ચોપડીઓની કે ચોપાનિયાની નોંધ જાહેર પાડવી નહીં એ વધારે ઠીક છે એમ મગનલાલને કહેજો. તે આ કાગળ વાંચશે એટલે બસ છે.

મારી નિશાળમાં અનાયાસે ત્રણ છોકરા હાલમાં તો વધ્યા છે. તે બધા સોમથી શનિ અલૂણું ભાજીપાલા ને કઠોળરહિત વ્રત પાળે છે.

મોહનદાસના આશીર્વાદ

[મૂળ ગુજરાતી]
ગાંધીજીના હસ્તાક્ષરમાં લખાયેલા મૂળ પત્ર પરથી : સી. ડબ્લ્યુ. ૫૬૪૦
શ્રી નારણદાસ ગાંધીના સૌજન્યથી

૧. આર. સી. દત્તનું અંગ્રેજી પુસ્તક ધિ રામાયણ (પદ્યમાં).
૨. જુઓ આત્મકથા ભાગ ૧, પ્ર. ૨૨.

Gandhi Heritage Portal

૧૨૭. છગનલાલ ગાંધીને પત્ર

ભાદરવા સુદ ૬ [ઑગસ્ટ ૨૯, ૧૯૧૧][૧]

ચિ. છગનલાલ,

તમારો ક્ષય ઉપરનો લેખ ઠીક છે. ક્ષય ન થાય તેને સારુ શા ઇલાજ લેવા એ વિષે તમે લખ્યું નથી. તેમાં સુધારોવધારો કરવાની મને હાલ ફુરસદ નથી. ભલે જેમ છે તેમ જ છપાય. આરોગ્યતાનાં પ્રકરણો લખવાની યોજના હું કર્યા કરું છું. પણ કેટલાંક વિઘ્નો આવ્યા કરે છે. લખવાનું બધું માત્ર રાતના જ થઈ શકે છે. એટલે બહુ જ થોડો વખત બચે છે. છતાં મારી સામગ્રી હું તૈયાર કર્યે જાઉં છું. જો લખવાની ફુરસદ મળશે તો ક્ષય વ. રોગો ઉપર પણ લખવાનો છું.[૨] બધું લખી રહું પછી જ પ્રકરણો છાપવાં કે જેમ લખતો જાઉં તેમ; એ બધા વિચારો કરવા જેવા છે.

તમને દર માસે રૂપિયા આપવા બાબત લખી ગયો છું.[૩]

તમે જે કાવ્ય મોકલ્યું તેની ભૂમિકા લખી તે ઠીક હતી. તેમાં વધારોસુધારો કરવાની ઇચ્છા થતી હતી પણ જવા દીધું. મને ધૂન હાલ માત્ર નિશાળની લાગી છે. એટલે બીજા વિષયોમાં મન રોકી નથી શકતો. તેથી જતું કરું છું. આમ ઘણી બાબતોમાં બને છે. આમ કરવું યોગ્ય છે કે નહીં તે કોઈ વેળા વિચારું છું ખરો. પણ દરેક વેળા એમ જ લાગ્યું છે કે હું નિશાળમાં તન્મય થયો છું તે ઠીક જ છે. મને સંતોષ થાય તેટલો તન્મય તો હજુ નથી થયો. પણ બીજા વિષયો ગૌણ થયા છે એટલું અનુભવું છું. છોકરાઓ એવા વેગથી ચાલતા જણાય છે કે ક્રિશ્ના-સામી દસ દલાડા ગેરહાજર રહ્યો તેથી પાછો પડી ગયો છે. કોઈ વખત વળી એમ પણ થઈ આવે છે કે વેગ કંઈક વધારે તો નહીં હોય? મારું શિક્ષણ અખતરા રૂપે છે. હવે બને તે ખરું.

મોહનદાસના આશીર્વાદ

[મૂળ ગુજરાતી]

ગાંધીજીના હસ્તાક્ષરમાં લખાયેલા મૂળ પત્રની છબી પરથી : એસ. એન. ૫૭૧૦

૧. કાગળની શરૂઆતમાં ક્ષય ઉપરના લેખની વાત આવે છે તે ૨-૯-૧૯૧૧ના ઇન્ડિયન ઓપીનિયનમાં પ્રગટ થયેલો "ક્ષયનો રોગ" લેખ હોવો જોઈએ એમ લાગે છે. વળી ત્રીજા પૅરામાં કાવ્યની ભૂમિકાની વાત આવે છે. તે ૨૬-૮-૧૯૧૧ના ઇન્ડિયન ઓપીનિયનમાં છપાઈ હતી. આમ આ કાગળ ૧૯૧૧માં લખાયો હતો. તે વર્ષે ભાદરવા સુદ ૬, ઑગસ્ટની ૨૯મી તારીખે હતી.

૨. ગાંધીજી દ્વારા લખવામાં આવેલા આ લેખો ૧૯૧૩ સુધી છાપવા માટે તૈયાર થઈ શક્યા ન હતા એ દેખીતું છે.

૩. જુઓ "છગનલાલ અને મગનલાલ ગાંધીને પત્ર", પા. ૧૬૨-૩.

Gandhi Heritage Portal

૧૨૮. મગનલાલ ગાંધીને પત્ર

ભાદરવા વદ ૧ [સપ્ટેમ્બર ૯, ૧૯૧૧][૧]

ચિ. મગનલાલ,

તમારો કાગળ સુદ ૧૩નો[૨] મળ્યો. તમને અને આણંદલાલને ઘરખર્ચના પૈસા આપવા તો મિ. કૉડિસને આપવા જોઈએ. બીજા તેના એટલા સવાલો ઊઠે છે કે તેનો પાર જ નથી. જે આપણે કરવાનું છે તેને આમ જોવાની જરૂર જોઉં છું. જે કરજ મને ઘર બાબતમાં આપવાનું છે તે હું જલ્દી કરવા માગું છું. તેમાં કોઈનું વધારે છે ને કોઈનું ઓછું છે તેમાં ખેદ કરવો હોય નહીં. તમારું કરજ જે છે તેનો વિચાર અલગ જ કરવો એ ઠીક જોઉં છું.[૩] હવે ટ્રસ્ટડીડમાં સહી થાય ને આપણે છેવટના વિચાર ઉપર આવીએ ત્યારે વિશેષ વિચાર કરીશું. સહી થતાં પહેલાં મારે ત્યાં આવી જવાનો વિચાર છે, પણ તે કંઈ બેત્રણ માસમાં બને એવું જોતો નથી. આવતે વર્ષે થાય એવું જણાય છે. દરમિયાન આ બાબતમાં જે પૂછવું હોય તે પૂછજો.

ગરીબીનું તત્ત્વ મને લાગે છે કે હું દિવસે દિવસે વિશેષ સમજતો જાઉં છું. ખરેખરી લાચારી આવે ત્યારે હજુ વધારે સમજાય એવું લાગે છે. શ્રીકૃષ્ણ અને વ્યાસનું જ્ઞાન શુષ્ક એવું તો મેં લખવા માગ્યું નથી.[૪] મેં તો દાખલો જેકૃષ્ણ વ્યાસ પ્રભુરામ વૈદ્યના ભાઈનો આપ્યો છે. મારો કાગળ તમે રાખ્યો હોય તો ફરી વાંચી જજો એટલે વખતે વધારે સમજશો. કંઈ અક્ષર રહી ગયો હોય ને અર્થનો અનર્થ થયો હોય તો કહી નથી શકતો. જેકૃષ્ણ વ્યાસે વેદાંત વિષે બહુ ઠીક લખ્યું છે. તેમાંનું કંઈક મેં વાંચ્યું છે. તેની પાસે હું વખતોવખત જતો. ગરીબાઈનું લખતો હતો ત્યારે જેકૃષ્ણ વ્યાસ મનમાં આવ્યા. સુદામાજીનું ચરિત્ર તો હું વાંચી ગયો હતો. તેની અને નરસિંહ મહેતાની ગરીબાઈની હરીફાઈ કરવાનો મને ઉત્સાહ આવ્યો ને છે. તે ઉપરથી મેં લખ્યું કે જેકૃષ્ણ વ્યાસનું જ્ઞાન તે શુષ્ક અને સુદામાજીનું તે ખરું અને અનુકરણીય. જેકૃષ્ણ વ્યાસ પોતાની પેટીની ચાવી પોતાની કેડે બાંધીને ફરતા એ હું જોતો. તેણે ધનસંચય ઠીક કરેલો એ મને ખબર હતી. આ બધું તેણે પંચીકરણમાં લખ્યું છે તેનું વિરોધી મને જણાયું.

શ્રીકૃષ્ણને હું પરમાત્મા તરીકે જાણું છું. તે શ્રીકૃષ્ણ અર્જુનના સારથિ ને સુદામાજીના મિત્ર, નરસિંહ મહેતાના રણછોડ. તેને વિષે ટીકા કરવાનો મારા મનમાં સ્વપ્ને પણ વિચાર ન હતો. તમારા મનમાં એવો ભાવ મારા કાગળ ઉપરથી આવ્યો તેટલો હું પાપી છું. મારાથી એ વિષયમાં એક અક્ષર કેમ પડયો રહ્યો એ વિચારી થરથરું છું. તમારો કાગળ આવ્યો આજે શનિવારે ત્યારથી હું ગભરાયેલો જ રહ્યો છું. કથા કર્યા પછી લખવા બેઠો છું ને પહેલો જ

૧. આ પત્રમાં ગાંધીજી જયકૃષ્ણ વ્યાસની વાતને લંબાણથી સમજાવી રહ્યા છે, જે તેમણે પોતાના ૨૩ ઑગસ્ટ, ૧૯૧૧ના પત્રમાં ટૂંકમાં કહી હતી. એટલે આ પત્ર ચોક્કસ ૨૩ ઑગસ્ટના પત્ર પછી જ લખવામાં આવ્યો હશે.

૨. સપ્ટેમ્બર ૬.

૩. એવું લાગે છે કે છગનલાલની માફક (પા. ૧૫૫, ૧૬૨), મગનલાલે પણ જમીનની માલકી ટ્રસ્ટીઓને નામે કરવા ધારતાં નવાં ટ્રસ્ટડીડના સંદર્ભમાં ફિનિક્સની પોતાના ભાગની જમીન સુધારવા માટેના વળતરનો પ્રશ્ન ઉઠાવ્યો હતો.

૪. જુઓ "છગનલાલ અને મગનલાલ ગાંધીને પત્ર", પા. ૧૬૨–૩.

Gandhi Heritage Portal

કાગળ તમારો લીધો છે. મારી જિંદગી એટલી અધમ ગણું છું કે કાગળો લખીને ફરી વાંચવા જેટલો અવકાશ નથી લેતો કે રાખતો કે મળતો. ગમે તે ક્રિયાપદ વાપરો છતાં મારો દોષ સરખો જ ગણું છું. મનની જ્યાં લગી અતિ ચંચળ ગતિ છે ત્યાં લગી તેમ રહ્યા જ કરશે.

સુદામાજીને સ્ત્રીએ મહેણાં આપ્યાં તે અલંકૃત ગણું છું. છતાં શબ્દેશબ્દ તેમ જ બોલી હોય તો નવાઈ કે વિરોધ નથી લાગતો. સ્ત્રી એમ જ બોલે. સુદામાજીનો ઇરાદો બધું સહન કરવાનો રહે ત્યારે સ્ત્રી કહેશે એમ નહીં. શ્રીકૃષ્ણ સરખા સખા છે તેની મદદ કાં ન માગવી. આટલું તો ખરું જ કે સુદામાજી અતિ ગરીબ હતા ને તે સ્થિતિએ સંતોષી હતા. તેમ જ પ્રૌઢ ભક્ત હતા. નરસિંહ મહેતાને શ્રીકૃષ્ણનો સંગ થયો છતાં તેણે પોતાની ગરીબ સ્થિતિમાંથી મુક્ત થવાનું ઇચ્છયું જ નહીં.

અહીં હાલ તો અલૂણું બહુ ધમધોકાર ચાલી રહ્યું છે. બનાના હું જ્યારે જે. બી. જાઉં છું ત્યારે લેતો આવું છું તેમ જ સફરજંદ. ઑલિવ ઑઇલનું નાનકડું ટિન લીધું છે. સવારના છોકરાઓ ટિનનું પાતળું દૂધ, રોટી (બાટી) તથા ઘી લે છે. બપોરના મેવો હોય ત્યારે બનાના, સફરજંદને પતીકાં કરી, તેમાં ઑલિવ ઑઇલ તથા ફાર્મની ખાટી નારંગીનો રસ મેળવી તે તથા રોટી મળે છે. ચોખાની કણકી હતી તેને સાફ કરીને દળી છે તેની ખીર બનાવીએ છીએ. માત્ર ભાત ને ઘી તથા એપ્રિકોટ ગયે વર્ષે સૂકવેલાં તેને બાફીને તે તથા દૂધ લેવાય છે. સાંજના કૉફી (ધઉંની) કે દૂધ અને રોટી ઘી. નારંગીનો મુરબ્બો કરી રાખ્યો છે તે પણ લેવાય છે. અઠવાડિયામાં એક વખત છોકરાંઓ દાળભાત ખાય છે. મેઢ ને પ્રાગજી કેટલીક મુદતથી અલૂણા છે. બા તો છે જ. જોકે ગયે રવિવારે છોકરાંઓ સારુ વાલ કરેલા, તેમાંથી તેણે જરા ખાધા. ને બે દિવસ સખત મંદવાડ ભોગવ્યો. વાલ ને નિમકને લીધે જ ભોગવ્યો કે બીજું કારણ હશે તે દેવ જાણે. હું તો વાલ તથા નિમકને દોષ દઉં છું. જો રતનશીની વહુ[1] અલૂણાં બને તો કાફરાઓ સિવાય અમે બધાં છ દહાડા તો અલૂણાં જ ગણાઈએ. પણ રંભાબાઈનો પ્રાણ નિમક છે એમ જોઉં છું.

મોહનદાસના આશીર્વાદ

[મૂળ ગુજરાતી]
ગાંધીજીના હસ્તાક્ષરમાં લખાયેલા મૂળ પત્ર પરથી : સી. ડબ્લ્યુ. ૫૬૫૯
શ્રીમતી રાધાબહેન ચોધરીના સૌજન્યથી

૧. રંભાબાઈ સોઢા.

Gandhi Heritage Portal

૧૨૯. જર્મિસ્ટનના હિંદીને નોટિસો

જર્મિસ્ટનના હિંદીઓ ટાઉન કાઉન્સિલની નોટિસો સામે થવાનો નિશ્ચય, જરૂર પડે તો પાર પાડશે એવી અમે ઉમેદ રાખીએ છીએ.[૧] ૧૮૮૫ના કાયદામાં બધા એશિયાટિકોએ બજાર અથવા લોકેશનમાં રહેવું એવું કહેલું છે, પણ એ કલમ નિરુપયોગી છે, કેમ કે લોકેશનો બહાર રહેવા માટે કાયદાની અંદર કાંઈ સજા ફરમાવેલ નથી. પણ એ તો જાણીતી વાત છે કે ટ્રાન્સવાલનાં ઘણાંખરાં શહેરમાં હિંદી માટે લોકેશનો રાખવામાં આવ્યાં છે, અને ત્યાં હિંદીઓ રહે છે. આવું જ એક જર્મિસ્ટનનું લોકેશન છે. ત્યાં વેપાર કરતા હિંદીઓને અટકાવી શકાય એવો કોઈ કાયદો નથી. તેથી મજકૂર લોકેશનમાં હિંદીઓ વેપારના પરવાના ધરાવે છે. આ જર્મિસ્ટનની ઝેરીલી કાઉન્સિલથી સહન થતું નથી. તેને વિચાર પણ નથી આવતો કે જો હિંદીઓ વેપાર ન કરે તો બીજી કઈ રીતે રોજી મેળવે. વળી લોકેશનના દુકાનદારો જર્મિસ્ટનના ગોરા વેપારી સાથે હરીફાઈ કરે છે એમ પણ કહી શકાશે નહીં. હિંદી વેપાર જ શા માટે કરે, એ વિચાર ટાઉન કાઉન્સિલને સાલે છે, હિંદીને લોકેશનમાં વેપાર કરતા અટકાવવાની તેને વાજબી રીતે સત્તા નથી, છતાં કદી જો તે ગેરઇન્સાફી રીતે હિંદીની આડે આવવા જ માગે તો પછી હિંદીએ પોતાના બચાવ માટે સામે થવું એ જ રસ્તો છે. હિંદીઓ લીસ ધરાવતા નથી એમ જાણી, તેમને તેમનાં મકાનોમાંથી હાંકી કાઢવાને કાઉન્સિલ ઉમેદ રાખે છે. સ્ટેન્ડો પર હિંદીઓએ પોતાને ખર્ચે બાંધકામ કર્યું છે તેની કાઉન્સિલ પરવા કરતી નથી. સ્ટેન્ડોમાંથી નીકળવું તે હિંદી માટે પાયમાલ થવા બરાબર છે. તેથી પોતાના જાતિબચાવ ખાતર હિંદીઓ નોટિસની દરકાર ન કરતાં સામે થાય એ કુદરતી છે. હિંદીમાં બળ હશે તો કાઉન્સિલની નોટિસો ઊંધી જશે. પણ કદી કાઉન્સિલ નિર્લજ્જ બને તો પછી હિંદીઓએ સામે થવાનો નિશ્ચય અમલમાં મૂકી બતાવવો પડશે. બધા હિંદીએ, એક પછી એક હિંદી પર થતા હુમલાની બાબત પર લક્ષ આપવા જેવું છે. આજે આ ઠેકાણે થાય છે એ કાલ બીજે ઠેકાણે થાય.

[મૂળ ગુજરાતી]

ઇન્ડિયન ઓપીનિયન, ૨૩–૯–૧૯૧૧

૧. જ્યોર્જટાઉન મ્યુનિસિપલ લોકેશનના હિંદીઓને પોતપોતાનાં લાઇસન્સ ટાઉન કાઉન્સિલ તરફથી માન્ય કરાવી લેવાની નોટિસ આપવામાં આવી હતી. એનો અર્થ એવો થતો હતો કે કાં તો તેમને પોતાનો વેપાર બંધ કરવો પડે અથવા લોકેશન છોડીને જવું પડે. તેમણે કાઉન્સિલ ક્લાર્કને લખ્યું કે લાઇસન્સ મંજૂર કરાવવાનું કહેવાનો કાઉન્સિલને કોઈ કાયદેસર અધિકાર નથી, અને ૧૮૮૫ના ઉન્ન સુધારેલા કાયદા મુજબ તેમના ભોગવટાને રક્ષણ મળે છે. ઇન્ડિયન ઓપીનિયન, ૨૩–૯–૧૯૧૧.

Gandhi Heritage Portal

૧૩૦. નાતાલમાં ઇમિગ્રેશનનો જુલમ

બે હિંદી છોકરા વતી મુકાયેલા પાઉંડ સો સોની ડિપૉઝિટના પૈસા ઇમિગ્રેશન ખાતું જપ્ત કરવા માગે છે તેની સામેની કૉંગ્રેસની અરજી અમે અગાઉના અંકમાં આપી ગયા છીએ.[૧] આ પૈસા જો જાય તો કોમને ભારે નુકસાની થવાનો ભય છે. નાતાલના ઇમિગ્રેશન કાયદામાં એવું કહેલું છે કે ડિપૉઝિટ મૂકીને ઊતરનાર કોઈ માણસ પોતાનો હક માજિસ્ટ્રેટને સંતોષ થાય એવી રીતે સાબિત ન કરી શકે તો તેની ડિપૉઝિટ જપ્ત થઈ શકે એટલે જપ્ત કરવી જ જોઈએ એવું કહ્યું નથી, પણ કેસના ગુણદોષ વિચારી જપ્ત કરવી કે નહીં તે ઇમિગ્રેશન ખાતાની મુનસફી ઉપર મૂકવામાં આવ્યું છે. આ મુનસફીનો ઉપયોગ અમલદાર હિંદી પર જુલમ કરવા અર્થે કરે તો તે તદ્દન ગેરઇન્સાફ ભરેલું છે. આ કેસમાં ડિપૉઝિટ મૂકનાર અરજદાર પોતે નહીં હતા, પણ તેમની વતી બીજા મૂકનાર હતા, ને તેથી બીજાના પૈસા ખાઈ જવામાં વધારે ગેરઇન્સાફ સમાયેલો છે. વળી મજકૂર છોકરાઓ ખરા હકદાર નથી એવું પણ સાબિત થયું નથી. ઊલટાનું એક કેસમાં તો માજિસ્ટ્રેટે અરજદાર તરફ દિલસોજી બતાવી છે. અલબત્ત જો કોઈ અરજદારે સાવ બનાવટી જ દાવો ઊભો કરી સરકારને છેતરવાની યુક્તિ રચી હોય તો ડિપૉઝિટ જપ્ત થાય એ સમજી શકાય એવું છે. પણ આ દાખલાઓમાં તો લુચ્ચાઈનો ઇશારો સરખો થયો નથી. એટલે જો આમ ગેરવાજબી રીતે અનામત મૂકેલા પૈસા જપ્ત થાય તો તેનો અર્થ એ જ થાય કે સરકાર માત્ર નવાને અટકાવવાની વાત કરે છે તે ખોટું જ છે. તેનો ખરો ઇરાદો તો જૂના રહીશના હક લૂંટવાનો છે. આ ગંભીર વાત થવા જાય છે, અને કોમે તે સમજવાની જરૂર છે. દરમિયાન કૉંગ્રેસના લખાણનો સરકાર શું જવાબ આપે છે તે જોવાનું છે.

[મૂળ ગુજરાતી]

ઇન્ડિયન ઓપીનિયન, ૨૩–૯–૧૯૧૧

૧. ૧૫મી મેને દિવસે બે સગીર બાળકો ડરબન આવ્યા. તેમાંનો એક ડરબનના સૈયદ અહમદનો પુત્ર હતો અને બીજો વેરૂલમના એમ. એમ. નાથલિયાનો પુત્ર હતો. મુખ્ય ઇમિગ્રેશન અધિકારીએ તેમને સ્ટીમર પરથી ઊતરવા ન દીધા. કારણમાં તેણે જણાવ્યું કે એક છોકરાની ઉંમર ૧૬ વરસ કરતાં વધુ છે અને બીજો સાબિત નથી કરી શકયો કે તેણે જેમનું નામ આપ્યું છે તે જ તેના પિતા છે. પછી બંને વેપારીઓએ સો સો પાઉન્ડ અનામત મૂકયા એટલે તેમના પુત્રોને, મુખ્ય મૅજિસ્ટ્રેટ સમક્ષ અપીલ ચાલે તેટલા સમય માટે ઊતરવા દેવામાં આવ્યા. મેની ૨૩મી તારીખે મૅજિસ્ટ્રેટે સૈયદ અહમદના પુત્રની બાબતમાં નિર્ણય આપ્યો કે ઉંમરની બાબતમાં અમલદારના નિર્ણય સામે અપીલ થઈ શકે નહીં. બીજા છોકરાની બાબતમાં ચુકાદો આપ્યો કે મિ. નાથલિયાએ રજૂ કરેલો પુરાવો પૂરતો નથી અને મિ. નાથલિયા એના પિતા છે એવું પ્રમાણપત્ર લાવવામાં આવશે તો તેને ઊતરવાની રજા આપવામાં આવશે. તેમણે મિ. નાથલિયાની બાબતમાં કાયદો થોડો કઠોર થયો છે, એમ કહ્યું અને અનામતની રકમ પાછી આપવા ભલામણ કરી. બંને છોકરાઓ જે પહેલી સ્ટીમર મળી તેમાં હિન્દુસ્તાન પાછા ફર્યા.

ઇન્ડિયન ઓપીનિયન, ૯–૯–૧૯૧૧

Gandhi Heritage Portal

૧૩૧. ડૉ. પ્રાણજીવન મહેતાને પત્ર

આસો સુદ ૨ [સપ્ટેમ્બર ૨૪, ૧૯૧૧][1]

ભાઈશ્રી પ્રાણજીવન,

તમારા ત્રણ કાગળનો જવાબ મેં હજુ નથી લખ્યો. તમે હિંદુસ્તાન જવાના એટલે વિલાયત તો શાને જ લખું? હિંદુસ્તાનની ટપાલનું તો એમ જ ચાલે છે. એટલે લખવાનો નિયમ નથી સચવાતો. આજ પણ ટપાલ ક્યારે જવાની છે તે જાણ્યા વિના લખું છું.

ભાઈ મણિલાલને[2] હું કંઈ હવે લખતો નથી. તેનો છેલ્લો કાગળ આ સાથે બીડું છું. મેં તેને લખ્યું છે કે આવવું હોય ત્યારે આવે. ફિનિક્સ પણ તેને વિષે લખી વાળ્યું છે. હું ફિનિક્સ જઈ શકું તેમ લાગતું નથી એટલે અહીં બોલાવી લઈશ. ને મને લાગે છે કે અહીં અનુભવ મેળવશે. ફીજી જવા વિષે તો મેં ચોખી ના લખી છે. ત્યાં જશે તોપણ પસ્તાશે તેમ માનું છું. એકાએક પૈસા ત્યાં કોઈ આપી દેવાને નવરું નથી બેઠું.

પોતાના છાપાને રોજિયું કરી નાંખ્યું તે તો બહુ મોટી ભૂલ કરી છે. છાપામાં મૂળે દમ તો કશોયે નથી. અક્ષરો ખરાબ, કાગળ ખરાબ ને લખાણ પણ તેવું જ. તેને મોરિશિયસમાં સારા મદદગાર છે જ નહીં તો છાપું કેમ ઠીક નીકળી શકે. વળી એટલા માણસો વાંચવાવાળા પણ ક્યાં છે? આ બધાની મસલત અહીં આવશે ત્યારે કરીશ.

તમે રિચ વ.નું લખ્યું તે વિષયે જણાવો છો કે તમે કંઈ લખો તેમાં મારે માઠું ન લગાડવું. આવી શંકા પણ તમને ન ઊઠવી ઘટે. જ્યાં નિખાલસપણે વિચાર બતાવવામાં આવે ત્યાં માઠું શાને હોય? એટલે તમે જે બાબતમાં લખવું ઘટે તેમાં જે લખવું યોગ્ય લાગે તે લખ્યા જ કરજો.

ગોરા ઉપર આપણે ટ્રેપ રાખીએ તેના કરતાં તે વધારે રાખે છે એ સંભવિત છે. પણ તે જરા પ્રીતિ દેખાડે તો આપણે ખૂબ બતાવીએ છે તેનું કારણ તો બીજું જ છે. આપણે તેનાથી ડરીએ છીએ તે કારણ છે. બાકી મારો અનુભવ તો એવો છે કે ઘણા હિંદી તો સારાનઠારાનો ભેદ પણ નથી કરતા ને ગોરા એટલે ખરાબ જ એમ માની લે છે. એક તરફથી નકામી બીક જવાની જરૂર છે ને બીજી તરફથી સારાનઠારાનો ભેદ જાણવાપણું રહ્યું છે. બંને કાળે કરી થઈ શકશે એમ માનું છું.

૧. આ પત્રના છેલ્લા પૅરામાં ગાંધીજી દુકાળની વાત લખે છે. રૂટરના ખબરપત્રી મારફતે સિમલાથી મોકલવામાં આવેલા સપ્ટેમ્બર ૫, ૧૯૧૧ના એક સમાચારમાં પંજાબ અને રાજસ્થાનમાં દુકાળનો ઉલ્લેખ છે. એટલે એવું લાગે છે કે આ પત્ર ૧૯૧૧માં લખાયો હોવો જોઈએ. તે વર્ષે આસો સુદ ૨, સપ્ટેમ્બરની ૨૪મીએ હતી.

૨. મણિલાલ ડૉક્ટર, બૅરિસ્ટર. તેમની સગાઈ ડૉ. પ્રાણજીવનદાસ મહેતાની પુત્રીની સાથે થઈ હતી. તે પુત્રી આ વખતે ટૉલ્સ્ટૉય ફાર્મમાં હતી. મણિલાલે કૉલોનીના હિંદીઓના સવાલને ઉપાડી લેવા મોરિશિયસમાં અંગ્રેજી અને હિંદી ભાષામાં એક દૈનિક કાઢ્યું હતું. ગાંધીજીના મત પ્રમાણે અમુક અંશે મણિલાલના પ્રયત્નને લીધે કૉલોનીમાં ગિરમીટિયા મજૂરોને આવતા અટકાવવાની દરખાસ્ત સાકાર બની હતી.

ઇન્ડિયન ઓપીનિયન, ૭-૧૦-૧૯૧૧

Gandhi Heritage Portal

રિચ, પોલાકને કે કોઈને હું શિષ્ય ગણતો નથી. તેને યોગ્ય લાગે છે ત્યાં લગી આપણી સાથે કામ કરે છે. મારા મૃત્યુ પછી તેઓ જે કરે તે હું પસંદ જ કરું એમ લોકો ગણી કાઢે તેમ માનવાનું કારણ નથી. મારા પ્રસંગમાં આવેલા તો બરોબર જાણે છે કે તેઓમાં ને મારામાં સત્યાગ્રહને છોડી બીજા વિષયોમાં મતભેદ રહ્યા કરે છે. છતાં તમે કરેલી બધી સૂચના મારા ખ્યાલ બહાર નહીં રાખું.

ત્યાં[૧] આવવા વિષે હું ખૂબ લખી ચૂક્યો છું. દુકાળને વખતે હું ત્યાં હોઉં તો પૂરી ચાકરી કરી છૂટું એવો ખ્યાલ મને પણ રહે છે ખરો. વખત છે કે હું ત્યાં પહોંચી રહીશ. વધારે તો શું લખું? મારી બધી તૈયારી ત્યાંના કામને સારુ કુશળતા મેળવવા તરફ છે.

મોહનદાસના વંદે માતરમ્

[તા. ક.]

ટૉલ્સ્ટૉયનું ઇવાન ધિ ફૂલ ન વાંચ્યું હોય તો વાંચી જજો.

તમારા મારી બાબતના લેખ[૨] ઉપર ઇન્ડિયન ઉવલૅન્ડમાં બેત્રણ પાનાં જેટલી ટીકા છે તે જોજો.

[મૂળ ગુજરાતી]

ગાંધીજીના હસ્તાક્ષરમાં લખાયેલા મૂળ પત્ર પરથી : સી. ડબ્લ્યુ. ૫૬૨૯

શ્રી સી. કે. ભટ્ટના સૌજન્યથી

૧૩૨. છગનલાલ ગાંધીને લખેલા પત્રનો એક અંશ

[સપ્ટેમ્બર ૨૮, ૧૯૧૧ પહેલાં][૩]

. . .ને જ્યારે પ્રોટેક્ટર ઇન્કાર ગયો ત્યારે જે છાપ્યું ને છાપેલું વાજબી હતું. હવે જે આયરે[૪] લખ્યું છે તેને સારુ આયર નિર્દોષ છે. તેની પાછળ વિઘ્નસંતોષી પુરુષો છે. તેથી આપણે નિર્ભય રહેવાનું છે. આપણી ફરજ આપણે સમજીએ છીએ.

૧. ભારત આવવા.

૨. સંભવ છે કે અહીં મો. ક. ગાંધી અને દક્ષિણ આફ્રિકાનો સવાલ (એમ. કે. ગાંધી એન્ડ ધિ સાઉથ આફ્રિકન પ્રોબ્લેમ)નો ઉલ્લેખ છે.

૩. આયરની માલિકી અને સંપાદન હેઠળ ડરબનથી નીકળતા આફ્રિકન ક્રૉનિકલના ૯-૯-૧૯૧૧ના અંકમાં એક હિંદી ગિરમીટિયા સ્ત્રી જન્તુમિયાંનો કિસ્સો આપવામાં આવ્યો હતો. એ સ્ત્રીને બે વાર તેની ગર્ભાવસ્થા દરમ્યાન તેની શેઠાણી તરફથી બહુ ત્રાસ આપવામાં આવ્યો હતો. ત્રાસને લીધે પહેલી વાર કસુવાવડ થઈ ગઈ અને બીજી વાર બાળક થોડા વખતમાં મરી ગયું. હેવાલ પ્રમાણે તે બાઈ પોતાના પતિ સાથે ઇમિગ્રન્ટોના પ્રોટેક્ટર પાસે બે વખત ફરિયાદે ગયેલી પણ બંને વખતે તેને તેના માલિક પાસે પાછી મોકલવામાં આવેલી. ત્રીજી ગર્ભાવસ્થા દરમિયાન તે જંગલમાં ભાગી ગઈ. ૧૬-૯-૧૯૧૧ના ઇન્ડિયન ઓપીનિયન-માં આ કિસ્સો છાપવામાં આવ્યો. પણ બે અઠવાડિયાં પછી તેમાં ખુલાસો કરવામાં આવ્યું કે એવી કોઈ સ્ત્રી પોતાની પાસે આવી હોવાનો પ્રોટેક્ટરે ઇન્કાર કર્યો હતો. નાતાલ ઇન્ડિયન કૉંગ્રેસે આ બાબતમાં ૧૯૧૧ના સપ્ટેમ્બરની ૨૮મીએ પ્રોટેક્ટરને એક કાગળ લખ્યો. એમ લાગે છે કે આ કાગળના અંતમાં ગાંધીજીએ સૂચવેલી તપાસ કરાયા પછી જ પ્રોટેક્ટર ઉપરનો એ કાગળ લખાયો હોવો જોઈએ. આમ સ્વાભાવિક જ ગાંધીજીનો આ કાગળ નાતાલ ઇન્ડિયન કૉંગ્રેસના કાગળ પહેલાં લખાયો હોવો જોઈએ.

૪. પી. એસ. આયર. ડરબનથી નીકળતા પત્ર આફ્રિકન ક્રૉનિકલના માલિક અને સંપાદક. ૩ પાઉંડનો કર રદ કરાવવા પોતાના પત્ર મારફત જોરદાર લડત આપી તથા તેમાં નાતાલ મર્ક્યુરી અને પ્રિટોરિયા ન્યૂઝ

Gandhi Heritage Portal

દાદા શેઠ[૧] વ.ને તમે સૂચવજો કે આપણે સાબિત ન કરી શકીએ એવી વાત છાપામાં નાંખીએ તો આપણે ગુનેગાર થઈએ છીએ. પણ જો કૉંગ્રેસ તે બાબત તપાસ કરી લખે તો બરોબર છે.

છતાં હજુ તે બાબત તપાસ . . .

[મૂળ ગુજરાતી]

ગાંધીજીના હસ્તાક્ષરમાં લખાયેલા મૂળ પત્રની છબી પરથી : એસ. એન. ૬૦૭૮

૧૩૩. મિ. ગાંધીને નેશનલ કૉંગ્રેસના પ્રમુખ થવાનું આમંત્રણ

કલકત્તાથી મોકલનાર તરીકે મેસર્સ "પિટીટ, નટરાજન, ગોખલે, નટેસન, બોઝ, ઑલ ઈન્ડિયા મુસ્લિમ લીગ" એવા અર્થના કોડ વર્ડ સાથે સોમવારે નાતાલ ઇન્ડિયન કૉંગ્રેસને નીચે મુજબ કેબલ મળ્યો હતો.

ડિસેમ્બરમાં કલકત્તા ખાતે મિ. ગાંધી કૉંગ્રેસના પ્રમુખ થઈ શકશે? કેબલ કરો.

ઉપરનો કેબલ મળતાં કૉંગ્રેસના કારોબારી તથા બીજા ડરબનના આગેવાન જેમાં મેસર્સ દાઉદ મહમદ, પારસી રુસ્તમજી, દાદા ઓસમાન, અબદુલ્લા હાજી આદમ, ઈસ્માઈલ ગોરા, હુસેન કાસમ કુવાડિયા, અબદુલ કાદર, એન. એમ. કાદર, એમ. એમ. દીવાન, મહમદ ઈબ્રાહીમ, એચ. આઈ. જોશી, પી. એસ. આયર, જોસફ રોયપેન, ફકનુદ્દીન વગેરે મુખ્ય હતા. તેમણે મિ. ગાંધીને તારથી વાકેફ કર્યા, અને આવેલી ઑફર સ્વીકારવા ભાર દઈને આગ્રહ અને ભલામણ કરી. તે ઉપરાંત કૉંગ્રેસે જોહાનિસબર્ગના ઍસોસિયેશન તથા હમીદિયા સોસાયટી પર પણ મિ. ગાંધીને આમંત્રણ સ્વીકારવાનો આગ્રહ કરવા તાર કર્યા.

આ બધાની એકમત ઇચ્છાને માન આપી મિ. ગાંધીએ આમંત્રણ સ્વીકારવા કબૂલ કર્યું. તે ઉપરથી નાતાલ ઇન્ડિયન કૉંગ્રેસે નીચે મુજબ તાર કલકત્તા મોકલ્યો છે :

> જો માતૃભૂમિનું કાજ સરતું હોય તો અત્રેની કોમ અહીંથી મિ. ગાંધીને મુક્ત કરવા ખુશી થશે, એવી શરતે[૨] કે તેમને કૉંગ્રેસ ભરાઈ ગયા પછી તુરત પાછા ફરવા છુટ્ટી મળવી જોઈએ.

આ તારનો જવાબ છાપવા જતાં સુધી મળેલ નથી.

[મૂળ ગુજરાતી]

ઇન્ડિયન ઓપીનિયન, ૩૦–૯–૧૯૧૧

જેવાં યુરોપિયન માલિકોનાં અખબારોનો પણ સાથ મેળવ્યો. ૧૯૧૧ના સપ્ટેમ્બરમાં ૩ પાઉંડ કર વિરોધી લીગની સ્થાપના કરી તેના માનદ મંત્રી તરીકે પોતાની સેવા આપી. કર નહીં આપવા માટે ફરીથી ગિરમીટિયા તરીકે જોડાતા મજૂરો પર કામ ચલાવવામાં આવ્યું ત્યારે તેમણે નાતાલ મર્ક્યુરીનું એ વાત તરફ ધ્યાન ખેંચ્યું કે એ બાબતમાં એપ્રિલ ૧૯૧૦માં બહાર પાડવામાં આવેલો સરકારી પરિપત્રનો ૧૯૧૦ના ઍક્ટ ૧૯ કરતાં જુદો અર્થ થતો હતો.

૧. દાદા ઉસ્માન.

૨. ગાંધીજીએ અહીં એક બીજી શરતનો ઉલ્લેખ કર્યો નથી જે તેમણે એક વ્યક્તિગત તારમાં પ્રગટ કરી હતી. જુઓ "ડૉ. પ્રાણજીવન મહેતાને પત્ર", પા. ૧૯૭.

Gandhi Heritage Portal

૧૩૪. પત્રનો એક અંશ[1]

[લગભગ ઑક્ટોબર ૨, ૧૯૧૧][2]

. . . તેટલામાં જ ધીમેથી આંટા મારવા વ. હળવી કસરત કરવી. દસ્ત ન આવતા હોય તો પેડુ ઉપર રાતે માટીના પાટા બાંધવા. આવા ઉપચારથી લુટાવન કરીને ઘણો જ બીમાર માણસ હતો તે સાજો થઈ ઘેર ગયો છે.[3] તે જ્યારે આવ્યો ત્યારે મને ભાગ્યે ઊંઘ મળે એટલી ઉધરસ ખાતો. બેવડાઈ જતો. શરીર ઉપર હાડકાં જ હતાં.

અહીં અરધા કલાક સુધી કચુની બાથમાં બેસી . . . .[4] વિશેષ તો જોવાથી જ કહેવાય.

અહીંથી બને તેટલું લખી મોકલીશ. પણ મારી આશા હાલ રાખવી ફોકટ છે. મારું મન ફાર્મમાં એટલે નિશાળિયાઓમાં પરોવાયેલું રહે છે. તે સિવાય બીજે વખત નથી રહેતો ને બીજું ગમતું પણ નથી.

મણિલાલ દાક્તર આ કાગળ પહોંચશે તે દરમિયાનમાં તો આવી જવા ઉપર હશે. સાથેના કાગળ પહોંચાડજો.

મોહનદાસના આશીર્વાદ

[મૂળ ગુજરાતી]

ગાંધીજીના હસ્તાક્ષરમાં લખાયેલા મૂળ પત્રની છબી પરથી : એસ. એન. ૬૦૭૬

૧૩૫. સત્યાગ્રહની બલિહારી

જનરલ બોથાએ પોતાના ભાષણમાં સત્યાગ્રહીને આડકતરું માન આપ્યું તે દરેક હિંદીએ ધ્યાનમાં રાખવા જોગ છે. તેમણે કહ્યું કે જ્યારે સત્યાગ્રહીને જેલ મોકલતાં જનરલ સ્મટ્સે પોતાની કાયા સૂકવી નાખી ને તે થાકયા ત્યારે જ તેણે સમાધાની કરી.[5] દક્ષિણ આફ્રિકાના મુખી પ્રધાનની આ કબૂલાત એ કંઈ સત્યાગ્રહને જેવું તેવું માન નથી. ચાર વર્ષ પહેલાં એવો સમય હતો કે સત્યાગ્રહને કેટલાક ગેરકાયદેસર ગણતા. ડેલી મેલ જેવા એમ કહેતા કે સત્યાગ્રહીની માગણી કબૂલ રાખવાથી કાફરાઓ ચઢી જાય. આજે આવી વાત કોઈ કરતું નથી. સત્યાગ્રહ

૧. આ પત્રનાં પહેલાં બે પાન ખોવાઈ ગયાં છે. પરંતુ એ છગનલાલ ગાંધીને લખ્યો જણાય છે.

૨. આ પત્રમાં મણિલાલ ડૉક્ટરના આવવાનો ઉલ્લેખ છે. તે ઑક્ટોબર ૨, ૧૯૧૧માં ડરબન પહોંચી ગયા હતા; જુઓ "ડૉ. પ્રાણજીવન મહેતાને પત્ર", પા. ૧૯૭.

૩. જુઓ દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહનો ઇતિહાસ દ્વિતીય ખંડ, પ્ર. ૧૧.

૪. અહીં એક શબ્દ છપાયો નથી.

૫. ગોરાઓએ એવી અરજી કરી હતી કે બધા એશિયાઈને હદપાર કરવા જોઈએ. તેના જવાબમાં ૨૬મી સપ્ટેમ્બરને રોજ પોતાના ભાષણમાં જનરલ બોથાએ કહ્યું કે, એશિયાઈઓને કાઢી મૂકવાનું મને ગમે ખરું, પણ મુશ્કેલી વળતરની છે જેની "રકમ ભારે મોટી" થાય છે. બીજી વાત એ છે કે બ્રિટિશ ધ્વજ હેઠળ આપણે બ્રિટિશ સિદ્ધાંતો મુજબ વર્તવું જોઈએ. ઇન્ડિયન ઓપીનિયન, ૩૦-૯-૧૯૧૧.

Gandhi Heritage Portal

એ વાજબી હથિયાર છે એમ સહુ કબૂલે છે. અને હવે લોકો જાણવા શીખ્યા છે કે જેઓ શરીરબળ ઉપર જરાયે વિશ્વાસ રાખે તેઓથી સત્યાગ્રહી થવાય નહીં. એટલે કાફ્રાઓ હિંદીની નકલ ત્યારે જ કરી શકે કે જ્યારે તેઓનાં આસીગાઈ (ભાલાં) જમીનમાં દાટી દે. અમારી ખાતરી છે કે જેમ જેમ વખત જાય છે તેમ તેમ સત્યાગ્રહની કિંમત વધુ અંકાશે. એ તો સોનું છે જેમ ગાળે તેમ તેનું તેજ વધે ને કિંમત વધે.

[મૂળ ગુજરાતી]

ઇન્ડિયન ઓપીનિયન, ૭–૧૦–૧૯૧૧

૧૩૬. મૂરખરાજ અને તેના બે ભાઈઓ[1]

પ્રસ્તાવના

ઉપલી વાત અમે મહાન મરહૂમ ટૉલ્સ્ટૉયનાં કેટલાંક અત્યંત પવિત્ર લખાણોમાંથી લીધી છે. અમે વાતનો શબ્દાર્થ તરજુમો નથી આપ્યો, છતાં તેનું રહસ્ય બરોબર સમજી શકાય તેવી રીતે આપણી ભાષામાં ઠીક લાગે તેવી રીતે લખાણ કરવા પ્રયત્ન કર્યો છે.

ઉપલી વાત તે અમે જે બીજી આપી ગયા છીએ તેના કરતાં બહુ ચડિયાતી[2] છે. યુરોપના જુદા જુદા લેખકોએ પણ તેને બહુ વખાણી છે. તેમાં લખેલું બધું બનવાજોગ છે, એટલું જ નહીં પણ તેવું ખૂણેખાંચરે આજ પણ બન્યા કરે છે. એવા બનાવો ઇતિહાસે નથી ચડતા તેથી બનવાજોગ નથી એમ કોઈએ માનવાનું નથી.

આ વાર્તામાં ટૉલ્સ્ટૉય શું બતાવવા માગે છે તે વાંચનાર પોતાની મેળે જેમ જેમ પ્રકરણ આગળ ચાલતું જશે તેમ તેમ સમજી લેશે.

૧. આ વાર્તા ૧૯૬૪માં નવજીવન ટ્રસ્ટ તરફથી "મૂરખરાજ" નામે પ્રગટ કરવામાં આવી હતી. તે પ્રસ્તાવના પછી અહીં સામેલ કરી છે. તેમાંનું "પ્રકાશકનું નિવેદન" નીચે મુજબ છે:

ટૉલ્સ્ટૉયની સુપ્રસિદ્ધ વાર્તા — ધિ સ્ટોરી ઑફ ઇવાન ધિ ફૂલની આ ગુજરાતી અનુકૃતિ પ્રગટ કરતાં અમને આનંદ થાય છે. ગાંધીજી દક્ષિણ આફ્રિકામાં હતા ત્યારે ટૉલ્સ્ટૉયનાં લખાણોનો તેમણે ઘણો અભ્યાસ કર્યો હતો. તેમાંથી તેમણે આ વાર્તાનો ગુજરાતી અનુવાદ કરી પુસ્તિકારૂપે પ્રગટ કરેલો. થોડાં વરસો પર સુરતના ગાંડીવ કાર્યાલયે તે પુસ્તિકા ભારતમાં પ્રકાશિત કરી હતી. તેમાં બાળકોને વાંચવામાં સરળતા રહે તે ખ્યાલથી ગાંધીજીની ભાષામાં કયાંક કયાંક ફેરફાર કરવામાં આવ્યા હતા. નવજીવન ટ્રસ્ટે આ પુસ્તિકામાં તેમની મૂળ ભાષા જાળવી રાખી છે. સૈન્ય અને ધનનાં બળો પરિશ્રમના તેજ આગળ કેવાં ઝાંખાં પડે છે તે પોતાની વિશિષ્ટ શૈલીથી ટૉલ્સ્ટૉયે બતાવી આપ્યું છે. ગાંધીજીએ સાદી અને સહેલી ભાષામાં અનુવાદ કર્યો છે, જેનો પૂરો લાભ એક બાળક પણ લઈ શકશે. ગાંધી-વિચાર સમજવામાં આ પુસ્તિકા ઉપયોગી સિદ્ધ થશે એવી આશા છે.

મૂળ રશિયન વાર્તાનું નામ ટૉલ્સ્ટૉયે નીચે મુજબ આપ્યું છે:

ધિ સ્ટોરી ઑફ ઇવાન ધિ ફૂલ, એન્ડ ઑફ હિઝ ટુ બ્રધર્સ, સાઇમન ધિ સોલ્જર એન્ડ તારાસ ધિ સ્ટાઉટ; એન્ડ ઑફ હિઝ ડંબ સિસ્ટર મારથા, એન્ડ ઑફ ધિ ઓલ્ડ ડેવિલ એન્ડ ધિ થ્રી લિટલ ઇમ્પ્સ — મૂર્ખ ઈવાન ને તેના બે ભાઈઓ, સિપાઈ સાઇમન ને જડિયો તારાસ, તેની મૂંગી બહેન મારથા, તેમ જ બુઢ્ઢો સેતાન અને તેના ત્રણ નાના ગુલામ.

૨. જુઓ પુસ્તક ૫, પા. ૧૭૯–૮૩.

Gandhi Heritage Portal

વાર્તા એવી ઢબથી લખાયેલી છે કે તેનું શિક્ષણ જેટલું ઉત્તમ છે તેટલી જ તે રસિક છે. જેટલો રસ અમે અંગ્રેજી તરજુમામાંથી લઈ શકયા છીએ તેટલો જ જો અમારા વાંચનાર અમે આપેલ લખાણમાંથી ન લઈ શકે તો દોષ વાર્તાનો નહીં પણ અમારો ગણવો.

રશિયન નામઠામ વાંચતાં વાતનો રસ ઘટે એમ ધારી અમારા રિવાજ મુજબ અમે હિંદી નામઠામ દાખલ કર્યાં છે.

[મૂળ ગુજરાતી]

ઇન્ડિયન ઓપીનિયન, ૭–૧૦–૧૯૧૧

પ્રકરણ પહેલું

એક સમયે કોઈ એક દેશમાં એક પૈસાદાર ખેડૂત રહેતો હતો. તેને ત્રણ દીકરા હતા. તેમાંના એકનું નામ મૂરખરાજ, બીજાનું નામ ધન્વંતરિ અને ત્રીજાનું નામ સમશેરબહાદુર હતું. તેને મોંઘી કરીને એક દીકરી હતી. તે બહેરી અને મૂગી હતી. બાઈ મોંઘી હમેશાં કુંવારી રહી હતી. સમશેરબહાદુર લડાઈઓમાં તે દેશના રાજાની ચાકરી કરવા જતો; ધન્વંતરિ વેપારમાં ગૂંથાયલો, અને મૂરખરાજ પોતાની બહેનની પેઠે ઘેર જ રહ્યો. તે ખેતરમાં કામ કરતો અને કામમાં ને કામમાં તેની પીઠ પણ વળી ગયેલી હતી.

સમશેરબહાદુર લડાઈમાં એક્કો હોવાથી, દરજ્જામાં ચડયો, અને તેણે પૈસો પણ ઠીક એકઠો કર્યો. તે એક મોટા ગૃહસ્થની છોકરીને પરણ્યો. જોકે તેનો પગાર મોટો હતો, અને તેણે જાગીરો પણ ઠીક લીધેલી હતી, તે છતાં ઉધાર પાસ હંમેશાં વધી જતી હતી. ધણી જે કમાતો તેના કરતાં તેની ઓરત વધારે પૈસો ઉડાવતી, તેથી હંમેશાં આ કુટુંબને પૈસાની ભીડ રહેતી. આમ થવાથી સમશેરબહાદુર પોતાની જાગીરની આવક ઉઘરાવવા નીકળ્યો, ત્યારે તેના વહીવટદારે જવાબ દીધો : "ભાઈસાહેબ, આપણને આવક જેવું કંઈ રહ્યું નથી. આપણને નથી ઢોર, નથી હથિયાર, નથી ઘોડા કે ગાય; હળ સરખુંયે નથી. જો આ બધું અપાવો તો આપણને આવક થાય ખરી."

આ સાંભળી સમશેરબહાદુર પોતાના બાપની પાસે ગયો અને કહ્યું : "બાપા, તમારી પાસે ધન ઠીક છે. મને તેનો લાભ હજી સુધી મળ્યો નથી. તેમાંથી ત્રીજો હિસ્સો મને મળે તો હું મારી જાગીરમાં સુધારો કરું."

ડોસો બોલ્યો, "તું કરમી દીકરો જણાય છે. મારા ઘરમાં તો તું એફ ફૂટી બદામે નથી લાવ્યો, તો પછી તારો ભાગ તને શાને મળે? તું એટલો વિચાર પણ નથી કરતો કે તને હું કાંઈ આપું તો પેલા મૂર્ખાને અને મોંઘીને અન્યાય થાય."

સમશેરબહાદુર બોલ્યો, "બાપા, તમે એમ શું કહો છો? મૂર્ખો તો નામ તેવા ગુણ ધરાવે છે, અને મોંઘી તો કુંવારી ને કુંવારી! હવે બહુ મોટી થવા આવી. વળી બહેરી ને મૂગી! આ બેને તે કેટલા પૈસા જોઈશે?"

બાપ બોલ્યો, "ઠીક છે ત્યારે, આપણે મૂર્ખાને પૂછીએ." પૂછપરછ થતાં મૂરખરાજ બોલ્યો : "સમશેરબહાદુર ઠીક કહે છે. ભલે એને હિસ્સો આપો." એટલે સમશેરબહાદુર બાપની મિલકતમાંથી પોતાનો હિસ્સો લઈ ગયો, અને પાછી બાદશાહની નોકરી શરૂ કરી.

ધન્વંતરિએ પણ વેપાર તો ઠીક જમાવેલો પણ તેને વહુ મળેલી તે મોંઘી પડી. એક કોરથી ધન્વંતરિ કમાય અને બીજી તરફથી તેની વહુ મોજશોખમાં અને વટવહેવારમાં કમાણી

Gandhi Heritage Portal

કરતાં વધારે વાપરે; તેથી ધન્વંતરિ પણ તેના બાપની પાસે ગયો અને સમશેરબહાદુરની જેમ પોતાના હિસ્સાની માગણી કરી.

બુઢ્ઢાએ જવાબ આપ્યો: "દીકરા, તું ઘરમાં તો કાંઈ લાવ્યો નથી. તારા ભાઈ મૂર્ખાએ મહેનત કરી કરીને તેનો બરડોય ભાંગી નાખ્યો છે. તને આપીને હું મૂર્ખાને અને મોંઘીને કેમ ગેરઇન્સાફ આપું?"

ધન્વંતરિ બોલ્યો: "મૂર્ખો તો ખરેખર મૂર્ખો જ છે. તે તો પરણવાનોય નથી. તેને કોણ છોકરી આપશે? અને મોંઘીને તો ખાવુંપીવું મળ્યું એટલે વાહ વાહ." પછી પોતાના ભાઈ તરફ જોઈને ધન્વંતરિ બોલ્યો: "મૂર્ખા, મને દાણામાંથી અરધોઅરધ નહીં આપે? હળ વગેરે હું માગતો નથી, અને જાનવરોમાંથી માત્ર પેલો કાબરો ઘોડો આપે એટલે થયું. તેને તું હળમાં તો નાખી શકે એમ નથી."

મૂર્ખાએ હસીને જવાબ દીધો: "ભલે ભાઈ, તું એમ રાજી થતો હોય, તો લઈ જા. હું વળી તેના બદલામાં વધારે મહેનત કરી લઈશ."

આમ ધન્વંતરિ પણ ભાગ લઈ ગયો. મૂરખરાજ ખેતરમાં પુષ્કળ કામ કરતો. બહેરી બહેન બને એટલી મદદ કરતી. બાપ અને મા તો ઘરડાં થયાં હતાં, એટલે ખરું જોતાં ધન્વંતરિ અને સમશેરબહાદુરને આપવા જેટલું ઘરમાં રહેલું ન હતું. હવે મૂરખરાજની પાસે તો એક ઘરડી ઘોડી રહી. તેની પાસેથી લેવાય એટલું કામ લઈને આખો દહાડો ખેતરમાં મચ્યો રહેતો અને જેમ તેમ કરી માબાપનું, બહેનનું અને પોતાનું ભરણપોષણ કરતો.

[મૂળ ગુજરાતી]

ઇન્ડિયન ઓપીનિયન, ૭–૧૦–૧૯૧૧

પ્રકરણ બીજું

ભાગ પડ્યા અને ભાઈઓ ન લડ્યા, એ સેતાનને બહુ વસમું લાગ્યું. તેણે તેના ત્રણ ગુલામોને બોલાવ્યા અને બોલ્યો: "પેલા ગામમાં મૂર્ખો ને તેના બે ભાઈઓ વસે છે. દુનિયાના સાધારણ રિવાજ પ્રમાણે તો તેઓએ ભાગલા પાડતાં લડવું જોઈતું હતું. તેને બદલે તેઓ સંપીને રહે છે. આનું કારણ પેલા મૂર્ખાની મૂર્ખાઈ સિવાય બીજું કાંઈ નથી. તેણે આપણું કામ બગાડ્યું છે. હવે તમે ત્રણ જણા એ ત્રણ ભાઈની પાસે જાઓ અને તેઓને એકબીજાની સામે એવા ચડાવજો કે તેઓની વચ્ચે લોહીની નદી ચાલે ત્યાં લગી લડે. બોલો, આ કામ તમારાથી બનશે કે નહીં?"

તેઓ બોલ્યા: "હા સાહેબ, કેમ નહીં બને?"

સેતાને પૂછ્યું: "કહો, તમે કેમ શરૂઆત કરશો?"

ગુલામોએ જવાબ આપ્યો: "એ તો સહેલ છે. પ્રથમ તો અમે તેઓને પાયમાલ કરીશું, અને જ્યારે એકએકના ઘરમાં સૂકી રોટલીનો ટુકડો સરખો પણ નહીં હોય, એટલે તેઓ ભેગા થાય એમ યુક્તિ કરશું. કહો, પછી કેમ તેઓ અરસપરસ વેર વિના રહી શકવાના?"

સેતાન બોલ્યો: "શાબાશ, તમે તમારું કામ બરાબર સમજતા જણાઓ છો. હવે જાઓ, અને તેઓના કાન બરોબર ભંભેર્યા વિના હરગિજ પાછા ન ફરશો. અને જો આવ્યા તો જીવતાં તમારી ચામડી ઉખેડીશ."

Gandhi Heritage Portal

પછી ત્રણે ગુલામો નીકળી પડ્યા, અને કોણે કયાં જવું, એ વિચારવા લાગ્યા. વાત કરતાં રવદ વધી; દરેકને સહેલામાં સહેલું કામ જોઈતું હતું. છેવટે તેઓએ ચિઠ્ઠી નાખી, અને જેને ભાગે જે ભાઈ આવ્યો તેને ભંભેરવા તે તે ગુલામ ચાલી નીકળ્યો. વળી તેઓએ એવો પણ ઠરાવ કર્યો કે જેનું કામ વહેલું ફતેહમંદ નીવડે તેણે બીજાઓની મદદે જવું, અને વખતોવખત અમુક જગ્યાએ મસલત કરવા એકઠા થવાનો પણ ઠરાવ કર્યો.

કેટલોક વખત વીત્યા પછી નીમેલ જગાએ ત્રણે ગુલામો એકઠા થયા. નીમેલી જગ્યા તે સ્મશાન પાસેનો પીપળો હતો.

પહેલા ગુલામે કહ્યું: "સમશેરબહાદુરની પાસે હું તો ઠીક ફાવ્યો છું. તે એના બાપને ત્યાં આવતી કાલે જશે."

તેના ગોઠિયાઓએ પૂછયું: "એ તું કેમ કરી શકયો?"

પહેલા ગુલામે જવાબ દીધો: "મેં સમશેરબહાદુરને એટલો તો ચડાવ્યો કે તેણે આખી દુનિયા જીતી લેવાનું બીડું બાદશાહ આગળ ઝડપ્યું. આ ઉપરથી બાદશાહે સમશેરબહાદુરને ઉત્તરનો મુલક જીતવાનું ફરમાવ્યું. સમશેરબહાદુર રણે ચડ્યો. પહેલી જ રાત્રે તેના દારૂમાં મેં ભેજ મેળવ્યો અને ઉત્તરના રાજાને તો ખૂબ લડવૈયા બનાવી આપ્યા. લશ્કર જોતાં જ સમશેરના લડવૈયા બીધા. સમશેરે તોપ ચલાવવા હુકમ કર્યો. પણ તોપ શાની ચાલે? દારૂમાં તો બંદાએ પુષ્કળ ભેજ નાખેલો. સમશેરના સિપાઈ ઘેટાની માફક નાઠા, અને ઉત્તરના રાજાએ તેઓની પાછળ પડી કતલ ચલાવી. સમશેરની નામોશી થઈ. તેની જાગીર બધી છીનવી લીધી છે, અને આવતી કાલે તેને તોપે ચડાવવાનો હુકમ છે. હવે મારે એક જ દલાડાનું કામ રહ્યું છે. તેને હું કેદખાનામાંથી ભગાડી મૂકીશ, એટલે તે તેના બાપને ત્યાં દોડી જશે. આવતી કાલે હું છૂટો થઈશ. એટલે જેને મદદ જોઈએ તે માગજો."

પછી બીજો ગુલામ બોલ્યો: "ધન્વંતરિ મારા દાવમાં ઠીક આવી ગયો છે. મારે કોઈની મદદ નહીં ખપે. ધનાભાઈથી અઠવાડિયું થોભાય તેમ લાગતું નથી. પહેલાં તો મેં એવી યુક્તિ કરી કે તે ખાઈપીને ખૂબ હૃષ્ટપુષ્ટ થાય, અને લોભિયો પણ ખૂબ બને. તેનો લોભ તો એવો વધ્યો કે બધી વસ્તુ પોતાની કરી લેવાનું તેને મન થયું. અખૂટ માલ પોતાની વખારમાં ભરવામાં પોતાનો પૈસો તેણે પાણી જેમ રેડ્યો. હજુયે તે ભરતો જાય છે. હવે તો તેને ઉછીના પૈસા લેવા પડે છે. તેનું કરજ એ તો તેની ઉપર સર્પનો ભારો થઈ પડ્યું છે. તેમાંથી છૂટવાની તે આશા જ ન રાખે. એક અઠવાડિયામાં તેને હૂંડીઓ ભરવી પડશે. તેનો માલ બધો હું સડાવી મૂકીશ. પછી તો તેને તેના બાપને ત્યાં ગયે જ છૂટકો છે."

હવે બંને જણે મૂર્ખાવાળા ગુલામને પૂછયું: "કેમ ભાઈબંધ, તારું કામ કેમ ચાલે છે?"

ત્રીજાએ જવાબ દીધો: "મારા કામનું ન પૂછો. હું તો મૂઓ પડ્યો છું. પહેલાં તો મેં મૂર્ખાની છાશને એવો કાટ ચડાવ્યો કે, તે પીતાં જ પેટમાં સખત દરદ થાય. પછી તેની જમીન સૂકવીને પથરા જેવી કઠણ કરી નાખી, જેથી કોદાળીના ઘા કરતાં તેના હાથ પણ ખડી જાય. આટલું કર્યા પછી મારી ઉમેદ એવી હતી કે મૂર્ખો ખેડી નહીં શકે. પણ તેણે તો ખેડવાનું અને ચાસ પાડવાનું છોડ્યું જ નહીં. પેટમાં ઘણુંય દરદ થાય, છતાં મૂર્ખો હળ છોડે જ નહીં. એટલે મેં તેનું હળ ભાંગ્યું. મૂર્ખો તો ઘેર દોડી ગયો, બીજું હળ લાવ્યો અને વળી ખેડ શરૂ કરી. એટલે હું જમીનની નીચે પેઠો, હળના દાંતા ઝાલ્યા. મૂર્ખાએ તો દાંત કચડીને, વાંકા વળીને એટલું તો જોર કર્યું કે મારા હાથ પણ કપાઈ ગયા. તેણે તો લગભગ આખું ખેતર

Gandhi Heritage Portal

ખેડી કાઢવું છે. માત્ર એક નાનકડો ચાસ બાકી છે. હવે તો તમે બેઉ મારી મદદે આવો અને આપણે મૂર્ખાને પછાડીએ તો ઠીક, નહીં તો આપણી બધી મહેનત ફોકટમાં જશે. મૂર્ખો જો ખેતરમાં મચ્યો રહેશે તો તેઓમાં ખરેખરો ભૂખમરો દાખલ નહીં જ થાય. તે એકલો પોતાના બન્ને ભાઈનું પોષણ કરશે."

સમશેરબહાદુરવાળો ગુલામ બીજે દહાડે છૂટો થવાની આશા રાખતો હતો. એટલે તેણે તે જ દહાડે મદદ કરવાનું વચન આપ્યું. અને ત્રણે ગુલામ પાછા કામે ચડ્યા.

[મૂળ ગુજરાતી]

ઇન્ડિયન ઓપીનિયન, ૧૪–૧૦–૧૯૧૧

પ્રકરણ ત્રીજું

મૂરખરાજે એક નાનકડા ટુકડા સિવાય બધી જમીન ખેડી નાખી હતી, અને હવે તે ટુકડો પૂરો કરવા આવ્યો હતો. તેના પેટમાં દરદ હતું. છતાં ખેડ તો કરવી જ જોઈએ એમ તેને લાગ્યું, તેથી હળ જોડ્યું અને કામ શરૂ કર્યું. એક ફેરો તો પૂરો કર્યો અને હળ પાછું વાળ્યું ત્યારે કેમ જાણે સખત મૂળિયામાં ભરાઈ ન ગયું હોય એમ તેને લાગ્યું. પરંતુ એ તો પેલો ગુલામ હતો. તેણે પોતાના પગ અંદર ભરાવી દીધા હતા, અને હળને ખેંચી રાખવા માગતો હતો.

મૂરખરાજે વિચાર્યું: "આ તે કેવું અજાયબ જેવું! મૂળિયું તો કયાંય દેખાતું નથી. પરંતુ પેલું હોવું જોઈએ." એમ કહી મૂરખરાજે હાથ ઊંડો નાખી આમતેમ ફેરવ્યો અને જે હાથમાં આવ્યું તે પકડીને ખેંચી કાઢ્યું. એ મૂળિયાની માફક કાળું લાગતું હતું. પણ તેના હાથમાં તે તરફડતું હતું. એ તો પેલો ગુલામ જ તો. મૂરખરાજ તેને હળની ઉપર ફેંકવા જતો હતો તેટલામાં ગુલામ બોલી ઊઠ્યો: "મને ઈજા ન કરશો. હું તમે જે કહેશો તે તમારે સારુ કરીશ."

મૂરખરાજે પૂછ્યું, "તું મારે સારુ શું કરી શકે છે?"

ગુલામે જવાબ આપ્યો, "જે તમે કહો તે."

મૂરખરાજે માથું ખંજવાળીને કહ્યું: "મારા પેટમાં દુખે છે તે તું મટાડી શકે ખરો?"

ગુલામે જણાવ્યું: "એ હું કરી શકું છું."

મૂરખરાજે જવાબ દીધો: "ત્યારે કર."

ગુલામે વાંકા વળી પોતાના ખંજથી ખોતરીને ત્રણ પાંખડીવાળું એક મૂળિયું ખેંચી કાઢ્યું અને તે મૂરખરાજને આપ્યું.

ગુલામે કહ્યું: "આ મૂળિયાની એક પાંખડી જે માણસ ગળી જાય તેને ગમે તે દરદ હોય તે મટે છે."

મૂરખરાજે મૂળિયાની એક પાંખડી લીધી. તુરત જ તેનું દરદ શાંત પડ્યું.

ગુલામે કહ્યું, "હવે મને જવા દો. હું ધરતી માંહે સરી જઈશ અને કદી પાછો આવીશ નહીં."

મૂરખરાજ બોલ્યો: "ભલે જા, ઈશ્વર સદાય તારી સાથે રહેજો."

મૂરખરાજે જેવું ઈશ્વરનું નામ લીધું કે તુરત જ જેમ પાણીમાં ફેંકેલો પથરો તળિયે જઈ બેસે, તેમ ગુલામ ધરતી માંહે પેસી ગયો અને તેમાં માત્ર ખાડો જ દેખાતો રહ્યો.

મૂરખરાજે મૂળિયાની બીજી બે પાંખડી પોતાની પાઘડીમાં ખોસી દીધી, અને પાછું હળ હાંકવા મંડી ગયો. ખેતી પૂરી કરીને ઘેર ગયો. ઘોડાને છોડીને પોતે ઝૂંપડીમાં દાખલ થાય છે તો

Gandhi Heritage Portal

સમશેરબહાદુર અને તેની વહુને વાળુ કરતાં જોયાં. સમશેરની જાગીર જપ્ત થઈ હતી અને તે મુસીબતે કેદખાનામાંથી ભાગી છૂટ્યો હતો. હવે પોતાના બાપની સાથે રહેવા તે દોડી આવ્યો હતો.

સમશેરે મૂર્ખાને દીઠો, ને જણાવ્યું, "હું તારી સાથે રહેવા આવ્યો છું. મને અને મારી વહુને જ્યાં સુધી મને બીજી નોકરી ન મળે ત્યાં સુધી ખવડાવીશ ને?"

મૂર્ખો બોલ્યો: "ભલે, તમે મારી સાથે રહેજો."

પણ જ્યારે મૂર્ખો પાટલા પર બેસવા જતો હતો, ત્યારે સમશેરની સ્ત્રીને તેની વાસ ન ગમી. પોતાના પતિ પાસે જઈ તે બોલી ઊઠી, "હું કંઈ એક ગંદા ખેડૂતની સાથે મારું વાળું કરવાની નથી." એટલે સમશેર મૂર્ખા તરફ જોઈ બોલ્યો, "મારી સ્ત્રી કહે છે કે તું તો વાસ મારે છે. મને લાગે છે કે તું બહાર બેસીને જમે તો સારું."

મૂર્ખાએ જવાબ દીધો, "બહુ સારું. નહીં તોપણ મારે ઘોડીને જોગાણ દેવા બહાર જ જવું પડત."

પછી મૂર્ખો પોતાનાં કપડાં અને થોડો રોટલો લઈને બહાર ગયો.

[મૂળ ગુજરાતી]

ઇન્ડિયન ઓપીનિયન, ૨૧–૧૦–૧૯૧૧

પ્રકરણ ચોથું

સમશેરવાળા ગુલામે પોતાનું કામ પૂરું કર્યું એટલે અગાઉ કરેલા ઠરાવ મુજબ મૂર્ખાવાળા ગુલામને મદદ કરવા આવી પહોંચ્યો. તેણે ખેતર ઉપર આવીને આમતેમ ખૂબ જોયું, પણ પોતાના ભાઈબંધને ન દીઠો. માત્ર એક ખાડો જ જોવામાં આવ્યો.

તેણે વિચાર્યું, "આ તો ચોખ્ખું દેખાય છે કે મારા ભાઈબંધ ઉપર કંઈક આફત આવેલી હોવી જોઈએ. હું હવે તેની જગ્યા લઉં. મૂર્ખાએ ખેતર તો પૂરું કર્યું, હવે તો તેને વીડીમાં હંફાવવો જોઈશે."

વીડીમાં ગુલામે પાણીથી મૂર્ખાની ગંજીઓ ભીની કરી મૂકી અને મોટું પૂર આવેલું તેથી ઉપર કાદવ પથરાઈ ગયો હતો. મૂર્ખો સવાર પડતાં દાતરડાની ધાર કાઢીને ઘાસ કાપવા ચાલ્યો. તેણે કામ શરૂ કર્યું પણ એક બે વાર દાતરડું ચલાવ્યું તેવામાં તેની ધાર વળી ગઈ, અને દાતરડું જરાયે ચાલે નહીં. મૂર્ખો તોયે મંડ્યો રહ્યો. પણ જ્યારે દાતરડું ન ચાલ્યું ત્યારે મનમાં બોલી ઊઠ્યો: "આમ કાંઈ વળવાનું નથી. હું ઘેર જાઉં, ધાર કાઢવાનાં હથિયાર લઈ આવું અને સાથે ટુકડો રોટલો પણ લાવું. એક અઠવાડિયું જાય તોપણ શું થયું? ઘાસ તો કાપ્યે જ છૂટકો છે."

ગુલામ આ સાંભળી રહ્યો અને મનમાં બબડી ઊઠ્યો: "આ મૂર્ખો ચીકટ માણસ છે. મારાથી આમ તો તેને નહીં પહોંચી વળાય. હવે બીજી યુક્તિ રચવી પડશે."

મૂર્ખો પાછો ફર્યો, દાતરડાની ધાર કાઢી અને ઘાસ કાપવું શરૂ કર્યું. ગુલામ ઘાસમાં પેસી ગયો, દાતરડાની આણી પકડવા લાગ્યો. આથી મૂર્ખાને મહેનત તો બહુ જ પડી. પણ જ્યાં બહુ ભેજ હતો, તે નાના ટુકડા સિવાય બધો ભાગ તેણે પૂરો કર્યો. હવે ગુલામ કાદવમાં પેઠો અને મનની સાથે નિશ્ચય કર્યો કે પોતાના પંજા કપાય તો ભલે, પણ મૂર્ખાને ત્યાં તો ઘાસ કાપવા ન જ દેવું.

Gandhi Heritage Portal

મૂર્ખો ત્યાં પહોંચ્યો. ઘાસ આછું હતું તોપણ દાતરડું ચલાવતાં મહેનત પડતી હતી. આથી મૂર્ખો બહુ ગુસ્સે થયો અને પોતાનું બધું જોર વાપરીને દાતરડું ચલાવવા લાગ્યો. ગુલામ પાછો પડયો. મૂર્ખાના જોરની આગળ તેનું કંઈ વળ્યું નહીં એટલે તે ઝાડીમાં ભરાઈ ગયો. મૂર્ખાએ દાતરડું ઉગામ્યું તે ઝાડીમાં ભરાયું અને ગુલામની અડધી પૂંછડી કપાઈ. મૂર્ખાએ કાપવાનું પૂરું કર્યું. મોંઘીએ ઘાસ એકઠું કર્યું અને મૂર્ખો પોતે બાજરી લણવા ચાલ્યો. પણ અરધ-પૂંછડિયો ગુલામ ત્યાં પહેલો પહોંચી ગયો હતો. તેણે બાજરીને એવી હાલતમાં કરી હતી કે મૂર્ખાનું દાતરડું કામમાં જ ન આવે. મૂર્ખો ઘેર દોડી જઈને બીજું હથિયાર લાવ્યો અને બાજરી પૂરી કરી નાખી.

મૂર્ખે વિચાર કર્યો: "હવે હું બીજા ભાગ ઉપર જાઉં."

અરધ-પૂછડિયાએ આ સાંભળ્યું અને મનમાં બોલી ઊઠયો: "ઘાસમાં ને બાજરીમાં તો મૂર્ખાને ન પહોંચાયું; હવે જોઉં છું, આમાં શું થાય છે."

બીજી સવારે મૂર્ખો બહુ જ વહેલો જઈ પહોંચેલો હોવાથી અરધ-પૂંછડિયો પહોંચે તેના પહેલાં મૂર્ખે પોતાનું કામ પૂરું કર્યું હતું. અરધ-પૂંછડિયો ગભરાયો અને ખિજાયો. તે બોલી ઊઠયો: "મૂર્ખાએ તો મને બધે હરાવ્યો અને થકાવ્યો. આ તો ખરેખર મૂર્ખો જ. મૂર્ખાને કંઈ શિંગડાં હોય? બેવકૂફ પૂરું સૂતો પણ નથી. એને તે કેમ પહોંચી વળાય? હવે તો હું દાણાના ઢગલામાં પેસી જાઉં અને બધા સોડવી દઉં."

આમ વિચારી અરધ-પૂંછડિયો દાણાના ઢગલામાં પેઠો, દાણા સડવા લાગ્યા. તે દાણાને તેણે ગરમ કર્યા તેથી પોતાને પણ ગરમી છૂટી તેથી તેમાં જ ઊંઘી ગયો.

મૂર્ખો મોંઘીની સાથે ધોડી જોડીને ચાલ્યો. દાણા ગાડામાં નાખવા લાગ્યો. બે ઝપાટા પૂરા કર્યા અને ત્રીજી વખત ભરવાને જાય છે તો દાંતલો અરધ પૂંછડિયાની પીઠમાં ગરી ગયો. ઊંચકે છે તો દાંતલા ઉપર તેણે અરધ-પૂંછડિયાને તરફડતો ને નીકળી પડવાનો પ્રયત્ન કરતો જોયો.

તેને જોઈને મૂર્ખો બોલી ઊઠયો: "અરે અલ્યા! પાછો તું આવ્યો કે?"

અરધ-પૂંછડિયો બોલ્યો: "હું તે નહીં. પેલો તો મારો ભાઈ હતો, હું તો તારા ભાઈ સમશેરની પૂંઠે હતો."

મૂર્ખો બોલ્યો: "ભલે, ભલે, તું ગમે તે હોય, તારી પણ એ જ વલે થશે." એમ કહીને મૂર્ખો તેને ગાડીની સાથે અફાળવા જતો હતો તેટલામાં તેણે કહ્યું: "મને તમે જવા દો; હું ફરી નહીં આવું અને તમે જે કહો તે કરું."

મૂર્ખાએ પૂછયું: "તું શું કરી શકે છે?"

ગુલામે જવાબ દીધો: "તમે કહો તેમાંથી હું સિપાઈ બનાવી શકું છું."

મૂર્ખો બોલ્યો: "તે મારે શું કામના?"

ગુલામે કહ્યું: "તમે જે ચાહો તે તેની પાસેથી કરાવી શકો છો."

મૂર્ખે પૂછયું: "તેઓ ગાઈ શકે ખરા?"

ગુલામ કહે: "હા."

મૂર્ખે કહ્યું: "ભલે ત્યારે થોડા બનાવ."

ગુલામે પછી કેટલાંક બાજરાનાં ડૂંડાં લીધાં અને પોતાને હાથે પછાડીને જણાવ્યું: "આમ તેને પછાડો અને હુકમ કરો એટલે ડૂંડાંમાંથી સિપાઈ પેદા થશે."

Gandhi Heritage Portal

મૂર્ખાએ તેમ કર્યું અને ડૂંડાંના સિપાઈ બન્યા. તેમાં એક નગારચી અને શંખ ફૂંકનારો પણ હતા. આને જોઈ મૂર્ખો હસ્યો અને બોલ્યો: "વાહ! આ તો ઠીક છે. છોડીઓ તમાસો જોઈ રાજી થશે."

અરધ-પૂંછડિયાએ કહ્યું: "હવે મને જવાની પરવાનગી આપો."

મૂર્ખે કહ્યું: "એમ નહીં જવાય. બાજરીના ડૂંડાના સિપાઈ બનાવું તે મને મોંઘા પડે. મારે તો ઠૂંઠાના બનાવવા છે. સિપાઈમાંથી પાછાં ડૂંડાં કેમ બનાવવાં એ પણ તારે શિખવાડવું જોઈશે." એટલે અરધ-પૂંછડિયાએ સિપાઈનાં ડૂંડાં બનાવવાની રીત પણ શીખવી, અને જવાની રજા માગી.

મૂર્ખાએ તેને રજા આપી, અને અગાઉ જેમ બોલ્યો: "ઈશ્વર તારી સાથે સદાય રહેજો." મૂર્ખાએ ઈશ્વરનું નામ લીધું તેવો જ અરધ-પૂંછડિયો ગુલામ તેના ભાઈબંધની માફક જમીનમાં પેસી ગયો અને માત્ર ખાડો જ જોવાનો રહ્યો.

હવે મૂર્ખો ઘેર આવે છે તો તેના ભાઈ ધન્વંતરિ અને તેની વહુને જોયાં. બન્ને વાળુ કરતાં હતાં. ધન્વંતરિથી તેનું કરજ ચૂકવી શકાયું નહોતું. લેણદારોની પાસેથી ભાગીને બાપને ઘેર રહેવા આવેલો હતો. મૂર્ખાને જોઈને તેણે કહ્યું: "ભાઈ, હું ધંધો પાછો શરૂ કરી શકું ત્યાં લગી મને અને મારી સ્ત્રીને તારે ત્યાં રહેવા દેજે."

મૂર્ખો બોલ્યો: "ભલે સુખેથી રહો."

પછી મૂર્ખો લૂગડાં ઉતારી જમવા બેઠો. ધન્વંતરિની વહુ બોલી ઊઠી: "મૂર્ખો તો પસીનાથી ભીંજાયેલો છે. તેની પડખે બેસી આપણે કેમ જમીએ?" તેથી ધન્વંતરિએ મૂર્ખાને બહાર જઈ ખાવા કહ્યું.

મૂર્ખો કહે: "એ બહુ ઠીક વાત છે, મારે હજી બહુ કામ પણ છે." એમ બોલી થોડો રોટલો લઈ બહાર ગયો.

[મૂળ ગુજરાતી]

ઇન્ડિયન ઓપીનિયન, ૨૮–૧૦–૧૯૧૧

પ્રકરણ પાંચમું

ધન્વંતરિવાળો ગુલામ પણ છૂટો થવાથી કરાર પ્રમાણે પોતાના ભાઈબંધને મદદ કરવા આવી પહોંચ્યો. ખેતર પર આવતાં ને શોધ કરતાં તેણે તો કોઈને નહીં જોયા. માત્ર એક ખાડો જ જોયો. તેથી તે વીડીમાં ગયો. ત્યાં જોયું તો ભેજવાળી જગ્યામાં પૂંછડી જોઈ! અને જ્યાં બાજરીનાં ડૂંડાં હતાં ત્યાં બીજો ખાડો દીઠો. તેણે મનમાં વિચાર્યું, "મારા ભાઈબંધોને કંઈ પણ નુકસાની પહોંચી છે એમાં તો શક નથી. મારે હવે તેઓની જગ્યા લેવી જોઈએ. જોઉં કે હું મૂરખરાજને ભમાવી શકું છું કે નહીં?"

હવે આ ગુલામ મૂરખરાજને શોધવા ગયો. મૂરખરાજે ઘણાં ઠેકાણાં સર કર્યાં હતાં, અને હવે તે ઝાડ કાપતો હતો. બે ભાઈઓ તેની સાથે રહેતા હતા, તેને ઘરમાં સંકડાશ લાગતી હતી, તેથી ઝાડો કાપીને બીજું ઘર બનાવવાનું તેઓએ મૂર્ખાને કહ્યું હતું. ગુલામ ઝાડો તરફ આવ્યો અને ડાળીઓમાં ભરાઈ બેઠો, અને મૂર્ખાના કામમાં વિઘ્ન નાખવું શરૂ કર્યું. મૂર્ખાએ એક ઝાડનું થડ તળેથી એવી રીતે કાપ્યું કે તે કયાંય ગૂંચવાયા સિવાય ખાલી જમીન પર પડે, પણ ગુલામની કરામતથી તેમ નહીં પડતાં એ તો બીજાં ઝાડોની ડાંખળીમાં ભરાયું. મૂર્ખે એક

Gandhi Heritage Portal

વાંસ કાપ્યો કે જે વતી તે થડને જમીન ઉપર લાવી શકે. અને કેટલીક મુશ્કેલી વેઠ્યા પછી પોતાની મહેનત સફળ થઈ. હવે તે બીજા ઝાડ તરફ ગયો, અને પછી ત્રીજા ઉપર. બધામાં પુષ્કળ મહેનત પડી.

મૂર્ખાની ઉમેદ તો એવી હતી કે સાંજ પડતાં પચાસેક નાનાં ઝાડ કાપી લઈશ. પણ તેટલા વખતમાં તેણે તો ભાગ્યે જ છ કાપ્યાં. તે ખૂબ થાક્યો હતો અને તેના પસીનાની વરાળ એટલામાં ફેલાઈ રહેલી હતી છતાં તેણે તો કામ છોડ્યું નહીં. તે બીજું ઝાડ કાપવા ગયો પણ તેની પીઠ એટલી બધી દુખવા લાગી કે તે ઊભો રહી ન શક્યો. કુહાડી થડમાં ભરાવી રાખી જરા આરામ લેવા બેઠો. મૂર્ખાને થાકેલો જોઈ ગુલામ મનમાં ફુલાયો અને વિચારવા લાગ્યો: "આખરે મૂર્ખો થાક્યો તો ખરો. હવે તે મૂકી દેશે એટલે હું પણ જરા થાક ખાઉં."

આમ વિચારી તે એક ડાળ ઉપર બેઠો. પણ મૂર્ખો તો તેટલામાં ઊભો થયો, કુહાડી ખેંચી કાઢી અને જોરથી ઉગામીને એવા તો ઝપાટાથી મારી કે થડ તુરત જ તૂટી ગયું અને જમીન પર પડ્યું. ગુલામને તો આવી આશા જરાયે નહોતી. તેના પગ ખેંચી લેવા જેટલો વખત નહોતો રહ્યો. તેની એક ડાળીમાં તેનો પંજો ભરાયો. મૂર્ખો ડાળીઓ કાપવા જતો હતો તેટલામાં તેણે ગુલામને જોયો અને તે આશ્ચર્ય પામીને બોલ્યો: "ઓ! સેતાન, તું વળી પાછો આવ્યો કે?" ગુલામે જવાબ લીધો, "હું તો બીજો છું. હું તમારા ભાઈ ધન્વંતરિની સાથે હતો."

મૂર્ખો બોલ્યો: "તું ગમે તે હો, પરંતુ તારાય એ જ હાલ થયા." એમ કહી મૂર્ખે કુહાડી ઉગામી અને મારવા જતો હતો તેટલામાં ગુલામ કરગરવા લાગ્યો: "મને ન મારો, અને તમે કહેશો તે હું કરીશ."

મૂર્ખો બોલ્યો: "તું શું કરી શકે છે?"

ગુલામ બોલ્યો: "તમો કહો તેટલા પૈસા બનાવી શકું છું."

મૂર્ખો બોલ્યો: "ઠીક છે. જોઈએ બનાવ."

એટલે ગુલામે પૈસા કેમ બનાવવા તે બતાવ્યું. તેણે કહ્યું: "પેલા ઝાડનાં પાતરાં લઈને તમારા હાથમાં ચોળો એટલે તમારા હાથમાંથી સોનાનાં ફૂલ ખરશે."

મૂર્ખે પાતરાં લીધાં, હાથમાં ચોળ્યાં અને સોનાનાં ફૂલ પડવા લાગ્યાં. મૂર્ખો બોલી ઊઠ્યો: "આ તો મજેનું કામ થયું. હવે મારા માણસો પોતાના બચેલા વખતમાં એનાથી રમશે."

ગુલામ બોલ્યો: "હવે મને રજા આપો."

મૂર્ખે રજા આપી અને કહ્યું: "ઈશ્વર તારી સાથે વસજો." એટલું મૂર્ખો બોલ્યો કે તરત ગુલામ જમીન તળે પેસી ગયો અને માત્ર એક ખાડો જ રહ્યો.

પ્રકરણ છઠ્ઠું

ભાઈઓએ તો ઘરો બાંધ્યાં અને નોખા રહેવા લાગ્યા. મૂર્ખાએ લણવાનું કામ પૂરું કર્યું અને તેણે એક તહેવારને દિવસે તેના ભાઈઓને નોતર્યા. પરંતુ તેઓ ન આવ્યા. તેઓ બોલ્યા: "ખેડૂત તહેવાર કેમ રાખે તે આપણે કયાં નથી જાણતા? ત્યાં જઈને શું કરીએ?"

તેથી મૂર્ખાએ આસપાસના ખેડૂતો અને તેની સ્ત્રીઓને બોલાવ્યાં, તેઓને જમાડ્યાં. પછી મૂર્ખાએ તેઓને સોનાનાં ફૂલ આપ્યાં. સોનાનાં ફૂલ જોઈને એક પર એક અથડાવા લાગ્યાં અને એક બિચારી બુઢ્ઢી તેમાં કચરાઈ પણ મૂઈ. તેથી મૂર્ખો બોલ્યો: "તમો કેવા બેવકૂફ છો! તમારે વધારે જોઈએ તો હું વધારે આપું." અને એમ કહીને તેણે ખૂબ ફેંક્યાં. પછી છોકરાઓ

Gandhi Heritage Portal

ગાવા-નાચવા લાગ્યા. મૂરખો બોલ્યો: "તમને ગાતાં કયાં આવડે છે? હું જુઓ બતાવું." એમ કહી તેણે તો ખડમાંથી સિપાઈઓ બનાવ્યા, અને તેઓ ઢોલ-શરણાઈ વગાડવા લાગ્યા. આમ થોડી વાર ગમ્મત કરાવીને પાછા સિપાઈઓને ખેતરમાં લઈ ગયો અને તેનું ખડ બનાવીને ફરીથી ગંજી ખડકી લીધી. પછી થાકયોપાકયો ઘેર ગયો અને તબેલામાં સૂતો.

[મૂળ ગુજરાતી]

ઇન્ડિયન ઓપીનિયન, ૪–૧૧–૧૯૧૧

પ્રકરણ સાતમું

સમશેરબહાદુરે આ બધી હકીકત વિષે બીજે દહાડે સાંભળ્યું અને મૂરખરાજની પાસે બીજી સવારે ગયો. તેણે પૂછયું: "તને સિપાઈઓ કયાંથી મળ્યા અને તેને તું કયાં લઈ ગયો એ તું મને કહે."

મૂરખરાજ બોલ્યો: "તેની તારે શી પરવા?"

સમશેર બોલ્યો: "મારે શી પરવા? સિપાઈઓ આપણી પાસે હોય તો આપણે ગમે તે કરી શકીએ. આપણે રાજય સુધ્ધાં મેળવી શકીએ."

મૂરખરાજને આશ્ચર્ય લાગ્યું અને બોલ્યો: "જો એમ જ છે તો મને તેં અગાઉ કેમ ન કહ્યું? તું કહે એટલા સિપાઈ હું બનાવી શકું એમ છું. ઠીક થયું કે બહેને અને મેં મળીને ડૂંડાં ઠીક એકઠાં કર્યાં છે." પછી મૂર્ખો તેના ભાઈને કોઠાર પાસે લઈ ગયો, અને બોલ્યો: "જો હું સિપાઈ તો બનાવું છું, પણ તારે તેઓને તરત જ લઈ જવા પડશે. કારણ કે જો તેઓને ખવડાવવું પડે તો તેઓ એક દહાડામાં ગામનો દાણો પૂરો કરી નાખે."

સમશેરે સિપાઈઓને લઈ જવાનું વચન આપ્યું. મૂર્ખે સિપાઈ બનાવવાનું શરૂ કર્યું. ભોંય ઉપર તેણે ડૂંડાંની એક ભારી પછાડી અને એક પલટણ તૈયાર થઈ. બીજી ભારી પછાડી અને બીજી પલટણ ઊભી થઈ. આમ કરતાં આખું ખેતર ભરાઈ રહ્યું. પછી મૂર્ખે પૂછયું: "હવે તો બસ થયું કે નહીં?"

સમશેર ગાંડોતૂર થઈ બોલી ઊઠયો: "હવે બસ, ભાઈ, તારો હું પાડ માનું છું."

મૂર્ખે જવાબ વાળ્યો: "ઠીક, તને વધારે જોઈએ તો મારી પાસે આવજે અને હું વધારે બનાવી આપીશ. આ મોસમનો પાક સારો ઊતર્યો છે એટલે ડૂંડાં પુષ્કળ છે."

સમશેર આ પલટણોનો સેનાપતિ બન્યો, અને લડાઈ કરવા ચાલ્યો. તેટલામાં ધન્વંતરિ આવ્યો. તેણે પણ ગયા દહાડાની વાત સાંભળી હતી અને હરખાતો હરખાતો તેના ભાઈને પૂછવા લાગ્યો: "તને સોનું કયાંથી મળે છે એ મને તું કહે. જો મારી પાસે ભરપૂર સોનું હોય તો હું તેમાંથી આખી દુનિયા ખરીદી લઉં."

મૂર્ખો તો વળી તાજુબ થયો અને બોલ્યો: "તેં મને પહેલું કહ્યું હોત તો તને હું સોનાના ઢગલા ને ઢગલા આપત. હવે પણ જોઈએ તેટલું માગ."

ધન્વંતરિ આ સાંભળી ગાંડોતૂર બની ગયો અને બોલી ઊઠયો: "હાલ તો તું મને ત્રણ ટોપલી ભરીને આપ એટલે બસ છે."

મૂર્ખે કહ્યું: "ઠીક છે. ત્યારે ચાલો આપણે ખેતરમાં જઈએ. હું ગાડી પણ જોડું. કેમ કે એટલું સોનું તારાથી કાંઈ ઊંચકી શકાશે નહીં."

Gandhi Heritage Portal

પછી તેઓ ખેતર તરફ હાંકી ગયા. મૂરખાએ કેટલાંક પાતરાં ઘસ્યાં અને સોનાનો મોટો ઢગલો થયો. પછી ધન્વંતરિ તરફ જોઈ બોલ્યો: "આટલું બસ થશે કે નહીં?"

ધન્વંતરિ બોલ્યો: "તેં તો બહુ કરી. હાલ તુરતને સારુ તો એટલું સોનું બહુ થશે. તારો પાડ હું કદી ભૂલીશ નહીં."

મૂર્ખે જવાબ દીધો: "મારી પાસે પાતરાં પુષ્કળ છે. વધારે ખપ પડે તો આવજે, એટલે બીજું સોનું ઘસી કાઢીશ." ધન્વંતરિ ઢગલો લઈ વેપાર કરવા ચાલ્યો.

આમ એક તરફથી સમશેર લડાઈમાં અને ધન્વંતરિ વેપારમાં એમ બન્ને ભાઈ મચ્યા. સમશેરે એક રાજ્ય જીતી લીધું અને ધન્વંતરિએ પુષ્કળ દોલત મેળવી. બંને ભાઈ પછી ભેળા થયા અને સમશેરે ધન્વંતરિને કહ્યું: "મારી પાસે રાજ્ય તો છે, પણ સિપાઈઓને નિભાવવા જેટલા પૈસા નથી." ત્યારે ધન્વંતરિ બોલ્યો: "મારે પૈસાની ખોટ નથી, પણ રખેવાળની ખોટ છે." આ સાંભળી સમશેર બોલી ઊઠ્યો: "ચાલો ત્યારે આપણે પાછા મૂરખા પાસે જઈએ. હું વધારે સિપાઈ બનાવવાનું કહીશ અને તું તેને સોનું ઘસી કાઢવાનું કહેજે. મારા સિપાઈ તું લઈ જજે એટલે તેઓ તારી દોલતની રખેવાળી કરશે. અને હું સોનું લઈશ એટલે તેમાંથી મારા સિપાઈઓ ખાશે."

આમ મસલત કરી બંને જણા મૂર્ખા પાસે ગયા. સમશેરે વધારે સિપાઈની માગણી કરી. મૂર્ખો માથું ધુણાવી બોલ્યો: "હું હવે બીજા સિપાઈ નહીં બનાવું."

સમશેર બોલ્યો: "પણ ત તો મને વચન આપ્યું હતું."

મૂર્ખે જવાબ આપ્યો: "હા, એ ખરું, પણ હું હવે વધારે બનાવવાનો નથી."

સમશેર બોલી ઊઠ્યો: "શું કામ હવે નહીં બનાવે?"

મૂર્ખે જવાબ વાળ્યો: "તારા સિપાઈઓએ એક માણસને મારી નાખ્યો તેથી. એક દહાડો હું હળ ખેડતો હતો તેટલામાં મેં રસ્તેથી જતી એક ઠાઠડી જોઈ. પૂછપરછ કરતાં માલૂમ પડ્યું કે તારા સિપાઈઓએ એક બાઈના ધણીને લડાઈમાં મારી નાખ્યો હતો. હું તો ત્યાં લગી એમ સમજતો કે સિપાઈઓનું કામ ગાવા બજાવવાનું હતું. પરંતુ તેઓ તો માણસમારા દેખાય છે. એટલે હવે હું એક પણ સિપાઈ બનાવવાનો નથી."

ધન્વંતરિને પણ મૂર્ખાએ સોનું બનાવી આપવાની ચોખ્ખી ના પાડી, અને કારણ બતાવ્યું કે ધન્વંતરિના સોનાથી એક પાડોશીને પોતાની ગાય ખોવી પડી હતી.

ધન્વંતરિએ તેનું કારણ પૂછ્યું. મૂરખે કહ્યું: "મારા એક પાડોશીને ઘેર એક ગાય હતી. તેનું દૂધ દહીં તેનાં છોકરાંઓને સુખેથી મળતું હતું. એક દહાડો તે છોકરાંઓ મારી પાસે દૂધ માગવા આવ્યાં. તેઓને પૂછતાં મને માલૂમ પડ્યું કે તારો ખજાનચી છોકરાંઓની માને સોનાની ત્રણ લગડીઓ આપીને ગાય લઈ ગયેલો. તેથી છોકરાંઓ દૂધ વિનાનાં થઈ રહેલાં હતાં. મેં તો એમ ધાર્યું હતું કે સોનાના લખોટા બનાવી તું રમશે. પણ પરિણામ તો વિપરીત આવ્યું. બિચારાં છોકરાંઓ ગાય વિનાનાં થઈ દૂધની તંગીમાં આવી પડ્યાં. એટલે હવે મારી પાસેથી સોનું મેળવવાની આશા ફોકટ સમજવી."

નિરાશ થઈ બન્ને ભાઈ પાછા ફર્યા અને પોતાની મુસીબતનો વિચાર કરવા લાગ્યા. સમશેરે ધન્વંતરિને કહ્યું: "મારા સિપાઈને નિભાવવા જેટલા પૈસા તું મને આપ, હું તને મારું અડધું રાજ્ય આપું એટલે તારી દોલતનું રક્ષણ થશે."

Gandhi Heritage Portal

ધન્વંતરિને આ સૂચના ગમી. ભાઈઓએ પોતાની પાસે હતું તેના ભાગ પાડયા. હવે બન્ને રાજ્યવાળા બન્યા અને બન્નેની પાસે પૈસો એકઠો થયો.

[મૂળ ગુજરાતી]

ઇન્ડિયન ઓપીનિયન, ૧૧–૧૧–૧૯૧૧

પ્રકરણ આઠમું

મૂરખરાજ શાંતિથી પોતાને ઘેર રહેતો હતો. પોતાનાં ઘરડાં માબાપનું ભરણપોષણ કરતો હતો. અને મૂંગી બહેનની સાથે ખેતરના કામમાં મચ્યો રહેતો હતો. એક દહાડો તેનો કૂતરો બીમાર થયો અને મરવાની અણી પર આવ્યો. મૂર્ખાને દયા આવી અને તેને રોટલીનો ટુકડો આપ્યો. આ રોટલીના ટુકડો તેણે પોતાની ટોપીમાં ઘાલ્યો હતો. તેની ટોપીમાં પેલા ગુલામે આપેલાં મૂળિયાં પણ મૂર્ખો રાખતો. આમાંનું મૂળિયું રોટલીના ટુકડાની સાથે પડી ગયું. કૂતરો રોટલીની સાથે તે પણ ગળી ગયો અને તુરત જ સાજો થઈ રમવા, ભસવા અને પૂંછડી હલાવવા મંડી ગયો. મૂર્ખાનાં માબાપ આ જોઈ આશ્ચર્ય પામ્યાં અને પૂછયું: "આ કૂતરાને તેં કઈ રીતે સાજો કર્યો?"

મૂર્ખે જવાબ આપ્યો: "હરકોઈ પણ દરદ મટાડવાને સારુ મારી પાસે બે મૂળિયાં હતાં. તેમાંથી એક આ કૂતરો ગળી ગયો તેથી તે સાજો થયો છે."

આ સમયે મૂર્ખાના ગામના બાદશાહની દીકરી માંદી હતી. બાદશાહે એવો ઢંઢેરો પિટાવ્યો હતો કે જે માણસ તે બાઈને સાજી કરે તેને ઇનામ મળશે અને જો તે માણસ કુંવારો હશે તો તે છોકરી તેને પરણશે.

આ ઢંઢેરાની વાત મૂર્ખાના બાપે મૂર્ખાને કરી અને કહ્યું: "બેટા, તું રાજાને ત્યાં જા. તારી પાસે મૂળિયું છે તે તેની છોકરીને આપજે, અને આથી તું સુખી થશે."

મૂર્ખો બોલ્યો: "ઠીક બાપા, હું જાઉં છું."

મૂર્ખો જવાને તૈયાર થયો. માબાપે તેને શણગાર્યો. જેવો તે બહાર નીકળ્યો તેવો જ તે એક લકવો થયેલ હાથવાળી ભિખારી ઓરતને મળ્યો. મૂર્ખાને જોઈ આ ઓરત બોલી: "મેં સાંભળ્યું છે કે, તમારી પાસે દરદો મટાડવાની અકસીર દવા છે. ભાઈસાહેબ, મારો હાથ મટાડો. હું મારાં કપડાં પણ મારે હાથે પહેરી શકતી નથી."

મૂર્ખો બોલ્યો: "ઠીક છે." એમ કહી તેણે મૂળિયું ભિખારણને આપ્યું. તે ગળી ગઈ અને તેનો લકવો તુરત દૂર થયો. મૂરખાને આશીર્વાદ આપી તે ચાલતી થઈ.

મૂર્ખાનાં માબાપ રાજાને ત્યાં તેની સાથે જતાં હતાં. જ્યારે મૂર્ખે આમ તેનું મૂળિયું ભિખારણને આપી દીધું અને તેની પાસે કંઈ જ ન રહ્યું એમ જોયું ત્યારે તેઓ દિલગીર અને ગુસ્સે થયાં.

તેઓ બોલ્યાં: "ભાઈ, તને ભિખારણની ઉપર દયા આવી. રાજાની દીકરી સારું તું બિલકુલ દિલગીર થતો નથી?" મૂરખાને તો તેની પણ દિલગીરી હતી, પણ તેની સામે આવી ઊભેલી ભિખારણને તે કેમ કાઢી મૂકે? મૂર્ખો ગાડી જોડી તેમાં ડૂંડાં નાખી ચાલવા લાગ્યો.

બાપે પૂછયું: "કેમ અલ્યા, કયાં જાય છે?"

મૂરખે જવાબ આપ્યો: "રાજાની દીકરીની દવા કરવા."

"પણ તારી પાસે તો દવા કંઈ રહી નથી" એમ બાપ બોલી ઊઠયો.

Gandhi Heritage Portal

મૂર્ખે ધીમેથી વિનયપૂર્વક જવાબ આપ્યો: "બાપા, તમે ફિકર ન કરો. બધું સારું થઈ રહેશે."

પછી તે રાજાને મહેલે ગયો, અને જેવો તે ઉંબર પાસે પહોંચ્યો કે તરત રાજાની દીકરી સાજી થઈ. રાજા તેથી ખુશી થયો. તેણે આ મૂર્ખાને પોતાની પાસે તેડાવ્યો અને તેને ભારે પોશાક પહેરાવી રાજા બોલ્યો, "તમે આજથી મારા જમાઈ છો."

મૂર્ખે કહ્યું, "જેવી આપની મરજી."

પછી મૂરખરાજના વિવાહ થયા. થોડા કાળ પછી રાજા મરણ પામ્યો, ને રાજાને કુંવર ન હોવાથી મૂરખરાજ ગાદીપતિ થયો. આમ ત્રણે ભાઈ બાદશાહી ભોગવતા થયા.

[મૂળ ગુજરાતી]

ઇન્ડિયન ઓપીનિયન, ૨૫–૧૧–૧૯૧૧

પ્રકરણ નવમું

આમ ત્રણે ભાઈઓ રાજકર્તા થઈ રહ્યા. સમશેરબહાદુર આબાદ થયો. ડૂંડલાના સિપાઈ વડે બીજા સિપાઈઓ પણ મેળવી શકયો. ઘરદીઠ એક સિપાઈ આપવાની રૈયત ઉપર ફરજ પાડી. આમ તેની પાસે સિપાઈઓની ઠીક સંખ્યા જામી. અને જો કોઈ તેની સામે થાય તો તે તુરત તેની સામે લડી પોતાનું ધાર્યું કરતો. આથી તેના મનમાં એવો ભરોસો આવ્યો કે આવી સ્થિતિ હમેશાં નભી રહેશે.

ધન્વંતરિ પણ સુખે દિવસ ગાળવા લાગ્યો. મૂર્ખાની પાસેથી મળેલા પૈસામાં પણ વધારો કર્યો. પોતાના રાજનું બંધારણ બાંધ્યું. લોકો ઉપર કર નાખી ખજાનો વધાર્યો. માથાદીઠ વેરો નાખ્યો. ગાડીઓવાળા પાસેથી તથા જોડા વગેરે વસ્તુઓ વેચનાર પાસેથી કર લીધા. બધા તેની ગરજ ભોગવતા થઈ પડયા એટલે તેને પણ એવો વિશ્વાસ બેઠો કે તેવી સ્થિતિ સદાયે કાયમ રહેશે.

મૂરખરાજ તો રાજ્યનો માલિક બન્યા છતાં, હતો તેવો રહ્યો. પોતાના સસરાની મરણક્રિયા કરીને પોતાના રાજ્યનો ઝભ્ભો ઉતારી એક કોરે મૂકી દીધો અને પોતાની પાણકોરાની બંડી અને ઓખાઈ જોડા ફરી ધારણ કર્યાં અને ખેતરમાં કામ કરવાનું ફરી શરૂ કર્યું. પોતાનાં માબાપ અને તેની બહેન મોંઘી તેની સાથે જ રહ્યાં.

લોકો કહેવા લાગ્યા કે, "આપ તો હવે બાદશાહ છો. આપને કામ કરવું ઘટે નહીં."

મૂર્ખે કહ્યું: "ત્યારે શું રાજા ખાય નહીં? અને જો ખાય, તો કામ ન કરે?"

જે ધોરણે મૂરખરાજે વહેવાર રાખ્યો તેમાં પૈસાની લેવડદેવડનો અવકાશ રહ્યો નહીં. તેથી સસરાના વખતના ચોવટિયા અમલદારો આવીને કહેવા લાગ્યા: "નામદાર, નોકરોના પગાર આપવાને સારુ ખજાનામાં પૈસા નથી."

મૂરખરાજે જવાબ આપ્યો: "ત્યારે તેઓને પગાર નહીં આપવા."

એક અમલદાર બોલી ઊઠયો: "આ પ્રમાણે તો કોઈ નોકરી નહીં કરે."

મૂરખરાજ બોલ્યો: "ભલે, આપણને તેઓની નોકરીનું કામ નથી. તેઓ જમીન ખેડશે તો બસ થશે. અને તેટલુંયે નહીં કરે તો ભૂખે મરશે."

Gandhi Heritage Portal

વળી લોકો મૂરખરાજની પાસે ન્યાય કરાવવા આવતા ત્યારે તેના ન્યાયનું ધોરણ વિચિત્ર લાગતું.

એક વેળા એક શેઠિયો પોતાના ઘરમાં થયેલી ચોરીની રાવ લાવ્યો.

મૂરખરાજે ઇન્સાફ આપ્યો: "જે માણસ પૈસા લઈ ગયો તેને તેની જરૂર હશે. એટલે ફરિયાદીએ શાંતિ રાખવી ઘટે છે."

આમ થવાથી લોકોમાં મૂરખરાજ નામ પ્રમાણે ગુણવાળો ગણાવા લાગ્યો. એક વેળા તેની રાણીએ તેને કહ્યું: "તમને તો બધા તમારા નામ પ્રમાણે જ ગુણ છે એમ માને છે."

મૂરખરાજે કહ્યું : "એ તો ભલી વાત થઈ."

રાણી કંઈક વિચારમાં પડી ખરી. પણ પોતે મૂર્ખાના જેવી સાદી અને ભલી હતી. એટલે મૂર્ખાના જવાબથી નારાજ ન થઈ. મનમાં તેણે વિચાર્યું : "શું હું મારા ધણીની સામે થાઉં? એ તો બને જ કેમ? જેમ સોય ચાલે તેમ દોરી તો તેની પાછળ ચાલશે જ." તેથી તે મોંઘીની પાસે ખેતરનું કામ શીખવા લાગી. તે કામમાં પાવરધી થઈ અને પોતાના ધણીને કામમાં મદદ કરવા લાગી.

પરિણામ એ આવ્યું કે ડાહ્યા-ડમરાઓ મૂર્ખાનું રાજ્ય છોડી ચાલ્યા ગયા, માત્ર સાદા રહ્યા. કોઈની પાસે ધનદોલત ન મળે. મહેનતમજૂરી કરી પોતાનું પોષણ કરવા લાગ્યા. અને તે ગામમાં વખતોવખત સાધુપુરુષો ચઢી આવતા, તેઓની આ બધા સાદા માણસો આગતાસ્વાગતા કરતા.

[મૂળ ગુજરાતી]
ઇન્ડિયન ઓપીનિયન, ૨–૧૨–૧૯૧૧

પ્રકરણ દસમું

સેતાન તો તેના ગુલામોની રાહ જોઈ રહ્યો હતો કે, તેઓ મૂરખરાજ અને તેના ભાઈઓને પછાડવાના ખબર ક્યારે લાવે. પણ ખબર તો ન આવ્યા. તે પોતે તપાસ કરવા નીકળી પડ્યો. ખૂબ ઢૂંઢતાં ત્રણ ગુલામોને જોવાને બદલે તેણે તો ત્રણ પાતાળિયા ખાડા જોયા.

આથી તેણે વિચાર્યું કે, "એટલું તો ચોખ્ખું દેખાય છે કે, ગુલામો પોતાના પ્રયત્નમાં સફળ નથી થયા. હવે તો મારે જાતે ગયે છૂટકો છે."

પછી તે પેલા ભાઈઓને શોધવા ગયો. તેણે જોયું કે તેઓ પોતાને અસલ ઠેકાણે ન હતા, અને ત્રણે જણ રાજ્ય કરતા હતા. આ તેને બહુ દુઃખરૂપ થઈ પડ્યું. પહેલો તે સમશેરને ત્યાં ગયો. સેતાને સેનાધિપતિનો વેશ લીધો હતો. સલામ કરીને સેતાન બોલ્યો : "મહારાજાધિરાજ, મેં સાંભળ્યું છે કે આપ બહાદુર લડવૈયા છો. આપની કૃપાથી લડાઈનું કામ હું બહુ સારું જાણું છું. અને બંદાને નોકરી આપશો તો મારી ફરજ બજાવીશ."

સમશેર ભોળવાયો, લલચાયો ને સેતાનને નોકર રાખ્યો.

નવા સેનાધિપતિએ નવા સુધારા ખૂબ દાખલ કર્યા. ઘણા માણસો જે તેના મનને વગર ધંધાવાળા લાગતા હતા, તેઓને સિપાઈગીરી કરવાની ફરજ પાડી. જુવાનિયામાત્રની પાસે સિપાઈગીરીની નોકરી લીધી. આમ એક તરફથી સિપાઈઓ વધ્યા, અને બીજી તરફથી દારૂગોળાનું ખર્ચ વધ્યું. નવી તોપો એવી બનાવી કે જેમાંથી પાંચસેં ગોળા એકદમ છૂટે.

Gandhi Heritage Portal

સમશેરને આ બધું ગમ્યું. હવે આટલા બધા સિપાઈને કંઈક ધંધો તો ચોક્કસ જોઈએ. તેથી તેણે પાસેના રાજાની સામે લડાઈ શરૂ કરી. તેની નવી તોપોથી પાસેના રાજાનું અડધું લશ્કર માર્યું ગયું. તે બીધો, શરણે ગયો, પોતાનું રાજ્ય સમશેરને સોંપ્યું. સમશેર બહુ ખુશી થયો. તેનો લોભ વધ્યો, એટલે તેણે વળી બીજા રાજાની ઉપર ચડાઈ કરવાનો મનસૂબો કર્યો.

સમશેરના નવા દારૂગોળાની વાત બધે ફેલાઈ હતી. આ બીજા રાજાએ સમશેરની નકલ કરી. પોતાનાં લશ્કર, દારૂગોળો વગેરે વધાર્યાં. સમશેરના સુધારામાં વળી ઉમેરો પણ કર્યો. તેણે જુવાન મરદોને લડવાની ફરજ પાડી એટલું જ નહીં પણ વગર પરણેલી ઓરતો પાસે પણ સિપાઈગીરું કરાવ્યું. તેણે વળી હવાઈ વહાણો બનાવી તેમાંથી શત્રુઓની ઉપર દારૂગોળો નાખવાની યુક્તિ શોધી કાઢી હતી.

સમશેર પોતાના મદમાં આવા રાજાની સામે લડવા ચાલ્યો. પણ તેનું લશ્કર સામેના લશ્કરને દારૂગોળો અસર કરે એટલે સુધી પહોંચ્યું તે પહેલાં તો શત્રુના લશ્કરની ઓરતો દારૂગોળાનો વરસાદ હવામાંથી વરસાવવા લાગી. સમશેર હાર્યો. જીવ લઈને નાઠો, અને પોતાનું રાજ્ય ખોયું.

સેતાન ફૂલાયો. હવે ધન્વંતરિ પાસે પહોંચ્યો. અહીં વેપારીને વેશે આવ્યો.

ધન્વંતરિના રાજ્યમાં પોતે પેઢી ખોલી. લોકોને વધારે દામ આપી તેઓનો માલ ખરીદી લેવા લાગ્યો.

સેતાનને ત્યાં વેચનારાઓની ભીડ બેહદ થવા લાગી. લોકો ઝપાટાભેર ધન્વંતરિને કરો ભરવા લાગ્યા. ધન્વંતરિ ખુશ થયો ને વિચાર્યું : "મારા રાજ્યમાં આ નવો વેપારી ભલે આવ્યો. હવે મને વધારે પૈસા મળશે ને હું વધારે સુખ માણીશ."

આમ વિચારી ધન્વંતરિએ સુધારા આદર્યા. નવો મહેલ ચણવાનું શરૂ કર્યું. લોકોને તેણે પથરા ને લાકડાં આણવાનો હુકમ કર્યો. મજૂરો બોલાવ્યા. દહાડિયું સરસ આપવાનું જાહેર કર્યું. અને પોતાના મનમાં ધારી લીધું કે લોકો હોંશે કામ કરવા આવશે. આમાં તે ખોટો હતો એમ તેને તુરત માલૂમ પડ્યું. બધું લાકડું, બધા પથરા અને મજૂરો પેલા સેતાન વેપારીને ત્યાં પહોંચ્યાં હતાં. ધન્વંતરિએ સેતાનના કરતાં વધારે પૈસા આપવાનાં કહેણ મોકલ્યાં. એટલે સેતાન તેની ઉપર પણ ચડ્યો. ધન્વંતરિની પાસે પુષ્કળ પૈસો હતો. સેતાનની પાસે તેથી વધારે હતો. એટલે સેતાન ધન્વંતરિ કરતાં વધતો જ ગયો. રાજાનો મહેલ મહેલને ઠેકાણે રહ્યો. ધન્વંતરિએ બગીચો બનાવવાની શરૂઆત કરી પણ મજૂરો તો સેતાનને ત્યાં તળાવ ખોદતા હતા. જે કંઈ વસ્તુ જોઈએ તે બધીનો જમાવ સેતાનને ત્યાં થયેલો માલૂમ પડ્યો.

ધન્વંતરિ વિચારમાં પડ્યો. કામદારો બધા સેતાનને ત્યાં જાય અને ધન્વંતરિને માગ્યા કર મળે. આથી તેની પાસે પૈસો એટલો થયો કે તેને ક્યાં સાચવવો એ વિચારવાની વાત થઈ પડી. જીવવું પણ ભારે થઈ પડ્યું. ધાતુ સિવાય દરેક વસ્તુની તાણ પડવા લાગી. રસોઈયા, ગાડીવાળા વગેરે પેલા વેપારીને ત્યાં જવા લાગ્યા. બજારમાંથી ખાવાનું પણ ન મળે. બધું વેપારીએ ખરીદી લીધું.

ધન્વંતરિ ખિજાયો. વેપારીને દેશપાર કર્યો. એટલે તેણે ધન્વંતરિની સરહદની બહાર છાવણી નાખી. તેથી સ્થિતિ આગળના જેવી જ રહી. ધન્વંતરિની પાસે જવાને બદલે લોકો તો સેતાનના પૈસાથી અંજાઈ તેની પાસે જ જતા રહ્યા.

રાજાનું શરીર દુર્બળ થતું ગયું. ખાવાના સાંસા પડ્યા. તે ગભરાયો. શું કરવું તે સૂઝે નહીં. તેવામાં ખસિયાણો થયેલો સમશેર આવી પહોંચ્યો ને બોલ્યો : "ભાઈ, મને તું મદદ કર. મારું તો બધું હું હારી છૂટ્યો છું. અને જીવ લઈને નાઠો છું."

Gandhi Heritage Portal

ધન્વંતરિ પોતે દુ:ખ દરિયામાં ડૂબેલો! એ શું મદદ કરે? "મને તો ખાવાનાયે સાંસા છે. બે દિવસનો ભૂખ્યો છું. મારા પૈસા ગળે પથરા જેવા થઈ પડયા છે. માગ્યાં મૂલ દેતાં પણ કોઈ મારું કામ કરવા આવતું નથી. તું તારું દુ:ખ રડીશ, કે હું મારું તારી પાસે રડું?" એમ બોલી ઊંડો નિસાસો નાખી ધન્વંતરિ મૂગો રહ્યો.

[મૂળ ગુજરાતી]

ઇન્ડિયન ઓપીનિયન, ૯–૧૨–૧૯૧૧

પ્રકરણ અગિયારમું

આમ બે ભાઈને પાયમાલ કરી સેતાન મૂરખરાજની પૂંઠે પડયો. પોતે સેનાપતિ બન્યો. મૂરખરાજની પાસે આવી કહ્યું, "મહારાજ, આપની પાસે લશ્કર હોવું જોઈએ. આપ બાદશાહ ગણાઓ, અને લશ્કર ન હોય એ શોભીતી વાત નથી. આપ મને હુકમ કરો કે તુરત હું માણસો એકઠાં કરીને તેઓને શીખવી સિપાઈ બનાવીશ."

મૂરખરાજે સાંભળ્યું, અને બોલ્યો : "ભલે, એક લશ્કર બનાવો; તેઓને ગાતાં શીખવવું, કારણ કે મને ગાવું પસંદ છે."

સેતાન ગામમાં ફરી વળ્યો. બધાને સિપાઈગીરી લેવાનું સમજાવ્યું, અને લાલચો આપી. માણસો હસી પડયા, લાલચોની કંઈ અસર ન થઈ અને બધાએ ના પાડી.

સેતાન મૂર્ખા પાસે ગયો અને બોલ્યો : "આપની રૈયત પોતાની મેળે લશ્કરી કામ શીખે એવું લાગતું નથી. તેઓને તો ફરજ પાડવી પડશે."

મૂર્ખો બોલ્યો : "ભલે એમ અજમાવી જો."

એટલે સેતાને દાંડી પિટાવી કે જે કોઈ માણસ, વગર કારણે લશ્કરી ખાતામાં દાખલ નહીં થાય તેને ફાંસી દેવામાં આવશે.

લોકો આ સાંભળીને સેતાનની પાસે આવ્યા, અને બોલ્યા : "તમે એમ દાંડી પિટાવી છે કે, જો અમે લશ્કરી ખાતામાં દાખલ નહીં થઈએ તો અમને ફાંસી મળશે. પણ અમે દાખલ થઈએ તો અમારે શું કરવું પડશે, અને અમારું શું થશે એ તો તમે જણાવ્યું નથી. કોઈ તો એમ કહે છે કે સિપાઈઓને વગર કામનું મરવું પણ પડે છે."

સેતાને જવાબ દીધો : "એમ પણ કોઈ વેળા બને."

આવું સાંભળી લોકે હઠ પકડી અને લશ્કરમાં દાખલ થવાની ના પાડી. તેઓ બોલી ઊઠયા : "ગમે તે પ્રકારે અમારે મરવું તો છે જ. ત્યારે ભલે અમે ઘેર બેઠાં ફાંસીએ જ ચડીએ."

સેતાન ખિજાઈ બોલ્યો : "તમે બધા બેવકૂફ છો. લડાઈમાં તો મરીએ પણ ને મારીએ પણ. જો તમે દાખલ નહીં થાઓ તો તો તમારું મોત ખચીત જ છે."

આથી લોકો જરા મૂંઝાયા, અને મૂરખરાજની પાસે ગયા, અને કહેવા લાગ્યા : "આપનો સેનાપતિ કહે છે કે અમે લશ્કરી ખાતામાં દાખલ નહીં થઈએ તો આપ અમને બધાને ફાંસી દેશો. શું આ વાત ખરી છે?"

મૂર્ખો હસીને બોલ્યો : "હું એકલો તમને બધાને કઈ રીતે ફાંસીએ ચડાવું? હું તો મૂર્ખો કહેવાઉં. એટલે તમને આ બધું સમજાવી શકતો નથી. પણ સેનાપતિનું બોલવું હું પોતે નથી સમજતો."

Gandhi Heritage Portal

બધા બોલી ઊઠયા : "ત્યારે અમે કદી દાખલ થઈશું નહીં."

મૂર્ખો બોલ્યો : "એ બહુ ઠીક વાત છે. ન થજો." એટલે લોકોએ સેનાપતિને ચોખ્ખી ના પાડી.

સેતાને જોયું કે તેના દાવમાં તે ન ફાવ્યો. તેથી તે મૂરખરાજને છોડી પાસેના રાજા આગળ ગયો અને નીચે પ્રમાણે બોલ્યો : "મહારાજાધિરાજ! મૂરખરાજનો દેશ મેં જોયો છે. તેના માણસો નમાલા છે. તેમની પાસે પૈસો નથી, પણ દાણા, ઢોર વગેરે ખૂબ છે. આપ જો લડાઈ કરો તો એ બધું લૂંટી લેવાય."

રાજા ફુલાયો અને લલચાયો. તેણે લડાઈની તૈયારી કરી દારૂગોળો એકઠો કર્યો. અને મૂરખ-રાજની સરહદ ઉપર પડાવ નાંખ્યો.

લોકોને ખબર પડતાં તેઓ મૂર્ખા પાસે આવ્યા અને બોલ્યા : "કોઈ રાજા આપણી ઉપર ચડાઈ કરવા આવે છે."

મૂર્ખો બોલ્યો : "ભલે આવે. તેને આવવા દો."

રાજાએ સરહદ ઓળંગી ને મૂખરાજનું લશ્કર તપાસવા પાગિયા મોકલ્યા. લશ્કર તો ના મળે એટલે પાગિયા શું શોધે? રાજાએ પોતાનું લશ્કર લૂંટ કરવા મોકલ્યું. મરદો અને ઓરતો તાજુબી પામી સિપાઈઓને જોવા લાગ્યાં. સિપાઈઓએ અનાજ અને ઢોર ઉપર હાથ નાખ્યો. લોકો સામે ન થયા. સિપાઈઓ જ્યાં જાય ત્યાં આમ જ બન્યું. લોકો સિપાઈઓને કહેવા લાગ્યા, તમારે અમારા દાણા અને ઢોરની ખપ હોય તો ભલે લઈ જાઓ. પણ તમારા ગામમાં તેની તંગી હોય તો તમે અમારા ગામમાં આવીને વસો. એમ કરશો તો તમને દાણો સારી જવાની અને ઢોર હાંકી જવાની તકલીફ ઓછી થશે.

આવાં વચન સાંભળી પ્રથમ તો સિપાઈઓ હસ્યા, પછી વિચારમાં પડયા. કોઈ સામે ન થાય એટલે લૂંટમાં તો સ્વાદ રહ્યો નહીં.

તેઓ થાકયા. રાજાની પાસે નિરાશ થઈ પાછા ગયા ને બોલ્યા, "આપે અમને લડવા મોકલ્યા પણ અમે કોની સાથે લડીએ? અહીં તો અમારી તલવાર હવામાં ઉગામવા જેવું છે. કોઈ અમારી સામે જ થતું નથી. ઊલટા તેઓ પોતાની પાસે હોય તે અમને સોંપી દે છે. અહીં અમે શું કરીએ?"

રાજા ગુસ્સે થયો. સિપાઈઓને દાણા, ઘર વગેરે બાળી નાખવાનો અને ઢોરને કાપી નાખવાનો હુકમ કર્યો અને બોલ્યો : "જો મારા હુકમ પ્રમાણે નહીં ચાલો તો હું તમને બધાને કતલ કરીશ."

આ સાંભળી સિપાઈઓ બીધા; અને હુકમ પ્રમાણે કરવા ચાલ્યા. તેઓ ઘરબાર બાળવા લાગ્યા છતાં તેઓ સામે ન થતાં નાના મોટા બધા રોવા લાગ્યા અને બોલ્યા : "તમે આમ શું કામ કરો છો? અમારો માલ તમને જોઈએ તો લઈ જાઓ પણ નકામું નુકસાન ન કરો તો તમારો પાડ."

સિપાઈઓ પીગળી ગયા. તેઓએ લૂંટફાટ કરવાની ચોખ્ખી ના પાડી. અને રાજાને છોડી ચાલતા થયા.

[મૂળ ગુજરાતી]

ઇન્ડિયન ઓપીનિયન, ૧૬–૧૨–૧૯૧૧

Gandhi Heritage Portal

પ્રકરણ બારમું

આમ સેતાન નાસીપાસ થયો. તેનું સેનાપતિપણું મૂરખરાજની રૈયત આગળ કામ ન આવ્યું, એટલે હવે ભાઈબંધ નાણાવટી બન્યો. તેણે મૂર્ખાના રાજમાં નાણાવટીની દુકાન કાઢી. નાણાંથી મૂરખરાજને અને તેની રૈયતને ભમાવવાની તેણે આશા બાંધી.

સેતાન મૂરખરાજ કને જઈ બોલ્યો : "આપનું ભલું કરવા મારી ઉમેદ છે. હું આપની રૈયતને ડહાપણ શીખવવા માગું છું. એક કોઠી હું આપના રાજ્યમાં રહી સ્થાપવા ઇચ્છું છું."

મૂરખરાજે જવાબ આપ્યો : "મારા રાજમાં સુખેથી રહો, ને જે કંઈ ઠીક હોય તે કરો."

બીજે દહાડે સેતાને ચૌટામાં જઈ માણસોને એકઠા કર્યા. તેની પાસે મહોરોની થેલી હતી. તે બોલ્યો, "તમે લોકો ઢોરની માફક રહેતા જણાઓ છો. માણસને છાજે તેમ રહેતાં તમને શીખવવાની મારી મરજી છે. તમને બતાવું એ પ્રમાણે ઘર બાંધવામાં મને મદદ કરો. મારી દેખરેખ નીચે તમારે કામ કરવું ને હું તમને મહેનતાણા બદલ સોનાની મહોરો આપીશ."

આટલું કહી તેણે મહોરો બતાવી.

મહોરો જોઈ લોકો અચંબો પામ્યા. તેઓમાં નાણાંનું ચલણ ન હતું. તેઓ એકબીજાની સાથે માલનું સાટું કરતા. ખેડૂતો દાણાએથી કાપડિયા પાસેથી માલ લે, મજૂર જોઈએ તો દાણો દઈ મજૂરી લે. "આ કેવાં ચકચકિત ચકતાં છે" એમ કહી તેઓ હસવા લાગ્યા.

લોકોની આંખને ગમ્યાં તેથી તેઓ તો વગર વિચાર્યે પોતાનો માલ સેતાનને આપી મહોરો એકઠી કરવા લાગ્યા.

સેતાન રાજી થયો. તેણે વિચાર્યું : "હવે મને લાગ ફાવ્યો છે. લોકોનો બધો માલ લઈ શકીશ ને તેઓને પાયમાલ કરી શકીશ."

પણ સેતાનની ગણતરી ખોટી પડી. લોકો કંઈ નાણું સમજીને મહોરો નહોતા લેતા. તેઓને મન તો સિક્કા તે રમકડાં હતાં. તે બધી મહોરો પોતાનાં છોકરાંછૈયાંને આપી દેતા હતા. જ્યારે સિક્કાની છત થઈ એટલે લોકો તે લેતા બંધ પડી ગયા.

દરમ્યાન સેતાનનો મહેલ પૂરો ચણાયો ન હતો. તેના કોઠારમાં તેને જોઈતો હતો એટલો દાણો પણ એકઠો નહોતો થયો. એટલે તેણે મજૂર વગેરેને બમણા સિક્કા આપવાનું કહ્યું.

મજૂરો કે ખેડૂત શાના આવે? તેઓને સેતાનની મજૂરી પેટને ખાતર કર્યાની હાજત ન હતી. કોઈ વેળા છોકરાંઓ સેતાનની પાસે પહોંચી જાય ને થોડાં બોર આપી સિક્કા રમવાને સારુ લઈ આવે. બોરથી કાંઈ સેતાનનું પેટ ન ભરાય, એટલે સેતાનને તો છતે નાણે ખાવાના સાંસા પડવા લાગ્યા.

તે ઠેકાણે ઠેકાણે ભમવા લાગ્યો, ને તેણે મહોરો આપી ખાવાનું માગ્યું. સહુએ કહ્યું કે તેઓની પાસે રમકડાં પુષ્કળ હતાં, એટલે ન જોઈએ.

એક ખેડૂતને ત્યાં જતાં તેને નીચેનો જવાબ મળ્યો: "ભાઈ, મારે તારી મહોરો તો ન જોઈએ. પણ જો તું ભૂખ્યો હોય તો ઈશ્વરપ્રીત્યર્થે તને ખાવાનું આપીએ."

ઈશ્વરનું નામ સાંભળતાં જ સેતાન નાઠો. ઈશ્વરનું નામ જ્યાં લેવાય ત્યાં સેતાન ઊભો પણ શાનો રહે? તો પછી ઈશ્વરને નામે કંઈ તે ખાવાનું લે?

સેતાન હવે મૂંઝાયો. પૈસા સિવાય બીજું તો તેની કને હોય શું? કામનું તો નામ નહીં. જો મજૂરી કરીને પેટ ભરે એવી સ્થિતિ હોય તો પછી સેતાન કેમ ગણાય? હવે તે ગુસ્સે

Gandhi Heritage Portal

થયો ને બોલી ઊઠ્યો: "તમે લોકો જાનવરથી પણ ખરાબ છો. અક્કલના તો બારદાન લાગો છો. પૈસાથી આખું જગત લેવાય પણ તમને તો ગમે તેટલા પૈસા આપું છતાં અસર નથી."

લોકો બોલ્યા: અમે તારા પૈસાને શું કરીએ? અમારે કરવેરા નથી ભરવા પડતા.

આમ સેતાન અનાજ વગર ભૂખે દિવસ ગુજારવા લાગ્યો.

[મૂળ ગુજરાતી]

ઇન્ડિયન ઓપીનિયન, ૨૩–૧૨–૧૯૧૧

પ્રકરણ તેરમું

સેતાન ભૂખે મરવા લાગ્યો એ વાત લોકોએ મૂર્ખાને કહી. મૂર્ખો બોલ્યો: "આપણે તેને ભૂખે ન મરવા દેવો. બધાએ એક એક દિવસ ખાવાનું આપવું."

સેતાન નિરુપાય થયો. તેને ભીખ કબૂલ કરવી પડી. એક દહાડો તે મૂર્ખાને ઘેર વારા પ્રમાણે ખાવા આવ્યો. (મૂરખરાજને ત્યાં રાજા-રૈયત વચ્ચે આવી બાબતમાં ભેદ ન હતો.) મૂંગી ખાવાનું તૈયાર કરતી હતી. મૂંગી અનુભવી હતી. ઘણી વાર આળસુ લોકો કંઈ કામ કર્યા વિના વહેલા ખાઈ જતા. આથી મૂંગી અકળાયેલી. માણસના હાથ ઉપરથી તે જાણતી કે માણસો મહેનતુ છે કે આળસુ. જેના હાથ ઉપર કોદાળીનાં આંટણ ન પડ્યાં હોય તેને આળસુ માની, આંટણવાળા માણસો જમી રહે તે પછી આળસુ માણસોને તે ખાવાનું દેતી.

હવે મૂંગીએ સેતાનના હાથ જોયા. તે તો લીસા ને આંટણ વિનાના હતા. એટલે મૂંગીએ તેને ઇશારો કરી સમજાવ્યું કે તેને મજૂરો ખાઈ લેશે પછી ખાવાનું મળશે.

મૂંગીની માએ સેતાનને સમજ પાડી. સેતાન શરમાયો, ને નારાજ થઈને બોલ્યો: "તમારો કાયદો તો આંધળો લાગે છે. બધા માણસોએ અંગમહેનત કરવી જોઈએ એવું તો મેં તમારા રાજ્યમાં જ જોયું. શું તમે એમ માનો છો કે અક્કલવાન માણસોએ પણ મજૂરી કરવી પડે?"

મૂરખરાજ બોલ્યો: "એ તો મને ખબર ન પડે. અહીં તો બધું કામ હાથે ને પગે થાય છે."

સેતાને કહ્યું: "માણસો અક્કલ વિનાના છે તેથી સ્તો. તો પણ મગજશક્તિથી કેમ કામ કરવું એ હું તમને બધાને શીખવી શકું છું. પછી તમને માલૂમ પડશે કે હાથપગ વડે કામ કરવા કરતાં મગજ વડે કામ કરવું એ વધારે ફાયદાકારક છે."

મૂરખરાજ તાજુબી પામ્યો ને બોલ્યો: "ત્યારે તો હું મૂર્ખો કહેવાઉં છું એમાં કંઈ ખોટું નહીં."

સેતાને પોતાનું ભાષણ જારી રાખ્યું: "પણ એટલું યાદ રાખવું કે મગજથી કામ કરવું એ સહેલ નથી. મારા હાથ ઉપર આંટણ નથી તેથી તમે લોકો મને આળસુ ગણી બીજાની પછી ખાવાનું આપો છો. તમે ખાતરીથી માનજો કે હાથથી કામ કરવા કરતાં મગજથી કામ કરવું એ સો ગણું મુશ્કેલ છે. કેટલીક વાર મગજ ચિરાઈ જાય છે."

મૂરખરાજ વિચારમાં પડ્યો ને બોલ્યો: "એમ છે તો એટલી તકલીફ શાને સારુ વેઠો છો ભાઈ? માથું ચિરાય એ કંઈ ઠીક લાગતું હશે? હાથપગ વતી સહેલું કામ કરવું એ ઠીક નહીં?"

સેતાન બોલ્યો: "હું એટલી તકલીફ તમો લોકોને સારુ ઉઠાવું છું. જો હું તેમ ન કરું તો તમે બધા સદાયના મૂર્ખા રહો. મૂરખને જ્ઞાન આપવું એ જ અમારા જેવા માણસોનું કામ છે. તેથી અમે પરમાર્થી કહેવાઈએ છીએ. મને મગજથી કામ કરતાં આવડે છે તે બધું તમને બધાને શીખવવા તૈયાર છું."

Gandhi Heritage Portal

મૂરખો વધારે વિચારમાં પડયો ને બોલ્યો: "ત્યારે તો, ભાઈ, અમને જરૂર શીખવ. અમારા હાથપગ થાકશે ત્યારે અમે મગજનો ઉપયોગ કરશું."

સેતાને શીખવવાનું વચન આપ્યું. મૂરખરાજે લોકોમાં જાણ કરી કે એક ગૃહસ્થ લોકોને મગજ વતી કામ કરતાં શીખવશે. જ્યારે તેઓના હાથપગ ભાંગે ત્યારે મગજ વાપરવું. ને મગજથી કામ વધારે થાય છે એમ એ ગૃહસ્થ કહે છે.

મૂરખરાજના ગામમાં એક ઊંચો મિનારો હતો. તેને ઊંચી ને સીધી સીડી હતી. તે મિનારા ઉપર સેતાનને મૂરખે મોકલ્યો કે જેથી બધા લોકો તેને જોઈ શકે, ને સાંભળી શકે.

સેતાન અગાસીએ ચડયો. લોકો તેને જોવા ને સાંભળવા આવ્યા. લોકોના મનમાં તો એમ હતું કે હાથને બદલે મગજ કેમ વાપરવું તે કંઈક કળા કરી સેતાન શીખવશે. તેને બદલે સેતાને તો ભાષણ શરૂ કર્યું ને લોકો અંગમહેનત કર્યા વગર કેમ નભી શકે એ બોલવા લાગ્યો. લોકો તો આ બધું ન સમજ્યા. થાકીને પોતપોતાને કામે ચડયા.

સેતાન તો બરાડા પાડયા જ કરે. આવતા જતા લોકો સાંભળે, ઊંચે જુએ ને ન સમજે એટલે ચાલતા થાય. અગાસી ઉપર ખાવાનું હતું નહીં. સહુના મનમાં હતું કે મગજથી કામ કરી સેતાન પોતાના ખાવાનો બંદોબસ્ત કરતો હશે, એટલે કોઈને ખાવાનું પહોંચાડવાનું ન સૂઝયું.

મૂરખરાજે પુછાવ્યું: "કેમ, પેલા ગૃહસ્થે મગજ વતી કામ કરતાં શીખવ્યું કે?"

લોકો બોલ્યા: "ના જી, એ તો બોલ બોલ કર્યા કરે છે."

બોલતો બોલતો સેતાન થાકયો. ભૂખથી નબળો પડયો. તે લથડ્યો, અગાસીની દીવાલ સામે તેનું માથું પછડાયું. આથી લોકોને લાગ્યું કે ગૃહસ્થે મગજથી કામ કરવાનું શરૂ કર્યું. મૂરખરાજને ખબર મળી કે ગૃહસ્થ હવે મગજ વતી કામ કરવાનું બતાવવા લાગ્યો છે.

આ સાંભળી મૂરખ મિનારા પાસે આવ્યો. મૂરખ પહોંચ્યો ત્યારે તો સેતાન તદ્દન લેવાઈ રહ્યો હતો. તેથી તેનું માથું પછડાયા જ કરતું હતું. તે ઊતરવા ગયો પણ પગમાં જોર નહીં તેથી તે પગથિયે પગથિયે માથું પછાડતો નીચે પડયો.

મૂરખ બોલ્યો: "ગૃહસ્થ કહેતો હતો એ વાત તો ખરી. તે કહેતો હતો કે કેટલીક વાર મગજ વતી કામ કરતાં તે ચિરાઈ જાય છે. આ તો હાથમાં આંટણ પડે તેના કરતાં પણ ખરાબ કહેવાય. આવી રીતે કામ કરતાં તો માથા ઉપર મોટાં ઢીમણાં ઊઠશે."

મૂરખ તેની પાસે જઈ તેણે કેટલું કામ કર્યું તે તપાસવા જતો હતો. પણ સેતાન નીચે પડયો કે તુરત ધરતીમાં સમાઈ ગયો ને માત્ર તે જગાએ ખાડો જોવામાં આવ્યો.

મૂરખરાજ હવે સમજ્યો કે સેતાન પડયો તે કંઈ કરતાં નહીં, પણ તમરી ખાવાથી પછડાયો. તે બોલ્યો: "આ તો પેલા ગુલામ આવેલા તેનો બાપ જણાય છે."

આમ સેતાનનું મૂર્ખાની પાસે બળ ન ચાલ્યું. મૂરખરાજના રાજ્યમાં તો ઘણા સારા માણસો એકઠા થવા લાગ્યા. તેના બંને ભાઈ તેને શરણ આવ્યા. તેઓ મૂરખાની સાદી પણ ભવ્ય રહેણીનું રહસ્ય સમજ્યા. તેઓએ પણ તેવી સાદાઈ પકડી. તે સહુ નીતિધર્મ સાચવી, સત્યનું સેવન કરી, અંગમહેનત કરી, સુખેથી કાળ ગુજારવા લાગ્યા.

[મૂળ ગુજરાતી]

ઇન્ડિયન ઓપીનિયન, ૩૦–૧૨–૧૯૧૧

Gandhi Heritage Portal

૧૩૭. હરિલાલ ગાંધીને લખેલા પત્રનો અંશ[૧]

[ઑક્ટોબર ૭, ૧૯૧૧ની આસપાસ][૨]

. . . મણિલાલ અડાલજ ગુજરી ગયા. આ ફેર વર્ત્યો છે. તમને આમાંથી બોધ લેવાનો છે. તમે આધુનિક પદ્ધતિના ભણતરના મોહમાં શરીરને ખોઈ ન બેસો એવું ઇચ્છું છું. મારા વિચારો આ બાબત તમને મેં જણાવ્યા છે એટલે વધારે નથી લખતો.

મને કૉંગ્રેસના પ્રમુખ થવાનું આમંત્રણ આવ્યા જેવું છે. મેં મને પૂરી સ્વતંત્રતા મળવાની શરતે સ્વીકાર્યું છે. હું આ પદ ઇચ્છતો નથી, પણ જો મારે આવવું જ પડશે તો આપણે તે વખતે મળશું.

[મૂળ ગુજરાતી]

ગાંધીજીના હસ્તાક્ષરમાં લખાયેલા મૂળ પત્ર પરથી: સી. ડબ્લ્યુ. ૬૭૫

૧૩૮. ડૉ. પ્રાણજીવન મહેતાને પત્ર

આસો વદ ૨ [ઑક્ટોબર ૧૦, ૧૯૧૧][૩]

ભાઈશ્રી પ્રાણજીવન,

તમારા બે કાગળોનો જવાબ મેં નથી વાળ્યો કેમ કે યુરોપ તો લખવાનું જ ન હતું.

હરિલાલનો ઇરાદો મૅટ્રિકની પરીક્ષા આપવાનો છે. મેં તેને ઘણુંયે સમજાવ્યો કે તેમાં કંઈ જ નથી. પણ તેને તે ઘૂંટડો ઊતરતો નથી. ડિગ્રીઓ વિષે મારો અગાઉ મોહ હતો તે અવસ્થાને તે વળગી રહેલ છે તેનો દોષ શો કાઢવો? હું તો એટલું જ ધારી લઉં છું કે તેને ભાન હજુ આવશે. તેના હેતુ સારા છે એમ લાગે છે.

ભાઈ મણિલાલ[૪] ડરબન ગયે સોમવારે પહોંચ્યા. ગઈ કાલે (સોમવારે) ડરબન છોડયું. આવતી કાલે અહીં (ફાર્મ પર) પહોંચશે. તેનો કાગળ ફિનિક્સથી હતો તેમાં તેને ફિનિક્સ પસંદ આવ્યું એમ જણાવે છે. છગનલાલ પણ તેવું જ લખે છે. હવે જોઈએ અહીં શું બને છે.

મને કૉંગ્રેસના પ્રમુખ થવા બાબત નોતરું આવ્યું છે. કોના તરફથી છે એ બરોબર કળી શકાતું નથી. તાર નાતાલની કૉંગ્રેસ પર હતો. કૉંગ્રેસે તો તા[૨] કરી દીધો છે કે હું જઈ શકું છું. મેં ખાનગી તાર[૫] કર્યો છે કે મારી સ્વતંત્રતા જળવાય ને મારી ખાસ જરૂર ગણતા

૧. પત્રનું પહેલું પાન મળ્યું નથી; આ બીજું પાન છે.

૨. ઇન્ડિયન નેશનલ કૉંગ્રેસના પ્રમુખ થવા માટે ગાંધીજીની સંમતિ માગવામાં આવી છે એ વાત ૩૦ સપ્ટેમ્બર, ૧૯૧૧ સુધીમાં જાહેર થઈ ગઈ હતી. જુઓ "મિ. ગાંધીને નેશનલ કૉંગ્રેસના પ્રમુખ થવાનું આમંત્રણ", પા. ૧૭૪. ૭–૧૦–૧૯૧૧ના ઇન્ડિયન ઓપીનિયનના એક સમાચાર પ્રમાણે આ બાબતમાં ગાંધીજીએ પોતે જ કેબલથી જવાબ આપેલો. એટલે આ કાગળ તે ગાળામાં લખાયો હોવો જોઈએ.

૩. ભારતીય રાષ્ટ્રીય કૉંગ્રેસના અધ્યક્ષપદનો સ્વીકાર કરવાની બાબતમાં ગાંધીજીને સન ૧૯૧૧માં પૂછવામાં આવ્યું હતું. તે વર્ષે આસો સુદ ૨, ઑક્ટોબરની ૧૦મી તારીખે હતી.

૪. મણિલાલ ડૉક્ટર.

૫. આ તાર મળતો નથી.

Gandhi Heritage Portal

હોય તો જ મને બોલાવવો નહીં તો મુક્ત રાખવો. આ તારને આજ લગભગ ૧૨ દિવસ થયા હજુ જવાબ ફરી વળ્યો નથી. તે ઉપરથી એમ અનુમાન કરું છું કે યા તો કલકત્તાથી આવેલો તાર નોતરું ન હતું પણ માત્ર ખબર પુછાવેલી યા તો મારી શરત ઠીક નથી લાગી.

ત્યાં જલદી જાથુકને સારુ આવવા તમારો આગ્રહ પૂરો છે એમ હું સમજું છું. મને તે વાત ગમે છે ને અહીંથી છૂટ્યો કે તુરત ત્યાં પહોંચીશ. પણ અહીંની વ્યવસ્થા કરી લેવાની તો જરૂર જોઉં છું. દુકાળને વખતે હું કામ કરવા પહોંચું તે તો બનવા જોગ નથી. દુકાળ ભયંકર પડ્યો છે એ હું જોઈ શક્યો છું. પાસ્તરનો [પાછોતરનો] વરસાદ ઘણાને સારુ લગભગ નકામો છે એ પણ સમજું છું.

દુનિયાની સેવા કરવાના મોહના પાપમાં હું પડું એવું ન ધારશો. હું બરોબર સમજું છું કે મારું કામ તો હિંદુસ્તાનમાં જ હોય ને તે પણ ગુજરાતમાં ને ખરું તો કાઠિયાવાડમાં.

ઇ. ઓ.માં લખાણો કેટલાંય સરસ થયાં જ કરે છે. ને ઘણી વેળા દ્વેષ પણ થાય છે કે એમાં જે આવે છે તેનો પૂરો ઉપયોગ નથી થઈ શકતો. મિસ સ્મિથના કાગળો નીરસ હોય છે એ પણ બરોબર છે. છતાં એ બંધ કરવાની ઇચ્છા નથી થતી. તેની લાગણી નિર્મળ છે. તેને હું પૈસા કંઈ નથી આપતો. તે તો હું વિલાયતમાં[1] હતો ત્યારે જ બંધ કરેલા. પણ મિસ સ્મિથે વગર પૈસે લખ્યા કરવાની માગણી કરી. તે મેં સ્વીકારી. કેટલાક કાગળો તો તે મોકલે છે એ હું છાપવા મોકલતો પણ નથી. ગયે મહિને જ લેખ રદ કર્યો. તેમાં એ માઠું લગાડે એમ નથી. તેના ભારને લઈને એકદમ તેનું લખાણ બંધ કરવું તે ઉચિત નથી લાગતું.

તમારો કૅલનબૅકની સાથે મેળાપ થયા પછીનો કાગળ મને નથી મળ્યો. ગયે અઠવાડિયે તમારો કાગળ હતો જ નહીં. માત્ર એક ચોપાનિયું જ તમારા તરફથી મળ્યું. જસમાની ગરબી ઇ. ઓ.માં જોઈ હશે. તે લોકોને પસંદ પડવાથી નોખી પણ છાપી છે. તેની નકલ તમને મોકલવા મેં ફિનિક્સ લખ્યું છે. તે ગરબી આનાયાસે છગનલાલના હાથમાં આવી. મને તો લાગે છે કે તે ગરબીમાં ઘણી જ મીઠી ને સરળ ભાષામાં પ્રૌઢ જ્ઞાનનો સમાવેશ કવિએ કર્યો છે. તેનો બનાવનાર કોણ છે એ ખબર નથી મળી શકયા. તે વાંચીને તમારા મન ઉપર શી છાપ પડે છે તે જણાવજો.

મોહનદાસના વંદે માતરમ્

[મૂળ ગુજરાતી]
ગાંધીજીના હસ્તાક્ષરમાં લખાયેલા મૂળ પત્ર પરથી: સી. ડબ્લ્યુ. ૫૬૩૦
શ્રી સી. કે. ભટ્ટના સૌજન્યથી

૧. પોતાની ૧૯૦૯ની ઇંગ્લંડની મુલાકાત દરમ્યાન મિસ એ. એ. સ્મિથ એમ. આર. એ. એસ. — જેમનું અવર સેલ્ફ ક્રિંગ (આપણા નાવિક રાજા) નામનું પુસ્તક ૧૯૧૦માં પ્રગટ થયું હતું — સાથે ઇન્ડિયન ઓપોનિયનમાં તેમના લેખો મોકલવા ગોઠવણ કરી હતી. તે પ્રમાણે "ઑબ્ઝર્વર"ના નામથી મિસ સ્મિથ "લંડન લેટર" (લંડનનો પત્ર) મોકલતાં હતાં. આર્થિક કારણોસર એ કૉલમ બંધ કરવાની વાત આવી ત્યારે તે એક જ કૉલમ સત્યાગ્રહ સિવાયની વસ્તુઓ પીરસે છે અને આપણને બહારની દુનિયા સાથે સંપર્કમાં રાખે છે એમ કહી પોલાકે વિરોધ કરેલો. જુઓ પુસ્તક ૯, પા. ૪૯૧. પોલાકના સૂચવ્યા પ્રમાણે ગાંધીજીએ મિસ સ્મિથને આ બાબત જણાવી હોવાનો સંભવ છે.

Gandhi Heritage Portal

૧૩૯. એક અગત્યનો ઇમિગ્રેશન કેસ

કાયદાનો અર્થ બતાવનારો ચુકાદો

કેપટાઉન ખાતે જૅક બર્ગર[1] નામનો રશિયન જૂ દક્ષિણ આફ્રિકામાં દાખલ થવા છેલ્લી એક યુરોપની સ્ટીમરમાં આવ્યો હતો. તેની ઇમિગ્રેશન કાયદાની રૂએ જૂ લોકની પિડિશ ભાષામાં પરીક્ષા લેવામાં આવી અને પૂરતું જ્ઞાન ન ધરાવવાનું કારણ આપી ઇમિગ્રેશન અમલદારે તેને ઊતરવા ન દેતાં પાછો યુરોપ મોકલવા હુકમ કર્યો. આ શખ્સ પાસે પા. ૨૦ જેટલી મૂડી હતી. તે સારી તંદુરસ્તી ભોગવતો હતો. તેણે કોઈ ફોજદારી ગુનો કર્યો નહોતો, તથા તે ધંધો કરી રોજી મેળવી શકે તેમ હતો. તેણે યુનિયનમાં દાખલ થવા માટે ઇમિગ્રેશન અમલદારના ચુકાદા વિરુદ્ધ કેપટાઉનમાં સુપ્રિમ કોર્ટને અરજ કરી હતી. તેના વતી એક જૂ પાદરીનું સર્ટિફિકેટ રજૂ કરવામાં આવ્યું હતું, જેમાં બર્ગર પિડિશ ભાષાનું સારું જ્ઞાન ધરાવે છે એ વાતનો પુરાવો હતો.

ચુકાદો

સુપ્રિમ કોર્ટે બર્ગરના લાભમાં ચુકાદો આપ્યો છે. ચુકાદામાં સર જૉન બુકાનને જણાવ્યું હતું કે:

> આ કેસની બાબત કારોબારી ખાતાની છે, તેથી મુલકી પ્રધાનને પોતાની સત્તા પોતાના તાબાના અમલદારના હાથમાં સોંપવાને સત્તા છે. આ સત્તા મિ. કઝિન્સને સોંપાઈ હતી. ઇમિગ્રેશન ખાતાના અમલદારો પર કોર્ટ સંપૂર્ણ હકૂમત ધરાવે છે. તેમના ચુકાદા તપાસવા, અને તેમના નિર્ણયને બદલાવવા કોર્ટને સત્તા છે. મિ. કઝિન્સે સારો જ હેતુ રાખીને અમલ ચલાવ્યો છે એમાં સંદેહ નથી. પણ જે લોકોએ અરજદારના લખાણની પરીક્ષા કરી છે તેમના એકરાર ઉપરથી કહી શકાય છે કે અરજદાર કેળવણીની પરીક્ષા પાસ કરવાને હકદાર છે. અરજદારે કેસનું ખર્ચ આપવું પડે એવી સરકારની માગણી ગેરવાજબી છે. અરજદાર ઊતરવાને હકદાર છે, અને સરકારે કેસનું ખર્ચ આપવું પડશે.

રૅન્ડ ડેલી મેલની ટીકાઓ

ઉપરના કેસ પર ટીકા કરતાં જોહાનિસબર્ગનું ડેલી મેલ એક લાંબા લેખ દરમ્યાન લખે છે કે:

> ઇમિગ્રેશન કાયદો ગોરાના સંબંધમાં કેવી રીતે લાગુ પાડવામાં આવશે તે સવાલ આમાં સમાયેલો છે. પણ તે બાજુએ મૂકતાં જસ્ટિસ બુકાનનનો ચુકાદો બહુ અગત્યનો છે. કેમ કે તે ચુકાદાથી, એશિયાટિક ઇમિગ્રેશન બારામાં જે સહીસલામતીઓ રાખવામાં આવે છે તે નાશ પામે એવો ભય છે. હાલ ઇમિગ્રેશન બારામાં કૉલોનીઓમાં એશિયાટિકો સામે ભેદ મૂક્વામાં આવે છે તે કાયદાના અમલ વડે જ, અને નહીં કે કાયદાના શબ્દો વડે. ઇમિગ્રેશન કાયદાઓમાં એશિયાટિકોનું નામ આપવામાં આવતું નથી. કાયદામાં કહ્યું છે તે એટલું જ કે અરજદારે કોઈ પણ યુરોપી ભાષામાં પ્રધાનને સંતોષ થાય એવી રીતે અરજી કરવી જોઈએ. અમલમાં ગોરાઓને આ પરીક્ષા વગર

૧. અંગ્રેજીમાં 'ગર્બર' છે.

Gandhi Heritage Portal

મુસીબતે પાસ કરવા દેવામાં આવે છે. આમાં અર્થ એવો રહેલો છે કે ઇમિગ્રેશન અમલદારે એવું જાહેર કરવું કે એશિયાટિક ઇમિગ્રંટોએ તેને સંતોષ થાય એવી રીતે અરજીઓ નથી લખી, અને તેથી તેઓને ઊતરવાની રજા નહીં આપવામાં આવે. આજ સુધી આ રીતથી કામ સરી શકયું છે. કેમ કે અમુક અરજદાર સંતોષકારક રીતે પાસ થયો છે કે નહીં તે સંબંધમાં ઇમિગ્રેશન ખાતાના ઉપરી મુલકી પ્રધાનનો ચુકાદો છેવટનો ગણાયો છે. ચુકાદાને કોર્ટ ન ઉથલાવી પાડી શકે એ માન્યતા હતી, અને તેથી એશિયાટિકો ઘૂસી જવા સામે સહીસલામતી ગણાતી.

પણ અમને લાગે છે કે આ માન્યતા ભૂલભરેલી હતી એમ મિ. જસ્ટિસ બુકાનનનો ચુકાદો બતાવે છે. કાયદાનો અર્થ પ્રધાનથી લોકોની ઇચ્છાને માફક આવે એવો નહીં કરી શકાય. એશિયાટિકોને તદ્‌ન બાતલ રખાય એવી રીતે કાયદાનો અમલ નહીં થઈ શકે. મિ. જસ્ટિસ બુકાનન ઠરાવે છે કે કોર્ટને "પ્રધાનના કામની વચ્ચે પડવાનો હક છે એટલું જ નહીં, પણ તેના તાબાના અમલદારોની વચ્ચે પડવાનો પણ હક છે, તેમ જ તેમની સત્તાનો અમલ બરોબર થાય છે કે નહીં તેનો નિર્ણય કરવાનો હક છે." તેમણે કહ્યું કે "ઇમિગ્રેશનના સત્તાવાળાઓ પર હકૂમત ચલાવવા અને તેમના નિર્ણયો ફરી તપાસવા આ કોર્ટને સંપૂર્ણ સત્તા છે એમાં મને કંઈ પણ સંદેહ નથી." સ્થિતિ આ પ્રમાણે હોવાથી (ડેલી મેલ કહે છે) એશિયાટિક પણ દાખલ થાય એ શું સંભવિત નથી? તેની કેળવણી સંબંધી લાયકાત ઇમિગ્રેશન અમલદાર કબૂલ ન રાખે તો તે સુપ્રિમ કોર્ટને અપીલ કરી શકશે, અને એવો ચુકાદો મેળવશે કે તે પૂરતી કેળવણી ધરાવે છે. આ કેસમાં બર્ગર તેમ કરી શકયો છે. અને એક એશિયાટિક પણ તેમ કરી શકે એ બનવા જોગ છે. ખરેખર જો આવી બાબતમાં ઇમિગ્રેશન અમલદારના બધા ચુકાદાઓ તપાસવા સુપ્રિમ કોર્ટને સત્તા હોય તો, કુશળ વકીલો ઇમિગ્રેશન કાયદાની બધી અટકાયતો સોસરું પોતાનું ટટ્ટુ હાંકી જશે. એક એશિયાટિક વતી આવો મુદ્દો કોર્ટમાં લડાયો છે કે નહીં તે અમે જાણતા નથી. કદાચ તે હજુ હવે લડવાનું રહે છે. પણ બર્ગર કેસમાં અપાયેલ ચુકાદો બતાવે છે કે આ મુલકમાં દાખલ થતા એશિયાટિકોને નામ પાડીને અટકાવવામાં ન આવે તો બીજી રીતે તેને અટકાવવાનું મુશ્કેલ થશે. જનરલ સ્મટ્સે આ મુશ્કેલી પ્રથમ સ્વીકારી હતી, પણ એશિયાટિકો સાથે સમાધાની કરવા ખાતર તે વાત તેણે પાછળથી પડતી મૂકી છે. વારંવાર કહેવામાં આવ્યું છે કે, દક્ષિણ આફ્રિકાના સંજોગોને લીધે અત્રે એશિયાટિક ઇમિગ્રેશન થવા દેવાનું પોસાઈ શકે તેમ નથી તે ખુલ્લેખુલ્લું કહી દેવું તે વધારે સીધું અને વધારે સહીસલામત છે. ખરી રીતે જે એકમાત્ર યુક્તિ કહેવાય તેવી રીતથી તે અટકાવવું તે સીધું કે સહીસલામત નથી. આ દલીલ કેપના છેલ્લા ચુકાદાથી મજબૂત થાય છે. કેમ કે જો કારોબારી રીતે કોમી ભેદ દાખલ કરવાની સહીસલામતીને સુપ્રિમ કોર્ટના ચુકાદાથી ઉથલાવી નખાય તો પછી ધારેલો બચાવ રહેતો નથી. એક એશિયાટિકે કેળવણીની પરીક્ષા સંતોષકારક રીતે નથી આપી એવો સત્તાવાળાઓનો નિર્ણય કોર્ટ ચૂંથે, અને અરજદારની કેળવણીની લાયકાત વિષે પુરાવાઓ સાંભળી કોર્ટ એ નિર્ણયને બાતલ કરે તો જેને સહીસલામતી કહેવામાં આવી છે તેમાં કસૂર છે. આ બાબતનો સંભાળપૂર્વક વિચાર કરવો જોઈએ; અને ત્યાર બાદ જ કાયદાને બદલે કારોબારી રીતે એશિયાટિકોને બાતલ કરવાનો આખા યુનિયન માટેનો "એશિયાટિક એકસકલુસન એકટ" પાસ થઈ શકે.

[મૂળ ગુજરાતી]

ઇન્ડિયન ઓપીનિયન, ૧૪–૧૦–૧૯૧૧

Gandhi Heritage Portal

૧૪૦. ડૉ. પ્રાણજીવન મહેતાને પત્ર

ટૉલ્સ્ટૉય ફાર્મ,
લૉલી સ્ટેશન,
ટ્રાન્સવાલ,
આસો વદ ૦ [ઑક્ટોબર ૨૨, ૧૯૧૧][1]

ભાઈશ્રી પ્રાણજીવન,

તમારો છેલ્લો કાગળ યુરોપથી લખેલો મળ્યો છે.

હરિલાલને હું તો પ્રસંગોપાત્ત લખ્યા કરું છું કે તે પરીક્ષાનો લોભ રાખે છે તે ઠીક નથી. તમને કાગળ લખે તો તમે પણ તેવું લખજો. છતાં તે પોતાનો વાદ નહીં જ મેલે તો મારા પાપની તેટલી સજા મારે ભોગવ્યે છૂટકો છે.

લોકો ગમે તેમ ધારે પણ દુકાળને વખતે તમારે જવું એ તો જરૂરનું છે. હું તો કેમ નીકળી શકું? આવતા વર્ષની આખરી સિવાય મારાથી નીકળાય એવું હું જોતો નથી.

કૉંગ્રેસમાં જવાનો પ્રસંગ નહીં આવે એમ લાગે છે.[2] કલકત્તેથી તાર હતો તે આમંત્રણ તો ન હતું પણ માત્ર ખબર પુછાવેલ એમ જણાય છે. પ્રમુખ બાબત ચૂંટણી તો ૨૮મીએ કરશે એવો ગોખલેનો તાર છે.

તે ઉપરથી મેં તાર કર્યો છે કે મારું નામ ન ચર્ચે તો જ સારું.[3] મારા વિચારો તરેહવારના લાગે ને વિરોધી લાગે એ પણ મેં તેમાં જણાવ્યું છે. એટલે હું માનું છું કે મારું જવાનું નહીં થાય. ન જવાનું થાય એ ઘણાં કારણોથી ઇચ્છવા યોગ્ય લાગે છે.

હું અલૂણો ને વિશેષે ફળવાળો ખોરાક ખાઉં છું. તે કંઈ કષ્ટ સહન કરવાને સારુ નહીં પણ તેથી શરીર, મન અને આત્મા વધારે સ્વસ્થ અને સ્વચ્છ રહે તેવા હેતુથી લઉં છું. બાળક છોકરાઓને પણ તેની ભલામણ કરું છું. મારું માનવું છે કે નિમક એ ઇરીટન્ટ હોઈ ગેરફાયદો કરે છે. ખોટી ભૂખ લગાડી વધારે ખોરાક ખવડાવે છે ને વિષયેન્દ્રિયોને નકામી જાગ્રત કરે છે. આમ હોય યા નહીં છતાં આપણાં શાસ્ત્રોમાં નિમક નહીં ખાવાનો મહિમા વર્ણવ્યો છે. એટલે તેમાં ફાયદો હોવાનો સંભવ છે. મને તેથી ગેરફાયદો થયેલો જોતો નથી. જે માંદાઓને મેં નિમક છોડવાનું બતાવ્યું છે તેઓએ તો લાભ જ જોયો છે. આ વિષયમાં તમારા વૈદિક જ્ઞાનને આધારે ભૂલ લાગતી હોય તે સુધારજો.

ભાઈ મણિલાલ[4] અહીં છે. તેને આવવાને હવે અઠવાડિયા ઉપરાંત થયું. તે ગુલાબી માણસ છે. સ્વભાવ સરળ છે. અક્ષરજ્ઞાનનો મોહ હજુ છે એમ લાગે છે. તેનું શરીર મારા વિચાર પ્રમાણે સરસ છે એમ નથી લાગતું. ચરબી વિશેષ છે, તેનું કારણ માત્ર તેની રહેણાક છે. ઘણા માણસોએ

૧. આ પત્ર ૧૯૧૧માં લખવામાં આવ્યો હતો, તે કૉંગ્રેસના અધ્યક્ષ બનવાનું આમંત્રણ અને દુકાળ બંનેના ઉલ્લેખથી સ્પષ્ટ છે.

૨. જુઓ "ડૉ. પ્રાણજીવન મહેતાને પત્ર", પા. ૧૯૬.

૩. આ તાર મળતો નથી.

૪. મણિલાલ ડૉક્ટર; જુઓ "ડૉ. પ્રાણજીવન મહેતાને પત્ર", પા. ૧૯૬.

Gandhi Heritage Portal

કહ્યું કે ફાર્મ પર તો મને મળ્યા પછી માણસથી કામ કર્યા વિના રહેવાય જ નહીં. આ વહેમ ખોટો પાડવા પોતે ફિનિક્સમાં મશકરીના તોરમાં સોગન લીધા. ને તે સોગન બરોબર કરવા ફાર્મમાં મુદ્દલ કામ નથી કર્યું. તેને કામ કરવાની મુદ્દલ જરૂર ફાર્મને અર્થે ન હતી. પોતાના શરીરને અર્થે બહુ જરૂર હતી. પણ તે ન કર્યું. આ એક રીતે ઠીક ન થયું માનું છું. મારે લીધે જ કામ થાય એ તો બરોબર વહેમ જ ગણાય. તે મણિલાલથી કેટલેક દરજ્જે દૂર કદાચ થાય. જે કામ કરે છે તે સારું જાણીને કરે છે એમ મને તો લાગ્યું છે. મારી શરમથી કેટલાક કામ કરે છે એ ખરું. આ જુદી જ વાત છે.

છતાં એમ પણ જોયું કે ફાર્મ જેવા સંસ્થાનમાં જ્યાં એક પદ્ધતિ પડી હોય તે પદ્ધતિને ભાઈ મણિલાલ જેવા સુશીલ માણસ તોડે તેનો દાખલો શિખાઉ અને કુમળા જુવાનો ઉપર આણચિંતવ્યો ખરાબ બેસે. આવા સંસ્થાનમાં વિચારશીલ માણસ તેના (સંસ્થાનના) ધારાને અનુસરે એ તેની શોભા અને કંઈક દરજ્જે ફરજ ગણાવી જોઈએ. મહેમાનની ઉપર કામ કરવાની જરાયે ફરજ નથી રહેતી. એવા મહેમાનની પંક્તિમાં મણિલાલ ન ગણાય. તેણે પોતાનો દુરાગ્રહ બહુ સરસ રીતે એટલે હસમુખી રીતે અને નિર્દોષ રીતે જાળવ્યો છે. તેથી ઉપરની ટીકા કરતાં કંઈક આંચકો ખાઉં છું.

મણિલાલે મોરિશિયસમાં જાહેર કામ ઠીક કર્યું છે. ને હિંદુની પ્રીતિ ખૂબ સંપાદન કરી જણાય છે. તેની અધીરાઈને લીધે તે મુસલમાનની પ્રીતિ મેળવી નથી શકયા ને તે મેળવવા તેણે આગ્રહપૂર્વક યત્ન નથી કર્યો.

તેનો પોતાનો વિચાર મોરિશિયસ છોડવાનો જ લાગે છે. ત્યાં પોતે કમાઈ શકે એમ સૂઝતું નથી ને ઘણે વર્ષે કમાઈ કરવાનો સંભવ હોય તો તેટલી ધીરજ નહીં રહે એમ ચોખ્ખું કહે છે.

અહીં આવ્યા છે તે માત્ર તમારા સત્યાગ્રહથી, છતાં આવીને પસ્તાયા હોય એમ નથી જોતો.

તેનો વિચાર અહીં કે નાતાલમાં રહી જવાનો થાય છે. જો રહેવા જ માગે તો પોતાનું ખર્ચ તો કાઢે જ. ન કાઢે તો હું તો માત્ર તેનો જ દોષ ગણું.

મારા વિચાર પ્રમાણે તો મોરિશિયસ ગયા, ત્યાં આટલું બધું સાર્વજનિક કામ કર્યું, લોકોની પ્રીતિ મેળવી એટલે ગમે તે કષ્ટ સહન કરી ત્યાં જ કમાણી થાય ત્યાં લગી રહેવું એ ઉત્તમ રસ્તો છે.

પણ તેનો વિચાર કરવો ફોકટ છે. બીજો એ રહ્યો કે અહીં આવી ફિનિક્સમાં કેળવણી આપવામાં ને બીજા નાનેથી મોટા કામમાં ગૂંથાઈ જાય તો તેનો ખર્ચ આપણે આપવો.

આ વિચાર પણ તેને ઠીક નથી લાગતો. એટલે હવે અહીંને વિષે તો વકીલાત જ રહી. તે કરવી તેને અમુક મુદતને સારું ઠીક લાગે છે.

તેના વિવાહ તો હવે કરી નાખવા એ જ યોગ્ય છે. જેકી[1] પણ અધીરી થઈ છે એમ તે કહે છે. જેકીની તબિયત ખરાબ હોય તોપણ મને લાગે છે કે હવે રોકાણ કરવું એ ઠીક નહીં ગણાય. જો ગર્ભાવાસને લાયક નહીં એ હોય તો વચ્ચે વિચારપૂર્વક વરતશે એવું આપણે ઇચ્છીએ અને ચાહીએ. તેમ નહીં કરે અથવા કરી શકે તો જેવાં તેમનાં નસીબ.

૧. જયકુંવર, ડૉ. મહેતાની પુત્રી.

Gandhi Heritage Portal

એટલે જો મણિલાલ અહીં[૧] આવે તો તે જેકીને લઈને આવવા ધારે છે. જેકી આવે તો તેણીએ ફિનિક્સમાં રહેવું ને મારા સહવાસમાં આવવું એમ મણિલાલ પસંદ કરે છે. મણિલાલ મારી રહેણી જીરવી શકતા નથી પણ પસંદ કરે છે એટલે જેકીને જો તે ગોઠી જાય તો તેને તે વાત ગમતી છે. મારી રહેણીમાં ન જીરવી શકાય એવું કશું નથી એમ મારી ખાતરી છે. વિલાયત જઈ આવેલને અથવા જેને વિલાયતનો વા હોય તેને તે ન ગમે અથવા તેને તે ન જીરવી શકે છે.

વળી મણિલાલને તમારી ઉપર મુદ્દલ શ્રદ્ધા નથી. તમે તમારા વિચાર બહુ ફેરવ્યા છે ને એક છેડેથી બીજે છેડે તમે કૂદકો માર્યો છે એવો તે આરોપ મૂકે છે. મારી ઉપર તેટલા જોરથી નહીં છતાં તેની જાતનો આરોપ મૂકે છે. તેથી તે એમ ધારે છે કે મધ્યસ્થ રહી પશ્ચિમ પૂર્વ બંનેનો લાભ લેશે. આ કેવળ દીનતા, નબળાઈ અને એદીપણું છે એમ મેં તો તેને કહ્યું છે. પણ અત્યારે તેને તેમ સૂઝે એવી દશા નથી. પોતે ચોખા દિલના છે એટલે કાળે કરીને અનુભવે ઠેકાણે આવશે એમ માનું છું.

તેને જોઈતા પૈસા હું અહીંથી આપું છું. તે તમારે ખાતે માંડીશ. હવે કંઈ આ વિષયમાં રહેતું હોય એમ જણાતું નથી. તે અને આ કાગળ લગભગ સાથે તમને મળશે. તેનો વિચાર કૉંગ્રેસમાં જવાનો છે. હું પ્રો. ગોખલે વ. ઉપર કાગળ આપવાનો છું.[૨] જો અહીં ગૂંથાઈ જવું એમ કાયમ જ થાય તો તેને વેળાસર પાછા વાળજો. વિવાહ તો અહીં કરવા હોય તોપણ કરી નાખશું. તે આવે તો થોડી મુદત પણ હું દ. આ. [દક્ષિણ આફ્રિકા]માં હાજર હોઉં તો જ ઠીક છે. તે જામી જાય પછી મારે છોડવું એ ઠીક ગણાશે. કોઈ વખત રિચની સાથે ભાગમાં જ ગોઠવણી થાય. રિચની પ્રેક્ટિસ સરસ જામી ગઈ છે.

મોહનદાસના આશીર્વાદ

[મૂળ ગુજરાતી]
ગાંધીજીના હસ્તાક્ષરમાં લખાયેલા મૂળ પત્ર પરથી: સી. ડબ્લ્યુ. ૫૬૩૧
શ્રી સી. કે. ભટ્ટના સૌજન્યથી

૧૪૧. જોહાનિસબર્ગમાં દિવાળી મહોત્સવ[૩]

જોહાનિસબર્ગ,
ઑક્ટોબર ૨૩, ૧૯૧૧

અત્રેના એકત્ર હિંદુ મંડળના કારભારીઓ તરફથી દિવાળીનો મહોત્સવ કરવાને ઘણા દિવસ થયાં હિલચાલ શરૂ કરવામાં આવી હતી. તે મુજબ અહીં બેસતા વરસના માંગલિક દિવસે મિ. ગાંધીના પ્રમુખપણા હેઠળ રેવ. મિ. ફિલિપની નિશાળમાં દબદબાભર્યો મેળાવડો થયો હતો. મકાનને અંદરના ભાગમાં બની શકે તેટલું ઉત્તમ પ્રકારે તોરણ, ફૂલની માળ અને ધજાપતાકાથી શણગારેલું હતું. દીવાલો ઉપર ભારતભૂમિના પ્રાચીન અને આધુનિક સમયના નામાંકિત સંન્યાસીઓ અને

૧. દક્ષિણ આફ્રિકામાં રહેવાના વિચારથી.
૨. જુઓ "ગોપાળ કૃષ્ણ ગોખલેને પત્ર", પા. ૨૦૩.
૩. આ પ્રસંગે ગાંધીજીએ દિવાળીના શુભ દિનનું મહત્ત્વ સમજાવ્યું હતું અને એ વિષે કેટલાંક સૂચનો કર્યાં હતાં તેમ જ દરેકને નવા વર્ષની શુભેચ્છા દર્શાવી હતી.

Gandhi Heritage Portal

દેશભક્તોની છબીઓ લટકાવેલી હતી જે દરેકને ફૂલના હારથી શણગારવામાં આવી હતી. આ મહાન પ્રસંગના સત્યાગ્રહી પ્રમુખને માન આપવાને લોકોનાં ઉત્સાહી ટોળાંથી હૉલ ચિકાર થઈ ગયો હતો. મિ. ગાંધી પોતાનાં અ. સૌ. ધર્મપત્નીસહ બરાબર દસ વાગતે આવી પહોંચ્યા. જ્યારે તમામે ઊભા થઈ માન આપ્યું હતું, અને વધુ માનાર્થે ખાસ મંગાવેલું દારૂખાનું ફોડવામાં આવ્યું હતું. સાથે મિ. સુરેન્દ્રનાથ મેઢ અને મિસિસ ડેવિડ અર્નેસ્ટ આવ્યાં હતાં. મિ. મણિલાલ ડૉકટર પણ આવ્યા હતા. તેમને આખી સભાએ હર્ષભર્યો આવકાર આપ્યો હતો.

[મૂળ ગુજરાતી]

ઇન્ડિયન ઓપીનિયન, ૪–૧૧–૧૯૧૧

૧૪૨. ગોપાળ કૃષ્ણ ગોખલેને પત્ર[1]

ટૉલ્સ્ટૉય ફાર્મ,
લૉલી સ્ટેશન,
ટ્રાન્સવાલ,
ઑકટોબર ૨૪, ૧૯૧૧

પ્રિય શ્રી ગોખલે,

કૉંગ્રેસના પ્રમુખપદની બાબતમાં જે છબરડો[2] વળ્યો તે વિષે હું આપને એક લાંબો પત્ર લખવા ઇચ્છું છું. અલબત્ત, છબરડો અહીં વળ્યો હતો. પણ એ વિષે પછી લખીશ.

આપ જાણો છો તેમ, શ્રી મણિલાલ ડૉકટરે મોરિશિયસમાં ઘણું સારું કામ કર્યું છે. ત્યાંના ગરીબ હિંદીઓના તેઓ સંકટ વેળાના સાથી બન્યા છે અને તેમણે તેમનો પ્રેમ સંપાદન કર્યો છે. તેઓ દક્ષિણ આફ્રિકામાં ફરવા આવ્યા છે, અને નજીકના ભવિષ્યમાં અહીંના એકાદ પ્રાંતમાં સ્થિર થાય એવો સંભવ છે. તે દરમ્યાન તેઓ કૉંગ્રેસમાં હાજરી આપવા હિંદ જઈ રહ્યા છે. તેમની ઇચ્છા ત્યાં ગિરમીટ પ્રથાને સંપૂર્ણ રીતે વખોડી કાઢતો ઠરાવ પસાર કરાવવાની છે. હું તેમની સાથે પૂરેપૂરો સંમત છું અને માનું છું કે એ પ્રથાથી કોઈનું કશું ભલું થયું નથી. આ પ્રથાનું અઢાર વરસ સુધી નિરીક્ષણ કર્યા પછી મને સમજાયું છે કે હિંદુસ્તાનમાં આપણા જે પ્રશ્નો છે તેમનો ઉકેલ આ પ્રથાથી નીકળવાનો નથી. આથી હું આશા રાખું છું કે શ્રી મણિલાલના પ્રયાસોને વેગ આપવા માટે આપ બનતું કરશો.

આપનો સહૃદયી
મો. ક. ગાંધી

[મૂળ અંગ્રેજી]

ગાંધીજીના હસ્તાક્ષરમાં લખાયેલા મૂળ પત્રની છબી પરથી : જી. એન. ૩૮૦૯

૧. આ પત્ર, ગાંધીજીએ જે પરિચયપત્ર આપવાનું વચન આપ્યું હતું તે છે. જુઓ "ડૉ. પ્રાણજીવન મહેતાને પત્ર", પા. ૨૦૨.

૨. આ 'છબરડા' માટે જુઓ "મિ. ગાંધી અને હિંદી રાષ્ટ્રીય મહાસભા", પા. ૧૭૪; "ડૉ. મહેતાને પત્રો", પા. ૧૯૬, અને ૨૦૦; તથા "ગોપાળ કૃષ્ણ ગોખલેને પત્ર", પા. ૨૦૬–૮.

Gandhi Heritage Portal

૧૪૩. મિ. અને મિસિસ પોલાક[૧]

મિ. અને મિસિસ પોલાક કદાચ આ વખતે હિંદને માર્ગે હશે. મિ. પોલાકે વિલાયતમાં પોતાના રહેઠાણની જબરી છાપ પાડી મૂકી છે. અત્રેથી તેઓ અથાગ મહેનતના દિવસ પછી થોડી આરામની ઘડી ગુજારવા વિલાયત ગયેલા હતા, પણ આપણે સારી પેઠે જોયું છે તેમ તેમણે તો ત્યાં હિંદી કોમ વાસ્તે સતત પ્રયાસ કર્યે રાખ્યો છે.[૨] ત્યાંની કમિટીના કામનો ભાર ઉપાડી લેવામાં તેમણે પોતાનો વખત વાપર્યો જોવામાં આવે છે. કમિટી નિરંતર જે લખાણો કરી રહેલ છે અને જેમાંનાં કેટલાંક અમે વારંવાર છાપતા ગયા છીએ તે મિ. પોલાકના કામનો પૂરતો ખ્યાલ આપે છે. કેપ, નાતાલ કે ટ્રાન્સવાલના હિંદીને લગતી એક પણ બાબત પર વડી સરકારનું ધ્યાન ખેંચવાની દરેક તક તેમણે હાથમાં લીધી હતી. આવા ખંતીલા કામની, સર મંચેરજીના પ્રમુખપણા નીચે ભરાયેલી મીટિંગથી યોગ્ય પૂર્ણાહુતિ થઈ છે. તે વખતે મિ. પોલાકે યુનિયન સરકારને અને વિલાયતના લોકોને જણાવ્યું છે કે હિંદીઓને લોકેશનમાં[૩] કાઢવાની રાજનીતિથી બીજી લડત જાગવાનું જ પરિણામ આવશે. વળી ગિરમીટિયા પરનો પા. ઉનો કર રદ નહીં કરવામાં આવે તો કોમે તે લડત પણ ઉઠાવવી જોઈએ એ પણ બતાવવામાં આવ્યું છે, અને કોમે આ બંને વાત લક્ષમાં લેવાની છે.

[મૂળ ગુજરાતી]

ઇન્ડિયન ઓપીનિયન, ૨૮–૧૦–૧૯૧૧

૧૪૪. હિંદની બાઈઓની મદદ

મુંબઈનાં મિસિસ જમના[૪] સકઈ અને મિસિસ જાઈજી જહાંગીર પિટીટનો[૫] કાગળ અમે ગયા અંકમાં છાપી ગયા તેની ઉપર વાંચનારનું ધ્યાન ખેંચીએ છીએ. તે કાગળ ટ્રાન્સવાલની ઓરતમંડળીને મળેલો છે. મુંબઈની કમિટીમાં જે બાઈ સભાસદો છે તેમનાં નામ તપાસતાં જોઈ શકીએ છીએ કે મુસલમાન, પારસી ને હિંદુ એમ બધાં મોટાં કુટુંબો આવી ગયાં છે. આ

૧. જુઓ "મિ. પોલાકનું કામ", પા. ૧૩૧.

૨. ઇંગ્લંડમાં રહેતા પણ દ. આ. બ્રિ. હિં. સમિતિ તરફથી કરવામાં આવેલા પોલાકના કામની જાણકારી માટે જુઓ પરિશિષ્ટ ૮.

૩. પોતાના વિદાય સમારંભમાં બોલતાં પોલાકે ભવિષ્ય ભાખ્યું હતું કે આ બે મુદ્દાઓ પર લડત થશે. વળી તેમણે કહ્યું હતું કે, કામચલાઉ સમાધાનને ૧૯૧૨માં કાયદાનું રૂપ આપવામાં આવશે. ઇન્ડિયન ઓપીનિયન, ૨૧–૧૦–૧૯૧૧.

૪. તે ગુજરાતી હિંદી સ્ત્રીમંડળની આગેવાન પણ હતી.

૫. મુંબઈના એક મિલમાલિક જહાંગીર બોમનજી પિટીટનાં પત્ની. મિ. પિટીટ મુંબઈ દક્ષિણ આફ્રિકા કમિટીના એક સહમંત્રી હતા તથા ૧૯૦૯માં ટ્રાન્સવાલથી દેશપાર કરવામાં આવેલા સત્યાગ્રહીઓને માટે ફાળો કરવા ફિરોજશાહ મહેતાના પ્રમુખપદે નિમાયેલી હિંદી કમિટીના માનદ સહમંત્રી હતા; ગાંધીજીના સત્યાગ્રહ ફંડ માટે મોટી રકમ એકઠી કરી; ૧૯૦૯માં પોલાક હિંદ આવ્યા ત્યારે તેમના મિજબાન હતા અને તેમણે પોલાકની પુસ્તિકા ધ ટ્રેજેડી ઑફ એમ્પાયર : ધિ ટ્રીટમેન્ટ ઑફ બ્રિટિશ ઇન્ડિયન્સ ઇન ધિ ટ્રાન્સવાલ પ્રસિદ્ધ કરવાનું માથે લીધું હતું.

Gandhi Heritage Portal

કમિટીની મદદ માલની કિંમત ઉપરથી નથી આંકવાની. પણ હિંદમાં રહેતી આપણી બહેનોએ કેટલી ચિંતા અને મહેનત આપણે સારુ ઉઠાવી તે વિચાર ઉપરથી કમિટીની મદદની કિંમત આંકવાની છે. એટલું જ નહીં પણ જે વસ્તુઓ તેઓએ મોકલી છે તે તેઓએ પોતે બનાવેલી છે. એમાં તેઓએ મહેનત લીધી એ બતાવે છે કે આપણે વિષે તેઓએ નિરંતર ચિંતા રાખેલી છે. આવી મદદ માત્ર મુંબઈથી મળી છે એમ પણ નથી. કલકત્તા રંગૂનથી પણ તેવી મદદ મળી છે.

આ મદદ માગનાર ટ્રાન્સવાલનું હિંદી ઓરતમંડળ તે ગરીબડું છે. તેમાં મુખ્યત્વે કરીને માત્ર સત્યાગ્રહી કુટુંબો જ છે. તે ગરીબડી ને સાદી બાઈઓ છે. તેને આ સ્થિતિએ મૂકનાર મિસિસ વોગલ અને મિસ શ્લેશિન છે અને તે આખી હિલચાલની ઉત્પત્તિ સત્યાગ્રહની લડત-માંથી થયેલી છે. મિસિસ વોગલ આજ એક વરસ થયાં આઠમી તારીખે ખૂલનારી બજાર બાબત ખુવાર થયેલ છે. છોકરીઓને શીખવવું, તેઓને નિયમસર બોલાવવી, બજારની બીજી તૈયારી કરવી, આ બધામાં તે ગિરફતાર રહેલ છે.[૧] અમારી જાણમાં છે કે મિસિસ વોગલે તેમાંથી એક પઈની પણ આશા નથી રાખી. સમૂળગો પોતાનો પૈસો તેમાં કંઈક ગજાસર વાપર્યો છે. આવી જે હિલચાલ છે તેનું મૂળ ઊંડું જશે ને જે ઝાડ ઊગશે તે હિંદને સારુ કીમતી થઈ પડવાનો સંભવ છે. આનો જશ આપણી હિંદી બહેનોને ઘટે છે અને તે ફળ સત્યાગ્રહના ઝાડમાંથી આપણે લઈએ છીએ એ દેખીતું છે. એવાં તો કેટલાંક ફળ હજુ આપણે ચાખીશું એ માત્ર કાળે કરીને જ જણાશે.

[મૂળ ગુજરાતી]

ઇન્ડિયન ઓપીનિયન, ૨૮–૧૦–૧૯૧૧

૧૪૫. સત્યાગ્રહનો જય

દિવાળીના તહેવારમાં કેટલાક હિંદુઓએ ફટાકડા ફોડ્યા. તે ઉપરથી ડરબનની પોલીસ ખિજાઈ. એક આગેવાન હિંદી ગૃહસ્થને પકડ્યા. સહુએ આ બાબતમાં જતું ન કરવાનો નિશ્ચય કર્યો. મિ. દાઉદ મહમદ અને મિ. પારસી રુસ્તમજીની પાસે વાત ગઈ. તેઓ મેયર પાસે દોડ્યા ને કહ્યું કે ક્રિસ્ટમસમાં ગોરા ફટાકડા ફોડે છે. હિંદુના તહેવારમાં હિંદુ કેમ નહીં ફોડે? એમાં વળી રજા શી? ક્રિસ્ટમસ વેળા કોઈ રજા માગતું નથી. છતાં જો તમે હિંદુ ફટાકા ફોડનાર ઉપર જુલમ ગુજારવા માગશો તો અમે તેઓની સાથે લાગણી બતાવવા ખાતર ફોડશું. ને પછી તમારે પકડવા હોય તેને પકડી જજો.

આ બનાવ ભારે નથી. જીત[૨] મોટી નથી. પણ તેનું રહસ્ય મોટું છે.

આપણે નિર્ભયતા બતાવીને કરવું જોઈએ તે કરવામાં ઈજા પડે તો ઉઠાવવા તૈયાર થયા એટલે આપણને ઈજા ન પડી ને આપણું માન રહ્યું. આ સત્યાગ્રહ.

૧. જુઓ "મગનલાલ ગાંધીને પત્ર", પા. ૯૫.

૨. દિવાળી દરમ્યાન હિંદુઓને ફટાકડા ફોડવાની છૂટ આપતી મેયરની મંજૂરીની જાહેરાત ચોપાનિયાં વહેંચીને કરવામાં આવી હતી. ઇન્ડિયન ઓપીનિયન, ૨૧–૧૦–૧૯૧૧.

Gandhi Heritage Portal

બીજું, ને આ દાખલામાં વધારે અગત્યનું રહસ્ય તે એ છે કે હિંદુના અંગત કામમાં મુસલમાન અને પારસી પુરલાગણીથી દોડી ગયા. પરિણામ સરસ જ આવ્યું. એક બાબતમાં સત્ય માર્ગ લેવાય તો બીજી બાબતમાં પોતાની મેળે તેમ જ થાય. ગૂંચવાયેલી દોરીની એક ગાંઠ સીધી થાય એટલે બીજી તે જ રસ્તે ને સહેલથી સીધી થાય તેમ સંસારવ્યવહારમાં છે.

હિંદુ, મુસલમાન, પારસી, ખ્રિસ્તી બધા કેમ એકઠા થાય? જવાબ મિ. દાઉદ મહમદે અને મિ. રુસ્તમજીએ આપ્યો છે.

હિંદુના જ કામમાં જ્યારે મુસલમાન આગળ પડી લાગણી બતાવે, મુસલમાનના કામમાં તેમ જ હિંદુ કરે, ને બંને પારસીના કામમાં કરે, પછી એ ત્રણની વચ્ચે સ્નેહ બંધાય તેમાં વચ્ચે આવનાર કોણ દીવાનો હોય?

ધર્મ ભલે જુદા રહ્યા. તમે એક જ પુરુષને — એક જ વસ્તુને — અલ્લાહને નામે પૂજો, બીજો ખુદાને નામે પૂજે ને હું ઈશ્વરને નામે પૂજું તેમાં કોની ખોટ ગઈ? તમે એક દિશાએ મોં રાખી પૂજો ને હું બીજી દિશાએ રાખું તેથી તમારી ઉપર મારે શા સારુ વેર બાંધવું? આપણે બધા એક જ માનવજાત, એક જ ચામડી, એક જ દેશ. આવા સીધા સંજોગોમાં પણ હાડવેર બાંધીએ તો એ આપણી મૂર્ખાઈ ને ટૂંક નજર જ ગણાય.

સુધારાવાળા ઘણી જાતનાં તાળાં ખોલવાની એક ચાવી બનાવે છે. તેને તેઓ "માસ્ટર કી" મુખી ચાવી કહે છે. તેમ જ આપણી અગણિત અગવડોરૂપી તાળાં ખોલવાની સત્યાગ્રહરૂપી એક મુખી ચાવી છે. એ બધા હિંદી લઈ લે તો કેવું કામ થાય! સત્યાગ્રહ એ કંઈ ભારે શબ્દ નથી. સત્યને વળગી રહેવું તે જ સત્યાગ્રહ છે. ધર્મમાં બીજું બધું ભલે રહેલું હોય પણ સત્ય વિના ધર્મ નથી જ. તે સત્ય જો સમજી લઈએ તો સહેલથી પળાય તેમ છે.

[મૂળ ગુજરાતી]

ઇન્ડિયન ઓપીનિયન, ૨૮–૧૦–૧૯૧૧

૧૪૬. ગોપાળ કૃષ્ણ ગોખલેને પત્ર

જોહાનિસબર્ગ,
ઑક્ટોબર ૩૦, ૧૯૧૧

પ્રિય શ્રી ગોખલે,

કૉંગ્રેસના પ્રમુખપદ વિષે થયેલા છબરડા અંગે આપે જે લાંબો તાર કર્યો તે બદલ આપનો આભારી છું. આપની બીમારીના ખબર સાંભળી દુ:ખ થયું. શું આપ હિંદુસ્તાન અને ઇંગ્લંડ સિવાયના બીજા દેશોનો પ્રવાસ કદી પણ નહીં કરી શકશો? બ્રિટિશ રાજકારણી પુરુષો એ કરે છે, હિંદી રાજકારણી પુરુષો કેમ ન કરી શકે? જો આપ કોઈ પણ રીતે દક્ષિણ આફ્રિકાની ટૂંકી મુલાકાતે આવી શકો તો હવે આપને જેલમાં જવું પડે એવો સવાલ રહ્યો નથી; છતાં પણ એથી બેવડો હેતુ સરે એવું છે. અહીંના લોકો હિંદુસ્તાનની વધુ નિકટ આવશે અને આપ સાજા થઈ જાઓ એવી આપની સારવાર કરવાનો લહાવો મને મળશે. મારા અભિપ્રાય મુજબ આપના જેવા દરદીઓ માટે અમારી પાસે ટૉલ્સ્ટૉય ફાર્મમાં તથા ફિનિક્સમાં પૂરતી સગવડ છે. મને ખાતરી છે કે શ્રી કૅલનબૅક, ટૉલ્સ્ટૉય ફાર્મમાં આપને પ્રેમથી આવકાર આપશે અને ફિનિક્સને તો અલબત્ત આપ આપના ઘર તરીકે જ ગણી શકો.

Gandhi Heritage Portal

કૉંગ્રેસના પ્રમુખપદ સંબંધમાં મારા નામની ગંભીરતાપૂર્વક ચર્ચા ચાલે છે એવી ખબર મને નાતાલ ઇન્ડિયન કૉંગ્રેસના તારથી મળી હતી. એ તારમાં જણાવવામાં આવ્યું હતું કે, હિંદની કૉંગ્રેસના આગામી અધિવેશનનું પ્રમુખપદ મારે લેવું એવું આમંત્રણ કૉંગ્રેસને મળ્યું હતું, અને તે સ્વીકારવા માટે મને એ તારમાં આગ્રહ પણ કરવામાં આવ્યો હતો. જવાબમાં મેં ના પાડી હતી[૧] અને સાથે સાથે આમંત્રણ મોકલનારનું નામ જાણવા માગ્યું હતું. મારા આશ્ચર્ય વચ્ચે મને મોકલવામાં આવેલાં નામોમાં આપનું તેમ જ અખિલ હિંદ મુસ્લિમ લીગ, શ્રી પિટીટ, શ્રી નટરાજન, શ્રી નટેસન, શ્રી એસ. બોઝ અને શ્રી માલવિયાનાં[૨] નામો આપવામાં આવ્યાં હતાં. આપના અને મુસ્લિમ લીગના નામથી તારનું મહત્ત્વ વધી ગયું અને હું મારા નિશ્ચયમાંથી ડગી ગયો. મને લાગ્યું કે, આપ મારા વિચારોથી સારી રીતે માહિતગાર છો, છતાં હું પ્રમુખપદ સ્વીકારું એવી આપની પણ ઇચ્છા હોય તો આમંત્રણ પાછળ કંઈક વિશેષ કારણ હોવું જોઈએ. આ ખબર મને ફાર્મ પર મળી હતી. હું જોહાનિસબર્ગ આવ્યો, અને ડરબનના લોકોએ ટેલિફોન દ્વારા એ તારોનું સમર્થન કર્યું અને મને પ્રમુખપદ સ્વીકારવા ઘણો આગ્રહ કર્યો.[૩] એમને મન તો આ નિમંત્રણ દક્ષિણ આફ્રિકાના હિંદીઓ માટે એક અપૂર્વ સન્માન હતું તેમ જ દક્ષિણ આફ્રિકાના હિંદીઓનો પ્રશ્ન હિંદની જનતા સમક્ષ મૂકવાની એટલી જ અપૂર્વ તક હતી. મારામાં જો મૂર્ખાઈભર્યો અહંભાવ કામ ન કરતો હોત તો ડરબનથી આવેલા સંદેશા પર મને જરૂર શંકા આવી હોત. પરંતુ એ સંદેશા વિષે શંકા લાવવાનું મને કંઈ કારણ મળે તે પહેલાં મેં ડરબન કૉંગ્રેસને આમંત્રણ સ્વીકારવાની સંમતિ આપી દીધી હતી, પણ મને લાગ્યું કે મારે મારા પોતાના તરફથી આપને સ્વતંત્ર રીતે તાર[૪] કરવો જોઈએ, એટલે મેં આપને તાર કર્યો. ત્રણ કે ચાર દિવસ પછી મારા પર ડરબનથી એક પત્ર આવ્યો. તેમાં તારો દ્વારા પહેલાં આવેલા સંદેશાઓનું સમર્થન કરવામાં આવ્યું હતું, પણ તેની સાથે રૂટરના પત્રની એક નકલ પણ હતી, જેમાં ઉક્ત તારનો જુદો જ અર્થ કરવામાં આવ્યો હતો. મને લાગે છે કે હું કેપટાઉનમાં હતો ત્યારે શ્રી પોલાક જેઓ ડરબનમાં હતા, તેમણે ઉપર આપેલાં નામો માટે એક તારનું સરનામું પોસ્ટ ખાતામાં રજિસ્ટર કરાવ્યું હતું. અને એ સૌને એ તારના સરનામાની ખબર આપવામાં આવી હતી. કલકત્તાના શ્રી બોઝે એનો ઉપયોગ કર્યો. એ તારનો ડરબનના આપણા લોકોએ એવો અર્થ કર્યો કે તે ઉપરના છએ જણ તરફથી મોકલવામાં આવ્યો છે. પરંતુ

૧. મળી શકયો નથી.

૨. પંડિત મદનમોહન માલવિયા (૧૮૬૧–૧૯૪૬); હિંદી રાષ્ટ્રીય મહાસભાના વડીલ; થ્રિ હિંદુસ્તાન (૧૮૮૭–૮૯), થ્રિ ઇન્ડિયન યુનિયન (૧૮૮૯–૯૨) અને અભ્યુદય (૧૯૦૭–૦૯)ના તંત્રી; સભ્ય, પ્રોવિન્શિયલ લેજિસ્લેટિવ ઍસેમ્બલી ૧૯૦૨–૧૨, ઇમ્પીરિયલ લેજિસ્લેટિવ કાઉન્સિલ ૧૯૧૦–૨૦ તથા ઇન્ડિયન લેજિસ્લેટિવ ઍસેમ્બલી ૧૯૨૪; ૧૮૮૬થી રાષ્ટ્રીય મહાસભા સાથે સંકળાયેલા; ૧૯૦૯માં લાહોર અધિવેશનના અને ૧૯૧૮માં દિલ્હી અધિવેશનના પ્રમુખ ચૂંટાયા હતા. તેમણે ૧૯૧૬માં સ્થાપેલી હિંદુ યુનિવર્સિટીના કુલનાયક ૧૯૧૯–૧૯૪૦; હિંદુ મહાસભાના પ્રમુખ ૧૯૨૩–૨૫; ગોળમેજી પરિષદમાં હાજરી આપી ૧૯૩૧–૩૨; બનારસ હિંદુ યુનિવર્સિટીની સ્થાપના વખતે ગાંધીજી તેમના મહેમાન હતા ત્યારે માલવિયાજી તેમને ". . . . વડીલ બંધુની માફક જુદા જુદા પક્ષોનાં દૃષ્ટિબિંદુ . . . . પ્રેમપૂર્વક સમજાવતા . . . ." ૧૯૨૪માં ૨૧ દિવસના ઉપવાસ વખતે ગાંધીજીને ભાગવત સંભળાવતા હતા. જુઓ આત્મકથા ભાગ ૧લો, પ્ર. ૧૦ અને ભાગ પમો, પ્ર. ૩૭.

૩. જુઓ, "મિ. ગાંધીને નેશનલ કૉંગ્રેસના પ્રમુખ થવાનું આમંત્રણ", પા. ૧૭૪.

૪. મળી શકયો નથી.

Gandhi Heritage Portal

તારનું સરનામું રજિસ્ટર કરાવ્યું ત્યારે રૂટરે જે પત્ર કૉંગ્રેસને મોકલ્યો હતો તે પત્ર પરથી સ્પષ્ટ થાય છે કે તારના સરનામાનો અર્થ સંજોગો અનુસાર એક અથવા બધાં નામ થઈ શકે. આ દાખલામાં મેં કરેલો અર્થ જો સાચો હોય તો તારના સરનામાનો અર્થ કેવળ 'શ્રી બોઝે' કરવો જોઈએ, કારણ કે તાર કલકત્તાથી આવ્યો હતો. એ રીતે વાંચતાં હું એવા અનુમાન પર આવ્યો કે એ કહેવાતું આમંત્રણ આમંત્રણ હતું જ નહીં; તાર કરનારે માત્ર એટલું જ પૂછયું હતું કે નાતાલ કૉંગ્રેસ મને છૂટો કરી શકશે કે નહીં. શ્રી બોઝ મારું ચોક્કસ સરનામું જાણતા હોત, અથવા માત્ર 'ગાંધી' લખવાથી તાર મને મળશે એટલું જાણતા હોત તો તેમણે મને જ તાર કર્યો હોત, અને આવી નકામી ધાંધલ ન થાત. અને હું જવાબમાં માત્ર એટલું જ લખી દેત કે આ માન હું સ્વીકારી શકું તેમ નથી. પણ છબરડો તો વળી ચૂકયો હતો અને ડરબનના અતિ ઉત્સાહી લોકો રૂટરને સમાચાર પ્રગટ કરવાની સંમતિ પણ આપી ચૂકયા હતા. મારા બીજા તારના[૧] જવાબમાં આપે જણાવ્યું કે નિર્ણય હવે પછી થવાનો છે એનાથી તારનો મેં જે અર્થ કર્યો હતો તેને સમર્થન મળ્યું. બાકીની વાત આપ જાણો છો. હું માત્ર એટલી જ ઓશા રાખી શકું કે અલ્લાહાબાદમાં મારા નોમિનેશન વિરુદ્ધ નિર્ણય લેવાશે.[૨] મને કદાચ આવતી કાલે જ એની ખબર પડશે. આ પત્ર હું ૨૯મી ને રવિવારે લખાવી રહ્યો છું. આપણી રાષ્ટ્રીય મહાસભામાં વરસોવરસ ચર્ચાતા ઘણા પ્રશ્નો વિષે હું ચોક્કસ વિચારો ધરાવું છું. એ મારા વિચારો છુપાવીને હું પ્રમુખસ્થાન શોભાવી નહીં શકું. અને હું એ વાત પૂરેપૂરી જાણું છું કે જો હું મારા વિચારો કૉંગ્રેસની વ્યાસપીઠ પરથી વ્યક્ત કરું તો તે આપણા નેતાઓને માત્ર અસ્વીકાર્ય જ નહીં થાય પરંતુ એથી તેઓ કદાચ કઢંગી સ્થિતિમાં પણ મુકાઈ જાય. એવું હું કદી નહીં ઇચ્છું. હું એ પણ જાણું છું કે કદાચ મારા વિચારો લોકોને અપરિપકવ અને અધૂરી હકીકતને આધારે બંધાયેલા લાગે, વળી હું પોતે પણ કદાચ મારા એ વિચારો બદલું. આ ત્રણમાંની કોઈ પણ બાબત વિષે હું ગમે એટલા જુદા વિચારો ધરાવતો હોઉં, પણ હું માનું છું કે મારાથી ભિન્ન વિચારો ધરાવવાનો અને તેમનું પ્રતિપાદન કરવાનો સૌને પૂરેપૂરો ને વાજબી હક છે. મને લાગે છે કે હાલ તરત તો હું, જે કાર્ય કૉંગ્રેસને પ્રિય છે તેટલું જ મને પ્રિય છે, એવા કાર્યમાં દક્ષિણ આફ્રિકાના હિંદીઓની સેવા કરીને જ મદદરૂપ બની શકીશ. અને જો હિંદુસ્તાન આવવાની તક ઊભી થશે તો મારા દેશબાંધવોની સ્વતંત્રપણે સેવા કરીશ, અથવા તેમ ન બને તો કોઈ પણ હોદ્દો સ્વીકાર્યા વિના, જેમની પાસેથી મેં પ્રેરણા લીધી છે એવા આપ જેવા નેતાની દોરવણી હેઠળ સેવા કરીશ. જોકે હું જાણું છું કે, આપણી વચ્ચે ઘણી બાબતમાં મતભેદ પ્રવર્તે છે, છતાં આપના પ્રત્યે, તથા જેનું મેં મારા મનમાં એક ચિત્ર દોર્યું એવા આપના ચારિત્ર્ય પ્રત્યે, મારો આદર પહેલાં જેવો જ કાયમ રહેશે.

આપનો સહૃદયી
મો. ક. ગાંધી

[મૂળ અંગ્રેજી]

ટાઇપ કરેલી મૂળ નકલની છબી પરથી : જી. એન. ૩૮૦૪

૧. મળી શકયો નથી.

૨. ઇન્ડિયન ઓપીનિયનમાં ૪-૧૧-૧૯૧૧ને રોજ પ્રસિદ્ધ થયેલા રૂટરના સમાચારમાં કહેવામાં આવ્યું હતું કે પંડિત બિશન નારાયણ ધાર ઇન્ડિયન નેશનલ કૉંગ્રેસના પ્રમુખ ચૂંટાશે.

Gandhi Heritage Portal

૧૪૭. ત્રણ પાઉન્ડનો કર[૧]

હમણાં હમણાં બનેલા બનાવો પરથી જણાયું છે કે ૧૮૯૫ના ૧૭મા[૨] કાયદા મુજબ ૩ પાઉન્ડનો કર કોને ભરવાનો આવે છે એ બાબતમાં ઘણો ગૂંચવાડો છે. કાયદા ખાતાએ એવું ઠરાવ્યું જણાય છે કે જે હિંદી ફરીથી ગિરમીટમાં દાખલ થયો હોય અથવા જે હિંદીએ માલિક-નોકર કાનૂન (માસ્ટર્સ ઍન્ડ સર્વન્ટ્સ ઍક્ટ) મુજબ દીવાની કરારનામું કર્યું હોય, જે કરવાનો તેને ૧૯૧૦ના ૧૯મા કાનૂનની ૩જી કલમ મુજબ અધિકાર છે, તેણે ફરીથી કરેલા ગિરમીટના અથવા નોકરીના કરારની મુદત માટે ત્રણ પાઉન્ડ કર આપવો જોઈશે. કાનૂનની કલમ નીચે મુજબ છે :

> ૧૮૯૫ના ૧૭મા કાનૂન મુજબ જે હિંદી પાસે લાઇસન્સ ફીની રકમ બાકી પડતી હશે તે ફરીથી કરેલા ગિરમીટના અથવા નોકરીના કરારની મુદત દરમ્યાન ઓછામાં ઓછાં બે વરસ સુધી મુલતવી રાખવામાં આવશે, અને જો આવી ગિરમીટ કે નોકરીની મુદત પૂરી થયે તે હિંદ પાછો જાય તો એ બાકીની રકમ માફ કરવામાં આવશે.

આ કલમોનો સાચો અર્થ સમજવા માટે થોડાં વરસ પહેલાં બનેલા બનાવો તરફ ધ્યાન આપવું જરૂરી છે. સન ૧૯૦૫માં જોવામાં આવ્યું કે ઘણા ભૂતપૂર્વ ગિરમીટિયા હિંદીઓ ૩ પાઉન્ડનો કર આપતા નહોતા અને તેનું સીધુંસાદું કારણ એ હતું કે તેઓ એટલા ગરીબ હતા કે આ કર આપી જ નહોતા શકતા.[૩] તેથી એક કાનૂન પસાર કરવામાં આવ્યો. એ

૧. આ લેખ તથા "વિશ્વાસઘાત" (પા. ૨૧૬) ઘણું કરીને ડરબનના એક હિંદી સાથે દીવાની કરારથી જોડાયેલા દેવરાજુલુ નામના હિંદી પર ત્રણ પાઉન્ડના કરની બાકી રકમ નહીં ભરેલી હોવાથી, બજવવામાં આવેલી નોટિસ પરથી લખાયા હોય એવું લાગે છે. જ્યારે મૅજિસ્ટ્રેટનું ધ્યાન ૧૯૧૦ના ૧૯મા કાનૂનની ત્રીજી કલમ તરફ દોરવામાં આવ્યું ત્યારે તેણે કર વસૂલ કરવાનો હુકમ અટકાવ્યો અને મુકદ્દમો અનિશ્ચિત મુદત માટે મુલતવી રાખ્યો. ગિરમીટમાં ફરીથી દાખલ થયેલા લગભગ ૨૧ હિંદીઓ પર આવી નોટિસ બજવવામાં આવી હતી. ૧૯૧૧ના સપ્ટેમ્બરની ૧૬મી તારીખે ડરબનમાં પારસી રુસ્તમજીને ઘરે હિંદીઓની એક સભા થઈ તેમાં ઉક્ત કર નાબૂદ કરાવવા માટે લડત કરવાના ઉદ્દેશથી "૩ પાઉન્ડ કર વિરોધી મંડળ"ની સ્થાપના કરવામાં આવી. ઇન્ડિયન ઓપીનિયન, ૯–૯–૧૯૧૧ અને ૨૩–૯–૧૯૧૧. જુઓ પરિશિષ્ટ ૯ પણ.

૨. સન ૧૮૯૩માં નાતાલ સ્વશાસિત સંસ્થાન બન્યું ત્યાર પછી તરત જ આ કાયદો પસાર કરવામાં આવ્યો હતો. જુઓ પુસ્તક ૫, પા. ૩૭૦. એ કાયદામાં સ્ત્રીઓએ ૩ પાઉન્ડ કર આપવાની વાત નહોતી. બોઅર યુદ્ધ પછી આ કર પ્રત્યે હિંદીઓ અને સંસ્થાનવાસીઓના પ્રત્યાઘાતો માટે જુઓ પુસ્તક ૧, પા. ૧૩૩–૫, ૧૬૩–૪, ૧૬૫–૭૫; પુસ્તક ૨, પા. ૪૨–૩; અને પુસ્તક ૫, પા. ૩૪૬–૭.

૩. જુઓ પુસ્તક ૪, પા. ૪૭૨. આ કર જેમને આપવો પડતો તે હિંદીઓની મુશ્કેલીઓ વખતોવખત પ્રકાશમાં આવતી હતી. દા. ત. જુઓ પુસ્તક ૫, પા. ૨૬૦. ૧૯૧૧માં સ્ટેંગરમાં એક ફેરીવાળી સ્ત્રીને, તે અતિશય ગરીબાઈને કારણે આ કર ન ભરી શકી તેથી, બે અઠવાડિયાંની જેલની સજા કરવામાં આવી હતી. ઇન્ડિયન ઓપીનિયન, ૮–૭–૧૯૧૧. ૧૮૯૧ના ઇન્ડિયન ઇમિગ્રેશન કાનૂનમાં ગિરમીટિયા હિંદીઓ માટે મજૂરી પહેલા વરસે દર મહિને ૧૬ શિલિંગ ઠરાવવામાં આવી હતી જે દર વરસે એક શિલિંગ વધીને પાંચમે વરસે દર મહિને ૨૦ શિલિંગ થતી હતી (પુસ્તક ૧, પા. ૧૬૫–૬), જ્યારે ૧૯૦૧ની આસપાસ રૅન્ડની ખાણોમાં કામ કરતા દેશી મજૂરોને દર મહિને ૪૫ શિલિંગ મળતા હતા અને એટલી મજૂરી આપવા છતાં દેશી મજૂરો મળતા નહોતા. જુઓ એરિક વૉકર, ઍ હિસ્ટરી ઑફ સાઉથ આફ્રિકા, પા. ૫૧૦. તેથી ગાંધીજી હમેશાં ભારપૂર્વક કહેતા કે હિંદી મજૂરોની બચત જેમાંથી તેઓ કર ભરતા તે ઘણી મોટી હોય એ શક્ય નહોતું. મોડ પોલાકે સંસ્થાન ઑફિસને લખેલા પત્રમાં (સી. ઓ. ૪૭૭) એક

Gandhi Heritage Portal

કાનૂન મુજબ જે ભૂતપૂર્વ હિંદી ગિરમીટિયો ચાલુ વરસનું ૩ પાઉન્ડ કરનું લાઇસન્સ રજૂ ન કરી શકે તેને કોઈ કામે ન રાખી શકે, અથવા ભાડે જમીન ન આપી શકે. આ કાનૂનના ભંગ બદલ માલિકને ૫ પાઉન્ડ દંડ થતો. કાનૂનમાં એવી પણ જોગવાઈ હતી કે માલિક પોતે ૩ પાઉન્ડ ભરી દે અને તે હિંદીની મજૂરીમાંથી કાપી લે. આમ એમાં ઇરાદો હિંદીઓને ત્રણ પાઉન્ડ કર આપવાની અથવા દેશ છોડી જવાની ફરજ પાડવાનો હતો. પાછળથી એ જ વરસે બીજો કાનૂન પસાર કરવામાં આવ્યો. તેની રૂએ જે હિંદીની ટૅક્સ ભરવાની ફરજ હોય તેને ઓછામાં ઓછી બે વરસની મુદતનો ફરીથી ગિરમીટનો કરાર કરવાનો હક મળતો હતો. પહેલાં આમ થઈ શકતું નહોતું. ત્રણ પાઉન્ડનો કર ભરીને તેણે ખોયેલી હિંદુસ્તાન પાછા મોકલવાની સગવડ હવે તેને ફરીથી મળી જતી હતી. આ બિલ બીજા વાચન માટે રજૂ કરતાં નાતાલના વડાપ્રધાને કહ્યું કે,

> આ બિલ એટલા માટે લાવવામાં આવ્યું છે કે, જે હિંદીઓ ગિરમીટમાંથી મુક્ત થાય ત્યારે ૩ પાઉન્ડનો કર આપી શકે તેમ ન હોય તેઓ ફરીથી ગિરમીટમાં દાખલ થઈ શકે. કોઈ ભૂતપૂર્વ હિંદી ગિરમીટિયો ૩ પાઉન્ડનો કર ન ભરી શકે એવા પ્રસંગો આવવાનો સંભવ છે. એ સ્થિતિમાં તેને ફરીથી ગિરમીટમાં દાખલ થવાની છૂટ મળે એ જ ઉચિત ગણાય. આ બિલથી તેને એ અધિકાર આપવામાં આવે છે એટલું જ નહીં, પણ હિંદ પાછા જવાનો પ્રવાસખર્ચ મેળવવાનો પણ અધિકાર મળે છે, જે પહેલો કરાર પૂરો થતાં ઉપયોગ ન કરવાને કારણે તે ખોઈ બેઠો હતો.

એટલે અહીં એટલું સ્પષ્ટ છે કે કાયદાનો આશય એ હતો કે જે હિંદી ફરીથી ગિરમીટમાં દાખલ થાય તેને કર આપવો નહીં પડે. પરંતુ આ પ્રલોભન પૂરતું નહોતું. ૧૯૦૯ના અંતમાં બગીચા માલિકો વધુ હિંદી મજૂરોની માગણી કરતા હતા અને હિંદ સરકારે ગિરમીટિયાને નાતાલ મોકલવાનું બંધ કરવાની ધમકી આપી હતી. હવે શું કરવું? લેજિસ્લેટિવ કાઉન્સિલમાં માનનીય શ્રી બેન્સે એ વાત તરફ ધ્યાન ખેંચ્યું કે,

> માથા વેરા સાથે ત્રણ પાઉન્ડનો નિવાસ કર એ હિંદીઓ માટે બહુ સખત શરત છે. સંસ્થાન છોડીને જતા હિંદીઓની સંખ્યા અહીં આવતા હિંદીઓ કરતાં વધુ છે, એ હકીકત છે. હું માનું છું કે આપણે મજૂરોને આમ ચાલી જતાં રોકવા જોઈએ.

બીજા વાચન માટે સંશોધન બિલ રજૂ કરતાં સંસ્થાન મંત્રીએ કહ્યું હતું કે,

> ખુદ હિંદીઓ તરફથી તેમ જ મૅજિસ્ટ્રેટો તરફથી પણ એવી મતલબની અરજીઓ આવી છે કે ત્રણ પાઉન્ડની લાઇસન્સ ફી ભરવાનું શક્ય નથી, અને સરકારને લાગે છે કે જો હિંદી સ્ત્રીઓને આ લાઇસન્સ ફીમાંથી મુક્તિ આપવામાં આવે તો એ કર વસૂલ કરી શકાશે, અને આ કાયદાનો ઉદ્દેશ પણ એ જ છે. હિંદી ઇમિગ્રેશન કમિશને આ બાબત તપાસ કરી છે, અને તેણે આવો કાયદો કરવાની ભલામણ કરી છે.

સર લીજ હ્યુલેટે બિલને ટેકો આપ્યો અને કહ્યું કે ૩ પાઉન્ડનો કર સ્ત્રીઓ અને છોકરીઓને લાગુ પાડવાનો ઇરાદો કદી હતો જ નહીં. પરંતુ, શ્રી કર્કમૅનના ઠરાવ પર એક સુધારો પસાર થયો જેથી મૅજિસ્ટ્રેટોને પોતાની વિવેકબુદ્ધિ વાપરીને કોઈ હિંદી સ્ત્રીઓને લાઇસન્સ

નાતાલના બગીચા માલિકનો ઉલ્લેખ કર્યો છે. એ બગીચા માલિકે એક સાઉથ આફ્રિકન કમિશન સમક્ષ કહ્યું હતું કે "કેવળ છ ટકા ભૂતપૂર્વ ગિરમીટિયા હિંદીઓને ૩ પાઉન્ડ ટૅક્સ ભરવાનું પાલવે એવું હતું."

Gandhi Heritage Portal

ફીમાંથી મુક્તિ આપવાનો અધિકાર મળ્યો. એ જ બિલમાં શ્રી ક્લેટને બાકી રકમ વસૂલ કરવા માટે એક કલમ જોડવાનો ઠરાવ મૂક્યો, જે આ લેખની શરૂઆતમાં ઉતારવામાં આવ્યો છે અને એને કાયદાનું સ્વરૂપ આપવામાં આવ્યું. આ કાયદો જાન્યુઆરી, ૧૯૧૦માં પસાર થયો હતો અને એ વરસના એપ્રિલ મહિનામાં મૉરિત્સબર્ગની સંસ્થાન મંત્રીની ઑફિસેથી એક અંગ્રેજી, હિંદી અને તામિલ ભાષામાં છાપેલો પરિપત્ર[૧] કાઢવામાં આવ્યો હતો, જેમાં હિંદી પુરુષો અને સ્ત્રીઓ, જેમણે ત્રણ પાઉન્ડનાં સર્ટિફિકેટ લેવાં જોઈતાં હતાં પણ લીધાં ન હોય તેઓ ઓછામાં ઓછાં બે વરસ માટે ફરીથી ગિરમીટમાં દાખલ થઈ શકે અથવા તેટલી મુદત માટે દીવાની કરાર કરી શકે અને તેઓ ગિરમીટમાં કે દીવાની કરારમાં હશે ત્યાં સુધી તેમની પાસે લાઇસન્સની રકમ માગવામાં નહીં આવે અને તેઓ હિંદુસ્તાન જવા માગતાં હશે તો તેમને લાઇસન્સની બાકી રકમ આપવાની ફરજ પાડવામાં નહીં આવે.[૨]

ઉપરની હકીકતો જોતાં, એ જ નિર્ણય પર આવી શકાય છે કે ભૂતપૂર્વ ગિરમીટિયા હિંદીઓએ ફરીથી કરેલા ગિરમીટ કરારની મુદત અથવા ફરીથી કરેલા નોકરીના કરારની મુદત દરમ્યાન ત્રણ પાઉન્ડનો કર આપવો પડશે, એવો કાયદાનો આશય હતો જ નહીં. આ સ્પષ્ટતા ખાસ કરીને એટલા માટે કરવામાં આવી છે કે બીજી વારની ગિરમીટની મુદત દરમ્યાન કર આપવા બાબત ધારામંડળના ઇરાદા બાબત કંઈ સંદેહ હોય તો તે દૂર થાય. આ કરની સામે તો અમે પૂરી તાકાતથી હંમેશાં લડતા રહ્યા છીએ[૩] અને જ્યાં સુધી આ ઘાતક અને અન્યાયી કર કાયદા પોથીમાંથી ભૂંસી કાઢવામાં નહીં આવે ત્યાં સુધી લડતા રહીશું.

[મૂળ અંગ્રેજી]

ઇન્ડિયન ઓપીનિયન, ૧૧–૧૧–૧૯૧૧

૧. જુઓ પુસ્તક ૧૦, પા. ૨૮૪.

૨. સંઘ રાજ્ય સ્થપાયા પહેલાં એપ્રિલ ૧૯૧૦માં આ પરિપત્ર નાતાલના હિંદીઓમાં ફેરવવામાં આવ્યો હતો. એને લઈને ઘણો ગૂંચવાડો પેદા થયો હતો. આ પરિપત્ર સંસ્થાન મંત્રીની ઑફિસેથી કાઢવામાં આવ્યો હતો, પણ એશિયાઈ સંરક્ષકની ઑફિસ તરફથી તેનો હિંદી અને તામિલ અનુવાદ બહાર પાડવામાં આવ્યો હતો. કાયદાની ૩જી કલમમાં ફરીથી ગિરમીટમાં દાખલ થયેલા હિંદીઓને ૩ પાઉન્ડ કરની બાકી રકમ ચૂકવવામાંથી માફી આપવામાં આવી હતી, પરંતુ અંગ્રેજી પરિપત્રમાં 'નીકળતી લાઇસન્સ ફી' લખ્યું હતું. હિંદી અને તામિલ અનુવાદમાં તો કદાચ ચાલુ કર ભરવામાંથી પણ મુક્તિ આપવાનું સૂચવવામાં આવ્યું હતું, કાયદા ખાતાના અધિકારીઓ માનતા હતા કે કાયદાની વ્યાખ્યા અનુસાર ગિરમીટમાં ફરીથી દાખલ થયેલાઓ ચાલુ કરને પાત્ર છે. આયરે (પા. ૧૭૩–૪ની પાદટીપ નં. ૪) આ બાબત નાતાલ મર્ક્યુરીનું ધ્યાન ખેંચ્યું. નાતાલ મર્ક્યુરીએ પોતાના ૮મી નવેમ્બર ૧૯૧૧ના એક લેખમાં, આયરે રજૂ કરેલા પરિપત્ર મુજબનો અર્થ અને કાયદા ખાતાના અધિકારીઓએ કરેલા અર્થ વચ્ચેનો ભેદ બતાવ્યો છે. અધિકારીઓની દલીલ એવી હતી કે આ અર્થનો આધાર કાયદાના શબ્દાર્થ ઉપર રહેવાનો જે તેમના માનવા પ્રમાણે ફરી ગિરમીટનો કરાર કરનારાઓને ચાલુ કર ભરવાને જવાબદાર ગણે છે. ઇન્ડિયન ઓપીનિયન, ૧૧–૧૧–૧૯૧૧.

૩. ગિરમીટમાંથી મુક્ત થયેલા હિંદીઓ પર ૩ પાઉન્ડનો કર લાદવા સામે નાતાલના હિંદીઓએ હંમેશાં વિરોધ કર્યો હતો. તેમના કહેવા મુજબ એ કર રાજ્યની આવકનું સાધન નહોતું, પણ હિંદીઓને ગિરમીટની મુદત પૂરી થયે, સંસ્થાનમાંથી હાંકી કાઢવાનું સાધન હતું, અને તે બ્રિટિશ બંધારણની પરંપરાઓની વિરુદ્ધ હતું. ગિરમીટ પ્રથા અને ૧૮૯૫ના બિલ વિષે ગાંધીજીના વિચારો માટે જુઓ પુસ્તક ૨, પા. ૪૨–૩. આ કર વિરુદ્ધ તેમણે કરેલી રજૂઆતો માટે જુઓ પુસ્તક ૧, પા. ૯૩, ૧૩૩–૫, ૧૬૩–૪, ૧૬૫–૭૫ અને ૧૭૬–૮; તથા પુસ્તક ૯, પા. ૪૦૮–૯.

Gandhi Heritage Portal

૧૪૮. દેશમાં દુકાળ

દુકાળ જોકે ગુજરાત કાઠિયાવાડમાં છે, છતાં અમે તેને દેશમાં દુકાળ નામ આપીએ છીએ. જેમ શરીરના એક અંગને ઈજા થાય તે આખા અંગને થવા બરાબર છે, તેમ ગુજરાતમાં દુકાળ તે દેશમાં થવા બરોબર છે.

દેશનાં કાગળો તથા છાપાં પરથી જોવામાં આવે છે કે આ વેળાનો દુકાળ તે આગલા બધા દકાળને આંટી દેશે. માણસો અને ઢોરો બંનેનો નાશ થતો ચાલ્યો છે. પાછતરનો વરસાદ નથી પડયો જણાતો. એટલે દશાનું વર્ણન થઈ શકે તેમ નથી તે દશા જોયે જ સમજી શકાય. આપણને એક દહાડાની ભૂખ હોય તો મિજાજ જાય છે. જો ખાવામાં વસ્તુની ટેવ હોય તે ન મળે તો આપણે ઘરની ઓરત કે રસોઈયા ઉપર એટલી ખિરજોરી કરીએ છીએ કે તેની સીમા નથી રહેતી. આને બદલે એમ ધારો કે આપણને આઠ મહિના સુધી ભાગ્યે જ ખાવાનું મળવાનું છે. શરીર હાડપિંજર થઈ ગયું છે. પેટ તે બરડાને અડવા આવ્યું છે. શરીરને કોઈ ટેકો આપે તો જ ઊભી શકાય છે. આનો ચિતાર આવે તો પછી ધારો કે તેવી દશા લાખો માણસોની છે; તે પછી કંઈક ખ્યાલ આવશે કે દેશમાં જે દશા વર્તે છે તે કેવી છે.

આપણે મદદ કેમ કરી શકીએ? પ્રથમ મદદ તો એ કે આપણે પોતાનાં એશઆરામ ઓછાં કરીએ, આપણું ધતિંગ ઓછું કરીએ, આપણો મદ ઓછો કરીએ. આપણે ચોરી ઓછી કરીએ અને આપણાં થયેલાં પાપોની ઈશ્વર પાસે માફી માગીએ. પછી જો આપણું મન શુદ્ધ દેખાતું હોય તો દેશની ઉપર જે કેર વર્તે છે તેને સારુ છુટકારો ઈશ્વર પાસે માગીએ.

ઉપર પ્રમાણે ચાલીએ તો આપણી પાસે પૈસો બચે. આ પૈસાનો આપણે દુકાળિયાને મદદ મોકલવામાં ઉપયોગ કરીએ. જેઓ પોતે પૈસા મોકલવાની વ્યવસ્થા ન કરી શકે તેની વતી અમે પૈસા લેવા ને મોકલવા તૈયાર છીએ. હાલ પણ અમો એક સુખી ગૃહસ્થ જેણે પોતે પોતાનો પૈસો આ બાબતમાં વાપરવા કાઢયો છે તેની સાથે મસલત કરી રહ્યા છીએ. જે પૈસા અમને મોકલવામાં આવશે તે તે ગૃહસ્થને અથવા તો જાણીતા મંડળને અમે મોકલશું તેની પહોંચ છાપશું.

મુખ્ય વાત પૈસા કેમ મોકલવા એ નથી પણ એકઠા કરવા એ છે. અમારો અભિપ્રાય છે કે અમે સૂચવેલ રીત મુજબ જે પોતાનાં મન સરળ અને શુદ્ધ કરી પૈસા મોકલશે તેના પૈસા સારાં બીજની જેમ વધારે સારું ફળ આપશે એમાં સંદેહ નથી.

[મૂળ 'ગુજરાતી]

ઇન્ડિયન ઓપીનિયન, ૧૧–૧૧–૧૯૧૧

Gandhi Heritage Portal

૧૪૯. ડૉ. પ્રાણજીવન મહેતાને પત્ર

ટૉલ્સ્ટૉય ફાર્મ,
લૉલી સ્ટેશન,
ટ્રાન્સવાલ
કારતક વદ ૫ [નવેમ્બર ૧૧, ૧૯૧૧][1]

ભાઈશ્રી પ્રાણજીવન,

તમારા કાગળ નથી એટલે મેં પણ નિયમસર નથી લખ્યા. હવે ટપાલનું અનિયમિત રહ્યું એટલે બીજું કંઈ અગત્યનું લખવાનું હોય એટલે તમારા કાગળનું માંડી વાળું છું.

મારા કેટલાયે કાગળોના જવાબની હું રાહ જોયા કરું છું.

કૉંગ્રેસના પ્રમુખનું માંડી વળાયું તે ઠીક જ થયું છે. મેં પ્રોફે. ગોખલેને લાંબો તાર[2] કરેલો એ ઘણું કરીને તમને લખી ગયો છું. જો માત્ર કલકત્તાની કમિટી તરફથી પૂછપરછ થઈ છે તેમ જ હું જાણત તો પ્રથમથી જ હું ગમે તેટલા દબાણ છતાં ચોખ્ખી ના પાડત. મારા વિચારોને હું ન જણાવી શકું એવી સ્થિતિમાં મુકાઉં ત્યાં હું તદ્દન નિરુપયોગી થઈ પડું.

કાઠિયાવાડમાં દુકાળ ભયંકર જણાય છે. તમે ત્યાં જવાનો વિચાર મુકરર રાખ્યો હશે. તમે પૈસાની મદદ તો કરશો જ તેની સાથે અવિચારી રાજાઓ કોઈ મળે, તેને અને બીજાઓને સમજાવી શકો કે રેલવે વ.ના ફિતૂરથી ગરીબ લોકો તો માર્યા જ જાય છે તો ઠીક થાય. જે વસ્તુ બીજા મુલકમાં હજુ પરવડે તે હિંદુસ્તાનમાં તો નહીં જ પરવડે એમ મને તો લાગ્યા કરે છે. લોકોની આબાદી નથી નિકાસમાં કે નથી આવકમાં. પોતાનું પેદા કરી ત્યાં જ વાપરશું તો દુકાળોથી દુઃખી આટલે દરજ્જે નહીં થઈએ.

મારી નાનકડી નિશાળમાં ધીમે ધીમે વધારો થયા કરે છે. ખાવા વ.ના સખત ધારા ન હોય તો વિશેષ છોકરાં આવે. તે ધારા નરમ ન કરવા એમ રહ્યા કરે છે ને હું ઘણાં વધારે છોકરાં આવે એવું ઇચ્છતો પણ નથી. તેથી મારું કામ ઘણું વધી પડે ને મારે છોકરાના ચારિત્ર્ય તરફ ધ્યાન આપવું હોય તે ન આપી શકું.

મોહનદાસના વંદે માતરમ્

[મૂળ ગુજરાતી]
ગાંધીજીના હસ્તાક્ષરમાં લખાયેલા મૂળ પત્ર પરથી : સી. ડબ્લ્યુ. ૫૬૩૨
શ્રી સી. કે. ભટ્ટના સૌજન્યથી

૧. આ પત્રમાં કૉંગ્રેસના પ્રમુખપદની ચર્ચા આગળ ચાલે છે, તેથી દેખીતું છે કે આ પત્ર પણ ૧૯૧૧માં લખવામાં આવ્યો હશે.

૨. આ તાર મળતો નથી; જુઓ "ડૉક્ટર પ્રાણજીવન મહેતાને પત્ર", પા. ૨૦૦-૨.

Gandhi Heritage Portal

૧૫૦. જોહાનિસબર્ગમાં ઓરતોના કામનું બ્યાન

[નવેમ્બર ૧૫, ૧૯૧૧]

માનપત્ર[૧]

વહાલાં મિસિસ વોગલ,—ટ્રાન્સવાલની ઈન્ડિયન વિમેન્સ ઍસોસિયેશન પ્રત્યે આપે જે ભારે સેવા બજાવી છે તેની કદર જાહેર રીતે અમે ન બૂઝીએ તો અમે ગુણચોર કહેવાઈએ. આ પ્રદર્શને આપની સેવાને સંપૂર્ણતાએ પહોંચાડેલ છે.

અમારા અત્યંત દુ:ખી દિવસોમાં, જ્યારે અમારાં સગાંવહાલાંઓ જેલમાં જઈ બેઠાં હતાં, ત્યારે આપે અને મિસ શ્લેશિને અમારું દુ:ખ ભુલાવવા અમોને ઉત્સાહથી બેહદ મદદ કરી છે.

ખરેખર આપ અમારાં સાચાં બહેન બન્યાં છો, અને જ્યાં સુધી ગોરી કોમમાં આપનાં જેવાં બાનુઓ હશે ત્યાં સુધી શહેનશાહતની બે પ્રજાઓને સુલેહસંપમાં રહેતી જોવામાં નિરાશ બનવાની જરૂર નથી.

આપની પ્રત્યે અમારા માનની અદના નિશાની તરીકે સાથેની જણસ સ્વીકારવા અમે વિનંતી કરીએ છીએ.[૨]

અમે છીએ, આપનાં દિલોજાન; **મિસિસ ડી. અર્નેસ્ટ, મિસિસ પી. કે. નાયડુ, વિરામલ ટી. નાયડુ, વેલુમા એન. એફ્. પિલ્લે, મુનીમલ કે. એમ. પિલ્લે, ક્રિષ્ટિયાન અર્નેસ્ટ, મિસિસ એ. કે. પિલ્લે, મિસિસ રામ મુદલે, મિસિસ એ. આર. ફિલિપ, મિસિસ અચઈ કુમારમલ, મિસિસ એન. પ્રવંગથમલ, મિસિસ આર. એમ. ટોમી, મિસિસ કે. લૅઝરસ, અને કે. સેબાસ્ટીન.**

[મૂળ ગુજરાતી]

ઇન્ડિયન ઓપીનિયન, ૨૫–૧૧–૧૯૧૧

૧. અનુમાન છે કે આ માનપત્ર ગાંધીજીએ ઘડ્યું હતું. માનપત્ર માટેના મેળાવડાનું કામ ત્રણ વાગ્યે શરૂ થયું હતું. ઓરતોના મંડળ વતી ગાંધીજીએ સર્વેને આવકાર આપનારું ભાષણ કર્યું. તેમણે સીવણ વર્ગ ઉઘાડવા માટે અને તે સંબંધમાં અથાગ પરિશ્રમ લેવા માટે મિસિસ વોગલનાં વખાણ કર્યાં, અને આ માનપત્ર વાંચી સંભળાવ્યું, અને મિસિસ વોગલને મિ. હૉસ્કેનના હાથે તે ભેટ આપવા સૂચવ્યું. માનપત્રનો સ્વીકાર કરતાં મિસિસ વોગલે બીજી કેટલીક બાબતો ઉપરાંત કહ્યું કે એકઠી થયેલી રકમનો ઉપયોગ (ઇન્ડિયન ઓપીનિયન, તા. ૯–૧૨–૧૯૧૧ ના અંકમાં જણાવ્યા મુજબ તે દિવસે પા. ૧૩૮–૧૦–૯ એકઠા થયા હતા.) શિક્ષણકાર્યને આગળ ધપાવવામાં, અને "સત્યાગ્રહની લડતમાં મૃત્યુને વરેલા બે વીરો" નાગપ્પન (પુસ્તક ૯, પા. ૩૪૧, ૩૫૭ અને ૫૮૨ તથા પુસ્તક ૧૦, પા. ૪૧૬ અને ૪૧૯) અને નારાયણસામી (પુસ્તક ૧૦, પા. ૪૧૫, ૪૧૬, અને ૪૧૯–૨૦)ની સ્મૃતિ કાયમ રાખવામાં કરવામાં આવશે. ઇન્ડિયન ઓપીનિયન, ૨૫–૧૧–૧૯૧૧.

૨. આ મિસિસ વોગલ માટે લખવાનું સુંદર મેજ હતું.

Gandhi Heritage Portal

૧૫૧. ડૉ. પ્રાણજીવન મહેતાને પત્ર

ટૉલ્સ્ટૉય ફાર્મ,
લૉલી સ્ટેશન,
ટ્રાન્સવાલ
કારતક વદ ૧૨ [નવેમ્બર ૧૭, ૧૯૧૧][1]

ભાઈશ્રી પ્રાણજીવન,

તમારો કાગળ મળ્યો છે. તમે અને છગને સ્ટીમર ઉપર માંસાહાર ન કર્યો એ મને બહુ હર્ષની વાત થઈ પડી છે. છગનને દેશમાં લાવ્યા એથી તેની જિંદગી આબાદ રહી એમ તો માનું છું. વધારે કાળ જતાં તેની વિલાયતી ટેવો છોડવવી બહુ મુશ્કેલ લાગી.

તમે મારા ભાષણ[2] વિષે ઉમેદ બતાવી તે ઉપર હવે કંઈ કહેવા જેવું નથી. પણ હાલ મારા મનની દશા એવી તીવ્ર છે કે મારાથી બીજી રીતે ભાષણ ન જ થઈ શકત. તેથી જ મેં જો મને બોલાવે જ તો સંપૂર્ણ છૂટ માગેલી. તે તેઓ ન આપી શકે એ સમજાય. પ્રમુખ તરીકે મારું આવવાનું નથી થયું એ ઠીક જ થયું છે.

ગુજરાતી છાપાએ છાપવાની હવે હા પાડી છે તે નીરસ છે. જ્યારે કોઈ પણ પ્રકારનું જોખમ નથી રહ્યું તેમ ખાતરી થઈ ત્યારે કામ હાથમાં લીધું જણાય છે. મણિલાલ[3] વિષે હું તમને સવિસ્તર લખી ચૂકયો છું.

મિસ સ્મિથ[4] વિષે પણ સમજણ પાડી છે. તે બાઈ મેલા દિલની નથી એમ મને લાગ્યું છે. એક માર્ગે કામ કરનારી છે. જે કંઈ ફ્રા. ઓ.ને સારુ મોકલે છે તે માત્ર શોખથી કરે છે. પૈસાની લાલચ તો નથી જ.

સાથે અહીં ખપતાં બીબાંની નોંધ છે. તેના પૈસા હું આપી શકું તેમ નથી. તેમ મારી પાસે હાલમાં તો એવી સગવડ પણ બીજે કયાંયથી મેળવવાની નથી. આ બીબાં વિષે રેવાશંકર-ભાઈને હું પરબારો નથી લખતો. તમને યોગ્ય લાગે તો તમે તે નોંધ તેમને મોકલી બીબાં ચઢાવવાનું લખજો.

મોહનદાસના વંદે માતરમ્

[મૂળ ગુજરાતી]
ગાંધીજીના હસ્તાક્ષરમાં લખાયેલા મૂળ પત્ર પરથી : સી. ડબ્લ્યુ. ૫૬૩૩
શ્રી સી. કે. ભટ્ટના સૌજન્યથી

૧. ઇન્ડિયન નેશનલ કૉંગ્રેસના પ્રમુખપદા બાબતનો સવાલ આ કાગળમાં પતી જાય છે. ડૉ. પ્રાણજીવન મહેતા પરના અગાઉના પત્રો, પા. ૧૯૬–૭, ૨૦૦–૨ અને ૨૧૩ના અનુસંધાનમાં લખાયેલો આ પત્ર ૧૯૧૧માં લખાયો હતો એ દેખીતું છે.

૨. ગાંધીજીએ આનો ઉલ્લેખ ડૉ. મહેતાને અગાઉ લખેલા એક પત્રમાં પણ કર્યો છે, પરંતુ ખબર નથી કે આ કયું ભાષણ છે અને તે પ્રાપ્ય છે કે નહીં તેની પણ ખબર નથી.

૩. જુઓ "ડૉક્ટર પ્રાણજીવન મહેતાને પત્ર", પા. ૨૦૦–૨.

૪. જુઓ "ડૉક્ટર પ્રાણજીવન મહેતાને પત્ર", પા. ૧૯૬–૭.

Gandhi Heritage Portal

૧૫૨. વિશ્વાસઘાત

૩ પાઉન્ડ કરના કાયદાની કાનૂની અસરની વાત બાજુએ રાખતાં પણ ગયે અઠવાડિયે અમે આ પત્રમાં જેનો ઉલ્લેખ કર્યો હતો તે પરિપત્રનો[૧] આશય બારીકાઈથી તપાસવાની જરૂર છે. કેટલીક બાબતો એવી હોય છે જેમાં વાક્‌ચાતુર્યને જાણીબૂજીને બાજુએ મૂકવું પડે છે. ત્રણ પાઉન્ડ કરની બાબત, અમારા અભિપ્રાય મુજબ, એ જ પ્રકારની છે. પોતાના એક પરિપત્ર દ્વારા, ભૂતપૂર્વ નાતાલ સરકાર, ફરીથી ગિરમીટના કરાર કરનાર હિંદીઓને કરમાંથી સંપૂર્ણ રીતે મુક્ત કરવા બંધાઈ હતી. અમે માનીએ છીએ કે, એ પરિપત્રના અંગ્રેજી પાઠનો એ જ અર્થ છે, તેમાંથી બીજો અર્થ નીકળી શકે એમ નથી. પણ સરકાર તેના અનુવાદોને તો વધારે બંધાયેલી છે કેમ કે લોકો એ અનુવાદો મુજબ વર્ત્યા છે. સરકારે અર્થ તારવવાનો સીધોસાદો એવો નિયમ અપનાવવો જોઈએ કે, પરિપત્રનો અર્થ, એની સાથે સંબંધ ધરાવતા લોકોએ ઉચિત રીતે કર્યો હોય તે જ ગણાય. લોકોએ શો અર્થ કર્યો એ બાબત વિષે કશી શંકાને સ્થાન નથી. આટલી વાત પરિપત્ર અને તેની અસર વિષે.

પરિપત્રની અવગણના કરીને કાયદાનો અર્થ ઘટાવવામાં અને તેનો અમલ કરવાના પ્રયાસમાં સંઘ સરકાર એક જુલમગારની તાકાતનો ઉપયોગ કરી રહી છે. અમારી દલીલ એવી છે કે, જો સંઘ સરકાર, દક્ષિણ આફ્રિકાના લોકોનો એટલે ગરીબ હિંદીઓનો કે ઉચ્ચ પદ પર બેઠેલા યુરોપિયનોનો, પોતા માટેનો આદર જાળવી રાખવા માગતી હોય તો, તેણે માજી સરકારના કાયદાઓને બંધનકર્તા ગણવા જોઈએ. પરિપત્રની અવગણના કરીને હવે ફરીથી ગિરમીટમાં દાખલ થનાર ગરીબ અને ભોળા લોકો પાસે દર વરસે ૩ પાઉન્ડ વસૂલ કરવાની ઇચ્છા રાખવી એ ચોખ્ખો વિશ્વાસઘાત છે. પ્રધાનમંડળના વર્તમાન સભ્યોને અમે અપીલ કરીએ છીએ તેમાં, કદાચ, ખાસ ઔચિત્ય રહેલું છે. એક નબળા પક્ષ તરીકે તેઓએ વીરીનિગિંગની સંધિનો જે અર્થ[૨] કર્યો તે સ્વીકારાવવાનો તેઓએ આગ્રહ રાખ્યો હતો અને તેઓ તેમાં સફળ પણ થયા હતા. જનરલ બોથાને અમે ચેતવણી આપીએ છીએ કે રખે તેઓ પોતાના વિજયની ઘડીએ[૩] ભૂતકાળના પાઠ ભૂલી જાય અને પોતાની વાત સ્વીકારાવવા માટે ગરીબ અને અજ્ઞાન લોકો પર જુલમ ગુજારે.

[મૂળ અંગ્રેજી]

ઇન્ડિયન ઓપીનિયન, ૧૮–૧૧–૧૯૧૧

૧. જુઓ "૩ પાઉન્ડનો કર", પા. ૨૦૯–૧૧.

૨. યુદ્ધ પછી વીરીનિગિંગની સંધિની ૮મી કલમમાં આવતા 'વતની' શબ્દનો અર્થ કરવાનો પોતાને અધિકાર છે એવો બોઅરોએ આગ્રહ રાખેલો તેનો ઉલ્લેખ છે. એ રીતે તેઓ હિંદીઓને મતાધિકારથી વંચિત રાખવા માગતા હતા. તે વખતે લૉર્ડ મિલ્નરે બોઅરોને એવો અર્થ કરવાની છૂટ આપી હતી પણ તેથી કેવળ "વતનીઓને મતાધિકાર આપવાનો સવાલ સ્વશાસન લાગુ કરવામાં ન આવે ત્યાં સુધી" મુલતવી રહ્યો હતો. પરંતુ હિંદીઓ તો રાજકીય મતાધિકાર પણ છોડવા તૈયાર હતા. જુઓ પુસ્તક ૩, પા. ૩૭૬; પુસ્તક ૫, પા. ૩૬૭; પુસ્તક ૬, પા. ૩૦૫ તથા પુસ્તક ૯, પા. ૪૩૧.

૩. બોઅર યુદ્ધમાં હાર્યા પછી પાંચ વરસની અંદર ડચ લોકો હેટવૉક પક્ષના નેજા નીચે સંધિમાં માનભરી શરતો સ્વીકારાવવામાં સફળ થયા હતા એ બોથાની વિજયની ઘડીનો અહીં ઉલ્લેખ છે. તે વખતે ગાંધીજીએ લખ્યું હતું તેમ (પુસ્તક ૬, પા. ૩૭૮–૯ અને ૩૯૩–૪.) "હારમાં, ડચ લોકો ખરેખર જીત્યા હતા." વળી તેઓ પાછળથી ૧૯૦૯ના સંઘ રાજતંત્રને પોતાના લાભમાં, એટલે કે ડચ ભાષાનાં અને તેમનામાંના ગરીબોનાં હિતોને આગળ ધપાવવા માટે ફેરવી શક્યા હતા.

Gandhi Heritage Portal

૧૫૩. એ. એચ. વેસ્ટને પત્ર

શુક્રવાર રાત્રે [નવેમ્બર ૨૪, ૧૯૧૧][૧]

પ્રિય વેસ્ટ,

કોઈ અંગત ગંભીર હાનિના ખબરથી હું અસ્વસ્થ ન થયો હોત તેટલો અસ્વસ્થ હું તમારા પત્રથી થયો છું. આ ખબર સાવ ખોટા હશે એમ માનીને ધીરજ રાખું છું. હું તેને એટલો નેક અને એકંદરે એટલો ચોખ્ખો માનું છું કે, જ્યાં સુધી મને તમારો ચોક્કસ અભિપ્રાય નહીં મળે ત્યાં સુધી હું આ આરોપો ખોટા જ માનીશ. પહેલાં મેં તેને લખવાનો નિશ્ચય કર્યો, પણ મને લાગે છે કે તે પોતે ઉલ્લેખ નહીં કરે ત્યાં સુધી હું તેને ન લખું એથી આ બાબતની તપાસ કરવામાં તમને મદદ થશે.

તમારો સહૃદયી
મો. ક. ગાંધી

[મૂળ અંગ્રેજી]
ગાંધીજીના હસ્તાક્ષરમાં લખાયેલા મૂળ પત્રની છબી પરથી : સી. ડબ્લ્યુ. ૪૪૧૪
મિ. એ. એચ. વેસ્ટના સૌજન્યથી

૧૫૪. કમનસીબ જવાબ

ત્રણ પાઉન્ડ કરના સવાલ વિષેનો મિ. હારકોર્ટનો જવાબ અત્યંત કમનસીબ છે.[૨] એ જવાબ જો સંઘ રાજ્યની ઠરેલી નીતિ દર્શાવતો હોય તો તેઓ એક મોટી લડત નોતરી રહ્યા છે, જે મોઢાની નહીં હોય પણ સીધાં પગલાંની હશે. આ ઘૃણાપાત્ર કર રદ કરાવવા માટે પગલાં લેવાની સ્વતંત્ર હિંદીઓની પોતા પ્રત્યે તેમ જ પોતાના ગરીબ ભાઈઓ પ્રત્યે ફરજ છે. હિંદુસ્તાનથી ગિરમીટિયા હિંદીઓ આવતા બંધ થતાંની સાથે આ કર માટેનું રહ્યુંસહ્યું વાજબીપણું પણ ખતમ થાય છે. સમ્રાટ સરકારને તેની સ્પષ્ટ ફરજમાંથી એટલી સહેલાઈથી છટકી નહીં જવા દઈ શકાય. આ કર જો બરાબર નહીં હોય તો સામ્રાજ્ય સરકારની મંજૂરી અથવા સંઘ સરકારનો નિશ્ચય તેને યોગ્ય નહીં કરી શકે. હિંદી કોમે શાં પગલાં લેવાનાં છે એ

૧. એ. એચ. વેસ્ટને પત્ર (પા. ૨૨૦-૧.) લખાયો તે અરસામાં જ આ પત્ર લખેલો લાગે છે. તે પત્રમાં લખેલી માહિતી પરથી તારીખો નક્કી કરવામાં મદદ મળે છે. તેમાંની હકીકતો પરથી જણાય છે કે આ પત્ર વહેલો લખ્યો હતો. અને એ પહેલાંનો શુક્રવાર ૨૪, નવેમ્બરના રોજ હતો.

૨. બ્રિટિશ પાર્લમેન્ટમાં સર ડબ્લ્યુ. જે. બુલના પ્રશ્નના જવાબમાં લુઈ હારકોર્ટે કહ્યું હતું કે "ઉક્ત કાયદો હિંદી સરકાર અને સામ્રાજ્ય સરકાર બંનેને પૂરેપૂરી માહિતી આપીને પસાર કરવામાં આવ્યો હતો." તેમણે વધુમાં કહ્યું હતું કે જોકે ગિરમીટિયા હિંદુસ્તાનથી નાતાલમાં આવતા બંધ થયા છે, છતાં દક્ષિણ આફ્રિકાની સરકાર ૩ પાઉન્ડનો કર નાબૂદ કરવા તૈયાર નથી. ઇન્ડિયન ઓપીનિયન, ૧૮-૧૧-૧૯૧૧.

Gandhi Heritage Portal

બાબત નાતાલ કૉંગ્રેસ જેટલી વહેલી સ્પષ્ટ કરે તેટલું લાગતા વળગતા સૌ લોકો માટે વધારે સારું છે. આ અન્યાયી કર કોઈ પણ ભોગે નાબૂદ થવો જ જોઈએ.

[મૂળ અંગ્રેજી]

ઇન્ડિયન ઓપીનિયન, ૨૫–૧૧–૧૯૧૧

૧૫૫. મણિલાલ ગાંધીને પત્ર

માગશર સુદ ૬ [નવેમ્બર ૨૭, ૧૯૧૧][૧]

ચિ. મણિલાલ,

તમારો કાગળ મળ્યો છે. તમને મેં પૂછ્યું છે કે મિ. સેમે[૨] ફાર્મના શા દોષ કાઢેલા તેનો જવાબ તમે ભૂલી ગયા છો.

મારી તબિયત વિષે જરા પણ ચિંતા રાખવા જેવું નથી. મારા વાળ તદ્દન ટૂંકા છે તેથી તમને એમ લાગ્યું કે મારી તબિયત ખરાબ છે. હું બાર વાગ્યે સૂઉં ને ત્રણ વાગ્યે ઊઠું એવું બનતું નથી. ઘણે ભાગે ૧૧ વાગ્યે સૂઉં ને ૫–૩૦થી ૬ વાગતાં સુધીમાં ઊઠું છું. આમાં કંઈ વિશેષ નથી. એટલે મારે વિષે તદ્દન નિશ્ચિત રહેવાનું છે. હજુ હું એમ માનું છું કે તમારા બધા કરતાં હું વધારે વખત સુધી કામ કરી શકું. મારાથી લાંબો વખત જાગી નથી શકાતું એટલું બનવું સંભવિત છે. મારી પડખે જે બાઈ છે તે મેયરની વહુ.[૩]

તમે વિચાર કર્યો તે પહેલાં જ મારા મનમાં થયેલું કે જો તમારાથી ત્યાંથી છૂટી શકાય તો તમારે ડિસેમ્બર . . .[૪]

બજારમાં લગભગ પા. ૧૫૦ આવેલા હશે. ખર્ચ બાદ કરતાં પા. ૧૦૦ ચોખ્ખા રહેશે.

બાપુના આશીર્વાદ

[તા.ક.] મિ. ચમનીના કાગળનો જવાબ[૫] હું વાળીશ.

[મૂળ ગુજરાતી]

ગાંધીજીના હસ્તાક્ષરમાં લખાયેલા મૂળ પત્ર પરથી : સી. ડબ્લ્યુ. ૯૮

શ્રીમતી સુશીલાબહેન ગાંધીના સૌજન્યથી

૧. પત્રના છેલ્લા ભાગમાં મિસિસ વેગલ દ્વારા ગોઠવવામાં આવેલા 'બન્નર'નો ઉલ્લેખ કર્યો છે; મિ. હોસ્કેને તેનું ઉદ્‌ઘાટન નવેમ્બર ૧૫, ૧૯૧૧ને રોજ કર્યું હતું.

૨. સેમ એટલે ગોવિન્દ સ્વામી; ફિનિક્સ આશ્રમના પ્રેસના ફોરમૅન અને એક શિકારી.

૩. અહીં મિસિસ વેગલના ભારતીય બન્નરમાં લેવામાં આવેલા ફોટાનો ઉલ્લેખ લાગે છે. ઇન્ડિયન ઓપીનિયન (૨૫–૧૧–૧૯૧૧)માં એ વાતનો ઉલ્લેખ છે કે મેયર ત્યાં આવ્યા હતા.

૪. આના પછીનાં બે પાન મળતાં નથી.

૫. આ મળતો નથી.

Gandhi Heritage Portal

૧૫૬. પત્રનો અંશ

ટૉલ્સ્ટૉય ફાર્મ,
લૉલી સ્ટેશન,
ટ્રાન્સવાલ,
[નવેમ્બર ૨૭, ૧૯૧૧ પછી][૧]

. . . સ્વાર્થીલી બની ગઈ છે. આપણા શિક્ષકોએ આપણને અધમ શિક્ષણ આપી પછાડ્યા છે. આ પણ દોષવત્ વાક્ય છે. જેવા આપણે તેવા આપણા શિક્ષક. આપણા ગોર તે બાપડા નામના મહેશ્વર કે હરજીવન હોય. જ્ઞાન તો બ્રહ્મ અક્ષર ન મળે. આપણે વિશેષ માગ્યું નથી પછી ક્યાંથી મળે? ઈશ્વર પરમાત્મા છે. આત્મા છે. તેનો મોક્ષ છે. પાપ-પુણ્ય છે. આ ભવે પણ મોક્ષ સંભવે. આટલું દૃઢ થઈ ગયા પછી આપણે સંશોધન કર્યા જ કરવાનું છે. જે ચાલે છે તે ચાલે છે તેથી જ ઠીક છે, અથવા તો આપણા વડીલોએ કર્યું વાસ્તે અમુક બરોબર જ છે એ[મ] માનવાનું રતીભાર કારણ નથી. એ આત્માની સ્વતંત્રતાથી વિરોધી વાત છે. પ્રાચીન ઘાણુંએ સરસ છે. પણ અગ્નિની પાછળ જેમ ધુમાડો છે તેમ પ્રાચીન ઉત્તમતામાં કનિષ્ઠતા રહેલી છે. તેનું પૃથક્કરણ કરી આપણે તત્ત્વ ખેંચવું તેમાં જ્ઞાન રહેલું છે.

ભાઈ કૉર્ડિસે પોતે જ કાગળ[૨] લખ્યો છે તે તો . . :

[મૂળ ગુજરાતી]

ગાંધીજીના હસ્તાક્ષરમાં લખાયેલા મૂળ પત્ર પરથી : સી. ડબ્લ્યુ. ૫૬૬૫
શ્રીમતી રાધાબહેન ચૌધરીના સૌજન્યથી

૧. કાગળનું છેલ્લું અધૂરું વાક્ય સૂચવે છે કે આ કાગળને કૉર્ડિસના મદ્રાસના કાગળ (પરિશિષ્ટ ૧૦) સાથે સંબંધ છે. અગાઉ ગાંધીજીએ કૉર્ડિસને થિયૉસૉફી તરફથી વાળવાનો પ્રયત્ન કરેલો ("ડૉ. પ્રાણજીવન મહેતાને પત્ર", પા. ૮૨). પણ કૉર્ડિસના ઉપલા મૈત્રીભરી વિદાયનો ધ્વનિ કાઢતા પત્ર ઉપરથી જણાય છે કે ગાંધીજી એમાં સફળ થયા નહોતા. કાગળમાં બીડેલા ટ્રસ્ટ ડીડ પર કૉર્ડિસની સહીની અને સાક્ષી તરીકેની તારીખ ૧૨ નવેમ્બર, ૧૯૧૧ હતી. મદ્રાસથી દક્ષિણ આફ્રિકા ૧૫ દિવસે ટપાલ પહોંચે એમ ગણીએ તો સંભવ છે કે ફિનિક્સ આશ્રમ જેના કૉર્ડિસ પણ એક વખતે સભ્ય હતા તેના કોઈ અંતેવાસીને લખાયેલો આ પત્ર ૧૯૧૧ના નવેમ્બરની ૨૭મી પછી લખાયો હોવો જોઈએ.

૨. જુઓ પરિશિષ્ટ ૧૦.

Gandhi Heritage Portal

૧૫૭. એ. એચ. વેસ્ટને પત્ર

મંગળવાર [નવેમ્બર ૨૮, ૧૯૧૧][૧]

પ્રિય વેસ્ટ,

તમારા પત્રનો લંબાણથી જવાબ આપવાનું જરૂરી છે. પણ હમણાં હું બધા મુદ્દાઓ વિષે લખી શકતો નથી. ગઈ કાલે હું શહેરમાં નહોતો એટલે તમારો પત્ર મને ગઈ કાલે રાત્રે જ મળ્યો.

હું હજી દૃઢ અભિપ્રાય પર આવી શક્યો નથી. ઉપરથી જોતાં બધી બાબતો . . .ની વિરુદ્ધ જણાય છે. અને તેણે મને જે પત્ર લખ્યો છે તે પરથી પણ એમ જ લાગે છે. તેમ છતાં મને વાત માનવા જેવી લાગતી નથી. છોકરીઓ નિર્દોષ છે એમ હું માનતો નથી. જો . . . એ એમ કર્યું હોય તો તેઓ જાણતાં હતાં કે એ ખોટું છે, . . . હદ બહારની ગલીપચી પરથી જણાય છે કે મનમાં વિકાર પેઠેલો છે. કદાચ એ અજાણપણે પણ હોય. જો . . . એ એમ કર્યું હોય તો તેનાં મનમાં કંશો દુષ્ટભાવ નહોતો. હું આ અપરાધને બહુ ગંભીર ગણતો નથી, પણ તેણે તે છુપાવ્યો એ ખરેખર ગંભીર વાત છે. એ અપરાધ નજીવો છે એમ હું નથી કહેતો, પણ મારું કહેવું એ છે કે, તેને છુપાવવાનું વધુ ગંભીર છે. આ વસ્તુ ખ્યાલમાં રાખીને મેં તેને લખ્યું છે.

મણિલાલ બાળક છે. તેણે આજ્ઞા માનવી જ જોઈએ. એટલે તેની ઇચ્છા ન હોય છતાં તેણે ત્યાં રહેવું જોઈએ.

આણંદલાલ અહીંથી મોડામાં મોડા શનિવારે નીકળશે. તેઓ લેડલબર્ગ અને સ્ટેન્ડર્ટન થઈને આવશે. મેં એમને સૂચવ્યું છે કે તેમણે મોડામાં મોડા ૧લી જાન્યુઆરીએ ત્યાં પહોંચી જવું જોઈએ. તેમણે અહીં સારું કામ કર્યું લાગે છે. ફાર્મ પર તે એક દિવસથી વધુ રહ્યા નથી. ફાળો એકઠો કરવાનું કામ એમને ગમે છે એ વિષે શંકા નથી.

તમારો સહૃદયી
મો. ક. ગાંધી

૧. આ પત્ર ટૉલ્સ્ટૉય ફાર્મથી લખેલો છે એટલે આણંદલાલ ગાંધી જુલાઈ ૨૦, ૧૯૧૧ને રોજ દક્ષિણ આફ્રિકા આવ્યા ("મગનલાલ ગાંધીને પત્ર", પા. ૧૪૩) અને ૧૯૧૨ના જાન્યુઆરીના મધ્ય ભાગમાં જ્યારે ગાંધીજી પોતાનો મુકામ ફિનિક્સ લઈ ગયા તેની વચ્ચે લખાયેલો હોવો જોઈએ. આ ગાળામાં આણંદલાલ ફાળો ઉઘરાવવા નીકળ્યાનો ઉલ્લેખ કેવળ ઇન્ડિયન ઓપીનિયનના ૨૫-૧૧-૧૯૧૧ તથા ૯-૧૨-૧૯૧૧ના અંકોમાં ગુજરાતી વિભાગમાં મળે છે. પહેલા અંકમાં જણાવ્યું છે કે આણંદલાલ ફાળો ઉઘરાવવા પ્રવાસે નીકળ્યા છે અને બીજા અંકમાં ૩જી ડિસેમ્બરે લખેલા એક લાંબા લેખમાંથી ઉતારો છે તેમાં કહ્યું છે કે હિંદના દુકાળ ફંડ માટે ફાળો ઉઘરાવવા નીકળેલા બીજા લોકોને આણંદલાલ ગાંધી બૉક્સબર્ગ જઈને મળ્યા. દુકાળના ઉલ્લેખ (ડૉક્ટર મહેતાના પત્રોમાં પહેલાં જેનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે, પા. ૧૭૩ અને ૨૧૩;) પરથી આ પત્ર ૧૯૧૧નો હોવાની વાતને ટેકો મળે છે. મંગળવારે લખતાં ગાંધીજી કહે છે કે "આણંદલાલ અહીંથી મોડામાં મોડા શનિવારે નીકળશે" અને ઇન્ડિયન ઓપીનિયન માટે કેટલાક ગુજરાતી લેખ 'બુધવારે' મોકલવાનો વાયદો કરે છે. પ્રસિદ્ધ થયેલા સમાચારો પરથી એવું અનુમાન વાજબી લાગે છે કે ઉક્ત પત્ર નવેમ્બર ૨૫ અને ડિસેમ્બર ૩ની વચ્ચે લખાયો હતો અને આ બે તારીખો વચ્ચે મંગળવાર ફક્ત ૨૮મી નવેમ્બરે આવે છે. પાછલા સમાચાર પરથી જણાય છે કે આણંદલાલ ગાંધી ૩જી તારીખે સવારે એટલે કે રવિવારે રવાના થયા હતા.

Gandhi Heritage Portal

[તા.ક.]

જુબાનીનું તમારું પૃથક્કરણ સુંદર છે. મારી નજરમાં તમે પોતે એ વાતનું કાયમને માટે દૃષ્ટાંત પૂરું પાડો છો કે સાચી નિર્ણયશક્તિ પુસ્તકિયા જ્ઞાનથી નથી આવતી, પણ કુદરતી સમજશક્તિ અને સામાન્ય સદ્‌ગુણો ધરાવવાથી આવે છે.

ઠાકરને કહેશો કે હું ગુજરાતી માટે બે નાના અગ્રલેખ અથવા એવું કંઈક મોકલવા માગું છું. એ હું કદાચ બુધવારની ટપાલમાં રવાના કરીશ.

[મૂળ અંગ્રેજી]

ગાંધીજીના હસ્તાક્ષરમાં લખાયેલા મૂળ પત્રની છબી પરથી : સી. ડબ્લ્યુ. ૪૪૧૫

મિ. એ. એચ. વેસ્ટના સૌજન્યથી

૧૫૮. રાવજીભાઈ પટેલને પત્ર

માગશર સુદ ૮ [નવેમ્બર ૨૯, ૧૯૧૧][1]

ભાઈશ્રી રાવજીભાઈ,

તમારો કાગળ મળ્યો. તમારા કાગળ ઉપરથી હું સમજું છું, તમારી ઇચ્છા ફિનિક્સમાં કામ કરવાની છે. એ વિચાર સરસ છે. હું તમને ઉત્તેજન આપીશ. પણ તમારાથી એ જીરવી શકાશે એ વિષે મને શક છે. ત્યાં રહી

૧. બ્રહ્મચર્ય પાળવું જોઈએ.
૨. સૂક્ષ્મ સત્યવ્રત પાળવું જોઈએ.
૩. કામ મુખ્યત્વે અંગનું સમજવું, એટલે કોદાળી પાવડાનું.
૪. અક્ષરજ્ઞાન વધારવાનો હેતુ હોય તો તે ભૂલી જવો. સહેજે અને જરૂર પડયે વધે તે ભલે.
૫. અક્ષરજ્ઞાન કરતાં ચારિત્ર્ય દૃઢાવવું એ આપણું કર્તવ્ય છે, એમ મન સાથે નિશ્ચય કરવો.
૬. ન્યાતના કે કુટુંબના અન્યાયની સામે નિર્ભયપણે થવાનો વિચાર રાખવો.
૭. ચોખ્ખી ગરીબાઈ ધારણ કરવી.

આ બધું તમારાથી થઈ શકે અથવા તમારે તે કરવાની ઇચ્છા હોય તો જ ફિનિક્સમાં આવવાનો વિચાર કરવો. ત્યાં જિંદગી દિવસે દિવસે કઠણ થશે એમ માનવું ને કઠણ થાય એ સુખની વાત છે એમ સમજવું.

જો તમારો વિચાર માર્ચ મહિનામાં આવવાનો થાય તો ઉપરના વિચારો ખીલવજો. કાગળ લખ્યા કરજો.

લિ.

મોહનદાસના યથાયોગ્ય

[મૂળ ગુજરાતી]

ગાંધીજીની સાધના : રાવજીભાઈ પટેલ;

નવજીવન પ્રકાશન મંદિર, અમદાવાદ; ૧૯૩૯

૧. ગાંધીજીની સાધનાના લેખક રાવજીભાઈ પટેલના કહેવા પ્રમાણે ગાંધીજીએ આ પત્ર **૧૯૧૧માં** લખ્યો હતો. ખુદ પત્રના લખાણમાં કોઈ સાબિતી મળતી નથી.

Gandhi Heritage Portal

૧૫૯. પૂર્વના સુધારા પર હલ્લો

બૉક્સબર્ગ ખાતે ગોરાઓ જે હિલચાલ કરી રહ્યા છે તે દક્ષિણ આફ્રિકાની મોટી હિલચાલના ચિહ્નરૂપે છે. આ સવાલ બહુ ભારે છે. તેમાં બે સુધારાઓની હરીફાઈનો મુદ્દો સમાયેલો છે. લીડરની જે ટીકાઓ અમે આપી છે તેથી સ્પષ્ટ થાય છે કે ગોરાઓનો હુમલો આપણા સુધારા પર છે. ગોરાઓ પૂર્વના સુધારાને આ મુલકમાં નભવા દેવા માગતા નથી. આપણે કહીએ છીએ કે ગોરાઓ પોતાના સુધારાને વળગી રહે એમાં અમે આડે આવીશું નહીં, પણ અમે પોતે તો અમારા સુધારા પ્રમાણે જ ચાલશું, અને સદાય તેને વળગી રહીશું. પૂર્વમાં શરીર પંપાળવાને કદી અગત્ય આપવામાં આવી નથી. તેથી હિંદીઓ સાદાઈમાં સુખ માનવાનો એક ઉમદા ગુણ ધરાવતા આવ્યા છે. આ સદ્‌ગુણને માટે લીડર પત્રે તેના લેખમાં "ઊતરતો સુધારો", "હલકી રહેણી", "પ્રપંચી રીતભાત" એવા અનેક ન છાજતાં નામ હિંદીને આપ્યાં છે. અજ્ઞાનના અંધારામાં ગોથાં ખાતું છાંપું હિંદીને "કુલી" એવો તિરસ્કારભરેલો શબ્દ વાપરતાં પણ અચકાયેલ નથી. એશિયાઈ સુધારાની ઝાંખી કરનાર મિ. કાર્ટરાઈટના હાથ તળે હિંદીનું મિત્ર થઈ પડેલું છાપું આજે બીજા હાથમાં જતાં ભ્રષ્ટમતિ બનેલું જોવામાં આવે છે. જલદ સુધારાની લહેમાં બળતો લખનાર હિંદી વિષે એવું વલણ ધારણ કરે, અને એવાં વચન વાપરે તેમાં આપણે કાંઈ તાજુબ થવાનું છે નહીં. તે સુધારો જ અજ્ઞાનને પોષનારો છે. કેમ કે સુખભોગનું જેને રાત્રી-દિવસ રટણ હોય, અને મોજશોખ જેના જીવનનું તાત્પર્ય છે તે દુનિયામાં મોટો રોગી છે. તેવા બદનવાળાથી ઝળકતાં સત્યો દેખી શકાતાં નથી. પોતાની ઢબથી જે જે ઊલટું તે તે બધું બૂરું એવો તેમનો નિયમ છે. નહીં તો જિંદગીની જોગવાઈમાં હિંદીઓને જૂજ અને સાદી જરૂરિયાતો હોય તેમાં કદી ઊતરતાપણું જોવાય ખરું કે? એ લખનારને એટલું પણ ભાન નથી કે તેના ધર્મનો સ્થાપનાર ઈસુ તો આજના હિંદીના કરતાં વધારે સાદી રહેણીકરણીવાળો હતો. ને ભાન હોય પણ કયાંથી? પશ્ચિમના સુધારાની ધૂનમાં મસ્ત બનેલાઓ ધર્મ જ કયાં પાળે છે કે જેથી તેમને પોતાના ધર્મના સ્થાપનારના આચારવિચાર વિષે ખ્યાલ હોય? એટલે આવી રીતના હિંદીના વિરોધીઓને બોલતા કેમ બંધ કરવા તે જોવાનું આપણું કામ નથી. આપણું કામ તો પૂર્વનો સુધારો કેમ નભે, કેમ દીપી નીકળે તે વિચારવાનું અને તે પ્રમાણે વર્તવાનું છે: નહીં કે ગોરાઓના સુધારાની — તેના નઠારા ગુણોની નકલ કરી તેમના જેવા થવા અને દેખાવા કોશિશ કરવાનું. તેમની રહેણીએ રહેનારની પણ, જાતિભેદના કારણસર, ગોરાઓ અદાવત ન કરે એમ તો છે જ નહીં એ આપણે સારી પેઠે જાણીએ છીએ. તો પછી કયો હિંદી એવો હશે કે જે પોતીકો બાપદાદાનો સુધારો તજે? દક્ષિણ આફ્રિકામાં યુરોપ અને એશિયાના લોકોના જોડાજોડના વસવાટે બે જુદા જુદા સુધારાઓને લગોલગ આણ્યા છે. તેમાંથી કયો નભશે તેના નિર્ણયમાં દુનિયાનો એક મહાન પ્રશ્ન સમાયેલો છે. હિંદીનું કર્તવ્ય એ છે કે પોતાનો સુધારો દીપી નીકળે તેમ વર્તવું. જો તેમણે પોતાની જન્મભૂમિની, પોતાના વડવાઓથી ઊતરી આવેલી નિષ્પાપી રહેણીકરણીની, પોતાની પરંપરાથી ચાલી આવેલી ઊંચી નીતિરીતિની શાખ વધારવી

Gandhi Heritage Portal

હોય તો પૂર્વના સુધારા પ્રમાણે શુદ્ધ રહેણી અને પવિત્ર જીવન ગાળવું. જો તેમ ન કરવામાં આવે તો તેમનો સુધારો તો પડશે જ, પણ સાથે પોતે પણ ડૂબશે.

[મૂળ ગુજરાતી]

ઇન્ડિયન ઓપીનિયન, ૨–૧૨–૧૯૧૧

૧૬૦ ઈ. એફ. સી. લેનને પત્ર

ડિસેમ્બર ૭, ૧૯૧૧

પ્રિય મિ. લેન,

ગઈ વખતે હું જનરલ સ્મટ્સને જોહાનિસબર્ગમાં મળ્યો ત્યારે મેં સમાધાનની શરતો કેવી રીતે પૂરી પડી શકે એ વિષે મારા વિચારો રજૂ કરવા વચન આપ્યું હતું. જનરલ સ્મટ્સને જ્યારે લાગ્યું કે ઇમ્પીરિયલ કૉન્ફરન્સના ઠરાવને[1] કારણે દક્ષિણ આફ્રિકાને લાગુ પડતો કાનૂન પસાર કરવામાં મુશ્કેલી આવે એમ છે ત્યારે તેમણે મને મારા વિચારો રજૂ કરવા કહ્યું હતું. મેં કૉન્ફરન્સની કાર્યવાહીનો અભ્યાસ કર્યો છે અને મને લાગે છે કે એ ઠરાવ આ પ્રશ્નને અસર કરતો નથી. તેમાં કેવળ પરદેશથી આવનારાઓનો જ સમાવેશ થાય છે.

એ ગમે તેમ હોય, મને એવું લાગે છે કે જો સૌ કોઈને લાગુ પડતો કાયદો ન કરી શકાય એમ હોય તો મેં કેપટાઉનમાં સૂચવ્યું હતું તે મુજબ ટ્રાન્સવાલ ઇમિગ્રેશન ઍક્ટમાં સુધારો કરવો જોઈએ. મારા મુસદ્દાની[2] નકલ આપની પાસે છે. આનાથી સારો મુસદ્દો ઘડવાનું મારે માટે મુશ્કેલ છે અને હું કબૂલ કરું છું કે મને આ સૂચના અમલમાં મૂકવામાં કશી બંધારણીય મુશ્કેલી જણાતી નથી.

આપનો સહૃદયી

મિ. ઈ. એફ. સી. લેન
પ્રિટોરિયા

[મૂળ અંગ્રેજી]

ટાઇપ કરેલી ઑફિસ નકલની છબી પરથી : એસ. એન. ૧૧૯૭૧

૧. ઇમ્પીરિયલ કૉન્ફરન્સ જૂનની ૧૯મીએ લંડનમાં મળી હતી અને તેણે બે ઠરાવ પસાર કર્યા હતા. પહેલા ઠરાવમાં "સામ્રાજ્યના ઇમિગ્રેશન સંબંધી અને પરદેશીઓને આવતા અટકાવવા સંબંધી કાયદાઓમાં વધુ એકરૂપતા" લાવવાની જરૂર છે એવું જણાવવામાં આવ્યું હતું. બ્રિટિશ અને પરદેશી વહાણવટાને વ્યવસ્થિત કરવા માટે વધુ સત્તા માગતો સર જૉસફ વૉર્ડનો ઠરાવ જેનો "ખરેખરો સંબંધ તો તેમના ખલાસીઓમાં લશ્કરી કામના માણસોને ભેળવનારાં વહાણોને દંડ કરવાના તેમના તાજેતરના પ્રયાસ સાથે હતો" તે ઊડી ગયો હતો. ઇન્ડિયન ઓપીનિયન, ૨૨–૭–૧૯૧૧. જુઓ પરિશિષ્ટ ૧૧.

૨. જુઓ "ઈ. એફ. સી. લેનને પત્ર", પા. ૧૦–૧.

Gandhi Heritage Portal

૧૬૧. ગોપાળ કૃષ્ણ ગોખલેને પત્ર

ટૉલ્સ્ટૉય ફાર્મ,
લૉલી સ્ટેશન,
ટ્રાન્સવાલ,
ડિસેમ્બર ૮, ૧૯૧૧

પ્રિય પ્રો. ગોખલે,

આપ બીમાર હતા છતાં ગઈ તા. ૩જી નવેમ્બરનો લાંબો પત્ર આપને લખાવવો પડયો હતો એ વિચારથી મને દુ:ખ થાય છે. રૂટરના પેલા અભાગિયા તારથી તમને કેટલી ચિંતા થઈ હશે એ હું બરાબર સમજી શકું છું.[૧] મને આપ ક્ષમા કરશો. એ તાર પ્રસિદ્ધ થયા પછી મારા પ્રત્યેની ખોટી લાગણીને કારણે જો પ્રમુખ તરીકે મારું નામ મૂકવામાં આવ્યું હોત તો એ વસ્તુ દુ:ખદાયક બની હોત. મારે આપને એ બાબતની ખાતરી આપવાની ભાગ્યે જ જરૂર હોય કે ત્યાં છાપામાં જે ચર્ચા થઈ એથી મને જરાયે ચિંતા કે અસર નથી થઈ.

મિ. રિચ ઉપરના આપના પત્રમાં મેં આપની પુત્રીની બીમારી વિષે વાંચ્યું હતું. હું આશા રાખું છું કે તે હવે તદ્દન સારી થઈ ગઈ હશે.

મિ. પોલાક આપની સાથે છે, એટલે અહીંની પરિસ્થિતિ વિષે મારે કાંઈ પણ લખવાની જરૂર નથી. હું એટલી જ આશા રાખું છું કે ગિરમીટિયાઓને દુનિયાના કોઈ પણ ભાગમાં મોકલવાનું સદંતર બંધ કરવાનો ઠરાવ કરવામાં આવશે.[૨]

હું આપને દક્ષિણ આફ્રિકાની મુલાકાતે વહેલામાં વહેલા આવવા ફરીથી આમંત્રણ આપું છું. આ આમંત્રણ હું આપના સ્વાસ્થ્યના ખ્યાલથી તેમ જ જેઓ આપને ચાહે છે અને જેઓ આપ હજી અનેક વરસો સુધી શારીરિક અને માનસિક સ્વાસ્થ્ય ભોગવતા રહો એવું ઇચ્છે છે તેમના ખ્યાલથી આપું છું. આપ પોલાક દંપતી સાથે આવી શકો તો કેટલું સુંદર. અલબત્ત એથી પણ પહેલાં આવવાનું બની શકે તો સારું. કૃપા કરીને આવવાનો નિર્ણય કરશો.

તમારો સહૃદયી
મો. ક. ગાંધી

[મૂળ અંગ્રેજી]
ગાંધીજીના હસ્તાક્ષરમાં લખાયેલા મૂળ પત્રની છબી પરથી : જી. એન. ૩૮૦૫

૧. જુઓ "ગોપાળ કૃષ્ણ ગોખલેને પત્ર", પા. ૨૦૭.

૨. જુઓ "ગોપાળ કૃષ્ણ ગોખલેને પત્ર", પા. ૨૦૩. આ ઠરાવ હિંદી રાષ્ટ્રીય મહાસભાનું અધિવેશન, જે ૨૮-૧૨-૧૯૧૧ને રોજ સમાપ્ત થયું તેમાં પસાર થયો હતો. ઇન્ડિયન ઓપીનિયન, ૬-૧-૧૯૧૨.

Gandhi Heritage Portal

૧૬૨. મિશ્ર શાળાઓ અને નૈતિકતા

મિશ્ર શાળાઓ વિષે મિસિસ વાઈબર્ગે વર્કરમાં લખેલો જુસ્સાદાર લેખ[૧] પ્રસિદ્ધ કરતાં અમને આનંદ થાય છે. આ પ્રશ્ન ટ્રાન્સવાલ લીડરે ઉપાડી લીધો હતો અને એજ્યુકેશન બોર્ડે મિસિસ વાઈબર્ગને પોતાના આરોપો સાબિત કરવા કહ્યું છે. પોતાને ખબર આપનારાઓ, જેઓ શિક્ષકો છે, તેમને સંપૂર્ણ રક્ષણ આપવામાં આવે તો મિસિસ વાઈબર્ગે તેમ કરવા સ્વીકાર્યું છે. મિસિસ વાઈબર્ગ સ્વાભાવિક રીતે માગે છે તેવું સંપૂર્ણ રક્ષણ આપતાં બોર્ડ કંઈક અચકાતું લાગે છે. મિસિસ વાઈબર્ગ પોતાની પાસેનો પુરાવો બોર્ડને આપે છે કે નહીં, તેની સાથે હાલ તરત અમારે કશી નિસ્બત નથી. અમે જે હકીકત ધ્યાન પર લાવવા માગીએ છીએ તે એ છે કે, ટ્રાન્સવાલ લીડર તથા જોહાનિસબર્ગનાં લગભગ બધાં છાપાં સૂચવે છે કે મિશ્ર શાળાઓની પદ્ધતિ, ખાસ કરીને પુખ્ત વયના છોકરાછોકરીઓ માટે, બંધ થવી જોઈએ. મિસિસ વાઈબર્ગનો આક્ષેપ હકીકતમાં સાચો છે એવું એકંદરે માની લેવામાં આવ્યું છે.

"શાંતિથી થોભો અને ધન્યતા અનુભવો" એ લૉર્ડ જૉન રસેલનો મુદ્રાલેખ હતો. નાતાલનું શિક્ષણખાતું અમારામાં છોકરાછોકરીઓના સહશિક્ષણનો જે મૂર્ખાઈભર્યો પ્રયોગ કરવા માગતું હતું તેની સામે સ્વાભાવિક રીતે આણગમો પ્રગટ કરનાર હિંદી માબાપોના ડહાપણની અમે પ્રશંસા કરીએ છીએ. આ જમાનો, ખાસ કરીને, નવી નવી વસ્તુઓ દાખલ કરવાનો અને વગરવિચાર્યે પ્રયોગો કરવાનો જમાનો છે. કોઈ પણ પ્રવૃત્તિને પ્રગતિ માની લેવામાં આવે છે. તમે ચાલતા રહો એટલું બસ છે. પછી આગળ જાઓ છો કે પાછળ, એ મહત્ત્વનું નથી. ઉત્સાહી સુધારક કહે છે, હાલનું એકંદર વાતાવરણ ખરાબ હોવું જ જોઈએ, અને તેથી તેમાં સુધારો થવો જ જોઈએ. સાચા સુધારકનો મુદ્રાલેખ "આસ્તે આસ્તે ઉતાવળ કરો" એ હોવો જોઈએ. મિસિસ વાઈબર્ગે જે હકીકત પ્રકાશમાં આણી છે તે પરથી સ્પષ્ટ જણાય છે કે આપણે પેઢીઓથી ચાલતા આવેલા રીતરિવાજોનો ઉચ્છેદ કરીએ તે પહેલાં સાવધાનીપૂર્વક વિચાર કરવો જોઈએ, સિવાય કે આપણે જાણતા હોઈએ કે એ રીતરિવાજો અનીતિભર્યા છે.

[મૂળ અંગ્રેજી]

ઇન્ડિયન ઓપીનિયન, ૯–૧૨–૧૯૧૧

૧. મિસિસ વાઈબર્ગે પોતાના લેખમાં કહ્યું હતું કે લંડનમાં છોકરાછોકરીઓ વચ્ચે પરસ્પર સમાનતા દાખલ કરવાના આદર્શને કારણે સહશિક્ષણનો જે પ્રયોગ કરવામાં આવ્યો હતો તે બંધ કરવામાં આવ્યો; કારણ કે ભ્રામક આદર્શોથી જાતીય અસમાનતા ઘટવાને બદલે ઊલટી વધી છે. જોહાનિસબર્ગમાં તો સહશિક્ષણનો પ્રયોગ કેવળ છોકરાછોકરીઓ માટે શાળાનાં અલગ મકાનો રાખવાનો ખર્ચ બચાવવા માટે જ કરવામાં આવે છે. તેમણે એવો આક્ષેપ મૂક્યો છે કે "મોટાં અને દેખીતાં જોખમો પ્રત્યે સાવધાની" રાખવામાં આવી નથી. આ પદ્ધતિનાં પરિણામ એવાં છે કે તેઓ તેની નોંધ માત્ર લે તો ગુનાને પાત્ર બને અને તેમના પર કામ ચલાવી શકાય. એવું દેખાય છે કે માબાપો આ સ્થિતિથી અજાણ છે, પણ શાળાના નિષ્ઠાવાન શિક્ષકોને આ બાબત શું કરવું એ સૂઝતું નથી. ઇન્ડિયન ઓપીનિયન, ૯–૧૨–૧૯૧૧.

Gandhi Heritage Portal

૧૬૩. દેશમાં દુકાળ

અમે દુકાળનું ઉઘરાણું[1] શરૂ કર્યું છે. મિ. ગજ્જરે પહેલ કરી છે. અમારી ઉપર કાગળો વગેરે છે તે ઉપરથી અમે જોઈએ છીએ કે કેટલાક હિંદીએ ઉઘરાણે નીકળવાનું માથે લીધું છે. જેઓ દુકાળની દારુણતાને સમજ્યા છે તેઓને અમારી ટૂંક વિનંતી આ છે:

ઘણાં ઉઘરાણાંમાં ભર્યું છે એમ જવાબ આપી ઉઘરાવનારને કાઢી ન મેલશો અથવા ઉઘરાણું પરબારું મોકલતાં ન અચકાશો. જેની પાસે પૈસા છે તેને અનેક પ્રકારના ફાળામાં પૈસા ભરવા પડે છે. પણ દુકાળનો ફાળો ને બીજા ફાળાની સરખામણી નથી થઈ શકતી. દુકાળના ફાળામાં તો ગરીબમાં ગરીબ હિંદી પણ ભરી શકે છે. જેને રોટલો ને ઘી મળે છે તે અમુક મુદત લગી ઘી જતું કરીને પૈસો દુકાળના ફાળામાં આપી શકે છે. તે માણસે યાદ રાખવાનું છે કે તેને રોટલો અને ઘી મળે છે ત્યારે દુકાળિયાને રોટલો પણ નથી મળતો. ઢોરને ચારો નથી ને માણસ તેમ ઢોરોનાં શરીર હાડપિંજર થયાં છે. આ વિચાર જો ઠસી શકે તો એવો એક પણ હિંદી નથી કે જે થોડુંઘણું ન ભરી શકે.

અમે કબૂલ કરીશું કે હાથે આપેલું ને જેનો ઉપયોગ નજરે જોયો છે તેના જેવું દાન એક પણ નથી. આપણા દેશમાં તો જ્યાં આપણે પશ્ચિમના વાયરાની ઝાપટમાં નથી આવ્યાં ત્યાં તો એમ જ છે. ગામડિયા ગામડિયું દાન કરે છે. ઘેર આવેલા ગરીબને પોતે ખાતો હોય તેમાંથી ભાગ આપે છે. તેને સ્વપ્નમાં પણ નથી સૂઝતું કે જેને તે જોઈ ન શકે તેવા માણસને મદદ કરવાને મનોરથ કરે. તે જાણે છે કે તેમ કરવાનું ધારવું એ માત્ર દંભ છે ને ખુદાઈનો દાવો કરવા જેવું થવા જાય.

પણ આપણે તો પશ્ચિમના પવનમાં અફળાયા કરીએ છીએ. તે પવન તો આપણને આ દેશમાં લાવ્યો છે. દુકાળમાં આજે દુઃખ સહન કરે છે તેનું કારણ પશ્ચિમનું વાતાવરણ છે. આવે સમયે આપણી શી ફરજ છે? સર્વોપરી ફરજ તો એ છે કે આ રાક્ષસી વાતાવરણમાંથી નીકળી તુરત જ્યાં દુકાળિયો દુઃખ સહન કરે છે ત્યાં જઈ તેના જેવા થઈ તેઓને સીધા રસ્તે લઈ જવા. એવું કરવાની આપણી વૃત્તિ હોય છતાં એવી શક્તિ ન હોય એ બનવા જેવું છે. વિભીષણ જેવાને ઘણા કાળ સુધી રાક્ષસી વાતાવરણમાં રહેવું પડ્યું હતું તો આપણી શી વિસાત છે? કેટલાકને વળી તેમ નહીં તો આ વાતાવરણમાંથી નીકળવાની ઇચ્છા પણ ન થાય. આવા બંને પ્રકારના માણસે પોતાથી બને તેટલી મદદ દુકાળિયાને મોકલવાની જરૂર રહી છે.

[મૂળ ગુજરાતી]

ઇન્ડિયન ઓપીનિયન, ૯–૧૨–૧૯૧૧

૧. જુઓ "દેશમાં દુકાળ", પા. ૨૧૨.

Gandhi Heritage Portal

૧૬૪. છગનલાલ ગાંધીને પત્ર

ટૉલ્સ્ટૉય ફાર્મ,
લૉલી સ્ટેશન,
ટ્રાન્સવાલ,
માગશર વદ ૪ [ડિસેમ્બર ૯, ૧૯૧૧][૧]

ચિ. છગનલાલ,

તમારો કાગળ મળ્યો. મેં તો તે બાબત જરાયે ચિંતા નથી કરી. એમાં તમારો કે કોઈનો દોષ હું માનતો નથી. એવી ભૂલ બધા કરે. માજિસ્ટ્રેટ ને વકીલ ને તેમાં એ ધુતારો મળ્યો. પછી પૂછવું શું. માજિસ્ટ્રેટ અને વકીલ બંનેનો વિચાર જલદી પૈસા મેળવવાનો છે. મને તો લાગે છે કે કાયદેસર લાઈબ્રલ[૨] નથી થતો. કદાચ નામનો દોષ થયો તેમાં ભૂલ હોય તો એક પાઉન્ડ ગુનેગારીનો લે. પણ તેટલી જરૂર પણ હોવી ન જોઈએ.

માજિસ્ટ્રેટ અથવા વકીલને આપણને રોકવાનો વિચાર થાય તો કેસ કોર્ટમાં જાય પણ ખરો. જાય તો હરકત નથી.

ગરીબની પડખે ઊભા રહેનાર માણસો ડરે છે. તેનું કારણ આવું નથી પણ તેનો પૈસો છે. આપણે જો પૈસાનો ઉપયોગ આપણા અંગત સ્વાર્થને સારુ ન કરતા હોઈએ તો પછી કદાચ આવું થતાં પૈસા ઘસડાઈ જાય તોપણ શું? આપણે કેવા છીએ તેની પરીક્ષા એવે સમયે જ થાય. પૈસો બચી રહે ને . . . .ની ઉપર ઉપકાર કર્યો માનીએ તે તો શેતાનિયત ગણાય. કૉંગ્રેસ-વાળા કે બીજા કહે તેમાં આપણને નામોશી શાની? આપણું અંતર કહે તે જ નામોશી અથવા આબરૂ.

તમે નિશ્ચિંતપણે અને નીડર જીવે તમારું કામ કર્યે જજો.

આપણે જો આપણું સર્વસ્વ કૃષ્ણાર્પણ કર્યું હોય તો જેનું બધું છે તે તેની સંભાળ રાખશે. તે નહીં રાખે તો તમારે ને મારે શું? કૃષ્ણાર્પણ કર્યું છે કે આપણો ભાગ કંઈક રાખ્યો છે તે વિષયે જોવું એ આપણું કામ છે.

મોહનદાસના આશીર્વાદ

[મૂળ ગુજરાતી]
ગાંધીજીના હસ્તાક્ષરમાં લખાયેલા મૂળ પત્રની છબી પરથી: એસ. એન. ૬૦૭૭

૧. આ કાગળ છગનલાલ ગાંધીને સપ્ટેમ્બર ૨૮, ૧૯૧૧ની આસપાસ લખાયેલા કાગળની પછી લખાયો હોય એમ લાગે છે. સંભવ છે કે આ પણ ૧૯૧૧માં જ લખાયો હોય. તે વર્ષે માગશર વદ ૪, ડિસેમ્બરની ૯મીએ હતી.

૨. કદાચ અહીં આફ્રિકન ક્રૉનિકલમાંથી ઇન્ડિયન ઓપીનિયનમાં ઉતારવામાં આવેલ જનુમિયા નામની એક હિંદી ગિરમીટિયા સ્ત્રીના કેસનો ઉલ્લેખ છે. જુઓ પાદટીપ ૪, પા. ૧૭૩-૪.

Gandhi Heritage Portal

૧૬૫. અન્યાયી કર

નાતાલનાં ભૂતપૂર્વ ગિરમીટિયાં સ્ત્રીપુરુષો ને બાળકો પાસેથી વસૂલ કરવામાં આવતા ૩ પાઉન્ડના કર બાબત સંસ્થાન મંત્રીએ લૉર્ડ ઍમ્પ્ટહીલની સમિતિને લખેલો માહિતીપૂર્ણ પત્ર[૧] તથા સંઘના વડા પ્રધાનની ગવર્નર જનરલને મોકલેલી નોંધ અમે આ અંકમાં બીજી જગ્યાએ પ્રસિદ્ધ કરીએ છીએ. એમ કહેવામાં આવે છે કે ચર્ચા નીચેના કરનો કાયદો, હિંદ સરકાર અને સમ્રાટ સરકારને ખબર આપીને અને તેમની સંમતિથી કરવામાં આવ્યો હતો અને એ સંમતિ સાચી હકીકતો રજૂ કરીને મેળવવામાં આવી હતી. પણ એથી એ કાયદો ઓછો દોષિત ઠરતો નથી. લોકોને મુશ્કેલી પડયાના ચોક્કસ દાખલા સરકારના ધ્યાન પર લાવવામાં આવે તો તે બાબતમાં સરકાર વિચાર કરવા તૈયાર છે એ વાત સરકારને પક્ષે ઘણી શોભાભરી ગણી શકાય. પણ અમે માનીએ છીએ કે આ કરની વસૂલાતનો દરેક દાખલો મુસીબતનો ચોક્કસ દાખલો છે. પરંતુ તે વાત બાજુએ રાખીએ તોપણ મિ. સાવરે[૨] કહ્યું છે તેમ તેઓ કાયદાના અમલ પર ધ્યાનપૂર્વક નજર રાખતા રહ્યા છે અને બધી ફરિયાદોની તપાસ કરવામાં આવી છે. તો પછી, કયા દાખલામાં અને કયા સંજોગોમાં કરની માફી આપવામાં આવી છે તેના આંકડા કેમ આપ્યા નથી? લોકોની મુસીબતોના, ખાસ કરીને સ્ત્રીઓની મુસીબતોના દાખલાઓથી ઇન્ડિયન ઓપીનિયનનાં પાનાં ભરેલાં છે. નાતાલની ભૂતપૂર્વ પાર્લમેન્ટમાં સુધારેલો કાયદો પસાર થયો ત્યારે જવાબદાર સભ્યોએ કરેલાં ભાષણોમાંથી ઉતારા આપીને અમે બતાવી આપ્યું છે તેમ, સરકાર સ્ત્રીઓને તો સાવ કરમુક્ત કરવા બંધાયેલી હતી.[૩] અમારે કહેવું પડે છે કે, વડા પ્રધાનની નોંધ તો જે લોકોને આ ભાર વહેવો પડે છે તેમની મુશ્કેલીઓના ગંભીર સ્વરૂપને સમ્રાટ સરકારથી છુપાવવાની

૧. આ પત્ર ૧૪-૧૧-૧૯૧૧ને રોજ સંસ્થાન મંત્રી હારકૉર્ટે સા. આ. ખ્રિ. ઇ. કમિટીની ૧૭-૬-૧૯૧૧-ની અરજી (જુઓ પરિશિષ્ટ ૮)ના છઠ્ઠા પૅરાના જવાબમાં લખ્યો હતો. અરજીના છઠ્ઠા પૅરામાં, ૧૯૧૦ના સુધારેલા કાનૂનને (૧૯૧૦નો નાતાલ કાનૂન ૧૯) પરિણામે "સ્થિતિમાં બહુ થોડો સુધારો થયો છે," એમ કહીને હિંદી સ્ત્રીઓ અને બાળકોને ૩ પાઉન્ડના કરમાંથી મુક્ત કરવાની માગણી કરવામાં આવી હતી. એમાં જુદા જુદા મૅજિસ્ટ્રેટોના નિર્ણયો વચ્ચેની અસંગતતા પ્રત્યે પણ ધ્યાન દોરવામાં આવ્યું હતું. આ પત્રની સાથે હારકૉર્ટે દક્ષિણ આફ્રિકાના ગવર્નર જનરલના ખરીતાની નકલ મોકલી હતી, જેમાં આ બાબતની સંઘના મંત્રીઓની ૨૨-૮-૧૯૧૧ની નોંધ હતી. એ નોંધમાં સાવરની સહી હતી અને તેમાં કહેવામાં આવ્યું હતું કે, ત્રણ પાઉન્ડનો કર "સ્વતંત્ર હિંદીઓની સંખ્યા બને તેટલી મર્યાદિત કરવાની નીતિ" અનુસાર નાખવામાં આવ્યો છે અને મંત્રીઓને તે રદ કરવાનું ગેરવાજબીપણભર્યું લાગ્યું છે. નોંધમાં એ પણ કહેવામાં આવ્યું છે કે કાયદાનો અમલ કેમ થાય છે તે બાબત કેટલાક કેસોમાં "સાવધાનીપૂર્વક નજર રાખવામાં આવી છે" અને બધી ફરિયાદોની તપાસ કરવામાં આવી છે અને મંત્રીઓને ખાતરી થઈ છે કે "આ કાયદાના અમલમાં કશી ગેરવાજબી સખ્તી નથી થઈ." આ નોંધ વિષે હારકૉર્ટે કહ્યું હતું કે તેમાં હકીકતો "બરાબર રજૂ કરવામાં આવી છે." અને કાયદો હિંદ સરકાર અને સમ્રાટ સરકારની પૂરી જાણ અને સંમતિથી પસાર કરવામાં આવ્યો છે; અને હું મંત્રીઓનો નિર્ણય જ સ્વીકારી શકું. ઇન્ડિયન ઓપીનિયન, ૧૬-૧૨-૧૯૧૧.

૨. જે. ડબલ્યુ. સાવર; કેપ ધારાસભાના અને પાછળથી સંઘના પ્રધાનમંડળના સભ્ય; ૧૯૦૯માં ટ્રાન્સવાલ ઇન્ડિયન ડેપ્યુટેશનની સાથે કેનિલવર્થ કેસલ સ્ટીમરમાં મુસાફરી કરી. જુઓ પુસ્તક ૯, પા. ૬૨૭. એ સફરમાં ગાંધીજી તેમને મળ્યા હતા અને તેમને તેઓ "સહાનુભૂતિપૂર્ણ" લાગ્યા હતા. તેમણે ગાંધીજીને બને તેટલી મદદ કરવા વચન આપ્યું હતું.

૩. જુઓ "ત્રણ પાઉન્ડનો કર", પા. ૨૧૦.

Gandhi Heritage Portal

ગણતરીથી લખાયેલી છે. આ ગિરમીટિયાઓએ જેમની વરસો સુધી ગુલામી કરી છે તેમને હાથે એમના પ્રત્યે સારો વર્તાવ થવો જોઈતો હતો; તેમની સાથે જે ખરાબ વર્તાવ કરવામાં આવ્યો છે તેને દક્ષિણ આફ્રિકાનાં છાપાંઓ લગભગ એકે અવાજે વખોડી કાઢયો છે.[૧] અમે વિશ્વાસ રાખીએ છીએ કે તે તરફ સામ્રાજ્ય સરકારનું ધ્યાન ખેંચવામાં આવશે. અમે માનીએ છીએ કે મિ. હારકોર્ટ, કંઈ નહીં તો, નાતાલ માટે હિંદી ગિરમીટિયાની ભરતી બંધ થવાને કારણે ઊભી થયેલી નવી પરિસ્થિતિ તરફ સંઘ સરકારનું ધ્યાન ખેંચી શકયા હોત. પ્રિટોરિયાના મતદારો સમક્ષ જનરલ સ્મટ્સે ૭મી તારીખે જે નીચેનું નિવેદન કર્યું છે તે પરથી જણાય છે કે સ્વતંત્ર હિંદીઓની સંખ્યા બને તેટલી મર્યાદિત કરવાનો સવાલ તો હવે ઊઠતો જ નથી:

> જો કયારેય એશિયાઈ ગિરમીટિયાને અહીં લાવવામાં આવે તો મોટો બળવો જ થાય. એ દરવાજો તો હમેશને માટે બંધ થયો છે.

લૉર્ડ ઑમ્પ્ટહીલની ગેરહાજરીમાં લૉર્ડ લેમિંગ્ટન આગામી કાયદા બાબતમાં ઉમરાવસભાને જાગ્રત કરી રહ્યા છે[૨] એ જોઈને અમને ઘણો સંતોષ થાય છે. અમે આશા રાખીએ છીએ કે સંઘ સરકારે કામચલાઉ સમાધાનમાં જે વચન આપ્યું છે તેનું સંઘની આગામી પાર્લમેન્ટમાં પાલન કરવામાં આવશે. પછી તે વચન ભલે શાબ્દિક રૂપમાં હોય. અમે ઇચ્છીએ છીએ કે લૉર્ડ મહાશય આ અન્યાયી કરનો સવાલ હાથ ધરે અને તે રદ કરાવવા માટે સમ્રાટ સરકાર ઉપર લોકમતનું દબાણ મૂકે.

[મૂળ અંગ્રેજી]

ઇન્ડિયન ઓપીનિયન, ૧૨–૧–૧૯૧૧

૧૬૬. ગૃહમંત્રીના ખાનગી મંત્રીને તાર[૩]

ડિસેમ્બર ૨૧, ૧૯૧૧

ગૃહમંત્રીના ખાનગી મંત્રી
[પ્રિટોરિયા]

આપના તાર માટે ધન્યવાદ. આવતી કાલે સવારે મળવા આવીશ.

[મૂળ અંગ્રેજી]

ગાંધીજીના હસ્તાક્ષરમાં લખાયેલા મુસદ્દાની છબી પરથી: એસ. એન. ૫૫૯૮

૧. નાતાલ મર્ક્યુરી, નાતાલ એડવર્ટાઇઝર અને રેન્ડ ડેલી મેલ જેવાં યુરોપિયન માલિકીનાં કેટલાંય છાપાંએ લેખમાળાઓમાં અને તંત્રીની નોંધોમાં ૩ પાઉન્ડના કરને વખોડી કાઢયો હતો.

૨. ડિસેમ્બરની છઠ્ઠી તારીખે ઉમરાવ સભામાં લૉર્ડ લેમિંગ્ટને ટ્રાન્સવાલના બ્રિટિશ હિંદીઓ સંબંધી સંસ્થાન કાર્યાલય અને સંઘ સરકાર વચ્ચે થયેલો પત્રવ્યવહાર રજૂ કરવાની માગણી કરી. તેમણે ડ્રાફ્ટ મ્યુનિસિપલ ઑર્ડિનન્સના, સુવર્ણ કાનૂન અને નગર કાનૂનના અમલ વિષે પણ માહિતીની માગણી કરી. ઇન્ડિયન ઓપીનિયન, ૯–૧૨–૧૯૧૧.

૩. આ તાર ગૃહમંત્રીના ખાનગી મંત્રીના તારના જવાબમાં કરવામાં આવ્યો હતો. ખાનગી મંત્રીનો તાર આ પ્રમાણે હતો: "ખાનગી ઇમિગ્રેશન બિલના મુસદ્દાની નકલ આવતી કાલે મારી સાથે જોહાનિસબર્ગ લઈ જઉં છું અને મંત્રીએ મને આપની અંગત જાણ માટે તે આપને બતાવવા કહ્યું છે. આપ સવારના ગાળામાં ખાણોના મંત્રીના નિવાસસ્થાને મળી શકશો?" એસ. એન. ૫૫૯૮. ગાંધીજીએ આ તાર નીચે પેન્સિલથી જવાબનો મુસદ્દો ઘડયો છે.

Gandhi Heritage Portal

૧૬૭. સામ્રાજ્ય સરકાર પાસે શી આશા રાખવી?

ટ્રાન્સવાલની સ્થાનિક સરકારના ઑર્ડિનન્સના[1] ખરડા બાબતમાં બ્રિટિશ ઇન્ડિયન ઍસોસિયેશને કરેલી અરજી વિષે કૉલોનિયલ ઑફિસે લૉર્ડ ઍમ્પ્ટહીલની કમિટીને જે (ડાઉનિંગ સ્ટ્રીટના હિસાબે ઘણો લાંબો) પત્ર લખ્યો છે તે વાંચીને દુઃખ થાય છે. અને પુરાવો જોઈતો હોય તો આ પત્ર અનેક સત્યાગ્રહીઓના એવા અભિપ્રાયનો પુરાવો આપે છે કે, આવતા એકબે મહિનામાં જેને કાયદાનું રૂપ આપવામાં આવશે એવું જનરલ સ્મટ્સનું કામચલાઉ સમાધાન કેવળ સત્યાગ્રહના બળને લઈને જ થયું હતું. અમારા કહેવાની મતલબ એવી નથી કે સામ્રાજ્ય સરકાર હાથ જોડીને બેસી રહી હતી, અથવા તો સામ્રાજ્ય સરકારે કરેલી સૂચનાઓની સંઘ સરકાર પર કશી અસર નથી થઈ; પણ અમે એટલું જરૂર કહેવા માગીએ છીએ કે સત્યાગ્રહ ન થયો હોત તો સામ્રાજ્ય સરકારે અમારા પક્ષમાં કશું જ કર્યું ન હોત. ગઈ ૨૩મી નવેમ્બરના મિ. હારકોર્ટના પત્રમાં સ્પષ્ટ શબ્દોમાં કહેવાયું છે કે નજરે ચડતી ફરિયાદો દૂર કરવા માટે પણ સામ્રાજ્ય સરકાર અમારા તરફથી દરમ્યાનગીરી નહીં કરશે. પહેલાં, તેમની નજરમાં ન્યાયી હોય કે અન્યાયી હોય, એવું કંઈક કરવામાં આવ્યું છે એ હકીકત જ તેમને માટે કોઈ પ્રત્યક્ષ અન્યાય દૂર કરાવવા માટેની બ્રિટિશ હિંદીઓની વિનંતી નકારી કાઢવા માટેનું પૂરતું કારણ છે. અગાઉના એક ઑર્ડિનન્સથી અમારો મ્યુનિસિપલ મતાધિકાર લઈ લેવામાં આવ્યો છે, તેમ જ દરખાસ્ત નીચેના ઑર્ડિનન્સના મુસદ્દાની ઘણીખરી કલમો લગભગ જની કલમો જેવી જ છે, એ બધું અમને સંભળાવવાની જરૂર નહોતી. ખાસ કરીને જ્યારે નવો કાયદો દક્ષિણ આફ્રિકા સંઘની સ્થાપનાને લઈને ઊભા થતા ખાસ સંજોગોમાં કરવામાં આવે છે ત્યારે મિ. હારકોર્ટને એ કેમ નથી સૂઝ્યું કે, બ્રિટિશ ઇન્ડિયન ઍસોસિયેશન, એ નવા કાયદામાં જૂની કલમો દાખલ કરવામાં આવે એ પ્રત્યે ધ્યાન ખેંચે એ જ ઉચિત હતું. અને એ ઑર્ડિનન્સનો ખરડો પસાર થવાની આણી પર હતો એ યોગ્ય પ્રસંગે, એ અન્યાયી નીતિમાં ફેરફાર કરાવવાને દબાણ નહીં કરી શકવાનું મિ. હારકોર્ટ માટે કોઈ કારણ હોઈ નહીં શકે.

અમને એ જોઈને દુઃખ થાય છે કે મિ. હારકોર્ટ સામ્રાજ્ય સરકારના પ્રતિનિધિ તરીકેનું કામ, સંઘરાજ્યના મંત્રીઓની છળકપટની નીતિમાં સામેલ થઈને કરી રહ્યા છે. લાઈસન્સ આપવા સંબંધી કલમો સૌને સરખી રીતે લાગુ પડે છે, એટલે અમારે ફરિયાદ કરવાનું કંઈ કારણ નથી, એમ કહીને મિ. હારકોર્ટ અને સંઘના મંત્રીઓ અમારી બુદ્ધિનું અપમાન કરે છે. અમે જાણીએ છીએ તેમ તેઓ પણ જાણે છે કે ઘણાખરા દાખલામાં આવી સર્વસામાન્ય કલમો, વહીવટમાં કેવળ એશિયાવાસીઓને લાગુ પાડવામાં આવી છે. આમ છતાં મિ. હારકોર્ટના પત્રમાં એક પૅરેગ્રાફ એવો છે જેમાં તેમણે, ખૂંચવી લેવામાં આવેલા અદાલતમાં અપીલ કરવાના અધિકારની બાબતને, જુલમ તરીકે ગણાવી છે. એથી એવી આશા બંધાય છે કે એ દિશામાં કંઈક કરવામાં આવશે.

૧. એશિયાઈઓને અસર કરતા ઑર્ડિનન્સની કલમો તથા બ્રિટિશ હિંદીઓની અરજી માટે જુઓ પરિશિષ્ટ ૭.

Gandhi Heritage Portal

મહત્ત્વની બાબતોની ચર્ચા કરતા એક અગત્યના પત્રમાં, અમારી ફરિયાદોના જવાબમાં, તદ્દન તુચ્છ અને નકામી દલીલોનો ઉપયોગ આટલી ગંભીરતાપૂર્વક કરવામાં આવ્યો છે એ આશ્ચર્યની વાત છે. દાખલા તરીકે સ્વચ્છતાની દલીલ, જે ખોટી સાબિત થયેલી છે, તેને આધારે મિ. હારકોર્ટ હિંદીઓને, બીજા એશિયાઈઓને, અને એ જ હેતુથી બીજા બિનગોરા લોકોને ભઠિયારખાનાં વગેરેમાં નોકરી મેળવવાના અધિકારથી વંચિત કરવાની વાતને વાજબી ઠરાવે છે. અત્યાર સુધીમાં તેમણે જાણવું જોઈતું હતું કે એ કલમ તો પ્રમાણિક લોકોના ગુજરાનનું સાધન અને નોકરીની એક જોગવાઈ ખૂંચવી લેવાનો ચોખ્ખો પ્રયત્ન છે. જાહેર આરોગ્ય પર નજર રાખવાનું તથા આ ભઠિયારા અને તેમના નોકરો સ્વચ્છતાના નિયમોનું પાલન કરે છે કે નહીં, એ જોવાનું કામ આરોગ્ય અને સ્વચ્છતા ખાતાના અમલદારો પર જરૂર છોડી શકાય. અમને ગંભીરતાપૂર્વક એવું પણ કહેવામાં આવ્યું છે કે, એક તદ્દન જુદી જ બાબતમાં મજૂર સ્ત્રીઓ સામે એવા જ પ્રકારની હરકત ઊભી કરવામાં આવી છે. એ જ રીતે ટ્રામગાડીઓ વિષેની અમારી ફરિયાદ "લાંબા વખતથી ચાલી આવી છે," એમ કહીને ઉડાવી દેવામાં આવી છે; જાણે કોઈ અપરાધ વારે વારે કરવામાં આવતાં સદ્‌ગુણ નહીં બની જતો હોય! હારકોર્ટના પત્રમાં આપેલા દાખલાઓ પ્રમાણેનું વલણ અપનાવીને સામ્રાજ્ય સરકાર સામ્રાજ્યના જુદા જુદા ભાગોમાંનાં પરસ્પર વિરોધી સ્થાનિક હિતો વચ્ચે સમતુલા જાળવી રાખવાની પોતાની ફરજની ઉપેક્ષા કરે છે; કારણ કે આ પત્ર ચાલતી આવેલી નીતિથી વિમુખ થવાનો એકલદોકલ દાખલો નથી, બલકે એ એક નવી જ ચાલની માત્ર અમલ-બજવણી છે, જેને સામ્રાજ્યના શુભચિંતકો લાંબા સમયથી ભારે દુ:ખ સાથે જોઈ રહ્યા છે. અમે એટલી જ આશા રાખી શકીએ કે સંપૂર્ણ તટસ્થતાની એ પુરાણી અને ભયરહિત નીતિ જે એક સમયે સામ્રાજ્યના મુખ્ય કેન્દ્રમાં, તેનાં કેન્દ્રમાંનાં પોતાનાં હિતોને કોઈ પ્રકારનું જોખમ નહોતું ત્યારે અમલમાં હતી તે ફરીથી અપનાવવામાં આવશે.

[મૂળ અંગ્રેજી]

ઇન્ડિયન ઓપીનિયન, ૨૩–૧૨–૧૯૧૧

૧૬૮. નાથલિયાનો કેસ

નાથલિયાના કેસનો હેવાલ આપણાં રૂંવાં ઊભાં કરે છે. આપણને નીચું જોવડાવે છે. એક હિંદી બાળક ત્રણ વખત આવે ને પાછો જાય એ આપણે કેમ સહન કરીશું?

કાયદો બેઢંગો છે. તેનો અમલ ચલાવનાર તેવો જ છે. જડજો પોતાની ફરજ બજાવવા અશક્ત છે. કોમ અશક્ત નથી; ને જો હોય તો કોમના દહાડા આવી રહ્યા.

અમને લાગે છે કે ઉપલી કોર્ટમાં અપીલ જવી જોઈએ. ઇમિગ્રેશન અમલદાર ઉપર કેસ પણ કરી શકાય છે. તેની પાસેથી નુકસાની પણ મળે એવું અમને ભાસે છે. તે મળો યા ન મળો પણ એટલું તો ચોક્કસ છે કે અપીલ તો જવી જ જોઈએ. આ ઉપરાંત ઘણી હિલચાલ થઈ શકે છે. અમને ઉમેદ છે કે કોમ પોતાની ફરજ નહીં ચૂકે.

[મૂળ ગુજરાતી]

ઇન્ડિયન ઓપીનિયન, ૩૦–૧૨–૧૯૧૧

Gandhi Heritage Portal

[ઉપરોક્ત બાબતના ગાંધીજીના અંગ્રેજી લેખનો અનુવાદ નીચે આપ્યો છે.]

શરમભર્યો કાયદો

ગયે અઠવાડિયે અમે નાથલિયાના[૧] કેસનો જે ટૂંકો હેવાલ પ્રસિદ્ધ કર્યો હતો તે વાંચીને કોમના દરેક જણને ત્રાસ થયો છે. એ કેસનો નિર્ણય આપનાર ન્યાયાધીશોને પણ એવો જ ત્રાસ થયો હતો. ન્યાયાધીશો જે વાતને અન્યાય માને તેને પણ સુધારી ન શકે એ વસ્તુ ન્યાયાલયોની ઉપયોગિતા વિષે નિરાશ થવા માટે પૂરતી છે. સ્વર્ગસ્થ મિ. લિયોનાર્ડ કહેતા અને માનતા કે કોઈ એવો અન્યાય જાણવામાં નથી જેનો કાયદેસર ઉપાય ન હોય. દિલાસો આપનારી આ એવી ભ્રાંતિ છે, જેને લઈને બીજી રીતે ઉચ્ચ કોટિના બુદ્ધિમાન લોકો આ ધંધો કરવા પોતાનું મન મનાવી લે છે. એ ધંધાનું ભાગ્યે જ કોઈ ઊજળું પાસું છે.

નવયુવક નાથલિયાના મુકદ્દમાને નાતાલના ન્યાયાધીશોએ જ્યાં છોડી દીધો છે ત્યાં રહેવા નહીં દઈ શકાય. પ્રમાણપત્રો રજૂ કરવા છતાં આ યુવકને પ્રાંતમાં દાખલ થવા દેવામાં નથી આવ્યો એ એક રાષ્ટ્રીય કલંકની વાત છે. પૂર્વગ્રહથી દૂર રહીને ન્યાયની દૃષ્ટિએ વિચાર કરવાનો જેની પાસે સમય નથી એવા આપખુદ ઇમિગ્રેશન અધિકારી સિવાય બીજા કોઈ પણ માણસને એ સર્ટિફિકેટોથી સંતોષ થયો હોત. એનું કામ જ એવું છે જેમાં ન્યાયની દૃષ્ટિએ વિચાર કરવાની બંધી છે. એટલે ભૂલ કોઈ વ્યક્તિની નથી પણ ધારામંડળની છે, જેણે દુષ્ટ બુદ્ધિથી તેના પર એવી જવાબદારી નાખી છે જે કોઈ સામાન્ય આદમી અદા જ ન કરી શકે. કાયદામાં તેને "ઇમિગ્રેશન પ્રતિબંધક અધિકારી" એવું નામ આપવામાં આવ્યું છે અને તેને એક પ્રતિબંધક કાયદાનો અમલ કરવા માટે નીમવામાં આવ્યો છે. જે લોકો પર પ્રતિબંધ મૂકવાની તેની પાસે અપેક્ષા રાખવામાં આવે છે, તે જ લોકોના પક્ષમાં, તે સામાન્ય રીતે કેવી રીતે નિર્ણય કરી શકે? એ અધિકારીના નિર્ણય પર અપીલ ન કરવા દેવી એ ન્યાય આપવાનો ઇનકાર કરવા બરાબર છે; અને પાછલા નાતાલ ધારામંડળે એ જ કર્યું છે. અમને વિશ્વાસ છે કે આ મુકદ્દમો ઉપલી અદાલતમાં લઈ જવામાં આવશે અને ત્યાં તેની પૂરતી છણાવટ કરવામાં આવશે. આ છોકરો હિંદી કોમનો સભ્ય છે અને તેને પાછો કાઢવા દેવામાં આવે એ કોમ માટે શરમની વાત છે. કોમે આ પ્રશ્નને પ્રતિષ્ઠાનો પ્રશ્ન બનાવી એ છોકરાનું રક્ષણ કરવું જોઈએ, કારણ, તે જે વ્યક્તિને પોતાના પિતા કહે છે, તે વ્યક્તિનો તે પુત્ર છે એ બાબતની અમને ખાતરી છે.

[મૂળ અંગ્રેજી]

ઇન્ડિયન ઓપીનિયન, ૩૦–૧૨–૧૯૧૧

૧. ઈ. એમ. નાથલિયાને બે વાર હિંદુસ્તાન પાછો મોકલવામાં આવ્યો હતો. છેલ્લી વાર જ્યારે તે આવ્યો ત્યારે પોતાની સાથે નાતાલમાં જે વ્યક્તિ સાથે તે રહેવા માગતો હતો તે વ્યક્તિનો પોતે પુત્ર છે એ વાત પુરવાર કરવા માટે જરૂરી કાગળપત્રો સાથે લઈને તે આવ્યો હતો. તેમ છતાં ઇમિગ્રેશન પ્રતિબંધક અધિકારીને ખાતરી ન થઈ, અને તેણે તેને કિનારે ઊતરવાની રજા ન આપી. જજે એવી ટીકા કરી કે "કોઈ છોકરો તેના બાપનો પુત્ર હોઈ શકે, એવું આ અધિકારી કદી માની શકે એવું લાગતું નથી" પણ તે વચ્ચે નહીં પડે કારણ કે ઇમિગ્રેશન અધિકારીને આ બાબતમાં સંપૂર્ણ સત્તા હતી. ઇન્ડિયન ઓપીનિયન, ૨૩–૧૨–૧૯૧૧.

Gandhi Heritage Portal

૧૬૯. નવું વરસ

વરસને અંતે સ્વાભાવિક રીતે જ આપણે જે માર્ગે ચાલી આવ્યા હોઈએ તે પર પાછા વળીને દૃષ્ટિ કરીએ છીએ અને વરસ દરમ્યાન આપણને આનંદ થઈ શકે એવું કંઈ બન્યું હોય તો બહુ સારી વાત છે. આ વરસે એવો કયો બનાવ બન્યો છે, જેને વિષે કહી શકાય કે તેણે હિંદી સમાજ પર અસર પાડી છે? જાન્યુઆરીના પહેલા અઠવાડિયામાં કલકત્તાથી શુભ સમાચાર મળ્યા કે હિંદ સરકારે એપ્રિલમાં એક એવી નોટિસ બહાર પાડવાનો નિર્ણય કર્યો છે કે પહેલી જુલાઈથી[૧] ગિરમીટિયા હિંદીઓને નાતાલ મોકલવાનું બંધ કરવામાં આવશે. સરકારે આ નિર્ણય અમલમાં મૂકયો છે અને હવે આપણે ગિરમીટિયાઓને આ દેશને કિનારે ઊતરતા નહીં જોઈશું. છેવટે આની શી અસર થશે એ તો અત્યારે નહીં કહી શકાય, પણ એટલું માનવાને માટે પૂરતાં કારણો છે કે હિંદી મજૂરોના ઘણા માલિકોને પોતાના મજૂરો સાથે સારો વર્તાવ રાખવાની અને તેમને માટે રહેવાની યોગ્ય વ્યવસ્થા કરવાની જરૂર જણાવા લાગી છે. આપણે આશા રાખીએ કે વખત જશે તેમ વધુ સુધારા થતા જશે અને તેમાં બગીચામાં રહેતાં હિંદી બાળકો માટે શાળાઓ કાઢવાનો સમાવેશ થશે. પરંતુ તેથી ગિરમીટ પ્રથાની અનેક બૂરાઈઓ સામે આપણે આંખમીંચામણાં કરતા નથી. અને સૌને માટેની સ્વતંત્રતાનો આદર્શ પણ આપણે છોડી દીધો નથી. એ સ્વતંત્રતા માટે લોકો તૈયાર થઈ જાય એટલે તે આપોઆપ આવશે. ફરીથી ગિરમીટનો કરાર કરવા માટે સારો વર્તાવ રાખવાની અને વધારે સારી સગવડો આપવાની જે લાલચ આપવામાં આવે છે તેમાંથી જ વખત જતાં મજૂર અને માલિક વચ્ચે મુક્ત કરાર કરવાની સ્થિતિ પેદા થશે.

આ વરસ શરૂ થયું ત્યારે ટ્રાન્સવાલ સત્યાગ્રહની લડત પુરજોશમાં ચાલતી હતી. માર્ચ મહિનામાં ઇમિગ્રન્ટ્સ રિસ્ટ્રિક્શન બિલ[૨] પ્રસિદ્ધ થયું અને તેની કેવી દશા થઈ[૩] તે અમારા વાચકોને યાદ હશે. ત્યાર પછી જનરલ સ્મટ્સ અને શ્રી ગાંધી વચ્ચે લાંબો પત્રવ્યવહાર ચાલ્યો, જેને પરિણામે એપ્રિલને અંતે ગૃહમંત્રી અને હિંદી નેતાઓ વચ્ચે નીચે મુજબ સમજૂતી[૪] થઈ: ૧૯૦૭નો ઉજો કાનૂન[૫] રદ કરવામાં આવે, ઇમિગ્રેશન બાબતમાં એશિયાઈઓ અને યુરોપિયનો વચ્ચે કાનૂની સમાનતા રખાય, વર્તમાન પ્રાંતીય અધિકારો કાયમ રહે, ઊંચી કેળવણી પામેલા છ એશિયાઈઓને ટ્રાન્સવાલમાં દાખલ થવા દેવામાં આવે, સત્યાગ્રહીઓને રજિસ્ટર કરવામાં આવે, અને કેદીઓને છોડી મૂકવામાં આવે. હવે સરકારના એક જવાબદાર મંત્રીએ આપેલું વચન મંજૂર કરવાનું પાર્લમેન્ટને માથે રહે છે. આવી બાબતોમાં તદ્દન ન્યાયી વહેવારની અપેક્ષા રાખવામાં આવે છે, અને તેની માગણી કરવામાં આવે છે. તેમ નહીં થાય તો કાયમી સમાધાન થઈ નહીં શકે.

૧. જુઓ પાદટીપ ૨, પા. ૧૧૪.
૨. જુઓ પુસ્તક ૧૦, પા. ૬૫૭–૬૫.
૩. બિલ પડતું મૂકવામાં આવ્યું હતું. જુઓ પરિશિષ્ટ ૪.
૪. જુઓ "ઈ. એફ. સી. લેનને પત્રો", પા. ૫૩–૫ તથા ૬૪–૭ અને પરિશિષ્ટ ૪.
૫. ૧૯૦૭નો કાનૂન ૨ હોવો જોઈએ.

Gandhi Heritage Portal

એપ્રિલમાં સરકાર સાથે સમજૂતી થઈ ત્યાર પછી સુવર્ણ કાનૂન[૧] અને નગર કાનૂનના[૨] અમલથી ગંભીર પરિસ્થિતિ ઊભી થઈ છે. એથી એશિયાઈ દુકાનદારો પાયમાલ થઈ રહ્યા છે અને ટ્રાન્સવાલના મોટા ભાગના હિંદીઓ, જેઓ મુખ્યત્વે ફેરી કરે છે, તેમનું ગુજરાનનું સાધન જોખમમાં આવી પડ્યું છે.

આગામી વરસ તરફ નજર માંડતાં દક્ષિણ આફ્રિકાની હિંદી કોમને આશા અને ભય બંને માટે કારણો મળી રહે છે. ઇમિગ્રેશન બિલ જે વરસની શરૂઆતમાં[૩] પાર્લમેન્ટમાં લાવવામાં આવનાર છે, તેને સંઘના દરેક હિંદી સાથે સંબંધ છે. અહીં રહેતા હિંદીઓના હકોનું કોઈ પણ ભોગે રક્ષણ થવું જોઈએ અને અમુક વાજબી સંખ્યામાં કેળવાયેલા હિંદીઓને સંઘ રાજ્યમાં પ્રવેશ મળવો જોઈએ. હિંદીઓએ જે દેશમાં જન્મ લીધો છે અથવા જે દેશને અપનાવ્યો છે તે દેશમાં તેઓ પોતાના અધિકારો અને ગૌરવ જાળવીને રહી શકશે કે કેમ, તેનો આધાર મોટે ભાગે તેમના પોતાના ઉપર રહેશે. લોકોને સ્થાપિત અધિકારો અને રીતરિવાજોથી વંચિત કરવાના કોઈ પણ પ્રયત્નનો દૃઢતાપૂર્વક સામનો થવો જોઈએ. કોમના અસ્તિત્વનો જેની સાથે સંબંધ છે એવી બાબતોમાં કશી બાંધછોડ કરવાની છૂટ નહીં આપી શકાય. ટ્રાન્સવાલના હિંદીઓએ જેમ પાંચ વરસ સુધી લડત ચલાવી તેમ બીજા પ્રાંતોએ પણ, જરૂર પડે તો એવી લડત કરતાં પાછા નહીં પડવું જોઈએ; નહીં તો ભવિષ્યમાં તેમને માટે તથા તેમનાં બાળકો માટે દક્ષિણ આફ્રિકા સંઘમાં એક શહેરી તરીકેનો દરજ્જો મેળવવાનાં દ્વાર બંધ થઈ જશે.

બીજા પણ કેટલાક અતિ મહત્ત્વના પ્રશ્નો છે જે હાથ પર લેવાવા જોઈએ. દાખલા તરીકે નાતાલમાંના અગાઉના ગિરમીટિયા હિંદીઓ પર નાખેલો ૩ પાઉન્ડનો વાર્ષિક કર. હિંદી વેપારીઓ અને દુકાનદારો પર કેટલીક વાર એવો આરોપ મૂકવામાં આવે છે કે, તેઓ પોતાની સાથે સીધો સંબંધ ધરાવતી બાબતોમાં એટલા બધા ગૂંથાયેલા રહે છે કે તેમને પોતાના ગરીબ ભાઈ-ઓની મુસીબતો તરફ ધ્યાન આપવાનો સમય રહેતો નથી. આ આરોપમાં રજ માત્ર સત્ય હોય તો તેમને માટે પોતે કેવી માટીમાંથી ઘડાયા છે એ બતાવી આપવાનો હવે સમય આવી પહોંચ્યો છે. આ અન્યાયી અને ક્રૂર કર રદ કરાવવાના કામમાં જેમને સીધો સંબંધ નથી એવા લોકોને માટે, તેઓ પોતાનો જરાયે સ્વાર્થ નથી એવા કામમાં પોતાનું બળ વાપરી શકે છે એવું બતાવી આપવાની સુંદર તક આવી છે. એમ કરીને તેઓ, જે લોકો પોતાની જાતને મદદ કરવાને શક્તિમાન નથી, તેમની કૃતજ્ઞતાને પાત્ર થશે અને બદલામાં તેમના પર ઈશ્વરના આશીર્વાદ ઊતરશે.

અમારા સૌ વાચકોને નૂતનવર્ષ મંગલદાયી નીવડો.

[મૂળ અંગ્રેજી]

ઇન્ડિયન ઓપીનિયન, ૩૦–૧૨–૧૯૧૧

૧. અને ૨. આ કાયદાઓ વિરુદ્ધ મિ. પોલાકે હિંદ સરકારને લખેલા પત્રો માટે જુઓ પરિશિષ્ટ ૨૧.

૩. આ બિલનો ખરડો પાર્લમેન્ટના આગામી અધિવેશન માટે ફરીથી તૈયાર થઈ રહ્યો હતો. જુઓ પાદટીપ ૩, પા. ૨૨૯.

Gandhi Heritage Portal

૧૭૦. દુકાળ

પશ્ચિમ હિંદમાં હાલ દુકાળની સ્થિતિ પ્રવર્તે છે. આ અઠવાડિયે અમે ત્યાંના સમાચારોને અગ્રતા આપીએ છીએ.[૧] દક્ષિણ આફ્રિકામાં આપણે માટે મુસીબતો ઓછી નથી, પણ ઈશ્વરનો પાડ માનો કે આપણે નસીબે ક્રૂર દુકાળ વેઠવાનો નથી આવ્યો. દક્ષિણ આફ્રિકાના હિંદીઓએ ભૂતકાળમાં બતાવી આપ્યું છે કે તેઓ ભૂકંપપીડિત અથવા દુકાળપીડિત દેશબંધુઓને મદદ કરવામાં પાછા પડયા નથી.[૨] આ પત્રમાં ફંડ શરૂ કરી દેવામાં આવ્યું છે, જેમાં ૧૦૦ પાઉન્ડથી વધુ રકમ જમા થઈ છે. પણ આટલી રકમ તો દક્ષિણ આફ્રિકામાં જે મોટી રકમ એકઠી થઈ શકે તેનો એક અંશ માત્ર છે. મુસ્લિમ કોમ ઇટાલી અને તુર્કીની લડાઈમાં સહન કરનારાઓને મદદ કરવા હજારો પાઉન્ડનો ફાળો આપીને ઘણો ત્યાગ દાખવી રહી છે. અમને વિશ્વાસ છે કે હિંદના દુકાળપીડિત લોકોને મદદ કરવામાં તેઓ એટલી જ ઉદારતા બતાવશે. હિંદી કોમના હિંદુ, પારસી, ખ્રિસ્તી સભ્યો, જેમને હંમણાં મુસલમાનોની માફક, ખાસ કોઈ ખર્ચનો બોજો ઉઠાવવાનો આવ્યો નથી તેઓ, આ શુભ કાર્ય માટેના ફાળામાં ઉમેરો કરવા પૈસા આપવાના કામને પોતાનું ખાસ મિશન બનાવી શકે.

[મૂળ અંગ્રેજી]

ઇન્ડિયન ઓપીનિયન, ૬–૧–૧૯૧૨

૧૭૧. મિ. પોલાક રાષ્ટ્રીય મહાસભામાં

હિંદમાં મિ. પોલાકે પોતાનું ખૂબ મહેનતનું કામ શરૂ કરી દીધું છે. કર્તવ્યની હાકલ પડે પછી આરામ શી ચીજ છે તે તેઓ જાણતા નથી. ગિરમીટ પદ્ધતિ વિષેનો ઠરાવ,[૩] જેને વિષે તેઓ તથા સર્વશ્રી ચિંતામણિ,[૪] મણિલાલ ડૉકટર અને બીજાઓ બોલ્યા તે અત્યંત મહત્ત્વનો છે અને એક સાચી દિશામાં ભરેલું પગલું છે. તે તેમણે પહેલાં કરેલા કાર્યના કળશરૂપ

૧. એવા સમાચાર આવ્યા હતા કે મુંબઈ ઇલાકામાં ખોરાક અને ઘાસચારાની ભારે તંગી છે, તે ઉપરાંત કાઠિયાવાડનાં દેશી રાજ્યોમાં પ્લેગ ફાટી નીકળ્યો છે. લગભગ ત્રીજા ભાગનાં ઢોરને જાહેર ફંડમાંથી ઘાસચારો પૂરો પાડવો પડશે. એકલા અમદાવાદ જિલ્લા માટે એક લાખ રૂપિયાની જરૂર પડશે એવો અંદાજ છે. ગાંધીજીએ આ પહેલાં બીજી જગ્યાએ કરેલા દુકાળના ઉલ્લેખ માટે, જુઓ "દેશમાં દુકાળ", પા. ૨૧૨ અને ૨૨૬ તથા "ડૉ. મહેતાને લખેલા પત્રો", પા. ૧૭૨–૩, ૧૯૬–૭ અને ૨૧૩.

૨. સન્ ૧૯૦૫માં ઉત્તર હિંદુસ્તાનમાં થયેલા ભૂકંપ પછી ઇન્ડિયન ઓપીનિયને રાહતફાળો શરૂ કર્યો હતો. જુઓ પુસ્તક ૪, પા. ૪૮૪ અને ૪૯૪.

૩. સન ૧૯૧૧ના ડિસેમ્બરમાં હિંદી રાષ્ટ્રીય મહાસભાએ કલકત્તા અધિવેશનમાં ગિરમીટિયા પદ્ધતિને વખોડી કાઢતો ઠરાવ કર્યો અને તેને સદંતર નાબૂદ કરવા માટે કાયદો કરવા સરકારને આગ્રહભરી વિનંતી કરી. ઇન્ડિયન ઓપીનિયન, ૬–૧–૧૯૧૨; તથા જુઓ પાદટીપ ૨, પા. ૨૨૪.

૪. સર ચિરાવુરી યજ્ઞેશ્વર ચિંતામણિ (૧૮૮૦–૧૯૪૧); પત્રકાર, અલ્લાહાબાદના લીડરના તંત્રી. કેટલોક સમય ઉત્તર પ્રદેશના મંત્રી.

Gandhi Heritage Portal

છે. ગિરમીટિયાઓને નાતાલ મોકલવાનું બંધ કરાવવાનું શ્રેય શ્રી ગોખલે સાથે તેમને ફાળે પણ જાય છે. હિંદી રાષ્ટ્રીય મહાસભાએ, બેશક તેમની પ્રેરણાથી, હિંદ સરકાર પાસે ગિરમીટ પદ્ધતિ બિલકુલ બંધ કરાવવાની માગણી કરી તેમાં તે પોતાની નીતિના તર્કસંગત પરિણામ મુજબ વર્તી છે. હવે આ પદ્ધતિ, જે પડદા નીચેની છૂપી ગુલામી છે તેને બંધ કરવાનું કામ હિંદ સરકારનું છે.

[મૂળ અંગ્રેજી]

ઇન્ડિયન ઓપીનિયન, ૬–૧–૧૯૧૨

૧૭૨. ખુશખબર

માનનીય શ્રી ગોખલેએ આવતા ઉનાળામાં દક્ષિણ આફ્રિકા આવવાનો ઇરાદો જાહેર કર્યો છે;[૧] એથી દરેક હિંદીનું દિલ હર્ષઘેલું બની જશે. શ્રી ગોખલે દક્ષિણ આફ્રિકાના હિંદીઓને અજાણ્યા નથી. તેમણે આપણે માટે જે મહાન કાર્ય કર્યું છે તેથી તેઓ આપણ સૌને પ્રિય થઈ પડ્યા છે. તેથી તેમનું અહીં રાજાના જેવું સ્વાગત થશે એ વાત નક્કી છે; અને યુરોપિયન સમાજના નેતાઓ પણ તેમનું પ્રેમપૂર્વક સ્વાગત કરશે એ વિષે શંકાને સ્થાન નથી. શ્રી ગોખલેએ લેવા ધારેલી આ મુલાકાત દરેક પ્રકારે લાભદાયક જ નીવડે એવું છે.

[મૂળ અંગ્રેજી]

ઇન્ડિયન ઓપીનિયન, ૬–૧–૧૯૧૨

૧૭૩. ગોપાળ કૃષ્ણ ગોખલેને પત્ર

ટૉલ્સ્ટૉય ફાર્મ,
લૉલી સ્ટેશન,
ટ્રાન્સવાલ,
જાન્યુઆરી ૧૨, ૧૯૧૨

પ્રિય શ્રી ગોખલે,

આપ થોડા વખતમાં અહીં આવવાના છો એ સમાચાર વાંચીને અમને સૌને કેટલો આનંદ થયો છે એનો ખ્યાલ આપવો મુશ્કેલ છે.

હું આશા રાખું છું કે આપના આગમનની તારીખ[૨] આપ અમને ઠીક ઠીક વહેલા જણાવશો.

જો એ શક્ય જ હોય તો આપને એવું નથી લાગતું કે આપ અહીં થઈને લંડન જાઓ એ ઠીક થઈ પડશે? એમ કરો તો આપ અમારા સવાલોનો સ્થળ પર અભ્યાસ કરી શકશો

૧. હિંદી રાષ્ટ્રીય મહાસભાના ડિસેમ્બર ૧૯૧૧ના કલકત્તા અધિવેશનમાં દક્ષિણ આફ્રિકા સંબંધી ઠરાવ પર બોલતાં શ્રી પોલાકે કહ્યું હતું કે શ્રી ગોખલેએ પરિસ્થિતિનો અભ્યાસ કરવા માટે આવતે વરસે દક્ષિણ આફ્રિકા આવવાની ઇચ્છા પ્રદર્શિત કરી છે. ઇન્ડિયન ઓપીનિયન, ૨૪–૨–૧૯૧૨.

૨. જુઓ આ પહેલાંનો લેખ.

Gandhi Heritage Portal

અને લંડનમાં અમને ઘણી મદદ કરી શકશો. અને મારું એવું મિથ્યાભિમાન પણ છે કે આપના અહીંના રોકાણને પરિણામે આપ વધારે સારી તંદુરસ્તી લઈને લંડન જશો.[૧]

સંઘરાજ્યની પાર્લમેન્ટની બેઠક થોડા દિવસમાં શરૂ થશે અને જેને વિષે વચન આપવામાં આવ્યું છે તે ખરડો તથા બિલ હવે કોઈ પણ દિવસે પ્રસિદ્ધ થાય એવો સંભવ છે.[૨]

આપનો સહૃદયી
મો. ક. ગાંધી

[મૂળ અંગ્રેજી]
ગાંધીજીના હસ્તાક્ષરમાં લખાયેલા મૂળ પત્રની છબી પરથી: જી. એન. ૩૭૭૧

૧૭૪. જોહાનિસબર્ગમાં શીતળા

જોહાનિસબર્ગમાં શીતળાનો રોગ ફાટી નીકળ્યાના ખબર ત્યાંના છાપામાં પુષ્કળ છે. આ વેળા આપણે ગુનામાં આવી પડયા છીએ. કેમ કે રોગ ફાટી નીકળવાનું કારણ આપણે થઈ પડયા છીએ. કેટલાક હિંદીએ રોગનો ઉપદ્રવ થયો તે છુપાવ્યો. ને ન ચાલતાં તેઓ પકડાયા છે. આથી રોગ વધારે ઘર કરવા પામ્યો. રોગ નીકળ્યો તેની અડચણ નથી. તે તો બધી કોમમાં નીકળી પડે પણ છુપાવ્યો એ ભયંકર વાત થઈ પડી છે.

થોડા માણસના ગુનાની સજા આખી કોમને ઉઠાવવી પડશે. આનું પરિણામ કેવું આવશે એ આપણે બરોબર જોઈ શકતા નથી. પણ એટલું તો જોઈ શકાય છે કે જો મલાયી લોકેશનમાંથી નીકળવું પડશે તો કારણ આપણે પોતે જ થઈ પડશું. એટલેથી જ બસ ન થાય. કાયદામાં સખતી થાય. આપણી આવજાવમાં હરકત પહોંચે અને શત્રુના હાથમાં આપણને મારવાને સારુ એક ભારે હથિયાર આવે.

કોમના આગેવાનો સત્તાવાળાને[૩] મદદ કરવા નીકળી પડયા છે એ સંતોષકારક છે. પણ જો માણસો મદદ ન કરે તો આગેવાન શું કરી શકે?

સરકારની સામે સત્યાગ્રહ સહેલો હતો. કોમના નબળા માણસોની સામે સત્યાગ્રહ ચલાવવો મુશ્કેલ છે. પણ મુશ્કેલીથી કંઈ સત્યાગ્રહી ડરે નહીં. તે સત્યાગ્રહી જ નહીં કે જે મુશ્કેલીથી દૂર જાય. અમારી ઉમેદ છે કે કોમના માણસોમાં સદ્‌બુદ્ધિ આવશે ને તેઓ જ શત્રુ નહીં બને. દર્દ છુપાવવાનું કશું કારણ નથી. આપણી ધર્મની લાગણીને દુખાવવા અમલદારો માગતા નથી. જે જોઈએ તે સગવડ કરી આપવા તેઓ તૈયાર છે. તો પછી આપણને છુપાવવાનું કશું કારણ નથી.

[મૂળ ગુજરાતી]
ઇન્ડિયન ઓપીનિયન, ૧૩–૧–૧૯૧૨

૧. આ ઉપરાંત જુઓ "ગોપાળ કૃષ્ણ ગોખલેને પત્રો", પા. ૨૦૬–૮ અને ૨૨૪.

૨. સંઘરાજ્યની પાર્લમેન્ટની બીજી બેઠક ૧૯૧૨ના જાન્યુઆરીની ૨૬મી તારીખે શરૂ થવાની હતી. બિલનું પહેલું વાચન જાન્યુઆરીની ૩૦મીએ થયું હતું. ઇન્ડિયન ઓપીનિયન, ૧૩–૧–૧૯૧૨ તથા ૩–૨–૧૯૧૨.

૩. ડૉ. સી. પોર્ટર, જોહાનિસબર્ગના આરોગ્ય અધિકારી.

Gandhi Heritage Portal

૧૭૫. ઇવનિંગ ક્રૉનિકલને ઇન્ટરવ્યૂ

[જોહાનિસબર્ગ,
જાન્યુઆરી ૧૫, ૧૯૧૨]

જોહાનિસબર્ગ ખાતે પ્રગટ થતા ઇવનિંગ ક્રૉનિકલમાં તેના પ્રતિનિધિએ ગઈ તા. ૧૫મીએ મિ. ગાંધીની મુલાકાત લીધેલ તેનો હેવાલ બહાર પડ્યો છે. તેમાં મિ. ગાંધીની રહેણીકરણી પર ગોરાઓનું ધ્યાન ખેંચીને લખનાર જણાવે છે કે: ટ્રાન્સવાલની પ્રોવિન્શિયલ કાઉન્સિલમાં આવતે મહિને મ્યુનિસિપલ ઑર્ડિનન્સ[૧] રજૂ થવાનું છે, જેને વિષે ઉમરાવની સભામાં લૉર્ડ એમ્ટે હાલમાં ખુલાસો જાહેર કર્યો હતો, તે વિષે ખાસ શું વાંધો છે, એ સવાલના જવાબમાં મિ. ગાંધીએ કહ્યું હતું કે:

વેપારી લાઇસન્સની સખ્તાઈ વિષે

ડ્રાફ્ટ ઑર્ડિનન્સમાં અમે જે વાંધો લઈએ છીએ તે લાઇસન્સનો કાબૂ મ્યુનિસિપાલિટીને સોંપવામાં આવે અને તેના ઠરાવ ઉપર અપીલ[૨] ન થઈ શકે તેની સામે છે. તેમાં મ્યુનિસિપલ ફ્રેન્ચાઇઝમાંથી હિંદીઓને બહાર રાખવા ફરીને કહેવામાં આવ્યું છે,[૩] અને હિંદી તેમ જ બીજા એશિયાટિકને ભઠિયારાના અને તેવા બીજા ધંધામાંથી દૂર રાખવા કેટલીક શરતો બતાવવામાં આવી છે તેની સામે પણ વાંધો છે.[૪] આમાં પહેલી અને ત્રીજી સખ્તાઈ તદ્દન નવી જ છે. બીજી જૂની છે,[૫] છતાં જ્યારે જ્યારે તેને કાયદાના રૂપમાં તાજી કરવામાં આવે ત્યારે હિંદીઓ તેની સામે વાંધો ઉઠાવ્યા વિના રહે જ નહીં. હિંદીઓ સ્વાભાવિક રીતે એવી આશા રાખે જ કે તેઓની સામેની નકામી અદાવતનો કોઈ દહાડો અંત આવશે જ; અને એવી વકી તેઓને હોવાથી જ્યારે જ્યારે ભેદભાવ કાયમ રાખવાનાં પગલાં લેવામાં આવે ત્યારે ત્યારે તેઓ વાંધો લીધા વિના રહે જ નહીં.

પત્રના પ્રતિનિધિએ પૂછ્યું: અને એશિયાટિક બજાર[૬] સ્થપાય તે સામે પણ તમે વાંધો લેતા નથી?

મિ. ગાંધીએ જવાબ આપ્યો: "હા. તે બાબતમાં વાંધો લેવાઈ ચૂકયો છે. બજાર સંબંધી જે ધારાઓ છે તે ફરજ પાડનારા નથી તે બરોબર, પણ તેમાં જે ઇરાદો રાખવામાં આવ્યો છે

૧. એશિયાઈઓને અસર કરતી કલમો માટે જુઓ પરિશિષ્ટ ૭ ક.

૨. ઑર્ડિનન્સની ૯૧મી કલમનો ઉલ્લેખ છે, જે ટાઉન કાઉન્સિલોને વેપાર તથા ફેરી કરવાના પરવાના આપવાનો ઇનકાર કરવાની અપીલ ન થઈ શકે એવી સત્તા આપતો હતો.

૩. જુઓ કલમ ૧૧૪.

૪. "કલમ ૯૨" તથા જુઓ "સામ્રાજ્ય સરકાર પાસે શી આશા રાખવી?", પા. ૨૩૦–૧.

૫. ટ્રાન્સવાલમાં હિંદીઓને મ્યુનિસિપલ મતાધિકારથી વંચિત કરતો કાયદો કરવાનો પ્રયત્ન છેક ૧૯૦૩માં અને તે પછી ૧૯૦૪માં કરવામાં આવ્યો હતો. જુઓ પુસ્તક ૩, પા. ૪૧૫–૬ તથા પુસ્તક ૪, પા. ૨૨૧–૨.

૬. ઑર્ડિનન્સની ૬૬મી કલમથી ટાઉન કાઉન્સિલને નવાં બજારો કાઢવાની અથવા ચાલુ બજારો બંધ કરવાની સત્તા આપવામાં આવી હતી. જુઓ પરિશિષ્ટ ૭ ઋ; મિલ્નરની બજાર નોટિસ, એ આ પ્રકારનો પહેલો કાયદો હતો. જુઓ પુસ્તક ૩, પા. ૩૨૯.

Gandhi Heritage Portal

તે સ્પષ્ટ છે. ઈરાદો હિંદીઓને બજારમાં હડસેલવાનો છે; અને જ્યારે જ્યારે એવો પ્રયત્ન થવાનો ત્યારે ત્યારે હિંદીઓ સામે થવાના જ."

शीतળાના રોગનું શું?

પણ મિ. ગાંધી, શીતળાનો રોગ ફાટી નીકળ્યો અને એશિયાટિકોએ તેના દર્દીઓને સંતાડી રાખ્યા તેનું શું? તે ઉપરથી એવું નથી દેખાતું કે ગોરાઓના રક્ષણ માટે એવાં કંઈક પગલાં લેવાં જોઈએ?[1]

મિ. ગાંધીએ હસતાં જવાબ આપ્યો : એ બહુ ઠાવકો સવાલ છે. ઘઉંમાં કાંકરા હોય તેમ અમારામાં પણ છે, અને તેવાઓના પાપના છાંટા આખી કોમને ઊડે છે, છતાં છુપાયેલા કિસ્સાઓને બહાર લાવવામાં કોમના આગેવાનો અંત:કરણપૂર્વક મદદ કરે છે. એ વિષે ડૉ. પોર્ટરે જે સંતોષ જાહેર કર્યો છે, તથા તે મદદ સિવાય છુપાયેલા કિસ્સાઓ ખોળી કાઢી શકાત નહીં એવું જે તેણે કહ્યું છે તે ખ્યાલમાં લેવાનું છે. "ઇનસેનિટરી એરિયા એકસપ્રોપ્રિયેશન કમિશન" આગળ જે જુબાનીઓ અપાઈ હતી તે તમને યાદ હશે. તેમાં આપાયેલી ડૉકટરી જુબાનીમાં એવું કહેવામાં આવેલું હતું કે, હિંદીઓ તથા બીજા લોકોમાં જે ગંદકી જોવામાં આવે છે તેનો ઉપાય તેઓને દૂર બજારમાં કે જ્યાં દેખરેખ રાખી શકાય નહીં ત્યાં કાઢવાથી થઈ શકે તેમ નથી. એ મુસીબતનો યોગ્ય ઇલાજ એ જ કે તેઓની હિલચાલ ઉપર સખ્તાઈ નહીં રાખતાં પૂરતી સત્તા આપનારા ધારાઓને અમલમાં મૂકવા.

મિ. ગાંધીએ વિશેષ કહ્યું કે : હું મારા ૧૮ વરસના અનુભવથી કહું છું કે આ એક જ અને સૌથી સરસ રસ્તો છે. આ શીતળાની આફત સંબંધમાં પણ તમે વિચારો કે જો હિંદીઓ ચાર પાંચ માઈલ દૂર રહેતા હોત કે જ્યાં જોઈએ તેવી દેખરેખ રાખી શકાત જ નહીં, તો શું બનત? શીતળાનો દરેક દરદી સહીસલામત રીતે સંતાડી શકાત, અને કોમના આગેવાનને પણ તેની ખબર પડી શકત નહીં. તેવી સ્થિતિમાં તે રોગ ફેલાતો અટકાવવાની ડૉ. પોર્ટરને અત્યંત મહેનત પડત. હું ખાતરીથી કહું છું કે હિંદીઓને દૂર કાઢવાથી કદી ઉપાય થઈ શકે તેમ નથી. હું તો એવી આશા રાખી રહ્યો છું કે ભવિષ્યમાં સામાન્ય રીતે ગોરા લોકો હિંદીઓના કલ્યાણમાં પણ પોતાના જેટલું જ ધ્યાન આપતા થશે અને તેઓની (હિંદીઓની) કેટલીક ખામીઓ દરગુજર કરીને તેઓને વધારે સારા શહેરીઓ બનાવવાની ખંત રાખતા થશે.

વડી સરકારનું દબાણ

હાલમાં ઉમરાવની સભામાં લૉર્ડ એમટે મ્યુનિસિપલ ઑર્ડિનન્સ ફરી તપાસવામાં આવશે એવા અર્થનો જે જવાબ આપેલો તે જોતાં વડી સરકાર વચ્ચે આવે તે ગેરવાજબી છે કે નહીં,[2] એવા સવાલના જવાબમાં મિ. ગાંધીએ કહ્યું કે :

તેમ કરવાને તેઓ તદ્દન હકદાર છે, અને હકીકતમાં અમને તો એમ જ લાગ્યું છે કે વડી સરકારે બહુ સંભાળીને કામ લેવામાં જો કયાંય ભૂલ થઈ છે તો તે યુનિયન સરકારના લાભમાં

૧. જુઓ આ પહેલાંનો લેખ.

૨. સન ૧૯૧૧ના ડિસેમ્બરની ૬ઠ્ઠી તારીખે ઉમરાવ સભામાં લૉર્ડ લૅમિંગ્ટનના પ્રશ્નનો જવાબ આપતાં લૉર્ડ એમટે કહ્યું હતું કે મ્યુનિસિપલ ઑર્ડિનન્સનો ખરડો મ્યુનિસિપલ કાઉન્સિલ સિલેક્ટ કમિટી સમક્ષ વિચારણા માટે રજૂ કરવામાં આવ્યો છે, અને એ કમિટીનો રિપોર્ટ આવતા વરસના જાન્યુઆરી પહેલાં, એટલે કે તેઓ ફરીથી મળવાના છે તે પહેલાં તૈયાર થશે નહીં. ઇન્ડિયન ઓપીનિયન, ૬–૧–૧૯૧૨.

Gandhi Heritage Portal

થઈ છે. મેં એક ઇંગ્લિશ છાપામાં હમણાં જ વાંચ્યું તે તમારે જાણવાજોગ છે. તેમાં કહ્યું હતું કે, કિંગ જૉર્જને હિંદુસ્તાન જવાનું મુખ્ય કારણ એ હતું કે સ્વરાજ્ય ભોગવતાં સંસ્થાનોના લોકો ઉપર એવી છાપ પાડવી કે જેથી હિંદુસ્તાન બીજાં મોટાં સ્વરાજ્યોની હારમાં જ છે એવી તેની અગત્ય તેઓ સમજે.

[મૂળ ગુજરાતી]

ઇન્ડિયન ઓપીનિયન, ૨૭–૧–૧૯૧૨

૧૭૬. પ્લેગ

પૉઇન્ટ બંદરમાં જે પ્લેગ ફાટી નીકળ્યો છે તે ડરબન નગરમાં નહીં ફેલાય એવી આશા રાખવાનાં ઘણાંય કારણો છે. મંગળવાર પછી નવો કેસ બન્યો નથી, અને અમે માનીએ છીએ કે પોર્ટના હેલ્થ ઑફિસર અને મેડિકલ હેલ્થ ઑફિસર પ્લેગ ફેલાતો અટકાવવા બનતું બધું કરી રહ્યા છે. એક યુરોપિયન અને એક હિંદી પ્લેગના ભોગ થયા છે એ ઉપરથી જણાય છે કે આ બાબતને સૌ કોઈ સાથે સંબંધ છે. હિંદી નેતાઓએ પબ્લિક હેલ્થ ડિપાર્ટમેન્ટ સાથે મળીને કામ કરવા માટે તરત જ એક કમિટી બનાવીને યોગ્ય વલણ અખત્યાર કર્યું છે. આવી બાબતમાં સીધી રીતે અને પ્રમાણિકપણે કામ કરવાથી સફળતા મળે છે. જો હિંદી કોમ અને કૉર્પોરેશન વચ્ચે પરસ્પર મેળ હોય અને દુર્ભાગ્યવશાત્ કદાચ ગંભીર રોગ ફાટી નીકળે તો અહીંના હિંદીઓએ ડરવાની જરૂર ન રહે અને તેઓ ખાતરી રાખી શકે કે તેમના કલ્યાણ માટે માણસના હાથમાં હોય તેટલું બધું કરવામાં આવશે.

[મૂળ અંગ્રેજી]

ઇન્ડિયન ઓપીનિયન, ૨૦–૧–૧૯૧૨

૧૭૭. જોહાનિસબર્ગમાં શીતળા

શીતળા સંબંધમાં ચાલુ અઠવાડિયામાં વધુ તપાસ થઈ છે. દરદીને બને ત્યાં સુધી છુપાવવાની હિંદીની ટેવને લીધે તપાસના કામમાં ભારે ખંત અને મહેનતની તંદુરસ્તી ખાતાને જરૂર પડે છે. ખાતાને મદદ કરવા મિ. કાછલિયા, ઇમામ સાહેબ[1] તથા બીજા આગેવાનોની કમિટીએ બેહદ મહેનત ઉઠાવી છે. કેસ માલૂમ પડે તેને ઇસ્પિતાલે સારવાર માટે લઈ જવામાં આવે છે. પહેલા પકડાયેલ અને પાછળથી મરણ પામેલ મલાયનાં સગાંમાં કેસ થયેલ છે. હિંદી

૧. ઇમામ અબદુલ કાદર બાવાઝીર; અરબ માબાપને ત્યાં જન્મનાર એક હિંદી; તેઓ દક્ષિણ આફ્રિકામાં વસ્યા; જોહાનિસબર્ગની હમીદિયા મસ્જિદના મદદનીશ ઇમામ; હમીદિયા ઇસ્લામિક સોસાયટીના પ્રમુખ; ૧૯૦૮ ને ૧૯૧૩ના સત્યાગ્રહ આંદોલનમાં સક્રિય ભાગ લીધો; ગાંધીજીના દક્ષિણ આફ્રિકાથી ગયા પછી તે ફિનિક્સમાં જઈ વસ્યા; પાછળથી ગાંધીજીના આમંત્રણને માન આપી સાબરમતી આશ્રમમાં જોડાયા. ૧૯૦૮ના સત્યાગ્રહમાં જોડાવાના એમના નિર્ણય માટે જુઓ પુસ્તક ૮, પા. ૩૫૪ તથા વગર લાઇસન્સે ફેરી ફરીને પકડાવા માટે એજન પા. ૩૬૨.

Gandhi Heritage Portal

ધોબી અને ભાજીપાલો વેચનારા સાથે સંબંધ રાખનારા ગોરાઓ તેમની સાથે કામ પાડવાનું બંધ કરવા લાગ્યા છે. એકંદરે રોજગારને ભારે ધક્કો પહોંચ્યો છે.

[મૂળ ગુજરાતી]

ઇન્ડિયન ઓપીનિયન, ૨૦–૧–૧૯૧૨

૧૭૮. ઈ. એફ. સી. લેનને પત્ર

[જોહાનિસબર્ગ,][1]
જાન્યુઆરી ૨૯, ૧૯૧૨

પ્રિય મિ. લેન,

હું માનું છું કે આપના સ્વાભાવિક સૌજન્યને લીધે જ, જેમાં ઇમિગ્રેશન બિલ[2] આપવામાં આવ્યું છે તે અસાધારણ ગૅઝેટની નકલ મને મળી છે. હું સમજું છું કે સેન્ટ્રલ ન્યૂસ એજન્સીને હજી ગૅઝેટનો આ અંક મળ્યો નથી.

હું જોઉં છું કે ગૅઝેટમાં પ્રસિદ્ધ થયેલું બિલ, મેં લગભગ મહિના પહેલાં તેની નકલ જોઈ હતી તેના કરતાં કંઈક જુદું છે. મેં કેટલાક આવશ્યક સુધારા[3] સૂચવ્યા છે તે સામેલ કરવાનો જનરલ સ્મટ્સનો ઇરાદો છે કે નહીં તેની મને ખબર નથી. પાંચમી કલમની પેટાકલમો (ચ)[4] તથા (છ)[5] તદ્દન નવી છે અને મારી સમજ મુજબ, ન્યાયના સિદ્ધાંતોની વિરુદ્ધ છે. ઇમિગ્રેશન

૧. "ડાયરી, ૧૯૧૨" (પા. ૩૭૯)માં ગાંધીજી લખે છે કે તેઓ આ તારીખે જોહાનિસબર્ગમાં હતા.

૨. ૧૯૧૧નું યુનિયન ઇમિગ્રન્ટ્સ રિસ્ટ્રિક્શન બિલ (પુસ્તક–૧૦, પા. ૬૫૭–૬૫) એપ્રિલ ૧૯૧૧માં પડતું મુકાયું. જુઓ પરિશિષ્ટ ૨. અહીં નવા બિલનો ઉલ્લેખ છે, જે હિંદીઓના વાંધાઓ દૂર કરવા ઘડવામાં આવ્યું હતું. તેમાંના ઉતારા માટે જુઓ પરિશિષ્ટ ૧૩. તે ગૅઝેટમાં આવ્યું તે પહેલાં ૨૨–૧૧–૧૯૧૧ને રોજ ગાંધીજી લેનને મળ્યા ત્યારે તેમને બતાવવામાં આવ્યું હતું. જુઓ "ગૃહમંત્રીના ખાનગી મંત્રીને તાર", પા. ૨૨૯. તેમાં થયેલા સુધારા જે આ પત્રનું તાત્કાલિક પ્રયોજન છે, તે પાછળથી થયેલા છે.

૩. જુઓ "ઈ. એફ. સી. લેનને પત્ર", પા. ૧૦–૧.

૪. કલમ ૫(એફ) જે માણસો નિષિદ્ધ ઇમિગ્રન્ટો નથી અને જેઓ નિષિદ્ધ ઇમિગ્રન્ટોનું વિવરણ છે તે કલમ ૪ આડે આવતી નહીં હોય તો પ્રવેશ કરી શકે છે, તેમની વ્યાખ્યા આપે છે. સંઘમાં પ્રવેશ કરવા ઇચ્છતા દરેક ઇમિગ્રન્ટે કલમ ૪(એ) (પા. ૨૪૭ અને પરિશિષ્ટ ૧૩) મુજબ ઇમિગ્રેશન અધિકારી પસંદ કરે તે ભાષામાં શ્રુતલેખન પરીક્ષા પસાર કરવી પડતી અને પોતે નિષિદ્ધ ઇમિગ્રન્ટ નથી, એટલે કે જો તે ફરી પ્રવેશ કરતો હોય તો તે હદપાર કરાયેલો નથી અથવા ટ્રાન્સવાલ છોડી ગયેલો નથી એવી ઇમિગ્રેશન અધિકારીને ખાતરી કરી આપવી પડતી.

૫. કલમ ૫(છ)માં, જે એશિયાઈઓ પોતાનો પ્રવેશાધિકાર પુરવાર કરી ચૂક્યા હોય, તેમનાં બાળકો કે પત્નીઓ હોવાને નાતે કોઈ સ્ત્રીઓ કે સગીર બાળકો પ્રવેશનો દાવો રજૂ કરે તો તેમની પાસે ઉક્ત સંબંધનું પ્રમાણપત્ર માગવાની ઇમિગ્રેશન અધિકારીઓને સત્તા આપવામાં આવી છે. એ સત્તા તેમને ઇમિગ્રન્ટ્સ રિસ્ટ્રિક્શન ઍક્ટ (૧૯૦૩ના ૩૦મા ઍક્ટ)ને સુધારતા ૧૯૦૬ના ૩૫ કાયદાથી મળતી હતી. સુપ્રિમ કોર્ટના નાતાલ શાખાના ન્યાયમૂર્તિ ડૉવ વિલ્સને શ્રી નાથલિયાના કેસમાં કબૂલ કર્યું હતું કે, "ઇમિગ્રેશન રિસ્ટ્રિક્શન અધિકારીને દેખીતી રીતે મરજી મુજબ નિર્ણય કરવાની અનિયંત્રિત સત્તા આપવામાં આવી છે." ઇન્ડિયન ઓપીનિયન, ૩–૨–૧૯૧૨. ઇમિગ્રેશન અધિકારીઓને, આ પત્નીઓ નિષિદ્ધ ઇમિગ્રન્ટો નથી, તેની ખાતરી કરી લેવાની વધારાની સત્તા પણ આપવામાં આવી હતી. જુઓ "હિંદી પત્નીઓ", પા. ૧૩૬ તથા "નાતાલમાં ઇમિગ્રેશનનો જુલમ", પા. ૧૭૧ પણ.

Gandhi Heritage Portal

અધિકારી, જેને કદાચ કાયદાનું શિક્ષણ મળ્યું નહીં હોય અને જેનામાં ન્યાયબુદ્ધિ પણ નહીં હોય, તેને સંતોષ થાય એ રીતે ડોમિસાઈલનો હક પુરવાર કરવાની વાત તદ્દન વાહિયાત છે. વળી જે સ્ત્રી કોઈ વ્યક્તિની પોતાની પત્ની હોય અને જે બાળકો તેનાં પોતાનાં બાળક હોય, તે સ્ત્રી અને બાળકો તેનાં છે કે નહીં એ વાતનો નિર્ણય કરવાની સત્તા ઇમિગ્રેશન અધિકારીને સોંપવાનું સહેજ પણ કારણ મને દેખાતું નથી. આ નવી વસ્તુ છે અને એથી હાલની કાનૂની સ્થિતિમાં ગરબડ ઊભી થાય છે.

એ જ રીતે કલમ ૭મી, ટ્રાન્સવાલના કેળવાયેલા હિંદીઓને, શિક્ષણવિષયક પરીક્ષા[૧] પસાર કર્યા પછી પણ, બીજા પ્રાંતમાં, દા.ત. નાતાલમાં જતાં અટકાવશે. આ વસ્તુ પણ હાલની કાનૂની સ્થિતિમાં ગરબડ પેદા કરે છે અને તે ખુલ્લો અન્યાય છે. સમુદ્ર મારફત આવતા લોકોને અટકાવવા માટે ખૂબ અઘરી શિક્ષણવિષયક પરીક્ષા રાખવી એ એક વસ્તુ છે, અને એવી પરીક્ષા એક પ્રાંતમાંથી બીજા પ્રાંતમાં જનારાઓ પર લાદવી એ બીજી વસ્તુ છે. ગયા વરસનું બિલ વર્તમાન સ્થિતિમાં ગરબડ ઊભી નહોતું કરતું, એ હકીકત તરફ આપનું ધ્યાન ખેંચું છું.[૨]

છેવટે, કલમ ૨૫ની પેટાકલમ ૨, તમે મને જે મુસદ્દો બતાવ્યો હતો તેમાંના ત્રણ વર્ષવાળા નિયમ કરતાં કંઈક ઠીક છે. તેમ છતાં હજુ તે ખૂબ જ સખત જરૂરિયાત છે. હું ચોક્કસ માનું છું કે જે એશિયાઈઓ હાલ દક્ષિણ આફ્રિકામાં સ્થાયી થયેલા છે તેમને પોતાના ડોમિસાઈલનાં પ્રમાણપત્રો હક તરીકે માગવાનો અધિકાર હોવો જોઈએ. એ પ્રમાણપત્રો તેમને આપવાં કે નહીં એ સવાલ ઇમિગ્રેશન અધિકારીની દયા પર છોડવો ન જોઈએ. એ કલમ ફક્ત છૂટ મૂકનારી છે અને પ્રમાણપત્રો લેવા કોઈ બંધાયું નથી, એ ખરું, પણ એની અસર એ થવાની કે એશિયાઈઓને, ખાસ કરીને ગરીબ એશિયાઈઓને એ પ્રમાણપત્રો ભીખવા જવું પડશે અને તેમની સાથે ગેરહાજરીની મનમાની મુદત નક્કી કરનારા દસ્તાવેજી કાગળો સાથે લઈ જવા પડશે.

આથી હું આશા રાખું છું કે આ ત્રણ મુદ્દાઓનો સંતોષકારક નિકાલ કરવામાં આવશે. મેં મારા ઘણા સાથીઓ સાથે આ વિષે સલાહમસલત કરી છે, પણ હજી કશું જાહેર પગલું લીધું નથી, અને જ્યાં સુધી મને જનરલ સ્મટ્સના ઇરાદા વિષે આપના તરફથી ખબર ન મળે ત્યાં સુધી હું કોઈ પગલું લેવા માગતો નથી. મેં જે મુદ્દા ઉઠાવ્યા છે તે વિષે જનરલ સ્મટ્સ સહાનુભૂતિપૂર્વક વિચાર કરશે કે કેમ, તે વિષે આપને અનુકૂળતા હોય તો તાર દ્વારા જણાવવા કૃપા કરશો.

આપનો સહૃદયી

૧. કલમ ૭મી સંઘમાં પહેલેથી રહેતા એશિયાઈઓને એક પ્રાંતમાંથી બીજા પ્રાંતમાં જવા-આવવાની તદ્દન મના કરતી હતી. બીજા પ્રાંતમાં જવું હોય તો તેમણે સંઘની ઇમિગ્રેશન સંબંધી શિક્ષણવિષયક સખ્ત પરીક્ષા પસાર કરવી પડતી હતી.

૨. પાછા ખેંચાયેલા બિલની ૭મી કલમ એક પ્રાંતમાંથી બીજા પ્રાંતમાં જવા-આવવા વિષે ચર્ચા કરે છે, અને તેનો અર્થ કલમ ૬ને સાથે રાખી કરવો જોઈએ. જુઓ પુસ્તક ૧૦, પા. ૬૫૮–૯. આંતરપ્રાંતીય અવરજવર માટે એમાં કોઈ શૈક્ષણિક પરીક્ષા રાખવામાં આવી નથી, છતાં ગાંધીજીને એ બાબતમાં શંકા હતી, જે ગ્રેગરોસ્કીને તેમણે આપેલી નોંધ પરથી જોઈ શકાય છે. પુસ્તક ૧૦, પા. ૫૪૨–૩.

Gandhi Heritage Portal

તા. ક.

આપને લખેલા પત્ર પર સહી કર્યા પછી મેં ઑરેન્જ ફ્રી સ્ટેટના કાયદાઓનું પ્રકરણ ૩૩મું ફરીથી વાંચ્યું. હું જોઉં છું કે યુનિયન ઇમિગ્રેશન બિલની કલમ ૨૮ની[1] પેટાકલમ ૨ની શબ્દરચના ગયે વરસે રાખવા વિચારેલી તેના કરતાં કંઈક જુદી છે. જે ઇમિગ્રન્ટો શિક્ષણવિષયક પરીક્ષા પસાર કરીને ફ્રી સ્ટેટમાં દાખલ થાય તેઓ, પોતાને નામે સ્થાવર મિલકત રજિસ્ટર કરાવવાની અથવા વેપારધંધો કરવાની કે ખેતી કરવાની ગેરલાયકાત ભલે વેઠી લે, પણ તેમણે કલમ ૮માં[2] જણાવ્યું છે એવો એકરાર નક્કી સોગંદપૂર્વક કરવો પડતો નથી. કલમ ૮નો પાછળનો ભાગ વાંચવાથી મારા કહેવાની મતલબ આપને સમજાઈ જશે.

[મૂળ અંગ્રેજી]

ટાઇપ કરેલી ઑફિસ નકલની છબી પરથી : એસ. એન. ૫૬૦૧

૧૭૯. ગૃહમંત્રીના ખાનગી મંત્રીને તાર[3]

[લૉલી,]

જાન્યુઆરી ૩૦, ૧૯૧૨

ગૃહમંત્રીના ખાનગી મંત્રી,

કેપટાઉન

ઇમિગ્રેશન બિલ બાબત ગઈ કાલે એક પત્ર[4] આપને લખ્યો, પરંતુ આજે પ્રથમ વાચન છે એ જોતાં જનરલ સ્મટ્સનું ધ્યાન ખેંચવા માગું છું કે કલમો ૫, ૬, ૨૫થી કાનૂની સ્થિતિમાં ગરબડ થાય છે, કારણ કે તે કલમો સ્ત્રીઓ તથા બાળકોના ડોમિસાઈલના અધિકારો બાબત ઇમિગ્રેશન અધિકારીને છેવટનો નિર્ણય કરવાની સત્તા આપે છે, ટ્રાન્સવાલમાંથી કેપ કે નાતાલમાં દાખલ થનાર હિંદીઓ માટે શિક્ષણવિષયક પરીક્ષા વધુ અઘરી બનાવે છે અને નાતાલમાં હિંદીઓનાં સ્થાયી ડોમિસાઈલ પ્રમાણપત્રો મેળવવાના અધિકારને અનિશ્ચિત રાખે છે. તે ઉપરાંત કલમ ૨૮નો[5] આશય ફ્રી સ્ટેટમાં પ્રવેશ કરનારા ભણેલા ઇમિગ્રન્ટો પાસે કલમ ૮ના પ્રકરણ ૩૩ મુજબ સોગનપૂર્વક જાહેરાત કરાવવાનો છે. મને આશા છે કે આ મુદ્દાઓ વિષે જનરલ સ્મટ્સ

૧. કલમ ૨૮મી સ્પષ્ટ જણાવે છે કે કોઈ પણ એશિયાઈ ઇમિગ્રન્ટને, જેણે સંઘની શ્રુતલેખન પરીક્ષા પસાર કરી હશે તેને પણ ઑરેંજ ફ્રી સ્ટેટના કાયદા લાગુ પડશે. એ કાયદા અનુસાર નવા આવનાર એશિયાઈઓને નવેસર રજિસ્ટર થવું પડે. અને તે કાયદાની ૭મી અને ૮મી કલમ એશિયાઈઓને એ પ્રાંતમાં ખેતી કે વેપાર કરવાના ઇરાદાથી વસવાની મનાઈ કરતી હતી. ગાંધીજીને સંઘના બિલમાં ઑરેંજ ફ્રી સ્ટેટના કાયદાઓનો ઉલ્લેખ કરવા સામે વાંધો હતો, કારણ કે તે કાયદાઓ કાળાગોરાના ભેદભાવ પર આધારિત હતા. જુઓ પુસ્તક ૧૦, પા. ૫૯૮. તેમણે રજિસ્ટ્રેશન કરાવવા સામે વાંધો લીધો હતો. જુઓ "ઈ. એફ. સી. લેનને પત્ર", પા. ૧૦–૧; અને પુસ્તક ૧૦, પા. ૬૦૦–૧.

૨. આ કલમ કોઈ પણ બિનગોરા માણસને ખેતી કે વેપાર કરવાના ઉદ્દેશથી ઑરેંજ ફ્રી સ્ટેટમાં વસવાટ કરતાં અટકાવતી હતી.

૩. આના જવાબમાં ગાંધીજીને નીચેનો તાર મળ્યો હતો. "જાન્યુઆરી ૧૩, તમારો તાર મળ્યો. ઇમિગ્રેશન બિલનું બીજું વાચન ૮ મી ફેબ્રુઆરી સુધી નથી. તમારા તારમાં જણાવેલી બાબતો વિચારણા હેઠળ છે." એસ. એન. ૫૬૦૫.

૪. જુઓ આ પહેલાંનો પત્ર.

૫. જુઓ આ જ પાન પરની પાદટીપ ૧.

Gandhi Heritage Portal

અનુકૂળ વિચાર કરશે, એટલે જાહેર પગલાં લેવાનું અટકાવ્યું છે. જવાબની રાહ જોઉં છું, તારથી જવાબ આપશો. બીજું વાચન ક્યારે છે તે પણ જણાવશો.[૧]

ગાંધી

[મૂળ અંગ્રેજી]

ટાઈપ કરેલી ઑફિસ નકલની છબી પરથી : એસ એન. ૫૬૦૪ તથા એસ. એન. ૫૬૧૯

૧૮૦. ગૃહમંત્રીના ખાનગી મંત્રીને તાર

[લૉલી]

ફેબ્રુઆરી ૧, ૧૯૧૨

લાંબા ઉત્તર[૨] માટે જનરલ સ્મટ્સનો આભાર, પરંતુ દિલગીર છું કે તે અસંતોષકારક છે. ખાસ કરીને બોર્ડોનો પાછલો અનુભવ જોતાં મને ખાતરી છે કે બોર્ડોના અંકુશ બાબત હિંદીઓને સંતોષ નહીં થાય; જ્યુડિશિયલ ટ્રિબ્યુનલને અપીલ કરવાનો પ્રજાનો અધિકાર ખૂંચવી લેવાથી વર્તમાન કાનૂની અધિકારોમાં અવશ્ય ગરબડ થશે. કલમ ૭ મુજબ મળેલા વર્તમાન અધિકારોમાં ગરબડ થતી નથી એમ કહેવું વાજબી નથી કારણ કે આજે તો ભણેલા હિંદીઓ હાલની પરીક્ષા પસાર કરીને નાતાલ અથવા કેપમાં જઈને વસી શકે છે. આ કાનૂની અધિકારને બદલે અધિકારીઓની મુનસફીને તાબે થવાની વાત તેઓ સ્વીકારી લેશે એવી અપેક્ષા શી રીતે રાખી શકાય? ભલે પછી એ મુનસફીને થોડો ન્યાયનો પટ અપાયો હોય. નાતાલના હિંદીઓ ગેરહાજરીનાં હંગામી પ્રમાણપત્રો માન્ય રાખે તેનો અર્થ સ્પષ્ટપણે પોતાની કાનૂની સ્થિતિના પરિવર્તનને સ્વીકારવા જેવો થાય. હાલ જે ડોમિસાઈલનાં પ્રમાણપત્રો આપવામાં આવે છે તેમાં સંબંધ ધરાવતી વ્યક્તિનું પૂરું વર્ણન કરેલું હોય છે, એટલે તે બીજાને નામે ફેરવી આપવામાં આવે તો પકડાઈ ગયા વિના નહીં રહે. મને ખાતરી છે કે, પ્રતિષ્ઠિત હિંદીઓ ફ્રી સ્ટેટ કાનૂનની ૮મી કલમ અનુસાર એકરાર કરે એવી અપેક્ષા જનરલ સ્મટ્સ નહીં જ રાખતા હોય. કારણ કે એવો એકરાર કર્યા વિના પણ તેઓ ખેતી કે વેપાર નહીં કરી શકે. એકરાર તો જેઓ ફ્રી સ્ટેટમાં ઘરગથ્થુ નોકરી કરવા માટે રહેવા ઇચ્છતા હોય તેમણે કરવાનો છે. એકરાર કરવો એ સ્વમાનને ખાતર લડાયેલી લડતની ભાવનાની તદ્દન વિરુદ્ધ છે. આશા રાખું છું કે આ વાજબી ફેરફારો મંજૂર કરવામાં આવશે અને લડતની ભયંકર પુનરાવૃત્તિ ટાળવામાં આવશે. જવાબ[૩] મળે ત્યાં સુધી સામુદાયિક લડત રોકું છું.[૪]

ગાંધી

[મૂળ અંગ્રેજી]

ટાઈપ કરેલી ઑફિસ નકલ પરથી : એસ. એન. ૫૬૦૮ તથા એસ. એન. ૫૬૧૯ની છબી પણ.

૧. બીજું વાચન મેની ૩૦મી સુધી આવ્યું નહોતું.
૨. જુઓ પરિશિષ્ટ ૧૪.
૩. જુઓ પાદટીપ ૧, પા. ૨૫૩.
૪. ગાંધીજીએ પોતાનું વચન અક્ષરશઃ પાળ્યું હતું. આ તારો ઇન્ડિયન ઓપીનિયનમાં પ્રગટ પણ નહોતા કર્યા.

Gandhi Heritage Portal

૧૮૧. એક નોંધ[૧]

[ફેબ્રુઆરી ૨, ૧૯૧૨ કે તે પછી]

તાકીદની

બ્રિટિશ ઇન્ડિયન યુનિયનનું સરનામું — મિલર્સ બિલ્ડિંગ્સ, ૬૭, હેનોવર સ્ટ્રીટ, કેપટાઉન છે.

[મૂળ અંગ્રેજી]

ગાંધીજીના હસ્તાક્ષરમાં લખાયેલ મૂળ નકલની છબી પરથી : એસ. એન. ૫૬૧૧

૧૮૨. નવું ઇમિગ્રેશન બિલ

નવું ઇમિગ્રેશન બિલ બહાર પડી ચૂક્યું છે. તેના મુખ્ય ભાગનો તારીજો અમે આપીએ છીએ. તેમાં કેટલીક હરકતો જોવામાં આવે છે તે દૂર થાય તો સત્યાગ્રહીની હરકતોનો ફડચો આવી જાય છે.[૨]

નવા બિલમાં સ્થાનિક હિંદીના ત્રણ હક, તેમાંયે ખસૂસ બે હકને ધક્કો પહોંચે છે.

આજ લગી કેપ ને ટ્રાન્સવાલમાં રહેઠાણના અને બૈરાંછોકરાંના હકનો ચુકાદો અદાલતોના હાથમાં રહ્યો છે. ટ્રાન્સવાલના ભણેલા હિંદી સહજ ઇંગ્રેજી પરીક્ષા આપી કેપ કે નાતાલ જઈ શકયા છે અને નાતાલના હિંદી એક વરસ પહેલાં ડોમિસાઈલ સર્ટિફિકેટ હકથી[૩] મેળવી શકતા હતા.

પહેલા બે હક નવા બિલથી તદ્દન રદ થતા જોવામાં આવે છે, અને છેલ્લો હક કંઈક ઓછો થતો લાગે છે. કેમ કે કોરટના હાથમાંથી બચ્ચાંબૈરાંના હકને ડોમિસાઈલના હક તપાસવાની હકૂમત લઈ ઇમિગ્રેશન અમલદારને સોંપવામાં આવે છે. ટ્રાન્સવાલના ભણેલા હિંદી નાતાલમાં કે કેપમાં જાય તો તેઓએ નવી ને ભારી પરીક્ષા પસાર કરવી જોઈએ; અને નાતાલમાં ડોમિસાઈલ સર્ટિફકેટ આપવું ન આપવું તે અમલદારની મુનસફી ઉપર રહે છે.[૪] વળી અપાય તોપણ તેમાં મુદતની પરવાનગી આપવાની વાત છે.

વળી ફ્રી સ્ટેટની કલમમાં પણ કંઈ ગૂંચવાડો જોવામાં આવે છે. આટલી વસ્તુઓનો સીધો ફડચો આવે તો સત્યાગ્રહીની ફરિયાદનો અંત આવવા સંભવ છે.

૧. આ નોંધ ગાંધીજીએ એક તાર પર લખેલી છે જે મુકાદમ વુડસ્ટોકે કેપટાઉનથી ૨જી ફેબ્રુઆરીને રોજ કર્યો હતો. તારમાં લખ્યું હતું : "ઇમિગ્રેશન (બિલ)નું બીજું વાચન ગુરુવારે. ઠરાવો તારથી મોકલો. યુનિયનની જાહેર સભા રવિવારે."

૨. જુઓ "ઈ. એફ. સી. લેનને પત્ર", પા. ૬૪.

૩. તા. ૩–૨–૧૯૧૨ના ઇન્ડિયન ઓપીનિયનના ગુજરાતી વિભાગમાં "દરેક ગુજરાતીને" એ મથાળાથી એક નોટિસ પ્રસિદ્ધ થઈ હતી. તેમાં કહેવામાં આવ્યું હતું કે, "કેપ કે નાતાલના જે હિંદીઓ પાસે ડોમિસાઈલનું રીતસરનું પ્રમાણપત્ર ન હોય તેમને સલાહ આપવામાં આવે છે કે તેમણે પોતાનો પ્રાંત હાલતુરત ન છોડવો."

૪. જુઓ પુસ્તક ૧૦, પા. ૬૩૩–૪ અને "ઈ. એફ. સી. લેનને પત્ર", પા. ૧૦–૧.

Gandhi Heritage Portal

છતાં ઉપલી બાબતો ઉપરાંત નાતાલ[૧] અને કેપ નવી કેળવણીની કલમ બાબત સામે થઈ શકે છે. તે કલમ ફરે એવો ઓછો સંભવ છે પણ એટલું તો થાય જ કે જનરલ સ્મટ્સ તરફથી ગૅરંટી મળે કે અમુક સંખ્યામાં કેળવાયેલા હિંદી નાતાલ કેપ ખાતે આવી જ શકશે.

આમ થતાં પણ એકબીજા પ્રાંતમાં છૂટથી જવાનું નહીં થઈ શકે એ તકલીફ રહેવાની છે.[૨] તેનો ઇલાજ આગળ ઉપર આપણી વર્તણૂક અને હિંમત ઉપર રહેવાનો છે.

[મૂળ ગુજરાતી]

ઇન્ડિયન ઓપીનિયન, ૩–૨–૧૯૧૨

૧૮૩. મરહૂમ મિ. અબદુલ્લા હાજી આદમ ઝવેરી

મિ. અબદુલ્લા હાજી આદમ[૩] હવે આ દુનિયામાં નથી એમ દિલ કબૂલ કરી શકતું નથી. તેમના નામથી ભાગ્યે કોઈ જ હિંદી દક્ષિણ આફ્રિકામાં અજાણ હોય. મેસર્સ દાદા અબદુલ્લાની પ્રસિદ્ધ પેઢીમાં તેમણે જે ભાગ લીધો તેથી તેઓ સેંકડો હિંદીના ને ગોરાના સંબંધમાં આવેલા. [મરહૂમ મિ. અબુબકર આદમ ઝવેરી[૪] પછી લગભગ તરત જ આવનારા નાતાલના પ્રથમ સ્વતંત્ર હિંદી વસાહતીઓ પૈકીના તેઓ એક હતા.] મેસર્સ દાદા અબદુલ્લાની પેઢીના વેપાર કરતાં બીજી એક પણ હિંદી પેઢીએ વધારે વેપાર આ મુલકમાં કર્યો હોય એમ અમારી જાણમાં નથી. એક વખત એવો હતો કે તેમનો માલ હિંદુસ્તાન, જર્મની અને વિલાયતથી લાખોનો આવતો. તેમની પેઢીની કંઈ નહીં તો પંદર શાખા એક વેળા હતી. આ પેઢીના કામમાં મુખ્ય કર્તાહર્તા મિ. અબદુલ્લા હાજી આદમ હતા.

મિ. અબદુલ્લા હાજી આદમના ઉત્સાહથી તે પેઢીની પાસે એક વેળા એક વહાણ ને બે સ્ટીમર હતાં. કુરલૅન્ડ સ્ટીમરને ૧૮૯૭માં નાતાલના બારામાં રોકવામાં આવી હતી એ વાત હરકોઈ હિંદી જાણે છે. તે વેળા તેમના ભાઈએ જે બહાદુરીથી સરકાર સામે લડત લીધેલી તે વાતથી સહુ વાકેફ છે.

૧. નાતાલ ઇન્ડિયન કૉંગ્રેસની તા. ૪થી ફેબ્રુઆરીની સભામાં (ક) યુનિયન ઇમિગ્રેશન બિલ અને તેની રૂએ શાસન અધિકારીઓને આપવામાં આવેલી વિશાળ સત્તાઓ; તથા (ખ) ડોમિસાઈલ, લગ્ન અને માબાપ નક્કી કરવાના અત્યંત બારીક સવાલો બાબત ઇમિગ્રેશન અધિકારીઓને આપવામાં આવેલી મનસ્વી સત્તાઓનો વિરોધ કરતા ઠરાવો પસાર કરવામાં આવ્યા હતા. એ સભામાં નાતાલના હિંદીઓ માટે એવી માગણી કરવામાં આવી હતી કે સરકારે તેમને ડોમિસાઈલનાં કાયમી પ્રમાણપત્રો આપવાં જોઈએ. એ સભાએ શિક્ષણવિષયક કસોટીનો, આંતરપ્રાંતીય ઇમિગ્રેશન પરના નિયંત્રણનો અને પ્રાંતમાં ત્રણ વર્ષનો વસવાટ હક સાબિત કરી શકે એવા નાતાલના હિંદીઓના ડોમિસાઈલ હકોને રદ કરવાનો વિરોધ કર્યો.

૨. જુઓ "ઈ. એફ. સી. લેનને પત્ર", ૨૪૧–૨ તથા "ગૃહમંત્રીના ખાનગી મંત્રીને તાર", પા. ૨૪૩–૪ અને ૨૪૪.

૩. તેમણે સન ૧૮૯૩માં ગાંધીજીને પોતાનો કેસ એક અંગ્રેજ વકીલને સમજાવવા માટે દક્ષિણ આફ્રિકા બોલાવ્યા હતા.

૪. અબુબકર આદમ ઝવેરી ટ્રાન્સવાલમાં સૌથી પહેલાં જઈને વસનાર હિંદીઓમાંના એક, "રેશમી અને ફૅન્સી માલ"ના મુખ્ય વેપારી, અને ટ્રાન્સવાલમાં જમીનની માલિકી ધરાવનાર એકલા હિંદી. દુઃખી થતા હિંદી ગિરમીટિયાઓને તેઓ પોતાનાં વહાણોમાં મફત હિંદ મોકલતા અને મુસાફરી દરમ્યાનનો તેમનો ખાધાખર્ચ વગેરે પણ આપતા. તેમના મૃત્યુ પછી તેમની મિલકત જે તેમણે ૧૮૮૫ના ૩જા કાનૂન પહેલાં લીધી હતી તેના ઉત્તરાધિકારનો પ્રશ્ન ભારે વાદવિવાદનો અને કાયદાબાજીનો થઈ પડ્યો હતો.

Gandhi Heritage Portal

જેટલી કુશળતા મિ. અબદુલ્લા હાજી આદમની વેપારમાં હતી તેટલી જ રાજદ્વારી કાર્યમાં હતી. તે નાતાલ ઇન્ડિયન કૉંગ્રેસના પહેલા પ્રમુખ હતા. એ વખતનો જુસ્સો એવો હતો કે તેમની પેઢી એકલી, નોકરો વગેરે મળીને કૉંગ્રેસને દર માસે લગભગ છ પાઉન્ડની રકમ આપતી હતી. મિ. અબદુલ્લા હાજી આદમ જોકે ઇંગ્રેજી જ્ઞાન માત્ર મહાવરાથી જ ધરાવતા હતા, છતાં ગોરાઓની સામે બરોબર દલીલ કરી શકતા ને તેઓને હંફાવતા. તેમની દલીલોથી ને દાખલાથી ગોરાઓ ઘણી વેળા અજાયબી પામતા. રાજ્યપ્રકરણી બાબતમાં તેઓ સાહેબ ઘણાં ડેપ્યુટેશનના અગ્રેસર થઈ [ખાસ કરીને મરહૂમ જૉન રૉબિન્સન[1] વડા પ્રધાન હતા તે વખતની] નાતાલની સરકાર પાસે ગયા સૈકામાં જતા. તેમનો છેલ્લો જાણવા જેવો ભાગ કૉરોનેશન વખતના બૉયકોટમાં હતો. તે બેધડક થઈ ઘણા જુસ્સાથી સેંકડો મળેલા હિંદીની સામે બોલ્યા હતા. મેયરની પાસે ડેપ્યુટેશન ગયેલું તેમાં પણ મેયરને તેમણે હંફાવ્યા હતા.

મિ. અબદુલ્લા હાજી આદમને દીની ચર્ચા કરવાનો ને દલીલો કરવાનો બહુ શોખ હતો. ઘણા ગોરા પાદરીઓની સાથે પણ તે દલીલો કરતા ને ઇસ્લામની ખૂબીઓ તેઓની પાસે મૂકતા.

મિ. અબદુલ્લાના જવાથી કોમને બહુ નુકસાની છે. તેમનો આધાર કોમને ઘણો હતો. મિ. અબદુલ્લાની કોમમાં બહુ ખોટ થઈ પડી છે. તેમના કુટુંબને અમે દિલસોજી આપીએ છીએ.

મિ. અબદુલ્લા હાજી આદમ સોમવારે જન્નતનશીન થયા. જનાજાની પાછળ ઘણા હિંદી ગયા હતા.

[મૂળ ગુજરાતી]

ઇન્ડિયન ઓપીનિયન, ૩–૨–૧૯૧૨

૧૮૪. નવું ઇમિગ્રેશન બિલ[2]

ઉપયોગી કલમોનું તારણ તથા ટીકાઓ

બિલ આખા દક્ષિણ આફ્રિકાને લાગુ પડે છે.

કલમ ૩

૧ સરકારને મદદ કરનારી બોર્ડ નીમવાની સત્તા ગવર્નર જનરલને મળે છે.

ટીકા

(આ બોર્ડમાં આપણા માણસો નીમવાની માગણી આપણે કરી શકીએ છીએ.)

કલમ ૪એ

જે કોઈ માણસ અમલદાર પસંદ કરે તે ભાષામાં ૫૦ શબ્દ અમલદારને સંતોષ થાય તેમ ન લખી શકે તેને યુનિયનમાં આવવાની બંધી છે.

૧. (૧૮૩૯–૧૯૦૩); નાતાલના પહેલા વડા પ્રધાન અને કૉલોનિયલ સેક્રેટરી ૧૮૯૩–૭.

૨. બિલના અંગ્રેજી કાયદા માટે જુઓ પરિશિષ્ટ ૧૩.

Gandhi Heritage Portal

ટીકા

(આમાં અરબી, સંસ્કૃત ભાષા પણ આવી જાય. છતાં કલમ આકરી છે. તેની સામે ટ્રાન્સવાલ તો ન થઈ શકે. નાતાલ તથા કેપે થવું જોઈએ. કલમ બદલાય એમ આશા ન રખાય. પણ આપણી હાજતને સારુ અમુક સંખ્યામાં હિંદથી ભણેલા આવી શકે એવી ગોઠવણ થઈ શકે.)

કલમ ૪ સી

જે માણસને વિષે કોઈ પણ બહારની સરકાર ખબર આપે તેવા માણસને દાખલ થવાની બંધી થાય.

ટીકા

(આ કલમ હુલ્લડી માણસોને સારુ જણાય છે.)

કલમ ૫ એફ્ ને જી

જે માણસ ડોમિસાઈલના હકથી દાખલ થવા માગે, જેનાં બૈરીછોકરાં દાખલ થવા માગે, તેવાઓએ પોતાના હક અમલદારને સંતોષ થાય તેમ સાબિત કરવા.

ટીકા

(આ કલમની સામે બધાએ થવાનું છે. આવી કલમ નાતાલના કાયદામાં છે. કેપમાં ને ટ્રાન્સવાલમાં હવે દાખલ કરવા માગે છે. આ કલમ સત્યાગ્રહી પણ કબૂલ ન કરી શકે. ન્યાયની કોર્ટમાં અપીલ કરવાનો હક મળવો જ જોઈએ.)

કલમ ૬

બંધી થયેલ માણસને ત્રણ માસ સુધી જેલની સજા છે, દંડ નથી. અને તેને દેશપાર કરી શકે છે.

કલમ ૭

એકબીજા પ્રાંતના હિંદી એકબીજા પ્રાંતમાં જવા માગે તો તેણે નવી પરીક્ષા પાસ કરવી જોઈએ.

ટીકા

(આ કલમથી ભણેલા કોઈ નાતાલ કે કેપથી કોઈ વેળા ટ્રાન્સવાલ કે ફ્રી સ્ટેટમાં દાખલ થાય એવો સંભવ ખરો. પણ ટ્રાન્સવાલથી ભણેલા હિંદી નાતાલ કે કેપ જવા માગે તો તેને ભારે હરકત પડે. કેમ કે હાલના જેવી સહેલી પરીક્ષાને બદલે તેને નવી ભારે પરીક્ષા પસાર કરવી પડે. આ કલમની સામે બધાએ થવું જોઈએ. આ કલમ કદી કબૂલ ન જ થાય. સત્યાગ્રહીથી પણ ચૂપ ન બેસાય.)

કલમ ૮

બંધી થયેલ માણસ તે તે પ્રાંતમાં કે આખા યુનિયનમાં વેપાર ન કરી શકે; જમીનનો માલેક ન થઈ શકે.

Gandhi Heritage Portal

ટીકા

આની અસર એ છે કે કેપના હિંદી જો તેનો નાતાલમાં રહેવાનો હક ન હોય તો જમીનના ધણી કે વેપારી ન થઈ શકે.)

કલમ ૨૩

પોતે બંધી થઈ શકે તેવો માણસ નથી એ સાબિત કરવાનો બોજો તે માણસ ઉપર છે.

ટીકા

(આ કલમ બધા કાયદામાં છે.)

કલમ ૨૫(૧)

મુદતની પરમિટ મરજીમાં આવે તેવી શરતે આપવાનો અખત્યાર સરકાર રાખે છે.

ટીકા

(આ કલમથી જો સરકાર ચાહે તો જરૂરના નોકરોને રજા આપી શકે છે.)

કલમ ૨૫(૨)[૧]

અમલદારની મરજીમાં આવે તો જે માણસને પોતાના હક ડૂબી જવાની ધાસ્તી લાગે તેવા માણસને બહાર જઈ પાછા આવવાની મુદતની પરમિટ આપે.

ટીકા

(આવી ખરાબ કલમ કેપના કાયદામાં છે. પણ નાતાલને સારુ આ નવી છે. પણ માણસે પરમિટ લેવી એ ફરજિયાત નથી. પણ ગરીબડાને પૂરી હાલાકી થાય. આની સામે નાતાલે તો ખૂબ લડવું જોઈએ. સત્યાગ્રહી પણ લડે. તેઓએ લડવું જ જોઈએ એમ હાલ તો ચોક્કસ ન કહી શકાય. પરમિટ ન લે તોપણ હક ડૂબતો નથી ને બીજી રીતે સાચવટ કરી માણસ નાતાલ છોડી શકે છે.)

કલમ ૨૮(૧)(૨)

જેઓ પરીક્ષા આપી દાખલ થાય તેને ૧૯૦૮નો ૩૬મો કાયદો (બીજો એશિયાટિક ઍક્ટ) લાગુ ન પડે. જેઓ પરીક્ષા આપી દાખલ થાય તેને ફ્રી સ્ટેટના કાયદાની[૨] સાતમી ને આઠમી કલમ લાગુ પડે.

ટીકા

(આ કલમથી હિંદી જે પરીક્ષા આપી આવે તે ચારે પ્રાંતમાં છૂટથી રહી શકે. તેને રજિસ્ટર થવું ન પડે. પણ ટ્રાન્સવાલમાં તે જમીન પોતાને નામે ન લઈ શકે. ફ્રી સ્ટેટમાં જમીન ન લઈ શકે, વેપાર ન કરી શકે અને ખેડૂત ન થઈ શકે. આથી વિશેષ માગણી સત્યાગ્રહીથી ન થઈ શકે. જમીન વગેરેના હકોને સારુ નોખી ને જંગી લડત ચલાવવી જોઈએ. તેટલું શૌર્ય હિંદીમાં આવવાની જરૂર છે. તેને વખતની જરૂર છે. ઘણું શીખવું ને ખમવું પડશે.)

૧. હકીકતમાં આ અધિકાર પ્રધાનને હતો (પરિશિષ્ટ ૧૩), પરંતુ અહીં ગાંધીજી માની લે છે કે વહેવારમાં તે અધિકાર પ્રવાસી અધિકારીને અપાશે.

૨. ઑરેંજ ફ્રી સ્ટેટના બંધારણનું પ્રકરણ ૩૩.

Gandhi Heritage Portal

કાયદામાં ૨૯ કલમ બધી મળીને છે. બાકીની કલમોનો તારીજે આપવાની જરૂર નથી.

નવું બિલ બધા પ્રાંતના જૂના ઇમિગ્રેશન કાયદા રદ કરે છે ને બાળકોના હક જે મિ. છોટાભાઈના કેસમાં જળવાયા તે હકો જાળવીને ૧૯૦૭નો ખૂની કાયદો પણ રદ કરે છે.

દરેક હિંદીને સૂચના

નાતાલ અને કેપમાં વસતા હિંદી જેની પાસે ચોખ્ખાં ડોમિસાઈલ સર્ટિફિકેટ ન હોય તેઓએ હાલ તુરતમાં પોતાનો પ્રાંત ન છોડવો એ સલાહકારક છે.

[મૂળ ગુજરાતી]

ઇન્ડિયન ઓપીનિયન, ૩–૨–૧૯૧૨

૧૮૫. બ્રિટિશ ઇન્ડિયન યુનિયનને તાર[૧]

[લૉલી,]

ફેબ્રુઆરી ૩, ૧૯૧૨

બ્રિટિશ ઇન્ડિયન યુનિયન
૬૭, હેનોવર સ્ટ્રીટ
કેપટાઉન

પત્ની અને બાળકોના ડોમિસાઈલના પુરાવા બાબત અધિકારીના મનસ્વી અધિકાર, આંતર-પ્રાંતીય આવજા માટે નવી શૈક્ષણિક પરીક્ષા, બીજા દેશોમાંથી આવનારાઓ માટે નવી પરીક્ષા, કેપમાંથી ગેરહાજર રહેવાની મુદત મર્યાદિત કરવાની પ્રથા કાયમ રાખવા બાબત તથા શિક્ષિત ઇમિગ્રન્ટો માટે જાહેરાત કરવાનું ફરજિયાત કરતા ફ્રી સ્ટેટના કાનૂનની કલમનો વિરોધ કરતા ઠરાવો કરો. ઍડવોકેટ ઍલેકઝાન્ડરને મુદ્દાઓની ખબર છે, તેમને મળવાની સલાહ આપું છું. ઠરાવોના મુસદ્દા તારથી મોકલવાનું મુશ્કેલ છે.[૨]

ગાંધી

[મૂળ અંગ્રેજી]

ટાઇપ કરેલી ઑફિસ નકલની છબી પરથી : એસ. એન. ૫૬૧૨

૧. જુઓ "એક નોંધ", પા. ૨૪૫.

૨. ૪થી ફેબ્રુઆરીએ મળેલી કેપના હિંદીઓની સભામાં તારમાં જણાવેલી મતલબના ઠરાવો સર્વાનુમતે પસાર કરવામાં આવ્યા હતા. ઇન્ડિયન ઓપીનિયન, ૧૦–૨–૧૯૧૨.

Gandhi Heritage Portal

૧૮૬. રાવજીભાઈ પટેલને પત્ર

મહા વદ ૨ [ફેબ્રુઆરી ૪, ૧૯૧૨][1]

ભાઈશ્રી ૫ રાવજીભાઈ,

તમારો પત્ર મળ્યો. મેં મારા વિચાર ફેરવ્યા નથી, પણ તમારા પિતાશ્રી તમને ફિનિક્સમાં આવવાની મનાઈ કરે તો મારો ધર્મ છે કે તમને મારે ના પાડવી. ને તમારો ધર્મ તેવો જ છે. (પણ જો તમારી પાસે તમારા પિતાશ્રી ચોખ્ખો અધર્મ કરાવે તો તેમાંથી મુક્ત થવા તમને હું ફિનિક્સમાં લઈ શકું છું. મને લાગે છે કે, જ્યારે નીતિની સાંકડોમાં આપણે આવી પડીએ ત્યારે અમુક પગલાં ભરવાની માબાપ ના પાડે તો તેમાં મૂંગા બેસવા બંધાયા છીએ; પણ જ્યારે અમુક પાપ કરવા માગે ત્યારે ન કરીએ. આમાં પ્રહ્લાદજીના દાખલા ઉપરાંત કંઈ પણ બતાવી શકાય તેમ નથી. વળી પિતાના હુકમથી શારીરિક દુઃખ બધું ઉઠાવીએ, આત્મિક દુઃખ હોય નહીં.)

તમે વેપારમાં રહી શકો છો ને નીતિ જાળવી શકો છો. તેમાં તમારું શિક્ષણ છે. જે જિંદગી ભોગવવાની તમે ઇચ્છા રાખો છો તેની તે તૈયારી થશે. વળી તમે અડગ પ્રમાણિકપણું તમારા વેપારમાં આચરી શકશો તો તમે તમારા વેપારમાં ઉપકાર કરી શકશો. કોઈ પણ ઘરાક આવે તેની પાસેથી એક જ ને તે અમુક નફો (સાધારણ) આપનારું જ દામ લેવું. જે વસ્તુ આપણને ત્યાજ્ય છે તે ના વેચવી. . . . ઘરાકની સાથે વિનયથી વાતો કરવી. તેઓની માલ વેચવા સારુ ખુશામત ન કરવી. નોકરો હોય તો તેની તરફ ભાઈ છે એમ જાણી ચાલવું, વગેરે બધું સહેજે જાળવી શકાય. તમને વેપારમાં રહી લાલચમાં પડવા જેવું છે, એમ નહીં લાગવું જોઈએ કેમ કે આપણે તો વેપાર અનીતિને ખાતર જ પસંદ નથી. તમે તો માત્ર પિતાશ્રીની આજ્ઞાને આધીન થવાના કારણથી જ વેપાર કરશો, એટલે ત્યાં પ્રમાણિકપણું મેળવવું એ સહેલ લાગવું જોઈએ. પૈસાનો લોભ નથી એમ તમે જણાવો છો. જે સ્થિતિને વિષે આપણે વિતરાગ હોઈએ તે સ્થિતિમાં રહેતાં આપણે દુઃખ પામીએ, પણ ભ્રષ્ટ તો ન જ થઈએ. પ્રહ્લાદજી રાક્ષસોની વચ્ચે વિષ્ણુના ભક્ત રહ્યા તે કંઈ તેને મુશ્કેલ હતું એમ મને નથી લાગતું. કેમ કે રાક્ષસની પ્રવૃત્તિ વિષે પોતે સંપૂર્ણપણે વિતરાગી હતા.

માણસ શૂળીએ બેઠો પણ પોતાનાં વ્રત જાળવી શકે છે. એ વેળાએ જળવાય એ જ ખરું વ્રત છે. જો નીતિ એ આપણને સ્વાભાવિક થઈ પડે, આપણા હાડમાં ઘર કરે, તો તે જળવાય જ, અને તેટલે દરજ્જે તેને કેળવવી એ આપણું બધાનું કર્તવ્ય છે. તમારી સારી ઇચ્છા ફળો એવું ઇચ્છું છું.

લિ.

મોહનદાસના યથાયોગ્ય

[મૂળ ગુજરાતી]

ગાંધીજીની સાધના : રાવજીભાઈ પટેલ; નવજીવન પ્રકાશન મંદિર, અમદાવાદ; ૧૯૩૯

૧. આ પત્ર રાવજીભાઈ પટેલને લખાયેલા નવેમ્બર ૨૯, ૧૯૧૧ના (પા. ૨૨૧) પત્ર પછી આવે છે. મહાત્મા ગાંધીજીના પત્રોમાં છેલ્લા પૅરાને એક જુદા પત્રના રૂપમાં આપવામાં આવ્યો છે. તેના પર તિથિ મહા વદ ૨ (તારીખ પ્રમાણે ફેબ્રુઆરી ૪, ૧૯૧૨) છે. બાકીનો કાગળ તેમાં ફાગણ સુદ ૨ (તારીખ પ્રમાણે ફેબ્રુઆરી ૨૦, ૧૯૧૨) નીચે આપેલો છે. ગાંધીજીની સાધના, જેમાંથી આ પત્ર લીધો છે તેમાં, તારીખ નથી. અહીં મહાત્મા ગાંધીજીના પત્રોમાંની ઉપર આપેલી બે તારીખોમાંની પહેલી લીધી છે.

Gandhi Heritage Portal

૧૮૭. કેપ બ્રિટિશ ઇન્ડિયન યુનિયનની[1] મીટિંગના ઠરાવો

કેપટાઉન,
ફેબ્રુઆરી ૪, ૧૯૧૨

૧. આ સભા પ્રેસિડેન્ટ અને બીજાઓનાં ભાષણ સાંભળીને તથા ઇમિગ્રેશન બિલની વિગત જાણ્યા બાદ પ્રેસિડેન્ટે બતાવેલા મતને સર્વાનુમતે મળતી આવે છે કે હિંદી કોમના હક ગંભીર આફતમાં આવી પડે છે. આ સભા જે હાલતમાં બિલ છે તે હાલતમાં તેને નાપસંદ કરે છે અને હિંદી કોમ વતી તે સામે પાર્લમેન્ટમાં પ્રોટેસ્ટ કરવા અથવા તો પ્રમુખના ભાષણમાં જણાવ્યા મુજબ રાહત મેળવવાનાં બીજાં ઘટતાં પગલાં લેવા પ્રમુખને સત્તા આપે છે, અને હાજરીનો દરેક પોતાથી બનતી મદદ કરવા બંધાય છે.

૨. દરિયાને રસ્તે નવા આવનાર ઇમિગ્રન્ટની બાબતમાં તથા યુનિયનની અંદર એક પ્રાંતમાંથી બીજા પ્રાંતમાં જવા માગનાર રહીશની બાબતમાં નવી અને આપખુદી ભરેલી પરીક્ષા મુકરર કરવામાં આવી છે તેની સામે આ સભા વાંધો ઉઠાવે છે.

૩. રહીશ લોકોનાં અથવા તો નવા ઇમિગ્રન્ટનાં ઓરત-બચ્ચાંઓ વિષે તથા ખુદ રહીશના રહેવાશ વિષે જે પુરાવાઓ આપવામાં આવે તેનો ઠરાવ અદાલતના હાથમાં સોંપવાને બદલે ઇમિગ્રેશન અમલદારના હાથમાં સોંપવામાં આવે તે સામે આ સભા વાંધો ઉઠાવે છે.

૪. યુનિયનમાંથી ટૂંક મુદતને માટે બહાર જવા માગનારા શખસને અમુક મુદતની અંદર પાછા આવવાની બંધણી કરવાની કેપની રસમને કાયમ રાખવા સામે આ સભા વાંધો લે છે.

૫. ઑરેન્જ ફ્રી સ્ટેટમાં દાખલ થવા ઇચ્છનાર કેળવાયેલા ઇમિગ્રન્ટ પાસેથી ડેક્લેરેશનની ફરજ પાડનાર કલમ સામે આ મીટિંગ વાંધો દર્શાવે છે.

[મૂળ ગુજરાતી]
ઇન્ડિયન ઓપીનિયન, ૧૭–૨–૧૯૧૨

૧. આ ઠરાવો પ્રમુખ ઈ. નોરોદ્દીનના પ્રમુખપદે ૪થી ડિસેમ્બરને રોજ મળેલી સંઘની સભા, જેમાં સારી હાજરી હતી, તેમાં સર્વાનુમતે પસાર કરવામાં આવ્યા હતા. અને કેપની સેનેટ તથા ધારાસભાને મોકલવામાં આવ્યા હતા. એ ઠરાવો સાથે યુનિયન ઇમિગ્રેશન બિલ સામે કેપના હિંદીઓએ ઉઠાવેલા વાંધાઓ રજૂ કરતી એક અરજી પણ મોકલવામાં આવી હતી. ઇન્ડિયન ઓપીનિયન, ૧૭–૨–૧૯૧૨. ઠરાવો અનુમાન છે કે ગાંધીજીએ ઘડ્યા હતા, કારણ કે સભા થવાની હતી તેના બે દિવસ પહેલાં કેપના મકાદમ નામના માણસે ગાંધીજીને તારથી સભાની તારીખની ખબર આપી હતી અને ઠરાવોનો મુસદ્દો તારથી મોકલવા વિનંતી કરી હતી. આ તારવાળા કાગળ ઉપર જ ગાંધીજીએ તાકીદની નોંધ કરી હતી; જુઓ "એક નોંધ", પા. ૨૪૫. મકાદમના તાર માટે જુઓ પાદટીપ ૧, પા. ૨૪૫.

Gandhi Heritage Portal

૧૮૮. ગૃહમંત્રીને તાર[૧]

[લૉલી,]
ફેબ્રુઆરી ૬, ૧૯૧૨

બીજી તારીખના આપના તારમાં વચન આપ્યા મુજબ આપના તારની હજી રાહ જોઉં છું.

[મૂળ અંગ્રેજી]

ગાંધીજીના હસ્તાક્ષરમાં લખાયેલા મૂળ મુસદ્દાની છબી પરથી : એસ. એન. ૫૬૧૬

૧૮૯. ગૃહમંત્રીના ખાનગી મંત્રીને તાર[૨]

ટૉલ્સ્ટૉય ફાર્મ,
લૉલી,
ફેબ્રુઆરી ૭, ૧૯૧૨

ગૃહમંત્રીના
ખાનગી મંત્રી,
કેપટાઉન

સમાધાનકારક વલણ બતાવતા જનરલ સ્મટ્સના તાર[૩] માટે આભારી છું. હું માનું છું કે જો બિલમાં એવો સુધારો કરવામાં આવે જેથી ભણેલા એશિયાઈઓની આંતરપ્રાંતીય અવરજવરના વર્તમાન અધિકારો કાયમ રહે તો એ સ્થિતિમાં લડત ફરીથી શરૂ નહીં કરવા લોકોને સમજાવી શકાશે. આ બાબત તારમાં કંઈ કહેવામાં આવ્યું નથી. છતાં જવાબ આવે ત્યાં સુધી સમૂહ લડત બંધ રાખીશ. જવાબ સંતોષકારક હશે એવી આશા રાખું છું.

ગાંધી

[મૂળ અંગ્રેજી]

ટાઈપ કરેલી ઑફિસ નકલની છબી પરથી : એસ. એન. ૫૬૧૪ તથા એસ. એન. ૫૬૧૯

૧. ૧લી ફેબ્રુઆરીના ગાંધીજીએ કરેલા તારના જવાબમાં ગૃહખાતા તરફથી જણાવવામાં આવ્યું હતું કે, "૨જી ફેબ્રુઆરી. ૧લી ફેબ્રુઆરીના તમારા તારનો જવાબ સોમવારે આપી શકીશ એવી આશા છે." એસ. એન. ૫૬૧૫ : ગાંધીજી પોતાની "ડાયરી, ૧૯૧૨"માં લખે છે કે તેમણે આ તારનો મુસદ્દો તૈયાર કર્યો હતો, પણ તે મોકલ્યો નહોતો. જુઓ ફેબ્રુઆરી ૬, ૭ની ડાયરી. પણ બીજે દિવસે તેમને તાર મળી ગયો હતો. જુઓ પરિશિષ્ટ ૧૫.

૨. આનો જવાબ ગાંધીજીને બીજે દિવસે આ પ્રમાણે મળ્યો હતો : "જનરલ સ્મટ્સ તમારા જવાબની કદર કરે છે, ખાસ કરીને તમે જે ભાવનાથી ઇમિગ્રેશન બાબતની મુશ્કેલીઓનો વિચાર કર્યો છે તેની. તમે જેનો ઉલ્લેખ કર્યો છે તે આંતરપ્રાંતીય અવરજવરના પ્રશ્નનો તેઓ વિચાર કરી રહ્યા છે અને ટૂંક સમયમાં નાતાલ અને કેપ પ્રાંતો બાબત સંતોષકારક ખાતરી આપી શકશે એવી આશા રાખે છે." એસ. એન. ૫૬૧૭.

૩. જુઓ પરિશિષ્ટ ૧૫.

Gandhi Heritage Portal

૧૯૦. ગૃહમંત્રીને તાર

[લૉલી,]
ફેબ્રુઆરી ૮, ૧૯૧૨

પ્રતિ
ગૃહમંત્રી

આંતરપ્રાંતીય અવરજવર માટે સંતોષકારક ખાતરી આપવાના વચન માટે આભાર માનવાની સાથે હું જણાવવા માગું છું કે વર્તમાન કાનૂની અધિકારો કાયમ રાખવાની ખાતરી આપ્યા સિવાય સત્યાગ્રહીઓને સંતોષ નહીં થાય. અને સાથે એ પણ કહેવા માગું છું કે અત્યાર સુધીમાં મેં જે કંઈ રજૂઆત કરી છે તે માત્ર કામચલાઉ સમાધાનને ખ્યાલમાં રાખીને કરી છે. બિલમાંની અનેક વાંધાજનક બાબતોની ટીકા કરવાનો અધિકાર સુરક્ષિત રાખું છું.

ગાંધી

[મૂળ અંગ્રેજી]
ટાઇપ કરેલી ઑફિસ નકલની છબી પરથી : એસ. એન. ૫૬૧૮ તથા એસ. એન. ૫૬૧૯

૧૯૧. ઇમિગ્રેશન બિલ

નાતાલ ઇન્ડિયન કૉંગ્રેસ અને બ્રિટિશ ઇન્ડિયન યુનિયને જેનું બીજું વાચન ગયા ગુરુવારે થવાનું હતું તે ઇમિગ્રેશન બિલનો વિરોધ કરવા માટે જાહેર સભાઓ[૧] ભરવામાં જરાયે વિલંબ કર્યો નથી. આ ઠરાવો[૨] સૌને સ્વીકાર્ય થવા જ જોઈએ. આ બિલ માત્ર તમામ એશિયાઈઓને દૂર રાખવાની નીતિનો અમલ કરવા માટે ઘડવામાં નથી આવ્યું પણ જો એ તેના વર્તમાન સ્વરૂપમાં પસાર થાય તો તે એશિયાઈઓનાં સ્થાપિત હિતોમાં દખલ કરશે અને એશિયાઈઓને એકંદરે ઇમિગ્રેશન અધિકારીઓની દયા પર જીવવું પડશે. જનરલ બોથાએ ઇંગ્લંડમાં કહ્યું[૩] હતું અને બીજી જગ્યાએ તેનું પુનરુચ્ચારણ કર્યું હતું કે સંઘ સરકાર દક્ષિણ આફ્રિકાની સ્થાયી એશિયાઈ વસ્તીને હેરાન કરવા ઇચ્છતી નથી. તેમનું એ કથન આ બિલથી જૂઠું ઠરશે.

૧. અને ૨. જુઓ પાદટીપ ૧, પા. ૨૪૬ પરની તથા "કેપ બ્રિટિશ ઇન્ડિયન યુનિયનની સભાના ઠરાવો", પા. ૨૫૨.

૩. જનરલ બોથા ઇમ્પિરિયલ કૉન્ફરન્સ અંગે ઇંગ્લંડમાં હતા ત્યારે લંડનમાં તેમણે ૨૩-૫-'૧૧ના રોજ છાપાં નોંગ નિવેદન કરીને તેમાં ૨૦મી મેના કામચલાઉ સમાધાન વિષે સંતોષ વ્યક્ત કર્યો હતો. રૂટરે તેમના નિવેદનનો હેવાલ આપતાં આગળ કહ્યું હતું કે, "પોતાને માટે પરિસ્થિતિ બને તેટલી સંતોષકારક બનાવવા માટે સરકારને મદદ કરવામાં હિંદીઓ પોતાનો ભાગ ભજવશે એ વિષે મને ખાતરી છે. તેઓ ખાતરી રાખે કે સરકાર તેમના પ્રત્યે કોઈ પણ પ્રકારની શત્રુતા રાખતી નથી. પણ તેમણે હમેશાં યાદ રાખવું જોઈએ કે સમાધાનમાં નક્કી થયા મુજબની સંખ્યા કરતાં વધુ હિંદીઓને દાખલ નહીં કરવાનો સરકારે નિશ્ચય કર્યો છે. આફ્રિકા અને હિંદના હિંદીઓએ જાણવું જોઈએ કે જનરલ સ્મટ્સે જે છૂટછાટો આપી છે તે મંજૂર કરાવતાં તેમને ઘણી મુશ્કેલી પડી હતી."

Gandhi Heritage Portal

આ બિલ ઘડનારાઓએ તેનું નામ ઇમિગ્રેશન કૉન્સોલિડેશન (એકીકરણ) બિલ રાખ્યું છે, પરંતુ વાસ્તવમાં તે એશિયાઈઓને નિર્વાસિત કરનારું બિલ છે. આ નવા બિલથી અહીંના ડોમિસાઈલ એશિયાઈઓના અહીં રહેવાના અધિકાર તથા તેમનાં સ્ત્રી-બાળકોના અધિકાર જોખમમાં આવી પડશે; અને શિક્ષિત એશિયાઈઓનું નાતાલથી કેપ તથા ટ્રાન્સવાલ અને કેપથી નાતાલ જવા-આવવાનું ઘણું મર્યાદિત થઈ જશે. આમ એશિયાઈઓનો કોઈ પણ વર્ગ બિલથી અસ્પૃષ્ટ રહ્યો નથી. તે ઉપરાંત નાતાલ અને કેપની ખાસ ફરિયાદ એ છે કે હાલ જે શિક્ષણવિષયક નવી આપખુદ કસોટી સૂચવવામાં આવે છે તે અનુસાર કારકુનો અને મુનીમોના દરજ્જાના શિક્ષિત હિંદીઓ લગભગ નિષિદ્ધ ઇમિગ્રન્ટો બની જશે. બિલના આ ભાગ પર ગયા મહિનાની ૩૧મી તારીખના અંકમાં સ્ટારે અગ્રલેખમાં જે ટીકા[૧] કરી છે તે યોગ્ય જ છે. આપણે આશા રાખીએ કે નાતાલ ઇન્ડિયન કૉંગ્રેસ અને બ્રિટિશ ઇન્ડિયન યુનિયને યોગ્ય સમયે જે વિરોધ પ્રગટ કર્યો છે તેને સરકાર સહાનુભૂતિપૂર્વક સાંભળશે અને તેમ નહીં થતાં જે ભયંકર પરિસ્થિતિ અનિવાર્યપણે ઊભી થયા વિના રહેવાની નથી તેને ટાળવામાં આવશે.

[મૂળ અંગ્રેજી]

ઇન્ડિયન ઓપીનિયન, ૧૦–૨–૧૯૧૨

૧૯૨. દુકાળફંડનો પહેલો હપતો[૨]

દુકાળફંડનો પહેલો હપતો અમે દાક્તર પ્રાણજીવનદાસ મહેતાને મોકલી ચૂક્યા છીએ. હૂંડી પા. ૧૦૦ની મોકલી છે. જે જે ભરનારાઓએ અમને સૂચના કરી છે તે પણ અમે દાક્તર મહેતાને મોકલી છે. દાક્તર મહેતાથી અહીંના હિંદી અજાણ નથી. તેમનો પોતાનો વિચાર દુકાળને સ્થળે જઈ પોતાના પૈસા વાપરવાનો છે, એટલે અમે માનીએ છીએ કે આ પૈસાનો સારામાં સારો ઉપયોગ અમે દાક્તર મહેતાની મારફતે જ કરી શકીએ છીએ.[૩] વળી ખાસ કામ માટે અથવા ખાસ ઠેકાણે વાપરવા માટે અમને આજ સુધીમાં જે જે સૂચનાઓ મળી છે અને બીજી

૧. સ્ટારે ૧૯૦૭ના ટ્રાન્સવાલ ઇમિગ્રન્ટ્સ રિસ્ટ્રિક્શન ઍક્ટમાં આપેલી શૈક્ષણિક કસોટી (જેમાં પ્રવેશાર્થી સંસ્થાનમાં દાખલ થવા માટેની પરવાનગીની અરજી યુરોપની કોઈ પણ ભાષામાં લખીને તેના પર પોતાની સહી કરી શકે છે કે નહીં એટલું જ જોવામાં આવતું હતું.)નાં વખાણ કરતાં વર્તમાન બિલને "ન્યાય કે ઔચિત્યની સીમા ઓળંગી જતું" ગણાવીને ખૂબ વખોડી કાઢ્યું હતું અને કહ્યું હતું કે આ બિલમાં જણાવેલી શૈક્ષણિક કસોટી સરકારી અધિકારીઓને "આપખુદ સત્તા" આપે છે. "આપખુદ અધિકારી, જે કદાચ એશિયાઈવિરોધી વલણવાળો હોય, તેનો નિર્ણય રદ કરવા માટે બોર્ડને અપીલ કરવાની જોગવાઈ છે, એનો કશો અર્થ નથી. કારણ અપીલમાં ઘણા દિવસ પછી એનો નિર્ણય ફેરવવામાં આવે તો તેથી કાંઈ જે પૈસા ખર્ચવા પડ્યા હોય અને જે અગવડ વેઠવી પડી હોય તેનો બદલો વળતો નથી. બિલમાં એવી જોગવાઈ પણ નહોતી કે ઇમિગ્રન્ટ અમલદારોએ પસંદ કરેલી ભાષા ઇમિગ્રન્ટના દેશમાં કે તેની કોમમાં સામાન્ય રીતે બોલાતી ભાષાઓમાંની એક ભાષા હોય. સ્ટાર કહે છે : "આ તો ફર્ટઝોગવાદને આંટી દેવા જેવું" અને "કોઈ યુરોપિયન જે ડચ બોલી (ટાલભાષા)ના પચાસ શબ્દોની કસોટી પસાર નહીં કરી શકે તો તેને બાકાત રાખવા ન્યાયખાતાના ખુશામતિયા મંત્રીને સત્તા આપવા જેવું થયું." ઇન્ડિયન ઓપીનિયન, ૧૦–૨–૧૯૧૨.

૨. જુઓ "દેશમાં દુકાળ", પા. ૨૧૨ અને ૨૨૬.

૩. ડૉ. મહેતા ઉપરના ગાંધીજીના પત્રોમાં દુકાળની ચર્ચા વારંવાર કરવામાં આવતી હતી. જુઓ પા. ૧૭૩, ૧૯૭, અને ૨૧૩.

Gandhi Heritage Portal

હવે પછી મળશે તે બધી સૂચનાઓનો અમલ કરવાનું કામ પણ અમે ડૉ. મહેતા મારફતે જ ઉત્તમ રીતે લઈ શકીએ છીએ.

દુકાળ સંબંધી જે ઉઘરાણું ચાલે છે તે વિષે કેટલાક સવાલ ઊઠયા છે તેનો ફડચો આ જગ્યાએ કરવો એ ઠીક જણાય છે. અમે ખોલેલા ઉઘરાણામાં પૈસા ભરી ઉપયોગ કરવાનું અમને સોંપાયું છે. તેમ કરવું એ એક રીત છે. ઇન્ડિયન ઓપીનિયનમાં થતા ફાળાથી અલગ વાપરવા અમુક સૂચનાઓ અમને મળી છે તે પ્રમાણે અમારા મારફત પૈસા મોકલવા એ બીજી રીત છે. જેમનો ઇરાદો સ્વતંત્ર રીતે કોઈ જગાએ મોકલવાનો હોય તેઓ તે પ્રમાણે કરી શકે છે. જેઓ દુકાળની સ્થિતિ સમજ્યા છે તેઓ દેશ મદદ મોકલે એટલો જ આપણો હેતુ હોવો જોઈએ. આપણે બડાઈ ખાવાની આમાં વાત નથી.

અમારું ઉઘરાણું ગરીબડું છે તે અમે જાણીએ છીએ. જો આગેવાનો પોતાને માથે જવાબદારી લઈ ઉઘરાણું મોટા પાયા ઉપર કરે તો કરી શકે છે અને તેઓની તેમાં શોભા છે. એવું ભારે ઉઘરાણું ન થાય તો અમે માનીએ છીએ કે સહુ હિંદીએ યથાશક્તિ આ ફાળામાં ભરવું જોઈએ.

[મૂળ ગુજરાતી]

ઇન્ડિયન ઓપીનિયન, ૧૦–૨–૧૯૧૨

૧૯૩. ઈ. એફ. સી. લેનને પત્ર

ફેબ્રુઆરી ૧૫, ૧૯૧૨

પ્રિય મિ. લેન,

ઇમિગ્રેશન બિલ બાબતમાં જવાબ[૧] આપવાનું આપે મને વચન આપ્યું હતું. હું હજી તેની રાહ જોઉં છું. મેં મારા તારમાં[૨] જે ટૂંકામાં કહ્યું છે તે અહીં ફરીથી કહી જવાની તક લઉં છું. પાંચમી કલમની પેટાકલમ (ચ) અને (છ)ની મતલબ આપના તારમાં[૩] જણાવ્યા મુજબની હોય, એટલે કે અદાલતનો અધિકાર નીકળી જતો નથી, તો એ પૂરેપૂરી સંતોષકારક છે. તેમ છતાં નાતાલ બેંચનો[૪] ચુકાદો જોતાં હું એ ખંડ બાબતમાં મૂંઝાઉં છું, અને તેથી હું પોતે કાયદાની સલાહ લઈ રહ્યો છું.[૫]

કલમ ૭ બાબતમાં, જો એશિયાઈઓની હાલની કાનૂની સ્થિતિ મુજબનો અધિકાર, એટલે કે શિક્ષિત એશિયાઈઓનો નાતાલ કે કેપ પ્રાંતના કાયદાઓમાં દર્શાવિલી શૈક્ષણિક કસોટી પસાર

૧. "ગૃહમંત્રીને તાર", પા. ૨૫૪.

૨. જાન્યુઆરી ૩૦ (પા. ૨૪૩–૪), ફેબ્રુઆરી ૧ (પા. ૨૪૪), ફેબ્રુઆરી ૭ (પા. ૨૫૩), ફેબ્રુઆરી ૮ (પા. ૨૫૪)ના તાર.

૩. જુઓ પરિશિષ્ટ ૧૫.

૪. મહંમદ મૂસા નાથલિયા વિ૦ ઇમિગ્રેશન અધિકારીના કેસમાં સુપ્રિમ કોર્ટના નાતાલ વિભાગે ઇમિગ્રેશન અધિકારીના નિર્ણયમાં હસ્તક્ષેપ કરવા ના પાડી હતી. ઇમિગ્રેશન અધિકારીએ મનસ્વીપણે નિર્ણય આપ્યો હતો કે યુવાન નાથલિયા પોતે જેનો પુત્ર હોવાનું કહે છે તેનો પુત્ર છે એવું સાબિત કરવાનો પુરાવો અધૂરો છે. અપીલ કોર્ટે સુપ્રિમ કોર્ટના નાતાલ વિભાગના નિર્ણય વિરુદ્ધ અપીલ કરવાની પરવાનગી પણ ન આપી. ઇન્ડિયન ઓપીનિયન, ૩–૨–૧૯૧૨, ૧૦–૨–૧૯૧૨ તથા ૧૭–૨–૧૯૧૨.

૫. જુઓ આ પછીનો પત્ર.

Gandhi Heritage Portal

કરીને ટ્રાન્સવાલમાંથી તે પ્રાંતોમાં દાખલ થવાનો અધિકાર કાયમ રહેતો હોય તો સત્યાગ્રહીઓને ફરિયાદ કરવાનું કાંઈ પણ કારણ રહેતું નથી.

ફ્રી સ્ટેટની બાબતમાં જો આપના કાયદા અધિકારીની સમજ સાચી હોય, એટલે કે ઑરેંજ ફ્રી સ્ટેટના બંધારણના પ્રકરણ ૩૩ની કલમ ૮ મુજબ જાહેરાત કરવાનું આવશ્યક નહીં હોય, તો આ ગંભીર મુશ્કેલી દૂર થયેલી સમજવી. પણ એ બાબત ખૂબ જ મહત્ત્વની હોઈ અમે એને વિષે પણ કાયદાની સલાહ લઈ રહ્યા છીએ.

છેલ્લે, નાતાલના ડોમિસાઈલ હિંદીઓ, જો અધિકાર તરીકે ડોમિસાઈલ સર્ટિફિકેટ મેળવવાનો દાવો ન કરી શકે તો, સત્યાગ્રહીઓ આ બિલની કલમ ૨૫ (૨)[૧] સામે સુસંગત રીતે વાંધો ન લઈ શકે. પણ અહીં હું એ બતાવી આપવાની તક લેવા માગું છું કે જો એક હજાર સર્ટિફિકેટો જપ્ત કરવામાં આવ્યાં હોય[૨] તો તેનાથી મારી એ વાત સંપૂર્ણ રીતે પુરવાર થાય છે કે કાઢી આપવામાં આવેલાં સર્ટિફિકેટ બીજાને ચોરીથી આપવામાં આવ્યાં હોય તો પકડાઈ ગયા વિના નહીં રહે. મને લાગે છે કે ૧૮૯૬થી માંડીને આજ સુધીમાં એક હજાર પ્રમાણપત્રો જપ્ત કરવામાં આવ્યાં છે, તે પરથી જણાય છે કે દર વરસે ૬૦ હિંદીઓ બીજાનાં પ્રમાણપત્રોનો ઉપયોગ કરીને પોતાની પ્રતિષ્ઠા ખોવા તૈયાર થયા હતા અને પકડાઈ જતાં તેમને તેમના ગુનાને યોગ્ય શિક્ષા કરવામાં આવી હતી.

આપનો સહૃદયી

મિ. અર્નેસ્ટ એફ. સી. લેન
કેપટાઉન

[મૂળ અંગ્રેજી]
ટાઇપ કરેલી ઑફિસ નકલની છબી પરથી: એસ. એન. ૫૬૨૫

૧૯૪. આર. ગ્રેગોરોસ્કીને પત્ર

જોહાનિસબર્ગ,
ફેબ્રુઆરી ૧૫, ૧૯૧૨

પ્રિય મિ. ગ્રેગોરોસ્કી,

નવા બિલ વિષે આપના અભિપ્રાય માટે બિલને લગતી એક નોંધ આ સાથે મોકલું છું. ગયે વરસે જનરલ સ્મટ્સે જે બિલ પસાર કરાવવાનો પ્રયત્ન કર્યો હતો[૩] તે બિલ વિષે આપે મને અભિપ્રાય આપવાની કૃપા કરી હતી, જે, મેં કહ્યું હતું તેમ, મને બહુ કીમતી થઈ પડી હતી. આ નોંધ સાથે, આપને મદદરૂપ થાય તે માટે એક ફકરો મોકલું છું જેમાં ઑરેંજ ફ્રી

૧. આ કલમમાં બીજી બાબતો ઉપરાંત, જે એશિયાઈઓ મર્યાદિત સમય માટે સંઘ રાજ્ય છોડીને જવા ઇચ્છતા હોય તેમને માટે ડોમિસાઈલ સર્ટિફિકેટો લેવાનું ફરજિયાત હતું અને સંઘ રાજ્યમાં પાછા ફરવા માટે તેમને માગવામાં આવે તે રીતે વખતોવખત ઓળખ આપવી પડતી. જુઓ પરિશિષ્ટ ૧૩. દલીલ એવી છે કે જે ડોમિસાઈલનાં સર્ટિફિકેટો અધિકાર તરીકે માગી નહીં શકાય તો કલમ ૨૫(૨)માં જણાવ્યા મુજબની ઓળખ આપવાનું ફરજિયાત નહીં હોવું જોઈએ.

૨. જુઓ પરિશિષ્ટ ૧૫.

૩. જુઓ પુસ્તક ૧૦, પા. ૫૪૨-૩.

Gandhi Heritage Portal

સ્ટેટના કાયદાઓમાંથી જરૂરી કલમો આપેલી છે. તે ઉપરાંત આપે ગયે વરસે આપેલો અભિપ્રાય, પ્રસ્તુત બિલ તથા નાતાલ અને કેપના ઇમિગ્રેશન કાયદા મોકલું છું.

આપનો સહૃદયી

પ્રિટોરિયા
મિ. આર. ગ્રેગોરોસ્કી

[બિડાણ]

વકીલના અભિપ્રાય માટે નોંધ

સંઘ પાર્લમેન્ટ સમક્ષ પડેલા બિલમાંથી ઊભા થતા નીચેના મુદ્દાઓ બાબતમાં પોતાનો અભિપ્રાય આપવા કાયદાના સલાહકારને વિનંતી છે.

૧. કલમ ૫[૧] પેટા કલમ (એફ) અને (જી), કાયદેસરના ઇમિગ્રન્ટો તથા ડોમિસાઈલ ઇમિગ્રન્ટોનાં સ્ત્રીઓ ને બાળકો તથા ખુદ ડોમિસાઈલ થયેલી વ્યક્તિઓ, જેઓ પત્નીઓ અને સગીર બાળકો તરીકેના અથવા ડોમિસાઈલ્ડ ઇમિગ્રન્ટ તરીકેના પોતાના અધિકારની ઇમિગ્રેશન અધિકારીને ખાતરી કરાવી આપે તેમને, નિષેધક કલમમાંથી મુક્ત રાખે છે.
શું આ ખંડ અદાલતની સામાન્ય સત્તા છીનવી લે છે? અને, જો નહીં તો, અદાલતની થોડી પણ સત્તા છીનવી લેવાતી હોય તો તે કેટલા પ્રમાણમાં? શું ઇમિગ્રેશન અધિકારીના નિર્ણય સામે, મૅજિસ્ટ્રેટના નિર્ણય સામે થઈ શકે છે તેમ, અપીલ થઈ શકે? છૂટ બાબતના ખંડને કલમ ૭થી[૨] કોઈ રીતે અસર થાય છે?

૨. આજે નાતાલ અથવા કેપમાં એવા અનેક બ્રિટિશ હિંદીઓ છે, જેઓ તે તે પ્રાંતના કાયદા મુજબ શૈક્ષણિક કસોટીમાંથી પસાર થયેલા હોઈ તેને આધારે ત્યાં રહે છે. આ બિલ હેઠળ તેમને કઈ રીતે રક્ષણ મળે છે? શૈક્ષણિક કસોટીમાં પસાર થઈને તે તે પ્રાંતોમાં દાખલ થયેલા હોવાને કારણે તેઓ ત્યાંના ડોમિસાઈલ બનવાની સાથે ત્યાં રહેવાના અધિકારી પણ બને છે? અથવા તો બિલમાં તેમનો અધિકાર સ્પષ્ટપણે છીનવી લેવામાં આવ્યો નથી, તેટલા જ કારણે તેઓ સુરક્ષિત છે?

૩. જે લોકો નાતાલ કે કેપમાં શૈક્ષણિક કસોટીમાં પસાર થઈને દાખલ થયા છે પણ હાલ થોડા વખત માટે તે તે પ્રાંતની બહાર છે તેમની શી સ્થિતિ છે?

૪. ઉક્ત પ્રાંતોમાં જેઓ ડોમિસાઈલ થયેલા છે તેમના અધિકારના રક્ષણની હાલના કાયદાઓમાં જોગવાઈ છે, પરંતુ આ બિલ, જેઓ સંઘમાં કે કોઈ પ્રાંતમાં ડોમિસાઈલ થયા હોય તેમ જ ત્યાં રહેવાના અધિકારી હોય તેમના અધિકારને જ રક્ષણ આપે છે.

૫. કલમ ૭મીમાં કહેવામાં આવ્યું છે કે તેમાં જણાવેલી વ્યક્તિને ગમે ત્યારે (શૈક્ષણિક) પરીક્ષા પસાર કરવાની ફરજ પાડી શકાશે.

જેણે આ બિલ પસાર થયા પછી શૈક્ષણિક પરીક્ષા પસાર કરી હોય અને તે એવું પુરવાર કરવાની સ્થિતિમાં હોય કે તેણે સંઘમાં દાખલ થતી વખતે એ પરીક્ષા પસાર કરી છે, તેને પણ એક પ્રાંતમાંથી બીજા પ્રાંતમાં જતી વખતે પરીક્ષા આપવાની ફરજ પાડી શકાય?

૧. જુઓ પાદટીપ ૪ તથા ૫, પા. ૨૪૧ તથા પરિશિષ્ટ ૬૩.
૨. જુઓ પાદટીપ ૧, પા. ૨૪૨.

Gandhi Heritage Portal

૬. આ બિલની કલમ ૨૫મી સંઘનો કોઈ પણ કાયદેસરનો રહેવાસી અમુક સમય માટે સંઘ બહાર જવા માગતો હોય તેને પરમિટ આપવા ન આપવાનું મંત્રીની મરજી પર છોડે છે.[૧]

જેઓ આવી પરમિટ ન લે તેમની શી સ્થિતિ થશે? એવી પરમિટ લેવાને બદલે તેઓ નોટરી પબ્લિક (જાહેર દસ્તાવેજો નોંધનાર) સમક્ષ હાજર થાય અને પોતાના નિવાસ બાબત સોગંદપૂર્વક જાહેરાત કરીને બહાર જાય, અને પાછા આવે ત્યારે પોતાના ડોમિસાઈલ અને નિવાસના પુરાવા તરીકે નોટરીની નોંધવહીમાં ફાઈલ કરાવેલું પોતાનું સોગનનામું રજૂ કરે તો તે તેમના રક્ષણ માટે પૂરતું ગણાય?

૭. બિલની કલમ ૨૮, પેટા કલમ ૨ : શૈક્ષણિક પરીક્ષા પસાર કરીને ફ્રી સ્ટેટમાં દાખલ થનારાઓને ફ્રી સ્ટેટના બંધારણના પ્રકરણ ૩૩ની ૮મી કલમ દરેક બાબતમાં લાગુ પડશે.[૨] હવે કલમ ૮માં બીજી કેટલીક બાબતો સાથે એવી જોગવાઈ કરવામાં આવી છે કે, જેમને રાજ્યના પ્રમુખ આ રાજ્યમાં વસવાની પરવાનગી આપે તેમણે, જેને અરજી આપવાની છે તે લૅન્ડ્રોસ્ટ (મૅજિસ્ટ્રેટ) સમક્ષ સોગનપૂર્વક જાહેર કરીને હસ્તાક્ષર કરવા જોઈશે કે તેઓ સીધી કે આડકતરી રીતે વેપાર વગેરે નહીં કરે. શું નવા બિલ અનુસાર ફ્રી સ્ટેટ પ્રાંતમાં પ્રવેશ કરનારાઓને આવી જાહેરાત કરવી પડશે?

૮. કાયદાના સલાહકાર મહેરબાની કરીને વર્તમાન બિલ જે કાયદાઓનું સ્થાન લે છે તેમની સાથે તેની તુલના કરીને, જણાવશે કે બીજી બાબતોમાં આ બિલ પ્રજાની આઝાદીને કેટલે અંશે વધુ મર્યાદિત કરે છે?

મો. ક. ગાંધી

[મૂળ અંગ્રેજી]

ટાઈપ કરેલી ઑફિસ નકલની છબી પરથી: એસ. એન. ૫૬૨૬–૭

૧૯૫. ત્રણ પાઉન્ડનો કર[૩]

સુપ્રિમ કોર્ટની ફૂલ બેન્ચે આપેલો ચુકાદો[૪] અમે આ અંકમાં બીજી જગ્યાએ પ્રકાશિત કરીએ છીએ. એ ચુકાદા પરથી જણાય છે કે દરેક હિંદી જે બીજી વાર ગિરમીટમાં દાખલ થાય અથવા નોકરીના કરાર કરે તે ૧૯૧૦ના ૧૯મા કાનૂન અનુસાર ચાલુ વરસ માટે ૩ પાઉન્ડ લાઈસન્સ ફી ભરવાને પાત્ર થાય છે. આનો અર્થ એ છે કે જેઓ ૧૯૧૦ના એપ્રિલમાં પ્રસિદ્ધ

૧. જુઓ પરિશિષ્ટ ૧૩.

૨. જુઓ પાદટીપ ૧ તથા ૨, પા. ૨૪૩.

૩. જુઓ "ત્રણ પાઉન્ડનો કર", પા. ૨૦૯–૧૧.

૪. ૯–૨–૧૯૧૨ના રોજ સુપ્રિમ કોર્ટના નાતાલ વિભાગે એન. મુડાલીએ લોઅર ટુગેલા વિભાગના મૅજિસ્ટ્રેટે આપેલા ચુકાદા વિરુદ્ધ કરેલી અપીલ કાઢી નાખી. એ મૅજિસ્ટ્રેટે એવો ચુકાદો આપ્યો હતો કે મુડાલીને ત્રણ પાઉન્ડ ટૅક્સ આપવો પડશે. એન. મુડાલીએ એવી દલીલ કરી હતી કે ૧૯૧૦નો ૧૯મો કાયદો તેને આ કરમાંથી મુક્તિ આપે છે, કારણ કે તેણે પોતાની ગિરમીટની મુદત પૂરી થતાં ફરીથી નોકરીના કરાર કર્યા છે. ઇન્ડિયન ઓપીનિયન, ૧૭–૨–૧૯૧૨.

Gandhi Heritage Portal

થયેલો સરકારી પરિપત્ર વાંચીને ફરીથી ગિરમીટમાં જોડાયા તેમની ક્રૂર વંચના થઈ.[૧] આ કાયદાનો આશય ગમે તે હોય પણ એ બિના સાચી છે કે કદાચ હજારો હિંદીઓ નોકરીના કરારમાં એવું માનીને દાખલ થયા છે કે એમ કરવાથી તેમને બાકી અને ચાલુ બંને કરોમાંથી મુક્ત કરવામાં આવશે. ગરીબ અજ્ઞાન લોક જ આવું માનતા હતા એવું નથી. સરકારી ખાતાં પણ એ વ્યાખ્યા મુજબ વર્ત્યાં છે. કેટલાક મહિના પહેલાં કાયદા ખાતાએ, જે લોકોએ ચાલુ લાઇસન્સ ફી ન આપી હોય તેમના પર કામ ચલાવવાના હુકમ આપ્યા હોય એવું જણાય છે. કસોટી તરીકે એક મુકદ્દમો[૨] અમલાઝીની અદાલતમાં લાવવામાં આવ્યો હતો. તેમાં એવો નિર્ણય આપવામાં આવ્યો હતો કે નોકરીના કરારની મુદત દરમ્યાન કર વસૂલ કરવાનું મુલતવી રાખવું જોઈએ. પરિણામે જે ચાલીસ કે પચાસ સમન્સ કાઢવામાં આવેલા તે પાછા ખેંચવામાં આવ્યા હતા. સરકારે એ ચુકાદો માન્ય રાખ્યો હોય એમ જણાય છે, કારણ કે ત્યાર પછી એ વિષે આગળ કંઈ પણ સાંભળવામાં આવ્યું નથી. હવે એવું જણાય છે કે લોઅર ટુગેલા વિભાગના મૅજિસ્ટ્રેટે એવી મતલબનો ચુકાદો આપ્યો છે કે ચાલુ કર આપવો જ જોઈએ અને સુપ્રિમ કોર્ટે એ ચુકાદો માન્ય રાખ્યો છે. તેથી હવે એ સવાલ આગળ આવ્યો છે, અને સરકારના ઇરાદાની આપણને થોડા જ વખતમાં ખબર પડશે. જો ન્યાયમંત્રીના દિલમાં જરાયે માનવતા હશે તો તેઓ અદાલતોને મુકદ્દમા નહીં ચલાવવાની તરત સૂચના આપશે. કારણ કે તેઓ સારી રીતે જાણે છે કે આ ચુકાદાની જે લોકોને અસર પહોંચે છે તેઓ બધા નહીં તો તેમાંના ઘણા ભૂતપૂર્વ નાતાલ સરકારના પરિપત્રમાં આપેલી લાલચને કારણે નોકરીના નવા કરારમાં ફસાઈ ગયા છે. અમને જાણવા મળ્યું છે કે કાયદાનાં ચક્રો ગતિમાન થયાં છે અને સમન્સ કાઢવાનું શરૂ થઈ ગયું છે.

આ આખા પ્રકરણમાં ફારસનું તત્ત્વ પણ મોજૂદ છે. અમારા જાણવામાં આવ્યું છે કે કર ભરવામાંથી છટકી ગયો હોય એવો કોઈ સ્વતંત્ર હિંદી હિંદ પાછો જવા માગે તો તેને કોઈ રોકશે નહીં, પછી ભલે તેની પાસે વીસ પાઉન્ડ જેટલી રકમ વસૂલ કરવાની બાકી હોય. આમ છતાં એની એ જ સરકાર, જે ગિરમીટિયો છેતરાઈને ફરીથી કરારમાં ઊતર્યો હોય તેને એવો બદલો આપે છે કે તે બગીચા માલિકો અને બીજાઓની ગુલામી કરવા રાજી હોય ત્યાં સુધી દર વરસે

૧. ન્યાયમંત્રી પરના પોતાના ૧૮-૧૧-૧૯૧૧ના પત્રમાં નાતાલ ઇન્ડિયન કૉંગ્રેસે ઇમિગ્રન્ટોના રક્ષકે ૧૯૧૦ના એપ્રિલમાં હિંદની જુદી જુદી ભાષાઓમાં કાઢેલા પરિપત્ર (પા. ૨૧૧ પરની પાદટીપ ૨)નો ઉલ્લેખ કરીને, જેઓ ગિરમીટમાં ફરીથી દાખલ થયા હતા તથા જેમણે દીવાની કરાર કર્યા હતા તેમને ચાલુ લાઇસન્સ ફીમાંથી મુક્તિ આપવાની માગણી કરી હતી. તેણે આ કર રદ કરાવવા લડત કરવાનો વિચાર પણ સૂચવ્યો હતો અને એવી સૂચના કરી હતી કે એ કર રદ કરવાથી આવતી ખોટ પૂરી કરવા સરકાર ઇચ્છે તો સાચો આમદાની કર ભલે નાંખે. ઇન્ડિયન ઓપીનિયન, ૨-૧૨-૧૯૧૧. ફેબ્રુઆરી ૨, ૧૯૧૨ના આ પત્રના જવાબમાં કામચલાઉ ગૃહમંત્રીએ જેમના પર લાઇસન્સ ફી ન આપવાને કારણે કેસ કરવામાં આવ્યા હતા એવા ફરીથી ગિરમીટમાં દાખલ થયેલા હિંદીઓ વિષે વધુ માહિતી માગી હતી.

૨. વેંકટાચલ નાયકને ૩ પાઉન્ડનો કર ન ભરવાના આરોપ માટે ૧૯૧૧ના નવેમ્બરમાં અમલાઝી અદાલતમાં રજૂ કરવામાં આવ્યો હતો. મૅજિસ્ટ્રેટે નિર્ણય આપ્યો હતો કે તેની પાસે ચાલુ લાઇસન્સ ફી માગી શકાય નહીં. કારણ કદાચ એ હતું કે તેણે કોઈ સાથે દીવાની કરાર કર્યા હતા. આ નિર્ણય પહેલાં કાઢવામાં આવેલા ૪૦થી ૫૦ સમન્સો પાછા ખેંચી લેવામાં આવ્યા. નાતાલ હિંદી કૉંગ્રેસે તા. ૧૦-૨-'૧૨ને રોજ કામચલાઉ ગૃહમંત્રીને લખેલા પત્રમાં અમલાઝી મુકદ્દમાનો દાખલો ટાંક્યો હતો.

Gandhi Heritage Portal

૩ પાઉન્ડ કર આપતો રહે! ખરેખર, આ જાતની કાર્યપદ્ધતિમાં રહેલી મૂર્ખામી અને અન્યાય સમજવા માટે ભારે ડહાપણ ધરાવવાની જરૂર નથી.

આ અંકમાં જે પૃષ્ઠ પર એ ચુકાદો આપવામાં આવ્યો છે તે જ પૃષ્ઠ પર, ગયા નવેમ્બરમાં નાતાલ ઈન્ડિયન કૉંગ્રેસે ન્યાયમંત્રીને લખેલા પત્રનો ગૃહમંત્રીએ આપેલો જવાબ જોવા મળશે. કૉંગ્રેસે વિનંતી કરી હતી કે જે લોકો પરિપત્રના શબ્દો મુજબ વર્ત્યા છે તેમને કરમાંથી મુક્તિ આપવી જોઈએ. હવે, ત્રણ મહિના સુધી રાહ જોયા પછી, પરિણામ શું આવ્યું? ન્યાયમંત્રી, જેમનું ખાતું આ ગરીબ હિંદીઓ સામે સમન્સ કાઢવા માટે જવાબદાર હતું તેમણે આ વિનંતી પ્રત્યે ધ્યાન ન આપ્યું અને એ વિનંતીપત્ર ગૃહખાતાને મોકલ્યો. ગૃહખાતું હવે નાતાલ ઈન્ડિયન કૉંગ્રેસને એક સવાલ પૂછે છે જેનો જવાબ ન્યાયમંત્રી જ વધારે સારી રીતે આપી શકે. ખરું જોતાં, જે અદાલતમાંથી સમન્સ કાઢવામાં આવ્યા હતા ત્યાં પૂછવામાં આવ્યું ત્યારે જવાબ આપવાનો ઇનકાર કરવામાં આવ્યો હતો અને એ માહિતી ન્યાયમંત્રી મારફતે મેળવવાની સલાહ આપવામાં આવી હતી!

આમ આપણે જોઈએ છીએ કે શક્તિશાળી સરકાર પોતાની જબરજસ્ત તાકાતનો ઉપયોગ, ગરીબ અસહાય હિંદી સ્ત્રીપુરુષો, જેમણે નાતાલને સમૃદ્ધ બનાવવા પોતાના લોહીનું પાણી કર્યું છે, તેમના પર જુલમ ગુજારવામાં કરી રહી છે. આ ગરીબ લોકોનો હિંમતપૂર્વક બચાવ કરવાની નાતાલ ઈન્ડિયન કૉંગ્રેસની ફરજ છે. ગૃહમંત્રીને તે ગમે તે જવાબ મોકલે, પણ કોઈ પણ ભોગે એટલું જુએ કે અસહાય લોકોની મદદ માટેની માગણી નકામી ન જાય.

[મૂળ અંગ્રેજી]

ઇન્ડિયન ઓપીનિયન, ૧૭–૨–૧૯૧૨

૧૯૬. ચંચળબહેન ગાંધીને પત્ર

[લૉલી,]

મહા વદ ૦ [ફેબ્રુઆરી ૧૮, ૧૯૧૨][1]

ચિ. ચંચળ,

તમારો કાગળ ઘણે માસે મળ્યો. તમે કાગળ લખવામાં ઓછું આળસ રાખો એવું ઇચ્છું છું.

ચિ. હરિલાલની સાથે જ રહેવાની તમારી ઇચ્છા હોય એ હું બરોબર સમજી શકું છું. તે વિષયમાં હું બિલકુલ વચમાં આવવા માગતો નથી. તમને બંનેને જેમ રુચે તેમ રહેજો ને કરજો. તમે સુખી થાઓ ને રહો એ જ મારી ઇચ્છા હોય.

કાંતિને[2] સારુ તમે મેલીન્સ ફૂડ વાપરો છો એ મને તો ઠીક નથી લાગતું. પરદેશી એક પણ વસ્તુ હિન્દુસ્તાનમાં વાપરવી તેમાં હું તો પાપ સમજું છું. તેમાં વળી ખાવાની વસ્તુ વાપરવી એ તો હવે જરાયે રુચતું નથી. તેઓની બનાવેલી તમામ વસ્તુઓ ભ્રષ્ટ છે એમ

૧. આ પત્ર પછીનો પત્ર જે દિવસે લખાયો તે જ દિવસે આ પત્ર પણ લખવામાં આવ્યો હોય એવું લાગે છે; જુઓ "ડાયરી, ૧૯૧૨"માં ૧૭ ફેબ્રુઆરીની વિગત.

૨. ચંચળબહેનનો પુત્ર.

Gandhi Heritage Portal

લાગ્યા કરે છે. તેઓને ચરબી તથા દારૂ વાપરવાની બાધ નથી હોતી. એટલે જ્યારે વસ્તુઓમાં દારૂ ચરબી ઈ. નથી હોતાં ત્યારે પણ તેના સ્પર્શથી મુક્ત તો નથી રહેતાં એમ મેં જોયું છે. આપણાં બાળકો અગાઉ તેવી વસ્તુઓ વિના ઊછરતાં એમ જાણી ને માની આપણે પણ તે વસ્તુઓ વિના ચલાવવું એવી મારી તો સલાહ છે. ઘઉંને ખૂબ શેકીને તેને ઝીણા દળીએ ને તેમાં સહેજ ગોળ ને પાણી મેળવીએ તો તે મેલીન્સ ફૂડની ગરજ સારે છે. તેવી વસ્તુની અવેજીમાં આપણે ઘણી ચીજો બનાવી શકીએ છીએ.

તમારા ત્યાં હોવાથી ને રામી કાંતિની હાજરીથી છબલભાભીને[૧] ખૂબ શાંતિ રહે એ સહેજે સમજી શકાય તેવું છે.

મારાથી કે બાથી હાલ તુરત નીકળી શકાય એવું હું તો જોતો નથી.

મણિલાલ હાલ અહીં છે. ફાગણ મહિનાની અધવચમાં જશે. જમનાદાસ પણ અહીં છે. હાલ હું અહીંની નિશાળના કામમાં ગૂંથાયેલો રહું છું. ૨૫ છોકરા છે. તેમાં આઠ મુસલમાન, બે પારસી ને બાકીના હિંદુ છે. હિંદુમાં પાંચ મદ્રાસી ને એક કલકત્તિયો છે. બાકીના ગુજરાતી. જમનાદાસ વ. ભણાવવામાં મદદ કરે છે.

રામીબાઈ ને કાંતિભાઈને મારી વતી ખુશ્કળ બકી લેજો. બલીને કાગળ લખવાનું કહેજો.

બાપુના આશીર્વાદ

[મૂળ ગુજરાતી]

ગાંધીજીના હસ્તાક્ષરમાં લખાયેલા મૂળ પત્રની છબી પરથી: એસ. એન. ૯૫૨૯.

૧૯૭. હરિલાલ ગાંધીને લખેલા પત્રનો અંશ

[લૉલી,]

મહાવદ ૦ [ફેબ્રુઆરી ૧૮, ૧૯૧૨][૨]

ચિ. હરિલાલ,

તમારો કાગળ એક ઘણે માસે મળ્યો. તેમાં તમે નિયમિત રહેવાનો પ્રયત્ન કરવાનું લખો છો પણ તમારો પ્રયત્ન અફળ ગયો જણાય છે ને મને આપેલી નવી આશા ભંગ થઈ છે. તમારા છેલ્લા કાગળ પછી બે ટપાલ ખાલી ગઈ છે.

ચંચી તમારી સાથે જ રહેવાની ઇચ્છા બતાવે છે ને મારો અભિપ્રાય માગે છે. તેને મેં જવાબ લખ્યો છે[૩] ને બીજા ખબર પણ આપ્યા છે. તે કાગળ તમને વાંચવા મોકલશે. ન મોકલે તો મંગાવજો. એટલે ફરી અહીં નથી લખતો. તમે બંને સાથે રહો તેમાં મને બાધ નથી. તમને જેમ યોગ્ય લાગે તેમ કરજો ને રહેજો.

૧. ચંચળબહેન ગાંધીની માતા.

૨. આ ૧૯૧૨માં લખાયો લાગે છે. જુઓ "ડાયરી, ૧૯૧૨"માં ફેબ્રુઆરી ૧૭ની વિગત તે વર્ષે મહા વદ ૦ ફેબ્રુઆરીની ૧૮મીએ હતી.

૩. જુઓ આ પહેલાંનો લેખ.

Gandhi Heritage Portal

શેઠ મિયાંખાનને ત્યાં રહ્યા છો એ ઠીક જ છે. ભાડું કંઈક પણ આપવાનો ફરી આગ્રહ કરજો. હું ચાંદાભાઈને મળીશ ત્યારે વાત કરીશ.

ચંચીને દરદ બાના જેવું શા કારણથી . . .[૧]

[મૂળ ગુજરાતી]

ગાંધીજીના હસ્તાક્ષરમાં લખાયેલા મૂળ પત્રની છબી પરથી: એસ. એન. ૯૫૪૧

૧૯૮. આર. ગ્રેગોરોસ્કીને પત્ર

ફેબ્રુઆરી ૨૦, ૧૯૧૨

પ્રિય મિ. ગ્રેગોરોસ્કી,

આપના પત્ર બદલ આભાર. આપના અભિપ્રાયની બહુ ઉત્કંઠાપૂર્વક રાહ જોઈશ. આ મુસદ્દો ભયંકર ધોખાબાજી છે, એ વાત સાથે હું તદ્દન સંમત છું. અને આપનો કીમતી અભિપ્રાય મેળવવો એ એની સામે સફળ લડત કરવાનો એક રસ્તો છે. ગયે વરસે આપે આપેલો અભિપ્રાય[૨] ઉપયોગમાં લેવાથી મારું કામ સરતું નથી, કારણ કે, આ બિલમાં કાંઈ નહીં તો કેટલાક નવા મુદ્દા રહેલા છે અને તે ઉપરાંત આપના જે વિચારો મારા વિચારો સાથે મળતા આવે છે, અલબત્ત, તેટલે અંશે, તમારા અભિપ્રાયનો ઉપયોગ મેં આ પહેલાં આગળ કરેલા મુદ્દાઓના સમર્થનમાં મારે અહીં તથા લંડનમાં કરવાનો છે. તેથી હું આશા રાખું છું કે આપ મેં ઉઠાવેલા સઘળા મુદ્દાઓ વિષે, ગયા વરસના અભિપ્રાયનો ઉલ્લેખ કર્યા વિના આપનો અભિપ્રાય આપશો, સિવાય કે ગયા વરસના મુસદ્દા[૩] સાથે આ બિલની સરખામણી કરવાની હોય ત્યાં તે વખતના અભિપ્રાયનો ઉપયોગ તમે કરી શકો.

આપનો સહૃદયી

મિ. આર. ગ્રેગોરોસ્કી
પ્રિટોરિયા

[મૂળ અંગ્રેજી]

ટાઈપ કરેલી મૂળ ઑફિસ નકલની છબી પરથી: એસ. એન. ૫૬૩૦

૧. આ પત્રનાં આગળનાં પાન મળતાં નથી.
૨. જુઓ પુસ્તક ૧૦, પા. ૫૪૨–૩.
૩. જુઓ પુસ્તક ૧૦, પા. ૬૫૭–૬૫.

Gandhi Heritage Portal

૧૯૯. એશિયાઈ રજિસ્ટ્રારને તાર

[ફેબ્રુઆરી ૨૧, ૧૯૧૨ પહેલાં][૧]

એશિયાટિક્સ
પ્રિટોરિયા

એમ. અલી, કાનજી જીવણભાઈ, લાલજી મેઘજીભાઈની મુલાકાતી પરમિટ વિષેનો પત્ર-વ્યવહાર જોયો. હું માનું છું કે પરિસ્થિતિની પૂરી જાણ ન હોવાને કારણે તમે અરજીઓ નામંજૂર કરી છે. તેઓ હાલ લૉરેન્સો માર્કમાં છે. મને ખબર મળી છે કે તેઓ લિઝ હાઈનેસ આગા-ખાનના પ્રતિનિધિ છે, અને . . .[૨] કેન્દ્રોની મુલાકાતે આવ્યા છે. એશિયાઈ ખોજાઓ . . .[૩] આશા રાખું છું કે આ મુલાકાતીઓ અરજી કરે એટલે તેમને ત્રણ અઠવાડિયાંની મુલાકાતી પરમિટ આપવા આપ લૉરેન્સો માર્કના આપના એજન્ટોને અધિકાર આપશો.

ગાંધી

[મૂળ અંગ્રેજી]
ગાંધીજીના હસ્તાક્ષરમાં લખાયેલા મૂળ મુસદ્દાની છબી પરથી: એસ. એન. ૫૬૫૯

૨૦૦. ઈ. એફ. સી. લેનને પત્ર

[લૉલી,]
ફેબ્રુઆરી ૨૪, ૧૯૧૨

પ્રિય મિ. લેન,

હવે બિલ[૪] વિષે મને કાયદાના સલાહકારનો અભિપ્રાય મળી ગયો છે. તે મુજબ:

૧. આ બિલ નીચલી અદાલતોની સત્તા લઈ લે છે એટલું જ નહીં, પણ શાહી ફરમાન ન હોય ત્યાં ઉપલી અદાલતોની સત્તા પણ લઈ લે છે.[૫]

૧. આગાખાનના પ્રતિનિધિઓની ખોહાનિસબર્ગ અને ટૉલ્સ્ટૉય ફાર્મની મુલાકાતનો ઉલ્લેખ તા. ૨-૩-૧૯૧૨ના ઇન્ડિયન ઓપીનિયનમાં આવેલા સમાચારોમાં મળે છે. તેમાં એવું પણ કહેવામાં આવ્યું છે કે તેઓએ ફાર્મમાં ચંપલની એક જોડ ખરીદી. હુસેન દાઉદે "મારા પ્રવાસની રોજનીશી" એ શીર્ષક હેઠળ એક ગુજરાતી લેખ (ઇન્ડિયન ઓપીનિયન, ૨૭-૭-'૧૨)માં પોતાના પ્રવાસ દરમ્યાન તેઓમાંના એક જણને ઝાંઝીબારમાં મળ્યાનો ઉલ્લેખ કર્યો છે. ગાંધીજીએ પણ "ઝાંઝીબાર મેમણ" નામથી તેમનો સંક્ષિપ્ત ઉલ્લેખ કર્યો છે અને પોતાની ૨૧મી ફેબ્રુઆરીની ડાયરીમાં તેમની મુલાકાતની નોંધ લીધી છે અને તે દિવસના હિસાબમાં ૧૦ શિલિંગની રકમ જમા બતાવી છે જે ફાર્મમાંથી ખરીદેલી ચંપલની કિંમત છે, એટલે આ તાર, જેમાં એ પ્રવાસીઓ માટે ટ્રાન્સવાલમાં પ્રવેશ કરવાની રજા માગવામાં આવી છે, તે જો મોકલ્યો જ હોય તો તે તારીખ પહેલાં મોકલ્યો હોવો જોઈએ.

૨. અને ૩. અહીં કેટલાક શબ્દો વંચાતા નથી.

૪. જુઓ લેનને તથા ચેગોરોસ્કીને પત્રો, પા. ૨૫૬-૯.

૫. સન ૧૯૧૨ના યુનિયન ઇમિગ્રેશન બિલની કલમ ૫ (એફ) તથા (જી)ની વ્યાખ્યામાં જુઓ, "આર. ચેગોરોસ્કીને પત્ર", પા. ૨૫૮.

Gandhi Heritage Portal

આથી બીજાઓના નહીં તો કમમાં કમ ટ્રાન્સવાલના હિંદીઓના કાનૂની અધિકારો ચોક્કસ ઓછા થશે.

૨. ટ્રાન્સવાલના હિંદીઓ પોતે રજિસ્ટર થયેલા હોય તોપણ, પોતાનાં સ્ત્રીબાળકોને સંસ્થાનમાં લાવવા માગે તો, તેમની પાસે કદાચ રજિસ્ટ્રેશનના પુરાવા ઉપરાંત ડોમિસાઈલનો પુરાવો પણ માગવામાં આવે.[૧]

મને ખાતરી છે કે જનરલ સ્મટ્સનો આવો ઇરાદો નથી. મારા અભિપ્રાય મુજબ, આ બાબતમાં કશા સંદેહ માટે અવકાશ નહીં રહેવા દેવો જોઈએ.

૩. શિક્ષિત એશિયાઈ ઇમિગ્રન્ટોએ ઑરેંજ ફ્રી સ્ટેટના બંધારણના ૩૩મા પ્રકરણની ૮મી કલમમાં જણાવ્યા મુજબની જાહેરાત કરવી પડશે.[૨]

એટલું સ્વીકારવું જોઈશે કે મેં ઉઠાવેલા બધા મુદ્દા જેટલે અંશે સામાન્ય ન્યાયની દૃષ્ટિએ અત્યંત મહત્ત્વના છે તેટલે અંશે સત્યાગ્રહની દૃષ્ટિએ પણ છે. તેથી મને વિશ્વાસ છે કે આ ખામીઓ દૂર કરવામાં આવશે.

આપનો સહૃદયી

મિ. અર્નેસ્ટ એફ. સી. લેન
કેપટાઉન

[મૂળ અંગ્રેજી]
ટાઇપ કરેલી ઑફિસ નકલની છબી પરથી: એસ. એન. ૫૬૩૪

૨૦૧. મિ. નાથલિયાનો કેસ

એક પંદર વરસનું બાળક માર્યું જાય છે ને આપણે બેઠા રહીએ છીએ, તેથી વડી સરકાર પણ બેસવાનો જ ઇરાદો રાખે છે. મિ. હારકોર્ટનો જવાબ દરેક હિંદીએ વાંચવા જેવો છે. તેમાંથી યુનિયન સરકાર કેટલે દરજ્જે વડી સરકારને ભમાવે છે તે જોવામાં આવે છે અને દેખીતી રીતે માર્યા જતા હક જાળવવા આંગળી પણ ઊંચી કરવા વડી સરકાર નથી માગતી એ જણાવેલ છે.

મિ. હારકોર્ટ કહે છે કે નવા બિલથી મિ. નાથલિયાના જેવા કેસ[૩] નહીં બને. આમાં સાબિત થયું કે કેસ તો જુલમ ભરેલો ખરો. નવા બિલથી એવો જુલમ અટકવાનો એક અંશ પણ સંભવ નથી. જે સત્તા ઇમિગ્રેશન અમલદારને હતી ને છે તેમાં નવું બિલ વધારો કરે છે.

૧. કલમ ૨૫(૨) વિષે ઇશારો છે.
૨. કલમ ૨૮ પ્રત્યે ઇશારો છે.
૩. આ કેસની વિગત માટે જુઓ "નાતાલમાં ઇમિગ્રેશનનો જુલમ", પા. ૧૬૭; "નાથલિયાનો કેસ", પા. ૨૩૧–૨; તથા પાદટીપ ૪, પા. ૨૫૬. લંડનની એસ. એ. બી. આઈ. કમિટીએ નાથલિયાના કેસમાં હસ્તક્ષેપ કરવાની નાતાલ કોર્ટની અશક્તિ વિષે તા. ૧૯–૧–૧૯૧૨ને રોજ સંસ્થાન કચેરીને એક પત્ર લખ્યો હતો. તેના જવાબમાં સંસ્થાન કચેરીએ તા. ૫–૨–૧૯૧૨ને રોજ લખ્યું: "મિ. હારકોર્ટ માને છે કે, જે ઇમિગ્રેશન બિલ, હાલ સંઘની પાર્લમેન્ટની વિચારણા હેઠળ છે, તેનાથી આવા કેસ થતા અટકી જશે, એટલે તેઓ એ બાબત કશું પગલું લેવા માગતા નથી." ઇન્ડિયન ઓપીનિયન, ૯–૩–૧૯૧૨.

Gandhi Heritage Portal

આમ જો યુનિયન સરકાર દેખીતી બાબતમાં વડી સરકારને આડે રસ્તે દોરે છે તો આપણે કદી નહીં જાણીશું તેવી બાબતોમાં કેટલી ખોટી હકીકતો લખતી હશે તેનો તાગ કોણ લાવી શકે?

વળી બાળક નાથલિયાની અંગત બાબતમાં કેમ વચ્ચે ન પડે? જુલમ થયો છે એમ જાણે છે તો શા સારુ યુનિયન સરકારને ન લખે કે નાથલિયા તે મિ. નાથલિયાનો દીકરો છે તો પછી તેને રહેવા દેવો. હકીકત એવી છે કે આપણે કંઈ નથી કરતા. મિ. નાથલિયા પોતાનું ભોગવી છૂટે એમ માનીએ છીએ. એટલે વડી સરકાર જે કાને બહુ બહેરી છે, ને આંખે જેને અંધાપા જેવું છે, તેને તો આપણે ભૂંગળું ફૂંકી સંભળાવીએ ને ભીંત જેવડા અક્ષરોથી દેખાડીએ તો જ સાંભળી કે જોઈ શકે. પણ આપણે જ બહેરા ને આંધળા હોઈએ તો પછી કથરોટ કૂંડાને શું હસે?

[મૂળ ગુજરાતી]

ઇન્ડિયન ઓપીનિયન, ૯–૩–૧૯૧૨

૨૦૨. મિસિસ જસાતનો કેસ

જો મિસિસ જસાત દેશનિકાલ[૧] થાય તો ટ્રાન્સવાલ બ્રિટિશ ઈન્ડિયન ઍસોસિયેશનનું, હમીદિયા ઇસ્લામિક સોસાયટીનું અને કેટલેક દરજ્જે દક્ષિણ આફ્રિકાના બધા હિંદીનું નાક કપાશે.

જે જવાબ[૨] સરકારે મિ. કાછલિયાને આપ્યો છે તે તદ્દન અસંતોષકારક છે. તેના જવાબ ઉપરથી એમ જ સાબિત થાય છે કે સરકાર જે કાંઈ ભરોસા આપે તેની ઉપર વિશ્વાસ ન જ રહે. કાયદો કહે તે જ ખરું.

જનરલ સ્મટ્સે ચોખ્ખું લખેલું કે જસ્ટિસ વેસલ્સના ઠરાવ છતાં અડચણ ભરેલા કેસમાં પોતે દાદ દેશે.[૩] આનો અર્થ કોમ તો એટલો જ કરે કે જ્યારે હરકોઈ માણસ સાબિત કરી

૧. ઇબ્રાહીમ મહમદ જસાત, ટ્રાન્સવાલના એક રજિસ્ટર્ડ રહેવાસી. તેમને બે પત્નીઓ હતી: રસૂલ સ્ટૅન્ડર્ટનમાં અને ફાતિમા હિંદમાં. જ્યારે રસૂલ જસાતને છોડી ગઈ ત્યારે તેની ઇચ્છા ફાતિમાને દક્ષિણ આફ્રિકા લાવવાની થઈ. જસાતની પત્ની તરીકે કાયદેસરના રહેવાસી તરીકે રસૂલને અધિકાર મળી ગયો હોવાના મુદ્દા ઉપર બાર્બરટનના મૅજિસ્ટ્રેટે ફાતિમાને દક્ષિણ આફ્રિકામાં દાખલ થવાની પરવાનગી ન આપી. સુપ્રિમ કોર્ટની ટ્રાન્સવાલ બેન્ચ સમક્ષ પેશ થયેલી ફાતિમાની અરજી જસ્ટિસ વેસલ્સે કાઢી નાંખી – ફેબ્રુઆરી ૧૩, ૧૯૧૨. અગાઉ ચાલી ગયેલા આદમ ઇસ્માઈલના કેસનો (પાદટીપ ૧, પા. ૧૩૬ અને "ગોહાનિસબર્ગનો પત્ર", પા. ૧૩૮) હવાલો આપતાં તેમણે જણાવ્યું કે મુસલમાનને કેવળ એક જ પત્ની લાવવાની છૂટ હતી અને જસાતના કેસમાં તે રસૂલ હતી જેની સાથે તેણે છૂટાછેડા લીધા નહોતા. ઇન્ડિયન ઓપીનિયન, ૨૪–૨–૧૯૧૨.

૨. કાછલિયા અને બાવાઝીર બંનેએ જસ્ટિસ વેસલ્સના ચુકાદાની સામે સ્મટ્સને લખ્યું હતું – ફેબ્રુઆરી ૧૫, ૧૯૧૨. ફેબ્રુઆરી ૨૯, ૧૯૧૨ને રોજ બ્રિટિશ ઇન્ડિયન ઍસોસિયેશને એ વાતની ફરી યાદ આપતો તાર કર્યો. માર્ચ ૨, ૧૯૧૨ના રોજ સ્મટ્સે જવાબ આપ્યો કે પોતાને દખલ કરવી પડે એવી કોઈ અસાધારણ બાબત જસાતના કેસમાં એમને લાગતી નહોતી. ઇન્ડિયન ઓપીનિયન, ૨૪–૨–૧૯૧૨, ૯–૩–૧૯૧૨.

૩. બ્રિટિશ ઇન્ડિયન ઍસોસિયેશન તેમ જ હમીદિયા ઇસ્લામિક સોસાયટી ઉપરના પોતાના જુલાઈ ૧૦, ૧૯૧૧ના કાગળમાં સ્મટ્સે ખાતરી આપી હતી કે આદમ ઇસ્માઈલના કેસમાં મુસ્લિમોની પત્નીઓના દાખલ થવા બાબતના જજના ચુકાદાની નોંધ લેવામાં આવી હતી અને અડચણ ઊભી કરતા કિસ્સાઓ

Gandhi Heritage Portal

આપે કે પોતે ધર્મના કાનૂન મુજબ તે શાદી કરી છે ને તે પોતે બીજી ઓરત લાવવા માગે છે ત્યારે તેને અટકાયત ન થવી જોઈએ.

જનરલ સ્મટ્સ લખે છે કે આ કેસમાં એવી ભારે હકીકત પોતાના જોવામાં નથી આવતી. શી ભારે હકીકત જોવા તે માગે છે? મિસિસ જસાત તે મિ. જસાતનાં પરણેતર ઓરત છે એ આપણને વાસ્તે ભારે વાત છે.

મિ. જસાત શું કરવા ધારે છે? શું પોતાની ઓરતને દેશપાર થવા દઈ ભિખારી પેટને ખાતર પોતે ટ્રાન્સવાલમાં ચૂપ થઈ પડયા રહેશે? તેના ભાઈબંધો શું કરવા ધારે છે? મિસિસ જસાતને ભૂંડે હાલે વગર વાંકે પોલીસ હદપાર કરશે તે તેઓ ચૂડી પહેરી જોયા કરશે?[૧]

ઑસોસિયેશન શું કરશે? તાર મોકલ્યા ને કાગળ લખ્યા એટલે તેની ફરજ અદા થઈ ચૂકી? હમીદિયા ઇસ્લામિક સોસાયટી મૂંગી બેસી રહેવાની છે? ઇસ્લામનું અપમાન થાય છે એ તે સોસાયટીના કારભારી નહીં સમજે?

મિ. જસાત ગરીબ છે કે શાહુકાર, સારા છે કે નઠારા એ સવાલ આ કેસમાં ઊઠતો નથી. તે પોતાની ઓરતને અંદર લાવ્યા ને તે ઓરતને ધક્કો મારવા સરકાર તૈયાર થઈ છે. તે ધક્કો આપણને બધાને લાગે છે.

નાતાલ અને કેપ એમ ન સમજે કે એવો જ કાયદો ત્યાં નથી.

અમે ઉમેદ રાખીએ છીએ કે મિસિસ જસાત બહાદુર બાઈ છે ને તે હદપાર થશે તો પોતાના ખાવિંદને મળવા પાછાં હદ ઓળંગશે ને તેમ થતાં જેલમાં જવું પડે તો જશે.

અમે આશા રાખીશું કે મિ. જસાત હિંદી ધણી તરીખેનો જુસ્સો રાખી પોતાની ઓરતને સારુ ભેખ લેશે ને જે તકલીફો ઉઠાવવી ઘટે તે ઉઠાવશે ને દાદ મેળવશે.

અમે માનીએ છીએ કે મિ. જસાતના ભાઈબંધો તેમને ઉત્તેજન આપશે, પોતાના ખિસ્સામાં હાથ નાંખવો ઘટે તો નાંખશે ને સરકાર પાસેથી દાદ મેળવવા ઊભા થશે. ઑસોસિયેશન અને હમીદિયા સોસાયટીના મેમ્બરો પોતાની આગલી કારકિર્દી વિચારી દાદ મેળવતાં લગી લડશે એવું માનીએ છીએ.

બધા યાદ રાખશે કે આપણી પાસે છેલ્લું ને પહેલું એક જ ઔષધ છે તે સત્યાગ્રહ અને બીજું કંઈ નહીં.

[મૂળ ગુજરાતી]

ઇન્ડિયન ઓપીનિયન, ૯–૩–૧૯૧૨

એમના ધ્યાનમાં લાવવામાં આવશે તો તેના ઉપર વિચાર કરવામાં આવશે. ઇન્ડિયન ઓપીનિયન, ૨૨–૭–૧૯૧૧.

૧. ગાંધીજી આ કલ્પનાનો ઉપયોગ વારંવાર કરતા હતા; જુઓ દા. ત., પુસ્તક ૮, પા. ૨૦૬.

Gandhi Heritage Portal

૨૦૩. વિદાય સભામાં ભાષણ[1]

જોહાનિસબર્ગ,
શનિવાર માર્ચ ૯, ૧૯૧૨

મેસર્સ મેઢ અને પ્રાગજીએ ખાસ નાતાલથી ટ્રાન્સવાલમાં આવી જેલમાં જઈ કોમની ભારે સેવા બજાવી છે. જેલથી બહાર આવ્યા પછી પણ તેઓએ પૈસાના લોભે કોઈ પણ જાતનો ધંધો ખોળ્યો નથી પણ ટૉલ્સ્ટૉય ફાર્મમાં રહી નિશાળ વગેરે કામમાં મદદ કરી છે.

[મૂળ ગુજરાતી]
ઇન્ડિયન ઓપીનિયન, ૧૬–૩–૧૯૧૨

૨૦૪. ડૉ. પ્રાણજીવન મહેતાને પત્ર

ટૉલ્સ્ટૉય ફાર્મ,
લૉલી સ્ટેશન,
ટ્રાન્સવાલ,
ફાગણ વદ ૮ [માર્ચ ૧૧, ૧૯૧૨][2]

ભાઈશ્રી પ્રાણજીવન,

આ કાગળ ભાઈ સુરેન્દ્રરાય મેઢ તથા પ્રાગજી દેસાઈ અથવા બેમાંથી એક તમને આપશે. તમારાં દર્શન કરવાની તેમની સહેજે ઉત્કંઠા છે. તમારા વિષે મારે મોઢેથી તેઓએ ઘણું સાંભળ્યું છે. જો બની શકે તો તેઓનો વિચાર ત્યાં રહે તે દરમિયાન તમારા હાથ નીચે દુકાળ બાબત કામ કરવાનો છે. બંને ચુસ્ત સત્યાગ્રહી છે. ભાઈ મેઢે ૧૦ વર્ષ સુધી બ્રહ્મચર્યાદિ પાળવાની અને દેશસેવામાં રોકાવાની પ્રતિજ્ઞા લીધી છે. એ કાગળ તમને વાંચવા મેં મોકલ્યો હતો. ભાઈ પ્રાગજીનો વિચાર પણ તેવી પ્રતિજ્ઞા લેવાનો છે! તેનાં મુરબ્બીઓની સાથે મસલત કરી તેનું મન કેવું રહે છે તે ઉપર આધાર રહેશે. ભાઈ મેઢ પણ અમદાવાદ જઈ કેટલે દરજ્જે પોતાની પ્રતિજ્ઞામાં દૃઢ રહી શકશે એ તેને જોવાનું છે. તેના પિતાશ્રી તરફથી તેને પૂરું દબાણ થશે એ તો ચોક્કસ છે.

૧. સત્યાગ્રહી સુરેન્દ્રરાય બાપુભાઈ મેઢ તથા પ્રાગજી ખંડુભાઈ દેસાઈ સ્વદેશ જતા હોવાથી તેમને વિદાય આપવા માટે જોહાનિસબર્ગના ઇન્ડિપેન્ડન્ટ ચર્ચ હૉલમાં એક જાહેર મેળાવડો કરવામાં આવ્યો હતો; જુઓ આ પછીનો લેખ.

૨. શ્રી ગોખલેની દક્ષિણ આફ્રિકાની નિર્ધારિત મુલાકાતની ૨૯ ડિસેમ્બર, ૧૯૧૧ના રોજ જાહેરાત થઈ તે પછી, અને ૨૨ ઑક્ટોબર, ૧૯૧૨માં ગોખલે દક્ષિણ આફ્રિકા આવ્યા તે પહેલાં, આ કાગળ લખાયો હોવો જોઈએ. અર્થાત્ તે ૧૯૧૨માં જ લખાયો હોવો જોઈએ. તે વર્ષે ફાગણ વદ ૮, માર્ચની ૧૧મીએ હતી. આ પહેલાંનો લેખ પણ જુઓ.

Gandhi Heritage Portal

બંનેને તમને મળવા બોલાવો એમ ઇચ્છું છું. જો બોલાવો તો તેમને ત્યાં આવવાનું ભાડું મોકલશો. બંને ગરીબીમાં રહેનારા છે. બંને પ્રોફે. ગોખલે આવવાના થાય તે પહેલાં પાછા ફરનાર છે.

મોહનદાસના વંદે માતરમ્

[મૂળ ગુજરાતી]

ગાંધીજીના હસ્તાક્ષરમાં લખાયેલા મૂળ પત્ર પરથી : જી. એન. ૧૨૬૨

૨૦૫. ગિરમીટની બંધી અંગે ઠરાવ

ગઈ સાલ નાતાલમાં ગિરમીટિયા મોકલવાનો ઠરાવ ઑન. મિ. ગોખલેના પ્રયાસથી પાસ થવાથી એક અગત્યનું પગલું લેવાયું છે. પણ ગિરમીટ તે નાતાલમાં તેમ જ બીજા કોઈ પણ કૉલોનીમાં એકસરખી જ ગુલામી છે. આ વાત અહીં રોજ રોજ બનતા દાખલાઓથી આપણે બહુ સારી પેઠે જાણીએ છીએ. તેથી નાતાલની પેઠે બીજાં કૉલોનીઓમાં પણ હિંદીઓ ગિરમીટમાં જતા બંધ થાય એ જરૂરી છે. આ હેતુથી હિંદની કેટલીક કૉન્ફરન્સમાં ઘટતા ઠરાવો ગયા ડિસેમ્બરમાં થયા હતા; અને કાંઈ પણ વખત ખોયા વગર મિ. ગોખલેએ એ વાતને હિંદની ધારાસભામાં દાખલ કરી. કમભાગ્યે હિંદી સરકાર[૧] આવા સવાલોને હિંદના લોકના કલ્યાણની દૃષ્ટિથી જોતાં હજુ શીખી નથી, અને પરિણામે મિ. ગોખલેનો ઠરાવ સરકારના વધુ મતે ઊડી ગયો છે.[૨] આ દિલગીરીની વાત છે, છતાં મિ. ગોખલેની દરખાસ્તને પ્રજાપક્ષના બધા મેમ્બરોના મત મળેલા જણાય છે જે બતાવે છે કે નાતાલની પેઠે બીજાં કૉલોનીઓમાં પણ ગિરમીટિયા જતા બંધ થાય એ વાત ઉપર હિંદના લોકોના પ્રતિનિધિઓ એકમત છે. મિ. ગોખલેના પ્રયાસ માટે સહુ તેમને મુબારકબાદી આપશે, અને ભવિષ્યમાં તેઓને આ કામમાં સફળતા મળે એવું ઇચ્છશે.

મિ. ગોખલેનો આ ઠરાવ નીકળી જવાથી નાતાલમાં ગિરમીટિયા આવતા બંધ થયા છે એ સ્થિતિમાં ફેરફાર થશે એમ કોઈ સમજેલ જણાય છે તે ભૂલ છે. નાતાલ ગિરમીટિયા આવતા બંધ થયા છે તેને આ દરખાસ્ત સાથે સંબંધ નથી, અને તેથી તે બંધી તો કાયમ જ રહેશે. મિ. ગોખલેનો ઠરાવ નીકળી જવાની અસર એ છે કે મોરિશિયસ, ગિયાના, ફીજી વગેરે કૉલોનીઓમાં જે ગિરમીટિયા જાય છે તે હાલ બંધ થશે નહીં. જો મજૂરોનાં દુઃખોનો ખ્યાલ કરી કૉલોનીઓમાં વસતા તથા હિંદના લોકો આ બાબતમાં પૂરતો પોકાર કર્યા કરે તો ગરીબ મજૂરોને કોઈ પણ કૉલોનીમાં મોકલવાનું હિંદી સરકાર ક્ષણભર ચાલુ રાખી શકે નહીં.

[મૂળ ગુજરાતી]

ઇન્ડિયન ઓપીનિયન, ૧૬–૩–૧૯૧૨

૧. જુઓ પાદટીપ ૧, પા. ૧૧૭.

૨. ગોખલેની દરખાસ્ત બાવીસ વિરુદ્ધ તેત્રીસ મતથી ઊડી ગઈ હતી. જુઓ ઇન્ડિયન ઓપીનિયન, ૯–૩–૧૯૧૨.

Gandhi Heritage Portal

૨૦૬. મિ. રત્નમ્ પત્તર

મિ. રત્નમ્ પત્તરને બારિસ્ટર થઈ અત્રે પોતાના વતનમાં પાછા ફરતાં અમે આવકાર ને મુબારકબાદી આપીએ છીએ. અહીં કોમમાં કેળવાયેલા અને જાહેર કામ કરે એવા માણસોની ખોટ છે તે પૂરી પાડવામાં મિ. પત્તર આવવાથી સહાયતા મળી શકે તેમ છે. માત્ર વકીલ, બારિસ્ટર, કે ડૉક્ટર થવાથી જ એક માણસ પોતાનું કે કોમનું ખરું હિત સાધી શકે છે એમ અમે માનતા નથી. કેળવણીની સાથે દેશદાઝ અને ઉમદા વર્તન જોઈએ, કે જે વડે માણસ પોતાની બહાર જોઈ શકે. આસપાસના ભાઈઓને પોતાના બરાબર સમજે, અને બીજાના દુઃખને પોતાનું જ દુઃખ ગણીને બળે. કોમી કામ કરવાનો આધાર કેળવાયેલ માણસમાં આવા ગુણો હોય તેની ઉપર રહેલો છે. ને તેથી આવા સદ્‌ગુણો ખીલવે એને જ અમે તો ખરી કેળવણી કહીએ છીએ. મિ. પત્તર આવા ગુણવાન નીકળે, અને જે દેશદાઝનાં ચિહ્નો તેમનામાં જોવામાં આવે છે, તે અત્રેની કોમનાં અપાર દુઃખો દૂર કરવામાં કામ લાગે એવું અમે ઇચ્છીએ છીએ.

[મૂળ ગુજરાતી]

ઇન્ડિયન ઓપીનિયન, ૧૬–૩–૧૯૧૨

[ઉપરોક્ત બાબતના ગાંધીજીના અંગ્રેજી લેખનો અનુવાદ નીચે આપ્યો છે.]

મિ. રત્નમ્ પત્તર

નાતાલમાં જન્મેલા બીજા એક હિંદી બૅરિસ્ટર ઇંગ્લંડમાં[1] પોતાની વિદ્યાર્થી કારકિર્દી સફળતાપૂર્વક પૂરી કરીને હમણાં આપણી વચ્ચે આવ્યા છે. આ પરથી જણાય છે કે હિંદીઓની નવી પેઢી એ એક એવું બળ છે જેની ઉપેક્ષા થઈ શકે તેમ નથી. મિ. રત્નમ્ પત્તરનો જન્મ અને ઉછેર ડરબનમાં થયો હતો અને તેઓ અહીંની હાયર ગ્રેડ ઇન્ડિયન સ્કૂલમાં ભણ્યા હતા. તેમણે પોતાના સ્વાગત સમારંભમાં કહ્યું કે હું કોમનાં દુઃખ, સમૃદ્ધિ અને સુખમાં ગૌરવપૂર્વક ભાગ લઈ શકું એ દિવસોની ઉત્સુકતાપૂર્વક રાહ જોઉં છું. આમાંની પહેલી બાબતમાં ભાગ લેવાની તો જરૂર તેમને પૂરતી તક મળશે. બીજી બાબત, તેઓ સમૃદ્ધિ શાને કહે છે, તેના પર આધાર રાખે છે; અને ત્રીજી બાબત તો એક મૃગતૃષ્ણા છે, જે તેની પાછળ પડતાં કદી હાથમાં આવતી નથી, પણ વફાદારીપૂર્વક પોતાની ફરજ બજાવવાથી મળે છે. મિ. પત્તર હિંદની પ્રાચીન સંસ્કૃતિ માટે ગૌરવ ધરાવે છે તે યોગ્ય જ છે, અને તેઓ પોતાના મનમાં એ ભાવ કાયમ રાખે તો સારું; કારણ કે, જોકે અમે વિદ્યોપાર્જનમાં તેજસ્વિતાની કિંમત ઓછી આંકવા ઇચ્છતા નથી, છતાં અમને બીક રહે છે કે જે યુવકો પૂરેપૂરી પશ્ચિમી ઢબે કેળવણી પામે છે તેઓ પોતાની રાષ્ટ્રભાષા, ધર્મ અને માતૃભાષા, જે સાહિત્ય અને સંસ્કૃતિથી ભરપૂર છે, તેની કયાંક અવગણના

૧. સન ૧૯૦૬માં શાહી સરકાર પાસે ગયેલા પ્રતિનિધિમંડળના એક સભ્ય તરીકે ગાંધીજી ઇંગ્લંડમાં હતા ત્યારે તેમણે પત્તરના શિક્ષણમાં બહુ રસ લીધો હતો. જુઓ પુસ્તક ૬, પા. ૨૯, ૧૧૮–૯, ૨૦૩, ૨૬૧ અને ૨૭૬.

Gandhi Heritage Portal

ન કરે. અમે આપણા યુવાન મિત્રનું હાર્દિક સ્વાગત કરીએ છીએ. અમને વિશ્વાસ છે કે પોતાની જન્મભૂમિમાં તેમનું આગમન તેમને પોતાને, તેમના સંપર્કમાં આવનારાઓને અને આખી હિંદી કોમને માટે આશીર્વાદરૂપ થઈ પડશે.

[મૂળ અંગ્રેજી]

ઇન્ડિયન ઓપીનિયન, ૧૬–૩–૧૯૧૨

૨૦૭. ગૃહમંત્રીને તાર[૧]

[લૉલી,]
માર્ચ ૨૦, ૧૯૧૨

ગૃહમંત્રી
કેપટાઉન

હવે મને ઇમિગ્રેશન બિલ વિષે ખબર આપી શકશો? હિંદુસ્તાનથી તેને વિષે પૂછપરછ કરતો તાર આવ્યો છે.

ગાંધી

[મૂળ અંગ્રેજી]

ગાંધીજીના હસ્તાક્ષરમાં લખાયેલ ઑફિસ નકલની છબી પરથી : એસ. એન. ૫૬૪૧

૨૦૮. છગનલાલ ગાંધીને પત્ર

[લૉલી,]
ચૈત્ર સુદ ૬ [માર્ચ ૨૪, ૧૯૧૨][૨]

ચિ. છગનલાલ,

ચિ. મગનલાલનો કાગળ મારી ઉપર છે. તમારી મીટિંગ હું સમજી શકતો નથી તેમ જ મિનિટનો અર્થ જે થાય છે તે પણ નથી સમજાતો. તમે પોતે પાછા આવો ને તમારો હોદ્દો તમને ન મળે, તે મને સમજમાં નથી આવતું. આ બધાનું પરિણામ શું આવ્યું તે જણાવજો. ચિ. મગનલાલને હું નોખો કાગળ નહીં લખું. બહુ કામમાં હિસાબના છું. જો તમને તેઓ મૅનેજર તરીકે કબૂલ ન રાખે તો તમારે પ્રેસમાં શું કરવું એ તેઓ ઠરાવે એમ પણ સૂચવવું જોઈએ. છતાં હાલ તુરત તમે મૂંગા રહેજો. શું બને છે તે જણાવજો. ધીરજથી આ ઝાંઝવાનું પાણી અદૃશ્ય થઈ જશે. તમે વ્યવસ્થિત ચિત્ત છો એમ જાણવા ઇચ્છું છું.

૧. મંત્રીએ તે જ દિવસે જવાબ આપ્યો હતો કે, "ઇમિગ્રેશન બિલ વિષે કયારે વિચાર કરવામાં આવશે એ પહેલેથી કહેવું મુશ્કેલ છે . . . તેમ છતાં સંભવિત તારીખની ખબર પડશે એટલે તમને જણાવીશ." એસ. એન. ૫૬૪૨.

૨. પત્રના છેલ્લા પૅરામાં દુકાળના ઉચરાણની વાત આવે છે તે પરથી આ પત્ર ૧૯૧૨માં લખાયો હોવો જોઈએ એમ જણાય છે.

Gandhi Heritage Portal

સાથે ચિ. અભેચંદે[૧] મોકલેલું દુકાળના ઉઘરાણાનું લિસ્ટ છે તે છાપજો.[૨] ચેક અહીં આવી ગયો છે.

મોહનદાસના આશીર્વાદ

[મૂળ ગુજરાતી]
ગાંધીજીના હસ્તાક્ષરમાં લખાયેલા મૂળ પત્રની નકલ પરથી : સી. ડબ્લ્યુ. ૫૬૩૮
શ્રી છગનલાલ ગાંધીના સૌજન્યથી

૨૦૯. મિ. રતન તાતાને જાહેર પત્ર

[લૉલી,]
એપ્રિલ ૧, ૧૯૧૨

વહાલા મિ. તાતા,

સત્યાગ્રહની લડતના ખર્ચ માટે આપના તરફથી મળેલા રૂ. ૨૫,૦૦૦ની બીજી ઉદાર રકમની પહોંચ સ્વીકારતાં મારા કાગળમાં[૩] મેં આપને તથા મને પોતાને એક જાહેર કાગળ લખવાને વચન આપ્યું હતું. તે કાગળમાં પૈસાની આવક જાવકનો હિસાબ દાખલ કરવાનો મારો ઇરાદો હતો. આ વચન પાળવા હું માત્ર અત્યારે જ શક્તિમાન થાઉં છું તેથી હું શરમાઉં છું. આ લાંબી ઢીલ થવાનું કારણ એ છે કે મારો બધો વખત લડતમાંથી ઊભી થતી એક કે બીજી બાબત વડે સાવ રોકાયેલો હોય છે. આ કામ મુલતવી રાખવાનું મારાથી બની શકે નહીં; અને હિસાબનું સરવૈયું આપ્યા વગરનો કાગળ લખવાનું તો મને ઠીક લાગ્યું નહીં. છતાં બાહોશ સત્યાગ્રહી મિ. સોરાબજી શાપુરજીની ખંતીલી મદદથી મેં હમણાં જ હિસાબનું કામ પૂરું કર્યું છે, અને હિસાબનો તારીજો આ સાથે આપને મોકલું છું.[૪]

હિસાબમાં ખર્ચની બાજુએ "ફાર્મ કૅપિટલ અૅકાઉન્ટ"ની રકમ આપ જોશો. આ ખર્ચ મિ. કૅલનબૅકના ફાર્મ ઉપર રહેઠાણનાં ઘરો બાંધવામાં થયું છે.[૫] તે બધું નહીં તો તેનો મુખ્ય ભાગ, સત્યાગ્રહીઓના ઉપયોગને માટે મિ. કૅલનબૅકે ફાર્મ વાપરવા આપ્યું તેની શરતોની રૂએ જ્યારે ફાર્મ ખાલી કરવામાં આવે, ત્યારે તે મિ. કૅલનબૅકના તરફથી પાછો આપવામાં આવે તેમ છે. ઇન્ડિયન ઓપીનિયન પેટે લખેલી રકમ વિષે ઑન. મિ. ગોખલે પરના અગાઉના મારા જાહેર કાગળમાં[૬] આપેલા હિસાબમાં સમજ પાડેલી છે. "સત્યાગ્રહી કુટુંબોને મદદ" એ રકમમાં ગરીબ સત્યાગ્રહી કુટુંબોને ગુજરાન ખર્ચ તથા સત્યાગ્રહીઓ તથા તેમનાં કુટુંબોને આપેલી બીજી બધી

૧. ગાંધીજીના પિતરાઈ અમૃતલાલના પુત્ર. નાતાલ પ્રાંતના ટૉંગાટ શહેરમાં તેમનો વેપાર હતો.
૨. આ લિસ્ટ મળતું નથી પણ ૩૦-૩-૧૯૧૨ના ઇન્ડિયન ઓપીનિયનમાં આપેલી યાદી આ હોઈ શકે.
૩. આ પત્ર મળતો નથી. ટ્રાન્સવાલ સત્યાગ્રહ ફંડમાં તાતાએ પોતાનો પહેલો ફાળો નવેમ્બર, ૧૯૦૯માં રૂ. ૨૫,૦૦૦નો મોકલ્યો હતો; જુઓ પુસ્તક ૧૦, પા. ૮૩ બીજી વાર નવેમ્બર ૧૮, ૧૯૧૦માં રૂ. ૨૫,૦૦૦ મોકલ્યા હતા, જુઓ પુસ્તક ૧૦, પા. ૪૭૨.
૪. હિસાબ આ પત્રને છેડે આપવામાં આવ્યો છે.
૫. ટૉલ્સટૉય ફાર્મ.
૬. એપ્રિલ ૨૫, ૧૯૧૦નો પત્ર; જુઓ પુસ્તક ૧૦, પા. ૨૭૪-૮.

Gandhi Heritage Portal

મદદનો સમાવેશ થાય છે. બીજી રકમો વિષે મારે કાંઈ ઉમેરવાપણું રહેતું નથી. આવક બાજુ સંબંધમાં મારે જે કહેવાનું છે તે એ જ કે રંગૂન તથા લંડનથી આવેલી રકમો માત્ર કુટુંબોને મદદ આપવાના કામ માટે જ વાપરવાની હતી, તેમ જ હિંદની અમુક રકમો પણ મિ. પિટીટ તરફથી તેવા કામ માટે અલગ રખાવવામાં આવી હતી. આ બધી સૂચનાઓને બરોબર રીતે અળવામાં આવી છે. આવક બાજુએ "સ્થાનિક" એવા નામ સાથે કેટલીક રકમોનો સમાવેશ કર્યો છે જેને ખરી રીતે "મદદ" કહી શકાતી નથી. તેમાં પાછી મળેલી રકમો અથવા ખાસ અપાયેલી મદદની રકમોનો સમાવેશ થાય છે. તે ઉપરાંત તેમાં ફાર્મ પરની નિશાળમાં ભણતાં છોકરાંઓનાં માબાપોએ છોકરાઓના ખર્ચ પેટે ભરેલી રકમોનો પણ સમાવેશ થાય છે.

ઘણાએક વૉલંટિયરોએ પોતાની ખુશીથી પૈસા લીધા વગર કરેલી મદદ, મિ. કૅલનબૅકે વખતસર પૂરી પાડેલી ફાર્મની સહાયતા, અને તે બધા ઉપરાંત સત્યાગ્રહીઓનાં કુટુંબો ફાર્મ પર આવવાના વિચારને ખુશીથી અનુકૂળ થયાં તે જો ન બન્યું હોત તો ખર્ચ આથી બહુ વધારે થાત.

આ હિસાબની બાબતને હું છોડું તે પહેલાં હું એ પણ ઉમેરવા ઇચ્છું છું કે હિસાબમાં બતાવેલા આંકડાઓની અંદર અત્રે ઉઘરાવેલી અને સ્થાનિક કમિટી મારફત વહેંચી અપાયેલી સેંકડો પાઉંડની મદદનો સમાવેશ થયો નથી તેમ જ ખાનગી રીતે અપાયેલી મદદનો પણ સમાવેશ કર્યો નથી, કે જે રકમો વિષે આપણા દેશી ભાઈઓને કદાચ કોઈ દિવસ પણ કાંઈ જાણવામાં આવશે નહીં. ચાર વરસ ઉપરાંત ચાલેલી આ લડતમાં કોમે આપેલો પૈસા સંબંધી આપભોગ બહુ મોટો છે; અને મેં ખુશાલી તથા અચંબા સાથે જોયું છે કે જેઓ પોતાની તથા પોતાના દેશની ઇજ્જત વાસ્તે ફરી ફરીને જેલ ગયા છે તેમણે લડતની મદદ માટે પોતાનો પૈસો પણ ખુશી સાથે ખરચ્યો છે.

આપ જોશો કે અત્યારે જ હિસાબમાં ઘટત જોવામાં આવે છે, અને તેને પહોંચી વળવા જે માર્ગ મારે માટે ખુલ્લો હોય તેનો આશરો લેવાની મારે જરૂર પડી છે. તે સ્થિતિ લગભગ ત્રણ મહિના પહેલાં શરૂ થઈ છે. સારે ભાગ્યે થોડા વખતમાં મિ. પિટીટ તરફથી બે રકમો વખતસર પહોંચી. જો હિંદથી મદદ નહીં મળે તો,—અને અહીં તો વધુ ઉઘરાણું કરવાનું સંભવિત નથી, તો કાપકૂપની છરી કયે ઠેકાણે લગાડવી એ વિચારવા જેવું થઈ પડશે. ઘણાંખરાં સત્યાગ્રહી કુટુંબો ફાર્મ પરથી પોતાના ઠામ પર ગયાં છે, અને તેમના ધણીઓને અથવા તેમના રોટી કમાનારાઓને પોતાનાં ગુજરાનનાં સાધન મળી આવેલ છે. પણ તેઓ બધા સમજેલ છે કે જો ફરી લડત ઊપડે તો તેમણે ફાર્મ પર આવવાનું છે.

યુનિયન પાર્લમેન્ટની બેઠકો હાલ ચાલુ છે, અને જનરલ સ્મટ્સ અને મારી વચ્ચે ગઈ સાલ થયેલા પત્રવહેવારમાં[1] બતાવાયેલી શરતોને અમલમાં મૂકવાની યોજનાવાળું બિલ પહેલી વાર વંચાયું છે. છતાં લડતનો આ સાલ સાવ અંત આવશે એમ કહેવાનું મુશ્કેલ છે. બિલમાં જ

૧. આ પત્રવહેવાર નવેમ્બર ૧૯૧૦માં શરૂ થયો અને ૨૦મી મે ૧૯૧૧ને રોજ કામચલાઉ સમાધાન થયું ત્યાં સુધી ચાલ્યો. ગાંધીજીએ ગૃહમંત્રીને ૧૯૧૧ના માર્ચ દરમ્યાન લખેલા પત્રો માટે જુઓ પુસ્તક ૧૦ અને ગાંધીજી પર આવેલા પત્રો માટે જુઓ પ્રસ્તુત પરિશિષ્ટો. ૧-૪-'૧૧થી ૨૦-૫-'૧૧ સુધીમાં ગૃહમંત્રી તથા તેમના ખાનગી મંત્રીને ગાંધીજીએ નીચેની તારીખોએ પત્રો લખ્યા હતા: એપ્રિલ ૭, ૮, ૧૯, ૨૦, ૨૨ અને ૨૯; તથા મે ૪, ૧૮, ૧૯ અને ૨૦. સંઘ સરકાર તરફથી આવેલા પત્રો માટે જુઓ પરિશિષ્ટ ૧, ૨, ૪, ૫, અને ૬.

Gandhi Heritage Portal

સત્યાગ્રહીઓની દૃષ્ટિથી, તેમ જ સામાન્ય દૃષ્ટિથી કેટલાક વાંધા લેવા જેવું છે.[૧] મારા અભિપ્રાય પ્રમાણે, થયેલી સમજૂતીથી[૨] બધી શરતો તેમાં પળાતી નથી, પણ મને મોટી આશા છે કે સમજૂતીની શરતો તળેના વાંધા તો બિલમાંથી દૂર કરવામાં આવશે. જો કોઈ મુદ્દાની વાતમાં તે દૂર નહીં કરવામાં આવે તો એ તદ્દન ચોક્કસ વાત છે કે લડત ફરીથી ઉપાડવામાં આવશે. પણ બિલ આ વખતની બેઠકોમાં બિલકુલ પાસ ન થાય એમ માનવાને પણ કારણ છે, અને તે સ્થિતિમાં ફાર્મને ચાલુ રાખવું પડશે એવો દરેક સંભવ છે. આપ જાણો છો તેમ લડતનું મધ્યબિંદુ તે ટ્રાન્સવાલના ઇમિગ્રેશન કાયદામાં સમાયેલો કોમી ભેદ છે, અને ઠેઠ શરૂઆતથી એકસરખી રીતે અમે તેની સામે થતા આવ્યા છીએ. જ્યાં સુધી એશિયાટિકોને, એશિયાટિક હોવાના કારણસર પ્રોહિબિટેડ ઇમિગ્રન્ટ ગણવાની હઠ ટ્રાન્સવાલ ચાલુ રાખશે, ત્યાં સુધી લડત પણ ચાલુ જ રહેશે. એક વખતે તે ભેદ દૂર થાય, અને તેને લગતી વિગતોનો (જે વિગતોનું વિવેચન અત્રે કરવાનું હું જરૂરી ગણતો નથી) લેખિતવાર સમજૂતી પ્રમાણે નિકાલ કરવામાં આવે, એટલે સત્યાગ્રહીઓનો ધારેલો હેતુ સિદ્ધ થશે. ટ્રાન્સવાલમાં, અથવા યુનિયનની વાત હોય તો યુનિયનમાં, કેટલા અને કોણ દાખલ થશે એ એવી બાબત છે કે જેની ઉપર સત્યાગ્રહીઓએ સત્યાગ્રહી તરીકે કાંઈ ભાર નથી મૂક્યો. દાખલ થનારાઓની સંખ્યા, અને દાખલ થવાની રીતનો આધાર મોટે ભાગે અત્રેની કોમની વર્તણૂક ઉપર અને હિંદ જે માગણી કરે તે માગણીની ઉપર રહેશે.

કદાચ લડતનું સૌથી વધારે ઉપયોગી ફળ તે ફાર્મમાં સ્થપાયેલી નિશાળ છે. અત્યાર સુધી બે અડગ સત્યાગ્રહી મેસર્સ મેઢ અને દેસાઈની મદદથી, અને હવે મારા એક ભત્રીજાની[૩] મદદથી હું તે નિશાળ ચલાવું છું. નિશાળિયાઓની સંખ્યા ૨૫ની છે. તેમાં ૫૦થી વધારેને દાખલ કરવાનો ઇરાદો નથી. માત્ર દિવસના ભણવા જ આવે એમ કોઈ વિદ્યાર્થીઓને દાખલ કરવામાં આવતા નથી. દરેકે ફાર્મ ઉપર રહેવું જ જોઈએ. ઘણાખરા છોકરાનાં માબાપ તેમનાં ફરજંદના ગુજરાન ખર્ચ માટે માસિક પા. ૧–૧૦–૦ આપે છે. આવી રીતે ભરેલી રકમોનો સત્યાગ્રહની લડતના હિસાબમાં સમાવેશ કરવામાં આવ્યો છે. નિશાળિયાઓ પાસેથી ભણતરની ફી કાંઈ લેવામાં આવતી નથી. મગજની કેળવણીની સાથે અંગમહેનતની કેળવણી સામેલ રાખવામાં આવેલ છે, પણ સૌથી વધારે ભાર તે છોકરાઓના વર્તન ઘડવાની બાબત પર મૂકવામાં આવે છે. શરીરશિક્ષા બિલકુલ કરવામાં આવતી નથી, પણ છોકરાઓનાં હૃદય અને બુદ્ધિને અસર કરી તેમનાં દરેક સારાં તત્ત્વો ખીલી નીકળે તે માટે દરેક પ્રયત્ન થાય છે. છોકરાઓ પોતાના શિક્ષકો સાથે પૂરતી છૂટ લે છે. ખરું કહીએ તો આ ખાતું તે એક નિશાળ નથી, પણ એક કુટુંબ છે, અને તેમાંના દરેક વિદ્યાર્થીઓને કહીને તથા કરી બતાવીને, શીખવવામાં આવે છે કે તેઓ બધા કુટુંબીઓ છે. સવારમાં ત્રણ કલાક છોકરાઓ કોઈક તરેહની અંગમહેનત કરે છે, અને તેમાં ખાસ કરીને સાદામાં સાદી જાતનું ખેતીનું કામ કરાવવામાં આવે છે. તેઓ જાતે જ પોતાનાં કપડાં ધુએ છે, અને દરેક બાબતમાં તેમને સંપૂર્ણ રીતે સ્વાશ્રયી (પોતાના સિવાય બીજા

૧. જુઓ "ઈ. એફ. સી. લેનને પત્ર", પા. ૨૪૧–૩ અને ૨૫૬–૭.

૨. મે ૨૦, ૧૯૧૧નું સમાધાન.

૩. જમનાદાસ ગાંધી, જેઓ ઘણું કરીને ગુજરાતી શીખવતા હતા. માર્ચ ૨૧, ૧૯૧૨ને રોજ મેઢ અને દેસાઈના ગયા પછી ગાંધીજી શાળામાં તેમની મદદ લેતા હતા. જુઓ "ચંચળબહેન ગાંધીને પત્ર", પા. ૨૬૧–૨ તથા "મણિલાલ ગાંધીને પત્ર", પા. ૨૭૯.

Gandhi Heritage Portal

કોઈના પર આધાર ન રાખવો પડે એવા) બનાવવામાં આવે છે. વળી નિશાળની સાથે એક ચંપલ બનાવવાનો તથા એક સીવણનો વર્ગ રાખવામાં આવ્યો છે. સીવણનો વર્ગ મિસિસ વોગલની દેખરેખ નીચે ચાલે છે, તે પોતાના ઉલ્લાસથી કાંઈ લીધા વગર આ કામ કરે છે. હિંદી ઓરતોનું બજાર[૧] ભરવાની વ્યવસ્થાનો ભાર પણ તેમણે જ ઉઠાવેલો. ફાર્મ ઉપર નિશાળ કે રસોડા સંબંધમાં પગારદાર નોકરો બિલકુલ રાખવામાં આવતા નથી. મિસિસ ગાંધી અને મિસિસ સોઢા બેત્રણ વિદ્યાર્થીઓ (જેમને દર અઠવાડિએ વારાફરતી બદલાવવામાં આવે છે)ની મદદથી રસોઈનું બધું કામ કરે છે. બીડી ન પીવી, કેફી પીણાં ન પીવાં, અને વેજિટેરિયન રહેવું એટલી ટેક ફાર્મ ઉપર પાળવી જ પડે છે. માનસિક કેળવણી રોજ ઓછામાં ઓછા સાડા ત્રણ કલાક આપવામાં આવે છે; તેમાં ભણનારાઓની માતૃભાષા ઉપરાંત અંગ્રેજી, ગણિત તથા પાઠોમાં આવે એટલું ઇતિહાસ ભૂગોળનું શિક્ષણ અપાય છે. શિક્ષણ આપવાની ભાષા વિદ્યાર્થીઓની માતૃભાષા એટલે કે ગુજરાતી, હિંદી અને તામિલ છે. હું કહેવાને દિલગીર છું કે તામિલ શિક્ષણ બહુ પ્રાથમિક છે, કેમ કે સારો તામિલ શિક્ષક કોઈ મળતો નથી. દર સાંજરે એક કલાક વિદ્યાર્થીઓને તેમના પોતીકા ધર્મ વિષે શિક્ષણ આપવામાં આવે છે, અને આ હેતુથી મુસલમાની, હિંદુ અને ઝોરોઍસ્ટ્રિયન ધર્મપુસ્તકોમાંથી પાઠો વાંચવામાં આવે છે. છેલ્લામાંનું વાચન હમણાં પડતું મુકાયેલ છે, કેમ કે નિશાળમાં ભણનારા બે પારસી વિદ્યાર્થીઓ હમણાં જ અહીંથી ગયા છે. ધર્મ પ્રમાણે ગણના કરતાં વિદ્યાર્થીઓમાં ૧૬ હિંદુ અને ૯ મુસલમાન છે, અને જાત પ્રમાણે ગણતાં ૧૮ ગુજરાતી, ૬ તામિલ અને એક ઉત્તર હિંદુસ્તાન તરફનો છે. પ્રત્યેક ધર્મના વાચન વખતે બધા વિદ્યાર્થીઓ બધો વખત ધ્યાન આપે છે. વિદ્યાર્થીઓ સૌથી પહેલાં હિંદી છે, અને પછી બીજું બધું; અને તેમણે પોતપોતાના ધર્મમાં ચુસ્ત રહેવું જોઈએ જ, ત્યારે સાથે પોતાના સાથી વિદ્યાર્થીઓના ધર્મ પ્રત્યે સરખા માનની લાગણીથી જોવું જોઈએ, એ રહસ્ય તેમને ગળે ઉતારવાને પ્રયત્ન કરવામાં આવે છે. ફાર્મ ઉપરની જિંદગી અત્યંત સાદાઈભરેલી રાખવામાં આવે છે.

નિશાળ એ એક અખતરારૂપે છે. તે છોકરાઓ મોટા થાય ત્યારે ખેડૂત થઈ રહે અને સાદી જિંદગી ગાળનારા થાય, એવી વકી રાખવી તે તો જોકે વધુ પડતું છે, છતાં તેઓ સંસારના મેદાનમાં ઊતરે ત્યારે અત્યારે મેળવાતું કેટલુંક શિક્ષણ તેમની રોજની રહેણીકરણીમાં અમલમાં મૂકે એવી આશા રાખવી તે વધુ પડતું ગણાશે નહીં.

એવો સવાલ થશે કે આ નિશાળ ચાલશે કેવી રીતે? હું જ્યાં સુધી દક્ષિણ આફ્રિકામાં છું ત્યાં સુધી આ કામમાં મારો વખત ગાળવાની મારી ઇચ્છા છે, અને નહીં કે ફરીથી વકીલાત કરવાની, કે જે કેટલોક વખત થયાં મેં સાવ છોડી દીધેલ છે.[૨] છતાં જે અત્રેનું રાજદ્વારી કામ ગણાય તેમાં તો મારે મારો હિસ્સો બજાવવો જ જોઈશે, અને આ રાજદ્વારી કામ તે પોતાનું ગુજરાન માન અને મરતબા સાથે મેળવવાને જીવતોડ પ્રયાસ કરવો એ છે.

લિ.

હું છું, આપનો સાચો

મો. ક. ગાંધી

૧. જુઓ "જોહાનિસબર્ગમાં ઓરતોના કામનું બજાર", પા. ૨૧૪.

૨. જુઓ "ડૉ. પ્રાણજીવન મહેતાને પત્ર", પા. ૮૩.

Gandhi Heritage Portal

[બિડાણ]

હિસાબ

જ			ઉ		
પા.	શિ.	પે.		પા.	શિ. પે.	
૬,૭૨૩–	૯–	૩	હિંદથી મળેલી મદદ, જેમાં મિ. રતન તાતા તરફથી રૂ. ૫૦,૦૦૦ની રકમનો સમાવેશ થાય છે.	૨,૩૩૫–	૧–	૩	સત્યાગ્રહી કુટુંબો અને સત્યાગ્રહીઓને મદદ
				૧,૪૯૦–	૬–	૨	લંડન કમિટી
				૧,૨૦૦–	૦–	૦	ઇન્ડિયન ઓપીનિયન
૯૭૨–	૦–	૦	રંગૂન	૫૨૦–	૧–	૩	પગારો
૫૯–	૩–	૬	જંગબાર	૪૮૨–	૬–૧૧		મુસાફરી ખર્ચ, માલનાં ક્રેટ વગેરે
૫૦–	૦–	૦	મોઝાંબિક				
૧૮–૧૨–		૧૦	મોંમ્બાસા	૩૫૩–૧૯–		૧	ભાડાં વગેરે
૧૧–૧૨–		૦	ડેલાગોઆ બે	૩૭૧–	૧–	૩	કેપટાઉન, નાતાલ અને ટ્રાન્સવાલમાં વકીલની ફી
૭–૧૭–		૪	તામકાન				
૨–	૬–	૮	નવીસા	૧૨૧–૧૮–		૬	તારો
૦–૧૫–		૦	છીંડી	૧૯૧–	૯–	૧	કેબલો
૦–	૪–	૯	ચાઈચાઈ	૧૫૪–૧૨–૧૦			વર્તમાનપત્રો
૧–	૧–	૦	બ્લૅન્ટાયર	૬૫–૧૨–		૧	સ્ટૅમ્પ્સ
૧૫૯–૧૯–		૪	લંડન	૩૯–૧૩–૧૧			પરચૂરણ સ્ટેશનરી
૪૫૯–૧૦–		૧	સ્થાનિક, જેમાં દક્ષિણ આફ્રિકાનાં ઉઘરાણાંનો તથા નિશાળિયાઓના ગુજરાન ખર્ચના રકમનો વગેરેનો સમાવેશ થાય છે.	૩૧–૧૦–		૯	ડ્રાફ્ટ અને ચેકના વટાવ
				૪૯૨–૧૧–૧૧			ફાર્મ કૅપિટલ ઘરોનું બાંધકામ તથા ચીજ-વસ્તુઓના
				૬૫૯–	૮–	૦	ફાર્મ ગુજરાન ખર્ચ
૪૩–	૧–	૩	બાકી (ઘટત)				
૮,૫૦૯–૧૩–		૦		૮,૫૦૯–૧૩–		૦[૧]	

[મૂળ ગુજરાતી]

ઇન્ડિયન ઓપીનિયન, ૬–૪–૧૯૧૨

૧. મૂળ અંગ્રેજીમાં પગારનો આંકડો ૫૩૦–૧–૩ છે એટલે સરવાળો ૮૫૧૯–૧૩–૦ થાય છે. આના ઉલ્લેખ માટે જુઓ પા. ૨૭૩.

Gandhi Heritage Portal

૨૧૦. ઈ. એફ. સી. લેનને પત્ર

ટૉલ્સ્ટૉય ફાર્મ,
લૉલી,
એપ્રિલ ૪, ૧૯૧૨

પ્રિય મિ. લેન,

બિલ સંબંધી તમારા તાર[૧] માટે આભાર. હું જોઉં છું કે બિલ હજુ રજૂ થયું નથી. તે આ બેઠકમાં આવે એવો સંભવ છે? અથવા તો તે પડતું મૂકવાનું છે? મને જણાવી શકશો? તે પડતું મૂકવાનું હોય તો કોઈ નવી વ્યવસ્થા કરવી જોઈશે એ બાબત તમે મારી સાથે સંમત થશો. બની શકે તો તારથી જવાબ[૨] આપવા વિનંતી છે.

તમારો સહૃદયી
[મો. ક. ગાંધી]

મિ. અર્નેસ્ટ એફ. સી. લેન
કેપટાઉન

[મૂળ અંગ્રેજી]
ટાઇપ કરેલી નકલની છબી પરથી: એસ એન: ૫૬૪૩

૨૧૧. લોકેશનો અને રોગ

ક્ષય કમિશન સમક્ષ જુબાની આપતાં કેપ પ્રાંતના આરોગ્ય ખાતાના અધિકારી શ્રી થૉર્નટને ગમ્યું એક દિવસ એવું કહ્યાના સમાચાર છે કે: "મ્યુનિસિપાલિટીનાં લોકેશનોની સ્થિતિ બહુ ખરાબ છે. કેટલાક અપવાદો બાદ કરતાં, ત્યાંનાં ઝૂંપડાંઓનું નિરીક્ષણ ક્વચિત જ કરવામાં આવે છે; અને લોકેશનોમાંથી થતી આવકના બદલામાં ભાગ્યે જ કોઈ મ્યુનિસિપાલિટી કશી સગવડો આપે છે." કમિશન સમક્ષ પડેલી બીજી જુબાની પરથી સાબિત થાય છે કે વધારે "સુધરેલાં" રાષ્ટ્રોની બીજા લોકોને "સભ્ય" બનાવવાની નીતિનું પરિણામ આ દેશના આદિવાસી-ઓનાં મૃત્યુ અને વિનાશમાં જ આવ્યું છે. અહીંના આદિવાસીઓએ યુરોપિયન રહેણીકરણી ગ્રહણ કરી તે પહેલાં તેમનામાં ક્ષયરોગનું નામ પણ કોઈ જાણતું નહોતું. એક ખ્રિસ્તી ધર્મ પ્રચારકેન્દ્રને વિષે ખાસ કહેવામાં આવ્યું છે કે તે આ રોગથી પ્રમાણમાં મુક્ત છે, કારણ કે ત્યાંનું જીવન લગભગ આદિવાસી ગામડાના જેવું જ છે. સાદી રહેણીકરણીવાળા લોકોને તેમના નૈસર્ગિક વાતાવરણમાંથી ગીચ વસ્તીવાળાં રોગિષ્ઠ શહેરો અને લોકેશનોમાં લાવવાની પદ્ધતિનું આ વાત એક ગંભીર તહોમતનામું છે. આ પરથી જણાય છે કે આધુનિક જીવનપદ્ધતિથી પરિચિત થવાના અનિશ્ચિત લાભને ખાતર એ લોકો પોતાના આરોગ્યને ભયંકર હાનિ પહોંચાડે છે. નૈતિક ધોરણનો પ્રશ્ન જે વધારે વ્યાપક અને અતિ વધારે મહત્ત્વનો છે તેને વિષે અમે

૧. જુઓ "ગૃહમંત્રીને તાર", પા. ૨૭૧.
૨. મંત્રીએ ૬મી એપ્રિલે તારથી જવાબ આપ્યો: " . . . ઇમિગ્રેશન બિલ પડતું મૂકવાનો ઇરાદો નથી." (એસ. એન. ૫૬૪૪) અને તે જ દિવસે તેને પુષ્ટિ આપતો પત્ર લખ્યો. એસ. એન. ૫૬૪૫.

Gandhi Heritage Portal

હાલ કશી ચર્ચા કરવા માગતા નથી. પણ એટલું કહીશું કે અમારા અભિપ્રાય મુજબ, લોકોને ગીચ વસ્તીવાળા વિસ્તારોમાં એકઠા કરવાનું પરિણામ અત્યંત ખરાબ આવે છે.

જે કોઈએ આદિવાસીઓનું કે હિંદીઓનું લોકેશન જોયું છે તેના મન પર એવી જગ્યાની તદ્દન અસહાય દશાની અસર પડયા વિના નહીં રહી હોય. રસ્તાઓની શરમજનક ઉપેક્ષા, પાણીના યોગ્ય નિકાલનો તદ્દન અભાવ અને ખંડિયેર જેવાં મકાનો આ બધું જોઈને તરત ખબર પડી જાય કે આ લોકેશન છે, એટલે એવી જગ્યા છે જ્યાં બિનગોરા લોકોને બહિષ્કૃતની જેમ જીવન વિતાવવા ધકેલી દેવામાં આવે છે. લોકો અંદર અંદર ગુસપુસ કરે છે કે, રાત્રે એકલા ત્યાં જવામાં 'જોખમ' છે; પ્લેગવાળી જગ્યાની જેમ તેનાથી દૂર રહો. મ્યુનિસિપાલિટીની મેલાની ગાડીઓ અને ભંગીઓ પણ એનાથી દૂર રહેવા માગે છે અને એવી ગંદી જગ્યા પ્રત્યે સામાન્ય રીતે હોય છે તેવો આણગમો બતાવવામાં છે. ભાડાં અને કરવેરા નિયમિત રીતે વસૂલ કરવામાં આવે છે; પણ એ પૈસા મ્યુનિસિપાલિટીની તિજોરીમાં ચાલ્યા જાય છે. નવું લોકેશન વસાવવું હોય તો તેને માટે, ગઈ કાલ સુધી જ્યાં શહેરનો કચરોપૂંજો અને મરેલા ઘોડાઓને ફેંકવામાં આવતા એવી જગ્યાનો ઉપયોગ કરવાનું સસ્તું ગણવામાં આવે છે. પછી એ લોકેશનો ક્ષય અને બીજા ભયંકર રોગોનાં ધામ બની જાય એમાં શું આશ્ચર્ય!

અમારા જાણવામાં આવ્યું છે કે જોહાનિસબર્ગની ટાઉન કાઉન્સિલે આદિવાસીઓના એક લોકેશનના સવાલનો 'નિકાલ' કરવાનો નિશ્ચય કર્યો હતો અને તેમને વસાવવાના સવાલનો ઉકેલ લાવવા માટે તે "ભારે" પ્રયત્ન કરવાની છે. એને માટે તેઓ આ પ્રમાણે કરવા માગે છે: જે લોકો હાલ પોતાની ઇચ્છા પ્રમાણે ગમે ત્યાં રહેતા હશે તેમને એક મોટા ચોગાનમાં એકઠા કરવામાં આવશે અને તેઓ ઇચ્છે કે ન ઇચ્છે, તેમને ત્યાં જ રહેવાની ફરજ પાડવામાં આવશે. એ લોકેશનની ચારે બાજુએ એક વાડ કરવામાં આવશે અને તેમાં રહેનારાઓને એક મોટા દરવાજામાં થઈને દાખલ થવું પડશે, જ્યાં પોલીસનો પહેરો રહેશે. ઠરાવેલે વખતે દરવાજો બંધ કરવામાં આવશે અને આદિવાસીઓ પોતાના યુરોપિયન માલિકોનું કામ કરવા માટે વેળાસર પહોંચી શકે એવે વખતે તે ખોલવામાં આવશે. જોહાનિસબર્ગના એક પ્રસિદ્ધ નાગરિકે પોતાનો અભિપ્રાય આપ્યો છે કે, આ યોજના કેવળ જનતાના સ્વાસ્થ્યની દૃષ્ટિએ જ નહીં પણ પોલીસની દૃષ્ટિએ પણ બહુ સફળ થશે. હવે અમને ખાતરી છે કે જનતાનો અર્થ ગોરી જનતા છે, અને નહીં કે તે જનતા જેને મ્યુનિસિપલ કંપાઉંડમાં રહેવાનો ખાસ લાભ મળવાનો છે; અને અમે માનીએ છીએ કે ડૉ. થૉર્નટન આ વાતમાં અમારી સાથે સંમત થશે. અને ભલા, "પોલીસની દૃષ્ટિએ" એ વળી શું છે? અમે ધારીએ છીએ કે એ વિષે અમે અનુમાન કરી શકીએ છીએ, પણ એ વિષે ખરા જ પડીશું એવી ખાતરી નથી એટલે અમે માત્ર એટલું જ સૂચવીને સંતોષ માનીશું કે, હવે બધા જ કાળા માણસોને અલગ રાખવામાં આવશે એટલે શહેરોમાં ટોળે વળતા ગોરા ગુનેગારો પર નજર રાખવાનું સુગમ થશે. પણ આપણે પાછા મુખ્ય મુદ્દા પર આવીએ. નિષ્પક્ષ અને દીર્ઘદૃષ્ટિવાળા લોકોને અમે ક્ષયરોગ કમિશન સમક્ષ પડેલી જુબાનીમાં રહેલી ચેતવણીની ઉપેક્ષા નહીં કરવા વિનંતી કરીએ છીએ. એ ચેતવણી એવી છે કે, લોકેશનો વધારવાં એટલે રોગ અને મૃત્યુની સંખ્યામાં વધારો કરવો.

[મૂળ અંગ્રેજી]

ઇન્ડિયન ઓપીનિયન, ૬–૪–૧૯૧૨

Gandhi Heritage Portal

૨૧૨. મણિલાલ ગાંધીને પત્ર

[લૉલી,]
ચૈત્ર વદ ૫ [એપ્રિલ ૬, ૧૯૧૨][1]

ચિ. મણિલાલ,

તમારો કાગળ મળ્યો. મને વીરજી[2] — સામ વિષે ભલે લખ્યું. તમે જ્યારે દોષ જુઓ ત્યારે મને જણાવવા એ તો બરોબર છે. મારી ઇચ્છા તો એવી છે કે દોષ કરતાં માણસોના ગુણ વિશેષ જુઓ. દોષથી તો આપણે બધા ભર્યા જ છીએ. એટલે આપણે માણસોના ગુણ શોધી તેનું જ મનન કરવું. આવી ટેવ પાડી પડી શકે છે. પણ જ્યાં સુધી ન પડે ત્યાં સુધી તમે જે જે દોષ જુઓ તે મને બતાવતાં ન અચકાજો. તમે લખો છો તેમ જ હોય તો મને પણ લાગે છે કે બન્ને જણ નકામો વખત ગુમાવે છે. પ્રેસ વિષે તમારી ટીકા બરોબર હોઈ શકે. પણ ગીતાજીનું વાકય સંભારવું. જે અપરિહાર્ય — જેને વિષે આપણે ઉપાય નથી શોધી શકતા — તે સહન કરવું. તમે તમારું કર્તવ્ય કર્યે જ જશો એટલે તમને સંતોષ રહેશે. આપણે આપણી ફરજ બજાવતાં છતાં આખી દુનિયા રોળાયા કરશે તેનું કેમ કરશું? તેનો વિચાર કરવો એ પણ અભિમાન ગણાય. આ વિષયે તમારું કાર્લાઈલ મારી પાસે છે તેમાં મેં કેટલાંક ભારે વાકયો હમણાં જ વાંચ્યાં છે. તે કોઈ વેળા તમારે સારુ ઉતારીશ.

મિ. વેસ્ટ વ. બધાં આવે છે એથી તમે ત્યાં કંઈક વધારે મૂંઝાશો. છતાં મૂંઝાવું નહીં. મિ. વેસ્ટ ઠીક જ આવે છે. તેને મળવાની જરૂર હતી.

તમારા અભ્યાસમાં ખલેલ આવવા ન દેશો.

સોમવારે છોકરાંઓને સારુ સ્પૉર્ટસ રાખી છે. માબાપો પાસેથી ઈનામો લીધાં છે. વળી બીજાં પણ ૫૦ માણસો આવશે. તમે આવે વખતે હોવ તો ઠીક એમ થયા કરે.

જમનાદાસને ચોપડા રાખતાં શીખવ્યું છે તે સહેલું છે. તેની મદદ હું સારી લઉં છું.

બાપુના આશીર્વાદ

[મૂળ ગુજરાતી]
ગાંધીજીના હસ્તાક્ષરમાં લખાયેલા મૂળ પત્ર પરથી: સી. ડબ્લ્યુ. ૯૪
શ્રીમતી સુશીલાબહેન ગાંધીના સૌજન્યથી

૧. આ કાગળ ટૉલ્સ્ટૉય ફાર્મ ઉપરથી લખાયો હતો. કાગળના બીજા પૅરામાં વેસ્ટ વગેરેના આવવાની વાત છે. વેસ્ટ ત્યાં ૧૯૧૨ના એપ્રિલની ૧૦ મીએ પહોંચ્યા હતા અને ૭ મે, ૧૯૧૨ સુધી રહ્યા હતા. કાગળમાં જણાવેલા છોકરાઓની સ્પૉર્ટ્સ ૧૯૧૨ના એપ્રિલની ૮મીએ યોજવામાં આવી હતી. તે તારીખે સોમવાર હતો. (ઇન્ડિયન ઓપીનિયન, ૧૩-૪-૧૯૧૨) એટલે આ કાગળ ૧૯૧૨માં લખાયો હોવો જોઈએ. તે વર્ષે ચૈત્ર વદ ૫, એપ્રિલની ૬ઠ્ઠીએ હતી.

૨. ઇન્ટરનેશનલ પ્રિન્ટિંગ પ્રેસ, ફિનિક્સનો એક ગુજરાતી કંપોઝીટર.

Gandhi Heritage Portal

૨૧૩. ઈ. એફ. સી. લેનને પત્ર[1]

એપ્રિલ ૧૧, ૧૯૧૨

પ્રિય મિ. લેન,

મેં હમણાં એક છાપાની કાપલી જોઈ. તેમાં કામચલાઉ ગૃહમંત્રીએ ચેમ્બર ઑફ કૉમર્સના મંત્રીને લખેલો પત્ર આપેલો છે. તેમાં એક પૅરા નીચે મુજબ છે.

> આ બિલના ખરડાનો ઉદ્દેશ, શ્રુતલેખન કસોટીનો ઉપયોગ એશિયાઈઓને ફ્રી સ્ટેટમાં દાખલ થવા દેવાના સાધન તરીકે કરવાનો નથી, પણ તેમને દાખલ થતા રોકવાનો છે. આ ખરડામાંની જોગવાઈઓથી ફ્રી સ્ટેટને, એશિયાઈઓના પ્રવેશ સામે, એ રાજ્યની કાયદાપોથીના ૩૩મા પ્રકરણની જોગવાઈઓ મુજબ જે રક્ષણ મળે છે તેનાથી વધારે સારું રક્ષણ મળશે.[2]

આશા રાખું છું કે આનો અર્થ એવો નહીં હોય કે જેમને ઇમિગ્રેશન કસોટી મુજબ સંઘ રાજ્યમાં દાખલ થવા દેવામાં આવ્યા છે તેમને, ફરી પરીક્ષા આપવાની ફરજ પાડીને અને તેમાં નાપાસ કરીને, ફ્રી સ્ટેટમાં દાખલ થતાં અટકાવવામાં આવશે, અથવા અટકાવી શકાશે. આ બાબતમાં મારી શંકા દૂર કરશો તો આભારી થઈશ.

તમારો સહૃદયી
[મો. ક. ગાંધી]

મિ. અર્નેસ્ટ એફ. સી. લેન
કેપટાઉન

[મૂળ અંગ્રેજી]
ટાઈપ કરેલી ઑફિસ નકલની છબી પરથી : એસ. એન. ૫૬૪૬

૧. આના જવાબમાં લેને એપ્રિલની ૧૭મીએ લખ્યું : " . . . ચેમ્બર ઑફ કૉમર્સના મંત્રીને લખેલા પત્રનો તમે જે અર્થ કરો છો તે તદ્દન ખરો છે." એસ. એન. ૫૬૪૭.

૨. નાતાલ મર્ક્યુરીમાંથી ઇન્ડિયન ઓપીનિયનને પોતાના ૬–૪–'૧૨ના અંકમાં ઉતારેલા આ પત્રમાં ઑડિટિંગ સેક્રેટરીએ વધારામાં લખ્યું હતું : " . . . હાલના કાયદા મુજબ એશિયાઈઓ ફ્રી સ્ટેટમાં દાખલ થઈ શકે છે અને ત્યાં સ્થાયી રહેવાની પરવાનગી માટે અરજી કરે તે પહેલાં ઠીક ઠીક મુદત સુધી રહી શકે છે, જ્યારે જે નવો કાયદો થવાનો છે તે મુજબ, તેમને સરહદ ઉપર પ્રાંતમાં દાખલ થતા અટકાવી શકાશે."

Gandhi Heritage Portal

૨૧૪. મણિલાલ ગાંધીને પત્ર

[લૉલી,]
ચૈત્ર વદ ૧૧ [એપ્રિલ ૧૩, ૧૯૧૨][૧]

ચિ. મણિલાલ,

તમારો કાગળ મળ્યો. મિસિસ પાઈવેલ[૨] વ.એ તમારી બરદાસ બહુ કરી છે એટલે તમને લાગી આવે એ નવાઈની વાત નથી.

તમારી અવ્યવસ્થિત સ્થિતિ મને દુઃખરૂપ થઈ પડી છે. તમે ખૂબ પ્રયત્ન કરીને પણ વ્યવસ્થિત બનો એમ ઇચ્છું છું.

તમારો ફોટોગ્રાફ જોયો. તમારો અત્યંત ઇંગ્રેજી લેબાસ મને પસંદ આવે તેમ નથી. કૉલર સુધ્ધાં સ્ટાર્ચવાળો? તમે ચોખાં કપડાં પહેરો એ જરૂરનું છે. પણ બહુ ચોક્સ ઇંગ્રેજના જેવાં કપડાં પહેરો એ આપણને શોભતું નથી. સાધારણ રીતે તમે દેશી ટોપી પહેરો તોપણ ઠીક. આ બધી બાબતોમાં હું ટીકા કરું છું તેથી થડકવું નહીં. તમને જ્યાં મારી ટીકા પસંદ ન પડે ત્યાં તેને કોરે મેલજો. મને રાજી રાખવા તમારી રહેણીકરણી ફેરફાર કરો એમ હું નથી ઇચ્છતો. તમને જ્યાં મારી દલીલ પસંદ આવે ને તે પ્રમાણે કરવા તમારી તાકાત હોય ત્યાં જ ફેરફાર કરજો.

અનીને ત્યાં વિશેષ વખત જવાની જરૂર છે.

છબીલદાસની[૩] વહુને પણ મળતા રહેજો. તેમની બરદાસ કરજો.

મિ. વેસ્ટને રંભાબાઈ[૪] પાસેની કોટડીઓ આપી છે. ખાય છે આપણી સાથે. તેને અગવડ આવતી હોય એમ નથી જોતો.

બાપુના આશીર્વાદ

[મૂળ ગુજરાતી]
ગાંધીજીના હસ્તાક્ષરમાં લખાયેલા મૂળ પત્ર પરથી: સી. ડબ્લ્યુ. ૯૭
શ્રીમતી સુશીલાબહેન ગાંધીના સૌજન્યથી

૧. છેલ્લા ફકરામાં વેસ્ટનો ઉલ્લેખ આવે છે. તે એપ્રિલ ૧૧, ૧૯૧૨માં ફાર્મ પર આવ્યા હતા. આથી ખબર પડે છે કે આ પત્ર ૧૯૧૨માં લખવામાં આવ્યો હશે. તે વર્ષે ચૈત્ર વદ ૧૧, એપ્રિલની ૧૩મીએ હતી.

૨. એ. એચ. વેસ્ટની સાસુ.

૩. ડરબનના છબીલદાસ મહેતા.

૪. મિસિસ રંભાબાઈ સોઢા.

Gandhi Heritage Portal

૨૧૫. છગનલાલ ગાંધીને પત્ર

[લૉલી,]
વૈશાખ સુદ ૮ [એપ્રિલ ૨૪, ૧૯૧૨][૧]

ચિ. છગનલાલ,

તમારો કાગળ મળ્યો છે. વેસ્ટ પરનાં કાગળિયાં તેને મોકલી દઉં છું.

પ્રોફે. ગોખલેવાળું બધું છાપજો. તમે જણાવો છો તેટલી ટીકા બસ છે. આ આખું ઇંગ્રેજી ગુજરાતી બંનેમાં પ્રોફે. ગો.ની છબી સુધ્ધાં બહાર પડે તો સરસ. વળી જો તામિલ તરજુમો પણ ભલે નોખો આવે તો ભારે ગણાય. તેની હજાર નકલ ખપે એમ માનું છું. Honourable Mr. G. K. Gokhale એમ પૂરું લખજો.

ઘઉંને ખૂબ લાલ થાય ત્યાં લગી શેકવા. એક રાત પલાળીને શેકવાથી વધારે ઠીક થશે. શેકેલાને જાડા કણીદાર દળવા. દળેલાને રેશમ જેવા થઈ જાય ત્યાં લગી ઉકાળવા. તેમાં જરા ઘી નાખવું — ઊકળતા પાણીની સાથે. આ ભરડકું દૂધની સાથે ખવાય. એક કલાક સુધી ઉકાળવા એ ઠીક છે. પાણી એટલું જ રાખવું કે કલાક પછી ઘાટું એવું થાય કે લચકા ખીચડીના જેવું બની રહે. તેમાં મધ નાંખીને કે કોઈ પણ ઘેર બનાવેલા મુરબ્બાની સાથે ખાય તો ઠીક છે. પચે એટલું જ ખાય. પચે તેટલો જ ખોરાક આપવો.

મોહનદાસના આશીર્વાદ

[મૂળ ગુજરાતી]
ગાંધીજીના હસ્તાક્ષરમાં લખાયેલા મૂળ પત્રની છબી પરથી: એસ. એન. ૧૭૭૪(અ)

૨૧૬. મગનલાલ ગાંધીને પત્ર

[લૉલી,]
વૈશાખ સુદ ૮ [એપ્રિલ ૨૪, ૧૯૧૨][૨]

ચિ. મગનલાલ,

સાહિત્ય પરિષદનો[૩] રિપોર્ટ તથા હિંદી ચોપડીઓ હાલ તો રાખું છું. બદ્રીનો[૪] દીકરો અહીં છે તેને સારુ હિંદીનો ઉપયોગ કરું છું. ને રિપોર્ટ વાંચવાનો મને લોભ છે.

૧. બીજા પૅરામાં ગાંધીજી હિંદી ગિરમીટિયા મજૂરો બાબતના ગોખલેના બીજા ઠરાવ અને તેની ટીકાના અખબારી હેવાલોનો ઉલ્લેખ કરે છે. તે ૨૦-૪-૧૯૧૨ અને ૨૭-૪-૧૯૧૨ના ઇન્ડિયન ઓપીનિયનમાં પ્રગટ થયા હતા. ૧૯૧૨માં વૈશાખ સુદ ૮, એપ્રિલની ૨૪મીએ હતી.

૨. ફકરા ૨માં ઉલ્લેખ કરેલું ટ્રિટેનિક વહાણ એપ્રિલ ૧૪, ૧૯૧૨ને રોજ ડૂબ્યું હતું. તેથી સ્પષ્ટ છે કે આ પત્ર તે વર્ષે લખવામાં આવ્યો હશે. તે વર્ષે વૈશાખ સુદ ૮, એપ્રિલની ૨૪મી તારીખે હતી.

૩. ગુજરાતી સાહિત્ય પરિષદ.

૪. ગાંધીજીના એક જૂના અસીલ; જુઓ પુસ્તક ૮, પા. ૧૩૬.

Gandhi Heritage Portal

ટિટેનિકના હેવાલની[1] અસર તમને થઈ તેવી જ થવી જોઈએ. આપણે ચાંચડ જેવા છીએ. એવો ખ્યાલ વખતોવખત આવા બનાવો આપી શકે છે.

જમનાદાસમાં અસ્વસ્થતાનો પાર જ નથી. બે દિવસ સુધી તે એક જ વિચારનો રહી શકતો નથી. તેની ને મણિલાલની લગભગ એક જ દશા છે. છતાં જમનાદાસ આજ્ઞાંકિત છોકરો છે. એટલે હું નિશ્ચિત છું. કોઈ વેળા તેને તીવ્ર વૈરાગ આવે છે ને કોઈ વેળા અત્યંત મોહમાં ડૂબે છે. મન ઊચક થવાનું કારણ બા તરફની અશાંતિ હતું. તે તો ઘૂંટડો પીવો જ જોઈએ એમ મેં બહુ સમજાવ્યું છે. ગમે તેમ હોય છતાં તેણે વચન આપ્યું છે એટલે તે પળાવીશ. તેની પરમિટ પૂરી થવા આવી ત્યારે અમે અરસપરસ વિવાદ કર્યા પછી તેણે વધારે વખત રહેવાનો વિચાર બતાવ્યો ને તેની પરમિટ બીજા છ માસ લંબાવવાનો કાગળ પણ આવી ગયો. એટલે હવે તે તે મુદત દરમિયાન તો ન જ જઈ શકે એમ તેને સમજાવ્યું છે. હમણાં તો બા પણ ઠીક વરતે છે. વળી ત્રણ ચાર દિવસ જે. બી. [જોહાનિસબર્ગ] રહી આવ્યો એટલે હું માનું છું કે સ્વસ્થ છે. છતાં જરા વારમાં અવ્યવસ્થિત થતાં વાર લાગે તેમ નથી. અસ્વસ્થતા એ બાળપણનો સહજ દોષ છે. તેથી તે સહન કરવા લાયક છે. જે છોકરાં અસ્વસ્થ છતાં આજ્ઞાંકિત છે તે સહેલથી સ્વસ્થ થઈ શકે છે. તેવું જ જમનાદાસનું થશે એવી મારી ખાતરી છે.

મોહનદાસના આશીર્વાદ

[મૂળ ગુજરાતી]

ગાંધીજીના હસ્તાક્ષરમાં લખાયેલા મૂળ પત્રની છબી પરથી : એસ. એન. ૧૭૭૪(અ)

૨૧૭. સ્પૉર્ટિંગ સ્ટારને પત્ર[2]

સ્પૉર્ટિંગ સ્ટાર
[જોહાનિસબર્ગ]
સાહેબ,

હું મારો અભિપ્રાય કાંઈક અચકાયા વગર આપી શકતો નથી. તમારા લખનારની સૂચના વિષે બીજું કાંઈ ન કહેતાં એટલું જ કહેવું બસ થશે કે તે અમલમાં મૂકી શકાય એવી નથી.

૧. છગનલાલ ગાંધી તથા મગનલાલ ગાંધી ઘણી વાર ગુજરાતી અગ્રલેખો તેમ જ બીજાં લખાણો છપાતાં પહેલાં ગાંધીજીને જોવા મોકલતા; ઉદાહરણ માટે જુઓ "છગનલાલ ગાંધીને પત્ર", પા. ૧૬૮. ઘણું કરીને અહીં ૨૭-૪-૧૯૧૨ના ઇન્ડિયન ઓપીનિયનમાં પ્રગટ થયેલ "સર્વશક્તિમાન કિરતારની રચના"નો ઉલ્લેખ છે. તેમાં કહ્યું છે કે " . . . તેથી જગતના બનાવનારને ન ભૂલવા, અને તેની મદદ વગર એક રજ જેટલું કામ કરવા માણસ શક્તિમાન નથી એ યાદ રાખવા, ભક્તોએ અને સંતજનોએ માણસોને હમેશાં બોધ દીધો છે. કાંઈક આવો જ બોધ ટિટેનિક જેવી હોનારતથી પણ માણસને મળવો જોઈએ. . . . વિશેષ શિખામણ યુરોપ અમેરિકાના જડવાદી લોકો માટે સમાયેલ છે. તેઓ સાયન્સ અને ઇન્સાનના બળની એટલી પ્રબન્ધ કરે છે કે ઈશ્વરની સત્તા જેવી વાતને તેઓ બિલકુલ માનતા નથી. તેમને તેમની બુદ્ધિ અને તેમની શક્તિનું એટલું અભિમાન છે કે મગરૂર મનને રુચ્યું તે બધુંયે તેઓ કરવા લાયક ગણે છે. . . ." આ વિચારો ગાંધીજીના વિચારો જેવા જ છે. પૅરિસ મેટ્રોની આગ, ઉત્તર ભારતમાં ભૂકંપ અને મધ્ય ભારતમાં દુકાળ બાબત ગાંધીજીના પ્રત્યાઘાત માટે અનુક્રમે જુઓ પુસ્તક ૩, પા. ૪૬૪, પુસ્તક ૪, પા. ૪૮૪ અને પુસ્તક ૮, પા. ૧૪૭.

૨. સ્પૉર્ટિંગ સ્ટારના અધિપતિએ રમતના મેદાનમાં રંગભેદ સંબંધમાં મિ. ગાંધીનો અભિપ્રાય પુછાવતાં, મિ. ગાંધીએ એ છાપા પર આ લખાણ મોકલ્યું હતું.

Gandhi Heritage Portal

તેનો વિચાર શુદ્ધ દિલનો છે, પણ એશિયાટિકોના સુધરેલા અને વગર સુધરેલા એવા ભેદ પાડવામાં આવે તે કબૂલ ન થાય એવી વાત છે. રમતના મેદાન પર દાખલ કરતાં કાંઈ કેળવણી અથવા ચાલચલણનો વિચાર કરવામાં નહીં જ આવતો હોય. વળી ગોરાઓમાં સુધરેલા અને વગર સુધરેલા એવા એવા ભેદ પાડવામાં આવતા હોય એમ હું ધારતો નથી. માણસોને દાખલ કરતાં ઘટતો પહેરવેશ ને દેખાવ છે કે નહીં એ જ જોવામાં આવી શકે. બીજું અમુક સ્ટેન્ડોને એશિયાટિકોને વાસ્તે વાડ બાંધીને અલગ રાખવામાં આવે એ સૂચના પણ ભાગ્યે જ ઘણાને પસંદ પડશે. અમે અમારી મુનસફીથી અમુક ભાગ જ વાપરીએ એ એક વાત છે. અને અમને અમુક જ ભાગમાં જવું અને બીજામાં નહીં એમ ફરજ પાડવામાં આવે એ તદ્દન જુદી વાત છે. આમ કહું છું ત્યારે એશિયાટિકો અને કલર્ડ લોકો સામે આ મુલકમાં જે કમનસીબ રંગભેદની લાગણી છે તે હું ભૂલી જતો નથી. પણ મને એટલું તો લાગે છે કે જ્યાં સુધી સ્પોર્ટિંગ કમિટી એવા રંગભેદથી દોરાય છે ત્યાં સુધી કંજૂસપણાથી થોડોક હક આપવામાં આવે તે કરતાં બિલકુલ હક ન જ સ્વીકારાતો હોય એ વધારે સારું છે.

મો. ક. ગાંધી

[મૂળ ગુજરાતી]
ઇન્ડિયન ઓપીનિયન, ૪–૫–૧૯૧૨

૨૧૮. ટ્રાન્સવાલમાં ઔરતોની અટકાયત

એક કરતાં વધુ ઔરત પરણનાર ટ્રાન્સવાલવાસી હિંદીની સ્થિતિ મિસિસ હાસમના[૧] કેસમાં જોહાનિસબર્ગના માજિસ્ટ્રેટ મિ. જૉર્ડને[૨] આપેલા ચુકાદાથી પૂરી કફોડી થાય છે. મિસિસ જસાતના કેસમાં સુપ્રિમ કોર્ટે આપેલો ચુકાદો આ ચુકાદાના જેટલો આકરો ન હતો. તેમાં, એક કરતાં વધુ ઔરત કરનાર હિંદીની એક ઔરત તો દાખલ થઈ શકે એવો અર્થ કરવા અવકાશ હતો. મિ. જૉર્ડનના ચુકાદાથી આ અવકાશ રહ્યો નથી. તે કહે છે કે એક કરતાં વધારે ઔરતને પરણેલ હોય તેની એક પણ શાદી ટ્રાન્સવાલમાં કાયદાસરની કહેવાય નહીં, અને તેથી તેવા શખસની એક પણ ઔરત ટ્રાન્સવાલમાં દાખલ ન થઈ શકે. આ ચુકાદો બહુ આકરો પડે તેમ છે એ બતાવવા-પણું રહેતું નથી. તેને છેવટની કોર્ટ સુધી તો લઈ જવામાં આવશે જ; પણ તેમાં કાંઈ વિશેષ-નથી. પૂરી લડત લેવાયા વગર આ બાબતનો નિકાલ થવાનો નથી. દાખલ થવા અને કરવા ચાહનારે ગમે તે દુઃખે એ વિચારમાં મક્કમ રહેવું જોઈએ. તો કોર્ટ કે કાયદાની અન્યાયી

૧. અહીં હસન મહમદની પત્નીનો ઉલ્લેખ છે. હસન મહમદ નામના એક રજિસ્ટર થયેલા એશિયાઈએ ૧૮૯૫માં હિંદુસ્તાનમાં લગ્ન કર્યું હતું. ૧૯૦૫માં તેણે મુસ્લિમ કાયદા મુજબ બીજી પત્ની કરી, પણ પાછળથી તેને તલાક આપી. મૅજિસ્ટ્રેટ જૉર્ડને તેની પહેલી પત્નીને ટ્રાન્સવાલમાં દાખલ થતી અટકાવી. તેણે તેનો એશિયાઈની પત્ની તરીકે દાખલ થવાનો ડોમિસાઈલ અધિકાર નામંજૂર કર્યો, કારણ કે દક્ષિણ આફ્રિકામાં અનેક પત્ની કરવાનું કાયદેસર ગણાતું નહોતું. તે બાઈ ટ્રાન્સવાલ ઇમિગ્રન્ટસ રિસ્ટ્રિક્શન ઍક્ટ મુજબની શિક્ષણવિષયક પરીક્ષા પસાર ન કરી શકી એટલે મૅજિસ્ટ્રેટે તેને નિષિદ્ધ ઇમિગ્રન્ટ જાહેર કરી. ઇન્ડિયન ઓપીનિયન, ૪–૫–૧૯૧૨.

૨. એચ. એચ. જૉર્ડન; જોહાનિસબર્ગના મૅજિસ્ટ્રેટ. તેમની અદાલતમાં ગાંધીજીને તા. ૨૮–૧૨–૧૯૦૭ને રોજ પહેલી વાર સજા કરવામાં આવી હતી.

Gandhi Heritage Portal

અટકાયતથી કાઈ અટકવાનું નથી. વળી આ બાબતમાં ઇસ્લામી ધર્મના કાનૂનનો ચોખ્ખો ઇનકાર થાય છે. કોમ તે સહન કરી લેશે? મિસિસ જસાતને દેશનિકાલ કરવાનો હુકમ તેમના પર લટકતો રહ્યો છે, તેટલામાં બીજી બાઈને માથે તેવો હુકમ આવી પડયો છે.

[મૂળ ગુજરાતી]

ઇન્ડિયન ઓપીનિયન, ૧૧–૧–૧૯૧૨

૨૧૯. જોહાનિસબર્ગની નિશાળ

આ નિશાળની હિલચાલ અમે કાળજીપૂર્વક જોતા આવ્યા છીએ. હવે સ્થાનિક ધારાસભાની કારભાર મંડળીએ તે નિશાળ સ્થાપવાની ના પાડી છે. હજુ હિલચાલ જારી છે. પણ આશા થોડી રાખી શકાય છે. આમ ના પાડવાનું અમે તો એક જ કારણ માનીએ છીએ, અને તે આપણી સામેનો દ્વેષ છે. બીજું કારણ હત તો કારભાર મંડળી જણાવત.

જોહાનિસબર્ગના કેળવણી મંડળે આ નિશાળ સ્થાપવાની મંજૂરી આપી. તે વખતથી આપણે તો માનતા આવ્યા કે હવે તો નિશાળ ઊઘડશે જ. ભાડાની જમીનગીરી અપાઈ, અને બીજી નિશાળની પાસેથી નથી લેવામાં આવતી એવી શરતો આપણી પાસેથી માગવામાં આવી તે આપણે કબૂલ કરી. એટલે આપણે બધાએ માની લીધું કે હવે નિશાળ ઊઘડશે જ. કેળવણી મંડળે મંજૂરી આપ્યા પછી ધારાસભાની કારભાર મંડળી ના પાડે એ કંઈ ઓછી શરમની વાત ન ગણાય.

આમ છતાં અમે કબૂલ કરીએ છીએ કે કારભાર મંડળીના ઠરાવથી અમે નારાજ કે નાસીપાસ થતા નથી. માણસનું પાણી આફતે જ જણાય છે. હવે કોમનું પાણી જોવાનો વખત આવ્યો છે. જો કોમ ધારે કે સરકાર કેળવણી આપે તો જ આપણા છોકરા કેળવણી લે તો કોમ ભૂલ ખાશે. એટલું જ નહીં પણ એવી દશામાં મળેલી કેળવણી તે કશા કામની અમે માનતા નથી. આપણા સાહસથી અપાયેલી કેળવણી જ ખરી કેળવણી ગણાય.

સરકારની પાસે માગણી ભલે થઈ, પણ જે સરકાર આપણને દેશમાંથી કાઢી મૂકવા માગે છે તે સરકાર આપણને કેળવણી આપે એમ કેમ મનાય? આપે તોપણ તેમાં તેનો સ્વાર્થ સધાય તેવી કેળવણી આપે. જ્યારે જનરલ હરઝોગે ઇંગ્રેજી કેળવણી લેતા છોકરાઓને ફ્રી સ્ટેટમાં હરકત પાડી ત્યારે ઇંગ્રેજ માબાપોએ તુરત ખાનગી નિશાળો ખોલી અથવા તો પોતાનાં બચ્ચાંને સારુ બીજી ગોઠવણ કરી. શું આટલું હિંદી માબાપો નહીં કરે? જોહાનિસબર્ગ શહેરમાં સારી કેળવણી અપાય એવી સગવડ હિંદી કોમે કરવી ઘટે છે, અને જ્યારે કોમ તેવું કરી શકશે ત્યારે જ સરકાર સમજશે કે તેણે મદદ નહીં કરવામાં સજજડ ભૂલ કરી છે. આવી નિશાળ ચલાવવામાં આપણી પોતાની કારભાર મંડળી સરસ જોઈએ જ. તેમાં પીઢ ને પ્રમાણિક માણસો હોવા જોઈએ. તે કોમના દરેક ભાગના આગેવાન હોવા જોઈએ. તેવા માણસો આ કામ કરવા તૈયાર ન થાય તો નિશાળ નકામી થઈ પડશે અથવા પડી ભાંગશે.

ઉપરનું લખાયા પછી સરકાર તરફથી છેવટનું લખાણ મળ્યું છે તેમાં જણાવવામાં આવ્યું છે કે હિંદીઓ સ્વતંત્ર નિશાળ સ્થાપશે તો સરકાર તેને ગ્રાંટ આપવા વિચાર કરશે.

[મૂળ ગુજરાતી]

ઇન્ડિયન ઓપીનિયન, ૧૮–૧–૧૯૧૨

Gandhi Heritage Portal

૨૨૦. ઈ. એફ. સી. લેનને પત્ર

[લૉલી,]
મે ૨૧, ૧૯૧૨

પ્રિય મિ. લેન,

૧૪મી તારીખનો તમારો પત્ર[1] મળ્યો; તે બદલ આભાર. મને લાગે છે કે બેમાંથી એક પસંદ કરવાની કલમનો અર્થ જો એવો હોય કે આપણી વચ્ચેના પત્રવ્યવહારમાં જેનો ઉલ્લેખ છે એવી જાહેરાત[2] ભણેલા એશિયાઈઓ માટે કરવાની નહીં રહે, તો તે કલમ સંતોષકારક છે. મારી સૂચના એવી છે કે એ કલમમાં એવું સ્પષ્ટ વિધાન કરવું જોઈએ કે, સૂચિ નં. ૨માં જેનો ઉલ્લેખ છે તેવી જાહેરાત કરવાની જરૂર નથી.

ડોમિસાઈલ સંબંધી મુશ્કેલી દૂર કરવા માટે જનરલ સ્મટ્સનો આભાર માનું છું.

હું આશા રાખું છું કે બિલ કમિટીમાં આવે ત્યારે મેં મારા પત્રોમાં[3] જે બીજી મુશ્કેલીઓ જણાવી છે તે દૂર કરવામાં આવશે. એ મુશ્કેલીઓ હું સમજું છું તેમ, કામચલાઉ સમાધાનમાંથી ઊભી થયેલી છે.

આપનો સહૃદયી

[મૂળ અંગ્રેજી]

ગાંધીજીના હસ્તાક્ષરમાં લખાયેલા મૂળ મુસદ્દાની છબી પરથી : એસ. એન. ૫૬૫૩

૨૨૧. નાતાલમાં કેળવણી

[મે ૨૫, ૧૯૧૨]

હિંદી છોકરાંઓની કેળવણીનો વિચાર આખી કોમની નજરથી જૂજ પ્રસંગે જ કરવામાં આવે છે. આ પ્રસંગોમાંનો એક તે કેળવણી ખાતાનો સરકારી રિપોર્ટ બહાર પડવાની વખતે મળે છે તે છે. આ રિપોર્ટમાંથી કેટલોક — ખાસ કરીને હિંદીને લગતો — સાર અમે બીજી જગ્યાએ આપ્યો છે. તે વાંચનારને તુરત માલૂમ પડશે કે કેળવણીની બાબતમાં હિંદી કોમ કેવી અધમ દશા ભોગવે છે. ગોરા લોકોની સાથે હિંદીઓ સરકારના કરવેરામાં એકસરખો જ બોજો ઉઠાવે છે. ધંધા ઉદ્યોગનો મુખ્ય આધાર જે મજૂરી કહેવાય તે બધી હિંદી કોમના એક ભાગથી પૂરી પાડવામાં આવે છે, અને તેથી આ પ્રાંત તેની જુદી જુદી પેદાશો માટે હિંદી કોમને મોટે ભાગે આભારી છે. આ ઉપકારના બદલામાં, કેળવણી જેવી ભવિષ્યની પ્રજાના ઉપયોગની બાબતમાં જોઈએ તો, સરકાર હિંદી કોમને કાંઈ જ આપતી નથી. આ બીના જેટલી હિંદીઓને દિલગીર થવા જેવી છે તેટલી જ સરકારને માટે નામોશી ભરેલી છે. પ્રાંતની ગોરાની તથા હિંદીની વસ્તી લગભગ એકસરખી ગણાય — હિંદી વસ્તી થોડીક વધારે છે — ત્યારે સરકાર તરફથી નિભાવાતાં

૧. જુઓ પરિશિષ્ટ ૧૬.

૨. ઑરેંજ ફ્રી સ્ટેટમાં દાખલ થતા એશિયાઈઓને એવું જાહેર કરવું પડતું કે ત્યાં વેપાર કે ખેતી કરવા માટે વસવાનો અમારો ઇરાદો નથી. જુઓ પરિશિષ્ટ ૧૩.

૩. જુઓ લેનને પત્રો, ૨૪૧–૩, ૨૫૬–૭, ૨૬૪–૫, ૨૭૭ અને ૨૮૦.

Gandhi Heritage Portal

કેળવણી લેવાનાં સ્થળો જોઈએ તો ૩૦૬, અને ૩૬ના પ્રમાણમાં છે; એટલે કે ગોરાઓના કરતાં માત્ર આઠ કે નવમા ભાગની નિશાળો હિંદી માટે છે. નિશાળો પૂરી પાડવામાં આમ ચોખ્ખો અન્યાય છે એટલું જ નહીં, પણ જે જૂજ નિશાળ પૂરી પાડે છે તેમાં છોકરાંઓ માટે સરાસરી ખર્ચ પણ ગોરાઓ કરતાં બહુ ઓછું—લગભગ ત્રીજા ભાગનું—અપાય છે. એકંદર વાર્ષિક પા. ૧,૫૦,૪૭૧નું ખર્ચ થાય છે. તેમાં હિંદી કોમની કેળવણી પાછળ પા. ૬૩ હજારની નમાલી રકમ ખર્ચાય છે. ત્યારે ગોરા લોકની કેળવણી પાછળ સવા લાખ ઉપરાંત રકમ વપરાય છે; જો ઇન્સાફીપણાનો દાવો કરતા રાજકર્તાઓમાં ઇન્સાફનો છાંટો સરખો રહ્યો હોય તો કેળવણી સંબંધી આ તેમનું બેહદ ગેરઇન્સાફીપણું તેમને દેખાઈ આવ્યા વગર ન જ રહેવું જોઈએ. રિપોર્ટની બીજી ખાસ ધ્યાન ખેંચનારી બાબત તે હિંદી વિદ્યાર્થીઓની નજીવી સંખ્યાની છે. ગોરાઓનાં ૩૬,૨૨૧ છોકરાંઓને કેળવણીનો લાભ મળે છે, ત્યારે હિંદીનાં માત્ર ૩,૬૫૮ છોકરાં જ તે લાભ લે છે. ને તેમાંયે હિંદી છોકરીઓની સંખ્યા તો એટલી ઓછી છે કે હિંદીઓ સ્ત્રીજાતિને અભણ અને અજ્ઞાન રાખનાર જંગલી જેવા છે એવો ગોરાઓએ મૂકેલો આરોપ ખરો જ હોય એમ વાંચનારને ભાસ થાય. બેશક આ સ્થિતિનું એક કારણ સરકાર જોઈતી નિશાળો પૂરી પાડતી નથી, અને છોકરા અને છોકરીને માટે અલગ ગોઠવણ જોઈએ તે અપાતી નથી એ છે. છતાં હિંદીઓને પોતાનાં છોકરાં અને છોકરીઓને નિશાળે મૂકવાની જોઈતી કાળજી નથી એ પણ એક કારણ છે, અને તે થોડો ભાર મૂકવા જેવું નથી. જો કોમને કેળવણી માટે પૂરતી દરકાર હોય તો પોતાની મેળે યોગ્ય નિશાળો સ્થાપી શકે છે, તેમ જ ચાહે તો સરકાર પાસેથી પણ જોઈતાં સાધનો મેળવી શકે છે.

[મૂળ ગુજરાતી]

ઇન્ડિયન ઓપીનિયન, ૧–૬–૧૯૧૨

૨૨૨. ઈ. એફ. સી. લેનને પત્ર

લૉલી,

મે ૩૧, ૧૯૧૨

પ્રિય મિ. લેન,

બિલના બીજા વાચન વખતે જનરલ સ્મટ્સે જે ભાષણ[1] કર્યું છે તે, મને બીક છે કે, આંતરપ્રાંતીય અવરજવરના પ્રશ્નને કંઈક અસંતોષકારક સ્થિતિમાં રાખે છે. આ બાબતમાં જે વાંધો ઉઠાવવામાં આવ્યો છે તેનો નિકાલ જનરલ સ્મટ્સ પાર્લમેન્ટ સમક્ષ પડેલા કાયદામાં સુધારો કરીને કરવાને બદલે તેના અમલમાં શિથિલતા દાખલ કરીને કરવા માગે છે. મેં પહેલાં કહ્યું છે તેમ, આથી સત્યાગ્રહીઓને સંતોષ નહીં થાય. તેથી હું આશા રાખું છું કે બિલમાં એવો સુધારો કરવામાં આવશે જેથી બીજા પ્રાંતમાં રહેતા એશિયાઈઓના નાતાલ અને કેપમાં દાખલ થવાના અધિકાર આજે છે તેમ કાયમ રહે.

આપનો સહૃદયી

[મૂળ અંગ્રેજી]

ટાઈપ કરેલી ઑફિસ નકલની છબી પરથી : એસ. એન. ૧૬૫૪

૧. જુઓ પરિશિષ્ટ ૧૭.

Gandhi Heritage Portal

૨૨૩. એક ગિરમીટિયા ઓરતની કહાણી

જદુવંશી નામની કમભાગ્યે ગિરમીટમાં ફસાયેલી એક બાઈની ધ્યાન ખેંચનારી કહાણી અમારી જાણમાં આવી છે. ગિરમીટના અસહ્ય દુ:ખને લીધે કેટલીક વાર જેલ સહન કર્યા પછી અને માલિકે તેને રાખવા ફરી ફરીને ના પાડવાથી બેક માસ પર આ અશરણ અનાથ ઓરત કોઈ આશરો શોધતી અમઝીંટો તરફથી પગે ચાલીને ડરબન આવી હતી. એક દયાળુ હિંદી તેની કહાણી બહાર પાડવા માટે અમારી પાસે લાવેલ. તે વખતે જણાયું કે તે સાઉથ કોસ્ટ લાઈન તરફ રેલવેથી દૂર આવેલા ભાગમાં એક ગોરાને ત્યાં ગિરમીટમાં હતી. તેને તેના એકના એક પાંચ છ વરસના દીકરાને એકલો મૂકી કામે જવું પડતું. એક દિવસે છોકરો અગ્નિથી ગંભીર રીતે દાઝી ગયો. છતાં તેની સારવાર માટે તેની માને છૂટી મળી નહીં. માલિકે એક વાર છોકરાના ઘા પર કપડું સીવી લેવડાવ્યું, અને તે છોડવાની સખત મનાઈ કરી. ઘા રીતસર રોજ સાફ ન થવાથી તેની અંદર કીડા પડ્યા, અને દુખિયારી માની નજર આગળ અતિ વેદનાથી બાળક રિબાવા લાગ્યું. બાઈએ ફરી ફરીને પોતાનો એકનો એક દીકરો મરણ પામશે એવું આંસુભરી આંખે જણાવી તેની સારવાર કરવા કહ્યું, પણ તે પર કાંઈ ધ્યાન આપવામાં આવ્યું નહીં. છેલ્લી ઘડીએ જ છોકરાને ઈસ્પિતાલમાં લઈ જવામાં આવ્યો. ત્યાં તે મરણ પામ્યો, અને આધેડ વયની વિધવા બાઈ પોતાના એકના એક વહાલા બાળકરૂપી અમૂલ્ય મૂડી ગુમાવી બેઠી. તે અધૂરું હોય તેમ તેના માલિકે તેના પર વિશેષ દુ:ખ પાડ્યું. તેને તેનાથી ન થઈ શકે એવું આકરું કામ સોંપવામાં આવતું. ને તે ન કરવા માટે લાતો વડે અને બીજી રીતે માર મારવામાં આવતો. તેને તેનો પગાર પણ ન મળતો. વરસ એક સુધી ગિરમીટ કરી તે બદલ તેને માત્ર શિ. ૯/-ની રકમ જ મળી હતી. આવા દુ:ખમાંથી બચવા નિરાધાર ઓરતને કાંઈ ઈલાજ રહ્યો નહીં ત્યારે તેણે કામ કરવું બંધ કર્યું. એક પછી એક કેટલીક વાર તેને જેલમાં મોકલવામાં આવી, પણ કામ પર ચડવાની તેણે ના જ પાડી. કોરટે તેને જેલમાં ન મોકલતાં માલિકને ત્યાં મોકલાવી ત્યારે માલિકે પણ તેણીને પાછી રાખી નહીં. આખરે આ સાધન વગરની બાઈ રખડતી રખડતી પોતાનું દુ:ખ સાંભળનારને શોધતી ડરબન આવી હતી. તેની દયાજનક કહાણી સાંભળીને દુ:ખી દિલે અમે તે પ્રોટેકટર આગળ રજૂ કરી, અને તે બાઈની ઈચ્છા પ્રમાણે બીજા માલિકને ત્યાં તેની બદલી કરાવવા અથવા તેને દેશ પાછા મોકલવા માગણી કરી. પ્રોટેકટરે આ પ્રમાણે કરી આપવા વચન આપેલું. પણ, પાછળથી અફસોસ સાથે માલૂમ પડ્યું છે કે એ અમલદાર રિવાજ પ્રમાણે તે ગિરમીટિયા બાઈનો રક્ષક નહોતો જ. તેને માલિકે ન માની શકાય એવી વાત જણાવી કે બાઈએ પોતે જ પોતાના છોકરાની સંભાળ નહીં લીધેલી ને તેથી તેનો છોકરો મરણ પામેલો. ઈસ્પિતાલના ડૉકટરોએ પણ એક લાચાર બાઈને બદલે તેના પૈસાદાર માલિકનો પક્ષ કર્યો, ને તેથી માલિક ગંભીર આરોપમાંથી મુક્ત થયો. પ્રોટેકટર આગળથી જદુવંશી, બીજા કોઈ રક્ષકની ગેરહાજરીમાં, પોલીસના હાથમાં સોંપાઈ. માલિકને ત્યાં તેનાથી જઈ શકાય તેમ નહોતું જેથી કોરટે તેને એક માસની સજા કરી, અને ફરીથી એ મુદત પૂરી થતાં વધુ સજા માટે થોડા દિવસ પર ડરબન ક્રિમિનલ કોરટમાં માજિસ્ટ્રેટ મિ. ગિબ્સન આગળ ખડી કરવામાં આવી. કોરટને તેની કહાણીથી માલૂમ પડ્યું કે લગભગ અરધો ડઝન વખત જે જેલમાં જઈ આવી

Gandhi Heritage Portal

હતી તેને વધુ વખત જેલમાં મોકલવાનું નિરર્થક હતું. જે માલિકે ન કર્યું, જે પ્રોટેક્ટરે ન કર્યું, કે બીજા કોઈ રક્ષકથી જે ન થઈ શકયું, તે તે બાઈએ પોતાના જાતિબળથી મેળવ્યું છે. જેલમાં મોકલીને કંટાળનારી કોરટે તેને હિંદુસ્તાન પાછી મોકલવા હુકમ કર્યો છે. આમ જે ભૂમિમાંથી એકાદ વરસ પર એક લાચાર અબળાને ફોસલાવીને લાવવામાં આવી હતી, ત્યાં આખરે તે જશે; અને ગિરમીટની ગુલામીમાં ખ્યારા પુત્રરૂપી દોલત ગુમાવવાનું ફળ ભોગવી માંડ છૂટશે! આ દશા તે ગુલામી કેમ નહીં? આવી દશા કરાવવા માટે જોખમદાર સરકારને માબાપ લોકો કેમ કહેશે? કેટલા વખત સુધી કહેશે?

[મૂળ ગુજરાતી]

ઇન્ડિયન ઓપીનિયન, ૧–૬–૧૯૧૨

૨૨૪. ગિરમીટિયા હિંદીઓનું આરોગ્ય

ક્ષયરોગ કમિશન સમક્ષ હિંદી ઇમિગ્રન્ટોના સંરક્ષકે આપેલી જુબાની આપણને એ હકીકતની ફરીથી યાદ દેવડાવે છે કે બીજી કેટલીક બાબતોની જેમ આરોગ્યની બાબતમાં પણ સંરક્ષક તેના રક્ષણ નીચેના લોકોને રક્ષણ આપવા અશક્ત છે. સંરક્ષક તો સરકારી નોકર છે, ઇમિગ્રેશન ટ્રસ્ટ બોર્ડથી સ્વતંત્ર છે અને તેથી તેના સભ્યોની દખલ સિવાય સ્વતંત્રપણે કામ કરવાની સ્થિતિમાં છે. સ્વચ્છતા નિરીક્ષકો તથા સરકારી ડૉકટરો, જેઓ બરાકો અને તેમાં રહેનારાઓના આરોગ્યની દેખરેખ રાખવા નિમાયેલા હોય છે, તેમનું એવું નથી. તેમની નિમણૂક ટ્રસ્ટ બોર્ડો કરે છે અને તેથી તેઓ માલિકોના દબાયેલા હોય છે. અમે માનીએ છીએ કે આ પરિસ્થિતિમાં એ અધિકારીઓ માટે પોતાની ફરજ બજાવવાનું અશકય છે. હિંદી બરાકોની આજુબાજુની જમીન ગંદી હાલતમાં હતી તેને વિષે ક્ષયરોગ કમિશને પૂછેલા પ્રશ્નના જવાબમાં મિ. પોર્કિંગહોર્ન[1] કહ્યું : આ બધી વસ્તુઓની દેખરેખ રાખવા માટે એક સ્વચ્છતા નિરીક્ષક રાખવામાં આવે છે. બેશક, અમે સમજી શકીએ છીએ કે આ સ્વચ્છતા નિરીક્ષકને માલિકો એક હેરાન કરનારી બલા સમજે છે. નિરીક્ષક જે અનેક દોષો શોધી કાઢે તેથી ખર્ચ વધે છે અને નફો ઓછો થાય છે. પરિણામે અનેક દાખલાઓમાં આ નિરીક્ષકો જરૂરી સુધારણા સૂચવતા પણ નથી, કારણ કે તેઓ જાણે છે કે એથી તો ઘિમેલના પૂડામાં કાંકરો મારવા જેવી સ્થિતિ થશે. તેથી તેઓ પોતાને માટે મુસીબત ઊભી કરવા કરતાં, અને પોતાના સ્થાનને જોખમમાં નાંખવા કરતાં ચાલતું હોય તેમ ચાલવા દે એ સ્વાભાવિક છે. ઘણા વખત પહેલાં ૧૯૦૮માં સંરક્ષકે પોતાના વાર્ષિક હેવાલમાં આ બાબતમાં ધ્યાન ખેંચ્યું હતું. તેણે કહ્યું હતું કે મારા અભિપ્રાય મુજબ નાતાલના કિનારા પરના જિલ્લાઓમાં કામ કરતા ગિરમીટિયા હિંદીઓમાં મરણ પ્રમાણ વધુ હોવાનું કારણ ઘણે અંશે આ પરિસ્થિતિ છે, અને આવી કઢંગી સ્થિતિના વિરોધમાં તેણે સરકારી ડૉકટરો પાસે હેવાલો માગવાનું બંધ કર્યું હતું.

ઇમિગ્રેશન ટ્રસ્ટ બોર્ડ ગિરમીટિયા હિંદીઓના માલિકોએ ચૂંટેલા સાત સભ્યોનું બનેલું હોય છે. તે ઉપરાંત તેમાં સંરક્ષક અને સરકારે નીમેલો બીજો એક સભ્ય હોય છે. બોર્ડના બંધારણની

૧. જે. એ. પોર્કિંગહોર્ન, નાતાલના હિંદી ઇમિગ્રન્ટોના સંરક્ષક.

Gandhi Heritage Portal

વાત કરતાં સંરક્ષકે તેના હેવાલમાં કહ્યું છે કે "હિંદી ઇમિગ્રન્ટોને દાખલ કરતા કોઈ પણ બીજા સંસ્થાનમાં માલિકોનું આવું કોઈ બોર્ડ નથી. અને મારો દૃઢ મત છે કે આવી રીતે બનેલા બોર્ડને સંસ્થાનમાંના ગિરમીટિયા હિંદીઓ સાથે કેવો વર્તાવ રાખવામાં આવે, એ સવાલનો નિવેડો લાવવાનો કે તેમાં અસર પહોંચાડવાનો કશો અધિકાર ન હોવો જોઈએ." અમે ક્રી પોકિંગહૉર્ન સાથે બિલકુલ સંમત થઈએ છીએ અને માનીએ છીએ કે તેઓ આ બાબત ક્ષયરોગ કમિશનના ધ્યાન પર જરા વધારે અસરકારક રીતે લાવી શકયા હોત.

[મૂળ અંગ્રેજી]

ઇન્ડિયન ઓપીનિયન, ૨૨–૬–૧૯૧૨

૨૨૫. મિસિસ વોગલની બીજી બન્નર[1]

મિસિસ વોગલના નામથી અમારા વાચકો વાકેફ છે. તે ભલી બાઈ જોહાનિસબર્ગમાં હિંદી સ્ત્રીઓમાં સરસ કામ કરી રહી છે. તેણીએ ગયે વરસે જે ગુજરી ભરી હતી તે દરેક રીતે સરસ થયેલી. ફરી તેવી જ ગુજરી ભરવાનો તેનો ઇરાદો છે. તેથી મિસ શ્લેશિને હિંદની બાઈઓ ઉપર એક વિનંતીપત્ર[2] લખ્યો છે. મિસિસ વોગલ માને છે કે મરહૂમ નાગપ્પનની યાદગીરી સારુ જે રકમ ખર્ચાવી જોઈએ તેટલી ગઈ ગુજરીમાંથી નથી થયેલી. જે લડતમાં મરહૂમ નાગપ્પને પોતાની જિંદગીનો ભોગ આપ્યો તેના મહત્ત્વને લાયક કામ કરવા વિશેષ પૈસાની જરૂર છે. વળી મિસિસ વોગલ એમ પણ માને છે કે હિંદી બાઈઓના મંડળના કામને ઉત્તેજન આપવા સારુ પણ આવી ગુજરી વખતોવખત ભરાવી જોઈએ. ગુજરીને સારુ એ મંડળની બાઈઓ કામ કરતી આજથી જ થઈ ગઈ છે. આ વેળા ઘણો ઉપયોગી સામાન બનાવવો એવી ધારણા છે. અમને ખાતરી છે કે મિસિસ વોગલના સાહસને હિંદની ઉદાર બાઈઓ સંપૂર્ણ ઉત્તેજન આપશે. અને અમે ઉમેદ રાખીએ છીએ કે દક્ષિણ આફ્રિકામાં પણ હિંદી બાનુઓ અને બીજા પૂરી મદદ કરશે.

[મૂળ ગુજરાતી]

ઇન્ડિયન ઓપીનિયન, ૨૨–૬–૧૯૧૨

૧. જુઓ "જોહાનિસબર્ગમાં ઓરતોના કામનું બન્નર", પા. ૨૧૪.

૨. કુમારી શ્લેશિન, જે ટ્રાન્સવાલ હિંદી મહિલા સંઘનાં મંત્રી હતાં તેમણે, ૧૪મી જૂને લખેલા આ પત્રમાં ૧૯૧૩ના અંતમાં ભરાનારા બન્નર માટે ફેન્સી ચીજો તથા બીજી હસ્તકળાના નમૂના મોકલવા હિંદની સ્ત્રીઓને વિનંતી કરી હતી. તેમણે હિંદમાં બીજું જે મંડળો મદદ કરવા રાજી હોય તેમને પણ મદદ કરવા વિનંતી કરી હતી. ઇન્ડિયન ઓપીનિયન, ૨૨–૬–૧૯૧૨.

Gandhi Heritage Portal

૨૨૬. ગૃહમંત્રીને તાર[1]

જૂન ૨૫, ૧૯૧૨

ગૃહમંત્રી
પ્રિટોરિયા અને કેપટાઉન

પાર્લમેન્ટ મુલતવી રહેવાની છે તે જોતાં, હું જાણવા ઇચ્છું છું કે ઇમિગ્રેશન બિલ વિષે સરકારનો શો ઇરાદો છે? અને સમાધાનનો અમલ તે કેવી રીતે કરવા માગે છે?[2]

ગાંધી

[મૂળ અંગ્રેજી]
ઇન્ડિયન ઓપીનિયન, ૨૦-૭-૧૯૧૨; તથા હસ્તલિખિત ઑફિસ નકલની છબી પરથી :
એસ. એન. ૫૬૫૬

૧. તારના જવાબમાં ગૃહખાતાના કામચલાઉ સેક્રેટરીએ જુલાઈની ૧૬મીના પત્રમાં લખ્યું કે, " . . . મંત્રીએ મને આપને જણાવવાની આજ્ઞા આપી છે કે સરકાર બિલ પસાર કરાવવા બહુ આતુર હતી, પણ છેવટે તેણે દુઃખ સાથે જોયું કે એમ કરવું અશકય છે. . . . આવતા અધિવેશનમાં એક સુધારેલું બિલ રજૂ કરવામાં આવશે અને હાલતરત આ વિષય સાથે સંબંધ ધરાવતા હાલના કાયદાનો પહેલાંની જેમ અમલ કરવામાં આવશે." ઇન્ડિયન ઓપીનિયન, ૨૦-૭-૧૯૧૨. જુલાઈની ૧૬મીએ લૉર્ડ ક્રેવસ્ટને સામ્રાજ્ય સરકારના મંત્રી હારકોર્ટને જણાવ્યું કે એ બેઠકમાં બિલ પસાર થવાનો સંભવ નથી. જવાબમાં હારકોર્ટે "દુઃખ અને નિરાશા" પ્રગટ કરતો તાર કર્યો અને આશા વ્યક્ત કરી કે, "વહેલામાં વહેલી તકે બિલ ફરીથી રજૂ કરવામાં આવે અને પસાર કરવામાં આવે." તેના જવાબમાં દક્ષિણ આફ્રિકાના મંત્રીએ જણાવ્યું કે "સખત વિરોધ અને બીજા કામના દબાણને કારણે બિલ પડતું મૂકવું પડયું." જુલાઈની ૧૭મીએ તેઓએ બીજો તાર કર્યો કે "આવતા અધિવેશનમાં વહેલામાં વહેલી તારીખે બિલ ફરીથી રજૂ કરવામાં આવશે." — લૉર્ડ ઍમ્પ્ટહીલે ઉમરાવ સભામાં પૂછેલા સવાલો (પરિશિષ્ટ ૧૮) બાદ પ્રસિદ્ધ થયેલા "વ્હાઈટ પેપર"માંથી. ઇન્ડિયા, ૧૩-૯-૧૯૧૨.

૨. ગાંધીજીએ ૨૧મી એપ્રિલે લેનને લખેલા પત્રમાં, (પત્ર મળતો નથી) ઘણું કરીને પૂછ્યું હતું કે સંઘ રાજ્યની પાર્લમેન્ટનું અધિવેશન કયારે પૂરું થશે? લેને એપ્રિલની ૨૫મીએ જવાબ આપ્યો હતો કે, "હું ચોક્કસ તારીખ આપી શકું તેમ નથી, . . . મારા પોતાના અભિપ્રાય મુજબ, એ ૧૨મી જૂને સમાપ્ત થશે." એસ. એન. ૫૬૪૮. સંઘ રાજ્યની પાર્લમેન્ટ ઇમિગ્રેશન બિલના નવા ખરડાનો વિચાર કર્યા વગર જૂનની ૨૪મીએ બંધ થઈ, અને સપ્ટેમ્બરની ૨૭મી સુધી તે મળવાની નહોતી.

Gandhi Heritage Portal

૨૨૭. સાઉથ આફ્રિકા બ્રિટિશ હિંદી કમિટીને તાર

[જોહાનિસબર્ગ,]
જૂન ૨૬, ૧૯૧૨

સાઉથ આફ્રિકા બ્રિટિશ હિંદી કમિટી
૨૩૧-૨, સ્ટ્રૅન્ડ
[લંડન] ડબ્લ્યુ. સી.

વ્રીડીડૉર્પના વાડાઓના યુરોપિયન માલિકોને તાકીદની નોટિસ[૧] મળી છે કે તેમણે ત્રણ મહિનાની અંદર એશિયાઈ ભાડૂતોને ત્યાંથી ખસેડવા. આમ કરવામાં નહીં આવે તો વાડાઓ જપ્ત કરવામાં આવશે. આમાંના કેટલાક વાડા ખરી રીતે હિંદી માલિકોના છે. વ્રીડીડૉર્પના ૧૧ હિંદી વેપારીઓ વાડાઓ ખાલી કરાવવામાં આવશે તો, પાયમાલ થઈ જશે.

મો. ક. ગાંધી

[મૂળ અંગ્રેજી]
કૉલોનિયલ ઑફિસ રેકર્ડ્ઝ : સી. ઓ. ૫૫૧/૩૫

૨૨૮. લૉર્ડ ઍમ્પ્ટહીલની કમિટી

વિલાયતમાં જે આપણી કમિટી છે તેનો અને જોહાનિસબર્ગમાં જે સાર્વજનિક કામ થાય છે તેનો ખર્ચ ઉઠાવવાને સારુ પૈસો ન હોવાથી હાલ ટ્રાન્સવાલમાં ઉઘરાણું શરૂ થયું છે. ઉઘરાણાનું કામ મિ. સોરાબજીએ ખરું જોતાં માથે ઉઠાવી લીધું છે. તેની સાથે મિ. કાછલિયા ઘણી વાર નીકળે છે. તેમ જ મિ. દુલભભાઈ કલ્યાણજી, મિ. દયાળ પરભુ, મિ. મંછા ગોસાઈ, મિ. જી. કે. પટેલ, મિ. ભીખુભાઈ કરસનજી અને મિ. જેરામ ગોસાંઈ નીકળે છે. મિ. સોઢા પણ ઉઘરાણું કરવા જાય છે. વીરીનિગિંગથી પા. ૨૭ શિ. ૧૨ આ ખર્ચ ખાતે મળ્યા છે તે સુધ્ધાં લગભગ પા. ૩૫૦ ઉઘરાવાયા છે. થોડી મુદતમાં બહારગામ ઉઘરાણાને સારુ નીકળવાનું થશે.

૧. આ નોટિસો તા. ૬-૬-૧૯૧૨ને રોજ, ૧૯૦૭ના વ્રીડીડૉર્પ સ્ટૅન્ડઝ ઍક્ટની કલમ ૪ મુજબ, જે વાડાઓમાં એશિયાઈઓ, વતનીઓ કે બીજા બિનગોરા લોકો રહેતા હોય તે વાડાઓના માલિકોને આપવામાં આવી હતી. વ્રીડીડૉર્પ સ્ટૅન્ડઝ ઑર્ડિનન્સ ટ્રાન્સવાલને જવાબદાર સરકાર મળી તે પહેલાં ૧૯૦૭ના સપ્ટેમ્બરની ૨૮મીએ ગવર્નમેન્ટ ગૅઝેટમાં પ્રસિદ્ધ થયો હતો. આ ઑર્ડિનન્સ એશિયાઈ અથવા બિનગોરા લોકોને ભાડે અથવા પેટા ભાડે જમીન આપવાની મના કરે છે. એ લોકો ઘરગથ્થુ નોકરો ન હોય તો વાડાઓમાં ઊભાં કરેલાં ઘરોમાં રહી પણ ન શકે. ૧૯૦૮ના ઑક્ટોબરની ૮મીએ બ્રિટિશ ઇન્ડિયન ઍસોસિયેશને આ કાયદા સામે લૉર્ડ ઍલ્જિનને અરજી કરીને તેને શાહી મંજૂરી ન આપવા વિનંતી કરી હતી. જુઓ પુસ્તક ૫, પા. ૫૦૦-૨. સાઉથ આફ્રિકા બ્રિટિશ ઇન્ડિયન કમિટીએ કરેલા આ અને બીજા પ્રયાસો પછી (પુસ્તક ૬, પા. ૩૭૮-૯ અને ૩૮૩) એક નવું બિલ પસાર કરવામાં આવ્યું જેમાં ચાર વરસની નોટિસ અને હિંદીઓએ બાંધેલાં મકાનોનું વળતર આપવાની જોગવાઈ કરવામાં આવી હતી. જુઓ પુસ્તક ૭, પા. ૧૬૮.

Gandhi Heritage Portal

પણ લૉર્ડ ઍમ્પ્ટહીલની કમિટીનું ખર્ચ બધું ટ્રાન્સવાલ પર ન પડવું જોઈએ. તેમાં નાતાલ, કેપ વગેરેએ ભાગ લેવાની જરૂર છે. તે કમિટી આખા દક્ષિણ આફ્રિકાનું કામ કરી રહી છે. અને તેમાં બધા હિંદીએ ભાગ લેવાની જરૂર છે.[૧]

[મૂળ ગુજરાતી]

ઇન્ડિયન ઓપીનિયન, ૨૯-૬-૧૯૧૨

૨૨૯. હાજીઓના માનમાં થયેલા મેળાવડાઓ

વધુ હેવાલ

[જોહાનિસબર્ગ,
જૂન ૨૯, ૧૯૧૨]

. . . ઑટોમન ક્રિકેટ કલબનો મેળાવડો શનિવારે રાત્રે એ જ ઠેકાણે થયો હતો. ૨૦૦થી ૩૦૦ જેટલા ગૃહસ્થો હાજર હતા. મિ. ગાંધીને પ્રમુખપદ આપવામાં આવ્યું હતું. મિ. ગાંધીએ ખુરશી લેતાં જણાવ્યું કે :

હું હાજીઓને માન આપવા માટે અહીં આવ્યો છું. મારો ઇરાદો ખુરશી લેવાનો નહોતો, પણ આ કલબના બે હોદ્દેદારોએ ખુરશી લેવા આગ્રહ કર્યો, ને તેના સાટામાં પોતે સત્યાગ્રહની લડત ફરીથી ઊભી થાય તો સામેલ થવા વચન આપ્યું તેથી મેં આજે પ્રમુખપદ ખુશીથી સ્વીકાર્યું છે. મારો ધંધો જ દેશને ખાતર જેલમાં જનારાને ગોતવાનો થઈ પડયો છે. આ કલબના મેમ્બરો પણ સત્યાગ્રહીના ગુણો ધારણ કરે, અને અવસર આવે ત્યારે જેલ જવા તૈયાર થાય એવું ઇચ્છું છું. જેલથી શા માટે ડરવું જોઈએ? ટૉલ્સ્ટૉય ફાર્મની નિશાળના વિદ્યાર્થીઓ ૭ માઈલ ચાલીને વાઈટરસ્ટ ગયા હતા. રસ્તામાં નાળાં આવ્યાં તેમાં નાહ્યા ત્યાં તેમને પકડવામાં આવ્યા. ત્યારે તેમણે પોતાનો વાંક કબૂલ કર્યો. પણ જ્યારે તેમને જેલ મોકલવાનું કહેવામાં આવ્યું ત્યારે તો તેમણે કહ્યું કે, તેઓ છૂટવા કરતાં જેલમાં મોકલવામાં આવે તે વધારે પસંદ કરે છે. પકડનારે આ સાંભળતાં તેમને છોડી મૂકયા. મતલબ કે જેલથી ન ડરતાં ખરા હિંમતવાન બનવું, અને સત્યને ખાતર લડતાં શીખવું એ શિક્ષણ હિંદી કોમને માટે જરૂરી છે.

વગેરે વિવેચન કરી મિ. દાઉદ મહમદ તથા બીજા હાજીઓની વિદાયગીરી વખતે પોતે હાજર થઈ શકયા તે માટે પોતાની અંત:કરણની ખુશાલી બતાવી મીટિંગનું કામ શરૂ કર્યું.

મિ. ગાંધીનું ભાષણ

ત્યાર બાદ મીટિંગ બરખાસ્ત કરતાં ચૅરમૅન તરીકે મિ. ગાંધીએ જણાવ્યું કે :

હજ પઢવા જવા માટે મિ. દાઉદ મહમદ, મિ. મહમદ કુવાડિયા,[૨] મિ. દાઉદ સીદાત તથા મિ. મુલ્લાંને હું અંત:કરણપૂર્વક મુબારકબાદી આપું છું. તેમના હજ પઢવા જવાના નિશ્ચયથી

૧. દક્ષિણ આફ્રિકા બ્રિટિશ હિંદી કમિટીના ખર્ચ માટે ફાળો આપવાની અપીલ ગાંધીજીએ પહેલાં પણ કેટલીય વાર કરી હતી; જુઓ પુસ્તક ૬, પા. ૩૫૮ અને ૪૦૬-૭; પુસ્તક ૭, પા. ૨૫૫-૬, ૨૬૫-૬ અને ૩૦૧-૨ તથા પુસ્તક ૮, પા. ૧૩૯-૪૦.

૨. મહમદ કાસિમ કુવાડિયા; વેપારી; ડરબન અંજુમનના પ્રમુખ તથા વેસ્ટ સ્ટ્રીટની મસ્જિદના એક ટ્રસ્ટી.

Gandhi Heritage Portal

એક હિંદુ તરીકે હું રાજી થાઉં છું. જે સાચો મુસલમાન છે તેનાથી હિંદુનું બૂરું થઈ શકશે નહીં. જે સાચો હિંદુ હશે તેનાથી મુસલમાનનું બૂરું થઈ શકશે નહીં. જે પોતીકા હિંદી ભાઈનું બૂરું કરી શકે તે મુસલમાન ખરો મુસલમાન નહીં, અને તે હિંદુ ખરો હિંદુ નહીં. નિઃસ્વાર્થપણે કોમી સેવાના કોમી કામને પણ હું તો દુન્યવી નહીં, પણ દીની બરાબર ગણું છું. તેથી મિ. દાઉદ મહમદે જેલ[1] જઈને જે સેવા બજાવી છે તે ખુદાના દરબારમાં નક્કી કબૂલ થશે જ એવું માનું છું. બીજી તરફથી દીની કામ પણ જો પવિત્ર મને ન થાય તો તે દીની નથી એમ માનું છું. બીજું હિંદી પ્રજામાં ઈત્તિફાક નથી[2] એમ વારંવાર કહેવામાં આવે છે, પણ હકીકતમાં તેમ જ છે એમ માની લેવાનું નથી. તેની સાથે કુસંપ હોય તે નથી એમ પણ આંખો મીંચીને કહેવાનું નથી. છતાં યાદ રાખવાનું છે કે આપણે અહીં દક્ષિણ આફ્રિકામાં જે દુઃખ પડે છે તેનું કારણ કુસંપ નથી. આપણા અહીંના દુઃખનું કારણ હિંમતની ખામી એ છે. હિંમત નથી જ એમ પણ હું કહેવા માગતો નથી. જે વખતે ઈમામ સાહેબ જેલ માટે બહાર પડયા ત્યારે કોણ કહી શકતું હતું કે તેઓ જેલની બરદાસ કરી શકશે? તેઓ બહાર પડયા એ તેમની હિંમતનું પરિણામ હતું. અને તેમની હિંમતને લીધે જ તેઓ લડતમાં આખર સુધી ટકી શકયા છે. આપણી મુખ્ય જરૂર સાચા થવું એ છે. સાચ, સાચ, ને સાચ એ આપણો મુદ્રાલેખ હોવો જોઈએ. સાચ વડે દુઃખના દરિયા પણ ઓળંગી શકીશું. સાચી દાનતથી કરેલું કામ કદી નિષ્ફળ જતું નથી. માટે સાચી દાનતથી કોમી કામ કરો. સંપ રાખવાનું કામ કંઈ મુશ્કેલ નથી. જ્યાં સુધી મુસલમાન કજિયા કરવા નહીં માગે ત્યાં સુધી એકલા હિંદુથી કજિયો થઈ શકવાનો નથી. જ્યાં સુધી હિંદુ કજિયો કરવા ન ચાહે ત્યાં સુધી એકલા મુસલમાનથી કજિયો થઈ શકવાનો નથી. ૧૦૦ માણસ કજિયો કરાવવાવાળા હશે, અને જો ૧ સંપ કરાવનાર થશે, તો તે ૧૦૦ માણસની હાર થશે અને એક માણસની જીત થશે. આમ ન હોય તો ખુદાની ખુદાઈ ટકી શકે નહીં.

વગેરે બોધદાયક વચનો સાથે મિ. ગાંધીનું ભાષણ પૂરું થયું, અને મીટિંગ બરખાસ્ત થઈ.

[મૂળ ગુજરાતી]

ઇન્ડિયન ઓપીનિયન, ૧૩–૭–૧૯૧૨

૧. નાતાલ તરફથી ચાલતા સત્યાગ્રહ આંદોલનને સહાય કરવા તથા પોતાના યુદ્ધ પહેલાંના કાયદેસરના રહેવાસી તરીકેના હકોની ચકાસણી કરવા તેઓ ૧૯૦૮ના ઑગસ્ટમાં ટ્રાન્સવાલમાં દાખલ થયા હતા; જુઓ પુસ્તક ૮, પા. ૪૫૭ ઉપરની પાદટીપ.

૨. હિંદુ-મુસલમાન એકતા પર ગાંધીજીના પહેલાંના વિચારો માટે જુઓ પુસ્તક ૫, પા. ૫૩, ૧૩૦–૧ અને ૧૭૮, પુસ્તક ૬, પા. ૨૮૬ અને ૨૯૨, પુસ્તક ૮, પા. ૨૭, ૯૩–૫, ૧૧૧, ૧૬૦, ૩૭૧–૨ અને ૩૯૬, પુસ્તક ૯, પા. ૧૭૪, ૨૦૫ અને ૩૧૯ તથા પુસ્તક ૧૦, પા. ૧૩૦, ૧૭૩ અને ૩૨૦.

Gandhi Heritage Portal

૨૩૦. મિ. દાઉદ મહમદ

મિ. દાઉદ મહમદને માન દઈ કોમે માન લીધું છે. મિ. દાઉદ મહમદ જેવા કાબેલ, સમય-સૂચક, અને હસમુખા હિંદી આપણામાં ભાગ્યે જ મળશે. તેમણે જેવો કાબૂ યુરોપિયનો ઉપર મેળવ્યો તે પણ ભાગ્યે જ બીજા હિંદીને હોય.

મિ. દાઉદ મહમદના સત્યાગ્રહે તેમનું નામ આખા દક્ષિણ આફ્રિકામાં ગજવી દીધું છે. અમે તેમને અને તેમના સાથીઓને તેમના મનોરથમાં સફળતા ઇચ્છીએ છીએ.

[મૂળ ગુજરાતી]

ઇન્ડિયન ઓપીનિયન, ૬–૭–૧૯૧૨

૨૩૧. મિ. ઈ. એફ. સી. લેનને પત્ર[1]

જુલાઈ ૬, ૧૯૧૨

વહાલા મિ. લેન,

તમે પ્રિટોરિયામાં હાલ છો તે જાણ્યું. બાબત અગત્યની હોવાથી મેં ૨૫મી જૂનનો તાર[2] કેપટાઉન તથા પ્રિટોરિયે બે ઠેકાણે કર્યો, અને ઇમિગ્રેશન બિલ સંબંધમાં પુછાવ્યું. જનરલ સ્મટ્સને ન કનેડવા માટે હું ચિંતાતુર છું, છતાં બિલ સંબંધમાં મને ઘણા તરફથી પૂછવામાં આવે છે તેમને મારે સંતોષ આપવો જોઈએ. બિલ સંબંધમાં અને મુદતી સમાધાનીના કારોબાર સંબંધમાં સરકારનો શું વિચાર છે તે જણાવવાનું હવે બનશે?

આપનો સહૃદયી
[મો. ક. ગાંધી]

મિ. અર્નેસ્ટ એફ. સી. લેન
પ્રિટોરિયા

[મૂળ ગુજરાતી]

ઇન્ડિયન ઓપીનિયન, ૨૦–૭–૧૯૧૨

૧. આ પત્રના જવાબ માટે જુઓ પાદટીપ ૧, પા. ૨૯૧.
૨. જુઓ "ગૃહમંત્રીને તાર", પા. ૨૯૧.

Gandhi Heritage Portal

૨૩૨. હિંદી કોમ પર આરોપ

"એકના પાપે આખું વહાણ ડૂબે" એવી આપણામાં એક કહેવત છે તે અહીંની ઘણીએક જાહેર બાબતોમાં લાગુ પડે છે. થોડાએક ખોટા હિંદી દાખલ થવા પ્રયત્ન કરે છે તેથી બધા હિંદી તેવો પ્રયત્ન કરતા હોય એમ ઈમિગ્રેશન ખાતું માની લે છે. કેટલાક હિંદી કંજૂસાઈથી અને ગંદકીમાં રહે છે તેથી હિંદી કોમને કંજૂસ અને ગંદી ગણવામાં આવે છે. કેટલાક હિંદી જૂઠું બોલે છે તેથી આખી કોમને જૂઠી કહીને વગોવવામાં આવે છે. આ છેલ્લો દાખલો ડરબનના તંદુરસ્તી ખાતાના વડા ડૉ. મ્યુરિસનને હાથે બન્યો છે. તેમણે ટ્યુબરકયુલોસિસ કમિશન આગળ જુબાની આપતાં હિંદીઓને જૂઠા કહ્યા, અને ઉમેર્યું કે "તેમની રહેણી એવી તરેહની છે કે તેમની ખાનગી જિંદગી વિષે પૂરતી માહિતી મેળવવામાં મુશ્કેલી આવે છે." તેમણે વિશેષમાં કહ્યું કે "હિંદીઓને નેટિવોની પેઠે લોકેશનમાં કાઢવા જોઈએ." ડૉક્ટરના આ શબ્દોની ગંભીરતા બધા હિંદીઓએ સમજવાની છે. જેમને જૂઠું બોલવાની ખાસિયત પડી છે તેઓને તેમની ટેવમાં કાંઈ નુકસાન હોય એમ લાગતું નથી, પણ તેમને ઉપરના દાખલાથી સમજવું ઘટશે કે તેમની કિંમત તે આખી કોમની કિંમત કરાવે છે, અને તેમની વર્તણૂક તે આખી કોમને હલકી પાડે છે. એટલું જ નહીં પણ આખી કોમને થોડાકના સારુ લોકેશનમાં મૂકવા જેવી ગંભીર વાત પણ થવા પામે છે. તો આવા હિંદીઓ ધડો લઈ સત્ય બોલવાની ટેવ પાડે, પોતાનું વર્તન સુધારે, પોતાની રહેણી ઉચ્ચ બનાવે એ કેટલું જરૂરી છે? તેમાં તેમનું પોતાનું હિત છે એટલું જ નહીં, પણ તેમાં સાર્વજનિક હિત પણ સમાયેલું છે.

[મૂળ ગુજરાતી]

ઇન્ડિયન ઓપીનિયન, ૧૩-૭-૧૯૧૨

[ઉપરોક્ત બાબતના ગાંધીજીના અંગ્રેજી લેખનો અનુવાદ નીચે આપ્યો છે.]

ડૉ. મ્યુરિસનનો આક્ષેપ

ડૉ. મ્યુરિસને ક્ષયરોગ કમિશન સમક્ષ એવું કહ્યાનો હેવાલ છે કે હિંદીઓને જૂઠું બોલવાની આદત છે અને "તેમની આદતોને કારણે તેમના ખાનગી જીવન વિષે વધારે જાણવાનું મુશ્કેલ છે." તેમના અભિપ્રાય મુજબ, "હિંદીઓને તેમ જ વતનીઓને વાડાઓમાં રાખવા જોઈએ." અસત્ય બોલવાના આક્ષેપ સંબંધમાં ડૉ. મ્યુરિસનના જાહેર ખુલાસાની અમે રાહ જોઈ અને વધુ ખાતરી કરવા અમે ડૉક્ટરને લખીને પૂછ્યું પણ ખરું કે, શું આપની જુબાનીનો હેવાલ સાચો છે? પણ ન તો તેમનો ખુલાસો કયાંય જોવામાં આવ્યો કે ન તો કશો જવાબ મળ્યો. એટલે અમે માની લઈએ છીએ કે હેવાલ સાચો છે. ડૉ. મ્યુરિસન ઈમાનદાર આરોગ્ય અધિકારી છે એ પુરવાર થયેલી વાત છે અને સમાજના દરેક વર્ગ સાથે સમાન રીતે વર્તવા[1] માટે અમે એમને ઘણી વાર ધન્યવાદ આપ્યા છે. તેથી એક આખી જાતિ, જેની સામે દક્ષિણ આફ્રિકામાં

૧. જુઓ પુસ્તક ૪, પા. ૩૭૬.

Gandhi Heritage Portal

પહેલેથી જ ભયંકર જૂઠી વાતો ફેલાવવામાં આવી છે, તેના પર તેમણે જે જૂઠું બોલવાનો આરોપ મૂક્યો તેની સામે અમારે દુઃખ સાથે વાંધો લેવો પડે છે. પહેલું તો એ કે ડૉ. મ્યુરિસનને દાક્તર તરીકે તંદુરસ્ત કરતાં બીમાર માણસોના સંપર્કમાં વધુ આવવું પડે છે; અને બીમાર માણસોના દોષોને તેમના આખા સમાજ પર લાદવા એ કંઈ નહીં તો, તર્કસંગત તો નથી જ. જેમને વિષે ક્ષયરોગથી પીડાતા હોવાનો શક હોય તેવા બધા હિંદીઓ પર જૂઠું બોલવાનો આરોપ મૂકવો એ વાજબી છે? અમે કબૂલ કરીએ છીએ કે, બીજા બધા વર્ગના દરદીઓની પેઠે હિંદી દરદીઓ પણ, અલગ નિવાસ અને વિશેષ પ્રકારના ઉપચાર, જે તેઓ સમજે નહીં, એથી બચવા માટે પોતાની પીડા પૂરી જણાવતા નહીં હોય, રોગની ખબર નહીં આપતા હોય અથવા અધિકારીઓને ભ્રમમાં નાખવાનો પ્રયત્ન કરતા હશે. પણ અમને વિશ્વાસ છે કે ડૉ. મ્યુરિસન વિચાર કરશે તો તેમને સમજાશે કે આ લોકો પર જૂઠું બોલવાનો આરોપ મૂકવો અને તેને આધારે તેમને ફરજિયાત રીતે અલગ વાડાઓમાં રાખવાની ભલામણ કરવી એ વાજબી નથી. અમે ડૉક્ટર સાહેબને યાદ દેવડાવીએ છીએ કે લૉર્ડ કર્ઝન હિંદના વાઇસરૉય હતા ત્યારે યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ સમક્ષ કરેલા એક ભાષણમાં તેમણે આવો જ અવિવેક[૧] કર્યો હતો, જેને માટે તેમને ઘણું સહન કરવું પડેલું.[૨] તેઓ હિંદમાં પોતાની જે પ્રતિષ્ઠા હતી તે ગુમાવી બેઠા, અને પોતે પ્રસંગવશાત્ જરૂરી લાગે ત્યારે જૂઠું બોલતાં અચકાતા નથી એવા આક્ષેપને પાત્ર ઠર્યા. ઝેંગવિલે[૩] એક વાર કહ્યું હતું કે જો કોઈ યહૂદીએ ગુનો કર્યો હોય તો આખી યહૂદી કોમે કર્યો ગણાય, અને યહૂદી સિવાય બીજા કોઈએ કર્યો હોય તો તે માત્ર એ વ્યક્તિનો ગણાય.

અહીં 'યહૂદી' શબ્દને બદલે 'હિંદી' મૂકો એટલે આ કદરૂપું સત્ય થોડામાં પ્રત્યક્ષ થશે. જ્યારે કોઈ હિંદી નિંદનીય કહેવાય એવું કોઈ કામ કરે છે ત્યારે છાપાં તેને મોટા ટાઇપમાં છાપતાં અચકાતાં નથી અને કેટલાક જાહેર કાર્યકર્તાઓ પોતાનાં ભાષણોમાં આ દેશમાં વસતી આખી હિંદી કોમની વિરુદ્ધ બોલતાં અચકાતા નથી. અમે આશા રાખીએ છીએ કે ડૉ. મ્યુરિસન પોતાને ઉપરોક્ત જાહેર કાર્યકર્તાઓની શ્રેણીમાં મુકાવવા નહીં ઇચ્છશે; અને હિંદી કોમમાં આજે તેમનો જે આદર છે, જેના તે અધિકારી છે, તે ખોઈ નહીં બેસશે.

[મૂળ અંગ્રેજી]

ઇન્ડિયન ઓપીનિયન, ૧૩-૭-૧૯૧૨

૧. ૧૯૦૫માં એક યુનિવર્સિટીના પદવીદાન સમારંભમાં બોલતાં લૉર્ડ કર્ઝને કહ્યું હતું કે, પૂર્વના દેશોમાં "કપટ અને કૂટનીતિભર્યા પ્રપંચને હમેશાં પ્રતિષ્ઠા આપવામાં આવી છે." ગાંધીજીએ તે વખતે આનો વિસ્તૃત જવાબ આપ્યો હતો. જુઓ પુસ્તક ૪, પા. ૪૪૪-૯.

૨. લૉર્ડ કિચનર સાથે થયેલા મતભેદ પછી તેમણે આપેલા રાજીનામાનો આ ઉલ્લેખ છે. ઉપરાંત જુઓ પુસ્તક ૫, પા. ૫૦-૧.

૩. ઇઝરાઈલ ઝેંગવિલ (૧૮૬૪-૧૯૨૬) યહૂદી શિક્ષક, નવલકથાકાર, નાટ્યકાર, જન્મ અને ઉછેર ઇંગ્લંડમાં; એરિયલ અને લંડન પંચના સ્થાપક અને સંપાદક; તેમની ઘણીખરી કૃતિઓ યહૂદી જીવન અને ગંભીર સામાજિક પ્રશ્નો વિષે છે. શરૂમાં તેમણે બ્રિટિશ સામ્રાજ્યની અંદર યહૂદીઓ માટે અલગ દેશ માટે માગણી કરી હતી અને પાછળથી તેઓ ઝિયોનિસ્ટ (પેલેસ્ટાઈનને યહૂદીઓનું સ્વતંત્ર રાષ્ટ્ર બનાવવાની ચળવળ)ના નેતા બન્યા.

Gandhi Heritage Portal

૨૩૩. ઓરતોનું અપમાન

અમારી જાણમાં આવ્યું છે કે કેટલાક હિંદી ધણી પોતાની ઓરતો પાસે અંગૂઠા અપાવવા અચકાતા નથી. વળી અમે એમ પણ સાંભળ્યું છે કે અમલદારો ઓરતોને સ્ટીમરમાં એકઠી કરે છે અને પછી નામર્દ મરદોને કહે છે કે તેઓએ પોતાની ઓરતોને શોધી કાઢવી. આ તો ભરવાડ જેમ પોતાનાં ઘેટાંને ટોળાંમાંથી તારવી કાઢે એવું થયું.

આવું અપમાન આપણે સહન કર્યા કરીએ એ આપણી હલકાઈ અને પૈસાનો લોભ સૂચવે છે. આવા માણસો તે હિંદી ન કહેવાય – તે કોઈ પણ પ્રજાનો ભાગ થવાને લાયક નથી.

આ આગમાં મિ. કઝિન્સ સાહેબે ઘી હોમ્યું છે. તેણે કાઢેલા ખરડા ઉપર અમે બધાનું ધ્યાન ખેંચીએ છીએ. મિ. કઝિન્સ નાતાલના ઇમિગ્રેશન અમલદાર નિમાયા છે તેની યાદગીરીમાં તેમણે કોમને એ ખરડારૂપી ભેટ આપી છે. તે ખરડા પ્રમાણે દરેક હિંદી મરદે પોતાની સ્ત્રીને વિષે નીચે પ્રમાણે સાબિતી આપવી જોઈએ:

(૧) વિવાહનું સર્ટિફિકેટ રજૂ કરવું.
(૨) તેમાં જણાવેલી બાઈની ઓળખ આપવી.
(૩) અને મરદે સાબિત કરવું કે તેને બીજી ઓરત નથી.

જો વિવાહનું સર્ટિફિકેટ ન હોય તો વળી નીચેનો વધારે પુરાવો રજૂ કરવો:

(૧) મોટા ગોરા અમલદારનું સર્ટિફિકેટ.
(૨) તે સર્ટિફિકેટ ઉપર ધણીધણિયાણીના અંગૂઠા.
(૩) તે સર્ટિફિકેટની સાથે ગોરા અમલદારે લીધેલી જુબાનીઓનો તુમાર.

આ સિવાય તો બીજું ઘણું આ ખરડામાં છે. એ ખરડાથી આપણી ઓરતોનું અપમાન થાય છે, હિંદી જડજો સુધ્ધાંનું અપમાન થાય છે, ગોરાઓનું પણ અપમાન થાય છે. ગોરામાંથી પણ મોટા હોદ્દાના ગોરાનું સર્ટિફિકેટ જોઈએ એમ કહ્યું છે. ને મોટા ગોરાની ઉપર પણ એટલો બધો અવિશ્વાસ છે કે તેની પાસેથી પણ જુબાનીનો તુમાર જોઈએ, કે જેથી કરીને ઇમિગ્રેશન અમલદાર જોઈ શકે કે જુબાની બરોબર લેવાયેલી છે કે નહીં.

આવા સર્કયુલરોને આપણે માન આપશું? આપણી ઓરતો અંગૂઠા આપશે તો છેવટે એવો પણ વખત આવે કે આપણી ઓરતોની લાજ લૂંટાય.

હિંદીમાં પાણી હશે તો ઉપલો સર્કયુલર રદ થશે.

કૉંગ્રેસના અમલદારોને અમે સૂચવીએ છીએ કે આ બાબતની અંદર તેઓએ એક ઘડીની પણ ઢીલ કર્યા વગર ઘટતાં પગલાંઓ લેવાનાં છે.

[મૂળ ગુજરાતી]

ઇન્ડિયન ઓપીનિયન, ૧૩–૭–૧૯૧૨

Gandhi Heritage Portal

[ઉપરોક્ત બાબતના ગાંધીજીના અંગ્રેજી લેખનો અનુવાદ નીચે આપ્યો છે.]

નવો મુલ્લાં

મિ. કઝિન્સ નાતાલના કામચલાઉ ઇમિગ્રેશન અધિકારી નિમાયા છે. તેમણે પોતાના આગમનની જાહેરાત એક પરિપત્ર કાઢીને કરી છે. એ પરિપત્ર અમે બીજે આપ્યો છે. આ પરિપત્ર, નાતાલ પ્રાંતમાં દાખલ થવા ઇચ્છતી સ્ત્રીઓએ પોતે ડોમિસાઈલ હિંદીઓની પત્નીઓ છે એ બાબત આ અધિકારીને સંતોષ થાય એવો પુરાવો આપવા વિષે છે. અમે એટલી જ આશા રાખી શકીએ કે આ પરિપત્ર વડી ઑફિસની દોરવણીથી નહીં કાઢવામાં આવ્યો હોય. આ પરિપત્રના કરતાં હિંદી ભાવનાઓને વધારે આઘાત પહોંચાડનારી કોઈ બીજી વસ્તુ ખ્યાલમાં નથી. સામાન્ય પુરાવાને નામંજૂર ઠરાવતાં મિ. કઝિન્સે કહ્યું છે કે, અમુક પતિને બીજી કોઈ પત્ની નથી એ બાબતનો ખાતરીપૂર્વકનો પુરાવો, તથા લગ્નનો દાખલો મારે જોઈએ. એ દાખલો પણ તેની સાથે ઓળખનો પુરાવો હશે તો જ સ્વીકારવામાં આવશે.[૧] એવો દાખલો રજૂ કરવામાં ન આવે તો, કોઈ ઉચ્ચ યુરોપિયન મૅજિસ્ટ્રેટનું, આ સ્ત્રી અરજદારની જ પત્ની છે, એવી મતલબનું પ્રમાણપત્ર સ્ત્રીના અંગૂઠા સાથે રજૂ કરવું જોઈશે. તે ઉપરાંત એ ઉચ્ચ મૅજિસ્ટ્રેટે, અરજદારને સોગંદ લેવડાવીને તેના લગ્નની તારીખ વગેરેની ખાતરી કરી લેવી જોઈશે.[૨] વળી અરજદારે પોતાની ઓળખનું ચોક્કસ પ્રમાણપત્ર આપવું જોઈએ અને પ્રસ્તુત મૅજિસ્ટ્રેટે પોતાની સમક્ષ થયેલાં નિવેદનોની મૂળ નકલ સ્ત્રીની ઓળખનાં પ્રમાણપત્રો સાથે મોકલવી જોઈએ. આ પરિપત્રમાં આવી બીજી ઘણી બાબતો છે. આમ મિ. કઝિન્સે એક જ પરિપત્રથી હિંદી સ્ત્રીઓનું અપમાન કર્યું છે, હિંદી મૅજિસ્ટ્રેટો અને જજો પ્રત્યે અવિશ્વાસ દર્શાવ્યો છે (કારણ અમે માનીએ છીએ કે હાઈકોર્ટ જજો જો હિંદી હોય તો તેમનો પુરાવો પણ મિ. કઝિન્સ માન્ય ન રાખે) અને યુરોપિયન અધિકારીઓનું પણ અપમાન કર્યું છે કારણ કે તેઓ ઊંચી પાયરીના યુરોપિયન અધિકારીઓનાં સર્ટિફિકેટ માગે છે. વળી તેમણે ઊંચી પાયરીના યુરોપિયન અધિકારીઓનું પણ અપમાન કર્યું છે કેમ કે તેઓ કહે છે કે, એ ઉચ્ચ અધિકારીઓએ પોતાનાં પ્રમાણપત્રો સાથે, જેને આધારે તે આપ્યા હોય તે કાગળપત્રો પણ મોકલવા જોઈએ. આપણે આશા રાખવી જોઈએ કે આવા અસાધારણ પરિપત્ર સામે હિંદી સરકારને કંઈક કહેવાનું હશે જ, હિંદી જનતાનું વગર કારણે જે અપમાન કરવામાં આવ્યું છે તેને તે ચૂપચાપ સહન નહીં કરે. નાતાલના હિંદીઓ આ પરિપત્રની યથાયોગ્ય સરભરા કરશે, અને તેમની સ્ત્રીઓને અંગૂઠાની કે બીજી કોઈ છાપ નહીં આપવા દેશે. હિંદી પુરુષો પર સંઘ રાજ્યમાં ખોટા નામે અને ચોરી-છૂપીથી દાખલ થઈ જવાનો આરોપ[૩] હોય એ સ્થિતિમાં તેમની પાસે ઓળખાણ માગવામાં

૧. "પોતાની પત્નીઓને દાખલ કરાવવા ઇચ્છતા અરજદારોને" ઉદ્દેશીને કાઢેલા આ પરિપત્રમાં આગળ કહેવામાં આવ્યું હતું કે, અરજદાર પોતે કાયદેસરનો રહેવાસી હતો એ વિષે તેણે કઝિન્સને સંતોષ આપવો જોઈશે.

૨. પરિપત્રમાં વધુમાં કહેવામાં આવ્યું હતું કે મૅજિસ્ટ્રેટ એ પણ જાહેર કરવું જોઈએ કે (૧) તેને મળેલી હકીકતો સાચી છે; અને (૨) તેણે "પોલીસ તપાસ કરાવી છે." તેણે "જુદી જુદી સ્વતંત્ર વ્યક્તિઓને સ્પર્શતી" તપાસનો પોલીસ રિપોર્ટ પણ સાથે સામેલ કરવાનો હતો અને તેણે એવું જણાવવાનું હતું કે ઉપરોક્ત સગપણ વિષે તેને પોતાને ખાતરી થઈ છે.

૩. સન ૧૯૦૬થી હિંદીઓ પર વારંવાર એવો આરોપ મૂકવામાં આવતો હતો કે તેઓ ચોરીછૂપીથી અને ખોટે નામે સંઘ રાજ્યમાં દાખલ થઈ જાય છે. જુઓ પુસ્તક ૫, પા. ૨૪૮–૫૦ અને ૪૭૭, પુસ્તક ૬, પા. ૧ અને ૬૦, પુસ્તક ૭, પા. ૨૭૧–૨ તથા પુસ્તક ૮, પા. ૯, ૧૧૬–૮ અને ૧૭૧–૨.

Gandhi Heritage Portal

આવે એ એક વાત છે અને હિંદી સ્ત્રીઓનું વિના કારણે અપમાન કરવું એ જુદી વાત છે. આપણે આશા રાખીએ છીએ કે સંઘ રાજ્ય સરકાર આ પરિપત્ર પાછો ખેંચાવશે અને સામાન્ય પુરાવો લેવાની પદ્ધતિ ચાલુ રહેશે. અમે મિ. કઝિન્સને સૂચવીએ છીએ કે સરકારી અધિકારીની લાયકાત, પોતે જે લોકોના સંપર્કમાં આવે તેમને દબડાવવામાં વધારે પડતો ઉત્સાહ બતાવવામાં નથી, પણ જે કાયદાઓનો અમલ કરવા તેની નિમણૂક થયેલી હોય તેમાં દખલ કર્યા સિવાય સૌ પ્રત્યે માયાળુ અને વિવેકભર્યો વર્તાવ રાખવામાં રહેલી છે. અમે એ માની નથી શકતા કે આ પરિપત્ર શાસનના હિતમાં આવશ્યક છે. અને એ વાતમાં કોઈ શંકા નથી કે એ વહેવાર કુશળતાનો શોચનીય અભાવ દર્શાવે છે.

[મૂળ અંગ્રેજી]

ઇન્ડિયન ઓપીનિયન, ૧૩–૭–૧૯૧૨

૨૩૪. ન્યાય સંબંધી એક જરૂરિયાત

જ્યાં સુધી માણસોએ ન્યાય મળવા માટે કોરટે ચડવાની રીત છોડી નથી, ત્યાં સુધી ન્યાયની કોરટો ઊંચા પાયા ઉપર હોય, અને ત્યાંથી અદલ ઇન્સાફ મળવાનાં દરેક સાધન હોય એ જેવી તેવી જરૂરની વાત નથી, છતાં અહીંની નાનામાં નાની તેમ જ મોટામાં મોટી કોરટમાં એક ખામી જોવામાં આવે છે, જે અદલ ઇન્સાફ આપવાના કામમાં બહુ અગત્ય ધરાવનારી છે. આ ખામી તે ઘટતા હિંદી દુભાષિયા (ઇન્ટરપ્રીટરો)ની છે. આ મુલકમાં હિંદની કેટલીક ભાષા બોલનારા હિંદી વસે છે. તેમાંના કેટલાક વારંવાર એક કે બીજા કારણસર કોરટથી કામ લે છે. તે વખતે તેમને ન્યાયાધીશ આગળ રજૂઆત કરતાં ભારે અડચણ વેઠવી પડે છે. ફરિયાદી કે આરોપી હિંદીની માતૃભાષાનો જાણકાર દુભાષિયો કોરટમાં હોતો નથી. તેથી તે ભાષા સિવાયની બીજી કોઈ હિંદની ભાષા તેને વાપરવી પડે છે. કેટલીક વાર દુભાષિયાની ખામીને લીધે હિંદની નહીં, પણ તદ્દન પરદેશી એવી અંગ્રેજી ભાષાનો તેને ઉપયોગ કરવો પડે છે. આમ કરતાં તે પોતાને કહેવાનો ભાવાર્થ બરોબર દર્શાવી શકતો નથી. કેટલીક વખત એકની બીજી વાત જ્યારે સમજાય છે. આવી સ્થિતિમાં હિંદીને પૂરો ન્યાય ન મળે, અને વખતે ચોખ્ખો અન્યાય મળે એ કુદરતી છે. આનું કારણ દુભાષિયાની ખામી એ છે. સરકાર અનેક બાબતમાં અનેક તરેહનાં ખરચ કરે છે. તો તેની પહેલી ફરજ છે કે પ્રજાના કોઈ પણ ભાગને ન્યાય મળવાની ખામીનું કારણ હોય તે દૂર કરવું. હિંદની બધી ભાષાના દુભાષિયા કદાચ ન રાખી શકાય તોપણ તામિલ, હિંદી, ગુજરાતી એ અહીંની મુખ્ય ભાષાના દુભાષિયા તો તેણે દરેક કોરટમાં અવશ્ય રાખવા જોઈએ. ફાંસી અને બીજી ગંભીર સજા કરવાનો અધિકાર ધરાવનારી કોરટ આગળ જોઈતા દુભાષિયા ન હોય તો ગંભીર અધર્મ થઈ જતાં જરા પણ વાર લાગે નહીં. છતાં નાતાલની સુપ્રિમ કોરટ જેવી અદાલતમાં એક ગોરા સિવાય બીજા દુભાષિયા નથી એવી બાબત અમારી આગળ આવી છે, જે ચોંકાવનારી જ લાગે છે. હિંદી પ્રત્યેની સરકારની આ બેદરકારી દૂર કરાવવાનું કામ હિંદીઓનું જ છે.

[મૂળ ગુજરાતી]

ઇન્ડિયન ઓપીનિયન, ૨૦–૭–૧૯૧૨

Gandhi Heritage Portal

૨૩૫. નાતાલનાં ડોમિસાઈલ સર્ટિફિકેટ

નાતાલમાં હવે હિંદીને ડોમિસાઈલ નવાં મળતાં નથી એટલું જ નહીં પણ જૂનાં જેમની પાસે જોવામાં આવે તે ખૂંચવી લેવામાં આવે છે, ને જો નવી ઑફિડેવિટ આપે તો જ જૂનાં બદલી આપે છે. આથી ગરીબ હિંદીને ઘણું દુઃખ થાય છે. અમે માનીએ છીએ કે ડોમિસાઈલ બાબત જે કેસ કૉંગ્રેસ લડવા માગતી હતી તે કૉંગ્રેસે લડવો જ જોઈએ. દરમિયાન જેની પાસે જૂના પરવાના છે તેઓએ તે આપી દઈ નવા લેવાની કંઈ જ જરૂર નથી. નવા લેવા જ હોય તેણે અમલદાર પાસે ફરી પુરાવો આપવાની જરૂર નથી. જેની પાસે કંઈ જ ન હોય તે ઑફિડેવિટ બનાવી પોતાના રહેવાશના પુરાવા મજબૂત કરી પોતે વગર ડોમિસાઈલે આ દેશ છોડી શકે છે. ડોમિસાઈલ રાખવા કોઈ બંધાયેલ નથી. એટલે પુરાવા એકઠા કર્યા પછી દેશ છોડવામાં જરા પણ અડચણ નથી.

[મૂળ ગુજરાતી]

ઇન્ડિયન ઓપીનિયન, ૧૩–૭–૧૯૧૨

૨૩૬. ગૃહમંત્રીને પત્ર[1]

[લૉલી,]

જુલાઈ ૧૭, ૧૯૧૨

માનનીય ગૃહમંત્રી
પ્રિટોરિયા
સાહેબ,

ઇમિગ્રેશન બિલ સંબંધી મારા પત્રવહેવારના જવાબમાં મળેલા તમારા તા. ૧૬મીના કાગળની[2] માનપૂર્વક પહોંચ સ્વીકારું છું, ને તે માટે આભાર માનું છું.

તમારા કાગળનો હું એવો અર્થ કરું છું કે ગઈ સાલ જે મુદતી સમાધાની થઈ હતી તે સમાધાની અનુસાર કરવા ધારેલ કાયદો સંતોષકારક રીતે પાસ થાય ત્યાં સુધી, ચાલુ રહેશે. તેથી હું માની લઉં છું કે ગઈ સાલ બન્યું હતું તેમ આ સાલ માટે પણ કેળવાયેલા એશિયાટિકની અમુક સંખ્યાને દાખલ કરવામાં આવશે. તમારો કાગળ મળવાથી ટ્રાન્સવાલમાં દાખલ

૧. આ પત્રના જવાબમાં ગૃહખાતાના કામચલાઉ સેક્રેટરીએ જુલાઈની ૧૯મીએ લખ્યું : "આજે આપને નીચેનો તાર કર્યો છે તેનું આથી સમર્થન કરું છું. ગયે વરસે થયેલું સમાધાન, કાયદો પસાર થતાં સુધી ચાલુ રહેશે. એટલે છ ભાગેલા એશિયાઈઓને આ વરસે દાખલ કરવામાં આવશે; તેમને રજિસ્ટર નહીં થવું પડે. . . . ઉપરના તારના અનુસંધાનમાં, આ વરસે તમે જેને દાખલ કરાવવા માગતા હો તે ભાગેલા છ એશિયાઈઓનાં નામ મને મોકલી આપવા વિનંતી છે." એસ. એન. ૫૬૬૭.

૨. જુઓ પાદટીપ ૧, પા. ૨૯૧.

Gandhi Heritage Portal

કરવાના કેળવાયેલા એશિયાટિકનાં નામ તેમને પરમિટ મળવા માટે સરકાર પાસે રજૂ કરવામાં આવશે.

હું છું, આપનો
[મો. ક. ગાંધી]

[મૂળ ગુજરાતી]
ઇન્ડિયન ઓપીનિયન, ૨૦-૭-૧૯૧૨

૨૩૭. નાતાલમાં ઇમિગ્રેશનની હાડમારી[૧]

ટ્રાન્સવાલના હિંદીની ઉપરની ધાડ નાતાલ ઉપર ઊતરવાનો સંભવ છે. મિ. કઝિન્સ તે તો પિતરાઈ જ થયા જણાય છે. પિતરાઈ વિના બીજા મૂળ ઉખેડવા ન માગે. 'કઝિન' એ ઇંગ્રેજી શબ્દોનો અર્થ પિતરાઈ એમ છે.

લોકોની પાસે ડોમિસાઈલ હોય તેવાની પાસેથી પણ પુરાવા માગે છે. આ વેળા ઘણાને તકલીફ અપાઈ. અમારો ખાસ મત છે કે ડોમિસાઈલ જેના હાથમાં હોય તેણે બીજો પુરાવો દેવાની સાફ ના પાડવી. તે રુક્કો તેનો પોતાનો છે. એટલું સાબિત કરવાને સહી પતરી આપવાં ઘટે તે આપવાં. પણ તે ઉપરાંત જે કંઈ માગે તે આપવા ચોખ્ખી ના પાડવી. આટલું તો દરેકે કરવાનું રહ્યું.[૨]

પણ આવું વાદળું એક માણસ ઝીલી શકે તેમ નથી. તેમાં તો કૉંગ્રેસે હિલચાલ સજ્જડ કરવી પડશે. પ્રથમ તો મિ. કઝિન્સ સાહેબને કાગળ લખવાની જરૂર છે ને પછી ત્યાંથી દાદ ન મળે તો સરકારને. અમે જોઈએ છીએ કે કૉંગ્રેસને કામો કરવાનાં ઘણાં છે. તે બધાં તે કરશે એવી ઉમેદ રાખીએ છીએ.

[મૂળ ગુજરાતી]
ઇન્ડિયન ઓપીનિયન, ૨૦-૭-૧૯૧૨

૧. જુઓ "નવો મુલ્લાં", પા. ૨૯૯.

૨. સન ૧૯૦૩માં લૉર્ડ મિલ્નરે હિંદીઓને કહ્યું હતું કે તેમણે યુદ્ધ પહેલાંના ટ્રાન્સવાલમાં પોતાના નિવાસના અને ડોમિસાઈલ હકના પુરાવા તરીકે બોઅર સરકારને ૩ પાઉન્ડ ભરીને લીધેલી રસીદ આપીને શાંતિરક્ષા ઑર્ડિનન્સની રસીદો લઈ લેવી. ઘણાખરા હિંદીઓએ તેમના કહેવા મુજબ શાંતિરક્ષા ઑર્ડિનન્સની રસીદ લીધી હતી. લૉર્ડ મિલ્નરે વચન આપ્યું હતું કે "એક વાર રજિસ્ટરમાં નામ દાખલ થયું એટલે તેમની સ્થિતિ નિશ્ચિત થઈ જાય છે, તેમને રજિસ્ટર નહીં થવું પડે, તેમ જ નવી પરમિટ પણ લેવાની જરૂર નહીં રહે." જુઓ પુસ્તક ૩, પા. ૩૪૬-૭ અને ૩૫૨-૩ તથા પુસ્તક ૬, પા. ૫૪-૫. ૧૯૦૫માં ફરીથી એશિયાટિક લૉ અમેન્ડમેન્ટ ઍક્ટ અનુસાર હિંદીઓને, તેમની પાસેની શાંતિરક્ષા ઑર્ડિનન્સ પરમિટો, તથા ૩ પાઉન્ડનાં ડચ સર્ટિફિકેટો બદલાવ્યાં ન હોય તો તે, અસલ છે કે કેમ તે સાબિત કરવાનું કહેવામાં આવ્યું. જુઓ પુસ્તક ૫, પા. ૪૪૨-૩. ૧૯૦૮માં હિંદીઓએ, એશિયાટિક રજિસ્ટ્રેશન ઍક્ટ (જે ૧૯૦૫ના એશિયાટિક ઑર્ડિનન્સનું રૂપાંતર જ હતું) રદ કરવામાં આવે તો ફરીથી રજિસ્ટર થવાની દરખાસ્ત કરી અને ૧૯૦૮ના મેની ૯મી સુધીમાં ૮,૭૦૦ હિંદીઓ સ્વેચ્છાએ રજિસ્ટર થયા. આમાંનાં ૬,૦૦૦ રજિસ્ટ્રેશન સરકારે સ્વીકાર્યાં હતાં. જુઓ પુસ્તક ૮, પા. ૨૧૬-૭ અને ૪૯૮.

Gandhi Heritage Portal

૨૩૮. ડૉ. મ્યુરિસનનો પત્ર

ગયે અઠવાડિયે અમે ડૉ. મ્યુરિસનને લખેલા પત્રનો[૧] ઉલ્લેખ કર્યો હતો. એ પત્રનો તેમણે આપેલો જવાબ[૨] અમે બીજી જગ્યાએ આપીએ છીએ. ડૉ. મ્યુરિસનની મુશ્કેલીમાં અમે સહાનુભૂતિ ધરાવીએ છીએ; પણ અમે માનીએ છીએ કે ડૉ. સાહેબે, જે બનાવો તેમના જોવામાં આવ્યા તેના વર્ણનમાં અજાણપણે અતિશયોક્તિ કરી છે. અમે એટલું કહેવા દેશો કે બીજા વર્ગોના દરદીઓ પણ તેમને હિંદી દરદીઓ જેટલી જ તકલીફ આપે છે. અમે ડૉ. મ્યુરિસનને સૂચવીએ છીએ કે એક આખા સમાજ પર જૂઠું બોલવાનો આરોપ મૂકવાથી તેમનું કામ સરળ નહીં થાય. આ મુશ્કેલીનો એકમાત્ર ઉપાય એ છે કે જેઓ તેમના ખાતાને થાપ આપીને છટકી જવા માગતા હોય તેમની સાથે સભ્યતાથી, છતાં દૃઢતાથી વર્તવું. બળિયાના ઉપદ્રવથી પીડાતા કોઈ હિંદીઓએ પોતાનો રોગ સંતાડ્યો હશે તો તે રોગનો સામનો કરવામાં બીજા હિંદીઓએ તેમને મદદ પણ કરી છે. હિંદીઓને કોઈ ચેપી રોગ થાય અથવા તો થયા પછી અજ્ઞાન કે ભયને કારણે છુપાવવાનો તેઓ પ્રયત્ન કરે તો તેથી અમારા કરતાં વધુ દુઃખ કોઈને નહીં થાય. પણ ડૉક્ટરે જે દુઃખદ અનુભવનું વર્ણન કર્યું છે માત્ર તે અનુભવને કારણે તેમને હિંદીઓ પર મૂકેલો જૂઠું બોલવા જેવો ગંભીર આરોપ ટકી શકે નહીં.

પણ ડૉ. મ્યુરિસનની નિખાલસતા બદલ તથા હિંદીઓ અને બીજાઓની સમાન રીતે સેવા કરવાની તેમની પ્રત્યક્ષ ઇચ્છા બદલ હિંદી સમાજે તેમનો પાડ માનવો જોઈએ. આપણામાંના જે ભાઈઓ જવાબદાર હોવાનો દાવો કરતા હોય તેમણે એટલું જોવું જોઈએ કે રોગ તથા ચેપી રોગ છુપાવતા કે તેની ઉપેક્ષા કરતા બેદરકાર કે બીકણ માણસોના ભયથી શહેરને મુક્ત રાખવા ડૉ. મ્યુરિસનને જોઈતી બધી મદદ મળી રહે. સૌ હિંદીઓને લાગુ પડતા જૂઠું બોલવાના આરોપનો રદિયો આપી શકીએ તેથી આપણે સંતોષ નહીં માનવો જોઈએ, ખરો સંતોષ તો, આવા આરોપ માટેનું નાનામાં નાનું કારણ દૂર કરવાના પ્રયત્નમાંથી જ માત્ર મળી શકે.

[મૂળ અંગ્રેજી]

ઇન્ડિયન ઓપીનિયન, ૨૦-૭-૧૯૧૨

૧. ગાંધીજીનો આ પત્ર તથા આ સવાલ વિષે લખેલા બીજા પત્રો મળતા નથી.

૨. ડરબનના સરકારી ડૉક્ટર ડૉ. મ્યુરિસને ક્ષયરોગ કમિશન સમક્ષ જુબાની આપતાં કહ્યું હતું કે, હિંદીઓને જૂઠું બોલવાની ટેવ છે. આથી ગાંધીજીએ તેમને જૂનની ૨૮મીએ પત્ર લખ્યો. ડૉ. મ્યુરિસને તેનો ૧૦મી જુલાઈએ જવાબ આપ્યો. તેઓ પોતાની વાતને વળગી રહ્યા ને કહ્યું કે, "જાહેર આરોગ્ય અને સ્વચ્છતા બાબતમાં આ જાતિ પાસેથી સાચા જવાબ મેળવવા મુશ્કેલ છે." ઇન્ડિયન ઓપીનિયન, ૨૦-૭-૧૯૧૨ તથા જુઓ "હિંદી કોમ પર આરોપ", પા. ૨૯૬-૭.

Gandhi Heritage Portal

૨૩૯. ડાક્તર મ્યુરિસનનું તહોમત

ડાક્તર મ્યુરિસને ડરબનના હિંદી પર જૂઠાણાનું જે તહોમત મૂકયું છે તે વિષે અમે જવાબ આપવા માગતાં જે જવાબ તેણે આપ્યો છે તે સમજવા ને વિચારવા જેવો છે. તેમના જવાબથી કંઈ આખી કોમની સામે જૂઠાણાનું તહોમત સાબિત થઈ શકતું નથી. પણ તેટલો બચાવ કરીને આપણે શાંત નથી રહી શકતા. ડાક્તર મ્યુરિસન જે દાખલા આપે છે તે તો આપણે કબૂલ કરવા જ જોઈએ. કેટલાક હિંદીની ટેવ દરદો છુપાવવાની, અમલદારોને ખોટા જવાબ આપવાની છે જ. તેવી આદત આપણામાંથી જવી જોઈએ. ઘણી વેળા માણસ બીકથી જૂઠું બોલે છે. બીક અજ્ઞાનનું પરિણામ છે. એટલે અજ્ઞાન જાય તો બીક જાય, ને બીક જાય તો જૂઠાણું જાય. જેમ કે શીતળાનો કેસ જાહેર કરશું તો આપણને મારી નાખશે, અથવા ઈસ્પિતાલમાં હલાકી કરશે, એવી અજ્ઞાનતા અને તેથી થતી બીકને લીધે આપણે કેસ છુપાવીએ. ખરું જોતાં કોઈ મારી નાંખતું નથી, અને આપણામાં રામ હોય તો ઈસ્પિતાલમાં કોઈ હલાકી કરી શકતું નથી. તો પછી ડર શાને રાખીએ? વળી જૂઠું બોલીને આપણે કેસ છુપાવી શકતા નથી. ખરી બીક તો જૂઠું બોલવાની હોવી જોઈએ. જૂઠું બોલીએ, કેસ છુપાવીએ, તે જાહેર થાય, આપણી ફજેતી થાય, આપણી ઉપર આરોપ આવે, અને આપણને સજા પણ થાય. વળી કેસ છુપાવ્યો હોય તો તેથી ઈસ્પિતાલમાં પણ વધારે હલાકી થાય, આપણાં સગાંવહાલાં પણ ઘસડાય. આવો વિચાર કરતાં આપણે શીખીએ તો આપણે બીક રાખવાનું કારણ ન રહે.

પણ જેઓ સત્તાવાળાઓને છેતરવાવાળા છે તેમાંના ઘણા તો અમારી આ ટીકા જોનાર નથી. જવાબદારી માત્ર આગેવાનોની છે. આપણે સાચા હોઈએ, રહીએ ને બીજા તેવા થાય એવું ઇચ્છીએ તો ઘણું કરી શકીએ છીએ. આગેવાનોની ફરજ છે કે તેમણે કોમના ગરીબ માણસોના પ્રસંગમાં આવવું ને રહેવું, તેમને વારંવાર ખરો રસ્તો બતાવવો, ને પોતે તે જ રસ્તે ચાલવું. આમ કરીએ તો આપણી ઉપર એક પણ તહોમત આવવાનો અવકાશ ન રહે.

[મૂળ ગુજરાતી]

ઇન્ડિયન ઓપીનિયન, ૨૦–૭–૧૯૧૨

Gandhi Heritage Portal

૨૪૦. એશિયાટિક રજિસ્ટ્રારને પત્ર[1]

જુલાઈ ૨૨, ૧૯૧૨

[એશિયાટિક રજિસ્ટ્રાર
પ્રિટોરિયા
સાહેબ,]

તમારા તા. ૧૩મીના કાગળની માનપૂર્વક પહોંચ સ્વીકારું છું. જવાબમાં જણાવવાનું કે તમારી ઑફિસની બહાર હિંદીઓને વાટ જોતા ઊભા રહેવું પડે છે. તેમાં બહુ અગવડતા ભોગવવી પડે છે. તમે જાણો છો કે ઘણાને લાંબો વખત વાટ જોવી પડે છે. અને તેથી બીજું કાંઈ નહીં તો, રસ્તામાં લાંબો વખત સુધી વાટ જોતા ઊભા રહેવાથી બહુ થાક લાગે; અને જેઓને આ પ્રમાણે ઊભા રહેવું પડયું છે તેમણે વારંવાર થાકની ફરિયાદ પણ બ્રિટિશ ઇન્ડિયન ઍસોસિયેશન આગળ કરી છે. વળી તેમને તાપ, પવન કે વરસાદમાંથી પણ રક્ષણ મળતું નથી. અને જ્યારે તેઓ કેટલાકને એકસાથે કામ પડયું હોય ત્યારે તેમણે કયાં ઊભા રહેવું તેની તેમને ખબર પડી શકતી નથી; કેમ કે પગથી પર અથવા રસ્તા ઉપર જ્યાં ઊભા રહે ત્યાં રસ્તે ચાલનારને આડે આવ્યા વગર રહે નહીં. મારો નમ્ર મત છે કે બીજી દરેક જાહેર ઑફિસમાં બને છે તેમ તમારી ઑફિસમાં પણ લોકોના એક ભાગ તરીકે હિંદીઓને પણ એકસરખી સગવડતા મળવી જોઈએ.[2]

મો. ક. ગાંધી

[મૂળ ગુજરાતી]
ઇન્ડિયન ઓપીનિયન, ૩–૮–૧૯૧૨

૧. આ પત્ર એશિયાઈ રજિસ્ટ્રાર મિ. ચમનીના ૧૩મી જુલાઈના પત્રના જવાબમાં લખવામાં આવ્યો હતો. એ પત્રમાં મિ. ચમનીએ લખ્યું હતું: "ચાલુ મહિનાની ૧૧મી તારીખના રોજ તમારી સાથે થયેલી મુલાકાત સંબંધી જણાવવાનું કે હિંદીઓ મારી ઑફિસની બહાર રાહ જોતા ઊભા હોય ત્યારે તેમને વેઠવી પડતી અગવડો બાબત, અને તેઓ શું ઇચ્છે છે તે સંબંધી લેખિત નિવેદન મોકલશો તો આભારી થઈશ." ઇન્ડિયન ઓપીનિયન, ૩–૮–૧૯૧૨.

૨. આ પત્રના જવાબમાં મિ. ચમનીએ ૨૬મી જુલાઈને રોજ લખ્યું: " . . . જે એશિયાઈઓ મારી ઑફિસમાં આવે છે તેમની સગવડ માટે ખાસ જગ્યા મળી શકે તેમ નથી, તેમ જ હમણાં પૈસા પણ મળી શકે તેમ નથી, જેથી આવી ખાસ જગ્યાની વ્યવસ્થા થઈ શકે. તમારા પત્રના છેલ્લા વાકય સંબંધમાં કહેવાનું કે, એવી ઘણી ઑફિસો, જેમાં યુરોપિયનો સહિતની સામાન્ય જનતાને જવાનું હોય છે, ત્યાં ખાસ જગ્યાની સગવડ નથી એની મેં ખાતરી કરી છે." ઇન્ડિયન ઓપીનિયન, ૩–૮–૧૯૧૨.

Gandhi Heritage Portal

૨૪૧. ગૃહમંત્રીને પત્ર

જુલાઈ ૨૨, ૧૯૧૨

ગૃહમંત્રી
પ્રિટોરિયા
સાહેબ,

તમારા તા. ૧૯મીના તાર અને કાગળની માનપૂર્વક પહોંચ સ્વીકારું છું.[૧] અને તે માટે આભાર માનું છું.

આ સાલ માટે દાખલ કરવાના ૬ કેળવાયેલા હિંદીઓનાં નામ હવે પછી આપની પાસે રજૂ કરવામાં આવશે.[૨]

હું છું, વગેરે
મો. ક. ગાંધી

[મૂળ ગુજરાતી]

ઇન્ડિયન ઓપીનિયન, ૨૭–૭–૧૯૧૨

૨૪૨. ગૃહમંત્રીને પત્ર[૩]

જુલાઈ ૨૨, ૧૯૧૨

ગૃહમંત્રી,
પ્રિટોરિયા
સાહેબ,

શ્રી આર. એમ. સોઢા સમાધાનની રૂએ ગયે વરસે દાખલ કરાયેલા બ્રિટિશ હિંદીઓમાંના એક છે. મેં ગયે વરસે કહ્યું હતું તેમ, શ્રી સોઢા પોતાના ગુજરાન માટે ટ્રાન્સવાલમાં કંઈક ધંધો કરવા ઇચ્છે છે, પણ પાર્લમેન્ટની ગઈ બેઠકમાં કાયદો થઈ જશે એમ માનીને સમાજે શ્રી સોઢાના ગુજરાનની વ્યવસ્થા કરી હતી. પરંતુ સ્વાભાવિક રીતે જ તેઓ બેકાર રહેવા માગતા નથી અને વેપાર કરવા માટે લાઇસન્સ લેવા આતુર છે. મને લાગે છે કે, તેમને જે પરમિટ આપવામાં આવી છે તેને આધારે તેમને લાઇસન્સ મળી શકશે નહીં. તેથી, તેમને રજિસ્ટ્રેશન સર્ટિફિકેટ રજૂ કર્યા વિના લાઇસન્સ આપવા માટે, સરકાર મહેસૂલી અધિકારીને અધિકાર આપશે તો મહેરબાની થશે.

હું છું, વગેરે
[મો. ક. ગાંધી]

[મૂળ અંગ્રેજી]

ટાઇપ કરેલી ઑફિસ નકલની છબી પરથી: એસ. એન. ૫૬૬૯

૧. જુઓ "ગૃહમંત્રીને પત્ર", પાદટીપ ૧, પા.૩૦૧.
૨. જો ગાંધીજીએ યાદી મોકલી જ હોય તો તે મળતી નથી.
૩. એશિયાઈ રજિસ્ટ્રાર મિ. ચમનીએ ઑગસ્ટની ૧લીએ આનો જવાબ આપ્યો: "હું સમજું છું તે પ્રમાણે સમાધાનનો અર્થ એ હતો કે ભણેલા છ એશિયાઈઓને દર વરસે, તેમના જે દેશબંધુઓને એમની પેઠે કેળવણી નથી મળી તેમના લાભાર્થે, ટ્રાન્સવાલમાં આવવા દેવા. છ હિંદીઓને તેમના અંગત હિત માટે અહીં આવવા દેવા એવો કયારેય ઇરાદો હોય એવું હું માનતો નથી. તમારા વિચાર જણાવશો તો મને આનંદ થશે." એસ. એન. ૫૬૮૨.

Gandhi Heritage Portal

૨૪૩. સમાધાની લંબાઈ

મિ. ગાંધીને મુલકી પ્રધાનની સાથે ચાલેલા પત્રવ્યવહાર[૧] ઉપરથી અમે જોઈએ છીએ કે સમાધાની[૨] લંબાઈ છે. સત્યાગ્રહીને સંતોષવાનો કાયદો પસાર કરવા હજ પણ યુનિયન સરકાર ઇચ્છે છે એટલે સમાધાની લંબાવી જ જોઈએ. હવે આ વરસને સારુ વળી બીજા કેળવાયેલા હિંદીને આવવાની રજા મળવી જોઈશે.[૩] આ કાર્ય એ સરકારના દાદ આપવાના ઇરાદાની નિશાની ગણી શકાય. સત્યાગ્રહીઓ ગમે ત્યાં બેઠા હોય છતાં તેઓ જ્યાં સુધી સંતોષકારક કાયદો નથી થયો ત્યાં સુધી પોતાના કસમમાંથી મુક્ત થઈ શકતા નથી. એટલે હજુ લડત બંધ જ થઈ એમ કહી શકાય નહીં.

દરમિયાન લૉર્ડ ઍમ્પ્ટહીલ પોતાનું કાર્ય કર્યે જાય છે. તેમની હિમાયત અડગ છે. તેમણે ઉમરાવની સભામાં વળી હંગામ ઉઠાવ્યું છે.[૪] જ્યાં સુધી સોનેરી કાયદા[૫] [કસબા કાનૂન][૬] વગેરેનાં દુઃખ પડ્યાં છે, છોકરાઓને ગેરવાજબી હેરાનગતિ થાય છે, વેપારના પરવાનાની હરકતો આવે છે ત્યાં લગી સરકાર સમાધાનીની ચાવી — તેનું રહસ્ય — [જનરલ બોથાનાં જાહેર નિવેદનો][૭] નથી જાણતી એવું તહોમત લૉર્ડ ઍમ્પ્ટહીલ મૂકે છે.

પણ જો લૉર્ડ ઍમ્પ્ટહીલ સમાધાનીનું રહસ્ય સમજે છે તો આપણે તે ભૂલી જતા જણાઈએ છીએ. આપણી ઓરતોને અમલદારો તકલીફ આપે છે, આપણને લોકેશનમાંથી કાઢી મૂકે છે, આપણાં ઘર તોડી નાખે છે, આપણને મળેલાં ખત રદ કરવા જેવું કરે છે તે બધું આપણે

૧. જાન્યુઆરી ૨૯ અને જુલાઈ ૧૭, ૧૯૧૨ દરમ્યાન થયેલો પત્રવ્યવહાર.

૨. મે ૨૦, ૧૯૧૧ની.

૩. જુઓ "ગૃહમંત્રીને પત્ર", પા. ૩૦૧-૨.

૪. ૧૯૧૨ની જુલાઈની ૧૭મીએ લૉર્ડ ઍમ્પ્ટહીલે કામચલાઉ સમાધાનના પાલન બાબત ઉમરાવ-સભામાં પૂછેલા પ્રશ્નો માટે જુઓ પરિશિષ્ટ ૧૮.

૫. જુઓ "મૉડ પોલાકને લખેલા પત્રનો અંશ", પા. ૫-૬ તથા પરિશિષ્ટ ૨૧.

૬. જાહેર કરેલા (પ્રોક્લેમ્ડ) વિસ્તારમાં તથા બીજી જગ્યાએ, જ્યાં હિંદીઓએ સારો વેપાર જમાવ્યો હતો, ત્યાં રહેતા હિંદીઓને સુવર્ણ કાનૂન અથવા નગર કાનૂન અનુસાર ત્યાંથી વાડાઓમાં જવાની ફરજ પાડવામાં આવતી હતી. જે વિસ્તારને આની તાત્કાલિક અસર થતી હતી તેમાં ક્લાર્ક્સડૉર્પ ("મૉડ પોલાકને લખેલા પત્રનો અંશ", પા. ૫-૬), ક્રૂગર્સડૉર્પ ("ઘેરાતું વાદળ", પા. ૧૫૩-૪), રૂડીપૉર્ટ અને જર્મિસ્ટન ("જર્મિસ્ટનના હિંદીઓને નોટિસો", પા. ૧૭૦) વગેરે આવેલાં હતાં.

૭. ૧૯૦૯માં બોથાએ લૉર્ડ કર્ઝનને ખાતરી આપી હતી કે બ્રિટિશ હિંદીઓ સાથે ન્યાયી અને ઉદાર વર્તન રાખવામાં આવશે. જુઓ પુસ્તક ૯, પા. ૨૦૩. ૧૯૧૧ના મેની ૨૩મીએ અસ્થાયી સમાધાન વિષે બોલતાં જનરલ બોથાએ કહ્યું હતું કે, આ સમાધાનથી મને ઘણો સંતોષ થયો છે અને તે યોગ્ય વખતે થયું છે. તેમણે ચેતવણી આપી હતી કે સમાધાનની રૂએ આવી શકતા હોય તેટલા જ હિંદીઓને આ દેશમાં દાખલ કરવામાં આવશે, પણ તેની સાથે તેમણે વચન આપ્યું હતું કે ભવિષ્યમાં એશિયાઈઓના જીવનની પરિસ્થિતિ બને તેટલી સહ્ય બનાવવાનો પ્રયત્ન કરવામાં આવશે. ખરેખર તેમણે કહ્યું હતું કે, તેમના મનમાં એશિયાઈઓ પ્રત્યે દ્વેષભાવ નથી. વળી લંડનમાં ભરાયેલી ઇમ્પિરિયલ કૉન્ફરન્સમાંથી પાછા ફરતાં ૧૯૧૧ના સપ્ટેમ્બરની ૨૬મીએ રીટફૉન્ટીનમાં બોલતાં તેમણે કહ્યું હતું કે, જનરલ સ્મટ્સ એશિયાઈ સવાલનો ઉકેલ કરવાના પ્રયત્નમાં "સુકાઈને સળેકડી થઈ ગયા છે." આ દેશમાંથી એકેએક હિંદીને દેશપાર કરવા જોઈએ, એવી એક અરજના જવાબમાં તેમણે કહ્યું કે, તેમ કરવામાં મુશ્કેલી એ છે કે, "બ્રિટિશ ધ્વજ નીચે આપણે બ્રિટિશ સિદ્ધાંતો મુજબ વર્તવું જોઈએ."

Gandhi Heritage Portal

જોયા કરીએ છીએ.[૧] આપણને નથી સૂઝતું કે આ દુ:ખોની જડીબુટ્ટી આપણે હાથ છે. આ દુ:ખોને સત્યાગ્રહથી તુરત દૂર કરી શકીએ છીએ એ આપણે સમજવા જેવું છે, છતાં આપણે ઘોર ઊંઘમાં પડયા છીએ.[૨]

એમ જ થશે. આપણને હજુ જેલની બીક છે, પૈસાનો લોભ છે, એશઆરામ વહાલાં છે. ભલે લૉર્ડ ઍમ્પ્ટહીલ લડયા કરે, પણ જ્યાં સુધી આપણે પોતે નહીં જાગીએ ત્યાં લગી તેમની હિમાયત બુઠ્ઠી તલવારના ઘા જેવી રહેશે.

[મૂળ ગુજરાતી]

ઇન્ડિયન ઓપીનિયન, ૨૭-૭-૧૯૧૨

૨૪૪. જર્મિસ્ટનના હિંદી

જર્મિસ્ટનની મ્યુનિસિપાલિટીએ ત્યાંના હિંદીઓને જૉર્જટાઉન લોકેશનમાંથી હાંકી કાઢવાનો નિશ્ચય કર્યો લાગે છે. મિ. કાળાસિંગવાળા કેસના ચુકાદાનો લાભ લઈ એ મ્યુનિસિપાલિટીએ અત્યાર સુધીમાં જ કેટલાક હિંદીનાં મકાન પાડી નંખાવ્યાં છે; અને હવે તેણે વેપાર બંધ કરવાને માટે કેટલાક હિંદીઓને નોટિસ આપી છે. આ નોટિસ નીચે પ્રમાણે છે:

> એવા ખબર મળ્યા છે કે જૉર્જ ટાઉન લોકેશનમાં સ્ટૅન્ડ નં. વાળા મકાન પર તમે ગાંધિયાણું વગેરે ચીજો વેચો છો. આ બાબતમાં પુરાવાઓ મેળવવા માટે મને સૂચનાઓ મળી છે. તમને કપટથી પકડવાને પ્રયત્ન કરવામાં આવશે, અને તમને પકડવામાં ફતેહ મળશે તો તમારું શું થશે એ કહેવાની જરૂર નથી.

નોટિસ આપનારની મુરાદ વેપાર કરનારને પકડીને તેમની મિલકત જપ્ત કરવાની છે. આમ હિંદીઓને રોજગાર વગરના કરવાની, અને એ રીતે નવા લોકેશનમાં ઉકરડા પર રહેવા જવાની યુક્તિ રચાઈ છે. ૧૮૮૫ના કાયદાથી લોકેશનમાં વેપાર કરવાની છૂટ છે, પણ હવે જર્મિસ્ટનની મ્યુનિસિપાલિટી તે પણ બંધ કરવા માગે છે. જો તેને તેમાં ફતેહ મળે, તો બીજી મ્યુનિસિપાલિટીઓ પણ તેના દાખલાનું અનુકરણ કરવા માગશે, એ ઉમેરવાની ભાગ્યે જ જરૂર રહે છે.

[મૂળ ગુજરાતી]

ઇન્ડિયન ઓપીનિયન, ૨૭-૭-૧૯૧૨

૧. ટ્રાન્સવાલને સંબંધ છે ત્યાં સુધી ગાંધીજી ૧૯૧૨ના યુનિયન કાનૂનમાં ઇમિગ્રન્ટ અધિકારીઓને મળનારી બહોળી સત્તાની વાત કરે છે. એ અધિકારીઓને ભવિષ્યમાં આવનારા હિંદીઓના ડોમિસાઈલને લગતા અધિકાર નક્કી કરવાની, કોર્ટોની હકૂમતમાં ન આવે એવી સત્તા મળતી હતી. લગ્નના પુરાવા બાબત જોકે મિસિસ સોઢા, બાઈ રસૂલ અને મિસિસ જસાતને, બીજા ધર્મોના કાયદા મુજબ થયેલાં લગ્નોની પવિત્રતા બાબત કાયદાની કડક વ્યાખ્યા અનુસાર ટ્રાન્સવાલમાંથી પાછાં કાઢવામાં આવ્યાં હતાં, પણ ગાંધીજીના મનમાં અહીં થોડા દિવસ પહેલાં કઝિન્સે કાઢેલો નાતાલ પરિપત્ર (પાદટીપ ૧, અને પાદટીપ ૨, પા. ૨૯૯) હોય એમ લાગે છે.

૨. ૧૯૧૧ અને ૧૯૧૨ના યુનિયન ઇમિગ્રેશન લેજિસ્લેશનમાં, હિંદીઓના વિરોધ પછી, જનરલ સ્મટ્સે સૂચવેલા ફેરફારો સાથે સંમત થતાં ગાંધીજીએ હિંદીઓનો, બીજી ફરિયાદો માટે ચળવળ કરવાનો અધિકાર અનામત રાખ્યો હતો. (આ લેખમાં લગભગ બધી ફરિયાદોનો ઉલ્લેખ છે) જુઓ "ગૃહમંત્રીને તાર", પા. ૨૫૪; "ઈ. એફ. સી. લેનને પત્ર", પા. ૧૧ તથા "સમાધાની", પા. ૧૦૭-૯.

Gandhi Heritage Portal

૨૪૫. મિ. ભાયાતનો કેસ[1]

બૉક્સબર્ગમાં મિ. ભાયાત અને મિ. રિચ સામે જે કેસ ચાલ્યો તેને ઉપરના નામથી ઓળખવામાં આવેલ છે, પણ ખરી રીતે સોનેરી સરહદમાં રહેતા બધા હિંદીનો તે કેસ છે. તેમાં જે ચુકાદો[2] મળ્યો છે તેને સૌથી વડી અદાલત સુધી લઈ જઈ ફેરવવામાં નહીં આવે તો

૧. હેડલબર્ગના એક પ્રખ્યાત વેપારી આમોદ મૂસા ભાયાત, જેમણે પહેલાં સત્યાગ્રહી તરીકે અનેક વાર જેલ અને આર્થિક તંગી વેઠી હતી, તેમણે બૉક્સબર્ગમાં એલ. ડબ્લ્યુ. રિચને નામે રજિસ્ટર થયેલી જગ્યા ઉપર નવેમ્બર ૬, ૧૯૧૧ના રોજ એક દુકાન ચાલુ કરી. બૉક્સબર્ગ ઈસ્ટ રેન્ડનું કેન્દ્ર સ્થળ છે. એ શહેરમાં હમણાં સુધી યુરોપિયનો કોઈ પણ એશિયાઈને વેપાર કરવા દેતા નહોતા. એ યુરોપિયનોએ ૮મી નવેમ્બરે એક સભા બોલાવી અને આગામી એશિયાઈ હરીફાઈ નો વિરોધ કર્યો. થોડા દિવસ પહેલાં ઈસ્ટ રેન્ડ એક્સપ્રેસે ભાયાતને રિચ તથા "ઇંગ્લંડમાંના પોતાના લાગવગવાળા યુરોપિયન મિત્રોની" મદદથી કસોટીરૂપ કેસ કરવાની ફરજ પાડનાર "ચતુર આક્રમક" તરીકે વર્ણવ્યા હતા અને ખાતરી આપી હતી કે સ્થાનિક ગોરાઓ "આખરી દમ સુધી" લડી લેશે. તા. ૪–૧૧–૧૯૧૧ના ઇન્ડિયન ઓપીનિયનમાંના એક તંત્રીલેખે એ વાત મંજૂર રાખી હતી કે "સ્પષ્ટ મુદ્દો" બ્રિટિશ હિંદીઓ કુલી લોકેશન બહાર વેપારધંધો કરી શકે કે નહીં એ હતો. ટ્રાન્સવાલ લીડરે પણ ગોરાઓના આત્મસંરક્ષણની બૂમનો પક્ષ કર્યો. અને યુરોપિયન છાપાંએ "એશિયાઈ આક્રમણ"ની વાત રજૂ કરીને જાહેર કર્યું કે, "જૂની પુરાણી જીવનપદ્ધતિ", "પૂર્વના લોકોની યુક્તિપ્રયુક્તિ" અને "સંસ્કૃતિનું હલકું ધોરણ" ધરાવતા એશિયાઈઓ સાથે યુરોપિયનો કદી હરીફાઈમાં ટકી શકે નહીં. ઉપરોક્ત સભામાં ત્રણ ઠરાવો કરવામાં આવ્યા જેમાં એવી માગણી કરવામાં આવી હતી કે: (ક) ભાયાત સામે સુવર્ણ કાનૂનની ૧૩૧મી કલમ મુજબ પગલાં લેવાં. (ખ) રિચની મિલકત જે શરતે ભાડાપટ્ટામાંથી કરમુક્ત પટ્ટાની કરી આપવામાં આવી હોય, તે શરતનો અમલ કરવાની ફરજ પાડવી. એ શરત એવી હતી કે ત્યાં કોઈ બિનગોરો માણસ રહી કે વેપાર કરી નહીં શકે. (ગ) ટાઉન કાઉન્સિલે ભાયાતને મ્યુનિસિપલ સગવડો આપવાની ના પાડવી. ટાઉન કાઉન્સિલની ૨૨મી નવેમ્બરની સભા સામે આ ઠરાવોમાં વધારે સખત સુધારા રજૂ કરવાની વાત આવી અને હાલનાં બધાં એશિયાઈ વેપારી લાઇસન્સ રદ કરવા રેવન્યુ ઉઘરાવનાર અમલદારને હુકમ કરવાની માગણી કરવામાં આવી. પરંતુ ૮મી ડિસેમ્બરની સભામાં ટાઉન કાઉન્સિલે કાયદાની સલાહ લઈને આ સુધારાઓ રદ કર્યા અને ઠરાવો સરકારને મોકલી આપ્યા. દરમ્યાન મેયર અને ટાઉન કાઉન્સિલના ચેરમેન જનરલ સ્મટ્સને મળ્યા હતા અને તેણે તેમને ખાતરી આપી હતી કે બૉક્સબર્ગમાં બિનગોરા લોકોના કબ્જા હેઠળના વાડાઓ બાબતમાં તાત્કાલિક પગલાં લેવામાં આવશે. ૧૯૧૨ના જાન્યુઆરીની ૧૨મીએ સરકારે રિચને પોતાના વકીલ મારફતે નોટિસ આપી કે ૨૧મી ઑગસ્ટનું તાજનું દાનપત્ર, જેની રૂએ તેમને વાડાઓ પર કરમુક્ત માલિકી આપવામાં આવી હતી, તે પાછું સોંપવું, કારણ કે "તેમણે (રિચે) બિનગોરા લોકોને વાડાઓમાં રહેવા દઈને દાનની શરતોનો ભંગ કર્યો છે." સરકારની અરજી ઉપરથી (ટ્રાન્સવાલ વિભાગ) સુપ્રિમ કોર્ટે ૧૯૧૨ના ફેબ્રુઆરીની ૧૨મીએ રિચ તથા ભાયાત પર સમન્સ કાઢ્યા અને જૂનની ૭મીએ કેસની સુનાવણી શરૂ થઈ. ન્યાયખાતાના મંત્રીએ સુપ્રિમ કોર્ટને એવી જાહેરાત કરવા અરજ ગુજારી કે આરોપીએ ટ્રાન્સફર દસ્તાવેજ રદ કરવાની અને વાડાનો કબ્જો સોંપવાની ના પાડી છે. તેથી વાદી (સરકાર) ઉક્ત વાડાની માલિકીના અધિકારી થાય છે. ઇન્ડિયન ઓપીનિયન, ૪–૧૧–૧૯૧૧થી ૧૩–૭–૧૯૧૨.

૨. જસ્ટિસ મેસને પોતાના ચુકાદામાં નિર્ણય આપ્યો કે રિચ, જે શરતો વડે એટલે કે નગર કાનૂન અને સુવર્ણ કાનૂનની સંબંધ ધરાવતી કલમો અનુસાર, તાજની જમીનની માલિકી તેમને નામે કરવામાં આવી હતી, તે શરતો વડે બંધાયેલા છે. તેથી દક્ષિણ આફ્રિકા સંઘ રાજ્યને આ નામે કરી આપેલા વાડાઓનો દસ્તાવેજ રદ કરવાનો અને ત્રણે વાડાઓનો કબ્જો સોંપી દેવા રિચને હુકમ કરવાનો તથા બીજા પ્રતિવાદી ભાયાતને ત્યાંથી ખાલી કરાવવાનો અધિકાર છે. ફરિયાદીને આ મુકદ્દમાનું ખર્ચ માગવાનો પણ અધિકાર છે. રિચે એવી દલીલ કરી હતી કે ૧૮૯૬માં કરેલા અસલ દસ્તાવેજમાં, એ જગ્યામાં બિનગોરા લોક ન રહી શકે એવી કોઈ શરત નહોતી. લીઝ હોલ્ડમાંથી ફ્રી હોલ્ડ કરી આપવાની શરતો (એટલે કે સ્ટેન્ડ

Gandhi Heritage Portal

ટ્રાન્સવાલમાંથી હિંદી વેપારીની જડ નીકળી જશે. એક વખત મિ. રિચના નામ પરની મિ. ભાયાતની બૉક્સબર્ગની મિલકત જપ્ત થઈ, એટલે સોનેરી સરહદમાં રહેનાર દરેક હિંદી વેપારીનું તેમ જ થશે. સોનેરી કાયદાને[૧] ટાઉનશિપ કાયદા સાથે જોડી [તેને જાતિગત કાયદો બનાવી][૨] હિંદીની

કોઈ બિનગોરા માણસોને આપવું ન જોઈએ) નિયમન દ્વારા લાગુ કરવામાં આવી છે અને તેનો અમલ બિનયુરોપિયન માતાપિતાનાં સંતાનો સામે કરી શકાતો નથી, કારણ કે એ ભેદભાવદર્શક જોગવાઈઓ હોવાથી યુરોપિયનોને નહીં પણ એશિયાઈઓને જ લાગુ પડે છે, (એટલે કે એ "વર્ગ કાનૂન" હતો એ કારણે) તેને માટે (ટ્રાન્સવાલ) "લેટર્સ પેટન્ટ"ની કલમ ૩૯ (ક) મુજબ સામ્રાજ્ય સરકારની પહેલેથી મંજૂરી લેવી જોઈતી હતી. ઇન્ડિયન ઓપીનિયન, ૧૩-૭-૧૯૧૨; તથા જુઓ પરિશિષ્ટ ૧૯ પણ, જેમાં ૧૯૧૧માં સ્મટ્સે દલીલ કરી હતી કે નગર કાનૂન આવા દાખલામાં લાગુ નહીં પડે.

૧. ૧૮૮૫નો કાનૂન એશિયાઈઓને લોકેશનો બહાર જમીનની માલકી ધરાવતાં અટકાવતો હતો એ સાચું, પણ એશિયાઈઓ વતી જે કોઈ યુરોપિયન તેની કાયમી ભાડાપટ્ટાની અથવા કરમુક્તપટ્ટાની માલકી ધરાવવા માગે તો તેને તે અટકાવતો નહોતો. ૧૯૦૫માં ટ્રાન્સવાલ સુપ્રિમ કોર્ટે "નામના (જેને નામે જમીન હોય તે) યુરોપિયન માલિકો અને ખરા એશિયાઈ માલિકો વચ્ચેની આ ન્યાયોચિત વ્યવસ્થા મંજૂર રાખી હતી" (સૈયદ ઇસ્માઈલ અને એક બીજા વિ. જોહાન્સબર્ગનો મૉડ પોલાકે ટાંકેલો કેસ). ૧૯૦૮ના ટાઉનશિપ એમેન્ડમેન્ટ ઍક્ટ અને ગોલ્ડ ઍક્ટને પરિણામે આ ભોગવાતા આવેલા અધિકારો રદ થયા. ટાઉનશિપ ઍક્ટના ભાગ બીજાના પ્રકરણ ૩ની કલમ ૯(૧)માં એવી જોગવાઈ છે કે નગરોના બધા વાડાઓની પટ્ટાદારી લાઇસન્સ ફી આપીને કરમુક્ત માલિકીમાં ફેરવી શકાય. પટ્ટાદાર અથવા માલિકને કરમુક્ત માલિકીનો દસ્તાવેજ કરાવવાનું ફરજિયાત નહોતું. જો તે દસ્તાવેજ કરાવે તો પેટા ભાડે આપવાની અથવા એશિયાઈઓને ત્યાં રહેવા દેવાની મનાઈ કરતી ૧૯૨૦ના સુવર્ણ કાનૂનની કલમ ૧૩૦ લાગુ પડતી હતી. દેખીતી રીતે જ, જે જમીન ભરોસા પર ધારણ કરવામાં આવી હોય તેની કરમુક્ત માલિકી હિંદીઓ, "બિનગોરાઓની માલિકી" ઉપરના નિષેધને કારણે, ધરાવી શકતા નહોતા. જો કોઈ નામનો યુરોપિયન માલિક ભાડાપટ્ટાને કરમુક્ત કરાવે તો તે નગર કાનૂન પ્રકરણ ૩ની કલમ (૩)૧ મુજબ ગુનાને પાત્ર થતો હતો; અને ૧૯૦૮ના સુવર્ણ કાનૂનની કલમ ૧૩૦ અને ૧૩૧ મુજબ — જે આવા દાખલાઓમાં લાગુ થતી હતી — તેની મિલકત ખાલસા થતી હતી. નગર કાનૂન અને સુવર્ણ કાનૂન એ બંને કાનૂનોનો ભેગો અર્થ કરવામાં આવે ત્યારે આમ બનતું હતું. એટલે કે ઉપરોક્ત બે કલમોનો સાથે અર્થ કરવામાં આવે તો યુરોપિયન માલિક કોઈ બિનગોરા માણસને નગરની જમીન પર રહેવા દઈ શકે નહીં, સિવાય કે તે વ્યક્તિ ઘરગતુ નોકર હોય. તે ઉપરાંત આવી મિલકત તેના મરણ પછી તેના વારસની થતી ત્યારે ભાડાપટ્ટાવાળી માલકી કરમુક્ત માલકીમાં ફેરવવાનું ફરજિયાત બનતું. તે એટલે સુધી કે નામ પૂરતા યુરોપિયન માલિકનું મૃત્યુ થતાં ખરા માલિકની મિલકત તેના હાથમાંથી ચાલી જતી. લૉર્ડ એમ્પ્ટહીલે કહ્યું હતું તેમ, આ રીતે ટાઉનશિપ એમેન્ડમેન્ટ ઍક્ટ (૧૯૦૮નો ૩૪મો કાયદો) અને ટ્રાન્સવાલ ગોલ્ડ ઍક્ટ (૧૯૦૮ના ૩૫મા કાયદા)માં "ચાલાકીભરી અને આડકતરી રીતે" એવું વિધાન કરેલું છે કે, સુવર્ણ કાનૂન મુજબ "ઘોષિત વિસ્તાર" માટે નક્કી કરેલા નિષેધો અને સનદો ખુલ્લાં નગરોમાં પણ લાગુ પડે. આ બંને કાયદાઓનો આશય ટ્રાન્સવાલની બધી હિંદી વસ્તીને, પછી તે નગરમાં હોય કે ઘોષિત વિસ્તારમાં હોય, ૧૯૦૯ના જાન્યુઆરીની ૧લી પછી વાડાઓમાં ધકેલવાનો હતો. બ્રિટિશ સરકારે બોઅર યુદ્ધ પહેલાં અને તે પછી આ નીતિનો વિરોધ કર્યો હતો, પણ ૧૯૦૮માં તેમાં સંમતિ આપી હતી. (બ્રિટિશ ઇમ્પીરિયલ લૉર્ડ એમ્પ્ટહીલનો પત્ર, ઇન્ડિયન ઓપીનિયન, ૨૮-૧૦-૧૯૧૧, સા. આ. બ્રિ. હિં. કમિટી વતી મૉડ પોલાકનો સંસ્થાન મંત્રીને પત્ર, જુલાઈ ૨૯, ૧૯૧૧, સી. ઓ. ૫૫૧/૨૨ તથા "શ્રી પોલાકનું નિવેદન", ઇન્ડિયન ઓપીનિયન, ૯-૧૨-૧૯૧૧ અને ૧૬-૧૨-૧૯૧૧).

૨. ગાંધીજીએ હમેશાં વર્ગ કાનૂનનો, એટલે કે જે કાયદો બ્રિટિશ રાજ્યની લઘુમતી જેને મતાધિકાર નથી તેના પર ભેદભાવવાળાં નિયંત્રણો મૂકતો હોય તેવા કાયદાનો વિરોધ કર્યો હતો. રાણી વિક્ટોરિયાના ઢંઢેરાની રૂએ હિંદીઓ બ્રિટિશ સામ્રાજ્યના નાગરિકો બન્યા હતા તેથી નાતાલ અને ટ્રાન્સવાલ (જે અનુક્રમે ૧૮૯૩ અને ૧૯૦૭માં સ્વશાસિત દેશ બન્યા હતા)તેનાં બંધારણોમાં એવી જોગવાઈ હતી કે બ્રિટિશ હિંદીઓ સામે એક વર્ગ તરીકે ભેદભાવ કરતા કાયદા માટે સામ્રાજ્ય સરકારની મંજૂરી લેવી પડે. વર્ગ કાનૂન વિષે ગાંધીજીના ઉલ્લેખ માટે જુઓ પુસ્તક ૬, પા. ૩ અને ૨૮૮-૯.

Gandhi Heritage Portal

મિલકત જપ્ત કરી તેમને હાંકી કાઢવાનો સરકારે નવો રસ્તો શોધી કાઢયો છે. તેમાં તેને નિષ્ફળ કરવા માટે ઠેઠ વડી અદાલત સુધી જવું જોઈએ. તે ખર્ચ ઉપાડી લેવાનું માલદારોનું કામ છે. અત્યાર સુધીમાં જ મિ. ભાયાત એ કેસથી બહુ પાયમાલીમાં આવી પડેલ છે. હવે કોમે તે કેસ ઉપાડી લેવો જોઈએ. ટ્રાન્સવાલની કોરટમાં મળેલો ચુકાદો કાયમ રહે તો સોનેરી સરહદ-વાળી બધી હિંદી મિલકત જપ્ત થાય, ને તેથી વડી અદાલત આ ચુકાદો ફેરવી ન આપે તો સત્યાગ્રહથી લડીને કાયદામાં ફેરફાર કરાવવો જોઈએ. ઈસ્ટ રેન્ડ એક્સપ્રેસે સોનેરી સરહદની બીજી મિલકતો સામે પગલાં લેવાને બીજી મ્યુનિસિપાલિટીઓને આજથી સલાહ આપવા માંડી છે.

[મૂળ ગુજરાતી]

ઇન્ડિયન ઓપીનિયન, ૨૭–૭–૧૯૧૨

૨૪૬. મનસુખને પત્ર[1]

ટૉલ્સ્ટૉય ફાર્મ,
લૉલી સ્ટેશન,
ટ્રાન્સવાલ,
અષાડ સુદ ૧૪ [જુલાઈ ૨૭, ૧૯૧૨][2]

ભાઈશ્રી મનસુખ,

તમારો પત્ર મળ્યો છે. શ્રી મણિલાલ ડૉકટરને માટે મેં તાર કર્યો હતો. તેનો જવાબ તમે ન આપ્યો તે પરથી હું સમજ્યો કે તમે લોકો તેને મુક્ત કરવા રાજી નહોતા. બીજાં કારણોને લીધે પણ શ્રી મણિલાલે ફીજી જ જવાનો નિશ્ચય કર્યો. ગયા શુક્રવારે એ ભાઈ કેપથી નીકળી ચૂકયા છે. તમને તાર પણ કર્યો છે. ઑસ્ટ્રેલિયા થઈને ત્યાં પહોંચશે.

મને ઉમેદ છે કે હવે તમે સૌ રાજી થશો અને મણિલાલની હજી વધારે સારી રીતે બરદાસ કરશો. હાલતરત તેમના રહેવા-ખાવાનો બંદોબસ્ત ત્યાંના લોકોએ કરવો જોઈએ.

સૌ ભાઈઓનું ઉત્તેજન મળશે તો શ્રી મણિલાલ અવશ્ય ત્યાં સ્થાયી થશે. ફરી કંઈ લખવું હોય તો લખજો.

મોહનદાસ ગાંધીના યથાયોગ્ય

[મૂળ હિંદી]

ગાંધીજીના હસ્તાક્ષરમાં લખાયેલા મૂળ પત્રની છબી પરથી: જી. એન. ૨૫૫૩

૧. ગાંધીજીએ હિંદીમાં લખેલો આ પહેલો પત્ર છે.

૨. પત્રમાં મણિલાલ ડૉકટરના ફીજી જવાની વાત છે. તેઓ ૧૯૧૨ની ૨૬મી જુલાઈએ કેપટાઉનથી નીકળ્યા હતા. એ પરથી જણાય છે કે આ પત્ર ૧૯૧૨માં જ લખાયેલો હતો. તે વરસે અષાડ સુદ ચૌદસે જુલાઈની ૨૭મી તારીખ હતી.

Gandhi Heritage Portal

૨૪૭. ગોપાળ કૃષ્ણ ગોખલેને પત્ર

ટૉલ્સ્ટૉય ફાર્મ,
લૉલી સ્ટેશન,
ટ્રાન્સવાલ,
જુલાઈ ૨૮, ૧૯૧૨

પ્રિય શ્રી ગોખલે,

આપનો તાર મળતાં આનંદ થયો.[૧] આપના આવવાની તારીખ વિષે દરેક જણ પૂછતાછ કરે છે. આશા રાખું છું કે આપ અમને ઓછામાં ઓછો એક મહિનો આપશો. બધાં મુખ્ય મુખ્ય શહેરોનાં હિંદી મંડળો આપને પોતાને ત્યાં બોલાવવા બહુ ઉત્સુક છે.

આપની સાથે આપના મંત્રી અથવા બીજું કોઈ આવવાનું હોય તો મને જણાવવા મહેરબાની કરશો.

દક્ષિણ આફ્રિકામાં બધે ઠેકાણે આપનો ભવ્ય સત્કાર થશે, એ કહેવાની જરૂર ન હોય. આશા રાખું છું કે હવાફેરથી આપને ઘણો ફાયદો થયો હશે. મિસ પોલાક પાસેથી મેં જ્યારે સાંભળ્યું કે દાક્તરોએ આપને થોડા દિવસ માટે કોઈને પણ નહીં મળવાની સલાહ આપી હતી ત્યારે મને ઘણી ચિંતા થઈ હતી.

આપનો સહૃદયી
મો. ક. ગાંધી

[ગોપાળ કૃષ્ણ ગોખલે
ઇંગ્લંડ]

[મૂળ અંગ્રેજી]

ગાંધીજીના હસ્તાક્ષરમાં લખાયેલા મૂળ પત્રની છબી પરથી: જી. એન. ૩૭૭૨

૨૪૮. એશિયાટિકોના રજિસ્ટ્રારને પત્ર

[લૉલી,]
જુલાઈ ૨૯, ૧૯૧૨

[સાહેબ,]

તમારા તા. ૨૬મીના કાગળની[૨] માનપૂર્વક પહોંચ સ્વીકારું છું. મારા નમ્ર મત પ્રમાણે એક જાહેર ઑફિસમાં રીતસરની જગાની સગવડતાની લોકોનો એક ભાગ માગણી કરે તેનો, પૈસો નથી એવો જવાબ એક મોટી સરકાર વાળી શકતી નથી.

મને બીક લાગે છે કે મારા કાગળનો છેવટનો ભાગ સમજાયો નથી, બીજી જાહેર ઑફિસમાં લોકો માટે કાંઈ ખાસ, એટલે અસાધારણ સગવડતા છે એવું કહેવા હું માગતો નહોતો. મેં એમ

૧. ૨૫-૭-૧૯૧૨નો તાર. તેમાં પોતે ઑક્ટોબરની પમીએ નીકળશે એવું જણાવ્યું હતું.
૨. જુઓ પાદટીપ ૨, પા. ૩૦૫.

Gandhi Heritage Portal

કહ્યું હતું, અને તે હવે પણ કહું છું, કે બીજી જાહેર ઑફિસોમાં હમેશાં પૂરતી સગવડતા હોય છે. તમારી ઑફિસ સંબંધમાં બને છે તેમ લોકોને પગથી અથવા જાહેર રસ્તા ઉપર વાટ જોતા ઊભા રહેવાની ફરજ પડતી હોય એવી કોઈ ઑફિસ હું નથી જાણતો.

મો. ક. ગાંધી

[મૂળ ગુજરાતી]

ઇન્ડિયન ઓપીનિયન, ૩–૮–૧૯૧૨

૨૪૯. ચેટિયારને માન આપવાના મેળાવડામાં ભાષણ[1]

ઑગસ્ટ ૧, ૧૯૧૨

મિ. ગાંધી

એ પોતાના સાંભળનારાને ચેતવણી આપી કે આપણી મહાન લડતનો હજુ અંત આવ્યો છે એમ કહી શકાશે નહીં. સમાધાની હાલ લંબાઈ છે, અને અંતે કદાચ કોમને ફરીથી લડતનાં દુઃખ ઉઠાવવા તૈયાર થવું પડે એમ પણ બને. મિજબાનોની સલામતી ઇચ્છતા મિ. ગાંધીએ મિ. હૉસ્કેન તથા હાજર થયેલા બીજા ગોરા મિત્રોની તારીફ કરી, ને જણાવ્યું કે આજે ટેબલ પર આટલા ગોરાઓ અને હિંદીઓ સરખાપણાથી આજે મળી શકયા છીએ એ ઘણે ભાગે આપણા મિત્રોની મિત્રાઈનું ફળ છે. મારે હિસાબે દરેક સુધરેલા મુલકમાં, ને તેમાંએ ખ્રિસ્તી હોવાનો દાવો કરતા લોકમાં તો, બધા માણસો હમેશાં સરખા ગણાવા જોઈએ. પણ આ મુલકમાં રંગની જે ભારે સૂગ અને અદાવત છે તેનો ખ્યાલ કરતાં આપણે આટલે દરજજે પણ સરખાપણાને પહોંચી શકયા છીએ એ મુબારકબાદી લેવા જેવું છે.

[મૂળ ગુજરાતી]

ઇન્ડિયન ઓપીનિયન, ૧૦–૮–૧૯૧૨

૨૫૦. જર્મિસ્ટનના લોકેશનની ચર્ચા

જર્મિસ્ટનમાં નવા લોકેશનની મેલું નાખવાની જગાને ડૉ. મૅકનેબે તેના ખરા રૂપમાં વર્ણવી હતી તે જર્મિસ્ટન મ્યુનિસિપાલિટીને શૂળરૂપ થઈ પડયું હતું. એ રિપોર્ટનો ઇનકાર ન થાય ત્યાં સુધી તે હિંદીઓને ત્યાં જવા કહી શકે નહીં. તેથી ડૉ. મૅકનેબના રિપોર્ટને ધોઈ નાખવા સારુ તેણે ડૉ. આર્નોલ્ડનો રિપોર્ટ બહાર પાડયો છે. તેની મતલબ એવી છે કે એ આખી જગા ડૉ. મૅકનેબે વખોડી છે તેટલી ખરાબ નથી, ને જે જગા તેવી ખરાબ છે તે હાલ વાપરવાની નથી. આવા રિપોર્ટ વડે ડૉ. મૅકનેબના રિપોર્ટને પાછો પાડવાનો તેનો ઇરાદો છે, પણ હકીકતમાં તેમ ન થવું જોઈએ. એ જગા ડૉ. મૅકનેબે વર્ણવી તેટલી ખરાબ ન હોય તેથી કાંઈ તે ખરાબ છે તે હકીકત મટી શકતી નથી. એ જગા મેલું નાખવાના ઠેકાણા તરીકે વપરાયેલી એ વાતની તો

૧. આ સમારંભ ચેટિયાર હિંદ જઈ રહ્યા હતા તેમના માનમાં જોહાનિસબર્ગના તામિલ સમાજ તરફથી યોજવામાં આવ્યો હતો. તેમાં ૩૦૦ મહેમાનો આવ્યા હતા, જેમાં હિંદી પ્રશ્ન વિષે સહાનુભૂતિ ધરાવતા અનેક યુરોપિયનો પણ હતા. રેવ. ડૉ. રૉસ, રેવ. ડોક અને હૉસ્કેન પણ બોલ્યા હતા.

Gandhi Heritage Portal

ડૉ. આર્નોલ્ડથી પણ ના પાડી શકાઈ નથી. એક વખત મેલું નાખવા વપરાયેલી છે એવી જ જગા હિંદીના રહેઠાણ વાસ્તે શા માટે પસંદ કરવામાં આવે છે તે હિંદીઓથી બિલકુલ સમજી ન શકાય એવી વાત છે. તેનો અર્થ એક હોઈ શકે છે. તે એ કે હિંદીઓને ઢેડ અથવા પરિયાની પેઠે ગણવા અને ઢેડવાડે રાખવા એમ જર્મિસ્ટનની મ્યુનિસિપાલિટી ઇચ્છતી હોવી જોઈએ. જો તેવી તેની ઇચ્છા હોય તો ભલે હોય. હિંદીઓ કદી એવી જગા પર રહેવા જશે નહીં, અને મ્યુનિસિપાલિટીની એ બૂરી મુરાદ બર આવશે નહીં. આ મુલકમાં હિંદીઓ વસે છે તે હિંદનું નામ લજાવવા, અને આ મુલકના ઢેડ અથવા પરિયા બનવા માટે નહીં જ. જર્મિસ્ટનના બધા હિંદીઓએ આ વાત સંપૂર્ણ રીતે લક્ષમાં રાખવાની જરૂર છે.

[મૂળ ગુજરાતી]

ઇન્ડિયન ઓપીનિયન, ૩–૮–૧૯૧૨

૨૫૧. ગૃહમંત્રીના સેક્રેટરીને પત્ર[1]

ટૉલ્સ્ટૉય ફાર્મ,
લૉલી સ્ટેશન,
ટ્રાન્સવાલ,
ઑગસ્ટ ૩, ૧૯૧૨

ગૃહમંત્રીના સેક્રેટરી,
કેપટાઉન
સાહેબ,

આપનો આ મહિનાની પહેલી તારીખનો ૩૪/ઈ/૧૫૩૩૦ નંબરનો પત્ર[2] મળ્યો. આપે જેનો ઉલ્લેખ કર્યો છે તે ગયા મહિનાની ૨૨મી તારીખનો પત્ર મારી પાસે નથી. પણ હું માનું છું કે એ મેં ગૃહખાતાના સેક્રેટરીને શ્રી સોઢા બાબત લખેલો પત્ર[3] છે; અને એ બાબત તાકીદની હોવાથી હું ફાર્મ પરથી જ જવાબ આપું છું.

મારા નમ્ર અભિપ્રાય મુજબ, જે ભણેલા હિંદીઓ સંસ્થાનમાં દાખલ થાય તેઓ પોતાના વ્યક્તિગત લાભ માટે દાખલ થાય છે કે બીજા કારણે, એ બાબતના કોઈ સવાલને સ્થાન નહોતું. તેઓ કોમની જરૂરિયાત પૂરી પાડવા માટે જરૂરી ઊંચી કેળવણી પામેલા માણસો હોવા જોઈએ. હું ધારું છું કે કાયદો પસાર થયા પછી એવા માણસોને, નક્કી થયેલી સંખ્યામાં, પોતાની લાયકાતને આધારે પ્રવેશ મળશે. કાયદાની દૃષ્ટિએ સૌ સરખા હોવા જોઈએ, એ સિદ્ધાંતને ખાતર

૧. આ પત્રનો એશિયાઈ રજિસ્ટ્રારે ૧૬મી ઑગસ્ટે જવાબ આપ્યો: "જ્યાં સુધી, જેમને ખાસ છૂટ આપવામાં આવી છે એવા ભણેલા એશિયાઈઓનો અહીંનો નિવાસ કાયદેસર ઠરાવતો કાયદો પસાર કરવામાં ન આવે ત્યાં સુધી મહેસૂલી અધિકારીઓ તેમને સામાન્ય વેપાર પરવાના આપી શકશે નહીં. તેથી હું દિલગીર છું કે, શ્રી સોઢા, જેઓ હાલ ટ્રાન્સવાલમાં કેવળ કામચલાઉ પરમિટ હેઠળ રહે છે, તેમને વ્યાપારી પરવાનો આપવા માટે હું કોઈ મહેસૂલી અધિકારીને હુકમ આપી શકું તેમ નથી." એસ. એન. ૫૬૯૬.

૨. જુઓ પાદટીપ ૩, પા. ૩૦૬.

૩. જુઓ "ગૃહમંત્રીને પત્ર", પા. ૩૦૬.

Gandhi Heritage Portal

જેઓ લડયા છે તેઓ એમ માનીને ચાલ્યા છે કે જે ઉચ્ચ કેળવણી પામેલા માણસો આવશે તેઓ પોતાનું કામ કરવાની સાથે કોમની પણ સેવા અવશ્ય કરશે. ગયે વરસે જેમને દાખલ કરવામાં આવ્યા છે તેમની બાબતમાં મેં મિ. લેન સાથે ખાસ ચર્ચા કરી હતી. મેં તે વખતે એવી આશા વ્યક્ત કરી હતી કે, જોકે તેઓ વેપાર નહીં કરે એવી બાંયધરી હું આપી શકતો નથી છતાં મેં કહ્યું કે શ્રી સોઢા સિવાયના બીજા વેપાર નહીં કરે. શ્રી સોઢા લડાઈ પહેલાંના ત્રણ વરસના નિવાસી છે અને જરૂર તેમનો વિચાર વેપાર કરવાનો છે, પરંતુ શ્રી સોઢા વેપાર કરે એનો અર્થ કોઈ પણ રીતે એવો નથી કરવાનો કે તેઓ કોમને માટે કશા ઉપયોગના નહીં રહે. જેઓ ભણેલા માણસો તરીકે ટ્રાન્સવાલમાં દાખલ થાય તેઓ બધા પોતાના દેશભાઈઓમાં જ કોઈ સ્વતંત્ર ધંધો કરીને પોતાનું ગુજરાત ચલાવે, એવી અપેક્ષા અવશ્ય રાખવામાં આવી હતી. હું આશા રાખું છું કે શ્રી સોઢાની બાબતમાં જલદી નિર્ણય કરવામાં આવશે. આ પત્રની નકલ હું કરી લઈ શકયો નથી. એટલે મને તેની એક નકલ મોકલવા વિનંતી છે.

આપનો
મો. ક. ગાંધી

[મૂળ અંગ્રેજી]
ટાઈપ કરેલી ઑફિસ નકલની છબી પરથી: એસ. એન. ૫૬૯૭

૨૫૨. બલીબહેન વોરા અને ચંચળબહેન ગાંધીને લખેલા પત્રનો અંશ

[ઑગસ્ટ ૩, ૧૯૧૨ પછી][1]

ચિ. બલી તથા ચંચી,

તમારા બંનેના કાગળ મળ્યા છે.

રામીનો હાથ ભાંગી ગયો તેમાં તમારો કંઈક વાંક તો મને લાગે છે કે ગણવો જોઈએ, પણ એવા અકસ્માત બન્યા જ કરે છે. ઈશ્વર તેમાંયે જીવવું લખ્યું હોય તો બચાવી લે છે.

ચિ. વેણી[2] મને લખે છે કે ચંચીનો વિચાર હવે અહીં આવવાનો થયો છે. જ્યારે તેને આવવું હોય ત્યારે આવવાની છૂટ છે, એ સમજવાની જરૂર છે. ચંચી ત્યાં પોતાના મનથી પોતાને વધારે સુખી માને અને હરિલાલનો પણ તેવો જ વિચાર એવું માનીને મેં જવાની રજા આપી છે. અને એવું હું માનું છું તેથી જ ત્યાં રહે છે. મારું પોતાનું ત્યાં આવવાનું કયારે થશે એ તો કંઈ જ હમણાં કહી શકાય એવું નથી. જ્યાં સુધી કાયદો નથી થયો ત્યાં સુધી તો ન જ અવાય એમ લાગે છે.

કાંતિ જોરાવર થતો જાય છે એ બહુ સારી વાત છે. મારી સલાહ છે કે ઘરમાં પરદેશી ખોરાક જરા પણ ન દાખલ કરજો. તે ખોરાક વિષે મારો અનુભવ બહુ ખરાબ છે. લગભગ બધો પરદેશી ખોરાક દોષિત છે એમ મને દિવસે દિવસે વિશેષ ખાતરી થતી જાય છે.

૧. કાગળના છેલ્લા પૅરામાં જેમનો ઉલ્લેખ છે, તે ડૉ. મણિલાલ કેપટાઉનથી ફ્રીજ જવા ૧૯૧૨ના જુલાઈની ૨૬મીએ નીકળ્યા હતા. પણ આ ખબર છેક ૩-૮-૧૨ના ગુજરાતી ઇન્ડિયન ઓપીનિયનમાં આવ્યા હતા. તે ઉપરથી લાગે છે કે આ કાગળ ૩જી ઑગસ્ટ પછી લખાયો હશે.

૨. પ્રિટોરિયાના એક હિંદી જયશંકર વ્યાસનાં પત્ની.

Gandhi Heritage Portal

બલીએ સંસ્કૃત અભ્યાસ શરૂ કર્યો છે એ બહુ સારી વાત છે. જો મારા નસીબમાં દેશમાં આવવાનું હશે ને મારે કામ કરવું પડશે તો બલીનો ઉપયોગ હું પૂરો કરવા ઇચ્છું છું.

મણિલાલ, રામદાસ, દેવદાસ ફાર્મ પર છે. દાક્તર મહેતાની દીકરી બહેન જયાકુંવર પણ મારી સાથે છે. તે છોકરાઓને ભણાવવામાં મને મદદ સરસ કરે છે. તેના વર ફીજી[૧] ગયા છે એ તમે ઇ. ઓ.માં જોયું હશે. ચિ. જમનાદાસ પણ મારી સાથે છે. અની પણ ફાર્મ પર છે. દેવીબહેન[૨] (મિસ વેસ્ટ) . . .[૩]

[મૂળ ગુજરાતી]

ગાંધીજીના હસ્તાક્ષરમાં લખાયેલા મૂળ પત્રની છબી પરથી: એસ. એન. ૯૫૩૦

૨૫૩. ગોપાળ કૃષ્ણ ગોખલેને પત્ર

ટૉલ્સ્ટૉય ફાર્મ,
ઑગસ્ટ ૪, ૧૯૧૨

પ્રિય શ્રી ગોખલે,

આપના લાંબા પત્ર[૪] માટે ઘણો ઘણો આભાર. માંદગી પછી જે આરામ લેવો જોઈએ તેને ભોગે આપ અહીં આવો એવું હું સ્વપ્ને પણ નહીં ઇચ્છું. હું માની લઉં છું કે દક્ષિણ આફ્રિકા આવવા નીકળતા પહેલાં આપની તબિયત તદ્દન સારી થઈ જશે. આપની સંમતિની અપેક્ષાએ, કાર્યક્રમ મોટે ભાગે નીચે મુજબ રહેશે:

૨૨, ૨૩ ઑક્ટોબર કેપટાઉન, ૨૫ અને ૨૬ કિમ્બર્લી, ૨૭ જોહાનિસબર્ગ. હું માનું છું કે ઘણોખરો સમય જોહાનિસબર્ગમાં પસાર થશે. બે દિવસ પ્રિટોરિયાને આપી શકાય. આપની અસંમતિનો તાર ન આવે તો મારો વિચાર જનરલ બોથા અને મિ. ફિશરને[૫] આપ અહીં

૧. પોતાના "ડૉ. પ્રાણજીવન મહેતાને પત્ર"માં પા. ૨૦૦–૨, ગાંધીજી મણિલાલ ડૉક્ટરની ભાવિ યોજના (તેમણે મૉરિશિયસમાં પાછું જાહેરકામ કરવું કે ટ્રાન્સવાલમાં રહેવું)ની ચર્ચા કરે છે. ૨૫મી એપ્રિલના લેન ઉપરના કાગળમાં (જે કાગળ મળતો નથી) કદાચ ગાંધીજીએ પુછાવ્યું હશે કે કામચલાઉ સમન્વતી પ્રમાણે દર વર્ષે ૬ કેળવાયેલા એશિયાટિકોને ટ્રાન્સવાલમાં દાખલ થવાની છૂટ મળી હતી તેને આધારે મણિલાલ ડૉક્ટર ટ્રાન્સવાલમાં દાખલ થઈ શકે કે નહીં. મે ૩ના (એસ. એન. ૫૬૪૯) પોતાના જવાબમાં લેને જણાવ્યું કે સમન્વતી કાયદાનું સ્વરૂપ ન લે ત્યાં સુધી એ મણિલાલ ડૉક્ટરને માત્ર કામચલાઉ પરમિટ આપી શકે. ગાંધીજીએ પોતાની "૧૯૧૨ની ડાયરી"માં (જુલાઈ ૮) લખ્યું કે મણિલાલ ડૉક્ટરની ફીજી જવાની ઇચ્છા નહોતી. પણ થોડા દિવસ પછી જણાવ્યું કે તેઓ ૨૬મી જુલાઈએ ફીજી જવા ઊપડ્યા હતા.

૨. કુમારી એડા વેસ્ટ.

૩. પત્રનો બાકીનો ભાગ મળતો નથી.

૪. જુઓ જુલાઈ ૨, ૧૯૧૨નો; પરિશિષ્ટ ૨૦.

૫. અબ્રાહમ ફિશર; ઑરેંજ રિવર કૉલોનીના પ્રધાનમંત્રી, ડિસેમ્બર ૧૯૦૭થી મે ૧૯૧૦; ૧૯૧૦માં સંઘ રાજ્યની સ્થાપના થયા પછી તેમાં જમીન ખાતાના મંત્રી; કયારેક ૧૯૧૨ના જૂનમાં સંરક્ષણ બિલ (૧૯૧૨નો ૧૩મો કાયદો) પસાર થયા પછી સ્મટ્સે ગૃહ ખાતું છોડી દીધું અને નાણાં ખાતું સંભાળ્યું, સંરક્ષણ અને ખાણ ખાતાં પોતાની પાસે જ રાખી મૂકયાં. આ વિષે એરિક વૉકર (એ હિસ્ટરી ઑફ સાઉથ આફ્રિકા પા. ૫૪૨) લખે છે: "બોથાને પોતાના મંત્રીમંડળની કાર્યક્ષમતા ઘટે અને ફ્રી સ્ટેટના પોતાના બે સાથીઓની સત્તા વધે એ રીતે ખાતાંની પુનર્રચના કરવી પડી." આ બે સાથીઓ તે હરઝોગ અને

Gandhi Heritage Portal

આવતાં આપનું સ્વાગત કરવાનું કહેવાનો છે. ત્યાં સુધીમાં લૉર્ડ ગ્લેડસ્ટન પાછા આવે તો તેમને પણ કહેવાનો ઇરાદો રાખું છું. શ્રી મેરીમૅનને[1] પણ કહીશ. તેઓ દક્ષિણ આફ્રિકાના સૌથી મોટા રાજદ્વારી પુરુષ છે. મેં ગણાવી તે બધી જગ્યાએ માનપત્રો આપવામાં આવશે. જોહાનિસબર્ગમાં એક પચરંગી ભોજન સમારંભ રાખવાનો વિચાર છે. ત્યાં ઘણું કરીને મેયર પ્રમુખસ્થાન લેશે. છેલ્લું અઠવાડિયું ડરબન અને ફિનિક્સમાં જશે. પછી આપ ડરબનથી સ્ટીમરમાં નીકળશો. હિંદની ટિકિટ વગેરેનો બંદોબસ્ત આપના અહીં આવ્યા પછી સહેલાઈથી થઈ જશે.

મેં પહેલેથી કાર્યક્રમની રૂપરેખા આપી છે જેથી આપ તેમાં કંઈ ફેરફાર કરવા ઇચ્છતા હો તો તારથી તેમ જ પત્ર લખીને ખબર આપી શકો.

જનરલ સ્મટ્સે આપેલા વચનનો જો મિ. ફિશર ભંગ કરશે તો એથી બહુ મોટી આફત ઊભી નહીં થાય. એથી તો આપણો પ્રશ્ન મજબૂત જ બને. પણ મને નથી લાગતું કે સંઘ રાજ્ય સરકાર એમ કરી શકે. તદ્દન સંભવિત છે કે (સ્થાનિક) પાર્લમેન્ટ સરકારી બિલ પસાર ન કરે. સરકાર એ વાતને પ્રતિષ્ઠાનો પ્રશ્ન ન બનાવે અને આપણને તથા સામ્રાજ્ય સરકારને માત્ર એટલું જ કહે કે અમે લાચાર છીએ. એ સંજોગોમાં લડત તીવ્ર અને ભયાનક સ્વરૂપ પકડશે; પણ જ્યાં સુધી અમારામાંના કેટલાકમાં છેલ્લા શ્વાસ ચાલુ હશે ત્યાં સુધી તે ચાલતી રહેશે.

શ્રી સોરાબજી હમણાં ત્યાં છે અને હું ચોક્કસ માનું છું કે તે આપને પ્રણામ કહેવા આવી ગયા હશે.

શ્રી તાતાએ ફરીથી[2] ૨૫,૦૦૦ રૂપિયા મોકલીને ભારે ઉદારતા બતાવી છે. હું જાણું છું કે એ બધાને માટે હું આપનો ઋણી છું. દરેક વખતે દાન આણીને વખતે આવી મળ્યું છે. ફાર્મ ચલાવવાનું મુશ્કેલ બનતું જતું હતું.

આપનો સહૃદયી
મો. ક. ગાંધી

[મૂળ અંગ્રેજી]

ગાંધીજીના હસ્તાક્ષરમાં લખાયેલ મૂળ પત્રની છબી પરથી : જી. એન. ૩૭૭૩

અબ્રાહમ ફિશર. ફિશરે સ્મટ્સ પાસેથી ગૃહખાતું સંભાળી લીધું. મંત્રીમંડળમાં થયેલા આ ફેરફારની નોંધ ઇન્ડિયન ઓપીનિયનમાં આવી નહોતી. ફિશરે સંઘની પાર્લમેન્ટમાં ૧૯૧૩નું ઇમિગ્રેશન બિલ રજૂ કર્યું.

૧. જૉન ઝેવિયર મેરીમૅન; ઇંગ્લંડમાં જન્મેલા બૅરિસ્ટર, "દક્ષિણ આફ્રિકાને તેણે પોતાનો દેશ માન્યો હતો;" એરિક વૉકરના કહેવા મુજબ (આગળ ટાંકેલું પુસ્તક પા. ૫૨૫) "બધી યશસ્વી પરંપરાઓવાળી કેપ પાર્લમેન્ટ એમનામાં મૂર્તિમંત" થઈ હતી અને તેઓ "સંસ્કારી, પ્રખર વક્તૃત્વ શક્તિ ધરાવનાર, પ્રભાવશાળી", "માનવીઅને તેની પ્રવૃત્તિઓનું વિશાળ જ્ઞાન ધરાવનારા" હતા; રોડ્સના પહેલા મંત્રીમંડળમાં કોષાધ્યક્ષ ૧૮૯૦–૯૩, અને કેપ કૉલોનીના પ્રધાન મંત્રી ફેબ્રુઆરી ૧૯૦૮થી મે ૧૯૧૦. ૧૯૧૦માં સંઘના પ્રધાનમંત્રીપદ માટે જનરલ બોથાના તે એકલા મોભાદાર પ્રતિસ્પર્ધી હતા. ૧૯૦૧માં સામ્રાજ્ય સરકાર સમક્ષ દક્ષિણ આફ્રિકા ફેડરેશનનો કેસ રજૂ કરવા માટે તે સાવર સાથે ઇંગ્લંડ ગયા હતા. ૧૯૦૯માં સંઘની રચના બાબત ચર્ચા કરવા એસ. એસ. કેનિલવર્થ કેસલમાં ફરીથી ઇંગ્લંડ ગયા હતા, તે જ સ્ટીમરમાં હિંદી પ્રતિનિધિમંડળ પણ સફર કરતું હતું. એ સફરમાં ગાંધીજી તેમને મળ્યા હતા, અને તેમને તેઓ "સત્યાગ્રહી કેદીઓ માટે ખૂબ સહાનુભૂતિ ધરાવતા" લાગ્યા હતા. તેમણે ટ્રાન્સવાલના હિંદીઓના પ્રશ્નમાં ગાંધીજીને મદદ કરવા વચન આપ્યું હતું, પણ પાછળથી તે વચન પાળવાની પોતાની અશક્તિ માટે દિલગીરી દર્શાવી હતી. જુઓ પુસ્તક ૯, પા. ૩૨૭, ૩૩૬–૭ અને ૩૬૪. ઇન્ડિયન ઓપીનિયન (સુવર્ણ અંક, ૧૯૦૬–૧૪) તેમને "હિંદીઓ પ્રત્યે ન્યાયી વર્તાવના હિમાયતી" તરીકે વર્ણવે છે. જુઓ દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહનો ઇતિહાસ : પ્રથમ ખંડ : પ્રકરણ ૫, અને દ્વિતીય ખંડ પ્રકરણ ૮.

૨. તાતાએ મોકલેલા પહેલા દાન માટે જુઓ પા. ૨૭૨ પાદટીપ ૩.

Gandhi Heritage Portal

૨૫૪. મિ. તાતાની સખાવત

મિ. રતન તાતાએ હદ વાળી છે. તેમણે પોણો લાખ રૂપિયા આજ લગીમાં સત્યાગ્રહી ફાળામાં આપ્યા. એટલા પૈસા તો દેશમાં મોટી દોલત ગણાવા જાય.

મિ. તાતાએ આવી મોટી રકમ આપી પોતાની બાદશાહી ઉદારતા બતાવી આપી છે એટલું જ નહીં, તેમણે સત્યાગ્રહની લડતની કિંમત પણ આંકી છે. આ લડતનું મહત્ત્વ તેમણે પૂરું જાણ્યું છે. મિ. તાતાનો જેટલો ઉપકાર માનીએ તેટલો ઓછો છે. પણ ખરો ઉપકાર તો એ માનવો રહ્યો કે જે મહત્ત્વ આપણામાં તેઓ સાહેબ માને છે તે મહત્ત્વ આપણા ભવિષ્યની વર્તણૂકથી બતાવી આપવું; એટલે કે આપણે સત્યાગ્રહ અખત્યાર કરવા હંમેશાં તત્પર રહેવું.

[મૂળ ગુજરાતી]

ઇન્ડિયન ઓપીનિયન, ૧૦–૮–૧૯૧૨

૨૫૫. શેરિફની મીટિંગ

મુંબઈમાં શેરિફની મીટિંગ થઈ તેના તાર સહુ વાંચનાર જોઈ ગયા હશે. શેરિફની મીટિંગ તે અહીંની મેયરે બોલાવેલી જાહેર સભા જેવી થઈ. એ મીટિંગને સારુ આપણે મિ. પોલાકના આભારી થયા છીએ. જેમ જેમ હિંદુસ્તાનમાં આપણી દશા વિષે માહિતી મળતી જાય છે તેમ તેમ આપણી તરફ લાગણી વધતી જાય છે. આ માહિતી આપનાર મુખ્યત્વે તો મિ. પોલાક જ છે. એવું એકે શહેર નહીં હોય કે જ્યાં મિ. પોલાક નહીં ગયેલ હોય; એવો એકે જાહેર માણસ નહીં હોય કે જેને મિ. પોલાક નહીં મળ્યા હોય. એવો એકે હિંદનો જાણીતો છાપો નહીં હોય કે જેને મિ. પોલાકે જ્ઞાન ન આપ્યું હોય. મિ. પોલાકની સેવાની કિંમત આપણે આંકી શકતા નથી.

આ મીટિંગે બધા બ્રિટિશ કૉલોનીમાંના હિંદીની સ્થિતિનો સવાલ ઉઠાવેલો, અને તે બરોબર જ થયું. પૂર્વ આફ્રિકાના ગોરા પોતાના મદમાં ત્યાં સેંકડો વરસથી વસતા હિંદીને કાઢી મૂકવા આતુર છે. તેઓ ભૂલી જાય છે કે જો બધા હિંદી પૂર્વ આફ્રિકામાંથી નીકળે તો એ દેશ ઉજ્જડ થઈ જાય. કેનેડા એ બહુ પુરાણું કોલોની છે. ત્યાંના ગોરા બહુ સુધરેલામાં ખપે છે. છતાં તેઓ ત્યાં વસતા હિંદીની ઓરતોને આવવા દેવા નથી માગતા. તેઓ પોતાના અંધ સ્વાર્થમાં બધી મર્યાદા છોડી દે છે ને જંગલી ગણાતા લોકો ન કરે એવાં પગલાં ભરે છે. આવા આવા જુલમની સામે હિંદુસ્તાન ન થાય તો કોણ થાય? એટલે વાસ્તવિક હતું કે મુંબઈમાં જાહેર મીટિંગ ભરાઈ. એ મીટિંગે લૉર્ડ કૂને અરજી મોકલવાનો ઠરાવ કર્યો છે એ પણ ઠીક થયું છે. આવી હિલચાલને આપણે પૂરતો ટેકો આપીશું તો તેનું ફળ સરસ જ આવશે.

એક વેળાએ એક સાધુ પુરુષ ઉપર ખોટું આળ આવ્યું ને તેને રાજાએ ફાંસીનો હુકમ કર્યો. તેને ત્રણ વખત ફાંસીએ ચઢાવ્યો પણ ત્રણે વખત દોરડું તૂટી પડ્યું. પછી રાજા તેને જોવા ગયો ને જુએ છે તો તેના ચહેરાના તેજથી જ તેણે જોયું કે એ તો કોઈ સાધુ ને નિરપરાધી પુરુષ હોવા જોઈએ. રાજાએ તેની માફી માગી. તે પુરુષે કહ્યું, "હે રાજા મારે માફી આપવાપણું

Gandhi Heritage Portal

નથી. તેં ગુનો નથી કર્યો. મેં ચોરી નથી કરી એ ખરું છે, પણ મારાં કંઈક પણ કર્મોને સારુ મારે આટલું દુઃખ ભોગવવું પડયું છે. તેમાં હું તને શો દોષ દઉં?" તેમ જ આપણે ગોરાઓને શો દોષ દઈએ? પેલો સાધુ પુરુષ તો પોતાનાં દોષિત કર્મો જાણતો ન હતો. આપણને તો આપણા દોષ પૂરેપૂરા માલૂમ છે. એ આપણે નાબૂદ કરીએ તો જ મુંબઈની ને બીજી મીટિંગોનાં ફળ આવે.

[મૂળ ગુજરાતી]
ઇન્ડિયન ઓપીનિયન, ૧૦–૮–૧૯૧૨

૨૫૬. રદ થયેલાં નિયમનો

હમણાં એક દિવસ મૅજિસ્ટ્રેટની કોર્ટમાં મિ. રિચે બૉક્સબર્ગના એક હિંદીના[1] કેસમાં આરોપીનો બચાવ કર્યો. એ હિંદી પર એવો આરોપ હતો કે, તે જે કંપાઉન્ડનો વહીવટ કરતો હતો તેમાં દેશી લોકોને ભાડૂતો તરીકે રાખીને તેણે મ્યુનિસિપાલિટીનાં નિયમનોનો ભંગ કર્યો હતો. આરોપીને ગુનેગાર ઠરાવવામાં આવ્યો. મિ. રિચે અપીલ કરી. અપીલમાં મિ. ગ્રેગરોસ્કીએ દલીલો કરી. કોર્ટે મ્યુનિસિપાલિટીનાં નિયમનોને કાયદા વિરુદ્ધનાં ગણીને આરોપીને નિર્દોષ જાહેર કર્યો છે. આ મહત્ત્વનો ચુકાદો છે. ઉક્ત નિયમનોને કાયદેસર ઠરાવવામાં આવ્યાં હોત તો ઘણા હિંદીઓને ગંભીર હાનિ પહોંચત.

[મૂળ અંગ્રેજી]
ઇન્ડિયન ઓપીનિયન, ૧૦–૮–૧૯૧૨

૨૫૭. ઑન. મિ. ગોખલે

ઑન. મિ. ગોખલે જેવા હિંદી આ દેશમાં પહેલા જ આવે છે. મિ. ગોખલેએ આપણને કીમતી મદદ કરી છે. ગિરમીટ બંધ થવા બાબત મિ. ગોખલેનો આપણે જેટલો આભાર માનીએ તેટલો ઓછો છે. તેમની મદદથી સત્યાગ્રહી ફાળામાં પૈસાની સરસ મદદ મળી. તેમની લાગણી સત્યાગ્રહી તરફ ઘણી જ છે. મિ. પોલાકને તેમણે ઘણી જ મદદ કરી છે. મિ. ગોખલેનું વજન હિંદી ધારાસભામાં ઘણું જ છે.

મિ. ગોખલે અહીં ખાસ આપણી સ્થિતિ જોવાને આવે છે. અહીંના અમલદારોને મળવાના છે. આ વર્ષની કૉંગ્રેસના પ્રમુખ તે થશે.

આવાં કારણોને લઈને આપણને સ્વાર્થની નજરે જોતાં પણ શોભે છે કે

(૧) તેમને આપણે મહાન આવકાર આપવો.

(૨) તેમને આવકાર દેવામાં હિંદુ-મુસલમાનનો સવાલ ન જ હોવો જોઈએ.

૧. મૅજિસ્ટ્રેટ. એને બૉક્સબર્ગ મ્યુનિસિપાલિટીના જાહેર આરોગ્યના ઉપનિયમોની ૩૮મી કલમના ભંગ માટે ગુનેગાર ઠરાવવામાં આવ્યો હતો. અપીલમાં જજે આરોપીને નિર્દોષ ઠરાવતાં કહ્યું કે આ ઉપનિયમમાં યુરોપિયન અને બિનગોરા લોકો વચ્ચે ભેદ કરવામાં આવ્યો છે જેને માટે સત્તા આપતા કાનૂનમાં જોગવાઈ નથી. ઇન્ડિયન ઓપીનિયન, ૧૦–૮–૧૯૧૨.

Gandhi Heritage Portal

(૩) તેમને જુદી જુદી સભાઓ માન આપી શકે છે પણ તે હિંદી છે એમ બરોબર સમજવું જોઈએ.

(૪) તેઓ સાહેબ દક્ષિણ આફ્રિકાની આખી કોમના મહેમાન ગણાવા જોઈએ.

(૫) તેઓ સાહેબ હિંદુ છે એવો આભાસ જો આપણે લાવવા માગીએ તો તેનું પરિણામ એ આવવું જોઈએ કે તેમને માન આપવામાં મુસલમાને અગ્રેસર થવું જોઈએ. આમ જ બંને શાખા વચ્ચે ભાઈચારો વધે.

(૬) મિ. ગોખલેને માન આપતાં આપણે ઘણો પૈસો એકઠો કરવાની જરૂર છે.

(૭) આપણી આબરૂને ખાતર અને જે કામ કરવા તેઓ સાહેબ આવે છે તેને ખાતર આપણને લાજમ છે કે તેઓને ઉતારો વગેરે સરસ મકાનમાં આપવો.

(૮) આ અવસરે જે જે જગ્યાએ કુસંપ હોય, સભાઓ એકત્ર ન થતી હોય તે તે જગાએ પણ સંપ ફેલાવો જોઈએ.

આવો અવસર ફરી નથી આવવાનો. આ વેળાએ કરેલી મહેનત ને બતાવેલો સંપ હંમેશાંને સારુ આપણને જવાબ દેશે.

[મૂળ ગુજરાતી]

ઇન્ડિયન ઓપીનિયન, ૧૦–૮–૧૯૧૨

૨૫૮. છગનલાલ ગાંધીને પત્ર

શ્રાવણ સુદ ૪ [ઑગસ્ટ ૧૬, ૧૯૧૨][૧]

ચિ. છગનલાલ,

હમણાં બા સખત માંદાં[૨] છે. અનીને તો ઘાત જ જાય છે અને કિસનો[૩] માંદો છે. ત્રણે ખાટલાવશ ગણાય. આમાં પડેલો હોવાથી બીજું કંઈ થઈ શકતું નથી. રાતે કિસનો અને નગીન[૪] મારી ભેળા સૂએ છે. એટલે ઊંઘનું પણ એમ જ છે. ગોકલદાસ[૫] અહીં છે. અનીની પડખે સૂએ છે. ત્રણે દરદીને વળતર માનું છું. પણ હજુ ભયમાં ખરા.

દુકાળના આંકડાની ભૂલ હાથ આવી છે. હવે મારે જોઈ જવાનું રહ્યું છે. હું આંકડો ફુરસદ મળ્યે મોકલીશ. પોપટનો કાગળ મળ્યો. તમે મોકલેલું બધું મળ્યું છે. તમારો કાગળ મારી સામે નથી એટલે શું શું યાદી આપી છે એ ભૂલી ગયો છું.

૧. કસ્તૂરબા ગાંધી અને અની દેસાઈની માંદગીનો ઉલ્લેખ આ કાગળમાં છે. એ બંનેની માંદગીની નોંધ "ડાયરી, ૧૯૧૨"માં છે. વળી ૧૯૧૨ દરમ્યાન જ કોટવાલ ટૉલ્સ્ટૉય ફાર્મના સભ્ય તરીકે કાર્ય કરતા હતા. એ વર્ષે શ્રાવણ સુદ ૪ ઑગસ્ટ ૧૬ને રોજ હતી.

૨. બા અને અની તારીખ ૧૧મીએ બીમાર પડ્યાં હતાં; જુઓ "૧૯૧૨ની ડાયરી"માં તે દિવસની નોંધ.

૩. અને ૪. અની અને પુરુષોત્તમદાસ દેસાઈના પુત્રો.

૫. પીતાંબરદાસ ગાંધીના પુત્ર અને ગાંધીજીના પિતરાઈ.

Gandhi Heritage Portal

પ્રો. ગોખલેવાળું પુસ્તક[1] સરસ બનાવવાની જરૂર છે. જે અમે અહીં કરીએ છીએ તે જ તમને કરવાનું લખી શકું છું. તે કામ કરવાને સારુ શનિવાર, રવિવાર ઉપયોગમાં લેવા. જેની ઇચ્છા હોય તે મદદ કરવાને આવે. અહીં દેવીબહેનની અને ભાઈ કોટવાલની મદદ અમૂલ્ય થઈ પડી છે. દેવીબહેન સાત વાગ્યે કામ શરૂ કરે છે, તે રાતના નવ વાગ્યે પૂરું કરે છે. બધું પોતે જ પકાવે છે. ઊભાં ઊભાં ખાઈ લે છે. ભાઈ કોટવાલ સવારના ત્રણ વાગ્યે ઊઠી રોજવાળાને સારુ પકાવે છે. જેકીની તબિયત આ પ્રસંગે ઘણી સારી થઈ ગઈ છે. એટલે તે પણ પુષ્કળ મદદ કરે છે. તમે બધાએ મળીને જમનાદાસની તબિયત બગાડી નાંખી છે એટલે તે પોતાની મરજી છતાં પૂરું કામ કરી શકતો નથી. કંઈક ને કંઈક માંદવાડ થયા જ કરે છે. ખાવામાં ત્યાં તેણે પૂરી છૂટ લીધી ને તમે બધાએ ભારે હેત કરી આપી તેનું પરિણામ સોસવે છે એમ તે પોતે પણ માને છે. શું છૂટો લીધી તેનું વર્ણન તેણે જ કર્યું છે. મારું ત્યાં આવવાનું સપ્ટેમ્બરમાં થશે એમ સંભવે છે.

મોહનદાસના આશીર્વાદ

[તા. ક.]

દેવીબહેનની મદદ મને મળી છે. પણ કામ ઓછું નથી થયું. તેની સંભાળ મારે હજુ રાખવી પડે છે. કેમ કે બાની બીક રહ્યા કરે છે. તે ટેવાઈ જશે પછી જ મને નવરાશ કંઈક મળશે. છતાં આંકડો મોકલવાની વાત મારે ગળે જ છે. તેની સાથે દેવીબહેનવાળાં કાગળિયાં પણ મોકલીશ.

લલ્લુભાઈને તો તેની ચોપડીમાંથી વેપાર જ કરવો છે. ભલે કરે. તેની જાહેરખબરની હકીકત છાપાના વર્તમાનના વિભાગમાં શા સારુ આપી હતી?

હિંદુ કૉન્ફરન્સનું કંઈ પણ આપણે છાપામાં નથી લેવાનું એ યાદ રાખજો. તેની જાહેરખબર આવે તો તે પણ નહીં. તદ્દન ધતિંગ છે, એ તમે જોઈ શકયા હશો.

કૉંગ્રેસની ખટપટને સારુ મારાથી તુરત નીકળી શકાય તેમ નથી.

મિ. વેસ્ટે ભાડા વ.ના ઠીક લખાવ્યા છે. તે પૈસા તેની પાસેથી મજરે નથી લેવાના. અહીંથી કંઈ ઉપાડ તેણે નથી કર્યો.

મણિલાલ દાક્તર વચન પાળવા ખાતર ફીજી જાય એવો સંભવ છે. હાલતુરતમાં તેનાથી વકીલાતનું કામ થઈ શકે તેમ નથી. નવો કાયદો થાય પછી જ બને.

મોહનદાસના આશીર્વાદ

[મૂળ ગુજરાતી]

ગાંધીજીના હસ્તાક્ષરમાં લખાયેલા મૂળ પત્રની છબી પરથી : એસ. એન. ૫૭૧૦

૧. ધિ ઑન. મિ. ગોખલે ઍન્ડ ધિ ઇન્ડેન્ચર સિસ્ટમ (માનનીય શ્રી ગોખલે અને ગિરમીટ પ્રથા) આ પુસ્તિકામાં ગોખલેના જાહેર જીવનનું રેખાચિત્ર અને કલકત્તામાં વાઇસરૉયની લેજિસ્લેટિવ કાઉન્સિલમાં એમણે રજૂ કરેલા ઠરાવ પરની ચર્ચાનો પૂરો હેવાલ આપેલાં છે. દક્ષિણ આફ્રિકાની ગોખલેની સૂચવાયેલી મુલાકાતના અવસર નિમિત્તે આ પુસ્તિકા ફિનિક્સ સંસ્થા તરફથી પ્રગટ કરવામાં આવી હતી.

Gandhi Heritage Portal

૨૫૯. જોહાનિસબર્ગમાં શીતળાનો ઉપદ્રવ

જોહાનિસબર્ગમાં શીતળાનો ઉપદ્રવ બીજી વાર ફાટી નીકળ્યો છે. એ વિષે સન્ડે પોસ્ટમાં આવેલા એક ઉતારા[૧] પ્રત્યે અમે જોહાનિસબર્ગના હિંદીઓનું ધ્યાન ખેંચીએ છીએ. અત્યાર સુધી હિંદીઓ એ રોગથી મુક્ત રહ્યા છે; પણ તેથી રોગ ફાટી નીકળવાનાં કારણો દૂર કરીને અધિકારીઓને મદદ કરવાની તેમની ફરજ ઓછી નથી. ઉક્ત લેખમાં એવો ઇશારો કરવામાં આવ્યો છે કે આપણે સ્વચ્છતાના નિયમોનું પાલન કરતા નથી. આ આરોપનો જવાબ આપવાનો સારામાં સારો ઉપાય બેશક એ છે કે આપણે આપણાં ઘર સંપૂર્ણ રીતે વ્યવસ્થિત કરીએ. સ્વચ્છતાના સામાન્ય નિયમોનું પાલન કરવા માટે આપણે આપણા પર કામ ચલાવવામાં આવે કે નોટિસ કાઢવામાં આવે ત્યાં સુધી બેસી ન રહેવું જોઈએ. ડૉ. પોર્ટરે એક મુલાકાતીને એવું કહ્યાના ખબર છે કે જોહાનિસબર્ગની વચ્ચોવચ કેટલાંક એવાં ઘર છે કે જે પાડી જ નાખવાં જોઈએ. તેમાં બીજા કેટલાક લોકો સાથે હિંદીઓ અને ઘણા યુરોપિયનો પણ રહે છે. અમને લાગે છે કે એ વિસ્તારમાં રહેતા હિંદીઓએ એવાં ઘરો બરાબર સુધારી શકાય એવાં ન હોય તો તરત ખાલી કરવા માંડવાં જોઈએ. તેમને થોડું વધુ ભાડું આપવું પડશે, પણ તેના બદલામાં તેઓ ગભરાટમાંથી બચશે અને તેમની તબિયત સારી રહેશે. આ ભયંકર રોગ સામેની લડતમાં ડૉ. પોર્ટરને જોઈતી બધી મદદ કરવી જોઈએ. તેઓ એ મદદ માટે લાયક છે અને તેના અધિકારી છે.

[મૂળ અંગ્રેજી]

ઇન્ડિયન ઓપીનિયન, ૧૭–૮–૧૯૧૨

૨૬૦. જોહાનિસબર્ગમાં શીતળા

જોહાનિસબર્ગમાં ફરીથી શીતળા ફાટી નીકળેલ છે. આવા જંગી અને ગીચ વસ્તીવાળા શહેરમાં એક વખત રોગ દાખલ થયા પછી તેને તુરત નાબૂદ કરવો અથવા દાબી દેવો એ બહુ જ મુસીબતનું કામ છે. તેથી રોગની ખબર ફેલાતાં ભારે દોડધામ થઈ રહી છે, અને હજારો માણસોનો શીતળા કઢાવવા માટે દરોડો પડવા લાગ્યો છે. પણ રોગનો ફેલાવો થતો બંધ કરવા માટે દરદનો ચેપ ફેલાતો અટકાવવો એ મુખ્ય જરૂર છે. તેથી જુદી જુદી જાતના લોકોને અલગ રાખવાની બાબત પર ભાર મૂકવામાં આવ્યો છે, અને તે માટે ઘટતી સત્તા મેળવવાનો પણ વિચાર કરવામાં આવે છે.[૨] અલગ કાઢવાની જ્યાં વાત છે ત્યાં હિંદીઓને અલગ કાઢવાની

૧. આરોગ્ય અધિકારી ડૉ. પોર્ટરે એક મુલાકાતમાં કહ્યું હતું કે, "પાછલો અનુભવ જોતાં, આવા રોગને ફાટી નીકળતો અટકાવવાનો ઉપાય શહેરના ગોરા અને બિનગોરા લોકોને અલગ રાખવા એ છે. . . . બધા બિનગોરા લોકોને — મલાયીઓ, હિંદીઓ, કેપના બિનગોરા લોકો અને ચીનાઓને — નક્કી કરેલા વાડાઓમાં રાખવાની ટાઉન કાઉન્સિલને સત્તા હોવી જોઈએ. હાલ ટાઉન કાઉન્સિલને એવી કોઈ સત્તા નથી, અને પ્રાંતીય કાઉન્સિલને પણ નથી." ઇન્ડિયન ઓપીનિયન, ૧૭–૮–૧૯૧૨.

૨. જુઓ આ જ પાન પરની પાદટીપ ૧.

Gandhi Heritage Portal

વાત હોય જ એ કહેવાની જરૂર નથી. અને જો રોગના કારણસર હિંદીને લોકેશનમાં અલગ કાઢવાની વાત થશે તો કોમી ભેદનો સવાલ પણ ઉઠાવી શકાશે નહીં. વળી આપણા લોકો રોગ વિશેષ છુપાવે છે ને તેથી ચેપનો ફેલાવો થવા પામે છે એ વાતની પણ ના પાડી શકાય તેમ નથી. એટલે આ દરદની તકે ગંભીર સૂચનાઓ થશે, અને તેની સામે થવાપાયું પણ ભાગ્યે જ રહેશે એ ઉપર અમે હિંદીઓનું ધ્યાન ખેંચીએ છીએ. આ વખત રોગની શરૂઆત હિંદીમાં થઈ નથી, અને હજુ સુધી હિંદી કેસ જૂજ જ થયા લાગે છે, છતાં હિંદીઓએ આ બાબતમાં ઓછી કાળજી રાખવાની નથી. ડૉ. પોર્ટરે કહ્યું છે કે હિંદીઓ વગેરેની વસ્તીવાળાં કેટલાંક ઘરો મધ્ય ભાગમાં આવ્યાં છે તે એવાં તો ગંદાં છે કે તેનો બાળીને સદંતર નાશ જ કરવો પડશે. હિંદીની ફરજ છે કે એવાં ઘરો એકદમ ખાલી કરવાં, ને બીજે વસવા જવું. ત્યાં અત્યંત સ્વચ્છતા રાખવી. આમ કરતાં કાંઈ ખર્ચમાં ઊતરવું પડે તોપણ તે ખર્ચ તેમને લેખે લાગશે. આ બાબતમાં ડૉક્ટરી અમલદારને કોમે સંપૂર્ણ મદદ આપવી જોઈએ. જો કોમ બેદરકાર રહેશે તો દરદની તકે તેમની સામે ગમે તેવાં આકરાં પગલાં લેવાશે.

[મૂળ ગુજરાતી]

ઇન્ડિયન ઓપીનિયન, ૧૭–૮–૧૯૧૨

૨૬૧. એશિયાઈ રજિસ્ટ્રારને પત્ર

[લૉલી,]

ઑગસ્ટ ૧૯, ૧૯૧૨

એશિયાઈ રજિસ્ટ્રાર,

પ્રિટોરિયા

સાહેબ,

આપનો આ મહિનાની ૧૮મી તારીખનો પત્ર[1] મળ્યો. હું આશા રાખું છું કે છ બ્રિટિશ હિંદીઓની યાદી હું વહેલી તકે મોકલી શકીશ. નામો બાબત ચર્ચાવિચારણા ચાલે છે; ઘણાં નામ આવ્યાં છે તેમાંથી વધુમાં વધુ લાયક માણસોનાં નામ મોકલવાનાં છે.

આપનો

[મૂળ અંગ્રેજી]

ટાઇપ કરેલી ઑફિસ નકલની છબી પરથી : એસ. એન. ૫૬૯૯

૧. આ પત્ર મળતો નથી; છતાં જુઓ પાદટીપ ૧, પા. ૩૦૧.

Gandhi Heritage Portal

૨૬૨. ટ્રાન્સવાલ લીડરને મુલાકાત

જોહાનિસબર્ગ,
ઑગસ્ટ ૨૨, ૧૯૧૨

શ્રી મો. ક. ગાંધી હમણાં જોહાનિસબર્ગમાં રહેતા નથી, છતાં તેઓ પોતાના લોકો સાથે સંબંધ ધરાવતી જાહેર બાબતોના નિકટના સંપર્કમાં રહે છે. ગઈ કાલે સવારે [ઑગસ્ટ ૨૨] લીડરના એક પ્રતિનિધિને એક વખતના એ સત્યાગ્રહી સાથે વાતચીત થઈ. તેઓ હમણાં ટૉલ્સ્ટૉય ફાર્મમાં પ્રમાણમાં નિવૃત્ત જીવન ગાળે છે ત્યાંથી ફરતા ફરતા આવી ચડ્યા હતા.

શીતળાના ઉપદ્રવ વિષે ગયાં થોડાં અઠવાડિયાંમાં પ્રસિદ્ધ થયેલા કેટલાક લેખો તેમણે વાંચ્યા હતા કે કેમ, એવા સવાલનો જવાબ શ્રી ગાંધીએ હકારમાં આપ્યો. બિનગોરા લોકોને જુદા રાખવાની સૂચના બાબત તેમણે કહ્યું કે, તેમને મરજિયાત અલગ રાખવામાં આવે એ હું પસંદ કરું, પણ કોઈ પણ સ્વરૂપની જબરજસ્તીની હું વિરુદ્ધ છું.

અલગ રાખવાનું કોઈ પણ સ્થિતિમાં પૂરેપૂરું બિનઅસરકારક નીવડશે. હિંદીઓને એક લત્તામાં રાખો અને યુરાફ્રિકનોને (યુરોપિયનોનાં આફ્રિકન માતાથી થયેલ સંતાન) બીજા લત્તામાં રાખો તોપણ સામાન્ય કામકાજ દરમિયાન તેમને બહાર મળતા અટકાવી શકાશે નહીં. અલગ વસવાટથી ચેપનો ભય દૂર થશે નહીં. શીતળાના ચેપવાળા એક ભાગમાંથી કોઈ હિંદી ફળ વેચવા આવશે તો તે બીજા ભાગોમાં ચેપ લઈ જશે. આ વખતના રોગચાળામાં હિંદીઓ ઘણા ઓછા સપડાયા છે, એટલે આરોગ્ય અધિકારીઓ અમારો દોષ કાઢી શકે તેમ નથી. અમે અધિકારીઓને મદદ કરવા ઘણા આતુર છીએ, પણ અમે ફરજિયાત અલગ વસવાટની વિરુદ્ધ છીએ. કેટલાંક વરસ પહેલાં ડૉ. મરેએ ઇનસેનિટરી એરિયા એક્સપ્રોપ્રિયેશન કમિશન (ગંદા વિસ્તારો જપ્ત કરવા માટેનું કમિશન) સમક્ષ આ બાબતમાં ઘણી મહત્ત્વની જુબાની આપી હતી. તેમણે કહ્યું હતું કે, બ્રિટિશ હિંદીઓ કે બીજાઓમાં સ્વચ્છતા પ્રત્યે જે કોઈ બેદરકારી હોય તેનો સફળ ઉપાય તેમને જ્યાં સહેલાઈથી જઈ શકાય નહીં એવાં બજારોમાં અથવા જ્યાં આરોગ્ય અધિકારીઓ નિયંત્રણ ન રાખી શકે એવાં બીજાં સ્થળોએ અલગ કાઢવા એ નથી.

સખત કાયદા વિષે સંમતિ

સમાજના આરોગ્યને સંબંધ હોય ત્યાં હું સખત પેટાકાયદાને પૂરી સંમતિ આપું. અને એવા કાયદાઓનો ભંગ કરનાર તરફ હું જરા પણ દયા ન બતાવું.

[પ્રશ્ન :] જાહેર આરોગ્ય સમિતિએ ગંદાં મકાનો પાડી નાંખવા માટે સત્તાની માગણી કરી છે. તેનું એ પગલું તમને પસંદ છે?

હા, આ બાબતમાં ખૂબ સખતાઈથી કાયદાનો અમલ થાય એ હું ઇચ્છું. સમાજના બધા વર્ગો—યુરોપિયન, એશિયાટિક, યુરાફ્રિકન અને દેશીઓ જોડે કામ લેવાનો યોગ્ય રસ્તો એ છે કે સ્વાસ્થ્ય બાબતમાં તેમના પર સખત દેખરેખ રાખવાની સાથે તેમને હરવાફરવાની છૂટ આપવામાં આવે. આવી બાબતોમાં મારો લગભગ વીસ વરસનો અનુભવ છે. જો તમે હિંદીઓને અલગ કાઢશો અને તેમને શહેરથી ચાર પાંચ માઈલ દૂર રહેવાની ફરજ પાડશો તો શીતળા જેવા રોગ ફેલાવવાનું મોટું જોખમ વહોરશો.

Gandhi Heritage Portal

એક કોમ તરીકે અમારા પર એવો આક્ષેપ મૂકવામાં આવ્યો છે કે અમે કોઈ પણ રોગ છુપાવવા માગીએ છીએ. હિંદીઓને બાકીની વસ્તીથી અલગ રાખવામાં આવે તો શું પરિણામ આવશે? હું ખાતરીપૂર્વક કહું છું કે એથી ચેપનું જોખમ ઘણું વધી જશે. એ ગમે તેમ હોય, પણ મને ખાતરી છે કે સામ્રાજ્ય સરકાર કોઈ પણ વર્ગભેદવાળા કાનૂનને મંજૂરી નહીં આપશે અને અલગ વસાવવાની નીતિથી તો એવો જ કાનૂન આવીને ઊભો રહે. એક જાતિ તરીકે અમે કાનૂનપાલન કરવા ખૂબ આતુર છીએ અને મને વિશ્વાસ છે કે નવા મ્યુનિસિપલ ઑર્ડિનન્સ મુજબ જે સ્વચ્છતાવિષયક ઉપનિયમો આવશે તેમનો અમલ સખતાઈથી અને ન્યાયી રીતે કરવામાં આવશે.

[મૂળ અંગ્રેજી]

ટ્રાન્સવાલ લીડર, ૨૩–૮–૧૯૧૨

૨૬૩. એક ઉજ્જવળ કારકિર્દી

આ લેખના નાયક શ્રી ગોખલે એટલા સુપ્રસિદ્ધ છે કે તેઓ કોણ છે ને શું કરે છે, એ સમજાવવાનું બિનજરૂરી છે. તેમણે દક્ષિણ આફ્રિકાના હિંદીઓના પ્રશ્નની જે સતત હિમાયત કરી છે અને તેમનાં દુ:ખો પ્રત્યે જે સહાનુભૂતિ દર્શાવી છે તેને માટે દક્ષિણ આફ્રિકાના હિંદીઓ તેમને આભારની ઊંડી લાગણી સાથે યાદ કરે છે. હિંદમાંથી નાતાલ માટે કરવામાં આવતી ગિરમીટિયાઓની ભરતી બંધ કરાવવાનું શ્રેય મોટે ભાગે તેમને ભાગે જાય છે. એ બદલ હિંદીઓ તેમને હમેશાં યાદ કરશે. તાજેતરમાં શ્રી ગોખલેની શક્તિ, વાઇસરૉયની કાઉન્સિલમાં એક બિલ રજૂ કરવાના ઉપયોગમાં આવી છે. એ બિલનો આશય, હિંદમાં દરેક બાળકને મફત અને ફરજિયાત શિક્ષણ આપવાનો છે. જોકે તેમાં તેઓ સફળ ન થયા. છતાં તેઓ નિષ્ફળતાથી નાહિંમત થાય એવા પુરુષ નથી. પોતાનું બિલ પસાર થવાનું નથી એવી ખબર પડી ત્યારે તેમણે કશી ફરિયાદ ન કરી. કાઉન્સિલમાં પોતાના ભાષણ દરમ્યાન તેમણે કહ્યું : "૧૮૭૦નો કાયદો થયો તે પહેલાં ઇંગ્લંડમાં તેને માટે જે પ્રયાસો કરવા પડ્યા હતા તે હું સારી પેઠે જાણું છું; એટલે હું નથી ફરિયાદ કરતો કે નથી નિરાશ થતો. વળી મને હમેશાં લાગ્યું છે, અને ઘણી વાર મેં કહ્યું પણ છે કે, હિંદમાં વર્તમાન પેઢીના અમે લોકો અમારી નિષ્ફળતાઓ મારફતે જ દેશની સેવા કરવાની આશા રાખી શકીએ." આજના શ્રી ગોખલે આવા પુરુષ છે. તેમનું જીવન માતૃભૂમિની સેવામાં વીત્યું છે, અને હિંદમાં તેમ જ બીજી જગ્યાએ કરોડો લોકોની એવી પ્રાર્થના છે કે તેમને જે કામ આટલું પ્રિય છે તે કરવા માટે તેઓ દીર્ઘાયુ બને.

ગોપાળ કૃષ્ણ ગોખલેનો જન્મ ૧૮૬૬માં કોલ્હાપુરમાં થયો હતો. તેમનાં માબાપ ગરીબ હતાં, પણ તેમણે તેમને સ્થાનિક કૉલેજમાં ભણવા મોકલ્યા. શ્રી ગોખલે સફળ વિદ્યાર્થી હતા અને તેમણે બી.એ.નો અભ્યાસક્રમ મુખ્યત્વે મુંબઈની એલ્ફિન્સ્ટન કૉલેજમાં અને બાકીનો પૂનાની ડેક્કન કૉલેજમાં પૂરો કર્યો. ૧૮૮૪માં બી.એ.ની પદવી મેળવ્યા પછી તેમને ડેક્કન ઍજ્યુકેશન સોસાયટીમાં સભ્ય તરીકે દાખલ કરવામાં આવ્યા. એ સોસાયટીના આજીવન સભ્યો ડેક્કન કૉલેજમાં અને સોસાયટીની શાળાઓમાં રૂ. ૭૫ના માસિક પગારથી ૨૦ વરસ સુધી સેવા કરવા બંધાય છે. શ્રી ગોખલેએ કેટલાક વખત સુધી અંગ્રેજી સાહિત્ય અને ગણિતશાસ્ત્ર પર વ્યાખ્યાન આપ્યાં.

Gandhi Heritage Portal

પણ પોતાના સેવાકાળના મોટા ભાગના સમય દરમિયાન તેમણે ઇતિહાસ અને અર્થશાસ્ત્રના પ્રાધ્યાપક તરીકે કામ કર્યું. એ વિષય પર તેમણે એટલો કાબૂ મેળવ્યો હતો કે તેઓ તેમાં પારંગત ગણાય છે. પોતાના કાર્ય માટે તેમને એટલી ભક્તિ અને એટલો પ્રેમ હતો કે કેટલાંય વરસ સુધી તેમણે પોતાની છુટ્ટીના બધા જ દિવસો સતત મુસાફરી કરીને, તકલીફો અને અપમાનો વેઠીને ફાળો એકઠો કરવાના કામમાં ગાળ્યા. શ્રી ગોખલે કદી પ્રિન્સિપાલ ન થયા પણ કૉલેજની વ્યવસ્થામાં તેમનો ઘણો હિસ્સો હતો. તેઓ ફર્ગ્યુસન કૉલેજમાં દાખલ થયા તે અરસામાં જસ્ટિસ રાનડેની[૧] અસર તળે આવ્યા, અને ઘણાં વરસ સુધી તેમણે ભેગા મળીને દુનિયાના મોટા સવાલો અને ખાસ કરીને હિંદુસ્તાનને લગતા સવાલોનો અભ્યાસ કર્યો. ૧૮૮૭માં શ્રી રાનડેની ઇચ્છા અનુસાર તેઓ પૂનાની સાર્વજનિક સભાના ક્વાર્ટર્લી જર્નલના તંત્રી થયા. ત્યાર પછી તેઓ ડેક્કન સભાના માનદ મંત્રી બન્યા. ચાર વરસ સુધી તેમણે પૂનાના ઍંગ્લો-મરાઠી સાપ્તાહિક સુધારકના તંત્રીઓમાંના એક તરીકે કામ કર્યું. અને એટલા જ સમય સુધી એમણે મુંબઈ પ્રાંતીય કાઉન્સિલના મંત્રી તરીકે કામ કર્યું, અને ૧૮૯૫માં જ્યારે પૂનામાં હિંદી મહાસભાનું ૧૧મું અધિવેશન ભરાયું ત્યારે તેઓ તેના એક મંત્રી તરીકે ચૂંટાયા હતા. ૧૮૯૭માં મુંબઈના બીજા આગળ પડતા જાહેર પુરુષો સાથે તેમને ઇન્ડિયન એક્સપેન્ડિચર બાબત નિમાયેલા વેલબી કમિશન સમક્ષ જુબાની આપવા માટે ઇંગ્લંડ જવા પસંદ કરવામાં આવ્યા હતા. ત્યાં પોતાની સરસ તૈયારીને કારણે કમિશનના નિષ્ણાત મેમ્બરોના મુશ્કેલ સવાલોના જવાબ જરાયે ગભરાયા સિવાય તેઓ આપી શકયા હતા, અને સિદ્ધાંતો વિષેની પોતાની સંપૂર્ણ સમજ અને વિગતો પરનો કાબૂ એમણે બતાવી આપ્યો હતો. ઇંગ્લંડમાં હતા તે દરમિયાન તેમણે હિંદમાં પ્લેગ અંગેનો સરકારી વહીવટ એ વિષય પર બ્રિટિશ છાપાં જોગ કેટલાક પત્રો લખ્યા હતા. તે બાબતમાં પાછળથી તેઓ જે રીતે વર્ત્યા તેમાં તેમનું નિર્મળ ચારિત્ર્ય પ્રગટ થાય છે. ઇંગ્લંડથી જ્યારે તેઓ પાછા ફર્યા ત્યારે તેમણે મૂકેલા આક્ષેપો સાબિત કરવાનું તેમને કહેવામાં આવ્યું. જે મિત્રોએ તેમને માહિતી આપી હતી તેઓ તેમને પડખે રહેવા આગળ ન આવ્યા, એટલે જાહેર જીવનની ઉત્તમ પ્રણાલિકાઓ મુજબ તેમણે ઉદાર દિલથી માફી માગી. આ ખાનદાની બતાવવા માટે તેમને કેટલાંક ક્ષેત્રોમાં ઘણા અપ્રિય થવું પડ્યું. ૧૯૦૦ અને ૧૯૦૧ની વચ્ચે તેઓ મુંબઈ લેજિસ્લેટિવ કાઉન્સિલના સભ્ય ચૂંટાયા, જ્યાં તેમણે ખૂબ જ ઉપયોગી કામ કર્યું. ૧૯૦૨માં તેઓ સુપ્રિમ લેજિસ્લેટિવ કાઉન્સિલના સભ્ય ચૂંટાયા. એ ધારાસભાના પ્રમુખ હિંદના વાઇસરૉય હોય છે. ત્યાં બજેટ પરના તેમના પહેલા ભાષણથી લોકો છક થઈ ગયા. ત્યારથી બજેટ વખતના તેમના ભાષણની લોકો હંમેશાં આતુરતાપૂર્વક અને રસપૂર્વક રાહ જુએ છે. હકીકતો અને આંકડાઓ પરની તેમની પકડ, વહીવટી પ્રશ્નોનું ઝીણવટભર્યું જ્ઞાન, એની સાથે સાદું, સ્પષ્ટ અને જોરદાર વકતૃત્વ તથા ધ્યેય વિષેની સચ્ચાઈ, આ બધાંનાં વખાણ તો તેમના વિરોધીઓ પણ કરે છે. હિંદમાંના કેટલાક ઘણા જ ઉચ્ચ અધિકારીઓ તેમના અંગત મિત્રો છે અને લૉર્ડ કર્ઝને પણ તેમને "સુસજ્જ પ્રતિદ્વંદ્વી" માન્યા છે. વાઇસરૉયે એવું કહ્યાનું કહેવાય છે કે, ગોખલે સાથે લડવામાં મને આનંદ આવે છે અને હું જે હિંદીઓને મળ્યો છું તેમાં ગોખલે સૌથી શક્તિશાળી

૧. મહાદેવ ગોવિંદ રાનડે (૧૮૪૨–૧૯૦૧) અર્થશાસ્ત્રી, ઇતિહાસકાર અને સમાજસુધારક; ૧૮૯૩માં મુંબઈ હાઈકોર્ટના જજ નિમાયા; રાઇઝ ઑફ મરાઠા પાવર (મરાઠાસત્તાનો ઉદય), એસેઝ ઇન ઇન્ડિયન ઇકોનોમિક્સ (હિંદી અર્થશાસ્ત્ર વિષે નિબંધો) વગેરે પુસ્તકોના કર્તા.

Gandhi Heritage Portal

છે. ગોખલેની શક્તિ અને ચારિત્ર્ય માટેના પોતાના આદરના પ્રતીક તરીકે વાઇસરૉયે તેમને સી. આઈ. ઈ.નો ખિતાબ આપ્યો.

શ્રી ગોખલેએ ૧૯૦૫માં "સર્વન્ટ્સ ઑફ ઇન્ડિયા સોસાયટી"ની સ્થાપના કરી. શ્રી ગોખલે માને છે કે સ્વેચ્છાપૂર્વક પોતાનું જીવન સેવામાં અર્પણ કરનાર માણસોની માતૃભૂમિને ઘણી જરૂર છે. અને આ સોસાયટી મારફત તેઓ એવા સેવકો તૈયાર કરે છે જેઓ લોકોને તેમના ભૌતિક અને નૈતિક કલ્યાણને લગતી બાબતોની કેળવણી આપવાનું ઉમદા કાર્ય કરી શકે. એ જ વરસે શ્રી ગોખલે મુંબઈના લોકો તરફથી એક મિશન લઈને ઇંગ્લંડ ગયા. ત્યાંથી પાછા આવતી વખતે તેમને બનારસમાં ભરાનારા કૉંગ્રેસ અધિવેશનનું પ્રમુખસ્થાન લેવા માટે આગ્રહપૂર્વકનું આમંત્રણ મળ્યું. તેમની તબિયત તે વખતે બહુ સારી નહોતી એટલે આ મુશ્કેલ કાર્ય સ્વીકારવાની તેઓ ના પાડત તો ચાલી શકત, પણ તેમણે લોકોના આગ્રહને માન આપ્યું. ત્યાં પ્રમુખ તરીકેના ભાષણમાં તેમણે લૉર્ડ કર્ઝનનું શાસન, બંગાળના ભાગલા, સ્વદેશી ચળવળ અને પોતાના દેશના રાજ્ય-વહીવટમાં મોટો હિસ્સો મેળવવાની હિંદીઓની માગણી વિષે અત્યુત્તમ છણાવટ કરી. શ્રી ગોખલેની કારકિર્દીની આ ટૂંકી રૂપરેખામાં આ અને બીજાં વ્યાખ્યાનોની વધુ ચર્ચા કરવાનું શકય નથી. પણ તેમણે પ્રમુખ તરીકે આપેલાં ભાષણોની નકલ મેળવીને તેનો અભ્યાસ કરવાની વાચકોને અમારી સલાહ છે. ઉપસંહારમાં શ્રી નટેસનના પુસ્તક ધિ સ્પીચીઝ ઑફ ધિ ઑનરેબલ મિ. જી. કે. ગોખલે (માનનીય શ્રી ગોખલેનાં ભાષણો)ની સુંદર પ્રસ્તાવના, જેમાંથી અમે આ લેખની હકીકતો એકઠી કરી છે, તેની છેલ્લી પંક્તિઓ ઉતારવાનું ઠીક થઈ પડશે.

> સ્વભાવે ઉદાર હોઈ, તેઓ સખતમાં સખત પ્રહાર કરતા હોય ત્યારે પણ પોતાના વિરોધીની લાગણીને આઘાત પહોંચાડતા નથી. રાજદ્વારી વિચારસરણીમાં તેમને નરમ દળના તરીકે ગણવામાં આવે છે, છતાં પક્ષીય ખેંચાખેંચીથી તેઓ ઘણા દૂર છે. કેવળ ઝઘડા કરવાની વાતને તેઓ ધિક્કારે છે. તેમની મોટી ચિંતા બધા પક્ષોને દેશભક્તિના સમાન સૂત્રમાં પરોવવાની છે. કઠોર આત્મપરીક્ષણ કરવાનું શિક્ષણ મળેલું હોઈ તેઓ પક્ષીય ભાવનાની કુટિલ અસરથી હમેશાં સાવધાન રહે છે, અને દેશબાંધવો પ્રત્યેના પોતાના પ્રેમને નકામા ભેદભાવથી દૂષિત થવા દેતા નથી. મન, વાણી અને કર્મથી પવિત્ર, કોઈ પણ વસ્તુને સહેલાઈથી સમજી શકાય એવી ભાષામાં વ્યક્ત કરવાની કળામાં પ્રવીણ, ઉશ્કેર્યા વિના પ્રેરણા આપનાર વક્તા, શાંતિપ્રિય છતાં સંઘર્ષથી નહીં ડરનાર નાગરિક, હુકમનું પાલન કરનાર તેમ જ હુકમ આપી શકનાર કાર્યકર્તા, પોતાના ધ્યેયમાં અડગ શ્રદ્ધા ધરાવનાર ઉન્નતિવાંછુ સૈનિક, એવા શ્રી ગોખલે ખરેખર હિંદના સર્વગુણસંપન્ન સેવક છે.

[મૂળ અંગ્રેજી]

ઇન્ડિયન ઓપીનિયન, ૨૪–૮–૧૯૧૨

Gandhi Heritage Portal

૨૬૪. ઑન. મિ. ગોખલેને માન આપવા અંગેની મીટિંગમાં ભાષણ

જોહાનિસબર્ગ,
ઑગસ્ટ ૨૫, ૧૯૧૨

બ્રિટિશ હિંદીમંડળે જાહેર કર્યા મુજબ એક સભા આ મહિનાની ૨૫મીએ હમીદિયા ઇસ્લામિક સોસાયટીના હૉલમાં શ્રી કાછલિયાના પ્રમુખપદે મળી હતી.

સભાનું કામ શરૂ કરતાં શ્રી કાછલિયાએ કહ્યું કે માનનીય ગોખલે જે દિવસે અહીં આવશે તે દિવસ દક્ષિણ આફ્રિકાના હિંદીઓ માટે ઘણો મહત્ત્વનો દિવસ હશે. પછી તેમણે શ્રી ગાંધીને સભામાં મંજૂરી માટે રજૂ કરવાનો કાર્યક્રમ સમજાવવા વિનંતી કરી.[1]

મિ. ગાંધી

એ પોતાના ભાષણમાં જણાવ્યું કે, મિ. ગોખલે તા. ૨૨મી ઑક્ટોબરે કેપટાઉન પહોંચશે, અને દક્ષિણ આફ્રિકામાં ત્રણ અઠવાડિયાં[2] કરતાં વધારે વખત પોતાની સફર લંબાવવાને શક્તિમાન થશે નહીં. તેઓ કૉંગ્રેસના આવતી સાલ માટેના પ્રમુખ થનાર હોવાથી, તથા તેઓ પબ્લિક સર્વિસ કમિશનના મેમ્બર નિમાયેલ હોવાથી તેમણે ડિસેમ્બરની શરૂઆતમાં હિંદુસ્તાન પહોંચવું જોઈશે. તેથી મને એવું લાગે છે કે મિ. ગોખલે બે દિવસ કેપટાઉનને આપશે, એક કિમ્બર્લીને (કે જ્યાંનું આમંત્રણ અત્યાર પહેલાં મળેલું છે) આપશે, અને તા. ૨૭મી ઑક્ટોબરે અત્રે પહોંચશે. ટ્રાન્સવાલને તેઓ સાહેબ ૧૦ દિવસ આપી શકશે, અને એ ૧૦માંનો ઘણોખરો વખત તેઓ જોહાનિસબર્ગમાં ગાળશે. મિ. ગોખલે અહીં પહોંચે તે દિવસે તેમને એક લાયક માનપત્ર ઍસોસિયેશન તરફથી અપાવું જોઈએ, ને ઍસોસિયેશનના સામાન્ય માનપત્ર ઉપરાંત જુદી જુદી કોમની લાગણી ખાસ રીતે દર્શાવવાનો વિચાર થાય તો તેવાં બીજાં માનપત્રો પણ તે જ દિવસે એકી વખતે આપી શકાય. મિ. ગોખલે સરસ તંદુરસ્તી ભોગવતા નથી એ યાદ રાખીને આપણે માનપાનનો કાર્યક્રમ (પ્રોગ્રામ) રચવાનો છે. (મિ. ગાંધીએ આગળ ચાલતાં કહ્યું કે) તેમના આવ્યા પછી બીજે દિવસે એક ખાણાનો જલસો થવો જોઈએ, અને તે માટે ૧,૦૦૦ જેટલાં આમંત્રણો નીકળવાં જોઈએ. બને તો આ બંને (માનપત્રનું તથા ખાણાનું) કાર્યો વૉન્ડરર ઉપર થવાં જોઈએ, અને મેયરને પ્રમુખપદ લેવા આમંત્રણ કરવું જોઈએ. વળી જો રજા મળે તો સ્ટેશન ઉપર એક સુંદર કમાન બાંધવી, અને તે રજા ન મળે તો જ્યાં માનપત્રો અપાય ત્યાં, અથવા તો રોકવામાં આવેલા મકાન ઉપર કમાન બાંધવી. મિ. ગોખલે એવા નામાંકિત માણસ છે કે તેમને જેટલું માન અપાય તેટલું ઓછું છે. જો તેઓ ફ્રાંસમાં જન્મ્યા હોત તો તેમના ઊંચા સદ્‌ગુણો અને બુદ્ધિબળને લીધે એ દેશના પ્રજાસત્તાક રાજ્યના પ્રમુખ થવાને શક્તિમાન થયા હોત, ને જો તેઓ ઇંગ્લાંડમાં જન્મ્યા હોત તો ત્યાંના વડા પ્રધાન થયા હોત. તેમણે દક્ષિણ આફ્રિકા માટે બજાવેલી ખાસ સેવાઓથી તો સહુ માહિતગાર છે. કેટલું ખર્ચ થવું જોઈએ તેનો ખ્યાલ આપતાં મિ. ગાંધીએ કહ્યું કે પા. ૧,૦૦૦ની રકમ ઊભી થવી જોઈએ. વળી મિ. ગોખલેની અહીંના રહેઠાણની મુદત દરમ્યાન કેટલાક દિવસ સુધી પોતાનો બધો વખત તેમને આપી શકે એવા વૉલંટિયરો બધી કોમમાંથી ચૂંટાવા જોઈએ. મિ. ગાંધીએ વિશેષમાં જણાવ્યું કે ના. આગાખાન તરફથી, તેઓ સાહેબ નજીકના ભવિષ્યમાં દક્ષિણ આફ્રિકા અને પૂર્વ આફ્રિકાની મુલાકાત લેવા ધારે છે એવો કેબલ મળ્યો છે. તેથી તેમના આવવાના સમાચારથી કોમ ખુશી થઈ છે, અને તેમને આમંત્રણ આપે છે એવો કેબલ મોકલવા સૂચવીને મિ. ગાંધીએ પોતાનું ભાષણ પૂરું કર્યું.

૧. અહીં સુધીનું લખાણ અંગ્રેજીનો અનુવાદ છે.
૨. જુઓ પરિશિષ્ટ ૨૦.

Gandhi Heritage Portal

મિ. હાજી હબીબ

ત્યાર બાદ દરખાસ્ત કરી કે એક કમિટી નીમવી, અને તેને ઉઘરાણું કરવાની, કાર્યક્રમ ગોઠવવાની, મિ. ગોખલે આવી પહોંચે ત્યારે માન આપવાને બીજી તરેહની ઘટતી વ્યવસ્થા કરવાની, તથા તેમને લેવા કેપટાઉન જવાને ડેલિગેટો નીમવાની વગેરે દરેક જાતની સત્તા આપવી. તેમણે એ પણ દરખાસ્ત કરી કે મિ. ગાંધીએ સૂચવ્યા પ્રમાણે ના. આગખાનને[૧] કેબલ મોકલવો. ઉપરની દરખાસ્તોને હમીદિયા ઈસ્લામિક સોસાયટીના પ્રમુખ

ઇમામ સાહેબ

અબદુલ કાદર બાવાઝીરે ટેકો આપ્યો, અને જણાવ્યું કે મિ. ગોખલેને આખી હિંદી કોમે બાદશાહી ઢબથી માન આપવું જોઈએ એમાં જરાયે શક નથી. આવા ઈજ્જતદાર પરોણાને માન આપીને કોમે જાતે માન ખાટવા બરોબર છે.

[મૂળ ગુજરાતી]

ઇન્ડિયન ઓપીનિયન, ૩૧–૮–૧૯૧૨

૨૬૫. ફેડરેશન હૉલ સંબંધે ભાષણ[૨]

જોહાનિસબર્ગ,

ઑગસ્ટ ૨૫, ૧૯૧૨

ઉપરની નિશાળ[૩] સંબંધી સૂચના સંબંધમાં બોલવાને આમંત્રણ થવાથી મિ. ગાંધીએ જણાવ્યું કે સત્યાગ્રહની લડતની યાદગીરી તરીકે એક ફેડરેશન હૉલ[૪] બાંધવાની ઇચ્છા આપણે કેટલોક વખત થયાં રાખેલી છે. તે બાંધવાને અત્યારે સરસ તક છે એમાં કાંઈ જ શક નથી. જો કોમને શોભા આપે એવું મકાન બાંધવામાં આવે તેમાં મીટિંગ હૉલ, પબ્લિક સ્કૂલ, વિદ્યાર્થીઓના રહેઠાણની તથા મિજબાનોના રહેઠાણની સગવડ વગેરેની વ્યવસ્થા થાય — તો સરસ કામ થાય. તે કામ માટે પા. ૧૦,૦૦૦ જેટલો ખર્ચો થાય, પણ ટ્રાન્સવાલના હિંદીઓ માટે તેટલી રકમ ઊભી કરવાનું કામ બહુ ભારે ગણાવું જોઈએ નહીં.[૫]

[મૂળ ગુજરાતી]

ઇન્ડિયન ઓપીનિયન, ૩૧–૮–૧૯૧૨

૧. નામદાર આગાખાનને નીચે મુજબ તાર કરવામાં આવ્યો હતો: "દક્ષિણ આફ્રિકાની મુલાકાતે આવવાનો આપનો ઇરાદો જાહેર કરતો તાર વાંચીને બ્રિટિશ હિંદી મંડળને આનંદ થયો છે. કોમ આપનું ખુશીથી સ્વાગત કરે છે. મિ. ગોખલે અહીં આવે છે. તે વખતે આપ આવી શકશો? કાછલિયા."

૨. આ પહેલાંનું ભાષણ પણ આ જ સભામાં કરવામાં આવ્યું હતું.

૩. ટૉલ્સ્ટૉય ફાર્મમાં ખોલવામાં આવેલી નિશાળ સંબંધમાં.

૪. જુઓ પુસ્તક ૮, પા. ૮૨ અને ૧૧૨.

૫. ત્યાર બાદ ઘણું કરીને ફાળો એકઠો કરવા માટે એક કમિટી નિયુક્ત કરવામાં આવી હતી, જેનાં બાવાઝીર, કાછલિયા, ફેન્સી અને સોન્ન શ્લેશિન સભ્યો હતાં.

Gandhi Heritage Portal

૨૬૬. હરિલાલ ગાંધીને પત્ર

[લૉલી,]
શ્રાવણ વદ ૨ [ઑગસ્ટ ૨૯, ૧૯૧૨][1]

ચિ. હરિલાલ,

તમે તો કાગળ ન જ લખવા એવો નિશ્ચય કર્યો લાગે છે.

સાથે કરસનદાસ[2] કાકાનો કાગળ છે. આ કરજ હું તો સમજી નથી શકતો. ગોકળદાસના[3] વિવાહમાં કેમ ખર્ચ થયું, કોણે કર્યું તે બધી વાતથી હું બિનવાકેફ છું. પણ જો તમને કંઈ યાદ હોય તો મને લખજો કે મેં શું ખર્ચની પરવાનગી આપી હતી. આવું મોટું ખર્ચ કરવાની પરવાનગી હું આપું એ તો ન બનવા જેવું છે. છતાં તમને જે ખબર હોય તે જણાવશો.

હમણાં તો પ્રોફેસર ગોખલેની ધામધૂમ ચાલી રહી છે. ભાઈ કોટવાલ ફાર્મ પર ખૂબ કામ કરે છે. જેકીબહેન પણ મદદ કરી રહ્યાં છે. મણિલાલ ભણવામાં ગૂંથાયો છે. રામદાસ, દેવદાસ પણ નિયમસર ભણે છે. ખેતરમાં કામ પણ કરે છે.

અનીબહેન પણ ફાર્મ પર છે.

હું મિ. પોલાકને[4] લેવા બે દિવસમાં ડરબન જનાર છું, ત્યારે બા તથા દેવદાસ મારી સાથે આવશે ને થોડી મુદત ફિનિકસ રહેશે.

ચંચીની ઇચ્છા અહીં આવવાની થાય ત્યારે આવી શકે છે.

તમારી તરફથી કંઈ સમાચાર મોકલશો તો સારું.

બાપુના આશીર્વાદ

[મૂળ ગુજરાતી]

ગાંધીજીના હસ્તાક્ષરમાં લખાયેલા મૂળ પત્રની છબી પરથી : એસ. એન. ૯૫૩૬

૨૬૭. મિ. હ્યૂમનું અવસાન

ઇંગ્લંડથી આવેલી છેલ્લી ટપાલમાં મિ. એ. ઓ. હ્યૂમના[5] અવસાનના સમાચાર આવ્યા છે. મિ. હ્યૂમ 'હિંદી રાષ્ટ્રીય મહાસભાના પિતા'ના નામથી પ્રસિદ્ધ હતા. તેમની સ્મૃતિમાં ઇન્ડિયા પત્રમાં આવેલી શ્રદ્ધાંજલિઓ અમે બીજી જગ્યાએ ઉતારીએ છીએ. હિંદના સાચા મિત્રો એટલા વિરલ

૧. ગોખલેની મુસાફરીના ઉલ્લેખથી સાબિત થાય છે કે આ પત્ર ૧૯૧૨માં લખવામાં આવ્યો હતો.
૨. ગાંધીજીના મોટાભાઈ.
૩. સન ૧૯૦૮માં ગોકળદાસનું મૃત્યુ થયું હતું; જુઓ પુસ્તક ૮, પા. ૨૨૩–૪ અને ૨૪૩.
૪. મિ. પોલાક અને તેમની પત્ની ભારતથી ૪થી સપ્ટેમ્બરે ડરબન પહોંચ્યાં હતાં.
૫. ઍલન ઑક્ટેવિયન હ્યૂમ. સર જ્યૉર્જ ટ્રેવેલિયનના "કામ્પીટિશનવાલા" હરીફ આઈ.સી.એસ.માંના એક. ૧૮૫૭ના બળવા વખતે ઇટાવામાં મૅજિસ્ટ્રેટ હતા. ૧૮૭૦માં હિંદ સરકારના સેક્રેટરી બન્યા અને મહેસૂલ, ખેતી અને વાણિજ્ય ખાતાં વ્યવસ્થિત કરીને વખાણવા લાયક કામ કર્યું. ઓલ્ડ મૅન્સ હોપ, ધિ સ્ટાર ઇન ધિ ઈસ્ટ, ધિ રાઇઝિંગ ટાઇડ વગેરે પુસ્તકોના લેખક. છેલ્લું પુસ્તક તે વખતે હિંદમાં ચાલતી રાજકીય પ્રવૃત્તિ વિષે છે.

Gandhi Heritage Portal

છે કે, જેમણે બ્રિટિશ સામ્રાજ્યમાં હિંદની વિચિત્ર અને અનેક રીતે કમનસીબ સ્થિતિ સમજવા તકલીફ લીધી છે તેમના પ્રત્યે અમે ખાસ કૃતજ્ઞતા અનુભવીએ છીએ. મોટે ભાગે આપણે જોઈએ છીએ કે હિંદના નિવૃત્ત સિવિલ સર્વિસના નોકરોમાં હિંદના લોકો પ્રત્યે સહાનુભૂતિનો અભાવ હોય છે. સ્વ. મિ. હ્યૂમનું એવું નહોતું. તેઓ માનતા કે હિંદીઓ સાથે બરોબરિયા તરીકે મળવામાં આબરૂ ઘટતી નથી. તેઓ લોકનેતાઓ સાથે રહીને કામ કરતા અને તેમને પ્રેમપૂર્વકની સહાનુભૂતિ વડે વધુ ઉચ્ચ અને વધુ ઉમદા કાર્ય કરવા માટે ઉત્સાહ અને પ્રેરણા આપતા. એમ સાંભળવામાં આવ્યું છે કે તેમની શારીરિક શક્તિ ક્ષીણ થઈ ગઈ હતી છતાં તેમનો ઉત્સાહ કદી મંદ પડ્યો નહોતો. આવા ઉમદા પુરુષોની સ્મૃતિ બ્રિટિશ લોકોની ન્યાયપ્રિયતામાં આપણી ડગતી જતી શ્રદ્ધાને દૃઢ કરે છે. અમે હજી પણ આશા તથા શ્રદ્ધા રાખીએ છીએ કે ઇંગ્લંડ હ્યૂમ જેવા કોઈ પણ ભોગે ન્યાયનો પક્ષ લેનારા પુરુષો પેદા કરી શકે એમ છે. મિ. એ. ઓ. હ્યૂમના સ્વર્ગવાસથી હિંદે એક સાચો મિત્ર ગુમાવ્યો છે.

[મૂળ અંગ્રેજી]

ઇન્ડિયન ઓપીનિયન, ૩૧–૮–૧૯૧૨

૨૬૮. ટ્રાન્સવાલમાં રેલવેની મુસાફરી

રેલવે ખાતાના અધિકારીઓ અને મિસ શ્લેશિન વચ્ચે થયેલો પત્રવ્યવહાર[1] અમે બીજી જગ્યાએ પ્રસિદ્ધ કરીએ છીએ. મિસ શ્લેશિને જે પ્રશ્ન ઉઠાવ્યો છે તે બેશક ઘણો નાજુક છે, અને તેથી તેમણે ખૂબ સમજપૂર્વક અને સાવધાનીથી વર્તવું જોઈએ. રેલવેના અધિકારીઓ પણ ડહાપણ અને વિવેકથી વર્તે એ એટલું જ જરૂરનું છે. અમે માનીએ છીએ કે ઇન્ડિયન વિમેન્સ ઑસોસિયેશનનાં માનદ મંત્રી તરીકે મિસ શ્લેશિન પોતાના ગૌરવનો અને પોતે જે હિતોનાં રક્ષક છે તેમનો ખ્યાલ રાખીને બીજી રીતે વર્તી નહીં શકે. રેલવેની મુસાફરી દરમ્યાન પોતાના સાથીઓ જેઓ સમાન ઉદ્દેશથી મુસાફરી કરે છે તેમને છોડીને બીજી જગ્યાએ બેસવું યોગ્ય ન ગણાય. તેઓ જો એમ કરત તો સમાજમાં પ્રચલિત એવા ગેરવાજબી અને અર્થ વગરના પૂર્વગ્રહને વધારે પડતું નમતું આપેલું જ ગણાત. મિસ શ્લેશિન સ્વાભાવિક રીતે જ રેલવે ખાતાને અનુકૂળ થવા ઇચ્છે છે. તેમ છતાં, જે હેતુ ખ્યાલમાં રાખીને નિયમો કરવામાં આવ્યા છે તે હેતુ પાર પાડવા માટે બિલકુલ જરૂરી ન હોય એવા નિયમોનું પાલન કરવાને તે બંધાયેલાં નથી.

[મૂળ અંગ્રેજી]

ઇન્ડિયન ઓપીનિયન, ૩૧–૮–૧૯૧૨

૧. આ પત્રવ્યવહાર, સૌજન્ય શ્લેશિન જ્યારે હિંદી સ્ત્રીઓ સાથે બિનગોરા લોકો માટે અનામત રાખેલા ડબામાં મુસાફરી કરતાં હતાં ત્યારે બનેલા બે બનાવો વિષે છે. એ વખતે સૌજન્ય શ્લેશિનને બીજા ડબામાં જવા કહેવામાં આવ્યું હતું. બંને પ્રસંગે તેમણે તેમ કરવાની ના પાડી અને રેલવે અધિકારીઓને પોતાના પર કાયદેસર કામ ચલાવવા આહ્વાન આપ્યું.

Gandhi Heritage Portal

૨૬૯. એક "ચોખ્ખી હાડમારી"

દક્ષિણ આફ્રિકામાં ઇમિગ્રેશન કાયદાનો જે રીતે અમલ કરવામાં આવે છે તે કોઈ પણ સુધરેલા દેશ માટે શરમભરેલું છે. કેટલાક લોકોને, જે વહાણમાં તેઓ સફર કરતા હતા તે વહાણ તોફાનમાં સપડાવાને કારણે મોડું પડ્યું, તેટલા જ કારણસર, તેમના જ ઘરેથી પાછા કાઢવામાં આવે તેના કરતાં વધુ લાગણીહીન અને ક્રૂર બીજું શું હોઈ શકે? પેલે દિવસે કેપ-ટાઉનમાં પાંચ હિંદીઓ બાબતમાં એમ જ બન્યું.[૧] જસ્ટિસ સર્લે તેમની અરજી સાંભળી હતી. તેમણે કહ્યું કે આ ચોખ્ખી હાડમારીનો કેસ છે, પણ મારે કાયદાના સીધા અર્થ મુજબ વર્તવાનું છે, તેમાં મારી વિવેકબુદ્ધિ વાપરવાને અવકાશ નથી. અમે એટલું જ કહી શકીએ કે આ કાયદા-માં કંઈક બહુ મોટી ખામી છે. જે જજને પોતે ન્યાય કરવા અસમર્થ છે એવું શરમભરેલી રીતે સ્વીકારવું પડ્યું છે તેની અમને ઈર્ષા આવતી નથી. તે જ રીતે અમે તેનો વાંક પણ કાઢતા નથી. ન્યાયાધીશો કાયદો બનાવી કે બદલી શકતા નથી. તેઓ કેવળ તેનો અર્થ કરી શકે છે. કેપ અને નાતાલના ઇમિગ્રેશન કાયદા કાં તો સુધારવા જોઈએ અથવા રદ થવા જોઈએ. આ પ્રાંતમાં ડોમિસાઈલ થયેલા હિંદીઓને, એક માણસ[૨] જે સરકારી નોકર હોઈ પ્રજાનો નોકર છે તેના તરંગને કારણે, ડરબનથી લગભગ દરરોજ કાઢી મૂકવામાં આવે છે. એ માણસનામાં શાળામાં ભણતા છોકરા જેટલી પણ સમજ કે વહેવારુ બુદ્ધિ નથી. સુપ્રિમ કોર્ટને પણ કબૂલ કરવું પડ્યું છે કે તે પોતે ઇમિગ્રેશન અમલદારની આપખુદ સત્તામાં હસ્તક્ષેપ કરી શકે તેમ નથી. એ અધિકારીને એકલાને જ સંતોષ થવો જોઈએ, એમાં બીજા કોઈનો વિરોધ ચાલી નહીં શકે. શું દક્ષિણ આફ્રિકાના હિંદીઓ હાથ જોડીને બેસી રહેશે અને આવી અસહ્ય સ્થિતિ વેઠી લેશે? બેસી રહેશે તો તેઓ એને લાયકના જ ગણાશે.

[મૂળ અંગ્રેજી]

ઇન્ડિયન ઓપીનિયન, ૩૧-૮-૧૯૧૨

૧. ચાર હિંદીઓ જેઓ પહેલાં દક્ષિણ આફ્રિકામાં રહેતા હતા અને કામચલાઉ પરમિટ લઈને હિંદ ગયા હતા, તેઓ કેપટાઉન પાછા આવી રહ્યા હતા. તેમનામાંથી એક જણ સાથે તેનો દીકરો હતો. પરમિટનો સમય વીતી ગયો હતો એટલે તેમને દાખલ થવાની ના પાડવામાં આવી. તેમના વકીલે દલીલ કરી કે ખરાબ હવામાનને કારણે ઢીલ ન થઈ હોત તો તેઓ ૧૨ દિવસ વહેલા આવી પહોંચ્યા હોત. ન્યાયાધીશે એ સ્વીકાર્યું પણ કહ્યું કે મારે "કાયદાના સીધા અર્થ મુજબ વર્તવાનું છે," અને તેમાં કશો અપવાદ નથી. ઇન્ડિયન ઓપીનિયન, ૩૧-૮-૧૯૧૨.

૨. કઝિન્સ; જુઓ "ઓરતોનું અપમાન", પા. ૨૯૮ અને "નાતાલમાં ઇમિગ્રેશનની હાડમારી", પા. ૩૦૨ પણ.

Gandhi Heritage Portal

૨૭૦. હરિલાલ ગાંધીને પત્ર

[ફિનિક્સ]
શ્રાવણ વદ ૯ [સપ્ટેમ્બર ૫, ૧૯૧૨][૧]

ચિ. હરિલાલ,

તમારો કાગળ મળ્યો. મને આશ્ચર્ય થાય છે. એકે મહિનો તમને લખ્યા વિના ગયો હોય એવો મને ખ્યાલ નથી. તમારી ઉપરના કાગળો ગેરવલ્લે ગયા એમ જ મને તો લાગે છે. તમે મારા કાગળની રાવ ખાઓ છો ને દિલગીરી બતાવો છો. તમારા કાગળની ગેરહાજરીથી અમે . . .[૨] સરનામે શું થાય છે તે જોઈશું.

બા, હું તથા દેવદાસ ફિનિક્સ આવ્યાં છીએ. બા બહુ માંદી થઈ ગઈ હતી તેથી તેડી લાવ્યો. દેવદાસની તીવ્ર ઇચ્છા થઈ તેથી. તેની સાથે એવા કરાર છે કે હું ફરી પાછો આવું ત્યાં સુધી ફિનિક્સ રોકાય, બીબાં ગોઠવતાં શીખે અને પાઠ પણ કરે તથા મહિનામાં ૨૮ દિવસ અલૂણું કરે. હાલ તો આ બધું કરે છે.

મારી રહેણીમાં વિશેષ ફેરફાર કર્યા છે તે વિષે ફુરસદે લખવા ધારું છું.

મિ. ને મિસિસ પોલાક હાલ તો ડરબનમાં રહેશે. મિ. પોલાક વકીલાત કરે એમ ભલામણ મેં કરી છે. હવે થાય તે ખરું.

હમણાં અહીં ઇમિગ્રેશન અમલદાર સખતી કરે છે. તેથી ભાઈ પ્રાગજી[૩] હજુ ઊતર્યા નથી. આવતી કાલે ઊતરવા વકી છે.

ભાઈ સોરાબજીના કાગળ આવ્યા કરે છે.

મણિલાલ ભણવામાં મશગૂલ છે. રામદાસ, ભાઈ કોટવાલ, જેકીબહેન, અની વ. ફાર્મ પર છે.

ભાઈ કોટવાલ તથા હું પણ એકટાણું કરીએ છીએ. તમારા એકટાણાનું ચંચીએ લખ્યા પછી મને તીવ્ર ઇચ્છા થઈ. તેમાં ભાઈ કોટવાલનો સંગ મળ્યો એટલે ઇચ્છા તુરત અમલમાં આવી. તમારી તબિયત સાચવીને ગમે તે કામ કરો. તબિયતને બગાડશો તો હું કશું માફ નહીં કરું. ફ્રેંચ ઉપર વખત ને પૈસો નકામો જાય છે એમ મને તો લાગશે જ. આવો અમૂલ્ય વખત તમે સંસ્કૃતમાં ગાળ્યો હત તો કેવું સારું થાય તેનો ખ્યાલ હું નથી આપી શકતો. પણ હાલ જે વાતાવરણમાં તમે હરો[ફરો] છો તે વાતાવરણ નષ્ટ[ભ્રષ્ટ] છે. એટલે તમને ફ્રેન્ચ સૂઝી આવ્યું. કદી એક વર્ષ મોડા તમે પાસ થાત પણ સંસ્કૃત શીખ્યા હત તો કેટલું સારું થાત? સંસ્કૃતના જ્ઞાનથી બધી હિંદી ભાષાનો દરવાજો ખૂલે છે તે તમે હાથે કરીને બંધ કર્યો. ફરીથી તમે ફ્રેંચનો

૧. પત્રમાં કસ્તૂરબા ગાંધીની બીમારી અને તેમનો ફાર્મ પર રહેવાનો ઉલ્લેખ છે, અને પાછળથી પહેરેગીરની ચર્ચા કરવામાં આવી છે, તેથી ખબર પડે છે કે આ પત્ર ૧૯૧૨માં જ લખવામાં આવ્યો હશે.

૨. અહીં એક પાનું મળતું નથી.

૩. પ્રાગજી ખંડુભાઈ દેસાઈ, જેઓ હિંદની ટૂંકી મુલાકાતે ગયા હતા; જુઓ "ડૉ. પ્રાણજીવન મહેતાને પત્ર", પા. ૨૬૮–૯. ગાંધીજી એમની "ડાયરી, ૧૯૧૨"માં જણાવે છે કે પ્રાગજી એમને ૪થી સપ્ટેમ્બરે મળ્યા હતા. સંભવ છે કે ગાંધીજીએ ૩જી સપ્ટેમ્બરે આ કાગળ લખવા માંડ્યો હોય અને પછીએ પોસ્ટ કર્યો હોય.

Gandhi Heritage Portal

વિષય ખોલ્યો છે એટલે આટલું લખી જાઉં છું. તમે હજુ પણ વિચાર કરી પરીક્ષાને એક વર્ષ જતી કરી સંસ્કૃત આદરો ને તેના રૂપિયા ૭ને બદલે આઠ ખાનગી અભ્યાસમાં ગાળો તો હું વધારે સંતોષ પામું. છતાં તમારું ધાર્યું કરજો. તમારી શ્રેણીમાં હું વિઘ્ન નાખવા નથી ઇચ્છતો. મારી સલાહ તે એક ગાઢા મિત્રની છે એટલું જ સમજજો.

મોહનદાસના આશીર્વાદ

ચંચી કેમ ન આવી એ હું સમજી શકયો નથી. ચંચીને મોકલો ત્યારે તાર કરજો કે જેથી હું ઉતારવાનો બંદોબસ્ત કરી શકું. રામીબાઈના[1] ખબર ચંચીએ જ આપેલા.

[મૂળ ગુજરાતી]

ગાંધીજીના હસ્તાક્ષરમાં લખાયેલા મૂળ પત્રની છબી પરથી: એસ. એન. ૯૫૪૨

૨૭૧. મિ. અને મિસિસ પોલાક

મિ. અને મિસિસ પોલાક હિંદુસ્તાનથી મહાકાર્યસિદ્ધિ મેળવી પાછાં ફર્યાં છે ને તેમને હિંદી કોમે વધાવી લીધાં છે.[2] અમારી સાથે તો તેઓ અંગત સંબંધ ધરાવે છે. છતાં તેમનાં છાપાં સંબંધી કાર્ય સિવાયના જાહેર કામને વિષે ટીકા કરતાં અમે નહીં અચકાઈએ.

તેમનાં હોશિયારી, ચાતુર્ય, સમયસૂચકતા અને ઉદ્યોગથી આપણો સવાલ આજકાલ હિંદમાં પહેલા દરજ્જાનો થઈ પડયો છે. જેટલે દરજ્જે આપણા સવાલને વિષે હિંદમાં એકત્ર અવાજ થયો છે અને બધી કોમ એકમતે પોકાર કરી રહી છે તેટલે દરજ્જે બીજા એકે સવાલને વિષે બન્યું નથી. આ કામ જેવું તેવું નથી. તેમના જ પોકારથી સત્યાગ્રહી ફાળો થયો, તેમના પોકારથી મિ. રતન તાતા જેવા સખીએ પોતાની સખાવતનો લાભ આપણને આપ્યો.[3] એવો એકે સવાલ

૧. જુઓ "બલીબહેન વોરા અને ચંચળબહેન ગાંધીને લખેલા પત્રનો અંશ", પા. ૨૧૫-૬.

૨. પોલાક ૧૯૧૧ના નવેમ્બરની અધવચમાં હિંદ આવ્યા હતા. તેઓ મુખ્યત્વે ટ્રાન્સવાલના હિંદીઓના પ્રતિનિધિ તરીકે તેમના પ્રશ્નો હિંદની પ્રજા સમક્ષ રજૂ કરવા આવ્યા હતા. તેમના આવ્યા પછી થોડા જ વખતમાં નાતાલ ઇન્ડિયન કૉંગ્રેસે તેમને તાર કરીને પોતાના પ્રતિનિધિ તરીકે હિંદ સરકાર અને જાહેર સંસ્થાઓ સાથે વાટાઘાટ કરવાની સત્તા આપી. તેમને ત્રણ પાઉન્ડનો કર રદ કરાવવા પર ભાર મૂકવાનું ખાસ સૂચવવામાં આવ્યું હતું. પોલાકે એ બાબત વાણિજ્ય અને ઉદ્યોગ ખાતાને ઘણા પત્રો લખ્યા અને અરજીઓ કરી. તેમણે ૧૯૦૮ના ટ્રાન્સવાલ નગર કાનૂન, સુવર્ણ કાનૂન તથા મુસ્લિમ કાનૂન મુજબ થયેલાં "બહુપત્નીક લગ્નો" માન્ય રાખવાના ટ્રાન્સવાલની સરકારના ઇનકાર બાબત પણ હિંદ સરકાર સાથે પત્રવ્યવહાર કર્યો. તેમણે રાષ્ટ્રીય કૉંગ્રેસના ૨૬-૨૯મી ડિસેમ્બરના કલકત્તા અધિવેશનમાં દક્ષિણ આફ્રિકાના હિંદીઓની સ્થિતિ વિષે ભાષણ આપ્યું, ("મિ. પોલાક રાષ્ટ્રીય મહાસભામાં", પા. ૨૩૫-૬) જે તાળીઓના અવાજથી વધાવી લેવામાં આવ્યું હતું. અખિલ હિંદ મુસ્લિમ લીગના છઠ્ઠા અધિવેશનમાં પણ તેમણે દક્ષિણ આફ્રિકાની પરિસ્થિતિનો ચ્યાલ આપ્યો હતો. તેમણે સંબોધેલી બીજી સભાઓમાં દક્ષિણ આફ્રિકામાં હિંદીઓ પ્રત્યેના વર્તનને વખોડી કાઢતા ઠરાવો પસાર કરવામાં આવ્યા હતા, અને તેમની ફરિયાદો દૂર કરાવવા તથા ગિરમીટ પ્રથા બંધ કરવા માટે પગલાં લેવા હિંદ સરકાર સમક્ષ માગણી કરવામાં આવી હતી. શેરિફની સભાએ વાઇસરૉયને જે નિવેદન મોકલ્યું હતું તે પોલાકના ખળભળાવી નાખનારા ભાષણને લીધે મોકલ્યું હતું. એ સભાના અધ્યક્ષ સર જમશેદજી જીજીભાઈએ ઑગસ્ટની ૭મીએ પોલાકના માનમાં ભોજન-સમારંભ યોજ્યો હતો અને તેમણે કરેલી આફ્રિકાના હિંદીઓની સેવાનાં વખાણ કર્યાં હતાં. જુઓ "મિ. પોલાકનું કાર્ય", પા. ૧૩૧.

૩. રતન તાતાએ શેરિફની સભામાં જાહેર કરેલા રૂ. ૨૫,૦૦૦ના દાનનો ઉલ્લેખ છે.

Gandhi Heritage Portal

નહીં હોય કે જેને વિષે હિંદી સરકાર પાસે એટલી બધી હકીકત રજૂ થઈ હોય કે જેટલી મિ. પોલાકે આપણા સવાલ ઉપર રજૂ કરી છે. પોતાનાં કાર્યમાં એકાકાર થઈ રહેવું એ મિ. પોલાકનો અસાધારણ ગુણ છે. અને તે ગુણમાં તેમની પ્રમાણિકતા, સાચાઈ, સાદાઈ, અને હોશિયારીનો ઉમેરો થાય છે એટલે તેમનું કાર્ય શોભી નીકળે છે અને સહેજે સફળ થાય છે.

જેમ મિ. પોલાક તેમ મિસિસ પોલાક છે. પોતાના ભરથારને તેના કાર્યમાં પૂરતું ઉત્તેજન તે બાઈએ આપ્યું છે. પોતાનો અંગત સ્વાર્થ જોતાં તો મિ. પોલાકને પોતાની પાસેથી ખસવા ન દેત. પણ તેવું તેણે નથી જોયું. એટલું જ નહીં પણ આપણી ઓરતોમાં મળી મિસિસ પોલાકે તેમને પણ આપણાં દુઃખો સંભળાવ્યાં છે, ને તેમની લાગણી ઉશ્કેરી છે. વળી મિ. પોલાકનું નકલો કરવા વગેરેનું કામ પણ મિસિસ પોલાકે હોંશથી કર્યું છે એ અમારી જાણમાં છે. આવાં જોડાં નકલ કરવાલાયક છે. એમને પોતાનાં મકાન ઉપર મહેમાન બનાવી મિ. એ. એચ. મૂસા માન પામ્યા છે ને કોમ આવાં દંપતીને વધાવે તેમાં પોતાને જ વધાવે છે.

[મૂળ ગુજરાતી]

ઇન્ડિયન ઓપીનિયન, ૭–૯–૧૯૧૨

૨૭૨. નામદાર આગાખાન

નામદાર આગાસાહેબના દક્ષિણ આફ્રિકા પધારવાના ખબરથી સહુ હિંદીમાં ઉત્સાહ વધ્યો છે ને સહુ રાજી થયા છે. નામદાર આગાખાન એ પ્રખ્યાતિ પામેલી ખોજા કોમના મુખી છે. હિંદી મુસલમાનોના આગેવાન છે અને આખા હિંદમાં માન પામેલા છે. તેઓ સાહેબ ધર્મગુરુ છે એટલું જ નહીં પણ ઈંગ્રેજી કેળવણી પામેલા રાજ્યકારભારી નેતા છે. હિંદને લગતાં બધાં કામોમાં તેઓ ભાગ લે છે. હિંદુ અને મુસલમાન વચ્ચે વધારે મીઠાશ થાય એવો તેમનો પ્રયાસ છે. ઑલ ઇન્ડિયા મુસ્લિમ લીગે કૉંગ્રેસની સાથે વધારે સંબંધ ધરાવવાની સૂચના કરી છે તેના પ્રેરક પણ નામદાર આગાસાહેબ ગણાય છે. આપણને વિશેષ સંતોષ પમાડનારું તો એ પણ છે કે તેઓ સાહેબ વખતોવખત આપણી હિમાયત કરી આવ્યા છે. તેઓએ આપણા વિષયમાં કરેલાં ભાષણો અમારા વાચકોને યાદ હશે.

એટલે આપણાં મંડળોએ તેઓ સાહેબને જે આમંત્રણ કર્યાં છે તે બરોબર છે. જો તેઓ સાહેબ મિ. ગોખલેની સાથે આવે તો તેના કરતાં કંઈ સરસ નથી.[૧] ગમે તે વખતે આવે પણ એટલું તો અમે જાણીએ છીએ કે તેઓ સાહેબ આવશે ત્યારે તેમને સમસ્ત હિંદી કોમ બાદશાહી માન આપશે.

[મૂળ ગુજરાતી]

ઇન્ડિયન ઓપીનિયન, ૭–૯–૧૯૧૨

૧. ગોખલે આવે તે વખતે તેમની મુલાકાત રાખવાનો તાર તેમને ગાંધીજીની સલાહથી કરવામાં આવ્યો હતો. જુઓ "ઑન. મિ. ગોખલેને માન આપવા અંગેની મીટિંગમાં ભાષણ", પા. ૬૨૮–૯.

Gandhi Heritage Portal

૨૭૩. અંધ હુમલો!

ડરબનની સરકીટ કોર્ટમાં થોડા દિવસ પહેલાં એક હિંદીની ઉપર ખૂનના તહોમતનું કામ ચાલેલું. તેણે એક ઓરતનું ખૂન કરેલું. આ ઓરત બીજા હિંદીને પરણેલી એમ કહેવાયું હતું. 'પરણ્યા' પછી મરદે તે ઓરતને બીજા મરદની સાથે ચાલવાની પરવાનગી આપી. આ બીજા મરદે ખૂન કર્યું એમ તહોમત હતું. આ ત્રણે જણાં ગિરમીટિયાં હતાં ને ગિરમીટમાં હતાં.

આ કેસ ઉપર ટીકા કરતાં જજે જણાવ્યું કે આવો રિવાજ મહા દુષ્ટતા ગણાય. આટલી જ ટીકા કરી હોત તો આપણને કંઈ જ કહેવા જેવું ન રહેત. કેમ કે દરેક સમજુ હિંદી તો આવા રિવાજને મહા પાપ ગણશે. પણ ન્યાયના આ અધિપતિ સાહેબ તો આગળ વધ્યા ને બોલ્યા કે એ દુષ્ટતા હિંદી કોમમાં સાધારણ રીતે છે. તેણે હિંદી કોમનો અર્થ ગિરમીટિયા એમ પણ નથી કર્યો. તેણે તો ચોખ્ખું કહ્યું કે તે રિવાજ હિંદી કોમમાં છે. આવી ટીકાને અમે આખી કોમની ઉપર આણંઘટતો હુમલો માનીએ છીએ.

જજના કરતાં તો પંચ વધારે સારી બુદ્ધિ ચલાવી શકયા. પંચના જણાએ સૂચવ્યું કે ચીનીના ધમોલા કે જ્યાં થોડી જ ઓરત વચ્ચે ઘણા મરદોને ગીચોગીચ રાખવામાં આવે ત્યાં આવા બનાવ બને એ સંભવિત છે.

ન્યાયની ખુરશીમાં બિરાજેલા આ જડજ સાહેબે જરા વિચાર્યું હોત તો તે જોઈ શકત કે આખી હિંદી કોમને બદનામ કરી ન જ શકાય. આવા મામલા ગિરમીટિયામાં જ ઘણે ભાગે બને છે. તેઓમાં પણ ઘણા નથી બનતા. જેને વિવાહનું નામ આપવામાં આવ્યું છે તે વિવાહ જ ન હતા. જે તે ઓરતોને પરાણે મરદોની સાથે નાતાલ ચઢાવી દેવામાં આવે તે ઓરતો ઘણા મરદોની સાથે સંબંધ રાખે જ, અને આ સંબંધને વિવાહ ગણવા એ બેહૂદું કહેવાય. જજ સાહેબ વધારે ઊંડે ઊતર્યા હોત તો તેમને માલૂમ પડત કે હિંદીના સિવાય બીજી કોમ હોત તો જેટલી નીતિ કઠણ દશામાંયે હિંદી ગિરમીટિયા જાળવી શકે છે તેટલી બીજા નહીં જાળવી શકત, અને દોષ હિંદીનો કાઢવાને બદલે જે ધોરણ ઉપર તેઓને લાવવામાં આવે છે તેનો કાઢત.[1] આમ જજ સાહેબ વર્તત તો હિંદી કોમને ધિક્કારી કાઢવાને બદલે ગરીબ ગિરમીટિયા ઉપર દયા ખાત ને તેને પરિણામે આ સડો દૂર કરવાના ઈલાજ લેવાત. જજ તો પોતાની ફરજ ચૂકયા.

હવે આપણી ઉપર બોજો છે. કોંગ્રેસને લાજમ છે કે તેણે તુરત ન્યાયખાતામાં અરજી મોકલવી. જડજની ટીકાની સામે થવું ને તપાસણીની માગણી કરવી. આ કામ કોલોનિયલ બૉર્ન પણ ઝપાટાભેર ઉપાડી શકે છે. બેમાંથી એક પણ જતું કરી શકતા નથી.

[મૂળ ગુજરાતી]

ઇન્ડિયન ઓપીનિયન, ૭–૯–૧૯૧૨

૧. ડરબન સરકીટ કોર્ટમાં તા. ૨૭–૮–૧૯૧૨ને રોજ ચાલેલા આ મુકદ્દમામાં બચાવ પક્ષના વકીલે, "આ હિંદીઓ પશુઓની જેમ વર્ત્યા છે" એવી દલીલ કરી અને તેમને પશુ ગણીને વિચાર કરવા પંચને કહ્યું. પણ જસ્ટિસ કાર્ટરે પોતાના ચુકાદામાં જણાવ્યું કે, હું નથી માનતો કે આ રીતે વિચારી શકાય; કારણ કે હિંદીઓ યુરોપિયનોના જેટલી જ કાયદાની સગવડ ભોગવે છે. કાયદાનું રક્ષણ મેળવવાનો તેમને અધિકાર છે અને તે તેમને મળવું જોઈએ, અને તેઓ તેની સનદને પાત્ર પણ થવા જોઈએ. ઇન્ડિયન ઓપીનિયન, ૭–૯–૧૯૧૨.

Gandhi Heritage Portal

૨૭૪. ફિનિક્સનું ટ્રસ્ટ ડીડ[૧]

દક્ષિણ આફ્રિકા, નાતાલ, ફિનિક્સના મોહનદાસ કરમચંદ ગાંધી.
ડરબનના વેપારી ઉમર હાજી આમદ ઝવેરી.[૨]
ડરબનના વેપારી પારસી રુસ્તમજી જીવણજી ધોરખોદુ
ટ્રાન્સવાલ આર્કિટેક્ટ અને ખેડૂત હરમન કૅલનબૅક
જોહાનિસબર્ગના બારિસ્ટર લુઈસ વૉલ્ટર રિચ
અને
રંગૂનના બારિસ્ટર પ્રાણજીવનદાસ જગજીવન મહેતા સાથે નીચે મુજબ ટ્રસ્ટ ડીડ કરે છે:

(૧) મોહનદાસ કરમચંદ ગાંધી ફિનિક્સમાં આવેલા એક જમીનના ટુકડાના માલિક છે. આ ટુકડામાં ૧૦૦ વીઘાં જેટલી જમીન આવેલી છે, અને તે ઉપર અમુક મકાન અને સંચા-કામ છે જે સંબંધી વિગતો પુરવણીમાં આપવામાં આવી છે.

(૨) તે ઉપરાંત મોહનદાસ કરમચંદ ગાંધી ફિનિક્સમાં છપાતા અને પ્રગટ થતા અઠવાડિક વર્તમાનપત્ર ઇન્ડિયન ઓપીનિયનના માલિક છે.[૩]

(૩) તેમણે ૧૯૦૪ની સાલમાં હવે પછી જણાવેલા હેતુઓસર ફિનિક્સમાં એક સંસ્થાન સ્થાપ્યું છે.

(૪) આ દસ્તાવેજ પર સહીઓ કરતી વખતે ફિનિક્સના આ સંસ્થાન ઉપર કેટલાક રહે છે અથવા તેની સાથે સંબંધ ધરાવે છે અને ઉપર કહેલા ઇન્ડિયન ઓપીનિયનના છાપખાનાની અંદર અથવા તેના સંબંધમાં કામ કરે છે.[૪] આ માણસો અને હવે પછી સંસ્થાનમાં કોઈ જોડાય

૧. ફિનિક્સ પ્રેસ અને સંસ્થાનને ટ્રસ્ટમાં આપી દેવા માટે મિ. ગાંધીએ કરેલા ટ્રસ્ટ ડીડ (જે રજિસ્ટર થવાનું કામ ચાલતું હતું)નો ઉલ્લેખ પહેલી વાર "છોટાભાઈને પત્ર", પા. ૭૭માં કરવામાં આવ્યો છે. હરિલાલ ગાંધી દક્ષિણ આફ્રિકાથી મે, ૧૯૧૧માં હિંદ ચાલ્યા આવ્યા તે પહેલાં ગાંધીજીએ તેમની સાથે આની ચર્ચા કરી હતી. ત્યાર પછી મગનલાલ અને છગનલાલ ગાંધીને લખેલા પત્રોમાં તેનો અવારનવાર ઉલ્લેખ મળે છે (દા. ત. પા. ૧૪૩ અને ૧૪૭) એ બંનેએ પોતાના ભાગની જમીનમાં કરેલા સુધારા બદલ વળતરની માગણી કરી હતી. ટ્રસ્ટ ડીડનો એક મુસદ્દો "નિવાસીઓમાં" ફેરવવામાં આવ્યો હતો. ૧૯૧૧ના ઑગસ્ટની ૧લીએ છગનલાલ ગાંધીને લખેલા પત્રમાં (પા. ૧૪૭) ગાંધીજી સ્વીકારે છે કે, "ફિનિક્સ બંધારણ" કદાચ બદલવું પડશે. ગાંધીજીની ફાઇલમાં (સાબરમતી, એસ. એન. ૫૫૮૪ તથા ૫૫૯૨) જે ટાઇપ કરેલો મુસદ્દો છે તેમાં જૅન એચ. કૉર્ડિસ, માર્ક હેનરી હૉથૉર્ન અને જગન્નાથ નારાયણ દાંડેકરે સાક્ષી તરીકે સહી કરી છે. કૉર્ડિસે મદ્રાસમાં આવેલા અડયારમાં, ૧૨મી નવેમ્બરે સહી કરી હતી અને ઘણું કરીને એક પત્ર સાથે તે પાછો મોકલ્યો હતો; જુઓ પરિશિષ્ટ ૧૦. આ લેખનો મૂળ ખરડો અને આ પુસ્તકમાં છપાયેલો પાઠ, એ બે વચ્ચેના મહત્ત્વના ફેરફારો પાદટીપમાં દર્શાવ્યા છે.

૨. ઉમર હાજી આમદ ઝવેરી; ડરબનના આગળ પડતા વેપારી; તેમણે હિંદીઓની જાહેર પ્રવૃત્તિમાં સારા પૈસા આપ્યા હતા અને ડરબન પુસ્તકાલયને ઘણાં પુસ્તકો આપ્યાં હતાં. મેમણ કમિટીના સ્થાપક; ૧૮૯૭માં ડરબનની અંજુમન-એ-ઇસ્લામના માનદ મંત્રી બન્યા; નાતાલ ઇન્ડિયન કૉંગ્રેસના જોડિયા મંત્રી, ૧૯૦૭; બૅરિસ્ટર થવા માટે પરદેશ જવા રાજીનામું આપ્યું. જુઓ પુસ્તક ૬, પા. ૧૯૧–૨ તથા ૪૯૩–૮.

૩. આ મુસદ્દામાં ઇન્ટરનેશનલ પ્રિન્ટિંગ પ્રેસનો ઉલ્લેખ નથી.

૪. "અથવા તેની સાથે સંબંધ ધરાવે છે" તથા "અથવા તેના સંબંધમાં" એ શબ્દો આ પાઠમાં ઉમેરવામાં આવ્યા છે, કારણ કે તે વખતે તે બધા ફિનિક્સ આશ્રમમાં રહેતા નહોતા.

Gandhi Heritage Portal

અને જે આ દસ્તાવેજની પુરવણીમાં[૧] સહી કરશે તેમને આ દસ્તાવેજમાં હવે પછી સાંસ્થાનિકો (સેટલર) એવું નામ આપવામાં આવ્યું છે.

(૫) આ સાંસ્થાનિકોમાંનો મોટો ભાગ જેઓ હાલ સંસ્થાન પર છે તેઓ નીચેના હેતુઓ અને શરતોથી સંસ્થાનમાં જોડાયા હતા.

(૧) બને ત્યાં સુધી સંચાકામની મદદ વગરની ખેતીથી અથવા કારીગર કામથી[૨] છેવટે પોતાનું ગુજરાન મેળવવા શક્તિમાન થવાય એવી તરેહથી પોતાની રહેણીને દોરવી;

(૨) દક્ષિણ આફ્રિકામાં વસી રહેલા ગોરા અને હિંદી વચ્ચે વધારે એખલાસ થાય એવી રીતે બનતું જાહેર કાર્ય કરવું[૩] અને હિંદીની હાડમારીઓ જાહેર કરવી ને તે દૂર કરવા મથવું;

(૩) ટૉલ્સ્ટૉય અને રસ્કિને[૪] પોતાના જીવન અને પુસ્તકો વડે દર્શાવેલા આદર્શો પાળવા અને ખીલવવા;[૫]

(૪) જાતે વિશુદ્ધ જીવન ગાળી, બીજાઓમાં જીવનની વિશુદ્ધતાને આગળ વધારવી;

(૫) મુખ્યત્વે કરીને હિંદી બાળકોને, ખાસ કરીને તેમની માતૃભાષા મારફત, કેળવણી આપવાને એક નિશાળ[૬] સ્થાપવી;

(૬) કુદરતી ઉપચારોથી (ઔષધ વગર) દરદીઓને સારા કરવા અને દરદોનો અટકાવ કરવા એક સૅનેટોરિયમ અને આરોગ્યભુવન સ્થાપવું;[૭]

(૭) માનવજાતિની સેવા માટે બીજી સામાન્ય રીતે પોતાને તૈયાર કરવા;

(૮) ઉપરની પેટા કલમોમાં કહેલા ઉદ્દેશો આગળ વધારવા માટે મજકૂર ઇન્ડિયન ઓપીનિયન ચલાવવું.

(૬) ઉપરના મોહનદાસ કરમચંદ ગાંધી હવે ઉપર કહેલ જમીન, મકાન, સંચાકામ, છાપું અને છાપવા સંબંધી બીજો બધો સરસામાન, માલ, ચોપડાનાં લેણાં,[૮] અને પ્રેસ તથા સંસ્થાનને લગતી બીજી બધી ચીજવસ્તુઓ, તથા ઇન્ટરનેશનલ પ્રિન્ટિંગ પ્રેસનું બિઝનેસ,[૯] ઉપર કહેલા સંસ્થાનના ઉપયોગ માટે, તથા કલમ પમીમાં જણાવેલા હેતુઓને વિશેષતાથી ફળીભૂત કરવા માટે, ઉપર જણાવેલા મિ. ઉમર હાજી આમદ ઝવેરી, મિ. પારસી રુસ્તમજી ધોરખોદુ, મિ. હરમન કૅલનબૅક, મિ. લુઈસ વૉલ્ટર રિચ, મિ. પ્રાણજીવનદાસ જગજીવન મહેતા તથા પોતાને ટ્રસ્ટમાં આપી દેવા, અને તેથી તેમના નામ પર કરી દેવા ચાહે છે;

(૭) અને ઉપરના દરેકે મોહનદાસ કરમચંદ ગાંધીની જમીન, મકાન, વગેરે ઉપર વર્ણવેલી અને હવે પછી આપવાની શરતોએ પોતાના નામ પર ટ્રસ્ટમાં લેવા કબૂલ કર્યું છે;

૧. અંગ્રેજી પાઠ પ્રમાણે અહીં પુરવણી બ (Schedule B) છે. "પુરવણી બમાં સહી કરશે" એ શબ્દો શરૂઆતના મુસદ્દામાં નહોતા. પુરવણી બ મળતી નથી.
૨. "કારીગર કામથી" શબ્દો પાછળથી ઉમેરવામાં આવ્યા છે.
૩. આ પછીનું પેટાવાક્ય મુસદ્દાના શરૂઆતના પાઠમાં નથી.
૪. મૂળ મુસદ્દામાં "રસ્કિને . . . જીવન અને પુસ્તકો વડે" એ શબ્દો નથી.
૫. મુસદ્દામાં 'ખીલવવાને' બદલે 'પ્રચારમાં મૂકવા' છે.
૬. મૂળ મુસદ્દામાં અહીં કૅાંસમાં "ફિનિક્સમાં" લખેલું છે.
૭. "કુદરતી ઉપચારોથી" એ શબ્દો પાછળથી ઉમેરવામાં આવ્યા છે.
૮. "ચોપડાનાં લેણાં" શબ્દો પાછળથી ઉમેરવામાં આવ્યા છે.
૯. "તથા ઇન્ટરનેશનલ પ્રિન્ટિંગ પ્રેસનું બિઝનેસ" શબ્દો પાછળથી ઉમેરવામાં આવ્યા છે.

Gandhi Heritage Portal

(૮) તેથી આ દસ્તાવેજ વડે અત્રેથી ઉપર નામ આપેલા ગૃહસ્થોને અને પોતાને ટ્રસ્ટી તરીકે ફિનિક્સમાં આવેલી પોતાની જમીન, સંચાકામ, છાપું, સરસામાન, માલ, લેણાં[૧] વગેરે વગેરે દરેક મતા અને તે સંબંધી પોતાના ટાઇટલ, અને પોતાના બધા હક મોહનદાસ કરમચંદ ગાંધી ટ્રસ્ટમાં આપે છે; જે ટ્રસ્ટીઓએ પોતાને માટે અને પોતા પછી પોતાની જગાએ નિમાનારા ટ્રસ્ટીઓ માટે, અત્રે કહેલા ઉદ્દેશો સારુ, અને નીચે કહેલી વધારાની શરતોથી ટ્રસ્ટમાં રાખવું;

(૧) મોહનદાસ કરમચંદ ગાંધી પોતાની જિંદગી દરમ્યાન, ટ્રસ્ટના હેતુઓ પાળવા માટે ઉપર કહેલા ટ્રસ્ટીઓના હાથ તળે રહી ટ્રસ્ટના વ્યવસ્થાપક (મૅનેજર) ગણાય.

(૨) મોહનદાસ કરમચંદ ગાંધીની દક્ષિણ આફ્રિકામાંથી ગેરહાજરી દરમ્યાન અથવા તેમના મરણ બાદ[૨] ટ્રસ્ટીઓ પોતામાંથી કોઈને, જથુકને માટે, અથવા મુદતી[૩] રીતે વ્યવસ્થાપક નીમી શકે.

(૩) મજકૂર ટ્રસ્ટના ઘટતા કારોબાર માટે મોહનદાસ કરમચંદ ગાંધી અથવા બીજો વ્યવસ્થાપક જે નીમે તે ટ્રસ્ટીઓને જવાબદાર ગણાય.

(૪) ઉપરના ટ્રસ્ટ તળેની બધી બાબતોમાં ટ્રસ્ટીઓની મૅજોરિટીના ઠરાવ બાકીના ટ્રસ્ટીઓને બંધનકારક ગણાશે;[૪] અને જો ટ્રસ્ટીઓના મત સરખા પ્રમાણમાં વહેંચાઈ જતા હશે તો સાંસ્થાનિકો વધુ મતે જે નિર્ણય કરે તે તેમને (ટ્રસ્ટીઓને) માટે બંધનકારક લેખાશે.

(૫) બૅંકમાં ફિનિક્સ ટ્રસ્ટ ઍકાઉન્ટ નામથી ખાતું પાડવામાં આવશે, અને વ્યવસ્થાપક, અથવા વ્યવસ્થાપક વતી કામ કરનાર તેનો કારોબાર કરશે.[૫]

(૬) કોઈ ટ્રસ્ટીનું મરણ થાય ત્યારે અથવા રાજીનામું અપાય ત્યારે બાકીના ટ્રસ્ટીઓ ટ્રસ્ટ ચલાવશે. છતાં તે વખતે દક્ષિણ આફ્રિકામાં વસતા[૬] સાંસ્થાનિકો (સેટલરો) પોતાના વધુ મતે નવા ટ્રસ્ટીનું નામ આપી શકશે અને બાકીના ટ્રસ્ટીઓએ તે કબૂલ રાખવું જોઈશે.

(૭) સાંસ્થાનિકોની સંમતિથી ટ્રસ્ટીઓ પોતાની સંખ્યામાં વધારો કરવાની સત્તા ધરાવે છે.[૭]

(૮) ટ્રસ્ટીઓએ વિચારવાના કામમાં સાંસ્થાનિકોની સલાહ લેવી જોઈશે અને સાંસ્થાનિકોના નિર્ણયો કબૂલ રાખવા જોઈશે.[૮] પણ ટ્રસ્ટની પૉલિસી અથવા આદર્શોમાં ફેરફાર દાખલ કરાવવાની સત્તા સાંસ્થાનિકો ટ્રસ્ટીઓ ઉપર નહીં ધરાવી શકે.

(૯) ટ્રસ્ટીઓ સાંસ્થાનિકોની સંમતિથી (પણ તે સિવાય નહીં) ટ્રસ્ટના હેતુઓમાં વધારો કરી શકશે.

૧. "લેણાં" શબ્દ પાછળથી ઉમેરવામાં આવ્યો છે.
૨. "દક્ષિણ આફ્રિકામાંથી" તથા "અથવા તેમના મરણ બાદ" એ શબ્દો મુસદ્દામાં નથી.
૩. "જથુકને માટે" શબ્દો પાછળથી ઉમેરવામાં આવ્યા છે.
૪. આ પછીનું વાકય પાછળથી ઉમેરવામાં આવેલું છે.
૫. શરૂઆતના પાઠમાં આ પેરા આ પ્રમાણે છે: ડરબનની નાતાલ બૅંક લિમિટેડમાં હાલ જે ખાતું ચાલે છે તે ફિનિક્સ ટ્રસ્ટ ઍકાઉન્ટને નામે ફેરવાશે અને ટ્રસ્ટના મૅનેજર તેનો કારોબાર કરશે.
૬. "તે વખતે દક્ષિણ આફ્રિકામાં વસતા" એ શબ્દો પાછળથી ઉમેરવામાં આવ્યા છે.
૭. આ આખી કલમ આ પાઠમાં પાછળથી ઉમેરવામાં આવી છે.
૮. મુસદ્દામાં "કબૂલ રાખવા જોઈશે" શબ્દો નથી.

Gandhi Heritage Portal

(૧૦) સાંસ્થાનિકોની સંમતિથી ટ્રસ્ટીઓ નવા સાંસ્થાનિકો અથવા મુદતી કામ કરનારાઓને દાખલ કરી શકશે; તેવી જ રીતે કોઈ સાંસ્થાનિક અથવા મુદતી કામ કરનારાઓને, સાંસ્થાનિકોની સંમતિથી બરતરફ કરી શકશે. છતાં કોઈ સાંસ્થાનિકને અપ્રમાણિકતા, ભારે ગેરવર્તણૂક, અથવા ફરજનો ભારે અનાદર એટલાં કારણ સિવાય બરતરફ કરી શકાશે નહીં.

(૧૧) હાલની બધી ગોઠવણો અથવા કૉન્ટ્રેક્ટોને ટ્રસ્ટીઓએ કબૂલ રાખવા જોઈશે અને માન આપવું પડશે.

(૧૨) બીજાં સાંસ્થાનિકોના જેવી શરતોથી મોહનદાસ કરમચંદ ગાંધી પોતાને માટે બે એકર જમીન અને ઘર જે હાલ તેઓ વાપરે છે તે પોતાને માટે અને પોતાના કુટુંબને માટે રાખે છે, અને પ્રેસ અથવા બીજા કામની આવકમાંથી ગુજરાનખર્ચ માટે વધારેમાં વધારે માસિક પા. ૧૧ જેટલી રકમ ઉપાડવાનો હક ધરાવે છે.

(૧૩) મોહનદાસ કરમચંદ ગાંધીના મરણ બાદ તેમનાં પત્ની હયાત હોય તો તે પોતાના અને પોતાના બે સગીર પુત્ર રામદાસ તથા દેવદાસના ખર્ચ માટે વધારેમાં વધારે માસિક પા. ૫૧ની રકમ લઈ શકશે. તે હયાત ન હોય ત્યારે છોકરાઓના વાલીને છેલ્લો છોકરો ૨૧ વરસની ઉંમરે પહોંચતાં સુધી તેટલી રકમ મળશે. મજકૂર જમીનનો ઉપયોગ પણ તે જ રીતે થઈ શકશે.

(૧૪) સાંસ્થાનિકો અથવા તેમની કોઈ સંખ્યાને ટ્રસ્ટીઓ ઇન્ડિયન ઓપીનિયનની માલિકી આપી દઈ શકશે,[૧] અને તે જ રીતે છાપખાનું, બીબાં અને બીજાં જરૂરી સાધનો ભાડે દઈ શકશે.

(૧૫) હંમેશાં સાંસ્થાનિકોની સંમતિથી, ટ્રસ્ટીઓ વખતે વખતે ટ્રસ્ટના ખતમાં સુધારો-વધારો કરવાનો હક ધરાવશે.

(૧૬) સાંસ્થાનિકોની સંમતિ લઈને ટ્રસ્ટીઓ સાથેની પુરવણીમાં વર્ણવેલ અને હવે પછી લેવાય તે મિલકત વેચવાનો અથવા તે ગીરો મૂકવાનો તેમ જ વધુ જમીન ખરીદવાનો, મકાન બાંધવાનો, તથા વધુ સંચાકામ કે માલ લેવાનો હક ધરાવશે.

(૧૭) જેઓ હાલ ઉપર કહેલા સંસ્થાન પર રહે છે અથવા સંસ્થાન સાથે જોડાયેલા છે, અને જેમણે સાથેની પુરવણીમાં[૨] સહી કરી છે તેઓ, અથવા જેઓ હવે પછી મજકૂર સંસ્થાન પર રહે અથવા સંસ્થાન સાથે જોડાય અને અહીં દર્શાવેલા હેતુઓ અને શરતો પાળે[૩] તેઓ સાંસ્થાનિક (સેટલરો) કહેવાશે.

(૯) આમાં કાંઈ પણ વિરુદ્ધ લાગે તે છતાં આ લખત તે રજિસ્ટર થાય તે દિવસથી અમલમાં આવશે, અને મજકૂર પ્રાણજીવનદાસ જગજીવન મહેતાની સહી ન હોવા છતાં રજિસ્ટર કરાશે, અને પાછળથી મજકૂર ગૃહસ્થની સહી આવી પહોંચતાં તે સામેલ કરવામાં આવશે.[૪]

૧. આ પછીનું વાકય પાછળથી ઉમેરેલું છે.
૨. અંગ્રેજી પ્રમાણે અહીં પુરવણી બ છે. એ મળતી નથી.
૩. અહીં પાછળથી "અને પુરવણીમાં બ માં સહી કરે" શબ્દો ઉમેરવામાં આવ્યા હતા.
૪. ૯મી કલમ પાછળથી ઉમેરેલી છે.

Gandhi Heritage Portal

પુરવણી[૧]

ઉપરના દસ્તાવેજોમાં જણાવેલ મિલકતની તપસીલ તેની કિંમત સાથે નીચે મુજબ છે:

	પા.	શિ.	પે.
જમીન	૧,૦૮૭–	૧૦–	૩
મકાનો	૧,૫૩૫–	૧૪–	૧
સંચાકામ અને છાપાકામનો સરસામાન	૧,૫૪૮–	૧–	૦
છાપખાનાનો સ્ટૉક	૩૦૭–	૭–	૧૦
ચોપડાનાં લેણાં	૬૦૦–	૧૮–	૩
લાઇબ્રેરી અને નિશાળનાં પુસ્તકો	૫૦–	૧૩–	૦
કુલ	૫,૧૩૦–	૪–	૫

[મૂળ ગુજરાતી].

ઇન્ડિયન ઓપીનિયન, ૧૪–૯–૧૯૧૨

૨૭૫. અમે પોતે

આ અંકમાં અમે જે ટ્રસ્ટ ડીડ[૨] પ્રસિદ્ધ કરીએ છીએ તે અમારા કાર્યમાં એક નવું કદમ સૂચવે છે. અમે એ ટ્રસ્ટ ડીડ રજિસ્ટર કરાવવાની તજવીજમાં છીએ. જ્યાં આ પત્ર છપાય છે તે ઇન્ટરનેશનલ પ્રિન્ટિંગ પ્રેસના શ્રી ગાંધી હવે કાયદેસર માલિક રહેતા નથી. લગભગ આઠ વરસ પહેલાં અમે ફિનિક્સ ગયા તેમાં અમારો ખ્યાલ એવો હતો કે કાર્યકર્તાઓ ઇન્ડિયન ઓપીનિયનના વેચાણ અને તેની જાહેર ખબરોની આવક પર આધાર રાખવાને બદલે જમીન પર આધાર રાખતા થશે. પરંતુ આ સમય દરમ્યાન અમે જમીન ઉપર આપવા ધારતા હતા તેટલું ધ્યાન આપી શકયા નથી અને ખેતી દ્વારા અમે અમારું ખર્ચ કાઢી શકયા નથી. ખુદ આ પત્ર પણ સ્વાવલંબી નથી બન્યું એ જાણીતી હકીકત છે.[૩] એની કારકિર્દીની એક કટોકટી-માંથી તો એ ૧૯૦૯માં શ્રી તાતાએ મોકલેલાં દાનની મદદથી પસાર થઈ શકયું છે.[૪]

અમે એવો પણ નિર્ણય કર્યો છે કે અમારા આદર્શો સાથે સુસંગત રહીને અમે અમારું ખર્ચ કાઢવા માટે જાહેર ખબરો લઈ શકીએ નહીં. અમે માનીએ છીએ કે ખુદ જાહેર ખબરોની પ્રથા જ ખરાબ છે, કારણ કે એથી ખોટી હરીફાઈઓ થાય છે, જેની અમે વિરુદ્ધ છીએ.[૫] અને એનાથી ઘણી વાર મોટા પ્રમાણમાં વસ્તુઓની ખોટી રજૂઆત થાય છે. અને જો અમે

૧. પુરવણી પાછળથી ઉમેરેલી છે.

૨. જુઓ આ પહેલાંનો લેખ.

૩. જુઓ પુસ્તક ૧૦, પા. ૯૭, ૧૪૨ અને ૨૭૬.

૪. ૧૯૦૯ના નવેમ્બરની ૩૦મીએ રતન તાતાએ તાર મારફત રૂ. ૨૫,૦૦૦નો ફાળો મોકલ્યો હતો. એ રકમ "એશિયાટિક રજિસ્ટ્રેશન ઍક્ટ સામે . . . હિંદીઓ પોતાની લડત ચાલુ રાખી શકે તે માટે" મોકલવામાં આવી હતી. જુઓ પુસ્તક ૧૦, પા. ૮૩.

૫. ગાંધીજીએ આ પહેલાં પણ જાહેર ખબર લેવાનું બંધ કરવા વિચાર્યું હતું. જુઓ, પુસ્તક ૧૦, પા. ૪૭૮.

Gandhi Heritage Portal

આ પત્રનો પૂરેપૂરો ઉપયોગ અમારા નિર્વાહ માટે ન કરતા હોઈએ તો તેનો ઉપયોગ જાહેર ખબરો માટે કરવાનો અને અમારો વખત જાહેર ખબરો ગોઠવવામાં બગાડવાનો અમને કશો અધિકાર નથી. જાહેર ખબરો લેવામાં અમે હમેશાં વિવેક વાપર્યો છે અને અમારા વિચારોને અનુકૂળ ન હોય તેવી જાહેર ખબરો લેવાની અમે ના પાડી છે. અમે આશા રાખીએ છીએ કે અમારા મિત્રો અને શુભેચ્છકો, જેઓ આજ સુધી અમને મદદ કરતા આવ્યા છે, તેઓ અમે જાહેર ખબર લેવાની પ્રથા જો બંધ કરીએ તો તેનો ખોટો અર્થ નહીં કરશે. આ પત્ર કાઢવાનો બેવડો હેતુ છે.[૧] એક તો દક્ષિણ આફ્રિકાના બ્રિટિશ હિંદીઓની ફરિયાદો પ્રકાશમાં લાવવી અને તે દૂર કરવા પ્રયાસ કરવો અને બીજો જીવનને ઉન્નત કરનારી વાચન સામગ્રી પ્રસિદ્ધ કરીને લોકકેળવણીનું કામ કરવું. અમે આશા રાખીએ છીએ કે અમારા વાચકો અમારી સ્થિતિ સમજશે અને પત્રના ગ્રાહક બનીને અમને મદદ કરવાનું ચાલુ રાખશે.

[મૂળ અંગ્રેજી]

ઇન્ડિયન ઓપીનિયન, ૧૪–૯–૧૯૧૨

૨૭૬. જોહાનિસબર્ગમાં નિશાળની હિલચાલ

મિ. હબીબ મોટણ પરનો સરકારનો છેલ્લો કાગળ તે આગલા કાગળ કરતાં સારો છે.[૨] તેમાંથી નિશાળ પેદા થવાની નિશાની છે; પણ તે કાગળમાં આપેલી સૂચના આપણાથી કબૂલ ન જ થાય એમ અમે માનીએ છીએ.

કાળા ધોળાનો ભેદ તો આ કાગળમાં પણ રાખ્યો છે.[૩] સરકાર તે નિશાળને સારુ વગર પગારે સુપરિન્ટેન્ડેન્ટ માગે છે. આ પણ ગોરો જોઈએ એવી શરત કરે છે. અમને લાગે છે કે આમાંનું કંઈ જ આપણે કબૂલ રાખી શકતા નથી.

રંગભેદની સામે થવાની જરૂર છે એટલું જ નહીં પણ એ કાગળથી નિશાળ ખોલવાનો જે હેતુ છે તે પણ બરબાદ જાય છે. અમારી સમજ પ્રમાણે આ નિશાળમાં દેશી ભાષાઓને મુખ્ય ગણીને કેળવણી આપવાની વાત છે. આ હેતુ સરકારની સૂચનાથી પાર ન પડી શકે. પ્રતિષ્ઠિત અને નીતિવાન હિંદી મહેતાજી દર માસે ત્રણથી પાંચ પાઉન્ડ લઈને કામ કરે એવું બનવા જોગ નથી. ગોરા દરવાનને પણ તેના કરતાં વધારે પગાર ટ્રાન્સવાલમાં મળે છે. ટૂંકા પગારથી જે હિંદી મહેતાજી મળી શકે તે કદી હિંદી ભાષા શીખવી શકે અથવા છોકરાઓને નીતિ શીખવી શકે એ બનશે નહીં.

૧. ઇન્ડિયન ઓપીનિયનના ઉદ્દેશો વિષે પહેલાં આવેલા ઉલ્લેખો માટે જુઓ પુસ્તક ૪, પા. ૧૧૨, ૩૬૩–૫, ૪૭૮–૯ અને ૪૮૭–૮ તથા પુસ્તક ૭, પા. ૧૮૧; તથા દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહનો ઇતિહાસ, પ્રથમ ખંડ, પ્રકરણ ૨૦ તથા ૨૧ તથા આત્મકથા ભાગ ૪.

૨. જુઓ "જોહાનિસબર્ગની નિશાળ", પા. ૨૮૫.

૩. વિટવૉટર્સરેન્ડ સેન્ટ્રલ સ્કૂલ બોર્ડે યુરોપિયન પ્રિન્સિપાલ માટે વાર્ષિક ૨૦૦ પાઉંડ, યુરોપિયન આસિસ્ટંટ માટે વાર્ષિક ૧૫૦ પાઉંડ, યુરોપિયન મહિલા આસિસ્ટંટ માટે વાર્ષિક ૧૨૦ પાઉંડ અને હિંદી શિક્ષકો માટે તેમની લાયકાત મુજબ વાર્ષિક ૪૦થી ૬૦ પાઉંડ મંજૂર કર્યા હતા. બોર્ડના મંત્રીએ ૪થી સપ્ટેમ્બરના પોતાના પત્રમાં શાળાના પ્રિન્સિપાલ અને શિક્ષકોની લાયકાત પણ ઠરાવી આપી હતી. તે ઉપરાંત તેણે યુરોપિયન નિરીક્ષક નીમવાની ભલામણ કરી હતી. ઇન્ડિયન ઓપીનિયન, ૧૪–૯–૧૯૧૨.

Gandhi Heritage Portal

પણ સરકારની દાનત જો ખરી હોય તો આપણે હવે છેવાડો લાવી શકીએ છીએ. સરકાર અમુક રકમ ધારો કે પા. ૧,૦૦૦ દર વરસ આપે, હિંદી કોમે નીમેલી ને સરકારે પસંદ કરેલી કમિટીને કારભાર સોંપે, તે કમિટીમાં યુરોપિયન અને હિંદી મેમ્બર હોય; આ કમિટી મહેતાજીઓ પસંદ કરે, ભાષા પસંદ કરે, શિક્ષણ પસંદ કરે, અને દરેક રીતે સરકાર તરફ જવાબદાર રહે. આમ થાય તો રંગભેદ દૂર થાય. સારા મહેતાજી મળે અને કોમ નિશાળ ઉપર અંકુશ રાખે. આવું કરતાં સરકારને કંઈ નુકસાન થનારું નથી અને હિંદી કોમ રાજી રહે. અમને ઉમેદ છે કે આવી મતલબનો કાગળ સરકારને મોકલવામાં આવશે અને સરકાર કબૂલ કરશે. કબૂલ કરાવવો આપણે હાથ છે.

[મૂળ ગુજરાતી]

ઇન્ડિયન ઓપીનિયન, ૧૪–૯–૧૯૧૨

૨૭૭. સરકારી અમલદારોનું વધુ ગેરકાયદે વર્તન[1]

અમારે લગભગ દરેક અંકમાં મિ. કઝિન્સની સખત ટીકા કરવી પડે છે, અને એથી અમને ખૂબ દુઃખ થાય છે. પરંતુ આ અધિકારી, પોતાની અણઆવડત અથવા પોતાના કાર્યની ગેર-કાયદેસરતાને કારણે, અમારે માટે શાંત રહેવાનું અશકય કરી મૂકે છે.[2] જેનો અમે આ પહેલાં ઉલ્લેખ કર્યો છે તે, નાતાલ મર્ક્યુરીને લખેલા પત્રમાં[3] મિ. લૉટને એવું જણાવ્યું છે કે જે ઇમિ-ગ્રેશન અધિકારીને ડરબનમાં નાતાલ ઇમિગ્રેશન કાનૂનનો અમલ કરવા નીમવામાં આવ્યો છે તેણે, કેપ કૉલોનીમાં કોણ દાખલ થાય અને કોણ નહીં થાય, તે નક્કી કરવાનું પણ પોતાના હાથમાં લઈ લીધું છે. કેપ કૉલોનીનો કાયદો જુદા પ્રકારનો છે. એ કાયદામાં અપીલ માટે અવકાશ રહે છે, એટલું જ નહીં પણ કેટલાય મુકદ્દમાઓમાં પ્રાંતીય કાયદા મુજબ નિમાયેલા ઇમિગ્રેશન અધિકારીના નિર્ણય સામે વરિષ્ઠ અદાલતમાં એ પ્રકારની અપીલો કરવામાં આવી છે અને તેમાં સફળતા પણ મળી છે. અમને પૂરી ખાતરી છે કે, મિ. કઝિન્સ જ્યાં સુધી નાતાલમાં હોય ત્યાં સુધી તેમને કેપ ઇમિગ્રેશન કાનૂન અનુસાર કશી સત્તા હોઈ શકે નહીં; એ કાનૂનનો અર્થ કરવાની સત્તા વરિષ્ઠ અદાલતના સ્થાનિક વિભાગના અધિકાર ક્ષેત્રમાં આવતી નથી. આ અધિકારીએ એવી સત્તાનો ઉપયોગ કર્યો છે જે તેમને મળેલી નથી, અને તેણે મિ. લૉટનના

૧. જુઓ "ઓરતોનું અપમાન", પા. ૨૯૮ તથા "નાતાલમાં ઇમિગ્રેશનની હાડમારી", પા. ૩૦૨.

૨. ગાંધીજી કઝિન્સને ૬–૯–૧૨ને રોજ અને લૉટનને ૧૧–૯–૧૨ને રોજ મળ્યા હતા. "૧૯૧૨ની ડાયરી"ની આ તારીખો જુઓ.

૩. નાતાલ મર્ક્યુરીને લખેલા પોતાના પત્રમાં લૉટન સંમત થયા હતા કે અધિકારીઓએ ઇમિગ્રેશન રિસ્ટ્રિક્શન કાનૂનનો અમલ ડહાપણપૂર્વક કરવો જોઈએ. સંસ્થાનમાં વધુ હિંદીઓને દાખલ કરવા બાબત તેમણે જોરદાર વિરોધ કર્યો, પણ તેની સાથે તેમણે કહ્યું કે હિંદીઓને જે હક્કો મળેલા છે તે કાયમ રહેવા જોઈએ. ઇમિગ્રેશન અધિકારીઓએ એ કાયદાનો ગેરવાજબી અમલ કર્યાના તેમણે બે દાખલા આપ્યા : એક હિંદી હિંદુસ્તાનથી ડરબન થઈને કિમ્બર્લી પાછો આવતો હતો, તેને જમીન રસ્તે કિમ્બર્લી જતાં અથવા સ્ટીમર મારફત પોર્ટ એલિઝાબેથ જતાં અટકાવ્યો. પછી તેણે ડેલાગોઆ બે થી ડરબન થઈને જળમાર્ગે પોર્ટ એલિઝાબેથ જવાનો પ્રયત્ન કર્યો. પણ ડરબનમાં તેને ફરી રોકવામાં આવ્યો અને હિંદુસ્તાન જતી એસ. એસ. પ્રેસિડેન્ટ સ્ટીમરમાં બળાત્કારે બેસાડી દીધો. છેવટે તે સીધો કેપટાઉન ગયો જ્યાં ઇમિગ્રેશન અધિકારીએ તેને કિમ્બર્લી જવાની રજા આપી. ઇન્ડિયન ઓપીનિયન, ૭–૯–૧૯૧૨.

Gandhi Heritage Portal

અસીલને પાસેના સંસ્થાનમાં તેના નક્કી કરેલા સ્થળે જતાં અટકાવીને, અને એ રીતે તેને તે પ્રાંતની અદાલતમાં જતો રોકીને ગંભીર જવાબદારી વહોરી હોય એવું દેખાય છે. આવા બીજા કેસોની ફરિયાદો કરવામાં આવી છે. અમને માનવાને કારણ છે કે મિ. કઝિન્સ સામે યોગ્ય જગ્યાએ યોગ્ય પગલાં લેવાઈ રહ્યાં છે. પ્રાંતીય કાયદાઓનું જાણે અસ્તિત્વ જ ન હોય અથવા તેમને બદલે જાણે સંઘનો કાયદો જે છેવટે કદી આખરી સ્વરૂપ લેવાનો સંભવ નથી તે પસાર થઈ ગયો હોય એ રીતે ઇમિગ્રેશન અધિકારીઓને વર્તવા દેવામાં આવે એ અસહ્ય છે. દેખીતી રીતે બેજવાબદાર અને બેશક આપખુદ અધિકારીઓના હાથમાં ભારે સત્તાઓ આપવી એ કેટલું ખોટું છે, તેની જો સામ્રાજ્ય સરકારને ખાતરી કરાવી આપવાની હોય તો, મિ. કઝિન્સે તે બહુ સારી રીતે કરાવી આપી છે.

[મૂળ અંગ્રેજી]

ઇન્ડિયન ઓપીનિયન, ૧૪–૯–૧૯૧૨

૨૭૮. અમારે વિષે

આ છાપું ફિનિક્સમાં છપાવાનું શરૂ થવાને સાત વર્ષ ઉપરાંત થયાં છે. હવે એક પગલું આગળ અમે વધીએ છીએ. આજ લગી કાયદેસર માલિક મિ. ગાંધી હતા. પણ હવે પછી ફિનિક્સ સંસ્થાનની માલેકી ટ્રસ્ટીને હાથ જાય છે અને કયા હેતુથી ફિનિક્સની સંસ્થા ચાલશે તે વિષે ચોક્કસ ધારાઓ ઘડાયા છે. આ પગલું ઠીક લેવાયું છે એમ અમે માનીએ છીએ. અને આ પત્રના વાંચનાર પણ માનશે એમ અમે ધારીએ છીએ.

છાપાની સ્થિતિ એવી તો આવેલી જ નથી કે જ્યારે છાપાનું ખર્ચ ઊપડી શકયું હોય. તેનાં કારણોમાં ઊતરવાની જરૂર નથી. પણ જો મિ. તાતાની ઉદારતાનો ઉપયોગ છાપાને સારુ ન લેવાયો હોત તો છાપાની ઉપર ભારે સંકટ આવી પડત એટલું આ સમયે યાદ કરવું ઘટે છે.

જ્યારે કામદારોએ ફિનિક્સ જઈ ત્યાં રહી છાપું કાઢવાનો નિશ્ચય કર્યો ત્યારે એમ ધારણા હતી કે જમીનમાંથી તથા છાપામાંથી પેદાશ થવાથી કામદારોને પોતાની રોટી પેદા કરવાનું મળશે એટલું જ નહીં પણ તેઓને સારો બચાવ પણ થશે. કેમ કે જો કંઈ નફો થાય તો તેના ધણી તેઓ હતા. અનુભવે અમે જોયું કે એ ધારણા ભૂલભરેલી હતી. ફિનિક્સના નિયમોને અનુસરનારી જિંદગીની સાથે પૈસાનો લાભ ન ભળી શકે એમ અમે જોયું. અને હાલ ઘણાં વરસ થયાં ઘણે ભાગે એ જ ધોરણે ફિનિક્સની સંસ્થા ચાલેલી છે.

અમારો મુખ્ય મુદ્દો એ હતો કે જેમ બને તેમ ખેતીમાંથી અમારો નિર્વાહ કરી અમે બને તેટલી લોકસેવા કરીએ ને આ છાપું લોકોની પાસે ધરીએ. તેમાં અમે આજ લગી સફળ થયા નથી.

જોબનું કામ અમે ધંધા તરીકે કેટલાંક વરસ થયાં કાઢી નાંખ્યું છે. હવે અમને જણાય છે કે જાહેર ખબરો લેવાછાપવાનું કામ પણ અમારે કાઢી નાંખવું એ યોગ્ય છે. જાહેર ખબરો નાંખવી એ ઠીક છે એમ અમે માનતા, પણ વધુ વિચારે અમે જોઈએ છીએ કે જાહેર ખબરોનો રિવાજ બિલકુલ પસંદ કરવા લાયક નથી. જેઓ પૈસા કમાવા ઉતાવળા થયા છે તેઓ બીજાના કરતાં આગળ નીકળી જવાના ઈરાદાથી જાહેર ખબર નાંખે છે. જાહેર ખબરોનો વાયરો હાલ એવો ચાલેલો છે કે ગમે તેવી જાહેર ખબરો પૈસાને સારુ લેવાદેવામાં આવે છે. હાલના સુધારાની આ

Gandhi Heritage Portal

ભારે દુઃખદ નિશાની છે અને તેમાંથી અમે છૂટા થવા ઇચ્છીએ છીએ. જે જાહેર ખબરો વેપારની નથી, પણ લોકોપયોગી છે, અને જે મફત છાપવાથી અમારે માત્ર તેવી ખબરોથી જ આખું છાપું ભરવું પડે તેવી જાહેર ખબરો અમે પૈસા લઈને છાપશું, પણ બીજી બધી જાહેર ખબરો હવે પછી અમે નહીં છાપીએ. જે જાહેર ખબરો હાલ અમારી પાસે છે તેને સારુ તે તે ધણીઓની સાથે બંદોબસ્ત કરી તેમાંથી મુક્ત થવા પ્રયત્ન કરશું. આમ થવાથી અમે જમીન ઉપર વધારે કામ કરી શકશું ને આ પત્રની સાથે છપાયેલા ખતનો મુખ્ય મુદ્દો વિશેષ અમલમાં મૂકી શકશું.[1]

નવા ફેરફારથી લોકસેવા કરવાની અમારી શક્તિ વધશે એમ અમે માનીએ છીએ. છાપામાં પણ અમે વધારે યોગ્ય ને કીમતી લખાણો આપી શકીશું એવી ધારણા છે. દિવસે દિવસે છાપું નીતિનો પ્રચાર કરવાનું સાધન વિશેષ થઈ પડે એમ અમારો પ્રયાસ છે. છાપાની હયાતીનાં બે અને બે જ કારણો છે. આ દેશમાં હિંદીની પર ગુજરતી હાડમારીને દૂર કરવાની મહેનત કરવી અને નીતિની કેળવણીનો પ્રચાર કરવો. બીજું કાર્ય મુખ્યત્વે કરીને અમારી રહેણી અમે સુધારીએ તેથી થવાનું છે. તેવાં જ કારણોથી છાપાને વિષે રહેલાં વેપારી અંગો જેવાં કે જૉબ, જાહેર ખબરાદિ બનતે પ્રયાસે દૂર કરીએ છીએ. જેમ જેમ અમારી રહેણી ખતમાં બતાવેલા મુદ્દાને અનુસરશે તેમ તેમ વાચકવર્ગની પાસે અમે વધારે ઉપયોગી લખાણો મૂકવા તૈયાર થઈ શકશું. આમાં અમને બધા હિંદી મદદ કરશે એવું ઇચ્છીએ છીએ.

[મૂળ ગુજરાતી]

ઇન્ડિયન ઓપીનિયન, ૧૪–૯–૧૯૧૨

૨૭૯. મુસલમાન પત્નીઓ

હિંદી કચેરીએ દક્ષિણ આફ્રિકા બ્રિટિશ હિંદી કમિટીને લખેલો પત્ર જે અમે બીજી જગ્યાએ ઉતારીએ છીએ, તે પરથી જણાય છે કે સામ્રાજ્ય સરકાર અને હિંદી સરકાર બંનેને વખતોવખત કરેલી અરજીઓનું સારું પરિણામ આવ્યું છે. અમારા જાણવામાં આવ્યું છે કે હિંદી કચેરી અને સંસ્થાન કચેરી વચ્ચે મુસલમાન પત્નીઓને દક્ષિણ આફ્રિકામાં દાખલ કરવા બાબત વિચારણા ચાલે છે. ફાતિમા અને સકીનાના મુકદ્દમાઓના ચુકાદા આવ્યા ત્યારે પરિસ્થિતિ ખરાબ હતી જ, પણ હવે મિ. કઝિન્સના પ્રખ્યાત પરિપત્રથી[2] તો કટોકટી ઊભી થઈ છે. એ પરિપત્રમાં કહેવામાં આવ્યું છે કે, હિંદીઓને અનૈતિક ઉદ્દેશથી સ્ત્રીઓને નાતાલમાં લાવવાની ટેવ છે. આવો આક્ષેપ કરવા માટે હિંદી કોમના ઇતિહાસમાં કશો પણ આધાર નથી. આ પરિસ્થિતિ જેમની તેમ ચલાવી લઈ શકાય એમ નથી. તેમ જ દક્ષિણ આફ્રિકાની હિંદી કોમ, જે ન્યાય અને શાસન અંગેની ભયંકર ભૂલોને કારણે આટલી ભારે હાનિ ખમી રહી છે તે, આ કારણે તેના પર લદાઈ રહેલાં અપમાન અને નામોશીને તાબે થઈ શકે એમ નથી. આમાં સામ્રાજ્ય સરકારની પ્રતિષ્ઠા પણ ખૂબ જ સંડોવાયેલી છે. ૧૮૫૮ના ઢંઢેરામાં જેની બાંયધરી આપવામાં આવી હતી તે હિંદીઓના વ્યક્તિ તરીકેના હકનો કાયદો, તેઓ બ્રિટિશ સામ્રાજ્યમાં જ્યાં પણ જાય ત્યાં તેમને લાગુ પડે છે; એટલે કુટુંબોને વિભક્ત કરનારી અને કૌટુંબિક બંધનોનો વિચ્છેદ

૧. જુઓ "ફિનક્સનું ટ્રસ્ટ ડીડ", પા. ૩૩૭–૪૧.

૨. જુઓ "ઓરતોનું અપમાન", પા. ૨૯૮.

Gandhi Heritage Portal

કરનારી નિંદ્ય વસ્તુઓ જો ચલાવી લેવામાં આવશે તો સમ્રાજ્યની પ્રતિષ્ઠાને ભારે હાનિ પહોંચશે એ વાત શહેનશાહના મંત્રીઓ મોડી મોડી પણ સમજ્યા છે એ ડહાપણની વાત છે.

[મૂળ અંગ્રેજી]

ઇન્ડિયન ઓપીનિયન, ૨૧–૯–૧૯૧૨

૨૮૦. ઇમિગ્રેશન અધિકારીઓને ફરીથી ઠપકો મળ્યો

સુપ્રિમ કોર્ટની કેપ પ્રાંતની બેંચ સમક્ષની નાથા ઊકાની[૧] અપીલનો ચુકાદો આ અંકમાં બીજી જગ્યાએ આપ્યો છે. એ અપીલે, આ પ્રાંતના ઇમિગ્રેશન કાયદાઓનો અને તેની સાથે સંઘના બીજા પ્રાંતોના તેવા જ કાયદાઓનો હાલમાં કેવી રીતે અમલ કરવામાં આવે છે તે વિષેના પોતાના વિચારો એક વાર ફરીથી વ્યક્ત કરવાની આ કોર્ટને તક આપી છે. દક્ષિણ આફ્રિકાના જે કાયદેસરના નિવાસીઓ તેમનાં આ દેશમાંનાં ઘરોમાં ફરીથી દાખલ થવા માગે છે તેમને હેરાન કરનારી અધિકારીઓની નીતિની અદાલતે ફરીથી એક વાર સખત ટીકા કરી છે, અને એ રીતે સારાયે સંઘમાં સરકાર કાયદાના હેતુનો જે વારંવાર ભંગ કરે છે[૨] તેની સામે સાંભળવામાં આવતી અનેક કડવી ફરિયાદોને સંપૂર્ણપણે વાજબી ઠરાવી છે. હમણાં થોડા જ દિવસ ઉપર કેપની અદાલતોને એ પ્રાંતના જે હિંદીઓ, તેમની પરમિટમાં આપવામાં આવેલી મુદત કરતાં થોડા દિવસ તેમના કાબૂબહારનાં કારણોસર મોડા પડ્યા હતા, તેમને નિષિદ્ધ ઇમિગ્રન્ટ ઠરાવીને આ પ્રાંતમાં દાખલ થવા દેવાનો ઇનકાર કરવો પડ્યો હતો. નાતાલના ઇમિગ્રેશન અધિકારીની ઢીલ કરવાની નીતિ પણ તેમાં અમુક અંશે જવાબદાર હતી. આ બાબત અંગેનો કાયદાનો જે ખરડો આવતી બેઠકમાં રજૂ કરવાનું વચન આપવામાં આવ્યું છે, તે વિષે વિચાર કરતી વખતે શાહી સરકાર અને હિંદી સરકારે આવા દાખલાઓ ધ્યાનમાં રાખવા જોઈશે. ઉપરોક્ત મુકદ્દમામાં અપીલ કરનાર ખર્ચાળ કોરટબાજીનું ખર્ચ ઉઠાવવા શક્તિમાન હતો એ દેખીતું છે. પણ એ સગવડ પુનઃપ્રવેશ માટે અરજી કરનાર દરેક ગરીબ માણસને હોતી નથી. જે કાયદો કરવાનું વિચારાય છે તેમાં, અમારા અભિપ્રાય મુજબ, એવી વ્યવસ્થા હોવી જોઈએ કે, જેથી સર જૉન બ્યુકેનને અધિકારીઓની જે ભારે ભૂલોની ટીકા કરી છે તેવી ભૂલોનો ઉપાય જલદી અને ઓછા ખર્ચે થઈ શકે. અમને વિશ્વાસ છે કે શાહી સરકાર આવી વ્યવસ્થા થાય તે માટે તકેદારી રાખશે. આ વરસે રદ થયેલા બિલમાં જે અપીલ બોર્ડોનો વિચાર કરવામાં આવ્યો હતો તેનો ફારસ જેવાં હતાં. ખરેખર ન્યાય કરવો હોય તો તેની જગ્યાએ વધારે કાર્યક્ષમ તંત્ર હોવું જોઈએ. દક્ષિણ આફ્રિકાના હિંદીઓને એ વાત પાલવી શકે એવી નથી કે ઇમિગ્રેશન ખાતાના ઝાર

૧. કેપટાઉનનો એક વેપારી નાથા ઊકા, ૧૯૦૬માં ઈસ્ટ લંડનના ધંધામાં પોતાની ભાગીદારી ચાલુ રાખીને હિંદુસ્તાન ગયો હતો. ૧૯૧૧ના જુલાઈમાં તે પાછો આવ્યો ત્યારે તેને સ્ટીમરમાંથી ઊતરતાં અટકાવવામાં આવ્યો. તેણે અપીલ કરી. સુપ્રિમ કોર્ટના કેપ ડિવિઝનના જસ્ટિસ બ્યુકેનને તેની અરજી ખર્ચ સાથે મંજૂર રાખી અને ઇમિગ્રેશન અધિકારીના પગલાને વખોડી કાઢતાં કહ્યું કે, "આવા દાખલાઓમાં 'કાયદાના શબ્દો' કરતાં તેની પાછળના હેતુનો વિવેકપૂર્વક અમલ કરવો એ વધારે સારુ છે." ઇન્ડિયન ઓપીનિયન, ૨૮–૯–૧૯૧૨.

૨. જુઓ "સરકારી અમલદારોનું વધુ ગેરકાયદે વર્તન", પા. ૩૪૩–૪.

Gandhi Heritage Portal

બની બેઠેલા સરમુખત્યારોના જુલમ અને આપખુદીને લઈને તેમના મહત્ત્વના અધિકારો અને હિતો ભયમાં મૂકી દેવામાં આવે. અને એ જાણીતી વાત છે કે તેમાં એ ખાતાને એવી સરકારનો ટેકો છે જે શાહી સરકાર આગળ હિંદીઓનાં હિતોનો કાળજીપૂર્વક ખ્યાલ રાખવાનો ઢોંગ કરે છે.

[મૂળ અંગ્રેજી]

ઇન્ડિયન ઓપીનિયન, ૫–૧૦–૧૯૧૨

૨૮૧. માનનીય મિ. ગોખલેની મુલાકાત

રૂટર તરફથી મળેલા સમાચાર પ્રમાણે આજરોજ ઑન. મિ. ગોખલે યુનિયન કૅસલ લાઈનની સ્ટીમર ડોવર કેસલમાં[૧] વિલાયતથી દક્ષિણ આફ્રિકા માટે ઊપડશે. મેલ સ્ટીમર કેપટાઉન પહોંચ્યા પછી થોડા દિવસ બાદ આ સ્ટીમર કેપટાઉન પહોંચશે. એટલે તા. ૨૬મી ઑક્ટોબરના અરસામાં ઑન. મિ. ગોખલે દક્ષિણ આફ્રિકાની રંગદ્વેષથી રંગાયેલી ભૂમિ પર પગ દેશે. લોકમાન્ય ગોખલેનો આ મુલકના ગોરાઓની ચામડીની સૂગનો અનુભવ દક્ષિણ અફ્રિકા માટે ઊપડતાં પહેલાં જ શરૂ થઈ ચૂકયો છે. તેમને ટિકિટ આપવામાં જે વાંધો લેવાયેલો તે સંબંધી બિના ટાઇમ્સ ઑફ ઇન્ડિયાના ખબરપત્રીના આધારે અમે બીજી જગ્યાએ છાપેલી હકીકત ઉપરથી માલૂમ પડશે.[૧] આવો અનુભવ હિંદના આ કીર્તિવંત નરને વિલાયત છોડતાં પહેલાં જ થયો એ દક્ષિણ આફ્રિકાના ગોરાઓની રંગની અદાવત કેટલે સુધી પહોંચી છે તેનો ખ્યાલ કરાવનારું છે. તેવી વર્ણકની સામે દેશભક્ત ગોખલેએ લડત લઈ જીત મેળવી તેથી તેમને માટેની હિંદીઓની મગરૂરીમાં વધારો થશે. અહીં હિંદીઓને સ્વમાન માટે રાત્રીદિવસ લેવી પડતી લડતમાં તેવા દાખલાથી ઉત્તેજન[૨] મળશે. વળી મિ. ગોખલે આપણને મળવા આવતાં આપણને ભોગવવાં પડતાં અપમાનના ભાગી થવાથી તેમને વધાવતાં ઓર વધારે આનંદ થશે. અમને ભરૂંસો છે કે ભારત-ભૂમિના આ મહાન પુત્રને અનુપમ રીતે માન આપવા ઝડપથી અને ખંતથી બધી તૈયારીઓ કરી રખાશે, અને તેમનો આ મુલકનો વસવાટ સુખદાયક અને ફળદાયક થાય તેમ કરવા બનતું કરવામાં આવશે.

[મૂળ ગુજરાતી]

ઇન્ડિયન ઓપીનિયન, ૫–૧૦–૧૯૧૨

૧. ડોવર કેસલને બદલે તેઓ આર. એમ. એસ. સેક્સનમાં નીકળ્યા, અને ઑક્ટોબરની ૨૨મીએ કેપટાઉન પહોંચવાના હતા.

૨. ગોખલેના જ શબ્દોમાં આ બનાવના વિગતવાર વર્ણન માટે જુઓ પરિશિષ્ટ ૨૦.

Gandhi Heritage Portal

૨૮૨. હરિલાલ ગાંધીને પત્ર

[લૉલી,]
આસો સુદ ૬ [ઑક્ટોબર ૧૬, ૧૯૧૨][1]

ચિ. હરિલાલ,

તમારો કાગળ ઘણે માસે મળ્યો છે. તમારી ઉપરના મારા કાગળો ગેરવલ્લે ગયા જણાય છે. તમને કૉંગ્રેસમાં[2] જવા વિષે મુ. રેવાશંકરભાઈને લખ્યું છે.

ભાઈ સોરાબજી વિષે મારું કાર્ય તમે સમજી શકયા નથી. મુખ્યત્વે એ કે તે પારસી છે. અને તેને હિંદુ ઉત્તેજન આપે એ શોભે. સોરાબજી બૅરિસ્ટર થશે જ તો તેની જવાબદારી વધશે. સોરાબજીનો વિશેષ ઉપયોગ ન થઈ શકે, પણ મેઢનો થઈ શકે. તેથી મેઢને બારિસ્ટર થવામાં ઉત્તેજન ન આપું. તમને તો કેમ જ આપું? તમને આપું તો મારા બધા વિચારો ઉપર પાણી ફરી વળે. પણ મારા વિચારો હાલ તમને રુચશે નહીં. મળશું તો ને ત્યારે વિચારશું. તમે હાલ તો સ્વતંત્ર રીતે તમારું ચરિત્ર દૃઢાવો એટલું જ મને ઇચ્છિત છે. ભવિષ્યમાં તમે તમારા વિચારો બદલશો એવી મને શ્રદ્ધા છે.

ચંચળને વિષે તમે ફરી દોષમાં આવી ગયા છો તે સમજું છું. તેમાં અમદાવાદનો દોષ નથી. એ કાર્ય[3] જ એટલું કઠણ છે કે મહાપ્રયત્ન અને સૂક્ષ્મ વિચાર વિના પાર ન જ ઊતરે. પ્રયત્નવાન રહેશો તો કોઈ દિવસ તમે વિહ્વળ કામને જીતશો. જ્યારે જીત મળશે તમે જુદા જ બનશો. તમારું બલ જુદું થશે. તમારા કાગળ પરથી સમજું છું કે હવે ચંચીને બેત્રણ વર્ષ સુધી અહીં આવવાનું બંધ રહેશે.

બાપુના આશીર્વાદ

[મૂળ ગુજરાતી]
ગાંધીજીના હસ્તાક્ષરમાં લખાયેલા મૂળ પત્રની છબી પરથી: એસ. એન. ૯૫૪૪

૧. કાગળના ત્રીજા પૅરામાં ગાંધીજીએ બૅરિસ્ટરીનો અભ્યાસ કરવા લંડન જવા માટે સત્યાગ્રહીઓમાંથી સોરાબજી શાપુરજી અડાજણિયાની પસંદગી બાબત ચર્ચા કરી છે. તેમને ડૉ. મહેતાને ખર્ચે મોકલવાના હતા; જુઓ "ભગનલાલ ગાંધીને લખેલા પત્રનો અંશ", પા. ૨ તથા "ડૉ. પ્રાણજીવન મહેતાને પત્ર", પા. ૮૩. ૧૯૧૨ના જુલાઈની ૨૧મીએ સોરાબજી લંડન જવા નીકળેલા. તે વર્ષે આસો સુદ ૬ ઑક્ટોબરની ૧૬મીએ હતી.

૨. આ પત્ર મળતો નથી.

૩. બ્રહ્મચર્ય.

Gandhi Heritage Portal

૨૮૩. મિ. ગોખલેની મુલાકાત[૧]

ઑન. મિ. ગોખલેની જોહાનિસબર્ગની મુલાકાત સંબંધમાં નીચે પ્રમાણે કાર્યક્રમ રાખવામાં આવશે એમ કહી શકાય છે:

તા. ૨૭મીએ રાતના ૧૦ વાગ્યે પાર્ક સ્ટેશનથી ૫૦૦ ઉતારુઓ સાથે એક ખાસ ટ્રેન ઊપડશે, અને રાતના બે વાગ્યે ક્લાર્કર્સડૉર્પમાં મિ. ગોખલે તથા તેમના સાથીઓને લઈ આવતી ડાયમંડ એક્સપ્રેસને મળશે. કિમ્બર્લીથી મિ. ગોખલે વાસ્તે રાખવામાં આવેલા ખાસ ડબાને ક્લાર્કર્સડૉર્પ સ્ટેશને એક્સપ્રેસમાંથી જુદો પાડી ખાસ ગાડીને લગાડવામાં આવશે. મિ. ગોખલેને ક્લાર્કર્સડૉર્પ ખાતે એક માનપત્ર આપવામાં આવશે, અને ઘણું કરીને તેઓ વાહનમાં બેસી એ શહેરમાં નીકળશે.

ખાસ ગાડી ક્લાર્કર્સડૉર્પથી જોહાનિસબર્ગ માટે સવારના આશરે ૧૦ વાગ્યે ઊપડશે, અને બપોરના પૉચેફસ્ટ્રૂમ પહોંચશે. ત્યાં હિંદી કોમનું માનપત્ર લેવાનું અને એક્સપેરિમેન્ટલ ફાર્મ જોવાનું મિ. ગોખલેથી બની શકે તેટલા માટે ટ્રેન લાંબો વખત સુધી થોભશે.

ત્યાંથી ગાડી ઊપડીને ક્રૂગર્સડૉર્પ જશે, અને ટૂંક વખત રોકાશે. ત્યાં મિ. ગોખલેને ક્રૂગર્સ-ડૉર્પના હિંદી કોમ તરફનું માનપત્ર આપવામાં આવશે.

ત્યાંથી ઊપડી કયાંય પણ રોકાયા વગર ગાડી સાંજરે બરાબર ૪ વાગ્યે પાર્ક સ્ટેશને આવી પહોંચશે. સ્ટેશન ઉપર હિંદી કોમ ઉપરાંત જોહાનિસબર્ગના મેયર સાહેબ અને બીજા ગોરા શહેરીઓ તેમને મળવા આવ્યા હશે. ત્યાંથી સ્ટેશન પર ખાસ બાંધવામાં આવેલા તખતા પર બધા જશે, અને મેયર સાહેબના પ્રમુખપણા નીચે મિ. ગોખલેને માનપત્રો આપવામાં આવશે. બ્રિટિશ ઈન્ડિયન ઑસોસિયેશન તરફનું માનપત્ર સભામાં વાંચી સંભળાવવામાં આવશે; હમીદિયા ઈસ્લામિક સોસાયટી, હિંદુ કોમ, તામિલ બેનીફિટ સોસાયટી, તથા પાટીદાર ઑસોસિયેશન એ મંડળો તરફનાં માનપત્રો વંચાયાં છે એમ ગણી લઈ એ મંડળોના પ્રમુખોના હાથે મિ. ગોખલેને અર્પણ કરવામાં આવશે. આ કામ એક કલાકમાં પૂરું કરવા માટે ઑસોસિયેશનના ચૅરમૅન તરફ-ના આવકારના ભાષણ ઉપરાંત એકે ભાષણ થશે નહીં. મેયર સાહેબ થોડા શબ્દો કહેશે, અને ઑન. મિ. ગોખલેને જવાબ વાળવા સૂચવશે. ત્યાર બાદ રાજગીત ગાઈ મીટિંગ વિસર્જન થશે.

તા. ૩૦મીએ મિ. હૉસ્કેનના મકાન ઉપર યુરોપિયન કમિટીની એક મીટિંગ મળશે. ત્યાં મિ. ગોખલેને કમિટીની મુલાકાત કરાવવામાં આવશે, તથા આખા હિંદી સવાલ પર ચર્ચા થશે.

તા. ૩૧મીએ મેસોનિક હૉલમાં ખાણાનો જલસો થશે.

તે ઉપરાંત ગોરા શહેરીઓને મિ. ગોખલેને સાંભળવાની તક આપવા માટે ગોઠવણ કરવામાં આવશે.

હિંદી ઓરતોના મંડળ તરફથી મિ. ગોખલેને માન આપવામાં આવનાર છે તેનો દિવસ હવે પછી મુકરર કરવામાં આવશે.

શનિવાર તથા રવિવાર મિ. ગોખલે ટૉલ્સ્ટૉય ફાર્મ ઉપર ગુજારશે.

૧. આ આખું લખાણ "જોહાનિસબર્ગ" મથાળા નીચે પ્રસિદ્ધ થયું હતું.

Gandhi Heritage Portal

તે પછીના અઠવાડિયામાં મિ. ગોખલે પ્રધાનોની મુલાકાત લેશે, અને તે બાદ તુરત નાતાલ માટે ઊપડી જશે.

મિ. કૅલનબૅકે પોતાનું માઉન્ટનવ્યૂ ઉપરનું મકાન મિ. ગોખલેના રહેઠાણ દરમ્યાન હિંદી કોમને હસ્તક મૂકયું છે. તેમને માટે ઑફિસની ગોઠવણ શહેરમાં કરવામાં આવશે. ત્યાં તેઓ દિવસના ભાગમાં વિઝિટરોને મળશે.

[મૂળ ગુજરાતી]

ઇન્ડિયન ઓપીનિયન, ૧૯–૧૦–૧૯૧૨

૨૮૪. કેપ આર્ગસને મુલાકાત[1]

કેપટાઉન,

ઑક્ટોબર ૨૨, ૧૯૧૨

આર્ગસ પત્ર તરફથી ઇન્ટરવ્યૂ લેવામાં આવતાં મિ. ગાંધીએ જણાવ્યું કે મિ. ગોખલેની મુલાકાતથી હિંદી સરકાર વાકેફગાર છે, છતાં પોતાની આપમુખત્યારીથી તેઓ અત્રે આવેલ છે. બ્રિટિશ શહેનશાહના એક મહાન રાજદ્વારી તરીકે દક્ષિણ આફ્રિકાના આખા હિંદી સવાલની જાતે તપાસ કરવી તથા યુનિયન પ્રધાનોની ઓળખાણ કરવી એ મિ. ગોખલેની મુલાકાતનો ઉદ્દેશ છે.

ક્યા સવાલો અને તે કઈ દૃષ્ટિથી પોતે ચર્ચવા માગે છે એ હજુ મિ. ગોખલેએ મુકરર કર્યું નથી. કોઈ અટકી પડેલ હોય એવો સવાલ નથી, પણ કેપ, ટ્રાન્સવાલ અને નાતાલની હાડમારીઓ ચર્ચવાની છે. આ બધા સવાલોનો હમેશને માટે અંત આવી જાય એવી આશા (મિ. ગાંધીએ જણાવ્યું કે) રાખી શકાતી નથી. એક નામાંકિત રાજદ્વારીની એક જ મુલાકાતમાં નિવેડો ન થઈ શકે એવા મોટા સવાલો તે છે. છતાં એવી આશા રહે છે કે મિ. ગોખલેની મુલાકાતથી ગોરા અને હિંદી વચ્ચે વધારે સારી લાગણી ફેલાશે, અને બંને કોમ એકબીજા પ્રત્યે વધારે મળતાપણાનું વલણ ધારણ કરશે. આમ થાય એવો મિ. ગોખલેની મુલાકાતનો પ્રથમ ઉદ્દેશ છે. મિ. ગોખલેએ મિ. ગાંધીને જણાવ્યું છે કે દક્ષિણ આફ્રિકાના હિંદી સવાલ બાબત હિંદમાં બહુ તીવ્ર લાગણી પ્રસરેલી છે, અને હિંદમાં એવો એકે સવાલ નથી, કે જેના સંબંધમાં હિંદની બધી કોમો આ સવાલ જેટલી એકમત હોય.

[મૂળ ગુજરાતી]

ઇન્ડિયન ઓપીનિયન, ૨૬–૧૦–૧૯૧૨

૧. આ મુલાકાત ગોખલેના આવ્યા પછી તરત ૨૨મી ઑક્ટોબરે કેપટાઉનમાં આપવામાં આવી હતી.

Gandhi Heritage Portal

૨૮૫. કેપટાઉનના સ્વાગત વખતે ભાષણ[૧]

ઑક્ટોબર ૨૨, ૧૯૧૨

મેયર (મિ. હૅરી હૅન્ડ્ઝ) પ્રમુખસ્થાને હતા. ડૉ. અબદુલ રહેમાન અને એશિયાઈ સમાજના બીજા નેતાઓ પણ મંચ પર બેઠા હતા.

સભાનું કામ શરૂ કરતાં પહેલાં મેયરશ્રીએ કહ્યું કે, આપણે અહીં નામદાર સમ્રાટના એક ઘણા પ્રતિષ્ઠિત પ્રજાજનનું સ્વાગત કરવા એકઠા થયા છીએ. તેઓ હિંદના વાઇસરૉયની કાઉન્સિલના સભ્ય છે અને હું માનું છું કે તેઓ દક્ષિણ આફ્રિકા સંઘમાં, સંઘ સરકારની પૂર્ણ સંમતિથી આપણે ત્યાં ઊભી થયેલી આર્થિક મુશ્કેલીઓ, જેને લઈને આપણા સાથી હિંદી પ્રજાજનો કેટલાક વખતથી હેરાન થાય છે તેની જાતે તપાસ કરવા આવ્યા છે. દક્ષિણ આફ્રિકાના આ માતૃ-નગરમાં તેમનું હાર્દિક સ્વાગત કરતાં મને આનંદ થાય છે અને હું આશા રાખું છું કે તેમના મિશનના પરિણામે આ મુશ્કેલીનું, લાગતાવળગતા સૌને સંતોષ થાય એ રીતે, નિરાકરણ આવી જશે. (તાળીઓ) . . .[૨]

મિ. ગાંધી

એ પોતાના ભાષણમાં કહ્યું કે, મિ. ગોખલેના નામને હું પૂજ્ય ગણું છું. તેમને હું મારા રાજદ્વારી ગુરુ સમજું છું, અને દક્ષિણ આફ્રિકાના મારા દેશી ભાઈઓની સેવામાં હું કાંઈ કરી શક્યો હોઉં તો તે મિ. ગોખલેને લીધે છે. તેમને આ દક્ષિણ આફ્રિકાનો સવાલ નવીન નથી. પણ અમે તેમને આ સવાલ સંબંધી તેમની કાળજી માટે જ નહીં, પણ તેમની જિંદગીભરની દેશસેવાઓ માટે પણ ચાહીએ છીએ. મિ. ગોખલે હિંદી સરકારના એક ખુલ્લા દિલના ટીકાકાર છે, છતાં તેઓ તેના મિત્ર પણ છે. આવા મેળાવડા ઉપર મેયર પ્રમુખસ્થાને બિરાજે છે તે સારાં ચિહ્ન છે, અને મિ. ગોખલેને જે આવકાર આપવામાં આવ્યો છે તે બતાવે છે કે હિંદી અને ગોરી કોમમાં અરસપરસ સખત ધક્કા લાગ્યા છે છતાં તેમના વચ્ચે કડવાશ નથી. જ્યાં જ્યાં આવી મીટિંગો થવાની છે ત્યાં ત્યાં મેયરોએ પ્રમુખપદ લેવાનો પોતાનો ઇરાદો જણાવ્યો છે. બંને કોમને એકમેકની નજીક આણવાના કામમાં મદદ કરવાને મિ. ગોખલે અહીં આવ્યા છે, અને તેમની મુલાકાતથી આપને સહુને જણાશે કે આ મુલકની પછવાડે એક બીજો મુલક છે કે જે તેમના આ મુલકના ભાઈઓને નિહાળી રહ્યો છે. આપ જાણતા ન હો તો હું જણાવીશ કે આ સવાલમાં અભ્યાસ કરવાને આવતી સાલ નામદાર આગાખાન પણ અત્રે આવવાના છે.[૩] આ પ્રસંગે હું એક બોલ ચેતવણીનો કહેવા માગું છું. તે એ છે કે ઘણાએ પોતાના અજાણપણામાં એમ માની લીધું છે કે મિ. ગોખલેની મુલાકાત એક જાદુ સમાન નીવડશે, અને તેમની બધી હાડમારીઓ તેઓ દૂર કરાવી શકશે. હું આશા રાખીશ કે મારા દેશીભાઈઓ આવી ઉમેદ નહીં બાંધે, અને જો બાંધી હશે તો તે છોડી દેશે. બેશક, મિ. ગોખલે પોતાથી બનશે એટલી મદદ આપણને કરશે, પણ આપણે હમેશાં યાદ રાખવું જોઈએ કે કોઈ મદદ જાતમહેનત જેટલી સરસ નથી. આપણે આપણો પોતાનો ઉદ્ધાર કરવો જોઈશે, અને મિ. ગોખલે તથા

૧. આ સ્વાગત-સમારંભ કેપટાઉનના સિટી હૉલમાં રાખવામાં આવ્યો હતો. તેમાં ઘણા ગોરાઓ હાજર હતા અને જુદી જુદી સંસ્થાઓએ માનપત્રો આપ્યાં હતાં.

૨. અહીં સુધીનું લખાણ અંગ્રેજીનો અનુવાદ છે.

૩. જુઓ "ઑન. મિ. ગોખલેને માન આપવા અંગેની મીટિંગમાં ભાષણ", પા. ૩૨૮–૯.

Gandhi Heritage Portal

મિ. શ્રાઈનર[1] જેવા ગૃહસ્થો આપણને માત્ર રસ્તો જ બતાવી શકશે, અથવા આપણો રસ્તો કાંઈક સહેલો કરાવી શકશે. પણ જેને વાસ્તે આપણે લાયક નહીં હોઈએ તેવું કાંઈ આપણને કદી મળશે નહીં, પણ આપણી મહેનતનાં ફળ હશે તે જ તેનો ખરો વખત આવશે ત્યારે આપણને મળશે.

[મૂળ ગુજરાતી]

ઇન્ડિયન ઓપીનિયન, ૨–૧૧–૧૯૧૨

૨૮૬. કિમ્બર્લીની સભામાં ભાષણ[2]

[ઑક્ટોબર ૨૫, ૧૯૧૨]

શ્રી ગાંધીએ કહ્યું આ એક પવિત્ર અને સ્મરણીય પ્રસંગ છે. તેમણે શ્રી ગોખલેની નમ્રતાનાં, પોતાની જાતને ઘસી નાંખવાના ગુણનાં, હિંદ માટેના અત્યંત પ્રેમનાં અને એ પ્રેમ સાથે સુસંગત રહીને માનવજાતિ પ્રત્યેના તથા જેના તે ઘણા પ્રતિષ્ઠિત નાગરિક છે તે સામ્રાજ્ય પ્રત્યેના પ્રેમનાં ભારે વખાણ કર્યાં. તેમણે કહ્યું કે હું તેમને એક રાજકીય થાપણ માનું છું. તેમણે શ્રી ગોખલેએ ફર્ગ્યુસન કૉલેજના હિતમાં કરેલી સેવા અને ત્યાગનો તથા કેળવણીના કામમાં આપેલા ભાગનો પ્રશંસાપૂર્ણ શબ્દોમાં ઉલ્લેખ કર્યો. તેમણે ગૌરવપૂર્વક કહ્યું કે, શ્રી ગોખલે જો અંગ્રેજ હોત તો શ્રી ઍસ્કિવથ હાલ જે સ્થાને છે તે સ્થાન શોભાવતા હોત, અને ફ્રાંસમાં જન્મ્યા હોત તો તેઓ ફ્રેંચ રિપબ્લિક (ગણતંત્ર)ના પ્રમુખ બન્યા હોત. હું આશા રાખું છું કે આ

૧. વિલિયમ ફિલિપ શ્રાઈનર (૧૮૫૭–૧૯૧૯), પ્રખ્યાત લેખિકા ઑલિવર શ્રાઈનરના ભાઈ; તેમની ન્યાયવૃત્તિ અને હિંદીઓ માટેની લાગણી પ્રત્યે ગાંધીજીનું ધ્યાન દોરાયું હતું; રૉડ્સના બીજા મંત્રીમંડળમાં સભ્ય ૧૮૯૮; બૅરિસ્ટર અને એક વખતે વકીલમંડળના નેતા; બે વાર ઍટર્ની-જનરલ; કેપ કૉલોનીના પ્રધાન મંત્રી, ૧૮૯૮–૧૯૦૦. દક્ષિણ આફ્રિકાના ઇતિહાસકાર ઍરિક વૉકરે તેમને સંઘવાદના મુખ્ય પુરસ્કર્તા કહ્યા છે. ૧૯૦૯માં દક્ષિણ આફ્રિકાના કાયદાના ખરડાની ૩૫મી કલમ, જે કેપના બિનગોરા લોકોને મતાધિકારથી વંચિત કરતી હતી, તેનો તેમણે સખત વિરોધ કર્યો; તેમના તરફથી ઇંગ્લંડ ગયા અને ઉમરાવસભાએ દક્ષિણ આફ્રિકાના એકીકરણનું બિલ પસાર કર્યું ત્યાર પછી પણ એ કામ અંગે પ્રયત્ન કરતા રહ્યા. જુઓ પુસ્તક ૯, પા. ૩૨૭–૮, ૩૯૯ અને ૪૨૫. ૧૯૧૧ના માર્ચમાં ગાંધીજીએ યુનિયન ઇમિગ્રેશન ઍક્ટ વિષે તેમની સલાહ લેવાનો વિચાર કર્યો, જુઓ પુસ્તક ૧૦, પા. ૫૫૫–૬ અને ૫૬૭. હિંદી સમાજ પ્રત્યે ન્યાય માટેની તેમની જોરદાર લડતનો ઇન્ડિયન ઓપીનિયનના સુવર્ણ અંક (૧૯૦૬–૧૪)માં ઉલ્લેખ છે. ૧૯૧૪માં ઇંગ્લંડમાં દક્ષિણ આફ્રિકાના કમિશનર, જુઓ દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહનો ઇતિહાસ પ્રથમ ખંડ, પ્ર. ૫.

૨. આ સભા ટાઉન હૉલમાં રાખવામાં આવી હતી. હૉલ "હિંદી સમાજના સભ્યોથી ખીચોખીચ ભરાઈ ગયો હતો, તેમાં યુરોપિયનો પણ સારી સંખ્યામાં હતા." પ્રમુખસ્થાને મેયર હતા. તેમના સ્વાગતભાષણ પછી હિંદી કોમ તરફથી શ્રી ગોખલેને માનપત્ર અર્પણ કરવામાં આવ્યું. શ્રી ગોખલેએ દક્ષિણ આફ્રિકાના આ પહેલા ભાષણમાં કહ્યું કે નાતાલમાં ગિરમીટ પ્રથા બંધ થઈ છે તેથી મને સંતોષ થયો છે. તેમણે દક્ષિણ આફ્રિકાના હિંદીઓના સવાલોની ટૂંકી ચર્ચા કરી અને કહ્યું કે, એ વિષે કંઈ પણ અભિપ્રાય વ્યક્ત કરતાં પહેલાં હું દરેક દૃષ્ટિબિંદુથી તેનો અભ્યાસ કરી લેવા માગું છું. આ પ્રસંગનું સ્મરણ ગાંધીજીનું પ્રિય સ્મરણ હોવું જોઈએ, કારણ કે ઘણાં વરસ પછી એને વિષે યરવડા જેલમાં કશા પણ ટાંચણ વિના લખતાં તેઓ ગોખલેના ભાષણને નીચે મુજબ યાદ કરે છે: "ગોખલેનું ભાષણ ટૂંકું, પકવ વિચારોથી ભરેલું, દૃઢતાભર્યું છતાં વિનયશીલ હતું. તેથી હિંદીઓને આનંદ થયો અને ગોરાઓનાં મન મુગ્ધ બન્યાં." તેઓ ઉમેરે છે, "મેં તેમાંના મુખ્ય ડબ્લ્યુ. પી. શ્રાઈનરને પ્રમુખપદ લેવાની વિનંતી કરી તે તેઓએ સ્વીકારી." જુઓ દક્ષિણ આફ્રિકાનો સત્યાગ્રહનો ઇતિહાસ, દ્વિતીય ખંડ, પ્ર. ૧૨. મિ. શ્રાઈનર તે પ્રસંગે બોલ્યા હતા અને તેઓ મુખ્ય વક્તા હતા, પણ પ્રમુખસ્થાન તો મેયરને અપાયું હતું.

Gandhi Heritage Portal

મિશનને પરિણામે દક્ષિણ આફ્રિકાના યુરોપિયનો અને હિંદીઓ વચ્ચે વધારે સારો મેળ જામશે. તેમણે પોતાના દેશબંધુઓને શ્રી ગોખલેની મુલાકાતમાંથી ખોટી આશાઓ અને અપેક્ષાઓ ઊભી કરવા સામે ચેતવણી આપી. તેમણે કહ્યું કે શ્રી ગોખલે આપણી વચ્ચે આવ્યા છે તેથી હિંદી કોમ માટે સુખસમૃદ્ધિનો યુગ નહીં આવી જાય, અને આપણે આપણી બધી ગેરલાયકાતો જાણે જાદુ કર્યું હોય તેમ, અદૃશ્ય થઈ જશે એવી આશા પણ નથી રાખતા. પરંતુ સંભવ છે કે, તેમના આગમનથી અહીં પરસ્પર સદ્‌ભાવ વધે અને બંને જાતિઓ એકબીજાને વધુ સમજે એવું બને. સંભવ છે કે તેમના આગમનથી એક મોટો સવાલ જે દક્ષિણ આફ્રિકા સામે જ નહીં પણ આખા સામ્રાજ્ય સામે ઊભો થયેલો છે તેના નિરાકરણની સંભાવના પણ વધે. ઉપાય તો મુખ્યત્વે આપણા પોતાના હાથમાં જ રહેલો છે. (તાળીઓ)

[મૂળ અંગ્રેજી]

ધ ડાયમંડ ફિલ્ડ્ઝ એડવર્ટાઇઝર, ૨૬–૧૦–૧૯૧૨

૨૮૭. કિમ્બર્લી બૅંકવેટમાં ભાષણ[1]

[ઑક્ટોબર ૨૬, ૧૯૧૨]

મિ. ઑલિવર રમૂજમાં બોલ્યા કે કિમ્બર્લીની સુકાઈ ગયેલી ભૂમિમાં મિ. ગોખલેએ વરસાદને પોતાની સાથે લાવી તાણ મટાડી, એ સાચું હોય તો હું પણ પરોણાનો ટોસ્ટ ખુશીથી લઉં છું. સાથે એટલી પણ આશા રાખું છું કે એ વરસાદ જોહાનિસબર્ગ અને આખા યુનિયનમાં પહોંચે. અમે હિંદીઓ વહેમી પ્રજા કહેવાઈએ છીએ, અને મારા ઘણા દેશી ભાઈઓ મિ. ગોખલે વરસાદ લાવ્યા એવા તે ભાષણકર્તાના વહેમમાં ભાગ લેશે એમાં મને શંકા નથી. (તાળીઓ) પણ મને લાગે છે કે આ ટોસ્ટ ગોરા અને હિંદી બંને હાજરીનોને આવકારદાયક થશે તેનું બીજું પણ કારણ છે. અને તે એ કે મિ. ઓટ્‌સે આપણા પરોણાને તેમની ભારે ખાણ જોવા લઈ જઈ બહુ માયાળુપણું બતાવ્યું છે. જ્યારે તેઓ પરોણાને અને સાથે મને એ ગંજાવર સંચાકામોમાં લઈ ગયા ત્યારે હું તે જોઈ આશ્ચર્યચકિત થયો હતો. હાજરીનોમાંના કેટલાક મિત્રો જાણે છે કે હું સંચાની હિમાયત કરનારો નથી. મારા પોતા તરફથી તો હું ખુશીથી કહીશ કે કિમ્બર્લીમાં હીરાની ખાણો અને ભારે સંચાકામો ન હોત તોપણ હું તેને કીમતી ગણત.

દોલતમાં અને હીરામાં હું માનનારો નથી

પણ હીરાના રાજાઓની સમક્ષ હું અત્યારે છું એ સમજું છું અને તેથી તેમને નમું છું. જ્યારે તે સંચાઓ હું જોતો હતો ત્યારે એક વાતે મારા મન પર સજ્જડ અસર કરી. તે એ કે જો આ સંચા અજબ રીતે એકબીજાની સાથે રહી કામ કરી શકે છે તો માણસજાત સાથે મળી કામ ન કરી શકે? અને કરી શકે તો માણસજાતનું કેવું સુખી કુટુંબ બની જાય! તેમ થાય તો, ખરેખર, તરવારો હળમાં વપરાય, અને સિંહ ખચીત મેંઢાની સાથે સૂએ. મને એમ પણ લાગ્યું કે આ આખા સંચામાં જો એક સાંધો ઢીલો થાય તો આખું કામ ચૂંથાઈ જાય. માણસજાતની સાથે એ વિચાર સરખાવીએ તો આપણે ઘણી વખત જોયું છે કે એક ધાંધલિયો માણસ આખી સભાને ચૂંથી નાંખે છે, અને કુટુંબ માંહેનો એક અંગારો આખા કુટુંબની

૧. આ પ્રીતિભોજન કિમ્બર્લીના હિંદીઓ તરફથી આપવામાં આવ્યું હતું અને પ્રમુખસ્થાને બિકન્સ-ફીલ્ડના મેયર ટી. પ્રેટલી હતા. બોલનારાઓમાં ડબ્લ્યુ. ગૅસન, કિમ્બર્લીના મેયર, કેલનબેક, કાછલિયા અને ગોખલે હતા. "સ્થાનિક ઇતિહાસમાં આ પહેલો પ્રસંગ છે જ્યારે હિંદીઓ અને યુરોપિયનો એક મેજ પર મળ્યા હોય. . . ."

Gandhi Heritage Portal

આબરૂ બગાડે છે. વળી તેથી ઊલટું જોઈએ તો સંચાનો મુખ્ય ભાગ જો સરખું કામ કર્યે જાય તો બીજા ભાગો પણ પોતાનું કામ સરખી રીતે કર્યા કરે. મિ. ગોખલેના ઉદ્દેશને હું

પવિત્ર ઉદ્દેશ

ગણું છું. કિમ્બર્લીના આગેવાનમાં આગેવાન ગોરાઓ અને હિંદીઓ મળી એક મેજ પર ખાણું લેવા બેઠા એ બનાવમાં મિ. ગોખલે કારણરૂપ બન્યા એ મારે મન મગરૂરીની બાબત છે. ટૉલ્સ્ટૉયની જિંદગી અને શિક્ષણના એક નમ્ર અભ્યાસી તરીકે મને એમ પણ લાગે છે કે આવા મેળાવડાઓ બિનજરૂરી છે, અને તેથી કેટલીક વખત ઘણું નુકસાનો — કંઈ નહીં તો પાચનશક્તિમાં ખલેલ પહોંચાડવાનું નુકસાન થવા પામે છે. (હસાહસ) પણ હું ટૉલ્સ્ટૉયના જીવનનો અભ્યાસી છું છતાં જો આથી એકબીજાને વધારે સારી રીતે ઓળખવાની તક પૂરી પડતી હોય તો તેમાં ખામી કાઢવા તૈયાર નથી. મને આ પ્રસંગે એક સુંદર ભજનની લીટીઓ યાદ આવે છે : (તેનો તરજુમો) "જો અજ્ઞાન અંધીને દૂર કરીએ, તો એકબીજાને ઓળખીએ." અને આમ અજાણ્યા-પાણું (આંધળાપાણું) દૂર થાય તો એકબીજામાં મતભેદ હોવા છતાં એકબીજાનો ભાવ વધારે સમજી શકીએ. મારા પ્રખ્યાત દેશી ભાઈ અહીં આવેલ છે તે આ

અજ્ઞાનની આંધી દૂર કરવાને માટે જ

હિંદ અહીં મોકલી શકે એવા ઉમદામાં ઉમદા જવાહિર તરીકે તેઓ અહીં આવેલ છે. મિ. ગોખલેનાં કામો વિષે જ્યારે હું કંઈ કહું છું ત્યારે તેમની લાગણી દુખાય છે એ હું જાણું છું, છતાં મારે ફરજ બજાવવી જોઈએ. હિંદુસ્તાનમાં મિ. ગોખલેએ રાજદ્વારી ક્ષેત્રમાં જે કીર્તિ મેળવી છે તે વિષે મારા જેટલું બીજું કોઈ કહી શકે તેમ નથી. માત્ર આજીવિકા પૂરતું લઈને કેળવણીના કામમાં પોતાની જિંદગીનાં ૨૦ વરસનો ભોગ આપનાર તેઓ હતા. અત્યારે તેમના હુકમથી દોલત હાજર થાય એવી સ્થિતિ હોવા છતાં પોતે ગરીબાઈથી રહે છે. જાહેર કામને માટે તેમને જોઈએ ત્યારે હજારો પાઉંડની થેલીઓ તેમને સોંપવામાં આવે છે. હિંદુસ્તાનનો વાઇસરૉય તો માત્ર પાંચ વરસ સુધી જ હિંદુસ્તાનની સલ્તનતનો બોજો પોતાને શિર ઉઠાવે છે (કદાચ લૉર્ડ કર્ઝન જેવા સાત વરસ ઉઠાવે), અને તે પણ પાર વિનાના કારભારીઓની મદદથી, પણ મારા એક વિખ્યાત દેશી ભાઈ આ રહ્યા કે જે મદદ વિના, તાબેદારો વિના, અને માન-અકરામ વિના

સલ્તનતનો બોજો એકલા ઉઠાવ્યે જાય છે

તેઓ સી. આઈ. ઈ.નું અકરામ ધરાવે છે એ ખરું, પણ મારા મત પ્રમાણે તે કરતાં ઘણા સારા અકરામને તેઓ પાત્ર છે. મિ. ગોખલે જે અકરામને ચાહે છે તે પોતાના દેશી ભાઈઓ પ્રત્યેનો પ્રેમ, અને પોતાના અંતરાત્માની સંમતિ છે. પશ્ચિમની કેળવણી પામેલા હિંદીઓને તેઓ નમ્રતા અને ભલમનસાઈના દાખલારૂપ છે. (તાળીઓ)

[મૂળ: ગુજરાતી]

ઇન્ડિયન ઓપીનિયન, ૯–૧૧–૧૯૧૨

Gandhi Heritage Portal

૨૮૮. બ્રિ. ઇ. ઍસોસિયેશનનું માનપત્ર[1]

જોહાનિસબર્ગ,
ઑક્ટોબર ૨૮, ૧૯૧૨[2]

માનનીય ગોપાળ કૃષ્ણ ગોખલે, સી. આઈ. ઈ.
જોહાનિસબર્ગ,
વહાલા સાહેબ,

સામાન્ય રીતે યુનિયનમાં અને ખાસ કરીને ટ્રાન્સવાલમાં આવતાં બ્રિટિશ ઇન્ડિયન ઍસોસિયેશન વતી અમે આપને અંત:કરણપૂર્વક આવકાર આપવા રજા લઈએ છીએ. આપણા દેશમાં દેશી ભાઈઓના જે માનને આપ પાત્ર થયા છો તે એક જ બિના આપને અહીંયાં અમારા તરફથી ઉત્સાહભર્યો આવકાર આપવાને પૂરતી છે. પણ આપ અમારા આભાર માટે ખાસ રીતે હકદાર છો.

જ્યારે સત્યાગ્રહની લડત પુરજોસમાં ચાલી રહી હતી, અને જ્યારે આ પ્રાંતમાં આપણા સેંકડો ભાઈઓ ટેકને વાસ્તે જેલ જતા હતા ત્યારે આપની ખંતીલી મદદ અને ઉત્તેજનની અમને ખાતરી હતી. અમે જાણીએ છીએ કે સત્યાગ્રહની લડતના ફંડમાં હિંદમાંથી માતબર મદદ મળી તે આપે આપની બધી વગનો ઉપયોગ કરવાનું પરિણામ હતું. મિ. પોલાકે અમને જણાવ્યું છે કે જ્યારે તેઓ ડેલિગેટ તરીકે હિંદમાં હતા ત્યારે આપની સલાહ અને માર્ગદર્શીપણું તેમને કીમતી થઈ પડયું હતું. દક્ષિણ આફ્રિકામાં ગિરમીટિયા મજૂરો આવતા બંધ થયા તે મુખ્યત્વે કરીને આપના પ્રયાસને જ આભારી છે. આને માટે આપણા દેશી ભાઈઓ જ આભારી છે એમ નહીં, પણ અમે માનીએ છીએ કે દક્ષિણ આફ્રિકાના ગોરાઓએ પણ આ બાબત સંબંધી આપના કામને ઉત્સાહથી વધાવી લીધું છે.

હવે આપ અહીંના સવાલનો જાતે અભ્યાસ કરવા અર્થે આપની મુલાકાત આપવાનું કામ બજાવવા પધાર્યા છો તે આપના દક્ષિણ આફ્રિકા સંબંધી બીજાં કામોમાં શિરોમણિરૂપે છે. આ મુલાકાત આપને કેટલી ભારે પડશે તે અમે જાણીએ છીએ. અમારી પાસે આવવામાં આપે

૧. આ માનપત્ર તથા હમીદિયા ઇસ્લામિયા અંજુમન, જોહાનિસબર્ગના હિંદુઓ, તામિલ કલ્યાણ સમિતિ, પાટીદાર સંઘ અને પિટર્સબર્ગના હિંદીઓનાં માનપત્રો મિ. ગોખલેને જોહાનિસબર્ગમાં પાર્ક સ્ટેશને પહોંચ્યા ત્યારે આપવામાં આવ્યાં હતાં. ટ્રાન્સવાલ લીડરના હેવાલ મુજબ તે વખતે એકઠા થયેલા સમુદાયે તેમનું "સ્વાગત પૂર્વદેશીય ઉત્સાહ અને હોંકારા"થી કર્યું હતું. અને તેમના પર ગુલાબનાં ફૂલોનો વરસાદ વરસાવ્યો હતો. ગોખલે "મિ. ગાંધી સાથે મંચ પર પધાર્યા. મંચ ખૂબ શણગારેલો હતો અને તેના પર સુંદર ગાલીચા પાથરેલા હતા. મંચ પર જોહાનિસબર્ગના મેયર અને તેમનાં પત્નીએ તેમનું સ્વાગત કર્યું." આ માનપત્ર "હિંદ અને સિલોનના નકશાવાળા નક્કર સોનાના પતરા" પર કોતરેલું હતું. ઇન્ડિયન ઓપીનિયન, ૯-૧૧-૧૯૧૨.

૨. આ પ્રસંગની તારીખ નક્કી કરવા માટે એક સાધન ૯-૧૧-૧૯૧૨નું ઇન્ડિયન ઓપીનિયન છે, જે ગોખલેના જોહાનિસબર્ગ આવવાની અને આ તથા હિંદુઓના માનપત્રની તારીખ ૨૯ ઑક્ટોબર આપે છે. પણ બીજું સાધન ગોખલેની મુલાકાતની સ્મૃતિમાં પ્રસિદ્ધ કરવામાં આવેલો ઇન્ડિયન ઓપીનિયનનો ખાસ અંક જણાવે છે કે આ બધું ૨૮મી ઑક્ટોબરે બન્યું હતું. "ડાયરી, ૧૯૧૨" અનુસાર પણ આ તારીખ સાચી ઠરે છે.

Gandhi Heritage Portal

આપેલો આપભોગ અમે કદી વીસરીશું નહીં. તે માટે અમે આભાર માનીએ છીએ, અને આશા રાખીએ છીએ કે દક્ષિણ આફ્રિકાની મુલાકાતની સુખદાયક યાદગીરી આપ આપની સાથે લઈ જશો. અમે ઈશ્વરને પ્રાર્થના કરીએ છીએ કે મોટા સ્વદેશાભિમાનથી માતૃભૂમિની સેવા માટે જે કાર્યને આપે આપની જિંદગીભરની ફરજ ગણેલ છે તે કાર્ય બજાવવાને આપને લાંબી જિંદગી બક્ષે.

અમે છીએ,
તમારા સહૃદયી,
એ. એમ. કાછલિયા
ચેરમેન
મો. ક. ગાંધી
માનદ મંત્રી

[મૂળ ગુજરાતી]
ઇન્ડિયન ઓપીનિયન, ૯–૧૧–૧૯૧૨

૨૮૯. હિંદુ કોમ તરફનું માનપત્ર[1]

જોહાનિસબર્ગ,
ઑક્ટોબર ૨૮, ૧૯૧૨

માનનીય ગોપાળ કૃષ્ણ ગોખલે, સી. આઈ. ઈ.
જોહાનિસબર્ગ,
વહાલા સાહેબ,

જોહાનિસબર્ગની હિંદુ કોમના પ્રતિનિધિઓ તરીકે અમે નીચે સહી કરનારાઓ આપના પ્રત્યેના અમારા પ્રેમ અને પૂજ્યભાવની લાગણી જાહેર કરીએ છીએ.

અમારામાં એવો એક પણ નથી કે જે માતૃભૂમિના તથા પૃથ્વી પર ઠામ ઠામ વસતાં તેનાં ફરજંદોના કલ્યાણ અર્થેની આપની અથાગ મહેનતથી અજાણ હોય.

આપનું નામ અમારે માટે ઘરગતુ થઈ પડયું છે, આપની મૂર્તિ અમારા હૃદયમાં કોતરાઈ છે, અને આપનું દૃષ્ટાંત સદાયે અમને ફરજના પંથે ચઢાવે છે.

અમારા આ વસવાના મુલકમાં અમે આપને આવકાર આપીએ છીએ, અને ભરોસો રાખીએ છીએ કે અમારી વચ્ચેનો આપનો વસવાટ સુખદાયક થશે. આપના મહિમાવાન કાર્યને ચાલુ રાખવા આપને આરોગ્ય અને સામર્થ્ય મળો અને આપ ઘણું જીવો.

મો. ક. ગાંધી
(અને ૫૭ બીજા)

[મૂળ ગુજરાતી]
ઇન્ડિયન ઓપીનિયન, ૯–૧૧–૧૯૧૨

૧. આ માનપત્ર બ્રિટિશ ઇન્ડિયન ઍસોસિયેશન દ્વારા પહેલાં આપવામાં આવેલા માનપત્ર પછી આપવામાં આવ્યું હતું. જુઓ આ પહેલાંનો લેખ.

Gandhi Heritage Portal

૨૯૦. ટ્રાન્સવાલ લીડરને મુલાકાત[1]

[જોહાનિસબર્ગ,
ઑક્ટોબર ૩૦, ૧૯૧૨][2]

લીડર જણાવે છે કે આથી વિશેષ વાત કરવાને મિ. ગોખલેને વધુ વખત મળે તેમ નહોતું. તે ઉમેરે છે કે મિ. ગોખલેની મુલાકાત લેતાં અમારા પ્રતિનિધિને મિ. ગાંધીની મુલાકાત થઈ હતી. તેમણે કહ્યું કે મિ. ગોખલેનો વખત બચાવવા માટે કેટલાક સવાલોના જવાબ પોતે વધારે સગવડતાથી આપી શકશે.

સ. : આ બાબતમાં તપાસ કરવા હિંદી સરકાર તરફથી પ્રતિનિધિ તરીકે નિમાઈને મિ. ગોખલે આવેલ છે?

જ. : ના, તેઓ પોતાની મેળે જ આવેલ છે, છતાં હિંદી સરકાર અને વડી સરકારને જાણ કરીને અને તેમની અનુમતિ મેળવીને તેઓ આવ્યા છે. વિલાયતથી ઊપડતાં પહેલાં મિ. ગોખલેને હિંદી પ્રધાન લૉર્ડ ક્રૂ, કૉલોનિયલ પ્રધાન મિ. હારકોર્ટ, દક્ષિણ આફ્રિકાના હાઈ કમિશનર સર રિચર્ડ સૉલોમન, તથા યુનિયનના ઓપોઝિશનના માજી વડા સર સ્ટાર જૅમિસન સાથે ઇન્ટરવ્યૂ થયા હતા.

સ. : તેઓ દક્ષિણ આફ્રિકામાં કેટલો વખત રહેનાર છે?

જ. : મિ. ગોખલે તા. ૬ઠ્ઠી નવેમ્બરે નાતાલ માટે ઊપડશે. ડરબનમાં તેમને આવકાર આપવાને મોટા પાયા ઉપર તૈયારીઓ થઈ રહી છે. તા. ૧૪મીએ તેઓ પ્રિટોરિયા ખાતે પ્રધાનોની મુલાકાત લેશે, અને ત્યાર બાદ ડેલાગોઆ બે થઈને હિંદને રસ્તે તુરત ઊપડી જશે.

સ. : આવા અગત્યના કામ માટે મુલાકાતનો આ વખત બહુ જ ટૂંકો ગણાય.

જ. : ટૂંકો છે જ, પણ મિ. ગોખલેને હિંદી ધારાસભામાં પોતાની ફરજો બજાવવાને ડિસેમ્બર બેસતાં જ પહોંચવું જોઈએ.

સ. : છતાં તેમને ઉમેદ છે કે તેઓ યુનિયન પ્રધાનોની મુલાકાત લે ત્યાં સુધીમાં પોતાના નિર્ણયો ચોક્કસ રીતે બાંધવા શક્તિમાન થશે?

કાંઈ હક જતા કરવાના નથી

જ. : હા, એમ જ છે. અલબત્ત હિંદીઓના હકની જે વાત છે તેમાં તેમને વિચાર બાંધવાના બાકી નથી. તેઓ ખુલ્લા મને આવેલા છે તેનો એ અર્થ છે કે આ સવાલની ગોરાઓની બાજુ સમજવા તેમને કાળજી છે. તેઓ તેમના વિચારમાં સુવિખ્યાત દેશભક્ત હોઈ પોતાના દેશી ભાઈઓના કાંઈ હક જતા કરવાનો વિચાર કરે એ તો બની શકે એમ છે જ નહીં. છતાં તેમના વિચારોને અમલમાં મૂકતાં પહેલાં, જે લોકોએ આ મુલકમાં હિંદીઓ સામે હિલચાલ

૧. ટ્રાન્સવાલ લીડરમાં મિ. ગોખલેની મુલાકાતનો વિસ્તૃત હેવાલ પ્રગટ થયો હતો.

૨. ઇન્ડિયન ઓપીનિયનમાં આવેલા કોઈ પણ હેવાલમાં આ મુલાકાતની તારીખ આપવામાં આવી નથી. પણ હેવાલમાં ઉલ્લેખ કર્યો છે તે ક્રેસવેલ તેમ જ પારસી પ્રતિનિધિમંડળ ૬૦મી ઑક્ટોબરે મિ. ગોખલેને મળ્યાં હતાં.

Gandhi Heritage Portal

ચાલુ રાખી છે તેમના સંબંધમાં આવવાથી જે માહિતી મળે તેના આધારે પોતાના વિચારો ફેરવવાપણું છે એમ જણાય તો તેમ કરવા તેઓ તૈયાર છે.

વિશેષ વાત કરતાં મિ. ગાંધીએ કહ્યું કે

હું માનું છું સવાલ તારવતાં વાત માત્ર રહીશ હિંદીઓ પ્રત્યેની વર્તણૂકની જ રહે છે, અને મિ. ગોખલે પણ આવો જ મત ધરાવે છે. હું ધારું છું કે મિ. ગોખલે આ સંબંધમાં એવા સામાન્ય નિર્ણય ઉપર આવ્યા છે કે અહીંના રહીશ હિંદીઓને "સિવિક ઈક્વોલિટી" મળવી જોઈએ, એટલે કે યુનિયનની અંદર અહીંથી તહીં જવામાં તેમને અટકાયત ન થવી જોઈએ, અને બધાને એકસરખા હોય એવા અંકુશો તળે વેપાર કરવાને તેમને છૂટ હોવી જોઈએ.

ફ્રી સ્ટેટનું શું!

સ. : ફ્રી સ્ટેટ વિષે શું ધાર્યું?

જવાબમાં મિ. ગાંધીએ કહ્યું કે

ફ્રી સ્ટેટ સંબંધી કાયદાનો હજુ મિ. ગોખલે અભ્યાસ કરી રહ્યા છે, અને એ બાબતમાં તેઓ કેવા વિચાર પર આવશે એ કહેવાનું મુશ્કેલ છે. મારો પોતાનો મત એવો છે કે હજુ થોડાંએક વરસ સુધી ફ્રી સ્ટેટ જમીનની માલિકી અને વેપાર કરવાના હક સંબંધી પોતાની રાજનીતિ ચાલુ રાખશે. પણ ઈમિગ્રેશનની બાબતમાં તો સમાધાનીની એ શરત છે કે જે નવા ઈમિગ્રન્ટો દાખલ થાય તેમને યુનિયનના કોઈ પણ ભાગમાં જવાની છૂટ હોવી જોઈએ. તેથી ઈમિગ્રેશનની બાબતમાં ફ્રી સ્ટેટની અટકાયતને શરણ અમે નહીં થઈએ. પણ એક દિવસ ફ્રી સ્ટેટમાંથી બીજી અટકાયતો પણ દૂર કરવી જોઈશે જ. નહીં તો યુનિયનનું ફારસ થયું કહેવાય.

[મૂળ ગુજરાતી]

ઇન્ડિયન ઓપીનિયન, ૯–૧૧–૧૯૧૨

૨૯૧. જોહાનિસબર્ગમાં ગોખલેના માનમાં યોજાયેલા ભોજન-સમારંભમાં ભાષણ[૧]

ઑક્ટોબર ૩૧, ૧૯૧૨

શ્રી ગાંધીએ અધ્યક્ષ અને મહેમાનોના માનમાં ટોસ્ટની દરખાસ્ત મૂકતાં કહ્યું કે, આ ટોસ્ટની દરખાસ્ત મૂકતાં હું ગૌરવ અનુભવું છું. આજનો દિવસ હિંદીઓ માટે ગૌરવનો દિવસ છે, કારણ કે આપ સૌએ, બ્રિટિશ હિંદી સંઘના આમંત્રણને માન આપીને અમારા દેશના એક પ્રખ્યાત અને પહેલાં ઘણા વક્તાઓએ કહ્યું છે તેમ, જેના આપણે સૌ અંગરૂપ છીએ એવા આ સામ્રાજ્યના સુયોગ્ય પુરુષનું સ્વાગત કરવા માટે અહીં આટલા ઉમંગથી પધારવાની કૃપા કરી છે. અમારી લડત જ્યારે પુરજોશમાં હતી ત્યારે રચવામાં આવેલી આ કમિટીનો

૧. આ ભોજન-સમારંભ બ્રિટિશ હિંદી સંઘ તરફથી યોજવામાં આવ્યો હતો. પ્રમુખસ્થાને મેયર એલિસ હતા. આવા સમારંભોમાં આ સૌથી મોટો હતો. તેમાં ૫૦૦ મહેમાનોએ હાજરી આપી હતી. આ પ્રસંગે વેનગોલ્ડ અને ન્યૂમેંને સાટીન કાપડ પર છાપેલી ભોજન-સામગ્રીની યાદી શ્રી ગોખલેને અર્પણ કરી હતી.

Gandhi Heritage Portal

શ્રી ગોખલેએ પોતે આભાર માન્યો હતો. હું માનું છું કે, આ કમિટીએ, જેમ બ્રિટિશ હિંદીઓની ભારે સેવા કરી છે તેમ સામ્રાજ્યની પણ ભારે સેવા કરી છે. જેઓ પોતાના અંતરાત્માની પ્રેરણા મુજબ લડતા હતા તેમનામાં આ કમિટીની સ્થાપનાથી નવી આશાનો સંચાર થયો હતો. જે સમયે અને જે પ્રસંગે આ કમિટી રચવામાં આવી હતી તે સમય અને તે પ્રસંગ દક્ષિણ આફ્રિકાની હિંદી કોમ કદી ભૂલશે નહીં. આપણે ઘણા ભોજન-સમારંભ કર્યા છે, ઘણા યુરોપિયન મિત્રો અને સહાનુભૂતિ દર્શાવનારાઓએ તેમાં હાજરી આપી છે, પણ મને એવો એકે પ્રસંગ યાદ નથી જ્યારે અમારા નમ્ર આમંત્રણને માન આપીને દક્ષિણ આફ્રિકાના મહાન રાજકારણી પુરુષો તથા મહાન નાગરિકો આટલી મોટી સંખ્યામાં હાજર રહ્યા હોય. તેથી શુભેચ્છાના ટોસ્ટની આ દરખાસ્ત મૂકતાં મને અત્યંત આનંદ થાય છે.

[મૂળ અંગ્રેજી]

ઑન. મિ. ગોપાલ કૃષ્ણ ગોખલેઝ વિઝિટ ટુ સાઉથ આફ્રિકા, ૧૯૧૨

૨૯૨. વી. એસ. શ્રીનિવાસ શાસ્ત્રીને પત્ર

ટૉલ્સ્ટૉય ફાર્મ,
લૉલી સ્ટેશન,
ટ્રાન્સવાલ,
નવેમ્બર ૩, ૧૯૧૨

પ્રિય શ્રી શાસ્ત્રિયાર,[૧]

મેં આપના વિષે એટલું બધું સાંભળ્યું છે કે આપણે એકબીજાને ઓળખતા હોઈએ એવું લગભગ મને લાગે છે. એટલે ઓળખીતાને લખતો હોઉં એ રીતે જ લખું છું.

શ્રી ગોખલે આખું પખવાડિયું સખત પરિશ્રમ કર્યા પછી અહીં એમને મળી શકે એવો એકબે દિવસનો આરામ લઈ રહ્યા છે. શ્રી ગોખલે જરૂરી આરામ લે એવો મેં આગ્રહ કર્યો છે તેથી આપને લખવાનું કામ તેમણે મને સોંપ્યું છે. પ્રવાસ દરમ્યાન દરેક જગ્યાએ સુંદર સ્વાગત-સમારંભો થયા. સોસાયટીને મોકલેલા કાગળો પરથી આપ જોશો કે એ સમારંભોમાં અનેક જાણીતા યુરોપિયન આગેવાનોએ ભાગ લીધો છે. મારા અભિપ્રાય મુજબ, શ્રી ગોખલેનું મિશન ફળદાયી થયા વિના રહેવાનું નથી. શ્રી ગોખલેનાં વ્યાખ્યાનોની દરેક જગ્યાએ ઘણી પ્રશંસા થઈ છે. હિંદ જતી સ્ટીમરોની અનિયમિતતાને કારણે શ્રી ગોખલેનો કાર્યક્રમ બદલવો પડશે. હવે તેઓ એસ. એસ. અમકુઝી, જે આ મહિનાની ૨૦મીએ ડરબનથી ઊપડે છે તેમાં

૧. વી. એસ. શ્રીનિવાસ શાસ્ત્રી (૧૮૬૯–૧૯૪૬) ગોખલેના અવસાન પછી ૧૯૧૪માં સર્વન્ટ્સ ઑફ ઇન્ડિયા સોસાયટીના પ્રમુખ થયા. ૧૯૧૬માં વાઇસરૉયની લેજિસ્લેટિવ કાઉન્સિલમાં અને ૧૯૨૦માં કાઉન્સિલ ઑફ સ્ટેટમાં ચૂંટાયા. ૧૯૨૧માં લીગ ઑફ નેશન્સમાં હિંદના પ્રતિનિધિમંડળના સભ્ય. ૧૯૨૧માં વૉશિંગ્ટનમાં ભરાયેલી આર્મામેન્ટ (આયુધ) કૉન્ફરન્સના સભ્ય. એ જ વરસે પ્રિવી કાઉન્સિલર બન્યા; દક્ષિણ આફ્રિકામાં હિંદ સરકારના એજન્ટ જનરલ નિમાયા; ૧૯૩૦માં લંડનમાં ભરાયેલી હિંદ-ખિટન ગોળમેજી પરિષદમાં તથા ૧૯૩૨માં કેપટાઉનમાં ભરાયેલી હિંદ–દક્ષિણ આફ્રિકા ગોળમેજી પરિષદમાં પ્રતિનિધિ નિમાયા. ગાંધીજીની અંગ્રેજી આત્મકથા એન ઑટોબાયોગ્રાફીની ૧૯૪૦ની આવૃત્તિમાં અનુવાદકની પ્રસ્તાવનામાં જે "આદરણીય મિત્ર"નો ઉલ્લેખ છે, તે શ્રી શાસ્ત્રી જ છે.

Gandhi Heritage Portal

નીકળશે, અને ૭મી ડિસેમ્બરની[1] આસપાસ કોલંબો પહોંચશે. આપ કૃપા કરી તપાસ કરતા રહેશો? શ્રી ગોખલે ઇચ્છે છે કે, શ્રી રામનાથન તેમને કોલંબોમાં મળે અને આપ મદ્રાસમાં મળો.

ટિકિટ હજી કઢાવી નથી. આ પત્ર આપને પહોંચે તે પહેલાં તારથી ચોક્કસ વિગતો મોકલવામાં આવશે.

આપનો સહૃદયી
મો. ક. ગાંધી

[મૂળ અંગ્રેજી]
લેટર્સ ઑફ શ્રીનિવાસ શાસ્ત્રી, એશિયા પબ્લિશિંગ હાઉસ, ૧૯૬૩

૨૯૩. મૅરિત્સબર્ગમાં ગોખલેના માનમાં યોજાયેલા સત્કાર-સમારંભમાં ભાષણ[2]

નવેમ્બર ૭, ૧૯૧૨

શ્રી ગાંધીએ કહ્યું કે, હું છેલ્લાં ૧૮ વરસથી દક્ષિણ આફ્રિકામાં રહું છું. ગંગા એક પવિત્ર નદી છે અને આજે જો તેનો પ્રવાહ શ્રી ગોખલે રૂપે અમસિદુસી નદીને આવી મળ્યો હોય તો આજનો દિવસ આ શહેર માટે ગૌરવનો દિવસ છે. હિંદીઓને મદદ કરવાનો શ્રી ગોખલેનો ઉદ્દેશ પાર પડશે કે કેમ એ જોવાનું તો હજી બાકી રહે છે. પણ શ્રી ગોખલેએ પોતાની મુલાકાતની સફળતાની સાચા દિલથી આશા રાખી છે તે ફળીભૂત થશે કે નહીં તેનો ઘણો આધાર દક્ષિણ આફ્રિકાના લોકો પર રહેશે. તેમના ઉદ્દેશને ઉદાર અને ઉદાત્ત ભાવનાથી સમજવાનો પ્રયત્ન કરવામાં આવશે તો તેને અજોડ સફળતા મળ્યા વિના નહીં રહેશે. (તાળીઓ)

[મૂળ અંગ્રેજી]
ઇન્ડિયન ઓપીનિયન, ૧૬–૧૧–૧૯૧૨

૧. હકીકતમાં ગોખલેજી ૨૯–૧૧–૧૨ને રોજ ઝાંઝીબારથી એસ. એસ. પ્રેસિડેન્ટ મારફત રવાના થયા હતા.

૨. સભામાં મૅરિત્સબર્ગના બધા આગળ પડતા નાગરિકો અને મોટી સંખ્યામાં હિંદીઓ હાજર હતા. સભાનું પ્રમુખસ્થાન પ્રાંતના ઍડમિનિસ્ટ્રેટરે લીધું હતું. હિંદીઓએ ગોખલેને માનપત્ર આપ્યું હતું. ઍડમિનિસ્ટ્રેટર, મેયર સાન્ડર્સ તથા બીજા યુરોપિયનોએ પણ ભાષણ કર્યાં હતાં.

Gandhi Heritage Portal

૨૯૪. મૅરિત્સબર્ગમાં ગોખલેના માનમાં યોજાયેલા ભોજન-સમારંભમાં ભાષણ[1]

[નવેમ્બર ૮, ૧૯૧૨]

શ્રી ગાંધીએ "અમારા યુરોપિયન મિત્રો"ને (ટોસ્ટથી) તંદુરસ્તી ઇચ્છતાં કહ્યું કે, હું એક હિંદી તરીકે અને હિંદીઓ વતી બોલું છું. હું જ્યારે કહું છું કે, અમારા મહેમાન, હિંદના એક પ્રસિદ્ધ પુત્રનું સ્વાગત કરવામાં જે યુરોપિયનોએ અમને દિલથી મદદ કરી છે તેમના અમે બેવડા ઋણી છીએ, ત્યારે હું સઘળા હિંદીઓની લાગણી વ્યક્ત કરું છું. આપ સૌ ઘણા સદ્‌ભાવથી પ્રેરાઈને ચાલ્યા છો. હિંદીઓ હાલ સંઘ રાજ્યના નિર્માણની પ્રક્રિયામાંથી પસાર થઈ રહ્યા છે. આ પ્રક્રિયા દરમ્યાન હું આપને સર પર્સી ફિટ્‌ઝપેટ્રિક અને મિ. મેરીમૅને સંઘના નિર્માણ પહેલાં આપેલી સલાહ યાદ રાખવાની અને જ્યારે જ્યારે તમને કાંઈ કર્કશતા લાગે ત્યારે એ વસ્તુ તરફ 'કન્વેન્શનની સુમેળની ભાવના'થી જોવાની વિનંતી કરું છું. હાલ આપણા મનમાં જે એક મોટો સવાલ છે તે સવાલ તરફ શ્રી ગોખલેના દૃષ્ટિબિંદુથી જોવા હું આપ સૌને આગ્રહ કરું છું. (હર્ષનાદ) એમ કરીશું તો આપણું આ સમારંભમાં સાથે બેસવું વ્યર્થ નહીં જાય એવું મારું માનવું છે. શ્રી ગોખલે જ્યાં જ્યાં ગયા છે ત્યાં શાંતિની ભાવના પેદા થઈ છે. હું આશા રાખું છું કે, એ ભાવના એમના ગયા પછી અલોપ નહીં થઈ જાય, પણ ચાલુ રહેશે અને વધુ ઊંડી બનતી જશે. કેમ કે છેવટે આપણે સહુ એક ધ્વજ નીચે શાંતિથી અને પ્રેમથી એકસાથે નહીં રહી શકીએ એવું કોઈ કારણ મને દેખાતું નથી.

[મૂળ અંગ્રેજી]

ઑન. મિ. ગોપાલ કૃષ્ણ ગોખલેઝ વિઝિટ ટુ સાઉથ આફ્રિકા, ૧૯૧૨

૨૯૫. ડરબનના સ્વાગત-પ્રસંગે ભાષણ[2]

[નવેમ્બર ૮, ૧૯૧૨]

મિ. ગાંધીએ

પોતાના ભાષણમાં જણાવ્યું કે કોઈ અકસ્માતથી વોટરની તપસીલમાં એકાદ ખૂણામાં મારું નામ આવી ગયું છે, અને તેને લીધે આજે સભાજનોને — ગોરાઓને — મારા શહેરી ભાઈઓ, એમ કહીને બોલાવવા હું શક્તિમાન થાઉં છું. મિ. ગોખલેના ગુણોનો ખ્યાલ કરાવતાં તેમણે કહ્યું કે મિ. ગોખલેને એકલા હિંદના કરોડો લોકો જ નહીં, પણ ઇંગ્લંડના લોકો પણ એક મહાન રાજદ્વારી પુરુષ ગણે છે. વાઇસરૉયોને મિ. ગોખલેની સલાહ માગવાની જરૂર પડી છે, કેમ કે મિ. ગોખલે હિંદના લોકમતના બળવાન નેતા છે. તેમણે હિંદી નેશનલ કૉંગ્રેસને હમેશાં દોરી છે, અને તે ઉપરાંત દેશની કેળવણીમાં મોટો ભાગ લીધો છે. એ વગેરે અનેક તરેહથી મિ. ગોખલે મહાન નર હોવા છતાં જે હકો માટે આપણે બૂમ પાડી રહ્યા છે તે હકો મિ. ગોખલેથી એકલે

૧. આ ભોજન-સમારંભ મૅરિત્સબર્ગની સ્વાગત સમિતિ તરફથી યોજવામાં આવ્યો હતો. બોલનારાઓમાં મૅરિત્સબર્ગના ઍડમિનિસ્ટ્રેટર અને ગોખલે હતા.

૨. ટાઉન હૉલમાં રાખવામાં આવેલા આ સમારંભમાં મિ. રૉયપેને માનપત્ર વાચ્યું હતું. તે એક સોનાના પતરા પર કોતરવામાં આવ્યું હતું અને તેને અબનૂસની ફ્રેમમાં મઢવામાં આવ્યું હતું.

Gandhi Heritage Portal

હાથે મેળવી શકાવાના નથી, પણ તે હકો માટે આપણે હજુ લડવું પડશે, અને જેલમાં જવું પડશે. વગેરે.

[મૂળ ગુજરાતી]

ઇન્ડિયન ઓપીનિયન, ૧૬–૧૧–૧૯૧૨

૨૯૬. ગોખલેના માનમાં અપાયેલા ડરબનના ખાણામાં ભાષણ[૧]

નવેમ્બર ૧૧, ૧૯૧૨

મિ. ગાંધી

એ પોતાના ટૂંક ભાષણ દરમ્યાન કહ્યું કે જોકે હિંદીઓએ ઘણાયે કડવા ઘૂંટડા અગાઉ પીધા છે, છતાં અત્યારે ગોરા મિજબાનોની સલામતી માટે આ મીઠો ઘૂંટડો પીવાને હું મારા ભાઈ-ઓને ભલામણ કરું છું. આપણાં ઘણાંએક દુ:ખો છતાં જેમ લાખો નિરાશામાં અમર આશા છુપાયેલી હોય છે, તેમ આપણા દુ:ખમાં ઘણા ગોરા મિત્રોએ આપણી મદદે આવી સહાય કરી છે, અને તે મિત્રોમાં, મેજર સિલબર્ન, જોકે તેઓ એમ ધારે છે કે હિંદ તલવારથી જિતાયું હતું અને તલવારથી રખાયું છે,[૨] છતાં તેમનો હું સમાવેશ કરું છું. હિંદ તલવારથી જિતાવા અને રખાવાની બાબતમાં હું તેમનાથી જુદો પડું છું, અને જણાવું છું કે એવો વિચાર ધરાવવામાં તેઓ અંધારામાં ગોથાં ખાય છે. કેમ કે ઇંગ્લાંડ જો ન્યાયથી ચાલવા માગતું હોય તો એક હાથમાં ન્યાય અને એક હાથમાં તલવાર એ બે વિરુદ્ધ વાત બને નહીં.

[મૂળ ગુજરાતી]

ઇન્ડિયન ઓપીનિયન, ૨૩–૧૧–૧૯૧૨

૨૯૭. પ્રિટોરિયામાં ગોખલેના સત્કાર-સમારંભમાં ભાષણ[૩]

નવેમ્બર ૧૪, ૧૯૧૨

શ્રી ગાંધીએ કહ્યું કે, પ્રિટોરિયા સમિતિના અધ્યક્ષે મને બે શબ્દો કહેવાની વિનંતી કરી છે. સમિતિના નિમંત્રણને માન આપી અહીં પધારેલા યુરોપિયન મિત્રોનો અને ડેપ્યુટી મેયરનો હું આભાર માનું છું. પ્રવાસ દરમ્યાન બધી જગ્યાએ લોકોએ શ્રી ગોખલે પ્રત્યે ભારે સદ્‌ભાવ અને સૌજન્ય દાખવ્યાં છે. તેમના સ્વાગતમાં હિંદીઓ સાથે યુરોપિયનો પણ જોડાયા એ ઘણી જ સંતોષની વાત છે. શ્રી ગાંધીએ, જનરલ બોથા, અબ્રાહમ ફિશર તથા જનરલ સ્મટ્સના, સમા-રંભમાં હાજર રહેવાની પોતાની અશક્તિ દર્શાવતા પત્રો વાંચી સંભળાવ્યા અને ડેપ્યુટી મેયરને સભાનું કામ શરૂ કરવા વિનંતી કરી.

[મૂળ અંગ્રેજી]

ઑન. મિ. ગોપાલ કૃષ્ણ ગોખલેઝ વિઝિટ ટુ સાઉથ આફ્રિકા, ૧૯૧૨

૧. આ સમારંભમાં લગભગ ૫૦૦ યુરોપિયનો અને હિંદીઓ હાજર હતા. બોલનારાઓમાં સર ડેવિડ હંટર, ડરબનના મેયર એફ. સી. હોલન્ડર અને ગોખલે હતા. સર ડેવિડ હંટર પ્રમુખસ્થાને હતા.

૨. સિલબર્ને કહ્યું હતું કે દક્ષિણ આફ્રિકામાં હિંદી સવાલ દક્ષિણ આફ્રિકાએ હલ કરવાનો છે. તેમાં ગ્રેટ બ્રિટન કે હિંદુસ્તાનની દખલ દક્ષિણ આફ્રિકા સહન નહીં કરે.

૩. ડેપ્યુટી મેયર જે. એચ. એલ. ફિન્ડલે પ્રમુખસ્થાને હતા.

Gandhi Heritage Portal

૨૯૮. મગનલાલ ગાંધીને પત્ર

[લૉલી,
નવેમ્બર ૧૭, ૧૯૧૨ની આસપાસ][1]

ચિ. મગનલાલ,

તમારો કાગળ મળ્યો. પ્રોફેસર ગોખલેના સ્પીચીઝ મિ. કેલનબૅક આગળ નથી જોવામાં આવ્યા. ત્યાં સ્ટેશન ઉપર લૉસ્ટ લગેજ ઑફિસમાં તજવીજ કરજો. વખતે એક બંડલ જ રહી ગયું હોય. હું આવ્યો તે તારીખનું છે.

મહમદ કાસમ કમરુદ્દીનને[2] હજુ જાહેર ખબર બાબત કહેજો. તે જવાબ આપે તે મને જણાવજો.

નિશાળમાં[3] છોકરાઓને નથી જવા દેતા તે બાબત શું હિલચાલ ચાલે છે તે દાદા શેઠથી જાણજો. મિ. સુબ્રમનિયમ[4] પાસેથી પણ દરેક અઠવાડિયે ખબર મેળવી નાખતા રહેવું જોઈએ. તેમ જ મિ. પૉલને મળી. આમ કરવાથી તેઓના પ્રસંગમાં તમે આવશો ને કીમતી ખબરો મેળવી શકશો. આમાં વખત જાય એ સમજું છું. પણ નવરાશે કરવાનું છે. તે થઈ શકે જો ફિનિક્સમાં એકતાર થાય તો. તે કેમ થાય તેનો જવાબ તમારા બધાના હાથમાં છે ને તેની જવાબદારી પણ તમારા હાથમાં છે.

મિ. આયરને[5] પૂછજો ને સીકેડી પિલ્લેના કેસના ખબર કાઢજો. મિ. પૉલ તમને તે જ ખબર તુરત આપી શકશે.

મોહનદાસના આશીર્વાદ

[મૂળ ગુજરાતી]

ગાંધીજીના હસ્તાક્ષરમાં લખાયેલા મૂળ પત્રની છબી પરથી : એસ. એન. ૫૭૪૧

૧. કાગળના પહેલા પૅરામાં ગોખલેની સ્પિચીઝનો ઉલ્લેખ છે. ગોખલેએ તેમની દક્ષિણ આફ્રિકાની મુલાકાત — ઑક્ટોબર ૨૨, ૧૯૧૨થી નવેમ્બર ૧૨, ૧૯૧૨ દરમ્યાન આપેલાં ભાષણો સંબંધમાં તે હોવો જોઈએ એમ લાગે છે. ગાંધીજી, જેઓ આખા પ્રવાસમાં ગોખલેની સાથે હતા, નવેમ્બરની ૮મીએ ડરબન આવ્યા હતા ("ડાયરી, ૧૯૧૨"ની તે તારીખની નોંધ પણ જુઓ) અને નવેમ્બરની ૧૨મીએ ત્યાંથી વિદાય થયા હતા. કાગળ મગનલાલ ગાંધીને સંબોધીને લખાયો છે. તેઓ તે અરસામાં ફિનિક્સ પ્રેસમાં કામ કરતા હતા એટલે આ ભાષણો ડરબનમાં કે ફિનિક્સમાં ગુમ થયાં હોવાં જોઈએ. કાર્યક્રમ પ્રમાણે પ્રવાસના અંતમાં, નવેમ્બરની ૧૫મીએ, ગાંધીજી ટૉલ્સ્ટૉય ફાર્મ પર આવ્યા હતા. ફિનિક્સના ઇન્ટરનેશનલ પ્રિન્ટિંગ પ્રેસ તરફથી ગોખલેની દક્ષિણ આફ્રિકાની મુલાકાતની સ્મૃતિમાં, તેમનાં ભાષણોને સંપાદિત કરીને પ્રગટ કરવામાં આવેલા વિશેષ પ્રકાશનની પોલાકે લખેલી પ્રસ્તાવનાની નીચે તારીખ નવેમ્બર ૨૦, ૧૯૧૨ છે. એટલે નવેમ્બરની ૧૬ કે ૧૭મીએ ગાંધીજી ગોખલેને વિદાય આપવા લૉરેન્સો માર્ક જવા ઊપડ્યા તે અરસામાં આ કાગળ લખાયો હોવો જોઈએ.

૨. ડરબનના એક હિંદી વેપારી.

૩. ડરબનમાં એચ. એલ. પૉલ મારફત ચાલતી એક હિંદી શૈક્ષણિક સંસ્થા.

૪. આ શાળા વિષે ગાંધીજીની સલાહ લેનાર નાતાલના હિંદી કેળવણીકાર.

૫. આફ્રિકન ક્રૉનિકલવાળા મિ. પી. એસ. આયર.

Gandhi Heritage Portal

૨૯૯. જમનાદાસ ગાંધીને પત્ર

[નવેમ્બર ૧૭, ૧૯૧૨][1]

ચિ. જમનાદાસ,

તમારા કાગળ મળ્યા છે. હું ફુરસદે જ જવાબ લખી શકીશ. હાલમાં એટલું લખું છું કે તમે રહસ્ય સમજ્યા છો એટલે તેને અનુસરીને જિંદગીનું વર્તન ચલાવજો.[2]

[મૂળ ગુજરાતી]

ગાંધીજીના હસ્તાક્ષરમાં પેન્સિલથી લખાયેલા મૂળ પત્ર પરથી : એસ. એન. ૧૬૬૩૯
શ્રી નારણદાસ ગાંધીના સૌજન્યથી

૩૦૦. લૉરેન્સો માર્કમાં ગોખલેના માનમાં યોજાયેલા ભોજન-સમારંભમાં ભાષણ[3]

[નવેમ્બર ૧૮, ૧૯૧૨]

શ્રી મો. ક. ગાંધીએ કહ્યું, લૉરેન્સો માર્ક એક વાર મલેરિયાગ્રસ્ત વિસ્તાર તરીકે પ્રખ્યાત હતું, એ વખતની વાત મને યાદ છે. પણ આજે આ શહેર એટલું તંદુરસ્ત છે કે, અહીં યુરોપિયન મહેમાનોની તંદુરસ્તી ઇચ્છવાનું નિરર્થક છે. આપે માંસ અને મદિરા વિનાનું ભોજન પણ લીધું છે એ બાબત પણ તંદુરસ્તીને પોષક છે. મારા અભિપ્રાય મુજબ આજનો આ સમારંભ અનોખો છે. આપણી વચ્ચે ખ્રિસ્તીઓ, યહૂદીઓ, હિંદુઓ, મુસલમાનો અને પારસીઓ મોજૂદ છે. મને ટૂંકમાં પતાવવાની આજ્ઞા થઈ છે, એટલે હું બ્રિટિશ કૉન્સલ જનરલ મૅકડોનેલની તથા આજના મહેમાનોની તંદુરસ્તી ઇચ્છવા સૌને વિનંતી કરું છું.

[મૂળ અંગ્રેજી]

ઇન્ડિયન ઓપીનિયન, ૭–૧૨–૧૯૧૨

૧. આ પત્રની પાછલી બાજુએ સૌજન્ય શ્લેશિને શ્રી જમનાદાસ ગાંધીને લખેલો ટૂંકો પત્ર છે. તેના ઉપરની તારીખ ૧૮ નવેમ્બર, ૧૯૧૨ છે.

૨. ગાંધીજી આટલું લખીને લૉરેન્સો માર્ક જવા માટે નીકળી ગયા, અને પત્ર મિ. પોલાક મારફતે મોકલવામાં આવ્યો, એવું પત્રની છેવટમાં મિ. પોલાકના હસ્તાક્ષરમાં લખેલી સૂચનાઓ પરથી માલૂમ પડે છે.

૩. આ ભોજન-સમારંભનું પ્રમુખસ્થાન બ્રિટિશ કૉન્સલ જનરલ હેરોલ્ડ મૅકડોનેલે લીધું હતું.

Gandhi Heritage Portal

૩૦૧. એક તાર[1]

આર. પી. ડી. કૉનપ્રિન્ઝ

[નવેમ્બર ૧૯, ૧૯૧૨ અથવા તે પછી]

ધન્યવાદ. કાર્યક્રમ અનુકૂળ. ગોખલેની તબિયત સંતોષકારક. તેમને તકલીફ ન આપશો.

[મૂળ અંગ્રેજી]

ગાંધીજીના હસ્તાક્ષરમાં લખાયેલ મૂળ મુસદ્દાની છબી પરથી : એસ. એન. ૫૭૩૬

૩૦૨. ગોપાળ કૃષ્ણ ગોખલેને પત્ર

દારેસલામ

ડિસેમ્બર ૪, ૧૯૧૨

પ્રિય શ્રી ગોખલે,

મેં હમણાં સાંભળ્યું કે હિંદ જનારી ટપાલ અરધા કલાકમાં નીકળી જશે (હમણાં સવારના ૯–૩૦ વાગ્યા છે). અમે અહીં હજી બે દિવસ વધુ રોકાવાના છીએ.

લૉરેન્સો માર્કમાં પેટી[2] મળી છે અને તે આપને રવાના કરવામાં આવે છે એવો જોહાનિસબર્ગથી તાર મળતાં, મેં આપને માટે તાર[3] કર્યો હતો. આશા છે કે એ તાર આપને મળ્યો હશે. કુમારી શ્લેશિનને પણ તાર[4] કરીને પેટીનો વીમો ઉતરાવવા જણાવ્યું છે.

અને હવે મારી અપૂર્ણતાઓ માટે આપ મને ક્ષમા નહીં કરો? મારે આપના લાયક શિષ્ય બનવું છે. આ બનાવટી નમ્રતા નથી, પણ એક હિંદીને શોભે એવી ગંભીર વાત છે. પૂર્વના દેશોના શિષ્યની જે કલ્પના મારા મનમાં છે તેને હું મારામાં મૂર્તિમંત કરવા માગું છું. આપણી વચ્ચે વિચારમાં ગમે તેવા મતભેદો હશે, પણ રાજકીય જીવનમાં મારા આદર્શ તરીકે હજી પણ આપ જ રહેશો.

ઊંટવૈદની થોડી વાત સાંભળો. પુષ્કળ ઉપવાસ, દિવસમાં બે જ વાર ભોજનના નિયમનું કડક પાલન, આપના ખોરાકમાંથી દરેક જાતના મરીમસાલાનો સંપૂર્ણ અભાવ, દરરોજ કચુને પદ્ધતિ મુજબ સ્નાન, નિયમિતપણે ગ્રામપ્રદેશમાં ઝડપથી ચાલવું (વિચાર કરવામાં સ્ફૂર્તિ આવે

૧. ગોખલે ૧૮–૧૧–૧૯૧૨ને રોજ મધ્યરાત્રે ગાંધીજી તથા કૅલનબૅક સાથે જર્મન ઈસ્ટ આફ્રિકા લાઇનની આર. પી. ડી. કૉનપ્રિન્ઝ સ્ટીમરમાં બેઠા હતા. રસ્તે ગોખલે અને તેમના સાથીઓ બેર (નવેમ્બર ૨૧–૨૨), મોઝામ્બિક (નવેમ્બર ૨૫) અને ઝાંઝીબાર (નવેમ્બર ૨૭) ઊતર્યા હતા. એ દરેક સ્થળે તેમનો સત્કાર કરવામાં આવ્યો હતો અને માનપત્રો આપવામાં આવ્યાં હતાં. એટલે આ તાર ગાંધીજીએ નવેમ્બરની ૧૮મી અને ૨૬મી વચ્ચે ઉપરના ત્રણમાંના એક સ્થળની સ્વાગત સમિતિને કર્યો હોવો જોઈએ.

૨. આ ઘણું કરીને એ જ પેટીની વાત છે, જેમાં ખ્રિ. ઇ. ઍસોસિયેશને શ્રી ગોખલેને આપેલું સોનાના પતરા પર કોતરેલું માનપત્ર હતું. જુઓ પાદટીપ ૧, પા. ૬૫૫ અને "ડાયરી, ૧૯૧૨"માં નવેમ્બરની ૨૮મી તારીખની નોંધ, એ દિવસે પેટી પ્રથમ ગુમ થઈ હતી.

૩. ૪. મિ. ગોખલે અને કુમારી શ્લેશિનને કરેલા તારો મળતા નથી.

Gandhi Heritage Portal

તેટલા માટે આંટા મારવા તે નહીં), પૂરતા પ્રમાણમાં જૈતૂનનું તેલ અને ખાટાં લીંબુ, અને રાંધેલા ખોરાકનો ધીમે ધીમે ત્યાગ — આટલું કરો તો આપ મધુપ્રમેહના દર્દમાંથી મુક્તિ મેળવશો અને આપના હાલના શરીરમાં, આપના સેવાજીવનમાં આપ માનો છો તેના કરતાં થોડાં વધુ વરસોનો ઉમરો કરશો.

મિ. કૅલનબૅક આપને નમસ્કાર કહાવે છે.

આપનો સહૃદયી
મો. ક. ગાંધી

[તા. ક.]

આપના તારથી અમને બંનેને આનંદ થયો. આપ મહેરબાની કરીને શાસ્ત્રિયારને અથવા બીજા કોઈ હિં. સે.ને (હિંદ સેવક સમાજના સેવકને) મોમ્બાસાના સ્વાગત સમારંભનો હેવાલ મને ઇન્ડિયન ઓપીનિયન માટે મોકલવા કહેશો?

મો. ક. ગાંધી

[મૂળ અંગ્રેજી]

ટાઇપ કરેલી નકલની છબી પરથી : સી. ડબ્લ્યુ. ૪૮૪૨

૩૦૩. જોહાનિસબર્ગમાં હિંદી કેળવણી

જોહાનિસબર્ગમાં હિંદી બાળકોની કેળવણી માટે એક જુદી નિશાળ ખોલવા કેટલાક વખત થયાં હિલચાલ થઈ રહી હતી. ટ્રાન્સવાલની સરકાર બીજી કોમોની કેળવણી માટે જે સગવડો પૂરી પાડે છે તેવી સગવડ ત્યાંની હિંદી કોમને પણ મળવી જોઈએ એવી માગણી કરવામાં આવી હતી. તે બધી માગણીઓ ત્યાંના કેળવણી ખાતાએ હવે કબૂલ કરી છે. આ સંબંધમાં મિ. હબીબ મોટણ સાથે થયેલો છેલ્લો પત્રવ્યવહાર અમે બીજી જગ્યાએ છાપીએ છીએ. તેમાં હિંદી બાળકોને તેની માદરી ભાષા શીખવવાની સગવડ પૂરી પાડવા વિષે કબૂલાત આપવામાં આવી છે. બીજું શિક્ષણ પણ માદરી ભાષાની મારફત આપવામાં આવશે એ વાત ખાસ ધ્યાન ખેંચનારી છે. દરેક પ્રજાનાં બાળકોને માદરી ભાષાના શિક્ષણની કેટલી જરૂર છે તે વિષે અમે ઘણી વખત લખી ચૂક્યા છીએ. માદરી ભાષા એ પ્રજાના જીવનનો એક મુખ્ય ઝરો છે. તે ઝરો બંધ થયો એટલે પ્રજાની જીવનદોરી ટૂંકી થઈ એમ સમજવું. દક્ષિણ આફ્રિકાની અંદર નાતાલમાં હિંદીઓની વસ્તી બીજા બધા પ્રાંતો કરતાં મોટી છે. ત્યાં સરકારની મદદથી ચાલતી હિંદી નિશાળોમાં હિંદી ભાષાઓના શિક્ષણની કંઈ પણ સગવડ કરી આપવામાં આવેલી નથી. આમાં સરકારનો દોષ કાઢવા કરતાં અમે હિંદીઓનો જ દોષ કાઢીશું. કોઈ કોઈ ખાનગી નિશાળોમાં ગુજરાતી તથા તામિલ ભાષા શીખવવામાં આવે છે ખરી, પણ નાતાલમાં નિશાળે જતાં છોકરાંઓની સંખ્યાનો વિચાર કરીએ તો પૂરા પાંચ ટકા જેટલાં છોકરાંઓને તેઓની માદરી ભાષાનું શિક્ષણ આપવામાં આવતું હોય એ શંકાની વાત છે. જોહાનિસબર્ગની હિંદી કેળવણીની હિલચાલમાં જે ફતેહ મળેલી છે તે ઉપરથી બીજા પ્રાંતો ઘડો લેશે એવી અમે આશા રાખીએ છીએ.

[મૂળ ગુજરાતી]

ઇન્ડિયન ઓપીનિયન, ૭–૧૨–૧૯૧૨

Gandhi Heritage Portal

[ઉપરોક્ત બાબતના ગાંધીજીના અંગ્રેજી લેખનો અનુવાદ નીચે આપ્યો છે.]

દેશી ભાષા મારફતે શિક્ષણ

દક્ષિણ આફ્રિકાનાં હિંદી બાળકોની કેળવણીના ઇતિહાસમાં પહેલવહેલી એ વાત હવે સ્વીકારવામાં આવી છે કે શાળાઓમાં હિંદી બાળકો માટે શિક્ષણના માધ્યમ તરીકે હિંદી ભાષાઓ રાખવી જરૂરી છે. જોહાનિસબર્ગમાં હિંદી શાળા[1] ખોલવા બાબત વિટવૉટર્સરૅન્ડ સેન્ટ્રલ સ્કૂલ બોર્ડે સ્વીકારેલી શરતોમાં એક શરત એ છે કે ગુજરાતી ભાષાને "એક ભાષા તરીકે શીખવવામાં આવે અને તેનો ઉપયોગ શિક્ષણના માધ્યમ તરીકે કરવામાં આવે." અમને આશ્ચર્ય થાય છે કે નાતાલમાંનું કેળવણી ખાતું હજી એટલું પણ સમજી શકયું નથી કે શાળા શિક્ષણમાં માતૃભાષા તદ્દન આવશ્યક વસ્તુ છે. આજે પરિસ્થિતિ એ છે કે નાતાલમાં સરકારી અંકુશ હેઠળ ચાલતી એક પણ હિંદી શાળામાં વિદ્યાર્થીઓની ભાષા મારફતે શિક્ષણ આપવામાં આવતું નથી. એક કે બે શાળાઓમાં શિક્ષકો મહેરબાની રાહે, જે વિદ્યાર્થીઓ ખાસ ઇચ્છતા હોય તેમને શાળાના સમય બાદ એ ભાષાઓ શીખવે છે, તે સિવાય એ શાળાઓમાં હિંદી ભાષાઓ ભાષા તરીકે પણ શીખવવામાં આવતી નથી. પ્રિટોરિયામાં શ્રી ગોખલેએ પોતાના વિદાય ભાષણમાં હિંદી ભાષાઓ શાળાના સમય દરમ્યાન શીખવવા પર ભાર મૂકયો હતો. તેમણે એમ પણ કહ્યું હતું, અને તે યોગ્ય હતું, કે જ્યાં સુધી આ ભાષાઓ ભણાવવામાં નહીં આવે ત્યાં સુધી હિંદી કોમને પોતાના હિસાબો સારી રીતે રાખવા માટે આ ભાષાઓ જાણનારા કારકુનોને અને બીજા કાર્યકર્તાઓને હિંદુસ્તાનથી અહીં બોલાવવા માટે વાજબી કારણ મળશે. પણ આ બધા કરતાં, અમે હિંદી ભાષાઓના શિક્ષણને એટલા માટે મહત્ત્વ આપીએ છીએ કે, માણસ પોતાની માતૃભાષાના જ્ઞાન સિવાય સાચો દેશભક્ત બની શકતો નથી. માતૃભાષાના જ્ઞાન વિના તેના વિચારો વિકૃત થઈ જાય છે અને તેમના અંતરમાંથી માતૃભૂમિનો પ્રેમ ઓસરી જાય છે. પરદેશી ભાષાના માધ્યમથી હિંદના ધર્મો અને સાહિત્યની કદી કદર થઈ શકે નહીં. સંસ્થાનમાં જન્મેલા આપણા યુવકોની તેજસ્વી બુદ્ધિની અમે ઘણી પ્રશંસા કરીએ છીએ, છતાં અમને તેમનામાં કંઈક ત્રુટિ દેખાય છે અને તે ત્રુટિ સાચા હિંદી વિચાર, ઇતિહાસ અને સાહિત્યના જ્ઞાનની છે. તેઓમાંના ઘણા અંગ્રેજી સિવાય બીજી ભાષા બોલી શકતા નથી. કેટલાકને માતૃભાષાનું કેવળ ઘરગતુ વાતચીત કરવા જેટલું જ્ઞાન હોય છે, પણ ભાગ્યે જ કોઈ હિંદની મહાન ભાષાઓ વાંચી-લખી જાણે છે. આ ભારે દયાજનક સ્થિતિ છે. તેથી અમે વિટવૉટર્સરૅન્ડ સ્કૂલ બોર્ડના ડહાપણભર્યા નિર્ણયને વધાવી લઈએ છીએ અને આશા રાખીએ છીએ કે થોડા જ વખતમાં દક્ષિણ આફ્રિકાની બધી હિંદી શાળાઓમાં હિંદી ભાષાઓનું શિક્ષણ શરૂ થશે.

[મૂળ અંગ્રેજી]

ઇન્ડિયન ઓપીનિયન, ૭–૧૨–૧૯૧૨

૧. આ ઘણું કરીને તે જ શાળા છે જેનો ઉલ્લેખ ગાંધીજીએ ૨૫મી ઑગસ્ટની બ્રિટિશ હિંદી સંઘની સભાના પોતાના ભાષણમાં કર્યો હતો. અને જેને માટે તે વખતે કમિટી નીમવામાં આવી હતી. ૧૬મી નવેમ્બરે વિટવૉટર્સરૅન્ડની જનરલ સ્કૂલ બોર્ડના મંત્રીએ હબીબ મોટણ, જેઓ તે કમિટીના સભ્ય હતા તેમને નીચેની શરતોએ શાળા (જોહાનિસબર્ગમાં નિશાળની હિલચાલ, પા. ૩૪૨–૩) કાઢવાની મંજૂરી આપવા લખ્યું હતું: (ક) શાળાનો પ્રિન્સિપાલ યુરોપિયન હશે અને તેનો પગાર સરકાર આપશે અને તે શાળાનું નિરીક્ષણ પણ કરશે. (ખ) શિક્ષકોના કુલ પગારની અડધી રકમ હિંદીઓ આપશે જેના બદલામાં સરકાર બંધબેસતી ગ્રાંટ આપશે. ગુજરાતીને ભાષા તરીકે શીખવવામાં આવે અને શિક્ષણના માધ્યમ તરીકે પણ તેનો ઉપયોગ કરવામાં આવે એ બાબત બોર્ડના મંત્રી સંમત થયા હતા. ઇન્ડિયન ઓપીનિયન, ૭–૧૨–૧૯૧૨.

Gandhi Heritage Portal

૩૦૪. જમનાદાસ ગાંધીને પત્ર

માગશર સુદ ૯ [ડિસેમ્બર ૧૮, ૧૯૧૨][1]

ચિ. જમનાદાસ,

જે દહાડે હું જે. બી. [જોહાનિસબર્ગ] ઊતર્યો તે જ દહાડે તમે ગયા. તમારા બંને કાગળો મળ્યા છે. તમારા કાગળો વાંચીને હું જ ફાડી નાંખીશ. તમારી તબિયત બગડી એ હું પણ નથી સમજી શકતો. ચિ. છગનલાલ જણાવે છે કે આ વેળા તમારામાં શહૂર ન હતું. તમે જે સહુથી બળિયા ગણાતા તે થાકી જતા. આ બધું બતાવે છે કે આ વખતનો ખોરાકનો અખતરો તમને માફક નથી આવ્યો. કયાં ભૂલ થઈ છે એ તો હું પાસે હોત તો જ બતાવી શકત. તમારો સ્વભાવ પણ ચીડિયો થઈ ગયો હતો એમ છગનલાલ કહે છે. છ માસ પૂરા થયે દૂધ ઘી દહીં વ. ઉપર જજો. સાકરની કે મીઠાની તો જરૂર નહીં પડે. પણ તે ઉપર જવું ઘટે તોપણ જઈ તમારું શરીર સુધારજો. પછી વળી હું આવું ત્યારે અખતરો કરવો હોય તો કરવો. તમારું શરીર સરસ ન રહે તો તમારા અખતરા ઉપર કોઈને શ્રદ્ધા નહીં રહે અને જો તમારો સ્વભાવ ઠેકાણે ન રહે તો એ અખતરો તમને પણ કામનો નહીં.

હવે તમારા સવાલોના જવાબ.

દહીં ન ખાઈએ તો વાસ્તવિક રીતે માખણ, છાશ પણ ન ખાવાં જોઈએ. પણ જો દહીં ત્યાજ્ય હોય તો માખણ છાશ એ તેમાંનો ભાગ જ છે. ઓછાં સ્વાદિષ્ટ હોય તેથી ઓછાં દોષિત. પણ એ સૂક્ષ્મ ભેદ તમારે ખ્યાલમાં રાખવાની જરૂર નથી. તમે ઘી ખાઓ તો દૂધ, દહીં વ. ખાવાં. પાછળથી જોઈ લઈશું.

ટોપરાનું તેલ ખાનાર ટોપરું ખાય તેમાં કંઈ હરકત નહીં. વળી ટોપરું વધારે ઠીક ગણાય. પણ જેને ઘઉં ન પચે તેને તેનો સત્ત્વ પચે તેમ ટોપરું ન પચે તે વખતે તેલ પચાવી શકે. વળી દાંત ન હોય તેને તેલ ઠીક. તારી દશા એવી થવાનો સંભવ રહે છે. તલનું પણ એ જ પ્રમાણે. પાંચ રૂપિયાભાર તેલ પેટમાં જાય એટલા તલ ખાવાને ઘણો જથો તલનો ખાવો જોઈએ તે કદી ન ખાઈ શકાય. ખોળ બાકી રહી જાય છે ને કેટલાક બંધારણને સારુ તે બાકી રહેવો જોઈએ.

માત્ર કેળાં ખાઈને જ નિભાવ તો થાય. તેવા માણસ નટ ન ખાય તો ચાલે. મને લાગ્યા કરે છે કે લીલા મેવા કરતાં બદામાદિ મીંજમાં વધારે પુષ્ટિ છે.

તમને ગૂમડાં થવાનાં બે કારણ સૂઝે છે. ખોરાક યોગ્ય નહીં લેવાવાથી લોહીનું તેજ ઘટયું તેથી ફિનિક્સની મંદ હવાએ તમારી ઉપર તુરત અસર કરી. અથવા તો ફિનિક્સનું પાણી માત્ર ચામડીની ઉપર જ એવી અસર કરે. જેમ થોર સ્વચ્છ લોહીવાળાને લાગવાથી પણ ચામડી ઉપર બાહ્ય અસર કરશે.

પિચકારી વાટે પેટમાં સાધારણ રીતે થોડી હવા જાય તો કંઈ નુકસાન થવાનો સંભવ નથી. પેટમાં વખતે દુખે, કેમ કે વાયુનો પ્રવેશ એમ થાય તે નકામો છે. પ્રવેશ થયો હોય ત્યારે

૧. જમનાદાસ ગાંધી ભારત આવવા ડિસેમ્બર ૧૪, ૧૯૧૨ને રોજ નીકળ્યા હતા. આ પત્ર તેમના નીકળી ગયા પછી લખાયેા હેાય એવું લાગે છે.

Gandhi Heritage Portal

પાયખાને જઈ કરાંજવું એટલે ઘણે ભાગે હવા નીકળી જાય. હવા જવાથી જિંદગી સાધારણ રીતે ન જાય. પણ કૃષ્ણા જેવા નાજુક શરીરને ભયંકર પરિણામ આવે ખરું.

પેટમાં બિગાડ સારુ કંઈક અંશે વેટશીટ પૅક જરૂર કામ કરે. ચામડીનાં અસંખ્ય છિદ્રો વાટે તેલ કાઢે એટલો ભાર ઓછો જ ગણાય ને તેથી વખતે દસ્ત પણ આવે.

જ્યારે દરદીને માટીનો પાટો પણ ન અપાય ને અપવાસની અશક્તિ હોય ત્યારે તેના શરીરમાં બિગાડ હોય નહીં ને હોય તે હરકતકર્તા ન હોય. તે વેળા ગરમ દૂધ કે એવો બીજો પદાર્થ આપીને દરદીને સતેજ કરવો ને પછી માટી આદિ ઉપચાર કરવા. જો શરીર એટલું ક્ષીણ થયું હોય કે ભીનું પાણી સરખું ન અડકાડાય ને પાવલું પાણી પણ ન અપાય તો જાણવું કે દરદીનો આખર વખત છે. સંતોષ માની તેના મરણની રાહ જોવી. તેમ જોતાં પણ વખતે દરદી પાછો સાવધાન થાય.

કંઈક પ્રવૃત્તિ કરવી જ જોઈએ એવો સદાયનો નિયમ નથી. કેટલીક વેળા નિવૃત્તિ જ દરદીને સારુ ઘટે. કૃષ્ણા જેવા દરદીને ચોખાની કે કોઈ પ્રકારની આકરી ભાખરી પણ ન અપાય. તેવા દરદીને આંતરડાનો વરમ હોય છે. એટલે બહુ સાદો પ્રવાહી પદાર્થ જ અપાય. આ ઉપાય "એંટેરિક" આદિ તાવને સારુ છે. કૃષ્ણા જેવા દરદીને ઑરેંજ સ્ક્વૉશ ગાળીને અપાય. તેમાં છોડાં કે ગર્ભ જરાયે ન હોવાં જોઈએ.

નાજુક દરદીને ઘણો જ ઝાડો ઊતરે તો પેટ ઉપર બરફના પાણીનાં પોતાં મૂકવાં. તે છતાં બંધ ન પડે તો ઝાડો આવવા દેવો જોઈએ.

દરદી બકે ત્યારે તેને ઈજા થાય છે એમ સમજવું. તેને માથે ને પેટે માટીના પાટા મૂકવા, ખૂબ ખુલ્લી હવા આપવી. પછી બકે તો ભલે. કાળે કરીને બંધ થાય. જો "વાઈટેલિટી" ખવાઈ ગઈ હોય તો બકતો દરદી છેવટે મરણ પામશે.

છ માસ વીત્યા પછી તમારો અંતરાત્મા કહે તે ખોરાક તમારે પ્રફુલ્લિત મનથી લેવો.

શાળાનું કામ સહેજે શિખાય તો શીખવું. તેનો આગ્રહ નથી. પરમેશ્વર અને મા બન્નેથી આપણે ડરતા નથી તેથી તેને "તું" વહાલમાં કહીએ છીએ. બાપનો ભય રહે છે, એટલે તેને એકાએક "તું" નથી કહેતા. બીજાઓ તો દૂર જ છે. તેઓ પરમેશ્વરની કે માની જગ્યા લઈ ન જ શકે.

સુગ્રીવે વાલીને મરાવ્યો એ વસ્તુતાએ તો સારું ન જ કહેવાય. અમુક અંશે તેનો બચાવ કરી શકાય. રામાયણ મહાભારતમાં સુપાત્રોએ કરેલાં બધાં કાર્યનો બચાવ થઈ શકે એવું છે જ નહીં. કવિએ પણ તેઓને સંપૂર્ણ નથી કલ્પ્યા.

બાઇસિકલ ઉપર એટલો બધો મોહ હોય તો બેસીને પછી મોહ ઉતારવો. બાઇસિકલ ગામડાંઓ વ.માં જતાં વાપરવામાં ઢોરોનો ભય છે. ઢોરોને આપણી બાઇસિકલનું જ્ઞાન ન હોવાથી તે ભડકીને સામે થાય છે. મિ. કેલનબેક ઉપર નિશ્ચિતપણે કાગળ લખવો. હું કાગળ લખ્યા કરીશ.

મોહનદાસના આશીર્વાદ

[મૂળ ગુજરાતી]

ગાંધીજીના હસ્તાક્ષરમાં લખાયેલા મૂળ પત્રની છબી પરથી: સી. ડબ્લ્યુ. ૫૬૪૧

શ્રી નારણદાસ ગાંધીના સૌજન્યથી

Gandhi Heritage Portal

૩૦૫. મિ. ગોખલેનું દેશ પહોંચવું

તવારીખમાં રહી જનારી છે એવી મિ. ગોખલેની આ દેશની મુલાકાતનો હેવાલ સાંભળવા અને તેમને માન આપવાને મળેલી મુંબઈની જાહેર સભાનો કંઈક હેવાલ ફટરે આપણને પહોંચાડયો છે.[૧] તે હેવાલ મિ. ગોખલેને બંધાયેલી આશાનો ખ્યાલ આપણને આપે છે.

હિંદુસ્તાનમાં કેટલાક હિંદી એમ માને છે કે દક્ષિણ આફ્રિકામાં આપણે ગમે તેટલા હિંદી વસવાટ કરવા માગે તેને આવવાની છૂટ માગીએ છીએ. આવો ભાવ આપણે દેશથી આવતાં છાપાંમાં કોઈ કોઈ વાર જોઈએ છીએ. વળી કેટલાક હિંદના આગેવાનો પણ એવી માગણી કરે છે. આવા ટીકાકારોને જવાબ આપતાં મિ. ગોખલેએ જણાવ્યું કે આપણે એવી જાતના હક માગતા નથી અને એમ માગણી કરવી એ આપણે સારુ ઠીક છે એમ પણ નથી. કાયદેસર હક સચવાય એટલાથી સંતોષ રાખવાની આપણી ફરજ છે એમ તેઓ સાહેબે સૂચવ્યું છે. તેમણે ઉમેર્યું કે જો આપણે વાજબી વર્તણૂકની ઉમેદ રાખીએ તો આપણે ગોરાઓની ફિકર અને ધાસ્તીનું હાર્દ સમજવું ઘટે. આ સમજની ઉપર આપણી સ્થિતિનો કેટલેક દરજ્જે આધાર છે એમાં શક નથી. અને એ સમજ મિ. ગોખલેએ મુંબઈની સભાને આપેલી જણાય છે.

ઇમિગ્રેશન કાયદાનો અમલ આણઘટતી રીતે નહીં થાય[૨] એવી આશા યુનિયન સરકારે મિ. ગોખલેને બંધાવી છે. તે આશા કેટલે દરજ્જે ફળે છે તે આપણે જોવાનું છે. એનો આધાર આપણી વર્તણૂક ઉપર વધારે રહેશે. ત્રણ પાઉંડનો કસાઈ કર જે મજૂરવર્ગ ઉપર પડે છે તે જશે એમ મિ. ગોખલે ચોક્કસ માને છે. આવતી પાર્લમેન્ટમાં તે રદ થવાનું બિલ નહીં આવે તો અમે આશ્ચર્ય પામશું.

પણ મોટામાં મોટો ને બહુ ગૂંચવાડાભરેલો વેપારી પરવાનાનો સવાલ રહી જશે. તેને સારુ હિંદી કોમે મહા પ્રયાસ કરવો પડશે એવી અમારી ખાતરી છે. જ્યાં જ્યાં મિ. ગોખલે ગયા ત્યાં ત્યાં તે સવાલનો ચર્ચા યુરોપિયનો સાથે ખુલ્લા થઈ છે ને તેનો નિવેડો સંતોષકારક રીતે કેમ થાય એ કોઈ ગોરો બતાવી શકયો ન હતો. યુનિયન સરકારે પણ પોતાની ગૂંચવણો મિ. ગોખલે પાસે મૂકી હતી. મિ. ગોખલે ધારે છે કે તેને સારુ આપણે અહીં મહેનત કરવી પડશે. દેશમાં તેઓ સાહેબ આપણા સવાલ ઉપર ધ્યાન દેનારું ખાસ મંડળ સ્થાપવા ધારે છે ને તેના સેક્રેટરી ઘણે ભાગે પોતે જ થશે. અને તેઓ સાહેબ ધારે છે કે વિલાયતની કમિટી

૧. ૬૪મી ડિસેમ્બરે ભરાયેલી આ સભામાં ગોખલેએ દક્ષિણ આફ્રિકાના હિંદીઓના સવાલો ગણાવ્યા હતા. તેમણે જણાવ્યું હતું કે જો ત્યાંના હિંદીઓ પોતાના તરફ વાજબી વહેવારની અપેક્ષા રાખતા હોય તો તેમણે યુરોપિયન કોમ, જેના મનમાં કોલોનીઓ બિનગોરાથી ઊભરાઈ જવાનો ડર હતો, તેના વાજબી ભયનો વિચાર કરવો જોઈએ. એ હકનો સવાલ નહોતો પણ "લોકો માટે શ્રેષ્ઠ શું છે તેનો સવાલ હતો." વધારામાં તેમણે ગાંધીજીના "અદ્‌ભુત વ્યક્તિત્વ અને કાર્યને" ભવ્ય અંજલિ આપી; ઇન્ડિયન ઓપીનિયન, ૨૧–૧૨–૧૯૧૨. ગોખલેના ભાષણના પૂરા અહેવાલ માટે જુઓ પરિશિષ્ટ ૨૩.

૨. મિ. ગોખલે ૧૪મી નવેમ્બરે પ્રિટોરિયામાં સ્મટ્સ, બોથા અને ફિશરને મળ્યા હતા તથા ૧૫, નવેમ્બર ૧૯૧૨ને રોજ જોહ્નસ્ટનને; જુઓ પરિશિષ્ટ ૨૨.

Gandhi Heritage Portal

જારી રહેવી જોઈએ. તે કમિટી નિભાવવાનો પણ સહેલો રસ્તો મિ. ગોખલેએ સૂચવ્યો છે તેનું વર્ણન હવે પછી આપવા ધારીએ છીએ.

[મૂળ ગુજરાતી]

ઇન્ડિયન ઓપીનિયન, ૨૧–૧૨–૧૯૧૨

૩૦૬. મિ. ગાંધીની "નજરકેદ"[૧]

ફિનિક્સ,
ડિસેમ્બર ૨૩, ૧૯૧૨

સાહેબે સવાલ પૂછ્યો: "તું હિંદી છે?"
જવાબ: "હા, જી."
સ.: "તું હિંદમાં જન્મ્યો હતો?"
જ.: "હા, જી."
સ.: "તારી પાસે કાંઈ કાગળિયાં છે?"
જ.: "ના, જી. હું ટ્રાન્સવાલની કોર્ટનો વકીલ છું ને મારી પાસે જોહાનિસબર્ગની રિટર્ન ટિકિટ છે. મારે આજે જ તે તરફ જવાનો વિચાર છે."
સાહેબ બોલ્યા: "તેની ફિકર નહીં. તું બેસ. તારો નિકાલ હું પાછળથી કરીશ."

(ઉપરના સવાલજવાબ ઈંગ્રેજીમાં થયા હતા. ઈંગ્રેજીમાં "તું" સૂચવનારો શબ્દ નથી વપરાતો. "સાહેબે" "યુ" વાપરેલો. પણ જે ઢબની અંદર વપરાય તે પ્રમાણે તેનો અર્થ "તું" થઈ શકે. આ "સાહેબે" "તું"ની ઢબે વાપરેલો તેથી મેં તેણે વાપરેલા "યુ"નો તરજુમો "તું" કર્યો છે.)

મિ. કેલનબેક અને હું લોકમાન્ય મિ. ગોખલેને જંગબારની આગળ ટાંગા સુધી વળાવી વળતાં ડેક ટિકિટથી આવ્યા હતા. અમારી ટિકિટ ડેલાગોઆ બે સુધીની હતી. બેરાથી વખત બચાવવાને સારુ સ્ટીમર બદલાવી હતી. આ સ્ટીમરમાં અમારી જેમ ડેકમાં તે જ વર્ગના લગભગ સાઠ ઉતારુ હતા. તે બધાને ડેલાગોઆ બેના ઈમિગ્રેશન અમલદારે તપાસી તેઓને ડેલાગોઆ બે ઊતરવાની રજા આપેલી. ઉતારુઓને માત્ર થોડા કલાક રહી આગગાડી લઈ જોહાનિસબર્ગ જવું હોય તો તેઓનો તપાસ અમલદાર કરતો હતો. તપાસ કરીને સહુને ઉતારવાના પરવાના આપતો.

અમારી સાથેના ઉતારુ ઘણાખરા ગ્રીક હતા. તેઓ ગરીબ હતા. તેઓની તપાસણી વખતે હું હાજર હતો. તેઓની તપાસમાં લગભગ દોઢ કલાક ગયો હશે. રહેઠાણ, ધંધો વગેરેના સવાલ પછી તેઓને પરવાના અમલદાર આપી દેતો હતો. ઘણાખરા જોહાનિસબર્ગ જનારા હતા અને તેઓની પાસે કંઈક કાગળો પણ જોવામાં આવતા હતા. મુખ્યત્વે કરીને તે કાગળો તેઓની પાસે પા. ૨૦ હતા તેના પુરાવાના હતા. મારી વારી આવી ત્યારે "સાહેબે" મથાળા ઉપર ટાંકયા છે તે સવાલો કર્યા.

૧ "ડાયરી, ૧૯૧૨"માં નવેમ્બર ૨૯ની નોંધમાં આ બનાવનો ટૂંકો ઉલ્લેખ છે.

Gandhi Heritage Portal

મારી પછી મિ. કૅલનબૅકની વારી આવી. મિ. કૅલનબૅકને પૂછ્યું: "તમારી પાસે કંઈ કાગળિયાં છે?" મિ. કૅલનબૅકે ના પાડી. વળી તેમણે મારા વિષે ઓળખાણ પડાવી, અમે બન્ને લો. મિ. ગોખલેને મૂકવા ગયા હતા તે પણ કહ્યું. મને લાગે છે કે અમલદારે તે વાત પૂરી સાંભળી પણ નહીં. માત્ર તે એટલું જ બોલ્યો: "એનો કેસ હું પાછળથી જોઈશ. એનય હું પરવાનો નથી આપી શકતો. એ હિંદી છે." મિ. કૅલનબૅકે દાંત કચડ્યા. તેને બહુ માઠું લાગ્યું. પોતાનો પરવાનો તો તુરત મળ્યો. એ તેને ઝેર સમાન જણાયો. મને મૂકીને શું તે એકલા કિનારે જાય? એ તો કેમ જ બને? આવા વિચારથી તેનું દિલ ભેદાયું. તેને પોતાનો પરવાનો લેતાં શરમ થઈ. લેતાં લેતાં પોતાના ગુસ્સામાં અમલદારને સંભળાવવા મારા તરફ જોઈ બોલ્યા, "લેતો જા, તું તો 'એશિયાટિક' છે, તારી ચામડી કાળી છે. હું યુરોપિયન છું ને ગોરો છું. તારે તો કેદ જ રહેવું પડશે." (અહીં "તું" શબ્દ સ્નેહસૂચક છે.) હું હસ્યા કરતો હતો પણ મારા દિલમાં તો આતશબાજી ફૂટી રહી હતી: "હું કેમ હિંદી? આ અમલદાર કેવો જુલમી? ગોરા કેવા ખરાબ? મારા હિંદી કેવા ખરાબ? ગોરાનો શો વાંક? અમલદાર શું કરે? મારા ભાઈઓએ દક્ષિણ આફ્રિકામાં જે છાપ બેસાડી તેના લાભ ને તેની સજા મારે ઉઠાવવાં જ જોઈએ. આજે સજા ભોગવું છું કાલે લાભ ઉઠાવીશ. દક્ષિણ આફ્રિકાના હિંદીઓનો શો વાંક? હિંદના હિંદી તેવા આપણે. આમાં મારી શી ફરજ? અમલદાર ઉપર ગુસ્સો કરવાની? નહીં જ. અમલ તો આંધળો છે. ત્યારે મૂંગા બેસવું? જ્યાં દુઃખ હોય ત્યાં તેનો નિવેડો લાવવા પ્રયત્ન કરવો ઘટે. શું પ્રયત્ન કરાય? મારે મારી ફરજ બજાવવી. મારે સ્વાર્થી ન રહેવું, ન થવું. મારા ડેકના હિંદી સાથીઓ ગંદકીમાં રહેતા, તેઓ માટે મારી રહેણીથી દાખલો બેસાડવો. મારે ડેકના ઉતારુ તરીકે ફરી તેઓને વીનવવા કે તેઓ પોતાનું માન સમજે ને જાળવે. ગંદકી વગેરેનાં કારણ નાબૂદ કરે. ગોરાના સીધા સમજી શકાય તેવા કાયદાને માન આપી તેઓના આડા ને ન સમજાય તેવા કાયદાની સામે દૃઢતા ને હિંમતપૂર્વક તેઓ થાય.

આ દાખલા પછી મારે સમજવું જોઈએ, કે મારા જેવાએ તો ડેકની જ મુસાફરી બને ત્યાં સુધી કરવી જોઈએ. તો જ ડેકના ઉતારુઓની સ્થિતિનો ખરો ચિતાર આવે ને તેઓને કંઈક મદદ પણ થાય." આવા પ્રકારની ફરજ હું સમજ્યો. આ વિચારો બધા એક પલની અંદર આવેલા હોવા જોઈએ. વિચારનો વેગ બહુ જોરાવર છે એ સહુ કોઈ, જેણે તેનો ખ્યાલ ન કર્યો હોય તે આ વાંચતાં વાંચતાં પણ અનુભવી શકે છે. અને એ વિચારો મારા ઘવાયેલા મગજ-માં ઊલટીસૂલટી રીતે આવ્યા કર્યા હશે ને છેવટે મગજ તદ્દન શાંત થયું. શાંત થયું એટલું જ મને ભાન છે. એ ભાન છે એ ઉપરથી સમજું છું કે ગરમ પણ થયું હતું.

હું તો આમ અર્ધસ્વપ્ન દશામાં ખુરશીને ચોંટીને બેઠો હતો. મિ. કૅલનબૅક અશાંતિમાં રહી હેરફેર કર્યા કરતા હતા. પીંજરામાં પુરાયેલા સિંહના જેવો તેનો દેખાવ હતો. કેટલાક હિંદી ભાઈ અમને લેવાને કિનારા પર ઊભા હતા. તેઓને મિ. કૅલનબૅકે મારા નજર કેદખાનાની વાત કરી. તેઓએ કહ્યું, "અમે તો મિ. ગાંધીને ઉતારવાનો કાલનો બંદોબસ્ત કર્યો છે. ફરીથી માણસને મોકલીએ છીએ. તે હમણાં પરવાનો લઈ આવવો જોઈએ." આ ખબર મિ. કૅલનબૅક મને આપી ગયા. પણ તેમની ધીરજ ન રહી. વળી પાછા અમલદાર પાસે ગયા. વળી તેણે કહ્યું, "મારાથી હમણાં કંઈ નહીં બને." જ્યારે બીજા બધા કેસ ખલાસ થયા ત્યારે અમલદાર ચાલ્યો. મને કહેતો ગયો કે મારા કેસને હજુ વખત લાગશે. અમલદાર ગયા પછી થોડી મુદતે ડેલાગોઆ બેના હિંદીઓએ કરેલો બંદોબસ્ત સફળ નીપજ્યો. તેઓનો માણસ પરવાનો લાવ્યો.

Gandhi Heritage Portal

તે પેલા અમલદારના કારકુનને બતાવવામાં આવ્યો. કારકુને તે ઉપરથી મને રજાચિઠ્ઠી આપી ને હું છૂટો થયો. મિ. કૅલનબૅક ને હું કિનારે ઊતર્યા ને તે જ દહાડે ડેલાગોઆ બેના હિંદીઓની બરદાસ ભોગવી જોહાનિસબર્ગની ગાડીમાં બેઠા.

ઉપરના કિસ્સામાંથી હું તો બહુ શીખ્યો. ઇન્ડિયન ઓપીનિયનના વાંચનારને કંઈક ખ્યાલ આવે ને તેઓ પણ શીખે એવું ધારી તેઓની આગળ રજૂ કર્યો છે. એટલે શું આવું મારી ઉપર જ બન્યું છે કે તે પુરાણ હું ઇ. ઓ.ના વાંચનારની પાસે મૂકી તેઓને કંટાળો આપું? આવો સવાલ કોઈ પણ વાંચનારના મનમાં નહીં ઊઠે એમ હું ધારું છું. મારા કરતાં હજાર દરજ્જે ભારે દુઃખ ડેલાગોઆ બેના ને બીજાં બંદરો પર બીજા હિંદીઓ ઉપર પડ્યાં છે એમ જાણું છું તેથી હું બળ્યો. ને તેથી મારો કિસ્સો લખ્યું છું. હું તો ભણેલો ગણાઉં. મને આવડત હોય. મને ઘણા ગોરા ઓળખે. હું "મોટા"માં ગણાઉં. મને મદદ કરનારા ઘણા હોય. છતાં જો મારે આટલું ભોગવવું પડ્યું તો બીજા હિંદી જે ભણેલા નથી ગણાતા, જે પોતાનો બચાવ કરી લેવા અશક્ત છે તેના કેવા હાલ થતા હશે?

હું ઇચ્છું છું કે જેટલી ધગશ મને આવે તેટલી જ મારી સ્થિતિમાં પડનાર હિંદીને આવો. આપણો છુટકારો થવાની પહેલી પગથી એ છે કે આપણને આપણી સ્થિતિની ખરી સમજ પડે. મારી આ ડેકની મુસાફરીમાં એક હિંદી ભાઈએ આપણી સ્થિતિની વાત કરતાં વિચાર જણાવ્યો કે "આપણે તો કીડીની માફક છીએ. જેમ બને તેમ સહન કરીને આપણે તો નીકળી જવાનું છે!" આને હું અજ્ઞાનતા કહું છું. આપણને આપણા માનનો વિવેક નથી. આપણું માન જાળવવા આપણે તૈયાર નથી. "મારી કમાણી મને મળે પછી ભલે મને ગોરા કુલી કહે, માલમ પાટુ મારે, હું ભલે લોકેશનમાં રહું. ભલે મને જમીન ન મળે, ભલે મારી દશા કૂતરા સમાન રહે." આવી આપણી સાધારણ સ્થિતિ છે. એ આપણે કબૂલ કરી છે તેથી ગોરાઓ આપણી તરફ એ નજરથી જુએ છે. આપણી દશાના ઘડનાર આપણે જ છીએ. ઉપલા કિસ્સામાંથી એ સાર ખેંચવાનો છે. એ સાર સમજ્યા પછી દરેક કફોડી સ્થિતિમાં તે લાગુ પાડી તે મુજબ વર્તણૂક ચલાવવાની છે. વર્તણૂક બે પ્રકારની, એક તો કોમની અંદર જે ખોડ હોય ને જેને લીધે તે સ્થિતિ આવી હોય તે દૂર કરવાની અને બીજી ગોરાઓના અન્યાયની સામે દરેક જણે દાદ લેવાની.

મોહનદાસ કરમચંદ ગાંધી

[મૂળ ગુજરાતી]

ઇન્ડિયન ઓપીનિયન, ૨૮–૧૨–૧૯૧૨

Gandhi Heritage Portal

૩૦૭. લૉર્ડ હાર્ડિંગ ઉપર ઘાત

હિંદુસ્તાનના સૂબા નામદાર લૉર્ડ હાર્ડિંગની ઉપરથી મહાઘાત ગઈ છે. તેઓ સાહેબ ઊગરી ગયા એ કુદરતની બલિહારી બહાર લાવે છે. 'જેને રામ રાખે તેને કોઈ ન ચાખે' એ કહેવત આજે કરોડમી વખત ખરી પડી છે તે છતાં આપણે તેમાંથી ટૂંકો ને દેખીતો સાર લેવાનો છે તે નહીં લઈએ. તે સાર એ છે કે મરવું જીવવું એ ઈશ્વરને હાથ છે તેથી આપણે મરણનો ભય છોડીને આપણું કર્તવ્ય કરવાનું છે. મરણના ભયથી કાચની કોઠીમાં સંતાયેલો માણસ છીંક ખાઈ મરી જાય એ સંભવિત છે અને સર્પના રાફડામાં સૂતેલો માણસ બચી રહે એ પણ તેટલું જ સંભવિત છે. બૉમ્બ ફેંકનારે લૉર્ડ હાર્ડિંગ ઉપર છત્રી ધરનારનું મરણ તો નહીં જ ઇચ્છયું હોય. છતાં તે ચાલ્યો ગયો. હિંદુસ્તાનને સારે નસીબે લૉર્ડ હાર્ડિંગ બચી ગયા.

લૉર્ડ હાર્ડિંગ સારે નસીબે બચી ગયા એવું અમે વિચારપૂર્વક લખીએ છીએ. લૉર્ડ હાર્ડિંગના મરણથી શું નફા નુકસાન પહોંચત એ આપણે વિચારીએ. બૉમ્બ ફેંકનારે આમ વિચાર્યું હશે: "હું બૉમ્બ ફેંકીશ, તેથી લૉર્ડ હાર્ડિંગ અને તેમનાં પત્ની મરણ પામશે, તેથી વિલાયતમાં ત્રાસ છૂટશે, ગોરાઓ ભય પામશે, ને આવાં કામો બેચાર વખત થશે તો છેવટે ગોરાઓ હિંદુસ્તાનમાંથી જશે ને હિંદુસ્તાન સ્વરાજ્ય ભોગવતું થશે." આવા પ્રકારની દલીલ સાધારણ બૉમ્બ ફેંકનારની અને તેને ઉશ્કેરનારાની હોય છે એ અમે જાણીએ છીએ. અમે ખસૂસ માનીએ છીએ કે આમ દગાથી નિર્દોષ માણસનો પ્રાણ લઈ, ત્રાસ પમાડી હિંદુસ્તાનને સ્વરાજ્ય કોઈ અપાવે તો તે સ્વરાજ્યમાં ભાગ લેવાની અમે તો ના પાડીએ; અમારે તેવી રીતે મળેલું સ્વરાજ્ય ત્યાગવા લાયક છે. હકીકતમાં તો તે સ્વરાજ્ય નથી. તે તો ઈંગ્રેજી રાજ્ય ગમે તેવું તોપણ નિયમિત રાજ્ય મટી બૉમ્બરાજ્ય ને અંધાધૂંધીવાળું રાજ્ય થાય. બૉમ્બ ફેંકનારે ઇન્સાફ પોતાના હાથમાં લીધો એટલે આપણે શું કરવું તેનો ઇન્સાફ પણ તે જ પોતાના હાથમાં રાખશે. આપણો જ દેશી આપણી ઉપર જુલમ કરે તો તે જુલમ ન કહેવાય એવું માનનારા અમે નથી.

હવે નુકસાન પાસું તપાસીએ. લૉર્ડ હાર્ડિંગનું મરણ નીપજત તો ઈંગ્રેજી પ્રજા બહુ વધારે ઉશ્કેરાત. ઈંગ્રેજી અમલદારોના હાથમાં સર્વોપરી સત્તા છે. તે સત્તાનો ઉપયોગ આખી હિંદી પ્રજા ઉપર બહુ કડવાશથી થાત. મોટા મોટા હિંદીઓની ઉપર પણ અવિશ્વાસ આવત ને ઈંગ્રેજો અને હિંદી વચ્ચે વધારે કડવાશ પેદા થાત. લૉર્ડ હાર્ડિંગને જખમ થયું છે તેની સજા પણ આખી પ્રજાને ભોગવવી પડશે. આ દુઃખદાયક બનાવથી થતું અઢળક ખર્ચ હિંદી પ્રજાને આપવું પડશે. હવે જે વધારે દાબ ચાલશે તેમાં જોઈતું ખર્ચ હિંદી રૈયત આપશે. વખતે કાયદાઓ પણ સખત થાય. આમ એક દોષિત હિંદીને સારુ આખા હિંદુસ્તાનને થોડુંઘણું સહન કરવું પડશે. બૉમ્બ ફેંકવાનાં ખરાબ પરિણામ ઘણાં જોઈ શકાય છે. એટલે હિંદી પ્રજાને એક ગાંડા માણસના ગાંડપણને સારુ મહાદુઃખ પડશે.

ઈંગ્રેજ જ લોકો કેમ રાજકર્તાની પદવી ભોગવે છે એનો સરસ દેખાવ આપણને આમાં મળ્યો છે. તોફાનથી ડરમાં પડી જે તમાસો દિલ્હીમાં કરવાનો હતો તેમાં ખલેલ ન પહોંચી. લૉર્ડ હાર્ડિંગે બેશુદ્ધ થતાં પહેલાં સર ગાયફલીટ વિલ્સનને જણાવ્યું કે દરબાર ભરવો ને તેમની

Gandhi Heritage Portal

ફિકર ન કરવી. કેમ જાણે કંઈ ખેદકારક બનાવ ન બન્યો હોય તેમ દરબાર ભરાયો. આવાં ધીરજ, શૌર્ય ને ડહાપણ જે પ્રજાના યોદ્ધાઓ બતાવે તે રાજ્ય ભોગવે એમાં નવાઈ શી?

ઇંગ્રેજ આપણી ઉપર રાજ ચલાવે છે તેમાં આપણો દોષ જોઈ તે દૂર કરીએ, ને ઇંગ્રેજની પાસેથી જે શીખવાનું છે તે શીખી લઈએ તો આપણને માગ્યા હક મળે એમ અમને પાકી ખાતરી છે. એ સિવાય બીજો રાજમાર્ગ હિંદુસ્તાનને સુખી થવાનો નથી.

[મૂળ ગુજરાતી]

ઇન્ડિયન ઓપીનિયન, ૨૮–૧૨–૧૯૧૨

[ઉપરોક્ત બાબતના ગાંધીજીના અંગ્રેજી લેખનો અનુવાદ નીચે આપ્યો છે.]

ભયંકર દુર્ઘટના

આપણું સદ્‌ભાગ્ય છે કે દિલ્હીમાં ડૉ. હાર્ડિંગ પર બૉમ્બ ફેંકનારનું કાયરતાપૂર્ણ કૃત્ય ઘાતક ન નીવડ્યું, અને લેડી હાર્ડિંગ પણ ચમત્કારિક રીતે બચી ગયાં. વર્તમાન શતાબ્દી, જેને માનવ-જાતના ઇતિહાસમાં જ્ઞાન અને પ્રગતિનો કાળ માનવામાં આવે છે તેમાં પણ એવા લોકો છે જેઓ માને છે કે ખૂનો કરીને રાજકીય અને બીજા સુધારા કરાવી શકાય. આ એક એવી હકીકત છે, જેના પરથી લોકોએ વિચારવું જોઈએ અને તેમણે પોતાની જાતને પૂછવું જોઈએ કે જેને પ્રગતિ કહેવામાં આવે છે તે ખરેખર પ્રગતિ છે કે કેમ. હિંદીઓ તરીકે આપણને એ જોઈને ખેદ થાય છે કે, ક્રૂર અને રાક્ષસી ખૂનના આ નીંદનીય માર્ગના અનુયાયી, હિંદમાં પણ મળી આવે છે. હિંદુસ્તાનના ઇતિહાસમાં આવા દાખલા બન્યા હોય એવું યાદ આવતું નથી. સ્વાર્થ માટે ખૂન કરવાનું તો પુરાણા જમાનાથી ચાલતું આવ્યું છે. હિંદુસ્તાનમાં પણ પશ્ચિમની અસર થઈ તે પહેલાં લાંબા કાળથી આ વસ્તુ અસ્તિત્વમાં હતી. પણ રાજદ્વારી ખૂન રૂપી આ ગૂમડું તો હિંદુસ્તાનના જીવનમાં હમણાં હમણાં ફૂટી નીકળ્યું છે. જે પાગલ યુવાને આ ગુનો કર્યો છે તેણે નિઃસંદેહ એવું માન્યું હશે કે પ્રતિષ્ઠિત વ્યક્તિઓનાં ખૂન કરીને રાજ્યકર્તાઓને ભયભીત કરી શકાશે અને હિંદને સ્વતંત્ર કરાવી શકાશે. આ રીતે સ્વતંત્રતા મળી શકવા વિષે જોકે અમને શંકા છે છતાં તે મળી શકતી હોય તોપણ આપણે એવી સ્વતંત્રતામાં ભાગ લેવાની ના પાડવી જોઈએ. અમે નથી માનતા કે બૂરાઈથી કોઈ શુભ વસ્તુ સિદ્ધ કરી શકાય.

ખરી વાત એ છે કે, ખૂનો કરીને સ્વતંત્રતા મેળવવાનો વિચાર એ મિથ્યા તરંગ છે. એનું પરિણામ તો એટલું જ આવે કે લોકો પર વધારે દમન થાય, રાજકર્તાઓના મનમાં સંદેહ પેદા થાય, લોકો પર વધુ કર નાખવામાં આવે અને પરિણામે દેશના ગરીબમાં ગરીબ લોકોને વધુ હાડમારી ભોગવવી પડે. આ અંધકારમય સ્થિતિમાં આપણે એટલી જ પ્રાર્થના કરી શકીએ કે હિંદુસ્તાન આ ખૂનોના શાપમાંથી મુક્ત થાય અને થોડાક યુવાનો જે રસ્તો ભૂલ્યા છે તેઓ ફરીથી પોતાના પૂર્વજોના એ ડહાપણભર્યા ઉપદેશ તરફ વળે કે સ્વતંત્રતા બીજાઓને દુઃખી કરીને નહીં પરંતુ જાતે કષ્ટ સહન કરીને અને આત્મશુદ્ધિ કરીને જ મેળવી શકાય. આપણે એ પણ પ્રાર્થના કરીએ કે લૉર્ડ હાર્ડિંગને પડેલો ઘા રુઝાઈ જાય અને તેઓ જલદી સાજા થઈ જાય.

[મૂળ અંગ્રેજી]

ઇન્ડિયન ઓપીનિયન, ૨૮–૧૨–૧૯૧૨

Gandhi Heritage Portal

૩૦૮. ગોપાળ કૃષ્ણ ગોખલેને પત્ર[1]

ફિનિક્સ, નાતાલ,
ડિસેમ્બર ૨૮, ૧૯૧૨

પ્રિય શ્રી ગોખલે,

છગનલાલનો પુત્ર બીમાર હતો એટલે અમે જોહાનિસબર્ગ પહોંચ્યા કે તરત મારે અહીં દોડી આવવું પડ્યું. કટિસ્નાન અને મર્યાદિત ઉપવાસથી હવે તેની તબિયત ઘણી સુધરી છે.

મોમ્બાસાથી આપે લખેલા પત્ર બદલ અને હિંદથી કરેલા તાર બદલ હું આપનો ઘણો આભારી છું. આપના તારમાં જે ટીકાનો ઉલ્લેખ છે તેની અપેક્ષા અમે રાખી જ હતી. તેની મારા ઉપર જરાયે અસર થઈ નથી. ટીકા કરનારાઓએ સવાલનો અભ્યાસ કરવાની જરાયે તસ્દી લીધી નથી. ખુદ શ્રી નટરાજને પણ પોતાના છાપામાં લખ્યું છે કે, વર્તમાન સંજોગોમાં આપણે બની શકે તેટલો સારામાં સારો સોદો કર્યો છે. ખરી વાત એ છે કે, આપણે "સોદો" કર્યો જ નથી. પણ આ બાબતમાં મારે આપને હેરાન કરવા નહીં જોઈએ. આપના કીમતી સમયનો અને સ્વાસ્થ્યનો મને ખૂબ જ ખ્યાલ છે એટલે હું આપના ઉપર લાંબા પત્રનો બોજો નાંખવા નથી ઇચ્છતો.

આપના તારનો જવાબ મેં આ અઠવાડિયાની શરૂઆતમાં આપી દીધો હતો. હું આશા રાખું છું કે, માનપત્રવાળી પેટી વખતસર મળી ગઈ હશે. અમકુઝી જહાજ બેરામાં ઘણો વખત રોકાયું હતું.

આપની વાત સાચી નીકળી ને મારી ખોટી નીકળી. આપણી સફર માટે ખાવાપીવાની જે ચીજો જોહાનિસબર્ગમાં ખરીદી હતી તે ફાર્મ પર ચાલી ગઈ. બધાં જ મગજ ગુમાવી બેઠાં હતાં એવું દેખાય છે, તેમાં કુમારી શ્લેશિન સૌથી વધારે. આપે જાણવા માગ્યું કે આપણું સ્ટીમર ભાડું આપવાનું રહી ગયું તેને માટે કોણ જવાબદાર હતું. ઈસ્માઈલ કહે છે કે, હું એ વિષે કંઈ પણ જાણતો નથી અને પોલાકનો તાર મને મળ્યો જ નથી. પોલાકને ઈસ્માઈલમાં વિશ્વાસ નથી. ટિકિટભાડું બેરામાં ચૂકવવું પડ્યું એ જાણીને બિચારા રુસ્તમજી અસ્વસ્થ થઈ ગયા. પોલાકના ભુલકણા સ્વભાવને લઈને આપની પ્રવાસ ડાયરી આપને આપવાનું રહી ગયું. હું કબૂલ કરું છું કે, આ બધી ભૂલો ટાળી શકાય એવી હતી અને મેં જરા વધારે ધ્યાન રાખ્યું હોત તો તે ટાળી શકાત. આ પ્રવાસ દરમ્યાન હું જે પાઠ શીખ્યો છું તે હું કદી નહીં ભૂલું.

જાન્યુઆરીના મધ્યમાં હું મારો મુકામ ફિનિક્સ લઈ જવાની આશા રાખું છું.

હું જોહાનિસબર્ગ પહોંચ્યો ત્યાં કુમારી શ્લેશિને મને કહ્યું કે સત્યાગ્રહ ફંડમાં જે કંઈ બચ્યું હતું તે બધું વપરાઈ ગયું છે. મારે ઘણા હિસાબ ચૂકવવાના બાકી છે એટલે મેં તારમાં થોડા શબ્દો ઉમેરવાની છૂટ લીધી હતી કે, આપ શ્રી પિટીટને તેમની પાસેની બાકીની રકમ તારથી મોકલવા જણાવશો.[2]

૧. આ ઉપરાંત જુઓ "ગોપાળ કૃષ્ણ ગોખલેને પત્ર", પા. ૩૬૫-૬.

૨. રતન તાતાએ આપેલા રૂ. ૨૫,૦૦૦ના દાનનો પહેલો હપ્તો પિટીટે તારથી મોકલ્યો હતો. જુઓ "મિ. તાતાની સખાવત", પા. ૩૧૮.

Gandhi Heritage Portal

હું આશા રાખું છું કે આપની તબિયત સારી હશે. આપની તબિયત વિષે અને આપના ખોરાક વગેરેમાં જે ફેરફારો કરો તે વિષે મને ખબર આપતા રહેવાની મહેરબાની કરશો.

ભારત સેવક સમાજના કોઈ એક સભ્યને દક્ષિણ આફ્રિકા અંગેનું કામ સોંપી શકાય તો તેને દરેક મેલમાં અહીંની પરિસ્થિતિ વિષેનો એક નિયમિત પત્ર તથા કાળજીપૂર્વક વહેંચવા માટે ઇન્ડિયન ઓપીનિયનની થોડી નકલો મોકલી શકાય. અહીંની પરિસ્થિતિ વિષે નિયમિત લખતા રહેવા આપે મને કહ્યું છે, પણ મને લાગે છે કે પખવાડિયે પખવાડિયે આવો લાંબો પત્ર આપ વાંચો, એવી અપેક્ષા મારે નહીં રાખવી જોઈએ. એ બધું તો આપ જેને કામ સોંપો તે કરી શકે અને જરૂર લાગતાં તે આપની સલાહ લઈ શકે.

આપનો
મો. ક. ગાંધી

તા. ક. ખોવાયેલી માનપત્રવાળી પેટી જહાજમાં મોકલી છે તેની વિગતવાર રસીદ અને વીમાનું પ્રમાણપત્ર આ સાથે સામેલ કર્યાં છે.

[મૂળ અંગ્રેજી]

ગાંધીજીના હસ્તાક્ષરમાં લખાયેલા મૂળ પત્રની છબી પરથી: જી. એન. ૩૮૦૬

૩૦૯. ડાયરી, ૧૯૧૨[1]

જાન્યુઆરી ૧૫, સોમવાર, પોષ વદ ૨

મેઢ, મણિલાલ, પ્રાગજી પાછા ફર્યા.

પ્રવાસ ટિકિટ બુક	૧– ૬– ૩
સ્ટેમ્પ	૦– ૨– ૦
સિલક	૩– ૩– ૦

જાન્યુઆરી ૧૬, મંગળવાર

શહેર ગયા. પોર્ટર મળ્યો. પાછા ફર્યા. ડરબનમાં મરકી.

ચામડું	૦– ૭– ૬
કાગળ	૦– ૦– ૩
સિલક	૨–૧૬– ૧

૧. આ ટૂંકી નોંધ ગાંધીજીએ "૧૯૧૨ માટેની ઇન્ડિયન ઓપીનિયન પૉકેટ ડાયરી"માં રોજેરોજ લખી હતી. એ ડાયરી ફિનિક્સના ઇટરનેશનલ પ્રિન્ટિંગ પ્રેસે પ્રસિદ્ધ કરી હતી. તા. ૬–૧–૧૯૧૨ના ઇન્ડિયન ઓપીનિયનમાં પહેલી વાર એની જાહેરાત કરવામાં આવી હતી. તેનું કદ ૪½"×૩½"નું હતું. મોટે ભાગે એમાં ગાંધીજી જેમને રોજ પત્ર લખતા હતા અને જેઓ તેમને મળવા માટે ટૉલ્સ્ટૉય ફાર્મ ઉપર આવતા હતા તેમનાં નામ આવે છે. ઉપરાંત તેમાં તેમના જોહાનિસબર્ગ કે ફિનિક્સ આવવાજવાનો ઉલ્લેખ છે. આ બધી નોંધો ગુજરાતીમાં છે. પણ ઊભી કૉલમમાં આપવામાં આવેલો રોજનો આવકજાવકનો હિસાબ અંગ્રેજીમાં છે. ફાર્મમાં તેમની પાસે કંઈ થોડીઘણી રોકડ રકમ રહેતી હતી તેનો આ હિસાબ લાગે છે. અને તેમાં પરચૂરણ જમા કરાતી રકમો તથા ફૂલ માટે મળતી તેમ જ ખર્ચાતી રકમોનો સમાવેશ કરવામાં આવ્યો છે. ડાયરીમાં જે પત્રોનો ઉલ્લેખ આવે છે તેમાંના કેટલાક જે મળી આવ્યા છે તેમને પરસ્પર સંદર્ભોને આધારે સરખાવી લીધા છે.

Gandhi Heritage Portal

જાન્યુઆરી ૧૭, બુધવાર

શહેર ગયો. સ્મશાન બાબત કમિટીને કબ્રસ્તાન પાસે મળ્યો.

તાર	૦– ૧– ૦
મીઠાનું નૂર	૦– ૧– ૦
કાગળ	૦– ૦– ૩
સિલક	૨–૧૩–૧૦

ટપાલ — હરિલાલ, દાક્તર, લલ્લુભાઈ, દુલભભાઈ, એન. એમ. કાદર, ગુ. [ગુજરાતી] અધિપતિ, છગનલાલ, લલ્લુભાઈ, ગુલાબભાઈ.

જાન્યુઆરી ૧૮, ગુરુવાર

શહેર ગયો. ચમની મળ્યા. તેણે ડેલાગોઆ તાર કરવાનું જણાવ્યું. ભાયાતની ઓરતને સજા.[૧]

ન્યૂસપેપર	૦– ૦– ૩
બકલ	૦– ૦– ૬
ભાયાત તરફથી મળ્યા	૦– ૦– ૧

જાન્યુઆરી ૧૯, શુક્રવાર

કાગળો લખ્યા — ઈસ્માઈલ મૂસા ધલેડ, દુલભ વશ, મગનલાલ

ચમનીને તાર	૦– ૪– ૩
સંદેશવાહક	૦– ૧– ૦
સિલક	૨– ૮–૧૦

જાન્યુઆરી ૨૦, શનિવાર, મહા સુદ ૧

શહેર ગયો. દા. પોર્ટરને મળ્યો. દરમિયાન મિ. ડનિંગ ફાર્મ પર આવ્યા ને ટ્રેન ચૂકયા. શ્લેશિન ને દોરાબજી સાથે આવ્યાં. મિસિસ શેરને કાગળ લખ્યા.

ઑલ્બર્ટ	૧– ૦– ૦
રિક્ષા વગેરે ભાડું	૦– ૧– ૩
સ્ટાર	૦– ૦– ૩
સિલક	૧– ૭– ૪

જાન્યુઆરી ૨૧, રવિવાર

મહમદ હાફેજી ને બીજા બે મુસલમાન, તથા ભીખુ ને મોરારજી આવેલા. દોરાબજી, હાફેજી ને તેના ભાઈબંધ તથા શ્લેશિન ને ડનિંગ ગયા. લખ્યું — શ્લેશિન, છગનલાલ, મહેતા, વિંટરબૉટમ, મૉડ, કોલ, પુરુષોત્તમદાસ. વાલ્મીકિ રામાયણ શરૂ કર્યું.

જાન્યુઆરી ૨૨, સોમવાર

ટપાલ — દાદા અબદુલ્લા, ગોકલદાસ, લૉર્ડ ઍમ્પ્ટહીલ.

૧. ૨૭–૧–૧૯૧૨ના ઇન્ડિયન ઓપીનિયનમાં જણાવ્યા મુજબ ભાયાતની પત્ની સલેામીને, ૧૯૧૨ની ૧૮મી જાન્યુઆરીએ મૅજિસ્ટ્રેટ દેશપારની સજા કરી નજરકેદમાં રાખી હતી.

Gandhi Heritage Portal

જાન્યુઆરી ૨૩, મંગળવાર

ઈસ્માઈલ આવ્યો. મોરારજી ને ભીખુભાઈ ગયા.
લખ્યા – ડેવિડ કેસવલુ, પુરુષોત્તમદાસ, નાથુ ભાણા, બોમનશા.

સ્ટૅમ્પ	૦– ૨– ૬
ઈસ્માઈલ પાસેથી મળ્યા	૨– ૦– ૦
સિલક	૩– ૪–૧૦

ઉપરનું સોમવારમાં જોઈએ. થંબી નાયડુ આવ્યા. કાગળો – લેપિન, સૈયદ હાજી મિયાં, [સુ]ભાન ગૉડફ્રે, શ્લેશિન, વેલશી, બર્નેટ.

જાન્યુઆરી ૨૪, બુધવાર

થંબી નાયડુ ગયા, દાદાભાઈ આવ્યા ને ગયા, ઑલ્બર્ટ આવ્યા, લખ્યું – અભેચંદ, ટીંડેલ, શ્લેશિન, દીવાન.

જાન્યુઆરી ૨૫, ગુરુવાર

લખ્યા – શ્લેશિન, ઠક્કર, છગનલાલ, મગનલાલ,

હસનને તાર	૦– ૧– ૩
સ્ટૅમ્પ	૦– ૨– ૦
જૉન	૦– ૨– ૬
સિલક	૩– ૦– ૧[૧]

જાન્યુઆરી ૨૬, શુક્રવાર

મોહન સોની આવ્યો ને ગયો. બે ગોરા સૅન્ડલને સારુ આવ્યા.

જાન્યુઆરી ૨૭, શનિવાર

લખ્યું – લેપિન, શેલત, દુલારખાન, શેર, ટીંડેલ. મિસિસ વોગલ આવ્યાં ને ગયાં. ભીમભાઈ આવ્યા. નાયડુ આવ્યા ને ગયા. મણિલાલ તથા જમનાદાસ જે. બી. [જોહાનિસબર્ગ] ગયા.

જાન્યુઆરી ૨૮, રવિવાર

ગૉર્ડન, જીવણજી, નવરોજી, ઈસ્માઈલ મૂસા ધલેડ ને તેના બે મિત્રો આવેલા – તે ગયા. સાથે ફિરોજશા ને માણેકશા પણ ગયા – લખ્યા. મૉડ, વિંટરબૉટમ, છગનલાલ.

ધલેડ તરફથી મળ્યા	૨– ૦– ૦

જાન્યુઆરી ૨૯, સોમવાર

લુટાવન ગયો. હું શહેર ગયો ને પાછો ફર્યો. વેલશી અને તેનો દીકરો રજબઅલી આવ્યા. હુસેન ને તેનો કાકો જે. બી. આવ્યા. નવા બિલ બાબત લેનને લખ્યું.[૨]

૧. અહીં ૧ શિલિંગની ભૂલ પાછળથી જાન્યુઆરીની ૩૧મીએ સુધારવામાં આવી હતી (પા. ૩૮૦).
૨. જુઓ "ઈ. એફ. સી. લેનને પત્ર", પા. ૨૪૧–૩.

Gandhi Heritage Portal

લખ્યું – એડિટરો, ઍલેકઝાંડર, શ્લેશિન.

રજબઅલી તરફથી મળ્યા	૩– ૧– ૦
લુટાવન સંબંધમાં પ્રેમા પાસેથી મળ્યા	૧–૧૦– ૦
ભાડું આપ્યું	૦– ૨–૧૧
ચામડું	૦–૧૯– ૦
પુસ્તકો વગેરે	૦– ૩– ૦
મણિલાલ	૦– ૬– ૬

જાન્યુઆરી ૩૦, મંગળવાર

હુસેન અને તેના ફુઆ આવ્યા. મણિલાલ અને જમનાદાસ આવ્યા. ફકીરો[૧] આવ્યો ને પાછો ગયો. વેલશી ગયા – લેનને[૨] તાર કર્યો. અબદુલ્લા શેઠ કાલે ગુજરી ગયા.[૩] કાગળ – વેસ્ટ, હરિલાલ, શ્લેશિન.

લેનને દાદા અબદુલ્લા [બાબત];
રુસ્તમજીને અને કેપને તાર. ૦–૧૩– ૦

જાન્યુઆરી ૩૧, બુધવાર

ઈસપ મિયાં ગયા. ઈસાકનાં બા આવ્યાં ને ગયાં. કેનેડી આવ્યા ને ગયા. નાયડુ પણ. લેનનો લાંબો તાર[૪] આવ્યો.

લખ્યા – હાજી હબીબ, પ્રભાશંકર, વી. એસ. પિલ્લે, રાઘવજી, ખંડેરિયા.

સૅન્ડલ માટે મળ્યા		૧– ૦– ૦
દાનાને આપ્યા		૦– ૬– ૬
નૂર		૦– ૪– ૬
ભૂલચૂક[૫]		૦– ૧– ૦
સિલક	પા.	૭–૧૪– ૮

ફેબ્રુઆરી ૧, ગુરુવાર

બદ્રી, રામલાલ ને બીજા બે આવ્યા. હુસેન ગયો. દાનો આવ્યો. કાગળ – શ્લેશિન, છગનલાલ એડિટર ઇ. ઓ., ભાયાત, રિચ, કેલનબેક, નાલજી હરિ, રુસ્તમજી, ઓસમાન અહમદ, વેલશી કેશવજી, ક્લેમન્ટ ડોક. તાર[૬] – રજિસ્ટ્રારને.

૧. ફકીરા અથવા ફકીરાભાઈ. ડાયરીમાં તેનો ફકીરો કે ફકીરા તરીકે ઉલ્લેખ થયો છે. ગાંધીજીએ તેને "વીર ફકીરો" કહ્યો છે. થોડા વખત માટે એ ફિનિક્સ આશ્રમમાં સ્ટોર સંભાળતો હતો. છસાત વાર જેલ ભોગવી અને આખરે દેશનિકાલ થયો. જુઓ પુસ્તક ૧૦, પા. ૨૪૭ અને ૨૬૮.

૨. જુઓ "ગૃહમંત્રીના ખાનગી મંત્રીને તાર", પા. ૨૪૩.

૩. દાદા અબદુલ્લા હાજી આદમ જાન્યુઆરી ૨૯, ૧૯૧૨ના રોજ ગુજરી ગયા; જુઓ "મરહૂમ મિ. અબદુલ્લા હાજી આદમ ઝવેરી", પા. ૨૪૬.

૪. જુઓ પરિશિષ્ટ ૧૪.

૫. જુઓ પાદટીપ ૧, પા. ૩૭૯.

૬. આ તાર મળતો નથી.

Gandhi Heritage Portal

ઈસાકના પિતાજી માટે મળ્યા	૦– ૩– ૬
જૉન તરફથી બટાકાના મળ્યા	૦–૧૬– ૬
ઉધાર પરત	૦– ૭– ૦
પૅરેફિન	૦– ૦– ૬
જૉનને જાન્યુઆરી સુધીના દૂધના આપ્યા	૧–૧૦– ૦
તાર	૦–૧૬– ૯
સિલક	૬–૧૧– ૧

ફેબ્રુઆરી ૨, શુક્રવાર

બદ્રી ને તેના ભાઈબંધ ગયા. પરભુ આવ્યો. હુસેન આવ્યા. લખ્યું – મિસ શ્લેશિનને.

સ્ટૅમ્પના આપ્યા	૦– ૨– ૦
ભાયાત બાબત રજિસ્ટ્રારને તાર	૦– ૧– ૬
સિલક	૬–૧૧–૧૧

ફેબ્રુઆરી ૩, શનિવાર, મહા વદ ૧

સવારના લખ્યા – વેસ્ટ, છગનલાલ તથા પુરુષોત્તમદાસ. પ્રાગજી ગયા. હુસેન ગયા. સાંજની ટ્રેનમાં વાલજી અને દુલભ ભગા આવ્યા. લેનનો તાર મળ્યો કે સ્મટ્સ સોમવારે જવાબ આપશે.[૧]

સ્ટેશન માસ્તરને આપ્યા	૩– ૦– ૦
પરભુ તરફથી મળ્યા	૦– ૨– ૬
સિલક	૩–૧૪– ૧

ફેબ્રુઆરી ૪, રવિવાર

લખ્યું – જોશી, મગનલાલ, ઠક્કર, વિટરબૉટમ, મૉડ, આણંદલાલ, એન. એમ. કાદર, મુનુ. ગૉર્ડન, કિવન, શ્લેશિન ને કુપુ આવેલા તે તથા વાલજી અને દુલભ ગયા. મિસિસ નાયડુ તથા નાઈના ચકી પણ ગયાં.

ગૉર્ડન તરફથી મળ્યા	૧– ૦– ૦

ફેબ્રુઆરી ૫, સોમવાર

લખ્યું – છગનલાલ, વેસ્ટ, શ્લેશિન, બર્નેટ.

સ્ટૅમ્પ	૦– ૧– ૯
કૅલનબૅકને તાર	૦– ૧– ૩
સિલક	૪–૧૧– ૧

ફેબ્રુઆરી ૬, મંગળવાર

વાજા અને રાજા આવ્યા ને પાછા ગયા. લખ્યું – દા. ગુલ, શ્લેશિન, કાળિદાસ પટેલ, દુલારખાન, આમદ ભાયાત, વેલશી. સ્મટ્સને મોકલવાનો તાર બનાવ્યો.[૨]

૧. જુઓ પાદટીપ ૧, પા. ૨૫૩.
૨. જુઓ "ગૃહમંત્રીને તાર", પા. ૨૫૩.

Gandhi Heritage Portal

સ્ટૅમ્પ	૦– ૦– ૬
સિલક	૪–૧૦–૧૧

ફેબ્રુઆરી ૭, બુધવાર

. . .[૧] સુઆં ને લૉઈડનો માણસ આવ્યો ને ગયો. સ્મટ્સને તાર ન મોકલ્યો, કાલનો પત્ર તેનો[૨] આવ્યો તેના જવાબમાં બીજો[૩] મોકલ્યો. લખ્યું – વલ્લભરામ, ગુ. અ. મકનજી, વેલશી, શ્લેશિન.

ફકીરને માટે મળ્યા	૩– ૦– ૦
સ્મટ્સના તારના ચૂકવ્યા	૦– ૪– ૩
ગુલને પાર્સલ અને નૂરના	૦– ૫– ૭

ફેબ્રુઆરી ૮, ગુરુવાર

સ્મટ્સનો તાર[૪] આવ્યો તેનો જવાબ[૫] ઘડ્યો. પ્રાગજી આવ્યા. લખ્યું – શ્લેશિનને.

ક્લૅનબૉકનાં તારના ચૂકવ્યા	૦– ૧– ૬
કાલના નૂરના બાકી ચૂકવ્યા	૦– ૦– ૯
સ્ટૅમ્પ	૦– ૨– ૬
સિલક	૬–૧૬– ૧

ફેબ્રુઆરી ૯, શુક્રવાર

બટ્રી, ઓલર [ઑલિવ?] અને ગોવિંદ આવ્યા ને ગયા. કાલિકાસિંગ આવ્યા. બટ્રીનો દીકરો તથા અબલક આવ્યા. લખ્યું – છગનલાલ, પુરુષોત્તમદાસ, પારસી રુસ્તમજી, જોશી, દાદા ઓસમાન ને આંગલિયા.

સ્મટ્સના તારના ચૂકવ્યા	૦– ૪– ૬
સિલક	૬–૧૧– ૭

ફેબ્રુઆરી ૧૦, શનિવાર

અબલક, કાલિકાસિંગ, મણિલાલ, મેઢ, જમનાદાસ ગયા. બુશ ને મુરગન આવ્યા. કુપુ આ[illegible] ડાહ્યો ગયા.

જમનાદાસ	૦– ૫– ૦
કુપુ	૦– ૩– ૦
દાના	૦– ૭– ૩
સ્ટૅમ્પ	૦– ૨– ૬
તારના મેઢને	૦– ૨– ૬
સિલક	૫–૧૧– ૪

૧. અહીં એક શબ્દ વંચાતો નથી.
૨. જુઓ પરિશિષ્ટ ૧૫.
૩. જુઓ "ગૃહમંત્રીના ખાનગી મંત્રીને તાર", પા. ૨૫૩.
૪. જુઓ પાદટીપ ૨, પા. ૨૫૩.
૫. જુઓ "ગૃહમંત્રીને તાર", પા. ૨૫૪.

Gandhi Heritage Portal

ફેબ્રુઆરી ૧૧, રવિવાર

ક્રૂગર્સડૉર્પનો દરજી આવ્યો ને ગયો. કોટ લાવ્યો. શ્લેશિન ને કુપુ નાયડુ આવ્યાં ને ગયાં. હું પણ કે.ને મળવા ગયો. રિચની સાથે લાંબી વાત. ડૉક્ટરને ૧૨ પાઉંડ આપ્યા.

દરજી તરફથી મળ્યા	૦– ૫– ૦
ઇન્ડિયન ઓપીનિયન માટે	૦– ૧– ૦
સ્ટેશન માસ્તર	૩– ૦– ૦
ટ્રેનની પ્રવાસ ટિકિટના ચૂકવ્યા	૧– ૬– ૩

ફેબ્રુઆરી ૧૨, સોમવાર

ક્રૂગર્સડૉર્પ ગયો. કે. ને મળ્યો. કિવનને ત્યાં લંચ. શ્લેશિનનો કિસ્સો. હનીફ આવ્યો. પરભુ છોકરો[1] ફાર્મ પર આવ્યો. કૅલનબૅક, મેઢ, મણિલાલ, જમનાદાસ, ડાહ્યો, કુપુ, શેલત વ. ફાર્મ પર આવ્યા. લખ્યું – વેસ્ટ, દેવી, પુરુષોત્તમ, સંઘવી, શ્લેશિન.

કુપુના ભાડાના	૦– ૩– ૦
ડાહ્યા તરફથી મળ્યા	૧–૧૦– ૦
પરભુના ભાડાના	૦– ૩– ૦
ભાડાના ચૂકવ્યા	૦– ૫– ૦
કૅલનબૅકને આપ્યા	૦– ૩– ૦

ફેબ્રુઆરી ૧૩, મંગળવાર

લખ્યું – છગનલાલ, અની, આણંદલાલ, અભેચંદ. કૅલનબૅક ટાઉન ગયા. તાર રજિસ્ટ્રારને વેલશીના માણસો બાબત. કૅલનબૅક ને કસન આવ્યા. લખ્યું – વેસ્ટને, મગનલાલને.

ચમની અને વેલશીને તારના ચૂકવ્યા	૦– ૬– ૩

ફેબ્રુઆરી ૧૪, બુધવાર

લખ્યું – પુરુષોત્તમદાસ, કેશવ ફકીર, મણિલાલ ડૉક્ટર. શ્લેશિન, કૅલનબૅક, નરોત્તમ ને દુલભભાઈ આવ્યા. કે. સિવાય બીજા ગયા. હુસેન વીરીનિંગિગ ગયો.

સ્ટૅમ્પ	૦– ૨– ૩
ભાયાતના તારના	૦– ૨– ૧
સિલક	૫–૧૦– ૭

ફેબ્રુઆરી ૧૫, ગુરુવાર

દાક્તર, છગનલાલ, અધિપતિ, એન. કાદર, ગંગોત, વેલશી, શ્લેશિન, મૂસા હાજી આદમ – ગોવન આવ્યો ને ગયો – શેલત ગયા. લખ્યા – શેર, દા. ગુલ, છગનલાલ, રિચ, ટીકલી, મેયો.

નૂર ચૂકવ્યું	૦– ૧– ૩
સિલક	૫– ૯– ૪

૧. ફાર્મની નિશાળનો વિદ્યાર્થી.

Gandhi Heritage Portal

ફેબ્રુઆરી ૧૬, શુક્રવાર

લખ્યું – મિસિસ પોલાક, વેસ્ટ. કૅલનબૅક ને હુસેન આવ્યા.

સોરાબજીને તાર	૦– ૨– ૦
નૂર	૦– ૧– ૩
કૅલનબૅક તરફથી મળ્યા	૩– ૦– ૦
સિલક	૮– ૬– ૧

ફેબ્રુઆરી ૧૭, શનિવાર

[લખ્યું] – અધિપતિ, નાથલિયા, અબદુલ કરીમ, કેશવજી ગોગા, વેલશી, ચંચી,[૧] હરિલાલ.[૨]

પરભુ અને ભગાને આપ્યા	૦–૧૦– ૦
ડાહ્યા તરફથી મળ્યા	૦– ૦– ૬
સિલક	૭–૧૬– ૭

ફેબ્રુઆરી ૧૮, રવિવાર

શ્લેશિન અને થંબી નાયડુ આવ્યાં. બન્ને ગયાં. સોરાબજી ડરબન ઊતરવાનો તાર મળ્યો. પોલાકનો કાગળ શ્લેશિનને લખાવ્યો. મૉડ ને વિંટરબૉટમને લખ્યા.

ફેબ્રુઆરી ૧૯, સોમવાર, ફાગણ સુદ ૧

લખ્યા – નૂર મહમદ, સુલેમાન, ઈસ્માઈલ મિયાં, રેવાશંકરભાઈ, ગુ. સ. કોલ, પુરુષોત્તમદાસ, રાવજી – પ્રાગજી આવ્યા. ભગો આવ્યો.

સોરાબજીને તારના આપ્યા	૦– ૧– ૦
નૂર	૦– ૧– ૩
કૃષ્ણાસામીને રેલના	૦– ૨–૧૧
પ્રવાસ ટિકિટ	૧– ૬– ૩
સિલક	૬– ૧૫– ૨

ફેબ્રુઆરી ૨૦, મંગળવાર

પરભુને લઈ શહેર ગયો. પ્રાગજી સાંજની ટ્રેનમાં આવ્યા. પરભુ ને હું પાછા ફર્યા, કે. પણ. ઑફિસે પુરષોત્તમદાસ, દાક્તર રાજકોટ,[૩] મહાજન, જોશી, એ. વ.ને કાગળ લખ્યા.

ચામડાના ચૂકવ્યા	૦– ૯– ૬
ભાડું	૦– ૪– ૫
સિલક	૫–૧૧– ૩

૧. "ચંચળબહેન ગાંધીને પત્ર", ફેબ્રુઆરી ૧૮, ૧૯૧૨ (પા. ૨૬૧–૨) ?
૨. "હરિલાલ ગાંધીને લખેલા પત્રનો અંશ", ફેબ્રુઆરી ૧૮, ૧૯૧૨ (પા. ૨૬૨–૩) ?
૩. રાજકોટના ડૉ. પ્રાણજીવન મહેતા.

Gandhi Heritage Portal

ફેબ્રુઆરી ૨૧, બુધવાર

સોરાબજી, શેલત, ઝાંઝીબારના મહેમાન,[૧] મેઢ, પ્રાગજી, બદ્રી, લાલબહાદુરસિંગ આવ્યા. મહેમાન, બદ્રી ને પ્રાગજી ચાલ્યા ગયા. વિંડમિલવાળો આવ્યો ને ગયો.

પીચ[૨] મળ્યાં	૦–૧૮– ૬
બદ્રી	૨– ૭– ૦
ઝાંઝીબારી તરફથી સૅન્ડલના	૦–૧૦– ૦
ભગુ	૦– ૫– ૧
નૂર	૦– ૧– ૫
સિલક	૯–૧૦– ૫

ફેબ્રુઆરી ૨૨, ગુરુવાર

મુનસામી પવાડે આવ્યો ને ગયો [લખ્યું–] હરિલાલ, મૅનેજર ઇ. ઓ., જુસબ.[૩] એ. કરીમ. દાદા એ. – મહમદ ઈ., મિસ શ્લેશિનને.

ફેબ્રુઆરી ૨૩, શુક્રવાર

હુસેન આવ્યો. બપોરે કાગળો લખ્યા – અબદુલ કરીમ વ.ને. પરભુ આવ્યો. સુલેમાન અને અલી ગયા.

સુ. અને અલીનું ભાડું	૦– ૩– ૯

ફેબ્રુઆરી ૨૪, શનિવાર

હુસેન, ફિરોજશા, માણેકશા ને પરભુ સવારે ગયા. સોરાબજી, શેલત ને દાના બપોરે ગયા. કુપુ, હનીફ અને શિવ વૅન વાઈસરસ્ટ ગયા. અનીને તથા અભેચંદને કાગળ લખ્યા.

સ્ટૅમ્પ	૦– ૨– ૬
સિલક	૯– ૪– ૨

ફેબ્રુઆરી ૨૫, રવિવાર

ગૉર્ડન, શ્લેશિન, આઈઝક ને કુપુ આવ્યા. નારણસામી આવ્યો. આઈઝક સિવાય બીજા ગયા.

આઈઝકને ચામડા માટે આપ્યા	૧–૧૦– ૦
સિલક	૭–૧૪– ૨

ફેબ્રુઆરી ૨૬, સોમવાર

લખ્યું — ગુ. આ. ઈ. આ. મૉડ, વિટરબૉટમ, મણિલાલ ચતુરભાઈ, મોતીલાલ દીવાન. મણિલાલ, આઈઝક ને કૅલનબૅક ગયા. કૅલનબૅકની સાથે કાલે રાત્રે તેની ભત્રીજી બાબત વાત કરી. સુલેમાન ને દાનો આવ્યા. મણિલાલ ને કે. પાછા આવ્યા.

દાના માટે મળ્યા	૦–૧૦– ૦

૧. તેઓ એમ. સેલી, કાનજી જીવણભાઈ અને લાલજી મેઘજીભાઈ હતા; જુઓ "ઑશયાઈ રજિસ્ટ્રારને તાર", પા. ૨૬૩.

૨. એક ખટમીઠું ફળ.

૩. જુઓ "મિસિસ જસાતનો કેસ", પા. ૨૬૬–૭.

Gandhi Heritage Portal

ફેબ્રુઆરી ૨૭, મંગળવાર

લખ્યું : મગનલાલ, વેસ્ટ, ઠક્કર, દાક્તર, પુરુષોત્તમ, પોલાક, અમરશી, જોશી, જસાત, નાથલિયા, લછમન પાંડે. અલી આવ્યો.

પીચ માટે મળ્યા ૧–૧૫– ૩

ફેબ્રુઆરી ૨૮, બુધવાર

લખ્યું : મેમણ, મૂસા અલીસા. સાથે પ્રમાણપત્રો બીડ્યાં. કાગળ : મહમદ ઈબ્રાહીમ કુણકે, પટેલ, શેર. મણિલાલ ગયો. મેઢ, બા, ઈસ્માઈલ ફકીર અને મહમદ ગયાં. કે. પણ ગયા. લલ્લુભાઈ, ગાંડાભાઈ, મોરારજી, ભીખુભાઈ અને મેઢ આવ્યા. કે. પણ આવ્યા.

ઈસ્માઈલ અને મહમદને ભાડું આપ્યું	૦– ૩– ૦
મણિલાલ	૦– ૫– ૦
સિલક	૯–૧૧– ૫

ફેબ્રુઆરી ૨૯, ગુરુવાર

શહેર ગયો. મોરારજી વ. ગયા. કે. અરમીલો ગયા. મિ. હાવર્ડને મળ્યો. બા, વ. ને કૃષ્ણસામી પાછાં આવ્યાં.

વાહનખર્ચ	૦– ૨– ૦
કૃષ્ણસામીને ભાડું	૦– ૧– ૨
રિક્ષા	૦– ૦– ૯
રૂટર	૦–૧૦– ૦
ચામડું	૧–૧૪– ૬
પ્રવાસ ટિકિટ	૧– ૬– ૩
સિલક	૫–૧૬– ૯

માર્ચ ૧, શુક્રવાર

તાર ચમનીને. રેલ લેટર શ્લેશિનને. કાગળ : ચમની, ગ્રેગ, રિચ, ભાયાત [?], નેલસન. ફકીર ઈસ્માઈલ ને મહમદ આવ્યા. મગનલાલ તથા મણિલાલને કાગળ લખ્યા.

ચમનીના તારના ચૂકવ્યા	૦– ૪– ૦
સ્ટેમ્પ	૦– ૨– ૬
જૉન તરફથી આટાના મળ્યા	૦– ૧– ૦
સિલક	૫–૧૧– ૩

માર્ચ ૨, શનિવાર

મિસ નુડસન આવી. મેઢ, પ્રાગજી ને જમનાદાસ ગયા.

જૉન તરફથી બટાકાના મળ્યા	૬/-	[૦]– ૯– ૯
અને વધારાના	૩/૯	

Gandhi Heritage Portal

જૉનને દૂધ માટે આપ્યા	[૦]–૧૩– ૬
જમનાદાસ	૦– ૪– ૦
સિલક	૫– ૩– ૬

માર્ચ ૩, રવિવાર

શ્લેશિન, રોશ ને મિસિસ રોશ તથા કુપુ આવ્યાં. બધાં ને મિસ નુડસન પાછાં ગયાં. કૅલનબૅક આવ્યા.

માર્ચ ૪, સોમવાર

વિંટરબૉટમ, મૉડ, ગુ. સ., કાછલિયા, ભાયાત ને વલ્લભરામ આવ્યા. કૅલનબૅક, મેઢ ને દેસાઈ પાછા ફર્યા.

માર્ચ ૫, મંગળવાર, ફાગણ વદ ૧

કાગળ લખ્યા : પુરુષોત્તમદાસ, વેસ્ટ, હરિલાલ, મણિલાલ, છગનલાલ, જીવરામ પંડ્યા, મોતીલાલ, રામજી. ઍલેકઝાંડર, શ્લેશિન ને વલ્લભરામ ગયા. કાછલિયા ને ભાયાત તથા કે. સવારે ગયા. ઑલિવ ને જૉન આવ્યા.

પીચના વેચાણના મળ્યા	૦–૧૭– ૧
સિલક	૬– ૦– ૭

માર્ચ ૬, બુધવાર

કાગળ : મિસ શ્લેશિન, રણછોડ હરિ, ઇ. ઓ., દા; પોર્ટર, લૉઝરસ, ચમની. રિચ આવ્યા ને ગયા. મેઢ આવ્યા.

જૉન તરફથી કે. માટે મળ્યા	૩– ૦– ૦
સ્ટૅમ્પ	૦– ૨– ૦
મેઢ અને દેસાઈ	૧– ૦– ૦
નાથલિયા બાબત કૉંગ્રેસને તાર	૧– ૪– ૦

માર્ચ ૭, ગુરુવાર

પોલાક, ઠક્કર, લૉરન, દાઉદ મહમદ, વેલશી, શ્લેશિન, કે. આવ્યાં—કેટલાક કાગળો લખ્યા.

કૅલનબૅક તરફથી કેબલના મળ્યા	૦–૧૦– ૦
મેઢ	૦– ૯– ૬
દેસાઈ	૦– ૭– ૧
છોકરાઓ તરફથી મળ્યા	૦– ૦– ૬
દાઉદ મહમદને હુસેન બાબત તારના અને વેસ્ટના તારના તથા સ્ટૅમ્પના ચૂકવ્યા	૦– ૪– ૬
કૅલનબૅકને જૉન માટે આપ્યા	૩– ૦– ૦
સિલક	૫–૧૯–૧૦

Gandhi Heritage Portal

માર્ચ ૮, શુક્રવાર

કાગળ પોસ્ટ કર્યા — વેલશી, નાથલિયા, આંગલિયા ને જે. બી.; તાર કર્યો નાથલિયાને. કાગળ લખ્યા : મૅનેજર ફ્રૅ. ઑ., અની, ડેલાની, વેલશી, ડી વેરને. શ્લેશિન, કૅલનબૅક, શેલત આવ્યાં.

નાથલિયાને તાર	૦– ૧– ૦

માર્ચ ૯, શનિવાર

આમદ ભાયાત ને કૅ.ને છોડી બધા ફાર્મ પરથી ચાલ્યા. શ્લેશિન સવારના આવીને પાછી ગઈ. બૉક્સબર્ગથી ગજધર તેડવા આવ્યા.

છોકરાઓ માટે ભાડું	૦–૧૧– ૮
હનીફ માટે ભાડું	૦– ૨–૧૧
ધલેડ તરફથી મળ્યા	૩– ૦– ૦
હનીફને આપ્યા	૦– ૫– ૬
રિક્ષા	૦– ૦– ૯

માર્ચ ૧૦, રવિવાર

બૉક્સબર્ગ, મેઢ બીજા સાથે ગયા. પાછા બે વાગ્યાની ગાડીમાં ફર્યા — ૪ વાગ્યે ભાયાત બાબત મીટિંગ થઈ.

રેલભાડું આપ્યું	૨– ૯– ૬
વાહનખર્ચ વગેરે	૦– ૪– ૬

માર્ચ ૧૧, સોમવાર

મેઢ ને દેસાઈ ડરબન ગયા. છોકરાઓ સોરાબજી ને જમનાદાસ સહિત પાછા ફાર્મ પર આવ્યા. ભગા છોટા ને ટીકલીનો છોકરો આવ્યા.

ભગા છોટા માટે મળ્યા	૨– ૦– ૦
ડાહ્યા પરભુ	૧–૧૦– ૦
ફોનના	૦– ૧– ૦
મેઢ બાબત તાર	૦– ૧– ૦
સિલક	૮–૧૩– ૯

માર્ચ ૧૨, મંગળવાર

વિક્ટર આવ્યા. કૅ. સાંજે આવ્યા. રિચને કાગળ લખ્યો. રુસ્તમજીને પણ. વેસનરામ. રાતના [લખ્યું] — હરિલાલ ઠક્કર, મણિલાલ, છગનલાલ, રત્નમ્, ફ્રૅ. ઑ., મેઢ, રુસ્તમજી, શ્લેશિન.

માર્ચ ૧૩, બુધવાર

લખ્યા — ડાંગરે, મૂસા ઈસાકજી, શ્લેશિન, ચમની, મહમદ ઈસ્માઈલ, ડેવિડ કેસવલુ. શેલત આવ્યા ને ગયા. ભગો ને શિવપૂજન આવ્યા. કૅ. આવ્યા.

ભગાના જમવાના	૧–૧૦– ૦
સ્ટૅમ્પ	૦– ૨– ૬
સિલક	૧૦– ૧– ૩

Gandhi Heritage Portal

માર્ચ ૧૪, ગુરુવાર

શ્લેશિન ને હેનરી. કાગળ : પુરુષોત્તમદાસ, સુલેમાન, આમદ, શ્લેશિન, વિકટર ગયા.

સુલેમાનનું ભાડું મળ્યું	૦– ૩– ૦

માર્ચ ૧૫, શુક્રવાર

હજુરાસિંગ, લાલબહાદુરસિંગ ને કૅ. આવ્યા. સુલેમાનને સારુ પા. ૪–૧૦–૦નો ચેક આપ્યો.

ટિકિટ માટે કૅલનબૅકને આપ્યા	૧– ૦– ૦
સિલક	૯– ૪– ૩

માર્ચ ૧૬, શનિવાર

હજુરાસિંગ ને લાલબહાદુરસિંગ ગયા. કૅ. ગયા ને આવ્યા. કાગળ છગનલાલને.

કૅલનબૅક તરફથી મળ્યા	૦–૧૭– ૬
ટિકિટ માટે આપ્યા.	૦–૧૭– ૬

માર્ચ ૧૭, રવિવાર

શ્લેશિન, ગૉર્ડન, મુરગન, નાયડુ ને બુશ આવ્યાં. શ્લેશિન, ગૉર્ડન ને નાયડુ ગયાં. જર્મિસ્ટનનો ધોબી રહેવા આવ્યો. કાગળ : લૉટન, મેઢ, હુસેન, તારાસિંગ, મૉડ, વિટરબૉટમ, મેયો, શ્લેશિન.

શ્લેશિનને આપ્યા	૦– ૪– ૦

માર્ચ ૧૮, સોમવાર

કૅ. ગયા ને આવ્યા. બા, મુરગન ને બુશ ગયાં. સોઢાને કમાત પોર્ટ રોકવાનો તાર આવ્યો. શેલત ગયા. કાગળ : શ્લેશિન, કાછલિયા, વેસ્ટ, રિચ, પ્રાણજીવન.

શ્રીમતી ગ.	૦– ૫– ૦
નૂર	૦– ૧– ૩
પ્રવાસ ટિકિટ	૧– ૬– ૩
નાઈસલીને[1] તાર	૦– ૧– ૦
સિલક	૭– ૬– ૯

માર્ચ ૧૯, મંગળવાર, ચૈત્ર સુદ ૧

સોરાબજી આવ્યા. કૅલનબૅક આવ્યા. શ્લેશિનને કાગળ લખ્યો, સોઢાને પણ.

સ્ટૅમ્પના આપ્યા	૦– ૧– ૦
બ્રેડ માટે બાસડા તરફથી મળ્યા	૦– ૧– ૬

માર્ચ ૨૦, બુધવાર

રેવાશંકર શહેર ગયો. તે અને રતનશી આવ્યા. કાગળ : શ્લેશિન, કસ્તૂર, કાછલિયા.

સ્મટ્સને તાર[2]	૦– ૧– ૬
સિલક	૭– ૪– ૯

૧. નાતાલ ઇન્ડિયન કૉંગ્રેસનું તાર માટેનું સરનામું.
૨. જુઓ "ગૃહમંત્રીને તાર", પા. ૨૭૧.

Gandhi Heritage Portal

માર્ચ ૨૧, ગુરુવાર

સોની, તુલસી ને વાલજી આવ્યા. કણબી આવ્યો. શ્લેશિનને કાગળ લખ્યો.

માર્ચ ૨૨, શુક્રવાર

કે. આવ્યા. રતનશી ગયા ને આવ્યા. સુલેમાન આવ્યો. તુલસી ને વાલજી ગયા.

સોઢા પાસેથી દુકાળ ફંડ માટે મળ્યા	૨– ૧– ૪
અમીરુદ્દીન તરફથી મળ્યા	૦–૧૦– ૬
સિલક	૯–૧૬– ૭

માર્ચ ૨૩, શનિવાર

કૅલનબૅક ગયા. લખ્યું : વેલશી કેશવજી, મહમદ, મહમદ બેલીમ.

ભીખા તરફથી મળ્યા	૦– ૨– ૦
જોનને ઉછીના આપ્યા	૦–૧૦– ૦

માર્ચ ૨૪, રવિવાર

પાના ભગાને મળવા છએક કણબી આવેલા. કપુ પણ આવ્યો. કાગળ : મૉડ, વિટરબૉટમ, શ્લેશિન, રિચ, છગનલાલ,[૧] અભેચંદ — અમીરુદ્દીન.

માર્ચ ૨૫, સોમવાર

બા ને કે. આવ્યાં. રતનશી ટાઉન ગયા.

હનીફનાં રજાઈ અને ધાબળા માટે આપ્યા	૧– ૯– ૩
શિવપૂજનના દૂધ માટે આપ્યા	૦– ૫– ૯
સ્ટૅમ્પ	૦– ૧– ૬
સિલક	૭–૧૨– ૧

માર્ચ ૨૬, મંગળવાર

સોરાબજી ગયા. હું ચાલીને ટાઉન ગયો. ત્રણ વાગ્યે નીકળી ૯–૧૫ વાગ્યે જે. બી. પહોંચ્યો.

હનીફના બેન્ઝિન માટે આપ્યા	૦– ૧– ૦
સ્ટૅમ્પ	૦– ૭– ૧
સોરાબજીની સિલકમાંથી મળ્યા	૦– ૦– ૩
સિલક	૭–૧૧– ૩

માર્ચ ૨૭, બુધવાર

કાગળ : ઉમર ઝવેરી, મણિલાલ, વેલશી, મોહનલાલ, શ્લેશિન, નાથુ ભાણા, અહમદ ભાણા, પાડિયાર, અધિપતિ, વેસ્ટ.

સ્ટૅમ્પના આપ્યા	૦– ૨– ૦
નૂર	૦– ૨– ૧
સિલક	૭– ૭– ૦

૧. જુઓ "છગનલાલ ગાંધીને પત્ર", પા. ૨૭૧–૨.

Gandhi Heritage Portal

માર્ચ ૨૮, ગુરુવાર

શ્લેશિનને કાગળ લખ્યો. વાલજી હરિ અને શ્લેશિન આવ્યાં. કે. પાછા આવ્યા.

માર્ચ ૨૯, શુક્રવાર

કાગળ : શ્લેશિન. કે. પાછા આવ્યા.

માર્ચ ૩૦, શનિવાર

નાયડુ આવ્યા ને ગયા. ભીખો ગયો. રતનશી આવ્યા. કે. ગયા ને આવ્યા.

ચારાના નૂરના આપ્યા	૦– ૧– ૩
સિલક	૭– ૫– ૯

માર્ચ ૩૧, રવિવાર

ગૉર્ડન, શ્લેશિન અને અની આવ્યાં. બધાં પાછાં ગયાં.

એપ્રિલ ૧, સોમવાર

કાગળ : વિટરબૉટમ, મૉડ, મિ. મૅકડોનલ્ડ, વેસ્ટ, લેંગસ્ટન, હલીમ. કે. આવ્યા. એક છોકરો ફેડા રાતને સારુ આવ્યો. રતનશી ને રજબઅલી ગયા.

સ્ટૅમ્પ મળ્યા	૦– ૧– ૦
બ્રેડ બાસડા	૦– ૦– ૩
કૅલનબૅક	૦– ૨– ૬
સાબુ પર નૂરના	૦– ૧– ૦
રજબનું ભાડું	૦– ૩– ૮
સિલક	૭– ૪–૧૦

એપ્રિલ ૨, મંગળવાર, ચૈત્ર વદ ૧

કાગળ : મેઢ, હુસેન, દાઉદ, રુસ્તમજી, વેસ્ટ, આંગલિયા, ચમની, ઠક્કર, ફ્રેન્સી, દીવાન, મગનલાલ, મહમદ ઈસ્માઈલ, વેસ્ટ, તાતા,[1] નાથલિયા. રિચ, શ્લેશિન, કેનેડી આવ્યાં ને ગયાં. કૅલનબૅક આવ્યા.

સ્ટૅમ્પ	૦– ૩– ૬

એપ્રિલ ૩, બુધવાર

દાનો શહેર ગયો. કે. પણ. કાગળ : મેઢ, આણંદલાલ, અની, અધિપતિ, મગનલાલ, ઍન્ડ્રૂઝ, લછમન પાંડે, રણછોડ હરિ.

દાનાનું ભાડું	૦– ૨– ૦

એપ્રિલ ૪, ગુરુવાર

જે. બી. ચાલીને ગયા ને પાછા આવ્યા. કે. ને હું સાથે સોરાબજી, રતનશી, દાનો, રજબઅલી અને તેનો ભાઈ આવ્યા. ઑફિસે ૮–૫૦ વાગ્યે પહોંચ્યા.

૧. "મિ. રતન તાતાને બહેર પત્ર", એપ્રિલ ૧, ૧૯૧૨ (પા. ૨૭૨–૬)?

Gandhi Heritage Portal

લક્ષ્મણ તરફથી મળ્યા	૩– ૦– ૦
ઇનામ વગેરે માટે	૦–૧૨– ૦
થેલા માટે આપ્યા	૦– ૦– ૯
રતનશીનું ભાડું	૦– ૨– ૩
કાગળ	૦– ૦– ૩
ચામડું	૦–૧૭– ૬
બકલ અને ટ્યૂબ	૦– ૨– ૦

એપ્રિલ ૫, શુક્રવાર

અધિપતિ, ઉમિયાશંકર, રિચ, શ્લેશિન, આઇઝક, મારીમુતુ, અને પરભુનાં સગાં આવ્યાં. અલીભાઈ, પરભુનાં સગાં ગયાં. શ્લેશિન ટ્રેન ચૂકતાં જ રોકાઈ ગયાં.

જૉન તરફથી મળ્યા	૦–૧૦– ૦
સ્ટૅમ્પ	૦– ૧– ૭
જૉનને દૂધ માટે	૦–૧૨– ૬

એપ્રિલ ૬, શનિવાર

[કાગળ :] વેસ્ટ અને લેન, રાવજી મણિભાઈ, નાયક, શ્લેશિન, મણિલાલ.[૧] મિ. અધિપતિ, કોલ આવ્યા. રતનશી ને મિસ શ્લેશિન ગયાં. રતનશી આવ્યા.

કોથમીર, સૂકી દરાખ, બટાકા, રેલવે નૂર, શાકભાજી, નાળિયેરના કોથળા . . .[૨]	૧–૧૬– ૦
સ્ટૅમ્પ માટે આપ્યા	૦– ૦– ૬
નૂર	૦– ૧– ૦
સિલક	૭– ૭– ૦

એપ્રિલ ૭, રવિવાર

મિસિસ નાયડુ, મિ. નાયડુ, રંગાસામી, મિસ બુશ, મુરગન આવ્યા. હનીફની તબિયત વધારે ખરાબ રહી.

એપ્રિલ ૮, સોમવાર

મિ. ફિલિપ્સની ક્વૉયર આવી. રિચ, ગૉર્ડન વ. ઘણા માણસો આવ્યા. આવાંબાઈ રોકાયલી ને માણેકશા. લગભગ ૨૦૦ માણસ આવ્યા. બધા પાછા ગયા. નાયડુ ને મિસિસ નાયડુ પણ ગયાં. વિંટરબૉટમ તથા મૉડને કાગળ લખ્યા.

ભારતીય મહિલા મંડળ બાબત

મિસિસ વોગલને માટે શ્લેશિનને આપ્યા	૧– ૦– ૦
સિલક	૬– ૭– ૦

૧. જુઓ "મણિલાલ ગાંધીને પત્ર", પા. ૨૭૯.
૨. અહીં એક શબ્દ વાંચી શકાતો નથી.

Gandhi Heritage Portal

એપ્રિલ ૯, મંગળવાર

કાગળ : મહેતા, અધિપતિ, ગુલ. રતનશી, મિસ બુશ, મુરગન, કોલ, કૅ. ને ઈસાક ગયાં. શ્લેશિનને રાતે લખ્યો. કૅ. ને કોલ પાછા આવ્યા.

બાસડા તરફથી ખાંડના	૦– ૦– ૩
આઈઝકનું ભાડું	૦– ૨– ૦
સિલક	૬– ૫– ૩

એપ્રિલ ૧૦, બુધવાર

આવાંબાઈ ગયાં. સોરાબજી પણ ગયા. દોરાબજી રાતે આવ્યા.

નૂર ભર્યું	૦– ૧– ૬

એપ્રિલ ૧૧, ગુરુવાર

ટાઉન ચાલીને બંને ગયા. વેસ્ટ વ. કાલે આવ્યા. આજે સાથે ફાર્મ પર આવ્યા. શ્લેશિનને લખ્યું. સોઢા આવ્યા.

ખર્ચ પેટે મુરગનને આપ્યા	૧– ૦– ૦

એપ્રિલ ૧૨, શુક્રવાર

કોલ શહેર ગયા ને આવ્યા. શ્લેશિનને લખ્યું.

સ્ટૅમ્પના આપ્યા	૦– ૧– ૦

એપ્રિલ ૧૩, શનિવાર

કૃષ્ણસામી, દાનો, ડાહ્યો અને ભગો ટાઉન ગયા. કાગળ લખ્યા.

ઈમારતી લાકડાનું નૂર આપ્યું	૦–૧૦– ૫
દાનાનું ભાડું	૦– ૨– ૩
સિલક	૪–૧૦– ૭

એપ્રિલ ૧૪, રવિવાર

શ્લેશિન ને કુપુ આવ્યા ને ગયા. ઈસાક આવ્યો. ઈસ્માઈલ ગયો. કાગળ : તૈયબ હાજી ખાન મહમદ, લ. પાંડે, અ. કા. નૂરમહમદ, મહમદ હલીમ, ગોકલદાસ, છગનલાલ, મણિલાલ.[1]

સિલક	૪–૧૦– ૭

એપ્રિલ ૧૫, સોમવાર

કૅ. ને કોલ ગયા ને આવ્યા. દાનો ને ભગો પાછા આવ્યા. કાગળ : વિટરબૉટમ અને મૉર્ સવારના. રાતે છગનલાલ, શ્લેશિન.

સ્ટૅમ્પના આપ્યા	૦– ૨– ૬
પ્રવાસ ટિકિટ	૧– ૬– ૩
સિલક	૩– ૧–૧૦

૧. "મણિલાલ ગાંધીને પત્ર", એપ્રિલ ૧૩, ૧૯૧૨ (પા. ૨૮૧)?

Gandhi Heritage Portal

એપ્રિલ ૧૬, મંગળવાર

[કાગળ :] ડી. એમ. ખાન, દાદા અબદુલ્લા, હરિલાલ ઠક્કર, નાંના, ઉમર ઝવેરી, પારસી રુસ્તમજી, નાયક, હાજી દાદા, હાજી હબીબ, પુરુષોત્તમદાસ, હરિલાલ, મૅનેજર ના. એ. [?] એડિટર ઇ. ઓ., કોલ, વેસ્ટ, મિસ વેસ્ટ અને મિસિસ ગયાં.

કૅલનબૅક તરફથી નૂરના	૦–૧૦– ૫
મૉડ તરફથી	૦– ૯– ૦
સ્ટૅમ્પ	૦– ૦– ૨
સ્ટૅમ્પના આપ્યા	૦– ૧– ૯
સિલક	૩–૧૯– ૮

એપ્રિલ ૧૭, બુધવાર

કાગળ : બદ્રી, વી. એસ. નાયડુ, ચૂનીલાલ, આંગલિયા, દાઉદ મહમદ, હરિલાલ ઠક્કર, મૅનેજર ઇ. ઓ., અની—મિસિસ નાયડુ ને મારીમુતુ આવ્યાં. કૅ. ગયો ન આવ્યા.

મહેમાનના વાહનખર્ચના મળ્યા	૦–૧૧– ૮
સ્ટૅમ્પના આપ્યા	૦– ૧– ૯
સિલક	૪– ૯– ૭

એપ્રિલ ૧૮, ગુરુવાર, વૈશાખ સુદ ૧

કૅ. જમનાદાસ ને હું ચાલીને છ વાગ્યે ગયા. કૅ. ૪–૪૫ કલાકે પહોંચ્યા. જ. ને હું ૬ કલાકે.

નાયડુ માટે આપ્યા	૦–૧૦– ૦
છોકરાઓ માટે પુસ્તકો	૦– ૩– ૦
પોટાશ	૦– ૨– ૦
ટેપ અને પિનો	૦– ૧– ૬
ચેડર (ઊંચી જાતનું) પનીર	૦– ૧– ૩
કાગળ	૦– ૦– ૩
સિલક	૪–૧૧– ૭

એપ્રિલ ૧૯, શુક્રવાર

કૅ. ટાઉન ગયા ને પ્રિટોરિયા. કાગળ : છગનલાલ તવાડિયા, મણિલાલ, ઈસ્માઈલ, જાડા, થંબી નાયડુ.

એપ્રિલ ૨૦, શનિવાર

ફકીરા ને ભગાભાઈ ગયા. રતનશી, વેલશી, જીવણ બોજો ને ઇબ્રાહીમ આવ્યા. કૅ. પાછા આવ્યા. શ્લેશિન પણ આવી. વેલશીએ ત્રણ પાઉંડનો ચેક મોકલ્યો.

વેલશી તરફથી ચેક મળ્યો.	૩– ૦– ૦
ખાંડના મળ્યા	૦– ૦– ૬
નૂર ભર્યું	૦– ૧– ૦

Gandhi Heritage Portal

એપ્રિલ ૨૧, રવિવાર

વેથન, કૅલનબૅક ને તેની વહુ મોટરમાં આવ્યાં. ગૉર્ડન ને જમનાદાસ ચાલીને આવ્યા. શ્લેશિન વ. ગયાં. હું પણ ગયો. હમીદિયા હૉલમાં મીટિંગ. ઑફિસે સૂતો. છોકરાઓ વૅન વાઈકસરસ્ટ સૂવા ગયા.

પ્રવાસ ટિકિટના આપ્યા ૧– ૬– ૩

એપ્રિલ ૨૨, સોમવાર

નાયડુના છોકરા ને હું પાછા ફર્યા. રેવાશંકરને સિપાહીએ ગઈ કાલે માર્યાના ખબર સાંભળ્યા.

નૂરના ભર્યા	૦– ૧– ૦
ભાયાતના પુત્રને માટે મળ્યા	૧–૧૦– ૦
સિલક	૪–૧૩–૧૦

એપ્રિલ ૨૩, મંગળવાર

[કાગળ:] ખુશાલચંદ, લક્ષ્મીચંદ, કરસનદાસ, મેઘજી રાવજી, રેવાશંકર જગજીવન.

એપ્રિલ ૨૪, બુધવાર

પુરુષોત્તમદાસ, ચમની, અધિપતિ.

ભગા માટે મળ્યા	૦– ૧– ૦
કૉફી	૦– ૦– ૬
સ્ટૅમ્પ	૦– ૨– ૦
સિલક	૪–૧૩– ૪

એપ્રિલ ૨૫, ગુરુવાર

પંદર છોકરા, કૅ. ને હું ચાલીને શહેર ગયા. રજબઅલી અને અમે બે પાછા આવ્યા. ક્રિચનને મળ્યો. ચમનીની પાસે જુબાનીઓ.

રજબની ટિકિટના આપ્યા	૦– ૧– ૨
સિલક	૪–૧૨– ૨

એપ્રિલ ૨૬, શુક્રવાર

મહમદ બેલીમ, સોરાબજી, શ્લેશિન.

એપ્રિલ ૨૭, શનિવાર

હનીફ ને કૅ. શહેર ગયા. કાગળ: છગનલાલ, રેવાશંકરભાઈ, દાક્તર, મણિલાલ, જેકી, મગનલાલ, વેલશી, મોતીલાલ. કૅ. પાછા આવ્યા. સુલેમાન કાસુ પોતાનું સર્ટિફિકેટ લઈ આવ્યો.

હનીફને આપ્યા	૦– ૭–૧૧
સ્ટૅમ્પ	૦– ૦– ૯
સિલક	૪– ૩– ૬

Gandhi Heritage Portal

એપ્રિલ ૨૮, રવિવાર

જર્મિસ્ટન ચાલીને ગૉર્ડન, શ્લેશિન ને હું ગયાં. પાછળથી રામદાસ, રતનશી ને શિવપૂજન આવ્યા. રિચ ટ્રેનમાં આવ્યા. ગઈ રાતે રિચને ત્યાં સૂતો. કાછલિયા, સોરાબજી ને નાયડુ પણ આવ્યા.

એપ્રિલ ૨૯, સોમવાર

ગઈ રાતે ગૉર્ડનને ત્યાં સૂતો. સવારે ૬–૨૦ ચાલી ફાર્મ પર છોકરાઓ સાથે આવ્યો. કૅ. રસ્તામાં મળ્યા ને પાછા ફર્યા. ઍલ્બર્ટે ૧૧ દિવસનો અપવાસ ભાગ્યો. હનીફ રાતે આવ્યો તેમ જ કાછલિયા, અસ્વાત, વાજા ને બીજા ગૃહસ્થો તથા સોઢા. કૃષ્ણસામી, અલી ને મહમદ બહાર છે.

ગૉર્ડન તરફથી મળ્યા	૦– ૧– ૦
ફકીર અને ઈસાક	૩– ૦– ૦
સિલક	૭– ૪– ૬

એપ્રિલ ૩૦, મંગળવાર

આ. કાછલિયા, અસ્વાત વ. પાછા ગયા. અલી, મહમદ આવ્યા. મહમદ ઈસાક આવ્યા. રતનશી ને રંભા ગયાં.

સોઢાને આપ્યા	૦–૧૬–૧૦

મે ૧, બુધવાર

સવારના ૧–૪૦ મિનિટે કૅ. ને હું ચાલીને જે. બી. ગયા. ત્યાંથી જર્મિસ્ટન. કૅ. પ્રિટોરિયા ગયા. કૃષ્ણસામી આવ્યો. બા માંદી.

જૉન તરફથી મળ્યા	૦– ૦– ૬
જર્મિસ્ટનનું ભાડું આપ્યું	૦– ૧– ૭
નૂર	૦– ૧– ૭

મે ૨, ગુરુવાર, વૈશાખ વદ ૧

સવારના ચાલીને કૅ.ની સાથે ટાઉન ગયો. ૫–૪૦ મિનિટ લાગી. વેસ્ટ વ. પાછા ફર્યા. છોટાલાલ પણ આવ્યો.

ઘડિયાળ રિપેર કરાવી તેના આપ્યા	૦– ૩– ૬
રેલના	૦– ૦– ૨

મે ૩, શુક્રવાર

વેસ્ટ શહેર ગયો. કાગળ : લેનને, મહમદ હાસમ મીઠા, છગનલાલ, ડાંગરે, મહમદ અબા, કૅપ્ટન સ્ટુઅર્ટ[ને]. વેલશી, વેસ્ટ પાછા આવ્યા.

વેસ્ટની ટિકિટના મળ્યા	૦– ૭–૧૧
નાયડુના છોકરાઓના રેલના	૦– ૫–૧૦
ચાબુકની દોરી	૦– ૦– ૯
સ્ટૅમ્પ	૦– ૧– ૦
સિલક	૬– ૧– ૮

Gandhi Heritage Portal

મે ૪, શનિવાર

જમનાદાસ...,[1] ભગા, વજે, દાનો ને હનીફ જે. બી. ગયા. હનીફ બપોરની ગાડીમાં પાછો આવ્યો. જે. ને હું ૪–૩૭ા મિનિટે પહોંચ્યા. કાગળ : હુસેન ને ઈસ્માઈલ ગોરાને લખ્યા.

મે ૫, રવિવાર

શ્લેશિન, જમનાદાસ, દાનો ને ભગો ચાલીને આવ્યા. પરભુ, હનીફ અને ડાહ્યા તથા ઈસ્માઈલને ઈનામ મળ્યાં. આઈઝક, મિસ પ્લાઉમેન તથા ગૉર્ડન ગાડીમાં આવ્યા. શ્લેશિન, ગૉર્ડન, આઈઝક ને મિસ [પ્લાઉમેન] પાછાં ગયાં.

નૂર ભર્યું	૦– ૨– ૦

મે ૬, સોમવાર

કૅલનબૅક ટ્રેન ભૂલવાથી ચાલીને જે. બી. ગયા ને પાછા આવ્યા. સોરાબજી આવ્યા. કાગળ : મિસ વિટરબૉટમ, મૉડ વ.ને લખ્યા.

વેસ્ટ તથા વ્યાસ તરફથી મળ્યાં	૧– ૦– ૦
સ્ટૅમ્પ	૦– ૨– ૦

મે ૭, મંગળવાર

વેસ્ટ કુટુંબ સિધાવ્યું. બધાં મેલમાં ગયાં. મિસ વેસ્ટ રહ્યાં. કાગળ : દાઉદ મહમદ, એ. ઈ. જાડા, છગનલાલ, મણિલાલ, વેદ ધર્મસભા, બૉક્સબર્ગ, વેસ્ટ, પુરુષોત્તમદાસ, ચમની. કાગળ : અની, છગનલાલ, રહીમ, નાયક, આણંદલાલ, વ્યાસ.

વેસ્ટ માટે મળ્યા	૦– ૬– ૧
પ્રવાસ ટિકિટના આપ્યા	૧– ૬– ૩
જૉનને દૂધના આપ્યા	૦–૧૦– ૩
	૫– ૭– ૦

મે ૮, બુધવાર

એડિટર, શ્લેશિન, ઈ. કોટવાલ, લૅઝરસ, રાવજી, કોલ, ડાહ્યાભાઈ, ચૂનીલાલ, રોશ, લેન. રાત્રે લાલબહાદુરસિંગ ને રામાવતાર આવ્યા.

સ્ટૅમ્પ તથા નૂરના આપ્યા	૦– ૨– ૦

મે ૯, ગુરુવાર

કે., સોરાબજી ને હું ચાલીને જે. બી. ગયા. ત્યાંથી પાછા કે. ને હું ફર્યા.

લક્ષ્મણ માટે મળ્યા	૩– ૦– ૦
સુલ્તાના [બી વગરની દ્રાક્ષ], સાવરણી, જવ વગેરેના આપ્યા	૦–૧૧– ૦
હનીફનાં હાથ-પગનાં મોજાં	૦– ૨– ૬
નૂર	૦– ૦–૧૧
	૭–૧૦– ૭

૧. અહીં એક નામ વાંચી શકાતું નથી.

Gandhi Heritage Portal

મે ૧૦, શુક્રવાર

પારેખ, ચમની, પોલાક.

નૂર ભર્યું ૦— ૨— ૦

મે ૧૧, શનિવાર

જમનાદાસ, દાનો, શિવપૂજન, કુપુ ને સુલેમાન ચાલીને શહેર ગયા છે. રામદાસને દેવીની પાસે સૂવા મોકલ્યો છે.

વેસ્ટ માટે વ્યાસને આપ્યા ૦—૧૭— ૦

વ્યાસને માટે આગલા વર્ષના વ્યાજના

પી. સી. નોટ પ્રમાણે મળ્યા ૦—૧૭— ૦

રકમ ચોપડે નોંધવામાં નહોતી આવી કેમ કે ૧લી મેએ મળેલ ૧ પાઉંડ પણ નોંધવામાં આવ્યો નહોતો.

મે ૧૨, રવિવાર

શ્લેશિન, મિસિસ નાયડુ ને તેની બહેન આવ્યાં ને પાછાં ગયાં. જમનાદાસ, શિવપૂજન ને કુપુ પાછા આવ્યા. કાગળ : વેસ્ટને, મણિલાલ, યશવંત સદાશિવ, લૉઝરસ, અબદુલ કરીમ ઝવેરી, વેલશી, દાઉદ મહમદને લખ્યા.

મે ૧૩, સોમવાર

[પત્ર] અધિપતિ, મણિલાલ દાક્તર, આણંદલાલ, છગનલાલ, પ્રાણજીવન. કે. શહેર ગયા ને પાછા આવ્યા.

સ્ટેમ્પના આપ્યા ૦— ૨— ૦

મે ૧૪, મંગળવાર

[પત્ર] વેસ્ટ, ઈસ્માઈલ ગોરા, ઉમર ઝવેરી, મૂસા હાજી આદમ, પ્રાગજી.

જૉન પાસેથી મળ્યા ૦— ૦— ૯

મણિલાલના તારના આપ્યા ૦— ૧— ૩

સ્ટેમ્પ ૦— ૦— ૯

સિલક ૧— ૧— ૪

મે ૧૫, બુધવાર

કે. ને હું શહેર ચાલીને ગયા. ઉઘરાણે કાછલિયા વ. સાથે નીકળ્યા. ગૉર્ડનને ત્યાં સૂતો.

મે ૧૬, ગુરુવાર

સવારે ચાલીને શ્લેશિન તથા ગૉર્ડનની સાથે આવ્યો. દાનો આવ્યો. કે.ના ભાઈબંધ આવ્યા ને ગયા. ગૉર્ડન ને શ્લેશિન પણ ગયાં.

મે ૧૭, શુક્રવાર, જેઠ સુદ ૧

કાગળ દિવસના બિલકુલ નથી લખ્યા. આખી સવાર રસોડામાં ગઈ.

Gandhi Heritage Portal

મે ૧૮, શનિવાર

હનીફ, હું ને દેવદાસ ગામ ચાલીને ગયા. ઉધરાણામાં રોકાયો. ગૉર્ડનને ત્યાં સૂતો. કોટવાલને કાગળ લખ્યો.

હનીફને આપ્યા	૦– ૨– ૬
દેવદાસ	૦– ૦– ૬

મે ૧૯, રવિવાર

શહેરથી પાછા ત્રણે આવ્યા. કોલ ફાર્મ પર આવ્યા. તેમ જ પ્રેમો. પ્રેમો પાછો ગયો. કાગળ : મૉડ, વિટરબૉટમ, કાળિદાસ પટેલ.

મે ૨૦, સોમવાર

મણિલાલ ડૉકટર ને જેકી તથા સોરાબજી આવ્યાં. રંભા પણ આવ્યાં. સાંજે સુલેમાન, કૅલનબૅક ને નરસી મુલુ આવ્યા.

જૅન તરફથી મળ્યા	૦– ૧– ૦
સ્ટૅમ્પના આપ્યા	૦– ૧– ૦

મે ૨૧, મંગળવાર

[કાગળ :] લેન,[૧] મણિલાલ, કોટવાલ, છગનલાલ, ડી વેર, શ્લેશિન, તીકારઠી[૨], સીંસીગલ.

સ્ટૅમ્પ માટે આપ્યા	૦– ૨– ૬

મે ૨૨, બુધવાર

આંગલિયા, ચમની, રુસ્તમજી, દાદા ઓસમાન, છગનલાલ, કોટવાલ, ધોરીભાઈ, રંભા, રેવાશંકર, છોટમ ને જમનાદાસ ગયાં. ફાર્મ પર શિકારીઓ[૩] આવ્યા. આઈઝક આવ્યા ને ગયા.

ડાહ્યાના જમવાના મળ્યા	૧–૧૦– ૦
જમનાદાસ તરફથી મળ્યા	૩– ૦– ૦
માલ ભાડાના	૦– ૨– ૩

નોંધ કરી નથી

મે ૨૩, ગુરુવાર

છગનલાલ, વેસ્ટ, વેલશી, બોયડ.

વિજ્યાનું રેલભાડું આપ્યું	૦– ૨– ૬
સ્ટૅમ્પ	૦– ૧– ૦
નૂર	૦– ૧– ૦

મે ૨૪, શુક્રવાર

ચાલીને કૃષ્ણસામી, ભગો, ડાહ્યો ને હું શહેર ગયા. ૧–૧૪ મિનિટ લાગી. નિશાળ બાબત મીટિંગ. મણિલાલ, બા ને જેકી ગામમાં આવ્યાં. બા, જેકી, મણિલાલ ને હું પાછાં ફર્યાં. રેવાશંકર પણ.

નૂર	૦– ૧– ૦

૧. જુઓ "ઈ. એફ. સી. લેનને પત્ર", પા. ૨૮૬.
૨. આ શબ્દના કેટલાક અક્ષરો ઊકલતા નથી.
૩. અહીં શબ્દો ઊકલતા નથી. અંગ્રેજીમાં 'રામપરશી હરિયો' લીધું છે.

Gandhi Heritage Portal

મે ૨૫, શનિવાર

[કાગળ :] કોટવાલ, ચમની, રુસ્તમજી, મણિલાલ. શ્લેશિન આવ્યાં ને ગયાં.

જૉન તરફથી મળ્યા તથા સ્ટૅમ્પ	૦– ૦– ૯
સ્ટૅમ્પ	૦– ૧– ૦
સિલક	૨– ૧–૧૦
જમનાદાસ તરફથી પરત મળ્યા	૩– ૦– ૦
	૫– ૧–૧૦

મે ૨૬, રવિવાર

શ્લેશિન, ગૉર્ડન, કિવન ને ગુલામ મહમદ મુલ્લા આવ્યાં. બધાં પાછાં ગયાં. કાગળ લખ્યા.

દેવી તરફથી મળ્યા	૦– ૫––૦

મે ૨૭, સોમવાર

[કાગળ :] છગનલાલ, પુરુષોત્તમદાસ, મણિલાલ દેસાઈ, કૅપ્ટન સ્ટુઅર્ટ, મૉડ, પ્રાણજીવન, વિટરબૉટમ, આણંદલાલ, વેસ્ટ, આઈઝક, રુસ્તમજી. જમનાદાસ ગયો. ડાહ્યો, કૅલન ને કોલ આવ્યા.

સ્ટૅમ્પના આપ્યા	૦– ૨– ૬
,,	૦– ૨– ૬

મે ૨૮, મંગળવાર

વેલશી, આણંદલાલ, અધિપતિ, મહમદ ઈસ્માઈલ, શ્લેશિન, જમનાદાસ, છગનલાલ, વેસ્ટ, [કાગળ] મોકલ્યા. મેઢ, કુંવરજી, તવારિયા, દાનો શહેર ગયા. કે. ને મણિલાલ પાછા ફર્યા. ફ્રાંસિસ વ. ત્રણ તામિલ આવ્યા.

દાનાને આપ્યા	૦– ૨– ૦

મે ૨૯, બુધવાર

[કાગળ :] અધિપતિ, પુરુષોત્તમદાસ, મંગા સોમા, છગનલાલ, જમન [જમનાદાસ?]

મે ૩૦, ગુરુવાર

શહેર ગયા કૅલનબૅક, કુપુ, શિવપૂજન અને સુલેમાન ને હું ચાલીને ગયા. મણિલાલ ને કોટવાલ આવ્યા. તે જ રાતે પાછા આવ્યા.

મે ૩૧, શુક્રવાર, જેઠ વદ ૧

કોટવાલ, મણિલાલ, કૅલનબૅક, કુપુ, શિવપૂજન, ને સુલેમાન તથા હું પહોંચ્યા — ચાલીને. દેવી-બહેન વ. સામે આવેલાં. જે. બી. જતાં ૫–૧૨ મિનિટ લાગી. આવતાં ૬–૧૦ મિનિટ.

કોટવાલના માલના મજૂરી વગેરેના આપ્યા	૦– ૩– ૦
સુલેમાન અને ભગાના વાહનખર્ચના	૦– ૫– ૦

Gandhi Heritage Portal

જૂન ૧, શનિવાર

૧૫ છોકરા, કૅલનબૅક, કોટવાલ, શ્લેશિન, સોરાબજી ને હું ચાલીને વીરીનિગિંગ ગયાં.[૧] બા, દેવી ને જેકી, વિજ્યા ને બેબી ટ્રેનથી ગયાં. ભગો ને સુલેમાન ગઈ રાતે રાંધવા ગયા.

રેલભાડા વગેરેના આપ્યા ૧– ૦– ૦

જૂન ૨, રવિવાર

વીરીનિગિંગમાં ગાળ્યો. બા, કૅલનબૅક, મણિલાલ, શ્લેશિન ને સોરાબજી સાંજની ટ્રેનમાં પાછાં ગયાં.

કૅલનબૅકને આપ્યા ૧– ૦– ૦

નોંધ કરી નથી

જૂન ૩, સોમવાર

બધા છોકરાની સાથે પાછા ફર્યા. મિ. સુજી સાથે આવ્યા. ૪ વાગ્યે ઘેર પહોંચ્યા. દાનો આવ્યો. રણછોડ ધના પોતાના છોકરા બાબત પૂછવા આવ્યો.

દાના માટે આપ્યા ૦– ૨– ૦

મિસ વેસ્ટને આપ્યા ૦– ૨– ૬

જૂન ૪, મંગળવાર

આણંદલાલ, પુરુષોત્તમદાસ, શ્લેશિન, નારણદાસ, હજૂરાસિંગ, કાળિદાસ પટેલ, છગનલાલ, મગનલાલ, ઈ. એન. પટેલ. મિ. ભાયાતના ત્રણ છોકરા, ઈસપ, મહમદ ને ઇબ્રાહીમ આવ્યા. કૅ. ચાલીને આવ્યા.

સ્ટૅમ્પના આપ્યા ૦– ૨– ૦

નૂર ૦– ૧– ૭

સિલક ૨– ૮– ૦

જૂન ૫, બુધવાર

[કાગળ :] બીતાસી, સંઘવી, દાદા ઓસમાન, દાદા અબદુલ્લા, દમણિયા, હસન, ઈસપ મૂસા, હાજી આદમ, કોલ, રિચ, અધિપતિ, મહમદ હાસિમ, ભાયાત. નરસી મુલુ ગયો.

દાના તરફથી મળ્યા ૦– ૦– ૬

રેલભાડું નરસી મુલુ ૦– ૨– ૦

જૂન ૬, ગુરુવાર

કૅ. ને હું શહેર ગયા. ગૉર્ડનને ત્યાં સૂતો કૅ. પાછા ગયા. શ્લેશિનની વરસગાંઠ.

મહેતાના પુસ્તક માટે દાના તરફથી મળ્યા ૦– ૧– ૦

નૂર ભર્યું ૦– ૧– ૦

દૂધ ૦– ૪– ૦

૧. ઘણુંખરું અસ્વાતે છોકરાઓને આપેલી પાર્ટીમાં. ઇન્ડિયન ઓપીનિયન, ૮–૬–૧૯૧૨.

Gandhi Heritage Portal

જૂન ૭, શુક્રવાર

પ્રિટોરિયા ગયો. ચમનીને તથા લેનને મળ્યો. પાછો આવ્યો ફાર્મ પર. મણિલાલ દાક્તર ચાલીને કાલે શહેર આવ્યા.

પ્રેટને રેલભાડાના	૦–૧૦– ૦
કાગળ	૦– ૦– ૩
કૅ.ની બૅગનું નૂર	૦– ૦– ૩
માલનું નૂર	૦– ૧– ૪

જૂન ૮, શનિવાર

ભાયાતના છોકરા બૉક્સબર્ગ ગયા. કાગળ : દા. ગુલ, વેલશી, લૉઝરસ, છગનલાલ, વેસ્ટ, ઉમર ઝવેરી, ફ્રેન્સી. ગૉર્ડન આવ્યા. વાલજી પણ

સ્ટૅમ્પના આપ્યા	૦– ૨– ૩
ક્લૅનબૅકને આપ્યા	૦– ૨– ૬
સિલક	૧– ૬– ૫

જૂન ૯, રવિવાર

વાલજી, કૅ. ને ગૉર્ડન ગયા–તેમ જ દાનો ને ભગો. એડલસ્ટીન આવ્યો ને ગયો.

જૂન ૧૦, સોમવાર

[કાગળ:] મિસિસ મેયો, છગનલાલ, અધિપતિ, મૉડ, વિંટરબૉટમ, મહેતા, ભગા દાજી, નવસારી કંપની, શ્લેશિન. જોશી ને છગન ઘીવાળા કેપટાઉનવાળા આવ્યા ને ગયા.

નૂર ભર્યું	૦– ૨– ૧
સ્ટૅમ્પ	૦– ૧– ૦
નૂર	૦– ૨– ૩

જૂન ૧૧, મંગળવાર

[કાગળ:] મગનલાલ, જમનાદાસ, વેસ્ટ, ઠક્કર. દાનો આવ્યો. નાનો ભગો આવ્યો. ટીકલીનો ભાઈ અને બીજા ગુજરાતી હિંદુ પોતાના છોકરા બાબત. હિંદુઓ, ટીકલીનો ભાઈ તથા ટીકલી ગયા.

જૂન ૧૨, બુધવાર

દાનો નિશાળ છોડી ગયો.

ભગાને માટે ડૉક્ટર મહેતાનું પુસ્તક મળ્યું	૦– ૧– ૩
સ્ટૅમ્પ માટે ભગા તરફથી મળ્યા	૦– ૦– ૯
સ્ટૅમ્પ	૦– ૧– ૦

જૂન ૧૩, ગુરુવાર

કૅ., ફકીર, રેવાશંકર ને ઈસ્માઈલ શહેર ગયા. હું પણ. કૅ. ને હું તથા છોટમ આવ્યા. સોરાબજી પણ આવ્યા.

Gandhi Heritage Portal

ખાંડ માટે મળ્યા ૦– ૦– ૬

વાહન ખર્ચ ૦– ૧– ૦

નૂર ૦– ૭– ૦

જૂન ૧૪, શુક્રવાર

કાગળ: દાદા અબદુલ્લા, મહમદ હાસમ, નથુ કાસમ, ડાંગરે, મોતીલાલ દીવાન. મણિલાલ દાક્તર અને સોરાબજી ગયા.

કૅ. તરફથી મળ્યા ૧– ૨– ૬

સ્ટૅમ્પના આપ્યા ૦– ૧– ૦

૧૫ જૂન, શનિવાર

[કાગળ:] અધિપતિ, વેલશી, મણિલાલ, નારણદાસ.

ખાંડ માટે મળ્યા ૦– ૩– ૦

સ્ટૅમ્પ માટે મળ્યા ૦– ૦– ૮

જૂન ૧૬, રવિવાર, અષાઢ સુદ ૧

કુપુ, રેવાશંકર અને ફકીર આવ્યા. ઈસ્માઈલ પાછો ન આવ્યો ને આજથી બંધ થયો છે. કુપુ ફકીર વ. ભાઈઓ ગયા. કાગળ: પુરુષોત્તમદાસ, છગનલાલ, વિંટરબૉટમ, મૉડ, શ્લેશિન, દાદા ઓસમાન

ઈસાકને માટે મળ્યા ૨– ૦– ૦

દૂધ મળ્યું ૦– ૦– ૬

જૂન ૧૭, સોમવાર

નાનો ભગો ગયો. કૅ. ટાઉન ગયા ને પાછા આવ્યા.

નાના ભગાને આપ્યા ૦– ૧– ૬

સ્ટૅમ્પ ૦– ૨– ૩

જૂન ૧૮, મંગળવાર

[કાગળ] હરિલાલ ઠક્કર, અધિપતિ, વેસ્ટ, મગનલાલ, ગૉર્ડન, રિચ, ઈમામ અલી. વાજા ને મહમદ આવેલા પાછા ગયા.

મહેતાના પુસ્તક માટે મળ્યા ૦– ૧– ૩

ખાંડ ૦– ૦– ૩

સ્ટૅમ્પ ૦– ૧– ૦

નૂર ૦– ૧– ૦

જૂન ૧૯, બુધવાર

[કાગળ:] ફ્રેન્સી, અધિપતિ, વેસ્ટ, શેર, પરભુ ભગા, નારણદાસ, ભરૂચા, વાજા મૂસાજી. માકડા આવ્યા ને ગયા. નાયડુનાં છોકરાં આવ્યાં.

નૂર ભર્યું ૦– ૨– ૫

સ્ટૅમ્પ ૦– ૦– ૪

Gandhi Heritage Portal

જૂન ૨૦, ગુરુવાર

કૅ., હું, હનીફ, દેવદાસ, પરભુ, કુપુ, કૃષ્ણસામી, અલી, લક્ષ્મણ, શિવપૂજન, ભગો શહેર ગયા. રાત રિચને ત્યાં. રજબઅલી પ્રિટોરિયા ગયો.
પરભુનો ભાઈ ઑફિસે પા. ૫ લાવ્યો

જૂન ૨૧, શુક્રવાર

હજુ જે. બી.માં. રાત ગૉર્ડનને ત્યાં. સોરાબજી સાથે ઉધરાણામાં નીકળ્યો.

જૂન ૨૨, શનિવાર

અલી અને પરભુ સિવાય બધા છોકરા સુ ધાં કૅ. ને હું પાછા ફર્યા. બપોરના શ્લેશિન આવી. દેવી, ફકીર, ભારત સારથી વ. સાથે લેવા આવેલ.

જૂન ૨૩, રવિવાર

બૉક્સબર્ગના લોકો આવ્યા, કિવન આવ્યા. ગૉર્ડન ને મણિલાલ પણ આવ્યા. તે બધા પાછા ગયા. રાતના કાગળો લખ્યા.

જૂન ૨૪, સોમવાર

[કાગળ :] અધિપતિ, છગનલાલ, ભાયાત, મૉડ, દાક્તર, આણંદલાલ, વિંટરબૉટમ, વેસ્ટ, અભેચંદ, મોહનલાલ, હરિલાલ ઠક્કર, કૅલનબૅક ને ડેવિસ આવ્યા.

સ્ટૅમ્પ	૦– ૨– ૬
નૂર	૦– ૨– ૪

જૂન ૨૫, મંગળવાર

વેસ્ટ, ઠકર, છગનલાલ.

જૂન ૨૬, બુધવાર

જે. બી., હું ને મણિલાલ ગયા. બા ને જેકી ટ્રેનમાં ગયાં. પાછા ફર્યાં. સોરાબજી પણ આવ્યા.

તાર	૦– ૧– ૭
નૂર	૦– ૦– ૯
મળતી નથી	૧– ૦– ૦
રજબઅલી	૦– ૫– ૩
સિલક	૨– ૫–૧૦

જૂન ૨૭, ગુરુવાર

[કાગળ :] છગનલાલ, ટીકલી, હાજી દાદા, હાજી હબીબ, મહમદ બાબા, દાદા અબદુલ્લા. સોરાબજી ગયા. જાન એફેન્ડી આવ્યા. કૅ. ગયા ને પાછા આવ્યા.

દાનાના પુસ્તક માટે ડાહ્યા તરફથી	૦– ૦– ૩
ખાંડ વગેરે	૦– ૦– ૬
ખરચો માટે આવ્યા	૦–૧૮– ૬
સિલક	૧– ૮– ૧

Gandhi Heritage Portal

મિસ એસ. તરફથી મળ્યા	૧૦– ૦– ૦
	૧૧– ૮– ૧

જૂન ૨૮, શુક્રવાર

ડરબન સારુ બા ને હું રવાના થયાં.

ડરબનની ટિકિટના	૬– ૬– ૮
શ્લેશિન	૦– ૩– ૦

જૂન ૨૯, શનિવાર

ડરબન આવ્યાં. રસ્તામાં તકલીફ ઠીક પડી. માણસો સ્ટેશન પર ઠીક આવેલા. સાંજના ઑટોમન ક્રિકેટ ક્લબની મીટિંગ.[1] રાતની ટ્રેનમાં જમનાદાસ ને અમે બે ફિનિક્સ ગયાં.

જૂન ૩૦, રવિવાર, અષાઢ વદ ૧

ફિનિક્સથી જમનાદાસ, હું વ. ચાલીને નીકળ્યા. રસ્તે ઉમર શેઠ વ. મળ્યા ને હું ગાડીમાં ઈસ્તંબૂલ અંજુમનની મીટિંગે ગયો. હાજી હસન [હાસિમ?]ને ત્યાં ખાણું. અબદુલ હકને ત્યાં. રાત્રે કૉંગ્રેસની મીટિંગ. અબદુલ કરીમ શેઠની ચૂંટણી. કૉલોનિયલ બૉર્નનો ઝઘડો. રાત ઉમર શેઠને ત્યાં.

જુલાઈ ૧, સોમવાર

સવારના ફિનિક્સ ગયા. ૪ની ટ્રેનમાં પાછો ફર્યો. ડીડ બાબતમાં મીટિંગ કરી. ઈસ્માઈલ હાફેજી મૂસાને ત્યાં ખાણું. સાંજના ગુજરાતી મીટિંગ. કૉલોનિયલ બૉર્નનો ઝઘડો.

જુલાઈ ૨, મંગળવાર

સાંજના દાઉદ મહમદ, રુસ્તમજી, અબદુલ કરીમ, અબદુલ હક વ. ફિનિક્સ આવ્યા. ૧–૩૬ની ટ્રેનમાં ચેટીને ત્યાં ખાણું. સાંજના મહમદ ઈબ્રાહીમ. અંજુમનની મીટિંગ. રત્નમ્ સાથે તેને ત્યાં સૂવા ગયો. વિચિત્ર વાત

જુલાઈ ૩, બુધવાર

દાઉદ શેઠ વ. ગયા. અબદુલ કાદિર શેઠને ત્યાં ગયા. સાંજના કૉલોનિયલ બૉર્નને મળ્યો. ઉમર શેઠને ત્યાં સૂતો.

જુલાઈ ૪, ગુરુવાર

સવારે ફિનિક્સ ગયો. રાઘવજી મળ્યા, તાલેવંતસિંગ. સામની વહુને પિચકારી. દાક્તર સ્ટેન્ટન આવ્યા. સાંજના મહમદ ઈબ્રાહીમ આંગલિયા વ. આવ્યા. રાતના તેઓ પાછા ગયા. પુરુષોત્તમદાસ તથા અની આવ્યાં.

જુલાઈ ૫, શુક્રવાર

બપોરની ટ્રેનમાં હું ને પુરુષોત્તમદાસ ડરબન ગયા. બટ્રીને ત્યાં મુલાકાત. સાંજના જે. બી. સારુ રવાના થયા.

રેલ ફોન સાઈકલ	૦– ૬– ૦

૧. જુઓ "હાજીઓના માનમાં થયેલા મેળાવડાઓ", પા. ૨૯૩–૪.

Gandhi Heritage Portal

જુલાઈ ૬, શનિવાર

ટ્રેનમાં તકલીફ.

જુલાઈ ૭, રવિવાર

જે. બી. આવ્યા. મણિલાલ દાક્તર સાથે વાતચીત. રાતે ભાષણ. કોટવાલ ચાલીને આવ્યા. મણિલાલ ને બા ફાર્મ ગયાં. મણિલાલ, દેવી તથા જેકી આવ્યાં.

પ્રવાસ ટિકિટના આપ્યા	૧– ૬– ૩
રિક્ષા વગેરેના	૦– ૧– ૬

જુલાઈ ૮, સોમવાર

રામદાસ, ફકીર, વ. છોકરા ફાર્મ ગયા. મણિલાલ લખે છે તેને હવે નથી જવું – ફીજી. રાતના ઑફિસે સૂતા – કોટવાલ ને હું. જેકી ને સોલબહેન સવારની ટ્રેનમાં ગયાં. મણિલાલ, સુલેમાન, અલી, કે. સાંજની ટ્રેનમાં આવ્યા. સોરાબજી, હું ને ભગો ચાલી આવ્યા.

ફકીર માટે મળ્યા	૩– ૦– ૦

જુલાઈ ૯, મંગળવાર

[કાગળ:] અધિપતિ, વેલશી. સોરાબજી, શહેર ગયા. મિસિસ વોગલને અહીં આવવાનું આમંત્રણ મોકલ્યું.

જસમાને માટે મળ્યા	૦– ૦– ૧
સ્ટેમ્પ માટે આપ્યા	૦– ૨– ૦
હનીફ	૦– ૧– ૬
નાતાલની મુલાકાત દરમ્યાન ભાડું વગેરે નોંધ કરી નથી	૦– ૪– ૫
સિલક	૫–૧૬–૧૦

જુલાઈ ૧૦, બુધવાર

[કાગળ:] અધિપતિ, મેઢ, પ્રાગજી, આણંદલાલ, ઉમર હાજી આમદ. ઊકા ભાણા, ગોપાલ વલ્લભ, કાનજી રવજી ગુરુવારે આવ્યા. ઈબ્રાહીમ, અહમદ અને મહમૂદ અહમદ સુનારા આવ્યા.

જુલાઈ ૧૧, ગુરુવાર

કે. ને હું ચાલીને ટાઉન ગયા. કૃષ્ણસામી ને દાનો પણ આવ્યા. ચમનીને મળ્યો. કે., દાનો, ડાહ્યો ને હું પાછા આવ્યા.

ચમનીને તારના આપ્યા	૦– ૩– ૦
અની વગેરે બાબત ફિનિક્સના તારના આપ્યા	૦– ૨– ૦

જુલાઈ ૧૨, શુક્રવાર

[કાગળ:] છગનલાલ, અધિપતિ, દાદા ઓસમાન, રાઘવજી, પુરુષોત્તમદાસ. સાંજની ટ્રેનમાં કોટવાલ, મણિલાલ ને હું ગયા. ચેટિયાર વ.ના માનમાં મેળાવડો થયો. કોટવાલ ને હું રિચને ત્યાં સૂતા.

મિસિસ તિલક અને મિસિસ સ્ટેડ માટે મળ્યા	૧–૧૦– ૦
રિક્ષા	૦– ૧– ૦

Gandhi Heritage Portal

જુલાઈ ૧૩, શનિવાર

કોટવાલ ને હું પાછા ફર્યા. જમનાદાસ, અની અને તેના છોકરાં સાંજે આવ્યાં.

ખાંડ વગેરે માટે મળ્યા	૦– ૨– ૮
મણિલાલ બાબત તારના ગુલને આપ્યા	૦– ૨– ૬

જુલાઈ ૧૪, રવિવાર

મિસિસ બધાસિંગ, રામજી કાનજીના બાપ, શ્લેશિન તેની બહેન, ગૉર્ડન આવ્યાં. બધાં સાંજના પાછાં ગયાં. ધલેડ પણ આવેલા

ડાલ્યા માટે મળ્યા	૦– ૨– ૦
એક અજાણ્યા માટે આપ્યા	૦– ૨– ૦

જુલાઈ ૧૫, સોમવાર, અષાઢ સુદ ૧

[કાગળ:] નાયક, દા. ગુલ, ટીકલી, પોલ, વેસ્ટ, અધિપતિ, છગનલાલ, વિટરબૉટમ, મૉડ, મહેતા, મણિલાલ, છગનલાલ, ટીપનીસ, રુસ્તમજી, મિસિસ શેર, સુલેમાનજી પટેલ, શેલત, આંગલિયા, વલ્લભજી બ્રધર્સ. કૅલનબૅક ને દાનો ગયા ને પાછા આવ્યા.

સ્ટૅમ્પના આપ્યા	૦– ૨– ૬

જુલાઈ ૧૬, મંગળવાર

[કાગળ:] શ્લેશિન, ખારવા, અધિપતિ, ઠક્કર, સેમ, લૉટન, જોશી, આંગલિયા. લૉટનને તાર.

દાના પાસેથી મળ્યા	૦– ૨– ૦
સ્ટૅમ્પના આપ્યા	૦– ૨– ૦

જુલાઈ ૧૭, બુધવાર

[કાગળ:] ખાન, અધિપતિ, મોરારજી. ભગો શહેર ગયો. સાથે શ્લેશિન ઉપર કાગળ મોકલ્યો.

નૂરના ભર્યા	૦– ૨– ૦
કૅલનબૅકનું નૂર	૦– ૧– ૮
સ્ટૅમ્પ	૦– ૦– ૨

જુલાઈ ૧૮, ગુરુવાર

કૅલનબૅક, દાનો ને હું ગામ ગયા, પાછા આવ્યા. શરદી થઈ આવી. ટાઉન કલાર્કને મળ્યો. મલે [મલય] લોકેશન તથા ક્રીમેટોરિયમની વાત થઈ.

ફકીરનાં પુસ્તકો માટે મળ્યા	૧– ૦– ૦
નૂર ભર્યું	૦– ૨– ૫

જુલાઈ ૧૯, શુક્રવાર

ત્રણ જણ આવ્યા – પાછા ગયા – શરદી ચાલુ. સોરાબજી સાંજે આવ્યા. તાર ઈન્ટીરિયરનો આવ્યો, કે સેટલમેન્ટ જારી રહેશે.

Gandhi Heritage Portal

રુસ્તમજી અને
એશિયાટિકસના[૧] તારના આપ્યા ૦– ૩– ૮
નૂર . . .[૨] ભર્યું ૦– ૧– ૦
સિલક ૭– ૭– ૭

જુલાઈ ૨૦, શનિવાર

[કાગળ :] છગનલાલ, વીરજી, રુસ્તમજી, નાથલિયા, વીરજી નથુ, નાયક, ગજ્જર, બાલકૃષ્ણ, આજમ આબેદ, સુલેમાન મામુજી, પુરુષોત્તમદાસ, પ્રભાશંકર, બાલકૃષ્ણ, આજમ આબેદ, ઈ. પારેખ, દીવાન, મહમદ ઇસ્માઈલ વ. સોરાબજી ને શ્લેશિન આવ્યાં. પાછાં રાતની ગાડીમાં ગયાં.
સ્ટૅમ્પ ૦– ૩– ૬

જુલાઈ ૨૧, રવિવાર

કાગળ : મૉડ, દાક્તર ને વિંટરબૉટમ, હરિલાલ. કોટવાલ, કૅલનબૅક, જમનાદાસ ને હું ચાલીને શહેર ગયા. મિસિસ તિલક બાબત સભા. સોરાબજી ગયા. ગૉર્ડન ફાર્મ પર આવેલા ને ગયા.

જુલાઈ ૨૨, સોમવાર

કાગળ : કોટવાલ ને હું ફાર્મ પર પાછા આવ્યા. બા ને જમનાદાસ શહેરમાં રહ્યાં. સાંજે પાછા આવશે. તેમ જ કૅ. ખંડેરિયા, આંગલિયા, અધિપતિ.
પ્રવાસ ટિકિટના આપ્યા ૧– ૬– ૩
સોરાબ બાબત ચમનીનો તાર ૦– ૨– ૧
ચારાનું નૂર ૦– ૧– ૩
શ્રીમતી ગાં. ૨– ૦– ૦
સિલક ૩–૧૪– ૬

જુલાઈ ૨૩, મંગળવાર

દાનો ને હું શહેર ગયા. કૅ. ટ્રેનથી ગયા. ચમનીની મુલાકાત થઈ. કૅ. ને હું પાછા આવ્યા.
મિસિસ હાર્થને આપ્યા ૦– ૨– ૦

જુલાઈ ૨૪, બુધવાર

[કાગળ :] આંગલિયા, અધિપતિ, હકીમ સાલેજી, અબદુલ હાજી આદમ, હાજી દાદા, હાજી હબીબ.

જુલાઈ ૨૫, ગુરુવાર

[કાગળ :] નાયક, દાદા અબદુલ્લા, જયાશંકર, અધિપતિ, છોટાભાઈ, છોટાભાઈ ઉદ્દેયાર, ખુશાલભાઈ, છગનલાલ, મેઘજીભાઈ, રેવાશંકર, રૉયપેન, રત્નમ્, પુરુષોત્તમદાસ, હરિલાલ, અધિપતિ, સોમાભાઈ, છબીલદાસ. કૅ. ને મણિલાલ ચાલીને શહેર ગયા ને પાછા આવ્યા.

૧. એશિયાટિક રજિસ્ટ્રારનું તાર માટેનું સરનામું.
૨. વાંચી શકાતું નથી.

Gandhi Heritage Portal

સ્ટેમ્પના આપ્યા ૦– ૨– ૬

જુલાઈ ૨૬, શુક્રવાર

[કાગળ :] ઈબ્રાહીમ નૂરમહમદ, શાપુરજી, દુરબીન [?], નાયક, પુરુષોત્તમદાસ, શ્લેશિન, ચાર્લી, મણિયા, જી. પી. પટેલ. કાનજી નવો છોકરો આવ્યો. બે માણસો તેને મૂકવા આવ્યા.

કાનજીના ગમવાના	૧–૧૦– ૦
સિલક	૧૧– ૧– ૦

જુલાઈ ૨૭, શનિવાર

[કાગળ :] વલ્લભ નથુ, વિટરબૉટમ, ઉર્ક, વેસ્ટ, દાનો ભગો.

ગૉર્ડન તરફથી બ્રેડના	૧– ૦– ૦
વેસ્ટ અને તેમની પત્નીના ભાડાના કોલને આપ્યા	૧– ૬– ૮
ગમ[નાદાસ]ના સૂટ માટે ગૉર્ડનને	૧–૧૦– ૦
ટબ, તપેલાં વગેરે	૧–૧૩– ૦
ચડ્ડી, મલમલ વગેરે	૨– ૨– ૦
જેકીનું ગરમ કાપડ	૦– ૧૫– ૦
ગૉર્ડનના બાદ	૬–૧૬– ૯
આજે રોકડા આપ્યા	૧૫– ૦– ૦
સિલક	૧–૧૬– ૯
સ્ટેમ્પ	૦– ૨– ૧

જુલાઈ ૨૮, રવિવાર

શ્લેશિન ને ચિ આવ્યાં ને પાછાં ગયાં. ગોખલે ગમી ઑક્ટોબરે ઊપડશે એનો તાર આવ્યો. મણિલાલ શુક્રવારે ફીજી તરફ ઊપડી ગયા.

જુલાઈ ૨૯, સોમવાર

[કાગળ :] અધિપતિ, જોશી, ભગા દાજી, મનસુખ,[૧] ફીજી, પુરુષોત્તમદાસ, કાળિદાસ, સોરાબજી, મૉટ, દાક્તર, ગોખલે,[૨] ડુંગરસી, કનૈયાલાલ, દાના વાલજી, છગનલાલ. કે. ને દાનો આવ્યા.

સ્ટેમ્પ	૦– ૨– ૦
સિલક	૩– ૦– ૩

જુલાઈ ૩૦, મંગળવાર

[કાગળ :] દાદા અબ્દુલ્લા, વાઈબર્ગ, ઓસમાન ઉમર, રુકનુદીન, હુસેન દાઉદ, કોલ, શ્લેશિન, સુલેમાન મામુજી, રામબહાદુર, ભવાની દયાલ, મોતીલાલ, વેસ્ટ, છબીલદાસ, ખાન. થંબી નાયડુ આવ્યા ને તેના છોકરાને લઈને ગયા.

૧. "મનસુખને પત્ર", જુલાઈ ૨૭, ૧૯૧૨ (પા. ૩૧૧) ?
૨. "ગોપાળ કૃષ્ણ ગોખલેને પત્ર", જુલાઈ ૨૮, ૧૯૧૨ (પા. ૩૧૨) ?

Gandhi Heritage Portal

જુલાઈ ૩૧, બુધવાર

કેશવ ફકીર, જોસફ, સોલોમન, રોયપેન, આમદ, મેતર, ગોવન મનજી, ફૂલચંદ શાહ, ગોવિંદલાલ, સાંજે લખ્યા. સોલોમન, બીતાસી, સીંગારમ, પ્રાગજી, શેખ, કુવાડિયા, કે. ને ગૉર્ડન આવ્યા.

ઑગસ્ટ ૧, ગુરુવાર

કે., કોટવાલ, રામદાસ ને હું ટાઉન ગયા. ચેટિયાર[૧] મિજલસમાં, સાંજે જેકી આવી. મણિલાલ ને જમનાદાસ ટ્રેનમાં આવ્યા.

પ્રવાસ ટિકિટ	૧– ૬– ૩

ઑગસ્ટ ૨, શુક્રવાર

સવારના ટાઉનથી પાછા બધા આવ્યા. કે. સાંજે આવ્યા.

દૂધના આપ્યા	૦– ૦– ૩
ચામડું	૧– ૫– ૦
દહીં વગેરે	૦– ૨– ૦
દાના વાલજી	૦– ૨– ૬

ઑગસ્ટ ૩, શનિવાર

[કાગળ :] અભેચંદ, છગનલાલ, ઑલ્બર્ટ, નાયક, વ્યાસ, હંટર, હસન, ઈસાક, દુરબીન, રિચ, ટુટલા, ચુનુ, ઉમર હાજી આમદ, રુસ્તમજી, પુરુષોત્તમદાસ, ચમની.

નૂર	૦– ૨– ૬
સિલક	૦– ૧– ૯

ઑગસ્ટ ૪, રવિવાર

[કાગળ :] શ્લેશિન, ચમની, મૉડ, ઠક્કર, વિંટરબૉટમ, ગોખલે,[૨] છબીલદાસ, અધિપતિ, દાક્તર, ફ્રેન્સી, સોરાબજી, મણિલાલ, ફીજી. ચમની ને તાર. શ્લેશિન આવી ને ગઈ. ગૉર્ડન પણ રાતે આવેલા ગયા.

ઑગસ્ટ ૫, સોમવાર

કૅલનબૅક ટાઉન ગયા. રતનશી વ. આવેલા તે પણ ગયા.

ઑગસ્ટ ૬, મંગળવાર

[કાગળ :] જોશી (કેપ), શ્લેશિન, તેનાં ટાઉનકલાર્ક અને ફાતિમા બાબતના કાગળના ખરડા, રેલ પોસ્ટથી શ્લેશિનને તથા . . .[૩] કાગળ મોકલ્યા. લૉટન, નાથલિયા, માધવદાસ, ઉમર હાજી આમદ, ગોડબોલે, રાજકુમાર, સોમાભાઈ, કૅલનબૅક આવ્યા. નાયડુના છોકરા આવ્યા.

૧. જુઓ "ચેટિયારને માન આપવાના મેળાવડામાં ભાષણ", પા. ૩૧૩.
૨. જુઓ "ગોપાળ કૃષ્ણ ગોખલેને પત્ર", પા. ૩૧૬–૭.
૩. ઝિ. ઇ. એ., જોહાનિસબર્ગ ?

Gandhi Heritage Portal

ઑગસ્ટ ૭, બુધવાર

કાનજી આવ્યો. શ્લેશિનને લખ્યું. કૅલનબૅક રાતની ટ્રેનમાં શહેર ગયા.

કાનજી તરફથી મળ્યા	૦– ૨– ૦
નૂર	૦– ૧– ૬

ઑગસ્ટ ૮, ગુરુવાર

[કાગળ :] નારણસામી આયર, છગન, ચંચલ, ઉમિયાશંકર, નાયડુ, નાયડુ [?], ઈશ્વરભાઈ ગોરધનદાસ, એન. જે. શેખ, અને જાની [?] જગાભાઈ છબીલદાસ, ગૌરીશંકર, ક્રિસ્ટોફર, મગનભાઈ, અધિપતિ. કે. રાતે આવ્યા.

જૅન માટે મળ્યા	૦– ૨– ૯
નૂર વગેરેના મળ્યા	૦– ૧– ૬
નૂર ભર્યું	૦– ૧– ૬

ઑગસ્ટ ૯ શુક્રવાર

નાતાલ બૅંકનો કાગળ પોસ્ટ કર્યો.

ગોકળદાસના તારના આપ્યા	૦– ૧– ૦
સ્ટૅમ્પ	૦– ૧– ૬
દૂધના નૂરના આપ્યા	૦– ૦– ૩

ઑગસ્ટ ૧૦, શનિવાર

ચાલીને કોટવાલ ને હું શહેર ગયા તેમ જ કૅલનબૅક. હું કાછલિયાની સાથે રૂડીપૉર્ટ ને ક્રૂગર્સડૉર્પ ગયો. કોટવાલ પોતાની સહી કરી પાછા ફર્યા.

ઑગસ્ટ ૧૧, રવિવાર

ક્રૂગર્સડૉર્પથી સવારની ટ્રેનમાં નીકળી જે. બી. ગયો. બા તથા અની માંદાં જોવામાં આવ્યાં. શ્લેશિન તથા ફકીર પણ ટ્રેનમાં આવ્યાં.

શ્લેશિન તરફથી મળ્યા	૦–૧૨– ૬
લૉલીનું ભાડું આપ્યું	૦– ૨– ૩

ઑગસ્ટ ૧૨, સોમવાર

માંદગી ચાલુ, સાંજની નિશાળ બંધ રહી. કૅલનબૅક શહેર ગયા ને પાછા આવ્યા. સાથે ગોકલદાસ માકડાના મા, બા, મ. [?] વ. આવ્યાં. તુલસી પણ આવ્યો.

ઑગસ્ટ ૧૩, મંગળવાર, શ્રાવણ સુદ ૧

તુલસી વ. સવારના પાછા ગયા. કૅલનબૅક શહેર ગયા ને પાછા ફર્યા. થંબી નાયડુ આવીને બપોરના ગયો.

ઑગસ્ટ ૧૪, બુધવાર

માંદગી ચાલુ. રમજાન શરૂ થયો. બધા છોકરાએ અટાણું કર્યું. ઈસાક જે. બી. ગયો. કે. રાતની ટ્રેનમાં શહેર ગયા. શ્લેશિન તથા તેની બહેનપણી આવ્યાં. બન્ને ગયાં. ચેટિયાર સોમવારે આવેલા તે ગયા.

Gandhi Heritage Portal

ઑગસ્ટ ૧૫, ગુરુવાર

કૅલનબૅક સાંજના આવ્યા.

ઑગસ્ટ ૧૬, શુક્રવાર

લલ્લુભાઈ તથા લછમન પાંડે અને રામાવતાર આવ્યા. બપોરે પાછા ગયા. રજબઅલી અને મહમદ શહેર ગયા.

ઑગસ્ટ ૧૭, શનિવાર

ઇ. ઓ.માં કાગળ મોકલ્યો. છગનલાલ[૧] તથા પુરુષોત્તમદાસને કાગળ લખ્યા. માંદગી ઓછી. હનીફ, કુપુ ને ભગો શહેર ગયા. દેવીબહેન શહેર ગયાં.

ગોકળદાસ માટે મળ્યા	૦– ૭– ૦
હનીફને આપ્યા	૦– ૪– ૬
દેવી	૦– ૫– ૦

ઑગસ્ટ ૧૮, રવિવાર

કોટવાલ, કૃષ્ણસામી, કાનજી, ગોપાલ, લક્ષ્મણ, ગોવિંદુ ને હું ચાલીને ગયા. હિંદુ મીટિંગ થઈ. ઘણો ગડબડાટ થયો. કોટવાલ સાથે લાંબી વાતચીત થઈ.

ઑગસ્ટ ૧૯, સોમવાર

ફાર્મ પર પાછાં કોટવાલ, લક્ષ્મણ, દેવી ને હું આવ્યાં. હનીફ, કૅલનબૅક ને ઈસાક રાતની ગાડીમાં આવ્યાં.

લક્ષ્મણ તરફથી મળ્યા	૫– ૦– ૦
પુસ્તકોના ૧૦% રિફંડ સહિત	૦– ૦– ૯
પ્રવાસ ટિકિટના આપ્યા	૧– ૬– ૩
નૂર	૦– ૧– ૮
લક્ષ્મણની ટિકિટ	૦– ૧– ૬

ઑગસ્ટ ૨૦, મંગળવાર

[કાગળ :] ઉમર ઝવેરી, રુસ્તમજી, શ્લેશિન, ચમની,[૨] આણંદલાલ, પોપટ, વીરજી, પુરુષોત્તમદાસ, મોતીલાલ, દાદા અબદુલ્લા, છગનલાલ, વેલશી. ભગો, કાનજી ને ગોપાળ આવ્યા.

સ્ટૅમ્પ	૦– ૧– ૦
ફળ પર નૂરના	૦– ૧– ૩

ઑગસ્ટ ૨૧, બુધવાર

[નોંધ નથી]

૧. "છગનલાલ ગાંધીને પત્ર", ઑગસ્ટ ૧૬, ૧૯૧૨ (પા. ૩૨૦–૧) ?
૨. "એશિયાઈ રજિસ્ટ્રારને પત્ર", ઑગસ્ટ ૧૯, ૧૯૧૨ (પા. ૩૨૩) ?

Gandhi Heritage Portal

ઑગસ્ટ ૨૨, ગુરુવાર[1]

કોટવાલ ને હું શહેર ગયા. થિયૉસૉફીના ભાષણ સારુ.

મિસ વેસ્ટ માટે પ્રવાસ ટિકિટ બુક	૧– ૬– ૩
કૅ. તરફથી ભેટ	૦–૧૦– ૦

ઑગસ્ટ ૨૩, શુક્રવાર

પાછા શહેર આવ્યા.

ઑગસ્ટ ૨૪, શનિવાર

શ્લેશિન ને ગીવર્સ આવ્યાં ને પાછાં ગયાં.

ઑગસ્ટ ૨૫, રવિવાર

ઍસોસિયેશનની મીટિંગમાં કોટવાલ, હું તથા જમનાદાસ ગયા.[2] ગીવર્સને ત્યાં ખાધું.

ઑગસ્ટ ૨૬, સોમવાર

ફાર્મ પર ત્રણે જણ પાછા ગયા. મિસિસ પી. કે. નાયડુ આવ્યાં.

મિસ વેસ્ટની પ્રવાસ ટિકિટ, ગુરુવાર	૧– ૬– ૩
કૅલનબૅક તરફથી ભેટ	૦–૧૦– ૦
માલ લઈ જવાના વાહનનું રિપૅર	૧– ૫– ૦

ઑગસ્ટ ૨૭, મંગળવાર

ગ્રીવર આવ્યા.

ઑગસ્ટ ૨૮, બુધવાર, શ્રાવણ વદ ૧

કોટવાલ ને હું શહેર ગયા. તામિલ મીટિંગ. પાછા આવ્યા.

મૂસા નાથી તરફથી મળ્યા	૦– ૩– ૦
કોટવાલનાં પાર્સલ	૦– ૭–૧૧

ઑગસ્ટ ૨૯, ગુરુવાર

કૅલનબૅક, કોટવાલ, મણિલાલ, શિવપૂજન, દાનો શહેર ચાલીને ગયા.

શ્લેશિન માટે મળ્યા	૦–૧૦– ૦
મહેતાના પુસ્તક માટે મળ્યા	૦– ૧– ૩
નૂર ભર્યું	૦– ૨– ૬
સ્ટૅમ્પ	૦– ૭– ૦

ઑગસ્ટ ૩૦, શુક્રવાર

ડરબન સારુ રવાના. સાથે કસ્તૂર, દાનો, શિવપૂજન, દેવદાસ, જૅકી, મણિલાલ, રામદાસ ને રેવાશંકર ટાઉન આવ્યાં.

૧. આ તારીખમાં આવતા હિસાબો રદ કરવામાં આવ્યા છે અને ઑગસ્ટ ૨૬, ૧૯૧૨માં લેવામાં આવ્યા છે.

૨. જુઓ "ફેડરેશન હૉલ સંબંધે ભાષણ", પા. ૩૨૯.

Gandhi Heritage Portal

ટિકિટ વગેરે માટે આપ્યા	૯–૧૯–૧૦
લૉલી [સ્ટેશન]ની ટિકિટના આપ્યા	૦– ૮– ૬
શિવપૂજનની ટિકિટના	૩– ૩– ૪
સિલક	૭– ૧– ૭

ઑગસ્ટ ૩૧, શનિવાર

ડરબન પહોંચ્યા. સાંજના ફિનિક્સ આવ્યો. સાથે પુરુષોત્તમદાસ આવ્યા.

સપ્ટેમ્બર ૧, રવિવાર

આખો દહાડો ફિનિક્સમાં.

સપ્ટેમ્બર ૨, સોમવાર

શહેર ડરબન ગયો. પુરુષોત્તમદાસ ને હું ચાલ્યા. સાંજના પાછો આવ્યો.

માકડા બાબત તાર	૦– ૯– ૯

સપ્ટેમ્બર ૩, મંગળવાર

ટાઉન ગયો. રાત ટાઉનમાં.

સપ્ટેમ્બર ૪, બુધવાર

પોલાક આવ્યા. મિ. મૂસાને ત્યાં ઉતારો. પ્રાગજી પણ આવ્યા.

ડ[રબન]માં કૅલનબૅક તરફથી મળ્યા	૧–૧૦– ૦
પ્રાગજી બાબતના તારના આપ્યા	૦– ૮– ૦
માકડા બાબતના તારના	૦– ૨– ૯
ઍલ્બર્ટને આપ્યા	૧– ૦– ૦
તાર અને ભાડું	૦–૧૦–૧૦
સિલક	૬– ૧– ૦

સપ્ટેમ્બર ૫, ગુરુવાર

આખો દહાડો ફિનિક્સમાં. તાલેવંતસિંગ આવ્યા ને ગયા. પ્રાગજી, ચેટિયાર, પોલાક, મિસિસ રાવજી ને અમીન આવ્યાં. આણંદલાલ સાથે લાંબી વાત. તેણે બીડી છ માસ સુધી છોડવાનું પણ લીધું.

સપ્ટેમ્બર ૬, શુક્રવાર

પાછો શહેર ગયો. કઝિનની મુલાકાત, ખાનની પણ. સાંજના પાછો આવ્યો.

સપ્ટેમ્બર ૭, શનિવાર

બપોરના શહેર ગયો. મીટિંગ થઈ. ઉમર રિસેપ્શન કમિટીના પ્રમુખ નિમાયા.

સપ્ટેમ્બર ૮, રવિવાર

ટાઉન ગાડીમાં છગનલાલ ને હું ગયા. અબદુલ હક લેવા આવ્યા હતા. મીટિંગ થઈ — ઉમર પ્રમુખ નિમાયા.

Gandhi Heritage Portal

સપ્ટેમ્બર ૯, સોમવાર

પોલાક, છગનલાલ ને હું ચાલીને ફિનિક્સ આવ્યા. પ્રાગજી ટ્રેનમાં આવ્યા.

તાર શ્લેશિન	૦– ૧– ૦

સપ્ટેમ્બર ૧૦, મંગળવાર

શરદી થઈ આવી. પોલાક કાલે પાછા ગયા. હું આજે ટાઉન ગયો. કમિટીની મીટિંગ મળી. ઉમર શેઠને ત્યાં સૂતો.

ગુરદીનના તારના આપ્યા	૦– ૧– ૦

સપ્ટેમ્બર ૧૧, બુધવાર

ટાઉનથી ફિનિક્સ આવ્યો. ડેપો રોડ પર મીટિંગ હતી. લૉટનને મળ્યો.

પોલાકને આપ્યા	૧– ૦– ૦

સપ્ટેમ્બર ૧૨, ગુરુવાર, ભાદરવા સુદ ૧

ફિનિક્સમાં બપોર સુધી. બપોરે પાછો ટાઉન ગયો. સાંજના ફિનિક્સ ગયો.

સપ્ટેમ્બર ૧૩, શુક્રવાર

બપોરે પાછો ટાઉન ગયો. સાંજની ટ્રેનમાં પ્રાગજીની સાથે ફિનિક્સ ગયો.

સપ્ટેમ્બર ૧૪, શનિવાર

સવારની ટ્રેનમાં ટાઉન આવ્યો. ઉઘરાણું કર્યું. હિંદુ મીટિંગમાં ગયો ને સાંજે નવીન, છોટુ, લલિતા, શિવપ્રસાદ ને શિવપૂજન તથા પ્રાગજી સાથે જે. બી. તરફ રવાના થયો.

ગોવિંદલાલ માટે મળ્યા	૧૦– ૦– ૦
ટ્રેન	૦– ૨– ૬
પ્રાગજી અને શિવપ્રસાદનું જે. એચ. બી. [જોહાનિસબર્ગ]નું ભાડું	૨–૧૪– ૩
પત્ની	૦–૧૦– ૦

સપ્ટેમ્બર ૧૫, રવિવાર

ટ્રેનમાં — કાગળો લખ્યા.

સપ્ટેમ્બર ૧૬, સોમવાર

સવારના ટાઉન પહોંચ્યો. ગૉડફ્રે ગુજરવાના સમાચાર. ખરખરે ગયો. ફાર્મ આવ્યો. અની ને જેકીને માંદાં જોયાં. પ્રાગજી ને હનીફ તથા ઑલ્બર્ટ પણ આવ્યા.

વાહનખર્ચ	૦– ૧– ૦

સપ્ટેમ્બર ૧૭, મંગળવાર

કૅલનબૅક ને પ્રાગજી ટાઉન ગયા.

પ્રવાસ ટિકિટના આપ્યા	૧– ૬– ૩
રેલભાડું	૦–૧૨– ૭
રિક્ષા	૦– ૦– ૩

Gandhi Heritage Portal

આલુ	૦– ૩– ૯
દૂધ	૦– ૦– ૩

સપ્ટેમ્બર ૧૮, બુધવાર

શહેર ગયો ને સાંજે પાછો આવ્યો.

જૉન તરફથી મળ્યા	૦– ૧– ૩

સપ્ટેમ્બર ૧૯, ગુરુવાર

બપોરની ટ્રેનમાં હું ગયો શહેર — કોટવાલ સવારના કેપ તરફ ગયા. કૅલનબૅક પણ ગયા.

દૂધના નૂરના આપ્યા	૦– ૦– ૬
કોટવાલ	૧– ૦– ૦
શિવપૂજન માટે પાસ	૦– ૨– ૬
નૂર વગેરે	૦– ૨–૧૧
સિલક	૮– ૮– ૦

સપ્ટેમ્બર ૨૦, શુક્રવાર

ગઈ રાતે પાટીદારોમાં ઉઘરાણે નીકળ્યો. રાતે ઑફિસે સૂતો. દયારામ સહાય છોકરો ફાર્મ પર આવ્યો. સુલેમાન કાલે પાછો આવ્યો. મહમદ ને ઇબ્રાહીમ પણ આજે આવ્યા. દેસાઈ ને અભેચંદના તાર. હું પાછો ફાર્મ પર સવારે આવ્યો. પ્રાગજી ને કૅલનબૅક શહેર ગયા. કાળિદાસને કાગળ લખ્યો — દેસાઈને પણ.

સપ્ટેમ્બર ૨૧, શનિવાર

શેલત તેની વહુ સાથે આવ્યા. મણિલાલ દાક્તર, પોલાક, લછમન પાંડે, કસ્તૂર, દેવદાસ, દાક્તર, છગનલાલ, વિંટરબૉટમ, સોરાબજી.

ઑફિસના તારના આપ્યા	૦– ૧– ૩
સ્ટૅમ્પ	૦– ૧– ૬
દૂધનું નૂર	૦– ૦– ૩
નૂર	૦– ૧–૧૦
સિલક	૮– ૩– ૨

સપ્ટેમ્બર ૨૨, રવિવાર

અભેચંદ, મિ. કૅલનબૅક ને ગૉર્ડન તે જ ટ્રેનમાં આવ્યા. દયારામ ડૂબી ગયો.

ફ્રા. ઓ. માટે સ્ટૅમ્પના મળ્યા	૦– ૧– ૦

સપ્ટેમ્બર ૨૩, સોમવાર

કૅલનબૅક, જમનાદાસ ને હું સવારે ચાલીને ટાઉન ગયા. તે જ દહાડે પાછા ફર્યા. વિલાયતનો મેલ મોકલ્યો. સુલેમાન આવ્યો. મૉડને તાર કર્યો.

સપ્ટેમ્બર ૨૪, મંગળવાર

ફાર્મ પર ગાળ્યો.

Gandhi Heritage Portal

સપ્ટેમ્બર ૨૫, બુધવાર

બે છોકરા નવા આવ્યા. શિવપૂજન, નાયનો ને કાનજી તથા દેવી ને હું શહેર બપોરના ગયાં. ઑફિસે બંને સૂતા. ફ્રેન્સીને ત્યાં રાતના ઉધરાણામાં ગયા.

નવા છોકરા માટે પુસ્તકોના મળ્યા	૦–૧૦– ૦

સપ્ટેમ્બર ૨૬, ગુરુવાર

મૉડ આવી. બધાં સ્ટેશને ગયાં. પુરુષોત્તમદાસ આવ્યા. સવારની ટ્રેનમાં ય. ફાર્મ ગયા. મૉડ, કે., દેવી, હું ફાર્મ પર આવ્યાં. કાનજી ફાર્મ પર આવ્યો.

ગૉર્ડન તરફથી મળ્યા	૧– ૦– ૦

સપ્ટેમ્બર ૨૭, શુક્રવાર,[1] ભાદરવા વદ ૧

ફાર્મ પર ગાળ્યો. કાનજી નિશાળ છોડી ગયો.

દૂધના આપ્યા	૦– ૦– ૬

સપ્ટેમ્બર ૨૮, શનિવાર

અભેચંદ ને મૉડ ગયાં.

દેવી માટે અભેચંદ તરફથી મળ્યા	૦–૧૦– ૦

મેઢ બાબત ત્રણ તાર;

ચમની, પોલાક અને મેઢને	૦– ૫– ૬
નૂર	૦– ૧–૧૦
સ્ટૅમ્પ, નૂર વગેરે	૦– ૮– ૦
ભૂલ	૧– ૦– ૦
સિલક	૮– ૮– ૦

સપ્ટેમ્બર ૨૯, રવિવાર

બૉક્સબર્ગના લોકો આવ્યા. રાવજી વ. પાછા ગયા. બેચર બ્રાહ્મણ તથા રામસામી મુદલી પણ આવ્યા.

સપ્ટેમ્બર ૩૦, સોમવાર

કૅલનબૅક, મણિલાલ, બાબુ તથા ગોવિંદુ મારી સાથે શહેર ચાલ્યા. મૉડ ને ગીવર્સ ગાડીમાં આવ્યાં.

ચામડું	૧–૧૫– ૦
નૂર	૦– ૧– ૫
ટિકિટ વગરના કાગળોના સ્ટૅમ્પના	૦– ૧– ૨
સિલક	૬–૧૧– ૫

૧. ૨૭ સપ્ટેમ્બરથી ૪ ઑક્ટોબર સુધીની તારીખોનાં ડાયરીનાં છાપેલાં પાન (૨૭૩–૮૦) બાંધવામાં ભૂલ થઈ હોવાથી ઊલટાંસૂલટાં થઈ ગયાં લાગે છે. દા. ત. ૨૯ સપ્ટેમ્બરનું પાનું ૨૭ સપ્ટેમ્બર પહેલાં આવે છે વગેરે. પરંતુ ગાંધીજીએ આ તારીખો પોતાના અક્ષરોમાં સુધારી છે.

Gandhi Heritage Portal

ઑક્ટોબર ૧, મંગળવાર

[કાગળ :] છબીલદાસ, આણંદલાલ, વેસ્ટ, અબદુલ હક, કોટવાલ, રુસ્તમજી, ડૉસન, કસ્તૂર, દાદા અબદુલ્લા. પ્રભા, વિજ્યા, ચાંદા, રમા ને લલિતાના વાળ કાપ્યા. કૅલનબૅક ગયા ને પાછા આવ્યા.

ખાંડ માટે મળ્યા	૦– ૦– ૬
મૉંડની પેટીના આપ્યા	૨–૧૫– ૪
સ્ટૅમ્પ	૦– ૧– ૯
સિલક	૩–૧૪–૧૦

ઑક્ટોબર ૨, બુધવાર

[કાગળ :] મૂસા આકુજી, વેલશી, શેખ રસૂલ, છગનલાલ, મોતીલાલ, મીલી. પ્રાગજી રાતના આવ્યા.

ખાંડ માટે મળ્યા	૦– ૦– ૬
ખાંડ	૦– ૦– ૯
સ્ટૅમ્પ	૦– ૧– ૦
જૅન	૦– ૨– ૬
સિલક	૩–૧૨– ૭

ઑક્ટોબર ૩, ગુરુવાર

કૅલનબૅક, હું, પ્રાગજી, કુપુ ને છોટુ ટાઉન ગયા. હૉસ્કેનને ત્યાં મીટિંગ હતી. મૉંડ સાથે ફાર્મ પર આવી.

સોયપેટી અને બાકીના શ્લેશિનને આપ્યા	૦–૧૦– ૦
રેલ	૦– ૦– ૮
ટ્રામ	૦– ૦– ૩
સિલક	૩– ૧– ૮

ઑક્ટોબર ૪, શુક્રવાર

સવારના ગીવર્સ આવ્યા. રામદાસે અલૂણું ને મોળું શરૂ કર્યું. પ્રભાએ પણ તેમ જ કર્યું. રજ્જબ-અલી ગયો.

સ્ટૅમ્પ ને દૂધના આપ્યા	૦– ૧– ૩
રજ્જબઅલીનું ભાડું	૦– ૫– ૩
રોકડા	૦– ૨– ૮

ઑક્ટોબર ૫, શનિવાર

મૉંડ ગઈ. માત્ર ફળાહાર કરતાં આજે નવ દિવસ થયા. પુરુષોત્તમદાસને ત્રણ, જમનાદાસને ચાર. નાયનો શહેર ગયો. ભગો પણ.

Gandhi Heritage Portal

જૉન તરફથી રિફંડ	૦– ૨– ૬
ખાંડના મળ્યા	૦– ૦– ૬
ખાંડ વગેરે	૦– ૩– ૯
સ્ટૅમ્પ ને દૂધ	૦– ૧– ૩
નાયનાનું ભાડું	૦– ૨– ૦
સિલક	૨–૧૬– ૨

ઑક્ટોબર ૬, રવિવાર

[કાગળ :] લછમન પાંડે, વિંટરબૉટમ, ઉમિયાશંકર, આણંદલાલ, કસ્તૂર, છગનલાલ, સોરાબજી, વેસ્ટ. લક્ષ્મણ ગયો. તેનો કાકો ને કાનાનો બનેવી આવેલા. મિસ બુશ ને મુરગન આવ્યાં ને ગયાં. મેઢ આવ્યા. પ્રાગજી પણ.

નાયના માટે મળ્યા	૨– ૬– ૦
સ્ટૅમ્પ . . .[1] કે.	૦– ૦– ૬
કાળિદાસ અને નૂરમહમદના તારના મેઢને આપ્યા	૦– ૨– ૬
સિલક	૫– ૦– ૮

ઑક્ટોબર ૭, સોમવાર

મેઢ ને દેસાઈ ગયા. રાતના દરજી ને રતનજી લાલુ વિષે આવ્યા.

ઑક્ટોબર ૮, મંગળવાર

કૅલનબૅક ને હું શહેર ગયા. જમનાદાસ થોડે રસ્તે ચાલ્યો. ગામમાં ઉઘરાણું કર્યું. હૉસ્કેનને ત્યાં મીટિંગ થઈ.

ખાંડ વગેરે માટે મળ્યા	૦– ૦– ૯
પ્રાગજીને નૂર વગેરે માટે આપ્યા	૦– ૫– ૦
કૅલનબૅક	૧– ૦– ૦
સિલક	૩–૧૬– ૫

ઑક્ટોબર ૯, બુધવાર

કે. ને હું શહેર ગયા. ગીવર્સ પણ સાથે હતા. ચમનીની મુલાકાત થઈ. [કાગળ :] નાયક, મખેરા, રામપિયારી ને રત્નમ્ — અબદુલ હક.

દૂધ માટે મળ્યા	૦– ૦– ૬
સિલક	૩–૧૬– ૦

ઑક્ટોબર ૧૦, ગુરુવાર

બુધવારમાં ભૂલથી લખાયું તે જુઓ.

૧. અહીં કેટલાક અક્ષરો વાંચી શકાતા નથી.

Gandhi Heritage Portal

ઑક્ટોબર ૧૧, શુક્રવાર

ભાઈ કોટવાલ આવ્યા. દાક્તર ડનિંગ રાતે કૅલનબૅકની સાથે આવ્યા.
પુરુષોત્તમદાસ મારફત નૂર ભર્યું ૦– ૩– ૫

ઑક્ટોબર ૧૨, શનિવાર

[કાગળ:] પોલાક, આણંદલાલ, અભેચંદ, છગનલાલ, મોહનલાલ. તાર પોલાકને અને હિંદુ . . .[1] દેખાવને બપોરે, ઉમિયાશંકર, મોરારજી, ભગુ ને નાયક આવ્યા.

પુસ્તક મળ્યું	૧– ૦– ૦
જેકીને રબર ટ્યૂબ માટે આપ્યા	૦– ૫– ૬
તાર	૦– ૨– ૩
નૂર	૦– ૧– ૩
નૂર	૦– ૦– ૩
સ્ટૅમ્પ	૦– ૧– ૬
સિલક	૪– ૨– ૯

ઑક્ટોબર ૧૩, રવિવાર

મિ. ગૉર્ડન ને મૉડ આવ્યાં ને સાંજે પાછાં ગયાં.

ઑક્ટોબર ૧૪, સોમવાર

કૅલનબૅક, જમનાદાસ ને હું ચાલીને ગયા. ઉમિયાશંકર ટ્રેનથી ગયા. મહમદઅલી, કાનજી નિશાળમાં આવ્યા. બૉક્સ ૧૧૬૭

કાનજી માટે મળ્યા	૦– ૫– ૦
જમનાદાસને ફળ વગેરેના આપ્યા	૧– ૦– ૦

ઑક્ટોબર ૧૫, મંગળવાર

પ્રાગજી ને હું ટાઉન ગયા. હૉસ્કેનની ઑફિસે મીટિંગ થઈ.

ઑક્ટોબર ૧૬, બુધવાર

કૅલનબૅક ટાઉન ગયા. કાગળ : રેવાશંકરભાઈ, આણંદલાલ, પોલાક, જોશી, દા. ગુલ, હરિલાલ,[2] પી. નાયડુ આવ્યા ને ગયા.

સ્ટૅમ્પના આપ્યા	૦– ૩– ૦
કોટવાલને આપ્યા	૧–૧૫– ૦

ઑક્ટોબર ૧૭, ગુરુવાર

કૅ., કોટવાલ ને હું ટાઉન આવ્યા. હું રાત ટાઉનમાં રહ્યો.

મિસ નુડસન તરફથી મળ્યા	૦– ૫– ૦
નૂર	૦– ૨– ૫

૧. અહીં કેટલાક અક્ષરો વાંચી શકાતા નથી.
૨. જુઓ "હરિલાલ ગાંધીને પત્ર", પા. ૩૪૮.

Gandhi Heritage Portal

ઑક્ટોબર ૧૮, શુક્રવાર

કૅલનબૅક, કાછલિયા ને ઇમામ સાથે કેપમાં આવ્યા.

મળ્યા ૨– ૦– ૨

ઑક્ટોબર ૧૯, શનિવાર

રસ્તામાં.[૧]

ઑક્ટોબર ૨૦, રવિવાર

કેપ પહોંચ્યા – સાંજના. દાક્તર ગુલને ત્યાં ઉતારો. રાતના હિંદુ મીટિંગમાં ગયો.

ઑક્ટોબર ૨૧, સોમવાર[૨]

કેપમાં માનપત્રો વ. વિષે સમજાવવામાં ગયો. નુરુદ્દીનના માણસોને મળ્યો. મિ. કઝિન્સની મુલાકાત.

ઑક્ટોબર ૨૨, મંગળવાર

મિ. ગોખલે સવારમાં આવ્યા. ટાઉન હૉલમાં માનપત્રો.[૩]

ઑક્ટોબર ૨૩, બુધવાર

નુરુદ્દીનની મીટિંગમાં ગયા. અબદુલ રહેમાનને ત્યાં ચા. રાતના કમિટીની સાથે વાતચીત.

ઑક્ટોબર ૨૪, ગુરુવાર

કિમ્બર્લી સારુ ઊપડ્યા.

ઑક્ટોબર ૨૫, શુક્રવાર

ડી આર. પર મિસિસ ઑલિવર શ્રાઈનર આવી. હિંદીઓ આવ્યા. મૉડર રીવર પાસે ખાસ ટ્રેન આવી. બિકન્સફીલ્ડ પર મેયર ને હિંદીઓ આવ્યા. કિમ્બર્લી પહોંચ્યા. મેયર સ્ટેશન પર સામીને ત્યાં ઉતારો. ટાઉન હૉલમાં મીટિંગ.[૪]

ઑક્ટોબર ૨૬, શનિવાર

ખાણ જોવા ગયા – ઑલિવર આવ્યા. મેકલૅરન.[૫] રાતના ખાણું.[૬]

ઑક્ટોબર ૨૭, રવિવાર, આસો વદ ૧

ઑલિવરને ત્યાં ગયા. હિંદીની મીટિંગ. કલાર્કસડૉર્પ સારુ રવાના થયા. ક્રિસ્ટિયાના, બ્લૂમહોફ ને વિંડસોર્ટનમાં માનપત્રો.

૧. "સોરાબજીને ૪૫ પાઉંડ મોકલવાના છે" એવી નોંધ ગાંધીજીએ કરી છે. પરંતુ પાછળથી એ એમણે છેકી નાંખી લાગે છે.

૨. ડાયરીના ૨૧ ઑક્ટોબરથી ૨૮ ઑક્ટોબરની તારીખોનાં છાપેલાં પાન ૨૯૭–૩૦૪ પણ પાન ૨૭૩–૨૮૦ની માફક ઊલટાંસૂલટાં થઈ ગયાં છે; જુઓ પાદટીપ ૧, પા. ૪૧૭. બંને જગ્યાએ પાન સંખ્યા ૮ છે. મતલબ કે તે બંને ૩૨ પાનાંના આખા ફર્માના ભાગો છે. આગળનાં પાનાંઓમાં ગાંધીજીએ તારીખ ઠીક કરી છે. પણ અહીં બાઇન્ડિંગની ભૂલ ધ્યાન પર ન લેતાં તેઓ છાપેલી તારીખને અનુસર્યા છે.

૩. જુઓ "કેપટાઉનના સ્વાગત વખતે ભાષણ", પા. ૩૫૧–૨.

૪. જુઓ "કિમ્બર્લીની સભામાં ભાષણ", પા. ૩૫૨–૩.

૫. મેકલૅરન બ્લૂમફૉન્ટીનના હિંદીઓની માગણીઓ રજૂ કરવા આવ્યા હતા.

૬. જુઓ "કિમ્બર્લી બૅંક્વેટમાં ભાષણ", પા. ૩૫૩–૪.

Gandhi Heritage Portal

ઑક્ટોબર ૨૮, સોમવાર

કલાર્કસડૉર્પ, પૉચેફ્સ્ટ્રૂમ ને ક્રૂગર્સડૉર્પમાં માનપત્ર. જે. બી. પહોંચ્યા. સ્ટેશન પર માનપત્ર. માઉન્ટન વ્યૂમાં ઉતારો.
નોકરોને આપ્યા ૩– ૦– ૦

ઑક્ટોબર ૨૯, મંગળવાર

યુરોપિયન તરફથી માન કાર્લટન હોટેલમાં.

ઑક્ટોબર ૩૦, બુધવાર

હૉસ્કેનને ત્યાં મેળાવડો.

ઑક્ટોબર ૩૧, ગુરુવાર

ફ્રીમેસન હૉલમાં ખાણું.
ટી. નાયડુને આપ્યા ૧૦– ૦– ૦

નવેમ્બર ૧, શુક્રવાર

ચિનાઈ નાસ્તો ગ્રૅન્ડ નેશનલ હોટેલમાં, ડ્રિલ હૉલમાં હિંદીની મીટિંગ, ઓરતો તરફથી માનપત્ર. ઍલેકઝાંડરને ત્યાં રાતના.

નવેમ્બર ૨, શનિવાર

ટૉલ્સ્ટૉય ફાર્મ.

નવેમ્બર ૩, રવિવાર

ટૉલ્સ્ટૉય ફાર્મ

નવેમ્બર ૪, સોમવાર

ટૉલ્સ્ટૉય ફાર્મ

નવેમ્બર ૫, મંગળવાર

ફાર્મ છોડ્યું. ચૅપલિનને ત્યાં ચા.

નવેમ્બર ૬, બુધવાર

બૉક્સબર્ગ ને જૉર્મિસ્ટનનાં લોકેશન જોયાં. સાંજના નાતાલ તરફ ઊપડ્યા.

નવેમ્બર ૭, ગુરુવાર

ન્યૂકૅસલ તથા ડંડીમાં માનપત્ર. મૅરિત્સબર્ગ પહોંચ્યા. કૅમડન હોટેલમાં ઉતારો. ટાઉન હૉલમાં માનપત્ર.[૧]

નવેમ્બર ૮, શુક્રવાર

નિશાળમાં હિંદીની મુલાકાત. ખાસ ટ્રેન ડરબનથી આવી. બપોરના ડરબન ઊપડ્યા. ડરબનમાં, ટાઉન હૉલમાં મીટિંગ. માનપત્રો.[૨]

૧. જુઓ "મૅરિત્સબર્ગમાં ગોખલેના માનમાં યોજાયેલા સત્કાર-સમારંભમાં ભાષણ", પા. ૩૬૦.
૨. જુઓ "ડરબનના સ્વાગતપ્રસંગે ભાષણ", પા. ૩૬૧.

Gandhi Heritage Portal

નવેમ્બર ૯, શનિવાર

છોકરાઓની રમત. ઇનામો વહેંચ્યાં.

નવેમ્બર ૧૦, રવિવાર, કારતક સુદ ૧

લૉર્ડ્ઝ ગ્રાઉન્ડમાં હિંદીઓને મળ્યા. ઇસીપિંગો ખાસ ટ્રેન ગઈ. ત્યાં મેળાવડો. સાંજના ફિનિક્સ મોટરથી ગયા.

નવેમ્બર ૧૧, સોમવાર

બપોરે ફિનિક્સ છોડ્યું. રાતના ડ્રિલ હૉલમાં ખાણું.[૧]

નવેમ્બર ૧૨, મંગળવાર

માર્શલ કૅમ્પબેલને ત્યાં ખાણું. ગિરમીટિયાની મુલાકાત. પ્રિટોરિયા સારુ ઊપડ્યા.

નવેમ્બર ૧૩, બુધવાર

પ્રિટોરિયા જતાં હેડલબર્ગ, સ્ટૅન્ડરટન ને વૉક્સરસ્ટ પર માનપત્ર. પ્રિટોરિયામાં સ્ટેશન પર માનપત્ર. ટ્રાન્સવાલ હોટેલમાં ઉતારો.

નવેમ્બર ૧૪, ગુરુવાર

જનરલ બોથા, જનરલ સ્મટ્સ ને ફિશરની સાથે મુલાકાત. રાતના ટાઉન હૉલમાં મેળાવડો.[૨]

નવેમ્બર ૧૫, શુક્રવાર

પ્રિટોરિયાથી મોટરમાં વિડમને મળવા ગયા. પાછા આવ્યા. ગ્લૅડસ્ટન સાથે ખાણું. સાંજે ઊપડી લૉલી ગયા.

નવેમ્બર ૧૬, શનિવાર

ફાર્મ પર.

નવેમ્બર ૧૭, રવિવાર[૩]

મોટરથી સર ટૉમસ સ્માર્ટને મળવા ગયા. ઇમામ ફૅન્સી ને જીવણ પ્રેમાને ત્યાં મુલાકાતો. ડેલાગોઆ બે સારુ ઊપડી ગયા.

મિસ એસ. તરફથી મળ્યા	૧૫– ૦– ૦
પુસ્તકો વગેરે	૪– ૦– ૦
ડેલાગોઆ બેની ટિકિટો	૬– ૬– ૦
કૅલનબૅક	૪– ૦– ૦

નવેમ્બર ૧૮, સોમવાર

ડેલાગોઆ બે પહોંચ્યા. ટાઉન હૉલમાં માનપત્ર, હોટેલમાં ખાણું.[૪] મધરાતે સ્ટીમર ઊપડી.

માધવજી તરફથી મળ્યા	૨૦– ૦– ૦
નોકરો	૫– ૦– ૦

૧. જુઓ "ગોખલેના માનમાં અપાયેલા ડરબનના ખાણામાં ભાષણ", પા. ૩૬૨.
૨. જુઓ "પ્રિટોરિયામાં ગોખલેના સત્કાર-સમારંભમાં ભાષણ", પા. ૩૬૨.
૩. જુઓ ચિત્ર પા. ૪૨૪ સામે.
૪. જુઓ "લૉરેન્સો માર્કમાં ગોખલેના માનમાં યોજાયેલા ભોજન-સમારંભમાં ભાષણ", પા. ૩૬૪.

Gandhi Heritage Portal

નવેમ્બર ૧૯, મંગળવાર

દરિયામાં.

નવેમ્બર ૨૦, બુધવાર

ઉપવાસ. બેરા પહોંચ્યા – રાતના.

નવેમ્બર ૨૧, ગુરુવાર

બેરામાં માનપત્ર. બે ટાણાં ખાવાનું શરૂ.

કેલનબૅકને આપ્યા ૯– ૦– ૦

નવેમ્બર ૨૨, શુક્રવાર

એજન્ટને તાર કે ડરબનમાં ભાડાના પૈસા નથી મળ્યા. તૈયબ સકુરને ત્યાંથી પા. ૬૩ લીધા ને એજન્ટને આપ્યા. સાંજના બેરામાં હરવાફરવા ગયા. મિ. ગોખલેને સારુ ડાયરી તૈયાર કરી.

નવેમ્બર ૨૩, શનિવાર

રાતના સ્ટીમર ઊપડી.

નવેમ્બર ૨૪, રવિવાર

દરિયામાં.

નવેમ્બર ૨૫, સોમવાર, કારતક વદ ૧

મોઝામ્બિક પહોંચ્યા. સવારમાં ત્યાં શહેરમાં માનપત્ર. રિક્ષામાં ફર્યા. સ્ટીમર ત્રણ કલાક રહી ઊપડી ગઈ.

નવેમ્બર ૨૬, મંગળવાર

દરિયામાં. મિ. ગોખલેને વચન આપ્યું કે દ. આ. [દક્ષિણ આફ્રિકા]નું કામ મારી ગેરહાજરીમાં ચાલે તેવો બંદોબસ્ત કર્યા વિના હિંદ નહીં આવું. ઘણું કરીને પોલાક ઉપર બધો કારભાર રહેશે. વિલાયતની કમિટીને સારુ ત્રણ વર્ષના પા. ૬૦૦ ભેગા કરવાનો પ્રયત્ન કરીશ. ને વિશેષ મદદ તેમની તરફ[થી] મળવાનો સંભવ છે એમ લોકોને કહેવાની પરવાનગી મળી.

નવેમ્બર ૨૭, બુધવાર

ઝાંઝીબાર સવારના પહોંચ્યા. શહેરમાં ગયા. મિ. યુસુફઅલી વ.ની મુલાકાત. વિકટોરિયા ગાર્ડન્સમાં મેળાવડો.

નવેમ્બર ૨૮, ગુરુવાર

સવારના પ્રેસિડેન્ટમાં ત્રણેનો સામાન લઈ ગયા. બપોરે માનપત્ર શહેરમાં અપાયું. દિવસ . . .[૧] ગાળ્યો. જે. બી.ના માનપત્રની પેટી[૨] રહી ગયેલી જણાઈ.

૧. અહીં શબ્દ વંચાતો નથી.
૨. જુઓ પાદટીપ ૧, પા. ૩૫૫.

Gandhi Heritage Portal



"૧૯૧૨ની ડાયરી"માંથી બે પાનાં

Gandhi Heritage Portal

[the *Cape Times*.] Mr. Gokhale and the Capetown Reception Committee.

કેપટાઉનની સ્વાગત સમિતિ સાથે શ્રી ગોખલે

Gandhi Heritage Portal

નવેમ્બર ૨૯, શુક્રવાર

ગઈ રાતના પ્રેસિડેન્ટ નીકળી સવારના ટાંગા પહોંચી. પેટી ગુમ થવાની મિ. ગોખલેને ખબર પડી. દિલગીરી બતાવી. કૅલનબૅકે ટાંગા જઈ ક્રોનપ્રિન્ઝ ઉપર તાર કર્યો. સાંજના ચાર વાગ્યે ગોખલેથી નોખા પડ્યા. ટ્રેબોરોના ડેક પર ગયા. ટ્રેબોરોમાં કે.એ પોતાનો ઊભરો કાઢ્યો[૧]

ડેક અને ત્રીજા વર્ગનું ભાડું	૦–૧૭– ૦
હમાલી	૦–૧૦– ૦

નવેમ્બર ૩૦, શનિવાર

ઝાંઝીબાર સવારના પહોંચ્યા. શહેરમાં ઊતર્યા. ડેલાગોઆ બે જિનવાલાને તથા જે. બી. તાર કર્યો. ખુરશીઓ વ. લીધાં. રાતના દસ વાગ્યે પાછા ટ્રેબોરા પર ગયા.

પ્રવાસ-ખુરશી વગેરે	૦– ૯– ૦
ધોતિયાં વગેરે	૦–૧૩– ૦
કેબલ	૧– ૨– ૦

ડિસેમ્બર ૧, રવિવાર

સવારના દારેસલામ પહોંચ્યા. કૅપ્ટનને બીજા વર્ગની ટિકિટ મોકલી કે જેથી ઊતરવું સહેલ પડે. મિ. રતનશીને ત્યાં જમ્યા. દેશી પોશાક પહેર્યો.

ડિસેમ્બર ૨, સોમવાર

મિ. ગોખલેનો તાર મોમ્બાસાથી કુશળતાનો મળ્યો ને જે. બી.થી તાર મળ્યો કે તેમની પેટી હાથ આવી છે.[૨] મિ. ગોખલેને તાર કર્યો. માહે ને જે. બી. તાર કર્યો કે વીમો ઉતારીને પેટી મોકલે.[૩]

કેબલ	૦–૧૬– ૦

ડિસેમ્બર ૩, મંગળવાર

દારેસલામમાં માનપત્ર. મિ. કૅલનબૅકે હિંદી શરૂ કર્યું.

ટિકિટના મળ્યા	૭– ૦– ૦

ડિસેમ્બર ૪, બુધવાર

દારેસલામ. મહારાજ લાઇબલ કેસ, આગાખાનનો કેસ વ. વાંચ્યા.

ડિસેમ્બર ૫, ગુરુવાર

સ્ટીમર પર સાંજના ચઢ્યા. બાબુને ત્યાં મેળાવડો થયો.

ઇ. ઓ. માટે ગુલામ હુસન સારનાસજી ઍન્ડ સન્સ તરફથી મળ્યા.	૧૨– ૦– ૦
મણિલાલ દેસાઈ તરફથી સુવનિર[૪] (સ્મૃતિગ્રંથ) માટે	૭– ૦– ૦

૧. જુઓ "મિ. ગાંધીની નજરકેદ", પા. ૩૭૧–૩.
૨. જુઓ નવેમ્બર ૨૮ અને ૨૯ની વિગતો.
૩. જુઓ "ગોપાળ કૃષ્ણ ગોખલેને પત્ર", પા. ૩૬૫–૬.
૪. ગોખલેની આફ્રિકા-યાત્રાની સ્મૃતિમાં પ્રગટ કરવામાં આવેલો ઇન્ડિયન ઓપીનિયનનો વિશેષાંક.

Gandhi Heritage Portal

ડિસેમ્બર ૬, શુક્રવાર

દારેસલામ છોડ્યું.

ડિસેમ્બર ૭, શનિવાર

મોઝાંબિક રાતના પહોંચ્યા. ડેકનો અનુભવ ઠીક ચાલે છે. શેઠિયાઓ આવ્યા.

ડિસેમ્બર ૮, રવિવાર

સવારના ૧૧ વાગ્યે રવાના. મોઝાંબિકથી ગયા.

ડિસેમ્બર ૯, સોમવાર, માગશર સુદ ૧

ચીંડી પહોંચ્યા.

ડિસેમ્બર ૧૦, મંગળવાર

બેરા પહોંચ્યા – સવારે. શહેરમાં ઊતર્યા તૈયબ સકુરને ત્યાં.

ડિસેમ્બર ૧૧, બુધવાર

ડનવીગન કેસલની ટિકિટ લીધી. તેમાં બપોરે રવાના થયા.

શ્લેશિન વગેરેને તાર	૦– ૬– ૦
ગ્રેચ્યુઈટી વગેરે, હમાલી	૧– ૦– ૦

ડિસેમ્બર ૧૨, ગુરુવાર

દરિયામાં.

ડિસેમ્બર ૧૩, શુક્રવાર

ડેલાગોઆ બે સવારના પહોંચ્યા. કંઈ વખત રોકાણ થયા પછી છુટકારો થયો. માધવજીને ત્યાં ગયા. બપોરે ટ્રેન લીધી. કમાટી પહોંચ્યા. પોલીસ તપાસણી.

ડિસેમ્બર ૧૪, શનિવાર

જ. બી. પહોંચ્યા. એક વાગ્યાની ટ્રેનમાં લૉલી આવ્યા. બર્નેટના છોકરાની મહાવજ્રત [ખ્રિસ્તી-ધર્મ સંસ્કાર]. મેઢ અગાડીથી સામાન લઈ ચાલી ગયા.

ડિસેમ્બર ૧૫, રવિવાર

ફાર્મ પર ગાળ્યો. દ્વારકાદાસ ગાંધી આવ્યા. ગબો, કૃષ્ણસામી ને રેવાશંકર આવ્યા. ગબો પોતાનો સામાન લઈ પાછો ગયો.

ડિસેમ્બર ૧૬, સોમવાર

ફાર્મ પર. મિસ બુશ અને તેની મા આવ્યાં. કુણકે આવ્યા.

ડિસેમ્બર ૧૭, મંગળવાર

કૅલનબૅક, ગોવિંદુ ને હું ચાલીને ટાઉન ગયા. કોટવાલ ગાડીથી આવ્યા. કોટવાલ ને ગોવિંદુ પ્રિટોરિયા ગયા. છોટમ મારી સાથે ફાર્મ પર આવ્યો. છગનલાલનો કૃષ્ણા બાબત તાર આવ્યો.

ફિનિક્સની ટિકિટ ૧–૧૭– ૧

Gandhi Heritage Portal

ડિસેમ્બર ૧૮, બુધવાર

સવારની ટ્રેનમાં ડરબન સારુ ઊપડી ગયો.

ડિસેમ્બર ૧૯, ગુરુવાર

ફિનિક્સ પહોંચ્યો.

ડિસેમ્બર ૨૦, શુક્રવાર

ફિનિક્સમાં ગાળ્યો.

ડિસેમ્બર ૨૧, શનિવાર

તાર આવવાથી ડરબન ગયો. સર જૉન હ્યુલેટની મુલાકાત થઈ. બપોરની ટ્રેનમાં પાછો આવ્યો.

ડિસેમ્બર ૨૨, રવિવાર

આણંદલાલ, વેસ્ટ વ. સાથે વાતો કરી. સાંજના મીટિંગ થઈ.

ડિસેમ્બર ૨૩, સોમવાર

કૃષ્ણાને[૧] ઠીક જોવામાં આવ્યો.

ડિસેમ્બર ૨૪, મંગળવાર

પરભુદાસ[૨] માંદો પડ્યો. વેસ્ટ શહેર ગયા. ગજ્જર આવ્યા.

ડિસેમ્બર ૨૫, બુધવાર, માગશર વદ ૧

પ્રેસમાં મોડું કામ કર્યું. વીરજીની સાથે વાતચીત થઈ. ગજ્જર પાછા ગયા. પ્રાગજીને સાથે મોકલ્યા.

ડિસેમ્બર ૨૬, ગુરુવાર[૩]

નિયમસર કામ શરૂ કર્યું. ૫–૭ વાડીમાં, ૮–૧૧ અભ્યાસ, ૧૨–૪॥ પ્રેસ, ૫–૬ વાડી. બદ્રી, ભવાની દયાલ, દેવી દયાલ, ગજ્જર ને તેની ઓરત આવ્યાં. પ્રાગજી પણ સાથે આવ્યા. પ્રેસમાં આવતે વર્ષે હાલના હિસાબે ખોટ આવે એ જોયું.

ડિસેમ્બર ૨૭, શુક્રવાર

શિવલાલ આવ્યા.

ડિસેમ્બર ૨૮, શનિવાર

રામાનો દીકરો બીમાર. તેને જોવા ગયો. અબદુલ કરીમ શેઠ આવ્યા.

સિલક ૨– ૧– ૬

ડિસેમ્બર ૨૯, રવિવાર

દાદા શેઠ, ઉમર શેઠ, રુસ્તમજી શેઠ, અ. હક ને ઈસ્માઈલ હાફેજી મૂસા આવ્યા ને પાછા ગયા. રાતના ભવાની દયાલ ને દેવી દયાલ આવ્યા ને પાછા ગયા.

૧. અને ૨. છગનલાલ ગાંધીના અનુક્રમે નાના અને મોટા પુત્રો.
૩. જુઓ ચિત્ર પા. ૪૨૪ સામે.

Gandhi Heritage Portal

ડિસેમ્બર ૩૦, સોમવાર

વરસાદ.

ડિસેમ્બર ૩૧, મંગળવાર

વરસાદ – કાગળો લખ્યા. રાતના મીટિંગ થઈ. નવા ફેરફાર સમજાવ્યા.

જાન્યુઆરી ૨, બુધવાર ૧૯૧૩

ડરબન છોડયું. બટ્રીએ પા. ૧૫નો ચેક આપ્યો.

૪થીએ

જો. બી. પહોંચ્યો. તે જ દહાડે ફાર્મ પર બર્નેટની છોકરી માંદી, મેઢ, દેસા[ઈ] ને નાયડુ આવ્યા.

૫[મીએ]

કૅલનબૅક ટાઉન ગયા. કુપુ, શાંતિ, ઉમિયાશંકર આવ્યા.

૬[ઠ્ઠીએ]

શિવપૂજન . . .[1] મળ્યો.

ટાંચણ[2]

મિસિસ શેર
મિસિસ મૅનની મારફતે
વિક્ટોરિયા પરેડ
મોજ[લી ?]
બર્મિંગહામ
એચ. બી. ગોડબોલે
બૉક્સ ૧૫૪૧
કે[પ]ટાઉન
પી. દેસાઈ –
જો. ઈ. દાદા [?] ઍન્ડ કંપની
નિકોલસન્સ સુગર ઍસ્ટેટ [?]
ગ્લૅસડેલ
હરિલા[લ] [મૂળ ગુજરાતી]
તોડાની પોળ [ઘર] નં. ૧૫૧૪
રાજા[3] મહેતાની પોળ
કાલુપુર રોડ
[અમદાવાદ]

૧. અહીં એક શબ્દ વાંચી શકાતો નથી.
૨. જે સરનામાં સામે [મૂળ ગુજરાતી] લખ્યું નથી તે અંગ્રેજીમાં છે.
૩. મૂળમાં સ્પષ્ટ નથી.

Gandhi Heritage Portal

મિસિસ મૅકડોનલ્ડ
૫૨૧, બૅનટાઈન એવન્યૂ
વિનિપેગ

બાપુભાઈ દોલતરાય મેઢ [મૂળ ગુજરાતી]
રાયપુર
અકાશેઠના કૂવાની પોળ
[અમદાવાદ]

પ્રાગજી કે. દેસાઈ [મૂળ ગુજરાતી]
સાલેજ
પોસ્ટ અમલસાડ
તાલુકા — જલાલપુર

ઈ. ડૅલબૉર્ન [?]
૬, સેન્ટેનિયલ ચેમ્બર્સ
સિડની
ઑસ્ટ્રેલિયા

મહેતા
મહોદય એમ. સ્પેન્ડજિયન [?]ની મારફતે
૨૬, રયુ ડી લા ગ્રાંડ . . .[1]
ઍંટવર્પ

જી. ઈસાક
૧૯, અપર હેડ રો
લીડ્સ
તાર: ઈસ્લામ

મિસ એ. એ. સ્મિથ
૨૨, હાર્લે રોડ
સાઉથ હેમ્પ્સ્ટેડ
એન. ડબ્લ્યુ.

અરદેસર જમશેદજી મહેતા [મૂળ ગુજરાતી]
યોકોહામા સ્પેશી બૅંક લિમિટેડ
ફૉર્ટ
મુંબઈ

માણેકબાઈ અરદેશર જમશેદજી મહેતા [મૂળ ગુજરાતી]
દેશાભાઈ બૂટવાળાના ઘરમાં
ખેતવાડી ૧૪મી ગલી [મુંબઈ]

૧. અહીં કેટલાક અક્ષરો અસ્પષ્ટ છે. તેમ છતાં જુઓ પુસ્તક ૮, પા. ૪૦૨–૩.

Gandhi Heritage Portal

કુંવરબાઈ સોરાબજી શાપુરજી અડાજણિયા [મૂળ ગુજરાતી]
પાલણજી એદલજી . . .[૧]ના ઘરમાં
ખેતવાડી ૧૦મી ગલી, બૅંક રોડ
મુંબઈ

પાલણજી એદલજી ઍન્ડ સન્સ [મૂળ ગુજરાતી]
ખેતવાડી ૧૩મી ગલી
મુંબઈ

મૉડ પોલાક
મિસિસ સીજની મારફતે
૩૧, મિર્ટલ ગાર્ડન્સ
હૅનવેલ
લંડન

[મૂળ ગુજરાતી]
ગાંધીજીના હસ્તાક્ષરમાં લખાયેલી મૂળ નકલ પરથી: જી. એન. ૮૨૨૦
ગાંધી સ્મારક નિધિના સૌજન્યથી

૩૧૦. શ્રી ગોખલે રાષ્ટ્રીય મહાસભામાં

આ ઉપખંડમાં ઘણું કાર્ય કરીને હિંદ પાછા ફર્યા પછી માનનીય શ્રી ગોખલેએ, જરાયે વખત ગુમાવ્યા સિવાય કામ શરૂ કરી દીધું છે. ગિરમીટ પ્રથા સદંતર બંધ કરવાની બાબતને ટેકો આપતો એક ઠરાવ તેઓ કૉંગ્રેસના બાંકીપુર અધિવેશનમાં પસાર કરાવવામાં સફળ થયા છે. અમને વિશ્વાસ છે કે થોડા જ વખતમાં આ પ્રથાનો અંત આવશે. શ્રી ગોખલેને કોઈ કામ અધૂરું મૂકવાની આદત નથી. તેઓ જે કામ હાથમાં લે છે તેને પાર ઉતારે છે. તેઓ પોતાની લડાઈ છેવટ સુધી લડી લે છે; તેઓ પીછેહઠ કરનારા સેનાપતિ નથી. એટલે આપણને ખાતરી થાય છે કે મૂક ગિરમીટિયા હિંદીઓનું હિત તેમના હાથમાં સલામત છે. શ્રી ગોખલેએ પોતાના ઠરાવ વિષે ખાસ બોલવા ઉપરાંત પોતાના હિંદી ટીકાકારોને પણ જવાબ આપ્યો.[૨] એ ટીકાકારોએ

૧. અહીં એક શબ્દ અસ્પષ્ટ છે.

૨. રૂટરના તાર મુજબ, શ્રી ગોખલેએ બાંકીપુરમાં એવો ઠરાવ મૂક્યો હતો કે, ગિરમીટની પ્રથા તદ્દન બંધ કરવામાં આવે. તેમણે હિંદ સરકારને પણ ભવિષ્યમાં ગિરમીટિયા મજૂરોની ભરતી બંધ કરવાનો આગ્રહ કર્યો હતો. ". . . . શ્રી ગોખલેએ પોતાના ટીકાકારોનો નિર્દેશ કરીને કહ્યું કે, મેં કે શ્રી ગાંધીએ દક્ષિણ આફ્રિકામાંના પ્રવેશને મર્યાદિત કરવાનું વચન આપ્યું નથી, અને હિંદીઓનો કોઈ અધિકાર જતો કરવામાં આવ્યો નથી. હું શ્રી ગાંધીના એ વિચાર સાથે સંમત છું કે, દક્ષિણ આફ્રિકામાં પહેલેથી વસતા હિંદીઓને, યુરોપિયનો જે અધિકારો ભોગવતા હોય તે બધા અપાવવા માટે પ્રયાસો કેંદ્રિત કરવા એ ડહાપણભર્યું અને સમયોચિત છે. જે ફરિયાદો દૂર કરી શકાય એમ છે તે આ પ્રમાણે છે: તેમને દક્ષિણ આફ્રિકામાં કશી મુશ્કેલી સિવાય જવા-આવવાની છૂટ હોવી જોઈએ. તથા એક પ્રાંતમાંથી બીજા પ્રાંતમાં છૂટથી પ્રવાસ કરવાની છૂટ હોવી જોઈએ. તેઓ ગમે ત્યાં વસવાટ કરી શકે અને જમીન

Gandhi Heritage Portal

એવો ખ્યાલ બાંધ્યો લાગે છે કે શ્રી ગોખલેએ કેટલાક હકો જતા કર્યા છે અને ખોટનો સોદો કર્યો છે. અહીં મેજર સિલબર્ન જેવા ટીકાકારોએ તેમના પર દક્ષિણ આફ્રિકાના લોકોને ધમકી આપવાનો આક્ષેપ મૂક્યો છે. ખરેખર, કોઈ લોકસેવક માત્ર પોતાના અંતરાત્માના અવાજને અનુસરવા માગતો હોય અને તેની સાથે સાથે બધા લોકોને ખુશ કરવા ઇચ્છતો હોય તો તેનું કામ અશક્ય નહીં તો મુશ્કેલ તો બને જ છે. શ્રી ગોખલે માને છે કે લોકોને ખુશ કરી શકાતા હોય તો સારું, પણ પોતાના અંતરાત્માના આદેશ મુજબ ચાલતાં લોકોને અથવા લોકોના કોઈ વર્ગને નાખુશ કરવા પડે તો તે પણ સારું જ છે.

તેમણે પોતાના ટીકાકારોને આપેલા જવાબનો રૂટરે જે ટૂંક સાર આપ્યો છે તે પરથી તેમના ભાષણ વિષે ચોક્કસ અભિપ્રાય આપવાનું મુશ્કેલ છે. પણ રૂટરે એટલું કહી આપણને એક અચૂક સાબિતી આપી દીધી છે કે, દક્ષિણ આફ્રિકામાં આપણે જે માગણીઓ કરી છે તે બધીને શ્રી ગોખલેએ ટેકો આપ્યો છે, અને તેમને વિષે આગ્રહ રાખ્યો છે. એટલે એ માગણીઓ અહીં થોડાંક વાકયોમાં જણાવી દેવી ઠીક થશે. અમારી જાણ મુજબ માગણીઓ આ પ્રમાણે છે: "આખા સંઘ રાજ્યમાં પ્રવેશવા બાબતમાં પૂરેપૂરી કાનૂની સમાનતા; પરંતુ એક બાજુથી જોકે આપણે વહીવટી ભેદભાવમાં સંમત ન થવું જોઈએ, અને નથી થઈ શકતા, તોપણ દર વરસે નિશ્ચિત સંખ્યામાં નવા હિંદીઓને દાખલ કરવામાં આવે તો આપણે તેનો વિરોધ નહીં કરવો જોઈએ. (૨) આપણું ધ્યેય અલબત્ત, દરેક બાબતમાં સંપૂર્ણ સમાનતા છે, પરંતુ આપણે વર્તમાન રાજકીય દરજ્જામાં કંઈ પણ ફેરફાર કરાવવા માટે ચળવળ કરતા નથી, અને આપણે ઑરેંજ ફ્રી સ્ટેટ સિવાયના સંઘના બધા ભાગોમાં બીજી બધી કાનૂની તથા વહીવટી ગેરલાયકાતો દૂર કરાવવા અવશ્ય આંદોલન કરીએ છીએ. (૩) ઑરેંજ ફ્રી સ્ટેટ બાબત આપણે એટલું જ માગીએ છીએ કે, જો કોઈ સર્વસામાન્ય ઇમિગ્રેશન બિલ પસાર કરવામાં આવે તો તેમાં પ્રવેશ બાબત જાતીય ભેદભાવ ન હોવો જોઈએ. ["] ફ્રી સ્ટેટના જે યુરોપિયનો જાણે પ્રથમ ફ્રી સ્ટેટના અને પછી દક્ષિણ આફ્રિકાના નાગરિકો હોય એવું દેખાય છે, તેમના અત્યારના પૂર્વગ્રહો, આપણા નિર્દોષ આચરણથી અને સમયના સ્વાભાવિક પ્રભાવથી નરમ ન પડી જાય ત્યાં સુધી એ રાજ્યમાંની બીજી બધી હરકતો રહેવા પામશે.

શ્રી ગોખલેનું આખું ભાષણ આપણને મળશે ત્યારે બેશક આપણે જાણીશું કે, તેમણે પોતાનો કેસ આ ધોરણે જ તૈયાર કર્યો હતો.

[મૂળ અંગ્રેજી]

ઇન્ડિયન ઑપીનિયન ૪–૧–૧૯૧૩

તથા બીજી મિલકતની માલિકી ધરાવી શકે; . . . તેમને મ્યુનિસિપલ અને રાજકીય મતાધિકાર મળવો જોઈએ; તેમને સરકારી નોકરીઓમાં તથા જાહેર જીવનમાં દાખલ થવા દેવા જોઈએ. . ."

ઇન્ડિયન ઓપીનિયન, ૪–૧–૧૯૧૩

Gandhi Heritage Portal

૩૧૧. ઇન્ડિયન ઓપીનિયનના વાચકવર્ગને

આ અંકમાં કંઈક ફેરફાર અમારા વાંચનાર જોશે. એ ફેરફાર સુધારો છે એમ અમે માનીએ છીએ. ત્રેવડા કોઠાને બદલે બેવડા કરવાથી છાપું શોભે અને પુસ્તકાકારે એમાંનાં લખાણ છાપવા હોય ત્યારે સગવડ પડે તેવું સમજી આ ફેરફાર કર્યા છે. અમારો હેતુ દિવસે દિવસે હમેશને સારુ ઉપયોગી એવાં લખાણો આપવાનો છે, કે જેથી વાચકવર્ગ જેને છાપું સાચવી રાખવાનો શોખ હોય તે તેને પુસ્તકરૂપે પણ પાછળથી બનાવી શકે. તે જ બાબતો બને તેમ ટૂંક રૂપમાં આપવાની પણ અમારી ધારણા છે. આમ કરીને તેટલી જ અથવા તો ઓછી જગ્યામાં અમે વધારે બાબતો સમાવી શકશું. આ વખતથી ગુજરાતી તેમ જ ઇંગ્રેજી પાનાં ઓછાં કર્યાં છે, પણ તેટલાં પાનાંમાં વધારે શબ્દો નહીં પણ વધારે વિગતો અમે સમાવવા ધારીએ છીએ. બીબાં ગોઠવવાનું કામ ઓછું કરી લખાણ કરનારનું વધારવું એવી અમારી ઉમેદ છે.

અમારાં સાહસને હવે આઠ[1] વરસ ઉપરાંત થયાં. ઇ. ઓ.ના ગુજરાતી વિભાગમાં માત્ર ચાર પાનાં જેટલું જ લખાણ આવ્યું છે ને બાવીસ જેટલું પણ આવ્યું છે. તેમાં અમે વેપારીને લગતી ભાવ વગેરેની ખબરો આપી છે ને ગંભીર વિષયો પણ ચર્ચા છે. હવે અમારી મુરાદ ઘણે ભાગે બે પ્રકારનાં લખાણો આપવાની છે. એક તો એ કે આપણી ઉપર પડતી ઈજાઓનું બને તેટલું સંપૂર્ણ જ્ઞાન કોમને આપવું ને તેને લગતા ઉપાયો યોજવા ને બતાવવા. બીજું સાર્વજનિક નીતિના વિષયો ઉપર લખવું અથવા તે બાબતમાં મહાન પુરુષોના વિચારોનો સાર આપવો. આમ ઇ. ઓ. કેળવણીનું સાધન થાય એવું અમે ઇચ્છીએ છીએ.

[મૂળ ગુજરાતી]
ઇન્ડિયન ઓપીનિયન, ૪–૧–૧૯૧૩

૩૧૨. હિંદુસ્તાની બાદશાહી કાફલો

છાપાંઓમાં તાર હતા તે ઉપરથી આપણે જોયું કે હિંદુસ્તાનના રાજાઓ વડી સરકારને મદદ કરવા અમુક મનવારો આપવા તૈયાર થાય છે. તેમાં બે કરોડ દસ લાખ પાઉંડના ખર્ચનો અંદાજ હતો. એના રૂપિયા એકત્રીસ કરોડ પચાસ લાખ થયા. એટલે એમ થયું કે હિંદુસ્તાનની વસ્તીએ માથા દીઠ એક રૂપિયો ભર્યો. પણ તેટલી ગણતરી બસ નથી. મનવારોનાં નામ અપાયાં છે તે ઉપરથી જોઈ શકાય છે કે મદદ આપનારાં રજવાડાંમાં નિઝામ અને મૈસૂર, ગાયકવાડ, ગ્વાલિયર, કાશ્મીર, ત્રાવણકોર, રજપૂતસ્થાન તથા નેપાલના મહારાજાઓ ગણાયા હતા. તે બધાં રાજ્યોની કુલ વસ્તી લગભગ ચાર કરોડની ગણાય છે. તે કર એટલી વસ્તી ઉપર પડત એટલે માથા દીઠ રૂ. ૮નો કર તે વસ્તી ઉપર થયો. તેટલી રકમ તો બહુ ગરીબની ચાર માસની કમાણી થઈ. એટલું ચોક્કસ છે કે તેટલા પૈસા કંઈ દેશી રાજાઓ આકાશમાંથી નહીં લાવત. તેઓની રૈયતને જ આપવા પડત. પણ વડી સરકારના નામને ખાતર, હિંદના સુભાગ્યે ને દેશી રજવાડાની

૧. હકીકતમાં ૯ વર્ષ ઉપરાંત; જુઓ પુસ્તક ૩, પા. ૩૫૬.

Gandhi Heritage Portal

વસ્તીના ઉપર હજુ ઈશ્વરની મહેર છે તેથી રૂટરનો તાર માત્ર ઊડતી ગપ ઉપરથી બંધાયો હતો. વિલાયતમાં જવાબદારી ભોગવતાં બધાં છાપાંઓએ તે વાત બને નહીં તેમ લખી વાળ્યું. કેટલાકોએ કડક લખાણ કર્યાં. એકબે છાપાંઓએ તો એમ પણ જણાવ્યું કે દેશી રજવાડાંની પાસેથી એવી મદદ લેવાય તો એ સ્વતંત્ર મદદ ગણાય જ નહીં. દેશી રજવાડાં ખરી સ્વતંત્રતા ભોગવતાં નથી. તેમને જો એટલું પણ કહેવામાં આવે કે તેઓ આવી મદદ કરે તો વડી સરકાર રાજી થશે તો તેથી દેશી રાજાઓ માને કે તેઓ મદદ આપવા બંધાયેલા છે. તેઓને પોલિટિકલ એજંટો દબાણ કરે તોપણ તેઓ પૈસા આપવા તૈયાર થાય. વળી એક છાપો યાદ આપે છે કે જ્યારે કૉલોનીઓ વડી સરકારને લડાઈની તૈયારીમાં રહેવાના ખર્ચમાં એક પેની પણ મદદ કરતા નથી ત્યારે હિંદુસ્તાન આખા હિંદના ગોરા કાળા લશ્કરનું મહાન ખર્ચ ઉપાડે છે. આ દેશી રાજાઓ પોતાને ત્યાં વડી સરકારને મદદ કરવા લશ્કર તૈયાર રાખે છે. જોકે હાલ તો હિંદુસ્તાન ઉપરથી વાદળાં વીખરાઈ ગયાં છે, તોપણ દેશી રજવાડાં તદ્દન મુક્ત રહે એમ જણાતું નથી. કેટલાંક છાપાંઓએ આ અફવાને વધાવી લીધી હતી. જર્મની તેનો કાફલો વધાર્યે જાય છે. વડી સરકાર પણ પ્રમાણમાં વધારે છે. તેનો અર્થ એ થયો કે ઇંગ્રેજી પ્રજાએ વધતો કર આપ્યે જવું. આમ કર અપાયા કરે એટલે પ્રજા અકળાય. આ સ્થિતિમાં ઇંગ્રેજી પ્રધાનમંડળ હિંદુસ્તાન ઉપર નજર નાખે તો નવાઈની વાત નથી.

[મૂળ ગુજરાતી]

ઇન્ડિયન ઓપીનિયન, ૪–૧–૧૯૧૩

૩૧૩. મિ. ગોખલેનું હિંદમાં ભાષણ

હિંદથી આવેલાં છાપાં પરથી જણાય છે કે મિ. ગોખલેના આ દેશમાં થયેલાં ભાષણોના તાર ગયા તે ઉપરથી હિંદમાં ગેરસમજૂતી થયેલી. આ ગેરસમજૂતીમાં મુખ્ય ભાગે ત્યાંનાં ઇંગ્રેજી છાપાંઓ હોવાં જોઈએ એવું મુંબઈથી આવેલા ગુજરાતી છાપામાં જોઈએ છીએ. તે છાપાનો લેખક મિ. ગોખલેના ભાષણનો બચાવ કરે છે. મિ. ગોખલેના મુંબઈ પહોંચ્યા પછી તેમના કાર્યની ગેરસમજૂતીની તેમણે નોંધ લીધી જણાય[૧] છે ને હવે રૂટરના તારો બતાવે છે કે મિ. ગોખલેએ કૉંગ્રેસમાં તેમના ટીકાકારોને સંપૂર્ણ જવાબ આપ્યો છે.[૨] અહીં આપણા મેજર સિલબર્ન સાહેબે મિ. ગોખલેના ભાષણનો ઊલટો અર્થ કર્યો. તેનો જવાબ મિ. ગોખલેએ આપ્યો ને સર્વમાન્ય થઈ પડ્યો.[૩] હિંદમાં પણ આપણા મેયર જેવા અને મેજર સિલબર્ન જેવાએ ઊલટો અર્થ કર્યો છે. આમ જાહેર માણસોને વિષે હમેશાં થતું આવ્યું છે ને થયા કરશે. એટલે મિ. ગોખલેના બોલની ગેરસમજ થઈ એ નવાઈની વાત નથી.

રૂટરના તારો કંઈ ભાષણોના બરોબર સાર આપે છે એમ જ બનતું નથી. છતાં અમારે તે તારોનો અર્થ કરી બાંકીપુરમાં શું બન્યું હશે તેનો વિચાર કરવો ઘટે છે. રૂટરના તાર સમજી શકાય તે પહેલાં મિ. ગોખલેએ અહીં કહેલા શબ્દોનો શો અર્થ છે એ આપણે જાણવું જોઈએ.

૧. જુઓ પરિશિષ્ટ ૨૩.
૨. જુઓ પાદટીપ ૨, પા. ૪૩૦–૧.
૩. જુઓ પરિશિષ્ટ ૨૪.

Gandhi Heritage Portal

ત્યારે એ દેશભક્તે એમ કહ્યું કે ઇમિગ્રેશન કાયદામાં કાયદેસર હક સરખા આપી આપણી હાજરતો પૂરી પાડવા જેટલા હિંદીને આવવા દઈ બીજા હિંદીને આવતા અટકાવે તેમાં હિંદુસ્તાન સામે નહીં થાય. વળી તેમણે એમ પણ જણાવ્યું કે રાજ્યકારભારી સત્તા આપણે હાલ નથી માગતા. મિ. ગોખલેએ પોતાના હિંદના ટીકાકારોને જવાબ આપતાં જણાવ્યું કે હિંદુસ્તાન ઇમિગ્રેશનની બાબતમાં હદ નહીં બાંધે. ફ્રેન્ચાઈઝની બાબતમાં જણાવ્યું કે ગોરાની સાથે એકસરખા હકની તેમણે દક્ષિણ આફ્રિકામાં વસતા હિંદીને સારુ માગણી કરી છે તેમાં તેનો સમાવેશ થાય છે. વિચાર કરતાં આ વાત તેમના દક્ષિણ આફ્રિકાના ભાષણની વિરોધી નથી. મિ. ગોખલેની ઉપર એવું તહોમત મુકાયેલું જણાય છે કે તેમણે હિંદુસ્તાનના હાથ બાંધ્યા ને તેમણે વધારે હિંદી અહીં ન આવે તેને સારુ હિંદુસ્તાનને જવાબદાર બનાવ્યું. આ તહોમત બરોબર નથી. કેમ કે મિ. ગોખલેએ તો એટલું જ કબૂલ્યું છે કે યુનિયન સરકાર વધારે હિંદીને ન આવવા દે તેની સામે હિંદુસ્તાન નહીં થાય એમ કહેવું ને હિંદુસ્તાન જ બંધી કરે છે તેમાં ઘણો તફાવત થયો. તેમ જ ફ્રેન્ચાઈઝનું. તેઓ સાહેબ કહે કે હાલ અમે તે માંગણી નહીં કરીએ, ને હિંદુસ્તાન ફ્રેન્ચાઈઝ નથી માંગતું એમ કહેવું તે બે વાતમાં ઘણો મોટો તફાવત ને વિરોધ છે. બીજી વાત કબૂલ રાખતાં તો હિંદુસ્તાન પોતાની ઉપર મુકાતી ઈજાને સારુ જવાબદાર થાય છે. મિ. ગોખલેએ વધારેમાં બતાવી આપ્યું કે એક પણ હક જતો કરવાની તેમણે કબૂલાત આપી નથી. જે આપણી માગણી છે તે પ્રમાણે જ માગણી મિ. ગોખલેએ કરી છે એમ કહી પાછું મિ. ગોખલેએ બતાવી દીધું કે તેમણે નવી માગણી કરી નથી ને જે આપણે માગતા આવ્યા છીએ તેમાંથી કંઈ જતું કર્યું નથી. તો પછી મુંબઈના ટીકાકારોની જ ગેરસમજ સાબિત થઈ, કેમ કે આજ લગી તેઓએ આપણી માગણી વિષે માતબર ટીકા કરી નથી.

[મૂળ ગુજરાતી]

ઇન્ડિયન ઓપીનિયન, ૪–૧–૧૯૧૩

૩૧૪. ડેકના ઉતારુઓ

ડેલાગોઆ બેમાં ત્યાંનો ઇમિગ્રેશન અમલદાર કેવી વર્તણૂક ચલાવે છે તે વિષેનો મારો અનુભવ હું આપી ગયો છું.[૧] તેવી જાતનો અનુભવ થાય છે તેનું એક કારણ ડેકના ઉતારુઓની વર્તણૂક એ પણ છે. પોતાની રીતભાતથી ડેકના ઉતારુઓએ એવી શાખ પાડી દીધી છે કે હિંદીની ઉપર જે જુલમ ગુજરે તે ચાલી શકે. આવી ટીકા તદ્દન ગેરવાજબી નથી એવો મને ડેકના થોડા દિવસમાં અનુભવ થઈ ચૂક્યો.

ડેકના ઉતારુઓની ગંદકીની સીમા રહેતી હોય એમ જણાતું નથી. સ્ટીમર પર નાહવાની સગવડ હોય તોપણ ઘણા ઉતારુઓ ભાગ્યે જ નહાય છે. તેઓ માને છે કે દરિયાના ખારા પાણીથી નવાય જ નહીં. આ માત્ર વહેમ છે છતાં તે વહેમને વળગી રહ્યા છે. કેટલાક આળસને લીધે માત્ર અઠવાડિયામાં એક જ વખત નહાય છે. ઘણા હિંદી પોતાનાં કપડાં ડેક પર બદલતા જ નથી તેથી ઘણા ગંદા લાગે છે. ઘણા જ્યાં બેઠા હોય ત્યાં જ થૂંકે છે. એકબીજાની

૧. જુઓ "મિ. ગાંધીની નજરકેદ", પા. ૩૭૧–૩.

Gandhi Heritage Portal

સગવડનો ખ્યાલ પણ નથી રહેતો. એક જણ બરોબર જ્યાં મિ. કેલનબૅક બેઠા હતા તેના માથા ઉપરથી થૂંકયો. ડેક એઠવાડ અને થૂંકથી એવી તો ભરેલી હોય છે કે તે ઉપરથી ઉઘાડે પગે ચાલતાં જીવ ગભરાય છે અને તે ઉપરથી ચાલતાં લપસી જવાની પણ ધાસ્તી રહે. સારી જગ્યા લેવાની એકબીજા તકરાર પણ કરે. પાયખાનાં હોય તે બેદરકારીથી વાપરી એવાં ખરાબ કરે છે કે જરા પણ ચોખ્ખાઈ રાખનારને અણગમો આવ્યા વિના ન રહે. આમ આપણે રહીએ એટલે સ્ટીમરના અમલદારો આપણને તુચ્છકારી નાંખે એમાં નવાઈની વાત નથી. અને એમ જ બને છે.

વળી ડેકના ઉતારુ તરીકે જવું ન છાજે એવા હિંદી પણ જાય છે. હું માનું છું કે જેઓ પૈસાદાર છે, વેપારી તરીકે ખંકાયેલા છે એવા હિંદી માત્ર પૈસાના જ લોભથી ડેકની મુસાફરી કરે ત્યારે તેઓના હરીફ ગોરા વેપારી તેઓની સામે થાય ને માન ન આપે. ધારો કે સ્ટાન્ડર્ડ બૅંકનો મૅનેજર જેનો પા. ૧,૦૦૦નો કે વધારે વાર્ષિક પગાર છે તે એક સ્ટીમરમાં પહેલા વર્ગની મુસાફરી કરે છે. એક હિંદી તેનો ઘરાક છે તેને ડેકમાં ભૂંડી હાલતે, એ મૅનેજર જુએ છે. આ હિંદીના તેની બૅંકમાં હંમેશાં પાંચસાત હજાર પાઉંડ રહે છે અથવા તેને પા. ૨૫,૦૦૦ની ધીરધાર છે. વળી તે ઘરાક દરેક ક્રિસ્ટમસે તે મૅનેજરને પોતાની ડેકની ટિકિટના પૈસા બેસે તેના કરતાં બમણાનો માલ ભેટ આપે છે. આ ઉતારુ દેખીતી રીતે પૈસેટકે પેલા મૅનેજર કરતાં સુખી છે છતાં ડેકની મુસાફરી કરે છે. મૅનેજરના મનમાં આવી સ્થિતિમાં પોતાના ઘરાકને જોઈને શું ખ્યાલ આવે? તે આપણને અને આપણા પૈસાને ધિક્કાર્યા વિના કેમ રહે?

હું એવું નથી ઇચ્છતો કે આપણે ગોરાઓની નકલ આવી બાબતમાં કરવી. પણ હું એમ તો કહીશ કે જો આપણે ગોરાઓની સાથે વેપાર વગેરેમાં હરીફાઈ કરીએ, તેના જેટલા હકો માગીએ, અને જો પૈસો આપણી પાસે હોય, તો જેમાં આપણા આત્માને નુકસાન ન પહોંચે એવી બાબતોમાં આપણી સામે આંગળી ચીંધવાની તક તેઓને આપણે ન આપવી જોઈએ. પૈસાદાર માણસની ફરજ છે કે તેણે પહેલા બીજા વર્ગની મુસાફરી પોતાના માન ખાતર અને હિંદુસ્તાનના માન ખાતર કરવી અને ત્યાં ઘણી ચોખ્ખાઈ રાખવી. આપણે ઘણી બાબતોમાં માપ ભૂલી જઈએ છીએ.

ગરીબ ઉતારુઓ ડેકમાં જાય, પણ પોતાનાથી બને તેટલી બાબતોમાં કોઈને કંઈ કહેવાપણું તેઓએ નહીં રહેવા દેવું જોઈએ. આપણાથી ઉત્પન્ન થતી હરકતો આપણે દૂર કરીએ તો આપણે સુખી થઈએ અને પછી આપણને બીજી સગવડ કરી આપવાની ફરજ અમલદાર ઉપર આવે ને તે તેણે અદા કર્યે જ છૂટકો.

આપણે આ પ્રમાણે અસલથી કરતા આવ્યા હોત તો આજે ડેકના ઉતારુઓના જે હાલ થાય છે તે કદી ન થાત. સુઘડતા રાખવી, સાફ કપડાં પહેરવાં ને રાખવાં એ કંઈ મોટી વાત નથી. થોડી કાળજીનું કામ છે. પણ મારા લખવામાંથી કોઈ એવો અર્થ કરવા માગે કે આપણી ઉપર સ્ટીમરોના માલમ વગેરે દુઃખ પાડે તો તેની સામે થવાનું નથી અથવા તે કરે એ બરોબર છે. આવો અર્થ કાઢવાનો નથી એટલું જ નહીં પણ જે સ્ટીમરમાં હું ડેકના ઉતારુ તરીકે આવ્યો તેમાં દરેક બાબતમાં દાદ મેળવવા હું પ્રયત્ન કરતો અને તેમ કરવાની દરેક ઉતારુ જેનામાં ઇંગ્રેજી જ્ઞાન વગેરે હોઈને તેમ કરવાની તાકાદ રહેલી છે તેની ફરજ છે. પુરનિયામાંના એક ઉતારુએ કેટલીક હકીકત આપી છે. તે ખરી હોય તો તેની સામે પગલાં ભરવાની પૂરી જરૂર છે. મારા લખાણનો ભાવાર્થ એટલો જ છે કે આપણે આપણી તરફથી દોષિત ન થવું. આપણે

Gandhi Heritage Portal

નિર્દોષ હોઈએ ત્યારે વધારે દાદ મેળવી શકીએ છીએ. પણ આપણે ગમે તેવા હોઈએ તોપણ નાહવાની અસગવડતા કે સગવડતાની તદ્દન ગેરહાજરી, ઓછાં કે ખરાબ ને ઉઘાડાં જાજરૂ, ટાઢ-તડકામાંથી બચાવ થવાનાં ઓછાં સાધન, રસોઈ કરવાની અગવડતા, સ્ત્રીઓને સારુ ખાસ જગ્યા વગેરેનો અભાવ, જ્યાં ત્યાં ઉતારુઓને ઢોરની જેમ ફેરવ્યા કરવા, આ બધી ખામીઓની સામે આપણી ગંદી સ્થિતિ કે બીજી અપૂર્ણતા એ કંઈ બચાવ કે જવાબ નથી જ. તે ખામીઓની સામે ઉતારુઓએ ઇલાજ લેવા જોઈએ. સ્ટીમરોના એજન્ટોએ એ વિષયમાં ઊતરવું જોઈએ ને દાદ મેળવવી જોઈએ. મારો મુદ્દો મારો અનુભવ આપવામાં એટલો જ છે કે આપણી મનુષ્ય તરીકેની, હિંદી તરીકેની ફરજ બજાવી હિંદની આબરૂ દરેક હાલતમાં જાળવીએ.

ફિનિક્સ — મોહનદાસ કરમચંદ ગાંધી

[મૂળ ગુજરાતી]

ઇન્ડિયન ઓપીનિયન, ૪–૧–૧૯૧૩

૩૧૫. આરોગ્ય વિષે સામાન્ય જ્ઞાન [–૧]

પ્રસ્તાવના

આરોગ્યના વિષય ઉપર મારે વીસ વરસ થયાં વિચાર કરવા પડ્યા છે. વિલાયત જવાથી અને અમુક રીતે રહેવાને બંધાયેલો હોવાથી, મારા ખાવાપીવાની તજવીજ મારે જ કરવી પડતી હતી. આવાં કારણોને લીધે મેં ઠીક અનુભવ લીધો છે એમ કહી શકાય. એ અનુભવ ઉપરથી કેટલાક વિચારો હું બાંધી શક્યો છું. તે ઇન્ડિયન ઓપીનિયનના વાંચનારને ઉપકારી થાય એમ સમજી આ પ્રકરણો લખું છું.

અંગ્રેજીમાં કહેવત છે કે, દરદ મટાડવા કરતાં દરદ અટકાવવું, એ વધારે સારું છે. પાણી પહેલાં પાળ બાંધવી એ કહેવત પણ એવો વિચાર બતાવે છે. દરદ થતાં અટકે એવા ઉપાયો લેવા એનું નામ અંગ્રેજીમાં 'હાઈજીન' છે. ગુજરાતીમાં તેને 'આરોગ્ય-સંરક્ષણ-શાસ્ત્ર' કહી શકાય. આ શાસ્ત્ર વૈદકશાસ્ત્રથી જુદું ગણાય છે. કોઈ તેને વૈદકશાસ્ત્રનું અંગ ગણે છે. હું આ ભેદ બતાવું છું તેનો હેતુ માત્ર એટલો જ છે કે, મુખ્યત્વે કરીને આ પ્રકરણોમાં આરોગ્યનું રક્ષણ કરવાના ઉપાયો જ બતાવવામાં આવશે. જેમ ખોયેલું રત્ન મુશ્કેલીથી હાથ લાગે છે, ને તેનું જતન કરવામાં જેટલો પ્રયાસ આપણે કરીએ છીએ, તેના કરતાં તેને શોધવામાં ઘણો વધારે કરવો પડે છે; તેમ આરોગ્યરૂપી રત્ન આપણા હાથથી ગયા પછી, પાછું મેળવતાં બહુ વખત અને પ્રયાસની હાનિ થાય છે. તેથી આરોગ્ય જાળવવા ઉપર વિચારવાન માણસે ખૂબ ભાર દેવાની જરૂર છે. પ્રસંગોપાત્ત આરોગ્ય ગયા પછી કેમ મેળવી શકાય, એનો વિચાર પણ આપણે કરીશું.

અંગ્રેજ કવિ મિલ્ટને કહ્યું છે કે, માણસનું મન એ જ તેના સ્વર્ગની અને નરકની જગ્યા છે; જહાનમ કંઈ જમીનની નીચે નથી અને જન્નત વાદળમાં નથી. આવો વિચાર સંસ્કૃત પુસ્તકોમાં છે. 'મન એ જ બંધન (નરક) અને મોક્ષ (સ્વર્ગ)નું કારણ છે' આ સૂત્રને અનુસરીને કહી શકાય કે, માણસ રોગી કે નીરોગી રહે તેનું કારણ ઘણી રીતે તે પોતે જ છે. આપણા કર્મથી આપણે માંદા પડીએ તેમ વિચારથી પણ માંદા પડીએ. પોતાના દીકરાને કોગળિયું

Gandhi Heritage Portal

થયું તે જોઈ બાપને પણ થયું, એવા દાખલા આપણે ઘણા જોઈએ છીએ. એક પ્રસિદ્ધ વૈદે કહ્યું છે, જેટલાં માણસો મરકી વગેરે રોગોથી મરે છે તેના કરતાં વધારે ભયથી મરે છે. 'બીકણ વગર મોતે મરે છે' એ કહેણ વિચારવાલાયક છે.

અજ્ઞાન એ પણ આરોગ્યનો ભંગ કરનારું મોટું કારણ છે. આપણી ઉપર અકસ્માત આવી પડે, ત્યારે આપણે કંઈ ન જાણવાથી અશક્ત બની બેબાકળા થઈ જઈએ છીએ ને સારું કરવા જતાં બૂરું કરી નાખીએ છીએ. શરીરને લગતા સાધારણ નિયમોથી બિનવાકેફ રહી આપણે ઘણી વેળા ન કરવાનું કરીએ છીએ અથવા સ્વાર્થી અને ધુતારા ભૂતવૈદોના હાથમાં આવી પડીએ છીએ. એ તાજુબીની વાત છે, છતાં ખરી છે કે, આપણી પાસે જ પડેલી વસ્તુનું જ્ઞાન આપણાથી દૂર રહેલી વસ્તુના જ્ઞાન કરતાં ઓછું હોય છે. મારી શેરીની ભૂગોળ મને નહીં આવડે, પણ ઈંગ્લાંડનાં ગામ, નદી વગેરે હું ગોખી જઈશ. આકાશમાં રહેલા તારા વિષે બડબડાટ હું કરું ખરો, પણ મારા ઘરના છાપરાનું જ્ઞાન મને નહીં જ હોય. આકાશના તારા ગણી કાઢવાનો વિચાર કરીશ, પણ મારા છાપરામાં શું છે અથવા કેટલી વળી છે, તે જાણવાની મને ઇચ્છા પણ નહીં થાય. મારી નજર આગળ રચાતું કુદરતી નાટક હું જોવા માગતો નથી; પણ નાટકશાળામાં થતા ઢોંગ જોવાનું મને બહુ મન થશે. તે જ શૈલી પ્રમાણે મારા શરીરમાં શું થાય છે, તે શું છે, તે શાનું બન્યું છે, તેમાંનાં હાડકાં, માંસ, લોહી વગેરે કેમ બને છે, તે બધાં શું કરે છે, મારા શરીરમાં બોલે છે તે કોણ, મારી ગતિ કેમ ચાલે છે, મને એક વખત સારા, તો બીજી વખત ખરાબ વિચાર કેમ આવે છે, મારી મરજી વિરુદ્ધ પણ મારું મન કેમ કરોડો માઈલ સુધી દોડી જાય છે, મારું શરીર તો ગોકળગાયથી પણ ધીમું ચાલે છે, ત્યારે મારું મન પવનના વેગ કરતાં હજારો-ગણો વધારે વેગ કેમ ધરાવે છે, તેનું મને ભાન નથી. આમ મારી નજીકમાં નજીકની વસ્તુ જે મારું શરીર, અને તેની સાથેનો મારો મનનો સંબંધ, તેની મને ઓછામાં ઓછી ખબર છે.

આવી કઠણ દશામાંથી છૂટવું એ બધાની ફરજ છે. શરીર અને મનનો સંબંધ જાણવો એ તો મહામુસીબતનું કામ છે. પણ શરીરના સાધારણ વ્યાપાર વિષે થોડું જાણવું એ તો દરેક મનુષ્યે બહુ જરૂરનું ગણવું જોઈએ. બાળકોના અભ્યાસમાં પણ આ જ્ઞાનનો સમાવેશ થવો જોઈએ. મારી આંગળી વઢાય તો તેનો ઉપાય હું ન જાણું, મને કાંટો વાગે ને હું કાઢી ન શકું, મને સર્પ કરડે તો બીકમાં પડ્યા વિના મારે તરત શું કરવું એની મને ખબર ન હોય; આ બધાંનો વિચાર કરવા બેસીએ તો શરમાવા જેવું જ લાગવું જોઈએ. અઘરા શબ્દો વાપરી આવી બાબતમાં પ્રાકૃત મનુષ્ય કંઈ સમજી ન શકે એમ કહી દેવું એ કેવળ મિથ્યાભિમાન છે, અથવા તો એથી ભૂંડું માણસને ધૂતવાનો મહાપ્રપંચ છે.

આવી પરાધીનતામાંથી અને આવા અજ્ઞાનમાંથી ઇન્ડિયન ઓપીનિયનના જે વાંચનાર ન છૂટ્યા હોય, તે થોડે અંશે પણ છૂટી શકે એવો આ પ્રકરણોનો પ્રયાસ છે.

આવી ઢબનાં લખાણો કંઈ નથી લખાયાં એમ નથી, પણ માણસોને અમુક પુસ્તકો કે છાપાં વાંચવાની આદત પડી જાય છે. ઇન્ડિયન ઓપીનિયનના વાંચનારને પોતાનાં બીજાં છાપાં સાથે ઇન્ડિયન ઓપીનિયન વાંચવાની આદત પડી ગઈ છે. તેમાંના કેટલાકો આરોગ્યનાં પુસ્તકો વાંચતા નથી, તેવાને આ પ્રકરણોનો લાભ મળવાનો સંભવ છે. વળી જુદાં જુદાં પુસ્તકોમાં આવેલા વિચારોનું દોહન આ પ્રકરણોમાં આવશે એવું મને લાગે છે. કેટલાંક પુસ્તકો વાંચી, તેમાંના વિરોધી મતોને વિચારી તેઓની ઉપર અખતરાઓ કરી મેં અમુક વિચારો બાંધ્યા છે, એટલે આ પ્રકરણોમાં એક કરતાં વધારે પુસ્તકોનો સારાંશ આવશે; એટલું જ નહીં પણ

Gandhi Heritage Portal

આ વિષયના પ્રવેશકને વિરોધી મતનાં પુસ્તકો વાંચી ગૂંચવાડામાં પડતાં બચવાનો સંભવ છે. એક પુસ્તક બતાવે કે અમુક સ્થિતિમાં ગરમ પાણી વાપરવું ને બીજું બતાવે કે ઠંડું વાપરવું. નવીન વાંચનારને આ દુઃખરૂપ થાય. આવા વિરોધી પ્રયોગોનો યથામતિ વિચાર આ પ્રકરણમાં આવશે. પછી જેને મૂળ પુસ્તકો વાંચવાં હોય, તે તે પુસ્તકો વાંચી આમાં બતાવેલાં પરિણામોમાં ફેરફાર કરી શકશે. એટલે આ પ્રકરણો ઇન્ડિયન ઓપીનિયનના બધા વાંચનારને ઓછાંવત્તાં ઉપયોગી થઈ પડશે; એમ માનવું બાધિત નહીં ગણાય.

(અધૂરું)

[મૂળ ગુજરાતી]
ઇન્ડિયન ઓપીનિયન, ૪–૧–૧૯૧૩

૩૧૬. મણિલાલ ઇચ્છારામ દેસાઈને પત્ર

[જાન્યુઆરી ૯, ૧૯૧૩ કે તેના પછી][1]

પ્રતિ
રા. રા. શ્રી મણિલાલ ઇચ્છારામ દેસાઈ
મુંબઈ

સાહેબ,

આપના પિતાશ્રી[2] સ્વર્ગવાસી થયાના ખબર આ મુલકમાં પડ્યા પછી હિંદુઓની સભા જોહાનિસબર્ગમાં મળી હતી. તે સભામાં આપના સ્વર્ગવાસી પિતાશ્રીની બાબતમાં દિલસોજી બતાવવાનો અને આપને તથા આપના કુટુંબને દિલસોજી બતાવવાનો ઠરાવ પસાર થયો હતો તે આપને નિવેદન કરું છું.

આપનો સેવક,
મોહનદાસ કરમચંદ ગાંધી
મજકૂર સભાનો પ્રમુખ

[મૂળ ગુજરાતી]
ગુજરાતી, ૬–૪–૧૯૧૩

૧. પત્રમાં ઉલ્લેખેલી સભા જાન્યુઆરી ૯, ૧૯૧૩માં થઈ હતી.
૨. ઇચ્છારામ સૂર્યરામ દેસાઈ; ગુજરાતી લેખક, પત્રકાર અને પ્રકાશક.

Gandhi Heritage Portal

૩૧૭. "મહેરબાની"

ટ્રાન્સવાલમાં પ્રવેશવાના અધિકારનો દાવો કરતા, દક્ષિણ આફ્રિકામાં જન્મેલા બે યુવાન હિંદીઓ અંગે મુખ્ય પ્રવાસી અધિકારીએ લીધેલાં પગલાં[૧] બાબતમાં મિ. પોલાકે ગૃહમંત્રીને જે પત્ર લખ્યો હતો, તે અમે ગયે અઠવાડિયે છાપ્યો હતો. એ પત્રથી બધી વાતનો ખ્યાલ આવી જાય છે. આ અમલદારનું પગલું કેટલું આપખુદ હતું તે એ પત્ર પરથી સ્પષ્ટ જણાઈ આવે છે. મિ. પોલાકે તે જ વખતે ધિ નાતાલ મર્ક્યુરીને પત્ર લખ્યો હતો. તેમાં તેમણે એ યુવાનો ઉપરાંત શ્રી ગજ્જરના કેસ[૨] વિષે પણ લખ્યું હતું. શ્રી ગજ્જરના કેસ વિષે અમારા

૧. ૨૨મી સપ્ટેમ્બર ૧૯૧૨ને રોજ ભવાનીદયાળ અને દેવીદયાળ નામના બે યુવકો, જેઓ ટ્રાન્સવાલમાં ડોમિસાઈલ થયેલા એક હિંદીના ત્યાં જ જન્મેલા પુત્ર હતા, તેઓ ટ્રાન્સવાલ પાછા આવતાં ડરબન પહોંચ્યા. તેમની સાથે તેમની પત્નીઓ પણ હતી, અને તેમાંની એક પોતાનું બાળક પણ લાવી હતી. બંનેનો દાવો એવો હતો કે, તેઓ ૩૧મી મે ૧૯૧૨ને રોજ ટ્રાન્સવાલમાં હતા અને તેઓમાંનો એક તો કેળવણીવિષયક કસોટીમાં પસાર થઈ શકે તેમ હતો, છતાં ઇમિગ્રેશન અમલદાર કઝિન્સે તેમને મુલાકાતી પરમિટ આપવાની ના પાડી. પોલાકે તેમની ઓળખાણ બાબતમાં તથા ૩૧મી મેના રોજ તેઓ ટ્રાન્સવાલમાં હતા એ બાબતમાં ટ્રાન્સવાલના એક પ્રતિષ્ઠિત હિંદીનું સોગંદનામું મેળવ્યું. પણ કઝિન્સે એશિયાઈ રજિસ્ટ્રાર-ની સૂચના સિવાય તેમના દાવાનો વિચાર કરવાની ના પાડી. તેણે રજિસ્ટ્રારને લખવાની અથવા અરજદારોને મુલાકાતી પાસ આપવાની પણ ના પાડી દીધી. પોલાકે એશિયાઈ રજિસ્ટ્રારને તાર કર્યો અને ટ્રાન્સવાલના અધિકારીઓ અરજદારોના દાવાનો વિચાર કરે ત્યાં સુધી તેમને હદપાર કરતા અટકાવવા માટે મનાઈહુકમ મેળવવા ગુડરિક અને લૉટન એ બે ઍટર્નીઓને વિનંતી કરી. સુપ્રિમ કોર્ટે ૧૦૦ પાઉન્ડની જમીનગીરી આપવાની શરતે મનાઈહુકમ આપ્યો. ઘણો વિલંબ કર્યા પછી કઝિન્સ જહાજ પર ગયા અને અરજદારોને અટકાયતી છાવણીમાં રાખવાની તથા તેમના નિર્વાહ માટે જમીનગીરીની રકમનો ઉપયોગ કરવાની સત્તા આપતા દસ્તાવેજ પર સહી કરવાની તેમની પાસે માગણી કરી. પોલાકે વાંધો લીધો કે એ વસ્તુ ગેરકાયદેસર છે, પણ કઝિન્સ જાણતા હતા કે પોલાક હજી નાતાલમાં ઍટર્ની તરીકે નોંધાયા નથી એટલે તેણે તેમને જહાજમાંથી ઉતારી પાડવાનો હુકમ કરાવ્યો. કઝિન્સના દબાણથી અરજદારોએ પેલા દસ્તાવેજ પર સહી કરી. તે દરમ્યાન ઍટર્નીઓએ જજ સાથે પત્રવ્યવહાર કર્યો. જજે કહ્યું કે કઝિન્સે લીધેલું પગલું તેના હુકમના અર્થે મુજબનું નથી. પછી કઝિન્સે જોકે અરજદારોને મુલાકાતી પાસ આપ્યા પણ તેમની નોંધણી માટેની અરજી સ્વીકારવાની ના પાડી. પોલાકે આ મામલાની વિગતો સાથે ગૃહમંત્રીને લખ્યું અને પ્રવાસી કાનૂનનો અમલ સહાનુભૂતિપૂર્વક કરવામાં આવે એવા હુકમો કાઢવા વિનંતી કરી. દયાળ ભાઈઓએ પ્રિટોરિયાના એશિયાઈ રજિસ્ટ્રારને સીધી અરજી કરી, જેણે હજી અરજદારના મુલાકાતી પાસની મુદત કયારે પૂરી થાય છે તે વિષેનો જવાબ આપ્યો નહોતો. પ્રવાસી અમલદારે મુદત વધારી આપવા ના પાડી. તે દરમ્યાન મોટા ભાઈનો નાતાલમાં રહેવાનો દાવો તેની કેળવણીવિષયક કસોટીમાં પાસ થવાની લાયકાતને કારણે સ્વીકારવામાં આવ્યો, પણ તેના લગ્નનો પુરાવો નામંજૂર કરવામાં આવ્યો. એટલે આ ભાઈ ઓએ પોલાક સાથે સરહદ ઓળંગી. તેમના વસવાટના હક વિષેની અરજી વિચારણા હેઠળ હતી છતાં તેમના પર નિષિદ્ધ પ્રવાસી હોવાનો આરોપ મૂકવામાં આવ્યો. તેમનો કેસ પ્રિટોરિયા મોકલવામાં આવ્યો અને ૩૦મી જાન્યુઆરી પર મુલતવી રાખવામાં આવ્યો. આમ છતાં ૨૭મી જાન્યુઆરીને રોજ રજિસ્ટ્રારે પોલાકને ખબર આપી કે કેસ પાછો ખેંચી લેવામાં આવ્યો છે અને દયાળ ભાઈઓનો અધિકાર સ્વીકારવામાં આવ્યો છે. ઇન્ડિયન ઓપીનિયન, ૪-૧-૧૯૧૩ અને ૧-૨-૧૯૧૩.

૨. કેપમાં આવેલા સોમરસેટ ઈસ્ટના એક વેપારી ગજ્જરનું કુટુંબ હિંદથી આવતું હતું તેને લેવા ગજ્જર ડરબન ગયા હતા. તેમણે સ્થાનિક મૅજિસ્ટ્રેટને નાતાલ માટે મુલાકાતી પાસ આપવા વિનંતી કરી. મૅજિસ્ટ્રેટ કેપના કાયદાથી અજાણ હતા. તેમને લાગ્યું કે એવા પાસની જરૂર નથી; પણ તેમણે ઓળખનું પ્રમાણપત્ર આપ્યું; જેમાં અરજદારના સામાજિક દરજ્જાનું વર્ણન હતું. ગજ્જર ડરબન પહોંચ્યા એટલે

Gandhi Heritage Portal

વાચકો પરિચિત છે. અમારા બંધુપત્રે આ મુકદ્દમાઓ વિષે સખત અગ્રલેખ[૧] લખ્યો છે. તે લેખ તેમ જ ગજ્જરના કેસને લગતો પોલાકના પત્રનો ભાગ અમે આ અંકમાં અન્યત્ર આપીએ છીએ.

શ્રી પોલાકના પત્રનો સૌથી દુઃખદ કહી શકાય એવો ભાગ આપણે જોઈએ. તેમાં તેઓ કહે છે કે, શ્રી ગજ્જરને "મહેરબાની" રાહે કેપમાં પાછા ફરવાની પરવાનગી આપવામાં આવી છે. કેપના પ્રવાસી કાનૂન મુજબ અનેક કઠોર મુકદ્દમા થયા છે પણ તેની નીચેના આ મુકદ્દમામાં, હિંદીઓએ પ્રાંતમાંથી ગેરહાજર રહેવા માટે ચોક્કસ પદ્ધતિથી પરમિટ લેવા વિષેની કલમમાં જે રીતે ક્રૂરતા બતાવી છે, તે રીતે ભાગ્યે જ બીજા કોઈ મુકદ્દમામાં બતાવાઈ હશે. શ્રી ગજ્જર પ્રત્યે જો આ કીમતી "મહેરબાની" બતાવવામાં ન આવી હોત તો તેમની પાસે તેમના નગરના મુખ્ય કૉન્સ્ટેબલે લખેલું ઓળખપત્ર હતું છતાં, તેઓ નિષિદ્ધ પ્રવાસી ઠર્યા હોત. આ કાનૂન મુજબ કેપનો કોઈ હિંદી પોતાના પ્રાંતની પરિમટ લઈને જોડેના પ્રાંતમાં જાય અને તે જો સોમરસેટ ઈસ્ટના મૅજિસ્ટ્રેટની માફક કેપ ઇમિગ્રેશન કાનૂનની શરતો બરાબર ન જાણતો હોય, તો તેને પોતાના પ્રાંતમાં પાછો આવતાં અટકાવી શકાય. શ્રી પોલાકના સતત પ્રયાસોને લઈને શ્રી ગજ્જરના કેસમાં સરકારને ન્યાય કરવો પડ્યો છે. પણ કેપના હિંદીઓએ કાયદાની એ કલમમાં ફેરફાર કરવામાં આવે ત્યાં સુધી અને એ ફેરફાર ન થાય ત્યાં સુધી આ કલમનો સખતાઈથી અમલ કરવામાં નહીં આવશે એવું વચન સરકાર તરફથી આપવામાં નહીં આવે ત્યાં સુધી, જંપીને નહીં બેસવું જોઈએ.

ઉપરોક્ત અમલદારનાં[૨] પગલાંને સંબંધ છે ત્યાં સુધી, જાહેર જનતાને એ જાણીને આનંદ થશે કે તેણે હવે મિ. હૅરી સ્મિથને ચાર્જ સોંપ્યો છે જેઓ નાતાલ બાબતમાં જૂના અનુભવી અમલદાર છે અને જે લોકો સાથે તેમને કામ પાડવાનું છે તેમને વિષે આવશ્યક કાનૂની માહિતી ધરાવે છે. પરંતુ સંઘ સરકાર નીચે મિ. હૅરી સ્મિથ પોતાનું ખાતું કેવું ચલાવે છે તે હિંદી સમાજ જાગ્રત રહીને જોતો રહેશે. જોકે મિ. કઝિન્સે નાતાલના પ્રવાસી કાનૂનનો જે રીતે અમલ કર્યો તેની સખત ટીકા[૩] કરવાની દુઃખદ ફરજ અમારે બજાવવી પડી છે, પરંતુ અમને

નાતાલના ઇમિગ્રેશન અમલદાર કઝિન્સે તેમને બોલાવ્યા અને શોધી કાઢ્યું કે ગજ્જર પાસે ન તો નાતાલ માટેનો મુલાકાતી પાસ છે કે ન તો કેપમાંથી કામચલાઉ ગેરહાજર રહેવા માટેની પરમિટ છે. એટલે કઝિન્સે તેમને નાતાલ માટેનો મુલાકાતી પાસ તો આપ્યો અને મંત્રીની સૂચનાઓ આવે ત્યાં સુધી ડરબનમાં જ રહેવા ફરમાવ્યું, પરંતુ તેના કુટુંબને જહાજમાંથી ઊતરવા દેવાની ના પાડી. તેની દલીલ એ હતી કે ગજ્જર બંને પ્રાંતોમાં 'નિષિદ્ધ પ્રવાસી' છે — નાતાલમાં, કારણ કે તેમની પાસે મુલાકાતી પાસ નથી; અને કેપમાં, કારણ કે તેમણે ગેરહાજરીની પરમિટ લીધી નથી. પણ તેમ છતાં તેણે તેમને 'મહેરબાની' રાહે ઘેર પાછા જવાની રજા આપી. પોલાકે પછી નાતાલ મર્ક્યુરીને લખ્યું કે, "શ્રી ગોખલે પ્રિટોરિયામાં મંત્રીઓને મળ્યા ત્યારે ઇમિગ્રેશન કાનૂનના જે 'સહાનુભૂતિપૂર્ણ' અમલની આશા આપવામાં આવી હતી તે આવી છે ! એ આશા શું કયારેય ફળીભૂત નહીં થાય ? અને ખ્યાલ બાંધી શકાય એવા દરેક પ્રસંગનો ઉપયોગ શું સમાજના અભાગી સભ્યોને પજવવા માટે કરવાનો છે ?" ઇન્ડિયન ઓપીનિયન, ૧૧–૧–૧૯૧૩.

૧. એ લેખમાં નાતાલ મર્ક્યુરીએ કઝિન્સને ઊધડો લીધો. તેણે લખ્યું કે તે એવું માનીને ચાલતા લાગે છે કે જાણે "લોકોને વધુમાં વધુ તકલીફ આપવા. . . તેમનાથી બની શકે એટલા વધારે પ્રમાણમાં હેરાન કરવા માટે જ તેમને નીમવામાં આવ્યા હોય." આ પત્રે તેમને "આ હોદ્દા માટે લગભગ છેલ્લી કોટીના" ઠરાવ્યા અને લખ્યું કે જ્યાં કઝિન્સના વિચારો પ્રમાણે કાયદાનો અમલ થાય છે "એવી જગ્યા હોવાના કલંક હેઠળ નાતાલે રહેવું" એવું તેઓ ઇચ્છતા નહોતા. ઇન્ડિયન ઓપીનિયન, ૧૧–૧–૧૯૧૩.

૨. કઝિન્સ.

૩. જુઓ "ઓરતોનું અપમાન", પા. ૨૯૮ તથા "નાતાલમાં ઇમિગ્રેશનની હાડમારી", પા. ૩૦૨.

Gandhi Heritage Portal

હમેશાં લાગ્યા કર્યું છે કે, તેઓ હવે સંઘ સરકારના અમલદાર છે અને તેમને ગૃહખાતાના હુકમ અનુસાર પોતાની મરજી વિરુદ્ધ પણ વર્તવું પડતું હોય, એ હકીકતની અવગણના કરીને અમે એમને અન્યાય તો નથી કરતા? પણ ઉદાહરણરૂપે શ્રી ગજ્જરના કેસ બાબતમાં તેમના કાર્ય વિષે અમે એવું ઉદાર વલણ લઈ શકતા નથી. ગૃહખાતાના હુકમો ગમે તે હોય, દયાળુ અમલદારો અસહાય સ્ત્રીપુરુષો પ્રત્યે દયાભાવ બતાવવા માટે હમેશાં કોઈ ને કોઈ બારી શોધી કાઢી શકે. અમે આશા રાખીએ છીએ કે, શ્રી હૅરી સ્મિથ, હિંદી સમાજ સાથેના વ્યવહારમાં પહેલાં ઘણી વાર વર્ત્યા છે તેમ, માયાળુપણે વર્તશે.

[મૂળ અંગ્રેજી]

ઇન્ડિયન ઓપીનિયન, ૧૧-૧-૧૯૧૩

૩૧૮. આરોગ્ય વિષે સામાન્ય જ્ઞાન [-૨]

આપણી આદત એવી છે કે, જરાયે દરદ થાય કે તુરત આપણે ડૉકટર, વૈદ કે હકીમને ત્યાં દોડી જઈએ છીએ. જો તેમ ન કરીએ, તો આપણો હજામ કે પાડોશી જે કંઈ દવા લેવાની સલાહ આપે તે લઈએ છીએ. આપણી માન્યતા જ એવી છે કે, દવા વિના દરદ જાય નહીં આ મોટો વહેમ છે; અને આ વહેમથી જેટલાં માણસો દુ:ખી થયાં છે ને થાય છે, તેટલાં બીજાં કારણોથી નથી થતાં ને નથી થવાનાં. એટલે આપણે દરદ એ શું એટલું સમજીએ તો કંઈક સમતા રાખી શકીએ. દરદનો અર્થ દુ:ખ છે. રોગનો અર્થ પણ તેવો જ છે. દરદનો ઉપાય લેવો એ બરોબર છે, પણ દરદ મટાડવા સારુ દવા લેવી એ ફોકટ છે; એટલું જ નહીં પણ તેથી ઘણી વેળા નુકસાન થાય છે. મારા ઘરમાં કચરો હોય તેને હું ઢાંકી દઉં, તેની જેવી અસર થાય તેવી દવાની છે. કચરો ઢાંકું તેથી તે જ કચરો સડીને મને હાનિકારક થવાનો છે. વળી ઢાંકણ સડી જાય, ત્યારે ઢાંકણ, એ વધારે કચરો થયો, ને અગાઉ હતો અને હવે થયો તે મારે કાઢવો રહ્યો. આવી દશા દવા લેનારની થાય છે. પણ જો હું કચરો કાઢી નાખું તો ઘર જેવું હતું તેવું સાફ પાછું થઈ રહે છે. દરદ-દુ:ખ પેદા કરી કુદરત આપણને સૂચવે છે કે, આપણા શરીરમાં કચરો છે. કુદરતે વળી શરીરમાં જ કચરો નીકળવાના રસ્તા રાખ્યા છે. અને જ્યારે દરદ થાય ત્યારે આપણે સમજવું જોઈએ કે, આપણા શરીરમાં કચરો હતો તે હવે કુદરતે કાઢવાનું શરૂ કર્યું છે. મારા ઘરમાં પડેલો કચરો કોઈ માણસ કાઢવાને આવે તો હું તેનો ઉપકાર માનું. તે માણસ કચરો કાઢી રહે ત્યાં સુધી મને જરા હરકત પડશે છતાં હું ખામોશ પકડીશ. તે જ રીતે કુદરત મારા શરીરરૂપી ઘરમાંથી કચરો કાઢી જાય ત્યાં સુધી હું ખામોશ પકડું તો મારું શરીર સાફ થઈ જાય. અને હું નીરોગી એટલે દુ:ખ વિનાનો થઈ રહું. મને શરદી થઈ છે. એટલે મારે તુરત કંઈક દવા લેવાની—સૂંઠ ખાવાની—દોડધામ નથી કરવાની. હું જાણું છું કે, મારા શરીરના અમુક ભાગમાં કચરો હતો તે કાઢવા કુદરત આવી છે. મારે તેને રસ્તો આપવો એટલે હું ઓછામાં ઓછી મુદતમાં સાફ થઈ જઈશ. હું કુદરતની સામે થાઉં તો કુદરતને બેવડું કામ; કચરો કાઢવાનું ને મારી સામે લડવાનું. કુદરતને હું મદદ કરી શકું છું. જેમ કે જે કારણથી કચરો દાખલ થયો હોય તે કારણ દૂર કરું કે જેથી વધારે દાખલ ન થાય; એટલે કે તે દરમિયાન ખાવાનું બંધ કરું. તેથી વધારે કચરો પડતો બંધ રહે. અને ખુલ્લી હવામાં યોગ્ય કસરત

Gandhi Heritage Portal

કરું તો વળી હું પણ શરીરની ચામડી વાટે કચરો કાઢતો થઈ જઉં. કાયા નીરોગી રાખવાનો આ સોનેરી નિયમ છે એમ દરેક માણસ પોતાની મેળે સાબિત કરી શકે છે. માત્ર આપણા મનની હાલત આપણે સ્થિર રાખવી જોઈએ. જે માણસ ઈશ્વર ઉપર ખરી આસ્થા રાખે છે તે તો હમેશાં આમ જ કરશે. આવી મનની હાલત કરવામાં આટલું મદદકર્તા થશે – હું વૈદો વગેરે પાસેથી દવા લઈશ, છતાં મારું દરદ દૂર જ થશે એવો વીમો કોઈ ઉતારતું નથી; વૈદના હાથમાં ગયેલા બધા નીરોગી થતા નથી; જો તેમ થતું હોય, તો મારે આ પ્રકરણો લખવાપણું ન હોય ને આપણે બધા બહુ સુખી જિંદગી ભોગવતા હોઈએ.

અનુભવ તો એવો છે કે, જે ઘરમાં બાટલી પેઠી ત્યાંથી પાછી નીકળતી જ નથી. અસંખ્ય માણસો આખી જિંદગી કંઈ ને કંઈ રોગ ભોગવતા રહે છે, ને એક પછી એક દવા વધારતા જાય છે. તથા વૈદો ને હકીમો બદલ્યા જ કરે છે. રોગ મટાડે તેવા વૈદોની શોધખોળમાં ભમ્યા કરે છે. ને છેવટે પોતે ખુવાર થઈ, બીજાને ખુવાર કરી તાલાવેલી કરતા મરી જાય છે. પ્રખ્યાત મરહૂમ જજ સ્ટીવન જે હિંદુસ્તાનમાં પણ રહી ગયેલો, તેણે એક વેળા કહેલું કે, જે વનસ્પતિને વિષે વૈદો ઘણું ઓછું જાણે છે, તે વનસ્પતિઓને, જેને વિષે તેથી પણ ઓછું જાણે છે એવાં શરીરોમાં તેઓ દાખલ કરે છે. વૈદો પોતે પણ બરાબર અનુભવ મેળવ્યા પછી એવા જ ઉદ્‌ગાર કાઢે છે. દાક્તર મૅજન્દી કહી ગયો છે કે, "વૈદું એ મહા પાખંડ છે." સર ઑસ્લી કૂપર કરીને પ્રખ્યાત દાક્તર થઈ ગયો. તેણે કહ્યું છે કે, "વૈદકશાસ્ત્ર એ માત્ર અટકળ ઉપર રચાયેલું છે." સર જૉન ફૉર્બ્ઝે કહ્યું છે કે, "વૈદોના ડહાપણ છતાં પણ ઘણા માણસોના રોગ કુદરતે જ દૂર કર્યા છે." દાક્તર બેકર જણાવે છે કે, "રાતિયા તાવમાં જેટલા દરદી મરે છે તેના કરતાં ઘણા વધારે તે દરદની દવાથી મરે છે." દાક્તર ક્રૉથ કહે છે કે, "વૈદા કરતાં વધારે અપ્રામાણિક ધંધો ભાગ્યે જ જોવામાં આવે છે." દાક્તર ટૉમસ વૉટસન કહે છે કે, "ઘણા અગત્યના સવાલ વિષે શકથી ભરેલા સમુદ્ર ઉપર આપણો ધંધો ભટકયા કરે છે." દાક્તર કૉઝવેલ કહે છે કે, "જો વૈદું નાબૂદ થાય તો માણસજાતને અથાગ લાભ થાય." દાક્તર ક્રૅક કહે છે કે, "હજારો માણસોની દવાખાનાંઓ વાટે કતલ થાય છે." દાક્તર મેસન ગુડ કહે છે કે, "લડાઈ, મરકી અને દુકાળમાં જેટલાં માણસોનો ભોગ થાય છે, તેના કરતાં ઘણું વધારેનો ભોગ દવાઓને મળે છે." જ્યાં જ્યાં વૈદો વધ્યા છે, ત્યાં ત્યાં દરદો વધ્યાં છે એવું આપણે ઠેકાણે ઠેકાણે જોઈએ છીએ. જે છાપાંઓમાં બીજી જાહેરખબરો નહીં આવી શકે, તે છાપાંઓમાં પણ દવાઓની મોટી જાહેરખબરો આવશે. ઇન્ડિયન ઓપીનિયનમાં જ્યારે જાહેરખબરો લેવાતી ત્યારે બીજાઓની પાસે જાહેરખબર માગવા તેના કારભારીઓ જતા; પણ દવાની જાહેરખબરો નાખવાનું દબાણ આ છાપા ઉપર દવાના માલેકો કરતા ને પૈસા પણ પુષ્કળ આપવાની લાલચ આપતા હતા. જેની કિંમત એક પાઈની છે તેવી દવાનો આપણે રૂપિયો આપીએ છીએ. ઘણે ભાગે દવા શાની બને છે તે તેના કર્તા આપણને જાણવા જ નથી દેતા. છૂપી દવાઓ એ નામની ચોપડી હાલમાં એક દવાવાળાએ જ બહાર પાડી છે. માણસો ન ભમે તે હેતુ એ ચોપડી બહાર પાડવાનો છે. તેમાં તે બતાવે છે કે, સાર્સાપરિલા, ફ્રૂટસૉલ્ટ, સીરપ વગેરે અંકાયેલી (પેટન્ટ) દવાઓ છે, તેના આપણે ત્રણથી સાત શિલિંગ આપીએ છીએ. તેમાં આવેલી દવાની મૂળ કિંમત એક ફારધિંગથી એક પેની સુધીની હોય છે. એટલે આપણે ઓછામાં ઓછા છત્રીસ ગણા ને વધારેમાં વધારે ત્રણસેં છત્રીસ ગણા દામ આપીએ છીએ. એટલે આપણે ત્રણ હજાર પાંચસે ટકાથી પાંત્રીસ હજાર ટકા સુધી નફો આપીએ છીએ.

Gandhi Heritage Portal

આમાંથી વાંચનારે એટલું તો જોવું જોઈએ કે, દરદીએ દાક્તરોને ત્યાં દોડવાની જરૂર નથી, એકાએક દવાઓ લેવાની નથી. પણ બધા માણસો એટલી ખામોશ નહીં રાખે. દાક્તરો માત્ર અપ્રામાણિક નથી. દરેક વખતે દવા ખરાબ જ છે, એવું સાધારણ માણસ નહીં માને. એવા બધાને એટલું કહી શકાય કે, "તમે બને તેટલી ખામોશ રાખજો. દાક્તરોને બને ત્યાં સુધી તસ્દી ન આપજો. દાક્તરોને બોલાવો તો સારા માણસની પાસે જજો. અને એકને બોલાવ્યા પછી તેને જ વળગી રહેજો. તે જ જ્યારે બીજાને બોલાવવા કહે, ત્યારે જ બીજાને બોલાવજો. તમારું દરદ તમારા દાક્તરના હાથમાં નથી. તમારું આયુષ્ય હશે તો તમે ખચીત સારા થશો. અને જો તમે તદબીર કરી તે છતાં તમારું કે તમારા સગાનું મરણ નીપજે તો જાણજો કે, તે પણ જિંદગીનો એક પ્રકારનો ફેરફાર જ છે." આ પ્રમાણે આપણે વિચારીએ ને ચાલીએ એવો હેતુ આ પ્રકરણો લખવાનો છે. તેમાં શરીરરચના, હવા, પાણી, ખોરાક, કસરત, કપડાં, પાણીના તથા માટીના ઉપચાર, અકસ્માત, બચ્ચાંની માવજત, ગર્ભવેળા સ્ત્રી-પુરુષનું કર્તવ્ય, સાધારણ જોવામાં આવતાં દરદો. આવા વિષયો બાબત વાંચનારની સાથે વિચાર કરવાની મારી ધારણા છે.

ફિનિક્સ — મોહનદાસ કરમચંદ ગાંધી

[મૂળ ગુજરાતી]

ઇન્ડિયન ઓપીનિયન, ૧૧–૧–૧૯૧૩

૩૧૯. મણિલાલ ગાંધીને પત્ર

[જાન્યુઆરી ૧૮, ૧૯૧૩ પહેલાં][1]

ચિ. મણિલાલ,

તમારા બે કાગળ મળ્યા. હું એક પણ પગલું ઉતાવળે નથી ભરવાનો. વિચારો તો આવવા જ જોઈએ. મારા વર્તનમાં મહાન ફેરફારો થવા જ જોઈએ. પણ તમારે ગભરાવું પડે એવું પગલું હું નહીં ભરું. તમારે નિરાશ ન થવું એ તમારું કર્તવ્ય છે. મહા પ્રયત્નથી જ ચઢી શકશો. પણ જ્યારે તમે ચઢશો ત્યારે એવી ઉજ્જ્વળતા પામશો કે તેની સીમા ન બાંધી શકાય. સાહસ મોટું છે. તે કરવાને તમે સમર્થ છો કેમ કે આત્મા માત્રના ગુણ સરખા છે. જે આવરણો છે તેને ઉખેળો એટલે તમારી શક્તિ તમે જ જોઈ શકશો. તેની ચાવી યમનિયમ છે. યમનિયમ વિષે હવે પછી લખવા ધારું છું. બીજું લખવાનું છે પણ હાલ વખત નથી. શતકમાંનો શ્લોક સુધાર્યો છે. તે બરોબર તપાસજો. ન સમજાયો હોય તો ફરી પૂછજો. જે વાંચો તે હમેશાં ખૂબ વિચારજો. વિચાર વિના એક પણ બોલ ન બોલજો, એક શબ્દ ન લખજો ને એક પણ કાર્ય ન કરજો.

આજે ડેવિડ અર્નેસ્ટ વ. આવે છે.

બાપુના આશીર્વાદ

[મૂળ ગુજરાતી]

ગાંધીજીના હસ્તાક્ષરમાં લખાયેલા મૂળ પત્ર પરથી : સી. ડબ્લ્યુ. ૧૦૫

શ્રીમતી સુશીલાબહેન ગાંધીના સૌજન્યથી

૧. આ કાગળમાં ગાંધીજી પોતાના જીવનમાં મહાન ફેરફારો કરવાની વાત કરે છે તે તેમના ૧૯૧૩ની અધ્યવચમાં હિંદ જવાના નિર્ણયના સંબંધમાં હોય એવું લાગે છે. એ ઇરાદો ૧૮–૧–૧૯૧૩ના ઇન્ડિયન ઓપીનિયનમાં જણાવવામાં આવ્યો હતો.

Gandhi Heritage Portal

૩૨૦. શું સત્યાગ્રહ કરવો પડશે?

અમને એક એવી ખબર મળી છે, જે સમસ્ત દક્ષિણ આફ્રિકાની હિંદી કોમ માટે અત્યંત મહત્ત્વની છે. આવતે અઠવાડિયે અમે કદાચ આ બાબતનો પૂરો ઇતિહાસ આપી શકીશું. એને લઈને ફરીથી સત્યાગ્રહ શરૂ કરવો પડે એવો સંભવ છે. અમે તો એમ કરવાની જરૂર નહીં પડશે એવી આશા રાખી હતી. અમને ખબર મળી છે કે, જે બ્રિટિશ હિંદીઓને સમાધાનની શરતો અનુસાર ટ્રાન્સવાલમાં અથવા સંઘમાં, તેઓ જ્યાં હોય ત્યાં, વસવાટનો અધિકાર આપવો જોઈએ, તેમને એ હક આપવા બાબતમાં સરકાર પોતાનું વચન પાળતી નથી. એવું જણાય છે કે, સત્યાગ્રહ સમિતિએ આપેલાં બધાં નામ સ્વીકારવા સરકાર ના પાડે છે. હજી ઝીણવટભર્યો પત્રવ્યવહાર ચાલે છે, અને અમને આશા છે કે તેનું પરિણામ સંતોષકારક આવશે. બીજા પણ કેટલાક એવા મુદ્દા છે જે સીધી કે આડકતરી રીતે સમાધાન સાથે સંબંધ ધરાવે છે અને તેમાંથી ઊભા થયેલા છે. તેમાંનો એકાદ મુદ્દો પણ કોમમાં હોળી સળગાવવા માટે પૂરતો છે. અમે સરકારને સાવચેત થવા ચેતવણી આપીએ છીએ અને આશા રાખીએ છીએ કે તે સાવચેત થશે. પણ તે ન થાય તો અમે જાણીએ છીએ કે સત્યાગ્રહમાં રીઢા થયેલા સૈનિકો કર્તવ્યની હાકલ પડતાં પોતાનું પાણી બતાવશે.

[મૂળ અંગ્રેજી]

ઇન્ડિયન ઓપીનિયન, ૧૮–૧–૧૯૧૩

૩૨૧. ગિરમીટ પ્રથા

ગિરમીટ પ્રથાની બૂરાઈ સમજવા માટે જો કોઈ વધુ સાબિતીની જરૂર હોય તો કુમારી ડડલીનો ઇન્ડિયામાં આવેલો પત્ર તે પૂરી પાડે છે. તે પત્ર અમે આ અંકમાં અન્યત્ર ઉતારીએ છીએ. આ સન્નારીએ ફીજીમાં પંદર વરસ સુધી મિશનરીનું કામ કર્યું છે. તે પોતાના અનુભવ પરથી કહે છે કે આ પ્રથા સુધરી શકે તેવી નથી. અને એ અનુભવ પરથી તે પોતાના વાચકોને, કોઈ પણ સુધારાથી સંતોષ નહીં પામવા અને તેને નાબૂદ કરવામાં આવે ત્યાં સુધી પોતાની લાગવગનો ઉપયોગ કરવાનું ચાલુ રાખવા ભલામણ કરે છે. આવા સ્પષ્ટતાભર્યા પત્ર માટે અમે કુમારી ડડલીના આભારી છીએ. આવી સ્વતંત્ર સાબિતીની ઘણી કિંમત છે. અમને ખાતરી છે કે, આમારા બીજા યુરોપિયન મિત્રો પણ આ પ્રથા વિરુદ્ધ પોતાની સાબિતી આપશે અને તેના નજીક દેખાતા અંતને વધુ નજીક લાવશે. અમને ભરોસો છે કે માનનીય ગોખલેએ એને ખતમ કરવાનો નિશ્ચય કર્યો છે. હમણાં પેલે જ દિવસે રાષ્ટ્રીય મહાસભાએ ફરીથી એક ઠરાવ પસાર કર્યો છે. એ ઠરાવ શ્રી ગોખલેએ જ મૂક્યો હતો.[1] ન કલ્પી શકાય એવાં ભયંકર પરિણામ લાવનારી ગિરમીટિયા મજૂરીના ઓઠા નીચે જ્યાં સુધી સ્ત્રીઓ અને બાળકોને ગુલામીની સ્થિતિમાં ઘસડી જઈ શકાય, ત્યાં સુધી આ અત્યંત અન્યાયી, ક્રૂર અને અનૈતિક પ્રથા સદંતર બંધ કરવા માટે આપણે અવશ્ય આવાજ ઉઠાવતા રહેવું જોઈએ.

[મૂળ અંગ્રેજી]

ઇન્ડિયન ઓપીનિયન, ૧૮–૧–૧૯૧૩

૧. જુઓ "શ્રી ગોખલે રાષ્ટ્રીય મહાસભામાં", પા. ૪૩૦–૧.

Gandhi Heritage Portal

૩૨૨. રંગદ્વેષ

આજ લગી ગોરાની નિશાળોમાં હિંદીને દાખલ ન કરે એવું આપણે સમજતા આવ્યા છીએ, પણ એવો કાયદો કે એવા ધારા નાતાલમાં ઘડાયા ન હતા. પણ ચાલુ નાતાલ **ગવર્નમેન્ટ ગેઝેટ**માં બધી સરકારી નિશાળોને વિષે ધારા છપાયા છે તે ઉપરથી જોવામાં આવે છે કે જે નિશાળો કાળા, હિંદી કે કલર્ડને સારુ જ સ્થપાયેલી હોય તે સિવાયની બીજી નિશાળોમાં તેઓને દાખલ કરવામાં નહીં આવે. આની નીચે ઍડમિનિસ્ટ્રેટરની સહી છે. વળી તે જ ધારાની બાસઠથી ચોસઠ કલમમાં એમ જણાવ્યું છે કે યુરોપિયન માસ્તરના હાથ નીચેની કોઈ પણ નિશાળમાં બે ધોરણથી નીચેના હિંદી છોકરાને દાખલ કરવામાં નહીં આવે. આ બાસઠમા ધારામાં છે. ત્રેસઠમો ધારો સૂચવે છે કે યુરોપિયન માસ્તરના તાબાની હિંદી નિશાળમાં નિશાળને વખતે ધોરણ બહારની કંઈ પણ વસ્તુ શીખવવી નહીં. આ હુમલો તે હિંદી ભાષાઓ ઉપર છે. ચોસઠમી કલમ જણાવે છે કે ચાર ધોરણ પૂરાં કર્યાં પછી કોઈ પણ હિંદી છોકરો મૂળ તત્ત્વોની કેળવણીવાળી નિશાળમાં નહીં રહી શકે. આપણે આગળ જોયું કે હિંદીને સારુ ન સ્થપાયેલી હોય એવી નિશાળમાં કોઈ હિંદી છોકરો ન જઈ શકે. હિંદીને સારુ સ્થપાયેલી ઘણીખરી નિશાળો માત્ર મૂળ તત્ત્વો જ શીખવે છે. એટલે ચોસઠમી કલમનો અર્થ એ થયો કે ચાર ધોરણ ઉપરાંત હિંદી બાળક સરકારી નિશાળમાં ન શીખી શકે. આ પ્રમાણે હિંદી છોકરાની કેળવણી ઉપર સરકારે તાળું બીડ્યું છે. હવે નાતાલના હિંદીની શી ફરજ છે?[1]

[મૂળ ગુજરાતી]

ઇન્ડિયન ઓપીનિયન, ૧૮–૧–૧૯૧૩

૩૨૩. ઇંગ્લંડનો સૌથી મોટો ગ્રાહક

કલકત્તા **સ્ટેટ્સમૅન**વાળા આર. નાઈટ ઍન્ડ સન્સે ઇંગ્લંડનાં છાપાં જોગ લખેલા એક પત્રમાં જણાવ્યું છે કે હવે હિંદુસ્તાન ઇંગ્લંડનો સૌથી મોટો ગ્રાહક છે. ૧૯૧૧માં હિંદે ઇંગ્લંડમાંથી ૫,૨૨,૪૬,૦૦૦ પાઉંડનો માલ ખરીદ્યો હતો; જ્યારે ઇંગ્લંડના મોટામાં મોટા હરીફ જર્મનીમાંથી માત્ર ૩,૯૨,૮૪,૦૦૦ પાઉંડનો. આ સદ્‌ગૃહસ્થો વધુમાં જણાવે છે કે, હિંદ ઇંગ્લંડની પેદાશ અને તૈયાર કરેલા માલના ૧૪½ ટકા ખરીદે છે જ્યારે ઑસ્ટ્રેલિયા માત્ર ૮ ટકા અને કેનેડા અને દક્ષિણ આફ્રિકા માત્ર ૬ ટકા ખરીદે છે. આ આંકડામાં એક એવો બોધ છુપાયો છે જે સામ્રાજ્યના દરેક શુભેચ્છકના મનમાં ઠસાવવો જોઈએ. ઉપર ગણાવેલાં સંસ્થાનો બ્રિટિશ હિંદીઓ પ્રત્યેના વર્તનમાં સૌથી વધુ ગુનેગાર છે. અને ગ્રેટ બ્રિટન સાથે તેમનો વેપાર હિંદની સરખામણીમાં ઘણો ઓછો છે. હિંદને જ્યારે પોતાની શક્તિનું ભાન થશે ત્યારે સ્વરાજ ભોગવતાં સંસ્થાનોમાંની બ્રિટિશ હિંદીઓની હાડમારીઓના સવાલના ઉકેલ અંગે પોતાની અશક્તિ

૧. આ ઉપરાંત જુઓ "હિંદી જુવાનોની કેળવણી", પા. ૧૫૯–૬૦.

Gandhi Heritage Portal

દર્શાવતી નીતિનો બચાવ કરવાનું બ્રિટિશ રાજપુરુષો માટે મુશ્કેલ થઈ પડશે. દાખલા તરીકે જો ગૃહમંત્રી અહીંના હિંદીઓને કષ્ટ આપનારી અનેક ફરિયાદો દૂર નહીં કરી દે તો દક્ષિણ આફ્રિકામાં જે બીજી કટોકટી અમે સ્પષ્ટપણે આવતી જોઈએ છીએ તેની આગાહી એ રાજપુરુષો કરશે નહીં. ઇમિગ્રેશન સંબંધી નીતિ બિલકુલ અસહ્ય બનતી જાય છે.

[મૂળ અંગ્રેજી]

ઇન્ડિયન ઓપીનિયન, ૧૮–૧–૧૯૧૩

૩૨૪. લૉર્ડ એમ્પ્ટહીલની કમિટી[૧]

આ કમિટી જે વિલાયતમાં ચાલે છે અને જેણે આપણે સારુ મહાભારત કામ કર્યું છે એમ સહુ કબૂલ કરે છે તે કમિટીનું આજ સુધીનું ખર્ચ ટ્રાન્સવાલ ઉપર ઘણે ભાગે પડેલું છે. હમેશાં આમ નહીં ચાલી શકે. વળી તે કમિટીએ કામ આખા દક્ષિણ આફ્રિકાનું કર્યું છે. તેવી સ્થિતિમાં માત્ર ટ્રાન્સવાલ ખર્ચ આપે એ દેખીતું ગેરવાજબી છે. આ કમિટીને નિભાવવાની સંપૂર્ણ જરૂર છે એમ સહુ સમજે છે. મિ. ગોખલેની સૂચના વિષે આ અંકના બીજા ભાગમાંથી વાંચનાર વાકેફ થઈ શકશે. તે સૂચના પ્રમાણે કમિટીના દર વરસના પા. ૨૦૦ આપણે એકઠા કરવા જોઈએ ને ત્રણ વરસના મળી પા. ૬૦૦ એકઠા થવા જોઈએ.[૨] આ બાબત ઇન્ડિયન ઓપીનિયનના વાંચનાર જો બરોબર ખંત રાખશે તો ઉઘરાણું થતાં વિલંબ નહીં થાય. જેઓ પૈસા ભરવા રાજી હોય તેણે અમને પૈસા મોકલવા અને અમે તે પૈસા મિ. ગોખલેને મોકલી આપીશું. અમારી ઉમેદ છે કે જુદી જુદી કમિટીઓ[૩] પણ ઉઘરાણાં કરશે. આ કામની અગત્ય વિષે આ જગ્યાએ લખવાની જરૂર હોય નહીં.

[મૂળ ગુજરાતી]

ઇન્ડિયન ઓપીનિયન, ૧૮–૧–૧૯૧૩

૧. જુઓ "લૉર્ડ એમ્પ્ટહીલની કમિટી", પા. ૨૯૨–૩.
૨. "ડાયરી, ૧૯૧૨"માં ૨૬મી નવેમ્બરની નોંધ, પા. ૪૨૪.
૩. જોહાનિસબર્ગની બ્રિટિશ ઇન્ડિયન કમિટીની સ્થાનિક કમિટીઓ.

Gandhi Heritage Portal

૩૨૫. માબાપોની ફરજ

આપણા છોરાનું શું કરવું એમ હાલ ઘણાં માબાપો વિચાર્યા કરે છે. ઇંગ્રેજી કુટુંબોમાં એવો ધારો જોવામાં આવે છે કે સહુથી ફૂટડા છોકરાને સિપાહી બનાવે, હોશિયારને દાક્તર કે બારિસ્ટર અને ઠોઠને પાદરી. આ ધારાને ઘણા અપવાદ છે. અને એક મોટો અપવાદ તો એ છે કે સારા કુટુંબમાંથી એક જણ સાર્વજનિક કામને સારુ તૈયાર થાય. હિંદની હાલ એવી દશા છે કે સાર્વજનિક કામને સારુ એટલે કોમની સેવા કરવાને જ સારુ એક છોકરાને તો દરેક માબાપે તૈયાર કરવો જોઈએ. જ્યાં કુટુંબમાં એક જ છોકરો હોય ત્યાં આ વાત લાગુ નથી પડી શકતી. પણ ઘણાં કુટુંબમાં એકથી વધારે છોકરા હોય છે. તેઓ પોતાના એક છોકરાને દેશસેવાને સારુ તૈયાર કરે તો દેશનો ઉદ્ધાર ઘણી જ થોડી મુદતમાં થાય. આ બાબત દરેક માબાપે બહુ જ વિચારવા યોગ્ય છે.

[મૂળ ગુજરાતી]

ઇન્ડિયન ઓપીનિયન, ૧૮–૧–૧૯૧૩

૩૨૬. આરોગ્ય વિષે સામાન્ય જ્ઞાન [–૩]

૧. આરોગ્ય

સાધારણ સમજ એવી જોવામાં આવે છે કે, જ્યારે અમુક માણસ ઠીક ખાયપીએ, હરેફરે અને વૈદને ન બોલાવે, ત્યારે તે નીરોગી છે એમ મનાય. આવી માન્યતા ભૂલભરેલી છે, એમ થોડા વિચારથી પણ આપણે જોઈ શકીશું. માણસ ખાયપીએ અને હરેફરે છતાં પોતાની વ્યાધિની દરકાર ન કરવાથી પોતાને કંઈ નથી એમ માની બેસે એવા દાખલા ઘણા જોવામાં આવે છે.

હકીકતમાં તદ્દન નીરોગી એવા માણસ આ દુનિયામાં ઘણા જ થોડા મળી આવશે.

એક અંગ્રેજ લેખક એમ લખી ગયો છે કે, તે જ માણસ નીરોગી કહેવાય કે જેના શુદ્ધ શરીરમાં શુદ્ધ મન નિવાસ કરે છે. માણસ એક શરીરનો જ બનેલો નથી. શરીર એ તેનું રહેઠાણ છે. વળી શરીર, મન અને ઇંદ્રિયોનો એવો ઘાડો સંબંધ છે કે, એકને વ્યાધિ — દરદ — હોય તો બીજાં બગડે. શરીરને ગુલાબના ફૂલની ઉપમા અપાયેલી છે. ગુલાબના ફૂલનો ઉપરનો દેખાવ તે તેનું શરીર છે, તેની સુવાસ એ તેનો આત્મા — રૂહ છે. કાગળનું બનાવેલું ગુલાબનું ફૂલ કોઈ પસંદ નહીં કરે. તેને સૂંઘવાથી તેમાં ગુલાબની વાસ નથી આવવાની, તેની વાસ એ જ ગુલાબની પરીક્ષા છે. તેમ જ માણસની વાસ — તેના આત્માનું ચારિત્ર્ય — એ જ તેની પરીક્ષા છે. વળી ગુલાબના જેવું દેખાતું બીજું ફૂલ હોય, પણ તેની વાસ ખરાબ હશે તો આપણે તે ફેંકી દઈશું, તેમ જ માણસનું શરીર ઠીક દેખાતું હોય, છતાં તેમાં રહેનાર રૂહ જો ખોટા વર્તનવાળો હશે, તો આપણે તેના શરીર ઉપર મોહ પામીશું નહીં. એટલે આપણે જોઈ શકીએ છીએ કે, જેનું ચારિત્ર્ય ખરાબ છે તે માણસ નીરોગી નહીં જ ગણાય. શરીરનો આત્મા સાથે એવો ઘાટો સંબંધ છે કે, જેનું શરીર નીરોગી હોય તેનું મન શુદ્ધ જ હશે. આ ધોરણને આધારે હાલ પશ્ચિમમાં એક

Gandhi Heritage Portal

પંથ નીકળ્યો છે, તે માને છે કે, જેનું મન શુદ્ધ હોય તેને દરદો થાય જ નહીં, ને જેને દરદ હોય તે શુદ્ધ મન રાખી શરીર નીરોગી કરી શકે છે. આ મત નાખી દેવા જેવો નથી. તે વાસ્તવિક રીતે ખરો જ છે; પણ પશ્ચિમના સુધારાવાળા લોકો તેનો ગેરઉપયોગ કરે છે. આપણે તો તેમાંથી એ સાર લેવો રહ્યો કે, આરોગ્ય સાચવવાનું બળવાન સાધન આપણું મન છે અને મનની શુદ્ધતા એ આરોગ્ય નિભાવનારી વસ્તુ છે.

આ માણસ ગુસ્સાવાળો છે, આનો મિજાજ તામસી છે, બીજો આળસુ છે, ત્રીજો બહેરો છે, આ સઘળી ખામીઓ ખરું જોતાં તો દરદની નિશાનીઓ છે. કેટલાક દાક્તરો એમ માને છે કે, ચોરી આદિ ખામીઓ પણ દરદ છે. કેટલીક ધનાઢ્ય બૈરીઓ વિલાયતની દુકાનોમાંથી નજીવી વસ્તુઓ ચોરે છે આ સ્થિતિને વિલાયતના દાક્તરો 'ક્લેપ્ટોમેનિયા' એ નામનું દરદ ગણાવે છે. કેટલાક માણસ ખૂનખરાબી નહીં કરે ત્યાં સુધી તેને ચેન નહીં પડે. આ પણ દરદ છે.

આમ વિચારતાં આપણે કહી શકીએ કે, તે માણસ જ તંદુરસ્ત છે કે જેનું શરીર અભંગ છે, જેના શરીરમાં કંઈ ખામી નથી, જેના દાંત સાજા છે, જેનાં કાન, આંખ વગેરે મોજૂદ છે, જેનું નાક વહેતું નથી, જેની ચામડીમાંથી પસીનો નીકળે છે ને તે બદબો મારતો નથી, જેના પગ ગંધાતા નથી, જેનું મોં વાસ મારતું નથી, જેના હાથપગ સાધારણ કામ કરી શકે છે, જે વિષયાસક્ત રહેતો નથી, જે બહુ જાડો નથી, બહુ પાતળો નથી, અને જેનું મન, જેની ઇંદ્રિયો હમેશાં પોતાના કબજામાં છે. આવું આરોગ્ય મેળવવું કે જાળવવું એ કંઈ સહેલી વાત નથી. આપણે આવું આરોગ્ય ભોગવતા નથી; કેમ કે આપણાં માબાપ પણ તે ભોગવતાં નહોતાં. એક મહાન લેખકે લખ્યું છે કે, જો માબાપ દરેક પ્રકારે લાયક હોય ને તેને પ્રજા હોય, તો તે તેમના કરતાં ચઢવી જ જોઈએ. જો આ વાત બરોબર ન હોય તો દુનિયા ચઢે છે એમ માનનારાએ પોતાનું વાકય પાછું ખેંચવું જોઈએ. સંપૂર્ણ રીતે નીરોગી માણસને મોતનો ડર રહેતો જ નથી. મોતનો ડર આપણે બધા રાખીએ છીએ તે જ બતાવે છે કે, આપણે તંદુરસ્ત નથી. મોત એ એક આપણે વિષે મોટો ફેરફાર છે અને સૃષ્ટિ નિયમ પ્રમાણે તો એ ફેરફાર સરસ હોવો જોઈએ. આવું ઊંચા પ્રકારનું આરોગ્ય મેળવવા મથવું એ આપણું કર્તવ્ય છે અને તેવું આરોગ્ય કેમ મળે અને કેમ સચવાય, એ આપણે હવે પછી વિચારીશું.

[મૂળ ગુજરાતી]

ઇન્ડિયન ઓપીનિયન, ૧૮–૧–૧૯૧૩

Gandhi Heritage Portal

૩૨૭. મોડે મોડે

ટાઇમ્સ ઑફ નાતાલના તાજેતરના અંકમાં આવેલો રિપોર્ટ અમે આ અંકમાં અન્યત્ર પ્રગટ કરીએ છીએ. એ રિપોર્ટની મતલબ એવી છે કે, સંઘ સરકારે, જેમની ગિરમીટની મુદત પૂરી થઈ છે તેવા ગિરમીટિયા હિંદીઓ પાસેથી તથા તેમનાં સ્ત્રીબાળકો પાસેથી દર વર્ષે લેવાતો ૩ પાઉંડનો કર નાબૂદ કરવાનો નિર્ણય કર્યો છે. આ ખબર સાચી હોય તો તે ઠીક ઠીક મોડી આપવામાં આવી હોવા છતાં ખુશ થવા જેવી રાહત છે. દક્ષિણ આફ્રિકાના લોકોએ આ લોહીથી ખરડાયેલા પૈસાની લાલચ કયારની છોડી દેવી જોઈતી હતી. અમે પૂરો વિચાર કરીને એને લોહીથી ખરડાયેલા પૈસા કહીએ છીએ. જે કર એક ગરીબ માણસ પાસેથી તથા તેનાં સ્ત્રીબાળકો પાસેથી, તેણે પાંચ વરસ ગુલામી કરી છે એવા દેશમાંથી તેને કાઢી મૂકવા માટે અથવા ત્યાં વધુ મુદત માટે ગિરમીટમાં બંધાવાની ફરજ પાડવા માટે વસૂલ કરવામાં આવે તેને બીજું કોઈ નામ આપી શકાય નહીં. આ કર જે દિવસે ખરેખર નાબૂદ કરવામાં આવશે તે દિવસને આખા દક્ષિણ આફ્રિકાની હિંદી કોમ માટે આનંદ મનાવવાના દિવસ તરીકે ઊજવવો જોઈએ. કારણ કે એથી આપણા હજારો મૂક દેશબંધુઓને રાહત મળશે. આ ઘૃણાસ્પદ કર જો આ વરસે નાબૂદ કરવામાં આવશે તો તેનું શ્રેય શ્રી ગોખલેને ફાળે જશે.

[મૂળ અંગ્રેજી]

ઇન્ડિયન ઓપીનિયન, ૨૫–૧–૧૯૧૩

૩૨૮. પરવાના આપવાનો સવાલ

આ માસની ૨૦મી તારીખે યૂટરેક્ટમાં નાતાલ મ્યુનિસિપલ સંઘની જે વાર્ષિક સભા થઈ તેમાં સંઘના પ્રમુખના ભાષણમાં એક મહત્ત્વનો ઉલ્લેખ થયેલો જણાય છે. અમને ખબર મળી છે કે, સંઘ પાર્લમેન્ટના ગયા અધિવેશનમાં જે નાણાકીય સંબંધો અંગેનું (ફાઇનન્સિયલ રિલેશન્સ) બિલ પડતું મૂકવામાં આવ્યું હતું તે કેટલાક ફેરફાર સાથે આ અધિવેશનમાં રજૂ કરવામાં આવનાર છે. એ બિલનો ઉદ્દેશ ટૂંકમાં આ પ્રમાણે છે. દુકાનદારોના પરવાનાઓમાંથી થતી આવક પ્રાંતીય કાઉન્સિલોને આપવાનો અને તે સંબંધી કાયદા કરવાનો અધિકાર પણ તેમને આપવાનો. "એનો અર્થ એ થાય કે જો બિલ તેના અત્યારના સ્વરૂપમાં પસાર થાય તો પરવાના આપવાની સત્તા પ્રાંતીય કાઉન્સિલોના હાથમાં ચાલી જશે." જો આ બિલનો ઉદ્દેશ મ્યુનિસિપાલિટીઓના હાથમાંથી વેપારી પરવાના આપવાની સત્તા લઈ લેવાનો હોય તો બેશક એ બાબત એવી છે કે જેને માટે હિંદી કોમને અભિનંદન આપવું ઘટે. જો એનો અર્થ પરવાના આપવાની સત્તા સંઘ સરકાર પાસેથી લઈને પ્રાંતીય કાઉન્સિલોને આપવાની હોય તો તેને પરિણામે કોમનાં હિતોને અવશ્ય હાનિ પહોંચશે. અમને લાગે છે કે હિંદી કોમે આ બિલના ગુણદોષનો જે વિચાર કરવો જોઈએ તે કર્યો નથી અને અમને ભીતિ છે કે આ બિલ દક્ષિણ આફ્રિકા ઍક્ટની કલમ ૧૪૭મીનું વિરોધી છે. એ કલમમાં કહેવામાં આવ્યું છે કે "જે બાબતો ખાસ કરીને અથવા જાતિભેદને

Gandhi Heritage Portal

કારણે સમસ્ત સંઘના એશિયાઈઓને લાગુ પડતી હોય તે બધી કાઉન્સિલ સમેત ગવર્નર જનરલને આધીન રહેશે," એટલે કે, પ્રાંતીય કાઉન્સિલોને આધીન નહીં પણ સંઘ પાર્લમેન્ટને આધીન રહેશે. નાતાલને સંબંધ છે ત્યાં સુધી, એ જાણીતી વાત છે કે, હિંદમાંથી ગિરમીટિયા મજૂરો મોકલવાનું બંધ કરવામાં આવ્યું તેનો બદલો લેવા પ્રાંતીય કાઉન્સિલે ૧૯૧૧માં શ્રી જી. એચ. હ્યુલેટનો ઠરાવ[1] પસાર કર્યો. એ ઠરાવને પરિણામે ચોતરફ એવી આશા સેવવામાં આવે છે કે, સંઘની હિંદી વસ્તી પર આજે જે બોજો છે તેમાં હજી વધારો કરી શકાશે. શાહી સરકારે જ્યારે દક્ષિણ આફ્રિકા ઍક્ટમાં તેની ૧૪૭મી કલમમાં જોગવવામાં આવેલી સલામતીઓ દાખલ કરવાનો આગ્રહ કર્યો ત્યારે તેના ધ્યાનમાં વ્યાપારી પરવાનાનો ખ્યાલ પણ હતો એ વિષે શંકા નથી. પરંતુ જો આ બિલ જે સ્વરૂપે રજૂ થવાનું અમે સમજીએ છીએ એ સ્વરૂપે પસાર થયું તો એ સલામતીઓ ઉદ્ધતાઈપૂર્વક કોરે મૂકવામાં આવશે. અને જ્યારે સામ્રાજ્ય સરકારના મંત્રીઓના અધિકાર રૂએ અમને જણાવી દેવામાં આવ્યું છે કે સમ્રાટના હાથમાં જે વિશેષાધિકાર (વીટો) છે એ તો માત્ર ઢોંગ અને ભ્રમણા જ છે અને બાદશાહી આદેશોમાં તેનો જે ઉલ્લેખ કરવામાં આવે છે તે માત્ર રાજદ્વારી અંધારપટ જ છે, ત્યારે એમાંથી એ ફલિત થાય છે કે, હિંદીઓના વ્યાપારી હકો પહેલાં કરતાં પણ વધારે અનિશ્ચિત દશામાં મુકાઈ જશે, અને હિંદીઓ જો પડકાર ઝીલી લઈને સખત વિરોધ નહીં કરે તો એ હકો ઝપાટાબંધ વિલીન થઈ જશે.

[મૂળ અંગ્રેજી]

ઇન્ડિયન ઓપીનિયન, ૨૫–૧–૧૯૧૩

૩૨૯. મિસિસ વોગલની બજાર

આ બજાર આ વરસની આખરે ભરાવાની હતી તેને બદલે હવે મે માસમાં ભરાશે. જે સાહેબોએ મદદ કરવાનું ધાર્યું છે તેઓને વિનંતી કરવાની કે તેમણે પોતાની મદદ મિસિસ વોગલને એપ્રિલ માસમાં મોકલી દેવી. આ બજાર ઈન્ડિયન વિમેન્સ ઍસોસિયેશન ભરે છે એ વાંચનારને યાદ હશે.

[મૂળ ગુજરાતી]

ઇન્ડિયન ઓપીનિયન, ૨૫–૧–૧૯૧૩

૧. જુઓ પાદટીપ ૫, પા. ૯૦.

Gandhi Heritage Portal

૩૩૦. આપણી બેદરકારી

દાક્તર મ્યુરિસન આરોગ્ય બાબત જે વાર્ષિક રિપોર્ટ બહાર પાડે છે તે વાંચવા યોગ્ય હોય છે. આ વખતના રિપોર્ટનો સાર અમે બીજી જગ્યાએ આપ્યો છે. દાક્તર મ્યુરિસન તેમ જ દાક્તર ઑડમ્સ જે ખાસ ઘાસણીના રોગની તપાસ કરવા ખાતે રોકાયા છે તે આપણી બેદરકારી વિષે ટીકા કરે છે. દાક્તર ઑડમ્સ કહે છે કે આપણે ચેપી રોગની ખબર પણ તેના ખાતામાં આપતા નથી. હવાપાણી બાબતની તેની સૂચના ઉપર આપણે ધ્યાન દેતા નથી. આપણી આદતો ઉપર પણ તે ટીકા કરે છે. આ આપણે માન્ય રાખવા જેવી છે. હંમેશાં ગોરા માણસ આપણી ઉપર ઇતરાજીથી જ લખે એમ માનવાનું કારણ નથી. અમે ઇચ્છીએ છીએ કે આવી બાબતોમાં આપણે કોઈને પણ ટીકા કરવાનું કારણ ન આપીએ. કેટલાક આગેવાન જો ખંત રાખી આ પ્રકારની કેળવણી આપવાનું કામ હાથમાં લે તો આપણી સ્થિતિમાં ઘણો ફેરફાર થઈ શકે. આ કામ મુખ્ય ભાગે જમીનદારો જે ભાડે ઘરો આપે છે તે સહેલાઈથી કરી શકે. પણ તેવું કરે તે પહેલાં તેઓએ ભાડાનો અતિલોભ છોડવો જોઈએ.

[મૂળ ગુજરાતી]

ઇન્ડિયન ઓપીનિયન, ૨૫–૧–૧૯૧૩

૩૩૧. "શું દેશનો ઉદય એમ કરી શકાશે?"

આ ટક એક જાણીતા કાવ્યની છે. તે અમને ગુજરાતી પંચનો નીચેનો ફકરો વાંચતાં યાદ આવી :

> શ્રીમંત સરદાર બળવંતરાય ભાઈસાહેબ સિંધિયાએ જે વૈષ્ણવો દુન્યાદારી છોડી વનવાસ પકડે તેઓને માસિક રૂ. ૧૨૫નો લવાજમ આપવા માટે રૂ. ૨ લાખની રકમ કાઢી આપી છે.

શ્રીમંત સરદારે તો ઉદાર દિલથી આ રકમ કાઢી છે. લાયક વૈષ્ણવો વનવાસ ધારણ કરે છે એ પણ ચોક્કસ વાત છે. વનવાસ ભોગવવો — ફકીરી લેવી — એ ઊંચી સ્થિતિ છે. પણ વનવાસીને માસિક પગારની લાલચ આપવી એ તો તેનો દ્રોહ કર્યા જેવું થાય. વનવાસીને પગાર શો? વનવાસ અને પૈસો એ બે વિરોધી વાત થઈ. અમે અનુમાન કરીએ છીએ કે ઉપલી રકમ શ્રીમંત સરદારે વનવાસીનાં સગાંને આપવા સારુ કાઢેલી હોવી જોઈએ. તેમ હોય તોપણ અમારા મત પ્રમાણે તે દોષિત છે. વનવાસી કંઈ પોતાના કુટુંબના પોષણને સારુ દુનિયા ઉપર આધાર નથી રાખતો. એ તો પોતાનાં બાળબચ્ચાંને ઈશ્વરને હસ્તક સોંપે છે. જો તે પોતાનાં બૈરાંછોકરાં બાબત માનુષી મદદ લઈને વીમો ઉતારે તો તેણે વનવાસ લીધો એમ ગણાય જ નહીં. વળી માણસ ફકીરી કે વનવાસ કંઈ અંકગણિતનાં લેખાં કરી લેતો નથી. જ્યારે તેને તેવું શૂર ચઢે છે ત્યારે તેને દુનિયામાં કોઈ રોકી શકતું નથી.

શ્રીમંત સરદારની મદદથી ધર્તિંગ વધવાનો વિશેષ સંભવ અમે તો જોઈએ છીએ. ઘણા નામના "વૈષ્ણવો" વનવાસ લેવા તૈયાર થશે અને તેનાં કુટુંબ માસિક પગાર રૂ. ૧૨૫નો લેશે.

Gandhi Heritage Portal

કદાચ એમ કહેવાય કે બરોબર પરીક્ષા કરીને દરમાયા આપશે. તેનો જવાબ એ છે કે ખરા વનવાસીનાં કુટુંબ પરીક્ષા કરાવવા રોકાશે નહીં. વનવાસી પોતે "નોટિસ" આપશે નહીં. આવી સખાવતો એ ધર્મને નામે ધાડ જેવી છે. અને આમ વનવાસ કે દેશભક્ત પેદા કરીને દેશનો ઉદય થનારો નથી. કોઈ દેશનો ઉદય એમ થયાનું તવારીખમાં જોવામાં નથી આવતું.

[મૂળ ગુજરાતી]

ઇન્ડિયન ઓપીનિયન, ૨૫-૧-૧૯૧૩

૩૩૨. આરોગ્ય વિષે સામાન્ય જ્ઞાન [-૪]

૨. આપણું શરીર

પૃથ્વી, પાણી, આકાશ, તેજ ને વાયુ;
આ પંચતત્ત્વનો ખેલ જગત કહેવાયું.

ઉપલી કડીમાં શરીરનું વર્ણન ઘણે પ્રકારે આવી જાય છે. એમાં એમ કહ્યું છે કે, પૃથ્વી એટલે માટી, પાણી, આકાશ, તેજ અને વાયુ, એવાં પાંચ તત્ત્વો મેળવીને જે ખેલ કુદરતે અને કુદરતના પણ કરનારે કર્યો છે, તેને આપણે આ જગતને નામે ઓળખીએ છીએ. જે વસ્તુનું જગત બન્યું છે, તે જ વસ્તુનું આ માટીનું પૂતળું, જેને આપણે આપણું શરીર કહીએ છીએ તે બનેલું છે. આપણામાં કહેવત છે: 'યથા પિંડે તથા બ્રહ્માંડે',[1] 'જેવું દેહે તેવું દેશે'. આ ચાવી આપણે યાદ રાખીએ, તો આપણે ખચીત સમજીશું કે શરીરને નિભાવવા સારુ સ્વચ્છ માટી, સ્વચ્છ પાણી, સ્વચ્છ અવકાશ, સ્વચ્છ અગ્નિ ને સ્વચ્છ હવા એ જરૂરનાં છે ને તેમાંના એક પણ તત્ત્વથી આપણે ડરવાનું નથી. ખરું જોતાં તો તેમાંના એક પ્રણ તત્ત્વની શરીરને વિષે પ્રમાણમાં ખામી થાય ત્યારે દરદ થાય છે.

શરીર વિષે આટલું જાણવાની આવશ્યકતા છે. પણ એટલું જ જાણવું એ આપણા વિષય સારુ બસ નથી.

શરીર ચામડી, હાડકાં, માંસ અને રુધિર (લોહી)નું બનેલું છે. હાડપિંજર ઉપર શરીરનો મુખ્ય આધાર છે. તેને લીધે આપણે ટટાર ઊભી શકીએ છીએ; ને ચાલી શકીએ છીએ. હાડકાં એ શરીરના નાજુક અવયવોનું અને ખોપરી એ ભેજાનું તથા પાંસળીઓ એ હૃદય તથા ફેફસાંનું રક્ષણ કરે છે. દાક્તરોની ગણતરી પ્રમાણે આપણા શરીરમાં ૨૩૮ હાડકાં છે. હાડકાંનો બહારનો ભાગ કઠણ છે એવું આપણે સૌ જોઈ શકીએ છીએ. પણ તેવી સ્થિતિ અંદરના ભાગની નથી. અંદરનો ભાગ પોચો અને પોલો છે. એક હાડકું બીજાની સાથે સંધાયેલું રહે છે, તે જગ્યાએ કૂર્ચાનું આવરણ હોય છે. આ કૂર્ચા તે પોચું હાડકું જ ગણાય.

આપણા દાંત એ પણ હાડકાં છે. પ્રથમ બચપણમાં દૂધિયા દાંત આવે છે, તે સૌને પડી જાય છે. પછી છાશિયા દાંત આવે છે, તે પડ્યા એટલે પાછા નથી આવતા. દૂધિયા દાંત છથી આઠ મહિને ફૂટવા શરૂ થાય છે. અને બાળક બેએક વરસનું થાય તેવામાં ઘણુંખરું બધા ફૂટી રહે છે. છાશિયા પાંચ વરસ પછી ફૂટવા લાગે છે ને ૧૭ થી ૨૫ વરસની ઉંમર સુધીમાં બધા ફૂટી રહે છે. દાઢ સર્વથી છેલ્લી ફૂટે છે.

૧. કહેવત આ છે, "યથા પિણ્ડે તથૈવ બ્રહ્માણ્ડે"

Gandhi Heritage Portal

ચામડીને આપણે સ્પર્શ કરીશું તો ઘણી જગ્યાએ આપણા હાથને માંસના લોચા જણાશે. આ સ્નાયુ કહેવાય છે અને તેના વડે આપણા જ્ઞાનતંતુઓ કામ લે છે. આપણે હાથ ભીડી ઉઘાડી શકીએ છીએ, જડબાં હલાવી શકીએ છીએ, આંખ મટમટાવી શકીએ છીએ, એ બધું સ્નાયુને આધારે થાય છે.

શરીર સંબંધી બધું જ્ઞાન આપવું એ આ પ્રકરણોની હદ બહાર છે. લખનારને પોતાને તેવું જ્ઞાન છે પણ નહીં. આપણા અર્થને સારુ જાણવા જેટલું જ આ પ્રકરણોમાં અપાશે. એટલે ઉપરનું સમજાયા પછી આપણે શરીરના મુખ્ય ભાગો ઉપર જઈએ છીએ. તેમાં હોજરી એ સર્વોપરી ગણાય. હોજરી એ ક્ષણભર આળસ કરે તો આપણાં ગાત્ર માત્ર ઢીલાં થઈ જાય. જેટલો ભાર આપણે હોજરી પર મેલીએ છીએ તેટલો ભાર સહન કરવાની શક્તિ મહા વિકરાળ પ્રાણીઓમાં પણ નથી. આ હોજરીનું કામ અનાજનું પાચન કરવાનું ને પાચન થયેલા અનાજ વડે શરીરનું પોષણ કરવાનું છે. સંચાને જેમ એંજિન તેમ માણસને હોજરી છે. આ ભાગ ડાબા પડખામાં પાંસળાંની અંદર છે. તેમાં અનેક ક્રિયાઓ થઈ, જુદા જુદા રસો તૈયાર થઈને અન્નમાંથી તત્ત્વ ખેંચાય છે અને બીજો ભાગ મળમૂત્ર થઈ આંતરડાંમાં થઈ બહાર નીકળે છે. તેની ઉપરની બાજુએ કલેજાનો ડાબો ભાગ છે, હોજરીની ડાબી તરફ બરોળ છે, કલેજું પાંસળાંઓની અંદર જમણા પડખામાં છે. કલેજાનું કામ લોહી શુદ્ધ કરવાનું અને પિત્ત પેદા કરવાનું છે. આ પિત્ત પાચનક્રિયા માટે ઉપયોગનું છે.

પાંસળીઓની નીચે છાતીની બખોલમાં બીજા ઉપયોગી વિભાગો છે. તે અંત:કરણ અથવા રક્તાશય અને ફેફસાં એમ છે. આ અંત:કરણની થેલી બે ફેફસાંની વચમાં ડાબી તરફ હોય છે. છાતીમાં ડાબાંજમણાં મળી ચોવીસ હાડકાં છે. પાંચમા અને છઠ્ઠા પાંસળાની વચ્ચે અંત:કરણનો ધબકારો થાય છે. આપણને ડાબું અને જમણું એમ બે ફેફસાં છે. તે શ્વાસનળીનાં બનેલાં છે. તે હવાથી ભરેલાં છે ને તેમાં લોહી સાફ થાય છે. ફેફસાંમાં હવા પહોંચે છે તે શ્વાસનળી વાટે. તે હવા નસકોરાંમાં થઈને જવી જોઈએ. આ પ્રમાણે નાકમાં થઈને હવા જાય તે ગરમ થઈને ફેફસાંમાં ઊતરે. ઘણા માણસો આ વાતથી અજાણ હોઈ હવાને મોઢા વાટે ગળે છે ને નુકસાન ખમે છે. મોઢું ખાવા વગેરેના કામમાં લેવાનું છે. હવા તો માત્ર નાક વાટે જ લેવી જોઈએ.

આપણે શરીરની કંઈક રચના તપાસી ગયા, તેના કેટલાક મુખ્ય ભાગનું સહેજ જ્ઞાન લીધું. હવે જેની ઉપર દેહનો આધાર છે તે પ્રવાહી લોહીને તપાસીએ. લોહી આપણને પોષણ આપે છે, વળી તે ખોરાકમાંથી પોષણ કરનાર ભાગને નોખો પાડે છે, નિરુપયોગી વસ્તુઓ — મળમૂત્રોને બહાર કાઢે છે ને શરીરને એકસરખી ગરમીમાં રાખે છે. લોહી શરીરમાં રહેલી નળીઓ — નસો વાટે નિરંતર ફર્યા કરે છે. આપણી નાડી ચાલે છે તે લોહીની ગતિને લીધે. જુવાન અને તંદુરસ્ત માણસની નાડી એક મિનિટમાં લગભગ ૭૫ વખત ચાલે છે, એટલે ૭૫ ધબકારા મારે છે, બચ્ચાંની જલદીથી ચાલે છે, ને ઘરડા માણસની ઓછી ચાલે છે.

લોહી સાફ રાખનારું મોટામાં મોટું સાધન હવા છે. શરીરમાં ફરીને જે લોહી ફેફસાંમાં જાય છે, તે નકામું થઈ પડે છે ને તેમાં ઝેરી પદાર્થ હોય છે. આ ઝેરી પદાર્થને અંદર ગયેલી હવા ઝીલી લે છે ને પોતામાં રહેલો પ્રાણવાયુ તે લોહીને આપે છે. આ પ્રમાણે ક્રિયા ચાલ્યા કરે છે. લોહીમાંથી લીધેલો ઝેરી પદાર્થ લઈ અંદર ગયેલી હવા બહાર નીકળે છે અને લોહીમાં પ્રાણવાયુ મળી તે જ પાછું નસો વાટે આખા શરીરમાં ફરી વળે છે. એથી સમજી શકાય કે,

Gandhi Heritage Portal

બહાર નીકળતો શ્વાસ એ કેટલેક દરજ્જે ઝેરી છે. હવાની અસર આપણા શરીર ઉપર એટલી બધી થાય છે કે તેનો વિચાર આપણે કંઈક વિસ્તારથી નોખા પ્રકરણમાં જ કરીશું.

[મૂળ ગુજરાતી]
ઇન્ડિયન ઓપીનિયન, ૨૫–૧–૧૯૧૩

૩૩૩. હરિલાલ ગાંધીને પત્ર

[ફિનિક્સ]
પોષ વદ ૪ [જાન્યુઆરી ૨૬, ૧૯૧૩][૧]

ચિ. હરિલાલ,

ભાઈ મેઢ ઉપર કાગળ છે તેમાં તેના બાપે તમારા નાપાસ થયાના ખબર આપ્યા છે. તમારે કાગળ લખવો ઘટતો હતો.

તમારા નાપાસ થવાથી હું નાઉમેદ નથી થતો. તમે એ પરીક્ષા પાસ કરવાનો ઠરાવ કર્યો છે એટલે હવે તેની પાછળ મથજો. તમારી પરીક્ષાનાં પેપર મને મોકલજો. તમે સાચવ્યાં તો હશે જ. કયા વિષયમાં નાપાસ થયા એ જણાવજો.

તમે મિ. ગોખલેવાળી મીટિંગમાં હતા એમ મુંબઈ સમાચાર પરથી જોઉં છું. તેનો ચિતાર તમારા મન પર પડ્યો હોય તે મને જણાવજો.

હું ત્યાં છ માસમાં આવવાની તૈયારી કરી રહ્યો છું. જો આપણી માંગ પ્રમાણે કાયદો પસાર થશે તો જરૂર આવીશ એમ ભાસે છે. તેથી ફિનિક્સમાં વસ્યો છું. પાંચ માસ સુધી ફિનિક્સ બહાર ન નીકળવું એવી ઇચ્છા છે.

ફિનિક્સનાં[૨] મળી છોકરાંઓ ભણાવવાનાં ૩૦ છે. જેકીબહેન, મિસ વેસ્ટ, મગનભાઈ[૩] કરીને પટેલ છે તે, કાશી ને હું ભણાવવાનું કરીએ છીએ. હું સવારના ૪–૪૫ ઊઠું છું. પાંચ વાગ્યે છોકરાંઓને ઉઠાડું છું. પ્રેસના માણસો, નિશાળિયા અને હું એમ બધા ૬થી ૮ લગી ખેતી કરીએ છીએ. ૮થી ૮॥ લગી નિશાળિયાઓ અને પ્રેસના માણસો નાસ્તો કરે છે. ૮॥થી પ્રેસના બધા પાછા ખેતરમાં જાય છે તે ૧૧ વાગ્યા સુધી. હું છોકરાંઓને નિશાળમાં લઈ જાઉં છું. ત્યાં ૮॥થી ૧૦॥ સુધી અક્ષરજ્ઞાન મળે છે, પાછા ૧૦॥થી ૧૧ સુધી છોકરાઓ ખેતી શીખે છે.

૧૧થી ૧૨॥ સુધી નાહવા-ખાવાનું ચાલે છે. ૧૨॥થી ૪॥ પ્રેસનું કામ. તેમાં મોટા છોકરાઓએ બે કલાક પ્રેસમાં શીખવું ને છેલ્લા બે કલાક પાછું નિશાળમાં અક્ષરજ્ઞાન. હું બપોરના નિશાળ બિલકુલ નથી સંભાળી શકતો. જરા કામ ઠામ પડ્યા પછી સંભાળાય એમ જોઉં છું.

૧. કાગળના ત્રીજા પૅરામાં ગોખલેવાળી મીટિંગનો ઉલ્લેખ છે. ગોખલે દક્ષિણ આફ્રિકાથી પાછા ફર્યા તે વખતે તેમનો સત્કાર કરવા આ મીટિંગ મુંબઈના શેરિફે ૧૯૧૨ના ડિસેમ્બરની ૧૪મીએ બોલાવી હતી.

૨. ગાંધીજી પોતાની સાથે ટૉલ્સ્ટૉય ફાર્મની નિશાળના છોકરાઓને પણ લેતા આવ્યા હતા. આ નિશાળ જાન્યુઆરી ૧૯૧૩માં બંધ કરી દેવામાં આવી હતી. ઇન્ડિયન ઓપીનિયન, ૧૮–૧–૧૯૧૩.

૩. ફિનિક્સમાં એક શિક્ષક. તે મગનલાલ ગાંધી તથા બીજા લોકોની સાથે ૧૯૧૫માં ભારત પાછા આવી ગયા હતા.

Gandhi Heritage Portal

૧૧॥ વાગ્યે છોકરાઓને ખાવાનું. ૭થી ૭॥ કથાકીર્તન. પછી છોકરાંઓ સૂએ છે. ૭॥થી સુધી મણિલાલના પાઠ લઉં છું. દાસ[૧] પ્રેસ ડરબનમાં કાઢવા ઇચ્છે છે. ત્યાં વીરજી વખતે જશે.

આ કાગળ ચંચીને વાંચવા મોકલજો. બીજો લખવાની મને ફુરસદ નથી.

બાપુના આશીર્વાદ

[મૂળ ગુજરાતી]

ગાંધીજીના હસ્તાક્ષરમાં લખાયેલા મૂળ પત્રની છબી પરથી: એસ. એન. ૯૫૩૮

૩૩૪. એક સુધારો

ગયા માસની ૧૮મી તારીખના અમારા અંકમાં નાતાલ શાળા અંગે થોડા વખત પહેલાં પ્રસિદ્ધ થયેલા નિયમોનો ઉલ્લેખ કરીને અમે કહ્યું હતું કે, હિંદી બાળકોને તેમને માટે ખાસ અલગ રાખવામાં આવેલી શાળાઓ સિવાય બીજી સરકારી શાળાઓમાં દાખલ નહીં કરવાના નિયમો પહેલી વાર કરવામાં આવ્યા છે. પરંતુ એ વાત તરફ અમારું ધ્યાન ખેંચવામાં આવ્યું છે કે આવા જ નિયમો થોડા વખત પહેલાં બનાવવામાં આવ્યા હતા અને તે વખતે અમે એ નિયમો વિષે ટીકા પણ કરી હતી. અમે એ નિયમોમાંથી જે એક એવો અર્થ કાઢયો કે, અધિકારીઓએ અમારી ફરિયાદોની લાંબી યાદીમાં એક નવી ફરિયાદ ઉમેરી છે, તે બદલ અમે દિલગીર છીએ. પરંતુ કોઈ અન્યાય કેટલાક વખતથી ચાલતો આવ્યો છે તેટલા માત્રથી તેની ગંભીરતા ઓછી થતી નથી. પ્રાંતીય સરકાર આ નિયમોને નવેસર બનાવતી હતી ત્યારે એ તકનો ઉપયોગ તે આ અન્યાયને કાયમી બનાવવાને બદલે દૂર કરવામાં કરી શકી હોત.

અમારું ધ્યાન બીજી એ હકીકત તરફ ખેંચવામાં આવ્યું છે કે, અમારી ટીકા પરથી ઉતાવળો વાચક કદાચ એવું અનુમાન કરે કે નાતાલમાં હિંદી બાળકોને સરકારી શાળામાં ૪થા ધોરણથી આગળની કેળવણી મળી શકતી નથી. એ જ મિત્ર, જેના અમે, અમને સાવધાન કરવા માટે આભારી છીએ, તે જણાવે છે કે, પહેલાં ડરબનમાં જે હાયર ગ્રેડ હિંદી શાળા હતી તે હિંદી બાળકોને છઠ્ઠા ધોરણ સુધીનું શિક્ષણ આપે છે. આ તો અમે ખૂબ જ સારી રીતે જાણતા હતા. પણ અમે કહ્યું હતું કે હિંદી બાળકોને હકીકતમાં પ્રાથમિક શિક્ષણથી આગળનું શિક્ષણ મળતું નથી. અને પહેલાંની હાયર ગ્રેડ શાળા, જે હમેશાં ખોટું નામ હતું, તે પ્રાથમિક શિક્ષણથી આગળનું શિક્ષણ નથી આપતી. એ શાળાનું છઠ્ઠું ધોરણ એ પ્રાથમિક શાળાનું છઠ્ઠું ધોરણ છે અને તે ભાગ્યે જ હિંદની હાઈસ્કૂલના ચોથા ધોરણની કક્ષાએ આવી શકે. જે છોકરો કેપ યુનિવર્સિટીનો મૅટ્રિકયુલેટ થવા માગતો હોય તેને માટે આ શાળામાં કશી વ્યવસ્થા નથી. તે સામાન્ય હાઈસ્કૂલોમાં કે નાતાલ યુનિવર્સિટીમાં દાખલ પણ થઈ શકતો નથી. તેણે ખાનગી ટ્યૂશન રાખવું પડે છે. આ એક એવો અંતરાય છે, જેને વિષેની કોમની ફરિયાદ ઉચિત જ છે. શ્રી મેરીમૅને પેલે દિવસે કેપટાઉનમાં એક મુસ્લિમ શાળાના ઉદ્‌ઘાટન વખતે સૂચવ્યું હતું કે, રંગભેદના સવાલનો સાચો ઉકેલ કેળવણી છે. વાત તદ્દન સાચી છે. પણ સંધ

૧. પુરુષોત્તમદાસ દેસાઈ ?

Gandhi Heritage Portal

સરકાર બિનગોરા બાળકોના માર્ગમાં અનેક અંતરાયો નાખે છે. પછી ભલે તેઓ દેશી હોય કે એશિયાઈ હોય.

[મૂળ અંગ્રેજી]

ઇન્ડિયન ઓપીનિયન, ૧–૨–૧૯૧૩

૩૩૫. જનરલ હરઝોગની પદ્ધતિ

સ્ટારનો ખબરપત્રી જણાવે છે કે જનરલ હરઝોગ અને જનરલ બોથા વચ્ચે ખટાશ થઈ તેનું મુખ્ય કારણ મિ. ગોખલેનું આવાગમન હતું. જનરલ હરઝોગે તેના સાથીઓને એમ જણાવ્યું કે મિ. ગોખલેએ તે સાહેબની સાથે મસલત કરવી જોઈએ. કેમ કે પોતે નેટિવ ખાતાના પ્રધાન હતા.[૧] જનરલ બોથાએ આ વાત નામંજૂર કરી અને જણાવ્યું કે મિ. ગોખલેનું આવાગમન એ આખા બ્રિટિશ રાજ્યને સારુ અગત્યની બિના છે. એટલે તેમણે પોતે જ મુખ્ય પ્રધાન તરીકે મિ. ગોખલેની મુલાકાત કરવી જોઈએ. જનરલ બોથાનું ધાર્યું ન થયું તેથી જનરલ હરઝોગ ચિડાયા અને તેમણે પોતાનું પ્રખ્યાતિ પામેલું ભાષણ કર્યું. એ ભાષણમાં તેમણે કહેલું કે આખા બ્રિટિશ રાજ્યના હકની વિરુદ્ધ જો દક્ષિણ આફ્રિકાના હક હોય તો દક્ષિણ આફ્રિકાના હક પહેલા ગણાવા જોઈએ. સ્ટારના ખબરપત્રી કહે છે કે આ ભાષણ કરતી વેળા જનરલ હરઝોગના મનમાં મિ. ગોખલે બાબત થયેલી વાતચીત હતી. જનરલ હરઝોગના ભાષણનું પરિણામ એ આવ્યું કે જનરલ હરઝોગને કેબિનેટમાંથી નીકળવું પડ્યું. પણ તેમ કરતાં જનરલ બોથાને ઘણી મુશ્કેલી પડી. વળી જનરલ હરઝોગ કેબિનેટમાંથી ગયા પણ પોતાની અસર નાબૂદ નથી થઈ અને તેની પૉલિસી તો છે જ. જનરલ બોથાને તેના સાથીની સાથે ઝૂઝતાં તકલીફ પડી ને હજુ પડશે તેના કરતાં આપણને આ જનરલની સાથે ઝૂઝતાં વધારે પડશે. હજુ સત્યાગ્રહી સમાધાનીનો કાયદે અમલ થવાનો છે; હજુ વેપારના પરવાનાની ભારે તકલીફો છે; હજુ આપણને ઇમિગ્રેશનની અડચણો દૂર કરવાની છે. આ લડતમાં જો જનરલ હરઝોગ મુખ્ય પ્રધાન હોત તો આપણને વધારે પજવત. પણ તે તેમાં ન હોય તોપણ પજવણી તેવી જ થવાનો સંભવ છે. જનરલ હરઝોગથી ડરીને આપણા સવાલ વિષે જનરલ બોથા પોતાનો મત જનરલ હરઝોગને મળતો રાખશે. આપણે વોટ વગરના, જનરલ બોથાને આવે વખતે વોટની દરકાર રહી. એટલે આપણને તે જતા કરે. છતાં તે એમ નથી કરી શકતા. આપણી આગળ વોટના કરતાં વધારે સબળ હથિયાર છે. તે સત્યાગ્રહની તલવાર. એ જ્યાં સુધી આપણે રાખી શકીએ ત્યાં સુધી

૧. સ્ટારના હેવાલમાં હરઝોગના મિત્રને એમ કહેતા ટાંકયા હતા કે, વતની બાબતોના મંત્રી તરીકે હરઝોગને વતની બાબતો સાથે સંબંધ છે, એટલે ગોખલે સાથે તેમણે જ વાત કરવી જોઈએ. જનરલ બોથા તેને સામ્રાજ્યનો પ્રશ્ન ગણતા હતા, એટલે પ્રધાન મંત્રી તરીકે પોતે જ તે હાથ ધરવા માગતા હતા. પછી મંત્રીમંડળમાં ગરમાગરમ ચર્ચા થઈ અને છેવટે હિંદી સવાલ બાબત એક મધ્યમમાર્ગી ઠરાવ કરવામાં આવ્યો. સ્ટારના ખબરપત્રીને ખબર આપનાર વ્યક્તિનું કહેવું હતું કે જનરલ હરઝોગે ડી વિલ્ટના પોતાના ભાષણમાં જ્યારે કહ્યું કે, આપણે માટે પ્રથમ દક્ષિણ આફ્રિકાનો અને પછી સામ્રાજ્યનો વિચાર કરવાનો હોય, ત્યારે તેમના મનમાં આ જ બાબત હશે. એ વ્યક્તિના અભિપ્રાય મુજબ હરઝોગ મંત્રીમંડળમાંથી નીકળી ગયા એ બનાવ, "જનરલ બોથા અને જનરલ હરઝોગ વચ્ચે લાંબા વખતથી ચાલતા ઝઘડાનું અંતિમ પરિણામ હતું". ઇન્ડિયન ઓપીનિયન, ૨૫–૧–૧૯૧૩.

Gandhi Heritage Portal

આપણને કોઈ પજવી શકનાર નથી. છતાં જે જોખમો આપણી ઉપર ઘૂમી રહ્યાં છે તે જાણવાં એ જરૂરનું છે. ચેતતો નર સદાય સુખી.

[મૂળ ગુજરાતી]

ઇન્ડિયન ઓપીનિયન, ૧–૨–૧૯૧૩

૩૩૬. જર્મિસ્ટનના હિંદી

ઈસ્ટ રેન્ડ એક્સપ્રેસ પરથી જણાય છે કે જર્મિસ્ટન લોકેશનના હિંદીએ નવા લોકેશનમાં ફેબ્રુઆરી મહિનાની આખરી સુધીમાં જવું પડશે. સીદીઓ બધા નીકળી ગયા છે. તેઓને મ્યુનિસિપાલિટીએ નુકસાની બદલ પા. ૧,૧૦૦ આપ્યા છે. હિંદી હજુ નથી ગયા. અને તેને પા. ૭૦૦ લગી આપવા મ્યુનિસિપાલિટી રાજી છે. ભાઈબંધ એક્સપ્રેસ જણાવે છે કે આમ નુકસાની લેવાનો હિંદીને હક નથી. મ્યુનિસિપાલિટી જો નુકસાની આપે તો તે મહેરબાની દાખલ અને પૉલિસી તરીકે આપશે. આ વાત એક્સપ્રેસને જાણે ગમતી નથી. તે કહે છે કે જો પૉલિસી તરીકે આપવાની હોય તો ટ્રાન્સવાલની સરકારે ખર્ચ ઉપાડવું જોઈએ. તેમાં ભલે મ્યુનિસિપાલિટી ભાગ લે. હકીકત એવી છે કે મ્યુનિસિપાલિટી જે કંઈ આપશે તે મહેરબાનીથી નહીં પણ ભયથી. ભય તે સત્યાગ્રહનો, લંડન કમિટીનો ને વડી સરકારનો. રખેને હિંદી સૂતેલા જાગે? રખેને લૉર્ડ ઍમ્પ્ટહીલ જર્મિસ્ટન મ્યુનિસિપાલિટીની ગેરઆબરૂ કરે! રખેને વડી સરકાર આળ ચઢાવે? આમાંનો એક જ ભય વખતે મ્યુનિસિપાલિટી ઓળંગે. પણ બધા ભયની પાસે તેને દીન બનવું પડે છે.

[મૂળ ગુજરાતી]

ઇન્ડિયન ઓપીનિયન, ૧–૨–૧૯૧૩

૩૩૭. આરોગ્ય વિષે સામાન્ય જ્ઞાન [–૫]

૩. હવા

આપણે શરીરની કંઈક રચના જોઈ ગયા. તે ઉપરથી આપણને માલૂમ પડ્યું કે, શરીરને ત્રણ પ્રકારના ખોરાક જોઈએ; હવા, પાણી અને અન્ન. આમાં હવા એ સર્વથી અગત્યની વસ્તુ છે. તેથી કુદરતે તેને એવા વિસ્તારમાં રાખી છે કે, આપણને તે વગર ખર્ચે મળ્યા કરે. એમ છતાં હાલના સુધારાએ હવાની પણ કિંમત કરી મૂકી છે. આ જમાનામાં આપણને હવા ખાવા દૂર દેશ જવું પડે છે ને દૂર જતાં પૈસા બેસે છે. મુંબઈમાં રહેનારને માથેરાન હવા ખાવાનું મળે, તો તેની તબિયત સુધરે છે. વળી મુંબઈમાં રહીને જો મલબાર હિલ ઉપર રહેવાય તો વધારે સારી હવા મળે. આમ કરતાં દોઢિયાં જોઈએ. ડરબનમાં રહેનારને ચોખ્ખી હવા મેળવવી હોય તો બેરિયામાં જઈ રહેવું જોઈએ, તેમાંયે પૈસા બેસે છે. એટલે હાલના વખતમાં 'હવા મફત મળે છે' એમ કહેવું એ તદ્દન વાજબી ગણાય નહીં.

હવા મફત મળો કે તેના દામ બેસો, પણ એ વિના ઘડીભર આપણને ચાલતું નથી. આપણે જોઈ ગયા કે લોહી આખા શરીરમાં ફરે છે, તે પાછું ફેફસાંમાં આવીને સાફ થાય છે ને પાછું

Gandhi Heritage Portal

ફરે છે. આ ગતિ આખો દહાડો ને આખી રાત આપણા શરીરમાં થયા કરે છે. દરેક શ્વાસ બહાર કાઢીએ ત્યારે આપણે ઝેરી પવન બહાર કાઢીએ છીએ ને શ્વાસ અંદર લઈએ ત્યારે આપણે બહારની હવામાંનો પ્રાણવાયુ લઈ તે વડે અંદરના લોહીને સાફ કરીએ છીએ. આ શ્વાસોચ્છ્વાસ પળે પળે ચાલે છે અને તેની ઉપર શરીરના જીવનનો આધાર છે. પાણીમાં આપણે ડૂબી મરીએ છીએ તેનો અર્થ એટલો જ કે આપણે શરીરમાં પ્રાણવાયુને દાખલ કરી શકતા નથી અને અંદરના ઝેરી વાયુને બહાર કાઢી શકતા નથી. મરજીવા બખ્તર પહેરી પાણીમાં ઊતરે છે ને પાણીની સપાટી બહાર રહેલી ભૂંગળીમાંથી બહારની હવા લે છે; તેથી તેઓ ઘણો વખત પાણીની અંદર રહી શકે છે.

કેટલાક તબીબોએ પ્રયોગો કર્યા છે તે ઉપરથી સાબિત થયું છે કે, જો માણસને હવા વિના પાંચ મિનિટ રાખ્યો હોય, તો તેનો પ્રાણ જશે. કેટલીક વેળા માતાની સોડમાં રહેલું બાળક ગૂંગળાઈ મરી જાય છે, તે એવા કારણથી કે બચ્ચાને નાક-મોં દબાયાથી બહારની હવા મળી શકતી નથી.

આ ઉપરથી આપણે જોઈએ છીએ કે, હવા એ આપણે માટે સર્વવિશેષ જરૂરનો ખોરાક છે, અને તે આપણને વણમાગ્યો મળે છે. પાણી ને અન્ન આપણે માગીએ ને શોધીએ ત્યારે મળશે; પણ હવા તો આપણી ઇચ્છા વિનાયે લઈએ છીએ.

જેમ આપણે ખરાબ પાણી અથવા તો ખરાબ ખોરાક લેતાં અચકાઈએ છીએ, તેમ જ ખરાબ હવા વિષે હોવું જોઈએ. પણ હકીકતમાં તો એવું છે કે, આપણે બગડેલી હવા જેટલે દરજ્જે લઈએ છીએ, તેટલે દરજ્જે આપણે બગડેલાં અન્નપાણી લેતા નથી. દેખ્યાની દાઝ છે. આપણે પ્રતિમા પૂજનારા છીએ.[૧] હવાને નરી આંખે જોઈ શકતા નથી, તેથી આપણે કેટલી ખરાબ હવા લઈએ છીએ તેનો ખ્યાલ નથી કરતા. બીજાએ અડકેલો ખોરાક ખાતાં આપણે અચકાઈએ; બીજાએ બોટેલું પાણી પીતાં વિચાર કરીએ, અને આપણામાં જરાયે નફરત[૨] નહીં હોય તોપણ બીજા માણસે ઊલટી કરેલાં ખારાક કે પાણી તો આપણે નહીં જ લઈએ. દુકાળિયાંની પાસે પણ ઊલટી કરેલો ખોરાક મૂકશું તો તે મરવું કબૂલ કરશે, પણ તે ખોરાક નહીં લે. પણ સામા માણસે ઓકેલી — શ્વાસ વાટે બહાર કાઢેલી હવા આપણે બધાં નરફત રાખ્યા વિના જ લઈએ છીએ. આરોગ્યવિદ્યાના નિયમો પ્રમાણે ઓકેલી હવા એ ઓકેલા અનાજ જેટલી ખરાબ છે. એમ સાબિત કરવામાં આવ્યું છે કે, માણસે બહાર કાઢેલો શ્વાસ જો બીજા માણસનાં ફેફસાંમાં દાખલ કરવામાં આવે, તો તેનું તરત જ મરણ નીપજશે એવો ઝેરી તે શ્વાસ છે. છતાં એક ઓરડીમાં ગોંધાઈ બેઠેલા કે સૂતેલા માણસો આવો ઝેરી શ્વાસ આખો વખત લીધા જ કરે છે. માણસોના સારા નસીબે હવા એ એટલો ચંચળ પદાર્થ છે કે, તે આખો વખત ઊડ્યા કરે છે ને ઝપાટાભેર ફેલાય છે. વળી તે ઝીણાંમાં ઝીણાં છિદ્રોમાંથી પણ દાખલ થાય છે. એટલે એક તરફથી આપણે કોટડીમાં ભેગા થઈ હવાને ઝેરી બનાવીએ છીએ, તો બીજી તરફથી દરવાજાની તડોમાંથી, છાપરાંની રહી ગયેલી તડોમાંથી, બહારનો પવન થોડોઘણો અંદર આવ્યા કરે છે. તેથી આપણે તદ્દન ઓકેલી હવા પાછી લેતા નથી. આપણે બહાર કાઢેલી હવા નિરંતર સાફ થયા જ કરે છે. ખુલ્લી હવામાં આપણે અંદરની હવા બહાર કાઢીએ એટલે તે ઝેરી હવા

૧. એટલે, આપણે સારું કે નરસું જેટલું નજરે જોઈએ માત્ર તેટલું જ માનીએ છીએ.
૨. આ જ જાતના વિચાર માટે જુઓ પુ. ૬, પા. ૩૪૩–૪.

Gandhi Heritage Portal

બહારની હવામાં પળ વારમાં ફેલાઈ જાય છે ને સારી હવાનું જે પ્રમાણ છે તેને કુદરત જાળવી રાખે છે. હવા એ બહોળા વિસ્તારમાં આ નાની સરખી પૃથ્વીની આસપાસ વીંટળાયેલી પડી છે.

હવે આપણે સમજી શકીએ છીએ કે, ઘણા માણસો કેમ માંદા ને નબળા રહ્યા છે. સોંકડે નવ્વાણું ટકાથી ઉપરાંત માંદગીનું કારણ તે ખરાબ હવા છે, એમાં કંઈ જ શક નથી. ક્ષય, તાવ, અનેક જાતના કહેવાતા ચેપી રોગો, એ બધાનું કારણ આપણે લીધેલી ખરાબ હવા છે. તેથી જ તે રોગો દૂર કરવાનો પહેલો, સહેલો ને છેલ્લો ઉપાય ચોખ્ખામાં ચોખ્ખી હવા છે. એને પહોંચનાર વૈદ, દાક્તર કે હકીમ દુનિયામાં બીજો નથી. ક્ષયનો રોગ એ ફેફસાં સડવાની નિશાની છે. ફેફસું સડયું તે ઝેરી હવાના કારણે. જેમ એંજિનમાં ખરાબ કોલસા ભરવાથી એંજિન ખરાબ થાય તેમ ફેફસાંનું છે. આથી હાલના દાક્તરો જેઓ સમજ્યા છે તે અચૂક ક્ષયના રોગ માટે પહેલો ઉપાય ચોવીસે કલાક ખુલ્લી હવા લેવાનો આપશે. બીજા બધા ઉપાયો તેની પાછળ કામ કરે છે, પણ તેના વિના બીજો એક પણ ઉપાય કામ કરતો નથી.

(અધૂરું)

[મૂળ ગુજરાતી]

ઇન્ડિયન ઓપીનિયન, ૧–૨–૧૯૧૩

૩૩૮. બે ઇમિગ્રેશન કેસ

જજ બૂમે બે ઇમિગ્રેશન કેસના ચુકાદા આપ્યા છે. તે બન્ને કેસ જાણવા જેવા છે. એક કેસમાં બાપે ફરિયાદી કરેલી કે તેના દીકરાને વગર તપાસે અમલદારે કાઢી મૂકયો તેથી બાપને નુકસાની પહોંચી. તે નુકસાનીનો દાવો કરેલો અને છોકરાને હાજર કરવાની પણ માગણી કરી હતી. છોકરાને અમલદારે નાપાસ કરેલો. તે ઉપરથી બાપે સુપ્રિમ કોર્ટનો ઇન્ટરડિક્ટ લઈ છોકરાને દેશ મોકલાતો અટકાવ્યો. દરમ્યાન અમલદાર આગળ વધુ પુરાવો રજૂ કર્યો. તે પણ અમલદારે નામંજૂર કર્યો. પછી છોકરાને હદપાર કરવા સારુ કાયદેસર પગલાં અમલદારે ભર્યાં. સમન કાઢવા સારુ કેસ મુલતવી રહ્યો. તે અરસામાં અમલદારે પોતાનું મન ફેરવ્યું. તે સમન કાઢયા વિના ને કોર્ટનો હુકમ મેળવ્યા વિના છોકરાને હદપાર કરી શકે છે એમ તેણે માન્યું ને છોકરાને હદપાર કર્યો. આમ અમલદાર ન કરી શકે એમ બાપની દલીલ હતી. કોર્ટે તે રદ કરી છે ને અમલદારોને કોર્ટની પરવાનગી વિના હદપાર કરવાનો હક છે એમ ઠરાવ્યું છે. આ ઠરાવનું પરિણામ ભયંકર આવે. અમલદારને હાથ એવી જુલમગાર સત્તા રહી કે તે ધારે તો દરેક હિંદીના હક ડુબાવી શકે.

બીજો કેસ પા. ૧૦૦[૧] અનામત મૂકેલા પાછા મળવા સારુ હતો. કોર્ટે ઠરાવ્યું છે કે પા. ૧૦૦ ઇમિગ્રેશન કાયદાની રૂએ મુકાયેલ હોય તો તે પાછા આપવા ન આપવા એ સરકારની મરજી ઉપર છે. જેને સારુ પૈસા મુકાયા હોય તેનો હક સાબિત થાય તો તે પાછા મળી શકે. પણ જો હક રદ થાય તો સરકાર પૈસા ખાઈ શકે છે અને એમ મુકાયેલા પૈસા પચાવવામાં

૧. ઇમિગ્રેશન અધિકારીના ચુકાદાની સામે અપીલ કરનાર એશિયાટિક ઇમિગ્રન્ટ, પોતાના રહેવાસી તરીકેના હકોની જાંચ કોર્ટ મારફત કરાવવા માગણી કરતો ત્યારે તેને આ રકમ અનામત તરીકે મૂકવી પડતી.

Gandhi Heritage Portal

સરકારને કોર્ટના હુકમની પણ જરૂર નથી. આમ દલીલ કરી કોર્ટે આ કેસ પણ કાઢી નાખ્યો છે. કોર્ટ માત્ર એટલું જ કહે છે કે જ્યાં શુદ્ધ બુદ્ધિથી પૈસા મેળવ્યા હોય તેવી સ્થિતિમાં સરકારે દયા લાવી પૈસા પાછા આપવા જોઈએ.

ઉપલા બંને કેસનું પરિણામ ભયંકર છે. તેથી અમલદારોની સત્તામાં અનહદ વધારો થયો છે, ને બીકના જ માર્યા હિંદી આ મુલકમાં નહીં આવી શકે એવી સ્થિતિ આવી પડી છે. આની સામે જબરજસ્ત યુદ્ધ કરવાની આપણી ફરજ છે.

[મૂળ ગુજરાતી]

ઇન્ડિયન ઓપીનિયન, ૮–૨–૧૯૧૩

૩૩૯. કૉંગ્રેસમાં આપણો સવાલ

હમણાં મળેલી ટપાલમાં કૉંગ્રેસનો વિગતવાર હેવાલ આવી પહોંચ્યો છે. તે ઉપરથી જોઈ શકાય છે કે અહીંના હિંદીનો સવાલ અગાઉ કરતાં વધારે ચર્ચાયો છે. પ્રમુખ મિ. મધોલકર[1] પોતાના ભાષણમાં અહીંની બધી સ્થિતિનું બયાન કર્યું છે. મિ. ગોખલેના કામને ટેકો આપ્યો છે. આપણને મદદ કરતા રહેવાની જરૂર જણાવી છે અને ગિરમીટ સદંતર બંધ થવી જોઈએ એમ જણાવ્યું છે. રિસેપ્શન કમિટીના ચૅરમૅન ઑન. મિ. મઝરૂલ હકે[2] પોતાના ભાષણમાં આપણા સવાલ પર ભાર મૂક્યો છે અને તેમણે એમ પણ કહ્યું કે જો યુનિયન સરકાર હિંદી સવાલનો ફડચો સંતોષકારક રીતે ન લાવે તો હિંદી સરકાર ઉપર દબાણ કરી બદલો વાળવાનાં પગલાં લેવાં. તેમણે જણાવ્યું કે યુનિયન સરકારની સૂધ ઠેકાણે લાવવાનાં ઘણાં સાધનો હિંદી સરકારના હાથમાં છે. આપણા વિષેનો ઠરાવ તે કૉંગ્રેસનો બીજો ઠરાવ હતો. એ પણ બતાવે છે કે આપણા સવાલને કેટલું વજન મળેલું. ઠરાવ મિ. ગોખલેએ મૂક્યો તે તો તારથી આપણે જાણી ગયા છીએ. ગઈ વખતની કૉંગ્રેસમાં પસાર થયો હતો તે જ મતલબનો આ ઠરાવ હતો.[3] અલ્હાબાદ લીડર જણાવે છે કે મિ. ગોખલેએ ભાષણ કરતાં એક કલાક સુધી સાંભળનારાઓને સ્તબ્ધ બનાવી દીધા હતા, અને ગિરમીટિયાની સ્થિતિનું બયાન કરતાં કરતાં તેમની આંખમાંથી પાણી પડ્યાં હતાં ને તેમનો સાદ ગળગળો થઈ ગયો હતો. આ સવાલને ટેકો પણ મુખ્ય આગેવાનો તરફથી મળ્યો છે. ઑન. મિ. મદનમોહન માલવિયા, ઑન. મિ. મઝરૂલ હક, મિ. લાલા

૧. રંગનાથ નરસિંહ મધોલકર (૧૮૫૭–૧૯૨૧); ૧૯૧૨માં બાંકીપુરમાં ભરાયેલી ઇન્ડિયન નેશનલ કૉંગ્રેસ (હિંદી રાષ્ટ્રીય મહાસભા)ના પ્રમુખ.

૨. મૌલવી મઝરૂલ હક (૧૮૬૬–૧૯૩૦); ૧૮૮૮માં ઇંગ્લંડમાં, જ્યાં તેઓ ઉચ્ચ અભ્યાસ અર્થે ગયા હતા, "અંજુમન ઇસ્લામિયા"ની સ્થાપના કરી. ૧૮૯૩માં અવધ(અયોધ્યા)માં મુનસફ નિમાયા પણ ૧૮૯૬માં રાજીનામું આપ્યું; મુસ્લિમ લીગના સ્થાપકોમાંના એક, પાછળથી તેના મંત્રી અને લીગના ૧૯૧૫ના મુંબઈ અધિવેશનના પ્રમુખ; અલગ મતાધિકારની પદ્ધતિ પ્રમાણે ૧૯૧૦માં મધ્યસ્થ ધારાસભામાં ચૂંટાયા; ૧૯૧૪ના ઇંગ્લંડ માટેના કૉંગ્રેસ પ્રતિનિધિમંડળના સભ્ય; ૧૯૧૬માં લખનૌ ખાતે કૉંગ્રેસ–લીગ સમજૂતી કરાવવામાં મદદ કરી; ૧૯૧૭ના ચંપારણ સત્યાગ્રહ દરમ્યાન ગાંધીજીને ટેકો આપ્યો અને ૧૯૨૦ના અસહકાર આંદોલનમાં સક્રિય ભાગ લીધો. થિ મધરલૅન્ડની શરૂઆત કરી અને પોતાનાં લખાણો માટે ૧૯૨૧માં જેલમાં ગયા. બિહાર વિદ્યાપીઠ તથા સદાકત આશ્રમના સ્થાપકોમાંના એક.

૩. જુઓ "મિ. પોલાક રાષ્ટ્રીય મહાસભામાં", પા. ૨૩૫–૬.

Gandhi Heritage Portal

લજપતરાય,[૧] ઑન. હરચંદ્રરાય વિશિનદાસ, મિ. પ્રમથનાથ બૅનરજી, મિ. મદનજિત[૨] અને મિ. સી. વાઈ. ચિંતામણિ ટેકો આપનારા હતા. આમ આપણો સવાલ હિંદુસ્તાનમાં જોસભેર ચર્ચાય છે ત્યારે આપણે અહીં બેવડી મહેનત કરવાની રહી. હિંદુસ્તાનની મદદ આપણા બળની પાછળ જ હોઈ શકે.

[મૂળ ગુજરાતી]

ઇન્ડિયન ઓપીનિયન, ૮–૨–૧૯૧૩

૩૪૦. મિ. ગોખલેની મહેનતનું ફળ

મિ. ગોખલેનાં કામોનાં ફળ આવ્યાં કરે છે. તેમાંનું એક બહુ દૂરમાં ફળેલું જોવામાં આવે છે. ફીજીથી અમને છાપો મળ્યો છે તેનો ફકરો અમે ઇંગ્રેજી વિભાગમાં લીધો છે. તેમાં એમ જણાવ્યું છે કે ફીજીના શક્કરના ધમોલાના ગોરા માલેકોએ એવો ઠરાવ કર્યો છે કે હિંદુસ્તાનમાં ગિરમીટિયા વિષે ધાંધલ ચાલી રહી છે તેથી ફીજીના ગિરમીટના કાયદામાં ફેરફાર કરવો. તે ફેરફાર એવો કરવો કે મજૂરો કામ ન કરે તેને જેલ કે દંડની સજાની કલમો છે તે નીકળી જાય. આ કલમોમાં સર્વથી વધારે ઝેર રહેલું છે એમાં શક નથી. એ કલમોને લીધે જ હિંદી મજૂરો બહુ પીડાય છે અને સાધારણ મજૂરમાં ને ગિરમીટિયામાં જે મોટો તફાવત છે તે આ જ છે. સાધારણ મજૂર કસૂર કરે તો તેને બરતરફી મળે. ગિરમીટિયો કસૂર કરે તો જેલ જાય ને જેલમાંથી છૂટે એટલે પાછો ત્યાંનો ત્યાં જ. ઉપર પ્રમાણે ફેરફાર થાય તોપણ ગિરમીટનો રિવાજ કાયમ રહે એ ઇચ્છવા જેવું નથી. ગિરમીટ તો દરેક પ્રકારે બંધ થવા યોગ્ય છે. પણ ગોરા માલિકો પોતાની મેળે પોતાને લાભના કાયદામાં પોતાને નુકસાન પહોંચવાનો સંભવ રહે તેવા ફેરફારો કરવા માગે એ કંઈ જેવી તેવી વાત નથી. આવાં સજ્જડ ફળ એક માણસ પણ ખરી મહેનત કરે તો લાવી શકે છે.

[મૂળ ગુજરાતી]

ઇન્ડિયન ઓપીનિયન, ૮–૨–૧૯૧૩

૧. લાલા લજપતરાય (૧૮૬૫–૧૯૨૮); સમાજસુધારક, પત્રકાર, કૉંગ્રેસીઓની નૂની પેઢીના એક વિખ્યાત મહાપુરુષ; સર્વન્ટ્સ ઑફ પીપલ્સ સોસાયટીની સ્થાપના કરી; રાજકીય પ્રવૃત્તિ માટે ૧૯૦૭માં દેશનિકાલ; હિંદી પ્રતિનિધિમંડળના સભ્ય તરીકે ગોખલે સાથે ૧૯૦૬માં, અને કૉંગ્રેસ પ્રતિનિધિમંડળ સાથે ફરી ૧૯૧૪માં ઇંગ્લંડ ગયા; અસહકારના આંદોલન અંગે નિર્ણય લેવા કલકત્તા ખાતે બોલાવાયેલી ૧૯૨૦ની કૉંગ્રેસની અસાધારણ બેઠકના પ્રમુખ ચૂંટાયા.

૨. મદનજિત વ્યાવહારિક; હિંદી કૉંગ્રેસ સમક્ષ દક્ષિણ આફ્રિકાનો સવાલ સતત લાવતા રહ્યા; ગાંધીજીની સલાહથી ૧૯૯૮માં ડરબનમાં ઇન્ટરનેશનલ પ્રિન્ટિંગ પ્રેસ કાઢયું અને ૧૯૦૩માં ઇન્ડિયન ઓપીનિયન શરૂ કર્યું. ૧૯૦૪માં ગાંધીજીએ ઇન્ડિયન ઓપીનિયનનો હવાલો લીધો ત્યાર પછી મદનજિતે બંગીઓને એક કરવા તથા તેમને હિંદી રાષ્ટ્રીય કૉંગ્રેસના સંપર્કમાં લાવવાના હેતુથી અંગ્રેજી સામયિક યુનાઇટેડ બર્મા શરૂ કર્યું અને તેનું સંપાદન સંભાળ્યું; જુઓ પુસ્તક ૩, પા. ૨૮૮, પુસ્તક ૪, પા. ૩૧૫ અને પુસ્તક ૬, પા. ૩૩૮

Gandhi Heritage Portal

૩૪૧. આરોગ્ય વિષે સામાન્ય જ્ઞાન [–૬]

હવા આપણે ફેફસાં વાટે લઈએ છીએ એટલું જ નહીં પણ ચામડી વાટે પણ કંઈક ભાગ લેવાય છે. ચામડીમાં અગણિત બારીક છિદ્રો છે, તે વાટે આપણે હવા લઈએ છીએ.

આવી મહા અગત્યની જે વસ્તુ છે, તેને ચોખ્ખી કેમ રાખી શકાય એ બધાએ જાણવું જોઈએ. ખરું જોતાં બાળક સમજણું થાય ત્યારથી જ તેને હવાની અગત્ય વિષે જ્ઞાન આપવું જોઈએ. આ પ્રકરણોના વાંચનાર આ ઘણું સહેલું પણ અગત્યનું કામ કરશે અને પોતે હવા વિષે સામાન્ય જ્ઞાન મેળવી તે પ્રમાણે ચાલી પોતાનાં છોકરાંઓને આપશે તથા તેઓની પાસે તે પ્રમાણે વર્તન કરાવશે, તો હું મને પોતાને કૃતાર્થ થયો માનીશ.

હવા બગડવાનાં મુખ્ય સાધનો આપણાં જાજરૂ, આપણા વાડા અને જ્યાં મુતરડીઓ નોખી હોય ત્યાં મુતરડી, એ હોય છે. ઘણા જ થોડા માણસને જાજરૂની ગંદકીથી થતા નુકસાનનું ભાન હોય છે. બિલાડી કે કૂતરું જ્યારે જાજરૂ કરે છે, ત્યારે જમીન ઘણે ભાગે પોતાના પંજા વડે ખોદે છે. અને તે ખાડામાં મળત્યાગ કરી તેના ઉપર ધૂળ નાંખે છે. જ્યાં સુધરેલી ઢબનાં — પાણીના નળવાળાં — જાજરૂ નથી ત્યાં ઉપર પ્રમાણે કરવાની જરૂર છે. આપણાં પાયખાનાંઓમાં એક ડોલમાં આપણે રાખ કે સૂકી માટી ભરી રાખીએ અને દરેક વખતે જ્યારે તે પાયખાનું વપરાય ત્યારે તે મેલા ઉપર રાખ કે સૂકી માટી, મેલું તદ્દન ઢંકાઈ જાય તેટલી છાંટીએ, તો બદબો અટકે ને માખી વગેરે ઊડતા જીવો મેલા ઉપર બેસી આપણા શરીરને અડકે નહીં. જેનાં નાક બગડી નથી ગયાં અથવા મેલાની ગંધથી ટેવાઈ નથી ગયાં તે માણસ, મેલું ખુલ્લું રાખવાથી હવામાં કેટલી બદબો ફેલાય છે તે જાણી શકશે. આપણા ખોરાકમાં પાયખાનાનો મેલ કોઈ ભેળવે ને તે આપણી આગળ મૂકે, તો આપણને ઊલટી થશે. પણ પાયખાનાની બદબો હવામાં ભળે ને તે હવા આપણે ગળી જઈએ તેમાં ને પાયખાનું મેળવેલા અનાજમાં તલભાર પણ ફેર નથી. ફેર હોય તો તે એટલો જ કે અનાજને મેલની સાથે ભેળવેલું આપણે નરી આંખે જોઈ શકીએ છીએ, ને હવામાં ભળેલો મેલ આપણે જોતા નથી. પાયખાનાની બેઠકો વગેરે તદ્દન સાફ રાખવાં જોઈએ. આવાં કામથી આપણે શરમાઈએ છીએ અથવા તે કરતાં આપણને છીટ આવે છે. પણ ખરું જોતાં તેવાં પાયખાનાં વાપરવાની છીટ થવી જોઈએ. જે મેલ આપણા શરીરમાંથી નીકળે છે ને જે બીજા માણસ પાસે આપણે ઊંચકાવીએ છીએ તે આપણે પોતે સાફ કેમ ન કરીએ? આવાં કામ કરવામાં જરાયે એબ નથી; એ આપણે શીખી બચ્ચાંઓને શીખવવું ઘટે છે. ડોલ જ્યારે ભરાય ત્યારે મળને બેએક ફૂટના છીછરા ખાડામાં દાટી તેની ઉપર સારી પેઠે ધૂળ ઢાંકી દેવી જોઈએ. જો આપણને જંગલમાં મળત્યાગ કરવાની આદત હોય, તો ઘરોથી સારી પેઠે દૂર જવું જોઈએ. ત્યાં હાથપાવડા વડે નાનો ખાડો ખોદી આપણું કાર્ય કરવું જોઈએ ને ખોદેલી માટી તેની ઉપર પૂરવી જોઈએ.

પેશાબ જ્યાં ત્યાં કરીને પણ આપણે હવાને બગાડીએ છીએ. તે આદત તદ્દન નાબૂદ કરવા જેવી છે. જ્યાં પેશાબની ખાસ જગ્યા ન હોય ત્યાં ઘરોથી દૂર જઈ સૂકી જમીનમાં પેશાબ કરવો જોઈએ ને તેની ઉપર પણ ધૂળ છાંટવી જોઈએ. મળને ઊંડો નહીં દાટવાનાં બે સબળ કારણો છે: એક તો એ કે જો મળ બહુ ઊંડો દટાય તો તેની ઉપર સૂર્યનો તાપ કામ નથી કરી

Gandhi Heritage Portal

શકતો; બીજું એ કે ઊંડા દટાયેલા મળથી આસપાસના પાણીના ઝરાને હરકત થવાનો સંભવ છે.

આપણે ગાલીચા ઉપર, ઓરડાની ભોંય ઉપર, આંગણામાં તેમ જ જ્યાં આપણે જગ્યા જોઈએ ત્યાં વગર વિચાર્યે થૂંકીએ છીએ. થૂંક, એ ઘણી વાર ઝેરી હોય છે. ક્ષયવાળા રોગીનું થૂંક બહુ જ ઝેરી ગણાય છે. તેમાંનાં જંતુ ઊડી બીજાના શ્વાસમાં ભળી તેને નુકસાન કરે છે. વળી થૂંકવાથી ઘર વગેરે બગડે છે એ તો જુદું જ. આ વિષે આપણી ફરજ એ છે કે, ઘરોની અંદર તો જ્યાં ત્યાં ન જ થૂંકવું જોઈએ. થૂંકદાની રાખવી ને રસ્તે ચાલતાં થૂંકવાની જરૂર જણાય તો સૂકી જમીનમાં જ્યાં ખૂબ ધૂળ જોવામાં આવે ત્યાં થૂંકવું. આથી થૂંક સૂકી મટોડીની સાથે મળી ઓછી ઈજા કરશે. કેટલાક તબીબોનો અભિપ્રાય એવો છે કે, ક્ષયના રોગવાળા માણસોએ તો જંતુનાશક દવા નાખેલી હોય એવા વાસણમાં જ થૂંકવું જોઈએ. જો સૂકી જમીન ઉપર જ્યાં ધૂળ હોય ત્યાં તેવો દરદી થૂંકે, તોપણ તેના થૂંકમાંનાં જંતુઓનો નાશ થતો નથી. આ ધૂળ ઊડીને તેમાં આવી રહેલાં થૂંકનાં જંતુઓને પણ ઉડાડે છે ને લોકોને ચેપ આપે છે. આ વાત ખરી હોય કે ખોટી, છતાં એટલું તો આપણે તેમાંથી સમજી શકીએ કે, જ્યાં ત્યાં થૂંકવાની આદત ગંદી અને નુકસાનકારક છે.

પડી રહેલું અને રાંધેલું અનાજ, શાક વગેરેનાં છોતરાં જ્યાં ત્યાં ફેંકવાની રીત કેટલાકમાં હોય છે. એ બધાને જમીનમાં છીછરાં દાટયાં હોય, તો તે હવા બગાડી શકતાં નથી ને કાળે કરી તેમાંથી ઉપયોગી ખાતર બને છે. સડે એવી કંઈ પણ વસ્તુ ખુલ્લી ફેંકવી ન જોઈએ. આ બધી સૂચનાઓ સમજાયા પછી અમલમાં મૂકવી એ તદ્દન સહેલું છે, એમ દરેક માણસ અનુભવે જોઈ શકશે.

આપણી કુટેવોથી હવા કેમ બગડે છે ને તેને બગડતી કેમ અટકાવી શકાય, એ આપણે જોયું; હવે હવા કેમ લેવી એ વિચારીએ.

(અધૂરું)

[મૂળ ગુજરાતી]

ઇન્ડિયન ઓપીનિયન, ૮–૨–૧૯૧૩

૩૪૨. ગોપાળ કૃષ્ણ ગોખલેને પત્ર

ફિનિક્સ,

ફેબ્રુઆરી ૧૪, ૧૯૧૩

પ્રિય શ્રી ગોખલે,

ડૉ. ગુલ[1] મને હમણાં જ કહે છે કે આપની છત્રી મળી હતી અને આપ જેમને કેપ-ટાઉનમાં મળ્યા હતા તે મિ. જોશી થોડા દિવસ પહેલાં હિંદ ગયા ત્યારે પોતાની સાથે તે લઈ ગયા હતા. આપની ટોપી પણ મળી છે. કોટવાલ હિંદ પહોંચશે એટલે આપને તે સોંપી દેશે. તેઓ થોડા જ વખતમાં નીકળવાના છે.

હિંદનાં છાપાંમાં આવેલી બધી ટીકા હવે મને મળી ગઈ છે. એ વાંચીને દુઃખ થાય છે, પણ ખાસ કરીને આપની સાથેની વાતચીત પછી હું એને માટે તૈયાર હતો. હું જોઉં છું કે, આપ આપની પોતાની રીતે એનો જવાબ આપી રહ્યા છો. એ ટીકાઓના પ્રત્યાઘાત અહીં પણ પડયા

૧. ડૉ. એ. એચ. ગુલ.

Gandhi Heritage Portal

છે. આયર પોતાના છાપામાં જોરદાર લેખો લખે છે. હું આપને બધાં કટિંગ મોકલતો નથી, પણ એડવર્ટાઇઝરનો લેખ આપને કદાચ જોવો ગમશે. તેમાં આયરના લેખો ઉતારવામાં આવ્યા છે.

બોથા મંત્રીમંડળમાં, જનરલ હરઝોગના નીકળી જવાને કારણે આંતરિક મુશ્કેલીઓ ઊભી થઈ છે.[૧] આપે ઇન્ડિયન ઓપીનિયનમાં જોયું હશે કે, સ્ટારના ખબરપત્રીએ એ વાત કહીને આપણી પ્રશંસા જ કરી છે કે જનરલ બોથા હિંદી પ્રશ્નને સામ્રાજ્યનો પ્રશ્ન ગણતા હતા એટલે પોતે જ આપને મળવા માગતા હતા તેથી જનરલ હરઝોગ પોતાના સાથી મંત્રીઓ સાથે લડી પડ્યા.[૨] મંત્રીમંડળની આ આંતરિક મુશ્કેલીઓને લીધે પાર્લમેન્ટમાં અવ્યવસ્થા ઊભી થઈ છે અને જે કાયદો લાવવાનું વચન આપવામાં આવ્યું છે તે મુલતવી રાખવામાં આવે એવો ઘણો સંભવ છે. એવું થશે તો મારે માટે મૂંઝવણ ઊભી થશે અને સંભવ છે કે હું આ વરસના મધ્યમાં હિંદ ન આવી શકું.

મંત્રીઓ ખરેખર તેમનાં વચન પાળતા નથી. ઇમિગ્રેશન કાનૂનોનો અમલ વધુ ને વધુ સખતાઈથી થઈ રહ્યો છે. કાયદેસરનો વસવાટનો હક ધરાવતા હિંદીઓની પત્નીઓને બહુ હેરાન કરવામાં આવે છે અને ઘણા ખર્ચમાં ઉતારવામાં આવે છે. આવા બધા દાખલા ઇન્ડિયન ઓપીનિયનમાં એકઠા કરવામાં આવ્યા છે.

હું માની લઉં છું કે આપ ત્યાં એક સ્થાનિક સમિતિ બનાવશો અને લંડન જાઓ ત્યારે ત્યાંની સંસ્થાને[૩] પણ વ્યવસ્થિત કરશો.

શ્રી પિટીટે ૪૦૦ પાઉંડ તારથી મોકલ્યા છે અને જણાવ્યું છે કે આપે આપેલા ૮૦ પાઉંડ તેમાં આવી ગયા છે.

મિ. કેલનબેકે જુસ્ટની રિટર્ન ટુ નેચર (કુદરત તરફ પાછા વળો)ની એક નકલ મેળવી છે તે આપને ગઈ કાલે ટપાલમાં રવાના કરી છે. આશા રાખું છું કે આપ તે વાંચવા માટે સમય કાઢશો.

આ ઊંટવૈદને જણાવશો કે તેના દરદીની હાલત કેવી છે અને દરદીએ તેની સલાહ પ્રમાણે ચાલવાનું વચન આપ્યું હતું તે પ્રમાણે તે ચાલે છે કે નહીં?

કૉંગ્રેસમાં વહેંચવા માટે ખાસ અંકો વખતસર મળી ગયા હતા?

હું છું,
આપનો સહૃદયી
મો. ક. ગાંધી

[તા. ક.]

શ્રીમતી વોગલના બજાર માટે આપ કંઈક કરી શકશો? આપના પરિચયની કેટલીક બહેનો કામ મોકલે તો અમે આભારી થઈશું. બજાર જૂનમાં ભરાશે.

[મૂળ અંગ્રેજી]

ગાંધીજીના હસ્તાક્ષરમાં લખાયેલા મૂળ પત્ર પરથી : સી. ડબ્લ્યુ. ૯૨૫
સર્વન્ટ્સ ઑફ ઇન્ડિયા સોસાયટીના સૌજન્યથી

૧. જુઓ "જનરલ હરઝોગની પદ્ધતિ", પા. ૪૫૬–૭.
૨. જુઓ પાદટીપ ૧, પા. ૪૫૬.
૩. સાઉથ આફ્રિકા બ્રિટિશ ઇન્ડિયન કમિટી.

Gandhi Heritage Portal

૩૪૩. શ્રી ગોખલેનાં હિંદમાંનાં ભાષણો

દક્ષિણ આફ્રિકાનો સફળ પ્રવાસ કરી શ્રી ગોખલે હિંદમાં પાછા ફર્યા પછી દક્ષિણ આફ્રિકાના હિંદીઓનો સવાલ ત્યાં જેટલો આગળ આવ્યો છે તેટલો, શ્રી પોલાકના હિંદમાંના રોકાણનો સમય બાદ કરતાં, કયારેય આવ્યો નથી. પરંતુ પોલાકના ત્યાંના રોકાણ દરમ્યાન હિંદની જનતાએ એકસરખી સહાનુભૂતિ બતાવી હતી અને કોઈ જાતની ટીકા કરી નહોતી. આ એક રીતે ખામી જ હતી. પણ ટાઇમ્સના ખબરપત્રીએ લખ્યું છે તેમ મુંબઈ ઊતરતાં જ, શ્રી ગોખલેનું એક તરફથી અભૂતપૂર્વ સ્વાગત કરવામાં આવ્યું અને બીજી તરફથી તેમના કાર્યની ટીકા કરવામાં આવી. અમારા મત પ્રમાણે એ ટીકા ઉતાવળે અને વગર વિચાર્યે કરવામાં આવી હતી. શ્રી ગોખલેએ જે વસ્તુ કદી કરી જ નહોતી તેનું તેમના પર આરોપણ કરવામાં આવ્યું. અને જે સમાધાન બે વરસ પહેલાં સૌએ પસંદ કર્યું હતું તે હવે ખરાબ થઈ ગયું કારણ કે શ્રી ગોખલેએ અહીં આવીને સ્થળ પર તપાસ કરી પોતાના મૂળ વલણનું સમર્થન કર્યું. એટલે જહાજમાંથી ઊતરતાં-ની સાથે શ્રી ગોખલેને પોતાના કાર્યના અને શ્રી ગાંધીએ સમાધાનમાં લીધેલા હિસ્સાના બચાવમાં ઊતરવું પડયું.[૧] એકમાત્ર અપેક્ષા મુજબ શ્રી ગોખલેનો બચાવ, સૌને ખાતરી થાય તેવો હતો. પૂનામાં પણ તેઓ એ વિષય પર બોલ્યા અને ત્યાં પણ તેમના સ્વાગતમાં ભારે જલસો કરવામાં આવ્યો હતો. પરંતુ પોતાના ટીકાકારોને જડબાતોડ જવાબ તો તેમણે બાંકીપુરમાં આપ્યો.[૨] ત્યાં કૉંગ્રેસના શ્રોતાઓને તેમણે એક કલાક કરતાં વધુ સમય સુધી મંત્રમુગ્ધ કરી દીધા. આ ચર્ચાનું પરિણામ એ આવ્યું કે જે છાપાં શ્રી ગોખલેની દક્ષિણ આફ્રિકાની સફળતાની ટીકા કરતાં હતાં અથવા પોતાના હંમેશના ખબરપત્રીઓને બિનજવાબદાર અને ખોટી માહિતી પર આધાર રાખતી ટીકા કરવાની તક આપતાં હતાં તે ઠેકાણે આવ્યાં છે, તેમણે પોતાની ભૂલ સ્વીકારી છે અને એ પણ સ્વીકાર્યું છે કે શ્રી ગોખલેની વાત સાચી છે, તેમણે એક પણ હક જતો કર્યો નથી અને તેમણે એ પ્રશ્ન શાંતિથી તથા રાજકારણી પુરુષને શોભે એ રીતે રાષ્ટ્રીય ભાવનાથી પતાવ્યો છે, જે તેઓ એકલા જ કરી શકે તેમ હતું. તેમણે કશુંયે નવું કહ્યું કે કર્યું નથી, પણ સ્થાનિક હિંદીઓએ જે કર્યું હતું તે તેમણે પોતાની વિશિષ્ટ રીતે કર્યું છે અને પોતાની ભારે લાગવગ અને પ્રતિષ્ઠાનું વજન તેમણે અમારા પલ્લામાં મૂકયું છે. તેઓ હિંદ તરફથી કે હિંદને નામે બોલ્યા કે વર્ત્યા નથી. કારણ કે તેઓ હિંદના સત્તાવાર પ્રતિનિધિ નહોતા. તેમ છતાં બિનસત્તાવાર રીતે તેઓ હિંદ માટે અને વાસ્તવિક રીતે સામ્રાજ્ય માટે પણ બોલ્યા. કારણ કે તેમના ટીકાકારો ગમે તે કહે છતાં શ્રી ગોખલે પોતાના દેશબંધુઓના આરાધ્યદેવનું સ્થાન ધરાવે છે, અને સામ્રાજ્ય તરફથી તેમને જેટલું માન મળે છે તેટલું અત્યારે બીજા કોઈ હિંદીને મળતું નથી. અમે આશા રાખીએ છીએ કે કૉંગ્રેસનું તેમનું ભાષણ અને તેમની વિરુદ્ધમાં કે તરફેણમાં થયેલી ટીકાઓનો સાર અમે થોડા જ વખતમાં છાપી શકીશું. શ્રી ગોખલેની દક્ષિણ આફ્રિકાની મુલાકાતથી અને તેમના પાછા ફરવાથી જે ખળભળાટ થયો તેનાથી લાભ જ થયો છે. કારણ એને લઈને તેમના મોટા ભાગના ટીકાકારોએ સમાધાન ફરીથી સ્વીકારી લીધું છે અને હવે તેઓ સ્થિતિ સમજ્યા છે એટલે હિંદમાં

૧. ગોખલેના મુંબઈના ભાષણ માટે જુઓ પરિશિષ્ટ ૨૩.
૨. જુઓ પાદટીપ ૨, પા. ૪૩૦–૧.

Gandhi Heritage Portal

અમારી તરફેણમાં કોઈ ચળવળ ચાલશે તો તેઓ તેને વધુ ટેકો આપશે. અને, એ તો ઈશ્વર જ જાણે છે કે, અમારે હજુ પણ અમારી માતૃભૂમિ પાસેથી તે આપી શકે તેટલી બધી મદદની જરૂર રહે છે. અમારી હાડમારીઓ બાબતમાં હજી તો પાશેરામાં પહેલી પૂણી છે.

[મૂળ અંગ્રેજી]

ઇન્ડિયન ઓપીનિયન, ૧૫–૨–૧૯૧૩

૩૪૪. કેવી સરસ સૂચના!

એસ્ટકોર્ટના માજિસ્ટ્રેટની એવી સૂચના છે કે દરેક કાળા એટલે હિંદી ને સીદી ઉપર ત્રણ પાઉંડનો કર નાંખવો જોઈએ. જે કાળો માણસ ગોરાને ત્યાં નોકરી કરે તેને દર માસે દસ શિલિંગનું વળતર મળે. આમ કરવાથી આ માજિસ્ટ્રેટ કહે છે કે હિંદી ને સીદી લોકો ખૂબ કામ કરતા થઈ જશે. વળી આ સાહેબ એવી પણ સૂચના કરે છે કે એશિયાવાસીને નવું લાઈસન્સ દેવું નહીં, એક ઠેકાણેથી બીજે ઠેકાણે વેપાર ફેરવવા દેવો નહીં, કોઈ પેઢીને નવા ભાગીદાર લેવાની સત્તા દેવી નહીં. જ્યારે વેપારનો ધણી મરી જાય ત્યારે ગોરા ટ્રસ્ટીને તેનો વેપાર સોંપી વેચાવવો ને બંધ કરાવવો અને જે હિંદી પોતે ઇંગ્રેજી કે ડચ ભાષામાં પોતાના ચોપડા ન રાખી શકે તેનો પરવાનો બંધ કરવો. ઉપરાંતમાં એ માજિસ્ટ્રેટ કહે છે કે જો આ પ્રમાણે કાયદો પસાર નહીં થાય તો હિંદીનો કાબૂ બહુ જમી જશે. આવું ખુલ્લું એક માજિસ્ટ્રેટ બોલે છે પણ એવો વિચાર ધરાવતા ગોરા સેંકડો છે. તેઓનો વિચાર હજુ પાર નથી પડ્યો કેમ કે આપણામાં કંઈક દૈવત રહ્યું છે. પણ જો આપણું દૈવત તેટલું જ રહેશે ને ઉપલા વિચારવાળા ગોરાઓ વધશે તો આપણા બાર વાગતાં વખત નહીં લાગે એવું સમજવું એ સાધારણ ત્રિરાશિનો દાખલો સમજવા બરોબર છે.

[મૂળ ગુજરાતી]

ઇન્ડિયન ઓપીનિયન, ૧૫–૨–૧૯૧૩

૩૪૫. આરોગ્ય વિષે સામાન્ય જ્ઞાન [–૭]

આપણે અગાઉના પ્રકરણમાં જોઈ ગયા કે, હવા લેવાનો માર્ગ તે નાક છે — મોઢું નહીં; એમ છતાં ઘણા જ થોડા માણસોને બરોબર શ્વાસ લેતાં આવડે છે. બહુ માણસો મોઢા વાટે શ્વાસ લે છે. આ ટેવ ઈજા કરે છે. બહુ ઠંડી હવા જો મોં વાટે લેવાય તો ઘણી વાર શરદી થઈ આવે છે ને સાદ બેસી જાય છે. હવામાંના રજકણો મોઢા વાટે શ્વાસ લેનારનાં ફેફસાંમાં પ્રવેશ કરે છે, તેથી કેટલીક વાર ફેફસાંને મોટી હાનિ પહોંચે છે. આનો પ્રત્યક્ષ અનુભવ લંડન જેવા શહેરમાં તરત થઈ જાય છે. ત્યાં ઘણી ચીમનીઓને લીધે નવેમ્બર માસમાં બહુ 'ફોગ' — પીળી ધૂમસ — થાય છે; તેમાં ઝીણા કાળા રજકણો હોય છે. જે માણસ તે રજકણોથી ભરેલી હવા મોં વાટે લે છે, તેના થૂંકમાં તે જોવામાં આવે છે. આમ ન થાય તેટલા સારુ કેટલીક સ્ત્રીઓ, જેને નાક વાટે શ્વાસ લેવાની આદત નથી હોતી, તે મોં ઉપર ખાસ જાળીવાળી મૂમતી બાંધે છે. એ મૂમતી

Gandhi Heritage Portal

ચાળણીની ગરજ સારે છે. તેમાં થઈને હવા જાય છે તે ચોખ્ખી થાય છે. કેટલોક વખત વપરાયા પછી તે મૂમની તપાસી હોય, તો તેમાં રજકણો જોવામાં આવશે. આવી ચાળણી ઈશ્વરે નાકમાં રાખેલી છે. નાકથી લેવાયેલી હવા સાફ થયા પછી જ ફેફસાંને પહોંચે છે. વળી નાકમાંથી લેવાયેલી હવા ગરમ થઈ અંદર ઊતરે છે. આ વાત ધ્યાનમાં રાખી દરેક માણસે નાક વાટે જ હવા લેતાં શીખી લેવું જોઈએ. તે કંઈ મુશ્કેલીની વાત નથી. ન બોલતા હોઈએ ત્યારે મોં બંધ રાખવું જોઈએ. જેઓને મોં ઉઘાડું રાખવાની ટેવ પડી ગઈ હોય તેણે મોઢે પડદો બાંધી રાતના સૂવું. એટલે પરાણે નાક વાટે જ શ્વાસ લેવાશે. વળી સવાર સાંજ ખુલ્લી હવામાં ઊભીને તેણે નાકથી વીસેક વાર શ્વાસ લેવા. આમ કરવાથી નાકથી જ શ્વાસ લેવાની ટેવ પડી જશે. તંદુરસ્ત અને નાકથી શ્વાસ લેનાર માણસ પણ નાક વાટે હમેશાં સ્વચ્છ હવામાં શ્વાસ લે તો તેની છાતી મજબૂત અને પહોળી થશે. આ અખતરો દરેક માણસને કરવા લાયક છે. અખતરો કરનારે શરૂઆતમાં છાતીનું માપ લેવું ને એક માસ પછી ફરી લેવું. તે જોશે કે તેટલી ટૂંકી મુદતમાં તેની છાતી કંઈક વિશેષ પહોળી થઈ છે. સેન્ડો વગેરે ડમ્બેલ્સની કસરત કરાવે છે, તેમાં પણ એ જ રહસ્ય રહ્યું છે. ઝપાટાથી ડમ્બેલ્સ ફેરવતાં શ્વાસ ઊંડા ને ખૂબ લેવાય છે, તેથી છાતી ખૂબ પહોળી ને મજબૂત બને છે.

આમ હવા કેમ લેવી એ જાણવાની સાથે ખુલ્લી હવા રાત ને દહાડો લેવાની ટેવ પાડવાની જરૂર છે. આપણી સાધારણ આદતો એવી છે કે, આપણે દિવસના ઘરમાં કે દુકાનોમાં ગોંધાઈ રહીએ છીએ ને રાતના પણ તિજોરી જેવી ઓરડીમાં સૂઈએ છીએ; બારીબારણાં હોય તે પણ બંધ કરી દઈએ છીએ. આ ટેવ ઘણી જ વખોડવા જેવી છે. જેટલો વખત બને તેટલો વખત ને ખસૂસ કરીને સૂતી વેળા આપણે ખુલ્લી હવા જ લેવી ઘટે છે; એટલે જેનાથી બને તેણે તો ઉઘાડા વરંડામાં, અગાસીમાં, ફળીમાં કે કઠેડામાં સૂવું જોઈએ. જેના નસીબમાં આમ કરવાનું નથી તેણે પોતાની કોટડીના જેટલા દરવાજા ને બારી ખુલ્લાં રાખી શકાય તેટલાં રાખવાં જોઈએ. હવા જે આપણને ચોવીસે કલાક ખાવાનો ખોરાક છે તેનાથી બિલકુલ ડરવાનું નથી. ઉઘાડી હવા કે સવારની કોરી હવા લેવાથી માંદગી થાય એવી વાત માત્ર વહેમ છે. જેણે કુટેવોથી પોતાનાં ફેફસાં બગાડ્યાં છે તેને એકાએક ખુલ્લી હવા લેવાથી શરદી થઈ આવવાનો સંભવ છે. પણ તેવા માણસે એવી શરદીથી ડરવાનું નથી. એ શરદી ટૂંક મુદતમાં જ દૂર થઈ જશે. ક્ષયની બીમારી ભોગવનારાને સારુ હાલ યુરોપમાં ઠેકઠેકાણે ખુલ્લી હવા મળે તેવાં ખુલ્લાં મકાનો બાંધવામાં આવ્યાં છે. દેશમાં મરકીનો ઉપદ્રવ રહ્યા જ કરે છે. તેનું ખાસ કારણ આપણી હવા બગાડવાની અને બગડેલી હવા લેવાની બૂરી આદત છે. નાજુકમાં નાજુક માણસ ખુલ્લી હવા લે તો તેને ફાયદો જ થાય એ ચોક્કસ રીતે માનવા જેવી હકીકત છે. હવા નહીં બગાડતાં ને સ્વચ્છ હવા લેતાં આપણે શીખી લઈએ તો આપણે ઘણા રોગોમાંથી સહેજે બચી જઈએ ને દક્ષિણ આફ્રિકા જેવા મુલકમાં આપણી ઉપર ગંદકીનો જે આરોપ છે તે કેટલેક દરજજે દૂર થાય.

જેમ ખુલ્લી હવામાં સૂવાની જરૂર છે, તેમ જ મોં ઉપર નહીં ઓઢવાની પણ જરૂર છે. ઘણા હિંદીની આદત મોં ઢાંકીને સૂવાની છે. આમ કરવાથી આપણો બહાર નીકળેલો ઝેરી શ્વાસ આપણે જ લઈએ છીએ. હવા એ વસ્તુ એવી છે કે, જરા માર્ગ હોય તોય ત્યાં તે પેસી જાય છે. આપણું ઓઢવાનું ગમે તેમ લપેટ્યું હોય તોપણ બહારની હવા થોડીઘણી તેમાં પેસી જાય છે. જો આમ ન જ થતું હોય ને આપણે માથા સુધી ઓઢીને સૂતા હોઈએ તો ગૂંગળાઈને જ

Gandhi Heritage Portal

મરી જઈએ; પણ તેમ થતું નથી; કેમ કે થોડીઘણી પ્રાણવાયુવાળી બહારની હવા મળ્યા કરે છે; પણ તેટલું બસ નથી. માથે ટાઢ વાય તો માથા ઉપર કંઈ નોખું વસ્ત્ર લપેટવું કે કાનટોપી પહેરવી પણ નાક તો જરૂર બહાર રાખવું જોઈએ. ગમે તેટલી ઠંડી પડતી હોય, ત્યારે પણ નાકને ઢાંકીને ન સૂવું જોઈએ.

હવા અને અજવાળાને એટલો બધો નિકટ સંબંધ છે કે, અજવાળા વિષે બે બોલ આ પ્રકરણમાં જ લખવા ઘટે છે. જેમ આપણે હવા વિના ન નભી શકીએ તેમ જ અજવાળા વિના ન જિવાય. નરકમાં અજવાળાનો અભાવ જ માન્યો છે. જ્યાં તેજ નથી ત્યાં હવા હમેશાં ખરાબ જ હોય છે. કોઈ અંધારી કોટડીમાં આપણે પ્રવેશ કરીશું તો ત્યાંની હવામાં આપણને બદબો માલૂમ પડશે જ. અંધારામાં આપણે આંખનો ઉપયોગ નથી કરી શકતા. એ બતાવે છે કે, આપણે અજવાળામાં જ રહેવાને પેદા થયેલા છીએ; જેટલા અંધારાની જરૂર કુદરતે આપણે સારુ માની છે, તેટલું અંધારું આપણને સુખાકારી રાત્રિ પેદા કરીને તેણે આપ્યું છે. ઘણા માણસોને એવી આદત પડી ગયેલી હોય છે કે, ઘણી ગરમીના દિવસોમાં પણ તેઓ પોતાની ભોંયરા જેવડી કોટડીમાં અજવાળું ને હવા બંધ કરીને બેસી કે સૂઈ રહેશે. હવા અને અજવાળા વિના રહેનારા માણસો તેજ અને શક્તિ વગરના જોવામાં આવે છે.

યુરોપ તરફ હાલ એવા તબીબો છે કે જેઓ દરદીઓને ખુલ્લી હવા અને અજવાળું પુષ્કળ આપી તેઓનાં દરદ મટાડે છે. તેઓ માત્ર ચહેરાને હવા-અજવાળું આપે છે એટલું જ નહીં, પણ દરદીને લગભગ નગ્ન દશામાં રાખે છે અને આખા શરીરની ચામડી ઉપર હવા અને અજવાળાની અસર પહોંચાડે છે. આવી માવજતથી સેંકડો આદમીઓ સાજા થાય છે. હવા અને અજવાળાની આવજા થાય તે માટે આપણાં રહેવાનાં ઘરનાં બારીબારણાં રાતદહાડો ખુલ્લાં રાખવાં જોઈએ.

ઉપરનું લખાણ વાંચી કેટલાકને એમ શંકા થશે કે, જો હવા અને તેજની આટલી જરૂરિયાત હોય તો ઘણાં માણસો પોતાની કોટડીમાં પડી રહે છે છતાં તેઓને નુકસાન કેમ નથી થતું? આવી શંકા કરનારે વિચાર નથી કરેલો એમ કહેવાય. જેમતેમ નભવું એવો આપણો વિષય નથી. આપણો વિષય તો એ છે કે, સંપૂર્ણ આરોગ્યમાં બને તો નભવું. એમ ચોક્કસ રીતે સાબિત કરવામાં આવ્યું છે કે, જ્યાં જ્યાં લોકો ઓછી હવા ને ઓછું અજવાળું લે છે, ત્યાં ત્યાં તેઓ માંદા રહે છે. શહેરના લોકો ગામડિયા કરતાં નાજુક છે; કેમ કે શહેરના લોકોને હવા-અજવાળાં થોડાં મળે છે. ડરબનમાં આપણા લોકોમાં ઘાસણી વગેરે રોગો વિશેષ છે; તેનું કારણ ડરબનનો સરકારી દાક્તર એ જ આપે છે કે, આપણે એવી સ્થિતિમાં રહીએ છીએ કે, આપણને ચોખ્ખી હવા નથી મળતી અથવા આપણે નથી લેતા. હવા અને અજવાળાનો વિષય આરોગ્યને સારુ એવો જરૂરનો છે કે, દરેકે તે કાળજીપૂર્વક સમજવો જોઈએ.

(અધૂરું)

[મૂળ ગુજરાતી]

ઇન્ડિયન ઓપીનિયન, ૧૫–૨–૧૯૧૩

Gandhi Heritage Portal

૩૪૬. મિ. ગોખલે દેશમાં

દેશમાં મિ. ગોખલેએ ત્રણ જાણવા યોગ્ય ભાષણો આપણે વિષે કર્યાં છે. તેના રિપોર્ટ અને તેની ઉપર ટીકાઓ દેશથી ફરી વળ્યાં છે. તે ભાષણો મુંબઈમાં, પૂનામાં ને કૉંગ્રેસમાં બાંકીપુરમાં થયાં. કૉંગ્રેસનું ભાષણ સર્વોપરી ગણાયું છે. એમ કહેવાય છે કે તે ભાષણ એક કલાક ચાલ્યું ને આખો વખત લોકોએ એકધ્યાને તે ભાષણ સાંભળ્યું એટલી બધી તેની અસર થયેલી. મિ. ગોખલે જેવા મુંબઈ ઊતર્યા તેવા જ તેમણે મુંબઈમાં બે પક્ષ જોયા. એક પક્ષ જેના નેતા સર ફિરોજશાહ[૧] હતા તેણે એમ જ ધાર્યું કે મિ. ગોખલે તો હિંદના હક ડુબાવીને આવ્યા. તેમણે મિ. ગાંધી મારફતે થયેલી સમાધાની કબૂલ કરી એ પણ બરોબર ન કર્યું. અને એક લેખકે તો ત્યાં સુધી ટીકા કરી કે દક્ષિણ આફ્રિકા ગયેલો પૈસો રોળાઈ ગયો. આ પક્ષની માન્યતા એવી હતી કે કાયદેસર હક સાચવવા જોઈતા હતા એટલું જ નહીં પણ ગમે તે ને ગમે તેટલા હિંદીને દક્ષિણ આફ્રિકા જવું હોય તેને સારુ મિ. ગોખલેએ છૂટ માગવી જોઈતી હતી. આવી છૂટ ન મળે ને પરિણામે દરેક હિંદીને દક્ષિણ આફ્રિકા છોડવું પડે તો અડચણ નહીં એમ પણ આ પક્ષની માન્યતા હતી. આ પક્ષ ઘણો જ નાનો છે એમ તો મિ. ગોખલેની મુંબઈ, પૂના ને કૉંગ્રેસની મીટિંગો બતાવી આપે છે. કેમ કે આ મીટિંગોમાં કોઈ પણ સામે બોલનાર નીકળ્યા ન હતા. છતાં આ પક્ષથી બંગાળી જેવું છાપું દોરવાઈ ગયું હતું. કૉંગ્રેસના ભાષણ પછીનાં છાપાં જેણે મિ. ગોખલેની વિરુદ્ધ ટીકા કરી હતી તે ઘણાં પસ્તાવો બતાવે છે અને લખે છે કે તેઓએ ગેરસમજથી લખેલું.[૨] અને મિ. ગોખલેએ કૉંગ્રેસમાં ભાષણ કરી એટલું બધું સરસ રીતે બતાવી આપ્યું છે કે તેમના કાર્યની સામે કંઈ કહેવાપાણું રહેતું નથી એટલું જ નહીં પણ મિ. ગોખલેનું કાર્ય ઘણું જ સરસ ગણાવું જોઈએ.

અમે તો માનીએ છીએ કે દેશમાં મતભેદ થયા ને મિ. ગોખલેના કાર્યની સામે ટીકા થઈ એમાં લાભ જ થયો છે. આથી આખા હિંદુસ્તાનમાં આપણા સવાલ વિષે મહાન ચર્ચા ચાલી

૧. સર ફિરોજશાહ મેરવાનજી મહેતા; મુંબઈના "બેતાજ બાદશાહ", જેઓ "કાયદાની કોર્ટોમાં સિંહની માફક ગર્જના કરતા"; કૉંગ્રેસના જન્મથી જ તેની સાથે સંકળાયેલા, ૧૮૯૦માં કલકત્તામાં ભરાયેલા કૉંગ્રેસના છઠ્ઠા અધિવેશનના પ્રમુખ; ૧૯૧૯ના કૉંગ્રેસના ચોવીસમા અધિવેશનના પણ પ્રમુખ ચૂંટાયા હતા, પરંતુ પદ ગ્રહણ કરવાના છ દિવસ પહેલાં હેરત પમાડે એ રીતે રાજીનામું આપી દીધું. કૉંગ્રેસની કમિટીઓ પર ઘણું કામ કર્યું, ખાસ કરીને ૧૮૯૨ની પબ્લિક સર્વિસ કમિશનની ભલામણોને લગતું કામ; ૧૮૯૪ના લૉર્ડ એલ્ગિનને મળેલા પ્રતિનિધિમંડળના સભ્ય; ૧૮૯૬માં ગાંધીજીને "એક પ્રેમાળ પિતા પોતાના ઉંમરે પહોંચેલા પુત્રને મળે તે રીતે" પહેલી વાર મળ્યા; અને મુંબઈમાં એક જાહેરસભા ગોઠવવામાં તેમને મદદ કરી જેમાં તેમણે બંનેએ ભાષણ આપ્યાં; ૧૯૦૧માં ગાંધીજીને દક્ષિણ આફ્રિકા જવા વિરુદ્ધ સલાહ આપી; શરૂમાં તેઓ સત્યાગ્રહની સફળતા વિષે શંકાશીલ હતા, કારણ કે એમનો ખ્યાલ એવો હતો કે દેશ સ્વતંત્ર ન થાય ત્યાં સુધી પરદેશમાં વસતા હિંદીઓ માટે કશું પણ કરી નહીં શકાય. પરંતુ ૧૯૧૪માં મુંબઈની એક સભામાં એમણે જાહેર કર્યું કે, "જેલમાં પડેલી આ સ્ત્રીઓનો વિચાર આવતાં મારું લોહી ઊકળી ઊઠે છે." જુઓ આત્મકથા, ભાગ ૧, પ્ર. ૨૫; ભાગ ૨, પ્ર. ૨૬, ૨૭ તથા દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહનો ઇતિહાસ, દ્વિતીય ખંડ, પ્ર. ૧૬.

૨. જુઓ "શ્રી ગોખલે રાષ્ટ્રીય મહાસભામાં", પા. ૪૩૦–૧ અને "મિ. ગોખલેનું હિંદમાં ભાષણ", પા. ૪૩૩–૪.

Gandhi Heritage Portal

ને લડતનું ખરું રહસ્ય સમજાયું. આજ લગી જે માણસો ઉપર ઉપરથી જ સમજતા હતા તે ઊંડા ઊતરવા લાગ્યા. જો તેઓ અસલથી ઊંડા ઊતર્યા હત તો ગેરસમજ થાત જ નહીં. જે માણસોએ બે વર્ષ પહેલાં સમાધાની પસંદ કરી તે જ માણસો, મિ. ગોખલેએ તે જ સમાધાની કરી તે સારુ તેમને કેમ વખોડે? તે જ સમાધાની સામે હવે કેમ બોલે? પણ મિ. ગોખલે જેવા પુરુષે શું કર્યું હશે એમ સહુને જાણવાની ઇચ્છા થાય ને તેથી તેઓ વિચારતા થઈ જાય. તેમ વિચારવામાં ઉતાવળે દોષ પણ જુએ. આવું આ સમયે બન્યું છે. પણ પરિણામ તો સરસ જ આવ્યું છે. આપણો સવાલ અગાઉના કરતાં પણ વિશેષ મહત્ત્વ હિંદમાં તેમ જ વિલાયતમાં ધરાવે છે એ ચોક્કસ છે.

[મૂળ ગુજરાતી]

ઇન્ડિયન ઓપીનિયન, ૨૨-૨-૧૯૧૩

૩૪૭. આરોગ્ય વિષે સામાન્ય જ્ઞાન [-૮]

૪. પાણી

આપણે આગળ જોઈ ગયા કે, હવા એ ખોરાક છે અને પાણીનું પણ તેમ જ છે. હવા એ પહેલી પદવી ભોગવે છે અને પાણી બીજી પદવી ભોગવે છે. હવા વિના માણસ થોડી મિનિટ જ નભી શકે; પાણી વિના કેટલાક કલાકો અને દેશને લઈ કંઈક દિવસ પણ કાઢી શકે; તો પણ એટલું તો ચોક્કસ છે કે, બીજા ખોરાક વિના લાંબી મુદત ચલાવાય તેમ પાણી વિના ન જ ચલાવાય. પણ જે માણસને પાણી પીવાનું મળે તે ઘણા દહાડા સુધી અનાજ વિના નભી શકે છે. આપણા શરીરમાં પાણીના સિત્તેરથી વધારે ટકા છે. પાણી વિનાના શરીરનું વજન આઠથી બાર રતલ સુધીનું ગણાય છે. આપણા બધા ખોરાકમાં ઓછુંવત્તું પાણી હોય છે જ.

આમ જે વસ્તુ આપણને બહુ અગત્યની છે તેની સંભાળ પ્રમાણમાં આપણે બહુ ઓછી લઈએ છીએ. મરકી વગેરે રોગો આપણી હવા વિષેની બેદરકારીને લીધે આપણને ઘેરે છે. તેવાં પરિણામ આપણી પાણી વિષેની બેદરકારીથી આવે છે. લડાઈમાં રોકાયેલા લશ્કરમાં કાળ-જ્વર ઘણી વેળા ફાટી નીકળે છે. તેનો દોષ પાણી ઉપર સાબિત કરવામાં આવ્યો છે; કેમ કે લડાઈમાં ફોજને જ્યાં જેવું મળે ત્યાં તેવું પાણી પીવું પડે છે. શહેરમાં રહેનારા માણસોમાં પણ ઘણી વેળા આવી રીતના તાવ ફાટી નીકળે છે, તેનું કારણ ઘણી વખત પાણી હોય છે. ખરાબ પાણી પીવાથી પથરીનો રોગ પણ ઘણી વાર પેદા થાય છે.

પાણી બગડવાનાં બે કારણો હોય છે: એક તો એવા પ્રદેશમાં પાણી મળતું હોય કે ત્યાં ચોખ્ખું ન રહે અને બીજું એ કે આપણે તે પાણીને બગાડીએ. જ્યાં ખરાબ જગ્યાએ પાણી રહેતું કે નીકળતું હોય, ત્યાંનું પાણી તો ન જ પીવું જોઈએ અને ઘણે ભાગે આપણે નહીં પીએ. પણ આપણી ગફલતથી ખરાબ થયેલું પાણી પીતાં આપણે અચકાતા નથી. જેમ કે નદી-ઓમાં આપણે ગમે તે વસ્તુઓ નાખી તે જ પાણી પીવાધોવામાં વાપરીએ છીએ. નિયમ એવો છે કે, જે જગ્યાએ આપણે નાહતા હોઈએ તે જ જગ્યાએથી પાણી કદી પીવાને સારુ વાપરવું નહીં. નદીનાં પાણી હમેશાં જે દિશાથી વહેતાં હોય તે દિશામાં જ્યાં કોઈ ન નહાતું હોય ત્યાંથી પાણી લેવું જોઈએ એથી જ દરેક ગામમાં નદીના બે વિભાગ પડવા જોઈએ. નીચેનો

Gandhi Heritage Portal

ભાગ નાહવાધોવાનો અને વહેણ ઉપરનો ભાગ પીવાનો. લશ્કરો જ્યારે પાણીની નજીક છાવણી નાખે, ત્યારે અમુક એક માણસ નદીનું વહેણ તપાસી કાંઠા ઉપર વાવટો નાખે છે ને તેની ઉપરનો વહેણ તરફનો ભાગ જો કોઈ પણ નાહવાધોવા માટે વાપરે તો તેને સજા થાય છે. દેશમાં જ્યાં આવો બંદોબસ્ત નથી હોતો ત્યાં ખંતીલી ઓરતો ઘણી વાર વીરડા ગાળી તેમાંથી પાણી ભરે છે. એ રિવાજ બહુ જ સરસ છે; કેમ કે તેમ કરવાથી પાણી રેતી વગેરેમાંથી ગળાઈને આવે છે. કૂવાનાં પાણીમાં ઘણાં જોખમો કેટલીક વાર રહેલાં હોય છે. છીછરા કૂવામાં જમીનમાં ઊતરેલાં મળમૂત્રના રસ ભળે છે. તેમાં કોઈ વાર મૂએલાં પક્ષીઓ પડે છે. ઘણી વાર પક્ષીઓ માળા બાંધે છે. વળી કૂવાને બાંધકામ ન હોય તો તેમાં પાણી ભરનારના પગનો મેલ વગેરે ઊતરીને પાણીને બગાડે છે; એટલે કૂવાનાં પાણી પીવામાં બહુ સાવચેતી વાપરવી એ જરૂરનું છે. ટાંકીઓમાં ભરેલું પાણી તો બહુ વખત ખરાબ હોય છે. ટાંકીનું પાણી નિર્દોષ રાખવાને તેને વખતોવખત ધોવી જોઈએ, તે ઢંકાવી જોઈએ ને છાપરાં વગેરે જ્યાંથી પાણીની આવક હોય તે સાફ રાખવાં જોઈએ. આવી ચોખ્ખાઈ જાળવવાનો ઉદ્યોગ થોડા જ માણસો કરે છે; એટલે પાણીના દોષ બને તેટલા દૂર કરવાનો સોનેરી નિયમ તો એ છે કે, પાણીને અર્ધા કલાક સુધી ઉકાળી, ઠારીને પછી તેને હલાવ્યા વિના બીજા વાસણમાં કાઢી તેને ત્રીજા વાસણમાં જાડા ને સાફ કપડાથી ગાળીને પીવું. આમ કરનાર પોતાની બીજા પ્રત્યેની ફરજમાંથી મુક્ત થતો નથી. સાર્વજનિક ઉપયોગ સારુ રહેલું પાણી એ તેની તેમ જ બીજા બધાની, ને તે લત્તામાં કે ગામોમાં રહેનારની મિલકત છે. તે મિલકતને તે એક વાલી તરીકે વાપરવા બંધાયેલ છે; એટલે પાણી બગડે એવું કર્મ તેનાથી તો ન જ થવું જોઈએ. તેણે નદી કે કૂવાને બગાડવાં ન ઘટે, તેનાથી પાણી પીવાનો ભાગ નાહવાધોવામાં વપરાય નહીં, તેનાથી પાણીની નજીકમાં મળમૂત્રનો ત્યાગ થાય નહીં, તે પીવાના સ્થળ આગળ મુડદાં બાળી ન શકે અને તેની રાખ વગેરે તેમાં નાખી ન શકે.

પાણીની બહુ સંભાળ રાખતાં પણ તે તદ્દન ચોખ્ખું આપણને નથી મળતું. તેમાં ક્ષાર આદિનો ભાગ હોય છે અને કેટલીક વેળા સડેલી વનસ્પતિનો ભાગ હોય છે. વરસાદનું પાણી ચોખ્ખામાં ચોખ્ખું ગણાય છે, પણ આપણને પહોંચે તે પહેલાં હવામાં ઊડતા રજકણો વગેરેનો તે પાણીમાં પણ ભેળ થઈ જાય છે. તદ્દન ચોખ્ખા પાણીની અસર શરીર ઉપર જુદા જ પ્રકારની થાય છે. આમ જાણવાથી કેટલાક અંગ્રેજ દાક્તરો 'ડિસ્ટિલ્ડ' એટલે શુદ્ધ કરેલું પાણી પોતાના દરદીઓને આપે છે. આ પાણી તે પાણીની વરાળ બનાવી ઠારેલું છે. જેને કબજિયાત વગેરે રહેતાં હોય તે માણસ આ 'ડિસ્ટિલ્ડ' પાણીનો ઉપયોગ કરે, તો તેને પ્રત્યક્ષ પારખું મળી શકે છે. આવું પાણી બધા કેમિસ્ટ વેચે છે. 'ડિસ્ટિલ્ડ' પાણી અને તેના ઉપાયો ઉપર હાલમાં એક પુસ્તક લખાયું છે. લખનાર માને છે કે, ઉપર પ્રમાણે શુદ્ધ થયેલું પાણી પીવામાં આવે તો ઘણા રોગો મટી શકે છે. આમાં અતિશયોક્તિ ઘણી છે, છતાં તદ્દન શુદ્ધ થયેલા પાણીની અસર શરીર ઉપર ખૂબ થાય એ અસંભવિત વાત નથી.

પાણી કઠણ અને નરમ એમ બે પ્રકારનું હોય છે, એ વાતથી બધા વાકેફ નથી હોતા; છતાં એ હકીકત જાણવા જેવી છે. કઠણ પાણી એ કે જેમાં સાબુ વાપરવાથી તુરત ફીણ ન વળતાં છોતાપાણી થઈ જાય છે. આનો અર્થ એ થયો કે, એ પાણીમાં ક્ષાર વધારે છે. જેમ ખારા પાણીમાં સાબુ ન વપરાય તેમ કઠણ પાણીમાં વાપરવો મુશ્કેલ પડે છે. કઠણ પાણીમાં

Gandhi Heritage Portal

અનાજ પકવવું એ પણ અઘરું છે; તે જ હિસાબે કઠણ પાણી પીને અનાજ પચાવવામાં હરકત આવવી જોઈએ ને આવે છે. કઠણ પાણી હમેશાં સ્વાદમાં ભાંભરું હશે અને નરમ પાણી મીઠું અથવા બિલકુલ સ્વાદ વિનાનું હશે. કેટલાકનો અભિપ્રાય એવો છે કે, કઠણ પાણીમાંની વસ્તુઓ પોષક હોવાથી કઠણ પાણી વાપરવાથી ફાયદો છે; પણ એકંદરે તો એમ જ જોવામાં આવે છે કે, નરમ પાણી વાપરવું એ જ બરોબર છે. વરસાદનું પાણી એ ચોખ્ખામાં ચોખ્ખું કુદરતી પાણી હોય છે. તે પાણી તો નરમ જ છે અને તે વાપરવું ઠીક છે એમ તો સહુ કોઈ માને છે. કઠણ પાણીને ઉકાળ્યા પછી અર્ધો કલાક ચૂલા ઉપર રાખ્યું હોય તો તે નરમ થઈ શકે છે. ચૂલેથી ઉતાર્યા બાદ ઉપર બતાવ્યા પ્રમાણે તેની વ્યવસ્થા કરવી જોઈએ.

પાણી ક્યારે પીવું અને કેટલું પીવું, એ સવાલ કેટલીક વખત થાય છે. તેનો સીધો જવાબ તો એ છે કે, તરસ લાગે ત્યારે તરસ છીપે તેટલું પાણી પીવું. ખાતાં પીવામાં ખાસ બાધ નથી ને ખાધા પછી પીવામાં પણ બાધ નથી. ખાતાં પાણી પીનારે એટલું યાદ રાખવું જોઈએ કે, ખોરાક જલદી ગળે ઊતરે એ વિચારથી તો ન જ પીવું. ખોરાક પોતાની મેળે ન ઊતરે તો કાં તો તેં બરાબર ચાવ્યો નથી અથવા હોજરી તે માગતી નથી.

ખરું જોતાં તો પાણી પીવાની જરૂર ઘણે ભાગે નથી ને ન હોવી જોઈએ. જેમ આપણા શરીરની બનાવટમાં ૭૦ ટકા ઉપરાંત પાણી છે તેવું જ ખોરાકમાં પણ છે. કેટલાકમાં તો ૭૦ ટકાથી બહુ વધારે પ્રમાણમાં પાણી છે. એવું અનાજ એકે નથી કે, જેમાં પાણી મુદ્દલ ન જ હોય. વળી આપણે રાંધીએ છીએ તેમાં તો પાણી પુષ્કળ વાપરીએ છીએ; છતાં પાણીની હાજત કેમ થાય છે? આનો પૂરો જવાબ તો ખોરાકના પ્રકરણમાં મળી શકશે; પણ સાધારણ રીતે આ સ્થળે એટલું કહી શકાય કે, જેના ખોરાકમાં ખોટી તરસ ઉત્પન્ન કરનારી વસ્તુઓ જેવી કે મસાલો, મરચાં વગેરે નથી આવતાં તેને થોડું જ પાણી પીવું પડે છે. જેઓ પોતાનો ખોરાક મુખ્યત્વે લીલા મેવામાંથી મેળવે છે, તેમને નર્યું પાણી પીવાની ઇચ્છા ભાગ્યે જ થશે. માણસને વગર કારણે હમેશાં અત્યંત તરસ લાગે તેને કંઈક પણ દરદ થયું છે એમ જાણવું.

ગમે તેવું પાણી પીવા છતાં કેટલાક માણસોને કંઈ નથી થતું, એમ ઉપરટપકે જાણી બીજા કેટલાક માણસો ગમે તે પાણી પીતા જોવામાં આવે છે. જે જવાબ લવાના પ્રકરણમાં આવી જાતના સવાલનો અપાયો તે જવાબ આ વખતે પણ લાગુ પડે છે. વળી આપણા શરીરનું લોહી એવા સરસ ગુણ ધરાવે છે કે, ઘણી જાતનાં ઝેરને તે લોહી જ નાબૂદ કરે છે. પણ સરસ તલવારને વાપર્યા પછી જો તેની ધાર બરોબર ન કરીએ તો નુકસાન પહોંચે છે તેવું જ લોહીનું છે. લોહીની પાસેથી આપણા ચોકીદારનું કામ લઈએ ને તેની માવજત ન કરીએ, તો તેની શક્તિ ઘટે ને છેવટે નાશ પામે એમાં નવાઈ નથી. એટલે હમેશાં ખરાબ પાણી લઈએ તો છેવટે લોહી પોતાનું કામ કરતું અટકે એમાં શક નથી.

(અધૂરું)

[મૂળ ગુજરાતી]

ઇન્ડિયન ઓપીનિયન, ૨૨-૨-૧૯૧૩

Gandhi Heritage Portal

૩૪૮. એચ. એલ. પૉલને પત્ર

જોહાનિસબર્ગ,
ફેબ્રુઆરી ૨૫, ૧૯૧૩

પ્રિય મિ. પૉલ,

હા, હું ખરેખર કામમાં ખૂંચી ગયો છું. કુમારી એન.ને હું દરેક વસ્તુથી માહિતગાર રાખું છું.

મિ. સેરિજ બાબતમાં હું દિલગીર છું કે હમણાં કંઈ થઈ શકે તેમ નથી. અહીં કોઈ સારી હિંદી શાળા નથી. પણ મારી સૂચના છે કે તેમણે તેમની અરજી ત્યાંના સુપરિન્ટેન્ડેન્ટ મારફતે મોકલવી જોઈએ. અને સુપરિન્ટેન્ડેન્ટ ભારપૂર્વક ભલામણ કરે તો વખત આવ્યે મિ. એસ.ને સારી તક મળી જાય એવો સંભવ છે.

તમે હજી જેવા ને તેવા ઉદાસ રહો છો તેથી મને દુઃખ થાય છે.[1] તમારે ઉદાસીનતા છોડવા પ્રયત્ન કરવો જોઈએ. દુઃખ મનુષ્યને નિરાશ કરવા માટે નહીં, પણ શુદ્ધ કરવા માટે આવે છે.

આપનો
મો. ક. ગાંધી

[મૂળ અંગ્રેજી]
મૂળ પત્રની નકલ પરથી: સી. ડબ્લ્યુ. ૪૯૦૨
મિ. યૂજેન જૉસફ પૉલ, પિટરમેરિત્સબર્ગ, ના સૌજન્યથી

૩૪૯. જોહાનિસબર્ગની નિશાળ

આ નિશાળ હજુ તો ખૂલી જ છે તેવામાં ભારે અડચણ આવી પડી જણાય છે. બધાની સમજ એવી છે કે નિશાળમાં નિશાળને વખતે તામિલ અને ગુજરાતી શીખવવામાં આવશે. હવે એમ સાંભળીએ છીએ કે તામિલ તો નિશાળના વખતની બહાર જ શીખવાય, આનો અર્થ એમ કે તામિલ ન શીખવાય. જો સરકાર આમ કરે તો, મહા અન્યાય થાય. મિ. ગોખલેને સ્કૂલ બોર્ડના મેમ્બરની સાથે વાત થયેલી તેમાં તેમને ચોખ્ખું વચન અપાયેલું છે કે છોકરા કંઈક સંખ્યામાં તે નિશાળમાં દાખલ થશે તેને તે તે હિંદી ભાષા શીખવવાની સગવડ સરકાર કરશે. હવે તામિલ ભાષા એ હિંદુસ્તાનની એક મોટી ભાષા છે. તે ભાષા જાણનારા છોકરા આ નિશાળમાં સારી સંખ્યામાં દાખલ થયા છે. એ છોકરાઓને તામિલ ભાષાનું જ્ઞાન બરોબર આપવું એ સરકારની ફરજ છે. નવી સ્થપાયેલી કમિટીએ આ બાબત બરોબર હિલચાલ કરવાની જરૂર છે. આમાં દાદ મળવી એ મુશ્કેલીની વાત નથી. છોકરાઓ માતૃભાષા મારફતે ન શીખે તે માત્ર પોપટિયું જ્ઞાન જ મેળવે છે. એક છોકરો સરકારી હિંદી નિશાળમાં ભણતો હતો. મહેતાજીને છોકરાની બાપૂકી ભાષાનું જ્ઞાન ન હતું. છોકરાને પોપટનો ઈંગ્રેજી શબ્દ શીખવવામાં આવ્યો

૧. એચ. એલ. પૉલ પોતાના પુત્ર ક્લેમેન્ટના મૃત્યુથી દુઃખી રહેતા હતા.

Gandhi Heritage Portal

હતો, પણ તેને ખબર ન હતી કે તે શબ્દનો ગુજરાતી અર્થ "પોપટ" થાય છે. તેથી જ્યારે ઇંગ્રેજી શબ્દનો અર્થ સમજાવવાનું તેને કહેવામાં આવ્યું ત્યારે તેને ખબર ન હતી. એક જાતનું પક્ષી એટલું જ તે જાણતો હતો. આવી દશા ઘણા હિંદી છોકરાઓની અહીંની નિશાળોમાં થાય છે. કેમ કે સરકારે પદ્ધતિ જ ખોટી પાડી છે. છોકરાઓને ઇંગ્રેજી ભાષા મારફતે જ જ્ઞાન આપવામાં આવે છે. તેથી બધું ભણતર પોપટિયું જોવામાં આવે છે. આ એબથી જોહાનિસબર્ગની નિશાળ મુક્ત રહેશે એમ બધાએ માન્યું છે. તેવી સ્થિતિ નિભાવવાને સારુ કમિટી જવાબદાર છે.

[મૂળ ગુજરાતી]

ઇન્ડિયન ઓપીનિયન, ૧–૩–૧૯૧૩

૩૫૦. આરોગ્ય વિષે સામાન્ય જ્ઞાન [–૯]

૫. ખોરાક

હવા, પાણી અને અન્ન, એ ત્રણ આપણો ખોરાક છે; છતાં સાધારણ રીતે તો આપણે અનાજને જ ખોરાક માનીએ છીએ અને અનાજમાં માત્ર દાણો ગણીએ છીએ. ઘઉં, ચાવલ વગેરે ન ખાનારને અનાજ ખાનારો નહીં માનીએ. વાસ્તવિક રીતે હવા એ પ્રથમ ખોરાક છે. તેના વિના મુદ્દલ ન ચાલે એમ આપણે જોયું. અને આવો જરૂરનો ખોરાક આપણે જાણેઅજાણે દરેક ક્ષણે ખાયા કરીએ છીએ. પાણી હવાથી ઊતરતો ખોરાક છે. પણ અનાજ કરતાં ચડિયાતો છે; એટલે તે પણ કુદરતે અનાજ કરતાં વિશેષ સહેલાઈથી મળી શકે તેવી તજવીજ રાખી છે. અનાજ એ ત્રીજો ને છેલ્લો દરજ્જો ભોગવે છે.

અનાજ વિષે લખવું એ અટપટું છે. કયું અનાજ લેવું, કયારે લેવું, કેટલું લેવું—આ બધા સવાલ વિષે બહુ મતભેદ છે. સહુ પ્રજાઓની રીતો જુદી છે. જુદા જુદા માણસો ઉપર એક જ અનાજની જુદી જુદી અસર થતી જોવામાં આવે છે. આવી સ્થિતિમાં ચોક્કસ વિચાર બાંધવો અને આ જ ખરું છે એમ કહેવું મુશ્કેલ છે; એટલું જ નહીં પણ અશક્ય છે. દુનિયાના કેટલાક ભાગમાં માણસો બીજા માણસોને મારીને તેનું માંસ ખાય છે એ પણ તેઓનું અનાજ. એવાયે પડ્યા છે કે જેઓ વિષ્ટા ખાય છે. આ તેવાઓનું અનાજ. કેટલાક માત્ર દૂધ પીને નભે છે, તેઓને દૂધ અનાજ. વળી બીજા માત્ર ફળાહારી છે, તેઓનું ફળ અનાજ. આ પ્રકરણમાં અનાજ શબ્દમાં આ બધી વસ્તુનો સમાવેશ માન્યો છે.

જોકે કયું અનાજ ખાવું એ ચોક્કસ રીતે કહેવું મુશ્કેલ છે, તોપણ તે વિષે વિચાર બાંધવો એ દરેક માણસની ફરજ છે. અનાજ વિના શરીરનો વ્યાપાર ન ચાલે એ કહેવાની જરૂર હોય જ નહીં. અનાજ મેળવવા આપણે સેંકડો દુઃખ સહન કરીએ છીએ. અનાજને સારુ આપણે અનેક પાપો કરીએ છીએ. આવી સ્થિતિમાં આપણે શા હેતુથી અનાજ ખાઈએ છીએ તે જોવાની આવશ્યકતા છે. તે ઉપરથી આપણે કયું અનાજ ખાવું એ બરોબર વિચારી શકીશું. આટલું તો બધા કબૂલ કરશે કે, લાખમાં નવ્વાણું હજાર નવસેં નવ્વાણું માણસો તો સ્વાદને ખાતર ખાય છે, પછી તેઓ માંદા પડે કે સાજા રહે તેની દરકાર તેઓ કરતા નથી. કેટલાક માણસ તો ખૂબ ખાઈ શકે તે માટે હમેશાં રેચ લે છે અથવા અન્ન પચવાની ફાકી લે છે. કેટલાક

Gandhi Heritage Portal

ખૂબ સ્વાદથી ઠાંસીને જમ્યા પછી ઓકી કાઢે છે અને પાછા બીજું સ્વાદિષ્ટ ખાવાને તૈયાર થાય છે. કોઈ ખૂબ ખાઈને પછી એકબે ટંક ખાવાનું છોડી દે છે. કોઈ ખાતાં ખાતાં બેદરકાર રહીને મરી રહે છે. આ બધા દાખલા લખનારે નજરે જોયેલા છે. લખનારની પોતાની જિંદગીમાં એટલા બધા ફેરફાર થયા છે કે તેનાં કેટલાંક કૃત્યો પર તેને હસવું આવે છે ને કેટલાંકની શરમ આવે છે. એક વખત એવો હતો કે, લખનાર સવારના ચા પીતો, પછી બેત્રણ કલાદ બાદ નાસ્તો લેતો. પછી એક વાગ્યે બરાબર ખાવાનું, પછી ત્રણેક વાગ્યે ચા અને છથી સાત વાગ્યે સંપૂર્ણ ખાણું લેતો. આ વખતે લખનારની સ્થિતિ દયામણી હતી. તેને સોજા ચડતા, દવાની બાટલી તો પાસે જ હતી, બરોબર ખાઈ શકાય તેથી ઘણી વેળા કંઈ રેચક દવા અને પછી પુષ્ટિને સારુ બીજી કાંઈ બાટલી, એમ ચાલ્યા કરતું. એ વખતે લખનારમાં કામ કરવાની જેટલી તાકાત હતી, તેના કરતાં હાલ તેનામાં ત્રણગણી વધારે છે, એમ તે માને છે. જોકે હવે તેની ઉત્તર અવસ્થા ગણાય. આવી જિંદગી એ દયામણી છે. અને બહુ ઊંડા ઊતરીએ તો તે જિંદગી અધમ, પાપી અને ધિક્કારવાલાયક ગણાવી જોઈએ.

માણસ ખાવા સારુ જન્મ્યો નથી અને ખાવા સારુ જીવતો નથી, પણ પોતાના કર્તાની પિછાન કરવા જન્મ્યો છે અને તે કામને સારુ તે જીવે છે. એ પિછાન શરીર નિભાવ્યા વિના થતી નથી અને ખોરાક વિના શરીર નભે નહીં, તેથી ખોરાક લેવાની ફરજ તેને પડે છે. આ ઊંચામાં ઊંચો વિચાર થયો. આસ્તિક સ્ત્રીપુરુષને સારુ આટલો વિચાર બસ છે. નાસ્તિક માનવી પણ કબૂલ કરશે કે, આરોગ્ય સાચવીને ખોરાક ખાવો જોઈએ ને તંદુરસ્તીમાં શરીર રાખવા સારુ તે ખાવો જોઈએ.

પશુપંખીને જોઈએ: ઢોર વગેરે સ્વાદ સારુ નથી ખાતાં, તે અકરાંતિયાની પેઠે નથી ખાતાં; જ્યારે ભૂખ લાગે છે ત્યારે તે ભૂખ મટે તેટલું જ ખાય છે. તે પોતાનો ખોરાક રાંધતાં નથી. કુદરત તૈયાર કરે છે તેમાંથી તે તેનો ભાગ લે છે. ત્યારે શું માણસ સ્વાદ કરવા પેદા થયો? માણસને જ નસીબે હમેશની માંદગી આવી? ઢોર કે જે માણસના સંગમાં નથી વસતાં તેને ભૂખમરો આવતો નથી; તેમાં ગરીબ ને તવંગર, એક વર્ગ દલાડામાં દશ વખત જમનાર અને બીજો ભાગ્યે એક ટંક ખાનાર, એવા એવા ભેદ જોવામાં આવતા નથી. ત્યારે આ બધા ભેદ આપણી જાતમાં રહેલા છે; છતાં ઢોરના કરતાં આપણે આપણને અક્કલવાન માનીએ છીએ. આથી એ તો દેખીતું છે કે, આપણે આપણાં પેટનો પરમેશ્વર કરી તેની પૂજામાં જ જીવન ગુજારીએ તો આપણે પશુપંખી કરતાં ઊતરતા જ હોવા જોઈએ.

બહુ વિચાર કરતાં આપણે જોઈ શકીશું કે અસત્ય, લંપટબાજી, મિથ્યા ભાષણ, ચોરી વગેરે દોષ આપણે કરીએ છીએ તેનું મહાકારણ આપણી સ્વાદેંદ્રિયની સ્વતંત્રતા છે. જો આપણે આપણા સ્વાદને વશ રાખીએ તો બીજા વિષયોને નાબૂદ કરવા એ તો બહુ જ સહેલું છે; છતાં વધારે ખાવું, ખૂબ સ્વાદથી ખાવું, એને આપણે પાપ ગણતા નથી. જો આપણે ચોરી કરીશું, વ્યભિચાર કરીશું, જૂઠું બોલીશું તો આપણી ઉપર બીજા તિરસ્કારની નજરથી જોશે. નીતિના વિષયમાં જૂઠાણાં ઉપર, ચોરી ઉપર, વ્યભિચાર ઉપર ઘણાં સરસ પુસ્તકો રચાયાં છે; પણ સ્વાદેંદ્રિય જેને વશ નથી તેની ઉપર પુસ્તકો નથી. તે નીતિ-અનીતિનો વિષય જ નથી. આનું સબળ કારણ તો એ છે કે, આપણે બધા એક નાવમાં બેઠા છીએ; કથરોટ કૂંડાને શું હસે? આપણા મહાન નરો પણ સ્વાદને તદ્દન જીતી શક્યા જોવામાં આવતા નથી; એટલે સ્વાદ કરવો એમાં

Gandhi Heritage Portal

દોષ જોવાયો જ નથી. તેઓએ બહુ કર્યું છે ત્યારે એમ લખ્યું છે કે, આપણી ઇંદ્રિયોને વશ રાખવા સારુ આપણે બને ત્યાં લગી મિતાહારી રહેવું; પણ એમ નથી લખ્યું કે, આપણે સ્વાદ કરીએ છીએ તેને પરિણામે આપણામાં બીજી એબો જોવામાં આવે છે. સારા મંડળમાંથી ચોર, ધુતારા અને વિષયીને કાઢી મૂકશે; પણ સારા મંડળવાળા પોતે સાધારણ વર્ગ કરતાં સેંકડો વધારે સ્વાદ કરતા હશે. **માણસની ગૃહસ્થાઈ તેના ભાણામાં સમાયેલી છે.** તેથી જેમ ચોરના ગામમાં ચોરી એ ગુનો ન ગણાય, તેમ આપણે બધા સ્વાદેંદ્રિયના ગુલામ હોવાથી તે ગુલામીને ગણકારતા નથી, જોતા નથી; એટલું જ નહીં પણ તેમાં આનંદ માનીએ છીએ. વિવાહ થાય તો આપણે સ્વાદ કરવા-કરાવવા સારુ જમણ કરીએ છીએ. કેટલાક મરણ થાય તોપણ જમણ કરે છે. તહેવાર આવ્યો એટલે મીઠા મેવા કરવા; મહેમાન આવ્યો તો સારું સારું ખાવાનું કરવું; આડોશીપાડોશી, સગાંસાંઈઓને વખતોવખત જમાડીએ નહીં અને તેઓને ત્યાં આપણે જમીએ નહીં, તો તે મહા અવિવેક ગણાય; નોતરેલાને દાબીને ન ખવડાવીએ તો આપણે બખીલ (કંજૂસ) ગણાઈએ; રજા પડી તો ખાવાનું સરસ કરવું જ જોઈએ; રવિવાર આવ્યો એટલે આપણને આફરો ચડે તેટલું ખાવાની આપણને છૂટ છે એમ માન્યું. આમ જે મહાદોષ છે તેને આપણે મહાવિવેક ઠરાવી પાડ્યો છે. ખાવાની તૈયારીઓમાં અનેક ઢોંગો દાખલ કર્યા છે કે જેથી આપણી ગુલામી, આપણી હેવાનિયત, આપણી નજરે કોઈ રીતે આવે જ નહીં. આવા ઘોર અંધકારમાંથી કેમ ઉગરીએ? આ સવાલ આરોગ્યના વિષયની મર્યાદા બહાર જાય છે. એટલે તે પૂછીને જ આપણે બંધ રહેવું જોઈશે; પણ આરોગ્યના સંબંધે જેટલો વિચારવો ઘટે તેટલો તેને વિચારવો જોઈએ.

હવે બીજી રીતે ખ્યાલ કરીએ: દુનિયાનો કાયદો એવો જોવામાં આવે છે કે, કુદરત દુનિયાનાં બધાં પ્રાણી—માણસ, પશુ, પંખી, જીવડાં વગેરે સારુ હમેશનો ખોરાક હમેશ તૈયાર કરે છે. કુદરત આમ કરે તેમાં નવાઈ નથી. કુદરતના દરબારમાં વીમા ઉતારવાપણું નથી, ત્યાં કોઈ ચૂકતું નથી, ત્યાં કોઈ ઊંઘતું નથી, ત્યાં કોઈ આળસ કરતું નથી; એ ઘટમાળ પળે પળે અચૂક ચાલ્યા જ કરે છે, એટલે વરસનો ભંડાર કે એક દિવસનો ભંડાર પણ કુદરતને ભરવો પડતો નથી. આવા બિનઅપવાદી કાયદાને આપણે ફરજિયાત કે મરજિયાત પણ વશ છીએ. જો તે કાયદો સમજીને આપણે વર્તીએ, તો એક દિવસનો પણ એકે ઘેર ભૂખમરો ન જ હોય. હવે જો દરરોજનું અનાજ દરેકને પૂરતું જ—વધારે નહીં એમ—પેદા થતું હોય તો દેખીતું છે કે, કોઈ વધારે ખાય—ન ખાવાનું ખાઈ લે—તો તેટલો ઘટાડો થાય અને બીજા કોઈને તેટલી તાણ પડે. આમ ભૂખમરાની સહેલી સમજૂતી જોવામાં આવે છે. આ મખલુબમાં હજારો બાદશાહો ને લાખો તવંગરોનાં રસોડાંમાં તેઓને અને તેઓના નોકરોને જોઈએ તેના કરતાં ઘણું વધારે અનાજ રંધાય છે. આ બધું બીજાના પેટમાંથી તેઓ લે છે; પછી કેમ બીજા ભૂખે ન મરે? બે કૂવાની એક જ સેર હોય અને તેમાં હમેશાં પૂરતું જ પાણી આવતું હોય, એવામાં એક કૂવામાં વધારે જાય તો બીજામાં ખોટ આવે એ સીધો દાખલો છે; એટલે જો ઉપર સૂચવેલો નિયમ ખરો હોય—ને તે નિયમ કંઈ લખનારનો ઘરવાણાઉ નથી, પણ મહાબુદ્ધિશાળી પુરુષોએ વર્ણવેલો છે—તો આપણે જેટલું આપણી ખરી હાજત ઉપરાંત ખાઈએ એટલું ચોરીનું અનાજ છે. અખા સોનીએ ખરું જ ગાયું છે: 'કાચો પારો ખાવો અન્ન, તેવું છે ચોરીનું ધન.' જેટલું આપણે સ્વાદને અર્થે ખાઈએ છીએ, તેટલું આપણા શરીરમાં દૃશ્ય કે અદૃશ્ય રીતે ફૂટી નીકળે છે; તેટલે દરજ્જે આપણે આપણું આરોગ્ય ગુમાવીએ છીએ અને તેટલે દરજ્જે આપણે દુઃખી થઈએ

Gandhi Heritage Portal

છીએ. આટલું જોયા પછી આપણે કયો ખોરાક લેવો અને કેટલો લેવો, તે જરા સહેલથી વિચારી શકીશું. (અધૂરું)

[મૂળ ગુજરાતી]

ઇન્ડિયન ઓપીનિયન, ૧–૩–૧૯૧૩

૩૫૧. ગૃહમંત્રીને પત્ર[1]

માર્ચ ૪, ૧૯૧૩

આપનો ગયા માસની ૨૪મી તારીખનો પત્ર મળ્યો;[2] જેમાં આપે, ટ્રાન્સવાલમાં વસવાટ કરવાનો જેમને હક છે એવા હિંદથી આવતા બ્રિટિશ હિંદીઓ બાબતમાં બંદર પર જે કાર્યપદ્ધતિ અપનાવવામાં આવે છે તે વિષે લખ્યું છે.

મારા સંઘના નમ્ર અભિપ્રાય મુજબ આપનો જવાબ તદ્દન અસંતોષકારક છે. કારણ કે તેમાં બંદર પરની સાચી પરિસ્થિતિ વિષે વિચાર કરવામાં આવ્યો નથી.

આપના પત્રો એવું સૂચવતા લાગે છે કે હિંદી મુસાફરો હિંદમાંથી ટ્રાન્સવાલમાં દાખલ થવા માટે આધાર વગરના હક કરતા આવે છે અને એવી વ્યક્તિઓને રજિસ્ટ્રાર તપાસે ત્યાં સુધી જહાજ પર રોકી રાખવામાં આવે છે. જો આવો આધાર વગરનો હક આગળ કરતા માણસોને ગમે તેટલી સંખ્યામાં આવવાની ટેવ પડી હોય અને તેમને સંઘની સીમાની અંદર, જોકે અટકાયતમાં રહેવા દેવામાં આવતા હોત તો મારા સંઘ માટે ફરિયાદ કરવાને કશું કારણ ન હોત. પરંતુ મારા સંઘનો અનુભવ એવો છે કે, સામાન્ય રીતે આધાર વિનાના હકવાળા લોકો આવતા જ નથી, અને જેઓ આવે છે તેમને અટકમાં રાખવામાં આવતા નથી પણ જે જહાજમાં તેઓ આવ્યા હોય તેમાં જ પાછા મોકલી દેવામાં આવે છે.

દયાળ ભાઈઓના મામલામાં માનનીય મંત્રી સારી રીતે જાણે છે કે, તેમની પાસે પોતાનો દાવો પુરવાર કરવા માટેનો પૂરતો આધાર હોવા છતાં, સુપ્રિમ કોર્ટ વચ્ચે ન પડી હોત[3] તો એ છોકરાઓને પાછા મોકલી દેવામાં આવ્યા હોત. મારા સંઘની વિનંતી એવી છે કે, સુપ્રિમ કોર્ટ આવા અરજદારોને જે રાહત આપે છે તે સુપ્રિમ કોર્ટની દરમિયાનગીરી કરાવ્યા સિવાય તેમને અપાવી જોઈએ.

૧. આ પત્રનો મુસદ્દો ઘણુંખરું ગાંધીજીએ ઘડ્યો હોવો જોઈએ.

૨. આ પત્ર બ્રિટિશ હિંદી સંઘના અધ્યક્ષના એક પત્રના જવાબમાં આવ્યો હતો. અધ્યક્ષે પત્રમાં વિનંતી કરી હતી કે, હિંદથી આવતા અને ટ્રાન્સવાલમાં રહેવાનો હક કરતા હિંદીઓને તેઓ જે બંદરે ઊતરે ત્યાંનો પોતાનો હક પુરવાર કરવા માટે ડિપૉઝિટ લઈને મુલાકાતી પરમિટ આપવી જોઈએ. આ વિનંતીના જવાબમાં અંડર સેક્રેટરીએ લખ્યું હતું કે, "જેમની પાસે પોતાનો હક પુરવાર કરવાના યોગ્ય કાગળો હોય તેમને નાતાલમાં તરત જ ઊતરવા દેવામાં આવે છે; અને જેમની પાસે આધાર વગરનો પુરાવો હોય તેમને તેમનો હક નોંધણી અમલદાર સ્વીકારે નહીં ત્યાં સુધી જહાજ પર જ રોકી રાખવામાં આવે છે. આ સંબંધમાં, હક કરનારાઓને પોતાનો હક રજૂ કરવાની દરેક સગવડ આપવામાં આવે છે, અને જે હિંદીઓ પ્રવેશ માટે યોગ્ય કાગળપત્રો નહીં લઈ આવે તો તેમની હેરાનગતિ માટે તેઓ જ જવાબદાર છે. આ બાબતમાં હાલની વ્યવસ્થામાં કંઈ પણ ફેરફાર થઈ શકે તેમ નથી." ઇન્ડિયન ઓપીનિયન, ૮–૩–૧૯૧૩.

૩. જુઓ પાદટીપ ૧, પા. ૪૩૯.

Gandhi Heritage Portal

પોતાની સ્થિતિ વધારે સારી રીતે સમજાવવા ખાતર મારા સંઘ માટે એ જણાવવું જરૂરી છે કે કયા કયા વર્ગના લોકોને ટ્રાન્સવાલમાં દાખલ થવાનો હક છે.

પ્રવેશના અધિકારી હિંદીઓનો એક વર્ગ, એશિયાઈ કાનૂન મુજબ નોંધાયેલો છે, અને તેની પાસે નોંધણીનાં પ્રમાણપત્રો મોજૂદ છે. આ વર્ગના હિંદીઓ પોતાનો ટ્રાન્સવાલમાં રહેવાનો હક પુરવાર કરવા કાગળપત્રો રજૂ કરી શકે એમ છે.

બીજો વર્ગ એવા હિંદીઓનો છે જેઓ હજી નોંધાયા નથી પણ તેમને નોંધાવાનો હક છે.[૧] એમની પાસે દસ્તાવેજી પુરાવા હમેશાં હોઈ શકે નહીં. બંદરનો ઇમિગ્રેશન અમલદાર યોગ્ય રીતે તપાસી શકે એવા પુરાવા કદી તેમની પાસે હોય પણ નહીં. કારણ કે તેમાંના ઘણાખરા તો ટ્રાન્સવાલમાં રહેતા લોકોની સાક્ષીને આધારે જ પોતાનો દાવો પુરવાર કરી શકે એમ હોય છે. દયાળ ભાઈઓનો કેસ આ પ્રકારનો હતો. રજિસ્ટર થવાના તેમના હકનો આધાર, તેઓ ૩૧મી મે, ૧૯૦૨ને રોજ ટ્રાન્સવાલમાં હતા, એ હકીકત પર નિર્ભર હતો. મારા સંઘનું કહેવું એવું છે કે, જે પુરાવો દક્ષિણ આફ્રિકામાંથી જ મળી શકે એમ હોય તે મેળવવાની સગવડ આપવામાં ન આવી હોત તો તેમને માટે પોતાનો દાવો પુરવાર કરવાનું અશકય બન્યું હોત. અને આવા જ લોકો માટે મારો સંઘ રક્ષણની માગણી કરે છે, જે બંદર પરના ઇમિગ્રેશન અમલદારોએ આજ સુધી નિર્દયતાપૂર્વક અને ચીડ ચઢે એવી રીતે નકારી કાઢી છે. મારા સંઘને વિશ્વાસ છે કે જે રાહતની માગણી કરવામાં આવી છે તે મંજૂર કરવામાં આવશે.

એ. એમ. કાછલિયા
અધ્યક્ષ,
બ્રિટિશ હિંદી સંઘ

[મૂળ અંગ્રેજી]
ઇન્ડિયન ઓપીનિયન, ૧૫–૩–૧૯૧૩

૩૫૨. હાજી દાઉદ મહમદ ભલે પધાર્યા

હાજી દાઉદ મહમદ પોતાની જિંદગીની ભલી મુરાદોમાંની ભલામાં ભલી મુરાદ હાંસલ કરી પાછા પોતાના બીજા વતનમાં આવી પહોંચ્યા છે. તેમને અમે હિંદી કોમની સાથે વધાવી લઈએ છીએ. દરેક મુસલમાનને 'હાજી' એ ઇલકાબ સરકારી ઇલકાબો કરતાં વહાલો છે. તે ઇલકાબ લઈને હવે તેઓ આવ્યા છે. તેમની રાહ ઘણા હિંદી જોઈ રહ્યા હતા. ઘણે પ્રસંગે તેમની ખોટ માલૂમ પડી હતી. અમે ઉમેદ રાખીએ છીએ કે હાજી સાહેબ પોતાનું કોમી કામ જે જુસ્સાથી પોતે અગાઉ બજાવતા હતા તેથી પણ વિશેષ જુસ્સાથી બજાવશે.

[મૂળ ગુજરાતી]
ઇન્ડિયન ઓપીનિયન, ૮–૩–૧૯૧૩

૧. કામચલાઉ સમાધાન મુજબ ગાંધીજી જે વર્ગોના હિંદીઓને નોંધણીને પાત્ર માનતા હતા તેમને વિષે જુઓ "ઈ. એફ. સી. લેનને પત્ર", પા. ૭૬.

૨. આ ઉપરાંત જુઓ "હાજીઓના માનમાં થયેલા મેળાવડાઓ", પા. ૨૯૩–૪ તથા "મિ. દાઉદ મહમદ", પા. ૨૯૫.

Gandhi Heritage Portal

૩૫૩. મિ. ગોગાનો કેસ

મિ. ગોગા વળી હાર્યા છે.[૧] છતાં મિ. ગોગાને અમે જીતેલા ગણીએ છીએ. તેમના અથાગ પ્રયાસને સારુ તેમને મુબારકબાદી આપીએ છીએ. અમારી ખાતરી છે કે છેવટ સુધી લડયા જ કરશે તો મિ. ગોગા જીતશે. વળી પાછી તેમણે લાઇસન્સિંગ બોર્ડના ઠરાવ સામે અપીલ નોંધાવી છે. સુપ્રિમ કોર્ટનો ચુકાદો આ વખતે વિરુદ્ધમાં જાય એવું પણ સંભવે. અમે મિ. ગોગાને સલાહ આપીશું કે ત્યાં હારે તો તેમણે બ્લૂમફૉન્ટીન જવું ને ત્યાં પણ હારે તો વિલાયત પ્રિવી કાઉન્સિલ સુધી જવું. દરમ્યાન બીજા હિંદીને છાજે છે કે તેઓએ મિ. ગોગાને ઉત્તેજન આપવું. મીટિંગો કરીને સરકારને અરજી મોકલવી. આવા કેસની પાછળ સત્યાગ્રહ પણ ઉપાડાય. આપણામાં શહૂર હોય તો આવા કેસો એકઠા કરી તેની ઉપર ગામેગામ માસ મીટિંગો ભરાય ને સરકારને બતાવાય કે જ્યાં લગી લાઇસન્સનો કાયદો રદ નથી થયો અથવા તેમાં ફેરફાર થયો નથી ત્યાં સુધી હિંદી જંપશે નહીં ને સરકારને જંપવા દેશે નહીં.

[મૂળ ગુજરાતી]

ઇન્ડિયન ઓપીનિયન, ૮–૩–૧૯૧૩

૩૫૪. મિ. ભવાની દયાલનો કેસ[૨]

આ કેસમાં જોહાનિસબર્ગની બ્રિટિશ ઇન્ડિયન ઑસોસિયેશન હજુ લડત ચલાવી રહી છે. સરકારનો છેલ્લો કાગળ[૩] ખરાબ ગણાય. તે કાગળમાંથી એટલું ચોખ્ખું જોવામાં આવે છે કે ઇમિગ્રેશન અમલદારો સરકારને પૂરી ખબર આપતા નથી ને સરકાર પૂરી માહિતી મેળવવા ઇચ્છતી નથી, જો પૂરી માહિતી મેળવી હોત તો છેલ્લા કાગળમાં જે અજ્ઞાન દશા બતાવી છે તે આપણે ન જોત. સરકાર ભૂલી જાય છે કે હિંદી જે દેશથી આવે તેને ઇમિગ્રેશન અમલદારો પોતાને સંતોષ ન થાય તો વહાણ પર રાખતા નથી પણ દેશપાર કરી મૂકે છે. સરકારને એવી સમજ રહેલી જણાય છે કે આવા હિંદીને સ્ટીમરો પર નજરકેદ રાખે છે. આટલું એ કરતા હોય તો જે અનહદ ખર્ચ અને તકલીફમાં આપણે ઊતરીએ છીએ તેમાંથી બચીએ. હવે મિ. કાછલિયાનો કાગળ[૪] આ બધી સમજૂતી આપે છે. સરકારને જવાબ આપવો મુશ્કેલ થઈ પડશે

૧. એમ. એ. ગોગા, લેડીસ્મિથના હિંદી વેપારી; લેડીસ્મિથના વેપારી મંડળના વાંધાને લીધે, બરો લાઇસન્સિંગ ઑફિસરે તેમના અને તેમના પુત્રના વેપારી પરવાના નામફેર કરી આપવાની ના પાડી હતી. પરંતુ અપીલ કરવાથી ન્યાયમંડળની ફૂલ બેંચે એ કાર્યવાહી અયોગ્ય ઠરાવી અને વેપારી મંડળને મામલાનું પૂરું ખર્ચ (પા. ૫૯) ભોગવવું પડયું. શ્રી ગોગાની નામફેરની અરજીની નવેસરથી સુનાવણી થતાં પરવાના અધિકારીએ એ નામંજૂર કરી. અપીલ કરતાં બરો લાઇસન્સિંગ અપીલ બોર્ડે પરવાના અધિકારીનો ચુકાદો માન્ય રાખ્યો. વેપારી પરવાના બાબતના ગોગાના અગાઉના કેસો માટે જુઓ પુસ્તક ૬, પા. ૩૮૧–૨, પુ. ૯, પા. ૪૦૪–૫ અને પુસ્તક ૧૦, પા. ૩૬૨–૩.

૨. જુઓ પાદટીપ ૧, પા. ૪૩૯ અને "ગૃહમંત્રીને પત્ર", પા. ૪૭૭–૮.

૩. જુઓ પાદટીપ ૨, પા. ૪૭૭.

૪. જુઓ "ગૃહમંત્રીને પત્ર", પા. ૪૭૭–૮.

Gandhi Heritage Portal

અથવા તો કબૂલ કરવું પડશે કે સરકાર જૂના માણસોને પણ રંજાડવા માંગે છે. આ કેસમાં મિ. પોલાકે સરકાર પાસેથી ખર્ચની માગણી કરી છે. ખર્ચ મળે યા ન મળે પણ સરકાર જાણશે કે તેના એવા જુલમની વાત આખી સલ્તનતમાં ફેલાવો પામશે.

[ગુજરાતી]

ઇન્ડિયન ઓપીનિયન, ૮–૩–૧૯૧૩

૩૫૫. આરોગ્ય વિષે સામાન્ય જ્ઞાન [–૧૦]

કયો ખોરાક લેવો, એ વિષે વિચારતાં કયો ન લેવો એ પ્રથમ જોઈ જઈએ. જે કંઈ આપણા શરીરમાં મુખ વાટે જાય છે તેને 'અનાજ' એ નામ આપીએ તો દારૂ, બીડી, તમાકુ, ભાંગ, ચા, કૉફી, કોકો, મસાલા વગેરે વસ્તુઓ પણ અનાજ જ છે.

આ બધાં ત્યાગ કરવા લાયક છે, એમ આ લખનારને અનુભવથી સાબિત થયું છે. કેટલીક વસ્તુનો અનુભવ પોતે લીધો છે, બીજીને વિષે બીજાનો અનુભવ જોયો છે.

દારૂ તથા ભાંગને વિષે લખવું શું હોય? દરેક ધર્મમાં તેને દૂષિત વસ્તુ ઠરાવી છે. તે પીવાનો બચાવ ભાગ્યે જ કોઈ કરશે. દારૂથી કુટુંબોનો સત્યાનાશ થયો છે. લાખો દારૂડિયા પાયમાલ થઈ ગયા છે. દારૂ પીનારને કશું ભાન રહેતું નથી, તે કેટલીક વેળા મા અને સ્ત્રી વચ્ચેનો તફાવત ભૂલી જાય છે. એ વ્યસનથી માણસની હોજરી બળી જાય છે અને છેવટે તે પૃથ્વી પર ભારરૂપે જીવે છે. દારૂ પીનારા ગટરોમાં જોવામાં આવે છે. સારા ગણાતા માણસો દારૂ પીધા પછી બે દમડીના બની જાય છે. આવી સ્થિતિ માત્ર દારૂ પીતાં જ થાય છે એમ નથી. એ વ્યસનથી ઘેરાયેલો માણસ પોતાને ભાન હોય છે એ સ્થિતિમાં પણ નમાલો જોવામાં આવે છે. તેના મન ઉપર તેનો કાબૂ હોતો નથી અને બાળકની પેઠે તેનું મન ભમ્યા કરે છે. આ દારૂ અને તે જ દરજ્જામાં ભાંગ, એ તદ્દન તજવાલાયક વસ્તુ છે. એ વિષે બે મત ન જ હોવા જોઈએ. કેટલાક એવું માને છે કે, દવા તરીકે દારૂ લેવાય. હકીકતમાં તેટલી પણ જરૂર નથી, એમ યુરોપ કે જે દારૂનું ઘર છે ત્યાંના વૈદ્યો કહે છે. પ્રથમ ઘણાં દરદો સારુ દારૂ વપરાતો, ત્યાં હવે તેની તદ્દન બંધી થયેલી છે; પણ એ દલીલ જ જૂઠી દાનતથી અપાયેલી છે. દવામાં વપરાય વાસ્તે ખાવામાં વાપરવાને બાધ ન હોય એમ ચોકઠું દારૂના હિમાયતી બેસાડવા માંગે છે; પણ એળિયો કે નેપાળો દવા સારુ વપરાય તેથી તેને ખોરાક તરીકે વાપરવાનો વિચાર કોઈ કરતું નથી. કદાચ એમ બને કે કોઈ દરદમાં દારૂથી ફાયદો થતો હોય; છતાં દારૂથી એટલું નુકસાન તો પહોંચેલું છે કે વિચારશીલ માણસની ફરજ છે કે, તેણે દેહ જાય તોયે દવા તરીકે પણ દારૂને ન લેવો જોઈએ. દારૂથી આ શરીરને નભાવતા સેંકડો માણસોનું અકલ્યાણ થાય, તો શરીરને જતું કરવું એ આપણી ફરજ છે. હિંદુસ્તાનમાં લાખો માણસો વૈદ્યોની સલાહ છતાં દારૂ નહીં પીનારા પડયા છે. તેઓ દારૂ પીને અથવા તો જે જે વસ્તુને બાધિત ગણે છે તે લઈને જીવવાનું કબૂલ નથી કરતા. અફીણને દારૂની સાથે જ વિચારવા જેવું છે. અફીણનો નશો દારૂથી જુદા પ્રકારનો છે; પણ તેથી થતી પાયમાલી દારૂથી ઊતરતી નથી; અફીણને વશ થયેલી ચીનની મહા પ્રજા સ્વતંત્ર રાજ્ય મેળવ્યા છતાં સપાટામાં નાશ પામશે. અફીણને વશ થયેલા આપણા ગરાસિયા પોતાનો ગરાસ ખોઈ બેઠા છે.

Gandhi Heritage Portal

જેમ દારૂ, ભાંગ ને અફીણ ખરાબ છે એમ સાધારણ વાંચનાર તરત સમજી લેશે, તેમ બીડી-તમાકુનું નહીં સમજે. બીડી-તમાકુએ પોતાની સત્તા માણસજાત ઉપર એટલી બધી જમાવી છે કે, તે નાબૂદ થતાં જમાના જવાનો સંભવ છે. નાનામોટા બધા એની ઝડપમાં આવી ગયા છે. વળી નીતિમાન ગણાતા માણસો પણ બીડી વાપરે છે. તે વાપરવામાં શરમ નથી ગણાતી. મિત્રોને આવકાર દેનારું એ મહાસાધન છે. તેનો અટકાવ થવાને બદલે તેનો ફેલાવો વધતો જાય છે. સાધારણ માણસને તો ખબર પણ નથી કે, બીડીનું વ્યસન દૃઢ કરવાને સારુ બીડીના વેપારીઓ હજારો યુક્તિઓ તેની બનાવટમાં કરે છે. જરદામાં અમુક પ્રકારના સુગંધી તેજાબ છાંટે છે. તેમાં અફીણનું પાણી છાંટે છે. આવા આવા પ્રયોગથી બીડી આપણી ઉપર વધારે ને વધારે કાબૂ મેળવતી જાય છે. તેનો ફેલાવો કરવાને હજારો પાઉંડ જાહેરખબરોમાં વપરાય છે. બીડી વેચનારી કંપની યુરોપમાં પોતાનાં છાપખાનાં ચલાવે છે. તેઓ બાયોસ્કોપ ખરીદે છે, અનેક પ્રકારનાં ઈનામો વહેંચે છે, લૉટરીઓ કાઢે છે, જાહેરખબરોમાં પાણીની માફક પૈસા રેડે છે. પરિણામ એ આવ્યું છે કે, બૈરાંઓ પણ બીડી પીવા લાગ્યાં છે. બીડીનાં કાવ્યો રચાયાં છે. બીડીને ગરીબના દોસ્તની ઉપમા આપી છે.

બીડી-તમાકુથી થયેલી નુકસાનીનો આંક બાંધી શકાતો નથી. બીડી પીનાર માણસની લાગણી એટલી બધી બુઠ્ઠી થઈ જાય છે કે, તે કોઈની દરકાર રાખ્યા વિના પારકા ઘરમાં રજા વિના બીડી સળગાવે છે, તે કોઈની શરમ રાખતો નથી.

એવું અનુભવવામાં આવ્યું છે કે, બીડી-તમાકુ પીનાર માણસ તે વસ્તુ મેળવવા માટે બીજા અનેક ગુના કરે છે. બાળકો પોતાનાં માબાપોના પૈસા ચોરે છે; જેલમાં કેદીઓ બહુ જોખમ ઉઠાવીને ચોરેલી બીડી સંઘરે છે. બીજા ખોરાક વિના ચલાવશે પણ બીડી વિના નહીં ચલાવે. લડાઈમાં બીડીની આદતવાળા લડવૈયા બીડી ન મળે તો દીન બની જાય છે, તે કંઈ કામના રહેતા નથી.

બીડીને વિષે લખતાં મરહૂમ ટૉલ્સ્ટૉય લખી ગયેલા છે કે, એક માણસને પોતાની વહાલીનું ખૂન કરવાનો વિચાર થયો. તે છરી કાઢી વાપરવા તૈયાર થયો, પસ્તાયો ને પાછો હટ્યો. પછી બીડી પીવા બેઠો. બીડીના ધુમાડા તેના મગજમાં પેઠા, બીડીના ઝેરથી તેની બુદ્ધિ ઘેરાઈ ગઈ અને તેણે ખૂન કર્યું. ટૉલ્સ્ટૉયની ખાસ માન્યતા હતી કે, બીડી એ એવા સૂક્ષ્મ પ્રકારનો નશો છે કે કેટલેક દરજજે તો એ દારૂના કરતાં પણ વધારે ખરાબ ગણાવો જોઈએ.

બીડીનું ખર્ચ પણ કંઈ જેવું તેવું નથી. સહુ બીડી પીનારને તેના ગજા પ્રમાણે તે ખર્ચ ભારે પડતું જ હોય છે. કેટલાક માણસો બીડીની પાછળ દર માસે પાઉંડ ૫ એટલે ૭૫ રૂપિયા ખરચે છે. આ દાખલો લખનારે જાતે જોયો છે.

બીડીથી પાચનશક્તિ ઘટે છે, ખોરાકનો સ્વાદ જાય છે, ખાવાનું ફીકું જણાય છે, એટલે તેમાં મસાલા વગેરે નાંખવા પડે છે, બીડી પીનારનો શ્વાસ બદબો મારે છે. તેના ધુમાડા હવાને બગાડે છે. કેટલીક વાર મોંમાં ચાંદાં પડે છે. પેઢાં ને દાંત કાળા કે પીળા પડી જાય છે અને કેટલાકને તો વધારે ભયંકર રોગ પણ એથી થયેલા જોવામાં આવ્યા છે. દારૂનો નશો ખરાબ છે એવું માનનારા બીડીનો નશો કેમ કરી શકે એ ન સમજાય તેવી વાત છે. છતાં જ્યારે બીડીના ઝેરની સૂક્ષ્મતાનો વિચાર કરીએ, ત્યારે આપણે તુરત સમજી શકીએ છીએ કે, દારૂને ધિક્કારનારા બીડી પીવાને કેમ તત્પર થાય છે. નીરોગી રહેવા ઈચ્છનારા માણસે બીડીને જરૂર તજવી જોઈએ.

Gandhi Heritage Portal

દારૂ, તમાકુ, ભાંગ વગેરે વ્યસનો આપણા શરીરનું આરોગ્ય છીનવી લે છે, એટલું જ નહીં પણ મનનું ને ધનનું આરોગ્ય હણે છે. આપણી નીતિનો નાશ થાય છે અને આપણે આપણા વ્યસનના ગુલામ બનીએ છીએ.

પણ ચા, કૉફી અને કોકો વિષે સમજ પાડવી અને તે ખરાબ છે એમ ઠરાવવું એ તો કઠિન કામ લાગે છે; છતાં તે વસ્તુઓ દૂષિત છે એમ કહ્યા વિના છૂટકો નથી. તે વસ્તુઓમાં પણ અમુક પ્રકારનો કેફ રહેલો છે. જો ચા-કૉફીની સાથે દૂધ-સાકર ન હોય તો તેમાં પુષ્ટિ આપનારો કોઈ પણ પદાર્થ નથી. કેટલાક અખતરા માત્ર ચા-કૉફી ઉપર રહેવાના થયા છે તે ઉપરથી સિદ્ધ થયું છે કે, તેમાં લોહી વધારનારી વસ્તુઓ બિલકુલ નથી. ચા કે કૉફી આપણે સાધારણ રીતે થોડાં જ વર્ષ પહેલાં ન જ પીતા; અવસરે કે દવા વખતે તે વસ્તુઓ પીવામાં આવતી; પણ હવે સુધારો પેઠા પછી ચા-કૉફી સાધારણ વસ્તુ થઈ પડ્યાં છે. સહેજ મળવા આવેલા મહેમાન પાસે પણ આપણે એ ચીજો મૂકીએ છીએ; ચાની પાર્ટીઓ આપીએ છીએ. લૉર્ડ કર્ઝનની કારકિર્દીમાં તો ચાએ કેર વાળ્યો છે. તે સાહેબે ચાના વેપારીઓની હિમાયત કરવામાં ચાનો ફેલાવો ઘેરઘેર કરાવ્યો અને હવે જ્યાં લોકો નીરોગી વસ્તુઓ પીતા હતા ત્યાં રોગી ચા પીતા થઈ ગયા છે.

કોકો બહુ નથી ફેલાયો, કેમ કે તે ચા કરતાં કંઈક મોંઘો છે, આપણે સારે નસીબે તેની ઓળખ થોડી કરી છે; પણ તે 'ફેશનેબલ' ઘરોમાં તો સારી રાજ્યસત્તા ભોગવે છે.

ચા, કૉફી અને કોકો, એ ત્રણે વસ્તુમાં એવો ગુણ છે કે, આપણી પાચનશક્તિને મંદ કરે છે. તે નશાની વસ્તુ છે; કેમ કે તેનું વ્યસન જેને ચોટે છે તે તે મૂકી શકતા નથી. લખનાર પોતે ચા પીતો ત્યારે તેને ચાના વખતે ચા ન મળે તો તો આળસ આવે; આ નશાની ચોખ્ખી નિશાની છે. એક વેળા લગભગ ચારસો બૈરી-છોકરાં એકઠાં થયાં હતાં. તેઓને ચા કે કૉફી ન આપવી એવો ઠરાવ વ્યવસ્થાપક મંડળે કર્યો હતો. તે મેળાવડામાંનાં બૈરાંને સાંજના ચાર વાગ્યે અચૂક ચા પીવાની આદત હતી. વ્યવસ્થા કરનારને ખબર પહોંચી કે ઓરતોને જો ચા નહીં મળે તો તે માંદી પડશે, અને તેઓ હાલીચાલી નહીં શકે, તેથી ઠરાવમાં ફેરફાર કરવો પડ્યો. ચા મૂકવાની તૈયારી થતી હતી તેવામાં દોડાદોડ થઈ કે જલદી ચા જોઈએ. ઓરતોનાં માથાં ચડ્યાં હતાં; તેઓને પળ એ મહિના સમાન લાગતી હતી. જ્યારે ચા મળી ત્યારે આ ભલી બાઈઓના ચહેરા પ્રકાશ્યા અને તેઓ સાવધાન થઈ. આ જેવો વર્ણવ્યો છે તેવો જ બનેલો બનાવ છે. એક બાઈને ચાની આદતથી એવું નુકસાન પહોંચેલું કે તેને ખાધું ન જ પચે; માથું હંમેશાં દુખે; પણ જ્યારથી તેણે મનને મારી ચા છોડી છે, ત્યારથી તેની તબિયત ઘણી જ સુધરી છે. ઇંગ્લંડમાં આવેલી બેટરસી મ્યુનિસિપાલિટીના ડૉકટરે એવી શોધ કરી છે કે, તેના લત્તામાં હજારો ઓરતોને જ્ઞાનતંતુઓનાં દરદો છે. તે દરદોનું કારણ તેઓનું ચાનું વ્યસન છે. ચાથી માણસોનું આરોગ્ય બગડવાના ઘણા દાખલા આ લખનારના અનુભવમાં આવેલા છે અને તેની તો ખાસ માન્યતા છે કે, ચાથી આરોગ્યને બહુ નુકસાન પહોંચે છે.

કૉફીને વિષે તો આપણામાં દોહરો છે તે બહુ ખંકાયેલો છે :

'કફકટન, વાયુહરન, ધાતુહીન બલક્ષીન;
લોહીકો પાની કરે, દો ગુન અવગુન તીન.'

આ દોહરો વાસ્તવિક લાગે છે. કફ અને વાયુને હરવાની શક્તિ કૉફીમાં ભલે હોય, તે શક્તિ બીજી વસ્તુઓમાં છે. જેને કૉફી લેવાની ઇચ્છા ઉપલાં બે કારણસર થાય તેણે આદુનો

Gandhi Heritage Portal

રસ જરા પીવો, એટલે તે કૉફીની ગરજ સારશે, પણ જે વસ્તુ ધાતુ કે જેનો સંગ્રહ કરવાની પૂરતી જરૂર છે તેને હરી લે છે, જે વસ્તુ બળને ક્ષીણ કરે છે અને જે વસ્તુ લોહીનું પાણી કરે છે, તેનો તો ત્યાગ જ કરવો ઘટે છે.

કોકોને પણ કૉફીના દોષો લાગુ પડે છે. — તેમાં પણ ચામાં રહેલું તત્ત્વ છે કે જેથી ચામડી તદ્દન જરઠ બને છે.

જેઓ આરોગ્યમાં નીતિનો સમાસ કરે છે તેઓની આગળ આ ત્રણ વસ્તુની સામે નીચલી વધારાની દલીલ છે: ચા, કૉફી અને કોકો એ ઘણે ભાગે ગિરમીટથી મળેલા મજૂરોથી પેદા થાય છે. જ્યાં કોકો પેદા થાય છે ત્યાં તો સીદીઓ ઉપર એટલો જુલમ ગુજરે છે કે જો આપણે તે નજરોનજર જોઈએ તો આપણને કોકો લેવાની જરાયે ઇચ્છા નહીં થાય. કોકોનાં ખેતરોમાં થતા જુલમને વિષે મોટાં મોટાં પુસ્તકો લખાયાં છે. ખરું છે કે, આપણા બધા ખોરાકની ઉત્પત્તિ વિષે આપણે પૂરું જ્ઞાન મેળવીએ, તો સોમાંથી નેવું વસ્તુનો ત્યાગ જ કરીએ.

આ ત્રણે વસ્તુને બદલે નિર્દોષ અને પુષ્ટિકારક ચા નીચે પ્રમાણે બની શકે છે. એને ચાને નામે પીવો હોય તે ભલે તેમ કરે. કૉફીના સ્વાદમાં અને આ નિર્દોષ ચાના સ્વાદમાં, ઘણા કૉફીનો સ્વાદ કરનારા પણ તફાવત જોઈ શકતા નથી. ઘઉંને લઈ બરોબર સાફ કરવા અને પછી તેને ચૂલા ઉપર તાવડીમાં શેકવા. તે ખૂબ લાલ થઈ લગભગ કાળાશ પર આવે ત્યાં લગી ચૂલા પર રાખવા; પછી તેને ઉતારી નાની કૉફીની ઘંટીમાં સાધારણ ઝીણા દળવા અને તેમાંથી એક ચમચી ભૂકી પ્યાલામાં નાખી તેના પર ઊકળતું પાણી રેડવું. જો તે એક મિનિટ સુધી ચૂલા ઉપર રખાય તો વધારે સારું થાય છે. તેમાં જરૂર જણાતાં સાકર ને દૂધ નાંખવાં. સાકર અને દૂધ વિના પણ તે પી શકાય છે. દરેક વાંચનારે આ અખતરો અજમાવી જોવા જેવો છે. તે ગ્રહણ કરી ચા, કૉફી અને કોકો છોડશે તો તેનો પૈસો બચશે અને તેનું આરોગ્ય એટલે દરજ્જે બચશે.

[મૂળ ગુજરાતી]

ઇન્ડિયન ઓપીનિયન, ૮–૩–૧૯૧૩

૩૫૬. હરિલાલ ગાંધીને પત્ર

ફાગણ સુદ ૬ [માર્ચ ૧૪, ૧૯૧૩][1]

ચિ. હરિલાલ,

તમારો કાગળ ઘણે માસે મળ્યો છે. તમે કાગળ ન લખવાને સારુ દરેક કાગળમાં પશ્ચાત્તાપ ને દિલગીરી બતાવો છો! એ પશ્ચાત્તાપની કિંમત ન રહી તમારી પાસે ને ન રહી મારી પાસે. ન ચાલતાં કોઈથી કંઈ ન થયું હોય તેનો તે પશ્ચાત્તાપ બતાવે ને ફરી પાછું તેવું ન કરવાને વધારે સાવધાન રહે તો જ પશ્ચાત્તાપ ફળે. તમારો પશ્ચાત્તાપ તો માત્ર વિવેકમાં ખપે. છોકરાં બાપની પાસે વિવેક કરે ખરાં?

૧. ગાંધીજી હરિલાલ ગાંધી ઉપરના જાન્યુઆરી ૨૬, ૧૯૧૩ના પત્રમાં (પા. ૪૫૪) હરિલાલની પરીક્ષાના પરિણામની ચર્ચા કરે છે અને પ્રશ્નપત્રોની માગણી કરે છે. અહીં એનો તેઓ ફરી ઉલ્લેખ કરે છે અને ઉમેરે છે કે બે કાગળો સાથે પોસ્ટ થયા છે. એટલે આ કાગળ ૨૬મી જાન્યુઆરીના કાગળ પછી, થોડા વખતમાં લખાયો હોવો જોઈએ.

Gandhi Heritage Portal

તમારી પરીક્ષા બાબત મેં પરોક્ષ જાણ્યા પછી તમને તે જ વખતે કાગળ[૧] લખી કાઢ્યો. પછી તમારા ઠેકાણાવાળી ડાયરી[૨] કઠેકાણે ચડવાથી પોસ્ટ કરવો રહી ગયો તે હવે જ થયો. એટલે મારો આગલો કાગળ ને આ લગભગ સાથે જ મળશે.

તમારા કાગળની રાહ હું એક જ આતુરતાથી જોઉં છું એમ નથી. બા વખતોવખત પૂછે ને મિસ શ્લેશિન વ. પણ પૂછ્યા કરે.

તમારું ચિત્ત ત્યાં પણ સ્વસ્થ નથી થયું. તમે શું માગણી કરો છો એ હું સમજ્યો નથી. ચંચીને સાથે લઈ અમદાવાદમાં રહેવા માગો છો એ એક વાત હું સમજ્યો છું. આ વિષે તમે દાક્તરને[૩] પણ લખ્યું હશે. તેમ તમારે રહેવામાં જેમ સવળ પડે તેમ કરજો.

તમારા કાગળના બીજા ભાગ વિષે એટલું જ લખવા માગું છું કે 'સુતર આવે તેમ તું રહે, જેમ તેમ કરીને હરિને લહે.' હું દલીલ નહીં કરું. આપણા માર્ગ ભલે જુદા હો, આપણે જવાનું ઠેકાણું એક જ હશે તો ત્યાં મળશું. અને કદાચ આપણે પરસ્પર વિરોધી માર્ગે વળ્યા તોયે શું? મને મિથ્યાભિમાન નથી કે હું સર્વથા સાચો ને બીજા ખોટા. મારું કર્તવ્ય મને સૂઝે તે પ્રમાણે મારે કરવું જ જોઈએ એટલી વાતને વળગી રહું છું. આમ તમને સ્વતંત્ર ગણવામાં આપણે સરખા નથી થઈ જતા એ જાણું છું. તમારે મારા વિચારથી ઊલટો રસ્તો લેવો હોય ત્યારે પૈસાને સારુ તમારે મને આધીન થઈ રહેવું પડે છે. આટલી દશામાંથી પણ જો બને તો હું તમને મુક્ત કરું એવું મારું મન કહે છે ને પછી તમારી સાથે બરોબરિયો થઈ વાદવિવાદ કરું. પણ એ કેમ બને? મેં મારી કર્તવ્યતા પ્રમાણે રળવાનાં સાધન બંધ કર્યાં તેથી મેં ભૂલ કરી હોય તો મારે પસ્તાવું રહેશે. પણ તેમ કરતાં મેં છોકરાંઓનો વિચાર ન કર્યો તેટલે દરજ્જે અન્યાય કર્યો ન ગણાય? મારો જવાબ 'ના' છે. મારી મતિ પ્રમાણે મેં એઓનો પણ વિચાર કર્યો તે વિચાર ખોટો કે ખરો એ તો કાળે મને ને તમને જણાશે.

તમને વિલાયતના ઉદ્‌ગાર હજુ આવ્યા કરતા જોઉં છું. તેને સમાવજો. તમારો હજુ વખત નથી.

તમારા પરીક્ષાના પત્રો જો સાચવ્યા હોય તો મોકલજો.

મણિલાલ ખૂબ અભ્યાસ કરી રહ્યો છે. તેનું ચિત્ત તેમાં છે. હું તેને દોઢ કલાક હમેશાં આપું છું. તમે કયાં કયાં પુસ્તકો વાંચ્યાં એ જણાવજો. તમારી પરીક્ષા સારુ કયાં એ સવાલ છે. તમારા ઈંગ્રેજી લખાણના નમૂના મોકલજો.

બાપુના આશીર્વાદ

રામદાસ દેવદાસ પણ ઠીક ભણે છે, પણ હજુ ચિત્ત ચોંટ્યું નથી. બાની તબિયત ઠીક છે. આણંદલાલ અભેચંદનો વેપાર સંભાળવા સારુ ફ્રિનિક્સમાંથી મુક્ત થયા છે.

[મૂળ ગુજરાતી]

ગાંધીજીના હસ્તાક્ષરમાં લખાયેલા મૂળ પત્રની છબી પરથી : એસ. એન. ૯૫૩૯

૧. જુઓ "હરિલાલ ગાંધીને પત્ર", પા. ૪૫૪–૫.
૨. જુઓ "ડાયરી, ૧૯૧૨", પા. ૪૨૮.
૩. ડૉ. પ્રાણજીવન મહેતા.

Gandhi Heritage Portal

૩૫૭. જમનાદાસ ગાંધીને પત્ર

ફાગણ સુદ ૬ [માર્ચ ૧૪, ૧૯૧૩][1]

ચિ. જમનાદાસ,

તમારા દેશના કાગળ હવે આવ્યા છે. બહુ રસથી વંચાયા. તમારો પ્રતિબંધ હું જાણું છું. પણ આ કાગળમાં છગનલાલ, મગનલાલને વંચાવવાની તમે રજા આપી છે. મણિલાલને પણ વંચાવ્યા તેનો તેમાં સ્વાર્થ જોયો. એવા સરસ તમારા કાગળ લાગ્યા. બીજાને તે નહીં વંચાવું. જ્યાં તમારા અંતરઉદ્‌ગાર જ હશે ત્યાં વળી હું એકલો જ સમજીને કાગળ ફાડી નાંખીશ.

તમારાં ગૂમડાં હવે તો ગયાં જ હશે. તમારું લોહી તદ્દન સ્વચ્છ ન થાય ને અનુભવે અનુકૂળ ખોરાક ન મળે ત્યાં સુધી કંઈક વ્યાધિ નડ્યા કરવાની. પ્રયત્ન વડે દૂર કરી શકાય. તમે મારી સાથે હો એમ ઇચ્છવામાં એ લોભ મારો એક હેતુ.

આદુ આપણા ક્રમમાં ત્યાજ્ય નથી પણ ગુણકારી નથી. ફળાદિ ઉપર રહેનારને તેની માઠી અસર તરત જોવામાં આવે.

ઇંગ્રેજી જાણીએ તો પૂરું જાણીએ તેમાંથી રેલમાં જઈએ તો પહેલા બીજા વર્ગમાં જઈએ એ ઘટાવી શકાય એમ નથી. ઇંગ્રેજી ભણતર ભણતરરૂપે ખરાબ જ નથી. રેલમાં ફરવું સર્વથા ખરાબ છે. તેથી તેમાં બેસવું જ પડે તો દુઃખો ઉપાડી બેસી છૂટવું. વળી અસંખ્ય માણસો જ્યાં ન ચાલતાં દુઃખ ભોગવે છે ત્યાં આપણે જ્ઞાનપૂર્વક ભોગવવું. એટલે કે જ્યાં દુઃખ ભોગવવું અનીતિ ન હોય ત્યાં.

ક્લિનિકમાં ફાર્મનો બધો ખોરાક માફક ન આવી શકે. તમે ઘટતા ફેરફાર કરવા જેટલી મુદત ન રહ્યા તેથી માંદા પડ્યા.

ડેકના ઉતારુઓની સંભાળ રાખવા સ્ટીમર બંધાયેલી છે.

તમે દૂધ દહીંને તજો નહીં એ બરોબર લાગે છે. પણ તેને પ્રધાનપદ ન આપજો. એ પ્રમાદ વધારનારી વસ્તુ છે. ભાઈ કોટવાલ હવે દેશમાં છે. તેના પ્રસંગમાં આવજો. તે હજુ ફલાહારી જ છે. તેનો અનુભવ ઉપયોગમાં લેજો. તે આમાં ઊંડા ઊતરશે ને કેટલુંક શોધી કાઢશે તે તમને નહીં મળે.

બ્રાહ્મણોને માન આપવામાં આપણી અંતરદશા તેવી રાખવાની છે. તેઓના પ્રત્યે કટાક્ષ નથી કરવાનો. જેમ ખાનદાન કુટુંબનો માણસ હોય તેને જોઈને આપણને દયા ઊપજે ને તેની તરફ માન પણ આવે તેમ. વેશ્યાના પુત્રને સારુ આપણને સ્વાભાવિક માન ન હોય. પણ મારા કહેવાનો એવો ભાવાર્થ નથી કે બ્રાહ્મણોના દુરાચારને ટેકો આપવો. તેઓ નકામી ભીખ માગવા નીકળે ત્યારે તમે અભ્યાસમાંથી ઊઠી ચપટી આપો તો અભ્યાસ ગુમાવો. તેમાં બ્રાહ્મણને માન અપાયું હું ન ગણું, પણ આપણી ભીરુતા અથવા અવિચાર. હજુ ન સમજાયું હોય તો ફરી પૂછજો.

૧. જમનાદાસ ગાંધીએ ૧૯૧૨ના ડિસેમ્બરની ૧૪મીએ દક્ષિણ આફ્રિકા છોડ્યું; એમનો કોઈ પણ કાગળ ગાંધીજીને ૧૯૧૩ના જાન્યુઆરીની ૧૫મી પહેલાં મળી શકે નહીં. ૧૯૧૩માં ફાગણ સુદ ૬, માર્ચની ૧૪મીએ હતી.

Gandhi Heritage Portal

બપોરે સૂવાનું બળાત્કારે પણ કાઢી નાંખજો. તેવી સ્થિતિ થાય ત્યારે નહાઈ લેવું.

હું નિશાળની કે કેળવણીની વિરુદ્ધ નથી. પણ છાપની વિરુદ્ધ છું. એ સરકારી નિશાળમાં એક બાધ.

માસ્તરો નીતિવાન નહીં ને છોકરા તેઓથી અળગા જ રહે એ બીજો બાધ ને તેના કેટલાક વિષયોમાં નકામો વખત જાય છે એ ત્રીજો બાધ અને એ નિશાળો ઘણી વેળા આપણી બેડીની નિશાની હોય છે એ ચોથો બાધ.

પારસી ટોપી તે પારસી નથી પણ આપણી છે, પછી આપણે ભલે દત્તક લીધી હોય. આપણા વડવાઓએ તેમ કર્યું હોય તો તે વેળા તે ભૂલો થઈ. હવે સુધારવા જેવું એ કાર્ય નથી, પણ આપણે નવાને દત્તક લેવાની માથાકૂટમાં શાને પડીએ? હંગેરિયન કે મુગલાઈ પહેરવી એ કંઈક અભિમાન અને હુંપાણું સૂચવે છે. બીજાના કરતાં આપણે નોખા છીએ એવું.

મારા આવવા પછી પણ પ્રેસ[1] જેમ છે તેમ રહેશે એમ ધારું છું. મિસ શ્લેશિન ને મિસ વેસ્ટ છેવટે હિંદ આવે એમ સંભવે. મિ. પોલાક ને મિ. રિચ તો વકીલાત કરશે ને દ. આ.માં જ રહેશે. મિ. કૅલનબૅકનું અનિશ્ચિત છે. ભાઈ કોટવાલ તો મારી સાથે રહેશે એમ લાગે છે. મણિલાલ મારી સાથે જ રહેશે એવો સંભવ છે. એ ખૂબ ભણે છે. હજુ તેનું ભણતર ચાલશે. જેટલી ત્વરાથી હું તેને શીખવું ને જેવું સરસ શીખવું તેમ બીજો ન શીખવી શકે ને ન શીખવે એમ મને મોહ છે. જેકીબહેનને ઠીક રહે છે. હાલ તો મારી ખોળે લીધેલ એક જ દીકરી છે. દાક્તર મહેતા કરતાં મારી વિશેષ એટલે મારી સાથે જ રહેશે એમ જણાય છે.

તમારા પોશાકમાં વિચિત્રતા ન રાખશો. માથું ઢાંકવું, અંગરખું જરૂર જણાય તો પહેરવું, અને જરૂર જણાય તો સ્લીપર પહેરવાં. તેનો માત્ર બહાર જઈએ ત્યારે, ઘરમાં તો ઉઘાડે પગે, ને બહાર પણ તાઢતડકો ન હોય ત્યારે તેમ જ. આ બધી આગ્રહ કરવા જેવી વાત નથી. છતાં જે અનુકૂળ આવી ગયું હોય તેને વળગી રહેવું.

હવે તમારા કાગળમાં ઊઠેલા સવાલોનો જવાબ પૂરો થયો. વિશેષ લખવાનો વખત નથી. તમારે વિષે મેં ધારેલું બધું ફળો ને તેમ થવામાં તમારું મન દૃઢ રહો ને પ્રભુ તમને સહાય થાઓ એવું ઇચ્છું છું.

મોહનદાસના આશીર્વાદ

[મૂળ ગુજરાતી]

ગાંધીજીના હસ્તાક્ષરમાં લખાયેલા મૂળ પત્ર પરથી : સી. ડબ્લ્યુ. ૫૬૪૨

શ્રી નારણદાસ ગાંધીના સૌજન્યથી

૧. ઇન્ટરનેશનલ પ્રિન્ટિંગ પ્રેસ, ફિનિક્સ.

Gandhi Heritage Portal

૩૫૮. એક જાહેર દાખલો

એક એવો સવાલ ઉઠાવવામાં આવ્યો હતો કે વાઇસરૉયની કાઉન્સિલ ઉપર મુંબઈની વિધાનસભાના બિનસરકારી સદસ્યોના પ્રતિનિધિ તરીકે શ્રી ગોખલેની ચૂંટણી કાયદેસરની નહીં ગણાય, કારણ કે તેઓ પબ્લિક સર્વિસ કમિશનના સભ્ય તરીકે સરકારી તિજોરીમાંથી પગાર લે છે એટલે તેઓ સરકારી કર્મચારી છે. અમને ખબર મળી છે કે શ્રી ગોખલેએ પગાર લેવાની ના પાડીને આ બાબતનો પોતાની વિશિષ્ટ રીતે નિવેડો આણ્યો છે. આવા વલણની આશા માત્ર એવી વ્યક્તિ પાસેથી જ રાખી શકાય જેણે પોતાનું આખું જીવન લોકસેવામાં અર્પણ કર્યું હોય. જે કાર્યને તેઓ પોતે તદ્દન સ્વાભાવિક માને છે તેને માટે અમે તેમને અભિનંદન આપતા નથી, પણ આવા વિરલબુદ્ધિ સપૂત ધરાવવા માટે અમે માતૃભૂમિને હાર્દિક અભિનંદન આપીએ છીએ. એ વાત સાચી છે કે દક્ષિણ આફ્રિકામાં આવો ખાસ દાખલો સંભવી નહીં શકે, કારણ કે અહીં તો કમિશનના સદસ્યો માટે તેમની સેવા બદલ મળતા વેતનને કારણે જે ગેરલાયકાત ઊભી થાય છે તેમાંથી તેમને કાયદા દ્વારા મુક્ત રાખવામાં આવ્યા છે. પરંતુ આ સ્વરાજ ભોગવતા સંસ્થાનમાં જ્યાં આવા નૈતિક આચરણના જાહેર દાખલાઓનો, કંઈ નહીં તો વરસોથી અભાવ જ રહ્યો છે, ત્યાં પણ, શ્રી ગોખલેના દાખલાનું અનુકરણ જરૂર કરી શકાય.

[મૂળ અંગ્રેજી]

ઇન્ડિયન ઓપીનિયન, ૧૫–૩–૧૯૧૩

૩૫૯. ઇંગ્રેજી નૌકાસેના

ઇંગ્રેજી નૌકાસેનાના બળ ઉપર ઇંગ્રેજી રાજ્ય ટકે છે એવો વિચાર લાખો ઇંગ્રેજો રાખે છે. ઘણા યુરોપના લોકો માને છે ને ઇંગ્રેજી રાજ્યમાં વસતા બધાના મન ઉપર એ વાત ઠસાવવામાં આવે છે. આ બાબતની સભાઓ સ્થપાઈ છે. તે વિષે છાપાંઓ ભરાયાં રહે છે. "નેવી લીગ" નામનું જંગી મંડળ થયું છે. નૌકાસેનાને નિભાવવાનું ખર્ચ દહાડે દહાડે વધતું જાય છે. તેમાં કંઈ જ હરકત નહીં એવું બાળપણથી ઇંગ્રેજી છોકરાઓને સમજાવવામાં આવે છે. ઇંગ્રેજી ખલાસીને વધાવી લેવામાં આવે છે. કૉલોનીઓ પાસેથી ખર્ચનો હિસ્સો પણ માગવામાં આવે છે. આવા હિસ્સા બાબત ચર્ચા ગયે અઠવાડિયે યુનિયન પાર્લમેન્ટમાં ગઈ તેમાં મિ. મેરીમૅને બહુ કડવું અને વિચારવાલાયક ભાષણ કર્યું. તેણે ચોખ્ખું જણાવ્યું કે યુરોપ તો ઘેલું થઈ ગયું છે. તેને તો લશ્કરનો ધો લાગ્યો છે. લશ્કરો વધારવાં એ એક જાતનું કેમ જાણે દરદ જ હોય નહીં. આમ થવાથી ગરીબ માણસો કચરાઈ મરે છે એમ મિ. મેરીમૅનનું માનવું છે. તેથી તે સાહેબ જણાવે છે કે દક્ષિણ આફ્રિકાએ આ ઘેલછામાં ઊતરવું ન જોઈએ. પોતે અંગ્રેજ છે છતાં તેને નૌકાસેવા ઉપર બંધાયેલી ઇંગ્રેજની મોટાઈ નથી જોઈતી. તે તો માને છે કે ઇંગ્રેજની મોટાઈનું કારણ તેની ફોજ નથી. જનરલ બોથાને તેમ જ બધાને તેણે શિખામણ આપી કે

Gandhi Heritage Portal

ઇંગ્રેજની નૌકાસેનાની પદ્ધતિની સાથે દક્ષિણ આફ્રિકાએ બિલકુલ સંબંધ ન રાખવો. દક્ષિણ આફ્રિકામાં બ્રિટિશ લશ્કર રહે છે તે પણ ન જોઈએ એમ મિ. મેરીમૅનનું માનવું છે.

[મૂળ ગુજરાતી]

ઇન્ડિયન ઓપીનિયન, ૧૫–૩–૧૯૧૩

૩૬૦. જનરલ બોથાની સૂચના

જનરલ બોથા ખરેખરા ખેડૂત છે એમાં શક નથી. તેમની પાસે હજારો એકર જમીન છે એ તો સહુ કોઈને માલૂમ છે. પણ એથી ખેડૂત ન થવાય. નાતાલમાં એક મોટી કંપની છે કે જેની પાસે લાખો એકર જમીન છે છતાં તેમાંથી એક પણ માણસ ખેડૂત નથી. એ બધા ખેડૂતોમાંથી પૈસા પેદા કરવાવાળા છે. જનરલ બોથાના તો ખવાસ જ ખેડૂતના જોવામાં આવે છે. તે પોતે પોતાની જમીન ઉપર કામ કરે છે. જમીનની માહિતી સરસ ધરાવે છે. જુદા જુદા પાકની સ્થિતિથી વાકેફ છે. ઘોડાઘેટાંના તો ઉસ્તાદ ગણાય છે. એટલું જ નહીં તેમનાં ભાષણોમાં પણ ખેતીના મહિમાની વાત આવે છે. તેમનો ઊંડો વિચાર એવો જણાય છે કે દક્ષિણ આફ્રિકાનો ઉદ્ધાર સોનાની ખાણોમાં નથી. કેટલાક તો એવું પણ માને છે કે સોનાની ખાણો થોડાં વરસમાં ખાલી થઈ જશે ને જોહાનિસબર્ગ વગેરે શહેરોની દશા અમેરિકાનાં કેટલાંક શહેરોની દશા થઈ છે તેવી થશે. આ તો ગમે તેવું હોય પણ જનરલ બોથાએ હાલમાં ભાષણ કર્યું છે તે જાણવા-લાયક છે. તેણે એવો અભિપ્રાય જણાવ્યો છે કે જે ગોરા ખેડૂતો પોતે પોતાની જમીન ખેડે નહીં તેઓની પાસેથી જમીન ખૂંચવી લેવી ને લાયક માણસને આપવી. બીજા ગોરાઓ એવું પગલું તેને ભરવા ન જ દે. એ વિચારોનો અમલ થવાનો નથી. એ વિચારની કિંમત વિચારમાં જ છે. જનરલ બોથા જેને ખેતીને વિષે આવો ઉત્સાહ છે તે ખેતીને પોતાની વગથી, સત્તાથી, ખૂબ જોર આપી શકે છે. અમે તો ઇચ્છીએ છીએ કે એવું જ કંઈ આપણામાં પણ આવો. આપણે પણ ખેતીની તરફ નજર કરતા થઈએ.

[મૂળ ગુજરાતી]

ઇન્ડિયન ઓપીનિયન, ૧૫–૩–૧૯૧૩

Gandhi Heritage Portal

૩૬૧. ટ્રાન્સવાલ જવાનો હક કોને છે?

અમારા પ્રતિનિધિની મુસાફરી દરમ્યાન ઘણા વાચકવર્ગે એવી ઇચ્છા જણાવી કે ટ્રાન્સવાલમાં જવાનો કોને હક છે તે વિષે હકીકત જોકે અગાઉ આપેલી છે છતાં ફરીથી વાંચનારને મળે તો ઠીક. આથી અમે તે હકીકત રજૂ કરીએ છીએ :

ટ્રાન્સવાલમાં હવે માત્ર એ જ હિંદી કંઈ પણ અરજી વગેરે કર્યા વગર જઈ શકે કે જેની પાસે ૧૯૦૮ના કે ૧૯૦૭ના રજિસ્ટ્રેશન કાયદાનાં સર્ટિફિકેટ હોય. તેઓએ સરહદ ઉપર પોતાનું સર્ટિફિકેટ બતાવી તે પોતાનું છે એવા પુરાવા આપવા ઉપરાંત કંઈ વિશેષ કરવું નથી પડતું.

પણ જો તેમની સાથે ઓરત કે ૧૬ વરસની અંદરનાં બચ્ચાં હોય તો તેનો પુરાવો અમલદારને આપવો પડે છે. ઘણી વાર અમલદાર હલાકી કરે છે ને આગળ વધવા નથી દેતો. તેથી સરહદ ઉપર રોકાણ થાય છે. માજિસ્ટ્રેટની પાસે પણ જવું પડે છે. વકીલનું ખર્ચ લાગે છે. આ તકલીફમાંથી બચવાનો એક ઉપાય તો એ લેવાય છે કે લોકો રજિસ્ટ્રારની ખુશામત કરી પહેલેથી પરવાનગી લે છે. પણ આ ઉપાયનું પરિણામ ખરાબ આવ્યું છે તે એ કે તે તરફનું દબાણ વધ્યું છે. સરસ પુરાવાવાળા માણસોને પણ તકલીફ ભોગવવી પડે છે. બીજો ઉપાય એ છે કે તકલીફ હાલ તુરત ભોગવી રીતસર દાદ મેળવવી. આમ કરતાં હાલ તુરત તો તકલીફ પડશે, પણ પાછળથી નિરાંત થશે. એ ઉપાય બધા હિંદી લે તો તુરત નિકાલ આવે. થોડા લે તો પ્રમાણમાં વખત લાગે.

આ સંબંધે એવો પણ સવાલ ઊઠ્યો છે કે દેશથી આવતા છોકરાઓએ અને ઓરતોએ શું કરવું. ટ્રાન્સવાલના અમલદાર છોકરાઓને સારુ નીચે પ્રમાણે પુરાવા માગે છે :

૧. પહેલા વર્ગના માજિસ્ટ્રેટનું એવું સર્ટિફિકેટ હોવું જોઈએ કે જે છોકરાની પાસે તે સર્ટિફિકેટ હોય તે બાપ તરીકે ઓળખાતા પુરુષનો દીકરો છે.

૨. એ સર્ટિફિકેટ ઉપર ઓળખને સારુ બાપના તથા છોકરાના અંગૂઠા.

૩. છોકરાની ઉંમરનો પુરાવો. આ પુરાવો કંઈ દરેક કેસમાં ભારે ન જોઈએ. જ્યાં ઉંમર શંકા વિના ૧૬ વરસની અંદર છે એવું છોકરાના કદ ઉપરથી પારખી શકાય ત્યાં ઉંમરના પુરાવાની જરૂર નથી પડતી.

૪. માજિસ્ટ્રેટે છોકરાના દીકરાપણા વિષે બરોબર પુરાવો લીધો છે એ સર્ટિફિકેટમાં ચોખ્ખું હોવું જોઈએ.

આટલા પુરાવા ખરા કેસમાં સહેજે મળી શકે છે અને જે બાપ પોતાના છોકરાને ટ્રાન્સવાલમાં લઈ જવા માગતા હોય તેણે આ પુરાવો સાથે રાખવો એ ઠીક છે. પણ એટલું યાદ રાખવાનું છે કે એવો પુરાવો જે ન લાવ્યા હોય તેનો હક કંઈ રદ નથી થતો. ગરીબ માણસોને કેટલીક વેળા જે પુરાવા દક્ષિણ આફ્રિકામાં મળી શકે છે તે દેશમાં નથી મળી શકતા.

ઓરતોને સારુ પણ ઉપર પ્રમાણે સર્ટિફિકેટની વાત સંભળાય છે. અમારી તો ખાસ સલાહ છે કે ઓરતના અંગૂઠા હરગિજ ન આપાય. ઓરતની ઓળખ એટલી સખતાઈથી લેવાનો સરકારને અખત્યાર નથી કેમ કે તેનું કંઈ કારણ નથી. જૂઠી ઓરતોને ઘણા હિંદી દાખલ કરતા

Gandhi Heritage Portal

હોય એવા દાખલા જોવામાં નથી આવ્યા. એટલે ઓરતો બાબત આપણે લડત લેવાની જ છે. ઓરતોને વિષે વિવાહનું સર્ટિફિકેટ હોય એટલું બસ છે એમ અમે માનીએ છીએ ને અમે જાણીએ છીએ કે કાયદેસર તે ઓરતનો હક સાબિત થઈ શકે છે.

ઉપરની ખબર અમે ટ્રાન્સવાલ વિષે આપી છે. સવાલ પણ તેને જ વિષે થયો છે. પણ સાધારણ રીતે નાતાલને સારુ પણ તે જ વાત લાગુ પડે છે. અમે જાણીએ છીએ કે નાતાલમાં વધારે સખતી છે. નાતાલના અમલદારને સત્તા વધારે છે. પણ ઉપર પ્રમાણે જેની પાસે પુરાવા હોય તેને બસ થવું જ જોઈએ. વળી એમ પણ યાદ રાખવું કે નાતાલમાં આપણે સખતીની સામે લડત ચલાવીએ છીએ. જો હિંદી પોતાના સ્વાર્થને સારુ નાતાલના અમલદારનો હુકમ ઉઠાવે તો તેટલે દરજ્જે તેને જોર મળે ને લડતને ધક્કો પહોંચે. આટલો તો કાયદો જ છે કે જ્યાં ગુલામ નથી ત્યાં સરદાર નથી. માણસો ગુલામી કરવા તૈયાર થાય ત્યાં જ બીજા માણસો સરદારી કરવા તૈયાર થાય છે.

દક્ષિણ આફ્રિકામાં આપણી હાલત એવી છે કે જોરથી એકદમ સુધરી શકે ને નબળાઈથી આપણે એકદમ નીચા ઊતરી જઈએ. આવું બીજાં સંસ્થાનોમાં નથી કેમ કે બીજાં સંસ્થાનોમાં મધ્યમ સ્થિતિ વર્તે છે એટલે લોકો પોતે બેડીજડિત છે એટલું પણ સમજતા નથી. અહીં તો સર્વ હિંદી સમજે છે કે આપણે બેડીજડિત બંદીવાન છીએ.

[મૂળ ગુજરાતી]

ઇન્ડિયન ઓપીનિયન, ૧૫–૩–૧૯૧૩

૩૬૨. આરોગ્ય વિષે સામાન્ય જ્ઞાન [–૧૧]

કેટલાક પદાર્થો તદ્દન તજવા જેવા છે એ આપણે જોઈ ગયા. કેટલાક બીજા છે કે જે બીજાં કારણો સારુ તજવા જેવા અથવા ઓછા લેવા લાયક છે એમ બતાવવાનું રહે છે. આનો વિચાર મુલતવી રાખી હવે આપણે શો ખોરાક હોવો જોઈએ તે વિચારીએ.

આપણે ખોરાકની બાબતમાં મોટામાં મોટા દુનિયાના ત્રણ વિભાગ પાડી શકીએ છીએ: એક વિભાગમાં એવા માણસ છે કે, જેઓ મરજીથી કે ન ચાલતાં માત્ર વનસ્પતિમાંથી ઉત્પન્ન થયેલી વસ્તુઓ ઉપર નિભાવ કરે છે; આ ભાગ મોટામાં મોટો છે. તેમાં હિંદુસ્તાનનો મોટો ભાગ, યુરોપનો મોટો ભાગ અને ચીન-જાપાનનો ઘણો ભાગ આવે છે. આમાંના થોડા ધર્મને લીધે માત્ર વનસ્પતિક પદાર્થ લે છે, પણ બીજા ઘણા માંસાદિ ન મળવાથી તેના વિના ચલાવે છે; પણ જો પ્રસંગ આવે તો માંસ સ્વાદથી ખાય છે. આવા ઈટાલિયન, આઇરિશ, સ્કૉટલેંડના ઘણા માણસો, રશિયાની ગરીબ વસ્તી, ચીન અને જાપાનની—આમ બધા ગણાય છે. જેમ કે ઈટાલીનો મુખ્ય ખોરાક મેકેરોની, આયર્લેન્ડમાં બટાટા, સ્કૉટલંડમાં ઓટમીલ, ચીન-જાપાનમાં ચાવલ ગણાય છે. બીજો વિભાગ એ વનસ્પતિની સાથે કંઈ પ્રકારનાં માંસ-મચ્છી એક કે વધારે વખત હમેશાં ખાય છે. આમાં ઈંગ્લંડનો મોટો ભાગ આવે છે. હિંદુસ્તાનમાં તાલેવંત મુસલમાન અને હિંદુઓ જેને ધર્મબાધ નથી તેવા તથા તાલેવંત ચીના-જાપાની વગેરે આવી જાય છે. આ વિભાગ પણ મોટો છે; જોકે પહેલાંના કરતાં બહુ નાનો છે. ત્રીજા વિભાગમાં બહુ ઠંડા મુલકમાં રહેનારી કેટલીક જંગલી ગણાતી પ્રજા છે અને કેટલાક સીદીઓ છે કે, જેઓ માત્ર માંસ ખાઈને

Gandhi Heritage Portal

જિંદગી ચલાવે છે. આવો ભાગ બહુ થોડો છે અને તે પણ જેમ જેમ યુરોપના મુસાફરોના પ્રસંગમાં આવતો જાય છે, તેમ તેમ પોતાના ખોરાકની સાથે વનસ્પતિ દાખલ કરતો જાય છે. આ સ્થિતિમાંથી આપણે એટલું જ અનુમાન કરી શકીએ છીએ કે, માણસ ત્રણે રીતે જીવી શકે છે; પણ આપણે તો એ વિચારવાનું છે કે, સર્વથી વધારે આરોગ્યવર્ધક ખોરાક કયો?

શરીરની રચના જોતાં એમ જણાય છે કે, કુદરતે માણસને વનસ્પતિ ખાનારો બનાવ્યો છે. બીજાં પ્રાણીઓની જોડે આપણી સરખામણી કરતાં એમ જોવામાં આવ્યું છે કે, આપણી રચના માત્ર ફળાહારી જનવરોને વધારેમાં વધારે મળતી આવે છે. એટલે કે વાંદરાને. વાંદરાનો ખોરાક લીલાં ને સૂકાં ફળ ગણાય છે. તેના દાંત અને તેની હોજરી આપણને મળતી આવે છે. ફાડી ખાનારાં જનવર જેવાં કે સિંહ, વાઘ વગેરેના દાંત અને હોજરીની રચના આપણા કરતાં જુદી છે. તેઓને જે પંજા છે તે આપણને નથી. પશુઓ જે માંસાહારી નથી, જેવાં કે બળદ વગેરે તેઓને પણ આપણે કંઈક મળીએ છીએ; પરંતુ ઘાસનો મોટો જથ્થો ખાવાને તેઓને જે આંતરડાં વગેરે છે તેવાં ને તેટલાં આપણને નથી. આ ઉપરથી ઘણા શોધકો એમ કહે છે કે, માણસ માંસાહારી નથી; એટલું જ નહીં પણ તે ગમે તે વનસ્પતિ ખાવાને પણ સર્જાયેલ નથી. તેનો મૂળ ખોરાક તો વનસ્પતિમાંથે માત્ર ફળફળાદિ હોવો જોઈએ.

રસાયનશાસ્ત્રીઓએ પ્રયોગો કરીને બતાવ્યું છે કે, જે તત્ત્વો માણસને નિભાવવાને જરૂરનાં છે તે બધાં ફળોમાંથી મળી શકે છે: જેમ કે કેળાં, નારંગી, ખજૂર, અંજીર, સફરજન, અનેનાસ, બદામ, અખરોટ, મગફળી, નાળિયેર વગેરેમાં તંદુરસ્તી જાળવનાર અને કૌવત આપનાર બધાં તત્ત્વો છે. આ શોધકો માને છે કે, માણસને રસોઈ કરીને પકાવવાની પણ જરૂર નથી. જેમ બીજાં પ્રાણી માત્ર સૂરજના તાપમાં જ પાકેલી વસ્તુ ઉપર તંદુરસ્તી જાળવે છે, તેમ જ આપણું થવું જોઈએ. તેઓ ત્યાં સુધી માને છે કે, પકાવવાથી ખાવાલાયક વનસ્પતિઓનું સત્ત્વ નાશ પામે છે અને તેની પોષકશક્તિ ઓછી થાય છે. પકવેલા ખોરાકથી વનસ્પતિનો ખાસ ગુણ જે આપણને શહૂર—ચેતન આપવાનો છે તે ઓછો થાય છે. આમ કહેનાર એમ પણ દલીલ લાવે છે કે, જે વનસ્પતિ પકાવ્યા વિના ન ખાઈ શકીએ તે આપણો ખોરાક હોઈ જ ન શકે.

એટલું તો ચોક્કસ છે કે, જો ઉપરની દલીલ બરાબર હોય તો આપણા ઘરમાં, રસોઈમાં અને ખાવામાં આપણો વખત જાય છે, તેને બદલે આપણે થોડા વખતમાં ખાવાનો કારભાર સંકેલી શકીએ. આપણાં બૈરાંનો બહુ વખત બચે, ઘરમાં રસોડાં વગેરેમાં રોકાતો ભાગ બચે અને તેથી આપણે ઘણી બાબતમાં એટલા બધા સ્વતંત્ર થઈ શકીએ કે જેથી આપણે બચેલા વખતનો અને પૈસાનો બહુ સરસ ઉપયોગ કરી શકીએ.

પણ બધા રસોઈ કરતા બંધ પડે, પોતાની સ્ત્રીઓને રસોડારૂપી કેદખાનામાંથી છોડે, સ્ત્રીઓ પોતે જ તે કેદખાનામાંથી છૂટવાને ઇચ્છે, એ બધું સ્વપ્ન જેવું લાગે અને જે બનવાજોગ નથી તેની વાત શી કરવી એમ કોઈ કહેશે; પણ બધા તે પ્રમાણે કરી શકે કે નહીં તે વિચાર આપણે હાલ કરતા નથી. શું સારું છે એ જ વિચાર કરીએ છીએ. સંપૂર્ણ આરોગ્યને સમજીએ તો સાધારણ આરોગ્ય મેળવી શકીએ. સર્વોત્તમ ખોરાક કયો એ જાણીએ તો સાધારણ રીતે શું ખાવું એ આપણે જાણી શકીશું.

વળી જો ફળાહાર એ સરસ ખોરાક હોય તો બધા તે ધારણ કરે કે નહીં તેની સાથે આપણને બહુ સંબંધ નથી. આપણે પોતે તે ગ્રહણ કરી શકીએ તો કરવા જેવો છે એમાં વિરોધી મત નહીં પડે.

Gandhi Heritage Portal

આ વિષય ઉપર યુરોપમાં બહુ પુસ્તકો લખાયાં છે. ફળાહારના અખતરા કરનાર પણ યુરોપિયન મળી આવે છે. કેટલાકે પોતાના અનુભવ બહાર પાડયા છે. આ બધા ધર્મના હેતુથી નહીં, પણ માત્ર આરોગ્યના હેતુથી ફળાહારી થયા છે. જુસ્ટ નામે એક જર્મન છે. તેણે ફળાહાર ઉપર સરસ પુસ્તક લખ્યું છે અને ઘણા દાખલાદલીલથી બતાવી આપ્યું છે કે, ફળાહાર એ ઉત્તમ ખોરાક છે. તેણે ઘણાં દરદીઓનાં દરદ ફળાહારથી અને ખુલ્લી હવાથી મટાડયાં છે. તે એટલે સુધી કહે છે કે, જે દેશમાં જે ફળ થતાં હોય તેમાંથી માણસ સંપૂર્ણ પોષણ કાઢી શકે છે.

આ જગ્યાએ મારો પોતાનો અખતરો વર્ણવું એ ખોટું નહીં ગણાય. છ મહિના થયા મેં કંઈ જ અન્ન લીધું નથી અને માત્ર ફળાહારી જ રહ્યો છું; દૂધ-દહીં પણ નથી લીધાં. મારો ખોરાક કેળાં, મગફળી, જૈતૂનનું તેલ (ઑલિવ ઑઈલ) અને લીંબુ કે એવું કંઈ ખાટું ફળ તથા ખજૂર, એ છે. હું નથી કહેતો કે આ અખતરો બરોબર ફળીભૂત થયો છે. આવા મહાન ફેરફારની અસર જાણવા સારુ છ માસ બસ નથી. પણ એટલું તો કહીશ કે જ્યારે બીજા માંદા પડયા છે, ત્યારે મારી તબિયત સારી રહેલી છે. મારામાં પ્રથમ માનસિક અને શારીરિક શક્તિ હતી તેના કરતાં વિશેષ છે. શારીરિક શક્તિ માટે એટલું કહેવું જોઈએ કે જેટલું વજન હું પ્રથમ ઉપાડી શકતો તેટલું કદાચ ન ઊપડે; પણ જેટલા કલાક હું પહેલાં મજૂરી કરી શકતો તેના કરતાં વધારે વખત સુધી વગરથાકયે કરી શકું છું. માનસિક કામ તો હાલ બહુ જ વધારે કરું છું, છતાં તેને પહોંચી વળું છું. કેટલાક દરદીઓને સારુ મેં આ પ્રકારનો ખોરાક અજમાવ્યો છે, તેનાં પરિણામ તો અદ્‌ભુત જ આવ્યાં છે; તેનું વર્ણન દરદો વિષેના પ્રકરણમાં આપવાની ધારણા છે. એટલે બીજાના અનુભવથી, મારા પોતાના અનુભવથી અને જે વાંચ્યુંવિચાર્યું છે, તેથી એટલું તો લાગે છે કે ફળાહાર એ ઉત્તમ ખોરાક છે.

હું માનતો નથી કે, આ ભાગ વાંચીને ફળાહારનો અખતરો કરવા કોઈ મંડી જશે. મારા આ લખાણની અસર ભાગ્યે જ વાંચનારની ઉપર થશે. પણ મારે જે સત્ય લખવું છે ને ધારણા એ જ છે તો પછી મને જે બરોબર ભાસ્યું છે, તે જ બતાવવાની મારી ફરજ સમજું છું.

પણ જો કોઈ વાંચનારને ફળાહારનો અખતરો કરવાનો વિચાર થાય, તો તેને ઠેકડો ન મારતાં ધીમે ચાલવાની મારી ભલામણ છે. બધાં પ્રકરણો તે વાંચી રહે પછી તેણે સાર ખેંચી સમજીને જે કરવું હોય તે કરવું.

હવે પછીના વિભાગમાં બીજા વર્ગના ખોરાકનો વિચાર આપણે કરીશું. તે વધારે માન્ય થઈ પડશે, એમ મારું માનવું છે અને આ વિભાગ તે વિભાગ પછી વધારે સમજાશે.

જેઓ આ પ્રકરણો ધ્યાનપૂર્વક વાંચતા હોય તેઓને મારી એટલી વિનંતી છે કે, પ્રકરણો પૂરાં થયા પછી જ તેમણે છેવટના વિચાર બાંધવા.

[મૂળ ગુજરાતી]

ઇન્ડિયન ઓપીનિયન, ૧૫–૩–૧૯૧૩

Gandhi Heritage Portal

૩૬૩. લૉર્ડ ઍમ્પ્ટહીલે કરેલી આપણા પક્ષની હિમાયત

પેલે દિવસે લૉર્ડ ઍમ્પ્ટહીલે ઉમરાવસભામાં માનનીય શ્રી ગોખલેની દક્ષિણ આફ્રિકાની મુલાકાત સંબંધી કાગળો જોવા માગ્યા.[૧] આ ઉમદા પુરુષમાં આપણા કાર્ય માટે જે ભારે અને અથાગ ધગશ છે, તે બદલ હિંદી કોમ તરફથી અમે અનેક વાર આભારની લાગણી પ્રદર્શિત કરી છે. આપણા પ્રશ્ન તરફ ઉમરાવસભાનું ધ્યાન ખેંચવાથી કંઈ ઉપયોગી હેતુ સરે એમ હોય ત્યારે તેમ કરવાની એક પણ તક તેમણે ગુમાવી નથી. લૉર્ડ મહાશયનું કાર્ય આપણને કેટલું બધું મદદકર્તા થઈ પડ્યું છે અને એનાથી આપણી મુશ્કેલીઓ વચ્ચે આપણને કેટલું પ્રોત્સાહન મળ્યું છે તે દરેક હિંદી જાણે છે. શ્રી ગોખલેની મુલાકાત સંબંધી તેમના છેલ્લા પ્રયાસનો સંક્ષિપ્ત હેવાલ અમે અન્યત્ર પ્રસિદ્ધ કરીએ છીએ. કશું સંગીન પરિણામ લાવ્યા સિવાય શ્રી ગોખલેની મુલાકાતને લોકો ભૂલી જાય એ વાત લૉર્ડ ઍમ્પ્ટહીલ ચલાવી લેવા માગતા નહોતા. આ મુલાકાતથી જે વાતાવરણ પેદા થયું હતું તેનો ઉપયોગ કરીને નવો કાયદો કરાવવા માટે અથવા વર્તમાન કાયદાના અમલથી આપણા પર જે મુસીબતો લાદવામાં આવે છે તેમાં રાહત મેળવવા માટે તેઓ ઈંતેજાર હતા. પ્રસંગવશાત્ શ્રી ગોખલેનાં વ્યક્તિત્વ અને લાયકાતને તેમણે અંજલિ આપી. અમે દિલગીર છીએ કે સરકાર તરફથી જવાબ આપી રહેલા લૉર્ડ એમટ, પ્રસંગોચિત વર્તાવ રાખી શકયા નથી. તેઓ લૉર્ડ ઍમ્પ્ટહીલની સુંદર અને મૈત્રીભરી ભાવના સમજી શકયા નથી અને ઠંડો જવાબ વાળ્યો છે. તેમણે ઘણી વાત છુપાવી છે અને કોઈ બાબતનું વચન પણ નથી આપ્યું. સંસ્થાન પરત્વેની ભાવનાનો વધારેપડતો ખ્યાલ રાખવાની અને હિંદીઓની ભાવનાની અવગણના કરવાની આ વૃત્તિ દુઃખદ છે અને તે આપણે આપણા પોતાના પગ પર ઊભા રહેવું જોઈએ, એ વાતની આપણને ખાતરી કરાવે છે.

[મૂળ અંગ્રેજી]

ઇન્ડિયન ઓપીનિયન, ૨૨–૩–૧૯૧૩

૧. ૧૧મી ફેબ્રુઆરી, ૧૯૧૩ને રોજ ઉમરાવસભામાં લૉર્ડ ઍમ્પ્ટહીલે સવાલ પૂછ્યો હતો કે, છાપાંમાં એવો રિપોર્ટ છે કે, ગોખલેની દક્ષિણ આફ્રિકાની મુલાકાત સફળ થઈ છે એ બાબતનું સમર્થન કરતા સત્તાવાર સમાચાર સરકારને મળ્યા છે? અને બ્રિટિશ હિંદીઓના સવાલનો નજીકના ભવિષ્યમાં સંતોષકારક ઉકેલ આવવાની આશા છે? તેમણે આ બાબતના કાગળોની પણ માગણી કરી. પોતાના ભાષણમાં તેમણે કહ્યું કે આ સવાલ સામ્રાજ્યની દૃષ્ટિએ "અત્યંત મહત્ત્વનો" છે અને તેણે હિંદમાં અસંતોષ પણ ઊભો કર્યો છે જે ૧૯૧૧ની હિંદી રાષ્ટ્રીય કૉંગ્રેસમાં પરાકાષ્ઠાએ પહોંચ્યો હતો. તેમણે કહ્યું કે સામ્રાજ્ય સરકારે ગોખલેની મુલાકાતને માન્યતા આપી છે. તેમણે એ પણ પૂછ્યું કે, ગોખલેની મુલાકાતને પરિણામે જે "સમજદારી, સમાધાન અને શુભેચ્છાની ભાવના" પેદા થઈ છે તેને માન્ય કરવા પ્રોત્સાહન આપવા અથવા તેનો લાભ લેવા સરકારે શું કર્યું છે? સંસ્થાનોના અંડર સેક્રેટરી લૉર્ડ એમટે "ઠંડો અને સાવધાનીપૂર્વકનો સરકાર રાહેનો" જવાબ આપતાં કહ્યું કે, ગોખલેની મુલાકાત બિનસરકારી હતી, દક્ષિણ આફ્રિકાના મંત્રીઓ સમક્ષ તેમણે કરેલાં નિવેદનો અવિધિસરનાં હતાં અને મારી પાસે સભાગૃહ સમક્ષ મૂકવાના કોઈ કાગળો નથી. ઇન્ડિયન ઓપીનિયન, ૨૨–૩–૧૯૧૩.

Gandhi Heritage Portal

૩૬૪. હિંદુઓ અને મુસલમાનો સાવધાન !

સવાલ એ છે કે, મુસ્લિમ રિવાજ પ્રમાણે વિવાહિત પત્ની પ્રવાસી બિલના અર્થમાં પત્ની ખરી કે નહીં? ન્યાયાધીશે ચુકાદો આપ્યો કે, આવી અરજી નામંજૂર કરવી જોઈએ, કારણ કે આ લગ્ન પ્રવાસી કાનૂનની શરતો પૂરી કરતું નથી.

કેપ આર્ગસ આવો રિપોર્ટ આપે છે: દક્ષિણ આફ્રિકાના હિંદીઓને આનાથી વધુ સ્પષ્ટ અને વધુ મહત્ત્વના ચુકાદા સાથે કામ પાડવાનું ભાગ્યે જ આવે એમ છે. અત્યાર સુધી લગ્નની બાબતમાં જે ચુકાદા આવ્યા છે તે વત્તેઓછે અંશે અસ્પષ્ટ હતા. આ વખતે આ મુદ્દો સ્પષ્ટ રીતે રજૂ કરવામાં આવ્યો છે. આ કેસ કસોટીરૂપે કરવામાં આવ્યો હતો અને તેનો ચુકાદો હિંદીઓની વિરુદ્ધ આવ્યો છે.[૧] આ ચુકાદો કોઈ એક વ્યક્તિની વિરુદ્ધમાં નથી અને ન્યાયાધીશ બીજું કાંઈ પણ કરી શકે તેમ નહોતા એ વિષે પણ શંકા નથી. પ્રવાસી અધિકારીનો પણ વાંક કાઢી શકાય તેમ નથી. તેને કાયદાનો અમલ કરવાનો હતો અને તે તેણે કર્યો છે. આ ચુકાદાનો અર્થ એવો થાય છે કે દરેક હિંદુ અને મુસ્લિમ પત્ની દક્ષિણ આફ્રિકામાં ગેરકાયદેસર રીતે અને એટલા માટે સરકારની દયાને આધારે રહે છે, અને રહી શકે. અને જો ભવિષ્યમાં હિંદી એટલે હિંદુ, મુસ્લિમ, કે પારસી પત્નીઓને કાઢી મૂકવામાં આવે તો તેને માટે આપણા સિવાય બીજા કોઈને દોષ દેવાનો રહેતો નથી. આ સ્થિતિ એવી છે જેને ચલાવી લેવાને આપણું સ્વમાન આપણને બાંધી કરે છે. અમે આશા રાખીએ છીએ કે દરેક અંજુમન, દરેક સંઘ, દરેક ધર્મ-સભા સરકારને વિનંતીપત્ર મોકલીને, હિંદના પ્રતિષ્ઠિત ધર્મો અનુસાર થયેલાં લગ્નોને કાયદેસર ગણવામાં આવે એ રીતનો નવા ઈમિગ્રેશન બિલમાં ફેરફાર કરવા સાદર વિનંતી કરશે. આ વિનંતી તાબડતોબ સ્વીકારાવી જોઈએ, અને તે આપણે બ્રિટિશ સામ્રાજ્યનો એક ભાગ છીએ માત્ર તેટલા ખાતર નહીં, પણ આંતરરાષ્ટ્રીય શિષ્ટાચારના નિયમો ખાતર પણ સ્વીકારાવી જોઈએ.

સત્યાગ્રહીઓ માટે, પોતાની માગણીઓમાં આ આણધારેલી પણ અસહ્ય ફરિયાદના નિવારણની માગણીને દાખલ કરવી કે નહીં એવો ગંભીર સવાલ ઊભો થયો છે. એ જે હોય તે, પરંતુ આ સવાલ એવો છે જે હિંદીઓ પાસે તેમના સર્વસ્વની – વેપારની, ધનની તથા આરામની કુરબાની માગે છે. આ બધું, પોતાના અથવા પોતાના ભાઈઓનાં લગ્ન રદબાતલ ઠેરવવામાં આવે એ શરતે બચાવી લેવું એ બહુ મોંઘો સોદો થઈ પડે એમ છે. કોઈ પણ બાબતનો વિચાર કરવા ન રહેતાં તેમણે ઝટપટ અસરકારક પગલાં લેવાં જોઈએ.

[મૂળ અંગ્રેજી]

ઇન્ડિયન ઓપીનિયન, ૨૨–૩–૧૯૧૩

૧. જુઓ આ પછીનો લેખ.

Gandhi Heritage Portal

૩૬૫. હિંદી ધર્મો પર હુમલો

કેપ ટાઇમ્સમાં ઓરતો બાબત એક ચુકાદો હાલમાં છપાયો છે એના જેવો અગત્યનો ને ગંભીર ચુકાદો અમે કોઈ દિવસ વાંચ્યો કે જોયો નથી. બાઈ મરિયમ કરીને એક ઓરત છે. તે મુસલમાની શરેહ મુજબ પરણેલી છે. તેનો ધણી તેને દેશથી લાવ્યો. ઇમિગ્રેશન અમલદારે તેને અટકાવી. કારણ એક જ આપ્યું. તે એ કે બાઈની શાદી કાયદેસર ન ગણાય. આ કેસ તે અજમાયશનો કેસ ગણવામાં આવ્યો હતો. સવાલ એક જ હતો. મુસલમાની કે બીજા ખ્રિસ્તી સિવાયના ધર્મ પ્રમાણે થયેલી શાદી કાયદેસર ગણાય કે નહીં. જજે ચુકાદો આપ્યો કે એવી શાદી કાયદેસર ન ગણાય ને તેથી ઓરતને કેપમાં દાખલ થવાનો હક નથી. બાઈને પાછા જવાનો હુકમ થયો છે. આ ઠરાવનો અર્થ એ છે કે જેટલી હિંદુ કે મુસલમાન ઓરત દક્ષિણ આફ્રિકામાં છે તે બધાનો આ મુલકમાં રહેવાનો હક આજથી રદ થયો છે એટલે જે હિંદુ-મુસલમાન કે પારસી ઓરત આ મુલકમાં રહે તે માત્ર સરકારની મહેરબાનીથી. હવે પછી સરકાર બીજી આપણી ઓરતોને ન આવવા દે એ તદ્દન બનવાજોગ છે. અથવા આવવા દેશે તો તે પણ બહુ મહેરબાનીથી જ ગણાય. આના કરતાં વધારે અધમ હાલતનો ખ્યાલ અમને આવી શકતો નથી.

ઉપાય આપણા હાથમાં જ છે. દરેક અંજુમન, દરેક ધર્મસભા ને દરેક બીજાં મંડળો સરકાર પાસેથી વિનયપૂર્વક દાદ માગે કે આ કાયદો બદલાવો જોઈએ ને હિંદુસ્તાનના ધર્મ પ્રમાણે થયેલી શાદી કાયદેસર ગણાવી જોઈએ. જે પ્રજા કે જે માણસ પોતાની ઓરતનું માન નહીં જાળવી શકે તે પ્રજા કે માણસની હાલત પશુ કરતાં પણ નબળી ગણાય છે. સ્ત્રીના માનને ખાતર ઘણી લડાઈઓ થઈ છે એમ આપણે જાણીએ છીએ. ને સ્ત્રીના માનને ખાતર આપણે ભેખ લઈએ તો વધુ પડતું નહીં ગણાય.

આ કેસમાં અમે ઉપલી કોર્ટમાં જવાની સલાહ નથી આપી શકતા. ઉપલી કોર્ટ શું કરવાની હતી? આપણી વિરુદ્ધ ફરીથી ચુકાદો આપે ત્યારે જ આપણે સરકાર પાસે જઈએ એવો આ કેસ અમે નથી ગણતા.

આ વખતે આપણે આપણું ધન, આપણો માલ, આપણી દુકાનો જતાં કરીએ ને લડીએ તો કંઈ વધારે નથી ગણાવાનું. એ બધાં આપણે આપણા સુખને અર્થે ભેગાં કરીએ છીએ. જો આપણી આબરૂ નથી તો સુખ કયાં અને સુખને અર્થે એકઠું કરેલું નહીં વાપરીએ તો આપણા જેવા ભિખારી કોણ ?

સત્યાગ્રહીઓને પણ વિચારવાજોગ આ મામલો છે. તેઓ આ આણધાર્યો ચાબુક પાછો વાળવાનું પોતાની માંગણીમાં મેળવી શકે કે નહીં એ ખ્યાલ કરવા જેવું છે. અમારી એટલી ઉમેદ છે કે આવે વખતે એક પણ હિંદી પાછી પાની નહીં કરે.

[મૂળ ગુજરાતી]

ઇન્ડિયન ઓપીનિયન, ૨૨-૩-૧૯૧૩

Gandhi Heritage Portal

૩૬૬. સરકારનું વલણ

યુનિયન સરકારનું વલણ કેવું છે એ આપણે ઘણા દાખલાઓથી જાણવા પામીએ છીએ. મિ. ઈબ્રાહીમ મહમદ કાસમને હસન કરીને ૧૩ વરસનો દીકરો છે. તેની ઉંમર વિષે કંઈ શકનું કારણ જોવામાં આવતું નથી. છતાં મિ. સ્મિથે તે બાળને ઉતારવાની ના પાડી અને વકીલને ખબર આપ્યા કે તેનો એવો હુકમ છે કે જે છોકરાઓનાં જન્મ સર્ટિફિકેટ હિંદુસ્તાનથી ન આવ્યાં હોય તેઓને મુદ્દલ આવવા જ ન દેવા. આ ઉપરથી છોકરાના બાપે મનાઈ હુકમ મેળવ્યો છે. હવે કોર્ટ પાસે આ કામ જશે. પણ આપણને તો એટલું જ જોવાનું છે કે યુનિયન સરકારની નજર આપણી તરફ કેવી છે. હિંદુસ્તાનમાં જન્મ રજિસ્ટર કરાવવાની રીત નથી એટલે સેંકડો છોકરાને સારુ ચોક્કસ સર્ટિફિકેટો મળવાં અશકય છે. આ વાત યુનિયન સરકારની જાણ બહાર ન હોય. છતાં સર્ટિફિકેટ વિના ન જ દાખલ થવા દેવા એવા હુકમનો એ જ અર્થ થાય કે આપણને તકલીફ ખૂબ આપી છોકરાઓને દાખલ થતાં અટકાવવા. ઓરતો વિષે તો અમે લખી ગયા. છોકરાઓને પણ પજવણી કરવી. આનું પરિણામ આખરે એ જ આવે કે આપણે અહીંથી નીકળવું જોઈએ. ઈલાજ આપણા હાથમાં છે.

[મૂળ ગુજરાતી]

ઇન્ડિયન ઓપીનિયન, ૨૨–૩–૧૯૧૩

૩૬૭. ઉમરાવની સભામાં આપણા સવાલ[1]

ઉમરાવની સભામાં લૉર્ડ ઍમ્પ્ટહીલે ફરી પાછો આપણો સલાલ ઉઠાવેલો તેની વિગત હવે આવી પહોંચી છે. આ ઉમદા પુરુષ આપણી લડત લેવાની એક પણ તક ચૂકતા નથી. અને તેમનાં ભાષણો બતાવે છે કે તેમનું દિલ આપણામાં પરોવાયેલું છે. લૉર્ડ ઍમ્પ્ટહીલે મિ. ગોખલેની આ મુલકની મુલાકાતનો લાભ લઈ આપણા સવાલની ચર્ચા ઉઠાવી. તેમાં તેમણે મિ. ગોખલેની સરસ તારીફ કરીને અહીં થતા કાયદાના અમલની ઉપર ટીકા કરી. દિલગીરી એ જ કે લૉર્ડ એમટ જેણે સરકાર તરફથી જવાબ આપ્યો તે લૉર્ડ ઍમ્પ્ટહીલની મુરાદ ન સમજ્યા ને તદ્દન ઉત્સાહ વિનાનો જવાબ આપ્યો. તે જવાબની વાંચનારના મન ઉપર એવી અસર થાય છે કે તેઓ સાહેબ કૉલોનીથી ડરે છે ને તેઓનો સ્વાર્થ જ્યારે આડે આવે ત્યારે હિંદુસ્તાનને કોરે મૂકે છે. આ કંઈ ઓછો જુલમ ન ગણાય, ને આવી વર્તણૂકથી જ હિંદીઓનાં દિલ ખાટાં બને છે. લૉર્ડ ઍમ્પ્ટહીલના ભાષણ ઉપરથી એ પણ આપણે જોઈ શકીએ છીએ કે વિલાયતની કમિટી એ બહુ કામની છે. અમે જણાવી ચૂકયા છીએ કે હવે તે કમિટીને સારુ આપણી પાસે નાણાં નથી. મિ. ગોખલે તેની જવાબદારી લેવા તૈયાર છે એ પણ અમે લખ્યું છે. પણ તેઓ સાહેબને આપણે કમિટીના ખર્ચ પેટે કંઈક રકમ તો મોકલવી ઘટે છે. અમે જે માગણી હિંદીની

૧. જુઓ "લૉર્ડ ઍમ્પ્ટહીલે કરેલી આપણા પક્ષની હિમાયત", પા. ૪૯૩.

Gandhi Heritage Portal

પાસે કરી છે તેનો જવાબ આજ લગી નિરાશાભર્યો મળ્યો છે. અમારી ઉમેદ છે કે જેઓ કમિટીની કિંમત સમજે છે તેઓ હવે કંઈક જાગશે.

[મૂળ ગુજરાતી]

ઇન્ડિયન ઓપીનિયન, ૨૨-૩-૧૯૧૩

૩૬૮. મલે લોકેશનનો ઝઘડો

બે ભારે પક્ષ લડતા હોય ત્યારે ત્રીજો નબળો પક્ષ કોઈ વેળા લાભ લઈ લે છે એવું બને છે. આમ મલે લોકેશન વિષે બનવાનો સંભવ છે. જોહાનિસબર્ગના હિંદીને તો જાણ હશે કે મલે લોકેશનનો કેટલોક ભાગ રેલવેને અપાઈ ગયો છે. રેલવેની વતી આજ સુધી મ્યુનિસિપાલિટીએ મલે લોકેશનનું ભાડું ઉઘરાવ્યું છે. રેલવેનો વિચાર જતે દહાડે પોતે લીધેલા ભાગમાંથી આપણને કાઢવાનો છે. આવી અવ્યવસ્થાને લીધે તો મ્યુનિસિપાલિટીને લોકેશનમાં સુધારા કરવા હતા તે પણ અટકયા હતા. રેલવેની સાથે મ્યુનિસિપાલિટીએ બંદોબસ્ત કરવાનો ભારે પ્રયત્ન કર્યો પણ રેલવેવાળાએ તેને મદદ નહીં કરી, તેથી મ્યુનિસિપાલિટી ચિડાઈ છે ને મ્યુનિસિપાલિટીની રેલવે કમિટીએ એવો ઠરાવ રજૂ કર્યો છે કે, હવે પછી રેલવે ખાતાને તેણે મદદ નહીં કરવી. મ્યુનિસિપાલિટી લોકેશનમાં સુધારા શરૂ કરેલા છે તે ચાલુ રાખવા માંગે છે અને રેલવેની વતી ભાડાં ઉઘરાવવાની પણ ના પાડવા માંગે છે. આ ઠરાવ જો મંજૂર થાય ને હિંદી પોતાનો વેશ બરોબર ભજવે તો મલે લોકેશનને કોઈ હાથ લગાડે તેમ નથી. હિંદીને જે વેશ ભજવવાનો છે તે એ કે લોકેશનમાં આપણાથી થતી ગંદકી ન થવી જોઈએ. ભાડાને લોભે આપણે મકાનો ન બગાડવાં ને આપણા હાથમાં રહી છે એટલી ચોખ્ખાઈ સાચવવી.

[મૂળ ગુજરાતી]

ઇન્ડિયન ઓપીનિયન, ૨૨-૩-૧૯૧૩

૩૬૯. વ્રીડીડૉર્પનો કેસ

આ કેસમાં મિ. બકલે ઠરાવ ચીનાના લાભમાં આપ્યો છે ને તેને ખર્ચ પણ અપાયું છે.[૧] તેમાં મિ. બકલ કહે છે કે ચીનો વ્રીડીડૉર્પમાં રહે છે એમ કહેવાય નહીં. તે તો એક ગોરાનો નોકર છે. વેપાર ગોરાનો છે. ગોરો દુકાને આવે છે. એટલે રહેનાર તો ગોરો ગણાય. જો એથી ઊલટો અર્થ "રહેવું" એ શબ્દનો કરાય તો તો કોઈ કાળો માણસ પાંચ મિનિટ એક ખુરશી ઉપર કોઈના ઘરમાં બેસે તો ત્યાં તે રહ્યો ગણાય. આવો અર્થ કાયદા ઘડનારે ધાર્યો હોય તેવું માનવાને કંઈ કારણ નથી. જો ચીનો વ્રીડીડૉર્પમાં સૂતો ને ખાતાપીતો હોત તો અથવા પોતે વેપાર કરતો હોત તો તેની ઉપર કેસ લાગુ પડી શકત. કાળા માણસોને વેપારમાં નોકર રાખવાની

૧. વ્રીડીડૉર્પની મ્યુનિસિપાલિટીએ આહ કાઈ નામના ચીના સામે, તે એશિયાટિક હતો અને કોઈ ગોરાનો રીતસરનો નહીં પણ કામચલાઉ નોકર હતો એ બહાના નીચે, વાડા નંબર ૪૯૫માંથી ખાલી કરાવવા માટે કેસ કર્યો હતો. ચુકાદો આહ કાઈની તરફેણમાં આવ્યો હતો. ઇન્ડિયન ઓપીનિયન, ૨૨-૩-૧૯૧૩.

Gandhi Heritage Portal

વ્રીડીડૉર્પના કાયદામાં મનાઈ નથી. આ ઠરાવથી એટલું જ થયું કે વ્રીડીડૉર્પમાં વેપાર કરનારો ગોરો ગમે તેટલા કાળા માણસોને નોકર રાખી તે વેપાર કરી શકે છે. પણ કાળા માણસથી વ્રીડીડૉર્પમાં ઘર કરી રહેવાય નહીં.

[મૂળ ગુજરાતી]

ઇન્ડિયન ઓપીનિયન, ૨૨–૩–૧૯૧૩

૩૭૦. આરોગ્ય વિષે સામાન્ય જ્ઞાન [–૧૨]

બીજા દરજ્જાનો અને ફળાહારથી ઊતરતો ખોરાક વનસ્પતિ છે. આમાં બધી જાતનો ભાજી-પાલો, દાણા, કઠોળ અને દૂધ વગેરેનો સમાસ થાય છે. જેમ ફળાહારમાં માણસને જોઈતાં તત્ત્વ મળી રહે છે, તેમ વનસ્પતિમાં પણ છે; છતાં બન્નેની અસર એક જ નથી, આપણને જે તત્ત્વો ખોરાકમાંથી મળે છે, તેમાંનાં કેટલાંક તો હવામાં પણ છે; છતાં હવામાંથી તે મેળવી ખોરાકની વસ્તુ વિના ચલાવી શકતા નથી; વળી વનસ્પતિ માત્ર રાંધવાથી તેનું અસલ સ્વરૂપ ખુએ છે અને તેટલે દરજ્જે નમાલી બને છે. અને વનસ્પતિ ઘણે ભાગે પકાવ્યા વિના આપણે ખાઈ શકતા નથી. છતાં માણસને જો રસોઈ કરેલું અન્ન ખાવું છે અને ભાજીપાલા વિના ન જ ચાલે, તો તેમાંથી શું ઠીક છે એ વિચારવા જેવું છે.

બધાં અનાજમાં ઘઉં સર્વોપરી છે. એકલા ઘઉં ખાઈને માણસ નભી શકશે. તેમાં પોષણ કરનારી બધી વસ્તુ ઠીક પ્રમાણમાં છે. તેની અનેક જાતની ચીજો બની શકે છે અને તે સહેલાઈથી પચે છે. બચ્ચાંઓ સારુ જે તૈયાર ખોરાકો મળે છે તેમાં પણ કંઈક ઘઉંનો ભાગ ઘણી વેળા હોય છે. ઘઉંની પંક્તિમાં બાજરી, જુવાર અને મકાઈ આવે છે. અને તે બધાંની રોટલી કે રોટી થઈ શકે છે; જોકે ઘઉંની બરાબરી તે અનાજો નથી કરી શકતાં. ઘઉં કેવા પ્રકારે ખાવા એ જરા સમજવા જેવું છે. સફેદ આટો કે જેને આપણે મિલ ફ્લોરના નામથી ઓળખીએ છીએ તે તદ્દન નકામો છે, તેમાં કાંઈ સત્ત્વ નથી. તેને માટે ડૉકટર એલિન્સન એમ જણાવે છે કે, તે ખોરાકની ઉપર તેણે એક કૂતરાને રાખેલો તે મરી ગયો; પણ બીજો આટો હતો તેની રોટી ઉપર કૂતરો બરોબર રહી શકયો. સફેદ આટામાંથી ઘઉંની થૂલી કાઢી લીધેલી હોય છે અને સ્વાદ તથા કૌવત તો થૂલીમાં રહે છે. સફેદ આટાની રોટીની ઘણી ખપત છે તેનું કારણ એ જણાય છે કે, માણસો બીજા સ્વાદ કરવા માગે તેથી તેની સાથે સફેદ રોટી સ્વાદ સારુ વાપરે છે. જેમ કે ચીઝના ખાનારા કૌવત ચીઝમાંથી મેળવે છે, પણ રોટીને આધારે ચીઝ ખાય છે અને ખાઈ શકે છે. આવા આટાની રોટલી પણ ખરાબ હોય છે; તે ચવડી બને છે અને તેમાં સ્વાદ કે ગુણ નથી રહેતા. **સરસમાં સરસ આટો તો એ કે જે બરોબર સાફ કરેલા ઘઉંનો ઘેર દળ્યો હોય, તેમાં પણ પથરાની ઘંટીથી હાથે દળાયો હોય તે સર્વોત્તમ ગણાય છે;** પણ જે પથરાની ઘંટી ન મેળવી શકે તે થોડી કિંમતે હાથ વડે ચક્કર ફેરવવાની ઘંટી ઘરમાં રાખીને પોતાનો આટો દળી શકે, અથવા તો બજારમાંથી બોયર મિલ અનસિફ્ટેડ લઈ તેનો ઉપયોગ કરી શકે. દળેલા આટાને વગર ચાળેલો વાપરવો જોઈએ. આ આટાની રોટલી સ્વાદે મીઠી અને કસવાળી રહે છે તેમ સફેદ આટા કરતાં વધારે મુદત ચાલે છે; કેમ કે તેમાં સત્ત્વ હોવાથી તે આટો મેંદાના આટા જેટલો વાપરી શકાતો નથી.

Gandhi Heritage Portal

બજારની રોટી તદ્દન નકામી છે એ વાત ધ્યાનમાં રાખવા જેવી છે. તે રોટી સફેદ અથવા બ્રાઉન હોય, તોપણ તેમાં ભેગ આવે છે. વળી ખમીર નાખીને આટાને સોડવીને તે રોટી બનાવવામાં આવે છે. આ મોટો દોષ છે. સોડવેલા આટાની રોટી નુકસાનકારક છે એવું ઘણા અનુભવીઓનું કહેવું છે. વળી બજારની રોટી તૈયાર કરતાં તંદુલ અને ચરબી ચોપડવામાં આવે છે, એવા કારણથી તે બન્ને હિંદુ-મુસલમાનને ત્યાજ્ય હોવી જોઈએ. **ઘેર પકવેલી રોટલી કે રોટી મૂકીને બજારની રોટીથી પેટ ભરવું એ તો માત્ર આળસની નિશાની ગણાય.**

ઘઉં ખાવાનો બીજો સારો અને સહેલો ઉપાય એ છે કે, ઘઉંને જાડા ભરડવા કે ભરડાવવા અને તેની થૂલી બનાવીને ખાવી. આ થૂલીને પાણીમાં ખૂબ બાફી તેમાં દૂધ કે ઘી સાકર નાખીને ખાધી હોય, તો, તેનો સ્વાદ સારો લાગે છે અને તે બીજા ખોરાક કરતાં સરસ ખોરાક છે.

ચોખામાં સત્ત્વ જોવામાં આવતું નથી. અને એકલા ચોખા ઉપર માણસ નભી શકે એ વિષે શંકા છે; તેની સાથે દાળ, ઘી, કે દૂધ વગેરે પદાર્થ હોય તો જ નિભાવ થાય. ઘઉં માત્ર પાણીમાં રાંધીને તેનાથી સારી રીતે તંદુરસ્ત રહી શકાય છે.

ભાજીપાલો આપણે મુખ્યત્વે કરીને સ્વાદ ખાતર લઈએ છીએ. તેનો ગુણ રેચક છે. તેથી તેમાં કેટલેક અંશે લોહી સુધારવાનો ગુણ છે; છતાં તે ખડની જાત હોઈ પચાવવામાં મુશ્કેલી આપે છે અને હોજરીને વધારેપડતું કામ સોંપે છે. બધાને અનુભવ હશે કે, જેઓ ભાજીપાલો વધારે ખાય છે તે નરમ બાંધાના હોય છે. તેઓને આપણે 'પેપચીદાસ' કહીએ છીએ. તેઓને અપચો વારંવાર થાય છે અને તે અજીર્ણની દવા લીધા કરે છે. કેટલોક ભાજીપાલો તો ખડ છે, એમ આપણે ચોખ્ખી રીતે જોઈ શકીએ છીએ; એટલે ભાજીપાલો ખાવો, પણ ઘણો જ થોડો ખાવો જોઈએ એ યાદ રાખવા જેવું છે.

કઠોળ-વટાણા, વાલ, તુવેર, મઠ, મગ, મસૂર — બહુ તેજી ખોરાક ગણાય છે. તેને પચાવતાં મુશ્કેલી આવે છે; કેમ કે તેને સારુ હોજરીમાં પુષ્કળ અગ્નિ જોઈએ. કઠોળ ખાનાર માણસને વખતોવખત વા સરે છે, તેનો અર્થ એ જ થયો કે, તેનાથી કઠોળની બરદાસ થઈ નથી. કઠોળને આપણે 'વાયડા' ગણીએ છીએ એ પણ એવા જ કારણથી. કઠોળમાં એ ગુણ છે કે તે લાંબી મુદત સુધી આપણને નિભાવે છે. જે માણસને બહુ મજૂરી કરવી પડતી હોય તે માણસ કઠોળની બરદાસ ઠીક કરી શકશે અને તેમાંથી કંઈક ફાયદો પણ મેળવી શકશે, પણ આપણે સાધારણ રીતે ઓછી મહેનત કરનારા છીએ તેનાથી કઠોળ બહુ ન ખાઈ શકાય. મજૂર અને ગાદી-તકિયે બેસનારા બન્ને એક જ જાતનો કે એક જ વજનનો ખોરાક ન જ ખાઈ શકે.

ડૉકટર લેગ કરીને પ્રખ્યાત લેખક ઈંગ્લંડમાં છે. તેણે ઘણા પ્રયોગો કરીને બતાવી આપ્યું છે કે, કઠોળ બહુ ખરાબ વસ્તુ છે. કઠોળથી આપણા શરીરમાં એક પ્રકારનો ઍસિડ વિશેષ પેદા થાય છે, અને તેથી આપણને ઘણા રોગો થાય છે તથા ઘડપણ વહેલું આવે છે. આમ હોવાનાં તેણે ઘણાં કારણો આપ્યાં છે તે અહીં આપવાની જરૂર નથી. મારો પોતાનો અનુભવ તો એમ જ સૂચવે છે કે કઠોળ ખાવામાં નુકસાન છે; છતાં જેનાથી સ્વાદ ન જ છોડાય તેણે એવી વસ્તુ વિચારીને ખાવા જેવી છે.

(અધૂરું)

[મૂળ ગુજરાતી]

ઇન્ડિયન ઓપીનિયન, ૨૨-૩-૧૯૧૩

Gandhi Heritage Portal

૩૭૧. ગૃહમંત્રીના ખાનગી મંત્રીને પત્ર[૧]

ફિનિકસ,
નાતાલ,
માર્ચ ૨૪, ૧૯૧૩

માનનીય ગૃહમંત્રીના ખાનગી મંત્રી,
કેપટાઉન
વહાલા સાહેબ,

તાત્કાલિક અગત્યની બે એવી બાબતો છે જેને વિષે માહિતી મેળવવા મારે આપને લખવું જોઈએ એવું મને લાગે છે. માનનીય ગૃહમંત્રી મિ. ફિશરની બીમારીની મને ખબર હતી. હું આશા રાખું છું કે હવે તેઓ સાજા થતા જાય છે. એટલે એમની જગ્યાએ કામ કરતા મંત્રીને તકલીફ આપવાની મારી ઇચ્છા નહોતી. પણ પૂછનારા લોકો દબાણ કરે છે એટલે હું નીચેની બાબતો વિષે માહિતી આપવા આપને વિનંતી કરું છું.

ઘણા દિવસ પહેલાં એશિયાઈ રજિસ્ટ્રારે મને લખ્યું હતું કે, તેમણે કામચલાઉ સમાધાનની શરતો મુજબ ગયા વરસ માટે શિક્ષિત બ્રિટિશ હિંદી પ્રવેશાર્થીઓને જે પરમિટ આપવાની છે તે અંગેનો પત્રવ્યવહાર માનનીય મંત્રીને મોકલી દીધો છે. રજિસ્ટ્રારે પ્રવેશાર્થીઓનાં જે છ નામો મેં સત્યાગ્રહીઓ સાથે તેમ જ બ્રિટિશ હિંદી સંઘ સાથે સલાહમસલત કરીને સૂચવ્યાં હતાં તેમાંથી બે નામો નામંજૂર કર્યાં છે.[૨] મેં એ નામો મંજૂર કરવા વિનંતી કરી છે, કારણ કે સમાધાનમાં એ વાત સ્વીકારવામાં આવી છે કે, જેમને નામે અને જેમને માટે સમાધાન થયું છે તેઓ જ પ્રવેશાર્થીઓનાં નામ સૂચવે. એટલે જો મને જણાવવામાં આવશે કે, માનનીય મંત્રીએ પ્રવેશાર્થીઓનાં નામોમાં આ બંને નામંજૂર કરેલાં નામો સામેલ કરવાની રજિસ્ટ્રારને આજ્ઞા આપી દીધી છે, તો મને આનંદ થશે.

ઉપરાંત, જેમાં કામચલાઉ સમાધાનની શરતો સામેલ કરવામાં આવી છે એવું પ્રસ્તુત ઇમિગ્રેશન બિલ પાર્લમેન્ટની આ બેઠકમાં રજૂ કરવામાં આવશે કે કેમ, તે જણાવવા મહેરબાની કરશો.

આપનો વિશ્વાસુ
[મો. ક. ગાંધી]

[મૂળ અંગ્રેજી]
ગાંધીજીના હસ્તાક્ષરમાં સુધારેલા મૂળ ખરડા પરથી : એસ. એન. ૫૭૪૬

૧. આ પત્રના જવાબ માટે જુઓ પરિશિષ્ટ ૨૫.
૨. પ્રવેશાર્થીઓની યાદીવાળો રજિસ્ટ્રારને લખેલો પત્ર મળતો નથી.

Gandhi Heritage Portal

૩૭૨. લગ્નનો સવાલ[૧]

હિંદીઓમાં ઊજવાતાં બિનખ્રિસ્તી લગ્નોની ગેરકાયદેસરતાના સવાલ વિષેના સુપ્રિમ કોર્ટની કેપ પ્રાંતની શાખાએ આપેલા મહત્ત્વના ચુકાદા સંબંધી અમે ગયે અઠવાડિયે ઠીક ઠીક વિસ્તાર-પૂર્વક લખ્યું છે. આ અઠવાડિયે અમે નાતાલ પ્રાંતની સુપ્રિમ કોર્ટની શાખાના 'માસ્ટર' કહેવાતા કાનૂન અધિકારીના કામ વિષે કીમતી માહિતી પ્રકાશિત કરીએ છીએ. આ અધિકારીએ વારસા-વેરો નક્કી કરવા અંગે એક મુસ્લિમ લગ્નની કાયદેસરતા વિષે વાંધો ઉઠાવ્યો છે.[૨] આ કરની આકારણીમાં જે અસમાનતા રહેલી છે તેની વિગતમાં ઊતરવાની આપણે જરૂર નથી. પરંતુ, આપણને લાગેવળગે છે ત્યાં સુધી માસ્ટરે જે મોટો સવાલ ઉઠાવ્યો છે તે તો હિંદના મહાન ધર્મો અનુસાર થયેલાં લગ્નોની કાયદેસરતાનો છે. અહીં એટલું કહી શકાય કે આપણા પર આ જે તદ્દન અણધારેલી આપત્તિ આવી પડી છે તે કોઈ નવા કાયદાને કારણે નહીં પણ એક જૂના કાયદાની નવી વ્યાખ્યા કરવાને કારણે આવી પડી છે. હિંદીઓ જ્યારથી દક્ષિણ આફ્રિકામાં આવીને વસ્યા છે ત્યારથી હિંદીઓના ધાર્મિક રિવાજ મુજબ થયેલાં તેમનાં લગ્નો માન્ય રાખવામાં આવ્યાં છે. આવાં લગ્નોથી થયેલાં સંતાનોને, તેમનાં મૃત્યુ પામેલાં માબાપોના કાયદેસરના વારસ તરીકે, ઘણી મિલકત વારસામાં મળી છે. હાલ જે અસહ્ય પરિસ્થિતિ ઊભી થઈ છે તેનું કારણ જૂના કાયદાનો અમલ કરનાર અધિકારીઓમાં સંધરાજ્યે જે નવો જુસ્સો રેડ્યો છે તે છે. ખરેખર, આ નવી વ્યાખ્યાનું તર્કસંગત પરિણામ એવું આવી શકે કે પહેલાં જે બની ચૂકયું છે તેને રદબાતલ ગણવામાં આવે અને વારસોને વારસામાં મળેલી મિલકત ઝૂંટવી લેવામાં આવે. હિંદી સમાજને એકાએક એવી મૂંઝવણમાં નાખી દેવામાં આવ્યો છે જેમાંથી તે ભારે પુરુષાર્થ કરીને જ છૂટી શકે; કારણ કે, અમે વખતોવખત પ્રસિદ્ધ કરેલા કેસોમાંથી જેનો આભાસ મળે છે તે સરકારી નીતિ ચાલુ રહેશે અને જો આપણે તેનો સખત રીતે સામનો નહીં કરીશું તો તે આપણને નવા કાયદાનો આશ્રય લીધા વિના ખતમ કરી શકશે, અથવા આપણા પ્રગતિ-શીલ સમાજને પાંગળો બનાવી શકશે.

હવે કદાચ આપણે એ વાત સમજી શકીશું કે લૉર્ડ ઍમ્પ્ટહીલને જવાબ[૩] આપવામાં લૉર્ડ એમટે આટલી બધી સાવધાની કેમ રાખી હતી. આ કેસો પરથી લૉર્ડ મહાશયના મિતભાષણનું કારણ તો સમજાય છે, પરંતુ એથી એનું ઔચિત્ય સિદ્ધ થતું નથી. જો તેઓ જાણતા હતા કે સંઘ સરકાર આણનમ રહેવાની છે, અને જો તેમને આપણે માટે જરા પણ માન હોત તો, જ્યારે લૉર્ડ ઍમ્પ્ટહીલે તેમને તક આપી ત્યારે તેમણે સ્થાનિક સરકારના વલણને વખોડી કાઢવું જોઈતું હતું.

[મૂળ અંગ્રેજી]

ઇન્ડિયન ઓપીનિયન, ૨૯–૩–૧૯૧૩

૧. આ ઉપરાંત જુઓ "હિંદુઓ અને મુસલમાનો સાવધાન !", પા. ૪૯૪ તથા "હિંદીના ધર્મો પર હુમલો", પા. ૪૯૫.

૨. નાતાલમાં એક મુસલમાન વસિયતનામું કરીને પોતાની બધી મિલકત પોતાની હયાત પત્નીને આપી ગયા હતા. વારસાવેરો નક્કી કરવા માટે સુપ્રિમ કોર્ટની પ્રાંતીય શાખાના માસ્ટરે પતિના નિવેદન ઉપરાંત વધુ પુરાવા માગ્યા હતા, અને એવું સૂચવ્યું હતું કે આ બાબતમાં લાગતાવળગતા પક્ષોએ સુપ્રિમ કોર્ટનો નિર્ણય મેળવવો જોઈએ.

૩. જુઓ પાદટીપ ૧, પા. ૪૯૩.

Gandhi Heritage Portal

૩૭૩. હિંદી શાદી

કેપટાઉનમાં શાદી બાબત થયેલ કેસ ઉપર અમે ગયે અઠવાડિયે લખી ગયા. એવા પ્રકારનો કેસ બીજો અમારી જાણમાં બાઈ જુનબીનો આવ્યો છે. આ બાઈ વિધવા છે. તેના ધણીએ વસિયતનામું કરી પોતાની મિલકત પોતાની સ્ત્રી બાઈ જુનબીને સારુ રાખી. પણ સુપ્રિમ કોર્ટના માસ્તર આ વસિયતનામાનો અમલ કરવા ના પાડે છે. તે કહે છે કે બાઈ જુનબીની શાદી તે શાદી ન ગણાય.[૧] આ શાદીનો સવાલ આમ દિવસે દિવસે બહુ ગંભીર થતો જાય છે. અને જો આપણે સાવધાનીથી ને વેળાસર કામ નહીં લઈએ તો પાછળથી હાથ ઘસવા પડશે. તેની અસર બધા હિંદીઓ ઉપર થવાનો સંભવ છે. અમે સાંભળીએ છીએ કે કેટલાક માણસો કહે છે કે ઓરતો બાબત સત્યાગ્રહ ન ચાલે કેમ કે ઓરતોને જેલમાં ન મોકલાય. ઓરતોને જેલજાત્રા કરાવાય કે નહીં એ સવાલ અમે બાજુ પર રાખીશું. પણ શું મરદોથી ઓરતોનાં ને પોતાનાં માનને ખાતર જેલમાં નહીં જવાય? ઓરતોને જેલમાં મોકલવાની કે જવાની જરૂર પડે તેમ જ નથી. માત્ર મરદોમાં મરદાઈ હોવી જોઈએ. વળી સત્યાગ્રહને તો હજુ વાર છે. એકઠા થવું, કંઈ પૈસો કાઢવો, મીટિંગો કરવી, અરજીઓ મોકલવી, આમાં સત્યાગ્રહ કયાં છે? સત્યાગ્રહ ન થાય એમ બહાનું કાઢી આપણે હાથ જોડી બેસી રહીશું તો આપણી અને આપણી ઓરતોની ફજેતી જ થશે.

[મૂળ ગુજરાતી]

ઇન્ડિયન ઓપીનિયન, ૨૯–૩–૧૯૧૩

૩૭૪. એસ્ટકોર્ટમાં લાઇસન્સનો કેસ

આપણને લાઇસન્સિંગ અમલદારો પીડે નહીં ત્યારે ગોરા વેપારીઓ તૈયાર બેઠેલા જોવામાં આવે છે. મિ. ખમીસા ઇબ્રાહીમને લાઇસન્સિંગ અમલદારે લાઇસન્સ આપ્યું એટલે તેની આસ-પાસ રહેનારા ગોરા વેપારીએ લાઇસન્સિંગ બોર્ડને અપીલ કરી. બોર્ડના જે સભાસદો છે તેઓએ પોતાના વિચાર હિંદી વેપારીની વિરુદ્ધના બતાવેલા તેથી મિ. ખમીસાના વકીલે તેઓની સામે વાંધો ઉઠાવ્યો તે રદ કરવામાં આવ્યો. ને બોર્ડે લાઇસન્સિંગ અમલદારનો ઠરાવ ફેરવી મિ. ખમીસાનું લાઇસન્સ નામંજૂર કર્યું. અમે માની લઈએ છીએ કે મિ. ખમીસા પોતાનો કેસ આગળ લઈ જશે. આવા બધા કેસો લૉર્ડ ઑમ્પ્ટહીલની કમિટી આગળ પણ જવા જોઈએ કે જેથી વડી સરકાર પાસેથી તે તે વિષયોમાં દાદ મગાય.

[મૂળ ગુજરાતી]

ઇન્ડિયન ઓપીનિયન, ૨૯–૩–૧૯૧૩

૧. જુઓ પાદટીપ ૨, પા. ૫૦૧.

Gandhi Heritage Portal

૩૭૫. સીરિયન એશિયાટિક ગણાય?

સીરિયા એ એશિયાનો પ્રાંત છે. સીરિયામાં રહેનારા એશિયાટિક ગણાય. તેથી તેઓને ૧૮૮૫નો એશિયાટિક કાયદો લાગુ પડવો જોઈએ. આવી દલીલ કરી ડીડ રજિસ્ટર કરનાર અમલદારે જોહાનિસબર્ગમાં એક સીરિયનને નામે જમીન ચઢાવવાની ના પાડી. આ ઉપરથી સીરિયને સુપ્રિમ કોરટને અરજી કરી છે કે તેને નામે જમીન ચડવી જોઈએ. તેની દલીલ આ છે:

> હું એશિયામાં જન્મ્યો છું એ ખરું છે. પણ હું ખ્રિસ્તી છું; મારી ચામડી સફેદ છે. આ મુલકના કાયદા ઘડનારે એમ કદી ઇચ્છેલું નહીં હોય કે એશિયાના સફેદ ખ્રિસ્તીને ૧૮૮૫નો કાયદો લાગુ પડે. જો મને લાગુ પડે તો એશિયાના સફેદ યહૂદીને પણ લાગુ હોય. પણ યહૂદીને આ કાયદો લાગુ પાડવામાં આવ્યો નથી. વળી જો આ ૧૮૮૫નો કાયદો મને લાગુ પડે તો ૧૯૦૭નો રજિસ્ટર થવાનો કાયદો પણ લાગુ પડે. અને જો આમ ઠરે તો કાયદા ઘડનારાએ કદી નહીં ધારેલું હોય એવું પરિણામ આવશે.

સાંભળનાર જજે કેસને અગત્યનો ગણીને પોતાનો ઠરાવ મુલતવી રાખ્યો છે. આ કેસ બેશક અગત્યનો છે. તેનું પરિણામ જાણવા બધા હિંદી ઇન્તેજાર રહેશે. કાયદાનો જ અર્થ જો જજ કરશે તો એશિયાવાસી સીરિયન ભલે ખ્રિસ્તી હોય ને ભલે ગોરા હોય પણ તે આપણી હારમાં આવશે.

[મૂળ ગુજરાતી]

ઇન્ડિયન ઓપીનિયન, ૨૯-૩-૧૯૧૩

૩૭૬. આરોગ્ય વિષે સામાન્ય જ્ઞાન [-૧૩]

હવે આપણે વનસ્પતિમાંથી કેટલી વસ્તુ તજવા જેવી છે તેનો વિચાર કરવો ઘટે છે. હિંદુસ્તાનમાં લગભગ દરેક જગ્યાએ મરચાં અને તેને લગતો બીજો મસાલો, જેવાં કે ધાણા, જીરું, મરી વગેરે ખાવાનો બહુ ચાલ છે. આ ચાલ બીજા ભાગોમાં એટલે દરજ્જે નથી. અહીંના સીદીઓને પણ જો આપણો મસાલાવાળો ખોરાક આપીએ તો તેઓ તે એકાએક નહીં ખાય કેમ કે તેમાં તેઓને બદસ્વાદ લાગે છે. ઘણા ગોરાઓ કે જેમને મસાલાની આદત નથી તેઓ આપણો મસાલાદાર ખોરાક બિલકુલ નહીં ખાઈ શકે અને જો પરાણે ખાય તો તેમની હોજરી બગડે છે અને તેમના મોંમાં ફોલ્લા પડે છે. આ મેં પોતે કેટલાક ગોરાઓને વિષે અનુભવ્યું છે. આ ઉપરથી એટલું તો કહી શકાય કે, મસાલો જાતે સ્વાદિષ્ટ છે એવું કંઈ નથી; પણ આપણે ઘણા કાળથી આદત પાડી છે, તેથી તેની ગંધ તથા તેનો સ્વાદ પસંદ કરીએ છીએ; પણ આપણે જાણ્યું છે કે, સ્વાદને જ સારુ ખાવું એ તો આરોગ્યને નુકસાન કરનારું છે.

ત્યારે હવે મસાલો ખાવાનો હેતુ તપાસીએ. સૌ કોઈ કબૂલ કરશે કે, મસાલો ખાવાનો હેતુ એ છે કે તેથી વધારે ખોરાક ખવાય અને વધારે પચે. મરચાં, ધાણા, જીરું વગેરેમાં પેટમાં અગ્નિ ઉત્પન્ન કરવાનો ગુણ છે અને તેથી આપણને વધારે ભૂખ લાગતી જણાય છે. તેનો અર્થ

Gandhi Heritage Portal

એવો કરવો કે, ખાધેલું બધું પચી ગયું અને તેનું ચોખ્ખું લોહી બન્યું તો તે ભૂલભરેલો વિચાર ગણાશે. ઘણા માણસો બહુ મસાલો ખાય છે. તેઓની હોજરી છેવટે નાજુક થઈ જાય છે અને કેટલાકને તો સંગ્રહણી પણ થાય છે. એક માણસને બહુ મરચાં ખાવાની આદત હતી તે તેનાથી ન મુકાયાં અને જુવાનીમાં છ માસ ખાટલો ભોગવી મરણ પામ્યો. આપણા ખોરાકમાંથી મસાલા માત્ર બાતલ કરવા એ બહુ જરૂરનું છે.

જે ટીકા મસાલાને લાગુ પડે છે એ જ ટીકા નિમકને લાગુ પડે છે. આ વાત કોઈને ગમશે નહીં, ઘણાને ભયંકર લાગશે. છતાં તે અનુભવસિદ્ધ છે. વિલાયતમાં એક મંડળ નીકળ્યું છે, તેનો મત એવો છે કે, નિમક એ ઘણા મસાલા કરતાં પણ ખરાબ વસ્તુ છે. આપણા ખોરાકમાં આપણને વનસ્પતિજનિત નિમક મળે છે, તેની જ જરૂર છે. અને તેટલું બસ છે; પણ દરિયાઈ મીઠું અથવા ખનિજ મીઠું એ તો વગર જરૂરનું છે અને શરીરમાં જેવું જાય છે તેવું જ પસીના વાટે અને બીજી રીતે નીકળી જાય છે; એટલે કે તેનો કંઈ ખાસ ઉપયોગ શરીરમાં થતો જણાતો નથી. એક પુસ્તકમાં તો એટલે સુધી જણાવ્યું છે કે, નિમક ખાવાથી લોહીમાં બગાડ થાય છે; પણ જેણે ઘણાં વર્ષ સુધી નિમક ન લીધું હોય અને જેણે પોતાનું શરીર બીજી રીતે સ્વચ્છ રાખ્યું હોય તેનું લોહી એવું ચોખ્ખું થાય છે કે, તેની ઉપર સર્પ વગેરેના દંશની અસર થતી નથી; કેમ કે તેવાના લોહીમાં એવા દંશોની અસરને દૂર કરવાનો ગુણ રહેલો હોય છે. આ વાત બરોબર છે કે નહીં એ આપણે જાણી નથી શકતા; પણ એટલું તો અનુભવપૂર્વક કહી શકું છું કે ખાંસી, હરસ, દમ, રક્તપ્રવાહ વગેરે દરદોની ઉપર જો નિમક મુકાય તો તેની તાત્કાલિક અસર થાય છે. એક હિંદીને ઘણા લાંબા સમયથી દમ અને ખાંસીનું દરદ હતું. નિમક મૂકવાથી અને તેની સાથે જે બીજા ઈલાજો લેવાના હતા એ લેવાથી તે મટ્યું. નિમક નહીં ખાવાથી કોઈને પણ માઠી અસર થઈ હોય એવું મેં અનુભવ્યું નથી. મને તો નિમક તજ્યાને બે વર્ષ ઉપરાંત થયાં છતાં તેની માઠી અસર હું જોતો નથી; પણ કેટલાક ફાયદા અનુભવું છું. પાણી ઓછું પીવું પડે છે, શરીરમાં સુસ્તી ઓછી રહે છે. મારે પોતાને નિમક મૂકવાનો પ્રસંગ પણ વિચિત્ર હતો, જેના[૧] દરદ સારુ મેં નિમક છોડ્યું તેનું દરદ ત્યાર પછી હમેશાં કેદમાં રહ્યું છે. જો તે દરદી તદ્દન નિમક છોડી શકત તો દરદ નિર્મૂળ થાત એવો પણ મારો વિશ્વાસ છે.

નિમક છોડનારે ભાજીપાલો અને કઠોળ છોડવાં પડે છે એ ભારે પડતું લાગે છે, એમ મેં ઘણા પ્રયોગમાં જોયું; પણ લીલોતરી અને કઠોળ છોડ્યા વિના ન જ ચાલે એવું છે. મને એમ ભાસ્યું છે કે, લીલોતરી અને કઠોળ નિમક વિના પચાવવાં મુશ્કેલ પડે છે. આનો અર્થ એમ થતો નથી કે નિમક પાચન વધારનારી વસ્તુ છે; પણ જેમ મરચું ખાવાથી પાચનશક્તિ વધતી નથી પણ માત્ર વધી એમ જણાય છે અને છેવટે તેથી થતું નુકસાન જોવામાં આવે છે, તેમ નિમકનું છે. એટલે નિમક છોડનારે લીલોતરી અને કઠોળ અવશ્ય છોડવાં જોઈએ. આ પ્રયોગ સૌ પોતાની ઉપર કરીને તેની અસર અજમાવી શકે છે. જેમ અફીણ છોડનારને થોડા દિવસ મુસીબત જણાય છે અને શરીર શિથિલ જણાય છે, તેમ નિમક મૂકનારને પણ જણાશે, તેથી હારવા જેવું નથી, ખંત રાખવાથી નિમક છોડનારને ફાયદો જ થશે.

૧. શ્રીમતી કસ્તૂરબા ગાંધી; જુઓ આત્મકથા, ભાગ ૪, પ્રકરણ ૨૯.

Gandhi Heritage Portal

દૂધને પણ તજવા યોગ્ય વસ્તુમાં ગણવાની આ લખનારે હિંમત કરી છે. તેનો આધાર એક તો તેનો પોતાનો અનુભવ છે, પણ તે અનુભવને બાજુએ રાખવાની જરૂર છે. દૂધના મહિમા વિષે આપણને એવો સખત વહેમ છે કે, તેનો નાશ કરવો એ ફોકટ પ્રયત્ન કરવા જેવું છે. વાંચનાર આમાં બતાવેલા બધા વિચારો કબૂલ રાખશે એવું લખનાર ધારતો નથી અને વિચારો જેને પસંદ પડશે તે બધા તેનો અમલ કરશે એવું પણ લખનાર ધારતો નથી. તેનો હેતુ પોતાના વિચાર રજૂ કરવાનો છે. તેમાંથી જેને જે યોગ્ય લાગશે તે તે ગ્રહણ કરશે, એટલે દૂધ વિષે પણ લખવું એ અયોગ્ય નથી. ઘણા ડૉકટરોએ જણાવ્યું છે કે, દૂધ એ કાળજવર પેદા કરનારી વસ્તુ છે. તે વિષે ચોપાનિયાં નીકળ્યાં છે. દૂધમાં હવાઈ જંતુ તુરત પડે છે, દૂધમાં આરોગ્યને હાનિ કરનારાં જંતુ તુરત પેદા થાય છે. દૂધને સાચવવા આપણને ભારે પ્રયત્ન કરવો પડે છે. દક્ષિણ આફ્રિકામાં દૂધ ખાનારાંઓને લગતા કાયદાઓ છે. દૂધ કેમ જાળવવું, કેમ રાખવું, વાસણો કેમ સાફ રાખવાં એ વિષે ઘણી સૂચનાઓ છે. આ પ્રમાણે જે વસ્તુનું જતન કરવું પડે અને જો ન થાય તો તેમાંથી નુકસાન થાય તે વસ્તુ મૂકવી કે રાખવી એ વિચારવા જેવું ગણાશે.

વળી ગાય કેવી છે, તે શું ખાય છે, તેની ઉપર સારા કે નઠારા દૂધનો આધાર રહે છે. ક્ષયથી પીડાતી ગાયનું દૂધ પીનારને ક્ષય થવાના દાખલા તબીબો રજૂ કરે છે. તદ્દન તંદુરસ્ત ગાય મળવી મુશ્કેલ છે અને જો ગાય તંદુરસ્ત ન હોય તો તેનું દૂધ પણ રોગી હોય છે. રોગથી પીડાતી માતાનું દૂધ બાળકને આપવાથી તે રોગનું ભોગી થાય છે એ સૌ જાણે છે. વળી ધાવતા બાળકને દરદ થાય ત્યારે વૈદો દવા બાળકને નહીં આપતાં માતાને આપે છે કે જેથી તેના દૂધ વાટે તે દવાની અસર બાળક ઉપર થાય. આ પ્રમાણે જે હકીકત સ્ત્રીના દૂધને લાગુ પડે છે તે જ હકીકત ગાયના દૂધને પણ લાગુ પડે છે. આમ દૂધ પીનાર એ દૂધ દેનારના ખોરાકની સાથે અને તેની તંદુરસ્તી સાથે ગાઢો સંબંધ ધરાવે છે. આવી વિટંબના અને જોખમો જે દૂધ લેવામાં છે તે દૂધ તજવું એ જ યોગ્ય નહીં ગણાય? તાકાદ આપવાનો જે ગુણ દૂધમાં છે તે ઘણી વસ્તુઓમાં છે. જેતૂનનું તેલ દૂધની ગરજ ઘણે ભાગે સારે છે. મીઠી બદામને ગરમ પાણીમાં પલાળી, છાલ ઉખેડી તેનો મેંદો કરી તેની સાથે પાણી ભેળવી તેને એકરસ કરવાથી દૂધના બધા સારા ગુણ તેમાં આવે છે અને દૂધથી નીપજતાં જોખમ તેને વિષે નથી રહેતાં. છેવટમાં કુદરતનો નિયમ તપાસીએ: વાછરડું થોડા માસ દૂધ ધાવી પછી મૂકી દે છે અને દાંત આવે કે તરત દાંતનો ઉપયોગ થાય એવી વસ્તુ ખાવા મંડી જાય છે; તેમ જ મનુષ્યજાતિને વિષે પણ હોવું જોઈએ. માત્ર બાળ અવસ્થામાં દૂધ પીવાને આપણે સરજાયેલા છીએ. આપણને પણ દાંત આવે ત્યારે આપણે કાં તો સફરજન વગેરે લીલા મેવા અને બદામ વગેરે સૂકા મેવા ચાવીએ અથવા રોટલી ચાવીએ. દૂધની ગુલામીમાંથી છૂટનાર માણસ કેટલો પૈસો અને કાળ બચાવી શકે છે, એ ઉપર વિચાર કરવાનું આ સ્થળ નથી, પણ સૌ પોતાની મેળે તે તપાસી શકશે. દૂધમાંથી ઉત્પન્ન થતી વસ્તુઓની પણ જરૂર નથી. છાશની ખટાશ લીંબુમાંથી મળે છે. તેમાંનું બીજું સત્ત્વ બદામ વગેરેમાંથી મળે છે. ઘીના બદલામાં તેલ તો હજારો હિંદીઓ ખાય છે.[૧]

૧. દૂધ વિષે ઉપર જણાવેલા મહાત્મા ગાંધીજીના વિચારોમાં કેટલોક ફેરફાર પડ્યો છે, તે એમની આજ્ઞાથી, એમણે મોઢે આપેલી સૂચના મુજબ એક આશ્રમવાસીએ નીચે દર્શાવ્યો છે:—

"દૂધનાં દોષો અને જોખમો વિષે મારા વિચારો જેવા ને તેવા જ છે, છતાં મને લાગે છે કે, એ સર્વ દોષો અને જોખમો વેઠીને પણ હિંદુસ્તાનના લોકોને દૂધ એ અનિવાર્ય ખોરાક છે. જેને ધાર્મિક

Gandhi Heritage Portal

હવે ત્રીજા દરજ્જાનો ખોરાક જરા તપાસીએ. તે વનસ્પતિ અને માંસમિશ્રિત છે. આવો ખોરાક ઘણા માણસો ખાય છે અને તેમાંના ઘણા દર્દોથી પીડાય છે અને ઘણા નીરોગી પણ જણાય છે. આપણે માંસ ખાવાને નથી સરજાયા એ તો આપણા શરીરના બધા અવયવો અને આપણો બાંધો પ્રત્યક્ષ બતાવી આપે છે. માંસના ખોરાકથી શરીર ઉપર થતી માઠી અસરનું વર્ણન ડૉક્ટર કિંગ્ઝફોર્ડ અને ડૉક્ટર હેગે આબેહૂબ આપ્યું છે. જે ઍસિડ કઠોળ ખાવાથી પેદા થાય છે, તે જ ઍસિડ માંસ ખાવાથી થાય છે, એમ તેણે સાબિત કરી આપ્યું છે. માંસ ખાવાથી દાંતને ઈજા પહોંચે છે, સંધિવા થાય છે. તે ખાવાથી માણસમાં ક્રોધ વધારે ઉત્પન્ન થાય છે. અને જેને ક્રોધ છે તે પણ રોગી છે. આપણી આરોગ્યની વ્યાખ્યા પ્રમાણે ક્રોધી માણસ પણ નીરોગી ન ગણાય.

ચોથા ને છેલ્લા દરજ્જાનો ખોરાક ખાનારા એટલે માત્ર માંસભક્ષીનો વિચાર કરવાની જરૂર રહેતી નથી. તેઓની અધમ દશા એવી છે કે, તેઓનો વિચાર કરતાં આપણે માંસ ન જ ખાઈએ. તેઓ કોઈ પણ પ્રકારે નીરોગી નથી. જરા ઊંચે ચડે છે કે જ્ઞાન મેળવે છે એટલે તુરત તેઓનું મન વનસ્પતિ-આહાર તરફ દોડે છે.

આ બધાનો સાર એ આવ્યો કે કેવળ ફળાહારી થનાર થોડા જ નીકળશે; પણ સૂકાં અને લીલાં ફળ, ઘઉં તથા ઑલિવ ઑઈલનો અખતરો કરવા યોગ્ય છે અને તે ઉપર માણસ તંદુરસ્તી જાળવી શકે છે. ફળની અંદર કેળાં પ્રધાનપદ ભોગવનાર છે. સિવાય ખજૂર, આલુબુખાર, અંજીર એ બધાં તાકાત આપનારાં છે. લીલી દ્રાક્ષ લોહી સુધારક છે. નારંગી, સંતરાં, સફરજન એ બધાં કેળાંની સાથે મેળવી રોટલીની સાથે ખાઈ શકાય. રોટલીમાં ઑલિવ ઑઈલ નાખવાથી સ્વાદ બગડતો નથી. આવા ખોરાકમાં અડચણ ઓછી રહે છે, તેથી ખર્ચ ઓછું છે અને મીઠા-મરચાની કે દૂધની કે સાકરની જરૂર પડતી નથી, છૂટી સાકર એ તો તદ્દન નકામી વસ્તુ છે. બહુ ગળ્યું ખાનારના દાંત વહેલા પડી જાય છે અને તેટલા ગળપણમાંથી કાંઈ તેઓ ફાયદો મેળવતા નથી. ઘઉં, બદામ, મગફળી, અખરોટ, લીલો મેવો, એ બધાંમાંથી અનેક વસ્તુઓ ખાવા યોગ્ય બનાવી શકાય છે.

ખોરાક કેટલો લેવો અને કયારે લેવો એ હવે ખોરાકના સંબંધમાં વિચારવાનું રહ્યું; તે હવે પછીના પ્રકરણમાં વિચારીશું.

[મૂળ ગુજરાતી]

ઇન્ડિયન ઓપીનિયન, ૨૯–૩–૧૯૧૩

દૃષ્ટિએ દૂધ પીવામાં બાધ લાગતો હોય, તે પોતાના આરોગ્યના ભોગે પણ દૂધ વિના ચલાવે એ જુદી વસ્તુ છે; પણ દૂધ વિના હિંદી લોકોનું આરોગ્ય જળવવું મુશ્કેલ છે અને તેથી દૂધની અવેજી અથવા ત્યાગનો પ્રશ્ન વિચારવા કરતાં, સર્વેને સારા દૂધનો ખોરાક સસ્તી રીતે કેમ પૂરો પાડી શકાય એ જ પ્રશ્ન મહત્ત્વનો છે.” જુઓ આરોગ્ય વિષે સામાન્ય જ્ઞાન (સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય), પા. ૫૫.

Gandhi Heritage Portal

૩૭૭. જમનાદાસ ગાંધીને પત્ર

ફાગણ વદ ૭ [માર્ચ ૨૯, ૧૯૧૩][1]

ચિ. જમનાદાસ,

તમારા ત્રણ કાગળ સાથે મળ્યા છે. તમે દર અઠવાડિયે કાગળની માગણી કરો છો પણ દર અઠવાડિયે તમારા કાગળ મને હોય નહીં, એટલે કઈ રીતે કરવું એ સમજ નથી પડતી. છતાં વધારે વખત લખવાનો પ્રયત્ન કરીશ.

છ માસની અવધિ પૂરી થયા પછી તમારે અલૂણાને વળગવાની જરૂર નથી. અલૂણાની પાછળ દેહ દેવો એવો હેતુ નથી. અલૂણું ને સાકર વિનાનું ખાઈને આપણે વધારે નીરોગી રહી શકીએ એવી માન્યતાથી એ ગ્રહણ કર્યાં છે. તે પ્રમાણે ન થાય તો આપણે બેમાંથી એકે કરવાને બંધાયા નથી. અલૂણું એ નિરમાંસાહાર જેમ ધર્મ નથી થયો. એવું જ્યારે આપણે માનશું ત્યારે એ નહીં લઈએ. દૂધને વિષે મારું મન એવું વર્તે છે ખરું. પણ મને તો અલૂણું, અસાકર, અશાક, અકઠોળ એ બધું માફક આવી ગયું જણાય છે.

ત્યાં લીંબુ વગેરે ખાઈ ન શકાય એ કંઈ મને રુચતી વાત નથી જણાતી. તમારા પ્રયોગને વિષે હું બહુ ખામીઓ જોઈ શકું છું તેમાં તમારો તલભાર દોષ નથી. તમે અજાણ્યા એટલે ફેરફાર નથી કરી શકયા. વળી તમારાથી સ્વતંત્ર પ્રયોગ ન થાય. એટલે જો તમે હજુ અલૂણું વ. કરતા હો ને તે માફક ન આવ્યું હોય તો છોડી જ દેજો.

તમે મારા કાગળો સાચવી શકો એમ થાય તેથી તમને લખવામાં કાગળો એક જ પ્રકારના વાપરવાની મહેનત કરીશ. કેટલાક કાગળો ફરી વાંચવા યોગ્ય હશે ખરા. વળી તમે મારા વિચાર જાણવા બહુ આતુર જણાઓ છો એટલે તમને જો દર અઠવાડિયે મારા કાગળ ન મળે તો તાજેના મળેલા તે દરમ્યાન ફરી વાંચવાના તો મળે.

મને ગમે તે સવાલ ગમે તેવી ભાષામાં પૂછતાં ન અચકાશો.

મારા કહેવા ઉપરાંત આવ્યા તેની ચિંતા નહીં. તમે એકલા તમારા વિચારને ન દૃઢાવી શકો એ જ તમને રોકવામાં મારો હેતુ હતો. પણ ખુશાલભાઈ[2] અને દેવભાભીની[3] સેવા કરવાની તમારી તીવ્ર ઇચ્છા જોઈ એટલે તમારા વિચારો દૃઢાવવાનો વિષય તે ઇચ્છા પાસે ગૌણ લાગ્યો. એટલે તમે ગયા એ ઠીક જ થયું. વળી કેટલોક કડવો અનુભવ તમને મળે છે તેમાંયે તમે ઘડાઓ છો, કેમ કે તમારા વિચાર બધા સારા છે ને તમે ઊંચે ચડવાની ઉમેદ રાખો છો.

ભાષામાં માદરી જબાન વ. ઉર્દૂ શબ્દો વાપરીએ છીએ તે એકદમ બરાબર છે. ગુજરાતી ભાષાને સંસ્કૃતની જ શાખા રાખવા જઈએ તો પારસી અને મુસલમાનને ગુજરાતી ન ગણવા જોઈએ. આમ કરવા માગીએ તોપણ ન બને. ગુજરાતી ભાષામાં ઉર્દૂ અને ફારસી શબ્દ ઘણા વપરાય છે ને વપરાશે. ઓપીનિયનની પરિભાષા હિંદુ ને મુસલમાનને રુચિકર હોવી જોઈએ. તેવી

૧. કાગળ પરથી સ્પષ્ટ જણાય છે કે તે જમનાદાસ ગાંધી ૧૯૧૨ની ૧૪મી ડિસેમ્બરે દક્ષિણ આફ્રિકા છોડી ભારત જવા રવાના થયા પછી લખાયો હોવો જોઈએ. અને આ તારીખ પછી આવતી ફાગણ વદ ૭, ૧૯૧૩ના માર્ચની ૨૯મીએ હતી.

૨. અને ૩. જમનાદાસનાં માતા-પિતા.

Gandhi Heritage Portal

બનાવતાં આપણે અલ્લાહ અને પરમેશ્વર એમ બંને શબ્દ પ્રસંગોપાત્ત વાપરીએ. જો ઇંગ્રેજો ગુજરાતના વતની થઈ રહે તો ઇંગ્રેજી શબ્દો પણ જરૂર પડતા આપણી ભાષામાં લઈએ. હાલ જે ઇંગ્રેજી શબ્દો લેવાય છે તેમાં તો ડોળ, અજ્ઞાન, અથવા ખુશામત રહેલાં છે. તેમાં ભાષાની ઉન્નતિનો ખ્યાલ નથી.

તુર્કીની લડાઈ જેવો [જોગ] જો હિંદુને કંઈ હોય તો હિંદુએ પણ ખળભળાટ કરવો જોઈએ. ઇટાલી અને બાલ્કન રાજ્યો બંને આ લડાઈમાં ખોટાં છે. એટલે આપણે તેઓની ખોટાઈ બતાવવામાં કંઈ અનાચાર નથી કરતા. તેમાં ઇટાલીનો દ્વેષ નથી. છાપાના ઘણા વાંચનાર મુસલમાન હોઈ આપણી ફરજ છે કે તેઓને ચઢાઈના ખબર બને તેટલા આપતા રહેવું. ઓપીનિયનને નીતિનું શિક્ષણ દેવાનું સાધન કહીએ છીએ પણ વાંચનાર ન હોય તો એવું સાધન કેમ બને? લડાઈના ખબર આપી આપણે વાંચનારને નિર્દોષ રીતે રીઝવીએ છીએ. વળી તેઓએ લડાઈના ખબર જાણવા જોઈએ એટલે તેટલે અંશે તે નીતિનો વિષય થયો અને છેવટમાં નીતિ-નિયમ અને આપણી ઈજ્જાઓનું વર્ણન એ તેના પ્રધાન વિષય છે. પણ તેમાં કંઈ ખબર ન જ આપવા એવી ધારણા નથી. ત્યાં વિશેષ રંગભેદ હોય છતાં તેની અસર આમને પહોંચે નહીં. અહીં તો આમને જ પહોંચે છે.

પવિત્ર મનાતાં તીર્થોમાં તેલને ત્યાજ્ય ગણી ઘીને પવિત્ર માને છે તેનું કારણ મેં જે અનુમાન બતાવ્યું છે તે લાગુ પડે છે. હિંદુસ્તાન જ્યારે માંસાહારી જ હતો અને કોઈએ ઘણાને નિર્માંસાહારી બનાવ્યાં ત્યારે ઘીને અતિ પવિત્ર બનાવ્યું. એટલે આપણે આપણા ખોરાકમાં અનહદ ઘી વાપરીએ છીએ. જેમ વધારે ઘી તેમ રસોઈ સરસ ગણાય. એથી બીજું શું અંધારું? છતાં એમ જ મનાય છે. આમ હોવાથી પવિત્ર સ્થાનકોમાં પણ ઘીને ઉચ્ચ પદ આપ્યું. ફેરફાર કરનારે ધારી લીધું કે જો લોકો ઘી ખૂબ લેશે તો માંસની હાજત તેઓને બહુ નહીં પડે. આવા પ્રકારના હેતુએ ઇંગ્લંડના વેજીટેરિયન માંસને અભાવે અનહદ ઈંડાં વાપરી માંદા પણ પડે છે. તેઓ બનાવે છે તેમાંનાં થોડાં જ પકવાનમાં ઈંડાં નહીં આવતાં હોય. ઈંડાંને તેઓએ લગભગ પવિત્ર સ્થાન આપી દીધું છે.

તમે વાણિયાને શીખવવાનું માથે લીધું હોત તો ઠીક જ થાત. તમારી અસ્વસ્થતા કંઈક મટત ને કમાણી એ એક જાતનો ટેકો થઈ પડત.

મારું આવવાનું જરાયે નક્કી ન જાણવું. ઓરતો ને છોકરાઓ બાબત સત્યાગ્રહ જાગવા સંભવ છે. તેમ થાય તો મારે રોકાઈ જવું પડે એવું જોઉં છું. જો તેમ થાય તો હવે તમે કયાંથી જોડાઈ શકો? ત્યાંથી તમારે પાછા આવવું એ ઠીક નથી જોતો. તમારો જવાનો હેતુ માતાપિતાની ચાકરી એ છે. તેને મુખ્ય ગણીને જે કરવું ઘટે તે કરજો. તે જ કારણસર તમે વડોદરા વ. જગ્યાએ સાળનુ શીખવા નથી જઈ શકતા.

સ્વાદને જીતવા બાબત તમે જે શ્લોક ટાંકયો તે તો મેં જોયો હતો. છતાં મારી ટીકા લાગુ પડે છે. એક શ્લોકથી કંઈ અસર ન થાય. તે વિષય ઉપર તેઓએ ભાર નથી દીધો. જો દીધો જ હોત તો હવેલી[૧] વ.માં દરેક બહાને મિષ્ટાન્ન ભોજન નહીં હોત. દરેક વારેપરબે દહાડે વ.એ ઘીગોળનાં સીધાં આપવાનું ન હોત. બ્રહ્મભોજન પણ ન હોત. અને હાલના ઋષિઓ કે સાધુઓ પણ સ્વાદેન્દ્રિયને જીતતા નથી પણ તેનાથી જિતાયલા જોવામાં આવે છે. આ વાત બહુ

૧. વલ્લભ સંપ્રદાયનું વૈષ્ણવ મંદિર.

Gandhi Heritage Portal

વિસ્તારવાળી છે. એબ કાઢવા ખાતર આવું બોલીએ તો પાપી બનીએ. પણ આપણો ને પારકાનો ઉપકાર એ જ્યાં મુખ્ય વાત છે ત્યાં ગમે તેવા માન્ય પુરુષો હોય તેને વિષે પણ જે અપૂર્ણતા જોઈએ તે વિચારવી એ આપણી ફરજ છે.

હવે તમારા એક કાગળનો જવાબ બંધ થાય છે. બીજા કાગળનો જવાબ પાછળથી એટલે બીજે અઠવાડિયે લખવા પ્રયત્ન કરીશ એટલે તમને દર અઠવાડિયે લખવાનું મળી આવે.

અહીં તો ઘણુંયે બન્યા કરે છે તેનું વર્ણન કરવું એ બને તેવું નથી. તેટલો વખત નથી. પણ તમે પૂછેલા સવાલોને અંગે કેટલુંક આવી જશે.

મણિલાલ પોતાના અભ્યાસમાં ગિરફતાર છે. તેને એક ઘડીની ફુરસદ હું રહેવા દેતો નથી, એટલે એ તમને કાગળ લખે એ આશા ફોકટ છે. તમે લખશો તેનો જવાબ લખે એવો સંભવ છે. જેકી પણ ગૂંથાયેલી તો રહે છે પણ તેને કાગળ લખવાનું આળસ છે. ને કાગળ લખતાં આવડતું નથી એટલે તેની ઓછી જ આશા રાખજો.

મોહનદાસના આશીર્વાદ

[મૂળ ગુજરાતી]

ગાંધીજીના હસ્તાક્ષરમાં લખાયેલા મૂળ પત્ર પરથી : સી. ડબ્લ્યુ. ૫૬૪૩

શ્રી નારણદાસ ગાંધીના સૌજન્યથી

Gandhi Heritage Portal

પરિશિષ્ટ ૧

ગાંધીજી ઉપરનો લેનનો પત્ર

કેપટાઉન,
એપ્રિલ ૧૧, ૧૯૧૧

પ્રિય શ્રી ગાંધી,

પ્રવાસી બિલ સંબંધમાં આજે બપોર પછી આપ અહીં આવ્યા હતા. એ અંગે આપને જણાવતાં મને ખેદ થાય છે કે એ બિલ સંબંધમાં અથવા તે ફરીથી પાર્લમેન્ટ સમક્ષ મુકાય તે પહેલાં તેમાં થનારા કોઈ ફેરફાર સંબંધમાં જનરલ સ્મટ્સ હાલમાં કશી માહિતી આપી શકે તેમ નથી. આખો પ્રશ્ન હજી વિચારણા હેઠળ છે અને આ સપ્તાહની આખર સુધી એ વિચારણા ચાલુ રહેવા સંભવ છે. આ સંજોગો જોતાં મને લાગે છે કે, આપના તારમાં આપ ઉપયોગમાં લઈ શકો એવી કોઈ રૂપરેખા અમારાથી આપને આપી શકાશે નહીં, એટલે હું તો આપને એટલું જ સૂચવી શકું કે, આપ એવી મતલબનો તાર કરી દો કે, આપ બાતા સાથે સંપર્કમાં છો અને જ્યારે ત્યાંથી ચોકસ માહિતી આપવામાં આવશે ત્યારે આપ ફરીથી હિંદુસ્તાન તાર કરશો.

આપનો વિશ્વાસુ
અર્નેસ્ટ એફ. સી. લેન

શ્રી મો. ક. ગાંધી
કેપટાઉન

[મૂળ અંગ્રેજી]
મૂળ પત્રની છબી પરથી એસ. એન ૫૪૫૧.

પરિશિષ્ટ ૨

મિ. લેનનો ગાંધીજીને પત્ર

કેપટાઉન,
એપ્રિલ ૨૧, ૧૯૧૧

વહાલા મિ. ગાંધી,

નવા ઇમિગ્રેશન બિલ સંબંધમાં તમારા તા. ૧૯મી અને ૨૦મીના કાગળો મને મળ્યા છે, અને તે બન્ને પ્રધાન આગળ રજૂ કર્યા છે.

જનરલ સ્મટ્સ તમને એવું જણાવવાને મને કહે છે કે, આવતા અઠવાડિયાની શરૂઆતમાં પાર્લમેન્ટની બેઠકો મુલતવી રહેવાનો સંભવ છે એ જોતાં તેઓ દિલગીર છે કે, ઇમિગ્રેશન કાયદાને કોઈ પણ રૂપમાં આ વખતની બેઠકો દરમ્યાન હાથમાં લેવાનું બની શકશે નહીં.

આ ધૂંધવાઈ રહેલ સવાલના નિવેડા પર પહોંચવા સરકાર અત્યંત આતુર છે, અને જે સમની મુદત મળશે તેમાં આખા સવાલના નિવેડામાં ફરીથી જશે, અને નિવેડો લાવવા જે કરી શકાય તેનો વિચાર કરશે.

દરમ્યાન જનરલ સ્મટ્સને લાગે છે કે સત્યાગ્રહની લડત જોથી ઘણું દુઃખ પડયું છે, અને હજુ પડયા કરે છે તેનો હવે અંત આવે તો ઠીક થાય. તેને ચાલુ રાખવાથી મામલો મફતનો ગૂંચવાય છે; અને હિંદી ઇમિગ્રેશનના સવાલનો સંતોષકારક નિવેડો નક્કી કરવા સરકાર પ્રયાસ કરી રહેલ છે તેવે વખતે હિંદી કોમે લડત ચાલુ રાખી હરકતો ન નાખવી જોઈએ.

Gandhi Heritage Portal

મિસિસ સોઢાની અપીલ શનિવારે બ્લૂમફૉન્ટીન ખાતે સંભળાવવાની છે એ જનરલ સ્મટ્સે ધ્યાનમાં લીધું છે, અને તેણીના વતીની તમારી રજૂઆતો પર ધ્યાન આપશે એમ જણાવવા મને વીનવ્યું છે.

આપનો સહૃદયી
અર્નેસ્ટ એફ. સી. લેન
ગૃહપ્રધાનના ખાનગી મંત્રી

શ્રી મો. ક. ગાંધી
કેપટાઉન

[મૂળ ગુજરાતી]
ઇન્ડિયન ઓપીનિયન, ૨૯-૪-૧૯૧૧

પરિશિષ્ટ ૩

સંઘ સરકારે પ્રવાસી પ્રતિબંધક બિલ (૧૯૧૧) પડતું મૂકયું તેનાં કારણો

ક

ગ્લેડસ્ટનના હારકોર્ટ ઉપરના તારનું વિવરણ

ખાનગી અને અંગત
તાકીદનું

એપ્રિલ ૧૨, ૧૯૧૧

પ્રવાસી બિલ. જે. સી. સ્મટ્સે આજે સવારે મને કહ્યું કે ગાંધી એમ કહે છે કે જો પસંદ કરેલા પ્રવાસીઓને ઑરેન્જ ફ્રી સ્ટેટમાં પેસવા નહીં દેવામાં આવે તો ટ્રાન્સવાલમાં સત્યાગ્રહ ચાલુ રાખવો પડશે. તેઓ ઇચ્છે છે કે જે. સી. સ્મટ્સ આ બિલ પડતું મૂકે અને તેની જગાએ બીજું એવું બિલ લાવે જેમાં પ્રવાસ સંબંધી દરખાસ્તો માત્ર ટ્રાન્સવાલને જ લાગુ પડતી હોય. તેમનું કહેવું એવું છે કે ઑરેન્જ ફ્રી સ્ટેટ [પ્રવાસીઓને] બાકાત રાખે એ તો બિલકુલ ચલાવી લઈ શકાય તેમ નથી. અને વધારામાં આ બિલથી કેપ ઑફ ગુડ હોપમાં તથા નાતાલમાં નવી અને ગંભીર મુસીબત ઊભી થાય છે.

જે. સી. સ્મટ્સનું કહેવું એવું છે કે તેઓ ઑરેન્જ ફ્રી સ્ટેટના સભ્યોને ડગાવી શકે તેમ નથી, કેમ કે એ સભ્યોને પ્રાંતિક કાઉન્સિલના એક ઠરાવનું હવે પીઠબળ પણ મળ્યું છે. તેઓ કહે છે કે બેઠકના હાલના છેલ્લા દિવસોમાં નવું બિલ લાવવાની વાત અશક્ય છે, અને કોઈ પણ સંજોગોમાં ટ્રાન્સવાલને સંઘથી અલગ ગણવાનું અને તેની સરહદો પર પ્રવાસીઓ માટે નવું વહીવટી તંત્ર ગોઠવવાનું બની શકે તેવું નથી.

આ સંજોગોમાં જે. સી. સ્મટ્સનો અભિપ્રાય એવો છે કે બિલ પડતું મૂકવું અને આવતે વર્ષે વધારે સ્વીકાર્ય બને એવું એક બિલ લાવવા પ્રયત્ન કરવો એ ઉત્તમ માર્ગ છે. તેઓ માને છે કે સત્યાગ્રહ લગભગ બંધ થવા આવ્યો છે અને નવું બિલ દાખલ થતાં સુધી ગાંધી સાથે કામચલાઉ સમાધાન થઈ શકે તેમ છે. આમ છતાં જો આપનો આગ્રહ હોય તો બિલનું કામ આગળ ચલાવવું જ જોઈએ, એવું એમને લાગે છે. પરંતુ એમનો ખ્યાલ એવો છે કે હિંદુસ્તાનની સરકાર હાલના બિલને એટલું બધું નાપસંદ કરે છે કે તે તેમણે સૂચવેલા માર્ગ સામે વાંધો લે એવો સંભવ નથી. તેમ છતાં આ બાબતમાં આપના વિચારો શા છે તે તેઓ જાણવા માગે છે.

આ કામમાં થતા વિલંબથી મને ઘણો અફસોસ થાય છે. પરંતુ એનાથી ઓછો વાંધાજનક હોય એવો બીજો કોઈ વિકલ્પ મને દેખાતો નથી.

ગ્લૅડસ્ટન

[મૂળ અંગ્રેજી]
કોલોનિયલ ઑફિસ રેકર્ડઝ : સી. ઓ. ૫૫૨/૧૦

Gandhi Heritage Portal

ખ

હાઈકોર્ટના જવાબનું વિવરણ

આપના ૧૨મી એપ્રિલના ખાનગી અને અંગત તારના અનુસંધાનમાં જણાવવાનું કે હિંદુસ્તાનની સરકાર સાથે વાતચીત ચાલી રહી છે અને મારા વિચારો જણાવું તે પહેલાં હું તેનો અભિપ્રાય જાણવા આતુર છું.

મારું એવું અનુમાન છે કે, જે. સી. સ્મટ્સને પોતાના મન સાથે સમાધાન છે કે, તેઓ ગાંધીને ફરીથી આંદોલન ઉપાડતાં અટકાવી શકે તેમ છે અને ગાંધીના વિરોધને માન આપીને બિલ પડતું મૂકવામાં આવે, તેથી ભવિષ્યમાં એવો વધારે મોટો ઉત્પાત ઊભો થવાનો સંભવ નથી જેને લઈને ગાંધીની પ્રતિષ્ઠા વધી જાય અને તેઓ એવું માનવા લાગે કે, પોતે સંઘ સરકાર પાસે પોતાની શરતો કબૂલ કરાવી શકે તેમ છે. શું જે. સી. સ્મટ્સ એવી આગાહી કરવાની સ્થિતિમાં છે કે આવતે વર્ષે તેઓ એવું બિલ રજૂ કરી શકશે જે ગાંધીને, નામંજૂર કરવામાં આવેલા બે મુદ્દાઓ સંબંધમાં, હાલના બિલ કરતાં વધારે આવકારદાયક થશે? કૃપા કરીને મને જણાવો કે કઈ તારીખ સુધીમાં મારો અભિપ્રાય આપને મળી જ જવો જોઈએ.

હાઈકોર્ટ

[મૂળ અંગ્રેજી]

કૉલોનિયલ ઑફિસ રેકર્ડ્ઝ: સી. ઓ. ૫૫૧/૧૦

ગ

સામ્રાજ્ય સરકારને મોકલવા માટે બોથાએ તૈયાર કરેલું ટિપ્પણ

. . .[1] પ્રધાનોએ એક એવો કાયદો ઘડી કાઢ્યો હતો જેમાં તમામ પ્રવાસીઓએ કાયદાથી ઠરેલી એક સમાન કોટીની પરીક્ષા આપવાનું ફરજિયાત હતું. અને સાથે સાથે એનાથી પ્રવાસી અધિકારીઓને અત્યારે ઑસ્ટ્રેલિયામાં છે તેવા વ્યાપક અધિકારો મળતા હતા. આ અધિકારો મુજબ થોડા પસંદ કરેલા એશિયાઈઓ કહેતાં મુખ્યત્વે ઉચ્ચ શિક્ષણ પામેલા ધંધાર્થીઓ સિવાય બીજા બધા એશિયાઈઓને સંઘમાં દાખલ થતા રોકી શકાય તેમ હતું. પછી એક એવી મુશ્કેલી ઊભી થઈ કે આવા એશિયાઈ ઓ સંઘમાં દાખલ થાય ત્યાર પછી તેમને ઑરેન્જ ફ્રી સ્ટેટમાં પ્રવેશવાનો હક્ક ખરો કે નહીં? આના જવાબમાં ઑરેન્જ ફ્રી સ્ટેટનાં મતદારમંડળોના પાર્લમેન્ટના તમામ સભ્યોએ એકમતે વિરોધ કરી જણાવ્યું કે કોઈ પણ શિક્ષિત હિંદીને એમના પ્રાંતમાં દાખલ નહીં થવા દેવા જોઈએ. તે ઉપરાંત ઑરેન્જ ફ્રી સ્ટેટની પ્રાંતીય કાઉન્સિલે પણ એક ઠરાવ પસાર કરી ઑરેન્જ ફ્રી સ્ટેટના એશિયાઈ સંબંધી કાયદાઓમાં કંઈ પણ ફેરફાર કરવા સામે સખત વિરોધ જાહેર કર્યો.

બીજી બાજુ, હિંદી કોમે કહ્યું કે કાયદાનો ખરડો જે રૂપે રજૂ થયો છે તેને અમે માન્ય રાખીએ છીએ, પરંતુ આ કાયદાને આધારે જે શિક્ષિત એશિયાઈઓ સંઘમાં દાખલ થાય તેમને સંઘના બીજા બધા પ્રાંતોમાં જે સ્વતંત્રતા મળવાનું આ કાયદામાં વિચારાયું છે તેવી જ સ્વતંત્રતા ઑરેન્જ ફ્રી સ્ટેટમાં પણ મળવી જોઈએ. જો આ અમારો હક સ્વીકારવામાં ન આવે તો અમારે અમારું આંદોલન ન છૂટકે ચાલુ રાખવું પડશે.

આ ઉપરથી પ્રધાનોએ એવો વિચાર કર્યો કે આને બદલે કેવળ ટ્રાન્સવાલને લાગુ પડતું હોય એવું એક બીજું બિલ પસાર થઈ શકે. પરંતુ એમાંથી ધંધારણીય પ્રશ્નો ઊભા થયા અને વધારામાં જ્યારે એવું જોવામાં આવ્યું કે બિલનો મુખ્ય ઉદ્દેશ એટલે કે, હિંદીઓના પ્રવેશના પ્રશ્નનો ઉકેલ લાવવાનો ઉદ્દેશ એનાથી સધાવાનો નથી, ત્યારે પ્રધાનોએ વિચાર્યું કે આને માટે એકમાત્ર રસ્તો એ છે કે, હાલ તુરત આ વાત પડતી મૂકવી અને પાર્લમેન્ટ બંધ થયા પછી જે અવકાશ મળે તેમાં એવો કોઈ ઉકેલ કાઢવા પ્રયાસ કરવો જે કાયમનો સાબિત થાય.

૧. આ ટિપ્પણના અગાઉના ફકરા મળી શકતા નથી.

Gandhi Heritage Portal

ઉપરના વિચારને અનુસરીને પ્રધાનોએ હિંદી કોમના નેતાઓને મામલાની હાલતથી વાકેફ કર્યા અને તેમની પાસે એવી આશા રાખવાને કેટલુંક કારણ છે કે પાર્લમેન્ટની આગામી બેઠકમાં પ્રવાસીઓ વિષેનો કાયદો રદ્દ કરવામાં આવે ત્યાં સુધી સત્યાગ્રહ આંદોલન થોડા સમય માટે સ્થગિત કરી દેવામાં આવશે.

અંતમાં, પ્રધાનમંડળ આપ નામદારને જણાવવા માગે છે કે ઘણી દિલગીરી સાથે તેમને આ પ્રશ્ન મુલતવી રાખવાની ફરજ પડી છે; પરંતુ ઘણે સ્થળેથી દરખાસ્ત નીચેના કાયદાની વિરુદ્ધમાં સરકાર સમક્ષ વાંધા નોંધાવવામાં આવ્યા છે તે જોતાં પ્રધાનમંડળને લાગ્યું છે કે, એ પ્રશ્ન ઉપર વધુ વિચાર કરવાનું અત્યંત આવશ્યક છે, જેથી કરીને બધા પક્ષોને માન્ય હોય એવો તોડ કાઢી શકાય.

લુઈ બોથા

[મૂળ અંગ્રેજી]

કમાન્ડ પેપર, ૬૨૮૩

ઘ

યુનિયન પાર્લમેન્ટમાં સ્મટ્સનું ભાષણ

ઇમિગ્રેશન બિલને કમિટીમાં લેવાની નિમણૂક મુજબની દરખાસ્ત મંગળવારે યુનિયન પાર્લમેન્ટમાં હાથ લેવાતાં જનરલ સ્મટ્સે કહ્યું કે:

આ બિલને આવતી બેઠકો સુધી મુલતવી રાખવું પડશે એ દિલગીરીની વાત છે. બીજા અગત્યના અને જરૂરી કાયદાઓએ એટલો બધો વખત લીધો છે કે આ બિલને આગળ ચલાવવાનું અસંભવિત થયું છે; અને ઇમિગ્રેશનની બાબતને આવતે વરસ કાયદો કરીને હાથમાં લેવી જોઈશે. આ બિલનું બીજું વાચન દાખલ કર્યું ત્યારે મેં કહ્યું હતું કે આ કાયદો દાખલ કરવામાં સરકારના બે હેતુ છે. એક હેતુ એ કે દક્ષિણ આફ્રિકાના ઇમિગ્રેશન કાયદાઓને એકસરખા કરવા, અને બીજો એ કે હિંદી સવાલ જે દક્ષિણ આફ્રિકામાં કેટલાંક વરસ થયાં ચિંતા અને મુશ્કેલી ઉપજાવી રહ્યો છે, તેનો કાંઈક નિવેડો કરવો. આ મુસીબતોના નિવેડાનો સંભવ બતાવનારો, આ સરકાર અને વડી સરકાર વચ્ચે ચાલેલો પત્રવહેવાર તે વખતે મેં ટેબલ ઉપર મૂક્યો હતો. જોકે આ બેઠકોમાં તે બિલ પાસ કરવાનું સંભવિત નથી, અને તેથી બંને સરકારે લગભગ કબૂલ કરેલ ઠરાવને બહાલ કરવાનું બને તેમ નથી, તોપણ મને સારી પેઠે આશા છે કે આવતા બાર માસમાં સત્યાગ્રહ બંધ કરવાનું, અને આ સવાલમાં કાંઈક શાંતિ મેળવવાનું બની શકે તેમ છે. આવતી સાલ પાર્લમેન્ટ તે હાથ ધરે ત્યાં સુધીમાં તે વખતના કાયદા વગર જ કાંઈક નિવેડો કરી શકાશે એવી મને આશા છે. હકીકત આ પ્રમાણે છે, તે જોતાં સવાલ આજે હાથ ધરવાની તમારે જરૂર નથી, પણ વધુ પુખ્ત વિચાર માટે, અને દક્ષિણ આફ્રિકામાં સામાન્ય રીતે બારીક મનન માટે, તેને મુદતી રીતે મુલતવી રાખી શકાશે. વિષય બહુ અગત્યનો છે, કેમ કે તેથી હિંદી ઇમિગ્રેશન ઠેકાણે પડે છે, એટલું જ નહીં પણ તેથી દક્ષિણ આફ્રિકામાં ગોરા ઇમિગ્રેશન પણ ઠેકાણે પડે છે. હું ધારું છું કે બિલને એક વરસ સુધી મુલતવી રાખવાથી વધારે પુખ્ત અને વધારે સારો કાયદો પાર્લમેન્ટમાંથી પાસ થઈ શકશે, માટે બિલને કમિટીમાં લઈ જવાની નિમણૂક રદ કરવી.

[મૂળ ગુજરાતી]

ઇન્ડિયન ઓપીનિયન, ૨૯-૪-૧૯૧૧

Gandhi Heritage Portal

પરિશિષ્ટ ૪

મિ. લેનનો ગાંધીજીને પત્ર

તા. ૨૨મીએ જનરલ સ્મટ્સના સેક્રેટરી તરફથી મિ. ગાંધીને નીચે મુજબ કાગળ મળ્યો છે:

કેપટાઉન,
એપ્રિલ ૨૨, ૧૯૧૧

પ્રિય મિ. ગાંધી,

મારા તા. ૨૧મીના કાગળના જવાબમાં લખવામાં આવેલો તમારો તા. ૨૨મી એપ્રિલનો કાગળ મળ્યો છે.

તમારો કાગળ મેં જનરલ સ્મટ્સને દેખાડ્યો છે. તેણે મને જણાવવાને કહ્યું છે કે તમે જે રીતે લખો છો તે તેને તદ્દન ઠીક લાગે છે, અને તેને સંપૂર્ણ આશા છે કે આમ સુલેહભરેલી રીતે આ સવાલ પ્રત્યે જવાથી એવો મુદતી નિવેડો લાવી શકાશે કે જેથી વધુ કાયમી નિવેડો લાવવાના કામમાં પ્રયાસ કરવાને બધા છૂટા રહેશે.

મને કહેવાને સત્તા આપવામાં આવી છે કે સગીર છોકરાઓના હક રહે એવી બારી રાખીને ૧૯૦૭નો રન્ને કાયદો રદ કરવા માટેનું બિલ પાર્લમેન્ટમાં દાખલ કરવાનો પ્રધાનનો ઇરાદો છે. પ્રધાન ધારે છે કે આવો કાયદો ઘડતાં, બધા ઇમિગ્રન્ટોને કાયદેસર સરખાપણું આપવાની કલમ તો દાખલ કરવામાં આવશે, છતાં અમલમાં — કાયદામાં કહ્યા વગર — તફાવતી વર્તણૂક રહેશે.

તમે જે બીજી વાત કરો છો, તે સંબંધમાં મારે એ કહેવાનું છે કે જેઓ સત્યાગ્રહમાં ન જોડાયા હોત તો યોગ્ય વખતે રજિસ્ટર થવા શક્તિમાન થાત, તેવા બધા સત્યાગ્રહીઓને કરવા ધારેલા કાયદામાં રજિસ્ટર કરવાની સત્તા મળશે. ૧૯૦૮ના ૩૬મા કાયદામાં કોઈ વિરુદ્ધ હોય તે આમાં આડે આવી શકશે નહીં.

હાલના એશિયાટિક કાયદા તળે જે કેળવાયેલ સત્યાગ્રહીઓ રજિસ્ટર થવા હકદાર નથી, પણ જેઓ હાલ ટ્રાન્સવાલમાં છે તેમને મુદતી સર્ટિફિકેટો આપવા પ્રધાન તૈયાર છે, અને તે માટે યોગ્ય સત્તા લેવામાં આવશે. મારી જાણ પ્રમાણે તેની સંખ્યા પાંચ, અથવા વિશેષ કરીને છથી વધારે નથી. આ સર્ટિફિકેટો ધરાવનારાઓ આવતા કાયદાની રાહમાં ટ્રાન્સવાલમાં રહેવાને હકદાર થશે.

અંતમાં મારે જણાવવાનું છે કે કોમ પોતાની સત્યાગ્રહની લડત લટકાવી મૂકશે, એવી ખાતરી જો તમે આપશો, તો ચાલુ એશિયાટિક કાયદાના ભંગ માટે જે સત્યાગ્રહી કેદીઓ સજા ભોગવે છે તેમને છૂટા કરવાના સવાલ પર યોગ્ય ધ્યાન આપવા નામદાર ગવર્નરને પ્રધાન કહેશે.

હું આશા રાખું છું કે જનરલ સ્મટ્સ પ્રિટોરિયે પાછા ફરે ત્યારે તેને તમે હિંદી કોમ સાથે મસલત કરીને સત્યાગ્રહ બંધ કરવાના ખબર આપવા શક્તિમાન થશો, કે જેથી આ સવાલનો ચોક્કસ નિવેડો લાવવાના કામમાં હિંદી કોમના આગેવાનો સરકારને સહાયકારી થવા ઇરાદો રાખે છે એવી નામદાર શહેનશાહની સરકારને ખાતરી આપવા તેઓ (જનરલ સ્મટ્સ) શક્તિમાન થાય.

આપનો સહૃદયી
અર્નેસ્ટ એફ. સી. લેન
ગૃહપ્રધાનના અંગત મંત્રી

શ્રી મો. ક. ગાંધી
કેપટાઉન

[મૂળ ગુજરાતી]
ઇન્ડિયન ઓપીનિયન, ૨૯-૪-૧૯૧૧

Gandhi Heritage Portal

પરિશિષ્ટ ૫

સ્મટ્સના કામચલાઉ સેક્રેટરી મિ. ગૉર્જિસનો પત્ર

જનરલ સ્મટ્સના કામચલાઉ સેક્રેટરી તરફથી તા. ૧૯મી મેનો લખેલ નીચેનો કાગળ મિ. ગાંધીને મળ્યો હતો:

પ્રિટોરિયા,
મે ૧૯, ૧૯૧૧

સાહેબ,

તમારા તા. ૪થીના કાગળના સંબંધમાં માનવંતા પ્રધાન મને જણાવે છે કે:

(અ) ૧૯૦૯ના જાન્યુઆરીની ૧લી તારીખ પછી જે એશિયાટિકોને ૧૯૦૭ના ૨ જા કાયદા તળે દેશપાર કરવામાં આવ્યા હતા, અને જેમને એ કાયદાઓ તળે રજિસ્ટર થવા ખરા હક છે, પણ જેમણે સત્યાગ્રહની લડતને લીધે હજુ સુધી અરજી કરી નથી, તેમને એ કાયદા અને ધારાઓના કાનૂનોને અનુસરીને, આવતી તા. ૩૧મી ડિસેમ્બર સુધીમાં અરજીઓ કરવા દેવામાં આવશે.

(બ) જે એશિયાટિકોને દેશપાર કરવામાં નહોતા આવ્યા, છતાં જેઓ સત્યાગ્રહની લડતને લીધે રજિસ્ટ્રેશન માટે અરજી કર્યા વગર દક્ષિણ આફ્રિકા છોડી ગયા છે, અને રજિસ્ટ્રેશન માટે પોતાને ખરા હક છે એમ પુરવાર કરી શકે તેમ હોય તેવા એશિયાટિકોને (અ) અને (બ) વર્ગવાળાની સંખ્યા ૩૦ ઉપરાંત ન થાય તો આવતી તા. ૩૧મી ડિસેમ્બર સુધીમાં ૧૯૦૭ના ૨ જા અને ૧૯૦૮ના ૩૧ મા કાયદા તળે રજિસ્ટ્રેશન માટે અરજી કરવા દેવામાં આવશે.

(ક) તમારા કાગળના પમા ફકરાના સંબંધમાં જણાવવાનું કે સમજવા પ્રમાણે મરજિયાત રજિસ્ટ્રેશનની જેમને ના પાડવામાં આવી હોય, અને હજુ સુધી ૧૯૦૭ના ૨ જા અને ૧૯૦૮ના ૩૬મા કાયદા તળે અરજીઓ ન કરી હોય એવા હિંદી અને ચીનાઓ મળીને ૧૮૦ જેટલા દક્ષિણ આફ્રિકામાં છે. તેમની બાબતમાં જણાવવાનું કે ગેરવાજબી ઢીલ વગર તેમના નામની તપસીલ પૂરી પાડવામાં આવશે, તો તેમને આવતા ડિસેમ્બરની ૩૧મી સુધીમાં મજકૂર કાયદાઓના કાનૂનોને અનુસરીને અરજી કરવાની તક આપવામાં આવશે.

(ડ) જે સાત કેળવાયેલ હિંદી હાલ ટ્રાન્સવાલમાં છે, અને જેમનાં નામ તમે આપ્યાં છે, તેમને કાયદામાં ફેરફાર થતાં સુધી મુદતી પ્રમાણ આપવામાં આવશે, અને ત્યાર પછી ટ્રાન્સવાલમાં તેમના વસવાટ માટે નવુનાં લખત તેમને કાઢી આપવામાં આવશે.

એક ખાસ દાખલા તરીકે ત્રણ કેળવાયેલ મુસલમાનોને પણ એવી જ રીતે લખત દેવામાં આવશે. દર વરસે કેળવાયેલા હિંદી ઇમિગ્રન્ટોને ૬ની સંખ્યામાં દાખલ કરવાની વાતને ભવિષ્યના ઇમિગ્રેશન સંબંધમાં વળગી રહેવામાં આવશે. આ સાલ માટે એ સંખ્યાને વધારીને ૧૦ની કરવામાં આવી છે તે ખાસ સંજોગોને લીધે જ છે.

પ્રધાન ભરૂંસો રાખે છે કે હમણાં કરેલી માગણીઓનો સ્વીકાર થયો છે, તેને એશિયાટિક કોમ વાંધાભરેલા સવાલોના છેવટના નિવેડા તરીકે ગણશે. આ પ્રમાણે તમારા તરફથી જણાવવામાં આવ્યાથી રજિસ્ટ્રેશન કાયદા માટે કેદ ભોગવતા સત્યાગ્રહી કેદીઓને છૂટા કરાવવા માટે ન્યાયખાતા પર લખાણ કરવામાં આવશે.

Gandhi Heritage Portal

બનાવટી સર્ટિફિકેટો સંબંધમાં, અથવા તો પારકાં સર્ટિફિકેટો વાપરવાના સંબંધમાં સજા પામેલા કેદીઓને છૂટા કરી શકાશે નહીં.

હું છું, વગેરે,
ઈ. એમ. ગૉર્ડિન્સ
ગૃહખાતાના કામચલાઉ મંત્રી

[મૂળ ગુજરાતી]
ઇન્ડિયન ઓપીનિયન, ૨૭-૫-૧૯૧૧

પરિશિષ્ટ ૬

સ્મટ્સનો ગાંધીજી ઉપરનો તાર

પ્રિટોરિયા,
મે ૨૦, ૧૯૧૧

મે ૨૦મી. તમારો કાલનો કાગળ જેને ટેલિફોનથી આજે સુધારવામાં આવ્યો હતો તે સંબંધમાં કહેવાનું કે મારા તા. ૧૯મીના કાગળમાં વર્ણવેલા ૧૮૦ એશિયાટિકોમાં, ટ્રાન્સવાલમાં લડાઈ પહેલાં ત્રણ વરસના વસવાટના કારણસર રજિસ્ટ્રેશન માટે યોગ્ય વખતે અરજી ન કરી શકયા હોય, એવા જે દક્ષિણ આફ્રિકામાં છે તેમનો સમાવેશ કરવામાં કાંઈ વાધો નથી. તમારા તા. ૨૯મીના કાગળના ૧લા સવાલના સંબંધમાં જણાવવાનું કે માણસોના અત્યારે મોજૂદ હોય એવા હકો લઈ લેવાને ધારવામાં આવ્યું નથી, છતાં જે કાયદો આખા યુનિયન માટે સામાન્ય અને એકસરખો લાગુ પાડવાને ધારવામાં આવ્યું હોય, તેવા કાયદાથી જુદા જુદા પ્રાંતોમાંની સ્થિતિ પર અસર તો થશે ખરી જ. ૨ જો સવાલ ઉપરનાને જ લાગુ પડે છે. ૩ જા અને ૪ થા સવાલ વિષે મારા ગઈ કાલના કાગળમાં કહેવામાં આવ્યું હતું. મારા ગઈ કાલના કાગળના (૩) ફકરાની વાત ૫ મા સવાલમાં છે. સવાલ ૬ઠ્ઠામાં કેળવણીનું કાંઈ મુકરર ધોરણ નહીં. સવાલ ૭ મામાં સારી કેળવણી પામેલા રજિસ્ટર્ડ એશિયાટિકોએ લાઇસન્સ કઢાવતી વખતે આંગળાં કે અંગૂઠા આપવાની જરૂર નથી. સવાલ ૮ માં પ્રખ્યાત રજિસ્ટર્ડ એશિયાટિકોએ, જો તેઓ ઇંગ્રેજીમાં સ્પષ્ટ રીતે સહી કરી શકતા હશે, તો લાઇસન્સ કઢાવતી વખતે આંગળાં અથવા અંગૂઠા આપવાની જરૂર નથી.

[મૂળ ગુજરાતી]
ઇન્ડિયન ઓપીનિયન, ૨૭-૫-૧૯૧૧

Gandhi Heritage Portal

૬૫૮૦

પરિશિષ્ટ ૭

ક

ટ્રાન્સવાલની સ્થાનિક સરકારના ઑર્ડિનન્સનો ખરડો, ૧૯૧૧

એશિયાઈઓને લગતાં અવતરણો

એશિયાઈ બન્દરો[1]

૬૬. (૧) કાઉન્સિલ એશિયાઈઓની દુકાનો માટે બન્દરો અથવા બીજા વિસ્તારો જુદા કાઢી શકશે, તેમને નિભાવી શકશે અને તેમનું સંચાલન કરી શકશે. આ બન્દરો અથવા વિસ્તારો કેવળ એશિયાઈઓ માટે જ અલગ રહેશે. કાઉન્સિલ પોતે વખતોવખત જે પેટાનિયમો બનાવશે તેને અનુસરીને તે આ બન્દરો કે વિસ્તારોના નિયંત્રણ અને દેખરેખનું કામ કરી શકશે; અને એ બન્દરો કે વિસ્તારોમાં આવેલી જમીન તથા તેમાં બાંધેલાં કોઈ મકાનો કે બીજી ઇમારતોને, સદર પેટાનિયમો અનુસાર વખતોવખત નક્કી થાય તેવી શરતોએ તથા તેવા ભાડાના દરે, પટાથી ભાડે આપી શકશે.

(૨) કાઉન્સિલ આવાં બન્દરો તથા વિસ્તારો બંધ કરી શકે અને તેને માટે બીજી અનુકૂળ જમીન અલગ કાઢી શકે તે માટે આ પહેલાંની કલમ સહિત પેટાકલમો (૪) થી (૭) ની તમામ જોગવાઈઓ જરૂરી ફેરફાર સાથે લાગુ પડશે.

(૩) કાઉન્સિલ ગવર્નર જનરલની મંજૂરી ને સંમતિ મેળવ્યા સિવાય આવાં કેવળ એશિયાઈઓ માટે જ અલગ રાખવામાં આવેલ બન્દરો કે અન્ય વિસ્તારો નક્કી કરી શકશે નહીં કે બંધ કરી શકશે નહીં, તેમ જ આ કલમ અનુસાર બનાવેલો કોઈ પણ પેટાનિયમ, જ્યાં સુધી તેને અંગે ગવર્નર જનરલની મંજૂરી અને સંમતિ ન મેળવાય ત્યાં સુધી, બંધનકર્તા ગણાશે નહીં અથવા તેનો અમલ થઈ શકશે નહીં.

૬૭. (૧) કાઉન્સિલ તેણે પોતે સ્થાપેલા અથવા તેના નિયંત્રણ નીચે હોય તેવા વતનીઓ માટેના કોઈ પણ લોકેશનો અથવા કોઈ પણ બન્દરમાં કે કસબામાં આવેલી જમીનોના પ્લૉટો તેત્રીસ વર્ષથી વધારે નહીં એવી કોઈ પણ મુદત માટે, ગવર્નર જનરલ મંજૂર રાખે તેવી પદ્ધતિએ અને શરતોએ, પટ્ટાથી ભાડે આપી શકશે.

(૨) આવો કોઈ પણ પટ્ટો 'નોટરી પબ્લિક' (કરારખત ઉપર સહીસિક્કા લેનાર અદાલતી અમલદાર) સમક્ષ તૈયાર નહીં થયો હોય, છતાં કાયદેસર ગણાશે; અને આવો કોઈ પણ પટ્ટો અથવા તેની સોંપણી જે કાઉન્સિલે ગવર્નર જનરલે બનાવેલા નિયમો પ્રમાણે રખાયેલા રજિસ્ટરમાં, નોંધેલાં હશે તો કાયદેસર ગણાશે.

આવા કોઈ પણ પટ્ટા અથવા તેની સોંપણી ઉપર મોંબદલા અંગેની ફી કે દસ્તાવેજ અંગેની ફી સંબંધી કોઈ પણ કાયદા અનુસાર જે ફી ભરવાની થાય તે ફી ઉપર્યુક્ત નિયમોથી ઠરેલી પદ્ધતિ પ્રમાણે ભરવી જોઈશે અને આ રીતે જે ફી ભરવામાં આવે તે તમામ ફીનો હિસાબ કાઉન્સિલ નાણાપ્રધાનને આપવા બંધાયેલી ગણાશે.

૧. એશિયાઈઓને અલગ લોકેશનોમાં ખસેડવાનો નિર્ણય પહેલી વાર ક્રૂગરની સરકારે ૧૮૯૯ના એપ્રિલ માસમાં લીધો હતો, અને આ લોકેશનોનું નિયમન કરવાનો અધિકાર ટાઉન કાઉન્સિલોને આપવામાં આવ્યો હતો; જુઓ પુસ્તક ૩, પા. ૭૮. ૧૯૦૩ના એપ્રિલ માસમાં, યુદ્ધોત્તર બ્રિટિશ સરકારે ટ્રાન્સવાલના લેફ્ટનન્ટ ગવર્નર લૉર્ડ મિલ્નરના વખતમાં 'બન્દર નોટિસ' કાઢી હતી; જુઓ પુસ્તક ૩, પા. ૨૨૯–૩૦. બન્દરોની સીમાઓ નક્કી કરવાની શરતો ૧૯૦૫માં એક ઑર્ડિનન્સ દ્વારા ટાઉન કાઉન્સિલોને આપવામાં આવી હતી; જુઓ પુસ્તક ૫, પા. ૨૬–૭. આ ઉપરાંત જુઓ પુસ્તક ૩, પા. ૩૪૭–૫૦ તથા પા. ૨૬૯–૭૩; પુસ્તક ૪, પા. ૮૩–૫, પુસ્તક ૫, પા. ૮૬–૭ તથા ૧૫૮–૬૦; પુસ્તક ૬, પા. ૫૩–૪ અને પુસ્તક ૮, પા. ૧૯૩, ૨૩૮–૯, ૨૪૩–૪ તથા ૨૮૦ પણ.

Gandhi Heritage Portal

સ્વચ્છતા, ઇત્યાદિ

૭૫. કાઉન્સિલ નીચે લખેલા તમામ હેતુઓ માટે અથવા તે પૈકી ગમે તે એક માટે વખતોવખત પેટાનિયમો બનાવી શકશે, બદલી શકશે અને રદ કરી શકશે;

(૧૨) ચા-ઘરો, કૉફી-ઘરો, ઉપાહારગૃહો, હોટેલો, ભોજનાલયો, રહેવા-જમવાની વ્યવસ્થાવાળી વીશીઓ, અને તમામ દૂધ વેચનારાઓ, ડેરીઓ, દૂધની દુકાનો, ગોશાળાઓ, ભઠિયારાની દુકાનો, અને ત્યાં ખાવાપીવાના પદાર્થો વેચાણ માટે કે ઉપયોગ માટે બનાવાતા કે તૈયાર થતા હોય અથવા વેચાતા હોય એવી ફેક્ટરીઓ તથા જગાઓ માટે પરવાના આપવાના અને તેમનું નિયમન કરવાના હેતુ માટે;
(૧૩) કાફિરો માટેનાં ભોજનાલયો માટે પરવાના આપવા અને તેમનું નિયમન કરવાના હેતુ માટે;
(૧૪) લારી ફેરવનાર અને ફેરી કરનારને પરવાના આપવાના તથા તેમનું નિયમન કરવાના હેતુ માટે; એમાં એવી જોગવાઈ કરવામાં આવે છે કે પોતાની જમીન ઉપર ઉગાડેલો માત્ર તાજો માલ વેચનારે લારીવાળાનો કે ફેરિયાનો પરવાનો કઢાવવાની જરૂર રહેશે નહીં.
(૧૫) સાર્વજનિક અથવા અંગત માલિકીનાં સ્થળોએ કપડાં ધોવાના કામનું નિયમન કરવાના અથવા તે કામને અટકાવવાના હેતુ માટે અને ધોવાના તથા ઇસ્તરી કરવાના કામ માટે વ્યક્તિઓને પરવાના આપવાના હેતુ માટે.

એશિયાઈ ચા-ઘરો[1]

૮૮. કાઉન્સિલ નીચે લખેલા તમામ હેતુઓ માટે અથવા તે પૈકી ગમે તે એક માટે વખતોવખત પેટાનિયમો બનાવી શકશે, બદલી શકશે અને રદ કરી શકશે;

(૬) એશિયાઈ ચા-ઘરો અથવા ભોજનાલયોનું નિયમન કરવાના અને તેમને પરવાના આપવાના હેતુ માટે.

પરવાના

૯૧. કાઉન્સિલ કોઈ પણ સ્થળનો નાટ્યગૃહ તરીકે, સંગીતગૃહ તરીકે, સાર્વજનિકગૃહ તરીકે, નૃત્યગૃહ તરીકે, અથવા બીજા કોઈ પ્રકારના આમોદપ્રમોદના સ્થાન તરીકે ઉપયોગ થાય તે માટે, અથવા જ્યાં મનુષ્યોના ઉપયોગ માટે ખાવાપીવાના પદાર્થો વેચાતા, વપરાતા કે તૈયાર કરાતા હોય એવા કોઈ પણ સ્થળ માટે, કોઈ પણ રહેવા-જમવાની વીશી માટે અથવા ધોવાના કે ઇસ્તરી કરવાના કામ માટેના કોઈ સ્થળ માટે — અથવા ફેરી કરનાર કે લારી ફેરવનારને, આ પહેલાંની છેલ્લી કલમમાં જણાવેલાં કારણોસર તેમ જ નીચે લખેલાં એક યા વધારે કારણોસર પરવાના આપવાનો ઇનકાર કરી શકશે :

(ક) જો અરજદાર સારી ચાલચલગતનો સંતોષકારક પુરાવો રજૂ ન કરી શક્યો હોય તો;
(ખ) જે સ્થળ માટે પરવાનાની માગણી કરી હોય તે સ્થળે, અથવા એ સ્થળની બાજુમાં આવેલા અરજદારની માલિકીના અથવા અરજદાર જેમાં રહેતો હોય તેવા સ્થળમાં બદચાલના લોકોની આવન થતી હોય તો;
(ગ) જે સ્થળને માટે પરવાનો મળ્યો હોય તે સંબંધમાં આવો પરવાનો આપવામાં આવે તો પડોશમાં રહેતા લોકોને અગવડ કે હેરાનગતિ થાય એમ હોય તો;
(ઘ) આવો પરવાનો આપવો એ જાહેર હિતની વિરુદ્ધનું હોય તો;

અને આ રીતે કાઉન્સિલ કોઈ પણ પરવાનો કાઢી આપવાનો ઇનકાર કરે તો તેની સામે કોઈ અપીલ થઈ શકશે નહીં.

૯૨. કાઉન્સિલ પોતે બનાવેલા પેટાનિયમો અનુસાર જે પરવાનો કાઢી આપે અને જેને પરિણામે પરવાનો ધારણ કરનારાને, માણસોના ઉપયોગ માટે ખાવાપીવાના પદાર્થો બનાવવા, તૈયાર કરવા,

૧. તમામ હિંદી હોટેલમાલિકોએ પરવાના કઢાવવા પડશે, એવો કાયદો ૧૯૦૫માં જ પસાર કરવામાં આવ્યો હતો. જુઓ પુસ્તક ૫, પા. ૨૯ તથા ૮૬–૭, પુસ્તક ૬, પા. ૩૫૫–૬ તથા ૩૬૨ અને પુસ્તક ૭, પા. ૯૫ તથા ૩૧૧–૨.

Gandhi Heritage Portal

વેચવા કે વાપરવા માટેનો વેપાર કે વ્યવસાય કરવાનો અધિકાર મળે, તે પરવાના સંબંધમાં નીચે પ્રમાણે શરતો લાદી શકશે :

(ક) આવા ખાવાપીવાના પદાર્થો તૈયાર કરવાના કામ માટે આફ્રિકાના અસલ વતનીઓ, એશિયાઈઓ કે બિનગોરા મન્નૂરો રોકવાનો નિષેધ કરી શકે અથવા તે અંગે નિયંત્રણ મૂકી શકે;

(ખ) જ્યાં ખાવા-પીવાની ચીજો વેચાતી હોય તેવે સ્થળે સોળ વરસની નીચેની ઉંમરની સ્ત્રીઓને કામે રાખવાનો અથવા રાત્રે આઠ વાગ્યા પછી આવે સ્થળે સ્ત્રીઓ પાસે કામ કરાવવાનો નિષેધ કરી શકે અથવા તે ઉપર નિયંત્રણ મૂકી શકે;

આમાં એવી જોગવાઈ કરવામાં આવે છે કે આ કલમને આધારે કાઉન્સિલ જે શરતો લાગુ પાડે તે પરવાના ઉપર સ્પષ્ટ રીતે નોંધવી જોઈશે અને પરવાનો ધરાવનાર વ્યક્તિએ આવી શરતોવાળા પરવાનાના ફૉર્મની બીજી નકલ ઉપર પોતાની સહી કરવી જોઈશે. આ રીતે જે નકલ ઉપર શરતો નોંધાય અને સહી થાય તે નકલ કાઉન્સિલ પોતાની પાસે રાખશે. અને જ્યારે તે નકલ કોઈ પણ ન્યાયની અદાલત સમક્ષ રજૂ કરવામાં આવશે ત્યારે સદર શરતો લાગુ પાડ્યાનો તે પ્રથમ દર્શની પુરાવો ગણાશે.

૯૩. આ ઑર્ડિનન્સમાં કોઈ પણ વાત આ કલમની વિરુદ્ધ લખેલી હોય તેમ છતાં, કાઉન્સિલ પોતાનો વિશિષ્ટ અધિકાર વાપરીને કોઈ પણ રિક્ષા ખેંચનારને, અથવા સડક પર ચાલતી કોઈ પણ યાંત્રિક ગાડી, ટ્રામગાડી, જાહેર બસ, મોટરગાડી, ઘોડાગાડી, ટ્રૉલી, અથવા બીજા કોઈ ભાડે ફરતા વાહન હાંકનાર વ્યક્તિને પરવાના કાઢી આપવાનો ઇનકાર કરી શકશે.

મતદારોની યાદી[1]

૧૧૪. પ્રત્યેક ગોરો પુરુષ અથવા સ્ત્રી, જે ૨૧ વર્ષ અથવા તેથી વધારે ઉંમરનાં હોય અને બ્રિટિશ પ્રજાજન હોય, અને જે વાર્ષિક ૧૨ પાઉંડ કે તેથી વધુ આવકવાળા મ્યુનિસિપાલિટીની હદમાં આવેલા કોઈ પણ મકાનનો માલિક હોઈ તેમાં રહેતો હોય, અથવા જે મ્યુનિસિપાલિટીની હદમાં આવેલી એવી સ્થાવર મિલકત ધરાવતો હોય જેને માટે તે બગીચાવેરો કે મિલકતવેરો ભરતો હોય અથવા ભરવાને પાત્ર થતો હોય, તે મ્યુનિસિપાલિટી માટેની મતદારયાદીમાં નામ દાખલ કરવાને હકદાર ગણાશે; પરંતુ પતિ અને પત્ની બંને એક જ મિલકતને આધારે મતદારયાદીમાં દાખલ થઈ શકશે નહીં.

ટ્રામગાડીઓ

૧૭૧. કાઉન્સિલ નીચે લખેલા બધા અથવા તે પૈકી કોઈ એક હેતુ માટે વખતોવખત પેટાનિયમો બનાવી શકશે, બદલી શકશે અને રદ કરી શકશે;

(ક) કાઉન્સિલે જેની સ્થાપના કરી હોય, જેનું સંપાદન કર્યું હોય અથવા તે જેનું સંચાલન કરતી હોય તેવા કોઈ પણ ટ્રામમાર્ગોના ઉપયોગનું નિયમન કરવા માટે તથા કાઉન્સિલની માલિકીની ટ્રામગાડીઓના ઉપયોગ સંબંધી ફેરફારો કરવા માટે;

(ખ) કાઉન્સિલની માલિકીની ટ્રામગાડીઓ આફ્રિકી વતનીઓએ અને એશિયાઈઓએ કેવી રીતે વાપરવી તેનું નિયમન કરવા માટે; તથા આવી ટ્રામગાડીઓનો ઉપયોગ આફ્રિકી વતનીઓ, એશિયાઈઓ અને જેઓ સારા પોશાકમાં સજ્જ ન હોય અથવા સભ્ય રીતે વર્તતા ન હોય એવા તમામ માણસો ન કરે તે માટે નિષેધ ફરમાવવા કે નિયંત્રણ મૂકવા માટે;[2]

૧ આ કલમ મ્યુનિસિપાલિટીની ચૂંટણી વખતે હિંદીઓને મતાધિકાર હોવાનો ઉલ્લેખ ટાળીને હિંદીઓનો મ્યુનિસિપલ મતાધિકાર લઈ લે છે. ટ્રાન્સવાલમાં હિંદીઓનો આવો મ્યુનિસિપલ મતાધિકાર સૌ પ્રથમ ૧૯૦૩માં લઈ લેવામાં આવ્યો હતો. જુઓ પુસ્તક ૩, પા. ૩૭૫-૭૭; પુસ્તક ૪, પા. ૨૨૧-૨ અને પુસ્તક ૯, પા. ૩૫૦-૧ તથા ૩૫૮-૯.

૨. જુઓ પુસ્તક ૫, પા. ૨૦૮-૯, ૨૧૫-૬, ૨૧૯, ૨૩૨, ૩૫૧-૨, ૩૬૨-૩ તથા ૩૬૮-૯; પુસ્તક ૬, પા. ૪૨૮-૯; પુસ્તક ૮, પા. ૨૮૦ અને પુસ્તક ૯, પા. ૩૭૪-૫.

Gandhi Heritage Portal

(૧) ટ્રામમાર્ગો ચલાવવા માટે કાઉન્સિલે રોકેલા માણસોની નોકરી તથા ફરજની શરતોનું નિયમન કરવા માટે તથા આવા માણસો જ્યારે બેદરકારી, ફરજ-ત્યાગ અથવા ટ્રામમાર્ગની સેવાના સુયોગ્ય સંચાલનને નુકસાન કરે તેવો બીજો કોઈ ગુનો કરે ત્યારે તેમનો (પગાર અટકાવીને) દંડ કરવા માટે.

આવો કોઈ પેટાનિયમ આ ઑર્ડિનન્સ અથવા મ્યુનિસપાલિટીની હદમાં અમલમાં હોય એવા બીજા કોઈ કાનૂનથી અસંગત, વિરોધી કે પ્રતિકૂલ હોવો જોઈશે નહીં.

[મૂળ અંગ્રેજી]

ઇન્ડિયન ઓપીનિયન, ૧૦-૬-૧૯૧૧

ખ

ટ્રાન્સવાલ પ્રોવિન્શિયલ કાઉન્સિલને બ્રિ. ઇ. એ.ની અરજી

જોહાનિસબર્ગ,
જૂન ૬, ૧૯૧૧

ટ્રાન્સવાલના નામદાર ઍડમિનિસ્ટ્રેટર તથા પ્રોવિન્શિયલ કાઉન્સિલના મેમ્બરો જોગ,

બ્રિટિશ ઇન્ડિયન ઍસોસિયેશનના ચેરમૅન તરીકે અરજદાર એ. એમ. કાછલિયા નમ્રતાપૂર્વક જણાવે છે કે :

(૧) સ્થાનિક સરકારનું ૧૯૧૧નું[૧] ડ્રાફ્ટ ઑર્ડિનન્સ જે તા. ૧૭મી મેના સરકારી ગૅઝેટમાં પ્રસિદ્ધ થયું હતું તે અરજદારે વાંચ્યું છે. તેની કેટલીક કલમો કાયદેસર રહીશ હિંદીઓ પર વધુ ગંભીર હાડમારી નાખશે એમ જોઈ ગંભીર ચિંતા પેદા થાય છે.

(૨) અરજદાર જણાવે છે કે મજકૂર ઑર્ડિનન્સની ૬૬ અને ૬૭ કલમોથી "ખાસ એશિયાટિકોના વસવા માટે બજાર કે બીજા વિભાગ અલગ કાઢવા, અને તે નિભાવવા, તથા કાઉન્સિલ વખતોવખત જે ધારા કરે તે મુજબ તે ઉપર બંદોબસ્ત રાખવા" કાઉન્સિલને સત્તા મળશે. ૬૬ કલમની પેટા કલમ ૩જીથી આવાં "બજાર"ને જાહેર જગ્યામાં ઘટતી નોટિસ ચોટાડ્યા પછી કાઉન્સિલ (ગવર્નરની મંજૂરી મેળવી) બંધ કરી શકશે. અમુક કોમને અલગ રાખવાના મુદ્દાથી અરજદાર વિરુદ્ધ છે. તે ઉપરાંત, ઉપર કહેવામાં આવ્યું એવી સત્તા હિંદીઓને, અને ખાસ કરીને દુકાનદારો જેઓ આવાં બજારમાં સ્થાયી થઈને વસે તેમને અત્યંત નુકસાન થાય તેવી રીતે વાપરી શકાય તેમ છે. જેમ જેમ શહેરો વધીને મોટાં થતાં જાય છે તેમ તેમ અગાઉ સ્થાપેલાં લોકેશનો બંધ કરવામાં આવે છે, અને તેના વસનારાઓને શહેર અને તેના માર્ગોથી વધુ દૂર નવાં બજારો કાઢી ત્યાં કાઢવામાં આવે છે. આમ રહેણાકની અગવડતાથી વેપારી સાહસને અને આબાદીને ધક્કો પહોંચે છે, અને જે હિંદીઓ પોતાનો રોજગાર અને રહેઠાણ આવાં બજારમાં લઈ જાય તેમને માટે તે ગંભીર હાડમારીરૂપ થઈ પડે છે.

(૩) કલમ ૭૫ની ૧૨મી, ૧૩મી અને ૧૪મી પેટાકલમો, અને કલમ ૮૮ની ૬ઠ્ઠી પેટાકલમ ખાસ કરીને એશિયાટિકના લાભને આડે આવે છે. આ કલમો તળે કાઉન્સિલો કસાઈખાનાં, એશિયાટિક અને કાફર ઈટિંગ હાઉસ, પેડલર, હૉકર, ધોબી, અને ધોબીખાનાંનાં લાઇસન્સ પર કાબૂ ભોગવતી રહેશે. અરજદાર જણાવે છે કે કાયદામાં જણાવેલા બીજા રોજગારનાં લાઇસન્સ આપવાની મનાઈ સામે રેસિડેન્ટ માજિસ્ટ્રેટને અપીલ કરવાની ગોઠવણ રાખવામાં આવી છે, ત્યારે ૯૧મી કલમમાં ખુલ્લું કર્યું છે કે "ઉપર ગણાવેલાં કોઈ લાઇસન્સ આપવાની કાઉન્સિલ ના પાડે તેની સામે અપીલ થઈ શકશે

૧. ટ્રાન્સવાલ સરકારે લગભગ આવા જ પ્રકારની નોંધણીની વ્યવસ્થા કરવાનો એક પ્રયાસ ૧૯૦૮માં કર્યો હતો. પરંતુ તેને તે પડતો મૂકવો પડ્યો હતો. જુઓ પુસ્તક ૮, પા. ૨૩૮-૯, ૨૪૩-૪, ૨૭૯-૮૧ અને ૩૦૧.

Gandhi Heritage Portal

નહીં. "યુનિયનના બીજા પ્રાંતોમાં જ્યાં આવી નિરંકુશ સત્તા લાઇસન્સ બોર્ડ અથવા કાઉન્સિલના હાથમાં અપાઈ છે કે અપાઈ હતી, ત્યાં હિંદીઓને જે અનુભવ થયો છે તેથી, લાઇસન્સ આપબુદ્ધ રીતે ન આપવામાં આવે તેની સામે કાયદાની કોર્ટમાં અપીલ ન થઈ શકે એવી ઉઘાડી કલમ સામે અરજદાર આગ્રહપૂર્વક પ્રોટેસ્ટ કરે છે. વળી આવી કલમથી પ્રજાની છૂટનો ભંગ થાય તે તો જુદું.

(૪) માનવંતી સભાનું અરજદાર વધુમાં એ ધ્યાન ખેંચે છે કે એશિયાટિક ટી રૂમ અથવા ઈટિંગ હાઉસો કાઢવા માટે હવે કાંઈ કારણ નથી, કેમ કે ચીના મજૂરો પાછા મોકલાયા પછી એવાં કોઈ ઈટિંગ હાઉસ રહ્યાં નથી; અને આ પ્રાંતમાં વસતી નાની એશિયાટિક કોમની જરૂરિયાતો ખાનગી બોર્ડિંગ હાઉસોથી પૂરી પડી રહે છે.

(૫) ૯૨મી કલમથી, એશિયાટિક મજૂરી વાપરવાનું ગેરકાયદે ઠરાવી, ઉપયોગી ધંધામાં નોકરી કરતા હિંદીઓ પર ગંભીર હાડમારી મુકાય તેમ છે. કેટલાક દાખલામાં તેથી, તેવા હિંદીનાં ગુજરાનનાં સાધન છીનવી લેવાનું પરિણામ આવે. અરજદારના નમ્ર મત પ્રમાણે એશિયાટિક સામેનો આવો તફાવત પાછો ખેંચી લેવાવો જોઈએ.

(૬) ડ્રાઇવરનાં લાઇસન્સ આપવાની કે ન આપવાની સત્તા (૯૬મી કલમ મુજબ) કાઉન્સિલના હાથમાં મૂકવામાં આવી છે તે સંબંધમાં કાયદાની કોર્ટમાં અપીલનો હક હોવો જોઈએ એવી અરજદાર વિનંતી કરે છે.

(૭) આ પ્રાંતમાં એશિયાટિકો સામે જે કમનસીબ વિરુદ્ધતા છે તે જોતાં અરજદારોએ રાજદ્વારી ફ્રેંચાઈઝ (વોટનો હક) માગ્યો નથી, પણ ૧૧૪મી કલમ વડે અરજદારોને મ્યુનિસિપલ વોટર્સ રોલ પર મુકાતાં અટકાવ્યા છે તે ખાસ હાડમારી તેમને બહુ આકરી લાગે છે. ગંભીર બદમાસીના ગુના માટે સજા થઈ હોય એવા ગોરાઓની જેમ તેમને આ હાડમારીઓ વેઠવાની છે. માનવંત સભાને યાદ દેવાની અરજદાર હામ ભીડે છે કે હિંદીઓ મોટી રકમમાં મ્યુનિસિપલ વેરા ભરે છે. અને આંકડાઓ ઉપરથી મજબૂત રીતે પુરવાર થાય છે તેમ, તેઓ લોકોમાં સહુથી વધારે કાયદેસર ચાલનાર ભાગ છે, અને તેથી ગોરા ગુનેગારો સાથે એક વર્ગમાં તેઓને ગણવામાં આવે તેની સામે વાંધો લેવા અરજદાર હિંમત કરે છે.

(૮) અરજદારો જુએ છે કે ૧૭૬મી કલમથી "નોટિવો, એશિયાટિકો, અને આબરૂદારને છાજતો પહેરવેશ ન હોય, અથવા સારી ચાલના ન દેખાતા હોય એવાને" ટ્રામકાર પરથી બાતલ રાખવા અથવા તે વાપરતાં અટકાવવાની સત્તા અપાઈ છે. આ અટકાયત એશિયાટિક જનતો માટે અપમાનભરેલી તેમ જ અગવડભરેલી છે, અને અરજદારના નમ્ર મત પ્રમાણે તે તદ્દન અણછાજતી છે.

(૯) છેવટમાં, ઉપર જણાવેલી હાડમારીઓ પર આ માનવંતી સભાનું અરજદાર આગ્રહપૂર્વક ધ્યાન ખેંચે છે, અને અરજ કરે છે કે ડ્રાફ્ટ ઑર્ડિનન્સને એવી રીતે સુધારવામાં આવશે કે જેથી ઉપલી બાબતોમાં રાહત મળે, ને તે માટે અરજદાર આભાર માનશે વગેરે.

(સહી) **એ. એમ. કાછલિયા**
ચેરમેન, બ્રિ. ઇ. એસોસિયેશન

[મૂળ ગુજરાતી]
ઇન્ડિયન ઓપીનિયન, ૧૦-૬-૧૯૧૧

Gandhi Heritage Portal

પરિશિષ્ટ ૮

દક્ષિણ આફ્રિકા બ્રિટિશ હિંદી સમિતિનો કૉલોનિયલ ઑફિસ ઉપર પત્ર

થૅનિટ હાઉસ,
૨૩૧–૨૩૨, સ્ટ્રૅન્ડ, ડબ્લ્યુ. સી.,
જૂન ૧૭, ૧૯૧૧

સંસ્થાનો માટેના ઉપમંત્રી જોગ
કૉલોનિયલ ઑફિસ, એસ. ડબ્લ્યુ.

સાહેબ,

આપનો ચાલુ માસની ૧૩મી તારીખનો પત્ર નં. ૧૮૫૪૨/૧૯૧૧ મળ્યો. એમાં સંસ્થાનમંત્રી તરફથી મને એવું કહેવામાં આવ્યું છે કે ટ્રાન્સવાલ બ્રિટિશ હિંદી સંઘે એમની સમક્ષ એક નિવેદન વિધિસર રજૂ કરેલું છે, તે ઉપરાંત જો મારે કંઈ કહેવાનું હોય તો તે મારે લેખી સ્વરૂપે રજૂ કરવું. એ નિવેદનની એક નકલ મને મળી છે. પરંતુ મને કેપ અને નાતાલના હિંદીઓ વતી પણ એમની વાત રજૂ કરવાનું કહેવામાં આવેલું છે અને એમનાં નિવેદનપત્રોની નકલો પણ મને મોકલવામાં આવી છે; એટલે હું મંત્રી મહાશય મિ. હારકૉર્ટની રજા લઈને, દક્ષિણ આફ્રિકાના હિંદી કોમોની સ્થિતિ કેવી છે તે સંબંધમાં સામાન્ય સ્વરૂપની ચર્ચા કરવા માગું છું.

૨. હિંદી કોમના જુદા જુદા સમુદાયોમાં જો કોઈ સૌથી સર્વોપરી લાગણી પ્રવર્તતી હોય તો તે ભારે અશાંતિ અને બિનસલામતીની લાગણી છે. દક્ષિણ આફ્રિકાના હિંદીઓ સમજી ગયા છે કે જો સમ્રાટની સરકાર એમનું રક્ષણ કરવા વારંવાર વચ્ચે નહીં પડે, તો એમનું અસ્તિત્વ બિલકુલ અસહ્ય થઈ પડશે. એટલે જ જે વાટાઘાટોને પરિણામે સંઘનો કાનૂન પસાર થયો તે તરફ તેઓ અત્યંત ગંભીર ભયની લાગણીથી મીટ માંડી રહ્યા હતા. ટ્રાન્સવાલના હિંદીઓને એવો ડર હતો કે કેપ અને નાતાલના પરવાના ધારાઓની પાછળ જે સિદ્ધાન્તો રહેલા છે તે ટ્રાન્સવાલમાં પણ લાગુ પાડવામાં આવશે; અને એ પ્રાંતોના હિંદીઓને એવો ડર હતો કે ટ્રાન્સવાલનાં લોકેશનો રજિસ્ટર કરાવવા અંગેના તથા પ્રવાસીઓ અંગેના કાનૂનો એમના પ્રાંતોમાં અપનાવી લેવામાં આવશે. વીરીનિગિંગની સંધિ થઈ ત્યાર પછી દક્ષિણ આફ્રિકામાં એવી વૃત્તિ જોવામાં આવે છે કે હિંદીઓ પ્રત્યેનો વર્તાવ બધી જગ્યાએ એકસરખો બનાવી દેવો અને તેનું ધોરણ કઠોરમાં કઠોર રાખવું. સંસ્થાનમંત્રીને જરૂર યાદ હશે કે ૧૯૦૬માં જ્યારે લૉર્ડ મિલ્નરે બન્નર સંબંધી નોટિસ બહાર પાડી, ત્યારે નાતાલે તેનું તરત જ અનુકરણ કર્યું હતું. નાતાલનો પરવાના અંગેનો કડક કાયદો કેપે અપનાવી લીધો હતો, અને હવે એ કાયદો ટ્રાન્સવાલને પણ લાગુ પાડવાના પ્રયત્નો થઈ રહ્યા છે. એટલે દક્ષિણ આફ્રિકાના હિંદીઓમાં એક એવી પ્રબળ ભાવના ઘર કરી બેઠી છે કે આપણી પાસે જે થોડા નાગરિક અધિકારો અને વિશેષાધિકારો છે તે પણ સાચવી રાખવા હશે તો, આપણાં સ્થાપિત હિતો ઉપર સંઘમાં ચારે તરફથી જે નિત્ય નવા હુમલાઓ થઈ રહ્યા છે તેની સામે આપણે એક સંયુક્ત મોરચો ઊભો કરવો પડશે. જે સત્યાગ્રહની લડત અત્યારે બંધ પડી છે તેમાં કેપ અને નાતાલના હિંદીઓ ટ્રાન્સવાલના તેમના ભાઈઓને તેમના દાવાઓ સંબંધમાં વિવિધ રીતે આટલી નિકટતાથી સાથ આપતા હતા તેનું એક મુખ્ય કારણ, ખરું જોતાં, આ જ હતું.

૩. ટ્રાન્સવાલના હિંદીઓને સૌથી મોટો ડર હંમેશાં એ રહેતો આવ્યો છે કે ૧૮૮૫ના કાયદા ૩ની જે કલમ એમને વાડાઓમાં રહેવાની ફરજ પાડે છે તેનો અમલ અસરકારક બનાવવામાં આવશે. ૧૯૦૩માં ટ્રાન્સવાલની સુપ્રિમ કોર્ટે એવો ચુકાદો આપ્યો હતો કે જે હિંદીઓ વાડાઓની બહાર વેપાર કરતા હોય તેમને વેપારના પરવાના આપવા જ જોઈએ, અને એવા લોકો વાડાઓમાં ન રહે તો તેની સામે કાયદેસર પગલાં ભરી નહીં શકાય, પરંતુ હિંદીઓને વાડાઓમાં જ રહેવા અને વેપાર કરવાની ફરજ

Gandhi Heritage Portal

પાડતો પ્રથમ કાનૂન ગ્રીકોરોપ સ્ટેન્ડર્ડ એક્ટ હતો. ટાઉનશિપ એક્ટ અને સુવર્ણકાનૂને તો હિંદીઓની બૂરામાં બૂરી આશંકાઓને પણ સાચી પાડી છે. ૧૮૮૫ના કાયદા ૩ની એક કલમને આધારે જોકે સ્થાવર મિલકતની માલકી હિંદીઓને નામે ચઢાવી શકાતી નથી, તેમ છતાં જે કરારોથી હિંદીઓને સ્થાવર મિલકતનો કાયદેસરનો માલકીહક પ્રાપ્ત થાય છે તેવા યુરોપિયનો અને હિંદીઓ વચ્ચે થયેલા કરારો ટ્રાન્સવાલની અદાલતોએ માન્ય રાખેલા છે; દા. ત. સૈયદ ઇસ્માઈલ તથા એક બીજો વિ. એસ. જેકબ્સ, એન. ઓ. ના મુકદ્દમામાં આમ બનેલું છે. પરંતુ આ નવા કાયદાઓનું પરિણામ એ આવશે કે આવી સ્થાવર મિલકતોના નોંધાયેલા યુરોપિયન માલિકોને તથા ન્યાયપુરઃસરના હિંદી માલિકોને શિક્ષા કરવામાં આવશે. દા. ત. મારા જેવો યુરોપિયન પોતાની જગામાં બિનગોરી ચામડીવાળા હિંદીઓને રહેવા દેવા બદલ ભારે દંડને પાત્ર થશે, અને હકીકતમાં જે તેમની પોતાની છે એવી હિંદીઓની મિલકત જપ્ત થવાને પાત્ર થશે. આ બધા જુદા જુદા કાયદાઓનું એકંદર પરિણામ એ આવશે કે હિંદીઓએ મિલકતોમાં અને વેપારમાં જે નાણાં રોકયાં છે તેની સલામતીનો પાયો હાલી જશે અને તેમણે અલગ વાડાઓમાં ફરજિયાત જઈને રહેવું પડશે, જ્યાં તેમનાથી વેપાર થઈ શકશે નહીં અને તેમના હાલના ગ્રાહકો સાથે તેઓ કશો સંબંધ રાખી શકશે નહીં. આમાંના સેંકડો તો પાયમાલ થઈ જશે અને વગર વાંકે તેમને જે ખોટ જશે તેને કારણે તેમને આફ્રિકા છોડવું પડશે. આ રીતે પાયમાલ થનારામાં અનેક લોકો એવા હશે જેમણે સત્યાગ્રહીઓ પ્રત્યે સહાનુભૂતિ રાખી હશે અને તેમને પૈસાટકાથી મદદ પણ કરી હશે, તેમ છતાં જરૂર લડતમાં સક્રિય ભાગ લીધો નહીં હોય. પરંતુ જો આ કાયદાઓ લાગુ પાડવામાં આવશે, અને એમ થશે એવું માનવાને પૂરતું કારણ છે, તો મને સહેજ પણ શંકા નથી કે અત્યારે જે લડત બંધ થયેલી માની નિરાંત અનુભવાય છે તેના કરતાં પણ ઘણી વધારે ઉગ્ર લડત શરૂ કરવામાં આવશે; કેમ કે હિંદી કોમને પાયમાલ કરવાના આ પ્રયત્નોનો વિરોધ કરવા માટે એ કોમના તમામ વર્ગોના લોકો કમર કસીને સંગઠિત થાય એવો પૂરેપૂરો સંભવ છે. આજકાલ જે નીતિનો અમલ થઈ રહ્યો છે તે કેવળ પજવણી કરવાની નીતિ નથી; એનો ઉદ્દેશ તો એવો છે કે જે હિંદીઓ કાયદેસર રીતે રહેવાને અધિકારી છે અને તે કારણે જેમને બીજી કોઈ રીતે દેશમાંથી ખસેડી શકાય તેમ નથી, તેમને માટે સ્થિતિ એવી કરી મૂકવી કે તેમને આફ્રિકામાં રહેવું અસહ્ય થઈ પડે, એટલે તેઓને આફ્રિકા છોડવાની ફરજ પડે અને દેખાવ એવો થાય કે જાણે તેઓ પોતાની મેળે દેશ છોડી ગયા છે.

૪. કેપ અને નાતાલની હિંદી કોમોને પણ મોટે ભાગે આ જ વાતો લાગુ પડે છે. કેપના પ્રવાસી ધારાનો ઉપયોગ ત્યાં વસતા હિંદીઓની પહેલેથી જ ઘટી રહેલી સંખ્યાને ઘટાડવા માટે કરવામાં આવ્યો છે. હમણાં હમણાં એવા કિસ્સા બન્યા છે જેમાં ગેરહાજર રહેવા માટે મંજૂર થયેલી મુદત કરતાં બેત્રણ દિવસ વધી ગયાનું બહાનું કાઢીને પ્રાંતમાં લાંબા સમયથી વસતા હિંદીઓને દાખલ કરવામાં આવ્યા નથી; આમાંના કેટલાક તો એવા છે જેમના ધંધારોજગાર હજી પણ એ પ્રાંતમાં મોજૂદ છે. નાતાલના કાયદામાં ડોમિસાઈલની વ્યાખ્યા આપેલી છે, પરંતુ કેપના કાયદામાં એ વ્યાખ્યા અપાયેલી નથી; એટલે એ કાયદાના અમલ અંગે લોકોને હમેશ બહુ હોડમારી વેઠવી પડે છે. વાત એટલે સુધી પહોંચી છે કે, આ બંને પ્રાંતોમાં હિંદી કોમ એવું માનવા લાગી છે કે પ્રવાસી ખાતાનો વહીવટ એમના પ્રત્યે અત્યંત કઠોર અને સહાનુભૂતિ વિનાનો રહ્યો છે, અને એ ખાતાના અધિકારીઓ એવું માનીને ચાલતા જણાય છે કે ત્યાં કાયમ વસવાટ કરી ચૂકેલા હિંદીને કોઈ પણ દેખાવ પૂરતા બહાને ફરીથી પ્રવેશ કરવા ન દેવો એ જ એમનું કર્તવ્ય છે. આ અધિકારીઓ ઘણી વાર અત્યંત આપખુદ રીતે વર્તે છે, એટલું જ નહીં પણ તેઓ અદાલતોના હુકમોનું અપમાન અને ઉલ્લંઘન પણ કરે છે. મંત્રીશ્રી મિ. હારકોર્ટ આ માસની ૧૪મી તારીખના તારો જોશે તો તેમને પોતાને આ વાતની ખાતરી થશે. પરંતુ આ વહીવટનો ભોગ બનેલા દરેક હિંદીમાં એવી ગુંજાશ હોતી નથી કે તે પ્રાંતીય અદાલતનું રક્ષણ શોધી શકે; અને એ વાતમાં સંદેહ નથી કે કેપ અને નાતાલના પ્રવાસી ખાતાના અધિકારીઓની આપખુદ કાર્યપદ્ધતિને લીધે અનેક નિર્દોષ લોકોને માથે મોટી મોટી હાડમારીઓ આવી પડેલી છે. એટલે કેપના હિંદીઓનું એવું સૂચન છે કે એ પ્રાંતના પ્રવાસી ધારાઓમાં જ્યારે ફેરફાર થાય ત્યારે પ્રવાસી અધિકારીઓના ઉપર પ્રવાસી બોર્ડો રચાય એવી જોગવાઈ થવી જોઈએ અને એ બોર્ડોમાં હિંદીઓને અસરકારક પ્રતિનિધિત્વ મળવું જોઈએ.

Gandhi Heritage Portal

૫. પરવાના અંગેના કાયદાઓ હિંદી વેપારીઓ અને ફેરિયાઓ ઉપર ખૂબ જ ભારે મુસીબતો નાંખી રહ્યા છે. કાંડાના પ્રાંતોમાં પરવાના અધિકારીઓએ જુદાં જુદાં વિચિત્ર કારણોસર અને કેટલીક વાર તો કશા જ કારણ વિના હિંદી વેપારીઓને "વાણીવાગીને ઉખાડી નાખવાની" નીતિ અપનાવેલી છે. કેપમાં સેંકડો હિંદી ફેરિયાઓ પાયમાલ થઈ ગયા છે અને એમને કામ અપનારી અનેક હિંદી પેઢીઓને પોતાનો ધંધો બંધ કરવો પડ્યો છે. નાતાલમાં ૧૯૦૯નો સુધારેલો કાયદો હિંદી કોમને ભૂતકાળમાં થયેલા ઘોર અન્યાય કેટલેક અંશે અટકાવવામાં જરૂર મદદરૂપ થયો છે, પરંતુ એનાથી પરવાના અધિકારીઓને પરવાના ધરાવનારાઓ પાસેથી એમની આજીવિકાનું સાધન છીનવી લેવા માટે બીજું બહાનાં શોધવાની અનુકૂળતા પણ મળી છે. જે હિંદી વેપારીએ તેના લેણદારો સાથે અમુક શરતો કરીને પતાવટ કરી હોય, તે પોતાનો વેપાર ચાલુ રાખે તો જ એ શરતોનું પાલન કરી શકે અને લેણદારોને સંતોષ આપી શકે; એમ છતાં એવા વેપારીને પણ પરવાનો આપવાનો ઇનકાર કરવામાં આવ્યો છે. જો આવો વેપારી એમ કહે કે મારે મારો ધંધો બીજે સ્થળે લઈ જવો છે, તો એના પરવાના ઉપર સ્થળાંતર કરવા માટે જે શેરો મારી આપવો જોઈએ તે મારી આપવાની ના પાડવામાં આવે છે. અને જો તે એમ કહે કે મારે ધંધામાં ભાગીદાર લેવો છે, તો પરવાના અધિકારી તેને ભાગીદારી કરવાની મનાઈ ફરમાવે છે. જો તે પોતાનો ધંધો પોતાના પુત્રને સોંપવા માગે તો તેની પણ પરવાનગી આપવામાં આવતી નથી અને એના છોકરાને એ ધંધો વારસામાં ન મળે એ માટે પરવાનાની મુદતને પરવાનો ધરાવનાર વ્યક્તિની હયાતી સુધી જ મર્યાદિત કરવાનો પ્રયત્ન કરવામાં આવે છે. સસ્થાનમાં જન્મેલા હિંદીને નામે સુધ્ધાં પરવાનાનો મોંબદલો કરવાનું લગભગ અશકય બની ગયું છે. આ રીતની ધમકીઓને કારણે સંસ્થાનમાં જન્મેલા હિંદીઓને માટે ઉન્નતિના રસ્તા એક પછી એક બંધ થતા રહે તો આ હિંદી-ઓનું ભાવિ કેવું હશે તે કહેવું ખરેખર મુશ્કેલ છે. કેપ અને નાતાલના હિંદીઓ એવું માને છે કે કાયમ વસનારા હિંદી કોમના લોકોની સંખ્યામાં હવે ભવિષ્યમાં વધારો થવાનો સંભવ નથી, એ જોતાં હિંદીઓના વેપાર પર મૂકવામાં આવેલા આ પ્રતિબંધો સત્વર ઉઠાવી લેવા જોઈએ. પરંતુ એની વિરુદ્ધ મિ. જી. એચ. બુલેટે, તાજેતરમાં જ નાતાલની પ્રાંતીય કાઉન્સિલમાં એક ઠરાવ પસાર કરાવી એવી માગણી કરી છે કે પરવાના સબંધી જે કામકાજ ઉપર અત્યારે કેવળ સંઘ પાર્લમેન્ટ જ કાયદા કરી શકે છે તેને, એ પાર્લમેન્ટને બદલે પ્રાંતીય કાઉન્સિલને સોંપી દેવું જોઈએ. મિ. બુલેટે પોતે જ કબૂલ કર્યા મુજબ આ ઠરાવ પસાર કરાવવાનો હેતુ હિંદી વેપારી કોમને શિક્ષા કરવાનો છે, કેમ કે તેઓ માને છે કે હિંદુસ્તાનની સરકારે ગિરમીટિયા મજૂરો મોકલવાનું બંધ કર્યું તેમાં એ વેપારીઓનો હાથ છે. નાતાલના હિંદીઓએ આવી કોઈ કારવાઈ કરવા સામે દક્ષિણ આફ્રિકા કાયદાની કલમ ૧૪૭ની અસરકારક જોગવાઈઓને આધારે સખત વાંધો ઉઠાવ્યો છે. આ સંબંધમાં નાતાલની હિંદી કાંગ્રેસે ચર્ચા કરી જે ઠરાવ પસાર કર્યો છે તેની એક નકલ, મંત્રીશ્રી હારકોર્ટની વિશેષ માહિતી માટે, હું આ સાથે સામેલ કરું છું.

૬. ગિરમીટમુક્ત હિંદી પુરુષો, સ્ત્રીઓ અને બાળકો ઉપર વાર્ષિક ત્રણ પાઉંડનો કર નાખવામાં આવ્યો છે, તેને કારણે દક્ષિણ આફ્રિકાની સમસ્ત હિંદી કોમમાં ભારે કડવાશ ફેલાઈ છે. ખાસ કરીને સ્ત્રીઓ અને બાળકો ઉપર કર નંખાયો છે તેનાથી આ કોમ છંછેડાઈ છે અને તેની લાગણી દુભાઈ છે. તેઓનું કહેવું એવું છે કે કંઈ નહીં તો સ્ત્રીઓ અને બાળકોને તો આ કરમાંથી મુક્ત રાખી, એવા કરોથી અવશ્ય નીપજનારાં માઠાં પરિણામોથી બચાવી લેવાં જોઈએ. ૧૯૧૦નો સુધારેલો કાયદો થયો, તેનાથી પરિસ્થિતિમાં નામનો જ સુધારો થયો છે. કેટલાક મેજિસ્ટ્રેટો કોઈ કોઈ વાર અમુક વ્યક્તિઓને સંપૂર્ણ મુક્તિ આપે છે, જ્યારે બીજા મર્યાદિત મુદત માટે કામચલાઉ મુક્તિ આપે છે. પરંતુ બીજા મેજિસ્ટ્રેટો વળી એવા છે જે બિલકુલ મુક્તિ આપતા નથી. તેઓ વેરો ચૂકવવા માટે મહેરબાનીની રાહે બહુ થોડા સમયની રાહત આપે છે, અને જો એ મુદતની અંદર વેરો ન ભરાય તો એ કમનસીબ સ્ત્રીઓને સખત મજૂરીની કેદની સજા ફરમાવે છે. આ રીતે બળજબરીથી પૈસા કઢાવવાને લીધે સ્વાભાવિક રીતે જ જે આર્થિક અને સામાજિક દૂષણો પેદા થાય છે એને વિષે વિસ્તારથી વિવેચન કરવાની હું જરૂર જોતો નથી.

૭. મંત્રી મહાશય મિ. હારકોર્ટે દક્ષિણ આફ્રિકાના સંઘ રાજ્યના ગવર્નર જનરલને જે ખરીતા મોકલ્યા હતા તે વાંચીને કેપ અને નાતાલના હિંદીઓને ઘણો સંતોષ થયો હતો. સંસ્થાન મંત્રીએ આ

Gandhi Heritage Portal

ખરીતાઓમાં એ વાત જાહેર કરી હતી કે ટ્રાન્સવાલના ઝઘડાનું જે સમાધાન થાય તેમાં કેપ અને નાતાલના હિંદીઓના અધિકારો અને વિશેષાધિકારો ઓછા નહીં થવા જોઈએ. પરંતુ કમભાગ્યે છેલ્લી બેઠક દરમ્યાન પાર્લમેન્ટમાં જે બિલ રજૂ થયું તેનાથી હિંદીઓનાં હિતો ઉપર બહુ જ બૂરી અસર થાય છે. અને આવતે વર્ષે જે બિલ પાર્લમેન્ટમાં રજૂ થવાનું છે તેમાં પણ બધી જરૂરી સલામતીની કલમો નહીં હોય એવી અત્યંત ગંભીર આશંકા સેવાઈ રહી છે. હિંદીઓનો આગ્રહ એવો છે કે, અત્યારના નાતાલના કાયદામાં જેવી કાનૂનમાન્ય ડોમિસાઈલની સ્પષ્ટ વ્યાખ્યા આપેલી છે તેવી જ વ્યાખ્યા નવા કાયદામાં પણ આપવી જોઈએ; હાલની પરીક્ષાઓ વધારે કડક બનાવવી ન જોઈએ અને હિંદુસ્તાનમાંથી જરૂર પડે ત્યારે મુનીમ અને બીજા વિશ્વાસુ મદદનીશો લાવવાનો હિંદી વેપારીઓને અત્યારે જે હક છે તે કાયમ રહેવો જોઈએ. મને એવી ખાસ સૂચના અને સત્તા આપવામાં આવી છે કે મારે સંસ્થાનમંત્રીને એવી વિનંતી કરવી કે તેમણે આ પ્રાંતોમાં હિંદી રહેવાસીઓ ઉપર ગંભીર હાનિ અને અન્યાય ઠોકી બેસાડાતાં અટકે તે માટે જે કોઈ પ્રવાસી સંબંધી કાયદાની દરખાસ્ત આવે તેની ખૂબ જ કાળજીપૂર્વક ચકાસણી કરવી.

૮. દક્ષિણ આફ્રિકાના હિંદીઓ માટે ફરિયાદ કરવાનાં બે ગંભીર અને સર્વસાધારણ કારણો છે. પહેલું તો એ કે દક્ષિણ આફ્રિકા કાયદાની કલમ ૧૪૭માં દાખલ કરાયેલા સલામતીના હેતુને નિષ્ફળ બનાવવા માટે કાયદા બનાવીને પ્રયાસો થઈ રહ્યા છે. આ કાયદા એના પરિણામથી તો એશિયાઈઓના વિરોધી છે, પરંતુ એમની ભાષા એવી રાખવામાં આવી છે કે જેથી એવું લાગે કે તે સર્વસાધારણ રીતે બધા લોકોને લાગુ પડે છે. બીજું કારણ એ છે કે ખુદ કાયદો કદાચ સ્વીકાર્ય લાગે, પરંતુ તે અનુસાર જે ધારાઓ ઘડવામાં આવે છે તેમાં ઘણી વાર જાતીય ભેદભાવથી ભરેલી અત્યંત વાંધાજનક કલમો દાખલ કરવામાં આવે છે, અને આ ધારાઓ પાર્લમેન્ટની મંજૂરી માટે ભાગ્યે જ રજૂ થતા હોય છે.

૯. મને લાગે છે કે દક્ષિણ આફ્રિકાના હિંદીઓની ફરિયાદો બાબતમાં મેં અગાઉ કહેવાઈ ગયેલી વાતોનું જ મોટે ભાગે પુનરાવર્તન કર્યું છે. પરંતુ સ્વશાસન ભોગવતાં સંસ્થાનોમાં વસતા હિંદીઓ સાથે થઈ રહેલા વર્તાવ વિષે શાહી પરિષદમાં ચર્ચા થવાનો દિવસ નજીક આવી રહ્યો છે, એ જોતાં તથા સંસ્થાન-મંત્રી સાથે પરિસ્થિતિની રૂબરૂ ચર્ચા મારાથી થઈ શકવાની નથી, એ વાતનો ખ્યાલ રાખતાં આ પત્રમાં ઉલ્લેખેલી કોઈ પણ બાબતનું પૂરતું નિરૂપણ ન થાય તેના કરતાં તેનું પુનરાવર્તન થાય એ વધારે સારું એવું મેં માન્યું છે. મંત્રીશ્રી મિ. હારકોર્ટ પાસે અત્યારે જે કંઈ માહિતી છે તેના કરતાં કોઈ વધારે માહિતી મારાથી તેમને આપી શકાય એમ હશે તો તે તેમની સેવામાં રજૂ કરવા હું ઘણી ખુશીથી તૈયાર રહીશ.

હું છું, વગેરે
આપનો અત્યંત આજ્ઞાંકિત સેવક
એચ. એસ. એલ. પોલાક

[મૂળ અંગ્રેજી]
કૉલોનિયલ ઑફિસ રેકર્ડ્ઝ : સી. ઓ. ૫૫૧/૨૨

Gandhi Heritage Portal

પરિશિષ્ટ ૯

પ્રોટેક્ટરનો વાર્ષિક રિપોર્ટ[૧]

ગિરમીટિયા હિંદીના પ્રોટેક્ટરનો ૧૯૧૦ ડિસેમ્બર સુધીનો વાર્ષિક રિપોર્ટ હાલમાં પ્રસિદ્ધ થયો છે. તે ઉપરથી જણાય છે કે ગઈ સાલમાં મદ્રાસ અને કલકત્તાથી ૫,૮૫૮ હિંદીઓને ગિરમીટ માટે લાવવામાં આવ્યા હતા. હિંદથી નાતાલ પહોંચતાં ૬ મરણો રસ્તામાં જ થયાં હતાં. પ્રોટેક્ટર કહે છે કે મરણનો આંકડો સરાસરી આંકડા કરતાં બહુ મોટો છે. કારણમાં જણાવવામાં આવે છે કે કેટલાંક છોકરાંને નબળી હાલતમાં સ્ટીમર પર ચડાવવામાં આવ્યાં હતાં. ને તેમને તે પ્રમાણે ન ચડાવવામાં આવ્યાં હોત તો મન્નૂરોની એક સારી સંખ્યા આવતી અટકી પડત. સૌથી વધુ મરણો અમલોટીની દક્ષી મુસાફરીમાં થયાં હતાં. એ માણસોમાં બંદર પર ઊતર્યા પછી પણ કેટલાંક મરણ થયાં હતાં. જેમાંનાં ૮ મરણ સ્પોટેડ ફીવર[મેનિન્જાઇટિસ]થી થયાં હતાં.[૨]

વસ્તીનો આંકડો

૧૯૦૯ના ડિસેમ્બરની આખરે નાતાલની હિંદી વસ્તી અડસટ્ટે ૧,૦૩,૮૩૯ની હતી; ત્યારે ૧૯૧૦ના ડિસેમ્બરમાં તે ૧,૦૮,૬૯૪ની હતી.

૪,૨૯૯ જન્મ નોંધાયા હતા, જે ગઈ સાલના આંકડા કરતાં ૬૪૦નો વધારો બતાવે છે. મરણનો આંકડો ૧૯૫૫નો છે, જેમાંનાં ૨૪૯ ઝાડા, મરડા વગેરે આંતરડાંનાં દર્દોથી, ૧૪ સ્પોટેડ ફીવરથી, ૧૮૯ ક્ષયથી, ૬૨ અમુક પ્રકારના ટ્યુબરકુલોસિસથી, ૧૩૩ કંઠમાળથી, ૨૮૩ ન્યુમોનિયાથી, ૫૫ અકસ્માતથી, ૭૦ બળી જવાથી અથવા દાઝવાથી થયેલી ઈજાથી અને ૨૪ આપઘાતથી થયાં હતાં.

ગિરમીટિયા હિંદીમાં મરણનું પ્રમાણ સૈકડે ૧૩.૭૨ લેખે હતું. જે ગઈ સાલ સાથે સરખાવતાં ૦.૬૨ અથવા લગભગ એક ટકાનો વધારો બતાવે છે. છૂટા હિંદીમાં મરણ પ્રમાણ સૈકડે ૨૨.૧૫ લેખે હતું, તે ગઈ સાલના આંકડા કરતાં લગભગ ૨॥ ટકા વધારે છે. (આ છેલ્લા આંકડામાં છૂટા હિંદીનાં છોકરાંની સાથે ગિરમીટિયા હિંદીનાં છોકરાંનો આંકડો પણ સમાવવામાં આવ્યો છે.)

૧. અહીં રિપોર્ટ ગુજરાતી ઇન્ડિયન ઓપીનિયનમાંથી વિગતે લેવામાં આવ્યો છે. અંગ્રેજી પુસ્તકમાં માત્ર સાર જ લેવાયો છે.

૨. ૧૯૧૦ના સપ્ટેમ્બરમાં ડરબન પહોંચેલા અમલોટી જહાજ ઉપર હિંદી ગિરમીટિયા મન્નૂરોની એક ટુકડીમાં (ખાસ કરીને લીજ હુલેટની જગીર માટેની ટુકડીમાં) સ્પોટેડ ફીવરને કારણે કેટલાંક મરણ થયાંના ખબર ફેલાયા હતા. એ બાબતમાં કોઈ પણ જાતના સરકારી અહેવાલ મળતા નહીં હોવાથી ઇન્ડિયન ઓપીનિયને ૨૨મી સપ્ટેમ્બરે, હિંદી ગિરમીટિયા મન્નૂરોના પ્રોટેક્ટર પૉલિંગહૉર્નને સાચી હકીકત જણાવવા લખ્યું. પ્રોટેક્ટરે પોતાના ૨૪મી સપ્ટેમ્બરના જવાબમાં સ્વીકાર્યું કે થોડાંક મરણ થયાં હતાં પણ ખાતરી આપી કે ગભરાટ માટે કોઈ કારણ નહોતું. ઇન્ડિયન ઓપીનિયનના તંત્રીએ એ રોગથી મૃત્યુ પામેલા, રોગના ચેપવાળા અને એને કારણે રોકવામાં આવેલાઓનો આંકડો જાણવા ફરી લખ્યું. એના જવાબમાં પ્રોટેક્ટરે નાતાલ મર્ક્યુરીમાં આવેલા સમાચારનો હવાલો આપ્યો. ઑક્ટોબર ૧લીના ઇન્ડિયન ઓપીનિયનમાં આ જવાબની કડક ટીકા કરવામાં આવી. એટલે પ્રોટેક્ટરે વધુ માહિતી આપવાની ના પાડી દીધી. નાતાલ ઇન્ડિયન કૉંગ્રેસે ઑક્ટોબરની ૨૬મીએ આ બાબતની માહિતી માગી. પૉલિંગહૉર્ને ઇન્ડિયન ઓપીનિયનમાં પ્રગટ કરવામાં ન આવે એ શરતે માહિતી પૂરી પાડવાની તૈયારી બતાવી. નાતાલ ઇન્ડિયન કૉંગ્રેસે પોતાના ૩૧મી ઑક્ટોબરના જવાબમાં જણાવ્યું કે, એ એક જાહેર સવાલ હોઈ એ માહિતી અવશ્ય પ્રેસને આપવામાં આવશે; તેમ જ ઇન્ડિયન ઓપીનિયનને સ્થાનિક છાપાંઓમાંથી એ માહિતી પ્રગટ કરતાં અટકાવી શકાય નહીં. જુઓ પુસ્તક ૧૦, પા. ૪૦૨ તથા ઇન્ડિયન ઓપીનિયન, ૧-૧૦-૧૯૧૦, ૧૫-૧૦-૧૯૧૦ અને ૧૯-૧૧-૧૯૧૦.

Gandhi Heritage Portal

તંદુરસ્તી

૧૯૦૯ની સાલમાં હવાપાણીની જે સારી સ્થિતિ હતી તેથી ૧૯૧૦ના ડિસેમ્બર સુધીના પાંચ મહિના સુધી મરણપ્રમાણ ઓછું આવેલું. પણ ત્યાર પછી સ્થિતિ બદલી અને મરણપ્રમાણ બાકીના સાત મહિનામાં વધી ગયું.

ગિરમીટિયા મરદોમાં મરણપ્રમાણનો ૧૦૩નો ઘટાડો થયો હતો, ત્યારે પુખ્ત ઉંમરનાં બધાં માણસોમાં ગઈ સાલ જેટલું જ પ્રમાણ આવે છે. છતાં કુલ સંખ્યા વધારો બતાવે છે, જેથી બાળકોમાં મરણો વધારે થયાં છે એ અનુમાન દેખીતું છે.

ગિરમીટિયાનાં છોકરાંમાં મરણપ્રમાણ ૧૯૦૯માં ૬૫૬ લેખે હતું, જે બહુ જ ઓછું હતું. તે આ સાલ વધીને ૨૩૩૩ ટકા પર ગયું છે. આના ખુલાસામાં જણાવવામાં આવે છે કે દેશથી આવ્યા પછી તુરત ૩૨ છોકરાંનાં મરણ થયાં હતાં, જ્યારે આગલી સાલ તે આંકડો માત્ર ૧૧નો હતો; તેમ જ મોટી સંખ્યામાં ગિરમીટિયા રાખનારાઓને ત્યાં છોકરાંઓના મરણનો આંકડો ૩૨૧ પર પહોંચ્યો હતો, જે ગઈ સાલ ૨૧૩નો હતો.

ગઈ સાલના રિપોર્ટમાં જણાવવામાં આવ્યું હતું કે છોકરાંઓમાં થતાં મરણો ઓછાં થવાના ઉપાય લેવાની બાબત પર વિચાર કરવામાં આવે છે. તે બાદ એ સંબંધમાં ગર્ભવાળી સ્થિતિની તથા તે પછીની સ્થિતિની ઓરતોની સંભાળ માટે કેટલાક ધારાઓ પ્રસિદ્ધ થયા છે.

ગિરમીટમાં

વરસની શરૂઆતમાં ૨૩,૯૦૮ માણસો ગિરમીટમાં હતાં, ત્યારે વરસની આખરે ૨૪,૮૮૦ હતાં, જે ૯૭૨નો વધારો બતાવે છે.

[મૂળ ગુજરાતી]

ઇન્ડિયન ઓપીનિયન, ૨–૧૨–૧૯૧૧

મન્નૂરો સંબંધી સ્થિતિ વર્ણવતાં પ્રોટેક્ટર લખે છે કે આંકડાઓ મળી શકેલ નથી, પણ ખાસ કરીને પીલવાને વખતે શેરડીના ખેડૂતોને નેટિવ મન્નૂરોની મદદ મળી આવે છે. આ સાલ કોઈ પણ સાલ કરતાં શેરડીનો પાક વધારે ઊતર્યો હતો.

મન્નૂરોના દરમાયા ચડતા ક્રમ છે એવાં ચિહ્નો સ્પષ્ટ રીતે માલૂમ પડી આવે છે. વરસની આખરે ફરીથી ગિરમીટમાં જોડાનારા ઘણાનો માસિક શિ. ૨૫ લેખે દરમાયો ઠરાવાયો છે.

૧૯૧૨ની આખર સુધીમાં માણસો જોઈએ તેમણે અગાઉથી અરજી કરવી એવી નોટિસો ટ્રસ્ટ બોર્ડે ફેરવતાં ૧૫,૧૧૪ માણસ માટે માગણીઓ આવી હતી.

નાતાલને ગિરમીટિયા મન્નૂર નહીં આપવામાં આવે એવા હિંદી સરકારના ઠરાવથી મન્નૂરો પર આધાર રાખનારાઓમાં આશ્ચર્ય સાથે ખેદની લાગણી ઉત્પન્ન થઈ છે, અને મન્નૂરી સંબંધી સ્થિતિ ગંભીર થઈ પડશે એમાં શક નથી. જોકે એ ઠરાવનાં ફળ હમણાં તો જણાતાં નથી, છતાં મન્નૂરીના સવાલનો કેમ નિવેડો આણવો એ વિષે કોઈ માર્ગ સૂઝતો નથી. હિંદી સરકારનો ઠરાવ કટોકટીને વખતે થયો છે, કેમ કે જૂન ૧૯૧૧ સુધીની જે મુદત મળી હતી તે દરમ્યાન લોકો બહોળા પાકને લીધે ગિરમીટમાં આવવા તૈયાર નહોતા.

૧૯૧૧ની સાલમાં ૧૦,૦૦૦ માણસોની ગિરમીટ પૂરી થવાની છે. તે વખતે ખેડૂતોની દશા કેવી થશે તેનો આધાર ફરીથી ગિરમીટમાં જોડાનારની સંખ્યા ઉપર રહેશે.

હિંદીઓને અહીં જેટલે દરજ્જે ખબર પડશે કે દેશથી મન્નૂરો આવતા બંધ થયા છે તેટલે દરજ્જે મન્નૂરીના દરો વધી જશે. ૧૯૦૯માં ૪૫૫૫ ટકા ગિરમીટમાં જોડાયા હતા. ૧૯૧૦માં ૫૫૯૬ ટકા ગિરમીટમાં જોડાયા હતા. ૧૯૧૧માં આ આંકડો વધીને ૬૫ ટકા પર જાય એવું ધારવામાં આવે છે.

Gandhi Heritage Portal

તેમ થાય તો કુલ ગિરમીટિયાનો આંકડો છેલ્લાં બે વરસમાં જેટલો હતો તેટલો રહેશે. આ સાલમાં ગિરમીટમાંથી છૂટતાં જ ફરીથી ગિરમીટમાં જોડાનારાની ૫૫·૯૬ ટકાની સંખ્યા ઉપરાંત ૧,૦૭૮ માણસો જેઓ ગિરમીટમાં છૂટ્યા પછી સ્વતંત્ર રીતે રહેતા હતા તેઓ પણ ફરીથી ગિરમીટમાં જોડાયા હતા.

આગલી સાલમાં હિંદુસ્તાનમાં પાછા જનારાની સંખ્યા ૨૬·૬૨ ટકાની હતી તે ઘટીને આ સાલમાં ૨૪·૨૫ ટકાની થઈ છે. ફરીથી ગિરમીટમાં જોડાનારા ૫,૨૧૬ માણસો પોતે જાતે પસંદ કરેલ શેઠને ત્યાં રહ્યા હતા.

[મૂળ ગુજરાતી]

ઇન્ડિયન ઓપીનિયન, ૯–૧૨–૧૯૧૧

પ્રોટેક્ટર જણાવે છે કે મજૂરો અને માલિકો વચ્ચેનો સંબંધ સુધરતો ચાલ્યો છે. ગેરહાજરી, હુકમનો અનાદર વગેરેના કેસો આગલી સાલમાં ૯૬૧ થયા હતા તે ઘટીને આ સાલ ૭૬૯ થયા છે. વળી ગંભીર હુમલાનો કેસ મારી જાણમાં એક જ આવ્યો છે. કુલ સજાઓ ૨૯ દાખલામાં થઈ હતી, જ્યારે આગલી સાલ તે આંકડો ૬૮ નો હતો. એ ગંભીર હુમલાના દાખલામાં ખાણમાં કામ કરતા મજૂર પર ગોરાએ હુમલો કર્યો હતો, જે માટે તેનો પા. ૧૦ નો દંડ થયો હતો. ખાણના કારોબારી ખાતાએ એ બાબત પર બરાબર ધ્યાન આપેલ હોવાથી ફરીથી તેવો ગુનો થશે એવી બીક મને લાગતી નથી. તે જ ઠેકાણે કામ કરવા તે હિંદી ખુશી ન હોત તો તેને બીજે ઠેકાણે ગોઠવવામાં આવત.

બે દાખલામાં માલિકોને તેમના તાબાની ઔરત મજૂરો પર હુમલા કરવાને પા. ૬ ને પા. ૫ના દંડ થયા હતા. બેમાંથી એકે હુમલો ગંભીર નહોતો, પણ ઔરતો પર તે થયેલ હોવાના કારણસર મેજિસ્ટ્રેટે આકરી સજા કરેલ હોવી જોઈએ. બેમાંથી એકે ઔરતે માલિક બદલવાની ઇચ્છા બતાવી નહોતી.

હુમલાના એકે દાખલામાં ગિરમીટ બંધ પાડવાનો હુકમ કરવાની મને જરૂર પડી નહોતી તેમ જ મજૂરો સારી રીતે કામ ન કરતા હોય એ કારણસર પણ ગિરમીટ તોડી નાખવાનો હુકમ કરવાની મને ભાગ્યે જ જરૂર પડી છે.

માલિકો સાધારણ રીતે હાલ તેમના મજૂરોની બાબતમાં વધારે કાળજી રાખે છે, અને મજૂરોની તરફ ખરાબ રીતે વર્તનારા સરદારો અને દેખરેખ રાખનારાઓને કાઢી મૂકવા તૈયાર હોય છે. અગાઉ તેઓ સરદારોની વર્તણૂક પર ઢાંકપછેડો કરવા કોશિશ કરતા તેમ હવે ઓછું બને છે.

છતાં એક બાબતનો તો હજુ નિવેડો થયો નથી. આ બાબત તે કાયદામાં ઠરાવેલ કલાકો કરતાં વધારે કામ લેવાને લગતી છે. મારા અગાઉના રિપોર્ટમાંયે (પ્રોટેક્ટર કહે છે) આ બાબત પર ઇશારો કરવો પડેલ હતો.

છતાં આ બાબતમાં પણ હું વગર અચકાયે કહું છું કે આગલી સાલો કરતાં વધારે સારી સ્થિતિ થવા લાગી છે. કૉન્ટ્રેક્ટથી કામ આપ્યું હોય તે સિવાયના દાખલામાં વધારાના વખતમાં કામ લેવા માટે આજકાલ વધારાના પૈસા આપવામાં આવે છે.

શેરડીની ખેતીમાં વધુ પડતું કામ લેવાય છે એનું કારણ કે કેટલા કામને દિવસનું રીતસરનું કામ ગણવું, એ નક્કી કરવાનું મુશ્કેલ છે. મારા અગાઉના રિપોર્ટમાં ઇશારો કર્યા પ્રમાણે ધમોલાના કારોબારીઓએ એ કામમાં વધુ માણસોનો ઉમેરો કર્યો છે, અને તેથી રાત્રે કામ કરવાની સ્થિતિમાં રાહત મળતી હોવી જોઈએ.

[મૂળ ગુજરાતી]

ઇન્ડિયન ઓપીનિયન, ૧૬–૧૨–૧૯૧૧

હિંદુસ્તાનથી ગિરમીટમાં આવનારાઓમાં મોટી સંખ્યા એક વાર નાતાલ આવી ગયેલા હોય એવા લોકની હોય છે. તેઓ પોતાની સાથે પોતાનાં સગાંસંબંધીઓને પણ લાવે છે. એ ઉપરથી દેખાય છે કે તેમને ગિરમીટની મુદત દરમિયાન સારી રીતે રાખવામાં આવેલ હોવા જોઈએ. નહીં તો અત્રે તેઓ

Gandhi Heritage Portal

આવત નહીં, તેમ પોતાના સંબંધીઓને પણ લાવત નહીં. આ સંબંધમાં તા. ૨૧મી સપ્ટેમ્બરે મેં (પ્રોટેક્ટરે) સરકારને લખ્યું હતું કે "ગિરમીટના વિરોધીઓ જણાવે છે કે મજૂરોને નાતાલમાં સારી રીતે રાખવામાં આવતા નથી. આ વિરોધીઓએ જાણવું જોઈએ કે હકીકત તેમના વિરુદ્ધ જાય છે. કેમ કે છેલ્લી સ્ટીમરમાં આવેલામાં ૧૬૬ માણસો એવા હતા કે જેઓ એક વખત ગિરમીટમાં આવેલા હોય એનાં સગાંવહાલાં હતાં."

ઉપરનું લખ્યા પછી ફરીથી આવનારાની સંખ્યામાં ઓર વધારો થયેલ જણાયો છે. કેમ કે ૧૯૧૦ના ડિસેમ્બરમાં મદ્રાસથી આવેલી સ્ટીમરમાં કુલ ૨૧૮ માણસો હતાં, જેમાંથી ૧૪૯ માણસો ફરીથી આવેલાંનાં સગાં હતાં.

આગળ ચાલતાં પ્રોટેક્ટર જણાવે છે કે આ ખાતા સંબંધમાં એક ઇન્સ્પેક્ટરની નિમણૂક કરવામાં આવી છે, જે બહુ ઉપયોગી થઈ પડેલ છે. જે ફરિયાદો મારી પાસે આવે છે તેમાં તુરતોતુરત ઇન્સ્પેક્ટર જાતે તપાસ કરે છે. તેમ જ ડેપ્યુટી પ્રોટેક્ટર પોતાનો બધો વખત બહારગામ ખાતેના હિંદીઓની સ્થિતિ સુધારવાના કામમાં ગાળે છે.

ડેપ્યુટી પ્રોટેક્ટર જણાવે છે કે ગિરમીટમાંથી છૂટ્યા પછી કેટલોક વખત છૂટા રહીને હાલ ગિરમીટમાં જોડાતા હોય એવા માણસોની સંખ્યા ખાણો પર અને સાધારણ રીતે દરેક ઠેકાણે વિશેષ જોવામાં આવે છે. હિંદીઓ અને માલિકો વચ્ચેના થોડાએક કૉન્ટ્રાક્ટ બંને પક્ષની સમજૂતીથી રદ કરવામાં આવ્યા છે.

ફરીથી ગિરમીટમાં જોડાનારા મરદોને શિ. ૨૦થી ૩૦ સુધીના દરમાયા અપાય છે. શિ. ૨૦ કરતાં વધારે અપાય છે તે અગાઉના અનુભવ અને કામની આવડતના પ્રમાણમાં હોય છે.

પા. ઉના કરમાંથી કેટલીક લાયક ઓરતોને મુક્ત કરવામાં આવી છે; વળી મને જણાવવામાં આવે છે કે સાધારણ રીતે ઓરતો પર એ કર ભરવા માટે દબાણ કરવામાં આવતું નથી.

અમુક માલિકો પર ગિરમીટિયાને ખરાબ રીતે રાખવા માટે કામ ચલાવવામાં આવેલ છે, છતાં એકંદર રીતે માલિકો અને મજૂરો વચ્ચેનો સંબંધ સારો હતો. ઘણા હિંદીઓ ફરીથી ગિરમીટમાં જોડાતાં પોતાના આગલા માલિકને ત્યાં જવાનું પસંદ કરે છે.

[મૂળ ગુજરાતી]

ઇન્ડિયન ઓપોનિયન, ૨૩-૧૨-૧૯૧૧

ડેપ્યુટી પ્રોટેક્ટર આગળ ચાલતાં જણાવે છે કે સાધારણ રીતે માલિકો પોતાના મજૂરોને નાના ગુનાઓ માટે કોર્ટમાં લઈ જવા આતુર હોતા નથી. કોર્ટમાં હાથ લેવાયેલા ઘણા કેસો, હિંદીઓમાં માંહોમાંહે તકરાર થવાથી કામ છોડીને ચાલ્યા જવાના પરિણામે ઊભા થયેલા હોય છે.

હિંદીઓમાં જુગાર રમવાની રીત બહુ વધતી જાય છે.

હિંદીઓ પોતાના બચત પૈસા પોતાની પાસે રાખે અથવા બીજાને ઉછીના આપે તે કરતાં સરકારી સેવિંગ બૅંકમાં મૂકે એટલા માટે તેમને સમજાવવા કોશિશ કરી છે. પરિણામે કેટલાક પાસે ગિરમીટની મુદત પૂરી થતી વખતે સારી રકમ બચેલી હતી. કેટલાંક બીજાં ગિરમીટિયા હિંદીને અને જોડિયાને પૈસા ઉછીના આપે છે તે પાછા મેળવવાનું મુશ્કેલ પડે છે.

સાધારણ રીતે માલિકો, સારી ચાલના અને કામ ન છોડતા હોય એવા હિંદીઓને અમુક દિવસ કામ પરથી છૂટી આપે છે. કેટલાક માલિકો વરસમાં ત્રણ કે ચાર દિવસની છૂટી આપે છે. કેટલાક એક-બે અઠવાડિયાંની છૂટી આપે છે. અમુક વૉટલની[1] ખેતી કરનારાઓ સાધારણ વાર્ષિક તહેવારો ઉપરાંત મહિનામાં એક દિવસ હિંદીઓને કામ પરથી છોડી મૂકે છે.

૧. ઘાસ જેવી વનસ્પતિ જે છાપરું છાજવામાં ઉપયોગી થાય છે.

Gandhi Heritage Portal

ઘણા ગિરમીટિયા પોતાના નવરાશના વખતમાં જમીનના મોટા ટુકડાઓમાં ખેતી કરી શક્યા છે. કેટલાકે મકાઈ, આલુ, ફલી અને બીજાં શાકભાજી વાવેલ, અને કેટલાક પોતાની ખેતીની પેદાશમાંથી વેચાણ કરવા પણ શક્તિવાન થયેલ.

થોડાંએક ખેતરો ઉપર ગિરમીટિયાને રહેવાનાં મકાનો મને આબીવાળાં માલૂમ પડ્યાં હતાં. માલિકોએ તે સુધારવાનું પોતાને માથે લીધું છે. રેલવેખાતું પોતાના માણસોને જે ઈંટનાં મકાન પૂરાં પાડે છે, તે મકાનોની સંખ્યા તે વધારવા લાગ્યું છે. ધીમે ધીમે તે ટિન અને લાકડાંનાં મકાનો કાઢી નાખવા ધારે છે.

જે જે અકસ્માતો થયેલા તેની અંદર તપાસ કરવામાં આવેલ હતી.

ગિરમીટિયાને રાખવાની રીત સંબંધમાં આ વરસની અંદર ત્રણ વખત ધારાઓ વગેરે ઘડવામાં આવેલ છે.

અમુક ધમોલાઓ પર દવા આપનારા કંપાઉંડરો રાખવાને નીચેના ધારા થયા છે: (૧) ૧૫૦ અથવા ૧૫૦થી વધારે પુખ્ત ઉંમરના મરદોને કામે રાખનાર માલિકોએ, ટ્રસ્ટ બોર્ડ ફરમાવે ત્યારે પોતાના માણસોનાં મકાનો અને તંદુરસ્તી સંબંધી દેખરેખ માટે એક કંપાઉંડર અને સુઘરાઈની તપાસ કરનાર અમલદાર રાખવો. (૨) આવી નોટિસ મળ્યા પછી ત્રણ મહિનાની અંદર જો કંપાઉંડર નહીં રાખવામાં આવે તો દર મહિનાના પા. ૨ જેટલો તેનો દંડ થઈ શકશે.

[મૂળ ગુજરાતી]

ઇન્ડિયન ઓપીનિયન, ૩૦–૧૨–૧૯૧૧

ગર્ભવાળી ઓરતોના પોષણ સંબંધમાં નીચેના ધારાઓ મે મહિનામાં પાસ થયા હતા.

(૧) ૭ માસનો ગર્ભ થયો હોય એવી તથા જેનું બાળક ત્રણ માસનું ન થયું હોય એવી ઓરત પાસેથી કોઈ પણ માલિકે કામ લેવું નહીં.

(૨) કોઈ ઓરત ગર્ભના ૭ માસ પહેલાં કામ કરવા શક્તિમાન ન હોય તેને તેવી મતલબનું સર્ટિફિકેટ માલિકે રાખેલ ડૉક્ટરી અમલદાર તરફથી મળતાં કામમાંથી મુક્ત કરવી જોઈએ.

(૩) આવી રજા દરમ્યાન માફી મેળવનાર ઓરતને ગિરમીટની શરત મુજબની ખોરાકી મળ્યા કરે.

(૪) ૨૦થી વધારે મરદ મજૂરો રાખનાર દરેક ગિરમીટિયાના માલિકે તેના તાબાની બધી ઓરતોને છોકરાં સાથે મહિને મહિને ડૉક્ટરી અમલદારની તપાસ માટે હાજર કરાવવી.

(૫) જે માલિક આ ધારાઓનો ભંગ કરે તેનો પા. ૨નો દંડ કરી શકાય વગેરે.

જુલાઈ મહિનામાં બચ્ચાંઓના રક્ષણ સંબંધમાં નીચેના ધારાઓ બહાર પડ્યા હતા.

(૧) ગિરમીટિયા રાખનાર દરેક માલિકે પોતાના તાબામાં કામ કરનારી ઓરતોનાં છોકરાં માટે સંતોષકારક આશરા બાંધવા.

(૨) તે ધારાનો ભંગ કરનારનો પા. ૨ જેટલો દંડ થઈ શકે.

રિપોર્ટ તળેની સાલમાં ૩,૧૯૯ હિંદીઓ હિંદુસ્તાન ગયા હતા. તેમાંના ૨૪૬ને "કામ કરવા નાલાયક" ગણવામાં આવેલ. આવા અશક્તના કુટુંબ તરીકે ૧૦ માણસો હતાં. ઊપડતી વખતે દરેક પુખ્ત ઉંમરના માણસની સરાસરી આવક પા. ૧૨–૧૦–૬ જેટલી હતી. સરાસરી સરકારી આવકનો કોઠો અગાઉનાં વરસો સાથે સરખાવતાં નીચે મુજબ જોવામાં આવે છે:

	પા.	શિ.	પે.
૧૯૦૪	૧૭–	૭–	૬
૧૯૦૫	૧૧–	૧૬–	૦
૧૯૦૬	૧૪–	૨–	૧૦

Gandhi Heritage Portal

૧૯૦૭	૮– ૫– ૨
૧૯૦૮	૮–૧૦–૧૦
૧૯૦૯	૮–૧૨– ૮
૧૯૧૦	૧૨–૧૦– ૬

ગિરમીટની મુદત પૂરી થયા પહેલાં પાછા મોકલી દેવાયા હોય તેવા, તથા કામ કરવા નાલાયક ગણાયેલ હોય તેવા, અને તેમના કુટુંબને બાદ કરીએ તો સરાસરી આવક નીચે મુજબ છે :

	પા. શિ. પે.
૧૯૦૮	૧૦– ૪–૧૦
૧૯૦૯	૯–૧૭– ૭
૧૯૧૦	૧૪–૧૦– ૪

૧૯૦૯ની સાલ કરતાં ૧૯૧૦માં વધારે સારી આવક હતી. તે બતાવે છે કે (ડેપ્યુટી પ્રોટેક્ટર કહે છે) કૉલોનીમાં તેમની રહેણી સંબંધી સ્થિતિ પણ વધારે સારી હતી. વળી વધારે સારી આવકનું કારણ એ છે કે પાછા જનારામાંના કેટલાકે એક કરતાં વધારે ગિરમીટ ભરી હતી.

પાછા ફરનારા હિંદીઓએ કોઈ તરેહની ફરિયાદ કરી નહોતી. તેમને લઈ જનારી સ્ટીમરો ઊપડતી વખતે ડેપ્યુટી પ્રોટેક્ટરે જાતે જઈ તપાસ કરી હતી, અને કાંઈ ફરિયાદ હોય તો જણાવવા કહ્યું હતું, પણ કોઈએ કાંઈ ફરિયાદ કરી નહોતી.

એક કે વધારે ગિરમીટની મુદત પૂરી કરીને જનારાઓ શરીરે તંદુરસ્ત અને મજબૂત હતા.

[મૂળ ગુજરાતી]
ઇન્ડિયન ઓપીનિયન, ૬–૧–૧૯૧૨

કૉલોનીમાં સામાન્ય રીતે વેપાર-રોજગારની સ્થિતિ વધારે સારી થઈ છે તેની અસર ગિરમીટિયાની સ્થિતિ સંબંધમાં પણ થઈ છે. કેમ કે તેઓ કેટલીક રીતે વધારે સારા દરમાયા મેળવી શકયા છે.

પા. ૩ના કરમાંથી માફી આપવાના પાસ ૪૮૫ ઔરતોને આપવામાં આવ્યા હતા, જેમાંના ૩૮૧ એક જ માજિસ્ટ્રેટે આપ્યા હતા. એ જ કાયદાની રૂએ ૩૦૯ માણસ અને ૨૬ ઔરતો ફરીથી ગિરમીટમાં દાખલ થઈને પા. ૩ના કરમાંથી મુક્ત થયાં છે. પા. ૩ના કરમાંથી માફી મળવાની શરતો સંબંધી નોટિસો છપાવી માજિસ્ટ્રેટો મારફત આખા કૉલોનીમાં ફેલાવવામાં આવી હતી.

ગવર્નમેન્ટ સેવિંગ્સ બૅંકનો આશરો લઈ પોતાની કમાણી બચાવવા શક્તિમાન ન હોય એવા હિંદીઓને પોતાની કમાણી બીજી રીતે રોકવા માટે કેટલાક માલિકોએ સગવડ કરી આપી છે. ગઈ સાલ સેવિંગ્સ બૅંકમાં નાણાં મૂકનારાની સંખ્યામાં અને પૈસાની રકમમાં ૨૫૫, અને પા. ૪,૪૦૭–૧૮–૬નો અનુક્રમે વધારો થયો હતો, ત્યારે આ સાલ ૩૧૬ નાણું મૂકનારાઓ, અને પા. ૯,૯૭૬–૦–૬ની રકમનો વધારો થયો છે,' જે ઘણી સંતોષકારક વાત છે.

ગિરમીટમાંથી છૂટયા પછી છૂટા રહેતા હિંદીઓ તદ્દન સ્વતંત્ર રીતે રહે છે અને તેથી તેમને પ્રોટેક્ટરની સલાહ લેવાનો વખત આવતો નથી. કેટલાંક જન્મમરણ નોંધાવે છે, તેમ જ શાદી નોંધાવવા મારી ઑફિસે આવે છે. પણ આ બાબતની જરૂર નથી, કેમ કે માજિસ્ટ્રેટો હંમેશાં મદદ કરવા ખુશી હોય છે, અને તેથી પ્રોટેક્ટરની ઑફિસે આવવાનો ખરચ બચે છે.

એવી ગણતરી થઈ છે કે ૧૯૧૦ની આખરે ૩,૪૩૮ માણસ અને ૨,૬૯૩ ઔરતે તેમના પર ચડેલો કર ભરેલો નહોતો.

[મૂળ ગુજરાતી]
ઇન્ડિયન ઓપીનિયન, ૧૩–૧–૧૯૧૨

Gandhi Heritage Portal

પરિશિષ્ટ ૧૦

કૉર્ડિસનો ગાંધીજી ઉપર પત્ર

[અડયાર,
નવેમ્બર ૧૨, ૧૯૧૧]

મારા વહાલા ગાંધી,

ટ્રસ્ટડીડ મોકલું છું. તેના ઉપર સહી-સાક્ષી બરાબર થઈ ગયાં છે.

હું ૧૬મી ડિસેમ્બરે કલકત્તા થઈને જનાર છું. એટલે મેં નટેસનને લખીને પુછાવ્યું છે કે પ્રાચીન આર્યાવર્તની ભૂમિ પર આપની સાથે હસ્તધૂનન કરવાનો અવસર મને મળી શકશે કે કેમ? હું આશા રાખું છું કે આપણી મુલાકાતથી મને પોતાને જેટલો આનંદ થશે તેટલો જ આપને પણ થશે. આપણે તો પરમ મિત્રો છીએ. અને જો મારા મનની વાત આપને જણાવું તો મારે કહેવું જોઈએ કે બાહ્ય સદ્‌ગુણો બાબતમાં હજી સુધી મને આપના જેવા માણસ જોવા મળ્યા નથી. હું જાણું છું કે બાળક કૃષ્ણજી[1] આપની બરોબરી કરે એવો છે. વળી મીઠાશની બાબતમાં તો એ આપને કયારનોય ટપી ગયો છે; પરંતુ હું તો મોટેરાંની વાત કરતો હતો. આપ તો અધ્યાત્મ યોગના ઉપાસક છો; અને હાલમાં જેઓને ઓળખવાનું અને ચાહવાનું સદ્‌ભાગ્ય મને મળેલું છે તેઓ અગમ્યવાદીઓ છે; તેઓ [ચમત્કારો] જુએ છે અને તેના વિના તેમને ચેન પડતું નથી. મારો ભાઈ ડૉ. . . .[2] આપની માફક જ સાચો અધ્યાત્મવાદી છે; તેને આકાશી મૂર્તિઓનાં દર્શન વગેરે ચીજો પસંદ નથી. તે આપના જેવા જ ઉદાર દિલનો હોત તો કેવું સારું? હવે તો આપ પાછા ફરો અને આ પત્ર જુઓ તે પહેલાં જ આપણે કલકત્તામાં મળીશું. જો એમ ન બને તો માની લેજો કે આ પત્ર દ્વારા આપણે એકબીજાને ભ્રાતૃભાવે ભેટી રહ્યા છીએ. આપ ઉંમર લાયક કૅલનબૅકના સાંનિધ્યમાં ફ્રિનિકસ ખાતે નાતાલની મોજ માણી શકો, એવી શુભેચ્છા સાથે.

આપનો સ્નેહાધીન
જૉન એચ. કૉર્ડિસ

[તા.ક.]

ચિ. મણિલાલ, રામદાસ અને દેવદાસ, મગનલાલ અને બીજા ભાઈઓ, શ્રીમતી ગાંધી, બીજી બહેનો તથા બાળકો સૌને મારા નમસ્કાર કહેજો.

[મૂળ અંગ્રેજી]

મૂળ પત્રની છબી ઉપરથી: એસ. એન. ૫૫૯૨

૧. અભિપ્રાય જો. કૃષ્ણમૂર્તિ વિષે હોવો જોઈએ.
૨. અહીંયાં બે શબ્દો ઊકલતા નથી.

Gandhi Heritage Portal

પરિશિષ્ટ ૧૧

સંસ્થાનોમાં વસતા હિંદીઓ વિષે સામ્રાજ્ય પરિષદમાં લૉર્ડ ક્રૂએ આપેલું ભાષણ

લંડન,
જૂન ૧૯, ૧૯૧૧

ક

સામ્રાજ્ય પરિષદ લંડનમાં ૧૯મી જૂન, ૧૯૧૧ને રોજ મળી હતી. તેના અધ્યક્ષપદે સંસ્થાનો માટેના મંત્રી પરમ માનનીય એલ. હારકોર્ટ હતા. દક્ષિણ આફ્રિકાના સંઘ તરફથી જનરલ એલ. બોથા (સંઘના વડા પ્રધાન), એફ. એસ. મલાન (કેળવણીપ્રધાન), અને સર ડેવિડ ડી વિલિયર ગ્રાફ (જાહેર બાંધકામ, ટપાલ અને તારખાતાના પ્રધાન) હાજર રહ્યા હતા. સંસ્થાનોમાં વસતા સામ્રાજ્યના હિંદી પ્રજાજનોના પ્રશ્ન સંબંધી એક વિનંતીપત્ર પણ પરિષદમાં વહેંચવામાં આવ્યો હતો.

ચર્ચા માટેના એજન્ડા પર ન્યૂઝીલેંડના વડા પ્રધાનનો એક ઠરાવ હતો. તેમાં પ્રથમ એમણે એવું ઠસાવવા પ્રયત્ન કર્યો કે બિનગોરી જાતિઓને તેમના અલગ વિસ્તારોમાં રહેવાની ફરજ પાડવી જોઈએ. પરંતુ પાછળથી એ ઠરાવનો વિષય બદલીને એમણે એવી મતલબની વાત રજૂ કરી કે બ્રિટિશ અને વિદેશી વહાણવટા સંબંધમાં સ્વરાજ ભોગવતાં સંસ્થાનોને "વધારે વ્યાપક કાનૂની સત્તાઓ સાથેના" અધિકારો હોવા જોઈએ.

પરિષદની કાર્યવાહી હિંદી વજીર અર્લ ઑફ ક્રૂના ભાષણથી શરૂ થઈ. એ ભાષણમાં એમણે સંસ્થાનોમાં વસતા હિંદીઓ સંબંધમાં કેટલાક સામાન્ય વિચારો દર્શાવ્યા. એમના આ ભાષણમાંથી કેટલાક ઉતારા નીચે આપ્યા છે:

. . . જો કોઈ પ્રશ્ન એવો હોય કે જેને લીધે કેવળ સામ્રાજ્યની સુખશાંતિ જ નહીં પણ સામ્રાજ્યનું સામ્રાજ્ય તરીકેનું ખુદ અસ્તિત્વ જ જોખમમાં આવી પડેલું દેખાતું હોય તો તે ગોરી પ્રજા અને દેશી પ્રજા વચ્ચેની આ મડાગાંઠ છે; કારણ કે હું કહી ગયો છું તેમ સંસ્થાનો અને માતૃદેશ વચ્ચે એવો કોઈ પ્રશ્ન હોઈ શકે નહીં જે પરસ્પરની શુભેચ્છા અને સદ્‌બુદ્ધિથી ઊકલી ન શકે. પછી ભલે તે પ્રશ્ન વેપારને લગતો હોય, દેશના રક્ષણનો હોય કે જેની આપણે અહીંયાં ચર્ચા કરવાના છીએ તે પ્રશ્નો પૈકીનો કોઈ બીજો પ્રશ્ન હોય . . . . મને કહેવામાં આવ્યું છે કે મારી સમક્ષ પડેલું આ વિનંતીપત્ર પરિષદના તમામ સભ્યોને વહેંચવામાં આવેલું છે. એટલે જેમણે એ વાંચ્યું હશે તેઓ કબૂલ કરશે કે તેમાં આ પ્રશ્ન અંગેના સામાન્ય સિદ્ધાન્તો ઉપરાંત વિવિધ સંસ્થાનોમાં હિંદીઓના પ્રવેશ સંબંધમાં અથવા પ્રવેશ પામ્યા પછી તેમની સાથેના વર્તાવ સંબંધમાં જે મુસીબત ઊભી થઈ છે તેના ખાસ દાખલાઓની પણ ચર્ચા કરવામાં આવેલી છે. . . .

હવે પ્રથમ હું એ કહેવા ઇચ્છું છું કે હું બે હકીકતો સંપૂર્ણ રીતે માન્ય રાખું છું. નામદાર સમ્રાટની સરકાર પણ એને સંપૂર્ણ રીતે માન્ય રાખે છે. પહેલી હકીકત એ છે કે સામ્રાજ્યની રચના જોતાં, જો આપણે એવો ખ્યાલ ધરાવતા હોઈએ કે જેઓ તાજના પ્રજાજનો છે એવી તમામ વ્યક્તિઓ વચ્ચે બિલકુલ અબાધિત રીતે અરસપરસ હેરફેર થઈ શકે, એટલે કે, જો આપણે એમ માનતા હોઈએ કે સમ્રાટના પ્રત્યેક પ્રજાજનને, તે ગમે તે વ્યક્તિ હોય કે ગમે તે સ્થળે રહેતો હોય, સામ્રાજ્યના કોઈ પણ ભાગમાં પ્રવેશવાનો કે, એથીયે વધારે મહત્ત્વની વાત, વસવાનો સ્વાભાવિક અધિકાર છે, તો એ ખ્યાલ ટકી શકે એવો નથી. આ અભિપ્રાય મને પૂરેપૂરો માન્ય છે અને ઇન્ડિયા ઑફિસના પ્રતિનિધિ તરીકે પણ હું એ અભિપ્રાય સાથે પૂરેપૂરો સંમત છું. સામ્રાજ્ય જે રીતે ગોઠવાયેલું છે તે જોતાં સમ્રાટના તમામ પ્રજાજનો આખા સામ્રાજ્યમાં બધી જગ્યાએ છૂટથી અવરજવર કરી શકે એ વાત તો એથીયે વધારે અસંભવિત છે. અથવા આ જ હકીકતને બીજી રીતે રજૂ કરીએ તો સ્વરાજ ભોગવતાં સંસ્થાનોને પોતપોતાના સંસ્થાનમાં નાગરિક તરીકે કોને દાખલ થવા દેવો અને કોને નહીં, તે પોતાની

Gandhi Heritage Portal

નતે જ નક્કી કરવાનો અધિકાર છે; આ અધિકાર સામે કોઈથી પણ વાંધો ઉઠાવવાનો પ્રયાસ સિક્કે થઈ શકે નહીં.

બધી હકીકતોમાં એ એક એવી હકીકત છે જેનો નામદાર સમ્રાટની સરકાર વતી હું સંપૂર્ણ રીતે સ્વીકાર કરું છું. હું એ પણ સ્વીકારું છું કે સંસ્થાનો સમક્ષ આ બાબતમાં જે મુસીબતો ઊભી છે તેનું મહત્ત્વ આ દેશમાં આપણે લોકો ઓછું આંકીએ છીએ અથવા ઓછું આંકવાનું આપણું સ્વાભાવિક વલણ હોય છે, કારણ કે, આપણને આવી નતનો પ્રશ્ન કોઈ પણ અંશે પજવતો હોતો નથી. પરિસ્થિતિ એવી છે કે, આ દેશમાં બિનગોરી ચામડીવાળી નતિઓનો કદી એવડો મોટો ધસારો થયો નથી, જેને લીધે, હું સારી પેઠે જાણું છું તેમ જુદાં જુદાં સ્વરાજ ભોગવતાં સંસ્થાનોમાં તમો ગૃહસ્થોને સામનો કરવો પડે છે, એટલી હદ સુધીની મુસીબતો ઊભી થઈ હોય. . . .

. . . દાખલા તરીકે, મન્નૂરવર્ગને કેવળ માગણી અને પુરવઠાની પરિસ્થિતિ અનુસાર જ નિયંત્રણમાં રાખી શકાય એ સિદ્ધાન્ત હવે ઘણા લોકોએ છોડી દીધો છે. આજકાલ અનેક લોકો એવા પણ છે કે જેમણે એ મત પણ છોડી દીધો છે કે મન્નૂરોનો પગાર અને તેઓ જે કામ કરે તેની કિંમત એ બે વચ્ચે કોઈ ગાઢ સંબંધ હોવો આવશ્યક છે; અને હકીકત આમ હોવાથી, એટલું સ્પષ્ટ છે કે હિંદુસ્તાનથી જેવા સસ્તા મન્નૂરો લાવી શકાય છે તેવા સસ્તા મન્નૂરોની હરીફાઈ જેટલી ૧૯મી સદીના મોટા ભાગના સમય દરમ્યાન સામાન્ય રીતે સ્વીકારાયેલી આજના કરતાં વધારે કઠોર આર્થિક વ્યવસ્થાના દિવસોમાં કષ્ટપ્રદ જણાતી હતી તેના કરતાં હાલમાં વધારે કષ્ટપ્રદ જણાય છે. . . . ને આજે એવો સમય આવી નહીં ગયો હોય, તો તે જરૂર બહુ દૂર પણ નથી કે જ્યારે સંગઠિત મન્નૂરવર્ગ, કોઈ પણ પ્રકારના સસ્તા મન્નૂરવર્ગને પરદેશથી લાવવા સામે, ને તેનું સ્વરૂપ સ્પર્ધાત્મક હશે તો ગંભીર વાંધો ઉઠાવશે; પછી ભલે તે મન્નૂરો ગમે તેવા રંગના હશે કે ગમે તે નતિના હશે. હિંદીઓને સામ્રાજ્યનાં બીજાં સંસ્થાનોમાં દાખલ થવા દેવાના પ્રશ્ન સાથે જેને સંબંધ છે એવી મુસીબતોમાં, ખરેખર, આ એક મુખ્ય મુસીબત છે. . . . પરંતુ તે સિવાય રંગભેદની સમસ્યા તો એના તદ્દન કદંગા સ્વરૂપમાં ઊભી જ છે, એ બાબતમાં, અલબત્ત, કોઈ પ્રશ્ન જ નથી.

. . . એ એક એવો પૂર્વગ્રહ અથવા માન્યતા છે કે જે, લોકો જેમ જેમ વધારે સુશિક્ષિત અને એકંદરે વધારે ચઢિયાતા બનતા જાય છે તેમ તેમ વધારે મજબૂત બનતો જાય છે. અને એ દૃષ્ટિથી જોતાં એ પૂર્વગ્રહ દેશી નતિઓ સામે રખાતા ઘણાખરા સહજ અને મૂર્ખતાભર્યા પૂર્વગ્રહો કરતાં જુદો પડે છે. હું તો એટલે સુધી કહેવા તૈયાર છું કે ઘણીખરી બાબતોમાં એક ગોરામાં ગર્વ લેવા જેવી વ્યક્તિગત પાત્રતા જેમ ઓછી તેમ તે પોતાના ગોરાપણાનું વધારે અભિમાન કરવા પ્રેરાવાનો અને પોતાની નતને વધારે મહત્ત્વ આપવાનો. . . .

૧૮૯૭માં આ પરિષદ સમક્ષ ભાષણ કરતાં મિ. ચેમ્બરલેને કેટલીક વાતો કહી હતી. . . જો આપ મને એટલું હિંમતપૂર્વક કહેવા દો તો હું કહીશ કે એ શબ્દો ખૂબ જ વિચારવા જેવા છે. મિ. ચેમ્બરલેને ત્યાં જે વાત અત્યંત સુંદર રીતે કહી હતી તેને કોઈ રીતે ચઢાવીને કે રંગ આપીને કહેવાનો હું પ્રયત્ન કરીશ નહીં. તેમ છતાં કદાચ હું આપને એટલું યાદ દેવડાવવાની ધૃષ્ટતા કરી શકું કે હિંદીઓ એમના પ્રાચીન ઇતિહાસને આધારે જે રાષ્ટ્રીય દાવા કરે છે તે બાબતમાં તો . . . એમના એ વિચારોની, કંઈ નહીં તો આ ક્ષણે આપણે અવગણના કરવા ઇચ્છતા નથી. આવતા ગુરુવારે થનારા જે [રાજ્યાભિષેક] વિધિની આપણે સૌ રાહ જોઈ રહ્યા છીએ, તેની સાર્થકતા મોટે ભાગે બ્રિટિશ સમ્રાટોની એ લાંબી હારમાળા પર આધાર રાખે છે, જે સ્ટુઅર્ટ, ટ્યુડર અને પ્લેંટાજિનેટ વંશ અને તેનાથીયે આગળ નૉર્મન લોકોના વિજય સુધી અને સૅક્સન રાજાઓના અસ્પષ્ટ યુગો સુધી પહોંચે છે; અને તેમ છતાં હિંદુસ્તાનમાં એવા લોકો મળી આવે છે જેમની વંશાવળીની માગણી ખુદ ઇંગ્લંડના રાજાની માગણી કરતાં સહેજ પણ ઓછી સુદૃઢ નથી અને સહેજ પણ ઓછી વાસ્તવિક નથી. વળી, એ ઉપરાંત, જો ઇતિહાસની વાત કરતા હોઈએ તો, આપણે કદી એ વાત ભૂલવી નહીં જોઈએ કે હિંદુસ્તાનમાં જનસેવાના ક્ષેત્રમાં અને, વધારે પ્રાચીન સમયની વાત કરીએ તો, પ્રાચીન સાહિત્યના ક્ષેત્રમાં પ્રસિદ્ધ પુરુષો મોટી સંખ્યામાં પેદા થયેલા છે. એટલું જ નહીં, પણ એ દેશ આપણી પોતાની નતિના મોટી સંખ્યાના રાજનીતિજ્ઞો, યોદ્ધાઓ અને

Gandhi Heritage Portal

બીજા અત્યંત પ્રસિદ્ધ પુરુષો સાથે બહુ જ નિકટનો સંબંધ ધરાવે છે. અલબત્ત, હાલમાં આ વિચારધારા બધા માણસોને ગળે ઊતરતી નથી. . . . જે આપણો આદર્શ એક અંગ્રેજ કવિતામાં કહ્યું છે તેમ, "બીજી પરિસ્થિતિ ભલે ગમે એવી હોય પણ માણસ તો આખરે માણસ જ છે" એ મુજબનો રહેવાનો હોય તો ખરેખર મોટી સંખ્યાના હિંદીઓનો દાવો સંગીન અને સાચો ઠરે છે. ચાહે તો આપણે બૌદ્ધિક ખિલવણીની ઊંચી કિંમત આંકીએ; ચાહે તો આપણે મતમતાંતરથી દૂર એવી ધાર્મિક મનોવૃત્તિને મહત્ત્વ આપીએ; ચાહે તો આપણે અદૃષ્ટ વસ્તુઓ પ્રત્યેની અનુપમ ભક્તિ અને તેની સમજ, જે હિંદુસ્તાનમાં અસાધારણ રીતે ઊંડી છે અને જે મને લાગે છે કે આજના વધારે મુશ્કેલ અને વસ્તુલક્ષી જમાનામાં ઘણા લોકોને પ્રભાવિત કરે છે, તેને કીમતી ગણીએ; અને તે ઉપરાંત ચાહે તો, આપણે સરળ બુદ્ધિ-શક્તિને મહત્ત્વ આપતા હોઈએ, જે શક્તિ અમુક દિશાઓમાં ઝાઝું પરિણામ લાવી શકતી નથી એ હું કબૂલ કરું છું છતાં જે બીજી બાબતોમાં તો દુનિયાના કોઈ પણ ભાગમાં સૌથી તેજસ્વી અને સૂક્ષ્મ સાધન સિદ્ધ થાય છે; ચાહે તો આપણે આ બધી વસ્તુઓને અથવા એમાંની કોઈ એકને મહત્ત્વ આપીએ, એટલી વાત નિર્વિવાદ છે કે સૌ કરતાં હિંદુસ્તાન અને હિંદુસ્તાનના લોકો, પોતાનો દાવો આપણી વિચારણા માટે મહત્ત્વનો અને વાસ્તવિક છે એવું પુરવાર કરી શકે એમ છે.

. . . જે મુખ્ય મુદ્દાઓ વડે મેં આ ભાષણનો પ્રારંભ કર્યો છે તે મુદ્દા હિંદુસ્તાનના લોકોએ કબૂલ રાખવા જોઈએ. એટલે કે તેમણે આટલું સ્વીકારવું જોઈએ કે સ્વરાજ ભોગવતાં સંસ્થાનોને બેશક તેમની પોતાની નાગરિકતા સંબંધમાં નિયમો ઘડવાની સ્વતંત્રતા છે. જો આટલું થાય તો ઇન્ડિયા ઑફિસ અને હિંદુસ્તાનની સરકાર તરફથી હું ઘણી ખુશીથી કહી શકું છું કે આ બાબતમાં પરિસ્થિતિ શી છે તેની હિંદુસ્તાનના લોકોને સમજ આપવા અમે હંમેશાં અમારાથી બનતું બધું જ કરીશું. અમે હિંદને સ્વશાસિત સંસ્થાનોમાં દાખલ થવા માટેની, હાલના સંજોગોમાં વધારે પડતી કહી શકાય તેવી માગણીઓ રજૂ કરવાની ટેવ પડે એવી વાતને ઉત્તેજન આપીશું નહીં, અને સામ્રાજ્યમાં ખરેખરી પરિસ્થિતિ કેવી છે તે તેમને સમજાવવા યથાશક્તિ કોશિશ કરીશું. . . . બ્રિટિશ સામ્રાજ્યના કોઈ પણ ભાગમાં જ્યારે હિંદીઓની મુસીબતોનો પ્રશ્ન ઊભો થાય છે ત્યારે તેનો વિરોધ કરવા હિંદી લોકમતના તમામ વિભાગો અને પ્રવાહો . . . એક થઈ જાય છે. આ મુસીબત હિંદુસ્તાનમાં જે લોકો આપણા શાસનના વિરોધી છે તેમને માટે એક ઘણું વાસ્તવિક અને કીમતી સાધન છે એની ના પાડી શકાય તેમ નથી. . . . તેઓ પૂછે છે કે, જો સામ્રાજ્યના જુદા જુદા ભાગોમાં હિંદીઓએ મુસીબતો જ વેઠવાની હોય, તો પછી બ્રિટન સાથે સંબંધ રાખવાથી લાભ શો છે? . . . હું એ પણ કહી દઉં કે હિંદુસ્તાનને સ્વશાસનના સિદ્ધાન્તો લાગુ પાડવાની જે મનોવૃત્તિ અત્યારે વધી રહી છે તેનાથી પણ આ પ્રશ્નના ગૂંચવાડામાં અને તેની મુસીબતમાં ઘણો વધારો થાય છે, કારણ કે એક સંસ્થાનની સરકાર કોઈ કાયદો કરે અથવા વહીવટી પગલું ભરે તેની સામે જ્યારે હિંદુસ્તાનની કોઈ ધારાસભા ખાસ વાંધો ઉઠાવવાનો પ્રસંગ ઊભો કરે, જે બનવાનો હંમેશા સંભવ રહે છે, ત્યારે એ બાબત, પ્રશ્નને સમજ્યા વિના માત્ર બડબડાટ સંભળાય તેના કરતાં, ઘણી વધારે ગંભીર બની જાય છે.

. . . બીજી બાજુએ, જે લોકો ત્યાંના ડોમિસાઈલ થઈ ચૂક્યા છે તેમના રક્ષણ સંબંધમાં હું આપને યાદ દેવડાવું કે એમાંના કેટલાક તો ખરેખર ઘણા લાંબા સમયથી ત્યાં રહે છે. ઓછામાં ઓછું એક સંસ્થાન તો એવું છે જેમાં પૂર્વના લોકો લગભગ ૨૦૦ વર્ષથી વસેલા છે.

. . . અલબત્ત, હું સારી રીતે સમજું છું કે આ મુસીબત પ્રધાનોના પોતાના વિચારો કે પૂર્વગ્રહોને લીધે ઊભી થતી નથી. પરંતુ એમને માટે એમના હાથ નીચેના અધિકારીઓ જેઓ બિલકુલ નાના અધિકારીઓ છે અને જેમના દિલમાં રંગદ્વેષની ભાવના ઘણે ભાગે બહુ જ તીવ્ર હોય છે, તેમને એ વાત ઠસાવવાનું હંમેશાં સહેલું હોતું નથી કે, આ પ્રકારની નાની જણાતી બાબતોને આપણે કેટલું મહત્ત્વ આપીએ છીએ, અને જેમને હિંદુસ્તાન સાથે કામ લેવાનું છે તથા જેઓ હિંદુસ્તાનને ઓળખે છે તેઓ કેવું મહત્ત્વ આપે છે. માતૃદેશ (ઇંગ્લંડ) અને સ્વશાસિત સંસ્થાનો વચ્ચેનો સંબંધ ગમે તેટલો નિકટનો હોય અને તેમની વચ્ચેનો સદ્‌ભાવ ગમે તેટલો આદર્શ હોય, તોપણ જ્યાં સુધી એ સદ્‌ભાવ સામ્રાજ્યના એ વિરાટ ભાગો સુધી મોટા પ્રમાણમાં પ્રસરે નહીં, જેનો અલબત્ત હિંદુસ્તાન એક અત્યંત આગળ પડતો ભાગ છે,

Gandhi Heritage Portal

પરંતુ જેમાં વિવિધ દેશી જાતિઓથી વસેલાં તાજનાં તમામ સંસ્થાનોનો પણ સમાવેશ થાય છે, ત્યાં સુધી આપણું સામ્રાજ્ય એક સુસંગઠિત સામ્રાજ્ય છે એવું નહીં કહી શકાય. . . . ને માતૃદેશ સામ્રાજ્યના જુદા જુદા ભાગો વચ્ચે ઊભી થનારી મુસીબતોમાં હંમેશાં ફસાયેલો જ રહે, તો તો એ સ્પષ્ટ રીતે દુર્ભાગ્યની વાત ગણાય અને તેનાથી સામ્રાજ્યની એકતામાં ઊણપ જ આવે.

. . . ફરીથી એક વાર હું કહું છું કે આ પ્રશ્ન ખરેખર એના પૂરા અર્થમાં ઊકલી શકે તેવો છે એવું કહેવાનો ડોંગ હું નથી કરતો. હું માનું છું કે એ ઊકલે એવો નથી. તેમ છતાં જો સંસ્થાનો છેવટ સુધી હિંદુસ્તાન પ્રત્યે છૂટછાટ અને મૈત્રીની ભાવના દાખવવા સંમત થશે, તો મને પૂરી ખાતરી છે કે . . . હિંદુસ્તાનના સમજુ વર્ગનો લોકમત આપના પ્રયાસોની કદર કરશે.

[મૂળ અંગ્રેજી]

ઇન્ડિયન ઓપીનિયન, ૧૪–૧૦–૧૯૧૧ અને ૨૧–૧૦–૧૯૧૧

ખ

હિંદી વજીરનું ઇમ્પીરિયલ કૉન્ફરન્સને મેમોરેન્ડમ

ઇન્ડિયા ઑફિસ,
જૂન, ૧૯૧૧

સ્વરાજ્ય ભોગવતાં સંસ્થાનોએ શહેનશાહની હિંદી પ્રજા સાથે કેવો સંબંધ જાળવવો તે વિષેના સામાન્ય ખ્યાલોની નીચે મુજબની યાદી છેલ્લી કૉલોનિયલ કૉન્ફરન્સમાં હિંદી પ્રધાનની ઑફિસ તરફથી રજૂ કરવામાં આવી હતી :

આ સવાલના સંબંધમાં સામાન્ય મુદ્દાઓ જાળવવાની વડી સરકારની ઇચ્છા મિ. ચેમ્બરલેને ૧૮૯૭ના કૉલોનિયલ પ્રધાનોની કૉન્ફરન્સમાં પોતાના ભાષણ દરમિયાન જણાવી હતી કે :

"લાખો અને કરોડો એશિયાટિકોની નજીકમાં જે કૉલોનીઓ આવી રહેલાં છે તેની ગોરી પ્રજા, વિનતીય સુધારાવાળા, વિનતીય ધર્મવાળા, અને વિનતીય રીતભાતવાળા લોકોના ધસારા સામે તેમ જ જે લોકો તેઓની અંદર વસી રહેલા મજૂરવર્ગને ગંભીર અડચણરૂપ થઈ પડે તેઓના ધસારા સામે, જે નિશ્ચય કરી બેઠા છે તેની સાથે અમે તદ્દન દિલસોજ છીએ. હું સ્પષ્ટ સમજી શકું છું કે આવી જાતનું ઇમિગ્રેશન કૉલોનીઓના હિતાર્થે ગમે તે જોખમે અટકવું જ જોઈએ, અને એવા હેતુવાળી કોઈ પણ દરખાસ્તની સામે અમે વાંધો નહીં લઈએ. પણ તેની સાથે શહેનશાહતની ચાલી આવતી રસમનો પણ ખ્યાલ રાખવામાં આવશે એમ અમે માનીએ છીએ. તે રસમ કોઈ રીતે જાતિ કે કોમી ભેદનો સ્વીકાર કરતી નથી. એટલે રંગના કે કોમના કારણસર મહારાણીની હિંદી પ્રજાને કે બધા એશિયાટિકને પણ બાતલ કરવામાં આવે તે એ લોકોને એટલું બોટું લગાડનારું કામ કહેવાય કે મહારાણીને તેની મંજૂરી આપવી તે બહુ દુઃખદાયક વાત થઈ પડે તે ખાતરીથી કહું છું. આ દેશમાં આપ આવ્યા છો તે દરમિયાન કઈ કઈ બાબતો આપના ધ્યાન પર મૂકવામાં આવી છે તેનો વિચાર કરો. પેલી ૩૦ કરોડની વસ્તી કે જે તાજ પ્રત્યે ખુદ તમારા પોતા જેટલી વફાદારી ધરાવે છે, જેની અંદર એવા લાખો માણસો પડ્યા છે કે જેઓ દરેક રીતે આપણા પોતાના જેટલા સુધરેલા છે, જેઓ, ગણીએ તો, એક રીતે તેઓની બહુ પુરાણી પરંપરાને લીધે આપણા કરતાં ઊંચી ઓલાદના છે, જેઓની અંદર દોલતમંદ અને શૂરવીરતાને માટે પંકાયેલા નરો પડ્યા છે, કે જેઓએ મહારાણીની સેવામાં આખાં લશ્કરો હાજર કરેલાં છે, અને ભારે મુસીબતોમાં, દાખલા તરીકે હિંદી બળવા જેવે વખતે જેઓએ પોતાની વફાદારીથી બ્રિટિશ શહેનશાહતને ઉગારેલ છે, એવી વસ્તીવાળી પેલી મહાન હિંદી શહેનશાહત તે યુનાઇટેડ કિંગડમનું મોટામાં મોટું અને સહુથી તેજસ્વી સંસ્થાન છે. હું આપને કહું છું કે જેઓએ આ બધું જાણ્યું છે તેઓ તે લોકોને તુચ્છ કારવા કદી ખુશી નહીં હોઈ શકે. તેઓને તુચ્છકારવા તે તમારો હેતુ સારવા માટે તદ્દન બિનજરૂરી છે તથા તેથી ખરાબ લાગણી અને ગુસ્સો ફેલાવાનો સંભવ છે. વળી ખુદ મહારાણીની જ નહીં પણ તેની આખી પ્રજાની તેથી લાગણી દુખાય તેવું છે.

Gandhi Heritage Portal

હું કહેવાને હિંમત ધરું છું કે તમારે જે જોવાનું છે તે ઇમિગ્રન્ટોનું વર્તન જ છે. એક માણસ આપણા કરતાં જુદી ચામડીનો હોય તેથી જ કંઈ તે નહીં ઇચ્છવા જોગ ઇમિગ્રન્ટ થઈ જતો નથી, પણ જો તે ગંદો હોય, અનીતિવાન હોય, કંગાલ હોય કે એવાં બીજાં જે કંઈ કારણો કાયદામાં વર્ણવ્યાં હોય તેને લીધે તે નહીં ઇચ્છવા જોગ હોઈ શકે છે, અને તે વડે જ તમો જે બધાને ખરેખરી રીતે બહાર રાખવા ઇચ્છો છો તેને બહાર રાખવાનું કામ કરી શકો છો. વારુ, સાહેબો, હું કહું છું કે આ એવી બાબત છે કે જે આપણે અંદર અંદર મિત્રાચારીથી સમજી લેવાની છે. મેં આપને કહ્યું તેમ નાતાલ કૉલોનીએ એવી વ્યવસ્થા કરી છે કે જે હું માનું છું કે તે તેને પોતાને તદ્દન સંતોષકારક લાગી છે. યાદ રાખવાનું છે કે તમારા કરતાં તેને તે સવાલ વધારે લાગુ પડે છે, કેમ કે તે આ ઇમિગ્રેશન જે બહુ મોટા પ્રમાણમાં તેની હદમાં કયારનું શરૂ થઈ ગયું છે, તેની નજીકમાં જ આવી રહેલ છે. તેઓએ એવા કાયદા ઘડ્યા છે કે જેથી તેઓ માગે છે તે તેમને મળી રહેશે એમ તેઓ માને છે, અને જેને મેં ઉપર જણાવ્યા તે વાંધા લાગુ પડતા નથી. તેમ જ તમે ને અમે જે વિચાર ધરાવીએ છીએ તેમાં પણ તે કાયદા આડે આવતા નથી. એટલે હું આશા રાખું છું કે આપ અહીં છો તે દરમિયાન એવા શબ્દો ગોઠવવા આપણે શક્તિવાન થઈશું કે જેથી મહારાણીની કોઈ પણ પ્રજાની લાગણી દુખાતી અટકે અને તે સાથે ઑસ્ટ્રેલિયન કૉલોનીઓ જે વર્ગોના ધસારા સામે વાજબી વાંધો ઉઠાવે છે તેથી તેઓનું રક્ષણ પણ થાય."

બ્રિટિશ શહેનશાહતમાં હિંદીઓના દરજ્જા વિષેની વાત ઉપર ૧૯૦૭ની કૉલોનિયલ કૉન્ફરન્સમાં મિ. ઑસ્ટિન્થનાં નીચેનાં વચનોથી વિશેષ ભાર મૂકવામાં આવ્યો હતો:

"જે જહાજમાં હિંદુસ્તાનના આપણા પ્રજા ભાઈઓને નોકરી ન કરવા દેવામાં આવતા હોય તેમાં જ જો માલ લાવજા કરીએ તો આપણને ખાસ સગવડ કરી આપવામાં આવી છે તે આપણે કોઈ પણ રીતે કદી સ્વીકારવી ન જોઈએ. આપણે આવી વાત કબૂલ કરી શકીએ જ નહીં, અને અહીં જમા થયા છે તે બધા કહેશે કે આવી શરતોવાળી સગવડ આપવામાં આવી છે તેના કરતાં કોઈ પ્રકારની સગવડ ન હોય તે અમે પસંદ કરીશું."

ખાસ મુશ્કેલીઓ શું છે

૧૮૯૭ની સાલથી જે જે બનાવો બન્યા તે ફરી વર્ણવવાની જરૂર નથી, છતાં સ્વરાજ્ય ભોગવતાં સંસ્થાનોની અંદર એશિયાટિક સવાલે જે જે રૂપ પકડ્યું તે ટૂંકમાં અહીં જણાવીએ.

નાતાલમાં

દક્ષિણ આફ્રિકામાં પહેલાં નાતાલ લઈએ. આ એક જ સંસ્થાન હિંદી મજૂરોને મંગાવતું હતું, અને ગિરમીટ પૂરી થતાં ખાસ કર આપીને જ જેઓ કૉલોનીમાં રહી શકતા હતા તેવા હિંદીઓની દિન પર દિન વધતી જતી સંખ્યાથી, તથા ઇમિગ્રેશન કાયદામાં જણાવ્યા મુજબ કેળવણીની પરીક્ષા આપી થોડાઘણા સ્વતંત્ર હિંદીઓ દાખલ થતા હતા તેથી તે સંસ્થાનની હિંદી વસ્તી વધી પડી હતી. તેમાં વેપારીઓનાં લાઇસન્સની, મ્યુનિસિપલ ફ્રેંચાઇઝની અને હિંદી બાળકોને કેળવણીની મુસીબતો ઊભી થવા પામી, અને ૧૯૦૮માં નાતાલ પાર્લમેન્ટે બે કાયદાઓ એવા પાસ કર્યા કે જેથી તે મુસીબતોમાં વધારો થયો. આ કાયદાઓ અટકાવવામાં આવ્યા હતા અને તેથી તે અમલમાં આવ્યા નથી. જેમાંનો એક એશિયાટિકોને નવાં લાઇસન્સો આપવાનું બંધ કરવાનો હતો, અને બીજો વેપાર કરતા હોય એવા એશિયાટિકોનાં લાઇસન્સો અમુક મુદત વીત્યા બાદ તદ્દન અટકાવવાનો હતો. આમ છતાં ચાલુ લાઇસન્સોને તાજાં કરી આપવા વિષે અપીલનો હક મળે એવી રીતે ૧૮૯૭ના ડીલર્સ લાઇસન્સિંગ ઍક્ટને ૧૯૦૯માં સુધારવામાં આવ્યો હતો; જોકે ટ્રાન્સફરની બાબતમાં કે નવાં લાઇસન્સની બાબતમાં અપીલ કરવાનો હક નથી આપવામાં આવ્યો.

[મૂળ ગુજરાતી]

ઇન્ડિયન ઓપીનિયન, ૯-૯-૧૯૧૧

Gandhi Heritage Portal

ટ્રાન્સવાલની ખાસ મુશ્કેલીઓ

ટ્રાન્સવાલમાંથી લડાઈ દરમિયાન ઘણાખરા હિંદીઓ ચાલી નીકળેલા. લડાઈ ખતમ થયા બાદ પાછા હિંદીઓ આવી પડવાથી, તથા રિપબ્લિક સરકારના કેટલાક ધારાઓ અને કાયદાઓ ચોખ્ખા નહીં હોવાની શંકાને લીધે ત્યાં ભારે મુસીબતો ઊભી થઈ. પીસ પ્રિઝર્વેશન ઑર્ડિનન્સની રૂએ જે એશિયાટિકો લડાઈ પહેલાં ત્યાં રહેતા હતા તેને જ દાખલ થવાની પરમિટ આપવામાં આવી હતી, અને સ્વરાજ મળ્યા પછી તરત જ ૧૯૦૭માં જે એશિયાટિક લૉ એમેન્ડમેન્ટ ઍક્ટ ઘડવામાં આવ્યો તેમાં એ બાબતને વધારે મજબૂત બનાવવામાં આવી હતી; અને તેને તે જ સાલમાં જે ઇમિગ્રેશન રિસ્ટ્રિક્શન ઍક્ટ ઘડવામાં આવ્યો તે નાતાલના ધોરણ મુજબનો જ હતો. છતાં ઉપલા બંને કાયદાની સાથે સાથે અસર થતી હતી કે ગમે તેવો કેળવાયેલ હિંદી પણ જો તે લડાઈ પહેલાંનો રહેવાસ ન સાબિત કરી શકે તો દાખલ થવાના હકનો બિલકુલ દાવો કરી શકે નહીં. આટલે સુધીની વાત જોકે શહેનશાહતના કોઈ પણ ભાગમાં મોજૂદ નહીં હતી છતાં બહુ લાચારીએ ના. શહેનશાહે તેને મંજૂર કરી. કાયદેસર રહીશની ઓળખાણના પુરાવા સંબંધી સખ્ત ધારાઓની બનાવટી પરમિટના વેપારને લીધે ટ્રાન્સવાલ સરકારને જરૂર જણાઈ છતાં તેથી દુઃખદાયક અને તીખી તકરાર ઊભી થઈ; જે ૧૯૦૮માં કાયદાના સુધારાથી માત્ર થોડા માસને માટે બંધ રહી. એક તરફથી હિંદીઓએ કાયદાની સામે જાણીબૂજીને સત્યાગ્રહ અખત્યાર કર્યો, બીજી તરફથી હિંદીઓને જેલની સજા કરવાના તથા હદપાર કરવાના કેટલાક દાખલાથી ખુદ હિંદમાં ગુસ્સાની લાગણી પેદા થઈ, કે જેના ગંભીરપણાનો ખ્યાલ દક્ષિણ આફ્રિકાને બહુ થોડો આવ્યો છે.

કેપ અને ઑરેન્જ ફ્રી સ્ટેટ

કેપ કૉલોનીમાં માત્ર કેળવણીની પરીક્ષા પાસ કરી શકનારાને જ દાખલ થવા દેવામાં આવે છે, અને ઑરેન્જ ફ્રી સ્ટેટમાં તો એશિયાટિક સવાલ કદી ઊભો થયો જ નથી; એટલે તે બે સંસ્થાનોમાં કંઈ ધ્યાન દેવા જોગ બનાવ બન્યા નથી. જોકે કેપ કૉલોનીમાંથી કેટલાક જૂના રહીશોને કાયદાની બારીકીથી પાછા દાખલ થવા ન દીધેલ અને તેથી મુસીબત ઊભી થવા પામેલ તેને વિષે એકબે ફરિયાદો આવી હતી ખરી.

દક્ષિણ આફ્રિકા યુનિયન

યુનિયનના કાયદાની રૂએ એશિયાટિકને ખાસ લાગુ પડે એવી બાબતમાં યુનિયન સરકાર પર કાબૂ રખાયો છે. હાલની યુનિયન પાર્લમેન્ટમાં યુનિયન સરકાર તરફથી તે સવાલનો નિવેડો આણવાના હેતુવાળું એક ઇમિગ્રેશન બિલ રજૂ કરવામાં આવ્યું હતું. પાર્લમેન્ટ ઊઠતી વખતે તે બિલ પાછું ખેંચી લેવામાં આવ્યું હતું, પણ એમ સમજાય છે કે તે બાબત ફરી હાથ લેવામાં આવશે. દરમિયાન યુનિયન સરકારે અમુક શરતી નિવેડો કર્યો છે, અને તેની રૂએ સત્યાગ્રહની લડતનો અંત આવ્યો છે. હિંદુસ્તાનથી નાતાલ ગિરમીટિયા આવતા બંધ થવાથી વધુ બિનકેળવાયેલા હિંદીઓ યુનિયનમાં આવતા અટકયા છે. આમ હોવાથી દક્ષિણ આફ્રિકામાં હવે સવાલ માત્ર સ્થાયી એશિયાટિક પ્રજાના રહેઠાણનો છે; અને સ્થાયી એશિયાટિકની મોટી સંખ્યા માત્ર નાતાલમાં જ છે.

[મૂળ ગુજરાતી]

ઇન્ડિયન ઓપીનિયન, ૧૬-૯-૧૯૧૫

રાજ્યનીતિનો સવાલ

ઉપર આપેલી હકીકત ઉપરથી સમજાય છે કે હિંદી ઇમિગ્રેશનનો સવાલ જુદાં જુદાં સંસ્થાનોને જુદી જુદી રીત લાગુ પડે છે. તે સવાલના ત્રણ ભાગ પાડી શકાય: (૧) નવા લોકોને આવવા દેવાનો, (૨) જે હિંદીઓને આવવા દીધા છે તેનો દરજ્જો અને સ્થિતિ વિષેનો; અને (૩) કૉલોનિયલ સમુદ્રમાં સંબંધ ધરાવનાર વહાણોમાં હિંદીઓને નોકર રાખવાનો.

નવા હિંદીઓને આવવા દેવા વિષે

સંસ્થાનોમાં કઈ કઈ જાતના લોકોને આવવા દેવા એ બાબતનો ઠરાવ તેને પોતાને જ કરવા દેવો જોઈએ એ વાત વડી સરકાર તદ્દન સ્વીકારે છે. બ્રિટિશ રાજ્ય તળે રહેનારી કોઈ પણ બ્રિટિશ પ્રજા

Gandhi Heritage Portal

જ્યાં ગમે ત્યાં રહેવાનો હક ધરાવી શકે એવી હદ બહારની વાત કેટલાક અણસમજુ હિંદીઓ કરે છે, તેનો આ રાજદ્વારી સ્થિતિ ઉપરથી યોગ્ય રદિયો મળી રહે છે તેની સાથે એટલું કબૂલ કરવાની બહુ અગત્ય છે કે શહેનશાહની બીજી પ્રજાઓ તેની ગોરી પ્રજા કરતાં ગમે તેટલી જુદા બાંધાની, રીત-રિવાજની કે ધરમની હોય છતાં તે પરાઈ ગણી શકાશે નહીં. સંસ્થાનોએ એશિયાટિક બ્રિટિશ પ્રજાને પરાઈ એશિયાટિક પ્રજાની હારમાં મૂકનારી નીતિ અમલમાં મૂકી છે તે તદ્દન લૌકિક કારણોને લીધે જ, એ વાત જોઈએ તેટલી સમજાઈ નથી. ખરી રીતે ઉપલાં કારણોસર કેનેડાની સરકાર જાપાની ઇમિગ્રેશન કરતાં બ્રિટિશ હિંદી ઇમિગ્રેશન તરફ વધારે સખ્ત છે. બીજી એક અગત્યની વાત સાધારણ રીતે નથી લેવામાં આવતી તે એ છે કે અમુક કૉલોનીઓ, ભાગો, એશિયાટિક બ્રિટિશ પ્રજાને બાતલ રાખવાની રાજનીતિ ધારણ કરે છે, કે જે પરરાજ્યોને પણ અગત્યની જણાઈ નથી. અલબત્ત એ ખરું છે કે ગરમ પ્રદેશમાં આવેલા રાજ્યનાં સંસ્થાનોનાં હવાપાણી બ્રિટિશ ક્રાઉન કૉલોનીને મળતાં હોવાથી ત્યાં બ્રિટિશ કૉલોનીઓ જેવા ઇમિગ્રેશન કાયદાઓ કરવાની જરૂર રહેતી નથી. એમ છતાં બ્રિટિશ હિંદીઓને બ્રિટિશ સંસ્થાનોમાં હકો નથી આપવામાં આવતા અને પરરાજ્યમાં આપવામાં આવે છે એ વિચિત્ર વાત ગણાય.

શહેનશાહતની અંદર ગોરા લોહીની જ પ્રજાવાળાં સંસ્થાનો સ્થાપવાની વાત, અને ગમે તે જાતની બ્રિટિશ પ્રજાને શહેનશાહતમાં આવવા-જવાનો સ્વતંત્ર હક હોવો જોઈએ એ વાત એક હારે બનવી તદ્દન અશક્ય છે, અને આ હકીકત ઉપર ઢાંકપિછોડો કરવાનો પ્રયત્ન કરવો નકામો છે. એટલે વડી સરકાર હુકની રૂએ એટલું માગે છે કે સ્વરાજ્ય ભોગવતાં સંસ્થાનોના કાયદા એવી રીતે ઘડવામાં આવશે કે જેથી અણગોરી બ્રિટિશ પ્રજાનું ગમે તેમ અપમાન થતું અટકે. કોમની નહીં પણ કેળવણીની પરીક્ષાથી અમુક પ્રજાને બાતલ રાખવાની રાજનીતિથી એ અર્થ સરી રહે છે; જોકે છૂટક છૂટક દાખલાઓમાં તેનો અમલ એવી રીતે થઈ શકે છે કે જેથી હિંદીઓને કોમના કારણસર દૂર રાખી શકાય. કેનેડાના કાયદાઓમાં કાયદેસર તફાવત રાખ્યા સિવાય અમુક કોમને દૂર રાખી શકાય એવી કેટલીક રીતો છે અને તેથી એવી સત્તા મળે છે કે (૧) ત્યાંનાં હવાપાણીને કે સંજોગોને માટે નાલાયક ગણાય એવા અથવા ખસૂસ વર્ગ, ધંધા, કે વર્તનના કોઈ પણ ઉતારુને તેથી દૂર રાખી શકાય; (૨) ઉતારુ પાસે નાણાંની અમુક રકમ હોવાની ફરજ પાડી શકાય.

શહેનશાહતને પરરાજ્યની સાથે લડાઈમાં ઊતરવું પડે એવું કંઈ પણ આચરણ ન કરવાની દરેક સંસ્થાનની આકરામાં આકરી ફરજ છે, એમાં કોઈથી ના પાડી શકાશે નહીં. છતાં હિંદુસ્તાનના વહીવટમાં શહેનશાહત-ને નાહક મુસીબતમાં ન નાખવા દરેક સંસ્થાન જવાબદાર છે એ વાતનો પૂરેપૂરો ખ્યાલ થયો હોય એવું દેખાતું નથી. ઘણી ઊંચી જાતનો અને પુરાણો સુધારો ધરાવનારી ૩૦ કરોડની વસ્તીવાળો દેશ કે જે માંહેથી શહેનશાહતના રક્ષણ માટે દુનિયામાં સરસમાં સરસ ગણાય એવું લશ્કર મળી શકે છે, અને જેમાં નાણાં રોકવાની અને વેપાર ખેડવાની સંપૂર્ણ તક મળ્યા કરે છે, તેવા દેશની આખી શહેનશાહતને કેટલી અગત્ય છે તેનો ખ્યાલ માત્ર મજૂરી કરનારા તથા નાનોસૂનો વેપાર કરનારા હિંદીઓને જોનાર રાજદ્વારીઓથી થવો મુશ્કેલ છે. હિંદુસ્તાની લશ્કરમાં એવા અનુભવી કસાયેલા સિપાહીઓ છે કે જેઓ બ્રિટિશ વાવટા માટે લડેલા છે અને જેઓએ ચાંદ મેળવેલા છે, જેઓની પ્રત્યે બ્રિટિશ અમલદારો બહુ માન અને મોભાથી વર્તે છે, અને જ્યારે આવા લોકોને શહેનશાહતના જ એક ભાગમાં 'કુલી' કહેવામાં આવે અને તેઓની સાથે ધિક્કારથી વર્તવામાં આવે, ત્યારે તેઓમાં સ્વાભાવિક રીતે કેવો ગુસ્સો પેદા થાય તેનો ખ્યાલ જેઓએ હિંદુસ્તાન કદી જોયું જ નથી તેઓને આપવો મુશ્કેલ છે. અલબત્ત આવી જાતની બાબતો ઘણે ભાગે સરકારની હકૂમતની બહારની હોય છે, છતાં લોકોની ગેરસમજથી એવી નુકસાની થવા પામે છે કે, શહેનશાહતના ઘણા ભાગમાં હિંદુસ્તાનના ખરા દરજ્જા વિષે મૂળમાં ખોટી હકીકતો બહુ ફેલાવા પામી છે એ ગંભીર વાત ધ્યાનમાં લેવા જોગ લાગે છે.

[મૂળ ગુજરાતી]

ઇન્ડિયન ઓપીનિયન, ૨૩-૯-૧૯૧૧

Gandhi Heritage Portal

નવા હિંદીઓને આવવા દેવા વિષે

કૉલોનીઓ ભેદભાવ રાખ્યા વિના અથવા તો અપમાનભરેલી ભાષાનો ઉપયોગ કર્યા વિના એશિયા ઠિકાનું પૂર અટકાવવા શક્તિમાન થયેલ છે. એટલે સરવાળે તેઓ ઇમગ્રેશનની મુસીબતને પહોંચી વળ્યા છે એમ કહી શકાશે. કૉલોનીની રાજ્ય કરનારી પ્રજા પોતાના રાજદ્વારી તથા સામાજિક વિચારોથી જુદી તરેહના વિચારો ધરાવનાર લોકોને પોતાની વચમાં વસવા દેવા ન માગે તે વાત બરોબર છે, પણ ટૂંક મુદતને માટે આવનારા મુસાફરોની બાબતમાં જોકે વાંધો લેવામાં નથી આવતો તોપણ સંતોષકારક નિવેડો તો હજુ નથી જ થયો. જો આ બાબત એટલી બધી ગંભીર ન હોય તો પછી માત્ર કુલી તરફ આંખ રાખીને બનાવેલા કાયદા શહેનશાહતને મદદ કરનારા રાજવંશીઓને, શહેનશાહની પ્રિવી કાઉન્સિલમાં બેસનારાઓને તથા શહેનશાહના અંગરક્ષકોનો હોદ્દો ધરાવનારાઓને લાગુ પાડવા એ બહુ હાંસીપાત્ર છે. આવા નામાંકિત માણસો સંસ્થાનોમાં જાય તો તેઓને પાછા કાઢવામાં આવે નહીં એ સાચું, પણ તેઓને એમ લાગી આવે છે કે યુરોપનાં કોઈ પણ મુખ્ય શહેરોમાં ઉત્તમમાં ઉત્તમ ગણાતા જનસમાજમાં તેઓ છૂટથી હળીમળી શકે છતાં બ્રિટિશ સંસ્થાનોમાં દાખલ થતાં અંદર ઉપરના એક અદના અમલદારના ચીડ ઉત્પન્ન કરે તેવા સવાલો સાંભળ્યા વિના તેઓને ચાલે નહીં. આમ છતાંયે સંસ્થાનની પ્રજાને હિંદુસ્તાનમાં ઊંચામાં ઊંચી સરકારી નોકરી મળે તેની સામે કંઈ અટકાયત નથી.

હમણાં કેટલાંક વરસો થયાં સંસ્થાનોના વલણને લીધે હિંદુસ્તાનના લોકોના મનમાં જે દરદ ઊભું થવા પામ્યું છે તેથી તેઓમાં બ્રિટિશ સરકાર પ્રત્યે વિશ્વાસ બેસાડવાના કામમાં બ્રેક પહોંચી છે એ શક વિનાની વાત છે. અથાક હિંદીઓની વફાદારી એ રાજ્યને બહુ મોટી વાત છે; અને એ વાત ખ્યાલમાં રાખવાની છે કે બ્રિટિશ રાજ્યની બારીક બાબતો ઉપર ઝીણી નજર રાખનારા ઘણા હિંદીઓના દિલમાં તે લાગણી બહુ ઊંડું ઘર કરી રહી છે. હાલમાં હિંદુસ્તાનના રાજ્યબંધારણમાં જે ફેરફાર થયો છે તેથી શહેનશાહતમાં હિંદુસ્તાનના દરજ્જા વિષેના તેઓના વિચારો સરકારના ખ્યાલ પર મૂકવાની તેઓને વધુ તક મળી છે. હિંદીઓ અને સંસ્થાનો વચ્ચેના કંકાસમાં ગંભીર વાત એ છે કે હિંદુસ્તાનના ફિતૂરી આગેવાનો તેમ જ તદ્દન વફાદાર આગેવાનો માત્ર આ બાબતમાં જ, એટલે કે કૉલોનિયલ સવાલમાં જ એકત્ર છે. હિંદુસ્તાનની સરકાર સંસ્થાનોની વાત સમજી શકે છતાં સંસ્થાનો હિંદીઓની ગણતરી ન કરે તેથી ચારે મેર ઊપજતા અસંતોષ વિષે તે બેદરકારી બતાવી શકે જ નહીં, અને એવી તેની ઇચ્છા પણ નથી. ખાનદાન અને ઊંચી કેળવણી પામેલા ઘણા હિંદીઓને શહેનશાહતના જુદા જુદા ભાગો જોવાની બહુ ઇચ્છા હોય એ સ્વાભાવિક છે. છતાં સંસ્થાનોમાં જતાં તેઓ અચકાય છે. વડી સરકાર બહુ ઉમેદ રાખે છે કે હલકા વર્ગના હિંદીઓ જેઓ સંસ્થાનોની પ્રજામાં બગાડો કરે તેવા હોય, તથા જેઓની હાજરીથી ભારે ગૂંચવણ ઊભી થાય તેમ હોય, તેવાઓની સામેની અટકાયતનો અમલ ખાનદાન મુસાફર, જેવા કે મોટા વેપારી કે યુનિવર્સિટીના વિદ્યાર્થી વગેરેની સામે નહીં કરવામાં આવે.

સંસ્થાનોમાં વસતા હિંદીઓનો દરજ્જો

હિંદીઓની મોટી વસ્તી બધાં સંસ્થાનોમાં એક દક્ષિણ આફ્રિકાની અંદર જ છે. નાતાલે પોતાની મરજીથી જ હિંદી ગિરમીટિયાઓ મંગાવ્યા કરેલા તેને લીધે જ મુખ્ય કરીને તેઓની વસ્તી ત્યાં થઈ પડી છે. કેનેડામાં અને ઑસ્ટ્રેલિયામાં સરખામણીમાં બહુ થોડા હિંદીઓ છે, અને તે પોતપોતાના વેપાર અર્થે આવેલા છે. પણ દક્ષિણ આફ્રિકામાં જે હિંદીઓ છે તે મૂળમાં નાતાલની સરકારે તેની ગોરી પ્રજાના હિતને માટે, અને તે પણ તેઓના કહેવાથી જ જે પગલાં લીધેલાં, તેને લઈને છે.

એટલે રહીશ હિંદીઓની બાબતમાં તેઓને કાઢી મૂકવાનો ઇરાદો નથી, અથવા તો તેમને હલકા પાડવાનો ઇરાદો નથી, એવું વલણ સંસ્થાનો દેખાડશે તેથી પણ હિંદુસ્તાનની અશાંતિ દૂર કરવામાં ઘણી મદદ થશે. દક્ષિણ આફ્રિકામાં હિંદીઓ મુખ્યત્વે કરીને ગોરા વેપારીઓ સાથે હરીફાઈ કરે છે. આ વેપારીઓ ઘણે ભાગે પરરાજ્યની હલકી ગોરી પ્રજાના હોય છે. કોલંબિયામાં તેઓની હરીફાઈ ગોરા કામદારો સાથે હોય છે. એ દેખીતું છે કે આવી કમાણીની હરીફાઈથી વારંવાર તકરાર થયા જ કરે. છતાં નાતાલમાં મ્યુનિસિપાલિટીઓ હિંદી વેપારીઓ સાથે જે રીતથી વર્તે છે તે કેટલીક વાર તો અત્યંત

Gandhi Heritage Portal

અન્યાયભરેલી હોય છે. હાલમાં પણ વેપારની સહીસલામતી માટે સુપ્રિમ કોરટે તેઓ પહોંચે ત્યારે આરો આવે છે. તેમાં પણ લાઇસન્સ એકથી બીજાના નામ પર કરી દેવાની તથા તદ્દન નવાં લાઇસન્સ આપવાની સત્તા તો મ્યુનિસિપાલિટીઓના જ હાથમાં હોય છે. નાતાલની કેટલાક નવા કાયદાઓ કરવાની યોજનાથી તથા ટ્રાન્સવાલની કેટલીક અમલ કરવાની ઢબથી હિંદીઓમાં ભારે ધાસ્તી ઉત્પન્ન થઈ હતી, અને હવે યુનિયન સરકારને એશિયાટિક સામેની અટકાયત વિષે સંતોષ થાય ત્યારે વસી રહેલા હિંદીઓ સાથે ઉદારતાથી વર્તવામાં આવશે એવી આશા રાખવામાં આવે છે.

ઉદારતાભરેલી વર્તણૂક નીચે મુજબ ગણાય :

૧. આબરૂદાર વેપારીઓની આજીવિકાનાં સાધનો ઝૂંટવી લેવામાં આવે તથા તેઓને ગુસ્સો ઉત્પન્ન કરનારા ધારા ઘડવામાં આવે એવું ન થવું જોઈએ.

૨. આરોગ્યના કાયદા ઘડવામાં આવે તે આરોગ્યને માટે જરૂર જણાય તેટલા જ અને હિંદી રહીશોને આડકતરી રીતે હરકત પહોંચે એવા ધારાનો તેમાં સમાવેશ ન થવો જોઈએ.

૩. કેળવણીને માટે સગવડો હોવી જોઈએ, પ્રાથમિક શાળાઓમાં એશિયાટિક અને ગોરા છોકરાઓની સેળભેળ કરવાની જરૂર નથી એ દેખીતું છે જ.

૪. ઇમિગ્રેશન કાયદાઓ વડે બારીકીઓથી રહેવાસી હિંદી પ્રજાને કાઢી મૂકવાની દાનત નહીં રાખવામાં આવે, તેઓનાં કુટુંબોને ખેદાનમેદાન કરવાના ઇલાજ નહીં લેવામાં આવે, તથા સ્થાનિક હિંદીઓને જરૂર જણાય તેવાં તેનાં સગાઓને મુદતી પરમિટ આપવામાં અડચણ નહીં નાખવામાં આવે એટલી વાતોનો નિર્ણય થવો જોઈએ. (બ્રિટિશ કોલંબિયામાં એક એવો દાખલો બન્યો છે કે જેમાં બાપની મરણક્રિયા ઉપર છોકરાને હાજર થવા નથી દેવામાં આવેલ. જે લોકો મરણક્રિયાને બહુ અગત્યની ગણે છે તેઓમાં આ બનાવથી ભારે ગુસ્સો ફેલાયા વિના ન રહે.

એ તો લગભગ ચોક્કસ છે કે કેનેડા, ઑસ્ટ્રેલિયા અને ન્યૂઝીલેન્ડમાં હિંદીઓની વસ્તી કંઈ મોટી થઈ જવાની છે નહીં. ત્યાં થોડાઘણા નેટિવો છે તે પણ નાબૂદ થતા જાય છે; એટલે ખરું કહીએ તો માત્ર ગોરાઓની જ વસ્તી ત્યાં કહેવાય. પણ દક્ષિણ આફ્રિકામાં ત્યાંના નેટિવોની વસ્તી ગોરા કરતાં વધી જાય છે એટલું જ નહીં પણ થોડા એશિયાટિકોએ તેમાં બસોક વરસ થયાં આવી વસ્યા છે. દક્ષિણ આફ્રિકામાં આવી સ્થિતિ હોવા છતાં કેપ કોલોની કંઈ પણ કંકાસ વિના પોતાનો કારોબાર સીધી રીતે ચલાવી શકેલ છે. એ ઉપરથી દક્ષિણ આફ્રિકા ગોરાનો જ મુલક છે અને કાળા ને ઘઉંવર્ણા લોકો માટે ત્યાં સ્થાન નથી એમ કહી શકાશે નહીં. વળી કેપ કોલોનીમાં 'કલર્ડ' કહેવાતી વર્ણસંકર પ્રજાની પણ હયાતી છે, કે જે લોકો રીતભાતમાં અરધા ગોરા અને નેટિવો જેવા હોય છે. આ લોકોની હયાતીથી બહુ મુસીબતો નથી ઊભી થતી એમ કહેવાનો હેતુ નથી, પણ એટલું તો માનવામાં આવે છે કે ન્યાય-ભરેલા કારોબારથી મુસીબતોને ભયંકર રૂપ પકડતી અટકાવી શકાય છે.

કૉલોનિયલ સમુદ્રની હદમાં હિંદીઓની નોકરીનો સવાલ

આ સંબંધમાં ૧૯૧૦ના ન્યૂઝીલેન્ડ શિપિંગ બિલથી હિંદી ખલાસીઓ ઉપર જે ગંભીર હાડમારી પડે છે તેના વિગતવાર દાખલાઓનો સાર અપાઈ ગયો છે તેથી વિશેષ કંઈ કહેવાપણું નથી રહેતું.

[મૂળ ગુજરાતી]

ઇન્ડિયન ઓપીનિયન, ૩૦-૯-૧૯૧૧

Gandhi Heritage Portal

પરિશિષ્ટ ૧૨

પ્રવાસી પ્રતિબંધક બિલ (૧૯૧૨) વિષે સંઘના પ્રધાનોની મિનિટ્સ

ક[૧]

આજે સવારે વાતચીત દરમ્યાન જનરલ સ્મટ્સે પ્રવાસી બિલના ખરડાનો ઉલ્લેખ કર્યો. મેં એમને પૂછ્યું કે કલમ ૨૮ અનુસાર શ્રુતલેખનની પરીક્ષાને આધારે જે થોડી સંખ્યાના શિક્ષિત હિંદીઓ સંઘમાં દાખલ થવાના છે તેમનામાંથી જો કોઈને ઑરેન્જ ફ્રી સ્ટેટમાં દાખલ થવું હોય, તો તેની શી સ્થિતિ થશે? પ્રધાનશ્રીએ કહ્યું કે ઑરેન્જ ફ્રી સ્ટેટમાં અથવા તો બીજા કોઈ પ્રાંતમાં પ્રવેશવા સામે તેને કશો પ્રતિબંધ લાગુ નહીં પડશે. તેને માત્ર એટલી જ વિશિષ્ટ ગેરલાયકાતો લાગુ પડશે કે તે ફ્રી સ્ટેટમાં સ્થાવર મિલકત ખરીદી શકશે નહીં તેમ વેપાર કે ખેતીમાં જોડાઈ શકશે નહીં. આ નિષેધો કલમ ૨૮ની પેટાકલમ ૨ માં દર્શાવેલા છે. જનરલ સ્મટ્સે જે કહ્યું તે ઉપરથી તો એ માણસને દાક્તર તરીકે પોતાનો ધંધો જમાવવામાં કશી હરકત નડશે નહીં; સિવાય કે તેનો ધંધો નફાકારક બનાવવા માટે જે પૂરતી સંખ્યામાં તેના દેશબંધુઓ ત્યાં નહીં હોય તો તેને હરકત પડવા સંભવ ખરો. ઑરેન્જ ફ્રી સ્ટેટની કાયદાપોથીના પ્રકરણ ૩૩ની બાકીની કલમો રદ થવાની નથી; પરંતુ શ્રુતલેખનની પરીક્ષાને આધારે પ્રવેશ પામનાર હિંદીઓને લાગેવળગે છે ત્યાં સુધી એ પ્રકરણની તમામ જોગવાઈઓ, કલમ ૭ અને ૮ સિવાય, લગભગ અમલમાં નહીં આવશે કેમ કે એમનો દરજ્જો અને એમના અધિકારો આ બિલના ખરડામાં સુરક્ષિત કરી દેવામાં આવેલા છે. પ્રધાનશ્રીને મેં પૂછ્યું કે કલમ ૭ અને ૮ને કાયમ રાખો છો તે સંબંધમાં મિ. ગાંધી અને તેમના અનુયાયીઓ સખત વાંધો ઉઠાવશે એમ આપને નથી લાગતું? તેમણે કહ્યું કે જ્યાં સુધી બિલના ખરડામાં આપેલો ફ્રી સ્ટેટમાં પ્રવેશવાનો અધિકાર મળે છે ત્યાં સુધી મિ. ગાંધી કશો વાંધો નહીં ઉઠાવશે. આવા આશાવાદી જવાબની મેં અપેક્ષા રાખી નહોતી, પરંતુ જે આત્મવિશ્વાસથી જનરલ સ્મટ્સ બોલતા હતા તે ઉપરથી હું એવું અનુમાન બાંધું છું કે તેમણે મિ. ગાંધી સાથે પત્ર-વ્યવહાર કરેલો હોવો જોઈએ અને આ મુદ્દા ઉપર જરૂરી ખાતરી કરી લીધેલી હોવી જોઈએ. એવું દેખાતું હતું કે આ બિલ આ દેશમાં વસતી હિંદી કોમને જેવું છે તેવું સ્વીકાર્ય થશે એવી એમને ખાતરી થઈ ગઈ હતી. ઑરેન્જ ફ્રી સ્ટેટના સહયોગના વલણ સંબંધમાં જનરલ સ્મટ્સે કબૂલ કર્યું કે કલમ ૨૮ની પેટાકલમ ૨ તેઓ ઇચ્છે તેટલી સંતોષકારક નથી. એમની દાનત તો એવી હોવાની કે એમના પ્રાંતમાં કોઈ પણ હિંદીને પેસવા દેવો નહીં, અને તેઓ આ મુદ્દાને વળગી રહેશે કે કેમ તે તો સમય જતાં જ સમજાશે. એમણે એવી આશા પ્રદર્શિત કરી કે કંઈ નહીં તો તેઓ આટલું સમજવાને તો તૈયાર થશે જ કે જો તેઓ આ બિલને એટલા ખાતર તોડી પાડવાની ચેષ્ટા કરશે કે એનાથી એમની દરેક બાબતની બધી અભિલાષાઓ પૂરી થતી નથી, તો તે વાત અસહ્ય થઈ પડશે. બીજું તેઓ એવું માનતા હતા કે તેમની પાસે એક સબળ દલીલ એવી છે કે હાલના કાયદામાં એ પ્રાંતમાં હિંદીઓના પ્રવેશ પર કોઈ પણ પ્રકારનો સંપૂર્ણ પ્રતિબંધ નથી, કેમ કે દરેક વ્યક્તિની બાબતમાં પ્રવેશ માટે પરવાનગી આપવી કે ન આપવી તે પ્રધાનની મરજી પર છોડેલું છે; એટલે જો પ્રધાનને એમ લાગે કે ફ્રી સ્ટેટમાં અમર્યાદિત સંખ્યામાં એશિયાઈઓને દાખલ થવા દેવા છે તો તેને કોઈ વસ્તુ રોકી શકે તેમ નથી; તેમાં કાનૂની પ્રતિબંધ માત્ર એટલો જ છે કે એવા લોકો સ્થાવર મિલકત ખરીદી શકે નહીં, તેમ વેપાર કે ખેતી કરી શકે નહીં. સ્મટ્સની ધારણા એવી જણાતી હતી કે જો આ મુદ્દો તેમને સારી રીતે સમજાવવામાં આવે તો તેમના વલણમાં થોડો ફરક પડવાનું અસંભવિત નથી.

૧. ગવર્નર જનરલ લૉર્ડ ગ્લેડસ્ટન અને જનરલ સ્મટ્સ વચ્ચે જે ચર્ચા થયેલી તેને આધારે ગવર્નર જનરલના ખાનગી સેક્રેટરીએ તૈયાર કરેલો આ રિપોર્ટ છે. એ રિપોર્ટ ગ્લેડસ્ટને કૉલોનિયલ ઑફિસને ૨૮મી ઑક્ટોબર, ૧૯૧૧ને રોજ મોકલી આપ્યો હતો.

Gandhi Heritage Portal

હું એટલું ઉમેરું કે એવું માનવાને મારી પાસે કારણ છે કે પેટાકલમ ૨નો મુસદ્દો જનરલ હરઝોગને ખાસ કરીને બતાવવામાં આવ્યો હતો, અને તેમણે એની ભાષા સામે કશો વાંધો લીધો નહોતો.

૨. મેં કહ્યું કે બિલના ખરડામાં એવી કોઈ નેગવાઈ નેવામાં આવી નથી કે જેને આધારે મિ. ગાંધી સાથે પ્રધાને કરેલા પત્રવ્યવહારમાં અપાયેલું એ વચન પાળી શકાય કે સત્યાગ્રહ ન કર્યો હોત તો જેમને પહેલેથી જ નોંધણી માટે હકદાર ગણી શકાત એવા સત્યાગ્રહીઓ માટે નોંધણીની વ્યવસ્થા રાખવી જોઈએ. એ વાત યાદ હશે કે આ મુદ્દાનો ઉલ્લેખ લૉર્ડ ક્લેડસ્ટનના ૨૩મી ઑક્ટોબરના ગુપ્ત ખરીતા (૨)ના ફકરા ૧૫માં કરવામાં આવ્યો હતો. જનરલ સ્મટ્સે આનો એવો જવાબ આપ્યો કે એવું જોવામાં આવ્યું છે કે આ વચન પાળવા માટે કોઈ વિશિષ્ટ કાયદો બનાવવાની જરૂર નથી, અને હકીકતમાં અત્યારે નોંધણીનાં પ્રમાણપત્રો આપવાનું ચાલુ છે.

૩. શ્રુતલેખનની પરીક્ષા સંબંધમાં જનરલ સ્મટ્સે પોતે જ એવું નિવેદન કર્યું કે આ પરીક્ષા માટે ઑસ્ટ્રેલિયાનો નમૂનો જેમનો તેમ અપનાવી શકાય કે કેમ અને પરીક્ષાનો વિષય કેવળ યુરોપિયન ભાષાઓ પૂરતો મર્યાદિત રાખી શકાય કે કેમ તેનો હું વિચાર કરી રહ્યો છું. તેઓ માને છે કે યુરોપિયન ભાષાઓની એક યાદી બનાવી લેવામાં કશી મુશ્કેલી પડશે નહીં, અને તે યાદીમાં યીડિશ ભાષા દાખલ કરવા પણ પોતે તૈયાર છે, કેમ કે અત્યારે જે ગોરા પ્રવાસીઓ આવે છે તેમાંના ઘણા મોટા ભાગના યહૂદી જનતિના હોય છે.

૪. તેમણે કહ્યું કે આગામી અધિવેશનમાં આ બિલ કાયદો બની જશે એ બાબતમાં હું બહુ આશાવાદી છું અને તે માટે હું મારાથી બનતો પ્રયત્ન કરીશ, કેમ કે પરદેશીઓને આ દેશમાં દાખલ થવા દેવાનો પ્રશ્ન વ્યવસ્થિત થઈ જાય અને તેનો કાયમી ઉકેલ આવી જાય, એ સૌથી મહત્ત્વનું કામ છે. આ વાત એમણે ભારપૂર્વક કહી એ વસ્તુ એટલા ખાતર વધારે સંતોષજનક છે કે થોડાક મહિના પહેલાં તો આ વિષયમાં રસ કંઈક ઓછો થઈ જવાની શક્યતા દર્શાવતાં ચિહ્નો દેખાતાં હતાં.

...[1] ઉત્પાદક ઉદ્યોગમાં રોકાય. ગોરાઓના પ્રવેશના એકંદર પ્રશ્ન અંગેના એમના વિચારો, સૂરની અને ઇરાદાની બંને દૃષ્ટિએ, એમના કાંઈ નહીં તો એક સાથીદારનાં જાહેર વક્તવ્યોથી સારી પેઠે જુદા પડે છે, એ વાત ધ્યાનમાં લેવા જેવી છે.

૬. ટ્રાન્સવાલમાંના એશિયાઈ પ્રશ્ન સંબંધમાં, ડિવિઝનલ કોર્ટે સુવર્ણધારાની કલમ ૭૭ અને ૧૩૦નો જે અર્થ ઘટાવ્યો અને જેનો ઉલ્લેખ લૉર્ડ ક્લેડસ્ટનના આ માસની ૨૩મી તારીખના ખરીતા નં. ૯૧૭માં કરવામાં આવ્યો હતો તેનાથી પોતાને ગંભીર ચિંતા થઈ છે, એવું એમણે જણાવ્યું. તેઓ માને છે કે આ નિર્ણય કાનૂન અનુસાર નથી, પરંતુ પોતે તેમાં માથું મારવા માગતા નથી. એમનો મત એવો છે કે આનું પરિણામ એ આવશે કે આ કાયદો પસાર થતાં પહેલાં નાનાં નગરોની બહાર, ખાણોના વિસ્તારમાં, એશિયાઈઓને વાડા ભાડે આપવાનો અધિકાર જ્યાં જ્યાં અસ્તિત્વમાં હતો ત્યાં ત્યાં એ અધિકાર હજી પણ વાપરી શકાશે. પરિણામ એ આવશે કે આખા સુવર્ણ વિસ્તારમાં એશિયાઈઓની દુકાનો મોટી સંખ્યામાં ફૂટી નીકળશે, ગોરા વેપારીઓને ત્યાંથી ખસવું પડશે, અને સોના અને હીરાના ગેરકાયદે વેપારને સારી પેઠે પ્રોત્સાહન મળશે, કેમ કે આ ધંધામાં પડવાનો એશિયાઈ લોકોનો સ્વભાવ છે. તેઓ માને છે કે વધારાનો એક કાયદો કરવાની કદાચ જરૂર પડશે, અને આ વિશિષ્ટ મુશ્કેલી તથા ટ્રાન્સવાલમાં એશિયાઈઓના વેપારનો સામાન્ય પ્રશ્ન એ બંનેના જે ઉકેલ માટે તેઓ ઉત્સુક જણાયા, તે ઉકેલ નાતાલની પ્રથાને મળતી એક પરવાના-પ્રથા દાખલ કરી લાવવો પડશે. એ વાત યાદ હશે કે પ્રધાનોએ તેમની ૨જી સપ્ટેમ્બરની કાર્યનોંધ નં. ૧૦૨૮માં એવો નિર્દેશ કર્યો હતો કે પોતે આવો કંઈક ઉપાય વિચાર્યો છે. એ કાર્યનોંધ એ જ માસની ૪થી તારીખના લૉર્ડ ક્લેડસ્ટનના ખરીતા નં. ૭૩૭ સાથે સંસ્થાન મંત્રીને મોકલી આપવામાં આવી હતી. જનરલ સ્મટ્સના મનમાં એવી યોજનાની કલ્પના થયેલી લાગે છે કે સ્થાનિક

૧. આ જગાએ એક પાનું ખોવાઈ ગયેલું છે.

Gandhi Heritage Portal

સત્તાવાળાઓ ટ્રાન્સવાલમાં તમામ ધંધાઓ માટે પરવાના આપવાની એક સાર્વત્રિક યોજના દાખલ કરે, જેમાં એશિયાઈઓ સામે કોઈ પ્રકટ ભેદભાવ રાખવામાં નહીં આવે, એમના ચાલુ અધિકારો સુરક્ષિત રાખવામાં આવે, અને એમને માથે વધારેપડતી હેરાનગતિ આવતી ટાળવા માટે કોઈક કેન્દ્રીય સત્તાધીશને અપીલ કરવાની એમને છૂટ આપવામાં આવે. દેખીતી રીતે જ આ વિષયમાં એમણે હજી સુધી કશો ચોક્કસ નિર્ણય કર્યો નથી, અને તેઓ સારી પેઠે સમજે છે કે આવી કોઈ પણ દરખાસ્તોનો અનેક દિશાઓમાંથી સખત વિરોધ થશે. તેમ છતાં તેમણે કહ્યું કે, આ પ્રાંતમાં એશિયાઈઓનો વેપાર જે ચોંકાવનારી ગતિએ વધી રહ્યો છે, તેને અટકાવવા માટે કંઈક કરવાની જરૂર છે, એ બાબતની મારા પર ઊંડી છાપ પડેલી છે; અને પરવાનાની પ્રથા દાખલ કરવાથી અલબત્ત વ્યવહારુ પરિણામ એ રીતનું જ આવશે, પછી એ પ્રથાનું બહારનું સ્વરૂપ જાતીય ભેદભાવથી ભલે ગમે તેટલું મુક્ત હોય. એમણે ભારપૂર્વક કહ્યું કે ગોરા વેપારી એશિયાઈઓની હરીફાઈની બેડાબેડ ટકી શકે એમ નથી. એમણે એ હકીકત પણ બિલકુલ સ્વીકારી કે ગોરા વેપારીઓની વેપાર કરવાની રીતરસમ એવી છે કે તેને લીધે તેઓ ઝાઝી સહાનુભૂતિને લાયક ઠરતા નથી; કેમ કે તેમણે તેમને મળેલી તકોનો ગેરવાજબી લાભ ઉઠાવેલો છે અને તેમની દાનત વધારે પડતો નફો ખાવાની હોય છે. પરંતુ એ બધું ગમે તેમ હોય, છતાં બીજી બાજુ કેલ તરીકે દેશનો સમસ્ત પરચૂરણ વેપાર એશિયાઈઓના હાથમાં ચાલ્યો જાય એ વાત વેઠી લેવા તેઓ તૈયાર નથી. એક બાજુ ગોરા વેપારીઓની અનિચ્છનીય વેપારી રીતરસમો છે, અને બીજી બાજુ એશિયાઈઓના વેપારનો અમર્યાદિત વિસ્તાર છે. બંને ચીજો ખરાબ છે. એ બેમાંથી પહેલા કેલને પસંદ કરતાં એમને કશો સંકોચ હોઈ નહીં શકે, સિવાય કે દક્ષિણ આફ્રિકાને ગોરા લોકોનો દેશ બનાવવો જોઈએ, એવા પોતાના આદર્શને તેઓ નીચો પાડવા માગતા હોય. એમના બોલવાના ધ્વનિ ઉપરથી મારા મનમાં કશી શંકા રહી નથી કે તેઓ આ પ્રશ્ન ઉપર ગંભીર વિચાર કરી રહ્યા છે. આ વિચાર તેઓ આ વિષયને કેવળ સૈદ્ધાન્તિક પ્રશ્ન સમજીને કરતા નથી, પરંતુ કંઈક અસરકારક પગલું ભરવાના આશયથી કરી રહ્યા છે. એટલે મને ભય છે કે આ પ્રશ્ન લટકતો રહેવા દેવામાં આવશે એવી આશા રાખવાનું નકામું છે.

એચ. જે. સ્ટેન્લી

[મૂળ અંગ્રેજી]
કૉલોનિયલ ઑફિસ રેકર્ડ્ઝ : સી. ઓ. ૫૫૧/૧૪

ખ

નવેમ્બર ૨૮, ૧૯૧૧

૧. ટ્રાન્સવાલના સત્યાગ્રહની વિવાદગ્રસ્ત બાબતનું જે સમાધાન થયું તેને કાયદાની મહોર મારવાની જોગવાઈ કરવાનું જરૂરી મનાયું નથી.

૨. કલમ ૫ (ચ). ડોમિસાઈલ વડે વસવાટ કરવાનો અધિકાર હંમેશાં મળે જ એવું નથી; દા. ત. જો કોઈ ડોમિસાઈલ થયેલી વ્યક્તિ એશિયાઈ નોંધણી સંબંધી કાયદાઓનું પાલન ન કરે તો વસવાટ કરવાનો તેને જે કંઈ અધિકાર હોય તે ગુમાવી બેસે.

૩. કલમ ૫ (ઙ) અને (છ). સંસ્થાન મંત્રીએ ઉઠાવેલો મુદ્દો ધ્યાનમાં રખાશે.

૪. કલમ ૫ (જ). એવી અપેક્ષા નથી રાખવામાં આવતી કે "ગોરા" શબ્દના ઉપયોગથી કશી મુશ્કેલી ઊભી થશે. આ કલમ અત્યારે જે શબ્દોમાં રજૂ થયેલી છે તેનો હેતુ એ છે કે જ્યારે પણ કોઈ સરકાર દુનિયાના બીજા ભાગોમાંથી બિનગોરા અથવા એશિયાઈ મજૂરોને સંઘમાં લાવવાનો વિચાર કરે ત્યારે તેને પાર્લમેન્ટ પાસે જવાની ફરજ પડે.

૫. પ્રથમ શિડ્યુલ. ૧૯૦૮ના ટ્રાન્સવાલ કાયદા નં. ૩૬ને નેક નામદાર સમ્રાટે કદી પણ સંમતિ આપી નથી. તેમ છતાં તે કાયદો કાયદાપોથીમાં રહ્યો છે, અને પાછળથી એવા કાનૂની પ્રશ્નો ઊઠવા સંભવ છે જે સ્થિતિ રોકવા માટે એવું કરવું સલાહભર્યું થાય કે ટ્રાન્સવાલની પાર્લમેન્ટે પસાર કરેલા કાયદાઓની યાદીમાંથી એ કાયદાને વિધિપૂર્વક કાઢી નાંખવામાં આવે.

Gandhi Heritage Portal

૬. કલમ ૭ અને ૨૮ (૨). જે હિંદીઓ કલમ ૪ (૬) અનુસાર સંઘમાં દાખલ થાય તેમણે ઑરેન્જ ફ્રી સ્ટેટમાં દાખલ થવા માટે વધારાની પરવાનગી લેવાની જરૂર રહેશે નહીં; પરંતુ જે તેઓ ખરેખર એ પ્રાંતમાં જાય તો સ્વાભાવિક રીતે જ તેમને ઑરેન્જ ફ્રી સ્ટેટની કાયદાપોથીના પ્રકરણ ૩૩માં આપેલી વેપાર, ખેતી અને જમીનની માલિકી સંબંધી ગેરલાયકાતો લાગુ પડે.

એ કલમો, જોકે એ વાત જણાવતી નથી કે એનાથી હિંદી નેતાઓ સાથે પૂરેપૂરું સમાધાન થયું છે, તેમ છતાં એવું માનવામાં આવે છે કે તે એમને માટે અત્યંત સંતોષકારક નીવડવા સંભવ છે, કારણ કે હિંદી નેતાઓએ વખતોવખત સરકાર સમક્ષ જે રજૂઆતો કરેલી છે તેની સાથે એ કલમોનો મેળ બેસે છે.

૭. હિંદી વર્ગ એવો પ્રશ્ન ઉઠાવ્યો છે કે નાતાલમાં વસતા હિંદીઓ જો કેપમાં જઈને વસવા ઇચ્છે અને કેપવાળા હિંદીઓ જો નાતાલમાં જવા ઇચ્છે તો તેમની સ્થિતિ કેવી થાય? આ સંબંધમાં પ્રધાનો એમ કહેવા માગે છે કે કલમ ૭ની જોગવાઈઓનો ઉદ્દેશ નાતાલની હિંદી વસ્તીને બીજા પ્રાંતોમાં જઈને વસતા રોકવાનો છે. જો નાતાલના હિંદીઓ [પોતાના પ્રદેશમાં] ધૂસે તો કેપ, ટ્રાન્સવાલ અને ઑરેન્જ ફ્રી સ્ટેટના યુરોપિયનો તેનો ઘણો જ સખત વિરોધ કરે; એટલે પ્રધાનો આટલું પણ કહેવાને તૈયાર નથી કે આ કલમની જોગવાઈઓ મુજબ થોડાક પસંદ કરેલા નાતાલના હિંદીઓને પણ ભવિષ્યમાં કેપ પ્રાંતમાં દાખલ થવા દેવામાં આવશે.

પ્રધાનો એ બતાવવા માગે છે કે દક્ષિણ આફ્રિકાની હિંદી વસ્તી સંબંધમાં જે મુસીબતો છે તેનો ઉકેલ સરકારે અત્યંત સાવધાનીથી કરવાનો છે. અને પાર્લમેન્ટના કેપ પ્રાંતના સભ્યોના મનમાં જો એવું ભૂસું ભરાય કે નાતાલના હિંદીઓને કેપ પ્રાંતમાં પેસવા દેવામાં આવનાર છે તો તેઓ જે વિરોધ કરે તેનાથી કદાચ આ બિલ ખતમ પણ થઈ જાય.

લુઈ બોથા

[મૂળ અંગ્રેજી]
કૉલોનિયલ ઑફિસ રેકર્ડ્ઝ : સી. ઓ. ૫૫૧/૧૪

ગ

ગુપ્ત

નવેમ્બર ૩૦, ૧૯૧૧

પ્રવાસી બિલ : અનુસંધાન મારો આજની તારીખનો તાર

આપના પ્રશ્નોનો પ્રધાનો તરફથી જવાબ મળ્યા પછી હું જે. સી. સ્મટ્સને મળ્યો. સત્યાગ્રહીઓનાં નોંધણી પ્રમાણપત્રો ઉપર કાયદાની મહોર મારવાનો પ્રશ્ન ઉઠાવવા બાબતમાં તેમનો સખત વિરોધ છે. [જો એમ કરવું હોય તો] એક અલગ બિલની જરૂર પડે. સરકાર પ્રમાણપત્રો કાઢી આપે છે, એટલે એની કાયદેસરતા સામે માત્ર એ પોતે જ વાંધો ઉઠાવી શકે. સરકાર કાઢી આપે એટલે વાંધો ઉઠાવવાનું આપોઆપ અટકી જાય. એમનો ઇરાદો સત્યાગ્રહીઓની સ્થિતિ સુરક્ષિત કરવાનો છે. એટલે મને લાગે છે કે આ મુદ્દા ઉપર એમને દબાણ ન કરીએ એ જ ઉત્તમ વસ્તુ છે.

પ્રધાનોની મિનિટના જવાબ ૩ સંબંધમાં જે. સી. સ્મટ્સ આપના દૃષ્ટિબિંદુનો સંપૂર્ણ સ્વીકાર કરે છે. પરંતુ તેઓ કહે છે કે આ મુદ્દો નવો છે અને બિલમાં નવા પ્રવાસીઓને [માટે?] જોગવાઈ કરવાનું ખતરનાક થઈ પડશે. જો આ મુદ્દો પાર્લમેન્ટમાં ઊભો થાય તો ત્યાં તેનો નિકાલ કરવો અને તે બને તેટલી સારી રીતે કરવો, એવું તેઓ માને છે. ગાંધીએ આ પ્રશ્ન ઉઠાવ્યો નથી.

જવાબ ૪ સંબંધમાં તેઓ માને છે કે ગાંધી મુશ્કેલી ઊભી નહીં કરશે. તેમને લાગે છે કે આ ફકરા ઉપર ભેદભાવની દૃષ્ટિથી ભિન્ન એવાં બીજાં દૃષ્ટિબિંદુઓથી વિચાર થઈ શકે. અત્યારે લાઇબીરિયાથી, અને તેઓ માને છે કે અન્ય સ્થળોએથી દેશી લોકોને લાવવાના પ્રયત્નો થઈ રહ્યા છે, અને તેથી આવા

Gandhi Heritage Portal

કિસ્સાઓમાં કાયદો કરવાનું જરૂરી થાય તો તે માટે તેમણે તૈયારી રાખેલી છે, અહીં જમીનનાં અને બીજાં વિકાસકાર્યો માટે ગોરાઓને લાવવાની યોજના સરકારે મંજૂર રાખી છે, તે જોતાં ગોરાઓને એવા કાયદાના અમલમાંથી મુક્ત રાખવા જોઈએ.

તેઓ એવું નથી કહી શકતા કે તેમણે ગાંધી સાથે પોતે સંમત હોય એવી કોઈ યોજના ઘડી કાઢી છે. આમ એકંદરે તો એ બે વચ્ચે એકમતી છે, પરંતુ જે. સી. સ્મટ્સ એવું જોખમ ખેડવા નથી માગતા કે અણધાર્યા સંજોગોને લીધે અર્થ તારવવાને કારણે અથવા બીજી રીતે વિશ્વાસભંગનો આક્ષેપ તેમને પોતાને લાગુ પડે.

ઑરેન્જ ફ્રી સ્ટેટમાં અને કેપમાં તથા યહૂદીઓ તરફથી વિરોધ થયો છે, એટલે આ બિલ પસાર કરાવી શકાશે કે કેમ તે બાબતમાં તેમને સંદેહ છે, એટલે એની સ્થિતિ પહેલેથી જ જોખમમાં મુકાય એવું તેઓ ઇચ્છતા નથી.

ગ્લેડસ્ટન

[મૂળ અંગ્રેજી]
કોલોનિયલ ઑફિસ રેકર્ડ્સ: સી. ઓ. ૫૫૧/૪૪

ઘ

જાન્યુઆરી ૬, ૧૯૧૨

પ્રવાસી બિલના ખરડા વિષેની નામદાર ગવર્નર જનરલની ગયા માસની ૧૮મી તારીખની મિનિટ નં. ૧૫/૨૩૪ અને ૧૫/૨૩૫ના અનુસંધાનમાં, પ્રધાનમંડળ સાદર નિવેદન કરે છે કે સંસ્થાન મંત્રી અને હિંદી વચ્ચે જે વ્યવહારના મુદ્દા ઉઠાવ્યા છે તેના ઉપર તેમણે કાળજીપૂર્વક વિચાર કર્યો છે.

સત્યાગ્રહીઓ સાથે તાજેતરમાં જે સમાધાન થયું છે તે સંબંધમાં પ્રધાનો માને છે કે એ સમાધાનની શરતો મુજબ હિંદીઓને જે પ્રમાણપત્રો આપવામાં આવ્યાં છે તેના ઉપર કાયમી મહોર મારવા સંબંધમાં કશી મુશ્કેલી ઊભી થવા સંભવ નથી. હિંદી નેતાઓએ પોતે એવો કોઈ કાયદો કરવાની માગણી કરતા નથી. અને પ્રધાનો માને છે કે સંઘની કોઈ પણ ભાવિ સરકાર તરફથી કશો પ્રશ્ન ઊભો થવા સંભવ નથી, કેમ કે ઉક્ત પ્રમાણપત્રો સંખ્યામાં થોડાં છે અને તે બધાં થોડા જ સમયના ગાળામાં કાઢી આપવામાં આવ્યાં હશે. એટલે સરકારે પોતે જ કાઢી આપેલું કોઈ પણ પ્રમાણપત્ર પાછું માગવું અથવા તેને માન્ય કરવાનો ઇનકાર કરવો એ કોઈ પણ સરકાર માટે, એમ કરવાનું કાયદેસર અને શક્ય હોય તોપણ, અવ્યવહારુ થઈ પડે એમ છે.

કલમ ૫ (છ): દક્ષિણ આફ્રિકાના કાયદા નીચે અને ચાલતી આવેલી રૂઢિ નીચે બંને રીતે બહુ-પત્નીક લગ્નોને માન્ય રાખવામાં આવેલાં નથી, એટલે જેને લઈને દક્ષિણ આફ્રિકામાંની ચાલુ સ્થિતિમાં ફેરફાર થાય, એવી કોઈ સગવડો, પ્રધાનોથી વિધેયકના ખરડામાં દાખલ થઈ શકે તેમ નથી.

કલમ ૫ (જ): બિલનો ખરડો હિંદી નેતાઓને બતાવવામાં આવ્યો છે. તેમણે કલમ ૫ (જ) હાલ જે સ્વરૂપે છે તેની સામે કશો વાંધો ઉઠાવ્યો નથી. પરંતુ બિલને પાર્લમેન્ટમાં પસાર કરાવતી વખતે જો એવું માલૂમ પડશે કે "ગોરા" શબ્દ સામે વિરોધ થઈ રહ્યો છે, તો તેમાં સુધારો કરવાના પ્રશ્ન પર વિચાર કરવા પ્રધાનો તૈયાર રહેશે.

કલમ ૬ અને ૭: પ્રધાનો એમ કહેવા ઇચ્છે છે કે સંસ્થાન મંત્રીએ આ કલમોનો જે અર્થ ઘટાવ્યો છે તે સાચો છે.

૧. ગાંધીજી ૨૨મી ડિસેમ્બર, ૧૯૧૧ને રોજ લેનને નેતાલાનસણગમાં મળ્યા હતા. તે વખતે તેમને નવા પ્રવાસી બિલની એક નકલ બતાવવામાં આવી હતી; જુઓ પા. ૨૬૦. ગાંધીજી તેમના ૨૬મી જાન્યુઆરી, ૧૯૧૨ના લેન ઉપરના પત્રમાં લખે છે કે આ બિલ પહેલાં તેમણે જોયેલું તે પછી થોડા ફેરફાર સાથે ગવર્નમેન્ટ ગેઝેટમાં પ્રસિદ્ધ થયું છે.

Gandhi Heritage Portal

કલમ ૭ અને ૨૮ (૨) : હિંદી કોમના નેતાઓએ પ્રકરણ ૩૩ના ઉલ્લેખ સામે કશો વાંધો ઉઠાવ્યો નથી. ઊલટું, એમણે તો એવું જણાવ્યું છે કે આ કલમ જે રીતે ઘડાઈ છે તેનાથી આ બાબતમાં અનુભવાયેલી મુશ્કેલીઓનો સંતોષકારક ઉકેલ નીકળતો દેખાય છે. તેમ છતાં પ્રધાનો એટલી વાત ઉમેરવા માગે છે કે આ કલમ અત્યારે જે રીતે ઘડાયેલી છે તે જ સ્વરૂપે તેને પસાર કરાવી શકાશે કે કેમ તેનો ઘણો આધાર ઑરેન્જ ફ્રી સ્ટેટમાંથી આવેલા પાર્લમેન્ટના સભ્યોના વલણ ઉપર રહેશે, કેમ કે ઉક્ત પ્રકરણની નેગવાઈઓને કોઈ પણ રીતે ઢીલી કરવામાં આવે તેનો તેઓ સખત વિરોધ કરે છે.

જે. સી. સ્મટ્સ

[મૂળ અંગ્રેજી]

કૉલોનિયલ ઑફિસ રેકર્ડ્ઝ : સી. ઓ. ૫૫૧/૨૫

પરિશિષ્ટ ૧૩

પ્રવાસી પ્રતિબંધક બિલ (૧૯૧૨) અને ઑરેન્જ ફ્રી સ્ટેટના બંધારણમાંથી ઉતારા

સંઘના વિવિધ પ્રાંતોમાં પરદેશથી આવતા પ્રવાસીઓ ઉપર નિયંત્રણ રાખવા સંબંધમાં અત્યારે જે કાયદાઓ અમલમાં છે તેમનું એકીકરણ કરવા તથા તેમાં સુધારો કરવા, આખા સંઘને માટે એક પ્રવાસીખાતું સ્થાપવાની જોગવાઈ કરવા તથા સંઘમાં અથવા તેના કોઈ પ્રાંતમાં પ્રવાસીઓના પ્રવેશનું નિયમન કરવા.

ગવર્નર જનરલ તેમને યોગ્ય લાગે તેવા પ્રવેશના કોઈ પણ બંદર ઉપર ઇમિગ્રેશન બોર્ડની નિમણૂક કરી શકશે. આવા કોઈ પણ બોર્ડની ફરજ, જેને નિષિદ્ધ પ્રવાસી કહેવામાં આવતા હોય તેવા માણસોને સંઘમાં દાખલ થવા દેવા કે નહીં તે બાબતમાં, પ્રધાનશ્રીને સલાહ આપવાની રહેશે. આ બોર્ડ એ માણસોના પ્રવેશ અંગેની બીજી બાબતોમાં પણ સલાહ આપશે. (કલમ ૩) (૩).

"નિષિદ્ધ પ્રવાસી" એ શબ્દોથી નીચેના પ્રકારના માણસો સમજવા :

(ક) એવી કોઈ પણ વ્યક્તિ જે શ્રુતલેખનની પરીક્ષામાં પસાર થવાને અશક્ત છે. એટલે કે, જ્યારે કોઈ પ્રવાસી અધિકારી પોતે પસંદ કરેલી ભાષામાં ઓછામાં ઓછા પચાસ શબ્દો બોલીને લખાવે ત્યારે જો તે વ્યક્તિ એ શબ્દો એ અધિકારીને સંતોષ થાય તે રીતે તે ભાષામાં લખી ન શકે;

(ખ) એવી કોઈ પણ વ્યક્તિ, જેને પ્રધાનશ્રી, કોઈ પણ (બ્રિટિશ કે વિદેશી) સરકાર તરફથી સીધી કે તેના રાજદૂતો મારફતે મળેલી બાતમીને આધારે સંઘને માટે અનિચ્છનીય રહેવાસી કે મુલાકાતી ગણતા હોય. (કલમ ૪).

છૂટછાટ સંબંધી કલમમાં નીચેનાનો સમાવેશ થાય છે :

(ઙ) કલમ સાતની નેગવાઈઓને આધીન રહીને, એવી કોઈ પણ વ્યક્તિ જેનો જન્મ સંઘમાં દાખલ કરવામાં આવેલા દક્ષિણ આફ્રિકાના કોઈ પણ ભાગમાં થયેલો હોય;

(ચ) કલમ સાતની નેગવાઈઓને આધીન રહીને, એવી કોઈ પણ વ્યક્તિ જે પ્રવાસી અધિકારીને ખાતરી કરાવી આપે કે પોતે હજી પણ સંઘની અથવા તેના કોઈ પ્રાંતની ડોમિસાઈલ છે તેમ જ ત્યાં રહેવાનો તેને અધિકાર છે, તથા પોતે સંઘમાંથી ગેરહાજર રહી તે દરમ્યાન એવી વ્યક્તિ નથી બની ગઈ જેનું આ પહેલાંની છેલ્લી કલમના ફકરા (ગ), (ઘ), (ઙ), (ચ), કે (છ)માં વર્ણન કરવામાં આવેલું છે;

(છ) કલમ સાતની નેગવાઈઓને આધીન રહીને, એવી કોઈ પણ વ્યક્તિ જેના સંબંધમાં પ્રવાસી અધિકારીને પુરાવા ઉપરથી ખાતરી થઈ હોય કે તે નીચેના પ્રકારની વ્યક્તિની પત્ની અથવા સોળ વરસની નીચેની ઉંમરનું સંતાન છે :

Gandhi Heritage Portal

૧. એવી કોઈ પણ વ્યક્તિ જેને આ પહેલાંની છેલ્લી કલમના ફકરા (ક)માં વર્ણવેલી શ્રુતલેખનની પરીક્ષા પસાર કરવાને લીધે સંઘમાં પ્રવેશ કરવાની પરવાનગી મળી ગઈ હોય;

૨. એવી કોઈ પણ વ્યક્તિ જેનું વર્ણન આ કલમના ફકરા (ચ)માં કરવામાં આવ્યું છે; આમાં શરત એ છે કે ઉક્ત પત્ની અથવા સંતાન (જે હોય તે) આ પહેલાંની છેલ્લી કલમના ફકરા (ગ), (ઘ), (ઙ), (ચ) અથવા (છ)માં વર્ણવેલી વ્યક્તિઓના વર્ગનું હોવું નહીં જોઈએ. (કલમ ૫)[૧].

(૧) પ્રત્યેક નિષિદ્ધ પ્રવાસી, જે આ ધારો અમલમાં આવ્યા પછી સંઘમાં પ્રવેશ કરશે અથવા ત્યાં જોવામાં આવશે તે, ગુનેગાર ગણાશે અને ગુનો સાબિત થયા પછી નીચેની સજાઓને પાત્ર થશે :

(ક) દંડના વિકલ્પ વિનાની, ત્રણ માસથી વધારે નહીં એવી મુદતની, સાદી અથવા સખત મજૂરીની કેદ; અને

(ખ) પ્રધાને કાઢેલા વૉરંટને આધારે સંઘમાંથી ગમે તે સમયે હદપારી.

(૨) હદપાર થતા સુધી, નિષિદ્ધ પ્રવાસીને નિયમનથી ઠરે તેવી અટકાયતમાં રાખી શકાશે.

(૩) ઉપર પ્રમાણે કેદ અથવા અટકાયતમાં રખાયેલા નિષિદ્ધ પ્રવાસીના સંબંધમાં જો પ્રધાનશ્રીને સંતોષ થાય તે રીતની એવી બાંહેધરી આપવામાં આવે કે તે નિષિદ્ધ પ્રવાસી એક મહિનાની અંદર સંઘમાંથી ચાલ્યો જશે અને પાછો આવશે નહીં, તો તેને કેદમાંથી કે અટકાયતમાંથી છૂટો કરી શકાશે.

(૪) આવી કોઈ પણ સજા, નિષિદ્ધ પ્રવાસીને સંઘમાંથી કાઢી મૂકવામાં આવે કે તરત સમાપ્ત થયેલી ગણાશે. (કલમ ૬).

આ ધારો અમલમાં આવે ત્યારે અથવા તે પછી કોઈ વ્યક્તિ કોઈ અમુક પ્રાંતની ડોમિસાઈલ બનેલી હોય કે તેને ત્યાં વસવાનો અધિકાર મળેલો હોય તેમ છતાં, આ ધારાની કોઈ પણ કલમનો એવો અર્થ નહીં કરવામાં આવે કે જેને પરિણામે એ વ્યક્તિ રીતસર અધિકાર પ્રાપ્ત કર્યા વિના બીજા કોઈ પ્રાંતમાં પ્રવેશવાને કે વસવાને હકદાર થઈ શકે. બીજા કોઈ પ્રાંતમાં પ્રવેશવા કે વસવાનો અધિકાર પ્રાપ્ત કરવા માટે તેણે કલમ ૪ના ફકરા (ક)માં વર્ણવેલી શ્રુતલેખનની પરીક્ષા પસાર કરવી જોઈશે, અને એ પરીક્ષા પસાર કરવાની તેને ગમે તે વખતે ફરજ પાડી શકાશે. આ કાયદાના ઉદ્દેશોને લાગેવળગે છે ત્યાં સુધી, આવી દરેક વ્યક્તિ, જ્યાં સુધી તે ઉક્ત પરીક્ષા પસાર નહીં કરે ત્યાં સુધી, ઉક્ત અન્ય પ્રાંતની દૃષ્ટિથી નિષિદ્ધ પ્રવાસી ગણાશે અને આ પહેલાંની છેલ્લી કલમની જોગવાઈઓ, જરૂરી ફેરફાર સાથે, તેને લાગુ પડશે. (કલમ ૭).

(૧) સંઘમાં અથવા તેના કોઈ પ્રાંતમાં (જે વખતે જે સ્થળ હોય તેમાં) જ્યાં તેને રહેવાનું ગેરકાયદે હોય ત્યાં, કોઈ પણ નિષિદ્ધ પ્રવાસીને કોઈ વેપાર કે ધંધો ચલાવવા માટે પરવાનો મેળવવાનો અથવા પટ્ટાથી કે માલિકીહકથી જમીનમાં કે બીજી કોઈ સ્થાવર મિલકતમાં કોઈ પણ પ્રકારનો હિતસંબંધ પ્રાપ્ત કરવાનો હક મળશે નહીં.

(૨) આવો કોઈ પણ પરવાનો (જો તે કોઈ નિષિદ્ધ પ્રવાસીએ મેળવ્યો હશે તો) અથવા આ કલમનો ભંગ કરીને જેના વડે આવો કોઈ લાભ ઉઠાવાયો હોય તેવો કરાર, દસ્તાવેજ કે બીજો કોઈ કાગળ, નિષિદ્ધ પ્રવાસી ઉપર નિષિદ્ધ પ્રવાસી હોવાનો ગુનો સાબિત થતાં જ, રદ બાતલ ગણાશે. (કલમ ૮).

(૧) જેના વિષે વાજબી કારણોસર એવો શક જશે કે તે નિષિદ્ધ પ્રવાસી છે, તેવી દરેક વ્યક્તિને પ્રવાસી અધિકારી અથવા પોલીસ અધિકારી વગર વૉરંટે ગિરફતાર કરી શકશે; અને તેના ઉપર કાયદેસર કામ ચલાવી શકાય તે માટે તેને બનતી ત્વરાએ મૅજિસ્ટ્રેટની અદાલતમાં ખડી કરવામાં આવશે. (કલમ ૯).

પ્રવાસી અધિકારી સંઘમાં પ્રવેશ કરનાર કોઈ પણ વ્યક્તિને નિયમથી ઠરેલા પત્રકમાં એવી કબૂલાત આપવાની ફરજ પાડી શકશે કે તે પોતે અથવા જે તેની સાથે કોઈ વ્યક્તિ હોય તો તે વ્યક્તિ, નિષિદ્ધ

૧. આ જગાએ ઇન્ડિયન ઓપીનિયને ટીકારૂપે નીચેનું વાકય ઉમેરેલું છે. "ફકરા (ઘ), (ઙ), (ચ) અને (છ) અમુક રોગોથી પીડાતા અથવા અમુક ગુનાઓને લીધે સજા પામેલા લોકો વિષે છે."

Gandhi Heritage Portal

પ્રવાસી નથી. તે સાથે જ એ અધિકારી એ વ્યક્તિને એ કબૂલાતપત્રકમાં નિયમથી ઠરેલી બીજી વિગતો ભરવાનું તથા પત્રક દરેક રીતે પૂરેપૂરું લખી કાઢવાનું તથા એ કબૂલાતના સમર્થનમાં દસ્તાવેજી કે અન્ય પ્રકારના પુરાવા રજૂ કરવાનું ફરમાવી શકશે.

સામાન્ય રીતે સોગંદનામાંને કે પ્રતિજ્ઞાપૂર્વકનાં કે પ્રમાણિત કબૂલાતપત્રોને જે સ્ટૅમ્પડ્યૂટી લાગુ પડે તેવી કોઈ પણ સ્ટૅમ્પડ્યૂટી, આ સંબંધમાં અત્યારે સંઘમાં લાગુ પડતા કોઈ પણ કાયદામાં આથી ઊલટું લખ્યું હોય તેમ છતાં, આવા કોઈ પણ કબૂલાતપત્રકને લાગુ પડશે નહીં.

જે કોઈ પણ વ્યક્તિ માગણી થયા છતાં આ કલમની કોઈ પણ જોગવાઈનું પાલન કરવાનું ચૂકશે, અથવા કબૂલાતપત્રકમાં જે તે કોઈ પણ હકીકતને [જૂઠી જાણવા છતાં] સાચી તરીકે જાહેર કરશે અથવા ઉપર જણાવ્યા પ્રમાણેનો એવો પુરાવો રજૂ કરશે કે આપશે કે જે જૂઠો હોવાનું તે જાણતો હશે, તો તે ગુનેગાર ગણાશે. (કલમ ૧૮)

એવી કોઈ પણ વ્યક્તિ,

(ક) જેને આ ધારો અમલમાં આવતા પહેલાં કે તે પછી, તેની દ્વિતીય અનુસૂચિમાં ગણાવેલી જોગવાઈઓ પૈકી કોઈનું અથવા તે જોગવાઈઓના કોઈ સુધારાનું ઉલ્લંઘન કરવા બદલ સજા થયેલી હોય;

(ખ) જેને કોઈ પણ સરકારના પૂરેપૂરા અથવા થોડા ખર્ચે, સંઘમાંથી અથવા અત્યારે જેનો સંઘમાં સમાવેશ હોય તેવા તેના કોઈ પણ ભાગમાંથી હાંકી મૂકવામાં આવી હોય; અથવા જેના ઉપર સંઘમાંથી અથવા સંઘમાં જેનો સમાવેશ હોય તેવા તેના કોઈ પણ ભાગમાંથી ચાલ્યા જવાનો હુકમ કોઈ પણ કાયદા અન્વયે બજાવેલો હોય;–અને છતાં જે કાયદેસર અધિકાર મેળવ્યા વિના સંઘમાં કે તેના કોઈ ભાગમાં પાછી આવે અથવા જેણે એવા કોઈ હુકમની શરતોનું પાલન ન કર્યું હોય;

(ગ) જેણે, સંઘમાં કે કોઈ પ્રાંતમાં પ્રવેશ કરવાની પરવાનગી પ્રવાસી અધિકારી તરફથી નહીં મળવા છતાં, સંઘમાં કે તે પ્રાંતમાં પ્રવેશ કર્યો હોય;

(ઘ) જે પ્રવાસી અધિકારી સમક્ષ લેખી રૂપમાં કબૂલ કરે કે પોતે સંઘ અથવા કોઈ પ્રાંતને માટે નિષિદ્ધ પ્રવાસી છે;

તેને જો પહેલેથી અટકમાં નહીં લેવામાં આવી હોય તો વગર વૉરંટે ગિરફતાર કરી શકાશે અને પ્રધાનના વૉરંટને આધારે સંઘ અથવા પ્રાંતમાંથી (જે સ્થળ હોય તેમાંથી) બહાર કાઢી શકાશે; અને બહાર કઢાતાં સુધી, નિયમથી ઠરેલા પ્રકારની અટકાયતમાં પૂરી રાખી શકાશે. (કલમ ૨૧)

(૧) જો કોઈ વ્યક્તિ ઉપર આ કાયદાનો કે તેને અંગેના કોઈ નિયમનનો ભંગ કરવા બદલ ફરિયાદ થાય, તો પોતે એ પ્રકારે કાયદાનો ભંગ કરીને સંઘમાં કે કોઈ પ્રાંતમાં, પ્રવેશ કર્યો નથી, કે રહી નથી એ હકીકત સાબિત કરવાનો બોજો આરોપીને માથે રહેશે. (કલમ ૨૩)

(૧) આ ધારામાં કોઈ વિપરીત વિધાન કરેલું હોય તેમ છતાં પ્રધાન પોતાનો વિવેકાધિકાર વાપરીને કોઈ પણ નિષિદ્ધ પ્રવાસીને સંઘમાં અથવા કોઈ અમુક પ્રાંતમાં પ્રવેશવા અને રહેવા માટે, રહેવાની મુદત અંગેની અથવા બીજી શરતો પરવાનગીપત્રમાં લખીને, કામચલાઉ પરમિટ આપી શકશે.

(૨) જો કોઈ વ્યક્તિ સંઘમાં અથવા કોઈ પ્રાંતમાં કાયદેસર રીતે રહેતી હોય અને જો તેને ત્યાંથી બહાર જવું હોય અને પછી પાછા ફરવાનો જો તેનો ઇરાદો હોય, પણ જો તેને કોઈ કારણસર એવો ડર હોય કે પાછા આવ્યા પછી પોતે નિષિદ્ધ પ્રવાસી નથી એવું તેનાથી સાબિત થઈ શકશે નહીં, તો તેને પણ પ્રધાન પોતાનો વિવેકાધિકાર વાપરીને પરમિટ આપી શકશે. આ પેટાકલમમાં જણાવેલી પરમિટ, જે વ્યક્તિનું તેમાં નામ લખેલું હશે તેને, તેમાં જણાવેલી મુદત દરમ્યાન સંઘમાં અથવા અમુક પ્રાંતમાં (જે સ્થળ હોય તેમાં) પાછા આવવાનો અધિકાર સ્પષ્ટ શબ્દોમાં આપશે. પરંતુ પરમિટ કાઢી આપતાં પહેલાં પ્રધાન એ વ્યક્તિનાં નામ-ગામ સંબંધમાં તથા તેની ઓળખ સંબંધમાં નિયમથી ઠરેલા પુરાવા ને સાધનો રજૂ કરવાની માગણી કરશે. (કલમ ૨૫)

Gandhi Heritage Portal

(૧) ટ્રાન્સવાલના સને ૧૯૦૮ના કાયદા નં. ૩૬માં કશું વિપરીત વિધાન કરેલું હોય તેમ છતાં, જે વ્યક્તિને આ કાયદાની કલમ ૪ના ફકરા (૬)માં વર્ણવેલી શ્રુતલેખનની પરીક્ષા પસાર કરવાને પરિણામે સંઘમાં પ્રવેશવાની પરવાનગી મળી હોય તેને ટ્રાન્સવાલના ઉક્ત કાયદાની જોગવાઈઓ અનુસાર નોંધણી કરાવવાની ફરજમાંથી મુક્ત સમજવામાં આવશે.

(૨) કોઈ પણ વ્યક્તિ, જો તે ઑરેન્જ ફ્રી સ્ટેટની કાયદાપોથીના પ્રકરણ ૩૩માં વર્ણવેલા પ્રકારની વ્યક્તિ હોય, અને જો તેણે શ્રુતલેખનની પરીક્ષા પસાર કરીને સંઘમાં પ્રવેશવાની પરવાનગી મેળવી હોય, અથવા જો તેણે આ કાયદાની કલમ ૭ મુજબ શ્રુતલેખનની પરીક્ષા પસાર કરીને બીજા કોઈ પ્રાંતમાંથી ઑરેન્જ ફ્રી સ્ટેટમાં દાખલ થવાની રજા પ્રાપ્ત કરી હોય, છતાં તે વ્યક્તિ બધી બાબતોમાં ઉક્ત પ્રકરણ ૩૩ની કલમો ૭ અને ૮ની જોગવાઈઓને આધીન ગણાશે. (કલમ ૨૮).

તમામ સંસ્થાનોના પ્રવાસી કાનૂનો આથી રદ કરવામાં આવે છે; તે સાથે જ ટ્રાન્સવાલનો એશિયાઈ કાનૂન સુધારવા અંગેનો કાયદો એટલે કે ૧૯૦૭નો કાયદો નં. ૨, આખો રદ કરવામાં આવે છે – આ કાયદાનો જે ભાગ ટ્રાન્સવાલમાં કાયદેસર વસતાં સગીર બાળકોની નોંધણીને લાગુ પડે છે તેને આમાં અપવાદ સમજવો.

ઑરેન્જ ફ્રી સ્ટેટના કાયદા

ઑરેન્જ ફ્રી સ્ટેટના બંધારણના પ્રકરણ ૩૩ની કલમો ૭ અને ૮ આ નીચે આપવામાં આવી છે :

૭. આ કલમ પહેલાંની કલમોમાં જેનો ઉલ્લેખ છે તેવી કોઈ પણ બિનગોરી વ્યક્તિને (એટલે કે આરબ, ચીની, કુલી અથવા અન્ય પ્રકારની એશિયાઈ બિનગોરી વ્યક્તિને) અથવા તેના કોઈ પણ કાયદેસરના વારસને આ રાજ્યમાં પોતાને નામે સ્થાવર મિલકત નોંધાવવાનો કોઈ પણ સંજોગોમાં અધિકાર રહેશે નહીં.

૮. આ કલમ પહેલાંની કલમોમાં જેનો ઉલ્લેખ છે તેવી કોઈ પણ બિનગોરી વ્યક્તિને આ રાજ્યમાં, પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે વેપાર ધંધો કે ખેતી કરવાના હેતુથી વસવા માટે રાજ્યપ્રમુખ કોઈ પણ સંજોગોમાં પરવાનગી આપશે નહીં. અને આ રાજ્યમાં વસવાની પરવાનગી મેળવતાં પહેલાં, દરેક અરજદારે તે જે જમીન અધિકારી (લૅન્ડડ્રોસ્ટ)ને પોતાની અરજી આપે તેની સમક્ષ સોગંદપૂર્વક એક કબૂલાતનામું લખી આપીને તેના પર સહી કરવી પડશે. એમાં એણે જાહેર કરવું પડશે કે પોતે પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે આ રાજ્યમાં કોઈ વેપારધંધો કે ખેતી કરશે નહીં. અને આવી કોઈ પણ બિનગોરી વ્યક્તિ જો જે ધંધો કરવાના હેતુથી આ દેશમાં વસવા માટે પરવાનગી મેળવી હશે તેના કરતાં બીજો ધંધો કે વેપાર જો કરશે, તો તે આ કલમ પછીની કલમમાં જણાવેલા દંડ કે સજાને પાત્ર બનશે. (પહેલા ગુનાઓ માટે ૨૫ પાઉંડથી વધારે નહીં એટલો દંડ અથવા દંડ ન ભરે તો ત્રણ માસથી વધારે નહીં એટલી મુદતની સાદી કે સખત મજૂરીની કેદ; અને તે પછીના ગુનાઓ માટે દંડ અને કેદની સજા દરેક વખતે અમાણી કરવામાં આવશે.)

[મૂળ અંગ્રેજી]

ઇન્ડિયન ઓપીનિયન, ૩–૨–૧૯૧૨

Gandhi Heritage Portal

પરિશિષ્ટ ૧૪

ગાંધીજી ઉપર ગૃહખાતાના સેક્રેટરીનો તાર

જાન્યુઆરી ૩૧, ૧૯૧૨

આપના ગઈ કાલના તારના અનુસંધાનમાં કલમ પની વાત કરીએ તો કોઈ પણ કાનૂની અધિકાર છીનવાતો નથી, કેમ કે ગમે તેમ કરીશું તોપણ અધિકારીના હાથમાં વિવેકાધિકાર તો રાખવો જ પડશે. એણે વાપરેલા વિવેકાધિકાર ઉપર બોર્ડ ફરીથી વિચાર કરી શકે છે, અને આખરી નિર્ણય પ્રધાનશ્રીના હાથમાં છે. કલમ ૭થી હાલના કોઈ અધિકારોમાં ફરક પડતો નથી, કેમ કે આંતરપ્રાંતીય અવરજવર હજી પણ વહીવટી વિવેકાધિકારનો વિષય રહેશે. પરંતુ નિઃસંદેહ સૌ કોઈએ એટલું સમજી લીધું છે કે શક્ય હશે ત્યાં સુધી આવી અવરજવર બહુ જ મર્યાદિત કરી દેવામાં આવશે. આપ જાણો છો જ કે હાલના પ્રવાસી કાયદાઓ નીચે આ જ નીતિનો અમલ થઈ રહ્યો હતો. નાતાલમાં ડોમિસાઈલનાં પ્રમાણપત્રો કઢાવવા સંબંધમાં, એ કઢાવવાનું મરજિયાત હતું, અને પ્રધાનશ્રી સમક્ષ વારંવાર ફરિયાદો થયેલી છે કે એ પ્રમાણપત્રોનો દુરુપયોગ થયો છે. નોંધણી અને ઓળખની પ્રથા રાખ્યા વિના ડોમિસાઈલનાં પ્રમાણપત્રો આપવાનું ચાલુ રાખવું એ અશક્ય વાત છે, કેમ કે ઘણી વાર એ પ્રમાણપત્રો બીજા લોકો જેમને એ મેળવવાનો અધિકાર હોતો નથી તેમને આપી દેવામાં આવે છે. પરમિટો આપવાની જે પ્રથા કેપમાં હાલ ચાલે છે તે સંબંધમાં કંઈ બધી જગ્યાએ અનુસરવામાં આવતી નથી. અને પ્રધાનશ્રી ખાતરીપૂર્વક માને છે કે, જો આ પ્રથાનો વહીવટ સારી રીતે ચલાવવામાં આવે તો જે હિંદીઓ લાંબા કે ટૂંકા સમય માટે પોતાના કે પારકા દેશની મુલાકાતે જવા ઇચ્છતા હોય તેમને તે જરૂર સંતોષ આપી શકે. કલમ ૨૮ બાબતમાં કહેવાનું કે, સોગનપૂર્વક કબૂલાત લખી આપવી એ ઇમિગ્રેશન અંગેની શરત નથી. એ કલમ કેવળ એટલા માટે રાખવામાં આવી છે કે, ફ્રી સ્ટેટમાં દાખલ થનાર વ્યક્તિ, એને લઈને ખેતી કે વેપારમાં હાથ નાખતી અટકે. હકીકત આમ હોવાથી, એની સામે શો વાંધો હોઈ શકે તે પ્રધાનશ્રીની સમજમાં આવતું નથી. જો એટલું કબૂલ રાખવામાં આવતું હોય કે એશિયાઈ લોકોએ એ પ્રાંતમાં વેપાર કે ખેતી કરવી નહીં જોઈએ એ એ શરત વાજબી છે, તો પછી તેમની પાસેથી એ મતલબનું લખાણ કરાવી લેવું એ પણ બિલકુલ વાજબી જ ગણાવું જોઈએ.

[મૂળ અંગ્રેજી]

ટાઇપ કરેલી નકલની છબી પરથી એસ. એન. ૫૬૧૯

પરિશિષ્ટ ૧૫

ગાંધીજી ઉપર ગૃહખાતાના સેક્રેટરીનો તાર

ફેબ્રુઆરી ૭, ૧૯૧૨

૬/ઈ. અનુસંધાન આપનો ૧લી ફેબ્રુઆરીનો તાર. લાગે છે કે આપના મગજમાં કંઈક ગેરસમજ થયેલી છે. બિલમાં કોઈ પણ સ્થળે કાયદાની અદાલતોને અધિકાર ક્ષેત્રમાંથી બાતલ રાખવામાં આવી નથી, અને એમ માનવું એ ભૂલ છે કે કલમ ૫ અથવા બીજી કોઈ કલમ અનુસાર આખરે કાયદાની અદાલતમાં અપીલ નહીં કરી શકાય. ડોમિસાઈલના પ્રમાણપત્રની વાત લઈએ તો સમસ્ત સંઘમાં આવી એક વ્યવસ્થા દાખલ કરવી એ તદ્દન અશક્ય વાત છે. નાતાલમાં પણ આ પ્રમાણપત્રોનો ઘોર દુરુપયોગ થયેલો છે, અને એક હજારથી વધુ પ્રમાણપત્રો બિનઅધિકારી લોકો પાસે પકડાયાં છે અને જપ્ત થઈ ચૂકયાં છે. પ્રવાસીએ લખી આપવાના કબૂલાતનામા સંબંધમાં પ્રકરણ ૩૩ની કલમ ૮ને લીધે જે પ્રશ્ન ઊભો થાય છે, તે સંબંધમાં ઑરેન્જ ફ્રી સ્ટેટ કેટલીક મુશ્કેલીઓ બતાવે છે અને ખાતું એ સંબંધમાં ન્યાયખાતાના અધિકારીઓનો અભિપ્રાય લઈ રહ્યું છે. આ કલમ બિલમાં જે રીતે રજૂ થયેલી છે તે જોતાં કબૂલાતનામું લખાવી લેવાની

Gandhi Heritage Portal

હજી પણ ફરજ પાડી શકાય કે કેમ તે વાત શંકાસ્પદ લાગે છે. આશા છે કે આ ખુલાસા સાથે બિલની જોગવાઈઓ સ્વીકારવા યોગ્ય નીવડશે, કેમ કે ભેદભાવવાળી જોગવાઈઓ વિનાનો એક સામાન્ય પ્રવાસી કાનૂન પસાર કરાવવાના બીજા કોઈ પ્રયાસો થાય તેવો સંભવ બહુ ઓછો છે. દક્ષિણ આફ્રિકાના તમામ ભાગોના લોકોને ઉગ્ર રીતે ઉત્તેજિત કરનાર આ પ્રશ્ન સંબંધમાં છેવટનું સમાધાન કરાવવા પ્રધાનશ્રીએ પોતાનાથી બનતું કર્યું છે, એટલે તેઓ આશા રાખે છે કે આ પ્રશ્ન સાથે સીધો સંબંધ ધરાવનાર લોકો એમના પ્રયત્નોને ટેકો આપશે, અને એવી આશા વ્યક્ત કરવાનું સાહસ કરે છે કે આપ આપના દેશબંધુઓ ઉપર આપની પાકી લાગવગનો ઉપયોગ આ લક્ષ્યને ધ્યાનમાં રાખીને કરશો. બિલમાં ભેદભાવ-ભરી જોગવાઈઓ રખાઈ નથી, અને પ્રતિષ્ઠા અને સ્વમાનના જે મુદ્દાઓ ઉપર આપ હંમેશાં સૌથી વધારે ભાર મૂકતા આવ્યા છો તેને પણ તે સંતોષે છે.

[મૂળ અંગ્રેજી]

ટાઇપ કરેલી નકલની છબી પરથી : એસ. એન. ૫૬૧૯

પરિશિષ્ટ ૧૬

ગાંધીજી ઉપરનો લેનનો પત્ર

કેપટાઉન,
મે ૧૪, ૧૯૧૨

વહાલા મિ. ગાંધી,

પ્રધાનશ્રીએ મને આજ્ઞા કરી છે કે મારે આપના ૨૪મી ફેબ્રુઆરીના પત્ર તરફ આપનું ધ્યાન ખેંચવું. એ પત્રમાં આપે દરખાસ્ત કરેલા પ્રવાસી બિલના સંબંધમાં આપના વકીલે આપેલા એક અભિપ્રાયનો ઉલ્લેખ કર્યો છે. આ સંબંધમાં જનરલ સ્મટ્સની આજ્ઞા છે કે અત્યારે પાર્લમેન્ટ સમક્ષ પ્રવાસી બિલનો જે ખરડો રજૂ થયો છે તેની કલમ ૨૮ની પેટાકલમ ૨ની જગાએ તેઓ જે નવી પેટાકલમનો ખરડો ઉમેરવા માગે છે તેની એક નકલ મારે આપને જાણ માટે મોકલી આપવી. આપને યાદ હશે કે એ કલમ જે સ્વરૂપે રજૂ થઈ હતી તેની જોગવાઈઓ અનુસાર કેળવાયેલા એશિયાઈ પ્રવાસીઓને પણ, ઑરેન્જ ફ્રી સ્ટેટના કાયદાઓના પ્રકરણ ૩૩ની કલમ ૮ અનુસાર જે જરૂરી છે તે કબૂલાતનામું લખી આપવું પડશે કે કેમ તે નિશ્ચિત નહોતું; એટલે એ બાબતમાં કશા ચોક્કસ નિર્ણય પર આવતાં પહેલાં તપાસ કરી લેવાનું ખાતાએ માથે લીધું હતું.

આ બાબત ઉપર વિચાર કરવામાં આવ્યો છે અને આ પત્રની સાથે જે સુધારો મોકલાઈ રહ્યો છે તે બિલમાં અત્યારે જે સ્વરૂપે કલમ મોજૂદ છે તેના વિકલ્પ તરીકે તૈયાર કરવામાં આવેલો છે. કાનૂની સલાહકારોનો મત એવો છે કે જો કબૂલાતનામાની શરતો બિલમાં જ સમાવી લેવામાં આવે તો ઉક્ત પ્રકરણની અનુસૂચિ રમાં આપેલું કબૂલાતનામું પૂરું ભરવાની જરૂર રહેશે નહીં.

આપે ડોમિસાઈલનો જે પ્રશ્ન ઉઠાવ્યો છે, તે સંબંધમાં મારે કહેવાનું કે પ્રધાનશ્રી એક એવી કલમ ઉમેરવા માગે છે જેનાથી આ બાબતની તમામ શંકાઓનું નિવારણ થશે, અને તે કારણે તેને આપનો ટેકો મળી રહેશે.

પ્રધાનશ્રી આ બિલ ખૂબ જ ટૂંકી મુદતમાં લોકસભામાં (એસેમ્બલીમાં) રજૂ કરવા ધારે છે; એટલે આપને અત્યારે જે સુધારો મોકલ્યો છે તે વિષે આપના વિચારો જો જલદી મોકલી આપશો તો મને આનંદ થશે.

આપનો સાદર,
અર્નેસ્ટ એફ. સી. લેન

[મૂળ અંગ્રેજી]

ટાઇપ કરેલી મૂળ નકલની છબી પરથી : એસ. એન. ૫૬૫૦-૧

Gandhi Heritage Portal

પરિશિષ્ટ ૧૭

યુનિયન પાર્લમેન્ટમાં ઇમિગ્રેશન બિલ પર સ્મટ્સનું ભાષણ

કેપટાઉન,
મે ૩૦, ૧૯૧૨

તા. ૩૦મી મેએ સાંજરે મુલકી પ્રધાન તરીકે જનરલ સ્મટ્સે ઇમિગ્રેશન બિલનું બીજું વાચન પાસ કરવાની દરખાસ્ત કરી. તેમ કરતાં તેમણે જણાવ્યું કે આ બિલ સંબંધમાં ટ્યુબકર્યુલોસિસ કમિશનને જે સૂચનાઓ અગત્યની લાગતી હોય તે કરવા સૂચવવામાં આવ્યું હતું. કમિશનનો રિપોર્ટ કીમતી છે. તેણે કરેલી ભલામણનો કેટલોક ભાગ સભા કબૂલ રાખે એવો લાગે છે. દક્ષિણ આફ્રિકાની નજરથી જોતાં જોકે આ બિલ સૌથી વધારે અગત્યનું નથી, છતાં વિશાળ રીતે જોઈએ તો તે અગત્યનું અને વહેલું પાસ કરવા જેવું છે. બિલમાં જે સવાલો ઉઠાવવામાં આવેલા છે તે શહેનશાહતની નજરથી બહુ ઉપયોગના છે. એશિયાટિકો અને એશિયાટિક ઇમિગ્રેશન સંબંધમાં, ખાસ કરીને દક્ષિણ આફ્રિકાના હિંદીઓ સંબંધમાં, બ્રિટિશ સરકારની સાથે

૧૯૧૦માં થયેલી સમજૂતી

અમલમાં મૂકી કાયદારૂપ કરવાને આ બિલથી ધારણા રાખવામાં આવી છે. આ બિલ દક્ષિણ આફ્રિકામાં ગોરાઓની આવજાવની વ્યવસ્થા કરવા માટે જ નથી, પણ દક્ષિણ આફ્રિકામાં એશિયાટિકોની આવજાવના કાંઈક ગૂંચવાડાભરેલા સવાલનો નિકાલ લાવવા માટે પણ છે. દક્ષિણ આફ્રિકાની એશિયાટિક અને ખાસ કરીને હિંદી વસ્તીએ એવું વલણ લીધું હતું કે જેમાં તેમને વડી સરકાર તથા હિંદી પ્રધાન તરફથી ટેકો મળ્યો છે. તેઓ એવો દાવો કરે છે કે દક્ષિણ આફ્રિકાના કાયદાઓની અંદર ગોરાઓની અને તેમની વચ્ચે ભેદ ન પાડવો જોઈએ. કારોબારી રીતે એટલે કે કાયદાના અમલમાં તફાવત પાડવામાં આવે તેની સામે તેને વાંધો નથી. પણ આ મુલકના કાયદાઓની અંદર તેમના પર કલંક મૂકવામાં આવે તેની સામે તેઓ વાંધો ઉઠાવે છે અને સખત રીતે લડે છે. આ વલણમાં બ્રિટિશ સરકારે તેને ટેકો આપ્યો છે. આ બાબતમાં સભાસદો સારી પેઠે જાણે છે તેમ સરકારને ઘણી માથાકૂટ પડી છે, ઘણો પત્રવહેવાર ચાલ્યો છે, અને ત્યાર બાદ જ

નમતું મૂકવામાં આવ્યું છે.

આપણે કબૂલ રાખ્યું છે કે દેશના કાયદાઓમાં કોઈ કોમી ભેદ નહીં હોવા જોઈએ, પણ જે કાયદાઓ પાસ કરીએ તેના અમલમાં ભેદ પાડી શકીએ. આ દેશમાં ઇમિગ્રેશન કાયદાનો અમલ કરવાનું કામ મુસીબતો ભરેલું છે. કેમ કે, એક તરફથી આપણે ગોરા લોકોના ઇમિગ્રેશનને ઉત્તેજન દેવા આતુર છીએ, ત્યારે બીજી તરફથી એશિયાટિકોને બાતલ રાખવા આતુર છીએ. તેથી આપણે એવો કાયદો પાસ કરવાનો છે કે જેના શબ્દો બધાને એકસરખી રીતે લાગુ પડે, પણ અમલમાં અમુક લોકોને દાખલ કરે અને બીજાની અટકાયત કરે. આ એક ચિનાઈ ઉખાણું છોડવા જેવી વાત થઈ. ઘણો વિચાર કરીને સરકારે એવો વિચાર કર્યો છે કે વડી સરકારના કોલોની ખાતાએ જે સૂચના કરી છે, અને જેને હિંદી સરકારે ટેકો આપ્યો છે તે કબૂલ રાખવી, અને ઑસ્ટ્રેલિયાની કેળવણીની પરીક્ષા દાખલ કરવી. દેખીતી રીતે આ બહુ અઘરી પરીક્ષા છે. પણ તે એવી પરીક્ષા છે કે એક દાખલામાં સખતાઈથી અને બીજા દાખલામાં નરમાશથી લાગુ પાડી શકાય. એટલે કે ગોરાઓને આવવા દેવાય અને એશિયાટિકોને બાતલ રખાય. તે ઑસ્ટ્રેલિયાની પરીક્ષા એ બિલની મુખ્ય કલમ છે, અને તે ઉપર

ભારે તકરાર ચાલવાનો સંભવ

છે. દેખીતી રીતે સરકારના હાથમાં બેહદ સત્તા મુકાય છે; છતાં સરકાર વતી કહેવાને હું તૈયાર છું કે આ કાયદાનો અમલ ગોરાઓને દાખલ કરવાને આજના કરતાં વધારે સખત કરવાનો બિલકુલ ઇરાદો નથી.

Gandhi Heritage Portal

ઇરાદો ઊલટાનો અમલ નરમ કરવાનો છે. ભૂતકાળમાં હાલના કાયદાની રૂએ માત્ર કેળવણી સંબંધી લાયકાત ઉપર વધુ પડતો ભાર દેવામાં આવતો. એક માણસ આ મુલકમાં આવવા માંગતો હોય, અને શરીરે તેમ જ બીજી રીતે લાયક હોય છતાં તેને યુરોપની કોઈ ભાષામાં પરીક્ષા આપવી પડતી. આમાંની કેટલીક ભાષા સાથે આ મુલકમાં તેમને બિલકુલ લેવાદેવા નથી. એક માણસને જુઈશ ભાષાનું ઊંચું જ્ઞાન હોય તેથી તેની લાયકાત મને કાંઈ જણાતી નથી. રશિયન અને બીજી ઘણી ભાષાઓના સંબંધમાં આમ જ છે. આ મુલકમાં આપણને જોઈએ છે તે એ છે કે દાખલ થવા માગનારની ચાલચલણ સારી હોવી જોઈએ. તે સિવાય બીજી બાબતમાં ઇમિગ્રેશન ખાતાનું કામ

હાલના કાયદાઓની માફક જ ચલાવવામાં આવશે.

હું કહેવાને તદ્દન તૈયાર છું કે અગાઉ લેવાયેલી હતી તેથી વધારે કઠણ પરીક્ષા ગોરાઓના એક પણ દાખલામાં લેવામાં આવશે નહીં. હિંદી અને એશિયાટિક વસ્તીની બાબતમાં જે કરવાનું છે તે એ છે કે બ્રિટિશ સરકાર સાથે થયેલી સમજૂતી અમલમાં મૂકવી, એટલે કે દક્ષિણ આફ્રિકામાં કેળવાયેલા અને પ્રોફેશનલ (વકીલ, દાક્તરો વગેરે,) એશિયાટિકની એક નાની સંખ્યાને વરસે વરસે આવવા દેવી. આ નાની સંખ્યાને મુકરર કરવામાં આવશે, અને બીજાઓના સંબંધમાં એવી વ્યવસ્થા કરવામાં આવશે કે જેથી આ મુલકમાં એશિયાટિકોનો બિલકુલ ધસારો થવા પામે નહીં.

મિ. જેગરે સવાલ પૂછ્યો કે બ્રિટિશ સરકારે આ બિલ જોયું છે?

મુલ્કી પ્રધાને જણાવ્યું કે આ બાબતમાં સભાને અસર કરે એવું કાંઈ હું કહેવા માગતો નથી. વડી સરકારે બિલ જોયું છે, અને તે કાયદાના દફ્તર પર મુકાયેલું જોવા બહુ ઇતેજાર છે. તેમણે

ડોમિસાઈલ થયેલા લોકોના સંબંધમાં

એક વાંધો ઉઠાવ્યો છે, જે સુધારા તરીકે દાખલ કરવાનો મારો ઇરાદો છે. હિંદુસ્તાનની સરકારે પણ આ બિલ જોયું છે, કબૂલ રાખ્યું છે, અને તે તુરત અહીંના કાયદાઓમાં દાખલ થાય એવી ઇચ્છા બતાવી છે. આગળ ચાલતાં જનરલ સ્મટ્સે કહ્યું કે બિલમાં, કોને પ્રોહિબિટેડ ઇમિગ્રન્ટ કહેવા અને કોને નહીં એ સંબંધી કલમો આવે છે. આ સંબંધમાં કહેવાનું કે ટ્યુબકર્યુલોસિસ કમિશને કરેલી સૂચના પ્રમાણે એક પેટાકલમ દાખલ કરવામાં આવશે. તેના વડે ક્ષય રોગના દરદથી પીડાતા ઇમિગ્રન્ટો અમુક સ્થિતિમાં ઊતરી શકશે. એ દર્દીઓને દાખલ થવા દેવા કે નહીં એ વિષે આ મુલકમાં મતફેર છે, પણ દરદનો હુમલો કેવો છે તેનો વિચાર રાખ્યા વગર જ બધાને અટકાવવા એ તો તકલીફભરેલું થઈ પડે. તેથી કમિશને એવો નિર્ણય કર્યો છે કે આવા લોકો અમુક સ્થિતિમાં, અને અમુક ધારા પાળે તો જ આવી શકે. કમિશનની સૂચનાઓનો આ ભાગ હું દાખલ કરવા માગું છું. આ મુલકમાંથી આ દરદને આપણે હાંકી કાઢવા માગીએ છીએ. તેથી આપણાં બંદરો પર આ કામની આપણે શરૂઆત કરી શકીએ છીએ. બિલમાં કેટલાક અપવાદો પણ દાખલ કરવામાં આવ્યા છે; એટલે કે અમુક વર્ગના લોકોને આ મુલકમાં આવવાની છૂટી રહેશે, અને તેઓ આ બિલની કલમો તળે બિલકુલ નહીં આવે. આ સંબંધમાં ગયા વરસની કલમોમાં કાંઈક વધારો કરવામાં આવ્યો છે, એટલે હવે

બધા સાઉથ આફ્રિકનો

પોતાનાં બૈરાંછોકરાં સાથે બહારથી દાખલ થવા શક્તિમાન થશે. મજૂરોને દાખલ કરવાના સંબંધમાં એક પેરેગ્રાફ સંબંધમાં ખાણોવાળાએ થોડો મતફેર બતાવ્યો હતો. તેથી પમી કલમમાં એવો ઉમેરો કરવામાં આવ્યો છે કે પોર્ટોશની સરકાર સાથે થયેલી સમજૂતી પ્રમાણે આવનાર પ્રોહિબિટેડ ઇમિગ્રન્ટ નહીં ગણાય. (અહીં બસુટોલેન્ડમાંથી આવનાર નેટિવ અથવા ન્યાસાલેન્ડમાંથી આવનાર મજૂર કેમ પ્રોહિબિટેડ ઇમિગ્રન્ટ ગણાતા અટકાશે એ સમજ પાડવામાં આવી.) આ બિલ તળે બીજો અગત્યનો મુદ્દો તે

દક્ષિણ આફ્રિકાના એક બીજા પ્રાંતમાં

એશિયાટિકોની આવજાવ સંબંધી છે. ભવિષ્યમાં યુનિયનમાં મોટા પાયા ઉપર આવતા આ લોકોને અટકાવી શકાશે. છતાં એકબીજા પ્રાંતો વચ્ચે આવજાવનો અઘરો સવાલ રહ્યો છે. અને આ એક સવાલ વિષે પણ વડી સરકારે ભાર દઈને મને કહ્યું છે. ટ્રાન્સવાલ અને ફ્રી સ્ટેટમાં એશિયાટિકોને લગભગ

Gandhi Heritage Portal

બિલકુલ આવવા દેવામાં આવતા નથી. પણ કેપ અને નાતાલના કાયદા તળે એશિયાટિકોને બીજા પ્રાંતમાંથી અથવા દેશપારથી કેળવણીની પરીક્ષા આપીને દાખલ થવાનું સંભવિત છે. નાતાલના હિંદી જેઓ કેપમાં જવા માગે છે તેમણે કેપના કાયદા તળે માત્ર સહેલી પરીક્ષા પસાર કરવી પડે છે, અને તેવી જ રીતે ટ્રાન્સવાલ અને કેપના હિંદી નાતાલમાં જવા માગે તો નાતાલના કાયદા તળે તેવી જ પરીક્ષા પાસ કરીને દાખલ થઈ શકે છે. કેપ અથવા નાતાલમાં એશિયાટિકોના ઇમિગ્રેશન સંબંધમાં આજ સુધી કાયદો હતો નહીં, ત્યારે ટ્રાન્સવાલ અને ફ્રી સ્ટેટમાં એશિયાટિકોને દાખલ થવાની બંધી છે, તેથી માનવંત સભાસદો મુશ્કેલી સમજી શકશે. બ્રિટિશ સરકારે માગણી કરી છે કે આ બિલના અમલથી એશિયાટિકોની સ્થિતિ

હાલના કરતાં વિશેષ ખરાબ કરવી નહીં.

ટ્રાન્સવાલમાં અમારો હાથ છૂટો છે, અને યુનિયનના બીજા પ્રાંતોમાંથી આ પ્રાંતમાં દાખલ થતાં તેમને ટ્રાન્સવાલમાં અમે અટકાવી શકીએ છીએ. આ કાયદાને અંદરના પ્રાંતો માટે પણ લાગુ પાડવામાં આવનાર છે, છતાં તેનો અમલ, હાલના કાયદા તળે જે સ્થિતિ છે તે કરતાં વધારે ખરાબ સ્થિતિ ઊભી થાય એવો કરવામાં આવનાર નથી. સવાલ એ ઊભો થાય છે કે જો બિલ પાસ થાય તો

ફ્રી સ્ટેટ જેવા પ્રાંતમાં શું સ્થિતિ થશે?

સ્થિતિ એ થશે કે આ કાયદા તળે અમુક સરકારે મુકરર કરેલી સંખ્યામાં એશિયાટિકોને જે તેઓ કેળવાયેલા કે વકીલ ડૉક્ટર હશે તો દર સાલ યુનિયનમાં દાખલ થવા દેવામાં આવશે.[૧] આ લોકોને યુનિયનમાં દાખલ થવા દેવામાં આવશે, અને તેઓ યુનિયનના કોઈ પ્રાંતમાં જવા ચાહતા હશે તો ફ્રી સ્ટેટમાં પણ વસવા તેમને છૂટી મળશે; છતાં ફ્રી સ્ટેટના હાલના કાયદાથી તેમને જમીન ધરાવતા કે વેપારરોજગાર વગેરેના ધંધા કરવાની બંધી છે, તે બંધી કાયમ રહેશે, અને તેથી કેળવાયેલ એશિયાટિકો ત્યાં જવા માગશે તો તેમને તે લાગુ પડશે. જો ૮મી કલમ સંપૂર્ણ રીતે સંતોષકારક નહીં લાગે તો, એવો સુધારો દાખલ કરવા હું તૈયાર છું, કે જેથી આ લોકો યુનિયનમાં ગમે ત્યાં, ફ્રી સ્ટેટમાં પણ જઈ શકે, છતાં ફ્રી સ્ટેટમાં હાલના કાયદા તળે તેઓ જે હક નથી ભોગવી શકતા તે ન ભોગવી શકે એ વધુ સ્પષ્ટ થાય. એટલે

ફ્રી સ્ટેટમાં એકંદર પરિણામ

એ આવશે કે ગોરાઓની નજરે જોતાં સ્થિતિ વધારે સલામત થશે. કેમ કે ફ્રી સ્ટેટનો હાલનો કાયદો તો ખરેખર બહુ નરમ છે. તેમાં એવું કહ્યું છે કે એશિયાટિકો ફ્રી સ્ટેટમાં આવી શકે, પણ બે મહિના થતાં તેણે ત્યાં વસવાટ કરવાને રજા મેળવવી જોઈએ, જો રજા મળે તો રહી શકે. આમ દરવાજો તો ખુલ્લો રહે છે. એશિયાટિકો ફ્રી સ્ટેટમાં આવે છે અને બે માસ પછી તેને રજા મળે છે. આ બહુ કમનસીબ વાત કહેવાય. કેમ કે જો લોકોને કોઈ પ્રાંતમાં દાખલ થતા અટકાવવા હોય તો દરવાજેથી જ અટકાવવા એ સરસ રસ્તો છે. જો એક વખત તેઓ પ્રાંતમાં આવ્યા તો પછી તેમને ખસેડવાનું મુશ્કેલ છે. એટલે નવા બિલથી ફ્રી સ્ટેટની સ્થિતિ વધારે સલામત થશે.

કારોબાર

ની બાબત પર આવતાં મુલકી પ્રધાને જણાવ્યું કે આ બાબતમાં વારંવાર અસંતોષ ઊભો થયો છે. આ ખાતાના અમલદારો કાબેલ અને મહેનતુ છે, પણ તેઓ માણસ છે, અને તેથી બેશક કોઈ કોઈ વાર ભૂલ કરે છે. તેથી લોકોમાં કાંઈક ખળભળાટ થવા પામે છે. અમલદારોના ચુકાદાથી જે ટીકાઓ થાય છે તે ટીકા થવા વારો ન આવે એવું કરી શકાય છે, અને તેથી અમુક અમુક મથકો ખાતે સલાહકાર બોર્ડો સ્થાપવા મેં વિચાર કર્યો છે. રેલવે રસ્તે તથા દરિયારસ્તે યુનિયનમાં દાખલ થવાનાં બધાં મથકોએ

૧. ઉપરનો મુદ્દો ઉતારવામાં કંઈક ભૂલ થયેલી જણાય છે. પરંતુ સ્મટ્સે જે કહ્યું છે તે એ લાગે છે કે ફ્રી સ્ટેટમાં માત્ર એવા જ એશિયાઈઓને દાખલ થવા દેવામાં આવશે અને બીજાઓને નહીં, કે જેમણે સંઘ સરકારે ઠરાવેલી પ્રવેશની પરીક્ષા પસાર કરી હશે.

Gandhi Heritage Portal

બોર્ડ સ્થાપવાનું અસંભવિત છે, પણ કેપટાઉન અને ડરબનમાં બોર્ડ સ્થાપી શકાય કે જેની પાસે ઇમિગ્રેશન અમલદારથી દાખલ થતાં અટકાવાયેલો માણસ પોતાનો કેસ ફરીથી વિચાર કરવા લઈ જઈ શકે. આ બોર્ડો એવાં બનાવવામાં આવશે કે જેથી અપીલોનો ઇન્સાફથી અને નિષ્પક્ષપાત રીતે નિર્ણય થાય. બિલમાં થોડાક સુધારા કરવાની જરૂર પડશે. જેવા કે દક્ષિણ આફ્રિકામાં ડોમિસાઈલ થયેલા માણસને કોર્ટમાં અપીલ લઈ જવાનો હક મળે. બાદ તેમણે બીજું વાચન પાસ કરવા દરખાસ્ત કરી.

[મૂળ ગુજરાતી]

ઇન્ડિયન ઓપીનિયન, ૮–૬–૧૯૧૨

પરિશિષ્ટ ૧૮

કામચલાઉ સમાધાન વિષે ઉમરાવ સભામાં લૉર્ડ એમ્પ્ટહીલનું ભાષણ[1]

લંડન,
જુલાઈ ૧૭, ૧૯૧૨

લૉર્ડ સાહેબો,

હું ભાષણ કરીને આપ સહુનો વખત રોકવા નથી માગતો. પણ મારા નામથી જે સવાલ ઓળખાય છે તેના ખુલાસા તરીકે મારે બે બોલ કહેવા જોઈએ. મારે આ સવાલો ઉઠાવવા પડ્યા છે, કેમ કે દક્ષિણ આફ્રિકાના હિંદીઓની હાડમારીના આ અત્યંત અગત્યના સવાલમાં જેઓ કાળજી ધરાવે છે તેને કૉલોનીના પ્રધાન પાસેથી ખબરો મેળવવાને બીજું કોઈ સ્થાન નથી. આપ સાહેબોને યાદ હશે કે કૉલોનિયલ પ્રધાન આમની સભાના કેટલાક સભાસદોને તાબાનાં સંસ્થાનોમાં મુસાફરી કરવા લઈ ગયા હતા, પણ તેઓની સફર એટલી તો રસભરી અને લાંબી નીવડી કે બીજાં સંસ્થાનોમાં જવાની તક મળી નહીં. આપણામાંના જેઓ કેટલાંક વરસ થયાં એ સવાલ વિષે કાળજી ધરાવે છે તેઓને હાલમાં ભારે ચિંતા થઈ પડી છે. તે ચિંતાનાં બે કારણ છે: પહેલું તો એ કે જે સમાધાનીનું વચન એટલા બધા વખત અગાઉ એટલી બધી ચોક્કસ રીતે, અને એટલી બધી આશાભરેલી રીતે અપાયું હતું તે ફરી મુલતવી રહ્યું છે; બીજું કારણ એ છે કે તે સમાધાનીનું કામ હવે બીજાના હાથમાં આવેલું છે. અગાઉના મુલકી પ્રધાન જનરલ સ્મટ્સે અંગત રીતે એવી સમાધાની કરવાનું વચન આપ્યું હતું, કે જે આપણા ધારવા પ્રમાણે દક્ષિણ આફ્રિકાની હિંદી કોમને જ નહીં પણ વડી સરકાર તેમ જ હિંદી સરકારને સંતોષકારક જણાયું હતું. પણ હવે કમનસીબે બિલ મુલતવી રહ્યું છે, અને મુલકીખાતાની જગ્યા બીજાના હાથમાં ગયેલી છે. મારા ધારવા મુજબ તે મિ. ફિશરના હાથમાં ગયેલી છે કે જેને વિષે આપણે એવું જાણીએ છીએ કે જનરલ સ્મટ્સ કરતાં તે હિંદીઓ સાથે ઓછી મિત્રતા બતાવે છે—હું એથી બીજી રીતે કહીશ નહીં. અમે ખાસ જાણવા માગીએ છીએ કે નવા મુલકી પ્રધાનના આવવાથી સમાધાનીમાં કંઈ ફેરફાર થશે શું, અને વળી અલબત્ત એ પણ જાણવા માગીએ છીએ કે તેને મુલતવી રાખવાની કેમ જરૂર પડી?

આપ સાહેબોને યાદ હશે કે એક વરસ અગાઉ તે વખતના કૉલોનિયલ પ્રધાન અને આ સભાના નાયક માર્કિવસે બહુ મક્કમ રીતે અને આશાભરેલી રીતે ખાતરી બતાવી હતી કે સમાધાની નજીક આવી છે, અને તે અમલમાં આવશે એવો તેને ભરોસો છે. તે સમાધાની શું હતી એ આ સાહેબોને હું યાદ આપીશ. તેનો મુદ્દો ટ્રાન્સવાલ પ્રાંતનો ૧૯૦૭નો ૨ જો કાયદો કે જે દક્ષિણ આફ્રિકાના આપણા હિંદી ભાઈઓનાં દિલને બહુ દરદ કરતો હતો તે નાબૂદ કરવો એ હતો. તે કાયદો કંઈ કામનો નહીં હોવાથી અને ત્યાંના હિંદીઓની લાગણી દુભાવનારો હોવાથી નાબૂદ થવાનો હતો. વળી સગીરના હકોનું રક્ષણ

૧. ઉમરાવ સભામાં તા. ૧૭મી જુલાઈએ દક્ષિણ આફ્રિકાના હિંદીઓની હાલત સંબંધી સવાલ ઊઠતાં લૉર્ડ એમ્પ્ટહીલે જે ભાષણ આપ્યું હતું તેના પૂરા હેવાલનો તરજુમો.

Gandhi Heritage Portal

કરવામાં આવનાર હતું તથા કૉલોનીમાં કોઈ તરેહનો કોમી ભેદ ન હોવો જોઈએ, એ મુદ્દાથી એશિયાટિકોની સામે અટકાયત મૂકવાની પણ વ્યવસ્થા કરવામાં આવી હતી કે જે એશિયાટિકોએ પોતે કબૂલ રાખેલી હતી. તેઓ જેની સામે વાંધો ઉઠાવતા હતા તે આ એક જ વાત હતી કે હિંદીઓને તેઓના રંગના કારણસર અટકાવવામાં આવે નહીં. તેઓનું કહેવું એ છે કે "જો તમારે અમોને અટકાવવા જ હોય તો તે કારોબારી રીતે ભલે અટકાવો. તમારી આર્થિક સગવડોને ખાતર પણ એમ ભલે કરો, પણ અમે હલકી કોમના માણસો છીએ એવું કારણ આપી કરો નહીં." સમાધાની કયારની થઈ ગઈ હોત એવી આશા અમે બાંધી હતી. તે બે વખત મુલતવી રહી છે. એટલે પહેલું હું એ જ જાણવા માગું છું કે તે મુલતવી રહેવાનું ખરું કારણ શું છે અને બીજું હું એ જાણવા માગું છું કે હું જે શરતો વિષે કહી ગયો છું તે યુનિયન પાર્લમેન્ટ આગળ રજૂ થયેલા બિલમાં પૂરેપૂરી રીતે પાળવામાં આવેલી છે કે નહીં. તે સાદી અને સ્પષ્ટ શરતો પાળવામાં આવી નથી અને કોમી ભેદ બીજી રીતે કાયમ જ છે એવું દક્ષિણ આફ્રિકાના કેટલાક બાહોશ વકીલોનું કહેવું છે એમ મારી જાણમાં આવેલ છે. વડી સરકારનો આ બાબતમાં શું અભિપ્રાય છે, અને તેઓને સંતોષ મળ્યો નથી એમ માનીએ તો તેઓએ શું પગલાં લીધાં છે, લે છે અથવા લેવાના છે?

વળી એમ પણ કહેવામાં આવ્યું છે — એમાં કદાચ સુધારો કરવા જેવું પણ હોય, છતાં તે એવો મુદ્દો છે કે જે વિષે હું નામદાર ઉમરાવ પાસેથી ખબર મેળવવા ઇચ્છું છું — કે આ બિલથી કિનારા પરના પ્રાંતોના હિંદીઓ જે હકો આજ દિવસ સુધી કંઈ પણ હરકત વિના ભોગવતા તે રદ થાય છે, તે હકીકત ખરી છે કે નહીં? વડી સરકારે મારા ધારવા પ્રમાણે ૧૯૧૦ના ઑક્ટોબર માસના તુમારમાં કહ્યું હતું કે ટ્રાન્સવાલના હિંદીઓની હાડમારીનું સમાધાન તો જ સ્વીકારવામાં આવશે કે જો તેથી બીજા પ્રાંતના હિંદીઓના હકમાં કંઈ પણ ઘટાડો નહીં થતો હોય. યુનિયનની પહેલાં ઘણા વખત થયાં દક્ષિણ આફ્રિકાની સરકારની એવી માન્યતા રહેલી છે કે તે દેશમાં કાયદાપૂર્વક વસી રહેલા હિંદીઓના હકો ઓછા કરવાને તે ઇચ્છતી નથી. લૉર્ડ સેલબૉર્ન જ્યારે હાઈ કમિશનર હતા ત્યારે એ સવાલ વિષેના પોતાના વિચારોમાં તે વાત પર મુખ્ય ભાર મૂકયો હતો. તેમણે કહ્યું હતું કે કાયદેસર વસી રહેલા હિંદીઓને અગાઉ જે રીતે રાખવામાં આવતા હતા તે કરતાં તલભાર પણ ઓછી રીતે રાખવા તેઓ માગતા નથી. તેઓ દૃઢ માત્ર એ જ બાબતમાં રહ્યા હતા કે વાજબી અપવાદ સિવાય વધુ હિંદીઓને દાખલ થવા દેવા નહીં; જે વાત હમણાં પણ બંને પક્ષ તરફથી કબૂલ કરવામાં આવી છે કે થોડા કેળવાયેલા માણસો, જેવા કે ધર્મગુરુ, દાક્તર અને વકીલ, જે કોમના કુદરતી નિભાવને માટે જરૂરના હોય તેઓને આવવા દેવા. ઘણું કરીને કોમની વાજબી જરૂરિયાત તરીકે છ માણસોની સંખ્યા આપવામાં આવી હતી. આ બિલ તે દેશમાં કાયદેસર વસી રહેલા હિંદીઓના હકમાં ઘટાડો નથી કરતું એવું માલૂમ પડે એમ હું ઇચ્છું છું, કેમ કે જો ઘટાડો કરે છે એવું જોવામાં આવે તો તે બહુ ગંભીર અને માફ ન થઈ શકે એવો વિશ્વાસઘાત કહેવાય. તેથી વડી સરકારે તે બાબત બહુ બારીક તપાસ કરી છે, અને યુનિયન સરકાર સાથે તે સંબંધમાં હજુ રજૂઆતો કરી છે એવું સાંભળવાની હું આશા રાખું છું.

[મૂળ ગુજરાતી]

ઇન્ડિયન ઓપીનિયન, ૧૪-૯-૧૯૧૨

પણ મારા સવાલનો હેતુ સમજાવવા સારુ મારે એક વધુ વચન કહેવાનું છે, અને તે એ કે સમાધાનીનો મુદ્દો સમજતો જવાને બદલે જેમ જેમ તેમાં ઢીલ થતી જાય છે, તેમ તેમ તેનો ભંગ થતો જોવામાં આવે છે. તુરત સમાધાની થશે એવી આશા આપણને આપવામાં આવી તેથી જ હિંદી કોમે પોતાની મોજી સત્યાગ્રહની લડત મુલતવી રાખી છે. સમાધાની નજીક છે એવું આપણને કહેવામાં આવ્યું તેથી જ હિંદી કોમના અગ્રેસર મિત્રોએ પોતાની હિલચાલ બંધ રાખી છે અને ચૂપકી પકડી છે. અમે બહુ ધીરજથી રાહ જોઈ, સરકારને સવાલો પૂછીને અથવા તો પાર્લમેન્ટમાં દરખાસ્તો લાવીને મૂંઝવવાનું બંધ રાખ્યું, ને વિશ્વાસ રાખીને સબૂરી પકડી, પણ અંતે આ સવાલના સંબંધમાં સરકાર શું કરે છે એ સવાલ પૂછવાની જરૂર પડી. મારે કહેવું પડે છે કે આ ઢીલનો લાભ લઈને સમાધાનીના મુદ્દાનો ભંગ

Gandhi Heritage Portal

કરવાની તક લેવામાં આવે છે. તે મુદ્દો એ છે કે કાયદેસર વસી રહેલા હિંદીઓને બને તેટલી સારી રીતે રાખવા. મારે જે કહેવાનું છે તેના દાખલા હું આપીશ. પહેલો દાખલો એ છે કે મુસલમાની કાયદા મુજબ પરણવામાં આવેલી એક કરતાં વધુ ઓરતોને દાખલ થવા ન દેવી એવો ચુકાદો ટ્રાન્સવાલની વડી અદાલતે આપેલો છે, અને તે વિષેનો એક મુકદ્દમો પણ મશહૂર થયો છે કે જેમાં એક મુસલમાનની બીજી ઓરતને દાખલ કરી શકાય નહીં એવો ચુકાદો આપવામાં આવ્યો છે. મામલો તેથી પણ દૂર જાય છે. મને લાગે છે કે આ એક બહુ ચાહન હિલચાલનું પગથિયું છે, કેમ કે મુસલમાનોનાં લગ્ન ટ્રાન્સવાલના કાયદા મુજબ નહીં હોવાથી તેને એકે ઓરતોને દાખલ થવા દેવામાં ન આવે એવો ચુકાદો મેળવવાનો પ્રયત્ન થઈ રહ્યો છે. એ પછી તે લગ્નોથી થયેલી સંતતિ ગેરકાયદે છે એવું જાહેર કરવાને એક જ પગલું આગળ વધવાની જરૂર રહી. આ વિષે વધુ કહેવાની જરૂર નથી. આપ સાહેબો જ તેનો વિચાર કરી લેશો એટલું હું કહું છું. જો મુસલમાન ધરમ સામે આવો મોરચો અને અપમાન બતાવવામાં આવે તો હિંદુસ્તાન, ઇજિપ્ત અને શહેનશાહતના બીજા ભાગો જ્યાં હજારો મુસલમાનો રહેતા હશે ત્યાં કેવાં પરિણામો આવશે એ વિષે આપ સાહેબોને એક ક્ષણ જ વિચાર કરવો બસ છે. ખરેખર, બ્રિટિશ વાવટો જ્યાં ફરકે છે, ત્યાં ત્યાં તેના અમલનો મુખ્ય મુદ્દો બધા ધર્મો પ્રત્યે ઉદારતા રાખવાનો છે. એ મુદ્દાનો ભંગ કરવાનું મને કંઈ પણ કારણ જોવામાં આવતું નથી. અને ખરેખર, જ્યાં જ્યાં બ્રિટિશ વાવટો ઊડે છે ત્યાં ત્યાં ગમે તે જોખમે એ મુદ્દો જાળવવાની બ્રિટિશ સરકારની ફરજ છે. એ એક બહુ ગંભીર બાબત છે. પણ આ વિના બીજી રીતે પણ તે સવાલ બહુ અગત્યનો છે, કેમ કે તેથી ઘણાં ઘર ભાંગી પડે એવું છે. સ્ત્રીઓને તે દેશમાં જવાઆવવા નહીં દેવામાં આવે તેથી કુટુંબો વીખરાઈ જશે. જે માણસના રહેવાના હક સામે કંઈ સવાલ નહીં કરી શકાય તેઓને પણ હડસેલી કાઢવામાં આવશે. આ બધાનો વિચાર કરવાનું હું આપ સાહેબોને સોંપું છું. ટ્રાન્સવાલની વડી અદાલતના આ ચુકાદા સંબંધમાં વડી સરકારે શું કર્યું છે તે હું જાણવાને માગું છું. આ હિલચાલ જરા પણ આગળ ચલાવવામાં કેવાં માઠાં પરિણામ રહેલાં છે તે તેણે બતાવી આપ્યું છે? તેણે કંઈ વાંધો ઉઠાવ્યો છે ખરો? જો ઉઠાવેલ છે તો તે કેવા પ્રકારનો? અને તેનો જવાબ શું મળ્યો છે?

એક બીજી બાબત એ છે કે અમલદારવર્ગમાં આપખુદી અમલનો દોર વધતો જાય છે. તેવા એક કિસ્સામાં કૉલોનિયલ ખાતા સાથે પત્રવ્યવહાર ચલાવવાનો મને અવસર મળ્યો હતો પણ સંતોષકારક જવાબ મળ્યો નહોતો. તે કિસ્સા ઉપરથી એવું જોવાય છે કે કોઈ હિંદી પોતાના રહેવાસના હકની વડી અદાલતને ખાતરી કરાવી શકે તોપણ તેને દાખલ ન થવા દેવાની ઇમિગ્રેશન અમલદાર સત્તા ધરાવે છે. એમ કહેવામાં આવ્યું છે—આ વાત ખરી છે કે નહીં એ મારે જાણવાનું છે—કે નવા બિલથી ઇમિગ્રેશન અમલદારની આપખુદી સત્તા વધે છે. જનરલ સ્મટ્સે એ બિલ દાખલ કરતાં ઇમિગ્રેશન અમલદાર અવારનવાર હદ ઓળંગી જાય છે તે વિષે કેટલેક દરજ્જે માફી માગવા જેવો ખુલાસો કર્યો હતો. ઉપર કહી ગયો તેના જેવો જ એક બીજો કિસ્સો એ છે કે યુનિયનના ઇમિગ્રેશન ખાતાની શિખવણીથી પોર્ચુગીઝ અમલદારો મોઝામ્બીકમાંથી પસાર થતા હકદાર હિંદી રહીશોના સગીરોને હાંકી કાઢે છે. એ બહુ ગંભીર વાત છે, અને તે ઉપર વધારે ધ્યાન કેમ નથી આપવામાં આવ્યું એ મને તો સમજાતું જ નથી. તેનું પરિણામ એ આવ્યું કે જર્મની આપણો દાખલો લે છે. જર્મન પૂર્વ આફ્રિકામાં પણ એવા કાયદા કરવાની વાત ચાલી છે. હિંદી પ્રજાને આપણે કહેવું પડે છે કે અમે અમારા પોતાના રાજ્યમાં જ એવી રીત ચલાવતા હોવાથી પરરાજ્યને કંઈ કહી શકીએ નહીં, તો પછી હિંદુસ્તાન પાસે આપણો મોભો કેટલો રહેશે? બીજી પણ આથી નાની છતાં ગંભીર બાબતો છે. દાખલા તરીકે નાતાલમાં જે હિંદીઓના રહેવાસના હક માટે કંઈ શક ન હોય તેવાઓને પણ નાતાલ છોડવાની ફરજ પડે એવી રીતે લાઇસન્સના કાયદાનો અમલ કરવાનું વલણ વધતું જાય છે. ટ્રાન્સવાલમાં પણ સમાધાનીની ઢીલ દરમિયાન ટાઉનશિપ કાયદાનો એવો જ અમલ થાય છે. ધારાઓ જે ગેરકાયદે બનેલા જોવામાં આવે છે, તેનો હેતુ હિંદીઓને લોકેશનમાં ધકેલવાનો છે. હિંદી લોકોને લોકેશનમાં જવાની ફરજ પાડનારા પ્રયત્નને વખોડી કાઢવામાં અને અટકાવવામાં બ્રિટિશ સરકાર બધામાં મોખરે હોવી જોઈએ એમ મારું માનવું છે. ચીના લોકોની ગુલામી અટકાવવામાં પણ તેઓને લોકેશનમાં રહેવાની ફરજ પાડવામાં આવે છે એ જ કારણ

Gandhi Heritage Portal

આપવામાં આવ્યું હતું. તો પછી હિંદીઓને લોકેશનમાં જવાની ફરજ પાડવાના વલણ પ્રત્યે સરકારનો શું જવાબ છે?

ટ્રાન્સવાલના હિંદીઓ પર જુલમ કરવાનો આ બિલ વડે લાભ લેવાયો હોય એવા ઘણા દાખલાઓ છે. અને હું જાણવાને ઇચ્છું છું તે એ જ કે સરકારે આ જુલમી કામો ધ્યાનમાં લીધાં છે કે નહીં. અને ત્યાં ખરા હકથી વસી રહેલા હિંદીઓનું રક્ષણ કરવાને કંઈ પગલાં લીધાં છે કે નહીં. આ લોકો કંઈ પુરાણે તે દેશમાં દાખલ થયા નથી, અને તે જોઈને હું મારા સવાલ પર વધારે ભાર મૂકું છું. હું આશા રાખું છું કે નામદાર ઉમરાવ અગાઉના જેવા જ જવાબ આપીને નહીં સંતોષ માને, શહેનશાહતનું ખરું હિત ચાહનારાઓને એ જવાબો કદી સંતોષકારક લાગી શકશે નહીં જ. આવો જવાબ તે એ જ કે સ્વરાજ્ય ભોગવતાં સંસ્થાનોની વચ્ચે પડી શકાય નહીં. ઘણા લોકોને એ સંતોષકારક જવાબ લાગે છે, પણ તે ખરાબ અને બેવકૂફીભરેલો જવાબ છે. આમાં વચ્ચે પડવાની વાત જ નથી. મલેકાના કિસ્સાની હું અહીં યાદી આપીશ. તેમાં એક અરધીપરધી બ્રિટિશ રૈયત કહેવાતા રાક્ષસની તરફેણમાં પરરાજ્યની અદાલતના ઠરાવને ઉથલાવવા સરકાર વચ્ચે પડી શકી હતી, તો પછી સંપૂર્ણ રીતે બ્રિટિશ પ્રજા ગણાતા લોકોની તરફેણમાં બ્રિટિશ વાવટા તળે જ રહેનારાં અને બ્રિટિશ સાથે નિકટ સંબંધ ધરાવનારાં સંસ્થાનોને કંઈ કહી ન શકાય, તેઓને કોઈ રીતે સમજાવી ન શકાય એમ કેમ જ બને! જો આપણે આપણી સાથે સગપણ ધરાવનારાં સંસ્થાનો સાથે આપણી શહેનશાહતને લાગુ પડે એવી બાબતોમાં બંદોબસ્ત ન કરી શકીએ તો પછી મારે કહેવું જોઈએ કે એ શહેનશાહતની હયાતી જ સંભવે નહીં.

મલેકા કેસમાં જાહેરમાં તથા છાપામાં જે પોકાર ઊઠ્યો હતો તે કરતાં દશ હજાર ગણો વધારે પોકાર ટ્રાન્સવાલના હિંદીઓની હાડમારી સંબંધમાં ઊઠવો જોઈતો હતો. અને તે કિસ્સાના સંબંધમાં જે રાજ્ય પર આપણને કંઈ પણ સત્તા નથી તેને ફરજ પાડવાની સરકારને ઉશ્કેરણી કરવા જે યુક્તિ વાપરવામાં આવી હતી, તે યુક્તિ મારામાં પણ હોત તો આ સવાલમાં કેટલા ગણી વધારે ઉશ્કેરણી થઈ શકત. મારો સવાલ નામદાર ઉમરાવને સ્પષ્ટ રીતે સમજાયો હશે એવી આશા હું રાખું છું, વગેરે.

[મૂળ ગુજરાતી]

ઇન્ડિયન ઓપીનિયન, ૨૧–૯–૧૯૧૨

પરિશિષ્ટ ૧૯

કસબા કાનૂન સુધારા ધારા (૧૯૦૮)ના સંબંધમાં સામ્રાજ્યની સરકાર માટે સંઘના પ્રધાનોએ તૈયાર કરેલી કાર્યનોંધો

ક

જૂન ૧૬, ૧૯૧૧

નામદાર ગવર્નર જનરલે તેમની આ માસની કાર્યનોંધ નં. ૧૫/૧૩૯માં, જેની સાથે પરમ માનનીય સંસ્થાન મંત્રીનો એક તાર મોકલવામાં આવ્યો હતો તેમાં, જેની નકલ નામદાર સાહેબની ૮મી મેની કાર્યનોંધ સાથે બીડવામાં આવી હતી તે બ્રિટિશ હિંદી સંઘની અરજી વિષે તથા દક્ષિણ આફ્રિકા બ્રિટિશ હિંદી સમિતિએ પોતાના ૫મી મેના પત્રમાં ટ્રાન્સવાલ સુવર્ણ કાનૂનની કલમ ૧૩૦ના પરિણામ સંબંધમાં ઉઠાવેલા પ્રશ્ન વિષે પ્રધાનોના અભિપ્રાય માગ્યા છે. આ સંબંધમાં પ્રધાનો જણાવવા માગે છે કે લોકેશનો અને બજારોની બહાર મિલકતની માલિકી પ્રાપ્ત કરવા અથવા બીજી કોઈ રીતે તેને કબજામાં રાખવા બાબતમાં એશિયાઈઓના અધિકારો સંબંધી ૧૮૮૫ના કાયદા નં. ૩થી અને તે પછી થયેલા કાયદાઓથી ઊભી થયેલી પરિસ્થિતિ સંબંધમાં ફરીથી વિચાર કરવાની કશી જરૂર હોય, એમ તેમને લાગતું નથી.

ગવર્નર જનરલની કાર્યનોંધ સાથે બીડેલા કાગળોમાં જે ફરિયાદ તરફ ધ્યાન ખાસ ખેંચવામાં આવ્યું છે, તેનો સંબંધ ૧૯૦૮ના "કીમતી અને હલકી ધાતુઓ સંબંધી કાયદા"ની કલમ ૧૩૦ અનુસાર ક્લાર્કસડૉર્પમાં

Gandhi Heritage Portal

લેવાયેલાં અમુક પોલીસ પગલાં સાથે છે. અને બ્રિટિશ હિંદી સંઘે ૧૯૦૮ના કસબા કાનૂન સુધારા ધારાનો જે ઉલ્લેખ કર્યો છે તે પ્રધાનોને સમજાયો નથી, કેમ કે એ ધારામાં જે બેગવાઈ હોવાની ફરિયાદ કરવામાં આવી છે એવી કોઈ બેગવાઈ એમાં છે જ નહીં.

કીમતી અને હલકી ધાતુઓ સંબંધી ધારાની જે કલમનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે તે સંબંધમાં પ્રધાનો જણાવવા માગે છે કે એ કાયદો મુખ્યત્વે અને લગભગ સંપૂર્ણ રીતે ખનિજ પદાર્થો અને તે ખોદવાના અધિકારો સાથે સંબંધ ધરાવે છે. અને ટ્રાન્સવાલના ખાણો સંબંધી કાયદાઓની બેગવાઈઓ વડે બિનગોરા લોકોને આ અધિકારોથી હંમેશાં વંચિત રાખવામાં આવેલા છે. બેશક, કલમ ૧૩૦ની ભાષા એટલી વ્યાપક છે કે ૧૯૦૮ના ધારાથી તેમ જ તેની પહેલાંના સુવર્ણ કાનૂનથી અપાયેલા તમામ અધિકારો તેમાં આવી જાય છે; પરંતુ ૧૯૦૮નો ધારો નં. ૩૫ પસાર થતાં પહેલાં હિંદીઓએ જે કંઈ ધંધો અથવા ધંધો ચલાવવાના અધિકારો મેળવેલા છે અને ભોગવેલા છે તેમાં હાથ નાખવાનો કશો ઇરાદો નથી. પ્રધાનોને કહેવામાં આવ્યું છે કે ક્લાક્સડૉર્પમાં જે વાડાઓ સંબંધમાં પગલું લેવામાં આવ્યું છે તે વાડાઓ હિંદીઓએ એ કાયદો પસાર થયા પછી વેપારધંધાના હેતુઓ માટે ચોરીછૂપીથી અને ઉક્ત કલમનો ભંગ કરીને મેળવ્યા હતા. તેમને એમ પણ કહેવામાં આવ્યું છે કે આ કારવાઈ સ્થાનિક વેપારી કોમના કહેવાથી કરવામાં આવેલી છે, કેમ કે હિંદીઓને લીધે ગોરા વેપારીઓનો ધંધો બહુ ઝડપથી પડી ભાગવા લાગ્યો છે અને તે જોઈને ગોરી કોમ ગભરાઈ ઊઠી છે. તેમ છતાં પ્રધાનો આ બાબતમાં આગળ તપાસ કરાવી રહ્યા છે, જેથી કરીને ઉક્ત કાયદાની કલમ ૧૩૦ની બેગવાઈઓનો સહેજ પણ સખતાઈથી થતો અમલ, શક્ય હોય ત્યાં સુધી અટકાવી શકાય.

જે. સી. સ્મટ્સ

ख

ડિસેમ્બર, ૧૯૧૧

૧૯૦૮ના ટ્રાન્સવાલ કસબા કાનૂન સુધારા ધારા તથા ટ્રાન્સવાલ સુવર્ણ કાનૂન અન્વયે બ્રિટિશ હિંદીઓની સ્થિતિ સંબંધમાં નામદાર ગવર્નર જનરલની ૧લી સપ્ટેમ્બરની કાર્યનોંધ નં. ૧૫/૧૭૦ના અનુસંધાનમાં પ્રધાનો નિવેદન કરવા માગે છે કે, હવે અદાલતોએ ટૅમ્બલિનના મામલામાં[1] તેમણે આપેલા તાજેતરના ચુકાદા દ્વારા, ૧૯૦૮ના (ટ્રાન્સવાલ) ધારા નં. ૩૫ની કલમ ૧૩૦ના અર્થ તથા અધિકારક્ષેત્ર અંગેનો અંતિમ નિર્ણય–જેટલે અંશે એ કલમની અસર, કસબાની બહાર આવેલા ઘોષિત વિસ્તારોમાં ગોરા માલિકો પાસેથી વાડાઓ પટ્ટાથી ભાડે રાખવાના તથા તેમનો કબજો ભોગવવાના બિનગોરા લોકોના અધિકારોને પહોંચે છે તેટલે અંશે- કરી લીધો છે એમ જણાય છે.

ખાણ વિસ્તારોની હદમાં આવેલાં નાનાં નગરો (ટાઉનશિપ્સ)માં આવા લોકોની સ્થિતિ સંબંધમાં નામદાર સાહેબ જાણતા જ હશે કે, સરકારી અને બિનસરકારી બંને પ્રકારની વસાહતોમાં જમીનની સંપૂર્ણ માલિકીના પટ્ટાની એક શરત એ છે કે, બિનગોરા લોકો ત્યાં વસી શકશે નહીં. તેમ છતાં પ્રધાનો તેમણે અગાઉ આપેલી ખાતરી ફરીથી આપવા માગે છે કે, આ વસાહતોમાં આવા પટ્ટા અપાયા તે પહેલાં

૧. ફ્રીપૂર્ટમાં આલ્ફ્રેડ ટૅમ્બલિન નામના એક માણસ ઉપર અહમદ ખાન અને અબદુલ્લા ખાન નામના બે એશિયાઈઓને ખાણ વિસ્તારમાં એક વાડો પેટાભાડે આપ્યાનો, ૧૯૦૮ના સુવર્ણ કાનૂનની કલમ ૧૩૦ મુજબ આરોપ મૂકવામાં આવ્યો હતો. એના વકીલે એવી દલીલ કરી કે જૂના સુવર્ણ કાનૂન પ્રમાણે વાડાના માલિકને બિનગોરા લોકોને પોતાનો વાડો પેટાભાડે આપવાનો અધિકાર હતો, અને હાલના સુવર્ણ કાનૂનની કલમ ૭૭થી બિનગોરા લોકોને વાડાની માલિકી પ્રાપ્ત કરવાના હક્કો મળેલા છે. પરંતુ તે પછી આ કેસની સુનાવણી મુલતવી રાખવામાં આવી હતી. પાછળથી ક્રૂગર્સડૉર્પના એક મૅજિસ્ટ્રેટને લાગ્યું કે ટૅમ્બલિન ગુનેગાર છે, એટલે તેણે તેને સજા કરી. એના ઉપર અપીલ થતાં, દક્ષિણ આફ્રિકાની સુપ્રિમ કોર્ટની ટ્રાન્સવાલ શાખાએ ટૅમ્બલિનને છોડી મૂક્યો. અને એવો ચુકાદો આપ્યો કે સંબંધકર્તા બંને એશિયાઈઓને નવા સુવર્ણ કાનૂનની ૭૭મી કલમનું રક્ષણ મળે છે.
ઇન્ડિયન ઓપીનિયન, ૨૪–૬–૧૯૧૧ અને ૨–૯–૧૯૧૧

Gandhi Heritage Portal

વ્યક્તિઓએ જે સ્થાપિત હિતો મેળવી લીધેલાં છે તેમાં દખલ કરવાનો એમનો કોઈ ઇરાદો નથી. પરંતુ નવા અધિકારો મેળવવા માટે પ્રયત્નો થાય, તેની સામે પગલાં ન લેવાય, એવું તેઓ બનવા દઈ શકે નહીં. આ સંબંધમાં તેઓ વિશેષ એ કહેવા માગે છે કે એશિયાઈ કોમના નેતાઓ જે વસાહતોમાં પહેલાં એશિયાઈ એને કશા અધિકારો મળેલા નહોતા ત્યાં એશિયાઈ લોકોને ભરી દેવા એક સંગઠિત પ્રયાસ કરી રહેલા જણાય છે, અને આને લીધે યુરોપિયન કોમમાં લોકમત ઘણો વ્યાકુળ બની રહ્યો છે; તે એટલો બધો વ્યાકુળ બની રહ્યો છે કે માલિકીહકના પટ્ટાઓમાં દર્શાવેલી શરતોનો અમલ કરવા માટે પ્રધાનોને ઘણે ભાગે કસણા કાનૂન મુજબ પગલાં લેવાની ફરજ પડશે.

એસ. ડબ્લ્યુ. સાવર

[મૂળ અંગ્રેજી]
ઇન્ડિયન ઓપીનિયન, ૨૭-૪-૧૯૧૨

પરિશિષ્ટ ૨૦

ગાંધીજી ઉપરનો ગોખલેનો પત્ર

થેનિટ હાઉસ,
૨૩૧-૩૨, સ્ટ્રેન્ડ,
લંડન, ડબ્લ્યુ. સી.
જુલાઈ ૨૭, ૧૯૧૨

પ્રિય શ્રી ગાંધી,

પરમ દિવસે મેં તમને તાર કર્યો છે. તેમાં ચોક્કસ જણાવ્યું છે કે હું સેક્સનમાં નીકળવાનો છું અને તે માટે મેં ટિકિટ લઈ લીધી છે. એ જહાજ પાંચમી ઑક્ટોબરે સાઉધમ્પ્ટનથી ઊપડશે. આનો અર્થ એ થયો કે હું ૨૨મી ઑક્ટોબરે કેપટાઉન પહોંચીશ. એટલે મને દક્ષિણ આફ્રિકામાં લગભગ ૨૪ દિવસનો સમય મળશે. અને ૧૬મી નવેમ્બરે મારે ડરબનથી મુંબઈ જવા અચૂક નીકળવું પડશે. ગયા શનિવારે મને લૉર્ડ ક્રૂનો એક પત્ર મળ્યો હતો. તેમાં એવી ઑફર કરવામાં આવી હતી કે હિંદુસ્તાનની સરકારી નોકરીઓ (પબ્લિક સર્વિસિઝ) સંબંધમાં જે શાહી કમિશન નિમાવાનું છે તેમાં મારે સ્થાન સ્વીકારવું. મેં એ ઑફર સ્વીકારી લીધી છે. પરંતુ એ કમિશન પોતાનું કામ આવતા જાન્યુઆરી પહેલાં શરૂ કરનાર નથી. એટલે હવે દક્ષિણ આફ્રિકા આવવા માટે એને કારણે મારે પાંચમી ઑક્ટોબર પહેલાં અહીંથી નીકળવાની જરૂર પડશે નહીં. મિસ પોલાક મને કહે છે કે તેણે તમને આજે જે પત્ર લખ્યો છે, તેમાં દક્ષિણ આફ્રિકા આવવા માટે ટિકિટ મેળવતાં મને જે મુશ્કેલી પડી તે વિષે તમને લખ્યું છે. પરંતુ આજે સવારે મને યુનિયન કેસલ કંપનીના અધ્યક્ષ સર ઓવન ફિલિપ્સનો એક પત્ર મળ્યો છે. એમાં એમણે લખ્યું છે કે બધું બરાબર થઈ જશે અને હું આરામથી મુસાફરી કરી શકું તે માટે બધી વ્યવસ્થા કરી આપવામાં આવશે. જો સર ઓવનનો જવાબ અસંતોષકારક આવ્યો હોત, તો મારો વિચાર વર્તમાનપત્રોને તથા કેટલાક તંત્રીઓને પત્ર લખવાનો હતો. પરિણામે વેસ્ટમિન્સ્ટર ગેઝેટવાળા મિ. સ્પેન્ડરે, ડેલી ન્યૂઝવાળા મિ. ગાર્ડિનરે, નેશનવાળા મિ. મેસિંગહામ જેઓ ટાઇમ્સના પણ એક કર્મચારી છે તેમણે આ સંબંધમાં જોરશોર ઊહાપોહ કર્યો હોત અને મિ. રામ્સે મૅકડોનલ્ડનો વિચાર તો પાર્લમેન્ટમાં પણ પ્રશ્નો પૂછવાનો હતો. મિ. હારકોર્ટ, જેમને હું આગલે દિવસે સ્પેન્ડર કુટુંબને ઘેર બપોરના ભોજન પ્રસંગે મળ્યો હતો, તેઓ પણ આ જાણીને ઘણા ગુસ્સે થયા હતા અને મને તેમણે કહ્યું હતું કે જો સર ઓવનના જવાબથી આપને સંતોષ ન થાય તો મને જણાવજો. પરંતુ મને નથી લાગતું કે હવે આ બાબતમાં કંઈ કરવાની જરૂર હોય; જોકે આ વાત પડતી મુકાઈ એથી એક રીતે મને દુઃખ થાય છે, કેમ કે એમાં જે સિદ્ધાન્તનો પ્રશ્ન સમાયેલો છે તે તો વત્તેઓછે અંશે અણ-ઉકલ્યો જ રહી જાય છે.

Gandhi Heritage Portal

મિસ પોલાકે મને એમ પણ કહ્યું છે કે તેણે તમને તેના પત્રમાં એવું સૂચન કર્યું છે કે આ પાનખર ઋતુમાં તેણે દક્ષિણ આફ્રિકાની મુલાકાત લેવી જોઈએ, જેથી કરીને તે ત્યાંની સ્થિતિની જાત-માહિતી મેળવીને અહીં આવી દક્ષિણ આફ્રિકાના પ્રશ્નોના ઉકેલ માટે પ્રયત્ન કરી શકે. હું તેના વિચાર સાથે પૂરેપૂરો સહમત છું, અને ખૂબ જ ગંભીરતાથી આશા રાખું છું કે તમે તેનું સૂચન મંજૂર રાખશો. તે જે હોદ્દો ધરાવે છે તેની જવાબદારીઓ ઉઠાવવામાં તેને કેવી ભારે મુસીબતોનો સામનો કરવો પડે છે તે મેં જોયું છે, એટલે તેને તેના કામમાં મદદ કરવા માટે ઓછામાં ઓછું એટલું તો કરવું જ જોઈએ કે દક્ષિણ આફ્રિકાની પરિસ્થિતિની તેને જાતમાહિતી મળે તે માટે એક તક તેને પૂરી પાડવી જોઈએ. એના વિચાર દરેક દૃષ્ટિએ સાચો છે. જો એને મંજૂર કરવામાં ખર્ચનો પ્રશ્ન આડે આવવા સંભવ હોય, તો એની મુસાફરી ખાતે જે સોએક પાઉંડનું ખર્ચ થાય તેનો પ્રબંધ, હિંદુસ્તાન પહોંચ્યા પછી કરવાનું હું માથે લઉં છું. એટલે મહેરબાની કરીને એની યોજનાને બહાલી આપશો અને તે માટે ટિકિટ કઢાવવા તેને તારથી મંજૂરી આપશો.

પાંચમી ઑગસ્ટે હું યુરોપ જવા નીકળીશ. અહીં નેશનલ લિબરલ ક્લબ (વ્હાઈટ હૉલ પ્લેસ, એસ. ડબ્લ્યુ.)ને સરનામે જે પત્રો આવશે તે હું જ્યાં હોઈશ ત્યાં પહોંચતા કરવામાં આવશે.

તમારો સહૃદયી
જી. કે. ગોખલે

[મૂળ અંગ્રેજી]
હાથે લખેલી મૂળ નકલની છબી ઉપરથી : એસ. એન. ૫૬૭૨

પરિશિષ્ટ ૨૧

સુવર્ણ કાનૂન અને કસબા કાનૂન (૧૯૦૮) વિષે હિંદ સરકાર ઉપરનો પોલાકનો પત્ર

હિંદ સરકારના સેક્રેટરી ટુ ગવર્નમેન્ટ
વેપાર અને ઉદ્યોગ ખાતું
સિમલા

એપ્રિલ ૧૯, ૧૯૧૨

[સાહેબ,]

તાજેતરમાં પ્રસિદ્ધ થયેલા શ્વેતપત્ર (ક્રોડ, ૬૦૮૭) સંબંધમાં, જેમાં "ટ્રાન્સવાલના સુવર્ણ કાનૂન તેમ જ કસબા કાનૂન સુધારવા અંગેના ૧૯૦૮ના ધારાઓ અનુસાર બ્રિટિશ હિંદીઓની સ્થિતિ સંબંધમાં થયેલો પત્રવ્યવહાર" આવેલો છે, તે શ્વેતપત્ર સંબંધમાં, અને ખાસ કરીને એના ૧૭મા પાન ઉપર છપાયેલી સંઘ સરકારની કાર્યનોંધના (બિડાણ નં. ૯) ફકરા ૨ સંબંધમાં, એ પ્રાંતની હિંદી કોમ વતી હું નીચેની બાબતો રજૂ કરવા માગું છું.

૨. ૧૮૮૫નો કાયદો નં. ૩ એશિયાની દેશી જાતિઓને લાગુ પડે છે. અને એ કાયદા પ્રમાણે હિંદીઓ તથા અન્ય એશિયાઈ ઓને બન્નરો કે લોકેશનો સિવાય બીજે કોઈ સ્થળે જમીનના રૂપમાં સ્થાવર મિલકતના માલિક બનવાનો નિષેધ છે.

૩. પરંતુ ટ્રાન્સવાલના શાસકોએ તો આવાં લોકેશનોમાં પણ એમને માલિકી હકથી અથવા તો લાંબી મુદતના પટ્ટાથી પણ જમીન આપવાનો ઇનકાર કરી દીધો છે. અને આ લોકેશનોના વાડાના રૂપમાં ભાગ પાડીને, એ વાડા માત્ર ૨૧ વર્ષની મુદત માટે પટ્ટાથી ભાડે મેળવવાની તેમને પરવાનગી આપી છે. અને જોહાનિસબર્ગમાં તો કેવળ માસિક ભાડાથી જ જમીન મળી શકે છે.

૪. પરંતુ હિંદીઓ જમીન ખરીદીને તેના માલિક નહીં થઈ શકે એવો કાયદાનો પ્રતિબંધ હોવા છતાં, એક પ્રકારનાં ટ્રસ્ટો ઊભાં કરવાની પ્રથા વિકસેલી છે. આ પ્રથા અનુસાર હિંદી વેપારીઓ કેટલીક મિલકતો

Gandhi Heritage Portal

ખરીદે છે, તેની કિંમત ચૂકવે છે અને તેના વાસ્તવિક માલિક બને છે. પરંતુ એ હિંદી વેપારીઓના યુરોપિયન મિત્રો એ મિલકતો કેવળ દેખાવને ખાતર પોતાને નામે ચઢાવે છે. આ પ્રકારની મિલકતો સટ્ટાખોરી કરવા માટે ખરીદવામાં આવેલી નથી, પરંતુ કાયદેસરના વેપારધંધા ખીલવવાના હેતુથી ખરીદાયેલી છે. અને તેમના સાચા હિંદી માલિકોએ – તમામે – એકંદરે હજારો પાઉંડ ખરચીને એ મિલકતો ઉપર પોતાને રહેવા માટે તેમ જ વેપાર કરવા માટે મજબૂત અને આધુનિક ઢબની ઇમારતો બંધાવેલી છે.

૫. આ સોદા કાયદાનું છૂપી રીતે ઉલ્લંઘન કરવાના હેતુથી થયેલા નથી, એની સાબિતી માટે પુષ્કળ પુરાવા મળી શકે એમ છે.

૬. ૧૮૮૫નો કાયદો નં. ૩ અમલમાં આવ્યો તે પહેલાં, ક્લાર્ક્સડૉર્પની મેસર્સ મહમદ ઇસ્માઈલ નામની એક વેપારીઓની પેઢીએ કસબામાં જાહેર હરાજીમાંથી કેટલાક વાડા ખરીદ્યા. એમાં શરત એવી હતી કે એ વાડા માટે એ પેઢી માસિક પરવાનાને બોરણે ફી ભરશે. પછી એ વાડા એ પેઢીના નામ પર રજિસ્ટર કરવામાં આવ્યા. ત્યાર બાદ ક્લાર્ક્સડૉર્પના વાડામાલિકોમાં એવો રિવાજ થઈ ગયો કે તેઓ વાડાઓ માટે પરવાના ફી દર છ માસે ભરવા લાગ્યા. એટલે મેસર્સ મહમદ ઇસ્માઈલ એ રીતે ફી ભરતા રહ્યા. થોડા વખત પછી એક હિંદીવિરોધી આંદોલન ઊભું થયું, પ્રજાસત્તાક સરકાર વચ્ચે પડી, અને કશું કાયદેસર કામ ચલાવ્યા વિના તેમ જ હિંદી માલિકોને કશું વળતર આપ્યા વિના તેણે એ વાડા જપ્ત કરી લીધા. લૂંટફાટની આ અનુચિત અને અકારણ કારવાઈ સામે હિંદી માલિકોએ સખત વિરોધ કર્યો. લાંબી વાટાઘાટો પછી સરકારે હિંદી વેપારીઓને જણાવ્યું કે એ વાડાઓની માલિકી પાછી મેળવવાની તમને એક શરતે પરવાનગી આપવામાં આવશે. તે એ કે આ વાડાઓ તમારે જમીન અંગેના સરકારી દફ્તરમાં કોઈ યુરોપિયનના નામે રજિસ્ટર કરાવવા. આ શરત કબૂલ રાખવામાં આવી, અને આ રીતે ખુદ સત્તાવાળાઓની સલાહથી જ એ જમીન યુરોપિયનોના નામ પર ચઢાવવામાં આવી હતી.

૭. દક્ષિણ આફ્રિકાના આગેવાન હિંદી વેપારી, સદ્‌ગત મિ. અબુબકર આમદે ૧૮૮૫માં, કાયદો અમલમાં આવતાં પહેલાં, પ્રિટોરિયામાં આવેલી ચર્ચ સ્ટ્રીટમાં અમુક વાડો ખરીદ્યો હતો, પરંતુ એને નામફેર કરવાની પરવાનગી કાયદો અમલમાં આવ્યાની તારીખ પહેલાં આપવામાં આવી નહોતી. પછી હિંદી માલિકનું મરણ થયું. એટલે એના વારસોને નામે બારોબાર એ જમીન ચઢાવી આપવાની ના પાડવામાં આવી; પરંતુ એ વારસોની વતી, એમણે સૂચવેલા કેટલાક યુરોપિયનોને નામે એ જમીન ફેરવી આપવામાં આવી. આ કારભારમાં રહેલા અન્યાયનો નવી ટ્રાન્સવાલ સરકારને ૧૯૦૭માં ખ્યાલ આવ્યો, એટલે એ સરકારે એ વર્ષના કાયદા નં. ૨માં વારસોને નામે મોંબદલો કરી આપવાની જોગવાઈ કરવા પ્રયત્ન કર્યો. એ દરમ્યાન એ મિલકત મારે નામે ચઢાવવામાં આવી હતી. પરંતુ જ્યારે સુપ્રિમ કોર્ટને અરજી કરવામાં આવી ત્યારે તેણે એવો અભિપ્રાય આપ્યો કે, કાયદા નં. ૨ની એ જોગવાઈના શબ્દો એવા છે કે વારસદારોને નામે જમીન ફેરવી શકાય નહીં. આખરે ૧૯૦૮નો કાયદા નં. ૩૬ ઘડતી વખતે, મારે નામે નોંધાયેલો વાડો વારસદારોને નામે ચઢાવી આપવા માટે એ ધારાની કલમોમાં જોગવાઈ કરવામાં આવી અને એ આખી કાર્યવાહી પાર્લમેન્ટે મંજૂર કરેલા ટ્રાન્સવાલના એક કાયદાની એક કલમમાં લેવામાં આવી.

૮. ૧૯૦૫ના વર્ષમાં સૈયદ ઇસ્માઈલ અને એક બીજા વિ૰ જેકબ્સ, એન. ઓ.ની અપીલના કેસમાં અદાલતે આવાં દેખાવનાં ટ્રસ્ટોને સ્પષ્ટ રીતે માન્ય રાખ્યાં હતાં. કેટલાક મહિના પછી, જ્યારે આવી મોંબદલાની કાયદેસરતા સામે દસ્તાવેજ નોંધનારી કચેરીએ શંકા ઉઠાવી અને ખાતા પાસે કાયદાનો અભિપ્રાય માગ્યો, ત્યારે એમ નક્કી થયું કે આ કેસમાં સુપ્રિમ કોર્ટે આપેલા ચુકાદાથી આવા પ્રકારના મોંબદલાની કાયદેસરતા નિર્વિવાદ બની જાય છે. એટલે તે પછી આ રીતના સંખ્યાબંધ મોંબદલા થયેલા છે.

૯. ગઈ ૧૯મી ફેબ્રુઆરીએ ઉમરાવની સભાની ચર્ચા દરમ્યાન લૉર્ડ એમ્પ્ટહીલે ૧૯૦૮ અને ૧૯૦૯ના કસબા કાનૂન સુધારવા અંગેના કાયદાઓનો અમલ કેવી રીતે થાય છે તે વિષે પ્રશ્નો પૂછ્યા હતા. તેના જવાબમાં દક્ષિણ આફ્રિકા માટેના ભૂતપૂર્વ બ્રિટિશ હાઈ કમિશનર અને ટ્રાન્સવાલના ગવર્નર, લૉર્ડ સેલબૉર્ને કબૂલ કર્યું હતું કે આવા મોંબદલા ખુલ્લેખુલ્લા અને કશી ચોરી વિના થાય છે, એમાં કશો શક નથી. સરકારી રિપોર્ટમાં તેમના બોલેલા આ શબ્દો ઉતારવામાં આવેલા છે: "એક બ્રિટિશ હિંદી

Gandhi Heritage Portal

પ્રત્યેક જમીનનો સ્વતંત્ર માલિક બની શકતો નથી અને સીધી રીતે ખાણનો ધંધો ચલાવી શકતો નથી. લૉર્ડ મહારાય, અહીંયાં હું એ જ વાત કહું છું જે મેં ટ્રાન્સવાલની એક સભામાં આ પહેલાં કહેલી છે. હું નથી માનતો કે આ બંને પ્રતિબંધો વાજબી છે. હું તો માનું છું કે એ વાજબી તો નથી જ, પરંતુ અત્યંત મૂર્ખાઈભરેલા છે; કેમ કે તેમનો વ્યવહારમાં બિલકુલ અમલ થતો નથી. કોઈ પણ બ્રિટિશ હિંદીને જમીનનો સ્વતંત્ર માલિક બનવાની મનાઈ છે. પરંતુ કોઈ ગોરા સાથે અંદર અંદર ગોઠવણ કરીને, એની મારફતે, તે એ જમીન કશી હરકત વિના પોતાના કબજામાં રાખી શકે છે."

૧૦. આમ એક બાજુ એટલું સ્પષ્ટ છે કે કાયદાએ હિંદીઓને સ્થાવર મિલકતના માલિક બનવાનો અધિકાર આપ્યો નથી; તો બીજી બાજુ એ પણ એટલું જ સ્પષ્ટ છે કે કાયદાના આવા નિષેધને કારણે ટ્રાન્સવાલની હિંદી કોમના ધનિકવર્ગને કશી વાસ્તવિક હાડમારી વેઠવી પડી નથી; તેમને કેટલાક વધારાના આનુષંગિક ખર્ચા વેઠવા પડયા છે એ વાત જુદી છે. આનું કારણ એ છે કે પરોક્ષ રીતે માલિક બની શકાય એવો રિવાજ વધતો ગયો છે, અને એ રિવાજને અદાલતોએ તેમ જ એ સંસ્થાનની સરકારે માન્ય રાખેલો છે.

૧૧. જો સામ્રાજ્યની સરકાર અને ટ્રાન્સવાલના હિંદીઓ ૧૮૮૫ના કાયદા નં. ૩ની નિષેધક કલમ રદ કરાવવા દબાણ કરતા હોય, તો તેનું કારણ માત્ર એટલું જ નથી કે તેઓ એ કોમના ઓછાં સાધનવાળા સભ્યોના રક્ષણ માટે એમ કરે છે; પરંતુ તેઓ તો જાતિભેદ પર રચાયેલી એક એવી ગેરલાયકાતને હઠાવવા માગે છે જે નથી ટ્રાન્સવાલના આદિવાસી વતનીઓ ઉપર લાગુ કરેલી કે નથી બીજા કોઈ બિનગોરા બ્રિટિશ પ્રજાજનો ઉપર લાગુ કરેલી.

૧૨. આટલું સમજાઈ જવું જોઈએ કે જમીનની પરોક્ષ માલિકી મેળવવાનો અધિકાર જોકે હિંદીઓએ વ્યક્તિગત રીતે ભોગવ્યો છે, તેમ છતાં એ અધિકાર કોમના દરેક સભ્યને ભવિષ્યના લાભની દૃષ્ટિએ મળેલો જ હતો.

૧૩. ૧૯૦૮ના વર્ષમાં ૧૯૦૭નો કસણા કાયદો સુધારીને, કસણા કાનૂન સુધારવા અંગેનો કાયદો (ટ્રાન્સવાલનો ૧૯૦૮નો કાયદો નં. ૩૪) પસાર કરવામાં આવ્યો. આ કાયદો ખાસ કરીને કસણાઓમાં આવેલા વાડાઓ માટે બનાવવામાં આવ્યો હતો. આ કાયદો અને તેને સુધારીને ૧૯૦૯માં બનાવેલો એની પછીનો કાયદો, એ બન્ને કાયદા સર્વસામાન્ય ધોરણે ઘડવામાં આવ્યા હતા; એટલે કે, એમાં કશો જાતિભેદ રાખવામાં આવ્યો નહોતો, અને અમુક સંજોગોમાં તથા અમુક શરતોએ ભાડાના અધિકારોને સંપૂર્ણ માલિકીના અધિકારોમાં ફેરવી આપવાની એમાં જોગવાઈ કરવામાં આવી હતી.

૧૪. જોકે સામાન્ય સંજોગોમાં કોઈ પણ ભારૂત માટે સંપૂર્ણ માલિકીનો પટ્ટો મેળવવા માટે અરજી કરવાનું ફરજિયાત નથી, તેમ છતાં અમુક સંજોગોમાં આવી અરજી કરવાનું ફરજિયાત બનાવી દેવામાં આવ્યું છે.

૧૫. આ કાયદાઓમાં જમીનની સંપૂર્ણ માલિકીના પટ્ટા કેવી શરતોએ આપવાના છે તે દર્શાવતાં નિયમનો [જુઓ શ્વેતપત્રનું પરિશિષ્ટ (ક્રોડ ૬૦૮૭)] પ્રસિદ્ધ કરવાની જોગવાઈ રાખવામાં આવી હતી.

૧૬. આ શરતો ૧૯૦૯ની સરકારી નોટિસ (ટ્રાન્સવાલ) નંબર ૬૪૦ નીચે પ્રસિદ્ધ કરવામાં આવી હતી. અને તેમાં પેટાકલમ (ધ) આ પ્રમાણે હતી: "તે (માલિકીના પટ્ટા દ્વારા અપાયેલી જમીન) અથવા તેનો કોઈ ભાગ કોઈ પણ બિનગોરી વ્યક્તિને નામે ચઢાવી આપવામાં, અથવા ભાડે આપવામાં આવશે નહીં અથવા બીજી કોઈ રીતે આપવામાં કે વેચવામાં આવશે નહીં; અને સરકારી દફ્તરે નોંધાયેલા માલિકના ઘરનોકરો અથવા ગણોતિયા ખેડૂતો સિવાય બીજી કોઈ બિનગોરી વ્યક્તિ એ જમીન પર રહી શકશે નહીં અથવા બીજી કોઈ રીતે તેનો કબજો ભોગવી શકશે નહીં. જો ઉપર જણાવેલી શરતનો કોઈ પણ પ્રકારે ભંગ થશે તો ટ્રાન્સવાલનો સરકાર આ રીતે અપાયેલો માલિકીનો પટ્ટો રદ કરી શકશે અને એ પટ્ટા દ્વારા અપાયેલી જમીન ઉપર બાંધેલી ઇમારતો અથવા અન્ય બાંધકામોનું કે ઉક્ત જમીનમાં કરેલા કોઈ સુધારાનું વળતર આપ્યા વિના જ એ જમીનનો કબજો પાછો લઈ શકશે."

૧૭. આમાં આટલું ધ્યાનમાં લેવા જેવું છે કે મુખ્ય કાયદાની કલમો તો ભેદભાવથી મુક્ત છે. પરંતુ એના જ અવિભાજ્ય અંગરૂપ શાહી પટ્ટાની શરતો એવી છે કે તે જાતિભેદ પર રચાયેલી એક ગંભીર ગેરલાયકાત ઠોકી બેસાડે છે. તે એ અર્થમાં કે હિંદી કોમને સ્થાવર મિલકતની માલિકી ધરાવવાનો જે અપ્રત્યક્ષ અધિકાર આજ સુધી હતો તે આ શરતોથી છીનવાઈ જાય છે. બીજું આ લખાણના ૧૪મા ફકરામાં જેનો

Gandhi Heritage Portal

ઉલ્લેખ છે તેવા સંજોગો આવે ત્યારે, જે હિંદીઓ આજે ભૂમિસંપત્તિના અપ્રત્યક્ષ માલિકો છે તેમને ભવિષ્યમાં પોતે કાયદેસર પ્રાપ્ત કરેલી મિલકત વગર વળતરે ગુમાવવી પડે એવો સંભવ છે.

૧૮. હિંદી કોમ માને છે કે આ શરતો કાયદાની મર્યાદા બહારની છે, અથવા કહો કે કાયદો પોતે જ ગેરકાયદે છે અને તેથી તે બંધારણની વિરુદ્ધ છે. તેઓ કહે છે કે ૧૯૦૮ અને ૧૯૦૯ના કસબા કાનૂન સુધારવા અંગેના કાયદાઓનું સામાન્ય વલણ એવું છે કે તે ભેદભાવભર્યા નિયમો ઘડવાની મનાઈ ફરમાવે છે. બીજી બાજુ, ૧૯૦૬ના ટ્રાન્સવાલ બંધારણમાં એવી જોગવાઈ છે કે ભેદભાવવાળા કાયદા વિષે જ્યાં સુધી રાજનો અભિપ્રાય જાહેર ન થાય ત્યાં સુધી તેને અમલમાં લાવી શકાય નહીં. ૧૯૦૮ અને ૧૯૦૯ના કાયદાઓ સામાન્ય રીતે સૌને લાગુ પડતા હતા, એટલે એમને રોકી રાખવામાં આવ્યા નહોતા, પરંતુ ગવર્નરે એમના પર તરત જ સંમતિની મહોર મારી હતી. એ કાયદાઓ અનુસાર ઘડવામાં આવેલાં ભેદ-ભાવવાળાં નિયમનો કદી પણ પાર્લમેન્ટના ધ્યાન પર લાવવામાં આવ્યાં નહોતાં, તેમ તેમને સમ્રાટના સંસ્થાન મંત્રીની ચકાસણી માટે પણ મોકલવામાં આવ્યાં નહોતાં. હિંદીઓ કહે છે કે આ બાબતોમાં બંધારણની શરતોનું પાલન થયું નથી, એટલે આ નિયમનોને કાયદાનું બળ કે પ્રભાવ મળી શકતો નથી.

૧૯. કંઈક અંશે પોતાનો વેપાર વિસ્તારવાના હેતુથી અને કંઈક અંશે આ નિયમનોની કાયદેસરતાની પરીક્ષા કરવાના હેતુથી, મિ. અહમદ મૂસા ભાયાતે ભૂમિસંપત્તિની અપ્રત્યક્ષ માલિકીના અત્યાર સુધી આ પ્રાંતની અદાલતોએ તેમ જ સરકારે માન્ય રાખેલા અધિકારનો લાભ લઈને ગયા વર્ષના પાછલા ભાગમાં, બૉક્સબર્ગ કસબામાં કેટલાક વાડાઓની સંપૂર્ણ માલિકી ખરીદી લીધી. આ વાડાઓ મિ. લુઈસ વૉલ્ટર રિચ, બૅરિસ્ટર-ઍટ-લૉના નામ પર રજિસ્ટર કરાવવામાં આવ્યા હતા. આ મિ. રિચ થોડા વખત પહેલાં ઇંગ્લંડમાં દક્ષિણ આફ્રિકા બ્રિટિશ હિંદી સમિતિના મંત્રી હતા, અને અત્યારે જોહાનિસબર્ગમાં દક્ષિણ આફ્રિકા સંઘની સુપ્રિમ કોર્ટમાં વકીલાત કરે છે.

૨૦. ઉપરનો સોદો થયો તે પહેલાં, એ કસબાના ગોરા રહીશોએ ભેગા મળીને એવો ઠરાવ કર્યો હતો કે કસબામાંના કોઈ પણ વાડા હિંદીઓને અપ્રત્યક્ષ રીતે વેચવા નહીં. એમાં એમનો ઉદ્દેશ એ હતો કે બૉક્સ-બર્ગને સંપૂર્ણ રીતે ગોરાઓનું નગર રાખવું, અને હિંદીઓને લોકેશનોમાં રહેવા ફરજ પાડવી. પરંતુ મિ. ભાયાતને વાડા વેચનાર મળી આવ્યો, એટલે એમણે ઉપર જણાવેલી મિલકત ખરીદી લીધી, અને ઘણું ખર્ચ કરીને તેના ઉપર પોતાને કામ લાગે એવી ઇમારતો ઊભી કરી. આ પહેલાં જ એ જગા પર ધંધો શરૂ કરવા માટે તેમણે સરકાર પાસેથી પરવાનો મેળવી લીધો હતો. એટલે તેઓ એ મકાનોમાં પરચૂરણ વસ્તુઓ વેચવાનો ધંધો શરૂ કરી શકયા.

૨૧. પરંતુ મિ. ભાયાતના યુરોપિયન વેપારી હરીફોની વેપારી ઈર્ષા જાગી ઊઠી છે. મિ. ભાયાત વ્યવસ્થિત બહિષ્કારનો ભોગ બન્યા છે. ત્યાંના ગોરા રહીશોએ સંઘ સરકારને સમજાવીને સર્વશ્રી રિચ તથા ભાયાત ઉપર મુકદ્દમો દાખલ કરાવ્યો છે અને માગણી કરી છે કે એમના માલિકીના પટ્ટા રદ કરવા, એમની મિલકતને જપ્ત કરેલી જાહેર કરવી; એમને ત્યાંથી બહાર કાઢવા અને એમની પાસેથી નુકસાની વસૂલ કરવી. પોતાના બચાવ માટે બંને જણને ખર્ચાળ કોરટબાજીમાં ઊતરવું પડયું છે. બીજી બાજુ મિ. ભાયાતને માટે કશા વળતર વિના પોતાની મિલકત અને પોતાનો ધંધો ગુમાવવાનો સંભવ ઊભો થયો છે. એટલું ઉમેરવું જોઈએ કે મિ. ભાયાતને એમનો માલ જોહાનિસબર્ગની જથાબંધ વેપાર કરતી યુરોપિયન પેઢીઓએ આપેલો છે. આ પેઢીઓ એમને એક અત્યંત ઈમાનદાર વેપારી તરીકે ઘણાં વર્ષોથી ઓળખે છે.

૨૨. આ હકીકતો સરકારના ધ્યાન પર લાવીને હું ખાસ કરીને એમ કહેવા માગું છું કે દક્ષિણ આફ્રિકા સંઘમાં નિયમનો બનાવીને તેને કાયદાનું સ્વરૂપ આપવાની વૃત્તિ વધતી જાય છે. આ નિયમનોની સંઘની પાર્લમેન્ટને તેમ જ સામ્રાજ્યની સરકારને બિલકુલ ખબર નથી. હું એ પણ સ્પષ્ટ કરી દેવા માગું છું કે હિંદી કોમ કોઈ નવો અધિકાર કે સવલત માગતી નથી. તે તો માત્ર એટલું જ માગે છે કે જે અધિકાર તેને ઉપર્યુક્ત કાયદાઓ અમલમાં આવતા પહેલાં મળેલો હતો તે સાચવી રાખવો જોઈએ. અને એ ઉપરાંત ૧૮૮૫ના કાયદા નં. ૩ની ભેદભાવસૂચક જોગવાઈઓ રદ કરવાની તેની માગણી તેણે પાછી ખેંચી નથી. આ જોગવાઈઓ અન્યાયી છે એ વિષે યુદ્ધ પહેલાં તથા તે પછી સામ્રાજ્યની સરકારે અનેક વાર પોતાનો વિરોધ જાહેર કરેલો છે.

Gandhi Heritage Portal

૨૩. એટલે હું સરકારને એવી વિનંતી કરવાનું સાહસ કરું છું કે જે કોમ પહેલેથી જ અનેક ગેરલાયકાતોના બોજ નીચે દબાઈ ગયેલી છે તેના ઉપર વિશેષ ગેરલાયકાતો લદાતી અટકાવવા, તથા જે અધિકાર, વાસ્તવમાં તેમ જ ભવિષ્યની દૃષ્ટિએ, તેને માટે હંમેશાં માન્ય થયેલો છે અને ન્યાયી ઠરેલો છે તે જળવી રાખવા માટે તે પોતાનાથી બને તેટલા પ્રયાસો કરે.

[આપનો, વગેરે]
એચ. એસ. એલ. પોલાક

[મૂળ અંગ્રેજી]
ઇન્ડિયન ઓપીનિયન, ૬–૭–૧૯૧૨

પરિશિષ્ટ ૨૨

ગોખલે સાથે થયેલી મુલાકાત વિષે ગ્લેડસ્ટનની મિનિટ

ગવર્નમેન્ટ હાઉસ,
પ્રિટોરિયા,
નવેમ્બર ૧૬, ૧૯૧૬

ગુપ્ત

સાહેબ,

મિ. ગોખલે ગઈ કાલે મારી સાથે જમવા આવ્યા હતા, અને જમ્યા પછી અમે બ્રિટિશ હિંદી પ્રશ્ન વિષે ચર્ચા કરી હતી.

૨. મેં વડા પ્રધાન પાસેથી જાણી લીધું હતું કે એમના કેટલાક પ્રધાનોને તથા ઑરેન્જ ફ્રી સ્ટેટના ઘણા લોકોને મિ. ગોખલેના એક ભાષણમાંના એક ફકરાથી માઠું લાગેલું છે, કેમ કે તેઓ માને છે કે ફકરામાં ધમકી આપવામાં આવેલી છે. પરંતુ મને ખાતરી થઈ છે કે ધમકી આપવાનો મિ. ગોખલેનો કોઈ ઇરાદો નહોતો. તેમની ઇચ્છા હિંદુસ્તાનમાં જે સ્થિતિ છે તેનાથી, તથા દક્ષિણ આફ્રિકામાં જે સંઘર્ષની સ્થિતિ ચાલુ રહે તો તેથી જે જોખમ પેદા થાય તેનાથી, શ્રોતાઓને વાકેફ કરવાની હતી. આ જોખમ દેખાય છે તે કરતાં મોટું છે, કેમ કે અનિવાર્ય એવી અતિશયોક્તિઓ થાય છે તથા હિંદુસ્તાનના ક્રાંતિવાદીઓ દક્ષિણ આફ્રિકામાંના બ્રિટિશ હિંદીઓની ફરિયાદોને હિંદુસ્તાનમાંના અંગ્રેજોની વિરુદ્ધમાં વાપરવાની કોશિશ કરી રહ્યા છે. ડરબનમાં પોતાના એક ભાષણમાં મિ. ગોખલેએ પોતાના ઇરાદાની સ્પષ્ટતા કરી હતી. એમણે કહ્યું હતું કે પ્રવાસી બિલ પસાર થઈ જાય તે માટે હું ખરા દિલથી ચિંતા સેવું છું, જોકે ઑસ્ટ્રેલિયન પદ્ધતિની પરીક્ષાની જગાએ કેનેડિયન પદ્ધતિની પરીક્ષા રાખવાની મિ. ફિશરની સ્પષ્ટ ઇચ્છા જોઈને હું અસ્વસ્થ પણ થાઉં છું. પરંતુ પ્રધાનો તો કહે છે કે મિ. ફિશરનો વિચાર એ એમનો પોતાનો વિચાર છે, અમારો નથી. મિ. ગોખલે પરવાનાના સવાલને તથા ૩ પાઉંડના કરને ઘણું વધારે મહત્ત્વ આપતા જણાતા હતા.

૩. ત્રણ પાઉંડના કર સંબંધમાં, વડા પ્રધાને મને કહ્યું કે એમના ખ્યાલ પ્રમાણે જોકે નાતાલમાં સખત વિરોધ થવા સંભવ છે છતાં મિ. ગોખલેના વિચારોને સંતોષી શકાશે. મિ. ગોખલેએ મને જે કંઈ કહ્યું તે ઉપરથી હું એવું સમજ્યો છું કે વડા પ્રધાને એમને સંતોષકારક ખાતરી આપેલી છે.

૪. પરવાનાનો પ્રશ્ન મુશ્કેલી ઊભી કરે એવો સંભવ છે. પરંતુ હાલતુરત મને લાગે છે કે જો આપણે બધો પ્રયત્ન પ્રવાસી બિલ પસાર કરવા ઉપર એકાગ્ર કરીશું તો તે ઉત્તમ ગણાશે. મને ખાતરી થઈ છે કે વડા પ્રધાન અને જનરલ સ્મટ્સ એ બિલને પાર પાડવા ખરા દિલથી ચિંતા સેવે છે, અને હિંદુસ્તાનની સ્થિતિ વિષે બોલાયેલા મિ. ગોખલેના કંઈક વાંધાભર્યા શબ્દોથી જે રોષ પેદા થયો છે તે ઘણે ભાગે શમી જશે.

Gandhi Heritage Portal

૫. મિ. ગોખલેએ યુનિયનિસ્ટ પાર્ટીના ઘણાખરા મહત્ત્વના સભ્યોને મળી લીધું છે. તેમાં આ બિલના વિરોધીઓના આગેવાન મિ. ઍલેક્ઝાન્ડર પણ આવી જાય છે. મિ. ગોખલે કહે છે કે એ બધાએ એવી મતલબનાં સંતોષકારક વચનો આપ્યાં છે કે જ્યારે બિલ પાર્લમેન્ટ સમક્ષ આવશે ત્યારે તેઓ તેને ટેકો આપશે. સોમવારે લૉરેન્સો માર્કથી રવાના થતાં પહેલાં તેમણે સર ટૉમસ સ્માર્ટને મળી લેવાની વ્યવસ્થા કરી હતી.

૬. [પાર્લમેન્ટની] છેલ્લી બેઠકમાં બિલનું બીજું વાચન બહુ જ મોડું લેવામાં આવ્યું હતું. વિરોધ પક્ષના નેતાઓના મૌન અને સામાન્ય સભ્યોમાંના કેટલાકના સખત વિરોધને લીધે એના નસીબને પહેલેથી સીલ લાગી ગયું હતું.

૭. હું એવું નથી માની શકતો કે આવતી બેઠકમાં યુનિયનિસ્ટ પાર્ટી, જનરલ બોથા અને તેમના સાથીદારો સામ્રાજ્યના સર્વોચ્ચ હિતને ખાતર, હિંદુસ્તાનમાં ભારે ઉપદ્રવ અને ક્ષોભની સ્થિતિ પેદા કરનારી દક્ષિણ આફ્રિકામાં પ્રવર્તતી ફરિયાદો દૂર કરવાના જે પ્રયત્ન કરી રહ્યા છે તેને ટેકો આપવામાં ફરીથી નિષ્ફળ જશે. જો વિરુદ્ધ પક્ષના નેતાઓ આવતી બેઠકમાં સામ્રાજ્ય પ્રત્યેની પોતાની ફરજ બજાવે, અને જો પ્રધાનો બિલ વહેલી તકે રજૂ કરવાનું પોતાનું વચન પાળે, તો બીજી વાર એવો જ બેદજનક ભવાડો થશે એવું માનવાને કશું કારણ દેખાતું નથી.

૮. મિ. ગોખલેએ સંઘ સરકારના સૌજન્ય અને સદ્‌ભાવ બદલ તથા પોતે દક્ષિણ આફ્રિકામાં રહ્યા તે આખા સમય દરમ્યાન તેમના આરામ અને સુખસગવડ માટે જે પ્રબંધ કરવામાં આવ્યો હતો તે બદલ લાગતાવળગતા તમામ અધિકારીઓ પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરી હતી.

૯. હિંદુસ્તાન પહોંચ્યા પછી તેઓ બનતી ઉતાવળે એક રિપોર્ટ લૉર્ડ હાર્ડિંગને સાદર કરશે, અને એ રિપોર્ટ બેશક યથા સમયે આપને મોકલી આપવામાં આવશે.

હું છું, વગેરે
ગ્લૅડસ્ટન
ગવર્નર જનરલ

[મૂળ અંગ્રેજી]
કૉલોનિયલ ઑફિસ રેકર્ડ્ઝ: સી. ઓ. ૫૫૧/૩૦

પરિશિષ્ટ ૨૩

દેશભક્ત ગોખલેનું મુંબઈનું ભાષણ[1]

ડિસેમ્બર ૧૩, ૧૯૧૨

પ્રમુખ સાહેબ, બાનુઓ અને સદ્‌ગૃહસ્થો! હિંદુસ્તાનમાં પાછા આવ્યાથી મને જે આનંદ થયો છે અને આ મહાન સભાએ મને જે ઉત્સાહભર્યો અને માયાળુ આવકાર આપ્યો છે તેનાથી તથા સર

૧. ૧૬મી ડિસેમ્બરના મુંબઈના ટાઇમ્સ ઑફ ઇન્ડિયા પત્રમાં જણાવ્યા પ્રમાણે ઑ. મિ. જી. કે. ગોખલે દક્ષિણ આફ્રિકાની મુસાફરીમાંથી શુક્રવારે મુંબઈ પાછા ફર્યા. તેમના માનમાં શનિવારે, તા. ૧૩મી ડિસેમ્બરે, મુંબઈના શેરિફે ત્યાંના ટાઉનહૉલમાં એક જાહેર સભા બોલાવી હતી. તેમાં શ્રી ગોખલેએ આ ભાષણ આપ્યું હતું. સભાના નક્કી કરેલા વખત પહેલાં જ હૉલ ચિકાર ભરાઈ ગયો હતો અને સેંકડો માણસોને બહાર ઊભા રહેવું પડ્યું હતું. તેમાં દરેક કોમના હિંદીઓ, સ્ત્રીઓ અને યુરોપિયનો સારી સંખ્યામાં દેખાતાં હતાં. અને પ્લૅટફૉર્મ ઉપર ઘણા પ્રખ્યાત શહેરીઓ હતા તથા પ્રમુખપદે સર જમશેદજી જીજીભાઈ બિરાજ્યા હતા. શ્રી ગોખલેને ઘણા ઉમંગથી વધાવી લેવામાં આવ્યા હતા. અહીં શ્રી ગોખલેના ભાષણ ઉપરાંત તેમનો ઉપકાર માનતો ઠરાવ પણ લેવામાં આવ્યો છે

Gandhi Heritage Portal

જમશેદજીએ દક્ષિણ આફ્રિકાના મારા કામ સંબંધે જે ઉદાર શબ્દો ઉચ્ચાર્યા છે તેનાથી મને જે અનહદ આનંદ થયો છે તે હું દર્શાવી શકતો નથી. મને કામ સોંપવામાં આવ્યું હતું તે કામના બોજાને માટે આપણા આફ્રિકાવાસી દેશી ભાઈઓની માફક તમે પણ જે માનની લાગણી દર્શાવેલી છે તે જ મારે મન પૂરતો બદલો છે. મારી મુલાકાતનું મૂળ કારણ આપણા મહાન દેશભક્ત મિ. ગાંધીના તરફનું વારંવારનું દબાણ જ હતું એ મેં જાહેરમાં ઘણી વખત જણાવેલું છે. જ્યારે મેં દક્ષિણ આફ્રિકા જવાનો મારા મનમાં આખરે ઠરાવ કર્યો ત્યારે મારો વિચાર એવો હતો કે મારે દક્ષિણ આફ્રિકામાં કંઈ પણ ધામધૂમ સિવાય બધે ફરવું, હિંદીઓનાં અગત્યનાં મોટાં મોટાં સ્થળોની મુલાકાત લેવી, મારા દેશી ભાઈઓને ત્યાં જે હાડમારી ભોગવવી પડે છે તે સંબંધી હકીકતો ભેગી કરવી, અને મારા હિંદુસ્તાન પાછા ફર્યા પછી બધી બાબતો અહીંની સરકાર અને પ્રજા સમક્ષ રજૂ કરવી કે જેથી કરીને દક્ષિણ આફ્રિકામાંના હિંદી સવાલની મદદમાં અહીંથી મજબૂત ટેકો મળે. પણ જ્યાં સુધી હું કેપટાઉન ઊતર્યો નહોતો, જ્યાં સુધી મારે માટે અથાગ પ્રયત્ન કરી જે વિશાળ ગોઠવણો ત્યાંના હિંદીઓએ કરી હતી તે મેં જોઈ નહોતી ત્યાં સુધી મારા હિંદી ભાઈઓ મારી પાસેથી કેવા કામની આશા રાખતા હતા તેનો મને ખ્યાલ જ નહોતો. વળી દક્ષિણ આફ્રિકાની સરકાર પાસે હિંદીઓની હાડમારીઓ પરબારી જ રજૂ કરવી એવો મારી પહેલી ગોઠવણનો હેતુ નહોતો. એ સૂચના તો પહેલવહેલી મને લંડનમાં વડી સરકાર તરફથી કરવામાં આવી હતી. લૉર્ડ ક્રૂએ અને મિ. હારકોર્ટે દક્ષિણ આફ્રિકાના પ્રધાનોની સાથે હિંદી સવાલ સંબંધી મસલત ચલાવવાની તક મેળવવાનો મને ઘણો જ આગ્રહ કરેલો એ હું તમને જણાવું તો તેમાં મેં અવિવેક કર્યો નહીં ગણાય. તે વખતે તેમને મેં જવાબ આપ્યો હતો કે એ પ્રયોગ અજમાવવા જેવો છે. મેં કહ્યું હતું કે જો સ્વમાન જાળવીને તેમ કરવાનું બની શકશે એમ હું જોઈશ તો તમારી સૂચના પ્રમાણે વર્તવાને ઘણો ખુશી થઈશ. જો દક્ષિણ આફ્રિકામાં મારું ઘણું અપમાન — જે થવાનો સંભવ છે — કરવામાં આવશે તો પ્રધાનો પાસે જવાની દરકાર નહીં કરું. તેમ છતાં જ્યારે હું કેપટાઉન ઊતર્યો અને યુનિયન સરકાર મારી સાથે ઘણા આદર-માનથી વર્તવાને આતુર છે એમ જોયું અને મુખ્ય મુખ્ય સ્થળોમાં મારા હિંદી ભાઈઓએ તે તે સ્થળોના યુરોપિયન ગૃહસ્થોને મળી મને માન આપવાને જંગી ગોઠવણો કરી છે એ મેં જોયું, ત્યારે મારે તો ફક્ત તે કબૂલ કરવાનું અને મળેલી તકોનો પૂરેપૂરો ઉપયોગ કરી લેવાનું જ બાકી રહ્યું હતું. આ સ્થિતિમાં જો મેં બીજું કાંઈ પણ કર્યું હોત તો હું જે કાર્ય સાધવા ગયો હતો તેમાં વિશ્વાસઘાતી બન્યો કહેવાત અને ત્યાં રહેતા મારા હિંદી ભાઈઓએ મારામાં જે વિશ્વાસ મૂક્યો હતો તેને માટે નાલાયક ગણાત.

હિંદી સ્થળોની મુલાકાત લેવામાં, તે દેશમાં રહેતા હજારો હિંદી ભાઈઓને એકલાને જ નહીં પરંતુ ઘણાખરા પ્રખ્યાત યુરોપિયનોને પણ મળવામાં, કેટલીક વખત માત્ર હિંદીઓની જ બનેલી સભાઓમાં ભાષણો આપવામાં, કેટલીક વાર યુરોપિયનોની, પણ ઘણી વખત હિંદી અને યુરોપિયનોની બંનેની મળેલી સભાઓમાં ભાષણો આપવામાં અને જુદા જુદા વિચારના તથા જુદાં જુદાં ખાતાંના આગેવાન હિમાયતી-ઓની મુલાકાતોમાં ને સંમેલનોમાં હિંદી સવાલ સંબંધી જુદા જુદા સ્વરૂપમાં ચર્ચા કરવામાં કેવી રીતે મિ. ગોખલેએ પોતાનો વખત દક્ષિણ આફ્રિકામાં ગાળ્યો હતો તેનું વર્ણન તેમણે કર્યું હતું. પોતે સવાલની હિંદી બાજુથી સારી રીતે જાણીતા હતા અને હિંદીઓને લાગતીવળગતી બાબતોની પૂરતી માહિતી મેળવવામાં કેપટાઉન ઊતર્યા પછી બિલકુલ વાર લાગી નહીં, અને યુરોપિયન લોકો સાથે ભળી શકવાથી જુદા જુદા વર્ગના યુરોપિયનોની લાગણીઓ અને વિચારો જાણવાને ઉમદા તકો પોતાને મળી હતી, આખા સવાલમાં બધી તરફથી બરોબર રીતે વાકેફગાર થયા પછી પ્રધાનોની — જનરલ બોથા, જનરલ સ્મટ્સ અને મિ. ફિશરની — બે કલાક સુધીની લાંબી મુલાકાત તા. ૧૯મી નવેમ્બરે પ્રિટોરિયામાં લીધી, અને તેમાં સવાલની તમામ બાજુઓથી વિચાર ચલાવવામાં આવ્યો હતો, એકબીજાના વિચારની આપલે ઘણા નિખાલસ મનથી કરવામાં આવી હતી, જેમાં પ્રધાનોએ આ સવાલને ધ્યાન ઉપર લેવાનું જણાવ્યું હતું, વળી તેઓના તરફની મુખ્ય મુખ્ય અડચણને તેમણે પણ જણાવી હતી, બીજે દિવસે ગવર્નર જનરલ લૉર્ડ સ્લેડસ્ટન સન્મુખ આખો મુકદ્દમો તેના સંપૂર્ણ રૂપમાં રજૂ કર્યો હતો, અને પછી પોતાની શક્તિ પ્રમાણે જે કંઈ કર્યું હતું તેના સંબંધમાં પોતાના મનમાં સંતોષ પામીને, અને દક્ષિણ આફ્રિકામાં રહેતા પોતાના દેશી ભાઈઓએ પોતાના તરફ જે અનહદ પ્રેમ બતાવ્યો હતો

Gandhi Heritage Portal

તેની તથા યુરોપિયન લોકો ઘણા જ માયાળુપણાથી વર્ત્યા હતા તેની તેમ જ યુનિયન સરકારે ઘણી જ માનનીય તથા સભ્યતાવાળી વર્તણૂક ચલાવી હતી તેની પોતાના મન ઉપર પડેલી ઊંડી છાપ સહિત પોતે દક્ષિણ આફ્રિકા કેવી રીતે છોડ્યું તે હકીકત મિ. ગોખલેએ કહી.

આગળ ચાલતાં મિ. ગોખલેએ કહ્યું કે મને ત્યાં જે સ્થિતિ માલૂમ પડી તે વિષે મારો અભિપ્રાય આપતાં પહેલાં મારા પોતાના સંબંધમાં એકબે બાબતો જણાવવા માગું છું. પહેલી એ કે દક્ષિણ આફ્રિકામાં મારી સ્થિતિ ઘણી જ મુશ્કેલીઓવાળી હતી. હું તમને ખાતરીથી કહું છું કે મારી જિંદગીમાં પહેલાં કોઈ વખત આવી મુશ્કેલીભરેલી તથા સૂક્ષ્મ બાબતમાં મેં હાથ ઘાલ્યો ન હતો. અથવા તો દક્ષિણ આફ્રિકાનાં મારાં ચાર અડવાડિયાં દરમિયાન હું જે જવાબદારીના બોજાથી દબાઈ ગયો હતો તેવી કોઈ વખત અનુભવી નહોતી. યુનિયનની સરકારે મારી તરફ જે માયાળુ વર્તણૂક બતાવી હતી તેનાથી જોકે મારા કામમાં ઘણી જ સગવડ થઈ હતી તોપણ તેને લીધે મારી મુશ્કેલીઓમાં વધારો થયો હતો. કારણ કે ગોરા લોકોમાંનો એક ભાગ જે હિંદીઓની તદ્દન વિરુદ્ધ હતો તે જ્યારે સરકારની આવી વર્તણૂકથી ખીજવાઈ ગયેલો હતો ત્યારે બીજો ભાગ જે સમજુ હતો તે સરકારની વર્તણૂકથી અંતઃકરણમાં સંતોષ પામેલો હતો. તોપણ જે કંઈ સરકાર તરફથી કરવામાં આવ્યું હતું તેને અવળું રૂપ આપીને વખતે તેનો ગેરઉપયોગ કરવામાં આવે એ બાબતને લઈ ને તેઓ પણ ચિંતાતુર રહેતા હતા. બીજી બાજુએ જોતાં હિંદીઓ ઘણી જ ખુશાલીમાં આવી ગયા હતા. આવા સંયોગોમાં મારા પોતાના તરફનું તેમ જ ત્યાં રહેતા આપણા હિંદી બાંધવો તરફનું એક પણ અવિચારી કાર્ય થયું હોત તો આખો મામલો તદ્દન ઊલટાઈ ગયો હોત અને જે કાર્ય કરવાનું હતું તેને નુકસાન પહોંચ્યું હોત. મારાં ચાર અડવાડિયાંમાં આ સંભવનો ભય મને દરેક પળે લાગ્યા કરતો હતો અને હરઘડી હૃદય ભારે રહ્યા કરતું હતું. પણ દક્ષિણ આફ્રિકાના મારા છેલ્લા ભાષણ વખતે પ્રિટોરિયામાં મેં જે કહ્યું હતું તે તમારી વચમાં બોલતાં હું આજે ઈશ્વરનો ઉપકાર માનું છું, કે મારી મુલાકાત શાંતિથી પૂરી થવામાં એક પણ ખરાબ બનાવ બન્યો ન હતો અને ત્યાંની મારી મહેનતનું કંઈ પણ સારું પરિણામ ન આવે તોપણ મેં કંઈ નુકસાન તો નથી જ કર્યું એમ લાગવાથી કેટલેક દરજ્જે સુખી છું.

મારો બીજો મુદ્દો મારા પ્રિય અને પ્રખ્યાત મિત્ર મિ. ગાંધી છે. હું કેપટાઉન ઊતર્યો તે જ પળથી તે દક્ષિણ આફ્રિકા છોડ્યું ત્યાં સુધી અને વળી લગભગ પૂર્વ આફ્રિકાની મારી મુસાફરી દરમિયાન મિ. ગાંધી મારી સાથે હતા અને ઊંઘ સિવાયના બાકીના વખતમાં લગભગ દરેક પળ સાથે રહ્યા હતા. આ અજબ પ્રકારના નરરત્નની ખરી ખૂબીનો કિંચિત્માત્ર પણ ખ્યાલ તમને નથી. તેઓ પોતાને મારા ખાનગી સેક્રેટરી કહેવડાવતા હતા પણ ખરું જોતાં તો તે મારા ભોમિયા, ફિલસૂફ અને મિત્ર હતા. મારી આસપાસ જે ભક્તિભાવની જળ તેમણે પાથરી હતી તે વિષે આ પ્રસંગે હું બોલવા માગતો નથી; તેમ છતાં તેમણે દક્ષિણ આફ્રિકામાં જે મહાભારત કામ કર્યું છે તેની ટૂંકનોંધ આપવામાં મારી ફરજ સમજું છું.[૧]

"સન્નારીઓ અને સદ્‌ગૃહસ્થો, જે લોકો હમણાંના શ્રી ગાંધીના અંગત પરિચયમાં આવ્યા છે તેઓ જ તેમના અદ્‌ભુત વ્યક્તિત્વને સમજી શકશે. તેઓ ખરેખર એ જ માટીના ઘડેલા છે જેમાંથી વીરો અને શહીદો ઘડાયેલા હોય છે. વળી તેમનામાં એક આશ્ચર્યકારક આધ્યાત્મિક શક્તિ છે જે તેમની આજુબાજુના સામાન્ય માણસોને વીર અને શહીદ બનાવી દે છે. ટ્રાન્સવાલમાં હમણાં થોડા વખત પહેલાં જે સત્યાગ્રહની લડત થઈ તેમાં — તમે માનશો ? — આપણા સત્તાવીસ સો દેશબંધુઓએ પોતાના દેશની પ્રતિષ્ઠા જળવવા ખાતર શ્રી ગાંધીના નેતૃત્વ હેઠળ જેલની સજાઓ ભોગવી. તેઓમાં કેટલાક સારી સ્થિતિના માણસો હતા, કેટલાક નાના વેપારીઓ હતા, પણ મોટા ભાગના ફેરિયા, મજૂરો વગેરે ગરીબ માણસો હતા, જેઓ પોતાના દેશ વિષે વિચારવા કે વાત કરવા ટેવાયેલા નહોતા. તેમ છતાં આ લોકોએ ટ્રાન્સવાલમાં જેલજીવનનાં કષ્ટો બહાદુરીથી વેઠ્યાં અને કેટલાકે પોતાના દેશની વિરુદ્ધ થયેલા અપમાનજનક

૧. આ પછીનો આખો પૅરેગ્રાફ અંગ્રેજી પુસ્તક ૧૧ના પરિશિષ્ટમાંથી ભાષાંતર કરી લીધો છે. મૂળ ગુજરાતી લખાણમાં ગાંધીજી વિષેનો આ ભાગ છોડી દેવામાં આવ્યો હતો.

Gandhi Heritage Portal

કાયદાને માન્ય ન રાખતાં એ યાતનાઓ વારંવાર સહન કરી. આ ચળવળ દરમ્યાન ઘણાં ઘરો તારાજ થયાં, ઘણાં કુટુંબો વેરવિખેર થઈ ગયાં. કેટલાક લોકો, જેઓ એક વખતે શ્રીમંત હતા તેઓ પોતાનું સર્વસ્વ ખોઈને નાદાર બની ગયા. સ્ત્રીઓ અને બાળકોએ પણ અકથ્ય યાતનાઓ વેઠી. પરંતુ તે બધાંને શ્રી ગાંધીના નુસ્સાનો પારા લાગ્યો હતો અને તેથી તેઓ સૌ બહાદુર બની ગયાં હતાં. એ રીતે તેમણે મનુષ્યના આત્માની શક્તિ માણસના મન પર અને આજુબાજુના ભૌતિક વાતાવરણ પર પણ જે ભારે સત્તા ચલાવે છે તેનો દાખલો પૂરો પાડ્યો હતો. મારા આખા જીવનમાં મને ફક્ત બે જ પુરુષોએ, શ્રી ગાંધી અસર કરે છે એ રીતે આધ્યાત્મિક અસર કરી છે. તે છે આપણા મહાન દાદા, દાદાભાઈ નવરોજી અને મારા સદ્‌ગત ગુરુ શ્રી રાનડે. આવા માણસો આગળ આપણે કોઈ પણ હીન કાર્ય કરતાં શરમાઈએ છીએ એટલું જ નહીં, તેમની હાજરીમાં કોઈ પણ હીન વસ્તુનો વિચાર કરતાં પણ આપણા મનને દહેશત લાગે છે. દક્ષિણ આફ્રિકામાં હિંદના પક્ષને શ્રી ગાંધીએ જ મજબૂત બનાવ્યો છે. આપણા દેશને માટે તેઓ વીસ વરસ થયાં હુંપદ સિવાય કે કશો પણ ડાઘ લગાડ્યા સિવાય મહાન લડત લડી રહ્યા છે. અને તેમની એ કૃતજ્ઞતા બદલ હિંદ તેમનું ભારે ઋણી છે. પોતાના ધ્યેયની સેવામાં તેમણે પોતાના સર્વસ્વનો ભોગ આપ્યો છે. તેમની વકીલાત સારી ચાલતી હતી અને તેઓ વરસે પાંચથી છ હજાર પાઉન્ડ જેટલું કમાઈ લેતા. દક્ષિણ આફ્રિકામાં એક વકીલ માટે આ ઘણી સારી આવક ગણાય. પણ તે બધાનો તેમણે ત્યાગ કર્યો અને હવે તેઓ એક ગરીબમાં ગરીબ માણસની માફક મહિને ત્રણ પાઉન્ડ પર ગુજરો કરે છે. તેમની બાબતમાં એક વસ્તુ ખાસ ધ્યાન ખેંચે છે : તેમણે આવી મોટી લડત ચલાવી છતાં તેમના મનમાં યુરોપિયનો માટે જરાયે કડવાશ નથી. મારા પ્રવાસ દરમ્યાન, દક્ષિણ આફ્રિકાનો યુરોપિયન સમાજ તેમના પ્રત્યે જે માન ધરાવે છે તે જોઈને મારા હ�ૃદયમાં જેટલો આનંદ થયો તેટલો બીજી કશાથી થયો નથી. દરેક સભા કે મેળાવડામાં ગાંધી હાજર છે એ વાતની ખબર પડે એટલે આગળ પડતા પ્રતિષ્ઠિત યુરોપિયનો તેમની સાથે હાથ મિલાવવા આતુર થતા અને તેમની આજુબાજુ ટોળે વળતા. આ પરથી એટલું સ્પષ્ટ જણાઈ આવતું કે, જોકે તેઓ તેમની સાથે ઘણું લડ્યા, લડત દરમ્યાન તેમને કચડી નાખવાનો પ્રયત્ન કર્યો તેમ છતાં તેઓ તેમને માણસ તરીકે માન આપતા હતા. મારા અભિપ્રાય પ્રમાણે, દક્ષિણ આફ્રિકામાં શ્રી ગાંધીનું નેતૃત્વ એ હિંદીઓના પક્ષની ભારેમાં ભારે મૂડી છે. મારા આખા પ્રવાસમાં મને મારી મુશ્કેલીઓમાંથી સહીસલામત પાર ઉતારવા શ્રી ગાંધી મારી સાથે હતા તે એક અમૂલ્ય લહાવો હતો."

દક્ષિણ આફ્રિકામાં હિંદીઓની સ્થિતિનું વર્ણન કરતાં મિ. ગોખલેએ જણાવ્યું કે સંયુક્ત દક્ષિણ આફ્રિકામાં કેપ કૉલોની, નાતાલ, ટ્રાન્સવાલ અને ઑરેન્જ રીવર કૉલોનીનો સમાવેશ થાય છે. અને આ કૉલોનીઓમાં મળી એક લાખ અને પચાસ હજાર હિંદીઓની વસ્તી છે. આમાંથી નાતાલ કૉલોનીમાં લગભગ એક લાખ અને વીસ હજાર વસેલા છે. વીસેક હજાર કેપ કૉલોનીમાં અને દસેક હજાર ટ્રાન્સવાલમાં વસેલા છે. ઑરેન્જ રીવર કૉલોનીમાં ભાગ્યે જ સો માણસો હશે; કારણ કે તે વખતની બોઅર સરકારે ફક્ત થોડા રસોઇયા નોકર સિવાયના બધાને તે રાજ્યમાંથી કાઢી મૂક્યા હતા. દક્ષિણ આફ્રિકામાં વસતા હિંદીઓના ચાર ભાગ પાડી શકાય : ગિરમીટિયા મજૂરો, ગિરમીટ પૂરી કરી રહેલા મજૂરો, તેમની પ્રજા અને બાકીના સ્વતંત્ર માણસો કે જે ગિરમીટિયા મજૂરોની પાછળ પાછળ પોતાના ખર્ચે ત્યાં ગયેલા. ત્યાંની સ્થિતિની એક વિલક્ષણતા એ છે કે આ દેશના જેવો કેળવાયેલો વર્ગ દક્ષિણ આફ્રિકામાંના હિંદીઓમાં નથી અને કેળવાયેલા પુરુષો માત્ર આંગળીનાં ટેરવાં ઉપર ગણી શકાય એટલા જ છે. ઘણો ભાગ તો વેપારીઓ, કારીગરવર્ગ અને ખાનગી નોકરોનો છે. વેપારીઓમાં થોડા બાદ કરતાં બાકીના નાના નાના વેપારીઓ છે. ત્રણે કૉલોનીમાં સાધારણ રીતે બે હજાર વેપારીઓ અને પાંચથી છ હજાર સુધી ફેરિયાઓ છે. મજૂર વર્ગનો મોટો ભાગ તો હજુ ગિરમીટમાં કામ કરે છે અને બાકીના ગિરમીટમાંથી છૂટા થયેલા મજૂરો અને તેમની પ્રજા છે. કેપ કૉલોનીમાં હિંદીઓને નાગરિક અને રાજકીય બંને હકો મળે છે. નાતાલમાં નાગરિક હકો જ પણ રાજકીય નહીં અને બાકીની બે ડચ કૉલોનીઓમાં તો હિંદીઓને બંને હકોમાંથી તદ્દન બાતલ કર્યા છે. અત્યારે જે ઇમિગ્રેશન કાયદો ચાલે છે તે દરેક કૉલોનીમાં જુદો જુદો છે. કેપ કૉલોની અને નાતાલમાં હિંદીઓ ગોરા લોકોની ભાષામાં પરીક્ષા આપીને દાખલ થઈ શકે છે, અને આવા દાખલ થનારાની સરાસરી થોડાંક વરસથી બંને કૉલોનીમાં થઈને ૪૦થી ૫૦ સુધીની જ થવા જાય છે જે ઘણી જ નાની છે.

Gandhi Heritage Portal

ટ્રાન્સવાલ અને ઑરેન્જિયામાં તો હાલમાં નવા હિંદીઓને બિલકુલ દાખલ થવા દેતા નથી. કેપ કૉલોની અને નાતાલમાં વેપાર અને ફેરીના પરવાના દર વરસે બદલાવવા પડે છે અને નવા પરવાના ચાલુ કરવા ન કરવાનું ત્યાંના સ્થાનિક અધિકારીઓના હાથમાં હોય છે. તે અધિકારીઓ હિંદી વેપારીઓના ગોરા હરીફ વેપારીઓમાંથી જ નિમાય છે. ટ્રાન્સવાલમાં વળી થોડા પૈસા પરવાનાના મહેનતાણા તરીકે લઈ પરવાના કાઢી આપવામાં આવે છે. પણ ત્યાં "ગોલ્ડ લૉ" અને "ટાઉનશિપ ઍક્ટ" નામના કાયદાઓ છે કે જેમની અસર તે પરવાનાઓને ખરી રીતે નકામા બનાવી દેવાની છે. આ કાયદો લગાડીને ટ્રાન્સવાલની સરકાર નજરમાં આવે તેની જમીન પોતાને હસ્તક લઈ શકે છે. એ કાયદાનો ઉપયોગ કરીને હિંદીઓને શહેરમાં રહેવા દેવામાં આવતા નથી. હિંદી વેપારીઓ શહેરથી ત્રણચાર માઈલ દૂર રહે છે તેમ છતાં તેમની જિંદગી ગોરાઓના જેવી ખર્ચાળુ નહીં હોવાથી થોડે ભાવે પોતાનો માલ વેચી શકે છે, તેથી લોકો તેઓની પાસેથી માલ લેવા જાય છે. આ હરીફાઈ તોડી પાડવાને "ગોલ્ડ લૉ" નો ઉપયોગ કરીને સરકાર હિંદીઓને શહેરથી વધારે દૂર વસવાની ફરજ પાડે છે અને એ જગ્યામાં તેઓ રહે છે તે અસુખાકારીભરેલી હોય છે. કેપ કૉલોની અને નાતાલમાં હિંદીઓ જમીન ખરીદી શકે છે અથવા તો બીજી સ્થાવર મિલકત મેળવી શકે છે પણ ટ્રાન્સવાલ અને ઑરેન્જિયામાં તો બિલકુલ નહીં. વધારામાં જુદી જુદી કૉલોનીની સામાજિક બાબતોની પણ કેટલીક ઝીણી ઝીણી અડચણો છે.

[મૂળ ગુજરાતી]

ઇન્ડિયન ઓપીનિયન, ૧–૨–૧૯૧૩

પાઉંડ ત્રણનો કર

"ઇન્ડેન્ચર્ડ લેબરર્સ" એટલે કૉલકરાર કરીને ગયેલા મજૂરોની સ્થિતિ તેથી પણ વધુ ખરાબ છે. કૉલકરારની મુદતમાંથી મુક્ત થયા પછી તેઓને માથા દીઠ ત્રણ પાઉંડનો કર આપવો પડે છે. સોળ વરસની ઉપરના દરેક પુરુષ તેમ જ ૧૩ વરસની ઉપરની સ્ત્રીને આ કર આપવો પડે છે અને જો તે કર આપી શકાય નહીં તો તેઓને કેદખાનામાં પૂરવામાં આવે છે. (શરમ શરમના પોકારો). હજુ કોઈ છોકરીને કેદખાનામાં મોકલવામાં આવી નથી. આ કર આપવાથી હિંદીવાનોને કેટલી મુશ્કેલી નડે છે તેનો તમોને નીચેના દાખલાથી ખ્યાલ આવશે. ધારો કે એક માણસને પોતાની સ્ત્રી ઉપરાંત બે દીકરી અને બે દીકરા હોય તો તેઓ બધા મળીને વધારેમાં વધારે બે પાઉંડ કમાય એટલે વરસમાં ચોવીસ પાઉંડ કમાય તેમાંથી તેઓને અઢાર પાઉંડ કર આપવો પડે. તે ઉપરાંત તેઓને બીજા કરો આપવા પડે છે. તેમ જ તેઓને ખાધાખોરાકીનો ખર્ચ લાગે. આ ઉપરથી તમે જોઈ શકશો કે આ ત્રણ પાઉંડનો કર કેટલો સખત થઈ પડે છે. મિ. ગોખલેએ જણાવ્યું કે દક્ષિણ આફ્રિકાની રાજસભાના એક આગેવાન સભાસદે મને કહ્યું હતું કે ઉપલા કરથી ઘણા હિંદીઓ પાયમાલ થઈ ગયા છે તેમ જ થાય છે અને કર ભરવાને અશક્ત હોવાથી સ્ત્રીઓ અનીતિને રસ્તે ચાલે છે.

મિ. ગોખલેએ આગળ ચાલતાં જણાવ્યું હતું કે પાંચ હજાર કર ભરનારાઓની એક સભામાં હું ગયો હતો. તેઓએ મને જોયો એટલે આ કર કઢાવી નાખવા વાસ્તે મહેનત કરવાને મને વિનંતી કરવા લાગ્યા. કેટલીક વખત ઘણાખરાઓ પોલીસોને લાંચ આપીને છટકી જાય છે. પાંસઠ વરસની એક ડોશીએ મને જણાવ્યું હતું કે ઉપરના ત્રણ પાઉંડના કર આપવાને પોતે અશક્ત હોવાથી છ વખત પોતાને કેદખાનામાં જવું પડ્યું હતું.

કેળવણી

હિંદી બાળકોની કેળવણી માટે ભાગ્યે જ કંઈ સગવડ કરેલી છે. ઘણી જ થોડી પ્રાથમિક શાળાઓ અહીંતહીં માલૂમ પડે છે અને તે પણ ઘણીખરી મિશનરીઓ અને હિંદી કોમ જતે ચલાવે છે. આખા દક્ષિણ આફ્રિકાની અંદર હિંદી બાળકો માટે મધ્યમ ઊંચી જાતની અથવા વિજ્ઞાન કળાની કેળવણી માટે કોઈ પણ જાતની સગવડ નથી.

હૃદયભેદક સ્થિતિ

દક્ષિણ આફ્રિકામાં મેં હિંદીઓની સ્થિતિ જોઈ તે પર ઊંડો વિચાર કર્યો ત્યારે જાણે મારું હૃદય ગળી પડતું હોય એમ મને લાગ્યું હતું. ઘણી રીતે તેમની સ્થિતિ ખરેખર દયાજનક અને હૃદયભેદક છે.

Gandhi Heritage Portal

એ તો જગજાહેર છે કે ટ્રાન્સવાલમાં રહેતા હિંદીઓની સ્થિતિ ઓરેંજ રાજ્યમાં હતી તેના કરતાં બ્રિટિશ રાજ્ય થયા પછી ઘણી જ ખરાબ બની છે. વળી એ પણ જાણીતું છે કે યુનિયન ગયા [થયા?] પછી નાતાલ અને કેપ કૉલોનીમાં સ્થિતિ દિન પર દિન ખરાબ થતી જાય છે અને હિંદીઓની સામે પગલાં લેવાનો ટ્રાન્સવાલનો ચેપ આખા યુનિયનમાં ફેલાવા માંડ્યો છે. મારા પહોંચ્યા પછી મેં જોયું તો હિંદી કોમનો દરેક ભાગ શંકાવાળી, દુઃખદાયક અને ત્રાસજનક લાગણી — જે ગમે તે વર્ગને અનીતિવાન બનાવી મૂકે — તેનાથી ભવિષ્યને માટે ઘણો ગભરાયેલો હતો. ગોરા લોકોનો એક મોટો વર્ગ એવા દૃઢ વિચારનો છે કે હિંદીઓ ઉપર એવી સખતાઈ ગુજારવી કે જેથી તેઓ પોતાની જાતે જ દેશ છોડી ચાલ્યા જાય. તેઓ જે કાયદાઓ નીચે છે તે સખત અને અન્યાયી છે એટલું જ નહીં પરંતુ બીજા કાયદા કે જે સખત તેમ જ અન્યાયી ન હોય તેમનો પણ એવો ખરાબ રીતે ઉપયોગ થાય છે કે હિંદીઓ નિરાશ જ બની જાય. આ પ્રમાણે કેપ કૉલોની અને નાતાલ કૉલોનીના જૂના હિંદી રહીશોના સંબંધમાં

ઇમિગ્રેશન કાયદાનો અમલ

એવી સખત રીતે કરવામાં આવે છે કે જેથી દરેક જણ ભયમાં રહે છે અને જો હિંદુસ્તાન અથવા બીજે કોઈ ઠેકાણે થોડા વખતને માટે ગયો હોય તો ફરીથી દાખલ થવામાં ઘણી જ હરકત પડે છે. કેપ કૉલોનીના કોઈ પણ હિંદીને બહાર જવું હોય તો તેને અમુક મુદતનો પાસ મળે છે. તે પાસ વધારેમાં વધારે એક વરસનો હોય છે. હવે તે પાસમાં જણાવેલી મુદતની અંદર હિંદુસ્તાનથી પાછો ફરે તો જ તેને દાખલ કરવામાં આવે છે. જો તે વખત ઉપરાંત એક પણ દિવસ મોડો આવે તો તેને કેપ કૉલોનીમાં દાખલ થવા દેવામાં આવતો નથી. ત્યાં કાયદાનો અમલ કેવી સખત રીતે કરવામાં આવે છે તે નીચેના દાખલાથી જણાશે. જ્યારે હું કેપટાઉન પહોંચ્યો ત્યારે આવો બનાવ બન્યો હતો. એક હિંદી વેપારી પોતાનાં છોકરાં અને સ્ત્રીના કબજામાં પોતાનો વેપાર સોંપીને એક વરસનો પાસ લઈને હિંદુસ્તાન આવ્યો હતો. કેપ કૉલોનીમાં પાછા ફરતાં જે સ્ટીમરમાં તે હતો તેને તોફાન નડવાથી ઠરાવેલા વખત કરતાં ચાર દિવસ તે મોડી પહોંચી તેથી પાસમાં લખેલી મુદત કરતાં તે એક દિવસ મોડો થયો. જો સ્ટીમર તેના ઠરાવેલા વખત પ્રમાણે આવી હોત તો તેના પાસની મુદત પહેલાં તે આવ્યો હોત. પણ કાયદાના ઉદ્દેશ તરફ નહીં જોતાં માત્ર શબ્દાર્થ તરફ જોઈને તેને દાખલ થવા દેવામાં નહીં આવ્યો અને તેથી તેનો વેપાર ધંધો પાયમાલ થઈ ગયો અને તેની સ્ત્રી તથા છોકરાંને નાઇલાજે દેશ છોડવાની ફરજ પડી. આવી જ રીતે નાતાલમાં પણ સર્ટિફિકેટ આપવામાં આવે છે જેને લીધે માણસ ગમે ત્યારે હિંદુસ્તાન આવી શકે છે અને ગમે ત્યારે પાછો જઈ શકે છે. પણ તેમાં ઇમિગ્રેશન અમલદારને સંતોષ થવો જોઈએ કે સર્ટિફિકેટ તે જ માણસનું છે. આવી સત્તાને લીધે સર્ટિફિકેટવાળાઓ જોકે ૧૫ કે ૧૬ વરસના જૂના રહીશ હોય છે તોપણ તેમની ટૂંકી ગેરહાજરી પછી જ્યારે તેઓ નાતાલમાં પાછા ફરે છે ત્યારે તેઓને તેમની પહેલી વખતની મુસાફરીથી આજ સુધીનો બધો હેવાલ પૂછે છે, અને તેમાં ઘણી ઝીણી ઝીણી બાબતો પૂછે છે, તેમાં ભોગજોગે જો તે માણસે બોલવામાં કંઈ ભૂલ કરી તો તેનું સર્ટિફિકેટ ખૂંચવી લેવામાં આવે છે અને તેને પાયમાલ થઈ ગયેલી સ્થિતિમાં હિંદુસ્તાન પાછો મોકલી દેવામાં આવે છે. હવે આ પ્લેટફૉર્મ ઉપર બેઠેલા મારા યુરોપિયન મિત્રોને પૂછું છું કે તેઓ પહેલવહેલા આ દેશમાં ક્યારે આવ્યા, ક્યાં રહેતા હતા, અને શું કરતા હતા વગેરે સવાલો તેમને એકદમ પૂછવામાં આવે તો એક પણ ભૂલ કર્યા સિવાય તમારામાંથી કેટલા જણ આવા પ્રશ્નોના જવાબ આપવા શક્તિમાન થશે? વળી વેપારી અને ફેરિયાઓના પરવાનાના સવાલથી કેપ કૉલોની અને નાતાલમાં બધે હિંદીઓનાં મન ઉશ્કેરાયેલાં છે. બંને કૉલોનીઓમાં હિંદીઓને નવા પરવાના નહીં કાઢી આપવાની રીત ખુલ્લી રીતે પકડી છે અને જૂના પરવાના પણ જ્યારે જ્યારે કંઈ કારણ મળે ત્યારે તુરત જ રદ કરે છે. એ પરવાના વરસ આખરે બદલાવવા પડે છે. જ્યારે બદલાવવાનો વખત આવી લાગે છે ત્યારે દરેક હિંદી વેપારીનું મન ઘણું જ ચિંતાતુર રહે છે, આવી સ્થિતિ કેટલી નુકસાનકારક છે તે મુંબઈના વેપારીવર્ગને સમજવું કઠણ નહીં પડે. આવી ચાલુ ચિંતા રહેશે તો હિંદીઓના વેપારના સાહસને નિર્બળ બનાવી મૂકશે અને છેવટે તેનો નાશ કરશે. ટ્રાન્સવાલમાં સોનાની ખાણોની હદમાં વધારો કરીને હિંદી વેપારીઓને ત્યાંથી હાંકી કાઢવામાં આવે છે અને માત્ર તેમને માટે ખાસ વસવાટનાં બાંધેલાં સ્થળોમાં જઈ રહેવું પડે છે. આ કેટલો હડહડતો

Gandhi Heritage Portal

જુલમ છે! અત્યારે જે સ્થિતિ છે તેમાં જો થોડા વખતમાં સંતોષકારક ફેરફાર નહીં થાય તો દક્ષિણ આફ્રિકાના હિંદીઓને ઘણાં દુઃખો અને નુકસાન વેઠ્યા પછી પણ દેશ છોડતાં ઘણાં વર્ષો નહીં લાગે.

યુરોપિયનોની સ્થિતિ

મને હિંદીઓની આવી સ્થિતિ માલૂમ પડી. હવે હું ત્યાંના યુરોપિયનોની સ્થિતિ જાણવા માગું છું. તેમની સ્થિતિ બરોબર સમજવી, તેમના લાભ, તેમની અડચણો, તેમના વિચારો, તેમની લાગણી તેમ જ તેમના દુરાગ્રહો સમજવા એ જરૂરનું છે. જુદી જ જાતના સુધારાવાળા ત્યાંના સંખ્યાબંધ નેટિવોમાં તેમની સાડા બાર લાખની સંખ્યા ઘણી જ નાની છે. અને બંને કોમના સંબંધથી સામાજિક, રાજકીય, આર્થિક અને નૈતિક બાબતોનો એક ઘણો જ કઠણ સવાલ તેઓની પાસે પડેલો છે. અને ત્યાંના યુરોપિયનનાં મન મૂળથી જ આને લઈને અશાંત બનેલાં છે. અને તેમની અઘરી અને ગૂંચવાડાવાળી સ્થિતિમાં વળી ત્રીજું તત્ત્વ ઉમેરાયું કે જે તદ્દન જુદો જ આચારવિચાર ધરાવે છે. એ તો ખરું છે કે અત્યારે હિંદીઓની સંખ્યા દોઢ લાખની છે ત્યારે અંગ્રેજોની સાડા બાર લાખની છે. પણ તેઓ ધારે છે કે હિંદુસ્તાનની ત્રીસ કરોડની વસ્તીમાંથી એકાદ કરોડ આફ્રિકામાં આવી જાય તો તેમને અટકાવવાનું કાંઈ સાધન નથી, અને નિરંતર આવવા દેવામાં આવે તો તે દેશ બીજો હિંદુસ્તાન બની જાય. તેમનું આમ ધારવું તદ્દન ભૂલભરેલું છે પણ તેમ છતાં તેમની આ બાબત વિષેની ઊંડી લાગણી સામે આંખ આડા કાન કરવાના નથી. વધારામાં વળી રંગદ્વેષ બહુ છે અને તે અંગ્રેજ કરતાં ડચ લોકોમાં વધારે છે. બીજું હિંદીઓની સાદી રહેણીને લીધે યુરોપિયન વેપારીઓનો નાનો ભાગ હિંદી વેપારીઓ સામે હરીફાઈમાં ટકી શકશે નહીં એવો ભય લાગે છે. આ કારણોને લીધે પરિણામ એ આવ્યું છે કે હિંદીઓની સામે હાલમાં તેઓએ સખત અને ત્રાસદાયક રીત પકડી છે. જેને લીધે હિંદીઓને વસ્તુતઃ તે દેશ છોડવાની જરૂર પડે અથવા જો તેઓ રહે તો ફક્ત ગુલામી અને હલકી જ જિંદગી ગાળી શકે.

[મૂળ ગુજરાતી]

ઇન્ડિયન ઓપીનિયન, ૮–૨–૧૯૧૩

ગંભીર હાલત

આવી ગંભીર, ચિંતાવાળી અને ઘણી જ અઘરી હાલત છે. આનો રસ્તો શું? હિંદીઓથી દક્ષિણ આફ્રિકા ભરાઈ જશે, એ બીક જ્યાં સુધી ત્યાંના ગોરાઓના મનમાંથી ન જાય ત્યાં સુધી — સરખા હકની તો વાત જ જવા દો — આપણા દેશબાંધવો શાંતિથી અને સહીસલામત રહી શકે એવો સંભવ નથી. ત્યાંના હિંદીઓના ગોરા મિત્રો પણ એમ ખાતરી આપે છે કે જ્યાં સુધી હિંદીઓને અટકાવવાની બીક તેમનામાંથી દૂર નથી થઈ ત્યાં સુધી હિંદીઓના તરફ સારી વર્તણૂક રાખવાનું દબાણ તેઓનાથી થઈ શકશે નહીં. આ તો તે કોમના એક નાના ભાગનો વિચાર છે. બીજો ભાગ જે ઘણો મોટો છે તે પણ હિંદીઓ તરફના હાલના વર્તનથી શરમાય છે. છતાં આવી બીક દૂર થાય તો જ હિંદી તરફ દિલસોજી દર્શાવી શકે. કેટલાકે તો મને ખુલ્લા શબ્દોમાં કહ્યું છે કે જ્યાં સુધી હિંદીઓનો આવવાનો ભય દૂર નહીં થાય ત્યાં સુધી 'અમે હિંદીઓને ત્રાસ આપનારું વર્તન ચાલુ રાખીશું. દક્ષિણ આફ્રિકાના હિંદીઓ પણ એમ જ ઇચ્છે છે કે વધારે હિંદીઓ ત્યાં જાય નહીં. અને તે ભય કાઢી નાખવાની જરૂર તેમને જણાઈ છે. થોડાંક વરસથી આશરે ચાળીસ કે પચાસ હિંદીઓ દર વરસે દાખલ થવા પામે છે અને તે નહીં જ જેવી સંખ્યા છે. તેથી દક્ષિણ આફ્રિકાના હિંદીઓએ, દેશના કાયદાની નજરમાં સમાન પ્રશ્ન ગણાવાનો અને હાલની અન્યાયી અને જુલમી રાજનીતિમાં ફેરફાર કરાવવાનો જ આગ્રહ રાખ્યો છે. આનો હેતુ એ કે ત્યાં રહેતા હિંદીઓ શાંતિથી અને સહીસલામત રહીને પોતાનું જીવન ગાળી શકે, આબાદ થાય અને આગળ વધે. ગયે વર્ષે મિ. ગાંધી અને જનરલ સ્મટ્સ જે સમાધાની ઉપર આવ્યા હતા કે જેના કારણે સત્યાગ્રહની લડાઈ બંધ પડી હતી તે સમાધાની આ જ રસ્તે હતી. યુનિયન સરકાર નવા ઇમિગ્રેશન કાયદામાં હિંદીઓ સામે કંઈ તફાવત નહીં રાખે એમ કબૂલ થઈ છે, અને મિ. ગાંધીએ એટલું સ્વીકાર્યું છે કે ઇમિગ્રેશન કાયદાનો અમલ કરવામાં જાવકથી થતી ખોટ પૂરી પાડવા જેટલા તથા કોમની ખાસ જરૂરિયાત જોતાં ઊંચી કેળવણી પામેલા માણસોને દર વર્ષે યુનિયનમાં દાખલ થવા દેવામાં આવે. તે સંખ્યા

Gandhi Heritage Portal

ટ્રાન્સવાલ માટે છની ઠરાવવામાં આવી છે. હાલના કાયદાથી તો કોઈ પણ હિંદી ટ્રાન્સવાલમાં પેસી શકે નહીં. આખા યુનિયનમાં ચાળીસ હિંદીઓને દર વર્ષે દાખલ કરવાની માગણી કરવામાં આવી છે. સમાધાનીનો હેતુ એ છે કે એમ્પાયરની પ્રજા તરીકેના હિંદીઓના હકો કાયદાની નજરમાં સમાન ગણવી શકાય અને નવા ઇમિગ્રન્ટોના બાંધેલા પ્રમાણને લીધે હિંદીઓ તરફનો આફ્રિકા ભરાઈ જવાનો ભય યુરોપિયનોમાંથી જતો રહે. આમ થાય એટલે ત્યાંના હિંદીઓ બીજી બાબતોમાં વધારે ન્યાય, વધારે સમાનતા અને વધારે માયાળુ વર્તણૂકને માટે વધારે જોરથી લડી શકે. દક્ષિણ આફ્રિકામાં મેં મારું કાર્ય આ રસ્તે કરેલું છે. અને ત્યાંના હિંદીઓની જે માગણીઓ હતી તેના કરતાં મેં કાંઈ પણ વધારે કે ઓછું માગ્યું નથી. યુરોપિયનો સાથે મળવાનો મને મળેલો લાભ બીજા કોઈ હિંદીને પહેલાં મળ્યો ન હતો, અને આને લીધે તે લોકોનાં અંતઃકરણમાં અસર થાય એવી રીતે ન્યાય અને મનુષ્ય ધરમ માટે બોલવાને શક્તિમાન થયો હતો. અને કેટલાકની સાથે તો નતોન્નત વાતચીત પણ કરી હતી.

ઉઘાડાં બારણાંની નીતિ

દક્ષિણ આફ્રિકાથી હિંદુસ્તાન આવવા પાછો ફર્યો તેને આગલે દિવસે જ્યારે મેં જાણ્યું કે દક્ષિણ આફ્રિકામાં મેં જે નીતિ ગ્રહણ કરી હતી તેના સંબંધમાં કેટલાક લોકોનો એવો મત હતો કે મારે ઉઘાડાં બારણાંની નીતિ ગ્રહણ કરવી જોઈતી હતી અને લગાર પાછું હઠવું જોઈતું ન હતું, તેમ જ મિ. ગાંધીએ હિંદુસ્તાનના હકો જતા કર્યા હતા અને મેં તેને ટેકો આપ્યો હતો ત્યારે મને ઘણી અનુકંપા થઈ. આ ટીકાના સંબંધમાં હું એટલું કહી શકું છું કે આવું કહેનારાને દક્ષિણ આફ્રિકાના સવાલનું બરોબર જ્ઞાન જ ન હતું. ત્યાં રહેતા હિંદીઓની મુખ્ય ઉમેદ એ છે કે ત્યાં હવે વધુ હિંદીઓ જાય નહીં પણ તેઓ હાલમાં જે સ્થિતિમાં જીવન ગાળે છે તેમાં એવો સુધારો થવો જોઈએ કે સ્વરાજ્ય ભોગવતી પ્રજામાં ઉપયોગી ભાગ ભજવવાને લાયક બનવા જેટલી તકો મળે. અને જો આ પ્રશ્નને વ્યાવહારિક દૃષ્ટિથી જોઈએ તો જ તે તકો મળવાનો સંભવ છે. હું દક્ષિણ આફ્રિકામાં ઉઘાડાં બારણાંની નીતિને માટે સહેલાઈથી બહાર પડ્યો હોત. એ વિષય ઉપર મેં છટાદાર ભાષણો કર્યાં હોત અને મેં છટાદાર ભાષણો કર્યાં છે એવી લાગણીથી હિંદુસ્તાન પાછો ફર્યો હોત. પણ દક્ષિણ આફ્રિકાના હિંદીઓનું કામ આવી રીતે હું બગાડી શક્યો ન હોત. યુરોપિયનો ગમે તે જોખમે હિંદીઓને કાઢી મૂકવાને દૃઢ નિશ્ચયવાળા થયા હોત. અને એવો રસ્તો પકડવાથી તે દેશ છોડવાનું હિંદીઓને જલદીથી થાત. કેટલાક કહે છે કે મિ. ગાંધી હિંદીઓનું હિત જાળવતા નથી, પણ મને કહેવા દો મિ. ગાંધીએ હિંદનું માન અને હિત જાળવવાની ખાતર જ ચાર વખત કેદખાનું સેવ્યું છે. અને સાધારણ વર્ગના ૨૭૦૦ હિંદીઓમાં તેઓ એ અસર ઉત્પન્ન કરી શક્યા છે. અત્યારે એમ્પાયરમાં હિંદીઓનો દરજ્જો અમુક હદમાં જ જળવાય તેમ છે. હાલ વિચારમાં જે હકો રહેલા છે તે વ્યવહારમાં મૂકવા જોવા ધીમે ધીમે જ બનશે પણ તે તો ઘણું જ ધીમે ધીમે બનશે અને હિંદુસ્તાનમાંની આપણી સ્થિતિ સુધરવા ઉપર ઘણોખરો આધાર રહે છે.

હાલની સ્થિતિ

છેવટમાં મિ. ગોખલેએ કહ્યું : હું બેસી જાઉં તે પહેલાં તમે મને પૂછશો કે દક્ષિણ આફ્રિકામાં હાલ કેવી સ્થિતિ છે, તો તેના જવાબમાં જણાવવાનું કે અમારી મુલાકાત વખતે જનરલ બોથાએ જેમ મને કહ્યું તેમ આપણાં દુઃખો બહુ જ છે અને તે એટલાં બધાં કે દક્ષિણ આફ્રિકામાં ગમે તેવું મજબૂત પ્રધાનમંડળ બધાં દુઃખો એકદમ દૂર કરી શકે નહીં અને તેમ કરે તો તેમની સત્તા જ ખૂંચવી લેવામાં આવે. સ્થિતિ એવી છે કે આપણે સતત લડાઈ ચાલુ રાખીએ તેમ છતાં આપણે ધીમા અને દૃઢ સુધારા કરતાં બીજી કંઈ આશા રાખી શકીએ નહીં. પણ હું ધારું છું તેમ અમુક બાબતોમાં તો તરત જ સુધારો થવો જોઈએ. તેમાંની પહેલી એ કે મિ. ગાંધી અને જનરલ સ્મટ્સ વચ્ચે સત્યાગ્રહની લડાઈ સંબંધી જે કામચલાઉ સમાધાની થઈ છે અને તેના વિષેનું જે બિલ પાર્લમેન્ટમાં ગઈ વખતે પસાર થઈ શકયું ન હતું તે આ વખતે ફતેહમંદીથી પસાર થવું જોઈએ. હું ધારું છું કે ઇમિગ્રેશન કાયદાની જે સખતાઈ છે તે પણ હવે જલદીથી નરમ પડશે. એટલે હેરાનગતિ ઓછી થઈ જશે. પછી પેલો રાક્ષસી ત્રણ પાઉંડનો કર પણ આ વરસથી બંધ કરવાનું બિલ પાર્લમેન્ટમાં આણવામાં આવશે. આ બાબતોમાં પોતાનાથી બની શકે તેટલું કરવાનું ત્યાંના પ્રધાનોએ મને વચન આપ્યું છે. કેળવણીના સંબંધમાં પણ પૈસા સંબંધી સ્થિતિ

Gandhi Heritage Portal

સુધારવામાં આવશે. અને ગોલ્ડ લૉ અને ટાઉનશિપ ઍક્ટને જેમ બને તેમ નરમ બનાવવામાં આવશે. તેમ છતાં આપણે અહીંયાં ખુલ્લા ન્યાયની માગણી કરીએ છીએ. અને તેની પછવાડે માત્ર હિંદી સરકાર અને ઇંગ્લંડની સરકારની જ નહીં પરંતુ દક્ષિણ આફ્રિકાના સારા કેળવાયેલા વર્ગની પણ દિલસોજી છે. અને તે લડાઈના સંબંધમાં જો આ દેશમાં આપણે આપણી ફરજ બરોબર બજાવીએ તો ત્યાં રહેતા આપણા દેશબાંધવો જીત મેળવશે. અને આ મારો છેવટનો નિર્ણય છે. બાનુઓ અને સદ્‌ગૃહસ્થો! ઇંગ્લંડ અને દક્ષિણ આફ્રિકાના આ લડાઈના પક્ષના આપણા મિત્રોને જેમ લાગે છે તેમ મને પણ ઘણું લાગી આવે છે કે હજુ સુધી આપણા ભાઈઓ જે દક્ષિણ આફ્રિકામાં ઘણી હરકતો અને દુઃખો વેઠીને પોતાનું સ્વમાન જાળવવા લડાઈ લડે છે તે તરફ હિંદુસ્તાને પોતાની ફરજ બજાવી નથી. માત્ર એક જ માણસ — મારા મિત્ર રતન તાતા — કે જેમના તરફ દક્ષિણ આફ્રિકાના લોકો માનની અને પ્રેમની લાગણીથી નમે છે તેમણે ઘણો જ મોટો અને સરસ દાખલો બેસાડ્યો છે. મદ્રાસમાં તેમ જ અહીંની કમિટીઓએ પૈસાની મદદ કરી છે પણ તે ઘણી જ નાની છે. તેમ છતાં હું ધારું છું કે ભૂતકાળમાં આપણી જેટલી શિથિલતા હતી તેટલી ભવિષ્યમાં હવેથી નહીં રહે. હું આશા રાખું છું કે દક્ષિણ આફ્રિકાના હિંદીઓના સવાલ પર આપણે કાળજી રાખીશું કે જેથી કરીને ત્યાંના આપણા દેશબાંધવોના મનમાં હિંમત રહે કે આપણે એકત્રપણે તેમની સાથે છીએ. વળી હું આશા રાખું છું કે આજ સુધી આપણે જે મદદ કરી છે તેના કરતાં ભવિષ્યમાં પૈસાની સારી રકમ ભેગી કરી મોકલીશું. વળી યાદ રાખો કે તેઓને લડાઈની બાબતમાં મદદની જરૂર છે એટલું જ નહીં પરંતુ તેઓનાં બાળબચ્ચાંઓની નૈતિક અને આર્થિક સ્થિતિ સુધારવામાં અને કેળવણીના સંબંધમાં મદદની જરૂર છે. છેવટમાં યાદ રાખવાનું છે કે આમાં ફક્ત દક્ષિણ આફ્રિકાના હિંદીઓનું જ હિત સમાયેલું નથી પણ આખી હિંદી પ્રજાનું હિત સમાયેલું છે. તેટલા માટે આ સંબંધમાં આપણે જેટલી ફરજ બજાવીશું તેટલા પ્રમાણમાં આ મહાન રાજ્યમાં સુધરેલા લોકોના સ્વમાનને યોગ્ય આપણે બનીશું તેટલા જ પ્રમાણમાં આપણા દેશનું, આપણાં બાળકોનું, અને આપણાં બાળકોનાં બાળકોનું ભલું કરી શકીશું.

મિ. ગોખલેના ઉપકારનો ઠરાવ

મિ. ગોખલેનું ભાષણ પૂરું થઈ રહ્યા પછી નીચે પ્રમાણેનો ઠરાવ સભામાં પસાર કરવામાં આવ્યો હતો:

દક્ષિણ આફ્રિકામાં વસતા આપણા દેશબાંધવોના નિમંત્રણને સ્વીકારીને ઑ. મિ. જી. કે. ગોખલે સી. આઈ. ઈ. ત્યાં મુસાફરીએ ગયા હતા ત્યાંથી પાછા ફરતાં મુંબઈના શહેરીઓની આ જાહેરસભા તેમને હર્ષભર્યો આવકાર આપે છે. દક્ષિણ આફ્રિકાની યુનિયન સરકારે તેમ જ ત્યાં વસતી તમામ પ્રજાએ ઑ. મિ. ગોખલેને જે આદરમાન આપ્યું છે તેની માનપૂર્વક આ સભા નોંધ લે છે, અને ઑ. મિ. ગોખલેએ સંસ્થાનવાસીઓ અને હિંદીઓની વચ્ચે સારી સમજૂતી ઉત્પન્ન કરવા જે પ્રયત્ન કર્યો છે તેનું પૂર્ણ સંતોષકારક પરિણામ આવશે અને બ્રિટિશ શહેનશાહતના શહેરીઓ અને બ્રિટિશ રાજ્યની પ્રજા તરીકે દક્ષિણ આફ્રિકામાં વસતા હિંદીઓની સ્થિતિને લગતો જે સવાલ ઊભો થયેલો છે તેનું બનતી ઉતાવળે સંતોષકારક નિરાકરણ લાવવામાં આવશે એવી આ સભા ખાતરીભરેલી રીતે આશા રાખે છે.

[મૂળ ગુજરાતી]

ઇન્ડિયન ઓપીનિયન, ૧૫-૨-૧૯૧૩

Gandhi Heritage Portal

પરિશિષ્ટ ૨૪

સિલબર્ન અને એફ. સી. હૉલેન્ડરને ગોખલેના જવાબ

ક

૧૧મી નવેમ્બર, ૧૯૧૨ને રોજ ડરબનમાં ગોખલેના માનમાં યોજવામાં આવેલા એક ભોજનસમારંભ પ્રસંગે બોલતાં બીજી બાબતોની સાથે સાથે સિલબર્ને કહેલું કે: "આ દેશમાં મિ. ગોખલે પ્રવાસ કરી રહ્યા છે. તેના ઉપર હું નજર રાખી રહ્યો છું. મેં જોયું છે કે વાસ્તવિક સ્થિતિ શી છે તે સંબંધમાં ચેતવણીના બહુ થોડા શબ્દો એમને સંભળાવવામાં આવેલા છે. ઘણા લોકો એવું માને છે કે બ્રિટિશો અને બોઅર લોકો મિ. ગોખલેના દેશવાસીઓ પ્રત્યે દુશ્મનાવટ રાખે છે, પરંતુ વાત એમ નથી. એક રાજનીતિજ્ઞ તરીકે હું જરૂર માનું છું કે એવાં કષ્ટો મોજૂદ છે જે હિંદીઓ સહન કરી રહ્યા છે, અને જે બને એટલાં જલદી મિટાવી દેવાં જોઈએ, તેમ જ મારે પોતે ત્રણ પાઉંડનો કર રદ કરાવવામાં મદદ કરવી જોઈએ. પરંતુ એટલું યાદ રાખવાનું છે કે અહીંના દેશી લોકોને લીધે અમારી સમક્ષ એક બહુ જ મુશ્કેલ જાતીય સમસ્યા ઊભી થયેલી છે અને એમાં એક ત્રીજું તત્ત્વ ઉમેરવાથી આ સમસ્યા સહેલી બનવાને બદલે વધારે ગૂંચવણભરી બનતી જાય છે. બીજું આ પ્રશ્નનો નિકાલ જે લોકો અહીં રહે છે તેમણે જ કરવાનો છે એટલે મિ. ગોખલેને હું કહું છું કે તમે હિંદુસ્તાન પાછા જાઓ અને હિંદુસ્તાનની સરકારને તથા ઇંગ્લન્ડની સરકારને જણાવી દો કે આ પ્રશ્ન દક્ષિણ આફ્રિકામાં જ ઉકેલવાનો છે, માટે આ દેશના બ્રિટિશ લોકો ગ્રેટ બ્રિટન કે હિંદુસ્તાન બેમાંથી એકેયની કશી દખલ એ બાબતમાં સહન કરશે નહીં." આના જવાબમાં ગોખલેએ કહ્યું હતું કે: "મને અંગ્રેજોના ઇતિહાસનું અને એ પ્રજાની પરંપરાઓનું પૂરતું જ્ઞાન છે. તે ઉપરથી હું એટલું તો સમજું છું કે જો અંગ્રેજ લોકો પાસેથી કંઈ મેળવવું હશે તો તે આ પદ્ધતિએ નહીં મેળવી શકાય, પરંતુ એમની ઈમાનદારી અને ન્યાયની ભાવનાને જાગ્રત કરીને જ મેળવી શકાશે. . . . એટલે જેનાથી એક સ્વશાસિત સંસ્થાનના અધિકારોને ક્ષતિ પહોંચે એવું કશું તો હું ન જ કરું. પરંતુ સ્થિતિ વિચિત્ર છે. હિંદુસ્તાનની સરકાર દક્ષિણ આફ્રિકાની સરકારને સીધેસીધું કશું કહી શકે તેમ નથી; જો તેણે કંઈ કહેવું હોય તો તે સામ્રાજ્ય સરકાર મારફતે જ કહેવું પડે; એટલે આ પ્રશ્નોમાં કેવળ સામ્રાજ્ય સરકાર જ અમારા રક્ષણનું એકમાત્ર સાધન છે. . . . હું મેજર સિલબર્નને પૂછું છું કે જો તમે હિંદુસ્તાનમાં હો અને મારા જેવી સ્થિતિમાં મુકાયા હો, તો તમે શું કરો? હું માનું છું કે તમે એવું જ કરો જે કોઈ પણ બ્રિટિશ નાગરિક કરે — એટલે કે, તમારો પ્રશ્ન સામ્રાજ્ય સરકાર સમક્ષ રજૂ કરો. . . . "

ખ

૭મી નવેમ્બર, ૧૯૧૨ને રોજ મૉરિત્સબર્ગમાં ભાષણ આપતાં ગોખલે બોલેલા: "એક બાજુ એક વિરાટ દેશમાં ત્યાંના દેશી લોકોની વિરાટ વસ્તી વચ્ચે વેરાયેલા યુરોપિયન સમાજના મુઠ્ઠીભર લોકો છે. . . . આ બંને જાતિઓ સંસ્કૃતિની જુદી જુદી કક્ષાએ ઊભેલી છે, એટલે તેમના પરસ્પરના સમાગમને લીધે કયારનીયે મુસીબતો ઊભી થવા પામી છે. . . . સ્વાભાવિક રીતે જ યુરોપિયન સમાજ તેની પોતાની સંસ્કૃતિને સુરક્ષિત રાખવા માગે છે. . . . આ ઉપરાંત એ વસ્તીમાં હિંદીઓનું તત્ત્વ દાખલ થયું છે. અત્યારે એમની સંખ્યા બહુ નાની છે. પરંતુ ઘણા યુરોપિયનોના મનમાં એવો ડર પેઠેલો છે કે જો કડક પગલાં નહીં લેવામાં આવે તો હિંદીઓની સંખ્યા વધી જશે અને સંભવ છે કે એક દિવસ એ લોકો યુરોપિયન વસ્તીને મુશ્કેલીમાં મૂકી દેશે. મને હવે સમજવા લાગ્યું છે કે હિંદીઓ જે બાબતોની ફરિયાદ કરે છે — અને તે ફરિયાદ સાચી છે — તેમાંની ઘણી બાબતો આ ડરને લીધે ઊભી થયેલી છે. તે પછી આવે છે વેપારી ઈર્ષાની વાત. યુરોપિયનોને એવો ડર રહે છે કે હિંદી વેપારીનું જીવનધોરણ પોતાના કરતાં વધારે સાદું હોવાથી તે વેપારી પોતાના કરતાં સસ્તા દરે માલ વેચવાનો. આ પ્રશ્ન એવો છે

Gandhi Heritage Portal

જેને બે બાન્દુઓ છે. આ ફરિયાદ આખા યુરોપિયન સમાજની નથી, બલકે થોડી મૂડીથી વેપાર કરનારા નાના વેપારીની છે, કેમ કે તેને આ પરિસ્થિતિથી વેપારમાં અગવડ પડે છે. સમાજને તો એ હરીફાઈની કશી પડી નથી. એને જે કોઈ વાતમાં રસ હોય તો તે એ વાતમાં છે કે તેને વસ્તુઓ બને તેટલી સસ્તી જોઈએ છે." (ઇન્ડિયન ઓપીનિયન, ૧૬-૧૧-૧૯૧૨). ૮મી નવેમ્બરે ડરબનના ટાઉન-હૉલમાં પોતાના સ્વાગત ભાષણ દરમ્યાન હૉલેન્ડરે[1] ગોખલેના ઉપર્યુક્ત ભાષણમાંથી માત્ર બે પસંદ કરેલી ઉક્તિઓ યાદ કરી કહ્યું: "એમણે મૅરિત્સબર્ગમાં આપેલા ભાષણની બે ઉક્તિઓનો ખાસ કરીને ઉલ્લેખ કરવાનું હું સાહસ કરું છું. મિ. ગોખલે એવું બોલેલા કહેવાય છે કે હું સમજું છું કે જ્યાં બે પ્રકારની સંસ્કૃતિઓ એક બીજાની સાથે રહીને વિકાસ પામી રહી હોય ત્યાં એકબીજાના સમાગમથી ગંભીર મુસીબતો અવશ્ય ઊભી થાય. . . . હું આ બંને ઉક્તિઓને આવકારું છું, કેમ કે એનાથી બહુ જ સ્પષ્ટ રીતે સાબિત થઈ જાય છે કે આપણા માનવંતા મહેમાન પોતાનું કામ કાંઈ સંકુચિત ભાવનાથી કરવા માગતા નથી; તેઓ એટલું કબૂલ કરવા તૈયાર છે કે . . . આ પ્રશ્નમાં કદાચ એક કરતાં વધારે દૃષ્ટિબિંદુ હોઈ શકે છે. બીજું મને મારા પોતાના મનમાં એ વાતની પણ ખાતરી છે કે પોતે દક્ષિણ આફ્રિકા આવ્યા ત્યારથી મિ. ગોખલે સમજી ગયેલા છે કે એક બીજો પણ પ્રશ્ન છે અને તે વધારે મહત્ત્વનો પણ છે, અને તે એવો છે કે કદાચ તેની આગળ આ દેશના બીજા બધા પ્રશ્નો ગૌણ બની જાય છે: એ પ્રશ્ન છે જેને આપણે આ દેશના દેશી લોકોનો પ્રશ્ન કહીએ છીએ. અને જાતિ અને રંગ સાથે સંબંધ ધરાવતા તમામ પ્રશ્નો એકબીજા સાથે એવા સંકળાયેલા છે કે જે કોઈ વ્યક્તિ એમાંના એક પ્રશ્નનો ઉકેલ લાવવા પ્રયત્ન કરે તેની સમક્ષ જરૂર સૌથી મોટી અડચણ આવીને ઊભી રહેવાની, કેમ કે એની સાથે બીજો પ્રશ્ન પણ હાજર હોય છે."

[મૂળ અંગ્રેજી]

ઑન. મિ. ગોખલેઝ વિઝિટ ટુ સાઉથ આફ્રિકા, ૧૯૧૨માંથી

પરિશિષ્ટ ૨૫

ગાંધીજી ઉપર ગૃહખાતાના સેક્રેટરીનો પત્ર

દક્ષિણ આફ્રિકા સંઘ
ગૃહખાતું
કેપ ઑફ ગુડ હોપ
એપ્રિલ ૪, ૧૯૧૩

સાહેબ,

આપના ગયા માસની ૨૪મી તારીખના પત્રના અનુસંધાનમાં, ગૃહમંત્રીશ્રીએ આપને એવું જણાવવાની મને આજ્ઞા કરી છે કે કેટલાક પસંદ કરેલા બ્રિટિશ હિંદીઓને ટ્રાન્સવાલમાં પ્રવેશ કરવા માટે પરમિટો કાઢી આપવા સંબંધમાં કેટલાક સમય પહેલાં આપે જે સવાલ ઉઠાવેલો તેના ઉપર તેઓ વિચાર કરી રહ્યા છે. મિ. ફિશરની સમજ એવી છે કે આ બાબતમાં આપ ટ્રાન્સવાલની હિંદી કોમના એ વર્ગના લોકોનું પ્રતિનિધિત્વ કરી રહ્યા છો જેઓ ત્રણ કે ચાર વર્ષ પહેલાં "સત્યાગ્રહીઓ"ના નામથી ઓળખાતા હતા. એટલે તેઓ માને છે કે પરમિટો કાઢી આપવા માટેની આપની ભલામણો માત્ર એવા લોકો પૂરતી મર્યાદિત છે જેમનાં હિતો વત્તેઓછે અંશે આપની કોમના આ વિશિષ્ટ વર્ગનાં હિતોના જેવાં જ છે. કોઈ પણ સ્થળે એવું ગર્ભિત રીતે કહેવાયું હોય કે સ્વીકારવામાં આવ્યું હોય કે આ બાબતમાં આપ ટ્રાન્સવાલની સમસ્ત એશિયાઈ કોમ વતી કામ કરી રહ્યા છો, એવું પ્રધાનશ્રીના જોવામાં આવ્યું નથી. પરિસ્થિતિ આવી હોવાથી, આપ જે વલણ અખત્યાર કરી રહ્યા છો તે કંઈક અંશે એમને સમજાયું નથી.

૧. એફ. સી. હૉલેન્ડર, ડરબનના મેયર.

Gandhi Heritage Portal

ખરી સ્થિતિ એ છે કે જ્યારે શિક્ષિત બ્રિટિશ હિંદીઓને ટ્રાન્સવાલમાં વસેલા તેમના દેશભાઈઓના લાભાર્થે દર વર્ષે એક મર્યાદિત સંખ્યામાં એ પ્રાંતમાં પ્રવેશ કરવાની પરવાનગી આપવાનો પ્રશ્ન ચર્ચાતો હતો ત્યારે સરકારે વચન આપ્યું હતું કે તે દર વર્ષે આવા છ માણસોને પ્રવેશ કરવાની પરવાનગી આપશે; પરંતુ તે વખતે એવું કંઈ નક્કી થયું નહોતું કે આ છએ છ જણા આપે જ પસંદ કરેલા માણસો હશે, જ્યારે અત્યારે આપ દેખીતી રીતે જ આ હકીકત સાબિત કરવા મથી રહ્યા છો. મારા ૧૫મી જાન્યુઆરીના પત્રમાં આપને જણાવાયું છે તે મુજબ, ટ્રાન્સવાલની એશિયાઈ કોમના જુદા જુદા વર્ગના લોકોએ ૧૯૧૩ના વર્ષ દરમ્યાન પ્રવાસી કાનૂનમાંથી અપવાદ તરીકે મુક્તિ મેળવવા માટે ૨૨ વ્યક્તિઓનાં નામો રજૂ કર્યાં હતાં. એટલે જે પરમિટો અપાવાની હતી તેમાં દરેક વર્ગને કંઈક ને કંઈક હિસ્સો આપીને, એ કોમને બને એટલો સંતોષ આપવાના હેતુથી, મિ. ફિશરે પરમિટોની સંખ્યા છથી વધારીને દસ કરી દેવાનો નિર્ણય કર્યો. અને આમ કરવામાં, એમણે આપે મોકલેલાં છ નામોમાંથી ચારને સ્વીકાર્યાં અને બીજાં જે સોળ નામો આવેલાં તેમાંથી છ સ્વીકાર્યાં. આ પ્રમાણે વહેંચણી કરવામાં એમનો ખ્યાલ એવો હતો કે આપ એશિયાઈ કોમના એક મોટા વર્ગની વતી બોલી રહ્યા હતા; પરંતુ તેમને ખ્યાલ છે ત્યાં સુધી આપ કંઈ સમસ્ત બ્રિટિશ હિંદી કોમ તરફથી બોલતા નહોતા.

પરંતુ એટલું સ્પષ્ટ છે કે આ વિષયમાં આપની અને સરકારની વચ્ચે ગેરસમજ થયેલી છે. એટલે આ કારણે પ્રધાનશ્રી આપે રજૂ કરેલાં બીજાં વધારાનાં બે નામો સ્વીકારવા બાબતમાં આ વખતે કોઈ વિશેષ વાંધો ઊભો કરશે નહીં; પરંતુ આપે સમજી રાખવું જોઈએ કે અહીંયાં અનેક મંડળો અને સંઘો અસ્તિત્વ ધરાવે છે, અને હવેનાં વર્ષોમાં એમની સંખ્યામાં વધારો નહીં થાય એમ માનવાને કશું કારણ નથી. એમાંની એક કે બીજી સંસ્થા દ્વારા અથવા તેની વતી શિક્ષિત બ્રિટિશ હિંદીઓને આ સંસ્થાનમાં દાખલ કરાવવા માટે ભવિષ્યમાં જે માગણીઓ આવશે તેનો વગર હરકતે સ્વીકાર કરી લેવા સરકાર કોઈ પણ રીતે બંધાઈ શકતી નથી. સરકારે આ લોકોને એક નિયત સંખ્યામાં દર વર્ષે દક્ષિણ આફ્રિકામાં પેસવા દેવાનું માથે લીધેલું છે, એટલે આવવા ઇચ્છનાર લોકોની યાદીમાં સ્થાન મેળવવા માટે જે કોઈ અરજીઓ આવશે તે બધી ઉપર સરકાર કાળજીપૂર્વક વિચાર કરશે. પરંતુ એટલું તદ્દન સ્પષ્ટ છે કે, જો કોઈ ચોક્કસ એવી વ્યવસ્થા કરવામાં નહીં આવે કે દરેક અરજી વિષે હિંદુસ્તાનની સરકાર પોતાની ભલામણ લખી મોકલે, અથવા જે માણસોને દાખલ કરવાના હોય તેમની વાસ્તવિક પસંદગી એ સરકાર પોતે જ કરી મોકલે, તો આ જુદી જુદી સંસ્થાઓ સરકારની વિચારણા માટે જે પરસ્પર વિરોધી દાવાઓ રજૂ કરશે — અને એ લોકો એમ કરવાના જ, એ નક્કી છે — તેમની વચ્ચે મેળ બેસાડવાનું અશક્ય નહીં તો ઘણું મુશ્કેલ થઈ પડશે.

આપના તાજેતરના પત્રમાં જણાવેલા બીજા મુદ્દા સંબંધમાં કહેવાનું કે, નવું પ્રવાસી બિલ આ અઠવાડિયામાં પ્રસિદ્ધ થઈ રહ્યું છે. તેની કલમ ૨૫(૧)માં ગમે તે માણસોને કલમ ૪ની જોગવાઈઓમાંથી મુક્ત કરવાની સત્તા સરકારે પોતાના હાથમાં રાખી છે. (કલમ ૪માં જે લોકોને નિષિદ્ધ પ્રવાસી ગણી શકાય તેમનું વર્ણન કરેલું છે.) એટલે જે બ્રિટિશ હિંદીઓનાં નામ પ્રવેશાર્થીઓની વાર્ષિક યાદીમાં સામેલ કરવામાં આવ્યાં છે તેમને, જે પ્રાંતમાં વસવાની તેમને છૂટ અપાઈ છે તે પ્રાંત પૂરતા, કલમ ૪ની શરતોથી મુક્ત રાખવામાં આવશે.

હું છું,
સાહેબ,
આપનો આજ્ઞાંકિત સેવક
ઈ. એમ. ગૉર્જિસ
ગૃહખાતાના સેક્રેટરી

[મૂળ અંગ્રેજી]
મૂળ નકલની છબી પરથી : એસ. એન. ૫૭૫૦

Gandhi Heritage Portal

આધારરૂપ સાહિત્ય

इन्डियन ओपीनियन (૧૯૦૩–૬૧) : દર શનિવારે પ્રસિદ્ધ થતું અઠવાડિક; ડરબનમાં સ્થપાયું હતું અને પાછળથી ફિનિકસમાં લઈ જવાયું હતું. તેમાં અંગ્રેજી અને ગુજરાતી વિભાગો હતા; અને શરૂઆતમાં હિંદી તથા તામિલ વિભાગો પણ હતા.

ઑન. મિ. જી. કે. ગોખલેઝ વિઝિટ ટુ સાઉથ આફ્રિકા, ૧૯૧૨ : ઈન્ટરનેશનલ પ્રિન્ટિંગ પ્રેસ, ફિનિકસ, ૧૯૧૨.

કેપ ટાઇમ્સ : કેપટાઉનનું એક દૈનિક વર્તમાનપત્ર.

કૉલોનિયલ ઑફિસ રેકર્ડ્ઝ : લંડનમાં આવેલી કૉલોનિયલ ઑફિસના પુસ્તકાલયમાં રાખવામાં આવેલા કાગળો; જુઓ પુસ્તક ૧, પા. ૨૭૧.

ગાંધીજીની સાધના : રાવજીભાઈ પટેલ; નવજીવન પ્રકાશન મંદિર, અમદાવાદ; ૧૯૩૯.

ગાંધી સ્મારક સંગ્રહાલય, નવી દિલ્હી : ગાંધી સાહિત્ય અને ગાંધીજી સંબંધી કાગળોનું કેન્દ્રસ્થ સંગ્રહાલય અને પુસ્તકાલય; જુઓ પુસ્તક ૧, પા. ૨૭૧.

ગુજરાતી : ગુજરાતી અને અંગ્રેજીમાં મુંબઈથી પ્રસિદ્ધ થતું એક સાપ્તાહિક.

ધિ ટાઇમ્સ ઑફ ઇન્ડિયા : મુંબઈ અને દિલ્હીથી નીકળતું એક દૈનિક વર્તમાનપત્ર.

ધિ ટ્રાન્સવાલ લીડર : જોહાનિસબર્ગનું એક દૈનિક વર્તમાનપત્ર.

ધિ ડાયમન્ડ ફિલ્ડ્ઝ એડવર્ટાઇઝર : કિમ્બર્લીનું એક દૈનિક વર્તમાનપત્ર.

ધિ નાતાલ મર્ક્યુરી (૧૮૫૨–) : ડરબનનું એક દૈનિક વર્તમાનપત્ર.

ધિ સ્ટાર : જોહાનિસબર્ગનું સાંજે નીકળતું એક દૈનિક વર્તમાનપત્ર.

રેન્ડ ડેલી મેલ : જોહાનિસબર્ગનું એક દૈનિક વર્તમાનપત્ર.

લેટર્સ ઑફ શ્રીનિવાસ શાસ્ત્રી : એશિયા પબ્લિશિંગ હાઉસ; ૧૯૬૩.

સાબરમતી સંગ્રહાલય : ગાંધીજીના દક્ષિણ આફ્રિકાના સમયના તથા ૧૯૩૩ સુધીના હિંદના સમયના દસ્તાવેજોનું પુસ્તકાલય અને દફ્તર; જુઓ પુસ્તક ૧, પા. ૨૭૧.

Gandhi Heritage Portal

તારીખવાર વૃત્તાંત

(એપ્રિલ ૧૯૧૧થી માર્ચ ૧૯૧૩)

એપ્રિલ ૧, પહેલાં : ક્લાર્કર્સડૉર્પમાં વાડાઓના યુરોપિયન માલિકોએ, સુવર્ણ કાનૂન અન્વયે સરકારી વકીલે આપેલા હુકમને અનુસરીને, હિંદી ભાડૂતોને વાડા ખાલી કરવાની નોટિસો આપી.

એપ્રિલ ૧ : હિંદુસ્તાનની સરકારે ૧લી જુલાઈ, ૧૯૧૧થી દક્ષિણ આફ્રિકા માટે ગિરમીટિયા મજૂરોની ભરતી સામે નિષેધ ફરમાવતું જાહેરનામું બહાર પાડ્યું.

એપ્રિલ ૨ : કેપના અધિકારો સુરક્ષિત રહે તે હેતુથી 'સંઘ પ્રવાસી પ્રતિબંધક બિલ'માં ફેરફાર કરવાની માગણી કરવા બોલાવાયેલી કેપ બ્રિટિશ હિંદી' સંઘની સભામાં ગાંધીજીએ હાજરી આપી.

એપ્રિલ ૫ : એલ. ડબ્લ્યુ. રિચને લખેલા પત્રમાં ગાંધીજીએ એવી લાગણી વ્યક્ત કરી કે માગણી મુજબનો સુધારો કર્યા વિના સંઘ પ્રવાસી પ્રતિબંધક બિલ પસાર કરવામાં આવશે નહીં.

સુવર્ણ કાનૂન નીચે ટ્રાન્સવાલના હિંદીઓને પડતી હાડમારીઓ વિષે તથા ક્લાર્કર્સડૉર્પમાં થઈ રહેલા અત્યાચારો વિષે મૉડ પોલાકને લખ્યું.

નાતાલ પ્રાંતીય કાઉન્સિલમાં જી. એચ. હ્યુલેટે એવી મતલબનો ઠરાવ મૂક્યો કે વેપારી પરવાનાઓ કાઢી આપવા ઉપર નિયંત્રણ રાખવાનો અધિકાર પ્રાંતીય કાઉન્સિલને મળે તે માટે સંઘે કાયદો કરવો જોઈએ.

એપ્રિલ ૬ : સંઘની પાર્લમેન્ટમાં ટી. એલ. શ્રાઈનરે માગણી કરી કે ગિરમીટની પ્રથા બંધ થઈ હોવાથી ત્રણ પાઉંડનો કર રદ કરવો જોઈએ. જનરલ સ્મટ્સે જવાબ આપતાં, તેમાં વચ્ચે પડવાની ના પાડી અને સભાગૃહને જણાવ્યું કે હિંદુસ્તાનનું વલણ ઉત્સાહપ્રેરક નથી, એટલે ૧લી જુલાઈ પહેલાં નાતાલમાં બહુ થોડા ગિરમીટિયા હિંદીઓ આવવાનો સંભવ છે.

એપ્રિલ ૭ : ટ્રાન્સવાલના ઝઘડાનો અંત લાવવા માટે ગાંધીજીએ ઈ. એફ. સી. લેનને પોતાની વૈકલ્પિક દરખાસ્તો મોકલી આપી. તેમાં એવું જણાવ્યું કે શિક્ષિત પ્રવાસીઓને ટ્રાન્સવાલના નોંધણી અંગેના કાયદાના અમલમાંથી તથા ઑરેન્જ ફ્રી સ્ટેટના બંધારણની કલમો ૧થી ૬ના અમલમાંથી મુક્ત રાખવા માટે તથા ચાલુ અધિકારોનું — ખાસ કરીને પત્નીઓ અને સગીર બાળકોના અધિકારોનું — રક્ષણ કરવા માટે સંઘના પ્રવાસી પ્રતિબંધક બિલમાં સુધારો કરવો, અથવા એ વિધેયક પડતું મૂકી ટ્રાન્સવાલના પ્રવાસી પ્રતિબંધક ધારામાં સુધારો કરવો.

એપ્રિલ ૮ : ઈ. એફ. સી. લેન પાસે એ વાતની ખાતરી માગી કે મારી બે દરખાસ્તોમાંથી ભલે ગમે તે એક સ્વીકારાય, છતાં સંઘ અથવા ટ્રાન્સવાલમાં દર વર્ષે છ શિક્ષિત હિંદીઓને દાખલ થવા દેવામાં આવશે.

એપ્રિલ ૧૧ : રાજ્યાભિષેકના ઉત્સવ પ્રસંગે હિંદીઓનો દરજ્જો કેવો રહેશે, એ પ્રશ્નની ચર્ચા કરવા ડરબનના હિંદી નેતાઓનું પ્રતિનિધિમંડળ મેયરને મળ્યું.

એપ્રિલ ૧૫ : એલ. ડબ્લ્યુ. રિચે ગાંધીજીની જોહાનિસબર્ગ ઑફિસમાં વકીલાત શરૂ કરી.

એપ્રિલ ૧૭ : જોસફ રૉયપૅન, લ્યુઅંગ કિવન અને બીજા સત્યાગ્રહીઓ જેલમાંથી છૂટ્યા.

Gandhi Heritage Portal

એપ્રિલ ૧૯ : એક મુલાકાતમાં સ્મટ્સે ગાંધીજીને કહ્યું કે, હું ચાલુ અથવા તે પછીના અધિવેશનમાં સંઘ પ્રવાસી પ્રતિબંધક બિલ પસાર કરાવી દઈશ. "અમારે એશિયાઈઓને કેમ અંદર આવવા દેવા નથી" એ મુદ્દો એમણે સમજાવ્યો અને સુલેહ માટે વિનંતી કરી. કેળવણી વિષયક પરીક્ષા સંબંધમાં નિયમો બનાવવાની સત્તા ગવર્નર જનરલના હાથમાં રહે, એ બાબત કબૂલ રાખવા તેમણે ગાંધીજીને વિનંતી કરી અને ખાતરી આપી કે જો ક્રીમતી સોઢા અપીલમાં હારશે તો તેમને ગિરફતાર કરવામાં નહીં આવે.

સ્મટ્સને લખેલા પત્રમાં ગાંધીજીએ તેમને આગ્રહ કર્યો કે દર વર્ષે છ શિક્ષિત હિંદીઓને દાખલ થવા દેવાના પ્રશ્નનો નિકાલ લાવો, જેથી કરીને સત્યાગ્રહ બંધ કરી શકાય.

એપ્રિલ ૨૦ : ઈ. એફ. સી. લેનને જણાવ્યું કે, જ્યાં સુધી ટ્રાન્સવાલનો કોયડો ઊકલે નહીં ત્યાં સુધી નાતાલ હિંદી કૉંગ્રેસ, બ્રિટિશ હિંદી સંઘ અને કેપના હિંદીઓ સત્યાગ્રહ બંધ કરવા ખુશી નથી. એવી આશા દર્શાવી કે મેં સૂચવેલો વૈકલ્પિક ઉકેલ હજી પણ ચાલુ અધિવેશનમાં સ્વીકારી લેવામાં આવશે અને તે અંગે સ્મટ્સ શો નિર્ણય કરે છે તે જણાવવા લખ્યું.

એપ્રિલ ૨૧ : ઈ. એફ. સી. લેને ગાંધીજીને ખબર આપી કે સરકાર ચાલુ અધિવેશન દરમ્યાન સંઘ પ્રવાસી પ્રતિબંધક બિલ પર વિચાર કરી શકી નથી. સરકાર આ "દુઃખદ પ્રશ્ન"નો ઉકેલ લાવવા અત્યંત આતુર છે, એટલે રજાના દિવસો દરમ્યાન સમાધાન માટે તે વિચાર કરશે; દરમ્યાન હિંદીઓએ સત્યાગ્રહ અટકાવી દેવો જોઈએ.

ગાંધીજી ઈ. એફ. સી. લેનને મળ્યા. તેમને કહ્યું કે જો અમુક ખાતરીઓ અપાય તો સત્યાગ્રહ મોકૂફ રાખી શકાશે. લેને સ્મટ્સને ટેલિફોન કર્યો, એટલે સ્મટ્સ કેટલીક ખાતરીઓ આપવા કબૂલ થયા.

એપ્રિલ ૨૨ : ગાંધીજીએ ઈ. એફ. સી. લેનને પત્રમાં જણાવ્યું કે જો સ્મટ્સ અમુક બાબતોની ખાતરી આપે તો સત્યાગ્રહ મોકૂફ રાખી શકાય.

ઉપરના પત્રના જવાબમાં સ્મટ્સે જણાવ્યું કે આગામી અધિવેશનમાં અમે એવો કાયદો લાવવા માગીએ છીએ, જે : (ક) સગીર બાળકોના અધિકારો સુરક્ષિત રહે એ રીતે ૧૯૦૭નો ધારો નં. ૨ રદ કરશે; (ખ) તમામ પ્રવાસીઓને કાનૂની સમાનતા આપશે; (ગ) ૧૯૦૮ના ધારા હેઠળ ગમે તે લખેલું હશે તોપણ, જે સત્યાગ્રહીઓ, તેમણે સત્યાગ્રહ ન કર્યો હોત તો નોંધણીને પાત્ર ગણાત તેમને નોંધવાની સત્તા આપશે; (ઘ) અત્યારે જે શિક્ષિત સત્યાગ્રહીઓ (પાંચ કે છથી વધારે નહીં) ટ્રાન્સવાલમાં છે તેમને કામચલાઉ પ્રમાણપત્રો કાઢી આપવાના કામને કાયદેસર ગણવાની સત્તા આપશે. સ્મટ્સે એમ પણ લખ્યું કે જો ગાંધીજી સત્યાગ્રહ મોકૂફ રાખવાની ખાતરી આપે તો સત્યાગ્રહી કેદીઓને છોડી મૂકવાની તરફેણમાં વિચાર કરવા હું ગવર્નર જનરલને જણાવીશ.

અદાલતે રંભાબાઈ સોઢાની અપીલ કાઢી નાખી.

એપ્રિલ ૨૪ : કિમ્બર્લીમાં હિંદીઓની સભામાં બોલતાં ગાંધીજીએ કહ્યું કે હવે આપણે "આ કઠિન પ્રશ્નના ઉકેલની નજીક આવી રહ્યા છીએ."

એપ્રિલ ૨૫ : સ્મટ્સે સંઘની પાર્લમેન્ટમાં સંઘ પ્રવાસી પ્રતિબંધક બિલ પાછું ખર્યું.

એપ્રિલ ૨૬ : ગાંધીજી જોહાનિસબર્ગ પાછા ફર્યા.

Gandhi Heritage Portal

એપ્રિલ ૨૭ : જોહાનિસબર્ગમાં મળેલી હિંદીઓની સભામાં ગાંધીજીએ કામચલાઉ સમાધાન અંગે સ્મટ્સ સાથે થયેલા પત્રવ્યવહારની સમજૂતી આપી અને દરખાસ્તો સ્વીકારી લેવા સલાહ આપી. સભાએ ઠરાવ કર્યો કે : (ક) જો સ્મટ્સ પોતાનાં વચનોનું પાલન કરે તો સત્યાગ્રહ પાછો ખેંચી લેવો; (ખ) ગાંધીજી અને એ. એમ. કાછલિયાની જગાએ એચ. એસ. એલ. પોલાકને ઇંગ્લન્ડ મોકલવા.

ઇન્ડિયન ઓપીનિયને જાહેર કર્યું કે ટ્રાન્સવાલના ચીનાઓએ કામચલાઉ સમાધાનની દરખાસ્તો સ્વીકારી લેવાનો નિર્ણય કર્યો છે.

એપ્રિલ ૨૮ : કામચલાઉ સમાધાન વિષે ધિ સ્ટારને આપેલી મુલાકાતમાં ગાંધીજીએ જાહેર કર્યું કે સમાધાન નક્કી થઈ જાય એટલે હું જાહેર જીવનમાંથી નિવૃત્ત થવા માગું છું.

એપ્રિલ ૨૯ : ગાંધીજી ઈ. એફ્. સી. લેનને મળ્યા.

સમાધાનની શરતોનો બ્રિટિશ હિંદીઓ શો અર્થ કરે છે તે વિષે ગાંધીજીએ ઈ. એફ્. સી. લેનને પત્રમાં જણાવ્યું અને સ્મટ્સ એની સાથે સંમત છે કે નહીં તે પુછાવ્યું. નીચેની બાબતો માટે વિનંતી કરી : આર. એમ. સોઢાને નોંધણી કરાવવાની પરવાનગી આપવી; એક સરકારી નોકરને સત્યાગ્રહને કારણે નોકરીમાંથી બરતરફ કરેલો, તેને પાછો નોકરીમાં લઈ લેવો; ચીની કેદીઓને છોડી મૂકવા, વગેરે.

મે ૧ : બ્રિટિશ હિંદી સંઘે ટ્રાન્સવાલના હિંદીઓની ફરિયાદો સંબંધમાં સંસ્થાન મંત્રીને અરજી મોકલી. આ ફરિયાદોમાં ૧૮૮૫નો કાનૂન ૩, સુવર્ણ કાનૂન અને ટાઉનશિપ ઍક્ટ (કસબા-ધારો)—એ ત્રણેમાંથી ઉદ્‌ભવતી ફરિયાદો પણ સામેલ કરવામાં આવી હતી.

ગાંધીજીએ જોસફ રોયપેનના વ્રિડીઑર્ધના વિદાય સમારંભમાં ભાષણ આપ્યું.

મે ૩(?) : ગાંધીજી સ્મટ્સને મળ્યા.

મે ૪ : જે હિંદીઓ અને ચીનાઓને ઐચ્છિક નોંધણી માટે અરજી કરવાની છૂટ હતી તેમનું વર્ગીકરણ કેવી રીતે કરવું, તે સંબંધમાં ઈ. એફ્. સી. લેનને પત્ર લખ્યો.

એ. ઈ. છોટાભાઈએ પોતાના દીકરાના કેસમાં તેમને આપાયેલી ધંધાદારી સેવાઓના બદલામાં પાઉંડ ૩૦૦ મોકલ્યા, તે બદલ આભાર માનતો પત્ર તેમને લખ્યો અને જણાવ્યું કે ફિનિક્સ આશ્રમ હું ટ્રસ્ટીઓને સોંપી દેવા માગું છું અને આ રકમનો ઉપયોગ ત્યાંની શાળા માટે કરવામાં આવશે.

મે ૮ પહેલાં : ગાંધીજીને કહ્યા વિના જ હરિલાલ ગાંધી ઘર છોડીને જતા રહ્યા.

મે ૮ : ગાંધીજીએ એચ. એસ. એલ. પોલાકને પત્ર લખ્યો. તેમાં પોલાકની ઇંગ્લંડ અને હિંદુસ્તાનની મુલાકાત નિમિત્તે થનાર ખર્ચનો અંદાજ આપ્યો અને જણાવ્યું કે સત્યાગ્રહીઓની માગણીઓ સંબંધમાં સ્મટ્સનો જવાબ અનુકૂળ છે.

ડૉ. પ્રાણજીવન મહેતાને પત્ર લખ્યો. તેમાં સૂચવ્યું કે નાતાલના છ સત્યાગ્રહીઓને ઇંગ્લંડમાં ડૉ. મહેતાને ખર્ચે ભણાવવા; અને વકીલાત નહીં કરવાનો પોતાનો નિર્ણય જણાવ્યો.

મે ૧૫ : સરકારે મનસ્વી રીતે લાગુ પાડવા ધારેલી કેળવણીવિષયક પરીક્ષા, સંઘ પ્રવાસી પ્રતિબંધક બિલમાં હાલના અધિકારોની કાપકૂપ, અને ભૂતપૂર્વ હિંદીઓ પાસેથી લેવાના ૩ પાઉંડના કર સંબંધમાં નાતાલ હિંદી કૉંગ્રેસે સંસ્થાન મંત્રીને વિનંતીપત્ર મોકલ્યો.

હરિલાલ ગાંધી ડેલાગોઆ બેથી ટૉલ્સ્ટૉય ફાર્મ પાછા આવ્યા.

Gandhi Heritage Portal

મે ૧૬ : કલાકર્સડૉર્પના હિંદીઓએ ગૃહખાતાના પ્રધાનને વિનંતી કરી કે સુવર્ણ કાનૂન મુજબ કાઢેલી નોટિસો પાછી ખેંચી લો અને એ કાયદો રદ કરો.

મે ૧૭ : ટ્રાન્સવાલ મ્યુનિસિપલ કાઉન્સિલ્સ અંગેના (સ્થાનિક સરકાર) વટહુકમનો મુસદ્દો ગવર્નમેન્ટ ગેઝેટમાં પ્રસિદ્ધ થયો.

મે ૧૮ પહેલાં : હરિલાલ ગાંધીએ કાયમને માટે હિંદુસ્તાન જવા ઘર છોડ્યું.

મે ૧૮ : ગાંધીજીએ ગૃહખાતાના પ્રધાનને લખ્યું કે ૨૯ એપ્રિલ, ૧૯૧૧ના મારા પત્રમાં કામચલાઉ સમાધાન સંબંધમાં મેં જે દરખાસ્તો રજૂ કરી હતી તેનો સ્મટ્સ જવાબ આપે. સુવર્ણ કાનૂન અને ટાઉનશિપ ઍક્ટ વિષે તથા તેમાંથી ઉદ્‌ભવતી ટ્રાન્સવાલના હિંદીઓને નડતી હાડમારીઓ વિષે બ્રિટનની આમની સભામાં (હાઉસ ઑફ કૉમન્સમાં) પ્રશ્નો પુછાયા.

મે ૧૯ : સ્મટ્સે ગાંધીજીને જણાવ્યું કે :

(ક) જે સત્યાગ્રહીઓને નોંધણી કરાવવાનો કાયદેસર હક્ક હોય, પરંતુ જેઓ ૧૯૦૭ના ધારા ૨ અથવા ૧૯૦૮નાં ધારા ૩૬ અન્વયે હદપાર થયેલા હોય, તેઓ ૩૧મી ડિસેમ્બર, ૧૯૧૧ સુધીમાં નોંધણી માટે અરજી કરી શકશે;

(ખ) જે એશિયાઈઓને નોંધણી કરાવવાનો કાયદેસર અધિકાર હોય, પરંતુ જેઓ હદપાર ન કરાયા હોય પણ સત્યાગ્રહને કારણે દક્ષિણ આફ્રિકા છોડી ચાલ્યા ગયા હોય, તેઓ નોંધણી માટે અરજી કરી શકશે; પરંતુ એમાં શરત એટલી કે ઉપરની બંને કોટીના લોકોની સંખ્યા ૩૦થી વધારે ન હોવી જોઈએ;

(ગ) ઐચ્છિક પ્રથા અનુસાર જેમને નોંધવાનો ઇનકાર કરવામાં આવ્યો હતો તેવા દક્ષિણ આફ્રિકામાં વસતા આશરે ૧૮૦ ચીનાઓ અને હિંદીઓ ૩૧મી ડિસેમ્બર, ૧૯૧૧ સુધીમાં અરજી કરી શકશે;

(ઘ) ગાંધીજીએ જેમનાં નામ આપેલાં છે તેવા અત્યારે ટ્રાન્સવાલમાં રહેતા સાત શિક્ષિત હિંદીઓને કાયદો બદલાતાં સુધી વસવાટને માટે કામચલાઉ અધિકારપત્રો આપવામાં આવશે અને કાયદો બદલાયા પછી કાયમના અધિકારપત્રો કાઢી આપવામાં આવશે.

સ્મટ્સે એવી પણ આશા વ્યક્ત કરી કે એશિયાઈ કોમ માગણીઓના સ્વીકારને છેવટનું સમાધાન માની લેશે અને લખ્યું કે, ગાંધીજીનો પત્ર આવ્યા પછી સત્યાગ્રહી કેદીઓને છોડી મૂકવામાં આવશે. આના જવાબમાં ગાંધીજીએ લખ્યું કે જે લોકો ઐચ્છિક પ્રકૃતિ અનુસાર અથવા તો કોઈ પણ એશિયાઈ કાનૂન અનુસાર નોંધણી માટે અરજી ન આપી શકયા હોય તેવાઓનો પણ ૧૮૦ એશિયાઈ સત્યાગ્રહીઓમાં સમાવેશ થાય છે; ૨૯મી એપ્રિલના મારા પત્રમાં જણાવેલી કામચલાઉ સમાધાનની શરતોનો આપે વિરોધ કર્યો નથી. તે ઉપરથી માની લઉં છું કે એ શરતો આપને મંજૂર છે. આ બાબતનો તારથી જવાબ આપો.

સત્યાગ્રહથી કેવાં સારાં પરિણામો હાંસલ થયાં છે તે વિષે તથા ટ્રાન્સવાલ, નાતાલ અને કેપમાં હિંદીઓ જે હાડમારીઓ વેઠી રહ્યા છે તે વિષે ગાંધીજીએ ગોખલેને લખ્યું.

મે ૨૦ : સ્મટ્સે તાર દ્વારા ગાંધીજીને જણાવ્યું કે :

(ક) ૧૮૦ એશિયાઈઓમાં એવા લોકોનો પણ સમાવેશ છે કે જેઓ યુદ્ધ પહેલાં ત્રણ વર્ષ ટ્રાન્સવાલમાં રહ્યા હોવાને કારણે અરજીઓ આપી શકયા નહોતા;

Gandhi Heritage Portal

(ખ) ચાલુ વ્યક્તિગત અધિકારો છીનવી લેવામાં આવશે નહીં, પરંતુ ભવિષ્યમાં જે સામાન્ય અને એકસરખા કાયદા થશે તેની જુદા જુદા પ્રાંતો ઉપર અસર થશે;

(ગ) સુપ્રસિદ્ધ અથવા શિક્ષિત નોંધાયેલા એશિયાઈઓએ પરવાના કઢાવવા માટે અંગૂઠાની કે આંગળાંની છાપો આપવાની જરૂર નથી.

આના જવાબમાં ગાંધીજીએ બ્રિટિશ હિંદી સંઘ તરફથી કામચલાઉ સમાધાન સ્વીકારવાની ખબર આપી અને જે સત્યાગ્રહીઓને છોડવાના હતા તેમનાં નામ લખી મોકલ્યાં.

મે ૨૦ પછી : સ્મટ્સને મળવા જનાર બ્રિટિશ હિંદીઓના પ્રતિનિધિમંડળ માટે નિવેદન તૈયાર કર્યું.

મે ૨૨ : બ્રિટિશ હિંદી સંઘે **ઇન્ડિયન ઓપીનિયન**માં જાહેરાત પ્રસિદ્ધ કરી કે જે સત્યાગ્રહીઓ કામચલાઉ સમાધાનને આધારે નોંધણીના હક્કદાર બનતા હોય તેઓ પોતાનાં નામ માનદ મંત્રીને મોકલી આપે.

મે ૨૩ : ગાંધીજીએ રૂટરને આપેલી મુલાકાતમાં કામચલાઉ સમાધાન સમજાવ્યું.

મે ૨૬ : એશિયાઈઓના નોંધણી અધિકારીને ઉદ્દેશીને પત્ર લખ્યો. તેમાં કામચલાઉ સમાધાન અનુસાર જેમને નોંધણીનો અધિકાર મળતો હતો તેવા ચીનાઓની યાદી બીડી તથા ખાસ પ્રમાણપત્રોને પાત્ર ત્રણ મુસલમાનોનાં નામ પણ મોકલ્યાં.

મે ૨૭ : **ઇન્ડિયન ઓપીનિયન**માં લખતાં ગાંધીજીએ કામચલાઉ સમાધાન પ્રત્યે સંતોષ વ્યક્ત કર્યો. પરંતુ ચેતવણી આપી કે જો સ્મટ્સ ૧૯૦૭નો ધારો ૨ રદ કરવાનું અને ટ્રાન્સવાલ પ્રવાસી પ્રતિબંધક ધારામાં સુધારો કરવાનું પોતાનું વચન નહીં પાળે અથવા જો એશિયાઈઓ સામે કોઈ નવો કાયદો રજૂ કરશે તો સત્યાગ્રહ ફરીથી શરૂ કરવામાં આવશે.

મે ૩૦ : લંડનમાં લીગ ઑફ ઑનરની સભામાં એચ. એસ. એલ. પોલાકે દક્ષિણ આફ્રિકાની હિંદીઓની સમસ્યા વિષે ભાષણ આપ્યું.

મે ૩૧ : ગાંધીજીએ જી. એ. નટેસનને પત્ર લખ્યો. તેમાં કામચલાઉ સમાધાન વિષે સંતોષ વ્યક્ત કર્યો અને નટેસનના કાર્યની પ્રશંસા કરી.

જૂન ૧ : ક્લાર્કર્સડૉર્પના હિંદીઓએ ખબર આપી કે ગૃહપ્રધાન સુવર્ણ કાનૂનમાં કશા ફેરફાર કરી શકયા નથી.

જૂન ૨ : આર. એમ. સોઢા હિંદુસ્તાન જતા હતા, તેમને ગાંધીજીએ પાર્ક સ્ટેશને વિદાય આપી. કામચલાઉ સમાધાન મુજબ પાંચ સત્યાગ્રહીઓને છોડવામાં આવ્યા.

દક્ષિણ આફ્રિકા બ્રિટિશ હિંદી કમિટીએ ટ્રાન્સવાલમાં સુવર્ણ કાનૂન અને ટાઉનશિપ ઑકટના અમલ તથા હિંદીઓની અન્ય મુસીબતો વિષે કૉલોનિયલ ઑફિસને લખ્યું.

જૂન ૩ : ગાંધીજીએ **ઇન્ડિયન ઓપીનિયન**માં લખતાં આજ સુધીની સત્યાગ્રહની સિદ્ધિઓ ગણી બતાવી.

જૂન ૫ : ગાંધીજી અને એલ. ડબ્લ્યુ. રિચે, જોહાનિસબર્ગમાં સત્યાગ્રહીઓની ફૂટબૉલ મૅચ પછી સભામાં ભાષણો આપ્યાં.

બ્રિટિશ હિંદી સંઘે ટ્રાન્સવાલ મ્યુનિસિપલ કાઉન્સિલ અંગેના વટહુકમના મુસદ્દાનો વિરોધ કરતી એક અરજી ટ્રાન્સવાલના વહીવટદારને તથા પ્રાંતીય કાઉન્સિલને મોકલી આપી.

જૂન ૬ : બ્રિટિશ હિંદી સંઘે ક્લાર્કર્સડૉર્પના હિંદીઓ વતી ગૃહખાતાના મંત્રીને સુવર્ણ કાનૂનના અમલ સંબંધી પત્ર લખ્યો.

Gandhi Heritage Portal

જૂન ૯ : જોહાનિસબર્ગમાં વિલિયમ હૉસ્કેનના માનમાં અપાયેલા ભોજનમાં ગાંધીજીએ ભાગ લીધો.

જૂન ૧૦ : ગાંધીજીએ **ઇન્ડિયન ઓપીનિયન**માં લેખ લખીને ટ્રાન્સવાલ મ્યુનિસિપલ કાઉન્સિલ અંગેના વટહુકમના મુસદ્દાની ટીકા કરી અને કહ્યું કે એ વટહુકમનો ઉદ્દેશ એશિયાઈ ફેરિયાઓને કચડી નાખવાનો છે.

જૂન ૧૫ : ડરબનમાં એશિયાઈઓને પોતાનો વાડો પેટા-ભાડે આપવાના ગુનાસર, ટૅમ્બલિન નામના ગોરા ઉપર સુવર્ણ કાનૂન અન્વયે કામ ચલાવવામાં આવ્યું.

જૂન ૧૬ : ડરબનમાં સોરાબજી શાપુરજીને વિદાય આપવાના પ્રસંગે ગાંધીજીએ ભાષણ આપ્યું.

જૂન ૧૭ : એચ. એસ. એલ. પોલાકે દક્ષિણ આફ્રિકા બ્રિટિશ હિંદી કમિટી તરફથી ટ્રાન્સવાલના હિંદીઓની ફરિયાદો સંબંધી કૉલોનિયલ ઑફિસને પત્ર લખ્યો. એમાં સુવર્ણ કાનૂન, ટાઉનશિપ ઍક્ટ અને ત્રણ પાઉંડનો કર એ ત્રણ બાબતોને લીધે ભૂતપૂર્વ ગિરમીટિયા હિંદીઓને નડતી મુસીબતો પણ ગણાવી.

જૂન ૧૯ : નાતાલના હિંદી નેતાઓએ ડરબનના ટાઉન ક્લાર્કને ખબર આપી કે રાજ્યાભિષેક અંગેના સરકારી સમારંભોમાં કોમી ભેદભાવ દર્શાવાયો હોવાથી અમે તેમાં ભાગ લઈ શકીશું નહીં.

લંડનમાં સંસ્થાન મંત્રીના અધ્યક્ષપદે સામ્રાજ્ય પરિષદની પહેલી બેઠક મળી.

જૂન ૧૯(?) : સંસ્થાનોમાં વસતા બ્રિટિશ હિંદીઓની સ્થિતિ વિષે ઇન્ડિયા ઑફિસનું સામ્રાજ્ય પરિષદમાં આવેદનપત્ર રજૂ થયું.

જૂન ૨૧ : ગાંધીજી નાતાલના હિંદી નેતાઓને લઈને રાજ્યાભિષેકના સમારંભો અંગે ડરબનના મેયરને મળ્યા.

જૂન ૨૨ : વેસ્ટમિન્સ્ટર ઍબીમાં રાજા પાંચમા જ્યૉર્જનો રાજ્યાભિષેક થયો.

ડરબનમાં હિંદીઓએ એ અંગેના સમારંભોનો બહિષ્કાર કર્યો.

જૂન ૨૪ : ગાંધીજીએ **ઇન્ડિયન ઓપીનિયન**માં લેખ લખી રાજા પ્રત્યેની પોતાની વફાદારીની ખાતરી આપી.

જૂન ૨૭ : ઇન્ડિયન ઇમિગ્રેશન બોર્ડના (હિંદી પ્રવાસી મંડળના) પ્રતિનિધિમંડળે હિંદુસ્તાનમાંથી મજૂરો આવતા બંધ થયા હોવાથી, બીજે સ્થળેથી મજૂરો મેળવવાના પ્રશ્ન વિષે સ્મટ્સ સાથે ચર્ચા કરી.

હાઉસ ઑફ કૉમન્સમાં (બ્રિટનની આમસભામાં) સર વિલિયમ બુલે ટ્રાન્સવાલમાં સુવર્ણ કાનૂન તથા ટાઉનશિપ ઍક્ટનો હિંદીઓ વિરુદ્ધ અમલ કેવી રીતે થાય છે તે વિષે પ્રશ્ન પૂછ્યો.

જૂન ૩૦ : સુપ્રિમ કોર્ટની ટ્રાન્સવાલ શાખાના ન્યાયાધીશ વેસલ્સે પોતાના ચુકાદામાં એવો નિયમ જાહેર કર્યો કે કોઈ પણ હિંદી આ દેશમાં એક કરતાં વધારે પત્ની લાવી શકે નહીં અને "તે સ્ત્રી વાસ્તવમાં તેની પરણેતર પત્ની હોવી જોઈએ."

જુલાઈ ૧ : ગાંધીજીએ **ઇન્ડિયન ઓપીનિયન**માં એચ. એસ. એલ. પોલાકે ઇંગ્લંડમાં કરેલા કામની પ્રશંસા કરી.

જુલાઈ ૧ પછી : ફિનિક્સની પ્રવૃત્તિઓને વિકસાવવાને માટે પાઉંડ ૧,૦૦૦ સુધીની આર્થિક મદદ આપવા ગાંધીજીએ ડૉ. પ્રાણજીવન મહેતાને લખ્યું.

જુલાઈ ૪ : ડરબનમાં ક્ષયરોગ-નિવારણના કાર્ય સંબંધમાં ડૉ. મ્યુરિસનને લખ્યું.

Gandhi Heritage Portal

જુલાઈ ૫ : બ્રિટિશ હિંદી સંઘ તથા હમીદિયા ઈસ્લામિક સોસાયટીએ ગૃહખાતાના મંત્રીને પત્ર લખીને પુછાવ્યું કે ન્યાયમૂર્તિ વેસલ્સના ચુકાદાની અસર મુસલમાનોની એમના મજહબે માન્ય રાખેલી એક કરતાં વધારે પત્નીઓ [આ દેશમાં] લાવવાની હાલની પ્રથા ઉપર પડશે કે કેમ?

જુલાઈ ૮ : એક હિંદી એક જ પત્ની લાવી શકે, એ મતલબના બાઈ રસૂલના કેસમાં ન્યાય-મૂર્તિ વેસલ્સે આપેલા ચુકાદાની ગાંધીજીએ ઇન્ડિયન ઓપીનિયનમાં એક લેખ લખી ચર્ચા કરી; એમણે કહ્યું કે કોઈ પણ માન્ય ધર્મનું અપમાન થાય એવા કાયદા બ્રિટિશ સંસ્થાનોમાં રાખવાનું શકય નથી.

જુલાઈ ૧૧ : ડ્રીપૂર્ટમાં પોતાના વાડા એશિયાઈઓને પેટા-ભાડે આપવા બદલ ટૅમ્બલિન નામના ગોરાને સુવર્ણ કાનૂન મુજબ મૅજિસ્ટ્રેટે પાઉંડ ૨ દંડ અથવા ૧૦ દિવસની કેદની સજા ફરમાવી.

જુલાઈ ૧૨ : હાઉસ ઑફ કૉમન્સમાં ટ્રાન્સવાલ મ્યુનિસિપલ કાઉન્સિલ અંગેના વટહુકમના મુસદ્દા વિષે પ્રશ્નો પુછાયા.

જુલાઈ ૨૦ : લૉર્ડ ઑમ્પ્ટહીલ તથા સર મંચેરજી મેરવાનજી ભાવનગરીએ સંસ્થાનોમાં હિંદીઓ પ્રત્યે થઈ રહેલા વર્તાવ સંબંધમાં તથા સામ્રાજ્ય પરિષદના તે અંગેના વલણ સંબંધમાં દક્ષિણ આફ્રિકા બ્રિટિશ હિંદી કમિટી વતી કૉલોનિયલ ઑફિસને લખ્યું અને વિનંતી કરી કે પ્રતિનિધિમંડળને મુલાકાત આપવા જનરલ બોથાને કહો.

જુલાઈ ૨૨ પહેલાં : સ્મટ્સે બ્રિટિશ હિંદી સંઘ અને હમીદિયા ઈસ્લામિક સોસાયટીને ખબર આપી કે મુસલમાનોની પત્નીઓને આ દેશમાં આવવા દેવા સંબંધમાં ન્યાયમૂર્તિ વેસલ્સે આપેલા ચુકાદાની નોંધ લેવામાં આવી છે અને જો આ ચુકાદાને કારણે ઊભી થતી મુસીબતોના વ્યક્તિગત કિસ્સા તેમના ધ્યાન પર લાવવામાં આવશે તો તેના ઉપર વિચાર કરવામાં આવશે.

જુલાઈ ૨૬ની આસપાસ : દક્ષિણ આફ્રિકા બ્રિટિશ હિંદી સમિતિએ હિંદીઓની પત્નીઓને નાતાલમાં આવવા દેવા સંબંધમાં કૉલોનિયલ ઑફિસને લખ્યું.

જુલાઈ ૨૮ : એચ. એસ. એલ. પોલાકે લંડનમાં યુનિવર્સલ રેસીઝ કૉંગ્રેસમાં (વિશ્વ જાતિ પરિષદમાં) ભાષણ આપ્યું.

જુલાઈ ૩૧ : એચ. કૅલનબૅક યુરોપ જવા નીકળ્યા ત્યારે ગાંધીજી અને એ. એમ. કાછલિયાની સહીથી એમને વિદાયનું માનપત્ર અર્પણ કરવામાં આવ્યું.

પૉચેફ્સ્ટ્રૂમમાં એશિયાઈ વિરોધી પરિષદે એશિયાઈઓ સામે ગોરાઓનાં હિતોનું રક્ષણ કરવા માટે એક સંગઠન રચવાનો નિર્ણય કર્યો.

ઑગસ્ટ ૨ : દક્ષિણ આફ્રિકા બ્રિટિશ હિંદી સમિતિએ હિંદીઓની પત્નીઓને ટ્રાન્સવાલમાં પેસવા દેવા વિષે કૉલોનિયલ ઑફિસને લખ્યું.

ઑગસ્ટ ૩ : ક્રૂગર્સડૉર્પના રેસિડેન્ટ મૅજિસ્ટ્રેટે એલ. ડબ્લ્યુ. રિચ ઉપર એક નોટિસ બજાવી. તેમાં તેમને ફરમાવ્યું કે તમારી માલિકીના વાડા બિનગોરી વ્યક્તિઓને નામે ચઢાવવા નહીં કે તેમને પેટા-ભાડે આપવા નહીં અને સુવર્ણ કાનૂનનો ભંગ કરવો નહીં.

ઑગસ્ટ ૧૫ : ગાંધીજીએ ઇન્ડિયન ઓપીનિયનમાં લેખ લખી નાતાલના હિંદીઓને સલાહ આપી કે ડરબનમાં ડૉ. મ્યુરિસન જે ક્ષયવિરોધી ઝુંબેશ ચલાવી રહ્યા છે તેમાં તેમને મદદ કરવી.

Gandhi Heritage Portal

ઑગસ્ટ ૧૨ : ગાંધીજીએ ગૃહખાતાના મંત્રીને લખ્યું કે કામચલાઉ સમાધાન જે સત્યાગ્રહીઓને લાગુ પડે છે તેમની યાદી ૨૧ ઑગસ્ટ, ૧૯૧૧ સુધીમાં પૂરી કરવા હું પ્રયત્ન કરીશ. સુવર્ણ કાનૂન અન્વયે એલ. ડબ્લ્યુ. રિચ ઉપર બજાવાયેલી નોટિસ વિષે ઇન્ડિયન ઓપીનિયનમાં લખતાં, ગાંધીજીએ હિંદીઓને મક્કમ રહેવા અનુરોધ કર્યો.

ઑગસ્ટ ૧૩ : જોહાનિસબર્ગમાં બ્રિટિશ હિંદી સંઘની સભા સમક્ષ બોલતાં ગાંધીજીએ સમજાવ્યું કે ક્રૂગર્સડૉર્પમાં હિંદીઓના ન્યાયપૂર્વકની માલિકીના અધિકારોનું રક્ષણ કરવા એલ. ડબ્લ્યુ. રિચ જેલમાં જવા પણ તૈયાર છે.

ઑગસ્ટ ૧૪ : લંડનના ધિ ટાઇમ્સ પત્રે સંઘના પ્રવાસી પ્રતિબંધક બિલ તથા કામચલાઉ સમાધાન વિષે લખ્યું.

ઑગસ્ટ ૧૫ : બ્રિટિશ હિંદી સંઘે ગૃહખાતાના સેક્રેટરીને લખ્યું કે ક્રૂગર્સડૉર્પમાં પોતાને નામે નોંધાવેલી મિલકત ઉપર બિનગોરા લોકોને રાખવા બદલ એલ. ડબ્લ્યુ. રિચ ઉપર કેસ થતો અટકાવવા વચ્ચે પડો.

ઑગસ્ટ ૧૮ : ગિરમીટિયા હિંદીઓની સ્ત્રીઓ તથા તેમનાં બાળકોને નોકરી આપવા અંગેના સુધારેલા નિયમો સંઘ ગવર્નમેન્ટ ગૅઝેટમાં પ્રસિદ્ધ થયા.

ઑગસ્ટ ૧૯ : ગાંધીજીએ ઇન્ડિયન ઓપીનિયનમાં લખતાં એલ. ડબ્લ્યુ. રિચને તથા ટ્રાન્સવાલના હિંદીઓને, સુવર્ણ કાનૂન અને ટાઉનશિપ ઍક્ટ અનુસાર હિંદી દુકાનદારોને કાઢી મૂકવાના સરકારના પ્રયત્નોનો સામનો કરવાના તેમના નિર્ણય માટે ધન્યવાદ આપ્યા.

ઑગસ્ટ ૨૧ : કામચલાઉ સમાધાન જેમને લાગુ પડે છે તેવા હિંદીઓની સુધારેલી, છતાં છેવટની નહીં એવી, યાદી એશિયાઈઓના નોંધણી અધિકારીને મોકલવામાં આવી.

ઑગસ્ટ ૨૨ : ત્રણ પાઉંડના કર વિષેની તથા ટ્રાન્સવાલ મ્યુનિસિપલ કાઉન્સિલ અંગેના વટહુકમના મુસદ્દા વિષેની સંઘના પ્રધાનોએ તૈયાર કરેલી મિનિટ્સ ગવર્નર જનરલને મોકલવામાં આવી.

ઑગસ્ટ ૨૮ : નાતાલમાં ત્રણ પાઉંડના કર વિષેની તથા ટ્રાન્સવાલ મ્યુનિસિપલ કાઉન્સિલ અંગેના વટહુકમના મુસદ્દા વિષેની સંઘના પ્રધાનોએ મોકલેલી મિનિટ્સ ગવર્નર જનરલે કૉલોનિયલ ઑફિસને મોકલી આપી.

સુવર્ણ કાનૂન મુજબ ડ્રીપૂર્ટના મૅજિસ્ટ્રેટે ફરમાવેલી સજા સામે ટૅમ્બલિને કરેલી અપીલ સુપ્રિમ કોર્ટની ટ્રાન્સવાલ શાખાએ મંજૂર રાખી.

સપ્ટેમ્બર ૩ : દાદાભાઈ નવરોજીની જન્મજયંતી ઊજવવા માટે ભરાયેલી જોહાનિસબર્ગની સભામાં ગાંધીજીએ ભાષણ આપ્યું.

સપ્ટેમ્બર ૫ : રૂટરે મોકલેલા તારથી જાહેર થયું કે પંજાબમાં તથા રાજસ્થાનમાં દુકાળ પડ્યો છે.

સપ્ટેમ્બર ૬ : ક્રૂગર્સડૉર્પ, કલાકર્સડૉર્પ અને ડ્રીપૂર્ટમાં મિલકતોના ન્યાયપૂર્વકના હિંદી માલિકોને સુવર્ણ કાનૂન તથા ટાઉનશિપ ઍક્ટ મુજબ થતી કનડગત સંબંધમાં દક્ષિણ આફ્રિકા બ્રિટિશ હિંદી સમિતિએ કૉલોનિયલ ઑફિસને લખ્યું.

સપ્ટેમ્બર ૭ : એચ. એસ. એલ. પોલાકે એશિયાઈ વિરોધી આંદોલન સંબંધમાં કેપ ટાઇમ્સને લખ્યું.

સપ્ટેમ્બર ૯ : ગાંધીજીએ મગનલાલ ગાંધીને લખેલા પત્રમાં જાહેર કર્યું કે ફિનિક્સની જમીનમાં પોતાના ભાગની જમીન ઉપર વ્યક્તિઓએ મકાનો બાંધવામાં જે પૈસા ખર્ચ્યા છે તે પૈસા તેમને પાછા આપી શકાશે નહીં.

Gandhi Heritage Portal

સપ્ટેમ્બર ૧૬ : નાતાલના હિંદી નેતાઓએ ડરબનમાં "ત્રણ પાઉંડના કર વિરોધી સંઘ"ની સ્થાપના કરી.

સપ્ટેમ્બર ૨૩ : જ્યૉર્જટાઉન લોકેશનમાં હિંદીઓને વેપાર કરતા અટકાવવાની નગર પરિષદ (ટાઉન કાઉન્સિલ)ના પગલાંનો જર્મિસ્ટનના હિંદીઓએ વિરોધ કરવાનો નિર્ણય કર્યો, તેને ગાંધીજીએ **ઇન્ડિયન ઓપીનિયન**માં લેખ લખીને આવકાર આપ્યો.

સપ્ટેમ્બર ૨૪ : ડૉ. પ્રાણજીવન મહેતાને લખેલા પત્રમાં ગાંધીજીએ જણાવ્યું કે હું મારી જાતને હિંદુસ્તાનમાં કાર્ય કરવા માટે તૈયાર કરી રહ્યો છું.

સપ્ટેમ્બર ૨૭ : ગાંધીજી ટૉલ્સ્ટૉય ફાર્મની શાળાના છોકરાઓને લઈને, જોહાનિસબર્ગમાં ફૂટબૉલની મૅચ જોવા ગયા.

સપ્ટેમ્બર ૨૮ : ઇટાલીએ તુર્કસ્તાનના પ્રદેશ ઉપર હુમલો કર્યો.

સપ્ટેમ્બર ૩૦ : નાતાલ હિંદી કૉંગ્રેસે પૂછ્યું કે હિંદી રાષ્ટ્રીય કૉંગ્રેસના આગામી અધિવેશનમાં આપ પ્રમુખપદ સ્વીકારશો કે કેમ? તે અંગે ગાંધીજીએ **ઇન્ડિયન ઓપીનિયન**માં લખ્યું અને અમુક શરતે એ પદ સ્વીકારવાની તૈયારી બતાવી.

ઑક્ટોબર ૧ : જ્યૉર્જટાઉન લોકેશનમાં આવેલા વાડાઓ ખાલી કરવા જર્મિસ્ટનની મ્યુનિસિપાલિટીએ હિંદીઓને એક માસની નોટિસ આપી.

"જર્મિસ્ટન હિંદી સંઘ"ની સ્થાપના થઈ.

ઑક્ટોબર ૨ : તુર્કસ્તાન સામે યુદ્ધ જાહેર કરવા બદલ ઇટાલીને વખોડી કાઢવા જોહાનિસબર્ગમાં ભરાયેલી મુસલમાનોની સભામાં ગાંધીજીએ હાજરી આપી.

ઑક્ટોબર ૭ : હિંદી રાષ્ટ્રીય કૉંગ્રેસનું પ્રમુખપદ લેવા પોતાને આમંત્રણ મળ્યાનું, ગાંધીજીએ હરિલાલ ગાંધી ઉપરના પોતાના પત્રમાં લખ્યું.

ઑક્ટોબર ૯ : જ્યૉર્જટાઉન લોકેશન ખાલી કરવા જર્મિસ્ટનના હિંદીઓ ઉપર નગર પરિષદે કાઢેલી નોટિસ સંબંધમાં, બ્રિટિશ હિંદી સંઘે ટ્રાન્સવાલના વહીવટદારને લખ્યું.

ઑક્ટોબર ૧૦ : ગાંધીજીએ ડૉ. પ્રાણજીવન મહેતાને લખ્યું કે હિંદી રાષ્ટ્રીય કૉંગ્રેસનું પ્રમુખપદ સ્વીકારવાનું આમંત્રણ કોના તરફથી આવ્યું તે સ્પષ્ટ નથી, પરંતુ મેં તેનો એ શરતે સ્વીકાર કર્યો છે કે ત્યાં મારી હાજરીની ખરેખર જરૂર હોવી જોઈએ અને ત્યાં આવવાને કારણે મારી સ્વતંત્રતાને કશી આંચ આવવી નહીં જોઈએ. બીજું એ પણ લખ્યું કે દક્ષિણ આફ્રિકાનો મામલો થાળે પડશે કે તરત હું હિંદુસ્તાન ચાલ્યો આવીશ.

ઑક્ટોબર ૨૨ : ડૉ. પ્રાણજીવન મહેતાને જણાવ્યું કે હિંદી રાષ્ટ્રીય કૉંગ્રેસના પ્રમુખપદ સંબંધી જે તાર આવેલો તે માત્ર પૂછપરછ હતી, આમંત્રણ નહીં; એટલે મેં તેમને તાર કરી દીધો છે કે મારું નામ ગણતરીમાં લેવું નહીં. ડૉ. મહેતાને એ પણ જણાવ્યું કે મણિલાલ ડૉક્ટર હિંદુસ્તાનમાં ભરાનાર કૉંગ્રેસ અધિવેશનમાં હાજર રહેવાનો વિચાર રાખે છે.

ઑક્ટોબર ૨૩ : જોહાનિસબર્ગમાં ગુજરાતી નૂતન વર્ષની ઉજવણી કરવા ભરાયેલી સભામાં ભાષણ આપ્યું.

ઑક્ટોબર ૨૪ : મણિલાલ ડૉક્ટર ગિરમીટ પ્રથા વિરુદ્ધ જે પ્રયાસો કરે તેમાં મદદ કરવા ગોખલેને પત્ર દ્વારા વિનંતી કરી.

ઑક્ટોબર ૩૦ : ગોખલેને પત્ર લખી દક્ષિણ આફ્રિકા આવવાનું આમંત્રણ આપ્યું;

હિંદી રાષ્ટ્રીય કૉંગ્રેસના પ્રમુખપદ બાબત થયેલી ગેરસમજ વિષે ખુલાસો પણ કર્યો.

Gandhi Heritage Portal

નવેમ્બર ૬ : એ. એમ. ભાયાતે બૉક્સબર્ગમાં એલ. ડબ્લ્યુ. રિચના નામ પર રજિસ્ટર થયેલી એક જગા પર દુકાન ખોલી.

નવેમ્બર ૮ : બૉક્સબર્ગમાં ગોરાઓએ જાહેર સભા ભરી, એ. એમ. ભાયાતે ખોલેલી દુકાનનો વિરોધ જાહેર કર્યો અને સરકાર પાસે માગણી કરી કે એલ. ડબ્લ્યુ. રિચ સામે સુવર્ણ કાનૂનની કલમ ૧૩૧ મુજબ કામ ચલાવવું જોઈએ.

નવેમ્બર ૧૧ : ગાંધીજીએ **ઇન્ડિયન ઓપીનિયન**માં જાહેર કર્યું કે ત્રણ પાઉંડના કર સામે માથું મૂકીને લડી લેવાનો મેં નિશ્ચય કર્યો છે. બીજું હિંદુસ્તાનના દુકાળપીડિત લોકોની મદદ માટે નાણાં આપવા પણ એલાન કર્યું.

નવેમ્બર ૧૩ – ૧૫ : બ્લૂમફૉન્ટીનમાં દક્ષિણ આફ્રિકી કૃષિસંઘની વાર્ષિક પરિષદે ઠરાવ પસાર કરી સરકારને અનુરોધ કર્યો કે એશિયાઈઓને વેપારના પરવાના આપવાનું તથા તેમને નામે જમીનો ચઢાવી આપવાનું બંધ કરી દો.

નવેમ્બર ૧૪ : **ઇન્ડિયન ઓપીનિયને** રૂટર તરફથી મળેલા સમાચાર પ્રસિદ્ધ કર્યા કે ગાંધીજીએ પોતાની ઉમેદવારી પાછી ખેંચી હોવાથી, પંડિત બિશન નારાયણ ધાર હિંદી રાષ્ટ્રીય કૉંગ્રેસના પ્રમુખ ચૂંટાશે.

એચ. એસ. એલ. પોલાકે દક્ષિણ આફ્રિકા બ્રિટિશ હિંદી સમિતિ તરફથી ૧૭મી જૂને જે પત્ર લખ્યો હતો તેના અમુક ભાગના જવાબમાં કૉલોનિયલ ઑફિસે લખ્યું કે ત્રણ પાઉંડના કર વિષે સંઘના પ્રધાન તરફથી મોકલવામાં આવેલી ૨૨મી ઑગસ્ટની **મિનિટ્સ** સાચી હકીકતો રજૂ કરે છે; કાયદો સામ્રાજ્ય સરકારની સંપૂર્ણ સંમતિથી પસાર કરવામાં આવેલો છે; અને એ કાયદાની જોગવાઈઓ રદ કરવાનો સંઘના પ્રધાનોએ જે ઇનકાર કર્યો છે તેને પણ સામ્રાજ્યની સરકારનો ટેકો છે.

નવેમ્બર ૧૫ : જોહાનિસબર્ગમાં આવેલા હિંદી મહિલા મંડળના બજારમાં શ્રીમતી વોગલને આપવાનું માનપત્ર ગાંધીજીએ વાંચી સંભળાવ્યું.

નવેમ્બર ૧૮ : ગિરમીટમાંથી છૂટા થયેલા હિંદીઓ પાસેથી ૩ પાઉંડનો કર લેવાનો નથી, એ મતલબનો પરિપત્ર નાતાલની સરકારે ૧૯૧૦ના એપ્રિલમાં કાઢેલો. તેમ છતાં એ કર વસૂલ કરવાનો એ સરકારે પ્રયાસ કર્યો. ગાંધીજીએ **ઇન્ડિયન ઓપીનિયન**માં એ પ્રયાસને વિશ્વાસઘાત તરીકે વખોડી કાઢ્યો.

નાતાલ હિંદી કૉંગ્રેસે ન્યાયખાતાના પ્રધાનને પત્ર લખ્યો. તેમાં એપ્રિલ, ૧૯૧૦ના સરકારી પરિપત્રનું પાલન કરવા અને ભૂતપૂર્વ ગિરમીટિયા હિંદીઓ પાસેથી ૩ પાઉંડનો કર વસૂલ નહીં કરવા વિનંતી કરી.

નવેમ્બર ૨૫ : ગાંધીજીએ **ઇન્ડિયન ઓપીનિયન**માં નાતાલના હિંદીઓને અનુરોધ કર્યો કે ૩ પાઉંડનો કર રદ કરાવવા પગલાં લો.

ડિસેમ્બર ૬ : ઉમરાવની સભામાં લૉર્ડ લૅમિંગ્ટને કૉલોનિયલ ઑફિસ અને સંઘ સરકાર વચ્ચે ટ્રાન્સવાલમાં બ્રિટિશ હિંદીઓની સ્થિતિ વિષે થયેલો પત્રવ્યવહાર રજૂ કરવા માટે ઠરાવ મૂક્યો; અને ટ્રાન્સવાલ સુવર્ણ કાનૂન, ટાઉનશિપ ઍક્ટ તથા મ્યુનિસિપલ કાઉન્સિલ અંગેના વટહુકમના મુસદ્દાનો અમલ કેવી રીતે થાય છે તે વિષે માહિતી માગી.

Gandhi Heritage Portal

ડિસેમ્બર ૭ : ગાંધીજીએ ઈ. એફ. સી. લેનને લખેલા પત્રમાં સૂચન કર્યું કે જો સંઘની પાર્લમેન્ટના ચાલુ અધિવેશનમાં સૌને લાગુ પડે એવો કાયદો પસાર થઈ શકે એમ ન હોય, તો ટ્રાન્સવાલ પ્રવાસી પ્રતિબંધક ધારામાં સુધારો કરી આપવો જોઈએ.

ડિસેમ્બર ૮ : ગોખલેને લખેલા પત્રમાં, તેમને દક્ષિણ આફ્રિકા આવવાનું આમંત્રણ ફરીથી આપ્યું.

ડિસેમ્બર ૯ : ઇન્ડિયન ઓપીનિયનમાં લખતાં, હિંદીઓને દુકાળ રાહતનિધિમાં ઉદારતાથી ફાળો આપવા અપીલ કરી.

ડિસેમ્બર ૨૦ : જોહાનિસબર્ગમાં એલેકસ બેનસનના માનમાં યોજેલા ચીનાઓના સંમેલનમાં ભાષણ આપ્યું.

ડિસેમ્બર ૨૧ : પ્રિટોરિયાથી ઈ. એફ. સી. લેનનો તાર આવ્યો. તેમાં તેમણે ગાંધીજીને લખ્યું હતું કે, આવીને મને મળી જાઓ અને નવા પ્રવાસી બિલનો ખરડો જોઈ જાઓ.

ડિસેમ્બર ૨૨ : ગાંધીજીએ [નવા] સંઘ પ્રવાસી પ્રતિબંધક બિલ (૧૯૧૨)નો ખરડો જોયો.

ડિસેમ્બર ૨૬ અથવા તે પછી : કલકત્તામાં મળેલી હિંદી રાષ્ટ્રીય કૉંગ્રેસમાં એચ. એસ. એલ. પોલાક, ચિંતામણિ અને સોરાબજી શાપુરજીએ ભાષણો આપ્યાં. ઠરાવોમાં દક્ષિણ આફ્રિકાના હિંદીઓની તકલીફો પ્રત્યે અફસોસ જાહેર કરવામાં આવ્યો, તેનો બદલો લેવાય એવાં પગલાંની માગણી કરવામાં આવી અને ગિરમીટ પ્રથા સદંતર બંધ કરી દેવાનો સરકારને આગ્રહ કરવામાં આવ્યો. પોલાકે પોતાના ભાષણમાં જાહેર કર્યું કે આવતે વર્ષે ગોખલે દક્ષિણ આફ્રિકાની મુલાકાતે જવા ધારે છે.

ડિસેમ્બર ૩૦ : સત્તાવાળાઓએ નાથલિયા નામના એક હિંદી છોકરાને નાતાલમાં દાખલ થવા દેવાની ના પાડી. તે ઉપર ગાંધીજીએ ઇન્ડિયન ઓપીનિયનમાં સખત ટીકા કરી અને લખ્યું કે આ બાબત ઉચ્ચતર અદાલતોમાં લઈ જવી જોઈએ.

૧૯૧૨

જાન્યુઆરી ૧ : આફ્રિકી રાજકીય સંગઠનની ઉદ્‌ઘાટન સભા, ડૉ. અબદુલ રહેમાનને પ્રમુખપદે, જોહાનિસબર્ગમાં ભરવામાં આવી.

જાન્યુઆરી ૪ : બ્લૂમફૉન્ટીનમાં ભરાયેલી મજૂર પરિષદે ગિરમીટ પ્રથા નાબૂદ કરવાની માગણી કરી.

જાન્યુઆરી ૪ (?) : ડૉ. પોર્ટરે રિપોર્ટ આપ્યો કે જોહાનિસબર્ગમાં આવેલા મલય લોકેશનમાં શીતળાનો ભયંકર રોગચાળો ફાટી નીકળ્યો છે.

જાન્યુઆરી ૫ : બ્રિટિશ હિંદી સંઘે ગૃહખાતાના સેક્રેટરી સમક્ષ એક એવા કેસ વિષે ફરિયાદ કરી કે જેમાં ડરબનના પ્રવાસી અધિકારીઓએ એક વર્ષથી પણ નાની ઉંમરના ધાવણા બાળક માટે મુલાકાતી પાસની માગણી કરી હતી.

જાન્યુઆરી ૬ : મુંબઈ ઇલાકામાં આવેલા કાઠિયાવાડ, અમદાવાદ અને ખેડામાં દુકાળ પડ્યો છે, એવા સમાચાર ઇન્ડિયન ઓપીનિયને છાપ્યા.

ઇન્ડિયન ઓપીનિયનમાં લખતાં, ગાંધીજીએ હિંદુસ્તાનમાં દુકાળ રાહત માટે નાણાં આપવા અપીલ કરી; એચ. એસ. એલ. પોલાકે હિંદી રાષ્ટ્રીય કૉંગ્રેસમાં બજાવેલી કામગીરીની પ્રશંસા કરી; અને ગોખલેના દક્ષિણ આફ્રિકાની મુલાકાતે આવવાના નિર્ણયને 'શુભ સમાચાર' ગણાવી, તેને આવકાર આપ્યો.

Gandhi Heritage Portal

જાન્યુઆરી ૯ : ભૂતપૂર્વ ગિરમીટિયા હિંદીઓ ઉપર નાંખવામાં આવેલા પાઉંડ ઉના કર વિષે એચ. એસ. એલ. પોલાકે હિંદની સરકારને લખ્યું.

જાન્યુઆરી ૧૨ : ગાંધીજીએ ગોખલેને પત્ર લખ્યો. તેમાં ગોખલેના દક્ષિણ આફ્રિકા આવવાના વિચારને તેમણે વધાવી લીધો, અને સૂચવ્યું કે આવતી વખતે લંડન થઈને આવશો.

એલ. ડબ્લ્યુ. રિચને કાનૂની નોટિસ આપવામાં આવી કે તમારા માલિકી હક્કો રદ કરવામાં આવ્યા છે, માટે બૉક્સબર્ગમાં આવેલા તમારા વાડાના અધિકારપત્રો તથા વાડાનો કબજો તમારે સરકારને સોંપી દેવો.

જાન્યુઆરી ૧૩ : ગાંધીજીએ ઇન્ડિયન ઓપીનિયનમાં હિંદીઓને ચેતવણી આપી કે શીતળાના કેસો છુપાવવા નહીં.

જાન્યુઆરી ૧૫ : ટ્રાન્સવાલ મ્યુનિસિપલ કાઉન્સિલના વટહુકમનો મુસદ્દો, શીતળા, વેપારી પરવાના, વગેરે વિષે ઇવનિંગ ક્રૉનિકલને મુલાકાત આપી.

જાન્યુઆરી ૧૬ : ડરબનમાં પ્લેગના કેસો જોવામાં આવ્યા.

જાન્યુઆરી ૧૮ : જાહેર આરોગ્ય ખાતાને મદદ કરવા માટે ડરબનના હિંદીઓએ પ્લેગ સમિતિની રચના કરી.

ગાંધીજી એમ. ચમનીને મળ્યા.

જાન્યુઆરી ૨૦ પહેલાં : હિંદી ફેરિયાઓને ખબર આપવામાં આવી કે કિમ્બર્લીમાં ફેરી કરવાને માટે તેમને પરવાના આપવામાં આવશે નહીં.

મહમ્મદ હસન નામના એક હિંદી સગીરને સરકારે એવું કારણ આપી રજિસ્ટર કરવાની ના પાડેલી કે તે જ્યારે આ દેશમાં આવ્યો ત્યારે તેની ઉંમર ૧૬ વર્ષ કરતાં વધારે હતી. તેની સામે એ છોકરાએ સર્વોચ્ચ અદાલતમાં કરેલી અપીલ અદાલતે કાઢી નાખી.

જાન્યુઆરી ૨૯ : ગાંધીજીએ ઈ. એફ. સી. લેનને લખ્યું કે નવા સંઘ પ્રવાસી પ્રતિબંધક વિધેયક (૧૯૧૨)નો ગૅઝેટમાં પ્રસિદ્ધ થયેલો પાઠ એના મેં જોયેલા મુસદ્દા કરતાં સહેજ જુદો પડે છે; એ બિલની કલમો ૫, ૭, ૨૫ અને ૨૮ વિષે પોતાના વિચારો જણાવ્યા.

નાતાલ હિંદી કૉંગ્રેસના સ્થાપક પ્રમુખ અબદુલ્લા હાજી આદમ અવસાન પામ્યા.

જાન્યુઆરી ૩૦ : સંઘની પાર્લમેન્ટમાં નવા સંઘ પ્રવાસી પ્રતિબંધક બિલ (૧૯૧૨)નું પ્રથમ વાચન થયું. તેની કલમો ૫, ૭, ૨૫ અને ૨૮ વિષે ગાંધીજીએ સ્મટ્સને તાર કર્યો. તે તારનો જવાબ આવ્યો કે આ વિધેયકનું બીજું વાચન ૮મી ફેબ્રુઆરી સુધી થવાનું નથી. દરમ્યાન તમારા તારમાં જણાવેલી બાબતો ઉપર વિચારણા ચાલી રહી છે.

જાન્યુઆરી ૩૧ : ગાંધીજીને મોકલેલા એક તારમાં ગૃહખાતાના મંત્રીએ જણાવ્યું કે બિલની કલમો ૫, ૭, ૨૫ અને ૨૮ બરાબર છે.

ફેબ્રુઆરી ૧ : ગાંધીજીએ ઈ. એફ. સી. લેનને તાર કરી ૩૧મી જાન્યુઆરીના જવાબ પ્રત્યે અસંતોષ વ્યક્ત કર્યો અને વિનંતી કરી કે કલમો ૭ અને ૮માં ફેરફાર થવો જોઈએ. વધારામાં લખ્યું કે તમારો જવાબ આવતાં સુધી હું જાહેરમાં કંઈ પગલું ભરીશ નહીં.

ફેબ્રુઆરી ૩ : બિલ વિષે ઇન્ડિયન ઓપીનિયનમાં લખતાં, ગાંધીજીએ કહ્યું કે એનાથી સ્મટ્સના વચનનું બરાબર પાલન થતું નથી. જે કલમો દ્વારા પત્નીઓ અને સગીરોના ડોમિસાઈલના અધિકારો નક્કી કરવાની સત્તા પ્રવાસી અધિકારીઓને આપવામાં આવી છે, એ અધિકારીઓના નિર્ણય સામે અદાલતને અપીલ કરવાનો અધિકાર છીનવી લેવામાં આવ્યો છે,

Gandhi Heritage Portal

અને શિક્ષિત વ્યક્તિઓના આંતરપ્રાંતીય હેરફેરના ચાલુ અધિકારોમાં ખલેલ પહોંચાડવામાં આવી છે, તે કલમોની એમણે છણાવટ કરી.

કેપના બ્રિટિશ હિંદી સંઘને તારથી સૂચના આપી કે આ કલમોના વિરોધમાં ઠરાવો પસાર કરો. **ઇન્ડિયન ઓપીનિયન**ના ગુજરાતી વિભાગમાં આ બિલની મહત્ત્વની કલમોનો તરજુમો પ્રસિદ્ધ કર્યો અને તે ઉપર ટીકા લખી.

ફેબ્રુઆરી ૪ : ઉપરના નવા પ્રવાસી બિલનો વિરોધ કરવા માટે કેપ અને નાતાલમાં સભાઓ થઈ.

ફેબ્રુઆરી ૭ : ગાંધીજીના ૧લી ફેબ્રુઆરીના તારના જવાબમાં ગૃહખાતાના સેક્રેટરીએ લખ્યું કે નવા વિધેયકમાં અદાલતોને અપીલ કરવાનો અધિકાર કયાંયે લઈ લેવામાં આવ્યો નથી; આખા સંઘમાં ડોમિસાઈલ સંબંધી પ્રમાણપત્રો આપવાની પ્રથા દાખલ કરવાનું તદ્દન અશકય છે; ઑરેન્જ ફ્રી સ્ટેટમાં ફરજિયાત સોગનનામું આપવા અંગેની કલમ ૮ ઉપર વિચારણા ચાલે છે. આ પછી એ પત્રમાં એમણે ગાંધીજીને વિનંતી કરી કે નવું બિલ સ્વીકારી લેવા તમે તમારા દેશબંધુઓને સમજાવો.

આના જવાબમાં ગાંધીજીએ તારથી માગણી કરી કે વિધેયકમાં એવી રીતે સુધારો કરો કે શિક્ષિત એશિયાઈઓના આંતરપ્રાંતીય પ્રવાસ સંબંધી ચાલુ કાનૂની અધિકારો સુરક્ષિત રહે. બીજું એ જણાવ્યું કે તમારો જવાબ આવતાં સુધી હજુ પણ હું જાહેર પગલાં ભરવાનું મોકૂફ રાખીશ.

ફેબ્રુઆરી ૮ : સ્મટ્સે જવાબ આપ્યો કે ઉપરની બાબતો વિષે સંતોષકારક ખાતરી આપવાની હું આશા રાખું છું.

ગાંધીજીએ તારથી જવાબ આપ્યો કે હાલની કાનૂની સ્થિતિ જેમની તેમ કાયમ રહેવી જોઈએ. એથી ઓછી ખાતરી અમને મંજૂર નથી. બીજું, બિલના બીજા જે મુદ્દાઓનો કામચલાઉ સમાધાનમાં સમાવેશ થયો નથી, તે અંગે ટીકા કરવાનો મારો અધિકાર કાયમ રાખું છું.

ફેબ્રુઆરી ૯ : સુપ્રિમ કોર્ટની નાતાલ શાખાએ મૅજિસ્ટ્રેટના એવા નિર્ણયને બહાલી આપી કે એન. મુડલે ગિરમીટની મુદત પૂરી થવાથી નવેસર કરાર કરીને નોકરીએ રહ્યો હોવા છતાં તેણે પાઉંડ ૩નો કર ભરવો પડશે.

ફેબ્રુઆરી ૧૦ : ગાંધીજીએ **ઇન્ડિયન ઓપીનિયન**માં લખતાં, નવા સંઘ પ્રવાસી પ્રતિબંધક બિલ (૧૯૧૨)ની, તેમાં એશિયાઈઓને કાઢી મૂકવાની અને સ્થાપિત અધિકારોમાં દખલ કરવાની નીતિ હોવાથી સખત ઝાટકણી કાઢી. આશા દર્શાવી કે સરકાર હિંદીઓના વાંધાઓ વિષે સહાનુભૂતિપૂર્વક વિચાર કરશે.

ફેબ્રુઆરી ૧૧ : નવા પ્રવાસી પ્રતિબંધક બિલનો વિરોધ કરવા કિમ્બર્લીમાં હિંદીઓની સાર્વજનિક સભા થઈ.

ફેબ્રુઆરી ૧૨ : એચ. કૅલનબૅક યુરોપથી પાછા આવ્યા. તેમનું ગાંધીજીએ ક્રૂગર્સડૉર્પમાં સ્વાગત કર્યું.

ફેબ્રુઆરી ૧૩ : બાર્બરટનના મૅજિસ્ટ્રેટે ફાતિમા જસાત નામની મુસલમાન સ્ત્રીને ટ્રાન્સવાલમાં પ્રવેશવાની પરવાનગી આપવાની ના પાડી હતી. તેની સામે તે સ્ત્રીએ ટ્રાન્સવાલની

Gandhi Heritage Portal

સુપ્રિમ કોર્ટમાં અપીલ કરી હતી. એ અપીલ ન્યાયમૂર્તિ વેસલ્સે એવું કહીને કાઢી નાખી કે એક મુસલમાનને કેવળ એક જ પત્ની લાવવાનો અધિકાર છે.

ફેબ્રુઆરી ૧૫ : ગાંધીજીએ ઈ. એફ. સી. લેનને લખ્યું કે હું હજી પણ તમારા જવાબની રાહ જોઉં છું. અને નવા સંઘ પ્રવાસી પ્રતિબંધક બિલ (૧૯૧૨)ના સંબંધમાં અદાલતોને અપીલ કરવાના મુદ્દા વિષે કાનૂની અભિપ્રાય મેળવવા માગું છું.

ઉપરના બિલની કેટલીક જોગવાઈઓ વિષે કાનૂની અભિપ્રાય મેળવવા આર. ગ્રેગોરોસ્કીને લખ્યું.

બ્રિટિશ હિંદી સંઘ તથા હમીદિયા ઇસ્લામિક સોસાયટીએ ગૃહખાતાના પ્રધાનને તાર કર્યો કે ફાતિમા જસાતના કેસમાં આપ વચ્ચે પડો.

ફેબ્રુઆરી ૧૭ પહેલાં : નવા સંઘ પ્રવાસી પ્રતિબંધક બિલ (૧૯૧૨) સામે કેપના હિંદીઓના વાંધા દર્શાવતી અરજી સેનેટ તથા લોકસભામાં મોકલી આપવામાં આવી.

ફેબ્રુઆરી ૧૭ : એન. મુડલેની અપીલ સંબંધમાં સર્વોચ્ચ અદાલતે આપેલા ચુકાદા ઉપર ગાંધીજીએ **ઇન્ડિયન ઓપીનિયન**માં સમાલોચના કરી.

ફેબ્રુઆરી ૧૮ : સોરાબજી શાપુરજી હિંદુસ્તાનથી આવી પહોંચ્યા.

ફેબ્રુઆરી ૧૯ : ઉમરાવ સભામાં લૉર્ડ ઍમ્પ્ટહીલે ટ્રાન્સવાલના હિંદીઓ વિષે ચર્ચા ઊભી કરી.

ફેબ્રુઆરી ૨૧ : આગાખાનના ખોજા પ્રતિનિધિઓને મુલાકાતી પ્રમાણપત્રો આપવા સંબંધમાં ગાંધીજીએ એશિયાઈઓના નોંધણી અધિકારીને તાર કર્યો.

ફેબ્રુઆરી ૨૨ : બૉક્સબર્ગના વાડાઓ સંબંધમાં સુપ્રિમ કોર્ટે એલ. ડબ્લ્યુ. રિચ અને એ. એમ. ભાયાતને તેડું મોકલ્યું.

ફેબ્રુઆરી ૨૪ : ગાંધીજીએ ઈ. એફ. સી. લેનને વકીલનો અભિપ્રાય લખી જણાવ્યો કે નવા સંઘ પ્રવાસી પ્રતિબંધક બિલ (૧૯૧૨)માં ઉપલી અદાલત હુકમ કરે તે સિવાય નીચલી અદાલતોને ન્યાય કરવાનો કશો અધિકાર અપાયો નથી અને તે ઉપરાંત એ બિલથી કેટલાક ચાલુ અધિકારો છીનવાઈ જાય છે. માટે મારી વિનંતી છે કે આ ક્ષતિઓ દૂર થવી જોઈએ.

ફેબ્રુઆરી ૨૭ : કલકત્તાની શાહી વિધાન પરિષદમાં ગોખલેએ નાતાલના ગિરમીટિયા મજૂરોના સંબંધમાં પ્રશ્નો પૂછ્યા.

ફેબ્રુઆરી ૨૯ : બ્રિટિશ હિંદી સંઘે ફાતિમા જસાતના કેસની યાદ આપવા ગૃહમંત્રીને તાર કર્યો.

માર્ચ ૨ : ગૃહમંત્રીએ બ્રિટિશ હિંદી સંઘને તારથી ખબર આપી કે ફાતિમા જસાતના કેસમા મારે વચ્ચે પડવાની જરૂર નથી.

માર્ચ ૪ : અખિલ હિંદ મુસ્લિમ લીગના કલકત્તા અધિવેશનમાં દક્ષિણ આફ્રિકાના હિંદીઓ સંબંધમાં ઠરાવ પસાર કરવામાં આવ્યો; તે પ્રસંગે એચ. એસ. એલ. પોલાક પણ બોલ્યા. સંસ્થાનો માટે ગિરમીટિયા મજૂરો મોકલવાનું સદંતર બંધ કરી દેવા વિષેનો ગોખલેનો ઠરાવ કલકત્તાની શાહી વિધાન પરિષદમાં ૧૧ મતથી ઊડી ગયો.

માર્ચ ૫ : ફાતિમા જસાતના કેસમાં વચ્ચે પડવા બ્રિટિશ હિંદી સંઘે ગૃહખાતાના સેક્રેટરીને ફરીથી લખ્યું.

માર્ચ ૭ : કલકત્તાની શાહી વિધાન પરિષદમાં ગોખલેએ ગ્રીડીઝૉર્પની વસાહતમાંથી હિંદીઓને ખસેડવા સંબંધમાં પ્રશ્ન પૂછ્યો.

Gandhi Heritage Portal

માર્ચ ૯ : નાથલિયા નામના હિંદી સગીરને નાતાલમાં પ્રવેશવા દેવાનો ઇનકાર કરવામાં આવ્યો હતો. આ મામલામાં વચ્ચે પડવાની કૉલોનિયલ ઑફિસે ના પાડી. તે પ્રત્યે ગાંધીજીએ **ઇન્ડિયન ઓપીનિયન**માં અફસોસ જાહેર કર્યો. તે સાથે જ ફાતિમા જસાતને દેશપાર કાઢવા સામે લડી લેવા પણ હિંદીઓને આગ્રહ કર્યો.

જોહાનિસબર્ગમાં પ્રાગજી ખંડુભાઈ દેસાઈ અને સુરેન્દ્રરાય મેઢને વિદાયમાન આપવામાં આવ્યું. તે પ્રસંગે ગાંધીજીએ સત્યાગ્રહીઓ તરીકેના તેમના કામની પ્રશંસા કરી.

માર્ચ ૧૩ : બ્રિટિશ હિંદી સંઘ તથા હમીદિયા ઇસ્લામિક સોસાયટીને ગૃહમંત્રીએ પત્ર દ્વારા જણાવ્યું કે ફાતિમા જસાતના કેસમાં મારા નિર્ણય ઉપર ફરીથી વિચાર કરવાની મારી મરજી નથી.

માર્ચ ૧૬ : ગિરમીટની પ્રથા સદંતર નાબૂદ કરવા સંબંધમાં શાહી વિધાન પરિષદમાં ઠરાવ પસાર કરવામાં ગોખલેના પ્રયાસોની ગાંધીજીએ **ઇન્ડિયન ઓપીનિયન**માં પ્રશંસા કરી.

માર્ચ ૨૬ : "હિંદી દક્ષિણ આફ્રિકી લીગ"ની સભા મદ્રાસમાં થઈ. તેણે દક્ષિણ આફ્રિકામાં હિંદીઓ પ્રત્યે થતા ગેરવર્તાવ વિષે, નવા સંઘ પ્રવાસી પ્રતિબંધક બિલ (૧૯૧૨) વિષે, તથા ગિરમીટ પ્રથાનો અંત લાવવા વિષે ઠરાવો પસાર કર્યા.

માર્ચ ? : સુવર્ણ કાનૂન અને ટાઉનશિપ ઑકટ હેઠળ બ્રિટિશ હિંદીઓની દશા કેવી છે તે સંબંધમાં સંઘ સરકાર અને સામ્રાજ્યની સરકાર વચ્ચે ચાલેલા પત્રવ્યવહાર સહિત એક શ્વેતપત્ર લંડનમાં પ્રસિદ્ધ થયો.

એપ્રિલ ૧ : ગાંધીજીએ રતન તાતાને લખેલા ખુલ્લા પત્રમાં સત્યાગ્રહ નિધિનાં નાણાંની આવક-જાવકનો હિસાબ આપ્યો.

અપ્રિલ ૨ : પ્રિટોરિયામાં વ્હાઈટ લીગ કૉંગ્રેસે (ગોરાઓના મંડળનું સંમેલન) ગોરા અને બિનગોરા લોકો વચ્ચેની સમાનતા અટકાવવાની પ્રતિજ્ઞા લીધી.

એપ્રિલ ૪ : ગાંધીજીએ ઈ. એફ. સી. લેનને પત્ર લખ્યો. તેમાં પૂછ્યું કે નવું સંઘ પ્રવાસી પ્રતિબંધક બિલ (૧૯૧૨) આ અધિવેશનમાં ચર્ચા માટે રજૂ થશે કે પછી એને છોડી દેવામાં આવશે?

એપ્રિલ ૧૧ : ઈ. એફ. સી. લેનને પત્ર લખ્યો. તેમાં ગૃહખાતાના ઑર્કિટગ સેક્રેટરીએ કરેલા વિધાન તરફ ધ્યાન ખેંચ્યું અને આશા વ્યક્ત કરી કે એનો અર્થ એવો નહીં થતો હોય કે કેળવાયેલા હિંદીઓને ઑરેન્જ ફ્રી સ્ટેટમાંથી બાકાત રાખવામાં આવશે.

એપ્રિલ ૧૫ : ટાઇટૅનિક નામનું જહાજ આટલાંટિક મહાસાગરમાં ડૂબી ગયું.

અપ્રિલ ૧૯ : એચ. એસ. એલ. પોલાકે દક્ષિણ આફ્રિકામાં – ખાસ કરીને બૉક્સબર્ગમાં–હિંદી માલિકોના મિલકતના અધિકારો વિષે તથા મુસ્લિમ પત્નીઓને દક્ષિણ આફ્રિકામાં પ્રવેશ આપવા વિષે હિંદ સરકારને લખ્યું.

અપ્રિલ ૨૪ : જોહાનિસબર્ગમાં મૅજિસ્ટ્રેટ જૉર્ડને હસન મહમદની પત્નીના કેસમાં એવો ચુકાદો આપ્યો કે એ સ્ત્રીનું લગ્ન કાયદેસર ગણી શકાય નહીં એટલે તેને ટ્રાન્સવાલમાં રહેવાનો અધિકાર નથી.

એપ્રિલ ૨૭ : જર્મિસ્ટન લોકેશન સંબંધમાં એચ. એસ. એલ. પોલાકે હિંદ સરકારને લખ્યું.

અપ્રિલ ૨૮ : જર્મિસ્ટન લોકેશનમાં મળેલી સભામાં ગાંધીજી, એ. એમ. કાછલિયા, એલ. ડબ્લ્યુ. રિચ, સોરાબજી શાપુરજી, થંબી નાયડુ અને બીજા લોકોએ ભાષણો કર્યાં.

એપ્રિલ ૨૯ : હાઉસ ઑફ કૉમન્સમાં નાથલિયાના કેસ વિષે પ્રશ્ન પુછાયો.

Gandhi Heritage Portal

મે ૪ પહેલાં : સ્પૉર્ટિંગ સ્ટારને લખેલા પત્રમાં ગાંધીજીએ "વૉન્ડરર્સ ગ્રાઉન્ડ"માં દાખલ થવાની પરવાનગી આપવાના હેતુ માટે એશિયાઈઓના ઉચ્ચતર અને નિમ્નતર એવા બે વર્ગો પાડવા સામે વિરોધ જાહેર કર્યો.

ગાંધીજી નાતાલ હિંદી ફૂટબૉલ સંઘના ફરીથી પેટ્રન ચૂંટાયા.

મે ૧૧ : બહુપત્નીના રિવાજ મુજબ પરણેલી પત્નીઓને ટ્રાન્સવાલમાં પ્રવેશવાની મનાઈ છે એવો ચુકાદો આપવા બદલ ગાંધીજીએ **ઇન્ડિયન ઓપીનિયન**માં મૅજિસ્ટ્રેટ જૉર્ડનને ઊધડા લીધા.

મે ૧૪ : ઈ. એફ. સી. લેનનો પત્ર આવ્યો. તેમાં નવા સંઘ પ્રવાસી પ્રતિબંધક બિલ (૧૯૧૨)ની ઑરેન્જ ફ્રી સ્ટેટમાં સોગનનામું લખી આપવું પડશે એ સંબંધીની કલમ ૨૮માં કરવા ધારેલા ફેરફારની નકલ બીડવામાં આવી હતી અને ગાંધીજીને જણાવવામાં આવ્યું હતું કે સ્મટ્સ ડોમિસાઈલના પ્રશ્નનો ઉકેલ લાવવા માગે છે.

મે ૧૬ : ટ્રાન્સવાલની પ્રાંતીય કાઉન્સિલે જોહાનિસબર્ગમાં હિંદીઓ માટે અલગ શાળા નહીં ખોલવાનો નિર્ણય કર્યો તેની ગાંધીજીએ ટીકા કરી.

જર્મિસ્ટનના હિંદીઓને ગામ છોડવાની નોટિસ આપવામાં આવી. તે સંબંધમાં હાઉસ ઑફ કૉમન્સમાં પ્રશ્ન પુછાયો. સંસ્થાન મંત્રીએ એ કામમાં વચ્ચે પડવાની ના પાડી.

મે ૨૧ : ઈ. એફ. સી. લેનને આપેલા જવાબમાં ગાંધીજીએ નવા સંઘ પ્રવાસી પ્રતિબંધક બિલ (૧૯૧૨) મુજબ ઑરેન્જ ફ્રી સ્ટેટમાં સોગનનામું આપવા તથા ડોમિસાઈલના અધિકારો વિષે જે મુસીબત છે તેનો નિકાલ લાવવા સરકાર રાજી છે તે વિષે સંતોષ વ્યક્ત કર્યો.

મે ૩૦ : બિલ બીજા વાચન માટે સંઘ પાર્લમેન્ટમાં રજૂ થયું.

મે ૩૧ : નવા પ્રવાસી પ્રતિબંધક બિલ હેઠળ કેળવાયેલા હિંદીઓની આંતરપ્રાંતીય અવરજવર સંબંધમાં ગાંધીજીએ ઈ. એફ. સી. લેનને લખ્યું.

જૂન ૧ પહેલાં : વેપારી પરવાના સંબંધી કેપના બ્રિટિશ હિંદી સંઘની અરજી પાર્લમેન્ટ ગૃહમાં રજૂ કરવામાં આવી.

જૂન ૧ : "એક કમનસીબ ઘટના" એ વિષય પર ગાંધીજીએ **ઇન્ડિયન ઓપીનિયન**માં લેખ લખ્યો. તેમાં એક હિંદી ગિરમીટિયા સ્ત્રી સાથે તેના માલિકે કરેલા ઘાતકી વર્તાવનું વર્ણન કર્યું અને સમસ્ત ગિરમીટ પ્રથાને વખોડી કાઢી.

જૂન ૬ : પ્રિટોરિયામાં આવેલી સુપ્રિમ કોર્ટમાં એલ. ડબ્લ્યુ. રિચ અને એ. એમ. ભાયાત સામેના મુકદ્દમાની સુનાવણી થઈ.

જૂન ૭ : ગાંધીજી પ્રિટોરિયા ગયા અને એમ. ચમની તથા ઈ. એફ. સી. લેનને મળ્યા.

જૂન ૨૨ : સંઘની પાર્લમેન્ટમાં નવા પ્રવાસી પ્રતિબંધક બિલ (૧૯૧૨)ના બીજા વાચન ઉપર ચાલેલી ચર્ચામાં સ્મટ્સે જાહેર કર્યું કે સરકાર આ બિલ બને તો આ જ અધિવેશનમાં પસાર કરવા આતુર છે.

જૂન ૨૪ : સંઘની પાર્લમેન્ટ ૨૩મી સપ્ટેમ્બર, ૧૯૧૨ સુધી મુલતવી રહી અને બિલ અભરાઈએ ચઢયું.

જૂન ૨૫ : ગાંધીજીએ તાર કરીને ગૃહખાતાના સેક્રેટરીને પુછાવ્યું કે પાર્લમેન્ટ મુલતવી રહી છે તે જોતાં પ્રવાસી બિલ સંબંધમાં સરકારનો ઇરાદો શો છે અને કામચલાઉ સમાધાનનું ભવિષ્ય કેવું હશે?

Gandhi Heritage Portal

જૂન ૨૬ : ગ્રીટીવૉર્ધમાં આવેલા વાડાઓના યુરોપિયન માલિકોને ત્રણ માસની અંદર એશિયાઈ કબજેદારોને પોતાના વાડામાંથી ખસેડવા માટે આપાયેલી નોટિસો સંબંધમાં ગાંધીજીએ દક્ષિણ આફ્રિકા બ્રિટિશ હિંદી સમિતિને તાર કર્યો.

નામિલ કલ્યાણ સમિતિની સભામાં પ્રવાસી પ્રતિબંધક બિલ (૧૯૧૨) વિષે ભાષણ આપ્યું.

જૂન ૨૭ : પ્રવાસી પ્રતિબંધક બિલ મુલતવી રહ્યું, તેનાથી ઊભી થયેલી સ્થિતિ ઉપર વિચાર કરવા કેપ બ્રિટિશ હિંદી સંઘની સભા મળી.

જૂન ૨૮ : ગાંધીજી અને કસ્તૂરબા ડરબન જવા નીકળ્યાં.

જૂન ૨૯ : ડરબન પહોંચ્યાં.

ડરબનમાં દાઉદ મહમદ અને બીજા હજ યાત્રીઓને વિદાય આપવાના પ્રસંગે ભાષણ આપ્યું.

જૂન ૩૦ : એચ. એલ. પૉલની ડરબનની ઈન્ડિયન એજ્યુકેશનલ ઈન્સ્ટિટ્યૂટના ઈનામ વહેંચવાના મેળાવડામાં પ્રમુખપદ લીધું.

જુલાઈ ૩ : દાઉદ મહમદ મક્કા જવા નીકળ્યા તેમને ગાંધીજીએ વિદાય આપી.

એચ. એસ. એલ. પોલાકે નાતાલના હિંદીઓની કેળવણી વિષે હિંદ સરકારને લખ્યું.

જુલાઈ ૫ : ગાંધીજી ડરબનથી જોહાનિસબર્ગ જવા નીકળ્યા.

જુલાઈ ૬ પહેલાં : બૉક્સબર્ગના વાડા સંબંધમાં ચાલેલા મુકદ્દમામાં સુપ્રિમ કોર્ટે એલ. ડબ્લ્યુ. રિચ અને એ. એમ. ભાયાતની વિરુદ્ધમાં ચુકાદો આપ્યો. રિચને હુકમ કર્યો કે તમારે વાડાઓનો કબજો સોંપી દેવો અને ભાયાત પાસે વાડો ખાલી કરાવ્યો.

જુલાઈ ૬ : ગાંધીજીએ ઈ. એફ. સી. લેનને પત્ર લખી પુછાવ્યું કે પ્રવાસી પ્રતિબંધક બિલ (૧૯૧૨) તથા કામચલાઉ સમાધાન સંબંધમાં સરકારના ઈરાદા શા છે?

જુલાઈ ૭ : ડરબનથી જોહાનિસબર્ગ પહોંચ્યા.

જુલાઈ ૧૧ : એશિયાઈ નોંધણી અધિકારી એમ. ચમનીની મુલાકાત લીધી.

જુલાઈ ૧૩ પહેલાં : નાતાલના કામચલાઉ પ્રવાસી અધિકારી તરીકે કઝિન્સની નિમણૂક થઈ.

જુલાઈ ૧૩ : હિંદીઓને જૂઠું બોલવાની આદત હોય છે, એવા ડૉ. મ્યુરિસનના વિધાનની ગાંધીજીએ **ઇન્ડિયન ઓપીનિયન**માં ખબર લઈ નાખી.

હિંદી પત્નીઓને પ્રવેશ જોઈતો હોય તો તે માટે કેવા કેવા પુરાવા જોઈએ, તે દર્શાવતો એક પરિપત્ર નાતાલના પ્રવાસી અધિકારી, કઝિન્સે પ્રકટ કર્યો. તેને ગાંધીજીએ વખોડી કાઢ્યો. નાતાલમાં ડોમિસાઈલનાં પ્રમાણપત્રો આપવાનું બંધ થયું, તે સંબંધમાં લડી લેવા ત્યાંની હિંદી કૉંગ્રેસને સલાહ આપી.

જુલાઈ ૧૬ : ગૃહખાતાના કામચલાઉ સેક્રેટરીએ ખબર આપી કે સરકાર સુધારેલું બિલ આગામી અધિવેશનમાં પેશ કરશે; દરમ્યાન, હાલના કાયદાનો અમલ ચાલુ રહેશે.

જુલાઈ ૧૭ : ગૃહખાતાના સેક્રેટરીને ગાંધીજીએ જવાબ આપ્યો. તેમાં લખ્યું કે મને ખબર પડી છે કે સંતોષકારક કાયદો પસાર થતાં સુધી કામચલાઉ સમાધાન ચાલુ રહેશે, અને તેથી આ વર્ષમાં કેળવાયેલા એશિયાઈઓને અમુક સંખ્યામાં દાખલ થવા દેવામાં આવશે; આ વાતને તમારા તરફથી સમર્થન મળતાં હું નામો મોકલી આપીશ. ઉમરાવની સભામાં લૉર્ડ ઍમ્પ્ટહીલે કામચલાઉ સમાધાનની ભાવનાનો ભંગ થયાનાં ઉદાહરણો આપ્યાં; કહ્યું કે સ્મટ્સની જગાએ આવેલા ગૃહમંત્રી અબ્રાહમ ફિશર સ્મટ્સના કરતાં હિંદીઓ પ્રત્યે ઓછું હિતકારી વલણ રાખે છે.

Gandhi Heritage Portal

જુલાઈ ૧૯ : ગૃહખાતાના કામચલાઉ સેક્રેટરીએ કબૂલ રાખ્યું કે કાયદો પસાર થતાં સુધી ગયા વર્ષનું કામચલાઉ સમાધાન ચાલુ રહેશે અને તદનુસાર આ વર્ષ માટે ૭૪ કેળવાયેલા હિંદીઓને દાખલ થવા દેવામાં આવશે.

જુલાઈ ૨૦ : હિંદુસ્તાનથી પાછા ફરનારા લોકો પાસેથી નવા પુરાવા માગવા બદલ, ગાંધીજીએ **ઇન્ડિયન ઓપીનિયન**માં નાતાલના પ્રવાસી અધિકારી કઝિન્સની ફરીથી ઝાટકણી કાઢી; નાતાલની હિંદી કૉંગ્રેસ આ પ્રશ્ન ઉપાડી લે એવી ઇચ્છા વ્યક્ત કરી.

હિંદીઓને સલાહ આપી કે ડૉ. મ્યુરિસનને બધી મદદ કરવી અને કેસો છુપાવવા નહીં.

જુલાઈ ૨૧ : શ્રીમતી ટિળકના અવસાન પ્રત્યે શોક પ્રદર્શિત કરવા જોહાનિસબર્ગમાં મળેલી સભામાં ભાષણ આપ્યું.

જુલાઈ ૨૨ : એશિયાઈઓના નોંધણી અધિકારીને પત્ર લખ્યો. તેમાં માગણી કરી કે કામ માટે તમારી ઑફિસમાં આવનાર હિંદીઓને કામ થતાં સુધી બેસવા માટે સગવડ મળવી જોઈએ.

ગૃહખાતાના સેક્રેટરીને પત્રથી વિનંતી કરી કે આર. એન. સોઢાને નોંધણીનું પ્રમાણપત્ર રજૂ કરવાનું કહ્યા સિવાય, વેપારી પરવાનો કાઢી આપવો.

જોહાનિસબર્ગમાં વી. એ. ચેટિયારના માનમાં ગોઠવેલા વિદાયના ભોજનસમારંભમાં ભાષણ આપ્યું.

જુલાઈ ૨૩ : મિ. એમ. ચમનીને મળ્યા.

જુલાઈ ૨૫ : ગોખલેએ ગાંધીજીને તાર કર્યો કે હું ૫મી ઑક્ટોબરે ઇંગ્લંડથી દક્ષિણ આફ્રિકા આવવા વહાણમાં નીકળીશ.

જુલાઈ ૨૬ : એમ. ચમનીએ ગાંધીજીને જણાવ્યું કે મારી ઑફિસમાં આવનાર હિંદીઓને કામ થતાં સુધી બેસવાની કશી સગવડ આપી શકાય તેમ નથી.

નાતાલની હિંદી કૉંગ્રેસે ગૃહખાતાના મંત્રીને પત્ર લખી પ્રવાસી હિંદી પત્નીઓ પાસેથી લગ્નની સાબિતીઓ માગતા પ્રવાસી અધિકારી કઝિન્સે કાઢેલા પરિપત્રનો વિરોધ કર્યો.

મણિલાલ ડૉકટર કેપ છોડીને ફીજી ગયા.

જુલાઈ ૨૯ : એશિયાઈઓની નોંધણી કચેરીમાં મુલાકાતીઓને કામ થતાં સુધી બેસવાની સગવડ મળવી જોઈએ, એ બાબતમાં ગાંધીજીએ ફરીથી નોંધણી અધિકારીને લખ્યું.

જુલાઈ ૩૦ : હિંદી જાહેર સેવાઓ અંગે રચાયેલા શાહી કમિશનમાં ગોખલેની સભ્ય તરીકે નિમણૂક થઈ.

જુલાઈ ૩૧ : એ. ઓ. હ્યુમ મરણ પામ્યા.

ઑગસ્ટ ૧ : જોહાનિસબર્ગની તામિલ કોમે વી. એ. ચેટિયારના માનમાં યોજેલા ભોજનસમારંભમાં ગાંધીજીએ ભાષણ આપ્યું.

રતન તાતાએ સત્યાગ્રહ નિધિ માટે ત્રીજી વાર રૂ. ૨૫,૦૦૦/-નું દાન આપ્યું.

મુંબઈમાં મળેલી જાહેર સભાએ સંસ્થાનોમાં, ખાસ કરીને દક્ષિણ આફ્રિકામાં, હિંદીઓ પ્રત્યે થઈ રહેલા વર્તાવને વખોડી કાઢયો.

ઑગસ્ટ ૩ : ગાંધીજીએ **ઇન્ડિયન ઓપીનિયન**માં જર્મિસ્ટનના હિંદીઓને સલાહ આપી કે, નવા એશિયાઈ બજાર માટે પસંદ કરવામાં આવેલી અનારોગ્યકર જગાએ સ્થળાંતર કરવું નહીં.

કેળવાયેલી વ્યક્તિઓના આજીવિકા કમાવાના અધિકાર સંબંધમાં ગૃહમંત્રીને લખ્યું; અને આર. એમ. સોઢાને માટે વેપારી પરવાના સંબંધમાં નિર્ણય આપવાની માગણી કરી.

Gandhi Heritage Portal

ઑગસ્ટ ૧૦ : એ. એમ. કાછલિયા સાથે ફ્રીપૂર્ટ તથા કૂગર્સડૉર્પ ગયા.

ઇન્ડિયન ઓપીનિયનમાં લખતાં હિંદીઓને આગ્રહ કર્યો કે ગોખલે દક્ષિણ આફ્રિકા આવે ત્યારે તેમનું યોગ્ય સ્વાગત કરવા સૌ એક થઈ જાય.

ઑગસ્ટ ૧૧ : ટૉલ્સ્ટૉય ફાર્મમાં પાછા આવ્યા.

ઑગસ્ટ ૧૬ : એશિયાઈઓના નોંધણી અધિકારીએ ગાંધીજીને જણાવ્યું કે આર. એમ. સોઢા તથા ખાસ કેસ તરીકે [નોંધણીમાંથી] મુક્ત રખાયેલા અન્ય કેળવાયેલા એશિયાઈઓને તેમના અધિકારને કાયદેસર ઠરાવનારો કાયદો પસાર થતાં સુધી વેપારી પરવાના કાઢી આપી શકાશે નહીં.

ઑગસ્ટ ૧૭ : **ઇન્ડિયન ઓપીનિયન**માં લખતાં હિંદીઓનું ધ્યાન જોહાનિસબર્ગમાં બીજી વાર બળિયાનો વાવર ફાટી નીકળવાના હેવાલ તરફ ખેંચ્યું અને આગ્રહ કર્યો કે સૌએ ડૉ. પોર્ટરને આ રોગ સામે લડવામાં મદદ કરવી.

ઑગસ્ટ ૨૨ : જોહાનિસબર્ગની થિયૉસૉફિકલ લૉજમાં ભાષણ આપ્યું.

ધિ ટ્રાન્સવાલ લીડરને મુલાકાત આપી. તેમાં બળિયાના રોગને ફેલાતો અટકાવવાના હેતુથી બિનગોરી જાતિઓના લોકોને ફરજિયાત અલગ પાડી દેવા સામે વિરોધ જાહેર કર્યો.

ઑગસ્ટ ૨૫ : ગોખલેના સ્વાગતનો પ્રબંધ કરવા માટે બોલાવવામાં આવેલી બ્રિટિશ હિંદી સંઘની સભામાં ભાષણ આપ્યું; ત્યાં જાહેરાત કરી કે આગાખાન દક્ષિણ આફ્રિકા અને પૂર્વ આફ્રિકાની સફરે આવવાનો ઇરાદો રાખે છે.

ઑગસ્ટ ૩૦ : કસ્તૂરબા અને બીજાઓની સાથે ડરબન જવા નીકળ્યા.

ઑગસ્ટ ૩૧ : ડરબન પહોંચ્યા; ફિનિક્સ જવા રવાના થયા.

ઇન્ડિયન ઓપીનિયનમાં સદ્‌ગત એ. ઓ. હ્યુમ વિષે લખ્યું.

કેપટાઉન પાછા ફરેલા પાંચ હિંદીઓને તેમને લાવનારું વહાણ ખરાબ હવામાનને લીધે મોડું પડવાથી, પ્રવેશ આપવાનો ઇનકાર કરવામાં આવેલો; તે મામલા વિષે ટીકા કરી.

સપ્ટેમ્બર ૪ : એચ. એસ. એલ. પોલાક અને શ્રીમતી પોલાક હિંદુસ્તાનથી ડરબન આવી પહોંચ્યાં.

સપ્ટેમ્બર ૭ : એચ. એસ. એલ. પોલાક દ્વારા હિંદુસ્તાનમાં થયેલા કાર્યની ગાંધીજીએ **ઇન્ડિયન ઓપીનિયન**માં પ્રશંસા કરી.

સપ્ટેમ્બર ૧૨ : જોહાનિસબર્ગના મૅજિસ્ટ્રેટની કોર્ટમાં વ્રીડીડૉર્પના વાડાઓમાંથી બિનગોરા ભાડૂતોને ખાલી કરાવવા માટે ગોરાઓને ફરજ પાડવાની કાર્યવાહીનો આરંભ થયો.

સપ્ટેમ્બર ૧૪ : ફિનિક્સ અંગેનું 'ટ્રસ્ટ ડીડ' **ઇન્ડિયન ઓપીનિયન**માં પ્રસિદ્ધ થયું.

પ્રવેશ મેળવવા ઇચ્છતા હિંદીઓના સંબંધમાં નાતાલના પ્રવાસી અધિકારી કમ્બિન્સે કરેલી ગેરકાયદે કાર્યવાહીની ગાંધીજીએ **ઇન્ડિયન ઓપીનિયન**માં ટીકા કરી.

ઇન્ડિયન ઓપીનિયનમાં જાહેર ખબરો છાપવાનું બંધ કરવાનો ઇરાદો જાહેર કર્યો.

ડરબનથી જોહાનિસબર્ગ જવા નીકળ્યા.

ઑક્ટોબર ૫ : ગોખલે ઇંગ્લંડથી દક્ષિણ આફ્રિકા જવા નીકળ્યા.

ઑક્ટોબર ૮ : મૉન્ટિનિગ્રોએ તુર્કસ્તાનની સામે યુદ્ધ જાહેર કર્યું.

ઑક્ટોબર ૯ : ગાંધીજી એમ. ચમનીને મળ્યા.

Gandhi Heritage Portal

ઑક્ટોબર ૧૬ : હરિલાલ ગાંધીને પત્ર લખ્યો. તેમાં ઇંગ્લંડમાં કાયદાનો અભ્યાસ કરવા માટે હરિલાલને બદલે સોરાબજી શાપુરજીને કેમ પસંદ કર્યા તે સમજાવ્યું.

ઑક્ટોબર ૧૮ : એચ. કૅલનબૅક અને બીજાઓ સાથે કેપ જવા નીકળ્યા.

ઑક્ટોબર ૨૦ : કેપમાં પહોંચ્યા.

ઑક્ટોબર ૨૧ : કઝિન્સને મળ્યા.

ગોખલે સ્વાગત સમિતિએ બોથાને લખ્યું કે થોડા સમયમાં ગોખલે આ દેશમાં આવી રહ્યા છે, એ જોતાં ભૂતપૂર્વ ગિરમીટિયા હિંદીઓ પાસેથી પાઉંડ ૩નો કર લેવાનું બંધ કરી દેવું જોઈએ.

ઑક્ટોબર ૨૨ : ગોખલે કેપટાઉનમાં આવી પહોંચ્યા. સિટી હૉલમાં સ્વાગત થયું; મેયર પ્રમુખ હતા. બધાની વતી માનપત્ર ડૉ. એ. એચ. ગુલે વાંચ્યું. હિંદુ ઑસોસિયેશન, કોંકણી મુસ્લિમ લીગ અને તામિલ કોમ તરફથી માનપત્રો અપાયાં. ગાંધીજી, ડબ્લ્યુ. પી. શ્રાઇનર અને ડૉ. અબ્દુલ રહેમાનનાં ભાષણો થયાં. જવાબમાં ગોખલેનું ભાષણ.

કેપ આર્ગસને આપેલી મુલાકાતમાં ગાંધીજીએ કહ્યું કે, ગોખલે દક્ષિણ આફ્રિકામાં હિંદીઓના સમગ્ર પ્રશ્નની તપાસ કરશે.

ઑક્ટોબર ૨૩ : ગોખલેની ડબ્લ્યુ. પી. શ્રાઇનર અને સર ફ્રેડરિક સ્મિથ સાથે મુલાકાત થઈ. સ્વાગત સમિતિને પણ મળ્યા. ફરિયાદો વિષે ચર્ચા કરી.

ઑક્ટોબર ૨૪ : સિવિલ સર્વિસ કલબમાં જૉન ઑક્સ. મેરીમૅન સાથે મુલાકાત.

ગાંધીજીને લઈને કિમ્બર્લી જવા નીકળ્યા.

વેલિંગ્ટનમાં હિંદીઓનું પ્રતિનિધિમંડળ મળવા આવ્યું.

ઑક્ટોબર ૨૫ : ડી આર મુકામે હિંદીઓનું પ્રતિનિધિમંડળ મળ્યું. શ્રીમતી ક્રોનરાઇટ શ્રાઇનરને (ઑલિવ શ્રાઇનરને) મળ્યા.

૨૦૦ હિંદીઓને લઈને કિમ્બર્લીથી નીકળેલી ખાસ રેલગાડી ગોખલેની રેલગાડીને મોડર રીવરમાં મળી.

બિકન્સફીલ્ડમાં મેયર અને બીજાઓ તરફથી સ્વાગત કરવામાં આવ્યું.

સાંજે ૫–૩૦ વાગ્યે કિમ્બર્લી પહોંચ્યા. મેયર તથા બીજા લોકોએ સ્વાગત કર્યું.

મેયરના પ્રમુખપદે ટાઉન હૉલમાં સ્વાગત કરવામાં આવ્યું. ગાંધીજીએ સભાને સંબોધન કર્યું.

ઑક્ટોબર ૨૬ : ખાણો જોવા ગયા.

બ્લૂમફૉન્ટીનના હિંદીઓની ફરિયાદો રજૂ કરવા જે. મેકલૅરેનને બોલાવવામાં આવ્યા.

રાત્રે ૮–૪૫ વાગ્યે સિટી હૉલમાં ભોજનસમારંભ થયો; બિકન્સફીલ્ડના મેયર અધ્યક્ષપદે હતા; ગાંધીજીએ પ્રવચન કર્યું.

ઑક્ટોબર ૨૭ : કૉન્સ્ટેન્શિયા હૉલમાં હિંદીઓ તરફથી સ્વાગત થયું.

સાંજે ૬ વાગ્યે ગોખલે અને ગાંધીજી કિમ્બર્લીથી રવાના થયા.

વિંડસૉર્ટન, ક્રિશ્ચિયાના અને બ્લૂમફૉન્ટીનમાં માનપત્રો અપાયાં. આ બધે સ્થળે આગેવાન યુરોપિયન હાજર રહ્યા.

ઑક્ટોબર ૨૮ : ક્લાર્કર્સડૉર્પમાં, ૨૦૦ કરતાં વધારે માણસો લઈને જોહાનિસબર્ગથી આવેલી ખાસ રેલગાડી મળી. સવારે ૬–૩૦ વાગ્યે એક્સચેન્જ હૉલમાં સ્વાગત થયું; મેયર પ્રમુખ હતા.

બ્રિટિશ હિંદીઓએ ફરિયાદોનું નિવેદન રજૂ કર્યું.

Gandhi Heritage Portal

સવારે ૮–૩૦ વાગ્યે પૉચેફસ્ટ્રૂમ પહોંચ્યા. ટાઉન ગાર્ડન્સમાં સ્વાગત અને માનપત્રો આપવાના વિધિ થયા.

બપોર પછી ૨ વાગ્યે ક્રૂગર્સડૉર્પ પહોંચ્યા. મેયરે સ્વાગત કર્યું. સ્ટેશન પર માનપત્રો અપાયાં. ક્રૂગર્સડૉર્પના હિંદી લોકેશન તરફ હંકારી ગયા.

સાંજે ચાર વાગ્યે જોહાનિસબર્ગ પહોંચ્યા. સ્ટેશન પર મેયરે સ્વાગત કર્યું. બ્રિટિશ હિંદી સંઘ, જોહાનિસબર્ગના હિંદુઓ, હમીદિયા ઇસ્લામિક સોસાયટી, તામિલ કલ્યાણ સમિતિ, પાટીદાર મંડળ, અને પિટર્સબર્ગ તથા કેંડૉકના હિંદીઓ – આ બધાએ માનપત્રો આપ્યાં. (બ્રિટિશ હિંદી સંઘ તરફનું માનપત્ર ગાંધીજીએ વાંચી સંભળાવ્યું હતું.)

ઑક્ટોબર ૨૯ : જોહાનિસબર્ગની યુરોપિયન સમિતિ તરફથી ગોખલેનું કાર્લટન હોટેલમાં સ્વાગત કરવામાં આવ્યું. પૅટ્રિક ડંકન, ડ્રમન્ડ ચૅપલિન અને વિલિયમ હૉસ્કેને ભાષણો આપ્યાં. જવાબમાં ગોખલેએ દક્ષિણ આફ્રિકા આવવાનો પોતાનો ઉદ્દેશ સમજાવ્યો.

ઑક્ટોબર ૩૦ : ક્રેસવેલ અને બીજા ધારાસભ્યો તેમ જ પોર્ટુગલના કૉન્સલ ગોખલેને મળવા આવ્યા.

ધિ ટ્રાન્સવાલ લીડરના પ્રતિનિધિએ ગાંધીજી અને ગોખલેની મુલાકાત લીધી.

ગોખલે પારસીઓના પ્રતિનિધિમંડળને મળ્યા.

બપોર પછી ગોખલે અને ગાંધીજી વિલિયમ હૉસ્કેનને ઘેર એકઠા થયેલા લોકોને મળવા ગયા.

ઑક્ટોબર ૩૧ : બ્રિટિશ હિંદી સંઘે મેસૉનિક હૉલમાં ભોજન આપ્યું. મેયર પ્રમુખ હતા. મેયર એલિસ, વિલિયમ હૉસ્કેન, પૅટ્રિક ડંકન, જે. જે. ડોક, એલ. ડબ્લ્યુ. રિચ, ગોખલે તથા ગાંધીજીએ ભાષણો કર્યાં.

નવેમ્બર ૧ : ચીનાઓના મંડળે ગોખલેને માન આપ્યું, પઠાણ પ્રતિનિધિમંડળ, ઈસપ મિયાંનું પ્રતિનિધિમંડળ, હબીબ મોટણનું પ્રતિનિધિમંડળ, અને વેપારીઓનું પ્રતિનિધિમંડળ — એ બધાં પ્રતિનિધિમંડળોને મુલાકાતો આપી.

ટ્રાન્સવાલ મહિલા મંડળે સ્વાગત કર્યું; શ્રીમતી વોગલે માનપત્ર આપ્યું.

ડ્રિલ હૉલમાં હિંદીઓની સભા.

નવેમ્બર ૨ : ગોખલે અને ગાંધીજી ટૉલ્સ્ટૉય ફાર્મ જવા રવાના થયા.

નવેમ્બર ૩ : ગાંધીજીએ ગોખલેના પ્રવાસ વિષે તથા તેમના હિંદુસ્તાન પાછા જવાના કાર્યક્રમ વિષે શ્રીનિવાસ શાસ્ત્રીને લખ્યું.

નવેમ્બર ૫ : ટૉલ્સ્ટૉય ફાર્મમાં બે દિવસ આરામ કર્યા પછી ગોખલે ગાંધીજી સાથે જોહાનિસબર્ગ પાછા ફર્યા.

ડ્રમન્ડ ચૅપલિનને ઘેર ચાપાણી કર્યાં; સર પર્સી ફિટ્ઝપેટ્રિકને મળ્યા.

નવેમ્બર ૬ : જર્મિસ્ટન અને બૉક્સબર્ગનાં લોકેશનો જોયાં.

એલિસને મળવા ગયા.

નાતાલ જવા નીકળ્યા.

નવેમ્બર ૭ : ન્યૂકૅસલ અને ડંડીમાં માનપત્રો અપાયાં.

લેડીસ્મિથમાં લોકોને મળ્યા.

મૅરિત્સબર્ગ પહોંચ્યા. ટાઉન હૉલમાં સ્વાગત થયું. ગાંધીજીએ ભાષણ કર્યું.

Gandhi Heritage Portal

નવેમ્બર ૮ : હિંદીઓ માટેની હાઈસ્કૂલમાં મળેલી સભામાં હિંદીઓની ફરિયાદો વિષે ચર્ચા થઈ.
પરવાના અમલદાર સાથે મુલાકાત.
મૅરિત્સબર્ગની સ્વાગત સમિતિએ કેમ્ડન હોટેલમાં બપોરના સમયનું ભોજન આપ્યું; ગાંધીજીએ પ્રવચન કર્યું.
બપોર પછી ખાસ રેલગાડી દ્વારા ડરબન જવા ઊપડ્યા.
ડરબન પહોંચ્યા. સ્ટેશને મેયર, ચીફ મૅજિસ્ટ્રેટ અને બીજા લોકોએ સ્વાગત કર્યું. સરઘસના રૂપમાં મિ. મુસાને ઘેર ગયા.
સાંજના પહોરે ટાઉન હૉલમાં સ્વાગત થયું; મેયર પ્રમુખ હતા. મેયર અને બીજા લોકોનાં ભાષણો થયાં. માનપત્રો અપાયાં. ગાંધીજી પણ બોલ્યા.

નવેમ્બર ૯ : વેપારીઓનું પ્રતિનિધિમંડળ મળવા આવ્યું. ઑલ્બર્ટ પાર્કમાં બાળકોના રમતગમતના મેળાવડામાં ઇનામો વહેંચ્યાં.

નવેમ્બર ૧૦ : સવારે, લૉર્ડ્ઝ ગ્રાઉન્ડમાં મળેલી સભામાં પાઉંડ ત્રણનો કર ભરનારા લોકોની ફરિયાદો સાંભળી.
બપોર પછી ખાસ રેલગાડીમાં ઈસીપીંગો ગયા; સાંજે પાંચ વાગ્યે પાછા આવ્યા.
સાંજે મોટર દ્વારા ફિનિક્સ ગયા.

નવેમ્બર ૧૧ : બપોર પછી ફિનિક્સથી નીકળી ડરબન પાછા ગયા. સાંજના ડ્રિલ હૉલમાં ભોજન-સમારંભ થયો; સર ડેવિડ હંટર પ્રમુખ હતા. ગાંધીજી પણ સમારંભમાં બોલ્યા.

નવેમ્બર ૧૨ : સિડનહામ કૉલેજ જોવા ગયા. ચેમ્બર ઑફ કૉમર્સને (વેપારી મંડળને) મુલાકાત.
માઉન્ટ એજકોમ્બ ગયા; ત્યાં ગિરમીટિયા હિંદીઓને મળ્યા.
પારસી રુસ્તમજીનો આભાર માનવા મળેલી સ્વાગત સમિતિની સભામાં હાજરી આપી.
પ્રિટોરિયા જવા નીકળ્યા.

નવેમ્બર ૧૩ : રસ્તામાં વૉક્સરસ્ટ, સ્ટૅન્ડરટન અને હેડલબર્ગમાં માનપત્રો અપાયાં.
સાંજે પ્રિટોરિયા પહોંચ્યા. સ્ટેશન પર ડેપ્યુટી મેયર, એમ. ચમની અને બીજા લોકોએ સ્વાગત કર્યું.

નવેમ્બર ૧૪ : સવારે બોથા, સ્મટ્સ તથા ફિશર—એ પ્રધાનોની મુલાકાત થઈ.
સાંજે ટાઉન હૉલમાં સ્વાગત થયું. ગાંધીજી પણ બોલ્યા.

નવેમ્બર ૧૫ : સવારે વિડમને મળવા મોટર દ્વારા જોહાનિસબર્ગ ગયા.
ગવર્નર જનરલ સાથે બપોરનું ખાણું લીધું.
બપોર પછી લૉલી જવા નીકળ્યા.

નવેમ્બર ૧૬ : ગોખલે સાથે થયેલી વાતચીત સંબંધી ગવર્નર જનરલે સામ્રાજ્ય સરકારને ગુપ્ત મિનિટ મોકલી.

નવેમ્બર ૧૭ : ગોખલે અને ગાંધીજી સર ટૉમસ સ્માર્ટને ચૅપલિનને ઘેર મળ્યા. હમીદિયા ઇસ્લામિક સોસાયટીના અધ્યક્ષ, પાટીદાર સમાજના અધ્યક્ષ તથા મિ. ફિલિપ્સને મળવા ગયા.
રાત્રે ૮—૪૫ વાગ્યે લૉરેન્સો માર્ક જવા નીકળ્યા.

નવેમ્બર ૧૮ : લૉરેન્સો માર્કમાં જમણવાર થયો; ગાંધીજીએ પણ ભાષણ કર્યું.
બેરા જવા સ્ટીમર પકડી.

Gandhi Heritage Portal

નવેમ્બર ૨૦ : બેરા પહોંચ્યા.

નવેમ્બર ૨૧ : બેરામાં માનપત્ર અપાયું.

નવેમ્બર ૨૩ : બેરા છોડ્યું.

નવેમ્બર ૨૫ : મોઝામ્બિક પહોંચ્યા. શહેરમાં માનપત્ર મળ્યું. બપોર પછી મોઝામ્બિકથી નીકળ્યા.

નવેમ્બર ૨૬ : વહાણમાં મુસાફરી કરતાં ગાંધીજીએ ગોખલેને વચન આપ્યું કે મારી ગેરહાજરીમાં દક્ષિણ આફ્રિકામાં કામ ચાલુ રાખવા માટેની વ્યવસ્થા કર્યા વિના હું હિંદુસ્તાન જવા નીકળીશ નહીં; ઘણું કરીને કામ એચ. એસ. એલ. પોલાકના હાથમાં સોંપવામાં આવશે.

નવેમ્બર ૨૭ : ઝાંઝીબાર પહોંચ્યા. શહેર જોયું. વિક્ટોરિયા ગાર્ડન્સમાં સમારંભ થયો.

નવેમ્બર ૨૮ : બપોર પછી શહેરમાં માનપત્ર અપાયું. ગોખલે, ગાંધીજી અને એચ. કેલનબૅક એસ. એસ. પ્રેસિડેન્ટ નામની સ્ટીમરમાં રવાના થયા.

નવેમ્બર ૨૯ : સવારમાં ટૉંગાટ પહોંચ્યા.

બપોર પછી ગોખલેથી છૂટા પડ્યા.

ગાંધીજી અને એચ. કેલનબૅક એસ. એસ. ટ્રેબોરા નામના જહાજમાં બેઠા; ડેક વર્ગમાં મુસાફરી કરી.

નવેમ્બર ૩૦ : ગાંધીજી અને એચ. કેલનબૅક ઝાંઝીબાર પહોંચ્યા.

ડિસેમ્બર ૧ : દારેસલામ પહોંચ્યા. જહાજમાંથી ઊતર્યા. ગાંધીજીએ હિંદી પોશાક પહેર્યો.

ડિસેમ્બર ૩ : દારેસલામમાં માનપત્ર અપાયું.

ડિસેમ્બર ૬ : દારેસલામથી નીકળ્યા.

ડિસેમ્બર ૭ : મોઝામ્બિકમાં આવ્યા.

ડિસેમ્બર ૮ : મોઝામ્બિકથી નીકળ્યા.

ડિસેમ્બર ૧૩ : ગાંધીજી ડેલાગોઆ બે પહોંચ્યા. કિનારે ઊતરવાની પરવાનગી આપતાં પહેલાં એમને અટકાવવામાં આવ્યા.

ગોખલે મુંબઈ પહોંચ્યા.

ડિસેમ્બર ૧૪ : ગાંધીજી જોહાનિસબર્ગ પહોંચ્યા અને લૉલી ગયા.

મુંબઈમાં ગોખલેએ દક્ષિણ આફ્રિકામાં હિંદીઓની સ્થિતિ અને તેમના પ્રશ્નો વિષે જાહેર સભામાં ભાષણ આપ્યું.

ડિસેમ્બર ૧૮ : ગાંધીજી ડરબન જવા નીકળ્યા.

ડિસેમ્બર ૨૧ : ડરબનમાં સર જૉન હ્યુલેટ સાથે મુલાકાત.

ડિસેમ્બર ૨૨ : પોતાની પત્નીઓને લઈને હિંદુસ્તાનથી ટ્રાન્સવાલ આવેલા દયાળ ભાઈઓને ડરબનમાં પગ મૂકવાની પ્રવાસી અધિકારી કઝિન્સે પરવાનગી આપી નહીં.

ડિસેમ્બર ૨૮ : ગિરમીટ પ્રથા સદંતર બંધ કરી દેવાની માગણી કરતો ગોખલેનો ઠરાવ બાંકીપુરની હિંદી રાષ્ટ્રીય કૉંગ્રેસમાં પસાર થયો.

દિલ્હીમાં એક ત્રાસવાદીએ લૉર્ડ હાર્ડિંગનો જાન લેવા પ્રયત્ન કર્યો તેને ગાંધીજીએ ઇન્ડિયન ઓપીનિયનમાં ધુતકારી કાઢ્યો.

ડિસેમ્બર ૩૦ : આગજી અને અમીઆપન બંને બીજી વાર લગ્ન કરીને હિંદુસ્તાનથી પાછા ફરતાં ડરબન પહોંચ્યા. આગજીની પત્નીને વહાણમાંથી ઊતરવાની મનાઈ કરવામાં આવી અને અમીઆપનની પત્નીને દેશમાં દાખલ થવાની મનાઈ કરી.

Gandhi Heritage Portal

૧૯૧૩

જાન્યુઆરી ૨ : ગાંધીજી ડરબનથી નીકળ્યા.

જાન્યુઆરી ૩ : ડરબનની ગોખલે સ્વાગત સમિતિએ આગજી અને અમીઆપનના કિસ્સાઓ સંબંધમાં ગૃહમંત્રીને તાર કર્યો.

જાન્યુઆરી ૪ પહેલાં : ગજ્જર નામનો કેપનો એક હિંદી ડરબન ગયો. ત્યાં તેને નિષિદ્ધ પ્રવાસી જાહેર કરવામાં આવ્યો.

નાતાલના પ્રવાસી અધિકારી કઝિન્સે દયાળ ભાઈઓની કરેલી કનડગત સંબંધમાં એચ. એસ. એલ. પોલાકે ગૃહખાતાના સેક્રેટરીને લખ્યું; દયાળ ભાઈઓ અને ગજ્જર વિષે **ધિ નાતાલ મર્ક્યુરી**ને પણ લખ્યું.

ધિ નાતાલ મર્ક્યુરીએ પોતાના તંત્રીલેખમાં કઝિન્સની સખત ઝાટકણી કાઢી.

જાન્યુઆરી ૪ : ગાંધીજી જોહાનિસબર્ગ પહોંચ્યા. **ઇન્ડિયન ઓપીનિયન**માં લખતાં, મુંબઈમાં અને બાંકીપુરની હિંદી રાષ્ટ્રીય કૉંગ્રેસમાં ગોખલેએ આપેલાં દક્ષિણ આફ્રિકાના હિંદીઓના પ્રશ્ન વિષેનાં ભાષણોની ગાંધીજીએ પ્રશંસા કરી.

બીજા એક લેખમાં **ઇન્ડિયન ઓપીનિયન**ની ગોઠવણી અને તેના લેખોના વિષયોમાં થયેલા ફેરફારો વિષે વિવેચન કર્યું.

"આરોગ્ય વિષે સામાન્ય જ્ઞાન" એ નામની ગુજરાતી લેખમાળા **ઇન્ડિયન ઓપીનિયન**માં શરૂ કરી.

જાન્યુઆરી ૭ : એ. એમ. કાછલિયાએ દયાળ ભાઈઓ સંબંધમાં ગૃહમંત્રીના સેક્રેટરીને લખ્યું.

જાન્યુઆરી ૮ : વૉક્સરસ્ટમાં અટકમાં રખાયેલા દયાળ ભાઈઓ ઉપર કામ ચલાવવા એશિયાઈ નોંધણી અધિકારીએ હુકમ કર્યો.

જાન્યુઆરી ૧૧ પહેલાં : નાતાલના પ્રવાસી અધિકારી તરીકે કઝિન્સની જગાએ હેરી સ્મિથની નિમણૂક થઈ.

જાન્યુઆરી ૧૧ : હૈદરાબાદના નિઝામ સત્યાગ્રહ નિધિમાં રૂ. ૨૫૦૦નો ફાળો આપશે, એવી ખબર **ઇન્ડિયન ઓપીનિયન**માં પ્રસિદ્ધ થઈ.

જાન્યુઆરી ૧૮ પહેલાં : ગાંધીજી તેમની શાળા સાથે ટૉલ્સ્ટૉય ફાર્મથી ફિનિક્સમાં ગયા.

જાન્યુઆરી ૧૮ : **ઇન્ડિયન ઓપીનિયમાં** ગાંધીજીએ એવો નિર્ણય જાહેર કર્યો કે જેની અપેક્ષા રાખવામાં આવે છે તે પ્રવાસી બિલ જો પાર્લમેન્ટના આગામી અધિવેશનમાં પસાર થશે તો પોતે આ વર્ષના મધ્યમાં હિંદુસ્તાન જશે.

ટ્રાન્સવાલ અથવા સંઘમાં વસવાનો જેમને અધિકાર છે તેવા બ્રિટિશ હિંદીઓ સંબંધમાં સરકારે પોતાનું વચન પાળ્યું નથી, એ વિષે ગાંધીજીએ **ઇન્ડિયન ઓપીનિયન**માં લખ્યું અને ઇશારો કર્યો કે એને લીધે હિંદી કોમમાં હોળી સળગવાનો સંભવ છે.

જાન્યુઆરી ૨૪ પહેલાં : આગજી અને અમીઆપનની પત્નીઓને પ્રવેશ આપવા સંબંધમાં એચ. એસ. એલ. પોલાક નાતાલના મુખ્ય પ્રવાસી અધિકારીને મળ્યા.

જાન્યુઆરી ૨૫ પહેલાં : ગોખલેના દક્ષિણ આફ્રિકાના પ્રવાસ દરમ્યાન બોથા અને હરઝોગ વચ્ચે ફાટ પડી હતી એવા સમાચાર **ધિ સ્ટાર**માં પ્રસિદ્ધ થયા.

જાન્યુઆરી ૨૫ : **ધિ ટાઇમ્સ ઑફ નાતાલ**માં એવો અહેવાલ પ્રસિદ્ધ થયો કે ભૂતપૂર્વ ગિરમીટિયા હિંદીઓ ઉપરનો પાઉન્ડ ૩નો વેરો નાબૂદ કરવાનો સરકારે નિર્ણય કર્યો છે.

Gandhi Heritage Portal

ઉપર પ્રમાણે પ્રસિદ્ધ થયેલા નિર્ણયને ગાંધીજીએ **ઇન્ડિયન ઓપીનિયન**માં વધાવી લીધો. વેપારી પરવાના સંબંધી કાયદો કરવાની સત્તા પ્રાંતીય કાઉન્સિલોને આપવાની જોગવાઈ સૂચવાયેલા નાણાકીય સંબંધો અંગેના બિલમાં રાખવામાં આવી છે, તે સંબંધી બીજા એક લેખમાં ચર્ચા કરી; અને તે સામે સખત વિરોધ કરવા હિંદીઓને એલાન કર્યું.

જાન્યુઆરી ૨૭ : ગૃહખાતાના અંડર સેક્રેટરીએ બ્રિટિશ હિંદી સંઘને જણાવ્યું કે દયાળ ભાઈઓ ઉપરનો મુકદ્દમો પાછો ખેંચી લેવામાં આવશે અને તેમની નોંધણી કરવાની વ્યવસ્થા થશે.

જાન્યુઆરી ૩૧ : સંઘની પાર્લમેન્ટમાં ટી. શ્રાઈનરે શસ્ત્રો અને દારૂગોળા અંગેના બિલમાં રંગભેદ સામે વિરોધ જાહેર કર્યો.

ફેબ્રુઆરી ૧ : બ્રિટિશ હિંદી સંઘે ગૃહ ખાતાને લખ્યું કે હિંદુસ્તાનથી આવેલા અને ટ્રાન્સવાલમાં વસવાનો પોતાનો હક છે એવું કહેનારા હિંદીઓને કિનારા ઉપરના પ્રવાસી અધિકારીઓએ મુલાકાતી પાસો કાઢી આપવા જોઈએ.

ફેબ્રુઆરી ૭ : સંઘની પાર્લમેન્ટમાં નાણામંત્રીએ નિવેદન કર્યું કે હિંદીઓ ઉપર નંખાયેલો પાઉંડનો વેરો રદ કરવાનો પ્રશ્ન હજી પણ વિચારણા હેઠળ છે.

ગૃહખાતાના મંત્રાલયે બ્રિટિશ હિંદી સંઘને જણાવ્યું કે બંદરો પર આવનારા અને પ્રવેશના અધિકારનો દાવો કરનારા હિંદીઓ વિષેની તમામ પૂછપરછ, જે બંદરે પ્રવેશ થતો હોય તે બંદરે જ કરવી જોઈએ.

ફેબ્રુઆરી ૮ પહેલાં : એમ. એ. કોટવાળનો સગીર પુત્ર થોડો સમય દેશ બહાર રહ્યા પછી ડરબન પાછો આવ્યો. તેની પાસે ડોમિસાઇલનું પ્રમાણપત્ર પણ હતું. પરંતુ તેનો પિતા નાતાલમાં નહોતો. તે કારણે તેને ડરબનમાં ઊતરવા દીધો નહીં. હદપારીમાંથી બચવા માટે તેને સુપ્રિમ કોર્ટમાંથી મનાઈ હુકમ મેળવવો પડ્યો.

કેપટાઉનના રહીશ મૌલવી અબદુલ વહીદનો સગીર પુત્ર **માર્કગ્રાફ** નામના વહાણમાં ડરબન આવ્યો. તેને ત્યાં રોકી લેવામાં આવ્યો. અને એ જ વહાણમાં પાછો ધકેલી દેવામાં આવ્યો. એનો કોઈએ બચાવ કર્યો નહીં.

ફેબ્રુઆરી ૮ : પ્રવાસી અધિકારીઓને અપાયેલા "જુલમી અધિકારો" વિષે ગાંધીજીએ **ઇન્ડિયન ઓપીનિયન**માં આકરી ટીકા કરી.

ફેબ્રુઆરી ૧૧ : ઉમરાવની સભામાં લૉર્ડ ઑમ્પ્ટહીલે ગોખલેની દક્ષિણ આફ્રિકાની મુલાકાતના પરિણામ વિષે પ્રશ્ન પૂછ્યો અને ઠરાવ મૂક્યો કે એ સંબંધી કાગળો સભાગૃહમાં રજૂ થવા જોઈએ. સંસ્થાનો માટેના ઉપમંત્રીએ જવાબ આપ્યો કે એ મુલાકાત બિનસરકારી હતી, એટલે ગૃહ સમક્ષ રજૂ કરવા માટે મારી પાસે કોઈ કાગળો નથી.

ફેબ્રુઆરી ૧૩ : બ્રિટિશ હિંદી સંઘે ગૃહખાતાના મંત્રાલયને ફરીથી ભાર દઈને લખ્યું કે હિંદુસ્તાનથી પાછા ફરેલા હિંદીઓને પ્રવેશનાં બંદરો પર જ મુલાકાતી પાસો આપવા જોઈએ.

ફેબ્રુઆરી ૧૪ : ગાંધીજીએ પત્રમાં ગોખલેને લખ્યું કે બોથા પ્રધાનમંડળમાં આંતરિક વિખવાદો ઊભા થયા છે. તેને કારણે, આપણને વચન અપાયું હતું તે કાયદો ફરીથી મુલતવી રહેશે; જો એમ થશે તો, આ વર્ષની મધ્યમાં મારાથી હિંદુસ્તાન આવવા નીકળાશે નહીં. બીજું એ લખ્યું કે પ્રધાનો તેમણે આપેલી ખાતરીઓનું પાલન કરતા નથી અને પ્રવાસી ધારાઓનો અમલ વધુ ને વધુ સખતાઈથી થઈ રહ્યો છે.

Gandhi Heritage Portal

ફેબ્રુઆરી ૨૪ : ગૃહખાતાના અંડર સેક્રેટરીએ બ્રિટિશ હિંદી સંઘને જણાવ્યું કે ટ્રાન્સવાલના જે હિંદીઓને પ્રવેશ જોઈતો હોય તેમને માટે બંદરો પર જે વ્યવસ્થા છે તેમાં ફેરફાર થઈ શકશે નહીં.

ફેબ્રુઆરી ૨૮ : એમ. એ. ગોગાનો વેપારી પરવાનો તેના તથા તેના દીકરાના નામ પર ફેરવી આપવાના પરવાના અધિકારીએ કરેલા ઇનકાર સામે અપીલમાં ગોગા હાર્યા.

માર્ચ ૩ : સંઘની પાર્લમેન્ટમાં નાણાકીય સંબંધો અંગેનું બિલ બીજા વાચનમાંથી પસાર થયું. આ બિલમાં ભૂતપૂર્વ ગિરમીટિયા હિંદીઓ ઉપરનો પાઉંડ ઉનો વેરો રદ કરવાનો ઉલ્લેખ હતો.

માર્ચ ૪ : બ્રિટિશ હિંદી સંઘે ગૃહખાતાના સેક્રેટરીને ફરીથી લખ્યું કે ટ્રાન્સવાલના જે હિંદીઓ રજિસ્ટર થઈ ચૂકયા હોય અથવા તેને માટેના અધિકારી હોય તેમને બંદરો પર પડતી હાડમારીઓ દૂર થવી જોઈએ.

માર્ચ ૮ : દાઉદ મહમદ મધ્ય પૂર્વ અને હિંદુસ્તાનમાં ફરીને દક્ષિણ આફ્રિકા પાછા આવ્યા.

માર્ચ ૯ : જોહાનિસબર્ગ હિંદી સાહિત્ય અને વક્તૃત્વ મંડળની સ્થાપના થઈ; ગાંધીજી પેટ્રન ચૂંટાયા.

માર્ચ ૧૪ : હસન ઈસપે પોતાની પત્ની બાઈ મરિયમની દેશપારી સામે કેપની સુપ્રિમ કોર્ટમાં અપીલ કરી. તે ન્યાયમૂર્તિ સર્લે કાઢી નાખી. તેનું કારણ એ આપવામાં આવ્યું કે તે સ્ત્રીનું લગ્ન મુસલમાનોના રિવાજ પ્રમાણે થયેલું હોવાથી તે હસન ઈસપની કાયદેસર પત્ની નથી.

માર્ચ ૧૫ : સગીર બાળકો અને પત્નીઓને ટ્રાન્સવાલમાં દાખલ થવા માટે જે પુરાવા જોઈએ અને જે કાર્યવાહીમાંથી પસાર થવું જોઈએ તે વિષે ગાંધીજીએ **ઇન્ડિયન ઓપીનિયન**માં સમજ આપી.

માર્ચ ૨૦ : ટ્રાન્સવાલના એક સીરિયને હાઈકોર્ટને અપીલ કરી કે વોલહુતર નગરમાં બે વાડા મારે નામે રજિસ્ટર કરી આપો, કેમ કે હિંદીઓ અને બિનગોરા લોકોને જે કાયદા લાગુ પડે છે તેમાંથી સીરિયનોને મુક્તિ મળેલી છે; આ અંગેનો નિર્ણય મુલતવી રાખવામાં આવ્યો.

માર્ચ ૨૨ પહેલાં : ઈબ્રાહીમ કાસિમના સગીર પુત્ર હસન મિયાંના કેસ વિષે **ઇન્ડિયન ઓપીનિયન**માં ટીકા કરતાં ગાંધીજીએ લખ્યું કે સંઘ સરકાર પ્રવેશ માગતાં સગીર બાળકો પાસેથી જન્મનાં પ્રમાણપત્રો રજૂ કરાવવાનો આગ્રહ રાખે છે, તે બતાવે છે કે તે બાળકોના પ્રવેશમાં અવરોધ ઊભો કરવા માગે છે અથવા તેમને આ દેશમાં સદંતર આવતા બંધ કરી દેવા માગે છે.

માર્ચ ૨૪ : ગૃહમંત્રીના ખાનગી મંત્રીને લખ્યું કે ગયા વર્ષમાં પ્રવેશ આપવા માટે ગાંધીજીએ શિક્ષિત બ્રિટિશ હિંદીઓનાં જે છ નામો મોકલેલાં તેમાંથી જે બે નામો એશિયાઈ નોંધણી અધિકારીએ નામંજૂર કરેલાં છે તે કામચલાઉ સમાધાનની શરતો પ્રમાણે પાછાં સ્વીકારાવાં જોઈએ. પ્રશ્ન કર્યો કે કામચલાઉ સમાધાનને મૂર્ત સ્વરૂપ આપવા માટે જે પ્રવાસી બિલ પસાર કરવાનું કહેલું છે તે પાર્લમેન્ટના ચાલુ અધિવેશનમાં મંજૂરી માટે રજૂ થશે કે કેમ?

માર્ચ ૨૬ : બાઈ મરિયમના કેસમાં ન્યાયમૂર્તિ સર્લે આપેલા ચુકાદા ઉપર વિચાર કરવા જોહાનિસબર્ગમાં તામિલ કલ્યાણ મંડળની સભા મળી.

Gandhi Heritage Portal

માર્ચ ૨૯ પહેલાં : સુપ્રિમ કોર્ટની નાતાલ પ્રાંતીય શાખાના માસ્ટરે બાઈ જનુબી નામની એક મુસલમાન વિધવાના કેસમાં વારસાવેરો નક્કી કરવા માટે એના લગ્નની કાયદેસરતા સામે શંકા ઊભી કરી અને કહ્યું કે આ સંબંધમાં સુપ્રિમ કોર્ટનો ફૅસલો લઈ આવો.

માર્ચ ૨૯ : ઉપરના કેસ ઉપર **ઇન્ડિયન ઓપીનિયન**માં ટીકા કરતાં ગાંધીજીએ કહ્યું કે આ "આણુધારી આપત્તિ" એક જૂના કાયદાનો નવો અર્થ કરવાને પરિણામે આવી પડી છે.

માર્ચ ૩૦ : સર્લ ચુકાદા ઉપર વિચાર કરવા જોહાનિસબર્ગમાં હમીદિયા ઇસ્લામિક સોસાયટીના હૉલમાં હિંદીઓની સાર્વજનિક સભા બોલાવવામાં આવી. તેમાં જાહેર કરવામાં આવ્યું કે હિંદી કોમ ઉપર આફત આવી પડી છે, અને સરકારને પ્રાર્થના કરવામાં આવી કે હિંદુસ્તાનમાં ધર્મોના રિવાજ મુજબ થયેલાં લગ્નોની કાયદેસરતા માન્ય રાખવા માટે ઇલાજરૂપે કાયદો દાખલ થવો જોઈએ.

૬૫૮

સૂચિ

અખિલ હિંદ મુસ્લિમ લીગ ૧૩૧, ૧૩૨, ૧૭૪, ૨૦૭
અડાજણિયા, સોરાબજી શાપુરજી ૮, ૧૭, ૪૮, ૫૧, ૭૪, ૭૫, ૧૦૮, ૧૧૦, ૧૧૧, ૧૧૨, ૧૨૨, ૧૨૪, ૧૨૫, ૧૨૮, ૧૩૩, ૧૫૨, ૨૭૨, ૨૯૨, ૩૧૭, ૩૪૮, ૩૮૪, ૩૮૫, ૩૮૮, ૩૯૦, ૩૯૧, ૩૯૩, ૩૯૫, ૩૯૬, ૩૯૭, ૩૯૯, ૪૦૧, ૪૦૨, ૪૦૩, ૪૦૪, ૪૦૬, ૪૦૭, ૪૦૮, ૪૦૯, ૪૧૦, ૪૧૬, ૪૧૯, ૪૨૧ પા. ટી., –નું સન્માન ૧૨૪–૫
અડાલજ્ન, મણિલાલ લક્ષ્મીચંદ ૧૪૪, ૧૯૫
૧૮૯૫નો ૧૭મો કાયદો ૨૦૯
૧૮૮૫નો ૩જો કાયદો ૭૦, ૭૧ પા. ટી., ૮૫, ૧૧૧, ૧૬૫ પા. ટી., ૧૭૦, ૫૦૩
૧૮૯૭નો ૧૮મો કાયદો ૧૧૭ પા. ટી.
અની ૨૮૧, ૩૩૦, ૩૩૩, ૩૮૩, ૩૮૫, ૩૮૮, ૩૯૧, ૩૯૪, ૩૯૭, ૪૦૫, ૪૦૭, ૪૧૧; જુઓ દેસાઈ, અની
અબદુલ રહેમાન, ડૉ. ૧૩, ૭૪, ૩૫૧
અબદુલ્લાખાન ૧૫૩ પા. ટી.
અબદુલ્લા હાજી આદમ ૧૭૪
અબુબકર આમદ –ની મિલકતનો વિવાદ ૭૧ પા. ટી.
અભેચંદ ૩૮૫, ૪૮૪; જુઓ ગાંધી અભેચંદ
અભ્યુદય ૨૦૭ પા. ટી.
અમીર સાહેબ ૧૦૩
અરજી ૦કાછલિયાની સંસ્થાન મંત્રીને ૬૮–૭૩; ૦નાતાલ ઇન્ડિયન કૉંગ્રેસની, વડી સરકારને ૮૮–૯૧; ૦બ્રિટિશ ઇન્ડિયન ઍસોસિયેશનની, સુવર્ણ કાનૂન વિષે ૮૫
અર્જુન ૧૬૮
અર્નેસ્ટ, ડેવિડ ૪૪૩
અર્નેસ્ટ, મિસ ૨૦૩
અર્નેસ્ટ, મિસિસ ૩૬
અલીગઢ મુસ્લિમ યુનિવર્સિટી ૯૯, ૧૦૪
અલીભાઈ આકુજી ૧૮
અલૂણો ખોરાક ૦ગાંધીજીએ ચાલુ કર્યો ૧૪૪; –થી કસ્તૂરબાની જિંદગી બચી ૧૪૪; ૦લેવાનું ફિનિક્સમાં ચાલુ થયું ૧૬૩, ૧૬૯; ૦વિષે ગાંધીજી ૨૦૦
અલ્હાબાદ લીડર, ધિ ૪૬૦
અવર સેલ્ફ ફિંગ ૧૯૭ પા. ટી.
અસહકાર ૪૬૧ પા. ટી.
અસ્વાત ૫૧, ૩૯૬
અહમદમિયાં ૫૧
અંગૂઠાનું નિશાન ૬૫, ૪૮૯

આઈઝેક, ગેબ્રિયલ ૭૫, ૧૪૯, ૧૫૬, ૩૮૫, ૩૯૨, ૩૯૭, ૩૯૯, ૪૦૦
આગાખાન કેસ ૪૨૫
આગાખાન, નામ૦ ૨૬૪, ૩૨૮, ૩૨૯, ૩૩૫
આત્મકથા ૨ પા. ટી., ૧૨ પા. ટી., ૨૩ પા. ટી., ૪૬ પા. ટી., ૧૪૪ પા. ટી., ૧૬૬ પા. ટી. ૨૦૭ પા. ટી., ૩૪૨ પા. ટી., ૪૬૯ પા. ટી.
આદમજી ૧૩૬ પા. ટી., ૧૩૮
આફ્રિકન ક્રૉનિકલ, ધિ ૧૭૩ પા. ટી., ૨૨૭ પા. ટી.
આફ્રિકન પૉલિટિકલ ઑર્ગેનાઈઝેશન ૧૩ પા. ટી.
આયર, પી. એસ. ૧૭૩, ૩૬૩, ૪૬૪
આર. નાઈટ ઍન્ડ સન્સ ૪૪૫
આર્નોલ્ડ, એડવિન ૧૪૭, ૧૫૨
આર્નોલ્ડ, ડૉ. –નો રિપોર્ટ ૩૧૩–૪
આરોગ્ય વિષે સામાન્ય જ્ઞાન –ની પ્રસ્તાવના ૪૩૬–૮; –માં આરોગ્ય વિષે ગાંધીજીએ દર્શાવેલા વિચારો ૪૪૧–૩, ૪૪૭–૮, ૪૫૨–૪, ૪૫૭–૯, ૪૬૨–૩, ૪૬૬–૮, ૪૭૦–૨, ૪૭૪–૭, ૪૮૦–૩, ૪૯૦–૨, ૪૯૮–૯, ૫૦૩–૬
આહ કાઈ સામે વાડો ખાલી કરવાનો કેસ ૪૯૭–૮
આંગલિયા, મહમદ કાસમ ૨૫, ૩૮૨, ૩૮૮, ૩૯૧, ૩૯૪, ૩૯૯, ૪૦૫, ૪૦૭, ૪૦૮
આંગળીની છાપ ૬૫

ઇનસેનિટરી એરિયા એક્સપ્રોપ્રિયેશન કમિશન (ગંદા વિસ્તારો જપ્ત કરવા માટેનું કમિશન) ૨૩૯, ૩૨૪
ઇન્ટરનેશનલ પ્રેસ ૮૪, ૨૭૯ પા. ટી., ૩૩૭, ૩૩૮, ૩૪૧, ૩૬૩ પા. ટી., ૩૭૭ પા. ટી., ૪૮૬
ઇન્ડિયન આઇડિલ્સ ૧૪૭, ૧૫૨
ઇન્ડિયન ઇમિગ્રેશન કાનૂન ૨૦૯ પા. ટી., ૦૧૯૦૮નો, તેમાં સુધારો ૧૧૭ પા. ટી.
ઇન્ડિયન ઉવલૅન્ડ ૧૭૩

Gandhi Heritage Portal

ઇન્ડિયન ઓપીનિયન ૫ પા. ટી., ૭ પા. ટી., ૧૨ પા. ટી., ૩૩ પા. ટી., ૪૧, ૪૮, ૪૯ પા. ટી., ૫૪ પા. ટી., ૫૯ પા. ટી., ૬૦ પા. ટી., ૬૧ પા. ટી., ૬૮ પા. ટી., ૭૩ પા. ટી., ૮૫, ૯૮, ૯૯, ૧૦૦ પા. ટી., ૧૦૬ પા. ટી., ૧૧૩, ૧૧૪, ૧૨૦ પા. ટી., ૧૨૫ પા. ટી., ૧૩૨ પા. ટી., ૧૩૩, ૧૩૮, ૧૩૯, ૧૪૨ પા. ટી., ૧૪૯ પા. ટી., ૧૫૦ પા ટી., ૧૫૨, ૧૫૩ પા. ટી., ૧૫૬ પા. ટી., ૧૬૧ પા. ટી., ૧૬૪ પા. ટી., ૧૬૭ પા. ટી., ૧૭૦ પા. ટી., ૧૭૧ પા. ટી., ૧૭૩ પા. ટી., ૧૭૫ પા. ટી., ૧૯૭, ૨૦૪ પા. ટી., ૨૦૫ પા. ટી., ૨૦૮ પા. ટી., ૨૦૯ પા. ટી., ૨૧૧ પા. ટી., ૨૧૪ પા. ટી., ૨૧૫, ૨૧૭ પા. ટી., ૨૧૮ પા. ટી., ૨૨૦ પા. ટી., ૨૨૩ પા. ટી., ૨૨૪ પા. ટી., ૨૨૫ પા. ટી., ૨૨૭ પા. ટી., ૨૨૮, ૨૨૯ પા. ટી., ૨૩૨ પા. ટી., ૨૩૫ પા. ટી., ૨૩૬ પા. ટી., ૨૩૭ પા. ટી., ૨૩૯ પા. ટી., ૨૪૧ પા. ટી., ૨૪૪ પા. ટી., ૨૪૫ પા. ટી., ૨૫૦ પા. ટી., ૨૫૨ પા. ટી., ૨૫૫ પા. ટી., ૨૫૬ પા. ટી., ૨૬૧ પા. ટી., ૨૬૬ પા. ટી., ૨૬૯ પા. ટી., ૨૭૨, ૨૭૯ પા. ટી., ૨૮૦ પા. ટી., ૨૮૨ પા. ટી., ૨૮૩ પા. ટી., ૨૮૪ પા. ટી., ૨૯૦ પા. ટી., ૨૯૧ પા. ટી., ૩૦૩ પા. ટી., ૩૦૫ પા. ટી., ૩૦૯ પા. ટી., ૩૧૦ પા. ટી., ૩૧૫ પા. ટી., ૩૧૬ પા. ટી., ૩૧૭ પા. ટી., ૩૧૯ પા. ટી., ૩૨૨ પા. ટી., ૩૩૨ પા. ટી., ૩૩૬ પા. ટી., ૩૩૭, ૩૩૮, ૩૪૦, ૩૪૧, ૩૪૨ પા. ટી., ૩૪૬ પા. ટી., ૩૫૨ પા. ટી., ૩૫૫ પા. ટી., ૩૫૭ પા. ટી., ૩૬૬, ૩૬૭ પા. ટી., ૩૭૩, ૩૭૭ પા. ટી., ૩૭૮ પા. ટી., ૩૮૦, ૩૮૫, ૩૮૭, ૩૮૮, ૩૯૪, ૪૧૨, ૪૨૫, ૪૩૬, ૪૩૭, ૪૩૮, ૪૩૯ પા. ટી., ૪૪૦ પા. ટી., ૪૪૩ પા. ટી., ૪૫૪ પા. ટી., ૪૫૬, ૪૬૧ પા. ટી., ૪૬૪, ૪૭૭ પા. ટી., ૪૯૩ પા. ટી., ૫૦૭, ૫૦૮; –માં ફેરફાર ૪૩૨
ઇન્ડિયન પોલિટિકલ એસોસિયેશન ૧૭ પા. ટી.
ઇન્ડિયન રિલીફ એક્ટ ૮૯ પા. ટી.
ઇન્ડિયન રિવ્યૂ, ધિ ૧૧૩ પા. ટી.
ઇન્ડિયન વિમેન્સ એસોસિયેશન ૩૩૧, ૪૫૦
ઇન્ડિયન વૉઇસ ૩૭
ઇન્ડિયન સાઉથ આફ્રિકન લીગ, મદ્રાસની ૧૧૪ પા. ટી.
ઇન્ડિયન હોમરૂલ ૧૧૩
ઇન્ડિયન હોમરૂલ લીગ ૮૧ પા. ટી.
ઇન્ડિયા ૧૧૩ પા. ટી., ૩૩૦; –માં કુમારી ડડલીનો ગિરમીટ પ્રથા વિષે લેખ ૪૪૪
ઇન્ડિયા ઑફિસ ૭ પા. ટી., ૮, ૧૩૨
ઇબ્રાહીમ મહમદ કાસમ ૪૯૬
ઇમામ અબદુલ કાદર (કાદિર) બાવાઝીર (ઇમામ-સાહેબ) ૫૧, ૭૪, ૭૫, ૧૨૩, ૧૪૮, ૨૪૦, ૨૬૬ પા. ટી., ૩૨૯, ૪૨૧
ઇમિગ્રંટો (પ્રવાસીઓ) ૪૬, ૧૧૦
ઇમિગ્રેશન ૦અંગે એશિયાઈ અને ગોરા ઇમિગ્રંટો વચ્ચે સમાનતા ૬૯; ૦અંગે જુદા જુદા પ્રાંતોમાં જુદી જુદી નીતિ ૬૧; ૦અંગેના બે કેસનો જજ ઝુમનો ચુકાદો ૪૫૯; –ની અડચણો ૪૫૬; ૦હિંદીઓનું ટ્રાન્સવાલમાં ૫૪
ઇમિગ્રેશન અધિકારી ૧, ૩ પા. ટી., ૧૯૮, ૨૩૧, ૨૩૨, ૨૪૧, ૨૪૨, ૨૪૩, ૨૪૫, ૨૫૪, ૨૬૫, ૩૩૩, ૩૪૩; –એ મરિયમને અટકાવી ૪૯૫; –ને કેપની સુપ્રિમ કોર્ટનો ઠપકો ૩૪૬
ઇમિગ્રેશન અધિકારી, ડરબન ૦જસાત રસૂલબાઈને સ્ટીમરમાંથી ઊતરવા ન દીધી ૧૩૬
ઇમિગ્રેશન અધિકારી, ડેલાગોઆ બે –નો હિંદીઓ પ્રત્યે ગેરવર્તાવ ૩૩૪–૬
ઇમિગ્રેશન ટ્રસ્ટ બોર્ડ ૨૮૯
ઇમિગ્રેશન રિસ્ટ્રિક્શન કાયદો ૧૦૭, ૧૯૮; –નો દક્ષિણ આફ્રિકામાં અમલ, તે અંગે હાડમારી ૩૩૨, ૩૪૩; –નો વધુ સખતાઈથી અમલ ૪૬૪
ઇમિગ્રેશન રિસ્ટ્રિક્શન કાયદો, કેપનો ૩ પા. ટી., ૨૫૮, ૪૪૦
ઇમિગ્રેશન રિસ્ટ્રિક્શન કાયદો, નાતાલનો ૩ પા. ટી., ૨૫૮
ઇમિગ્રેશન રિસ્ટ્રિક્શન બિલ, ખાનગી ૨૨૯ પા. ટી.
ઇમ્પીરિયલ કૉન્ફરન્સ ૮, ૧૭, ૩૬, ૬૮, ૯૩, ૧૦૮, ૨૨૩
ઇવનિંગ ક્રોનિકલ –ને ગાંધીજીએ મુલાકાત આપી ૨૩૮–૪૦
ઇવાન ધિ ફૂલ ૧૭૩
ઇસ્માઈલ ૩૭૬
ઇસ્માઈલ ઈસપ ૧૦૬
ઇસ્માઈલ ગોરા ૧૭૪, ૩૬૮
ઇસ્લામ ૧૩૨ પા. ટી.
ઇસ્લામી ધર્મનો કાનૂન ૨૮૫

ઈસપમિયાં ૧૪ પા. ટી., ૩૮૦
ઈસ્ટ રેન્ડ એક્સપ્રેસ ૧૮, ૩૦૯ પા. ટી., ૩૧૧, ૪૫૭

Gandhi Heritage Portal

ઈસ્ટન માર્ટિન ૧૪૯
ઈસ્ટ રેન્ડ પ્રોપ્રાઇટરી માઇન્સ ૯ પા. ટી.

ઉમરાવ સભા ૨૨૯ પા. ટી., ૨૩૮, ૨૩૯, ૪૯૩, ૪૯૬

ઍ ટ્રૅજેડી ઑફ એમ્પાયર : ધિ ટ્રીટમેન્ટ ઑફ બ્રિટિશ ઇન્ડિયન ઇન ધિ ટ્રાન્સવાલ ૨૦૪ પા. ટી.
ઍડમ્સ, ડૉ. ૧૫૦, ૪૫૧
એડવર્ટાઇઝર, ધિ ૪૬૪
એન. કુમારી ૪૭૩
ઍન્ડર્સન, કૅમ્પબેલ ૧૩, ૪૯
એમ. કે. ગાંધી એન્ડ ધિ સાઉથ આફ્રિકન પ્રૉબ્લેમ ૧૭૩ પા. ટી.
ઍમટ, લૉર્ડ ૨૩૮, ૨૩૯, ૪૯૩
ઍમ્પ્થહીલ, લૉર્ડ, આર્થર ઑલિવર વિલિયર્સ રસેલ ૩૬, ૬૨, ૮૮, ૨૨૯, ૨૩૦, ૨૯૧ પા. ટી., ૩૦૭, ૩૦૮, ૩૭૮; –એ ઉમરાવસભામાં ગોખલેની દક્ષિણ આફ્રિકાની મુલાકાતના કાગળો માગ્યા ૪૯૩; –એ ઉમરાવસભામાં દક્ષિણ આફ્રિકાના હિંદીઓનો સવાલ ઉઠાવ્યો ૪૯૬–૭; –નો પાઉન્ડ ઉના કર વિષે માહિતીપૂર્ણ પત્ર ૨૨૮
એરિયલ ૨૯૭ પા. ટી.
એલિસ, મેયર ૩૫૮ પા. ટી.
ઍલેક્ઝાંડર, મૉરિસ ૩૪, ૩૯, ૪૦, ૪૯, ૫૦; –એ સંધ ઇમિગ્રેશન રિસ્ટ્રિક્શન બિલની કેટલીક કલમો સામે વિરોધ કર્યો ૬
એશિયાઈઓ –નાં સ્ત્રીબાળકો સામે પ્રતિબંધ ૧૧૮ પા. ટી.; –નું ઇમિગ્રેશન ૧૯૮, ૧૯૯
એશિયાઈઓ, કેળવાયેલા ૩ પા. ટી.; –ને ઑરેન્જ ફ્રી સ્ટેટના રજિસ્ટ્રેશન કાયદામાંથી મુક્તિ આપવાની ગાંધીજીની સૂચના ૭ પા. ટી.; –ને ટ્રાન્સવાલ એશિયાટિક રજિસ્ટ્રેશન કાનૂનમાંથી મુક્તિ આપતો સંધ ઇમિગ્રેશન રિસ્ટ્રિક્શન બિલમાં સુધારો કરવાની હિંદીઓની વિનંતી ૭ પા. ટી.
એશિયાઈઓના રજિસ્ટ્રાર ૫૧, ૧૦૬–૭, ૧૫૪, ૧૬૧–૨, ૩૦૫, ૩૧૨–૩, ૩૧૪ પા. ટી., ૩૨૩, ૪૩૯ પા. ટી., ૫૦૦; –ને ગાંધીજીએ સમાધાન હેઠળ આવતા હિંદીઓની સુધારેલી યાદી મોકલી ૧૬૧; –ને ગાંધીજીનો તાર ૨૬૪
એશિયાઈ કાનૂન ૧૦૭
એશિયાઈ ગિરમીટિયા ૨૨૯
એશિયાઈ ફેરિયા ૧૨૩, ૧૨૪
એશિયાઈ બજાર, ક્રુગર્સડૉર્પનું ૨૩૮; –ને તથા ત્યાંના વાડાને કાઢી નાખવાના ત્યાંની મ્યુનિસિપાલિટીના પ્રયાસો ૧૩૫, ૧૩૭
એશિયાઈ સવાલ ૬૧, ૯૩
એસ્કિવથ ૩૫૨
એસ્ટકૉર્ટ –ના મૅજિસ્ટ્રેટની દરેક હિંદી પર પાઉન્ડ ૩નો કર નાખવાની સૂચના ૪૬૬
એસ્ટન, માર્ટિન ૫૨; –નો કેસ ૫૧–૨
એહમદખાન ૧૫૩ પા. ટી., ૧૫૬
ઍ હિસ્ટરી ઑફ સાઉથ આફ્રિકા ૬ પા. ટી., ૨૦૯ પા. ટી., ૩૧૬ પા. ટી.

૧૯૦૮નો ૩૬મો કાયદો (કાનૂન) ૧૦, ૧૪, ૫૩ પા. ટી., ૫૪ પા. ટી., ૬૫, ૬૬, ૭૬, ૭૭, ૧૦૩ પા. ટી., ૧૦૫, ૧૦૬ પા. ટી., ૧૧૦, ૧૨૦, ૪૮૯; ૦ગાંધી-સ્મટ્સ સમાધાનના કારણે અસ્તિત્વમાં આવ્યો ૧૧. પા. ટી.
૧૯૦૮નો સુવર્ણ કાનૂન (ટ્રાન્સવાલ પ્રેશ્યસ ઍન્ડ બેઝ મેટલ ઍક્ટ ૩૫) ૫ પા. ટી.
૧૯૧૦નો ૧૯મો કાનૂન ૨૦૯, ૨૫૯
૧૯૦૭નો ૩જો કાનૂન ૨૩૩
૧૯૦૭નો ૧૫મો કાનૂન ૧૧; ૦સુધારવા બિલ લાવવાની ગાંધીજીની સૂચના ૧૧
૧૯૦૭નો ૨જો કાનૂન ૭ પા. ટી., ૧૧ પા. ટી., ૧૪, ૭૬, ૭૭, ૮૯, ૧૦૫, ૧૦૬ પા. ટી., ૧૧૦ પા. ટી., ૧૧૬ પા. ટી., ૧૧૯, ૨૩૩ પા. ટી., ૪૮૮, ૫૦૩; ૦રદ કરવાની ગાંધીજીની સૂચના ૧૧, ૫૩
ઑટોબાયોગ્રાફી ૮૧ પા. ટી.
ઓટ્સ, મિ. ૩૫૩
ઑન. મિ. ગોપાલ કૃષ્ણ ગોખલેઝ વિઝિટ ટુ સાઉથ આફ્રિકા ૩૫૯, ૩૬૧
ઑબ્ઝર્વર ધિ ૧૯૭ પા. ટી.
ઑરેન્જ ફ્રી સ્ટેટ ૯, ૧૧, ૧૨, ૧૭, ૨૩ પા. ટી., ૩૦, ૩૩, ૩૬, ૪૩, ૪૫, ૫૦, ૬૧, ૨૪૩, ૨૪૫, ૨૫૨, ૨૮૬, ૩૫૮; –ના કાયદામાંથી કેળવાયેલા એશિયાઈઓને મુક્તિ આપવાની ગાંધીજીની વિનંતી ૭ પા. ટી.; –ના યુનિયન પાર્લમેન્ટના સભ્યોનો કેળવાયેલા એશિયાઈઓને ડોમિસાઇલ અધિકાર આપવા સામે વિરોધ ૧ પા. ટી.; –નું બંધારણ ૧૦, ૨૫૭, ૨૬૫; –માં સર્વસામાન્ય ઇમિગ્રેશન બિલ પસાર થાય તો ભેદભાવ હોવો ન જોઈએ ૪૩૧
ઑરેન્જ રીવર કૉલોની ૩૧૬ પા. ટી.

Gandhi Heritage Portal

ઑર્ડિનન્સ ૦એશિયાઈઓને અસર કરતા ૨૩૦ પા. ટી.
ઑલ-ઇન્ડિયા મુસ્લિમ લીગ જુઓ અખિલ હિંદ મુસ્લિમ લીગ
ઑલમેટ, રેવ. કેનન ૨૭
ઑલિવર ૩૫૩
ઓસમાન અહમદ ૩૮૦

કેઝિન્સ ૧૯૮, ૩૦૨, ૩૪૩, ૩૪૫; –એ દ. આ.માં જન્મેલા બે યુવાન હિંદીઓને મુલાકાતી પરમિટ ન આપી ૪૩૫ પા. ટી.; –નો ગજ્જર સામે મનાઈ હુકમ ૪૪૦ પા. ટી.; –નો પરિપત્ર ૩૪૫; –નો હિંદી કોમને અપમાન કરનારો પરિપત્ર ૨૯૮–૩૦૦
કમરુદ્દીન મહમદ કાસમ ૩૬૩
કરણઘેલો ૧૧૩
કરેદિયા, એ. એ. ૧૫૭
કર્કમેન ૨૧૦
કર્ઝન, લૉર્ડ ૩૨૭; –ની હિંદીઓને ખાતરી ૩૦૭ પા. ટી.; –નો યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ સમક્ષ અવિવેક ૨૯૭
કર્ટિસ લાયનલ ૭ પા. ટી.
કવિ, નર્મદાશંકર ૧૧૩
કાછલિયા, અહમદ મહમદ ૧૪, ૧૭, ૨૪, ૨૯, ૪૮, ૫૧, ૫૨, ૬૪, ૭૪, ૭૬, ૭૯, ૧૧૦, ૧૧૧, ૧૧૯, ૧૨૨, ૧૨૩, ૧૪૬, ૧૪૮, ૧૫૫, ૧૫૬, ૧૫૭, ૨૪૦, ૨૬૬, ૨૯૨, ૩૨૮, ૩૫૩ પા. ટી., ૩૫૬, ૩૮૬, ૩૮૭, ૩૮૯, ૩૯૬, ૩૯૮, ૪૧૧, ૪૨૧; –એ કોમ અર્થે સર્વસ્વ હોમ્યું ૧૪ પા. ટી.; –ની સત્યાગ્રહીઓને સૂચના ૧૦૪–૫, ૧૦૭, ૧૧૦; –ની સંસ્થાન મંત્રીને અરજી ૬૮–૭૩; –નો ગૃહમંત્રીને પત્ર ૪૭૭–૮; –નો લેનને પત્ર ૧૫
કાજી, કાલુમિયાં દાદામિયાં ૧૦૬
કાનજી છીબા ૫૮
કામચલાઉ કે હંગામી ખાનગી મંત્રી, સ્મટ્સનો; –ને ગાંધીજીનો પત્ર ૯૩
કામચલાઉ સેક્રેટરી કે મંત્રી ગૃહમંત્રીના કે ગૃહખાતાના ૫ પા. ટી., ૭૭ પા. ટી.
કામચલાઉ સમાધાન ૫૦૦
કામા ૬૬, ૭૫
કામા, એ. એફ. એન્ડ. કં. ૫૨
કાર્ટરાઈટ, આલ્બર્ટ ૨૮ પા. ટી., ૧૧૯ પા. ટી.; ૦હમેશને માટે દ. આ. છોડી જાય છે ૫૧
કાર્પેન્ટર ૯૪
કાવ્યદોહન ૧૧૩
કિચનર, લૉર્ડ –ની સાથે મતભેદ પડતાં લૉર્ડ કર્ઝનને રાજીનામું આપવું પડ્યું ૨૯૭ પા. ટી.
કિમ્બર્લીમાં ગાંધીજીને માનપત્ર ૫૭
કી બ્લેવેટ્સ્કીની ૮૨
કુવાડિયા ૪૧૦
કુવાડિયા, ઇબ્રાહીમ સાલેજી ૫૧, ૧૫૬
કુવાડિયા, મહમદ કાસમ ૨૯૩
કુવાડિયા, હુસેન કાસમ ૧૭૪
કેપ –માં શિક્ષિત હિંદીઓ સમાધાનથી આવી નહીં શકે ૧૧૧
કેપ આર્ગસ, ધિ ૪૯૪; –ને ગાંધીજીએ મુલાકાત આપી ૩૫૦
કેપ ટાઇમ્સ, ધિ ૪૯૫; –માં કાર્ટૂન ૩૪
કેપટાઉન –ની સભાના સંઘ ઇમિગ્રેશન રિસ્ટ્રિક્શન બિલમાં સુધારા સૂચવતા ઠરાવો ૩ પા. ટી.
કેપ ક્રેન્ચાઈઝ લૉ એમેન્ડમેન્ટ એક્ટ ૧૬૪ પા. ટી.
કેપ બ્રિટિશ ઇન્ડિયન યુનિયન ૨૫૨
કૅલનબૅક, હરમાન ૧૭ પા. ટી., ૪૬, ૭૪, ૭૫, ૮૨, ૯૯, ૧૪૪, ૧૪૮, ૧૪૯, ૧૫૦, ૧૬૫, ૧૯૭, ૨૭૨, ૨૭૩, ૩૩૬, ૩૩૮, ૩૫૦, ૩૫૩ પા. ટી., ૩૬૩, ૩૬૫ પા. ટી., ૩૭૧, ૩૭૨, ૩૮૦, ૩૮૨, ૩૮૩, ૩૮૪, ૩૮૫, ૩૮૬, ૩૮૭, ૩૮૮, ૩૮૯, ૩૯૦, ૩૯૧, ૩૯૫, ૩૯૬, ૩૯૭, ૩૯૮, ૩૯૯, ૪૦૦, ૪૦૧, ૪૦૨, ૪૦૩, ૪૦૪, ૪૦૬, ૪૦૭, ૪૦૮, ૪૦૯, ૪૧૦, ૪૧૧, ૪૧૨, ૪૧૩, ૪૧૫, ૪૧૬, ૪૧૭, ૪૧૮, ૪૧૯, ૪૨૦, ૪૨૧, ૪૨૪, ૪૨૫, ૪૨૬, ૪૨૮, ૪૬૪, ૪૮૬; –ના જીવનમાં સત્યાગ્રહે પરિવર્તન આણ્યું ૧૪૯; –નું ભાષણ, માનપત્રના જવાબમાં ૧૪૯; –ને ગાંધીજીનો તાર ૫૯; –ને બ્રિટિશ ઇન્ડિયન એસોસિયેશને માનપત્ર આપ્યું ૧૪૬, ૧૪૮–૫૦; ૦ફિનિક્સના ટ્રસ્ટી તરીકે ૩૩૮
કેશા વલ્લભ, મિ. ૫૭
કેળવણીવિષયક પરીક્ષા જુઓ શિક્ષણવિષયક પરીક્ષા
કોટવાલ ૩૩૩, ૪૮૫, ૪૮૬
કૉર્ડિસ, નૅન એચ. ૭૯, ૧૬૮, ૨૧૯
કૉલોનિયલ ઑફિસ જુઓ સંસ્થાન કચેરી
કૂ, લૉર્ડ રૉબર્ટ ઑફલે આશબર્ટન ૭ પા. ટી., ૧૨૦ પા. ટી., ૩૧૮, ૩૫૭
કૂગર્સડૉર્પ –ના ગોરાઓનું એશિયાઈ વિરોધી આંદોલન ૧૧૫–૬
ક્લાર્કર્સડૉર્પ –ના વાડામાં બિનગોરાઓને રહેવાનો અધિકાર ૫ પા. ટી.

Gandhi Heritage Portal

ક્લૅટન, મિ. ૩૯, ૨૧૧
ક્વાર્ટર્લી જર્નલ ૩૨૬
ક્વિન, લ્યુઅંગ ૩૭, ૫૨, ૬૬, ૭૫, ૮૬, ૧૪૫, ૧૫૬, ૩૮૦, ૩૮૩, ૪૦૦, ૪૦૪
ક્ષય રોગ કમિશન (ટ્યુબકર્યુલોસિસ કમિશન) ૨૮૯, ૨૯૬, ૩૦૩ પા. ટી.

અમીસા, ઇબ્રાહીમ –નું લાઇસન્સ, લાઇસન્સિંગ બોર્ડે મંજૂર કર્યું ૫૦૨
ખરીતો જનરલ બોથાએ લૉર્ડ કૂ પર મોકલ્યો ૬–૭
ખાનગી મંત્રી, ગૃહમંત્રીના ને ગાંધીજીનો તાર ૨૨૯, ૨૪૩–૪, ૨૪૪, ૨૫૩; –ને ગાંધીજીનો પત્ર ૫૦૦
ખૂની કાયદો ૧૧૦, ૧૧૬; ૦૨૬ કરવાની પ્રથમ માગણી ૧૦૭
ખોટા ઍન્ડ કં., મેસર્સ ૮૧ પા. ટી.
ખોલવડિયા, આમદ મૂસાજી ૧૫૬
ખ્રિસ્તી ધર્મ ૮૨

ગજ્જર ૨૨૬, ૪૨૭; –ના કેસ અંગે પોલાકનો પત્ર ૪૪૦; –નો કેસ ૪૩૯–૪૧; ૦બે પ્રાન્તોમાં "નિષિદ્ધ પ્રવાસી" ૪૪૦ પા. ટી.
ગવર્નમેંટ ગૅઝેટ ૨૯૨ પા. ટી.
ગાંડીવ કાર્યાલય ૧૭૬ પા. ટી.
ગાંધી, અભેચંદ ૨૭૨; જુઓ અભેચંદ
ગાંધી, અમૃતલાલ ૨૭૨ પા. ટી.
ગાંધી-અલી ડેપ્યુટેશન (૧૯૦૬નું) ૧૧ પા. ટી.
ગાંધી, આણંદલાલ ૧૨૨, ૧૪૩, ૧૫૫, ૧૬૮, ૨૨૦, ૩૮૧, ૩૮૩, ૩૯૧, ૩૯૭, ૩૯૮, ૪૦૦, ૪૦૧, ૪૦૪, ૪૦૬, ૪૧૨, ૪૧૪, ૪૧૮, ૪૧૯, ૪૨૦, ૪૨૩, ૪૮૪
ગાંધી, કરસનદાસ ૩૩૦
ગાંધી, કસ્તૂરબા (બા) ૯૨, ૧૩૪, ૧૪૫, ૨૬૨, ૨૬૩, ૩૨૦, ૩૩૦, ૩૩૩, ૩૯૯, ૪૦૧, ૪૦૪, ૪૦૬, ૪૦૮, ૪૧૧, ૪૮૪; –ની જિંદગી અલૂણો ખોરાક લેવાને પરિણામે બચી ૧૪૪; ૦માંદાં પડ્યાં ૩૯૬
ગાંધી, કાશીબહેન ૪૫૪
ગાંધી, કાંતિલાલ ૨૬૧, ૨૬૨, ૩૧૫
ગાંધી, ખુશાલચંદ ૯૨, ૧૪૭, ૩૯૫, ૫૦૭
ગાંધી, ચંચળબહેન (ચંચી) ૧૩૪, ૧૪૫, ૨૬૨, ૨૬૩, ૩૩૦, ૩૩૩, ૩૩૪, ૩૪૮, ૪૧૧, ૪૮૪; –ને ગાંધીજીનો પત્ર ૩૬૧–૨; ૦અને બલીબહેન વોરાને ગાંધીજીના પત્રનો અંશ ૩૧૫–૬
ગાંધી, છગનલાલ ૨, ૪૮, ૯૨, ૯૪, ૯૫, ૧૩૨ પા. ટી., ૧૩૯, ૧૪૨ પા. ટી., ૧૪૩, ૧૪૪, ૧૪૫ પા. ટી., ૧૬૮ પા. ટી., ૧૭૫ પા. ટી., ૧૯૬, ૧૯૭, ૨૧૫, ૩૩૭ પા. ટી., ૩૬૮, ૩૭૬, ૩૭૮, ૩૭૯, ૩૮૦, ૩૮૧, ૩૮૨, ૩૮૩, ૩૮૭, ૩૮૮, ૩૮૯, ૩૯૦, ૩૯૩, ૩૯૪, ૩૯૫, ૩૯૬, ૩૯૭, ૩૯૯, ૪૦૧, ૪૦૨, ૪૦૩, ૪૦૪, ૪૦૬, ૪૦૭, ૪૦૮, ૪૦૯, ૪૧૦, ૪૧૧–૨, ૪૧૪, ૪૧૫, ૪૧૬, ૪૧૮, ૪૨૦, ૪૨૬, ૪૮૫; –એ ફિનિક્સમાં પોતાના ભાગની જમીનના વળતરનો પ્રશ્ન ઉઠાવ્યો ૧૫૫; –ને ગાંધીજીનો પત્ર ૧૪૭–૮, ૧૫૫, ૧૬૭, ૨૨૭, ૨૭૧–૨, ૨૮૨; –ને પત્રનો અંશ ૧૭૩–૪; –ને તેમણે કરેલા ફિનિક્સની જમીન પરના સુધારાનું વળતર આપવાની ગાંધીજીની ના ૧૬૨
ગાંધી, જમનાદાસ ૧૪૩, ૧૪૫, ૧૪૭, ૨૬૨, ૨૭૪, ૨૭૯, ૨૮૩, ૩૧૬, ૩૭૯, ૩૮૦, ૩૮૨, ૩૮૩, ૩૮૮, ૩૯૪, ૩૯૫, ૩૯૭, ૩૯૮, ૩૯૯, ૪૦૦, ૪૦૨, ૪૦૫, ૪૦૭, ૪૦૮, ૪૧૦, ૪૧૩, ૪૧૬, ૪૧૮, ૪૧૯, ૪૨૦; –ને ગાંધીજીનો પત્ર ૧૬૫–૬, ૩૬૪, ૩૬૮–૯, ૪૮૫–૬, ૫૦૭–૯
ગાંધી, દેવદાસ ૩૧૬, ૩૩૦, ૩૩૩, ૩૪૦, ૩૯૯, ૪૦૪, ૪૧૩, ૪૧૬
ગાંધી, દેવભાભી ૫૦૭
ગાંધી, દ્વારકાદાસ ૪૨૬
ગાંધી, નારણદાસ ૧૬૩
ગાંધી, મગનલાલ ૧૬૪ પા. ટી., ૨૦૫ પા. ટી., ૨૭૧, ૩૩૭, ૩૮૧, ૩૮૩, ૩૮૬, ૩૯૧, ૩૯૫, ૪૦૧, ૪૦૨, ૪૦૩, ૪૮૫; –એ ફિનિક્સની પોતાના ભાગની જમીન-સુધારણાના વળતરનો પ્રશ્ન ઉઠાવ્યો ૧૬૮ પા. ટી.; –ને ગાંધીજીનો પત્ર ૨૫–૬, ૯૨, ૯૪, ૧૨૨, ૧૩૯, ૧૪૨–૩, ૧૬૮, ૨૮૨–૩, ૩૬૩; –ને ગાંધીજીના પત્રનો અંશ ૨, ૮૪, ૧૪૫
ગાંધી, મણિલાલ ૯૨, ૯૫, ૧૩૪, ૧૪૪, ૨૨૦, ૨૬૨, ૨૮૩, ૩૧૬, ૩૩૦, ૩૩૩, ૩૭૭, ૩૭૯, ૩૮૦, ૩૮૨, ૩૮૩, ૩૮૫, ૩૮૬, ૩૮૮, ૩૯૦, ૩૯૨, ૩૯૩, ૩૯૪, ૩૯૫, ૩૯૭, ૩૯૮, ૩૯૯, ૪૦૦, ૪૦૧, ૪૦૩, ૪૦૪, ૪૦૬, ૪૦૭, ૪૦૮, ૪૦૯, ૪૧૦, ૪૧૩, ૪૧૫, ૪૧૭, ૪૫૫, ૪૮૪, ૪૮૫, ૪૮૬, ૫૦૯; –ને ગાંધીજીનો પત્ર ૨૧૮, ૨૭૯, ૨૮૧, ૪૪૩
ગાંધી, મોહનદાસ કરમચંદ (ગાંધીજી) ૧, ૨ પા. ટી., ૩ પા. ટી., ૭ પા. ટી., ૮ પા. ટી., ૧૨ પા. ટી., ૧૩ પા. ટી., ૧૭ પા. ટી., ૨૩ પા. ટી., ૩૦ પા. ટી., ૩૩, ૩૪, ૩૭, ૩૯ પા. ટી., ૪૫, ૪૬, ૪૭,

Gandhi Heritage Portal

૫૦ પા. ટી., ૫૭, ૫૮, ૫૯ પા. ટી., ૬૧, ૬૨ પા. ટી., ૬૩, ૬૪ પા. ટી., ૬૫ પા. ટી., ૬૬ પા. ટી., ૬૯ પા. ટી., ૭૧ પા. ટી., ૭૩, ૭૪, ૭૬ પા. ટી., ૮૧ પા. ટી., ૮૪ પા. ટી., ૮૬, ૮૭, ૮૮ પા. ટી., ૯૨ પા. ટી., ૯૬, ૯૭, ૧૦૩ પા. ટી., ૧૦૪ પા. ટી., ૧૦૬, ૧૦૮ પા. ટી., ૧૧૩ પા. ટી., ૧૧૮ પા. ટી., ૧૧૯ પા. ટી., ૧૨૦ પા. ટી., ૧૨૧ પા. ટી., ૧૨૩, ૧૩૪, ૧૩૯ પા. ટી., ૧૪૯ પા. ટી., ૧૪૯, ૧૫૦, ૧૫૧, ૧૫૪, પા. ટી., ૧૫૬, ૧૬૭ પા. ટી., ૧૬૮ પા. ટી., ૧૭૨ પા. ટી., ૧૭૪ પા. ટી., ૧૭૬ પા. ટી., ૧૯૭ પા. ટી., ૨૦૨, ૨૦૩, ૨૦૪ પા. ટી., ૨૧૧ પા. ટી., ૨૧૪ પા. ટી., ૨૧૫ પા. ટી., ૨૧૬ પા. ટી., ૨૧૯ પા. ટી., ૨૨૦ પા. ટી., ૨૨૯ પા. ટી., ૨૩૩, ૨૩૫ પા. ટી., ૨૩૮, ૨૩૯, ૨૪૦ પા. ટી., ૨૪૧ પા. ટી., ૨૪૩ પા. ટી., ૨૪૪ પા. ટી., ૨૫૨ પા. ટી., ૨૫૩ પા ટી., ૨૫૫ પા. ટી., ૨૬૭ પા. ટી., ૨૭૦ પા. ટી., ૨૭૩ પા. ટી., ૨૮૨ પા. ટી., ૨૮૪ પા. ટી., ૨૯૧ પા. ટી., ૨૯૩, ૨૯૭ પા. ટી., ૨૯૯, ૩૦૮ પા. ટી., ૩૧૦ પા. ટી., ૩૧૧ પા. ટી., ૩૨૪, ૩૨૯, ૩૩૭, ૩૩૮, ૩૩૯, ૩૪૦, ૩૪૧, ૩૪૪, ૩૪૮, ૩૫૦, ૩૫૨ પા. ટી., ૩૫૬, ૩૫૭, ૩૫૮, ૩૬૩ પા. ટી., ૩૬૫, ૩૬૭, ૩૭૦, ૩૭૭ પા. ટી., ૪૧૭ પા. ટી., ૪૨૧ પા. ટી., ૪૩૦ પા. ટી., ૪૩૪ પા. ટી., ૪૫૪ પા. ટી., ૪૬૧ પા. ટી., ૪૬૫, ૪૬૯ પા. ટી., ૪૭૮ પા. ટી., ૪૮૩ પા. ટી., ૪૮૫; ૦અને હિંદીઓની આરોગ્ય પ્રત્યે બેદરકારી ૪૫૧; અલૂણા ખોરાક વિષે ૨૦૦, ૫૦૭; –એ અલૂણો ખોરાક લેવાનું ચાલુ કર્યું ૧૪૪; –એ એશિયાઈઓના રજિસ્ટ્રારને સમાધાન હેઠળ આવતા હિંદીઓની સુધારેલી યાદી મોકલી ૧૬૧; –એ ગોખલેના લાયક શિષ્ય બનવાની ઇચ્છા વ્યક્ત કરી ૩૬૫; –એ ગોખલેને મધુપ્રમેહનું દર્દ મટાડવા કુદરતી ઉપચાર કરવાની સલાહ આપી ૩૬૫–૬; –એ છોટાભાઈના કેસમાં મળેલી ફી જાહેર માટે આપી ૭૭, ૮૭; –એ પ્રાણજીવનદાસ મહેતા પાસે, ફિનિક્સ માટે પા. ૧૦૦૦નું ખર્ચ કરવા દેવાની માંગણી કરી ૧૩૩; –એ સત્યાગ્રહની લડત અંગે રતન તાતાને, તેમણે કરેલી મદદનો હિસાબ આપ્યો ૨૭૨–૫; –એ સમાધાન અંગે લીધેલા વલણનો ગોખલેએ બચાવ કર્યો ૪૬૫; ૦ગરીબ માબાપોનાં બાળકોની દેખરેખ અને કેળવણીની વ્યવસ્થા કરવાનો ઇરાદો ધરાવે છે ૬૧; ૦ગરીબાઈ ભોગવવા વિષે ૧૬૨, ૧૬૮; ૦ગાંધી હરિલાલના છાના વર્તાવ વિષે ૮૨–૩; ૦ગાંધી હરિલાલના પરીક્ષાના મોહ વિષે ૧૯૬, ૨૦૦; ૦ગાંધી હરિલાલ નાપાસ થયા તેથી નાહિમ્મત ન બન્યા ૪૫૪; ૦ગાંધી હરિલાલના વર્તનમાં પોતાનો દોષ જુએ છે ૮૪; ૦ગાંધી હરિલાલના શિક્ષણ વિષે ૧૫૨; ૦ગોખલેના સામ્રાજ્યપ્રેમ વિષે ૩૫૨; ૦ગોખલે વિષે ૩૨૫–૭; ૦ટૉલ્સ્ટૉયના તત્ત્વજ્ઞાનમાં ઊંડો વિચાર કરવા અને હિંદી વિદ્વાનો પાસેથી પ્રેરણા મેળવવા માગે છે ૬૧; ૦ત્રાસવાદ દ્વારા સ્વરાજ મેળવવા વિષે ૩૭૪–૫; ૦થિયૉસૉફી વિષે ૮૧–૨; ૦દુકાળ વિષે ૧૯૭, ૨૦૦; –ના આરોગ્ય વિષે વિચારો ૪૪૧–૩, ૪૪૭–૮, ૪૫૨–૪, ૪૫૭–૯, ૪૬૨–૩, ૪૭૦–૨, ૪૭૪–૭, ૪૮૦–૩, ૪૯૦–૨, ૪૯૮–૯, ૫૦૩–૬; ૦નાતાલનાં હિંદી બાળકોની કેળવણી વિષે ૨૮૬–૭; ૦નાથલિયાના કેસના ચુકાદા વિષે ૨૩૨; –ની ૧૯૦૭નો રદ્દ કાયદો રદ કરવાની સ્મટ્સને સૂચના ૫૩; –ની કેળવાયેલા એશિયાઈઓને ઑરેન્જ ફ્રી સ્ટેટના રજિસ્ટ્રેશન કાયદામાંથી મુક્તિ આપવાની વિનંતી ૭ પા. ટી.; –ની ગાંધી છગનલાલને ફિનિક્સની જમીન પર સુધારણા કરવાનું વળતર આપવાની ના ૧૬૨; –ની ગાંધી મગનલાલને ફિનિક્સની જમીન પર સુધારણા કરવાનું વળતર આપવાની ના ૧૬૨; –ની ગોખલેને દક્ષિણ આફ્રિકાના પ્રવાસે આવવાની સૂચના ૨૦૬; –ની ટ્રાન્સવાલમાં હિંદીઓના ઇમિગ્રેશનમાં સમાનતા અને તેમના હાલના હકો જાળવવા કાયદા કરવાની સ્મટ્સને સલાહ ૫૩–૪; –ની ટ્રાન્સવાલ લડતના સમાધાન માટે લેનને સૂચના ૧૦–૨; –ની ડાયરી, ૧૯૧૨ની નોંધ ૩૭૭, ૪૩૦; –ની દેસાઈ મણિલાલ ઇચ્છારામને તેમના પિતાના મૃત્યુ બદલ દિલસોજી ૪૩૮; –ની ફિનિક્સમાંની દિનચર્યા ૪૫૪; –ની માબાપોને સાર્વજનિક કામ માટે પોતાના પુત્રને આપવાની વિનંતી ૪૪૭;

–ની મુલાકાત : ઇવનિંગ ક્રૉનિકલને ૨૩૮–૪૦; ૦કેપ આર્ગસને ૩૫૦; ૦ટ્રાન્સવાલ લીડરને ૩૨૪–૫; ૦ટ્રાન્સવાલ લીડરને ગોખલે વતી ૩૫૭–૮; ૦૩૮૨ને ૧૦૫; ૦સ્ટારને ૬૧–૨; ૦સ્મટ્સને ૭૬; –નો સાર ૪૫–૭;

–ની સમાધાન માટે શરતો ૧૧; –ની સંઘ ઇમિગ્રેશન રિસ્ટ્રિક્શન બિલ પડતું મૂકવાની

Gandhi Heritage Portal

સૂચના ૧૧; –ની હિંદી રાષ્ટ્રીય કૉંગ્રેસના પ્રમુખપદ માટે સૂચના ૨૧૫, ૨૨૪; –ની હિંદી રાષ્ટ્રીય કૉંગ્રેસના પ્રમુખપદ માટેની સૂચના માંડી વળાઈ ૨૧૩; –નું ગોખલેને દક્ષિણ આફ્રિકા આવવાનું આમંત્રણ ૨૨૪;

–નું ભાષણ : ૦કિમ્બર્લીમાં ૫૭–૯; ૦ગોખલેના સત્કાર સમારંભ પ્રસંગે : કિમ્બર્લી ટાઉનહૉલમાં ૩૫૨–૩; ૦કેપટાઉન સિટી હૉલમાં ૩૫૧–૨; ૦ન્તેહાનિસબર્ગમાં બ્રિટિશ ઇન્ડિયન ઍસોસિયેશને યોજેલા ભોજન સમારંભ દરમ્યાન ૩૫૮–૯; ૦ડરબનમાં ૩૬૧–૨; ૦ડરબનમાં ભોજન સમારંભ દરમ્યાન ૩૬૨; ૦પ્રિટોરિયામાં ૩૬૨; ૦જૉહનિસબર્ગમાં ૩૬૦–૧; ૦લૉરેન્સોમાર્કેમાં યોજાયેલા ભોજન સમારંભ દરમ્યાન ૩૬૪; ૦હમીદિયા ઇસ્લામિક સોસાયટી હૉલમાં ૩૨૮–૯; ૦ચેટિયારના માનના મેળાવડા દરમ્યાન ૩૧૩; ૦ન્તેહાનિસબર્ગના મેળાવડા દરમ્યાન ૭૩; ૦ફેડરેશન હૉલ અંગે ૩૨૮–૯; ૦મેઢ સુરેન્દ્રનાથ તથા દેસાઈ ખંડુભાઈના વિદાય સમારંભ દરમ્યાન ૨૬૮; ૦હાજીના માનના મેળાવડા દરમ્યાન ૨૯૩–૪;

–નું વીલ ૮૨; –ને કામચલાઉ સમાધાન કરવાની હિંદીઓની જાહેર સભાએ સત્તા આપી ૬૧; –ને ગોખલેને વિદાય કરતી વખતે સ્ટીમરના ઇમિગ્રેશન અમલદારનો અનુભવ થયો ૩૭૧–૭; –ને માનપત્ર કિમ્બર્લીમાં મળ્યું ૫૭; –ને હિંદી રાષ્ટ્રીય કૉંગ્રેસના પ્રમુખ બનવાનું આમંત્રણ ૧૯૬, ૨૦૦, ૨૦૩; –નો એકાદ વર્ષ વકીલાતથી મુક્ત રહી કેળવણીમાં પરોવાઈ જવાનો મનસૂબો ૧૩૨;

–નો તાર : ૦કૅલનબૅકને ૫૯; ૦ગૃહમંત્રીના ખાનગી મંત્રીને ૨૨૯, ૨૪૩–૪, ૨૪૪, ૨૫૩; ૦ગૃહમંત્રીને ૨૫૩, ૨૫૪, ૨૭૧, ૨૯૧; ૦ગોખલેને ૧૧૩; ૦ન્તેહાનિસબર્ગની ઑફિસને ૧, ૩, ૪, ૫, ૯, ૧૪, ૧૯, ૨૫, ૨૬, ૨૮, ૩૦, ૪૩; ૦દક્ષિણ આફ્રિકા બ્રિટિશ ઇન્ડિયા કમિટીને ૨૯૨; ૦પોલાકને ૩૫, ૬૦; ૦બ્રિટિશ ઇન્ડિયન ઍસોસિયેશનને ૪૮; ૦બ્રિટિશ ઇન્ડિયન યુનિયનને ૨૫૦; ૦મદ્રાસની પ્રાન્તિક પરિષદને ૮૬; ૦રજિસ્ટ્રાર એશિયાઈઓના તેમને ૨૬૪;

–નો પત્ર : ૦કામચલાઉ ખાનગી મંત્રી, સ્મટ્સના, તેમને ૯૩; ૦ખાનગી મંત્રી, ગૃહમંત્રીના, તેમને ૫૦૦; ૦ગાંધી ચંચળબહેનને ૨૬૧–૨, ૦ગાંધી ચંચળબહેન અને વોરા બલીબહેનને તેમના અંશ ૩૧૫–૬; ૦ગાંધી છગનલાલને ૧૪૭–૮, ૧૫૫, ૧૬૭, ૨૨૭, ૨૭૧–૨, ૨૮૨; ૦ગાંધી છગનલાલને તેમના અંશ ૧૭૩–૪; ૦ગાંધી જમનાદાસને ૧૬૫–૬, ૩૬૪, ૩૬૮–૯, ૪૮૫–૬, ૫૦૭–૯; ૦ગાંધી મગનલાલને ૨૫–૬, ૯૨, ૯૪, ૧૨૨, ૧૩૯, ૧૪૨–૩, ૧૬૮, ૨૮૨–૩, ૩૬૩; ૦ગાંધી મગનલાલને તેમના અંશ ૨, ૮૪, ૧૪૫; ૦ગાંધી મણિલાલને ૨૧૮, ૨૭૯, ૨૮૧, ૪૪૩; ૦ગાંધી હરિલાલને ૧૧૨–૩, ૧૩૩–૪, ૧૪૪–૫, ૨૬૨–૩, ૩૩૦, ૩૩૩–૪, ૩૪૮, ૪૫૪–૫, ૪૮૩–૪; ૦ગાંધી હરિલાલને તેમના અંશ ૧૯૫, ૨૬૨–૩; ૦ગૃહમંત્રીને ૯૬, ૧૦૧–૨, ૧૫૪, ૩૦૧–૨, ૩૦૬; ૦ગોખલેને ૯૭–૮, ૧૨૮, ૨૦૩, ૨૦૬–૮, ૨૨૪, ૨૩૬–૭, ૩૧૨, ૩૧૬–૭, ૩૬૫–૭, ૩૭૬–૭, ૪૬૩–૪; ૦ચેગોરોસ્કીને ૨૫૭–૯, ૨૬૩; ૦છોટાભાઈને ૭૭; ૦તાતા રતન જહાંગીરને, જાહેર ૨૭૨–૫; ૦દેસાઈ મણિલાલ ઇચ્છારામને ૪૩૮; ૦નટેસન, જી. એ.ને ૧૧૩–૪, ૧૧૫; ૦નાયકર અપ્પાસામીને ૬૦; ૦નોક્સને ૯૯; ૦પટેલ રાવજીભાઈ મણિભાઈને ૨૨૧, ૨૫૧; ૦પોલ એચ. એલ.ને ૧૫૧, ૪૭૩; ૦પોલાક, એચ. એસ. એલ.ને ૭૯–૮૧; ૦પોલાક મૉડને, તેમના અંશ ૫–૬; ૦મનસુખને ૩૧૧; ૦મહેતા પ્રાણજીવનદાસને ૮૧–૪, ૧૫૨–૩, ૧૬૦, ૧૬૩–૪, ૧૭૨–૩, ૧૯૬–૭, ૨૦૦–૨, ૨૧૩, ૨૧૫, ૨૬૮–૯; ૦મહેતા પ્રાણજીવનદાસને, તેમના અંશ ૧૩૨–૬; ૦રજિસ્ટ્રાર, એશિયાઈઓના તેમને ૧૦૬–૭, ૧૬૧–૨, ૩૦૫, ૩૧૨–૩, ૩૨૩; ૦રિચ એલ. ડબ્લ્યુ.ને ૪, ૬–૮, ૮–૯, ૯–૧૦, ૧૨–૩, ૧૭–૮, ૧૮, ૨૩–૪, ૨૪, ૨૬, ૨૭–૮, ૨૮–૯, ૨૯–૩૦, ૩૫–૬, ૪૧–૨, ૪૮, ૪૯, ૫૦–૧; ૦લેન ઈ. એફ. સી.ને ૧૦–૧, ૧૫, ૪૯–૫૦, ૫૩–૫, ૬૪–૭, ૭૬–૭, ૨૨૩, ૨૪૧–૩, ૨૫૬–૭, ૨૬૪–૫, ૨૭૭, ૨૮૦, ૨૮૬, ૨૮૭, ૨૯૫; ૦વેસ્ટ એ. એચ.ને ૨૧૭, ૨૨૦–૧; ૦શાસ્ત્રી વી. એસ. શ્રીનિવાસને ૩૭૯–૬૦; ૦સારાંશ ૧૭૫, ૨૧૯; ૦સેક્રેટરી, ગૃહમંત્રીના તેમને ૩૧૪–૫; ૦સ્પૉર્ટિંગ સ્ટારને ૨૮૩;

–નો, સંઘ ઇમિગ્રેશન રિસ્ટ્રિક્શન બિલમાં સ્મટ્સે સૂચવેલા સુધારા સામે વિરોધ ૧–૨;–નો હિંદીઓની ઇચ્છા પ્રમાણે સંઘ સરકાર કાયદો પસાર કરે તો છ માસમાં હિંદ પાછા ફરવાનો વિચાર ૪૫૪; ૦ન્યાયાધીશોની ઉપયોગિતા વિષે ૨૩૨; ૦પરદેશી ખાવાની વસ્તુઓનો ઉપયોગ નહીં કરવા વિષે ૨૬૧–૨; ૦પશ્ચાત્તાપ વિષે ૪૮૩–૪; ૦પૈસાના

Gandhi Heritage Portal

અંગત ઉપયોગ વિષે ૨૨૭; ૦પોલાક ઍંગ્લો-ઇન્ડિયન જેવા બની જાય તેવું માનતા નથી ૧૬૩–૪; ૦ફિનિક્સના ટ્રસ્ટ-ડીડ વિષે ૩૪૧–૨, ૩૪૪–૫; ૦ફિનિક્સની માલિકી ટ્રસ્ટીઓને સુપરદ કરવાનો દસ્તાવેજ કરે છે ૩૩૮; ૦માતૃભાષા દ્વારા શિક્ષણ આપવા વિષે ૩૬૭; ૦યમનિયમની આવશ્યકતા વિષે ૪૪૩; ૦રિચ અને પોલાક સાથેના વિચાર-ભેદ વિષે ૧૭૩; ૦રિચને પોતાની વકીલાતનું કામ સોંપશે ૬૧; ૦શીતળા જોહાનિસબર્ગમાં, તે અંગે હિંદીઓને અલગ રાખવા વિષે ૩૨૪–૫; ૦સત્યાગ્રહ ફરી શરૂ કરવા વિષે ૪૪૪; ૦સમાધાન થશે તો જાહેર જીવનમાંથી નિવૃત્ત થવાની તૈયારી કરી રહ્યા છે ૬૧; ૦સમાધાનની શરતોના પાલન વિષે ૪૪૪; ૦સહશિક્ષણ વિષે ૧૫૮, ૨૨૫; ૦સ્મટ્સ કૉન્ફરન્સ ૬ પા. ટી.; ૦સ્મટ્સ પત્રવ્યવહાર ૧, ૧૦૩; ૦સ્મટ્સ મુલાકાત ૨, ૭૬; ૦સ્મટ્સ સમજૂતી તે મુજબ છ શિક્ષિત એશિયાઈઓને ઑરેન્જ ફ્રી સ્ટેટમાં આવવા દેવાની સૂચના ૧ પા. ટી.; ૦સ્મટ્સ સમાધાન ૧૪ પા. ટી.; ૦સ્મટ્સ સમાધાન ૧૯૦૮નું ૧૨૦ પા. ટી.; ૦સ્વાસ્થ્ય જાળવવા વિષે ૧૭૫; ૦હાર્ડિંગ, લૉર્ડ મહાઘાતમાંથી બચી ગયા માટે આભાર માને છે ૩૭૪–૫; ૦હિંદની દુર્દશા વિષે ૧૪૧–૨; ૦હિંદી બાળકોની, જોહાનિસબર્ગમાં, કેળવણી માટે જુદી શાળાની જરૂર વિષે ૩૬૬; ૦હિંદી યુવાનોની કેળવણી વિષે ૧૫૯; ૦હિંદી રાષ્ટ્રીય કૉંગ્રેસના પ્રમુખપદની સૂચના વિષેના છબરડા અંગે ગોખલેને ખુલાસો કરે છે ૨૦૬–૮; ૦હિંદી રાષ્ટ્રીય કૉંગ્રેસના પ્રમુખ બને તે માટે નાતાલ ઇન્ડિયન કૉંગ્રેસની સંમતિ ૧૭૪; ૦હિંદુ-મુસ્લિમ એકતા વિષે ૨૯૪

ગાંધી, રામદાસ ૩૧૬, ૩૩૦, ૩૩૩, ૩૪૦, ૩૯૬, ૩૯૮, ૪૦૬, ૪૧૬, ૪૧૮, ૪૮૪

ગાંધી, રામી ૧૧૨, ૧૪૫, ૨૬૨, ૩૧૫, ૩૩૪

ગાંધી, લક્ષ્મીચંદ ૩૯૫, ૪૦૮

ગાંધી, સંતોક ૯૫

ગાંધી, હરિલાલ ૫૧, ૫૨, ૭૫, ૭૯, ૮૨, ૮૪, ૯૨, ૯૪, ૯૫, ૧૧૨, ૧૫૨, ૧૬૦, ૧૬૩ પા. ટી., ૧૬૬, ૨૦૦, ૨૬૧, ૩૧૫, ૩૩૭ પા. ટી., ૩૭૮, ૩૮૦, ૩૮૪, ૩૮૫, ૩૮૭, ૩૮૮, ૩૯૪, ૪૦૮, ૪૨૦; ૦અને ગાંધીજીના માર્ગ જુદા ૪૮૪; ૦ચાલ્યા ગયા ૯૨; –ના છાના વર્તાવ વિષે ગાંધીજી ૮૨–૩; –ના પરીક્ષાના મોહ વિષે ગાંધીજી ૧૬૬; –ના અજ્ઞાનથી ભરેલા પત્રનો ઉલ્લેખ ૮૨; ૦નાપાસ થવાથી ગાંધીજી નાઉમેદ ન થયા ૪૫૪; –ના વર્તનમાં, ગાંધીજી પોતાનો દોષ જુએ છે ૮૪; –ના શિક્ષણ વિષે ગાંધીજી ૧૫૨; –ને ગાંધીજીનો પત્ર ૧૧૨–૩, ૧૩૩–૪, ૧૪૪–૫, ૨૬૨–૩, ૩૩૦, ૩૩૩–૪, ૩૪૮, ૪૫૪–૫, ૪૮૩–૪; –ને ગાંધીજીનો પત્ર, તેનો અંશ ૧૬૪, ૨૬૨–૩; –ને માન મળ્યું ૧૩૧

ગાંધીજીની સાધના ૨૨૧, ૨૫૧

ગિબ્સન, મૅજિસ્ટ્રેટ ૨૮૮

ગિરમીટ પ્રથા ૨૦૩, ૨૦૬; ૦નાતાલમાં બંધ થવા માટે ગોખલેએ સંતોષ દર્શાવ્યો ૩૫૨ પા. ટી., ૩૫૫; ૦વિષે ડડલી, કુમારીનો ઇન્ડિયામાં પત્ર ૪૪૪

ગિરમીટિયા ૩૯, ૫૩; ૦ત્રણ પાઉન્ડનો કર ભરવાને, કાયદાની જોગવાઈ મુજબ પાત્ર છે ૨૫૯; –ને નાતાલમાં આવતા અટકાવવાનો કાયદો ૧૧૭; –ને નાતાલમાં મોકલવાનું બંધ કરવાનો ગોખલેનો ઠરાવ પસાર ૨૬૯; –ને નાતાલમાં મોકલવાનું બંધ કરવા સંબંધી હિંદ સરકારની નોટિસ ૨૩૩; –નો પ્રશ્ન મૂળમાં જ ખરાબ ૧૧૪; ૦મન્જૂર ૯૧; ૦મુદત પૂરી થઈ હોય તેવા, તેમની પાસેથી પાઉન્ડ ૩નો કર નહીં લેવાનો સંઘ સરકારનો નિર્ણય ૪૪૯; ૦હિંદી ૨૧૭, ૨૨૪; ૦હિંદીઓ ગરીબ હોઈ, પાઉન્ડ ૩નો કર આપતા નથી ૨૦૯; ૦હિંદીઓનું આરોગ્ય ૨૮૯–૯૦; ૦હિંદીઓ, પાઉન્ડ ૩નો કર ન ભરે તો ફરી ગિરમીટમાં દાખલ થવાની જોગવાઈ કરતું બિલ ૨૧૦; ૦હિંદી મન્જૂરો ૨૮૨ પા. ટી.; ૦હિંદી સ્ત્રી અને બાળકો પર પાઉન્ડ ૩નો કર ૨૨૮–૯

ગુજરાતી ૩૭૮, ૪૩૩

ગુજરાતી પંચ ૪૧૫

ગુજરાતી મિત્ર મંડળ ૫૮

ગુજરાતી સાહિત્ય પરિષદ ૨૮૨

ગુજરાતી હિંદી સ્ત્રી મંડળ ૨૦૪ પા. ટી.

ગુડરિક ૪૩૯ પા. ટી.

ગુપ્તે ૧૩૨

ગુલ, ડૉ. અબદુલ હમીદ ૩૮૧, ૪૨૦, ૪૨૧, ૪૬૩

ગુલામ (સેતાનના) ૧૭૮, ૧૭૯, ૧૮૦, ૧૮૧, ૧૮૨, ૧૮૩, ૧૮૪

ગુલિવર્સ ટ્રાવેલ્સ ૨૫ પા. ટી., ૨૬, ૯૪

ગૃહમંત્રી ૧૦૩, ૨૬૧; –ને કાછલિયાનો પત્ર ૪૭૭–૮; –ને ગાંધીજીનો તાર ૨૫૩, ૨૫૪, ૨૭૧, ૨૯૧; –ને ગાંધીજીનો પત્ર ૯૬, ૧૦૧–૨, ૧૫૪, ૩૦૧–૨, ૩૦૬

Gandhi Heritage Portal

ગૃહમંત્રી, કામચલાઉ ૨૮૦
ગૅઝેટ ૧૧૮ પા. ટી., ૧૧૯ પા. ટી.
ગૅસન, ડબ્લ્યુ. ૫૭, ૫૮, ૩૫૩
ગોકળદાસ ૮૨, ૩૩૦
ગોખલે, પ્રોફે. ગોપાળ કૃષ્ણ ૮ પા. ટી., ૬૨, ૧૫૨ પા. ટી., ૧૭૪, ૨૦૦, ૨૦૨, ૨૧૩, ૨૬૮ પા. ટી., ૨૭૨, ૨૮૨, ૩૨૫, ૩૨૮, ૩૨૯, ૩૩૦, ૩૩૫, ૩૪૭, ૩૫૦, ૩૫૩, ૩૫૪, ૩૫૭, ૩૫૮, ૩૫૯, ૩૬૦, ૩૬૧, ૩૬૨, ૩૬૩, ૩૬૫, ૩૭૦, ૩૭૧, ૩૭૨, ૪૦૯, ૪૧૦, ૪૨૧, ૪૨૩ પા. ટી., ૪૨૪, ૪૨૫, ૪૨૮, ૪૫૪, ૪૬૧, ૪૬૩; ૦અને દક્ષિણ આફ્રિકામાં હિંદીઓનો મર્યાદિત પ્રવેશ ૪૩૪; –એ, ગાંધીજીએ સમાધાન અંગે લીધેલા વલણનો બચાવ કર્યો ૪૬૫; –એ ટીકાકારોને જવાબ આપી ગેરસમજૂત દૂર કરી ૪૩૩; –એ દક્ષિણ આફ્રિકાના હિંદીઓની બધી માગણીઓને ટેકો આપ્યો ૪૩૧; –એ નાતાલમાં ગિરમીટ પ્રથા બંધ થવા માટે સંતોષ દર્શાવ્યો ૩૫૨ પા. ટી.; –એ મફત ફરજિયાત શિક્ષણનું બિલ વાઇસરૉયની કાઉન્સિલમાં રજૂ કર્યું ૩૨૫; –એ સરકારી પગાર છોડ્યો ૪૮૭; –એ હિંદી રાષ્ટ્રીય કૉંગ્રેસના બાંકીપુર અધિવેશનમાં ગિરમીટ પ્રથા બંધ કરવાનો ઠરાવ મૂક્યો ૪૩૦–૧; –એ હિંદી રાષ્ટ્રીય કૉંગ્રેસના બાંકીપુર અધિવેશનમાં દક્ષિણ આફ્રિકામાં હિંદીઓને જવા-આવવાની છૂટ માટે આગ્રહ કર્યો ૪૩૦ પા. ટી.; –એ હિંદી રાષ્ટ્રીય કૉંગ્રેસના બાંકીપુર અધિવેશનમાં ભાષણ આપી શ્રોતાઓને મુગ્ધ કર્યા ૪૬૦; –એ હિંદી વિધાનસભામાં ગિરમીટિયાની ભરતી અટકાવવાનો ઠરાવ મૂક્યો ૧૧૭ પા. ટી.; ૦દક્ષિણ આફ્રિકાના હિંદીઓના મતાધિકાર વિષે ૪૩૪; –ના દક્ષિણ આફ્રિકાના કાર્યક્રમનો મુસદ્દો ૩૧૬; –ના દક્ષિણ આફ્રિકાના પ્રવાસ દરમ્યાનનાં ભાષણોથી હિંદુસ્તાનમાં ગેરસમજ થઈ ૪૩૩–૪; –ના પ્રયાસથી નાતાલમાં ગિરમીટિયા મોકલવાનું બંધ કરવાનો ઠરાવ ૨૬૯; –ના લાયક શિષ્ય બનવાની ગાંધીજીએ ઇચ્છા દર્શાવી ૩૬૫; –ના વલણ અંગે બે વિરોધી પક્ષ પડ્યા ૪૬૯; –ના સામ્રાજ્યપ્રેમ વિષે ગાંધીજી ૩૫૨, –ના હિંદ પાછા ફર્યા પછીનાં ભાષણો ૪૬૫–૬, ૪૬૯–૭૦; –ની તેઓ સરકારી તિજોરીમાંથી પૈસા લે માટે મુંબઈની વિધાનસભાના બેરસરકારી સદસ્યોના પ્રતિનિધિ તરીકે ચૂંટણી કાયદેસર નહીં ગણાય ૪૮૭; –ની દક્ષિણ આફ્રિકાની મુલાકાતનો કાર્યક્રમ ૩૪૯–૫૦; –નું આવાગમન હરઝોગ, જનરલ અને બોથા, જનરલ વચ્ચે ખટરાગનું કારણ બન્યું ૪૫૬; –નું જીવનચરિત્ર ૩૨૫–૭; –ને આવકાર કરવાની ગાંધીજીની સૂચના ૩૧૯–૨૦; –ને ગાંધીજીનું દક્ષિણ આફ્રિકા આવવાનું આમંત્રણ ૨૨૪; –ને ગાંધીજીને હિંદી રાષ્ટ્રીય કૉંગ્રેસના પ્રમુખપદ માટેની સૂચનાના છબરડા વિષે ખુલાસો ૨૦૬–૮; –ને ગાંધીજીનો તાર ૧૧૩; –ને ગાંધીજીનો પત્ર ૯૭–૮, ૧૨૮, ૨૦૩, ૨૦૬–૮, ૨૨૪, ૨૩૬–૭, ૩૧૨, ૩૧૬–૭, ૩૬૫–૬, ૩૭૬–૭, ૪૬૩–૪; –ને દક્ષિણ આફ્રિકાના પ્રવાસે આવવાની ગાંધીજીની વિનંતી ૨૦૬; –ને ફાળે જતું ગિરમીટિયા મોકલવાનું બંધ કરવાનું શ્રેય ૨૩૫; –ને ફાળે પાઉન્ડ ૩નો કર નહીં લેવાના સંઘ સરકારના નિર્ણયનું શ્રેય ૪૪૯; –ને મધુપ્રમેહનું દર્દ મટાડવા કુદરતી ઉપચાર કરવાની ગાંધીજીની સલાહ ૩૬૫–૬; –ને માન આપવા મુંબઈમાં જાહેર સભા મળી ૩૭૦; –ને રંગદ્વેષનો અનુભવ થયો ૩૪૭; –નો દક્ષિણ આફ્રિકા આવવાનો ઇરાદો ૨૩૬;
–નો દક્ષિણ આફ્રિકામાં સત્કાર: ૦કિમ્બર્લીમાં, ૩૫૨ પા. ટી.; ૦કિમ્બર્લીમાં ભોજન સમારંભ ૩૫૩–૫; ૦કેપટાઉનના સિટી હૉલમાં ૩૫૧–૨; ૦જોહાનિસબર્ગમાં બ્રિટિશ ઇન્ડિયન તરફથી માનપત્ર તથા ભોજન સમારંભ ૩૫૫–૬, ૩૫૮–૯; ૦જોહાનિસબર્ગમાં હમીદિયા ઇસ્લામિક સોસાયટી, હિંદુઓ, પાટીદાર સંઘ, પિટર્સબર્ગના હિંદુઓ તરફથી માનપત્ર ૩૫૫ પા. ટી.; ૦જોહાનિસબર્ગમાં હિંદુઓ તરફથી માનપત્ર ૩૫૬; ૦ડરબનમાં ૩૬૧–૨; –ડરબનમાં ભોજન સમારંભ ૩૬૨; ૦પ્રિટોરિયામાં ૩૬૨; ૦મૅરિત્સબર્ગમાં ૩૬૦; ૦મોઝામ્બિક, બેર અને ઝાંઝીબારમાં ૩૬૫ પા.ટી.; ૦લૉરેન્સો માર્કમાં ભોજન સમારંભ ૩૬૪; હમીદિયા ઇસ્લામિક સોસાયટી હૉલમાં ૩૨૮–૯; ૦પર તેમણે ન કરી હોય તેવી વાતનું આરોપણ ૪૬૫; ૦વિષે ગાંધીજી ૩૨૫–૬; ૦સ્મટ્સ, બોથા, ફિશરને મળ્યા ૩૭૦ પા. ટી.; ૦હિંદ પહોંચી ગયા ૩૭૦
ગોગા ૦અપીલમાં હારી ગયા ૪૭૯
ગૉડફ્રે, સુભાન ૩૭૯, ૪૧૫
ગોરા ૦આગેવાનો અને હિંદીઓએ એક મેજ પર કિમ્બર્લીમાં ખાણું લીધું ૩૫૪

Gandhi Heritage Portal

ગોરા, બૉક્સબર્ગના –નું હિંદીઓ વિરુદ્ધ આંદોલન ૨૨૨–૩
ગૉર્ડન ૩૭૯, ૩૮૧, ૩૮૫, ૩૮૯, ૩૯૦, ૩૯૨, ૩૯૫, ૩૯૬, ૩૯૭, ૩૯૮, ૩૯૯, ૪૦૦, ૪૦૧, ૪૦૨, ૪૦૩, ૪૦૪, ૪૦૭, ૪૦૯, ૪૧૦, ૪૧૬, ૪૨૦
ગોલ્ડ લૉ જુઓ સુવર્ણ કાનૂન
ગોલ્ડ લૉ (૧૯૦૮ નો) ૭૧
ગોવિંદ સામી ૮૪ પા. ટી., ૨૧૮ પા. ટી.
ગ્રેગોરોસ્કી, આર. ૪૧, ૪૨, ૩૧૯; –ને ગાંધીજીનો પત્ર ૨૫૭–૯, ૨૬૩
ગ્લૅડસ્ટન, લૉર્ડ હર્બર્ટ જૉન ૨૨, ૩૬, ૨૯૧ પા. ટી., ૩૧૭, ૪૨૩

ઘાસણીનો રોગ ૧૫૦, ૪૫૧

ચમની, મૉન્ટફર્ડ ૧૩૪, ૧૩૭, ૩૦૪ પા. ટી., ૩૦૬ પા. ટી., ૩૭૮, ૩૮૩, ૩૮૬, ૩૮૭, ૩૯૧, ૩૯૫, ૩૯૭, ૩૯૮, ૩૯૯, ૪૦૦, ૪૦૨, ૪૦૬, ૪૦૮, ૪૧૦, ૪૧૨, ૪૧૭, ૪૧૯
ચંચી જુઓ ગાંધી ચંચળબહેન
ચંપારણ સત્યાગ્રહ ૨ પા. ટી.
ચાઈનીઝ ઍસોસિયેશન ૩૭ પા. ટી., ૧૪૯
ચાંદાભાઈ ૨૬૩
ચિંતામણિ, સર ચિરાવુરી યજ્ઞેશ્વર ૨૩૫, ૪૬૧
ચીના મન્નૂરો ૭ પા. ટી.; ૦સત્યાગ્રહી ૬૬, ૬૭, ૭૬
ચેટિયાર, વી. ૧૨૩
ચેપલિન, ડ્રમન્ડ ૯
ચેમ્બર ઑફ કૉમર્સ ૨૮૦
ચેમ્સફર્ડ, લૉર્ડ ૮૧ પા. ટી.
ચૌધરી, રાધાબહેન ૨૬

છબલભાભી ૨૬૨
છોટાભાઈ, એ. ઈ. ૧૮, ૯૪ પા. ટી.; –ના દીકરાનો કેસ ૭૭; –ના દીકરાનો કેસ, તે અંગે વિગતો ૫૩–૪ પા. ટી.; –ની ભેટ ૮૬, ૮૭; –ને ગાંધીજીનો પત્ર ૭૭; –નો કેસ ૮૩; –નો કેસ, તેથી સગીર છોકરાના હક કાયમ રહે છે ૫૩, ૬૯

જદુવંશી ગિરમીટિયા ભાઈની કહાણી ૨૮૮–૯
જનુમિયા –નો કેસ ૨૨૭ પા. ટી.
જન્મ સર્ટિફિકેટ ૪૯૬
જમિસ્ટન મ્યુનિસિપાલિટી –નો જ્યૉર્જ ટાઉન લોકેશનમાંથી હિંદીઓને કાઢવાનો નિશ્ચય ૩૦૮; ૦લોકેશન ૩૧૩, ૪૫૭
જસાત, ઇબ્રાહીમ મહમદ ૨૬૬, ૨૬૭, ૩૦૬
જસાત, મિસિસ ફાતિમા ૨૬૬ પા. ટી., ૩૪૫; –ના કેસનો સુપ્રિમ કોર્ટનો ચુકાદો ૨૬૬–૭, ૩૮૪; –ને હદપાર કરવાનો પ્રશ્ન ૨૬૬–૭, ૨૮૫
જસાત, મિસિસ રસૂલ ૨૬૬ પા. ટી., ૩૪૫
જાતિગત પ્રતિબંધો, સંઘ ઇમિગ્રેશન રિસ્ટ્રિક્શન બિલના સુધારામાં ૨, ૩
જાતિભેદ –વાળું બિલ હલે પાછું ખેંચ્યું ૩૪
જાહેર આરોગ્ય સમિતિ ૩૨૪
જાહેર સભા હિંદીઓની, હમીદિયા ઇસ્લામિક સોસાયટી હૉલમાં મળી, તેણે સ્મટ્સ વચન પાળે તે શરતે સમાધાન સ્વીકારવાનો ઠરાવ કર્યો ૭૪
જુનબી –ના વારસા હકનો સ્વીકાર કરવાની સુપ્રિમ કોર્ટની ના ૫૦૨
જુસ્ટ ૪૬૪
જૅક બર્ગર –ને ઊતરવા ન દીધો ૧૯૮
જૅકીબહેન ૩૩૦, ૩૩૩, ૪૫૪, ૪૮૬; જુઓ મહેતા જયકુંવર
જૅગર, જે. ડબ્લ્યુ. ૬, ૯
જૅમિસન, સર સ્ટાર ૧૫૧, ૩૫૭
જે. સી. એસ. જુઓ સ્મટ્સ જનરલ
જૅર્ડન ૫૪ પા. ટી.
જેશી ૪૬૩
જેસુઆ, આઈઝક ૫૮
જોહાનિસબર્ગ કેળવણી મંડળ ૨૮૫; –ની ઑફિસને ગાંધીજીનો તાર ૧, ૩, ૪, ૫, ૯, ૧૪, ૧૯, ૨૫, ૨૬, ૨૮, ૩૦, ૪૩; –ની શાળા ખૂલી ત્યાં જ અડચણ આવી ૪૭૩; –ની શાળા સ્થાપવાની ટ્રાન્સવાલ ધારાસભાની ના ૨૮૫; –નો પત્ર ૧૮–૯, ૩૧–૩, ૫૧–૨, ૬૩, ૭૪–૫, ૮૬–૭, ૧૧૦–૬, ૧૩૨; –માં હિંદી બાળકો માટે શાળાની હિલચાલ ૩૪૨
જૂ (યહૂદી) ૧૯૮
જ્યુડિશિયલ ટ્રિબ્યુનલ –ને અપીલ કરવાનો પ્રજાને હક ૨૪૪
જ્યૉર્જ, પંચમ –નું રાજ્યારોહણ ૪૧; –નો રાજ્યાભિષેક ૪૯, ૧૩૩; –નો રાજ્યાભિષેક, તે અંગેની ઉજવણી સંબંધી ડરબન કૉર્પોરેશનને દાઉદ મહમદ વગેરેનો પત્ર ૫૨; –નો રાજ્યાભિષેક, તે નિમિત્તે સમ્રાટ–સામ્રાજ્ઞીને દક્ષિણ આફ્રિકાના હિંદીઓએ વફાદારી પાઠવી ૧૨૮, ૧૨૯; –નો રાજ્યાભિષેક, તેના ઉત્સવથી હિંદીઓ દૂર રહેશે ૧૨૫; –નો રાજ્યાભિષેક, તેનો ડરબનના હિંદીઓએ બહિષ્કાર કર્યો ૧૩૩ પા. ટી.

Gandhi Heritage Portal

ઝવેરી, અબદુલ્લા હાજી આદમને અંજલિ ૨૪૬–૭
ઝવેરી, ઉમર હાજી આદમ ૩૩૭, ૩૩૮; ૦ફિનિક્સના એક ટ્રસ્ટી તરીકે ૩૩૮
ઝવેરી, રેવાશંકર જગજીવનદાસ ૧૪૪, ૧૪૫, ૧૪૭, ૧૫૨, ૩૪૮, ૩૮૪
ઝીણાભાઈ ૫૧
ઝૂલુ બંડ ૫૯ પા. ટી., ૬૬ પા. ટી.

ટાઇમ્સ, ધિ ૧૩, ૪૬૫
ટાઇમ્સ ઑફ ઇન્ડિયા, ધિ ૩૪૭
ટાઇમ્સ ઑફ નાતાલ, ધિ ૪૪૯
ટાઉન કાઉન્સિલ, જર્મિસ્ટનની, તેણે હિંદીઓ પર નોટિસ કાઢી ૧૭૦
ટાઉનશિપ –નો કાયદો (સુધારાનો) (૧૯૦૮નો) ૭૧, ૮૦, ૮૫
ટિટેનિક વહાણ એપ્રિલ ૧૪, ૧૯૧૨માં ડૂબ્યું ૨૮૨, ૨૮૩
ટૅરિફ બુક ૧૧૯ પા. ટી.
ટૅલર –નું વ્યાકરણ ૧૧૩
ટૉલ્સ્ટૉય, કાઉન્ટ લિયો ૧૩૯, ૧૭૩, ૧૭૬, ૩૩૮, ૩૫૪
ટૉલ્સ્ટૉય ફાર્મ ૨ પા. ટી., ૧૩ પા. ટી., ૪૩, ૪૬, ૫૨, ૬૧, ૯૮, ૧૧૪, ૧૩૯ પા. ટી., ૧૪૬, ૧૪૮, ૧૪૯, ૧૫૦, ૧૬૫ પા. ટી., ૧૭૨ પા. ટી., ૨૦૬, ૨૨૦ પા. ટી., ૨૭૯ પા. ટી., ૨૯૩, ૩૨૪, ૩૨૯, ૩૪૮, ૩૬૩ પા. ટી., ૪૨૨, ૪૫૪ પા. ટી.; –ને ભેટ ૧૮, ૫૨, ૭૫
ટ્રાન્સવાલ –માં જવા માટે ૧૯૦૮ કે ૧૯૦૭ના રજિસ્ટ્રેશન કાયદા હેઠળનાં સર્ટિફિકેટની જરૂર ૪૮૯; –માં દાખલ થવા માગતાં બાળકો માટે પુરાવાની જરૂર ૪૮૯; –માં હિંદીઓની ઇમિગ્રેશનમાં સમાનતા અને હાલના તેમના હક જાળવવા કાયદો કરવાની ગાંધીજીની સ્મટ્સને સલાહ ૫૩–૪; ૦મ્યુનિસિપલ ઑર્ડિનન્સ ૧૨૩; ૦રેલવેમાં કાળા–ગોરા વચ્ચે ભેદભાવ ૧૧૮
ટ્રાન્સવાલ ઇન્ડિયન વિમેન્સ ઍસોસિયેશન (ટ્રાન્સવાલ હિંદ મહિલા સંઘ) ૨૧૪, ૨૯૦
ટ્રાન્સવાલ ઇમિગ્રેશન રિસ્ટ્રિક્શન ઍક્ટ (ટ્રાન્સવાલનો પ્રવાસી પ્રતિબંધક ધારો) ૩ પા. ટી., ૯ પા. ટી., ૧૧ પા. ટી., ૩૩, ૪૭, ૬૧, ૨૩૩, ૨૫૫ પા. ટી., ૨૮૪ પા. ટી.
ટ્રાન્સવાલ એશિયાટિક રજિસ્ટ્રેશન ઍક્ટ (ટ્રાન્સવાલનો એશિયાઈઓની નોંધણી અંગેનો કાયદો) ૧૪, ૧૭, ૨૫ પા. ટી., ૬૯, ૧૧૬ પા. ટી., ૧૩૪; –માંથી કેળવાયેલા એશિયાઈઓને મુક્તિ આપવાનો સંધ ઇમિગ્રેશન રિસ્ટ્રિક્શન બિલમાં સુધારો કરવાની હિંદીઓની વિનંતી ૭ પા. ટી.
ટ્રાન્સવાલ એશિયાટિક રજિસ્ટ્રેશન ઍમેન્ડમેન્ટ ઍક્ટ ૧૧૦, ૧૨૦ પા. ટી.
ટ્રાન્સવાલ એશિયાટિક લૉ ઍમેન્ડમેન્ટ ઑર્ડિનન્સ ૧૧ પા. ટી., ૩૭ પા. ટી., ૭૧ પા. ટી., ૧૧૬ પા. ટી.
ટ્રાન્સવાલ ક્રિકિક ૨૩ પા. ટી.
ટ્રાન્સવાલ ગવર્નમેન્ટ ગૅઝેટ (અસાધારણ) ૨૪૧
ટ્રાન્સવાલ ધારાસભા ૨૩૮; –ની જોહાનિસબર્ગની નિશાળ સ્થાપવાની ના ૨૮૫
ટ્રાન્સવાલ લડત ૧૧૬ પા. ટી.; ૦આધુનિક જમાનાની મોટામાં મોટી ૫૭–૮; ૦એશિયાઈઓના સમાન હક માટે ૪ વર્ષ થયાં લડાય છે ૬૮; ૦૧૯૦૮માં ફરી શરૂ થઈ ૬૬; –ના સમાધાન માટે ગાંધીજીની લેનને સૂચના ૧૦–૨; –નું આંદોલન બંધ કરવાનું નાતાલ ઇન્ડિયન કૉંગ્રેસ પસંદ કરે છે ૪૯; –નો નિવેડો લાવવાનું સ્મટ્સને અશક્ય માલૂમ પડ્યું ૫૩; –માં જીત મેળવવાનો બનાવ દુનિયાના ઇતિહાસમાં અજનવો છે ૬૩; –મોકૂફ રખાઈ ૧૧૪
ટ્રાન્સવાલ લીડર, ધિ ૭ પા. ટી., ૫૧, ૧૧૯ પા. ટી., ૨૨૨, ૨૨૫, ૩૦૯ પા. ટી., ૩૫૫ પા. ટી.; –એ લખ્યું: 'સમાધાન ચાર વર્ષ અગાઉ થવું જોઈતું હતું' ૭૪; –ને ગાંધીજીએ મુલાકાત આપી ૩૨૪–૫; –ને ગાંધીજીએ ગોખલેને બદલે મુલાકાત આપી ૩૫૭–૮
ટ્રાન્સવાલ સરકાર ૨૩૦
ટ્રાન્સવાલ સુપ્રિમ કોર્ટ ૪૩૯ પા. ટી.
ટ્રાન્સવાલ હિંદીઓ ૦અને સંઘ સરકાર વચ્ચે પત્રવ્યવહાર ૮૮; ૦અરધા, તેમની ગોલ્ડ લૉ[illegible] ભયંકર થઈ ૮૫; –ની વસ્તી ૯૦; –નો જમીન ધારણ કરવાનો હક ૧૨
ટ્રામ –માં હિંદીઓ બેસે તે સામે પ્રતિબંધ ૭૨

ઠક્કર ૯૪
ઠક્કર, હરિલાલ ૯૫, ૩૮૧, ૩૮૬, ૩૮૭, ૩૮૮, ૩૯૧, ૩૯૪, ૪૦૨, ૪૦૩, ૪૦૪, ૪૦૭, ૪૧૦
ઠાકર ૨૨૧

ડચ સર્ટિફિકેટ ૩૧
ડડલી, કુમારી –નો ઇન્ડિયામાં ગિરમીટ વિષે પત્ર ૪૪૪
ડરબન મ્યુનિસિપલ બિલ ૩૫; ૦સર્કિટ કોર્ટના ન્યાયમૂર્તિનો હિંદી કોમ પર આક્ષેપ ૩૩૬
ડંકન, પૅટ્રિક ૨૩

Gandhi Heritage Portal

"ડાયરી, ૧૯૧૨" ગાંધીજીની ૨૪૧ પા. ટી., ૩૭૧ પા. ટી., ૩૭૭–૪૩૦
ડેક્કન એજ્યુકેશન સોસાયટી ૩૨૫
ડેનિયલ ૧૦૯
ડેવિડ, સર હંટર ૪૯
ડોક, ઑલિવ ૩૯૨
ડોક, ક્લેમન્ટ ૩૮૦
ડોક, જે. જે. ૫૧, ૬૨ પા. ટી.
ડોક, મિસિસ ૫૧
ડોમિસાઈલ ૦કોણ કહેવાય ૨
ડોમિસાઈલ અધિકાર ૨૪૩, ૨૪૮, ૨૫૫
ડોમિસાઈલ સર્ટિફિકેટ ૮૯, ૨૪૨, ૨૪૩, ૨૪૪, ૨૪૫; –એક હુન્નર, ૧૮૯૬ સુધી જપ્ત કરાયાં ૨૫૭
ડોસન ૫૭, ૫૮
ડોળીવાહક ટુકડી ૫૯
ડ્યૂક ઑફ કૉનોટ ૫૨

ઢંઢેરો ૧૮૫૮નો ૩૪૫

તાતા, રતન જહાંગીર ૩૩૪, ૩૪૧, ૩૪૪, ૩૯૧; –એ ફરી રૂ. ૨૫,૦૦૦ મોકલ્યા ૩૧૭, ૩૧૮; –એ સત્યાગ્રહ ફાળામાં પોણો લાખ રૂપિયા આપ્યા ૩૧૮; –નું દાન રૂ. ૨૫,૦૦૦ ૩૭૬ પા. ટી.; –ને ગાંધીજીનો જાહેર પત્ર ૨૭૨–૫
તામિલ કોમ ૧૨૦
તામિલ બેનીફિટ સોસાયટી ૫૮ પા. ટી., ૩૪૯
તામિલ મિત્ર મંડળ ૫૮
તામ્બલી, આલ્ફ્રેડ ૧૫૩ પા. ટી.
તાર ગાંધીજીનો : ૦કૅલનબૅકને ૫૯; ૦ખાનગી મંત્રી, ગૃહમંત્રીના, તેમને ૨૨૯, ૨૪૩–૪, ૨૪૪, ૨૫૩; ૦ગૃહમંત્રીને ૨૫૩, ૨૫૪, ૨૭૧, ૨૯૧; ૦ગોખલેને ૧૧૩; ૦જોહાનિસબર્ગની ઑફિસને ૧, ૩, ૪, ૫, ૯, ૧૪, ૧૯, ૨૫, ૨૬, ૨૮, ૩૦, ૪૩; ૦દક્ષિણ આફ્રિકા બ્રિટિશ ઇન્ડિયન કમિટીને ૨૯૨; ૦પોલાકને ૩૫, ૬૦; ૦પ્રાન્તિક પરિષદ મદ્રાસની, તેને ૮૬; ૦બ્રિટિશ ઇન્ડિયન ઍસોસિયેશનને ૪૮; ૦બ્રિટિશ ઇન્ડિયન યુનિયનને ૨૫૦; ૦રજિસ્ટ્રાર, એશિયાઈઓના, તેમને ૨૬૪
તાલેવંતસિંગ ૪૧૪
તુલસીદાસજી ૧૧૩
ત્રણ પાઉન્ડનો કર ૩૯, ૭૦, ૯૮, ૨૦૯–૧૧, ૨૧૬, ૨૫૯, ૨૬૧; ૦કોને ભરવાનો તે વિષે કાયદા-ખાતાનો ઠરાવ ૨૦૯; ૦તે અંગે લૉર્ડ ઍમ્પ્ટહીલનો માહિતીપૂર્ણ પત્ર ૨૨૮; ૦મુદત પૂરી થઈ હોય તેવા ગિરમીટિયા પાસે નહીં લેવાનો સંઘ સરકારનો નિર્ણય ૪૪૯; ૦વિષે લાઇસન્સ ૨૧૦; ૦વિષે હાઇકોર્ટનો જવાબ ૨૧૭
ત્રાસવાદ દ્વારા સ્વરાજ મેળવવા વિષે ગાંધીજી ૩૭૪–૫

થિયૉસૉફી ૮૧, ૮૨, ૪૧૩
થિયૉસૉફિસ્ટો ૮૨
થૉરો ૪૩૬
થૉર્નટન –નો લોકેશન અંગે અભિપ્રાય ૨૭૭

દક્ષિણ આફ્રિકા ઍક્ટ ૧૪૭
દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહનો ઇતિહાસ ૬ પા. ટી., ૭ પા. ટી., ૮ પા. ટી., ૧૨ પા. ટી., ૧૩ પા. ટી., ૧૪ પા. ટી., ૨૩ પા. ટી., ૩૫ પા. ટી., ૩૭ પા. ટી., ૪૬ પા. ટી., ૫૮ પા. ટી., ૫૯ પા. ટી., ૬૪ પા. ટી., ૬૬ પા. ટી., ૧૧૩ પા. ટી., ૧૨૬ પા. ટી., ૧૬૪ પા. ટી., ૧૭૫ પા. ટી., ૧૩૪ પા. ટી., ૩૪૨ પા. ટી., ૩૫૨ પા. ટી., ૪૬૯ પા. ટી.
દક્ષિણ આફ્રિકાના હિંદીઓ –ના મતાધિકાર વિષે ગોખલે ૪૩૪
દક્ષિણ આફ્રિકા બ્રિટિશ ઇન્ડિયન કમિટી (લૉર્ડ ઍમ્પ્ટ-હીલની કમિટી) ૩૬ પા. ટી., ૬૨ પા. ટી., ૮૮, ૧૩૧, ૧૩૨ પા. ટી., ૨૦૪, ૨૨૮ પા. ટી., ૨૯૩, ૩૪૫; –નું મહાભારત કામ ૪૪૬; –ને ગાંધીજીનો તાર ૨૯૨; –ને નભાવવાનું ખર્ચ આપવા ગાંધીજીની જાહેર વિનંતી ૪૪૬; ૦માટે ઉઘરાણું ૨૯૨
દત્ત, આર. સી. ૧૬૬ પા. ટી.
દયાળ ભાઈઓ ૪૭૭; ૦૫૨ "નિષિદ્ધ પ્રવાસી" હોવાનો આરોપ મૂકવામાં આવ્યો ૪૩૯ પા. ટી.
દાઉદ મહમદ ૬૪, ૧૨૫, ૧૭૪, ૨૦૫, ૨૯૩, ૨૯૪, ૨૯૫, ૩૮૭, ૩૯૪, ૩૯૭, ૩૯૮, ૪૦૫; –ને આવકાર ૪૭૮; ૦વગેરેનો ડરબન કૉર્પોરેશન પર રાજ્યાભિષેક ઉજવણી અંગે પત્ર ૫૨
દાઉદ સીદાત ૨૯૩
દાદા અબદુલ્લા હાજી આમદ ગુજરી ગયા ૩૮૦
દાદા અબદુલ્લા ૩૭૮, ૩૯૪, ૪૦૧, ૪૦૩, ૪૦૪, ૪૦૮, ૪૦૯, ૪૧૨, ૪૧૮
દાદા અબદુલ્લા મેસર્સની પેઢી ૨૪૬
દાદા ઉસ્માન ૧૭૪
દાદા ઓસમાન ૧૭૪, ૩૮૨, ૩૯૯, ૪૦૧, ૪૦૩, ૪૦૬

Gandhi Heritage Portal

દાદાભાઈ નવરોજી ૨૨
દાદુ ૧૫૬
દાસ જુઓ દેસાઈ પુરુષોત્તમદાસ
દાસબોધ ૧૯૩
દિલદારખાન ૫૧
દિવાળી –નો નેહાનિસબર્ગમાં મહોત્સવ ૨૦૨–૩
દીવાન મોતીલાલ ૩૮૫, ૩૮૭, ૩૯૧, ૩૯૫, ૪૦૩, ૪૦૯, ૪૧૨, ૪૧૮
દુકાળ ૦અંગે ઉપરાણું ૨૨૬, ૨૩૫, ૨૭૨; ૦ગુજરાત અને કાઠિયાવાડમાં ૨૧૨, ૨૧૩; ૦પંજાબ અને રાજસ્થાનમાં ૧૭૨ પા. ટી.; ૦ફંડ ૨૫૫; ૦વિષે ગાંધીજી ૧૯૭, ૨૦૦
દુલભભાઈ કલ્યાણજી ૨૯૨
દેવરાજુલુ ૨૦૯ પા. ટી.
દેવીદયાળ –ના ટ્રાન્સવાલમાં પ્રવેશવાના હક અંગે પોલાકનો ગૃહમંત્રી સાથે પત્રવ્યવહાર ૪૩૯
દેવીબહેન જુઓ વેસ્ટ, મિસ
દેસાઈ, અની ૯૫, ૩૨૦; જુઓ અની
દેસાઈ, ઇચ્છારામ સૂર્યરામ –નું મૃત્યુ ૪૩૮ પા. ટી.
દેસાઈ, પુરુષોત્તમદાસ ૮૩, ૮૪, ૯૫ પા. ટી., ૧૨૨, ૧૬૫, ૩૨૦ પા. ટી., ૩૭૮, ૩૭૯, ૩૮૧, ૩૮૨, ૩૮૩, ૩૮૪, ૩૮૬, ૩૮૭, ૩૮૯, ૩૯૪, ૩૯૫, ૩૯૭, ૪૦૦, ૪૦૧, ૪૦૩, ૪૦૫, ૪૦૬, ૪૦૮, ૪૦૯, ૪૧૦, ૪૧૨, ૪૧૪, ૪૧૭, ૪૧૮, ૪૨૦, ૪૫૫
દેસાઈ, પ્રાગજીભાઈ ખંડુભાઈ ૫૯, ૬૬, ૭૫, ૧૩૪, ૧૬૯, ૨૬૮, ૨૭૪, ૩૩૩, ૩૭૭, ૩૮૧, ૩૮૨, ૩૮૪, ૩૮૫, ૩૮૬, ૩૯૮, ૪૦૬, ૪૧૦, ૪૧૪, ૪૧૫, ૪૧૬, ૪૧૮, ૪૧૯, ૪૨૦, ૪૨૭; –ના વિદાય સમારંભમાં ગાંધીજીનું ભાષણ ૨૬૮
દેસાઈ, મણિલાલ ઇચ્છારામ –ને ગાંધીજીનો પત્ર ૪૩૮
દોરાબજી ૫૧

ધન્વંતરિ ૧૭૭, ૧૭૮, ૧૭૯, ૧૮૩, ૧૮૬, ૧૮૭, ૧૮૮, ૧૯૦, ૧૯૧
ધર્મવિચાર ૧૧૩ પા. ટી.
ધર્મ વિષે વિચાર ૧૧૩
ધાર, પં. બિશન નારાયણ ૨૦૮ પા. ટી.
ધિ ઇન્ડિયન યુનિયન ૨૦૭ પા. ટી.
ધિ ઑન. ગોખલે એન્ડ ધિ ઇન્ડેન્ચર સિસ્ટમ (માનનીય ગોખલે અને ગિરમીટિયા પ્રથા) ૩૨૧
ધિ સ્ટોરી ઑફ ઇવાન ધિ ફૂલ, એન્ડ ઑફ હિઝ ટુ બ્રધર્સ, સાઇમન ધિ સોલ્જર એન્ડ તારાસ ધિ સ્ટાઉટ; એન્ડ ઑફ હિઝ ડંબ સિસ્ટર મારથા, એન્ડ ઑફ ધિ ઓલ્ડ ડેવિલ એન્ડ ધિ થ્રી લિટલ ઇમ્પ્સ ૧૭૬ પા. ટી.
ધિ સ્ટોરી ઑફ ઇવાન ધિ ફૂલ ૧૭૬ પા. ટી.
ધિ સ્પીચીઝ ઑફ ધિ ઑનરેબલ મિ. જી. કે. ગોખલે ૩૨૭
ધિ હિન્દુસ્તાન ૨૦૭ પા. ટી.

નગદી ૧૪૮
નગર કાનૂન ૨૨૯ પા. ટી., ૨૩૪
નટરાજન ૧૭૪, ૩૭૬
નટેસન, જી. એ. ૧૫૨, ૧૬૫, ૧૭૪, ૨૦૭, ૩૨૭; –ને ગાંધીજીનો પત્ર ૧૧૩–૪, ૧૧૫
નવજીવન ટ્રસ્ટ ૧૭૬ પા. ટી.
નાગપ્પન ૨૧૪ પા. ટી., –એ જિંદગીનો ભોગ આપ્યો ૨૬૦
નાણાકીય સંબંધો (ફાઇનેન્શિયલ રિલેશન્સ) બિલ ૦ફરી સંઘ પાર્લમેન્ટમાં રજૂ થશે ૪૪૬
નાતાલ –ના હિંદીઓને ઇમિગ્રેશન સંબંધી હાડમારી વેઠવી પડે છે ૩૦૨; –ના હિંદીઓને ડોમિસાઈલ સર્ટિફિકેટ મળતાં નથી ૩૦૧, –નાં ભૂતપૂર્વ ગિરમીટિયાં સ્ત્રીપુરુષો અને બાળકો પાસેથી વસૂલ કરાતો પાઉન્ડ ૩નો કર ૨૨૮; –નાં હિંદી બાળકોની કેળવણી વિષે ગાંધીજી ૨૮૬–૭; –ની પાર્લમેન્ટ, ભૂતપૂર્વે ૨૨૮; ૦પોલ ટેક્સ ૧૨૦; ૦પ્રોવિન્શિયલ કાઉન્સિલ ૧૬, ૬૦ પા. ટી.; –માં ગિરમીટ પ્રથા બંધ થવા માટે ગોખલેએ સંતોષ દર્શાવ્યો ૩૫૨ પા. ટી.; –માં શિક્ષિત હિંદીઓ સમાધાનથી આવી નહીં શકે ૧૧૧
નાતાલ ઇન્ડિયન કૉંગ્રેસ ૧૫, ૧૬, ૧૭, ૨૫ પા. ટી., ૩૫, ૪૯, ૫૩, ૫૪, ૬૪ પા. ટી., ૭૪, ૧૭૧, ૧૭૩ પા. ટી., ૧૭૪, ૧૯૫, ૧૯૬, ૨૦૭, ૨૦૮, ૨૧૮, ૨૪૬, ૨૪૭, ૨૫૪, ૨૫૫, ૨૬૦ પા. ટી., ૨૬૧; ૦ટ્રાન્સવાલ લડતનું આંદોલન બંધ કરવાનું પસંદ કરે છે ૪૯; –ની ગાંધીજી હિંદી રાષ્ટ્રીય કૉંગ્રેસના પ્રમુખ બને તે માટે સંમતિ ૧૭૪; –ની વડી સરકારને અરજી ૮૮–૯૧; –નો પ્રેટોરિયા પર પત્ર ૫૫–૬
નાતાલ ઇન્ડિયન ટ્રેડર્સ લિ. ની વેપારી પરવાના અંગે ડરબન ટાઉન કાઉન્સિલ સમક્ષ અપીલ ૧૦૦–૧
નાતાલ ઇમિગ્રેશન ખાતું –નો બે હિંદી છોકરાની ડિપોઝિટ જપ્ત કરવાનો વિચાર ૧૭૧
નાતાલ ઇમિગ્રેશન રિસ્ટ્રિક્શન ઍક્ટ ૧૭૧, ૨૩૨, ૪૪૦
નાતાલ એડવર્ટાઇઝર, ધિ ૨૨૯ પા. ટી.
નાતાલ ૧૯૧૦નો ૧૯મો કાનૂન ૨૨૮ પા. ટી.

Gandhi Heritage Portal

નાતાલ ગવર્નમેન્ટ ગેઝેટ ૪૯ પા. ટી., ૪૪૫
નાતાલ મર્ક્યુરી, ધિ ૧૭૩ પા. ટી., ૨૧૧ પા. ટી., ૨૨૯, ૨૮૦, ૩૪૩, ૪૩૯, ૪૪૦ પા. ટી.
નાતાલ યુનિયન સંઘની વાર્ષિક સભા ૪૪૯
નાતાલ લાઇસન્સિંગ કાયદો ૧૦૨; –માં ફેરફાર ૧૧૭
નાથલિયા, ઈ. એમ. –ને નાતાલમાં દાખલ થવા ન દીધા ૨૩૨; –નો કેસ ૨૩૧, ૨૬૫–૬; –નો કેસ, તેના ચુકાદા વિષે ગાંધીજી ૨૩૨
નાથલિયા, એમ. એમ. ૧૭૧ પા. ટી., ૩૮૬, ૩૮૮, ૩૯૧, ૪૦૮
નાથા ઉકાનો કેસ ૩૪૬
નાનજી દુલભદાસ ૧૧૨
નાયક, વેંકટાચલ –ને પાઉન્ડ ૩ની લાઇસન્સ ફીમાંથી મુક્તિ મળી ૨૬૦ પા. ટી.
નાયકર, અપ્પાસામી –ને ગાંધીજીનો પત્ર ૬૦
નાયડુ, એસ. આર. ૫૭
નાયડુ, થંબી ૩૭૯, ૩૮૦, ૩૮૨, ૩૮૪, ૩૮૯, ૩૯૦, ૩૯૪, ૩૯૬, ૪૦૯
નાયડુ, પી. કે. ૧૩૪
નાયડુ, મિસિસ ૩૮૦, ૩૯૨, ૩૯૪, ૩૯૮
નારાયણ સામી ૨૧૪ પા. ટી.
નિવેદન, સૂચવાયેલા પ્રતિનિધિમંડળનું સ્મટ્સને ૧૦૩–૪
નુડસન, મિસ ૩૬, ૩૮૬, ૩૮૭
નુરુદ્દીન ૧૭, ૪૨૧
નેટિવ ખાતું ૪૫૬
નેવી લીગ ૪૮૭
નેશન બિલ્ડર્સ ૧૫૨ પા. ટી.
નેસર ૧૫૩
નૉક્સ –ને ગાંધીજીનો પત્ર ૬૬
નોરૉદીન, ઈ. ૨૫૨ પા. ટી.
ન્યાયાધીશોની ઉપયોગિતા વિષે ગાંધીજી ૨૩૨

પગથી પર ચાલવાના પેટા-નિયમો ૭૨
પટેલ, જી. કે. ૫૧
પટેલ, ડી. કે. ૧૦૦ પા. ટી.
પટેલ, મગનભાઈ ૪૫૪
પટેલ, રાવજીભાઈ મણિભાઈ ૩૯૨, ૩૯૭, ૪૧૭; –ને ગાંધીજીનો પત્ર ૨૨૧, ૨૫૧
પત્ર, કાછલિયાનો : ૦ગૃહમંત્રીને ૪૭૭–૮; ૦લેનને ૧૫
પત્ર, ગાંધીજીનો : ૦કામચલાઉ મંત્રી, સ્મટ્સના, તેમને ૬૩; ૦ખાનગી મંત્રી, ગૃહમંત્રીના તેમને ૫૦૦; ૦ગાંધી ચંચળબહેનને ૨૬૧–૨; ૦અને વોરા બલીબહેનને ૩૧૫–૬; ૦ગાંધી છગનલાલને ૧૪૭–૮, ૧૫૫, ૧૬૭, ૨૨૭, ૨૭૧–૨, ૨૮૨; ૦ગાંધી છગનલાલને, તેનો અંશ ૧૭૩–૪; ૦ગાંધી જમનાદાસને ૧૬૫–૬, ૩૬૪, ૩૬૮–૯, ૪૮૫–૬, ૫૦૭–૯; ૦ગાંધી મગનલાલને ૨૫–૬, ૯૨, ૯૪, ૧૨૨, ૧૩૯, ૧૪૨–૩, ૧૬૮, ૨૮૨–૩, ૩૬૩; ૦ગાંધી મગનલાલને, તેનો અંશ ૨, ૮૪, ૧૪૫; ૦ગાંધી મણિલાલને ૨૧૮, ૨૭૯, ૨૮૧, ૪૪૩; ૦ગાંધી હરિલાલને ૧૧૨–૩, ૧૩૩–૪, ૧૪૪–૫, ૨૬૨–૩, ૩૩૦, ૩૩૩–૪, ૩૪૮, ૪૫૪–૫, ૪૮૩–૪; ૦ગાંધી હરિલાલને, તેનો અંશ ૧૯૫, ૨૬૨–૩; ૦ગૃહમંત્રીને ૯૬, ૧૦૧–૨, ૧૫૪, ૩૦૧–૨, ૩૦૬; ૦ગોખલેને ૯૭–૮, ૧૨૮, ૨૦૩, ૨૦૬–૮, ૨૨૪, ૨૨૬–૭, ૩૧૨, ૩૧૬–૭, ૩૬૫–૭, ૩૭૬–૭, ૪૬૩–૪; ૦ચેગોરોસ્કીને ૨૫૭–૯, ૨૬૩; ૦છોટાભાઈને ૭૭; ૦તાતા રતનજહાંગીરને, જાહેર ૨૭૨–૫; ૦દેસાઈ મણિલાલ ઇચ્છારામને ૪૩૮; ૦નટેસન, જી. એ. –ને ૧૧૩–૪, ૧૧૫; ૦નાયકર અપ્પાસામીને ૬૦; ૦નૉક્સને ૯૯; –પટેલ રાવજીભાઈ મણિભાઈને ૨૨૧, ૨૫૧; ૦પૉલ એચ. એલ. ને ૧૫૧, ૪૭૩; ૦પોલાક એચ. એસ. એલ. ને ૭૯–૮૧; ૦પોલાક, મૉડને, તેનો અંશ ૫–૭; ૦મનસુખને ૩૧૧; ૦મહેતા, ડૉ. પ્રાણજીવનદાસને ૮૧–૪, ૧૫૨–૩, ૧૬૦, ૧૬૩–૪, ૧૭૨–૩, ૧૯૬, ૨૦૦–૨, ૨૧૩, ૨૧૫, ૨૬૮–૯; ૦મહેતા, ડૉ. પ્રાણજીવનદાસને, તેનો અંશ ૧૩૨–૬; ૦રજિસ્ટ્રાર, એશિયાઈઓના, તેમને ૧૦૬–૭, ૧૬૧–૨, ૩૦૫, ૩૧૨–૩, ૩૨૩; ૦રિચ, એલ. ડબ્લ્યુ.ને ૪, ૬–૮, ૮–૯, ૯–૧૦, ૧૨–૩, ૧૭–૮, ૧૮, ૨૩–૪, ૨૪, ૨૬, ૨૭–૮, ૨૮–૯, ૨૯–૩૦, ૩૫–૬, ૪૧–૨, ૪૮, ૪૯, ૫૦–૧; ૦લેન, ઈ. એફ. સી. ને ૧૦–૧, ૧૫, ૪૯–૫૦, ૫૩–૫, ૬૪–૭, ૭૬–૭, ૨૨૩, ૨૪૧–૩, ૨૫૬–૭, ૨૬૪–૫, ૨૭૭, ૨૮૦, ૨૮૬, ૨૮૭, ૨૯૫; ૦વેસ્ટ, એ. એચ. ને ૨૧૭, ૨૨૦–૧; ૦શાસ્ત્રી વી. એસ. શ્રીનિવાસને ૩૫૯–૬૦; ૦તેનો અંશ ૧૭૫, ૨૧૯; ૦સેક્રેટરી, ગૃહમંત્રીના, તેમને ૩૧૪–૫; ૦સ્પૉર્ટિંગ સ્ટારને ૨૮૩
પત્ર, નાતાલ ઇન્ડિયન કૉંગ્રેસનો, પ્રેટોરિયા, ગિરમીટિયાના, તેમને ૫૫–૬
પબ્લિક સર્વિસ કમિશન ૩૨૮
પરદેશી ખાવાની વસ્તુઓ વાપરવા વિષે ગાંધીજી ૨૬૧–૨
પરવાના દુકાનદારોના, તે આપવાની સત્તા પ્રાન્તિક કાઉન્સિલને મળશે ૪૪૯; ૦વેપારીના, તે બાબત

Gandhi Heritage Portal

નાતાલ ઇન્ડિયન ટ્રેડર્સ લિ.ની ટાઉન કાઉન્સિલને અપીલ ૧૦૦–૧
પરિપત્ર પાઉન્ડ ૩ના કર વિષે ૨૧૬
પશ્ચાત્તાપ વિષે ગાંધીજી ૪૮૩–૪
પંચ ૧૨૬
પંચીકરણ ૧૧૩
પાઇવેલ, મિસિસ ૨૮૧
પાટીદાર એસોસિયેશન ૩૪૯
પારસી, જીવણજી ૧૬૩
પારસી, રુસ્તમજી ૬૦, ૬૪, ૬૬, ૧૬૩, ૧૭૪, ૨૦૫, ૨૦૬, ૨૦૯ પા. ટી., ૩૩૭, ૩૩૮, ૩૭૬, ૩૮૦, ૩૮૨, ૩૮૮, ૩૯૧, ૩૯૪, ૩૯૯, ૪૦૦, ૪૦૭, ૪૦૮, ૪૧૦, ૪૧૨, ૪૧૮, ૪૨૭; ૦ફિનિક્સના ટ્રસ્ટી તરીકે ૩૩૮
પાર્લમેન્ટ, બ્રિટિશ ૨૨, ૨૧૭ પા. ટી.
પિટીટ, જહાંગીર બોમનજી ૧૭૪, ૨૦૪ પા. ટી., ૨૦૭ પા. ટી., ૨૭૩, ૩૭૬; –એ પાઉન્ડ ૪૦૦ મોકલ્યા ૪૬૪
પિટીટ, મિસિસ નઈજી જહાંગીર ૨૦૪
પિલ્લે, વેદીઅમ ૫૭
પિલ્લે, સી. કે. ટી. ૩૬૩
પીસ પ્રિઝર્વેશન સર્ટિફિકેટ ૬૫, ૧૨૦ પા. ટી., ૧૬૧
પેન્ટલેન્ડ, લૉર્ડ ૮૧ પા. ટી.
પૈસા –ના અંગત ઉપયોગ વિષે ગાંધીજી ૨૨૭
પોકિંગહૉર્ન, જે. એ. ૨૮૯
પોર્ટર, ડૉ. સી. ૨૩૭ પા. ટી., ૨૩૯, ૩૨૨, ૩૭૭, ૩૭૯, ૩૮૭
પૉલ, એચ. એલ. ૩૬૩; –ને ગાંધીજીનો પત્ર ૧૫૧, ૪૭૩
પૉલ, એંગી ૧૫૧
પૉલ, ક્લેમેન્ટ નું મૃત્યુ ૪૭૩ પા. ટી.
પૉલ ટેક્સ જુઓ માથાવેરો
પોલાક, એચ. એસ. એલ. ૭ પા. ટી., ૧૭, ૨૩, ૨૭, ૩૦, ૬૦ પા. ટી., ૭૪, ૭૫, ૮૨, ૮૩, ૮૫, ૮૬, ૮૭, ૯૮, ૯૯, ૧૧૧, ૧૧૪, ૧૧૮, ૧૩૧, ૧૩૨, ૧૫૦, ૧૬૩, ૧૬૪, ૧૬૫, ૧૭૩, ૧૯૭ પા. ટી., ૨૦૪, ૨૦૭, ૨૨૪, ૩૧૮, ૩૧૯, ૩૩૦, ૩૩૩, ૩૩૪, ૩૩૫, ૩૫૫, ૩૭૬, ૩૮૪, ૩૮૬, ૩૮૭, ૩૯૮, ૪૧૪, ૪૧૫, ૪૧૬, ૪૧૭, ૪૨૦, ૪૬૫, ૪૮૦, ૪૮૬; ૦અને રિચ સાથેના વિચારભેદ વિષે ગાંધીજી ૧૭૩; –એ કોમને ખાતર પત્નીનો વિયોગ વેઠ્યો ૧૧૧; ૦એંગ્લો–ઇન્ડિયન જેવા બની નય તેવું ગાંધીજી માનતા નથી ૧૬૪–૫; –ની પ્રવાસી કાનૂનનો સહાનુભૂતિપૂર્વક અમલ કરવાની વિનંતી ૪૩૯ પા. ટી.; –ની વિલાયત જવા રવાનગી ૭૫, ૮૫–૬; –ને ગાંધીજીનો તાર ૩૫, ૬૦; –ને ગાંધીજીનો પત્ર ૭૯–૮૧; –ને વિદાયમાનમાં સાદું ખાણું ૮૬; –નો ગજ્જરના કેસ અંગે પત્ર ૪૪૦; –નો દયાળ ભાઈઓના ટ્રાન્સવાલમાં પ્રવેશવાના હક અંગે પત્રવ્યવહાર ૪૩૯; ૦હિંદી રાષ્ટ્રીય કૉંગ્રેસમાં ૨૩૫–૬
પોલાક, મિસ મૉડ ૮, ૪૯, ૧૫૩ પા. ટી., ૩૦૭, ૩૧૨, ૩૭૮, ૩૭૯, ૩૮૧, ૩૮૪, ૩૯૧, ૩૯૨, ૩૯૩, ૩૯૭, ૪૦૦, ૪૦૨, ૪૦૩, ૪૦૪, ૪૦૭, ૪૦૯, ૪૧૦, ૪૧૭, ૪૨૦, ૪૩૦; –ને ગાંધીજીના પત્રનો અંશ ૫–૬
પોલાક, મિસિસ મિલી ગ્રેહામ ૭૪, ૮૩, ૮૭, ૯૯, ૧૧૪, ૨૦૪, ૩૩૩, ૩૩૪, ૩૩૫, ૩૮૪, ૪૧૮
પ્રગતિવાદી પક્ષ ૯ પા. ટી.
પ્રતિનિધિમંડળ ૨૯, ૩૬, ૫૯, ૭૯ પા. ટી.; ૦નહીં મોકલવાનો હિંદીઓની જાહેર સભાનો ઠરાવ ૭૪; ૦સૂચવાયેલું, તેનું સ્મટ્સને નિવેદન ૧૦૩–૪
પ્રદર્શન દેશી ઉદ્યોગોનું, ડરબનમાં ભરાયું ૧૩૯
પ્રવાસી કાનૂનનો સહાનુભૂતિપૂર્વક અમલ કરવાની પોલાકની વિનંતી ૪૩૯ પા. ટી.
પ્રહ્લાદ ૧૦૯, ૨૫૧; ૦આદર્શ સત્યાગ્રહી ૧૬૫ પા. ટી.
પ્રાન્તિક કાઉન્સિલ ૪૫૦
પ્રાન્તિક પરિષદ, મદ્રાસની, તેને ગાંધીજીનો તાર ૮૬
પ્રિટોરિયા ન્યૂસ ૧૭૩ પા. ટી.
પ્રેટલી, ટી. ૩૫૩ પા. ટી.
પ્રેટોરિયસ, ગિરમીટિયાના ૫૫, ૬૭, ૨૮૯; ૦તેમના પર નાતાલ ઇન્ડિયન કૉંગ્રેસનો પત્ર ૫૫–૬; ૦તેમનો પત્ર ૫૩; ૦રક્ષણ આપવાને અશક્ત ૨૮૯, ૨૯૦
પ્રોહિબિટેડ ઇમિગ્રન્ટ ૧, ૨૭૪
પ્લેગ, પોઇન્ટ બંદરમાં ૨૪૦

ફકીરાભાઈ (વીર ફકીરા) ૩૮૦
ફર્ગ્યુસન કૉલેજ ૩૨૬, ૩૫૨
ફાતિમા ૪૧૦
ફાર્મ કેપિટલ એકાઉન્ટ ૨૭૨
ફિનિક્સ ૧૮, ૮૩, ૮૪, ૯૪, ૧૩૨, ૧૩૩, ૧૩૪, ૧૩૯, ૧૪૨, ૧૪૩, ૧૪૭, ૧૬૨, ૧૬૫ પા. ટી., ૧૭૨, ૧૭૩, ૧૯૬, ૧૯૭, ૨૦૧, ૨૦૬, ૨૨૦ પા. ટી., ૨૪૦ પા. ટી., ૨૫૧, ૩૧૭, ૩૩૩,

Gandhi Heritage Portal

૩૬૩, ૩૬૮, ૩૭૬, ૩૭૭ પા. ટી., ૩૮૦, ૪૦૫, ૪૧૪, ૪૧૫, ૪૨૬, ૪૨૭, ૪૫૪, ૪૮૫; –નું ટ્રસ્ટ ડીડ ૩૩૭–૪૧; –નું ટ્રસ્ટ ડીડ. તે વિષે ગાંધીજી ૩૪૧–૨, ૩૪૪–૫; –માં રહેવા માટેના નિયમો ૨૨૧; ૦શાળા ૭૭
ફિનોટ ૨૭, ૪૨
ફિન્ડલે, જે. એચ. એલ. ૩૬૨
ફિલિપ્સ, મિસિસ ૫૧
ફિલિપ્સ, રેવ. ચાર્લ્સ ૨૪, ૨૮, ૫૧, ૨૦૨
ફિશર, અબ્રાહમ ૩૧૬, ૩૧૭, ૫૦૦; –ને ગોખલે મળ્યા ૩૭૦ પા. ટી.
ફિટ્ઝ પેટ્રિક, સર પર્સી ૩૬૧
ફીજીનો ગિરમીટિયા કાયદો, તેમાં ફેરફાર કરવાની શક્કર ધમોલાના ગોરા માલિકોનો ઠરાવ ૪૬૧
ફ્રેન્સી ૩૯૧, ૪૦૩, ૪૧૦, ૪૧૭
ફ્રેરનોંધણી ૧૧ પા. ટી.
ફ્રર, સર જ્યોર્જ ૯

બકલ ૪૯૭
બદ્રી ૨૮૨, ૩૮૦, ૩૮૧, ૩૮૨, ૩૮૫, ૩૯૪
બનારસ કૉલેજ ૮૨
બંગાળી ૪૬૯
બંગાળના ભાગલા ૩૨૭
બા બહુઓ ગાંધી કસ્તૂરબા
બાઇબલ ૨૨
બુકાનન, સર જૅન ૧૯૮, ૧૯૯
બુલ, સર ડબ્લ્યુ. ૨૧૭ પા. ટી.
બૅનરજી, પ્રમથનાથ ૪૬૧
બૅનરજી, સુરેન્દ્રનાથ ૧૫૨ પા. ટી.
બેન્નમિન ૫૨
બેન્સ ૨૧૦
બૅરટ ૨૭
બેરી, સર બિસેટ ૬
બેસંટ, મિસિસ એની ૮૧, ૮૨
બોઅર યુદ્ધ (લડાઈ) ૬ પા. ટી., ૭ પા. ટી., ૯૬, ૧૨૬ પા. ટી., ૨૧૬ પા. ટી.
બોઝ ૧૭૪
બોઝ, એસ. ૨૦૭, ૨૦૮
બોથા, ક્રિશ્ચિયન ૧૪, ૧૫
બોથા, જનરલ લુઈ ૬, ૭ પા. ટી., ૨૩ પા. ટી., ૧૭૫, ૨૫૪, ૪૨૩, ૪૮૭, ૪૮૮; ૦અને હરઝોગ, જનરલ વચ્ચે ખટરાગ ૪૫૬; –એ એશિયાઈ વિરોધી કાયદા પસાર કરાવ્યા ૬ પા. ટી.; –એ કેળવાયેલા હિંદીઓના પ્રવેશ સામે વાંધો લીધો ૬ પા. ટી.; –એ સત્યાગ્રહીઓને આડકતરું માન આપ્યું ૧૭૫; –ને ગોખલે મળ્યા ૩૭૦ પા. ટી.; –નો સંઘ ઇમિગ્રેશન રિસ્ટ્રિક્શન બિલમાં સુધારો ૧૭; –મંત્રીમંડળમાંથી હરઝોગ, જનરલ નીકળી જવાથી આંતરિક મુશ્કેલી ઊભી થઈ ૪૬૪
બૉનર, મિસિસ એચ. બી. ૨૨
બ્રહ્મચર્ય ૨૨૧
બ્રિટિશ ઇન્ડિયન ઍસોસિયેશન (બ્રિટિશ હિંદી સંઘ) ૩ પા. ટી., ૪ પા. ટી., ૫ પા. ટી., ૧૪ પા. ટી., ૧૫, ૧૭, ૪૯, ૫૦, ૫૮, ૬૯, ૭૦, ૭૧, ૭૨, ૭૩, ૭૫, ૭૯ પા. ટી., ૯૬, ૧૦૧, ૧૦૨, ૧૦૩ પા. ટી., ૧૦૯, ૧૧૬, ૧૨૩, ૧૩૬, ૧૩૮, ૧૫૫, ૧૫૬, ૧૬૧, ૨૩૦, ૨૬૬, ૨૯૨ પા. ટી., ૩૦૫, ૩૨૮, ૩૪૯, ૩૫૬, ૩૬૫ પા. ટી., ૪૭૭, ૪૭૯, ૫૦૦; ૦તરફથી કૅલનબૅકને માનપત્ર ૧૪૬; –ની સુવર્ણ કાનૂન અંગે અરજી ૮૫; –ને ગાંધીજીનો તાર, ૪૮; –નો રિચ અંગે મહત્ત્વનો ઠરાવ ૧૫૭; –નો સંઘ ઇમિગ્રેશન રિસ્ટ્રિક્શન બિલમાં ફેરફાર ન થાય તો આંદોલન ચાલુ રાખવાનો ઠરાવ ૫૦
બ્રિટિશ ઇન્ડિયન કમિટી ૪૪૬ પા. ટી.
બ્રિટિશ ઇન્ડિયન યુનિયન ૨૫૪; –ને ગાંધીજીનો તાર ૨૫૦; ૦કેપનું ૨૪૫, ૨૫૫; ૦કેપનું, તેની સભાના ઠરાવો ૨૫૨, ૨૫૪
બ્રિટિશ ઇન્ડિયન રિસેપ્શન કમિટી ૧૨૨
બ્રિટિશ બંધારણ મુજબ દરેક પ્રજાજન બીજા કોઈ પ્રજાજન જેટલો જ સ્વતંત્ર હોવો જોઈએ ૧૨૮, ૧૨૯
બ્રિટિશ હિંદીઓનો સવાલ ૪૯૩ પા. ટી.
બ્રૅડલૉ, ચાર્લ્સ ૮૧ પા. ટી.; –એ બાઇબલના કસમ ખાવાની ના પાડી ૨૨
બ્લૅવેટ્સ્કી, હેલિના પેટ્રોવ્ના ૮૨

ભગુ ભીખા ૧૨૧ પા. ટી.
ભટ્ટ, અંબારામ ૧૪૭
ભર્તૃહરિ શતક ૧૫૫
ભવાની દયાળ –ના ટ્રાન્સવાલમાં પ્રવેશવાના અધિકાર અંગે પોલાકનો ગૃહમંત્રી સાથે પત્રવ્યવહાર ૪૩૯; –નો કેસ ૪૭૯
ભાયાત, આમદ મૂસા ૬૫૫, ૩૮૦, ૩૮૧, ૩૮૭, ૩૮૮, ૪૦૧, ૪૦૨, ૪૦૪; –નો કેસ ૩૦૯–૧૧
ભાયાત, મિસિસ સાલેમી ૩૭૮

Gandhi Heritage Portal

ભારત સેવક સમાજ ૩૭૩
ભાવનગરી, સર મંચેરજી ૨૦૪
ભાષણ ૦કૅલનબૅકનું, માનપત્રના જવાબમાં ૧૪૯; ૦ગાંધીજીનું કિમ્બર્લીમાં ૫૭–૯; ૦કિમ્બર્લીમાં, ગોખલેના સત્કાર સમારંભ પ્રસંગે ૩૫૨–૩; ૦કેપટાઉન સિટી હૉલમાં ૩૫૧–૨; ૦જોહાનિસબર્ગમાં, બ્રિટિશ ઇન્ડિયન ઍસોસિયેશને યોજેલા ભોજન સમારંભ પ્રસંગે ૩૫૮–૯; ૦ડરબનમાં ૩૬૧–૨; ૦ડરબનમાં ભોજન સમારંભ પ્રસંગે ૩૬૨; ૦પ્રિટોરિયામાં ૩૬૨; ૦મૅરિત્સબર્ગમાં ૩૬૦–૧; ૦લૉરેન્સો માર્કમાં યોજાયેલા સત્કાર સમારંભ પ્રસંગે ૩૬૪; ૦હમીદિયા ઇસ્લામિક સોસાયટી હૉલમાં ૩૨૮–૯; ૦ચેટિયારના માનમાં ૩૧૩; ૦જોહાનિસબર્ગના મેળાવડામાં ૭૩; ૦ફેડરેશન હૉલ અંગે ૩૨૮–૯; ૦મેઢ સુરેન્દ્રનાથ અને દેસાઈ પ્રાગજીની વિદાય સભામાં ૨૬૮; ૦હાજીના માનમાં ૨૬૩–૪
ભીખજી ૫૧
ભીખાજી ૫૧
ભીખા મંગા ૫૫
ભોજે ભગત ૮૨

મઝરૂલ હક ૪૬૦
મણિરત્નમાલા ૧૧૩
મણિલાલ, ડૉ. ૧૭૨, ૧૭૫, ૧૯૫, ૨૦૦, ૨૦૧, ૨૦૨, ૨૦૩, ૨૧૫, ૨૩૫, ૩૧૧, ૩૧૫ પા. ટી., ૩૨૧, ૩૮૩, ૩૯૮, ૩૯૯, ૪૦૨, ૪૦૩, ૪૦૬, ૪૦૯, ૪૧૦, ૪૧૬
મદનજિત ૪૬૧
મદ્રાસ સ્ટાન્ડર્ડ ૨૦
મધોલકર, રંગનાથ નરસિંહ –એ હિંદી રાષ્ટ્રીય કૉંગ્રેસના પ્રમુખ તરીકે દક્ષિણ આફ્રિકાના હિંદીઓની સ્થિતિનું બ્યાન કર્યું ૪૬૦
મનસુખ –ને ગાંધીજીનો પત્ર ૩૧૧
મફત ફરજિયાત શિક્ષણનું ગોખલેનું બિલ, વાઇસરૉયની કાઉન્સિલમાં રદ્દ થયું ૩૨૫
મરજિયાત રજિસ્ટર ૬૫ પા. ટી.; –નો નાશ ૧૦૧ પા. ટી.
મરણ અને પછીની અવસ્થા ૮૧
મરિયમ –ને ઇમિગ્રેશન અમલદારે અટકાવી ૪૯૫
મરે, ડૉ. ૩૨૪
મલે લોકેશન ૪૯૭
મહમદ છોટાભાઈનો દીકરો ૮૬
મહમદખાન ૫૧
મહમદ હાફેજી ૩૭૮
મહંમદ મૂસા વિ. ઇમિગ્રેશન અધિકારી કેસ ૨૫૬ પા. ટી.
મહાજન સભા, મદ્રાસ –નાં સત્યાગ્રહની જીત માટે અભિનંદન ૮૬ પા. ટી.
મહાત્મા ગાંધીના પત્રો ૨૫૧ પા. ટી.
મહાન યુદ્ધ ૭ પા. ટી.
મહાભારત ૧૫૨ પા. ટી.
મહારાજ લાયબલ કેસ ૪૨૫
મહેતા, છગનલાલ ૧૬૫
મહેતા, છબીલદાસ ૨૮૧ પા. ટી.; –નાં પત્ની ૨૮૧
મહેતા, જયકુંવર (જેકી) ૨૦૧, ૨૦૨ જુઓ જેકીબહેન
મહેતા, ડૉ. પ્રાણજીવનદાસ ૮ પા. ટી., ૨૭, ૪૨, ૬૩, ૮૪, ૯૨ પા. ટી., ૯૫, ૧૬૨, ૧૭૨ પા. ટી., ૨૨૦ પા. ટી., ૨૩૫ પા. ટી., ૨૫૫, ૩૩૭, ૩૩૮, ૩૪૮ પા. ટી., ૩૮૪, ૪૮૪; –ને ગાંધીજીનો પત્ર ૮૧–૪, ૧૫૨–૩, ૧૬૦, ૧૬૩–૪, ૧૭૨–૩, ૧૯૬–૭, ૨૦૦–૨, ૨૧૩, ૨૧૫, ૨૬૮–૯; ૦અંશ ૧૩૨–૬; –ને ફિનિક્સ માટે પા. ૧,૦૦૦નું ખર્ચ કરવા દેવાની ગાંધીજીની વિનંતી ૧૩૩; –નો ગાંધી મગનલાલ કે બીજાને વિલાયત મોકલવાનો વિચાર ૨; ૦ફિનિક્સના ટ્રસ્ટી તરીકે ૩૩૮
મહેતા, નરસિંહ ૮૨, ૧૬૩, ૧૬૮, ૧૬૯
મહેતા, ફિરોજશાહ મેરવાનજી ૨૦૪ પા. ટી., ૪૬૯
માતૃભાષા દ્વારા શિક્ષણ વિષે ગાંધીજી ૩૬૭
માથાવેરો (પોલ ટૅક્સ) ૨૧૦; ૦નાતાલનો ૩૪; ૦નાતાલનો, તેમાંથી ગોરાઓને મુક્ત કરવાનું બિલ ૧૬
માનપત્ર કૅલનબૅકને, બ્રિટિશ ઇન્ડિયન ઍસોસિયેશન તરફથી ૧૪૬; ૦ગાંધીજીને, કિમ્બર્લીમાં મળ્યું ૫૭; ૦વેગલ મિસિસને ૨૧૪
માલ, એચ. ૧૫૭
માલવિયા, પં. મદનમોહન ૨૦૭, ૪૬૦
માલિક–નોકર કાનૂન (માસ્ટર્સ ઍન્ડ સર્વન્ટ્સ ઍક્ટ) ૨૦૯
માસ મીટિંગ ઑમ્પાયર થિયેટરની, તેમાં હિંદીઓએ પ્રતિજ્ઞા લીધી ૧૧૬ પા. ટી.
મિલ્ટન ૪૩૬
મિલ્નર, લૉર્ડ ૩૦૨ પા. ટી.
મિશ્ર શાળાઓ વિષે વાઇબર્ગ, મિસિસનો લેખ ૨૨૫
મુડાલી, એન. ની અપીલ કાઢી નાખવામાં આવી ૨૫૯ પા. ટી.
મુલાં ઇસ્માઈલ આમદ ૧૫૬
મુલાકાત ગાંધીજીની : ૦ઇવનિંગ ક્રૉનિકલને ૨૩૯–૪૦; ૦કેપ આર્ગસને ૩૫૦; ૦ટ્રાન્સવાલ લીડરને ૩૨૪–૫;

Gandhi Heritage Portal

ઓ ટ્રાન્સવાલ લીડરને, ગોખલે વતી ૩૫૭–૮; ઓ રૂટરને ૧૦૫; ઓ સ્ટારને ૬૧–૨; ઓ સ્મટ્સને ૭૬; ઓ સ્મટ્સને, તેનો સાર ૪૫–૭; ઓ ગાંધી–સ્મટ્સ ૨
મુલ્લા ૨૯૩
મુસલમાનની પત્નીઓ ૩૪૫
મુસ્લિમ રિવાજ પ્રમાણે પરણેલી સ્ત્રી અને સંઘ ઇમિગ્રેશન રિસ્ટ્રિક્શન બિલ ૪૯૪; –ના લગ્નને મૅજિસ્ટ્રેટે કાયદેસર ન ગણ્યું ૪૯૫
મુસ્લિમ વસિયતનામું ૫૦૧
મુસ્લિમ સ્ત્રીના વારસા અધિકાર અંગે મહત્ત્વનો ચુકાદો ૫૦૧
મુંબઈ ઇલાકામાં ખોરાકની તંગી ૨૩૫ પા. ટી.
મુંબઈની નહેર સભા ગોખલેના માનમાં મળી ૩૭૦
મુંબઈની પ્રાન્તિક ધારાસભા ૩૨૬
મુંબઈના શેરિફ –એ ગોખલેના માનમાં મુંબઈમાં મીટિંગ બોલાવી ૪૫૪ પા. ટી.; –ની સભામાં બ્રિટિશ સંસ્થાનોના હિંદીઓના સવાલની ચર્ચા ૩૧૮–૯
મુંબઈ સમાચાર ૪૫૪
મૂરખરાજ અને તેના ભાઈઓ ૧૭૬–૯૫
મૂરખરાજ (મૂર્ખો) ૧૭૭, ૧૭૯, ૧૮૦, ૧૮૧, ૧૮૨, ૧૮૩, ૧૮૪, ૧૮૫, ૧૮૬, ૧૮૭, ૧૮૮, ૧૮૯, ૧૯૧, ૧૯૨, ૧૯૩, ૧૯૪, ૧૯૫
મૅકડોનેલ, જનરલ ઇરોલ ૩૬૪ પા. ટી.
મૅકનેબ, ડૉ. ૩૧૩
મૅકિન્ટાયર, ડબ્લ્યુ. જે. ૩૭
મેઢ, બાપુભાઈ દોલતભાઈ ૪૨૯
મેઢ, સુરેન્દ્રનાથ બાપુભાઈ ૫૯, ૬૬, ૭૫, ૧૦૩, ૧૧૧, ૧૩૪, ૧૬૯, ૨૬૮, ૨૭૪, ૩૪૮, ૩૭૭, ૩૮૨, ૩૮૩, ૩૮૫, ૩૮૬, ૩૮૭, ૩૮૮, ૩૮૯, ૩૯૧, ૪૦૦, ૪૦૬, ૪૧૭, ૪૧૯, ૪૨૮, ૪૫૪; –ના વિદાય સમારંભમાં ગાંધીજીનું ભાષણ ૨૬૮
મેમી ૫૧
મેરીમૅન, જૉન ઝેવિયર ૪૦, ૩૧૭, ૩૬૧, ૪૮૭
મેસન, જસ્ટિસ ૫૪ પા. ટી., ૩૦૯ પા. ટી.
મો. ક. ગાંધી અને દક્ષિણ આફ્રિકાનો સવાલ ૧૭૩ પા. ટી.
મોઝીઝ ૧૦૯
મોરારજી ૫૧
મોર્લી, લૉર્ડ ૭ પા. ટી.
મૉલિન્યૂક્સ, મિ. ૧૦૦, ૧૦૧
મોંઘી (મૂંગી) ૧૭૭, ૧૭૮, ૧૯૪
મ્યુનિસિપલ ઑર્ડિનન્સ ડ્રાફ્ટ ૨૨૯ પા. ટી., ૨૩૮
મ્યુનિસિપલ મતાધિકાર ૨૩૮
મ્યુરિસન, ડૉ. ૧૫૦, ૧૫૧; –નો રિપોર્ટ ૪૫૧; –નો હિંદી કોમ પર આક્ષેપ ૨૯૬–૭, ૩૦૩, ૩૦૪

યિડિશ ભાષા ૧૯૮
યુનાઇટેડ બર્મા ૪૬૧ પા. ટી.
યુનિવર્સલ રેસીસ કૉંગ્રેસ ૧૬૪
યુરાફ્રિકનો ૩૨૪
યુરોપિયન કમિટી ૧૧૯, ૧૪૬, ૩૪૯
યોરોડક્સું કોહો ૨૦

રજવાડાની રૈયત પર વડી સરકારને મનવારોની ભેટથી માથા દીઠ આઠ રૂપિયાનો બોજ પડશે ૪૩૨
રત્નમ્, પત્તર ૩૮૮, ૪૦૮, ૪૧૬; –ને બારિસ્ટર બનવા માટે મુબારકબાદી ૨૭૦–૧
રસૂલબાઈ, આદમજીની પત્ની, ને ડરબનના ઇમિગ્રેશન અધિકારીએ સ્ટીમરમાંથી ઊતરવા ન દીધી ૧૩૬ પા. ટી.; –નો કેસ ૧૩૮
રસૂલ સરકુદીન ૧૦૬
રસ્કિન, જૉન ૩૩૮
રંગદ્વેષનો ગોખલેને અનુભવ થયો ૩૪૭
રંગભેદ નવા ઇમિગ્રેશન બિલમાં રદ કરવો જોઈએ ૬૧
રાજકુમાર ૧૧૨
રાજચંદ્ર, કવિ ૨ પા. ટી., જુઓ રાયચંદભાઈ
રાનડે, જસ્ટિસ, મહાદેવ ગોવિંદ ૩૨૬
રામચરન ૧૧૨
રામનાથન ૩૬૦
રામાયણ ૧૧૩, ૧૬૬ પા. ટી.
રાયચંદભાઈ ૧૧૩; જુઓ રાજચંદ્ર, કવિ
રિચ, લુઈસ વૉલ્ટર ૩, ૪ પા. ટી., ૭ પા. ટી., ૮ પા. ટી., ૧૦ પા. ટી., ૩૦ પા. ટી., ૩૪, ૫૧, ૭૪, ૭૫, ૮૨, ૮૫, ૯૭, ૧૦૮, ૧૧૮ પા. ટી., ૧૩૪, ૧૩૭, ૧૪૯, ૧૫૩, ૧૫૪, ૧૫૫, ૧૫૬, ૧૭૨, ૧૭૩, ૨૨૪, ૩૦૯, ૩૧૦, ૩૧૯, ૩૩૭, ૩૩૯, ૩૮૦, ૩૮૩, ૩૮૬, ૩૮૭, ૩૮૮, ૩૯૦, ૩૯૧, ૩૯૨, ૩૯૬, ૪૦૧, ૪૦૩, ૪૦૪, ૪૦૬, ૪૦૯, ૪૧૦, ૪૮૬; ઓ અને પોલાક સાથેના વિચારભેદ વિષે ગાંધીજી ૧૭૩; ઓ અંગે બ્રિટિશ ઇન્ડિયન ઍસોસિયેશનનો મહત્ત્વનો ઠરાવ ૧૫૭; –ને ગાંધીજીનો પત્ર ૪, ૬–૮, ૮–૯, ૯–૧૦, ૧૨–૩, ૧૭–૮, ૧૮, ૨૩–૪, ૨૪, ૨૬, ૨૭–૮, ૨૮–૯, ૨૯–૩૦, ૩૫–૬, ૪૧–૪, ૪૮, ૪૯, ૫૦–૧; –ને ગાંધીજી પોતાનું વકીલાતનું કામ સોંપશે ૬૧; –ને હિંદીઓની સભાનો ટેકો ૧૫૫–૬;

Gandhi Heritage Portal

૦૫૨ નોટિસ ૧૫૩; ૦પ્રત્યે સન્માન વ્યક્ત કરતો કેપટાઉન સભાનો ઠરાવ ૩; ૦ફિનિક્સના એક ટ્રસ્ટી તરીકે ૩૩૮
રિચ, હેરલ્ડ ૧૭, ૫૧
રિટર્ન ટુ નેચર (કુદરત તરફ પાછા વળો) ૪૬૪
રિલિજિયસ પ્રૉબ્લેમ્સ ઇન ઇન્ડિયા (હિંદમાં ધાર્મિક સવાલ) ૮૧ પા. ટી.
રૂટર ૪૩૦ પા. ટી., ૪૩૧; –ને ગાંધીજીએ મુલાકાત આપી ૧૦૫
રૅન્ડ ડેલી મેલ, ધિ ૧૭૫, ૧૯૮, ૨૨૯ પા. ટી.
રેલવે રેગ્યુલેશન્સ ઍક્ટ, ૧૯૦૮નો ૧૧૮ પા. ટી.
રેવાશંકર ૪૨૦, ૪૨૬
રેસ પ્રેજ્યુડિસ ૨૭
રૉબિન્સન, જૅન ૨૪૭
રૉબિન્સન, ટી. બી. ગિરમીટિયાને પીડતો તેમનો માલિક ૬૮
રૉબિન્સન, સી. પી. ૯
રૉયપેન, જૅસફ ૩૭, ૫૨, ૬૫, ૬૬, ૮૨, ૯૩, ૧૧૨, ૧૭૪, ૪૦૮, ૪૧૦; –ને માન આપવાનો મેળાવડો ૭૩, ૭૪

લગ્ન, બિનખ્રિસ્તીઓનાં ૦વિષે સુપ્રિમ કોર્ટનો ચુકાદો ૫૦૧
લંડન પક્ક ૨૯૭ પા. ટી.
લાઇસન્સ ૦અંગે ડરબનનો કેસ ૭૮; –નો કાયદો ૯૦; ૦ફીમાંથી હિંદી સ્ત્રીઓની મુક્તિની જોગવાઈ ૨૧૦–૧
લાઇસન્સિંગ બિલ નાતાલનું ૯૦ પા. ટી.
લાલા લજપતરાય ૪૬૦–૧
લીગ ઑફ ઑનર ૧૩૧, ૧૩૨
લેટર્સ ઑફ શ્રીનિવાસ શાસ્ત્રી ૩૬૦
લેડબીટર ૮૧
લેન, ઈ. એફ. સી. ૪, ૮, ૯ પા. ટી., ૧૦, ૧૨, ૧૩ પા. ટી., ૧૪ પા. ટી., ૧૭ પા. ટી., ૨૩, ૨૬, ૨૭, ૩૫, ૪૧, ૫૦, ૮૮, ૯૩, ૯૬ પા. ટી., ૧૦૯, ૧૬૧ પા. ટી., ૩૮૦, ૩૮૧, ૩૯૨, ૩૯૬, ૩૯૭, ૩૯૯, ૪૦૨; –ને કાછલિયાનો પત્ર ૧૫; –ને ગાંધીજીનો પત્ર ૧૦–૧, ૧૫, ૪૯–૫૦, ૫૩–૬, ૬૪–૭, ૭૬–૭, ૨૨૩, ૨૪૧–૩, ૨૫૬–૭, ૨૬૪, ૨૭૭, ૨૮૦, ૨૮૬, ૨૮૭, ૨૯૫; –ને ટ્રાન્સવાલ લડતના સમાધાન માટે સૂચના ૧૦–૨.
લેપિન ૪૧, ૩૭૯
લેફૉય, બિશપ ૧૭
લેમિંગ્ટન, લૉર્ડ ૧૩૨, ૨૨૯, ૨૩૯ પા. ટી.
લૉટન ૩૪૩–૪, ૩૮૯, ૪૦૭, ૪૧૦, ૪૩૯ પા. ટી.
લૉ સોસાયટી ૧૮

વડી સરકાર (શાહી સરકાર) ૭૨, ૧૧૪, ૨૧૭, ૨૨૮, ૨૨૯, ૨૩૦, ૨૬૫, ૩૪૫, ૩૫૭; –ને નાતાલ ઇન્ડિયન કૉંગ્રેસની અરજી ૮૮–૯૧; –ને હિંદના રાજાઓ તરફથી મળનાર બે કરોડ દસ લાખની કિંમતની મનવારોની ભેટ ૪૩૨–૩
વર્કર ૨૨૫
વલી મહમદ નજરઅલી ૧૩૧
વંદે માતરમ્ નામનું લીગ સ્થપાયું ૭૫
વાઇસરૉય ૩૬૧; –ની કાઉન્સિલ ૪૮૭; –ની કાઉન્સિલમાં મફત ફરજિયાત શિક્ષણનું બિલ રજૂ થયું ૩૨૫
વાઈબર્ગ, મિસિસ –નો મિશ્ર શાળાઓ વિષે લેખ ૨૨૫
વાજ્ન ૧૫૭
વાલ્મીકિ રામાયણ ૩૭૮
વિટરબૉટમ, મિસ ૩૭૮, ૩૭૯, ૩૮૧, ૩૮૪, ૩૮૫, ૩૮૬, ૩૮૯, ૩૯૦, ૩૯૧, ૩૯૨, ૩૯૩, ૩૯૭, ૩૯૯, ૪૦૦, ૪૦૨, ૪૦૩, ૪૦૪, ૪૦૭, ૪૦૮, ૪૦૯, ૪૧૦, ૪૧૬, ૪૧૯
વ્રીડીડૉર્પના વાડાઓ જપ્ત કરવાની નોટિસ ૨૯૨
વ્રીડીડૉર્પનાં સ્ટૅન્ડ ૧૩૧
વ્રીડીડૉર્પ સ્ટૅન્ડ્ઝ ઍક્ટ, ૧૯૦૭ ૨૯૨ પા. ટી.
વ્રીડીડૉર્પ સ્ટૅન્ડ્ઝ ઑર્ડિનન્સ ૨૯૨ પા. ટી.
વીરજી ૨૭૯
વેપારી પરવાના –નો ગૂંચવાડાભરેલો સવાલ ૩૭૦
વેયર, વેન ૧૧૫
વેલબી કમિશન ૩૨૬
વેસલ્સ, જસ્ટિસ ૫૪ પા. ટી., ૨૬૬ પા. ટી., –નો આદમજીની પત્નીને ઊતરવા દેવા અંગેનો ચુકાદો ૧૩૬
વેસ્ટ, આલ્બર્ટ એચ. ૭૯, ૮૩, ૧૩૯, ૨૭૯, ૨૮૧, ૩૨૧, ૩૮૦, ૩૮૧, ૩૮૩, ૩૮૪, ૩૮૬, ૩૮૭, ૩૮૯, ૩૯૧, ૩૯૨, ૩૯૩, ૩૯૪, ૩૯૬, ૩૯૭, ૩૯૮, ૪૦૦, ૪૦૨, ૪૦૩, ૪૦૪, ૪૦૭, ૪૦૯, ૪૧૮; –ને ગાંધીજીનો પત્ર ૨૧૭, ૨૨૦–૧
વેસ્ટ, મિસ (એડા, દેવીબહેન) ૩૧૨, ૩૧૬, ૩૮૩, ૩૯૦, ૩૯૪, ૩૯૮, ૩૯૯, ૪૦૦, ૪૦૧, ૪૦૪, ૪૦૬, ૪૧૨, ૪૧૬, ૪૧૭, ૪૫૪, ૪૮૬
વેસ્ટ, મિસિસ ૩૯૪
વૈદ્ય, પ્રભુરામ ૧૬૮
વૉકર, ઑરિક ૬ પા. ટી., ૨૦૯ પા. ટી.

Gandhi Heritage Portal

વેાગલ, મિસિસ ૯૫, ૧૧૯, ૧૪૯, ૨૦૫, ૨૧૦ પા.ટી., ૩૭૯, ૩૯૨, ૪૦૬, ૪૫૦, ૪૬૪; –એ ગુજરી ભરી ૨૯૦; –ને માનપત્ર ૨૧૪
વેાસલુ ૪૦
વ્યાસ ૧૬૩, ૧૬૮
વ્યાસ, જયકૃષ્ણ ૧૬૩, ૧૬૮
વ્યાસ, જયશંકર ૩૧૫ પા. ટી.
વ્યાસ, મિસિસ વેણી ૩૧૫
વ્હાઈટ લીગ ૧૧૫

શતક ૪૪૩
શરફુદ્દીન ૫૧
શહેનશાહ ૨૧૪
શાસ્ત્રી, વી. એસ. શ્રીનિવાસ ૩૬૬; –ને ગાંધીજીનો પત્ર ૩૫૯–૬૦
શાહી કૉન્ફરન્સ જુઓ ઇમ્પીરિયલ કૉન્ફરન્સ
શાંતિ-રક્ષા ઑર્ડિનન્સ ૩૦૨ પા. ટી.
શાંતિ-રક્ષા પરમિટ ૧૦૬
શિવપૂજન ૩૮૮, ૩૯૦, ૩૯૬, ૩૯૮, ૪૦૦, ૪૦૪, ૪૧૩, ૪૧૪, ૪૧૫, ૪૧૬, ૪૧૭, ૪૨૮
શિક્ષણવિષયક પરીક્ષા (કેળવણીવિષયક પરીક્ષા-કસોટી) ૩ પા. ટી., ૮૯, ૨૪૨, ૨૪૩, ૨૫૦, ૨૫૫ પા. ટી., ૨૫૮, ૪૩૯ પા. ટી.; ૦એશિયાઈ ઓની, એક પ્રાન્તમાંથી બીજા પ્રાન્તમાં જનાર માટે ૨૪૨, ૨૪૩, ૨૫૩; ૦સંઘ ઇમિગ્રેશન રિસ્ટ્રિક્શન બિલ અનુસાર, તેની સામે બ્રિટિશ ઇન્ડિયન ઍસોસિયેશનની સભાનો વિરોધ ૨૫૨
શિક્ષિત ઇમિગ્રન્ટ (કેળવાયેલા પ્રવાસી) ૫૪, ૬૧, ૬૬, ૧૧૮ પા. ટી.
શિક્ષિત એશિયાઈઓને ડોમિસાઈલનો હક આપવા સામે ઑરેન્જ ફ્રી સ્ટેટના સભ્યોનો વિરોધ ૧ પા. ટી.; ૦હિંદીઓ ૨; ૦હિંદીઓ, ઓછામાં ઓછા છને શિક્ષણવિષયક પરીક્ષા પછી દાખલ કરવામાં આવશે ૬૯; ૦હિંદીઓ, છ કરતાં વધારે નહીં લેવાય ૧૧૦; ૦હિંદીઓ, છને રહેવાની છૂટ ૮૬; ૦હિંદીઓ સમાધાનથી હવે છૂટથી, કેપ કે નાતાલમાં આવી નહીં શકે ૧૧૧
શીતળા જોહાનિસબર્ગમાં ૨૩૭, ૨૩૯, ૨૪૦, ૨૪૧–૨; ૦અંગે હિંદીઓને અલગ રાખવા વિષે ગાંધીજી ૩૨૪–૫; ૦ફરી ફાટી નીકળ્યા ૩૨૨–૩, ૩૨૪
શેઠ, મિયાંખાન ૨૬૩
શેલત, ઉમિયાશંકર ૬૬, ૭૪, ૩૭૯, ૩૮૩, ૩૮૫, ૩૮૮, ૩૮૯, ૩૯૨, ૪૦૭, ૪૧૧, ૪૧૯, ૪૨૦, ૪૨૮
શૈક્ષણિક કસોટી જુઓ શિક્ષણવિષયક પરીક્ષા
શ્રાઈનર, મિસિસ ઑલિવર ૩૫૨, ૪૨૧
શ્રાઈનર, વિલિયમ ફિલિપ ૩૪, ૩૯, ૩૫૨
શ્રીકૃષ્ણ ૧૬૩, ૧૬૮, ૧૬૯
શ્રીયોગવાસિષ્ઠ રામાયણ ૧૧૩
શ્રુતલેખન ૨૪૩ પા. ટી.
શ્લેશિન, મિસ સૉન્જ ૧૨, ૨૭, ૪૨, ૫૯, ૧૪૯, ૨૦૫, ૨૧૪, ૨૯૦ પા. ટી., ૩૬૪ પા. ટી., ૩૭૬, ૩૭૮, ૩૭૯, ૩૮૦, ૩૮૧, ૩૮૨, ૩૮૩, ૩૮૪, ૩૮૫, ૩૮૬, ૩૮૭, ૩૮૮, ૩૮૯, ૩૯૦, ૩૯૧, ૩૯૨, ૩૯૩, ૩૯૪, ૩૯૫, ૩૯૬, ૩૯૭, ૩૯૮, ૩૯૯, ૪૦૦, ૪૦૧, ૪૦૨, ૪૦૩, ૪૦૪, ૪૦૭, ૪૦૮, ૪૦૯, ૪૧૦, ૪૧૧, ૪૧૨, ૪૧૩, ૪૮૪, ૪૮૬; –એ બીજા ડબામાં જવાની ના પાડી ૩૩૧

સકઈ, મિસિસ જમના ૨૦૪
સત્યાગ્રહ ૨, ૧૧, ૧૨, ૧૬, ૧૯, ૨૫ પા. ટી., ૩૩, ૩૪, ૩૬, ૫૦, ૫૨, ૫૪, ૫૭, ૫૮, ૬૪, ૬૯, ૭૦, ૭૩, ૭૪, ૭૬, ૮૬ પા. ટી., ૮૮, ૮૯, ૯૭, ૧૦૪, ૧૦૭, ૧૦૮, ૧૦૯, ૧૧૨, ૧૧૬, ૧૨૩, ૧૩૧, ૧૩૩, ૧૪૯, ૧૭૫, ૧૯૭ પા. ટી., ૧૯૯ પા. ટી., ૨૦૫, ૨૩૦, ૨૩૩, ૨૩૭, ૨૪૦ પા. ટી., ૨૯૩, ૨૯૪ પા. ટી., ૨૯૫, ૩૨૯, ૩૩૪, ૩૫૫, ૩૭૬, ૪૫૬; –એ કૅલન-બૅકના જીવનમાં પરિવર્તન આણ્યું ૧૪૯; –એ શું કર્યું? ૧૧૬–૨૧; –ની લડત અંગે તાતાએ આપેલી મદદનો ગાંધીજીએ તાતાને હિસાબ આપ્યો ૨૭૨–૬; ૦ફરી શરૂ કરવાની શક્યતા વિષે ગાંધીજી ૪૪૪; ૦ફંડ ૬૩; ૦સમાધાનથી સો ટચનું (સોનું) અંકાયો છે ૬૩
સત્યાગ્રહી ૧૦, ૪૩, ૪૪, ૪૬, ૫૦, ૫૪, ૫૭, ૫૮, ૬૨, ૬૪, ૬૫, ૬૬, ૬૯, ૭૬, ૭૭, ૮૦, ૮૩, ૮૮, ૯૩, ૯૬, ૯૮, ૧૦૩. ૧૦૫, ૧૦૬, ૧૦૭, ૧૦૮, ૧૦૯, ૧૧૦, ૧૧૧, ૧૧૫, ૧૨૪, ૧૩૧, ૧૪૮, ૧૪૯ પા. ટી., ૧૬૨, ૧૭૫, ૧૭૬, ૨૦૩, ૨૩૦, ૨૪૫, ૨૫૪, ૨૬૮, ૨૭૨, ૨૭૪, ૨૮૭, ૨૯૩, ૩૦૭, ૩૦૯, ૩૨૪, ૪૬૪, ૪૬૫; –ને કાઢલયાની સૂચના ૧૦૪–૫, ૧૦૭, ૧૧૦; ૦જેલ ભોગવતા તેમને છૂટા કરવાની વિનંતી ૧૦૧–૨; –ને બોથાનું આડકતરું માન ૧૭૫; ૦શિક્ષિત ૧૦૨
સમશેર બહાદુર ૧૭૭, ૧૭૮, ૧૭૯, ૧૮૦, ૧૮૧, ૧૮૫, ૧૮૬, ૧૮૮, ૧૮૯, ૧૯૦

Gandhi Heritage Portal

સમાધાન (સમાધાની) ૧૫, ૩૧, ૬૧, ૬૨, ૬૩, ૭૪, ૮૫, ૮૬, ૧૦૧, ૧૦૪, ૧૦૫, ૧૧૩, ૧૫૪, ૨૨૩, ૨૩૦, ૩૦૬; ૦અનુસાર વસવાટના અધિકારનું સરકાર વચન પાળતી નથી ૪૪૪; ૦અંગે ગાંધીજીના વલણનો ગોખલેએ બચાવ કર્યો ૪૬૫; ૦અંગે ગાંધી-સ્મટ્સ પત્રવ્યવહાર ૬૩; ૦અંગે સ્મટ્સને પત્ર ૧૦૭; ૦૧૯૦૮નું ૭ પા. ટી.; ૦કબૂલ કરવાની શરતો કરી ૬૪-૫; ૦કામચલાઉ ૧૦૫, ૧૦૬, ૧૧૩, ૧૨૫, ૩૦૧; -થી શિક્ષિત હિંદીઓ કેપ કે નાતાલમાં નહીં આવી શકે ૧૧૧; -થી સ્મટ્સ ગવર્નર-જનરલને જેલમાંના સત્યાગ્રહીઓને માફી આપવાની સલાહ આપશે ૬૧; ૦ધારણા કરતાં આગળ ગયું અને તેમાં વ્યક્તિગત હકોને રક્ષણ અપાયું છે ૧૧૩; -ની વિગતો ૧૦૭-૯; -ની શરતો : ખૂની કાયદો રદ થશે; -ઇમિગ્રેશનમાં સરખા હક મળશે, -છ કરતાં વધારે સંખ્યામાં ભણેલાને નહીં લેવાય, -અડાજણિયા વગેરે સાત સત્યાગ્રહીઓને ઇમિગ્રન્ટ ગણવામાં આવશે, -હક ગુમાવનારને હક પાછા મળશે; -જૂજ રહેલા કેદીઓ છૂટશે, સોઢા, રંભાબાઈને જેલ જવું નહીં પડે ૧૧૦; -ની શરતોથી ટ્રાન્સવાલની લડતની સંપૂર્ણ જીત સિદ્ધ થાય છે ૬૩; -ની શરતોના પાલન વિષે ગાંધીજી ૪૪૪; -ની શરતો હેઠળ આવતા હિંદીઓની યાદી એશિયાઈઓના રજિસ્ટ્રારને મોકલાવી ૧૬૧; -નો કાયદો ૪૫૬; -નો સાર ૧૧૦; ૦માટે ગાંધીજીની શરતો ૧૧; ૦લંબાયું ૩૦૭, ૩૧૩; ૦સંપૂર્ણ થયાના ખબર મળ્યા ૧૪૦; ૦સ્મટ્સે થાકીને કર્યું ૧૭૫

સન્ડે પોસ્ટ ૩૨૨

સર્ટિફિકેટ મુદતી ૬૫; ૦લગ્ન અને જન્મનાં ૨

સર્લ, જસ્ટિસ ૩૩૨

સર્વન્ટ્સ ઑફ ઇન્ડિયા સોસાયટી ૮ પા. ટી., ૬૨ પા. ટી., ૩૨૭, ૩૫૯ પા. ટી., ૪૬૪;

સર્વન્ટ્સ ઑફ પીપલ્સ સોસાયટી ૪૬૧ પા. ટી.

સહશિક્ષણ વિષે ગાંધીજી ૧૫૮, ૨૨૫

સંઘ ઇમિગ્રેશન કૉન્સોલિડેશન (એકીકરણ) બિલ ૨૫૫

સંઘ ઇમિગ્રેશન રિસ્ટ્રિક્શન બિલ ૧ પા. ટી., ૪, ૧૪, ૧૭, ૧૯, ૨૩, ૨૪, ૨૫, ૩૦, ૩૩, ૩૬, ૩૯, ૪૦, ૪૩, ૬૧, ૮૩, ૮૯, ૯૭, ૧૧૭ પા. ટી., ૧૪૯ પા. ટી., ૨૪૧, ૨૪૩, ૨૪૫-૬, ૨૪૬ પા. ટી., ૨૫૪, ૨૫૬, ૨૭૧, ૨૭૭, ૨૮૦, ૨૮૬, ૨૮૭, ૨૯૧ પા. ટી., ૨૯૫, ૩૦૧, ૩૦૮ પા. ટી., ૩૭૦; ૦અદાલતોની સત્તા લઈ લે છે ૨૬૪; ૦અને મુસ્લિમ રિવાજ મુજબ પરણેલી સ્ત્રીઓ ૪૬૪; ૦અંગે ચેગોરોસ્કીનો અભિપ્રાય માગવામાં આવ્યો ૨૫૭-૯; ૦ઑરેન્જ ફ્રી સ્ટેટનો પ્રતિબંધ દૂર કરી પસાર કરાવવાની સ્મટ્સની ઇચ્છા ૪૩; -થી હિંદીઓના બે હકને ધક્કો પહોંચે છે ૨૪૫-૬; -ના વિકલ્પ તરીકે ટ્રાન્સવાલ ઇમિગ્રેશન રિસ્ટ્રિક્શન કાનૂનમાં સુધારો કરવાની ગાંધીજીની સૂચના સ્મટ્સને માન્ય નથી ૪૫; -ના વિકલ્પ તરીકે ટ્રાન્સવાલ ઇમિગ્રેશન રિસ્ટ્રિક્શન કાનૂનમાં સુધારો કરવાનું સૂચન ૫, ૧૦-૧; -ની ઉપયોગી કલમોનું તારણ ૨૪૭-૫૦; -ની કલમો સામે, એલેકઝાંડર મૉરિસનો વિરોધ ૬; -ની કલમો સામે કેપના બ્રિટિશ ઇન્ડિયન યુનિયનની સભાનો વિરોધ ૨૫૨; ૦પડતું મૂકવાની ગાંધીજીની, સમાધાન માટે, સૂચના ૧૧; ૦પડતું મૂકવામાં આવશે એવી ગાંધીજીની આશા ૨૩; ૦પડતું મૂકવામાં આવશે એવો ડંકનનો મત ૨૩; ૦પડતું મૂકવામાં આવે તો નાતાલના હિંદીઓને સંપૂર્ણ સંતોષ થશે ૧૫; ૦પર સંઘ પાર્લમેન્ટમાં ચર્ચા ૩૯-૪૦; ૦પસાર કરવાની સ્મટ્સની ઇચ્છા ૪૩, ૪૫; -માં, કેપમાં મળેલી સભાએ સૂચવેલા સુધારા એશિયાઈ સ્ત્રી-બાળકોના વસવાટના હક અદાલતો સાબિત કરે, -ઇમિગ્રેશન અધિકારીઓ અદાલતને આધીન રહે, -શિક્ષણવિષયક પરીક્ષા નવા કાયદામાં કાયમ રહે, -કેળવાયેલા એશિયાઈ ઇમિગ્રંટોને આંતરપ્રાન્તીય અવરજવરની છૂટ રહે ૩ પા. ટી.; -માં કેળવાયેલા એશિયાઈઓને ટ્રાન્સવાલ એશિયાટિક રજિસ્ટ્રેશન કાનૂનમાંથી મુક્તિ આપવાનો સુધારો કરવાની હિંદીઓની વિનંતી ૭ પા. ટી.; -માં ફેરફાર ન થાય તો બ્રિટિશ ઇન્ડિયન ઍસોસિયેશનનો આંદોલનને ચાલુ રાખવાનો ઠરાવ ૫૦; -માં બોથાનો સુધારો ૧૭; -માં બોથાનો સુધારો કે તેની કોઈ કલમથી ઑરેન્જ ફ્રી સ્ટેટના કાનૂનની ૩૩મી કલમનો કોઈ ભાગ રદ નહીં થાય ૧૪; -માં સુધારો કરતી કલમથી કોમી તફાવત દાખલ થાય છે ૨; -માં સુધારો કરી શિક્ષિત એશિયાઈઓને પ્રાન્તોના રજિસ્ટ્રેશન કાયદાથી મુક્તિ આપવાની અને નોંધાયેલાં એશિયાઈ સ્ત્રી-બાળકોના હક જાળવવાની હિંદીઓની માગણી ૭ પા. ટી.; -માં સ્મટ્સે સૂચવેલા સુધારા સામે ગાંધીજીનો વિરોધ ૧-૨; ૦સત્યાગ્રહીઓ કયારે

Gandhi Heritage Portal

સ્વીકારે ૧૦; ૦સંઘ પાર્લમેન્ટની હાલની બેઠકમાં પડતું મુકાશે ૫૦; ૦હેઠળ કેળવાયેલા પ્રવાસીઓ સંઘમાં દાખલ થવા અને કોઈ પણ પ્રાન્તમાં વસવા સ્વતંત્ર હતા તેમ જ રજિસ્ટ્રેશન કાનૂનમાંથી બાકાત હતા એમ સ્મટ્સે ગાંધીજીને કહ્યું ૧૧૮ પા. ટી.
સંઘ ગવર્નર જનરલ ૫૦
સંઘ ધારાસભા (વિધાનસભા) ૬ પા. ટી., ૪૯
સંઘ પાર્લમેન્ટ ૧૬, ૪૯, ૫૨, ૫૭, ૮૯, ૨૨૯, ૨૩૪, ૨૩૭, ૨૫૮, ૨૭૩, ૨૮૭, ૨૯૧, ૪૬૪, ૪૮૭;–ના ઑરેન્જ ફ્રી સ્ટેટના સભ્યોનો શિક્ષિત એશિયાઈઓને ડોમિસાઈલ હક આપવા સામે વિરોધ ૧ પા. ટી.;–માં નાણાકીય સંબંધો (ફાઇનેન્શિયલ રિલેશન્સ) બિલ ફરી રજૂ થશે ૪૪૯;–માં સંઘ ઇમિગ્રેશન રિસ્ટ્રિક્શન બિલ પર ચર્ચા ૩૯, ૪૦
સંઘ પ્રધાનમંડળ ૨૨૮ પા. ટી.
સંઘરાજ્ય ૭ પા. ટી., ૧૫૭, ૨૧૭, ૩૬૧
સંઘ વડા પ્રધાન ની ગવર્નર–જનરલ પર ગિરમીટિયા પરના કર વિષે નોંધ ૨૨૮
સંઘ સરકાર ૬૨, ૭૦, ૭૨, ૮૮, ૨૦૪, ૨૨૯ પા. ટી., ૨૩૦, ૨૫૪, ૨૬૫, ૨૬૬, ૩૦૭, ૩૭૦, ૪૪૦, ૪૪૧, ૪૫૦, ૪૬૦, ૪૯૬;–ને કઝિન્સનો હિંદી કોમનું અપમાન કરતો પત્ર પાછો ખેંચી લેવાની વિનંતી ૩૦૦;–ની મુદત પૂરી થઈ ગઈ હોય તેવા ગિરમીટિયા પાસેથી પાઉન્ડ ૩નો કર નહીં લેવાનો નિર્ણય ૪૪૯; ૦સમાધાન અનુસાર વસવાટના હકનું વચન પાળતી નથી ૪૪૪
સંસ્થાન કચેરી (કૉલોનિયલ ઑફિસ) ૫ પા. ટી., ૮, ૨૩૦
સંસ્થાન મંત્રી ૩૬, ૮૮, ૯૮, ૧૧૪ પા. ટી., ૧૩૧;–ની ઑફિસ ૨૧૧;–ને કાછલિયાની અરજી ૬૮–૭૩
સાઉથ આફ્રિકન કમિશન ૨૧૦ પા. ટી.
સાન્ડર્સ, મેયર ૩૬૦ પા. ટી.
સાબરમતી આશ્રમ ૨૪૦ પા. ટી.
સાર્વજનિક કામ માટે પોતાના પુત્રને આપવાની મા–બાપોને ગાંધીજીની વિનંતી ૪૪૭
સાવર, મિ. ડબ્લ્યુ. ૨૨૮
સિલબર્ન, મેજર ૩૬૨, ૪૩૧, ૪૩૩
"સિવિક ઇક્વૉલિટી" ૩૫૮
સિવિલાઇઝેશન: તેનું કારણ ને તેનો ઉપાય ૯૪
સિંધિયા, બળવંતરાય ભાઈસાહેબે દુનિયાદારી છોડનાર વૈષ્ણવોને માસિક રૂ. ૧૨૫નું લવાજમ આપવા રૂ ૬ લાખની રકમ બુદ્ધી કરી ૪૫૧
સુદામાજી ૧૬૩, ૧૬૮, ૧૬૯
સુધારક ૩૨૬
સુધારો સંઘ ઇમિગ્રેશન રિસ્ટ્રિક્શન બિલમાં કરી, ટ્રાન્સવાલ એશિયાટિક રજિસ્ટ્રેશન કાનૂનમાંથી શિક્ષિત એશિયાઈઓને મુક્તિ આપવાની હિંદીઓની વિનંતી ૭ પા. ટી.
સુપ્રિમ કોર્ટ ૬, ૫૪ પા. ટી., ૭૮, ૪૫૯, ૪૭૯;–નો મુડાલીની અપીલ અંગે ચુકાદો ૨૫૯
સુશ્રમનિયમ ૩૬૩
સુલેમાન મિયાં ૫૧
સુવર્ણ કાનૂન (ગોલ્ડ લૉ) ૮, ૧૨, ૭૧, ૭૫, ૮૦, ૧૧૧, ૧૨૩, ૧૫૩, ૧૫૪, ૧૫૫, ૧૫૬, ૨૨૯ પા. ટી., ૨૩૪, ૩૦૭, ૩૦૯, ૩૧૦;–થી ટ્રાન્સવાલના અર્ધા હિંદીઓની સ્થિતિ ભયંકર બનશે ૮૫; ૦વિષે બ્રિટિશ ઇન્ડિયન ઍસોસિયેશનની અરજી ૮૫
સુંદરજી રણછોડ ૧૮
સેક્રેટરી, ગૃહમંત્રીના તેમને ગાંધીજીનો પત્ર ૩૧૪–૫
સેતાન ૧૭૮, ૧૭૯, ૧૯૧, ૧૯૨, ૧૯૩, ૧૯૪, ૧૯૫
સેન્ટ્રલ ન્યૂઝ એજન્સી ૨૪૧
સેમ ૮૪
સેમ્યુઅલ, નેસફ ૬૬
સેરિજ, મિ. ૪૭૩
સૈયદ, અમીરઅલી જસ્ટિસ ૧૩૨
સૈયદ, અહમદ ૧૭૧ પા. ટી.
સોઢા, રતનશી એમ. ૫૯, ૬૫, ૬૬, ૭૪, ૭૫, ૧૧૨, ૧૧૫, ૨૯૨, ૩૦૬, ૩૧૪, ૩૧૫, ૩૮૯, ૩૯૩
સોઢા, રંભાબાઈ ૩૩, ૪૧ પા. ટી., ૪૨, ૪૩, ૪૪, ૧૧૦, ૧૧૫, ૧૪૪, ૧૬૯, ૨૮૧, ૩૯૬, ૩૯૯;–ની અપીલ ખર્ચ સાથે કાઢી નાંખવામાં આવી ૬૩;–ની અપીલમાં હાર ૫૪;–ને કેદ નહીં કરવાનું વચન આપવા માટે સ્મટ્સનો હિંદી કોમ આભાર માને છે ૫૪;–ને માફી અપાશે ૧૦૫
સૉલોમન ૬૦
સૉલોમન, અર્નેસ્ટ ૭૪
સૉલોમન, સર રિચર્ડ ૩૫૭
સ્ટાર, ધ ૬૨, ૧૨૭, ૧૩૩, ૪૫૬, ૪૬૪, ૫૫૫;–ને ગાંધીજીએ મુલાકાત આપી ૬૧–૨
સ્ટીમર, અમકુશ્તો ૫૫, ૬૭, ૩૫૯, ૩૭૬
સ્ટીમર, કુરલેન્ડ ૨૪૬
સ્ટીમર, કેનિલવર્થ ૨૨૮ પા. ટી.
સ્ટીમર, કેરિસબ્રુક ૨૮ પા. ટી.
સ્ટીમર, કૉનગ્રિન્હા ૩૬૫ પા. ટી., ૪૨૫

Gandhi Heritage Portal

સ્ટીમર, ટ્રેબોરો ૪૨૫
સ્ટીમર, ડનવીગન કૅસલ ૪૨૬
સ્ટીમર, ડોવર કૅસલ ૩૪૭
સ્ટીમર, પુરનિયા ૪૩૫
સ્ટીમર, પ્રેસિડેન્ટ ૩૬૦ પા. ટી., ૪૨૪, ૪૨૫
સ્ટીમર, સોમાલી ૧૪૨ પા. ટી.
સ્ટેટ્સમૅન, ધિ ૪૪૫
સ્ટ્રેવર્સિસ ૭ પા. ટી.
સ્થાવર મિલકત ધરાવવાનો બન્નર અને લોકેશન સિવાય હિંદીઓના હકનો સવાલ ૭૦–૧
સ્પાર્ક્સ, કૅપ્ટન ૧૨૬
"સ્પૉટેડ ફીવર" ગિરમીટિયા હિંદીઓને લાગુ પડ્યો ૫૫–૬, ૬૭
સ્પૉર્ટિંગ સ્ટારને ગાંધીજીનો પત્ર ૨૮૩
સ્મટ્સ, જનરલ જૅન ક્રિશ્ચિયન, ૧, ૨, ૩ પા. ટી., ૭, ૮, ૧૦, ૧૧, ૧૨, ૧૩, ૧૭, ૨૩, ૨૪, ૨૬, ૨૭, ૩૨, ૩૩, ૩૬, ૪૦, ૪૧, ૪૨, ૪૫, ૪૬, ૪૭, ૪૯, ૫૦, ૫૧, ૫૩, ૫૪, ૫૭, ૬૦, ૬૧, ૬૩, ૬૪, ૬૬, ૬૭, ૬૮, ૭૪, ૭૬, ૮૦, ૮૬, ૯૩, ૯૪, ૯૮, ૧૦૧, ૧૦૩, ૧૦૮, ૧૦૯, ૧૧૩, ૧૧૪, ૧૧૮, પા. ટી., ૧૨૦, પા. ટી., ૧૨૮, ૧૩૪ પા. ટી., ૧૪૫, ૧૭૫, ૨૨૩, ૨૩૦, ૨૩૩, ૨૪૩, ૨૪૪, ૨૪૫, ૨૫૩, ૨૫૭, ૨૬૫, ૨૬૬, ૨૬૭, ૨૭૩, ૨૮૦, ૨૯૫, ૩૧૬ પા. ટી., ૩૧૭, ૩૮૧, ૩૮૨, ૩૮૯, ૪૨૩; –ને ૧૯૦૭નો રદ્દે કાયદો રદ કરવાની ગાંધીજીની સૂચના ૫૩; –ને ગાંધીજીની, ટ્રાન્સવાલના હિંદીઓની ઇમિગ્રેશનમાં સમાનતા અને હાલના હક બળવા કાયદા કરવાની સલાહ ૫૩–૪; –ને ગોખલે મળ્યા ૩૭૦ પા. ટી.; –ને ટ્રાન્સવાલ–લડતનું સમાધાન કરવાનું અશક્ય માલૂમ પડ્યું ૫૩; ૦વચનભંગ કરે તેવો ભય નથી, પણ ડોમિસાઈલ હિંદીઓને હાનિ પહોંચાડે તેવો ભય છે ૧૧૩–૪; ૦સમાધાનથી ગવર્નર–જનરલને જેલમાંના સત્યાગ્રહીઓને માફી આપવાની સલાહ આપશે ૬૧; ૦સાથે ગાંધીજીની મુલાકાત ૨, ૭૬; ૦સાથેની ગાંધીજીની મુલાકાતનો સાર ૪૫; ૦સામે બે વિકલ્પ નવું ઇમિગ્રેશન બિલ રદ્દ કરવું અને ઑરેન્જ ફ્રી સ્ટેટનો ઝઘડો પતાવવો અથવા ચાલુ પરિસ્થિતિ ચાલુ રાખવી અને ટ્રાન્સવાલ ઇમિગ્રેશન રિસ્ટ્રિક્શન કાયદામાં સુધારો કરવો ૬૧
સ્માર્ટ, સર ટૉમસ ૧૩
સ્મિથ, મિ. હૅરી ૪૪૦, ૪૯૬
સ્મિથ, મિસ એ. એ. ૧૯૭, ૨૧૫
સ્વચ્છતા નિરીક્ષક ૨૮૯
સ્વરાજ માટે હિંદીઓની ધૂન ૨૦

હબીબ મોટણ ૩૪૨, ૩૬૭
હમીદિયા ઇસ્લામિક સોસાયટી ૭૩, ૯૯, ૧૦૪, ૧૩૬, ૧૩૮, ૧૫૫, ૧૫૬ પા. ટી., ૧૭૪, ૨૪૦ પા. ટી., ૨૬૬, ૩૨૯, ૩૪૯; ૦હૉલ ૫૯, ૬૪, ૭૫, ૩૨૮, ૩૯૫
હરચંદરાય વિશિનદાસ ૪૬૧
હરજોગ, જનરલ ૩૧૬ પા. ટી.; ૦અને બોથા વચ્ચે ખટરાગ ૪૫૬; –ને કૅબિનેટમાંથી નીકળવું પડ્યું ૪૫૬
હલ એ જાતિભેદવાળું બિલ પાછું ખેંચ્યું ૩૪
હસન ઇબ્રાહીમ કાસમને ઊતરવાની ના પાડવામાં આવી ૪૯૬
હસન મહમદ –ની પત્ની હાસમના કેસમાં જૅરૅનનો ચુકાદો ૨૮૪ પા. ટી.
હંટર, સર ડેવિડ ૩૬૫ પા. ટી.
હાજી વજીરઅલી ૧૬૪
હાજી હબીબ ૩૨૯, ૩૮૦, ૩૯૪, ૪૦૪, ૪૦૮
હાયર ગ્રેડ હિંદી શાળા ૪૫૫
હારકોર્ટ, લુઈ ૨૨૮ પા. ટી., ૨૩૦, ૨૯૧, ૩૫૭; –નો નાથલિયા કેસમાં જવાબ ૨૬૫; –નો પાઉન્ડ ૩ના કર અંગે જવાબ ૨૧૭
હાર્ડિંગ, લૉર્ડ પર બૉમ્બનો હુમલો ૩૭૪–૫; ૦મહાઘાતમાંથી બચી ગયા માટે, ગાંધીજી આભાર માને છે ૩૭૪–૫
હાસમ, મિસિસ ૨૮૪
હિંદ ૦ઇંગ્લંડનું મોટું ગ્રાહક ૪૪૫; –ના રાજાઓનો બે કરોડ દસ લાખ પાઉંડની કિંમતની મનવારો વડી સરકારને ભેટ આપવાનો નિર્ણય ૪૩૨–૩; –ની ધારાસભા ૩૫૭; –ની ધારાસભામાં ગિરમીટ બંધ કરવાની ગોખલેની સૂચના ૨૬૯; ૦સરકાર ૨૨૮, ૨૬૯, ૩૩૫, ૩૪૫, ૩૫૭, ૪૩૦ પા. ટી.; ૦સરકારની ગિરમીટિયાને નાતાલ મોકલવાનું બંધ કરવાની નોટિસ ૨૩૩; ૦સરકારની દુર્દશા વિષે ગાંધીજી ૧૪૧–૨
હિંદ સ્વરાજ ૪૬, ૧૬૫ પા. ટી.
હિંદી ૦કેળવાયેલાના પ્રવેશ સામે બોથાનો વિરોધ ૬ પા. ટી.; –ઓ ક્લાર્કસડૉર્પના, તેમના પર મહાન બોઅે પડ્યો ૮૫; –ઓના દક્ષિણ આફ્રિકામાં

Gandhi Heritage Portal

મર્યાદિત પ્રવેશ વિષે ગાંધીજી ૪૩૪; –ઓના પુરાણા ગોરા મિત્રો : ફિલિપ્સ અને કાર્ટરાઈટ આલ્બર્ટ ૫૧; –ઓની આરોગ્ય પ્રત્યે બેદરકારી વિષે ગાંધીજી ૪૫૧; –ઓની ટ્રાન્સવાલ એશિયાટિક રજિસ્ટ્રેશન કાનૂનમાંથી કેળવાયેલા એશિયાઈઓને મુક્તિ આપતો સંધ ઇમિગ્રેશન રિસ્ટ્રિક્શન બિલમાં સુધારો કરવાની વિનંતી ૭ પા. ટી; –ઓની ટ્રાન્સવાલમાં વસ્તી ૮ હજારથી વધારે ૬૨; –ઓનું ટ્રાન્સવાલમાં ઇમિગ્રેશન, તેમાં સમાનતા જળવાય અને તેમના હાલના હક જળવાય, તેવો કાયદો કરવાની ગાંધીજીની સ્મટ્સને સલાહ ૫૩–૪; –ઓ પૂર્વ આફ્રિકાના, તેમની હાલત ૩૭–૮; ૦ઓરતોનું મંડળ ૩૪૯; ૦કોમ પર ખોટા નામે સંધરાજ્યમાં દાખલ થવાનો આક્ષેપ ૨૯૯ પા. ટી; ૦કોમ સોઢા, રતનબાઈને કેદ નહીં કરવાનું વચન આપવા માટે સ્મટ્સનો આભાર માને છે ૫૪; ૦દુભાષિયાની કોર્ટમાં ઊણપ ૩૦૦; ૦બાળકોની કેળવણી માટે ન્યૂહાનિસબર્ગમાં જુદી શાળાની જરૂર વિષે ગાંધીજી ૩૬૬; ૦યુવાનોની કેળવણી વિષે ગાંધીજી ૧૫૯–૬૦; ૦વેપારીને નાબૂદ કરવાની હુલેટની દરખાસ્ત ૧૯; ૦શિક્ષણસંસ્થા ૧૫૧ પા. ટી.

હિંદી ઇમિગ્રેશન કમિશન ૨૧૦

હિંદી રાષ્ટ્રીય કૉંગ્રેસ ૬૨ પા. ટી., ૭૪, ૮૧ પા. ટી., ૮૩, ૮૫, ૨૦૦, ૨૦૨, ૨૦૩, ૨૦૮, ૩૨૬, ૩૨૮, ૩૩૦, ૩૪૮, ૩૬૧, ૪૬૧ પા. ટી., ૪૬૪, ૪૬૯, ૪૯૩ પા. ટી.; –એ દક્ષિણ આફ્રિકાના હિંદીઓ વિષે ઠરાવ કર્યો ૪૬૦; –ના પ્રમુખ થવાનું ગાંધીજીને આમંત્રણ ૧૭૪, ૧૯૬, ૨૦૦, ૨૦૩; –ના પ્રમુખપદ માટે ગાંધીજીની સૂચના ૨૧૫; –ના પ્રમુખપદ માટે ગાંધીજીની સૂચના અંગે છબરડો, તે વિષે ગાંધીજીનો ગોખલેને ખુલાસો ૨૦૬–૮; –ના પ્રમુખપદ માટે ગાંધીજીની સૂચના માંડી વળાઈ ૨૧૩, ૨૨૪; –નું બાંકીપુરનું અધિવેશન ૪૩૩, ૪૬૫; –નું બાંકીપુરનું આધવેશન, તેમાં ગોખલેએ ગિરમીટ પ્રથા બંધ કરવાનો ઠરાવ મૂકયો ૪૩૦–૧; –નો ગિરમીટિયા મજૂરોની ભરતી અટકાવવાની માગણી કરતો ઠરાવ ૧૧૭ પા. ટી.; –માં પોલાક ૨૩૫–૬

હિંદુ ઍસોસિયેશન ૧૪૯, ૨૦૨

હિંદુ–મુસ્લિમ એકતા વિષે ગાંધીજી ૨૯૪

હિંદુસ્તાન, ધિ ૨૦૭ પા. ટી.

હિરણ્યકશિપુ ૧૦૯

હીરાનંદ ૧૨

હૅન્ડ્ઝ, હૅરી ૩૫૧

હેટવૉક પક્ષ ૬ પા. ટી., ૭ પા. ટી., ૨૧૬ પા. ટી.

હૉલન્ડર, એફ્. સી. ૩૬૨

હૉરકેન, વિલિયમ ૯૫ પા. ટી., ૧૧૯, ૨૧૪ પા. ટી., ૩૧૩, ૩૪૯, ૪૧૮, ૪૧૯, ૪૨૨; –ના માનમાં પ્રીતિભોજન ૧૨૬–૭; –ની છબી ૧૨૭; –ને માનપત્ર ૧૨૨–૩

હ્યુમ, ઍલન ઑક્ટેવિયનનું મૃત્યુ ૩૩૦–૧

હ્યુલેટ, જી. એચ. ૧૮, ૯૦ પા. ટી.

હ્યુલેટ, સર જૉન ૪૨૭

હ્યુલેટ, સર લીજ ૨૧૦

હ્યૂઅર્ટ, ડૉ. ૬

શુદ્ધિપત્ર

પાન	લીટી	અશુદ્ધ	શુદ્ધ
૨૨૯	૧૮	૧૨–૧–૧૯૧૧	૧૨–૧૨–૧૯૧૧
૩૦૩	૪	અમે	અમને
૩૫૪	૧૪	આંધી	અંધી

Gandhi Heritage Portal

Gandhi Heritage Portal

Gandhi Heritage Portal

Gandhi Heritage Portal

Gandhi Heritage Portal

વચમાંના ગાળા દરમિયાન ગ્રંથનું એક ધ્યાન ખેંચે તેવું અંગ — ગાંધીજીએ લખેલી ડાયરી આપણને મળે છે. આ ડાયરી લખાઈ ત્યારે તેઓ ટૉલ્સ્ટૉય આશ્રમમાં રહેતા હતા. પોતાની વકીલાતનું કામ તેમણે એલ. ડબ્લ્યુ. રિચને સોંપી દીધું હતું. આ "એકાંતવાસ" દરમિયાન એમના વ્યવસાયોમાં શરીરશ્રમના સિદ્ધાંતોનું પાલન, સ્વભાવમાં સાચી નીતિની ભાવનાને પ્રેરે એવા સ્વાસ્થ્યપ્રદ આહારનું સેવન અને સ્વભાષા મારફતે શિક્ષણ — એટલાનો સમાવેશ થતો હતો. આ બધી બાબતો આંતરિક નવનિર્માણને સ્થૂળ વાસ્તવિકતા સાથે જોડવાના સાધનરૂપ હતી.

૧૯૧૧માં ડૉ. પ્રાણજીવનદાસ મહેતાને લખેલા પત્રોમાં ગાંધીજી હિંદ પાછા ફરવાના પોતાના વિચારનો એકથી વધારે વાર ઉલ્લેખ કરે છે. ગોખલેની મુલાકાત પછી આ વિચાર એમના મનમાં વધુ વેગભેર ઘોળાય છે. ૧૯૧૨ના નવેમ્બરની ૨૬મીની ડાયરીમાં તેઓ લખે છે કે મેં ગોખલેને વચન આપ્યું છે કે જ્યાં સુધી દક્ષિણ આફ્રિકામાં મારી જગા લેનાર કોઈ નહીં મળે ત્યાં સુધી હું હિંદ આવીશ નહીં અને આ કામ માટે ઘણુંખરું પોલાકને પસંદ કરવામાં આવશે. ડિસેમ્બરની ૧લી તારીખની ડાયરીમાં પોતે હિંદી પોશાક ધારણ કર્યાની નોંધ કરી છે. માતૃભૂમિના સાદને તેઓ અવગણી શકતા નથી. ત્યાંથી ઊપડી જવાની ધૂને તેમના મનનો કબજો કરી લીધો છે.

Gandhi Heritage Portal

22 MAY 1969

રૂ. ૧૬/૫૦

Gandhi Heritage Portal